॥ શ્રીહરિઃ ॥

785

શ્રીમદ્‌ગોસ્વામી તુલસીદાસવિરચિત

શ્રીરામચરિતમાનસ

સટીક, મઝલી સાઈઝ

ટીકાકાર—હનુમાનપ્રસાદ પોદ્દાર

ઉત્તરકાંડ

નવાહ્નપારાયણનાં વિશ્રામ-સ્થાન

માસપારાયણનાં વિશ્રામ-સ્થાન

એકબાર જનનીં અન્હવાએ। કરિ સિંગાર પલનાઁ પૌઢ઼ાએ।।

॥ શ્રીહરિઃ ॥

પારાયણ-વિધિ

શ્રીરામચરિતમાનસનો વિધિપૂર્વક પાઠ કરનારા મહાનુભાવોએ પાઠારંભના પૂર્વે શ્રીતુલસીદાસજી, શ્રીવાલ્મીકિજી, શ્રીશિવજી તથા શ્રીહનુમાનજીનું આવાહન, પૂજન કર્યા બાદ ત્રણેય ભાઈઓસહિત શ્રીસીતારામજીનું આવાહન, ષોડષોપચાર પૂજન અને ધ્યાન કરવું જોઈએ. તત્પશ્ચાત્ પાઠનો આરંભ કરવો જોઈએ. સર્વેના આવાહન, પૂજન અને ધ્યાનના મંત્ર ક્રમાનુસાર અહીં આપવામા આવ્યા છે :–

અથ આવાહનમન્ત્રઃ

તુલસીક નમસ્તુભ્યમિહાગચ્છ શુચિવ્રત ।
નૈર્ઋત્ય ઉપવિશ્યેદં પૂજનં પ્રતિગૃહ્યતામ્ ॥ ૧॥

ૐ તુલસીદાસાય નમઃ ।

શ્રીવાલ્મીક નમસ્તુભ્યમિહાગચ્છ શુભપ્રદ ।
ઉત્તરપૂર્વયોર્મધ્યે તિષ્ઠ ગૃહ્ણીષ્વ મેઽર્ચનમ્ ॥ ૨॥

ૐ વાલ્મીકાય નમઃ ।

ગૌરીપતે નમસ્તુભ્યમિહાગચ્છ મહેશ્વર ।
પૂર્વદક્ષિણયોર્મધ્યે તિષ્ઠ પૂજાં ગૃહાણ મે ॥ ૩॥

ૐ ગૌરીપતયે નમઃ ।

શ્રીલક્ષ્મણ નમસ્તુભ્યમિહાગચ્છ સહપ્રિયઃ ।
યામ્યભાગે સમાતિષ્ઠ પૂજનં સંગૃહાણ મે ॥ ૪॥

ૐ શ્રીસપત્નીકાય લક્ષ્મણાય નમઃ ।

શ્રીશત્રુઘ્ન નમસ્તુભ્યમિહાગચ્છ સહપ્રિયઃ ।
પીઠસ્ય પશ્ચિમે ભાગે પૂજનં સ્વીકુરુષ્વ મે ॥ ૫॥

ૐ શ્રીસપત્નીકાય શત્રુઘ્નાય નમઃ ।

શ્રીભરત નમસ્તુભ્યમિહાગચ્છ સહપ્રિયઃ ।
પીઠકસ્યોત્તરે ભાગે તિષ્ઠ પૂજાં ગૃહાણ મે ॥ ૬॥

ૐ શ્રીસપત્નીકાય ભરતાય નમઃ ।

શ્રીહનુમન્નમસ્તુભ્યમિહાગચ્છ કૃપાનિધે ।
પૂર્વભાગે સમાતિષ્ઠ પૂજનં સ્વીકુરુ પ્રભો ॥ ૭॥

ૐ હનુમતે નમઃ ।

અથ પ્રધાનપૂજા ચ કર્તવ્યા વિધિપૂર્વકમ્ ।
પુષ્પાઞ્જલિં ગૃહીત્વા તુ ધ્યાનં કુર્યાત્પરસ્ય ચ ॥ ૮॥

રક્તામ્ભોજદલાભિરામનયનં પીતામ્બરાલઙ્કૃતં
શ્યામાઙ્ગં દ્વિભુજં પ્રસન્નવદનં શ્રીસીતયા શોભિતમ્ ।
કારુણ્યામૃતસાગરં પ્રિયગણૈર્ભ્રાત્રાદિભિર્ભાવિતં
વન્દે વિષ્ણુશિવાદિસેવ્યમનિશં ભક્તેષ્ટસિદ્ધિપ્રદમ્ ॥ ૯॥
આગચ્છ જાનકીનાથ જાનક્યા સહ રાઘવ ।
ગૃહાણ મમ પૂજાં ચ વાયુપુત્રાદિભિર્યુતઃ ॥ ૧૦॥

ઇત્યાવાહનમ્

સુવર્ણરચિતં રામ દિવ્યાસ્તરણશોભિતમ્ ।
આસનં હિ મયા દત્તં ગૃહાણ મણિચિત્રિતમ્ ॥ ૧૧॥

ઇતિ ષોડશોપચારૈઃ પૂજયેત્

ૐ અસ્ય શ્રીમન્માનસરામાયણશ્રીરામચરિતસ્ય શ્રીશિવકાકભુશુણ્ડિયાજ્ઞવલ્ક્યગોસ્વામિતુલસીદાસા ઋષયઃ શ્રીસીતારામો દેવતા શ્રીરામનામ બીજં ભવરોગહરી ભક્તિઃ શક્તિઃ મમ નિયન્ત્રિતાશેષવિઘ્નતયા શ્રીસીતારામપ્રીતિપૂર્વકસકલમનોરથસિદ્ધ્યર્થં પાઠે વિનિયોગઃ ।

અથ આચમનમ્

શ્રીસીતારામાભ્યાં નમઃ । શ્રીરામચન્દ્રાય નમઃ । શ્રીરામભદ્રાય નમઃ ।
ઇતિ મન્ત્રત્રિતયેન આચમનં કુર્યાત્ । શ્રીયુગલબીજમન્ત્રેણ પ્રાણાયામં કુર્યાત્ ॥

અથ કરન્યાસઃ

જગ મંગલ ગુન ગ્રામ રામ કે । દાનિ મુકુતિ ધન ધરમ ધામ કે ॥
અઙ્ગુષ્ઠાભ્યાં નમઃ ।

રામ રામ કહિ જે જમુહાહીં । તિન્હહિ ન પાપપુંજ સમુહાહીં ॥
તર્જનીભ્યાં નમઃ ।

રામ સકલ નામન્હ તે અધિકા । હોઉ નાથ અઘ ખગ ગન બધિકા ॥
મધ્યમાભ્યાં નમઃ ।

ઉમા દારુ જોષિત કી નાઈં । સબહિ નચાવત રામુ ગોસાઈં ॥
અનામિકાભ્યાં નમઃ ।

સન્મુખ હોઇ જીવ મોહિ જબહીં । જન્મ કોટિ અઘ નાસહિં તબહીં ॥
કનિષ્ઠિકાભ્યાં નમઃ ।

मामभिरक्षय रघुकुलनायक। धृत बर चाप रुचिर कर सायक॥
करतलकरपृष्ठाभ्यां नमः।

ईति करन्यासः

અથ હૃદયાદિન્યાસઃ

જગ મંગલ ગુન ગ્રામ રામ કે। દાનિ મુકુતિ ધન ધરમ ધામ કે॥
હૃદયાય નમઃ।
રામ રામ કહિ જે જમુહાહીં। તિન્હહિ ન પાપપુંજ સમુહાહીં॥
શિરસે સ્વાહા।
રામ સકલ નામન્હ તે અધિકા। હોઉ નાથ અઘ ખગ ગન બધિકા॥
શિખાયૈ વષટ્।
ઉમા દારુ જોષિત કી નાઈં। સબહિ નચાવત રામુ ગોસાઈં॥
કવચાય હુમ્।
સન્મુખ હોઈ જીવ મોહિ જબહીં। જન્મ કોટિ અઘ નાસહિં તબહીં॥
નેત્રાભ્યાં વૌષટ્।
મામભિરક્ષય રઘુકુલનાયક। ધૃત બર ચાપ રુચિર કર સાયક॥
અસ્ત્રાય ફટ્।

ઈતિ હૃદયાદિન્યાસઃ

અથ ધ્યાનમ્

મામવલોકય પંકજલોચન। કૃપા બિલોકનિ સોચ બિમોચન॥
નીલ તામરસ સ્યામ કામ અરિ। હૃદય કંજ મકરંદ મધુપ હરિ॥
જાતુધાન બરૂથ બલ ભંજન। મુનિ સજ્જન રંજન અઘ ગંજન॥
ભૂસુર સસિ નવ બૃંદ બલાહક। અસરન સરન દીન જન ગાહક॥
ભુજબલ બિપુલ ભાર મહિ ખંડિત। ખર દૂષન બિરાધ બધ પંડિત॥
રાવનારિ સુખરૂપ ભૂપબર। જય દસરથ કુલ કુમુદ સુધાકર॥
સુજસ પુરાન બિદિત નિગમાગમ। ગાવત સુર મુનિ સંત સમાગમ॥
કારુનીક બ્યલીક મદ ખંડન। સબ બિધિ કુસલ કોસલા મંડન॥
કલિ મલ મથન નામ મમતાહન। તુલસિદાસ પ્રભુ પાહિ પ્રનત જન॥

ઈતિ ધ્યાનમ્

गोस्वामी श्रीतुलसीदासजी महाराज

पादुका-दान

गीताप्रेस, गोरखपुर

प्रभु करि कृपा पाँवरी दीन्ही। सादर भरत सीस धरि लीन्ही॥

हनुमान्जीकी प्रार्थना

एकु मैं मंद मोहबस कुटिल हृदय अग्यान।
पुनि प्रभु मोहि बिसारेउ दीनबंधु भगवान॥

जनकद्वारा विश्वामित्रका स्वागत

श्रीरामद्वारा धनुष उठाना

रावण-मन्दोदरी

अहह कंत कृत राम बिरोधा। काल बिबस मन उपज न बोधा॥

भगवान श्रीरामका राज्याभिषेक

जटायुकी स्तुति

गीध देह तजि धरि हरिरूपा। भूषन बहु पट पीत अनूपा॥
स्याम गात बिसाल भुज चारी। अस्तुति करत नयन भरि बारी॥

श्रीगणेशाय नमः

श्रीजानकीवल्लभो विजयते

श्रीरामचरितमानस

प्रथम सोपान

बालकांड

श्लोक

वर्णानामर्थसंघानां रसानां छन्दसामपि ।
मङ्गलानां च कर्त्तारौ वन्दे वाणीविनायकौ ॥ १॥

અક્ષરો, અર્થસમૂહો, રસો, છન્દો અને મંગળોને કરનારાં સરસ્વતીજી તેમજ ગણેશજીની હું વંદના કરું છું. ॥ ૧ ॥

भवानीशंकरौ वन्दे श्रद्धाविश्वासरूपिणौ ।
याभ्यां विना न पश्यन्ति सिद्धाः स्वान्तःस्थमीश्वरम् ॥ २॥

શ્રદ્ધા અને વિશ્વાસનાં સ્વરૂપ શ્રીપાર્વતીજી અને શ્રીશંકરજીની હું વંદના કરું છું, જેમના વિના સિદ્ધજનો પોતાના અંતઃકરણમાં બિરાજેલા ઈશ્વરને જોઈ શકતા નથી. ॥ ૨ ॥

वन्दे बोधमयं नित्यं गुरुं शंकररूपिणम् ।
यमाश्रितो हि वक्रोऽपि चन्द्रः सर्वत्र वन्द्यते ॥ ३॥

જ્ઞાનમય, નિત્ય, શંકરરૂપી ગુરુની હું વંદના કરું છું, જેમનો આશ્રિત હોવાથી જ વાંકો ચન્દ્રમા પણ સર્વત્ર પૂજાય છે. ॥ ૩ ॥

सीतारामगुणग्रामपुण्यारण्यविहारिणौ ।
वन्दे विशुद्धविज्ञानौ कवीश्वरकपीश्वरौ ॥ ४॥

શ્રીસીતારામજીના ગુણસમૂહરૂપી પવિત્ર વનમાં વિચરનારા, વિશુદ્ધ વિજ્ઞાનસમ્પન્ન કવીશ્વર, શ્રીવાલ્મીકિજી અને કપીશ્વર શ્રીહનુમાનજીની હું વંદના કરું છું. ॥ ૪ ॥

ઉદ્ભવસ્થિતિસંહારકારિણીં ક્લેશહારિણીમ્ ।
સર્વશ્રેયસ્કરીં સીતાં નતોઽહં રામવલ્લભામ્ ॥ ૫॥

ઉત્પત્તિ, સ્થિતિ (પાલન) અને સંહાર કરનારાં, ક્લેશોને હરનારાં તથા સંપૂર્ણ કલ્યાણોને કરનારાં શ્રીરામચંદ્રજીનાં પ્રિયતમા શ્રીસીતાજીને હું નમસ્કાર કરું છું. ॥ ૫ ॥

યન્માયાવશવર્ત્તિ વિશ્વમખિલં બ્રહ્માદિદેવાસુરા
યત્સત્ત્વાદમૃષૈવ ભાતિ સકલં રજ્જૌ યથાહેર્ભ્રમઃ ।
યત્પાદપ્લવમેકમેવ હિ ભવામ્ભોધેસ્તિતીર્ષાવતાં
વન્દેઽહં તમશેષકારણપરં રામાખ્યમીશં હરિમ્ ॥ ૬॥

જેમની માયાને સમ્પૂર્ણ વિશ્વ, બ્રહ્માદિ દેવતાઓ અને અસુરો વશીભૂત છે, જેમના પ્રભાવથી દોરડામાં સર્પના ભ્રમની જેમ આ આખું દૃશ્ય જગત સત્ય જ પ્રતીત થાય છે અને જેમના ચરણો જ ભવસાગરને પાર કરવા ઈચ્છનારાઓ માટે એકમાત્ર નૌકા છે, તે બધાં જ કારણોથી પર (કારણોના કારણ અને સર્વથી શ્રેષ્ઠ) 'રામ' નામે ઓળખાતા ભગવાન હરિની હું વંદના કરું છું. ॥ ૬ ॥

નાનાપુરાણનિગમાગમસમ્મતં યદ્
રામાયણે નિગદિતં ક્વચિદન્યતોઽપિ ।
સ્વાન્તઃસુખાય તુલસી રઘુનાથગાથા-
ભાષાનિબન્ધમતિમઞ્જુલમાતનોતિ ॥ ૭॥

અનેક પુરાણો, વેદો અને [તન્ત્ર] શાસ્ત્રસંમત તથા જે રામાયણમાં વર્ણિત છે અને અન્યત્રથી પણ ઉપલબ્ધ શ્રીરઘુનાથજીની કથાને તુલસીદાસ પોતાના અંતઃકરણના સુખ માટે અત્યંત મનોહર ભાષા-રચનામાં વિસ્તૃત કરે છે. ॥ ૭ ॥

સો૦ – જો સુમિરત સિધિ હોઈ ગન નાયક કરિબર બદન ॥
કરઉ અનુગ્રહ સોઈ બુદ્ધિ રાસિ સુભ ગુન સદન ॥ ૧॥

જેમનું સ્મરણ કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે, જે ગણોના સ્વામી અને સુંદર હાથીના મુખવાળા છે, એ જ બુદ્ધિના ભંડાર અને શુભ ગુણોના ધામ (શ્રીગણેશજી) મારા પર કૃપા કરો. ॥ ૧ ॥

મૂક હોઈ બાચાલ પંગુ ચઢ઼ઈ ગિરિબર ગહન ।
જાસુ કૃપાઁ સો દયાલ દ્રવઉ સકલ કલિ મલ દહન ॥ ૨॥

જેમની કૃપાથી મૂંગો ઘણું જ સુંદર બોલનારો થાય છે અને લંગડો-લૂલો દુર્ગમ પર્વત પર ચઢી જાય છે, તે કળિયુગનાં સર્વે પાપોને બાળી નાખનારા દયાળુ (ભગવાન) મારા પર મહેર કરો. ॥ ૨ ॥

નીલ સરોરુહ સ્યામ તરુન અરુન બારિજ નયન ।
કરઉ સો મમ ઉર ધામ સદા છીરસાગર સયન ॥ ૩॥

જેમનો નીલકમળ સમાન શ્યામવર્ણ છે, જેમનાં નેત્રો પૂર્ણ રૂપે ખીલેલા લાલ કમળ જેવાં છે અને જેઓ સદૈવ, ક્ષીરસાગરમાં શયન કરે છે, તે ભગવાન (નારાયણ) મારા હૃદયમાં નિવાસ કરો. ॥ ૩ ॥

કુંદ ઈંદુ સમ દેહ ઉમા રમન કરુના અયન ।
જાહિ દીન પર નેહ કરઉ કૃપા મર્દન મયન ॥ ૪॥

મોગરાનાં પુષ્પ અને ચન્દ્રમા જેવું (ગૌરું) જેમનું શરીર છે, જે પાર્વતીજીના પ્રિયતમ અને દયાના ધામ છે અને જેમને દીનજનો પ્રત્યે સ્નેહ છે, તે કામદેવનું મર્દન કરનારા (શંકરજી) મારા પર કૃપા કરો. ॥ ૪ ॥

બંદઉઁ ગુરુ પદ કંજ કૃપા સિંધુ નરરૂપ હરિ ।
મહામોહ તમ પુંજ જાસુ બચન રબિ કર નિકર ॥ ૫॥

હું ગુરુમહારાજનાં ચરણકમળોની વંદના કરું છું, જેઓ દયાના સાગર અને નરરૂપે શ્રીહરિ જ છે અને જેમનાં વચન મહામોહરૂપી ઘોર અંધકારનો નાશ કરવા માટે સૂર્યકિરણોના સમૂહ છે. ॥ ૫ ॥

ચો૦ – બંદઉઁ ગુરુ પદ પદુમ પરાગા । સુરુચિ સુબાસ સરસ અનુરાગા ॥
અમિઅ મૂરિમય ચૂરન ચારૂ । સમન સકલ ભવ રુજ પરિવારૂ ॥ ૧॥

હું ગુરુમહારાજનાં ચરણકમળોની રજની વંદના કરું છું, જે સુરુચિ (સુંદર સ્વાદ), સુગંધ તથા અનુરાગરૂપી રસથી પૂર્ણ છે. તે અમર મૂળ(સંજીવની)નું ઉત્તમ ચૂર્ણ છે, જે સમ્પૂર્ણ ભવરોગોના પરિવારને નાશ કરનારું છે. ॥ ૧ ॥

સુકૃતિ સંભુ તન બિમલ બિભૂતી । મંજુલ મંગલ મોદ પ્રસૂતી ॥
જન મન મંજુ મુકુર મલ હરની । કિએઁ તિલક ગુન ગન બસ કરની ॥ ૨॥

એ રજ સુકૃતી(પુણ્યવાન પુરુષ)રૂપી શિવજીના શરીર પર સુશોભિત નિર્મળ વિભૂતિ છે અને સુન્દર કલ્યાણ તથા આનંદની જનની છે, ભક્તના મનરૂપી સુન્દર દર્પણના મેલને દૂર કરનારી અને તિલક કરવાથી ગુણોના સમૂહને વશ કરનારી છે. ॥ ૨ ॥

શ્રીગુર પદ નખ મનિ ગન જોતી । સુમિરત દિબ્ય દૃષ્ટિ હિયઁ હોતી ॥
દલન મોહ તમ સો સપ્રકાસૂ । બડ઼ે ભાગ ઉર આવઈ જાસૂ ॥ ૩॥

શ્રીગુરુમહારાજના ચરણ-નખોની જ્યોતિ મણિઓના પ્રકાશ જેવી છે, જેનું સ્મરણ કરતાં જ હૃદયમાં દિવ્યદૃષ્ટિ ઉત્પન્ન થઈ જાય છે. એ પ્રકાશ અજ્ઞાનરૂપી અંધકારને નાશ કરનારો છે; એ જેના હૃદયમાં આવી જાય છે તેનું મોટું ભાગ્ય છે. ॥ ૩ ॥

ઉઘરહિં બિમલ બિલોચન હી કે । મિટહિં દોષ દુખ ભવ રજની કે ॥
સૂઝહિં રામ ચરિત મનિ માનિક । ગુપુત પ્રગટ જહઁ જો જેહિ ખાનિક ॥ ૪॥

એના હૃદયમાં આવતાં જ હૃદયનાં નિર્મળ નેત્રો ખુલી જાય છે અને સંસારરૂપી રાત્રિનાં દોષ-દુઃખ નાશ પામે છે તેમજ શ્રીરામચરિત્રરૂપી મણિ અને માણિક્ય, ગુપ્ત અને પ્રગટ જ્યાં જે ખાણમાં છે, તે બધાં દેખાવા લાગે છે. ॥ ૪ ॥

દો૦ – જથા સુઅંજન અંજિ દગ સાધક સિદ્ધ સુજાન ।
કૌતુક દેખત સૈલ બન ભૂતલ ભૂરિ નિધાન ॥૧॥

જેમ સિદ્ધાંજનને નેત્રોમાં આંજી સાધક, સિદ્ધ અને સુજ્ઞજનો પર્વતો, વનો અને પૃથ્વીના અંદર આશ્ચર્યપૂર્વક ઘણી ખાણો જુએ છે. ॥ ૧ ॥

ચૌ૦ – ગુરુ પદ રજ મૃદુ મંજુલ અંજન । નયન અમિઅ દગ દોષ બિભંજન ॥
તેહિં કરિ બિમલ બિબેક બિલોચન । બરનઉઁ રામ ચરિત ભવ મોચન ॥૧॥

શ્રીગુરુમહારાજના ચરણોની રજ કોમળ અને સુંદર નયનામૃત-અંજન છે, જે નેત્રોના દોષોને નાશ કરનાર છે. તે અંજનથી વિવેકરૂપી નેત્રોને નિર્મળ કરીને હું સંસારરૂપી બંધનથી મુક્ત કરાવનાર શ્રીરામચરિત્રનું વર્ણન કરું છું. ॥ ૧ ॥

બંદઉઁ પ્રથમ મહીસુર ચરના । મોહ જનિત સંસય સબ હરના ॥
સુજન સમાજ સકલ ગુન ખાની । કરઉઁ પ્રનામ સપ્રેમ સુબાની ॥ ૨॥

પહેલાં તો પૃથ્વીના દેવતા બ્રાહ્મણોના ચરણોની હું વંદના કરું છું, જે અજ્ઞાનથી ઉત્પન્ન સર્વ સંશયોને હરનારા છે. તે પછી સર્વ ગુણોની ખાણ - સંતસમાજને પ્રેમપૂર્વક સુન્દર વાણીથી પ્રણામ કરું છું. ॥ ૨ ॥

સાધુ ચરિત સુભ ચરિત કપાસૂ । નિરસ બિસદ ગુનમય ફલ જાસૂ ॥
જો સહિ દુખ પરછિદ્ર દુરાવા । બંદનીય જેહિં જગ જસ પાવા ॥ ૩॥

સંતોનાં ચરિત્ર કપાસનાં ચરિત્ર (જીવન) જેવાં શુભ છે, જેનાં ફળ નીરસ, વિશદ અને ગુણમય હોય છે (કપાસનું જીંડવું નીરસ હોય છે, સંત-ચરિત્રમાં પણ વિષયાસક્તિ નથી, તેથી તે પણ નીરસ છે; કપાસ ઉજ્જ્વળ હોય છે, સંતનું હૃદય પણ અજ્ઞાન અને પાપરૂપી અંધકારથી રહિત હોય છે, માટે તે વિશદ છે; અને કપાસમાં ગુણો (તંતુઓ) હોય છે, આ પ્રમાણે સંતનું ચરિત્ર પણ સદ્‌ગુણોનો ભંડાર હોય છે, માટે તે ગુણમય છે.) [જેમ કપાસનો દોરો સોયે કરેલા કાણાને પોતાનું તન અર્પીને ઢાંકી દે છે; અથવા કપાસ જેમ લોઢાવાનાં, કંતાવાનાં અને વણાવાનાં કષ્ટો સહીને પણ વસ્ત્રરૂપે પરિણમી અન્યોનાં ગોપનીય સ્થાનોને ઢાંકે છે, તે જ પ્રમાણે] સંત સ્વયં દુઃખ વેઠીને બીજાઓનાં છિદ્રો(દોષો)ને ઢાંકે છે, જેના કારણે તેમણે જગતમાં વંદનીય યશ પ્રાપ્ત કર્યો છે. ॥ ૩ ॥

મુદ મંગલમય સંત સમાજૂ । જો જગ જંગમ તીરથરાજૂ ॥
રામ ભક્તિ જહઁ સુરસરિ ધારા । સરસઇ બ્રહ્મ બિચાર પ્રચારા ॥ ૪॥

સંતોનો સમાજ આનંદ અને કલ્યાણમય છે, જે જગતમાં હરતું-ફરતું તીર્થરાજ (પ્રયાગ) છે. જ્યાં (તે સંતસમાજરૂપી પ્રયાગરાજમાં) રામભક્તિરૂપી ગંગાજીની ધારા છે અને બ્રહ્મવિચારનો પ્રચાર સરસ્વતીજી છે. ॥ ૪ ॥

બિધિ નિષેધમય કલિમલ હરની । કરમ કથા રબિનંદનિ બરની ॥
હરિ હર કથા બિરાજતિ બેની । સુનત સકલ મુદ મંગલ દેની ॥ ૫॥

વિધિ અને નિષેધ (આ કરો અને આ ન કરો)રૂપી કર્મોની કથા કળિયુગનાં પાપોને હરનાર સૂર્યપુત્રી યમુનાજી છે અને ભગવાન વિષ્ણુ અને શંકરજીની કથાઓ ત્રિવેણીરૂપે સુશોભિત છે, જે સાંભળતાં જ સર્વ આનંદ અને કલ્યાણ આપનારી છે. ॥ ૫ ॥

બટુ બિસ્વાસ અચલ નિજ ધરમા । તીરથરાજ સમાજ સુકરમા ॥
સબહિ સુલભ સબ દિન સબ દેસા । સેવત સાદર સમન કલેસા ॥ ૬॥

[તે સંતસમાજરૂપી પ્રયાગમાં] પોતાના ધર્મમાં જે અડગ વિશ્વાસ છે તે અક્ષયવટ છે, અને શુભકર્મ જ તે તીર્થરાજનો સમાજ (પરિસર) છે. તે (સંતસમાજરૂપી પ્રયાગરાજ) બધા દેશોમાં, સર્વ કાળે, બધાને સરળતાથી પ્રાપ્ત થઈ શકે છે અને આદરપૂર્વક સેવન કરવાથી ક્લેશોનો નાશ કરનાર છે. ॥ ૬ ॥

અકથ અલૌકિક તીરથરાઊ । દેઇ સદ્ય ફલ પ્રગટ પ્રભાઊ ॥ ૭॥

તે તીર્થરાજ અલૌકિક અને અકથનીય છે, તથા તત્કાળ ફળ આપનારું છે; તેનો પ્રભાવ પ્રત્યક્ષ છે. ॥ ૭ ॥

દો૦ – સુનિ સમુઝહિં જન મુદિત મન મજ્જહિં અતિ અનુરાગ ।
લહહિં ચારિ ફલ અછત તનુ સાધુ સમાજ પ્રયાગ ॥ ૨॥

જે મનુષ્ય આ સંત-સમાજરૂપી તીર્થરાજનો મહિમા પ્રસન્ન મનથી સાંભળે અને સમજે છે, વળી, અત્યંત પ્રેમપૂર્વક તેમાં ડૂબકીઓ મારે છે, તે આ શરીરે જ ધર્મ, અર્થ, કામ, મોક્ષ - ચારેય ફળ પામી જાય છે. ॥ ૨ ॥

ચૌ૦ – મજ્જન ફલ પેખિઅ તતકાલા । કાક હોહિં પિક બકઉ મરાલા ॥
સુનિ આચરજ કરૈ જનિ કોઈ । સતસંગતિ મહિમા નહિં ગોઈ ॥ ૧॥

આ તીર્થરાજમાં સ્નાનનું ફળ તત્કાળ એવું જોવામાં આવે છે કે કાગડા કોયલ બની જાય છે અને બગલાં હંસ. આ સાંભળીને કોઈ આશ્ચર્ય ન પામે, કેમકે સત્સંગનો મહિમા છૂપો નથી. ॥ ૧ ॥

બાલમીક નારદ ઘટજોની । નિજ નિજ મુખનિ કહી નિજ હોની ॥
જલચર થલચર નભચર નાના । જે જડ઼ ચેતન જીવ જહાના ॥ ૨॥

વાલ્મીકિજી, નારદજી અને અગસ્ત્યજીએ પોતપોતાના મુખથી પોતાની કરણી (જીવનનું વૃતાન્ત) કહી છે. જળમાં રહેનારા, જમીન પર ચાલનારા અને આકાશમાં વિચરનારા અનેક પ્રકારના જેટલા જડ-ચેતન જીવો આ જગતમાં છે, ॥ ૨॥

મતિ કીરતિ ગતિ ભૂતિ ભલાઈ । જબ જેહિં જતન જહાઁ જેહિં પાઈ ॥
સો જાનબ સતસંગ પ્રભાઊ । લોકહુઁ બેદ ન આન ઉપાઊ ॥ ૩॥

તેઓમાંથી જેણે, જે સમયે જે કોઈ પણ સ્થળે, જે કોઈ યત્નથી બુદ્ધિ, કીર્તિ, સદ્ગતિ, વિભૂતિ (ઐશ્વર્ય) અને ભલાઈ મેળવી છે; તે સર્વ સત્સંગનો જ પ્રભાવ માનવો જોઈએ. વેદોમાં અને લોકોમાં તેની પ્રાપ્તિનો અન્ય કોઈ ઉપાય નથી ॥ ૩॥

બિનુ સતસંગ બિબેક ન હોઈ । રામ કૃપા બિનુ સુલભ ન સોઈ ॥
સતસંગત મુદ મંગલ મૂલા । સોઈ ફલ સિધિ સબ સાધન ફૂલા ॥ ૪॥

સત્સંગ વિના વિવેક નથી મળતો અને શ્રીરામજીની કૃપા વિના તે સત્સંગ સરળતાથી મળતો નથી. સત્સંગતિ આનંદ અને કલ્યાણનું મૂળ છે. સત્સંગની પ્રાપ્તિ (સિદ્ધિ) જ ફળ છે અને સર્વે સાધનો તો ફૂલ છે. ॥ ૪॥

સઠ સુધરહિં સતસંગતિ પાઈ । પારસ પરસ કુધાત સુહાઈ ॥
બિધિ બસ સુજન કુસંગત પરહીં । ફનિ મનિ સમ નિજ ગુન અનુસરહીં ॥ ૫॥

દુષ્ટો પણ સત્સંગતિ પામીને સુધરી જાય છે, જેમ પારસમણિના સ્પર્શથી લોખંડ પણ સોહામણું થઈ જાય છે. (સુંદર સોનું બની જાય છે.) પરંતુ દૈવયોગે ક્યારેક જો સજ્જન કુસંગતિમાં પડી જાય છે, તો તે ત્યાં પણ સાપના મણિની જેમ પોતાના ગુણોનું જ અનુસરણ કરે છે (અર્થાત્ જેવી રીતે સાપનો સંસર્ગ પામીને પણ મણિ તેના વિષને ગ્રહણ કરતો નથી તથા પોતાના સરળ ગુણ પ્રકાશને છોડતો નથી, તેવી રીતે સાધુ પુરુષો દુષ્ટોના સાથે રહીને પણ બીજાઓને પ્રકાશ જ આપે છે, દુષ્ટોનો તેઓ પર કોઈ પ્રભાવ પડતો નથી). ॥ ૫॥

બિધિ હરિ હર કબિ કોબિદ બાની । કહત સાધુ મહિમા સકુચાની ॥
સો મો સન કહિ જાત ન કૈસેં । સાક બનિક મનિ ગુન ગન જૈસેં ॥ ૬॥

બ્રહ્મા, વિષ્ણુ, શિવ, કવિ અને પંડિતોની વાણી પણ સંતમહિમાનું વર્ણન કરતાં સંકોચાય છે; જે મારાથી કોઈ પણ રીતે કહી શકાતો નથી, જેમ શાકભાજી વેચનારાથી મણિઓના ગુણસમૂહ કહી શકાતા નથી. ॥ ૬॥

દો૦ – બંદઉઁ સંત સમાન ચિત હિત અનહિત નહિં કોઇ ।
અંજલિ ગત સુભ સુમન જિમિ સમ સુગંધ કર દોઇ ॥ ૩ (ક)॥

હું સંતોને પ્રણામ કરું છું, જેમના ચિત્તમાં સમતા છે, જેમનો ન કોઈ મિત્ર છે અને ન કોઈ શત્રુ! જેમ અંજલિમાં રાખેલાં સુંદર ફૂલ [જે હાથે ફૂલોને ચૂંટ્યા અને જેણે તેઓને રાખ્યાં તે] બન્નેય હાથોને સમાનરૂપે સુગન્ધિત કરે છે [તેમ જ સંત શત્રુ અને મિત્ર બન્નેનું સમાનરૂપે જ કલ્યાણ કરે છે] ॥ ૩(ક)॥

સંત સરલ ચિત જગત હિત જાનિ સુભાઉ સનેહુ ।
બાલબિનય સુનિ કરિ કૃપા રામ ચરન રતિ દેહુ ॥ ૩ (ખ)॥

સંતો સરળહૃદયી અને જગતને હિતકારી હોય છે, તેમના એવા સ્વભાવ અને સ્નેહને ઓળખીને હું વિનય કરું છું, મારા આ બાળ-વિનયને સાંભળી કૃપા કરીને શ્રીરામજીના ચરણોમાં મને પ્રીતિ આપો. ॥ ૩(ખ)॥

ચૌ૦ – બહુરિ બંદિ ખલ ગન સતિભાએઁ । જે બિનુ કાજ દાહિનેહુ બાએઁ ॥
પર હિત હાનિ લાભ જિન્હ કેરેં । ઉજરેં હરષ બિષાદ બસેરેં ॥ ૧॥

હવે, હું ખરા ભાવથી દુષ્ટોને પ્રણામ કરું છું, જે કારણ વિના પણ પોતાનું હિત કરનાર પર પણ પ્રતિકૂળ આચરણ કરે છે. અન્યોના હિતની હાનિ જ જેમની દૃષ્ટિએ લાભ છે, જેઓને બીજાઓના ઉજડવાથી હર્ષ અને વસવાથી વિષાદ થાય છે. ॥ ૧॥

હરિ હર જસ રાકેસ રાહુ સે । પર અકાજ ભટ સહસબાહુ સે ॥
જે પર દોષ લખહિં સહસાખી । પર હિત ઘૃત જિન્હ કે મન માખી ॥ ૨॥

જેઓ હરિ અને હરના યશરૂપી પૂર્ણિમાના ચન્દ્રમા માટે રાહુ જેવા છે (અર્થાત્ જ્યાં પણ ભગવાન વિષ્ણુ અથવા શંકરના યશનું વર્ણન થાય છે, ત્યાં તેઓ વિઘ્ન કરે છે) અને અન્યોની નિંદા કરવામાં સહસ્રબાહુ જેવા વીર છે. જેઓ અન્યોના દોષો હજાર આંખોથી જુએ છે અને અન્યોના હિતરૂપી ઘી માટે જેમનાં મન માખી જેવાં છે (અર્થાત્ જેવી રીતે માખી ઘીમાં પડી તેને ખરાબ કરી નાખે છે અને પોતે પણ મરી જાય છે, તેવી જ રીતે દુષ્ટ લોકો બીજાઓના પરિપૂર્ણ થયેલા કાર્યને પોતાનું નુકસાન કરીને પણ બગાડી નાંખે છે). ॥ ૨॥

તેજ કૃસાનુ રોષ મહિષેસા । અઘ અવગુન ધન ધની ધનેસા ॥
ઉદય કેત સમ હિત સબહી કે । કુંભકરન સમ સોવત નીકે ॥ ૩॥

જે તેજમાં (બીજાઓને બાળનાર તાપમાં) અગ્નિ અને ક્રોધમાં યમરાજ જેવા છે, પાપ અને અવગુણરૂપી ધનમાં કુબેર જેવા ધની છે, જેમની વૃદ્ધિ બધાના હિતનો નાશ કરવા માટે કેતુ જેવી છે, અને જેઓ કુંભકર્ણની જેમ ઊંઘતા રહે તેમાં જ ભલાઈ છે ॥ ૩॥

પર અકાજુ લગિ તનુ પરિહરહીં । જિમિ હિમ ઉપલ કૃષી દલિ ગરહીં ॥
બંદઉँ ખલ જસ સેષ સરોષા । સહસ બદન બરનઈ પર દોષા ॥ ૪॥

જેમ કરા ખેતીનો નાશ કરી પોતે પણ ઓગળી જાય છે, તેવી જ રીતે તેઓ બીજાનું કામ બગાડવા કાજે પોતાનું શરીર પણ તજી દે છે. હું દુષ્ટોને [હજાર મુખવાળા] શેષજી સમાન માનીને પ્રણામ કરું છું, જેઓ પારકા દોષોનું હજાર મુખોથી ઘણા રોષ સાથે વર્ણન કરે છે ॥ ૪॥

પુનિ પ્રનવઉँ પૃથુરાજ સમાના । પર અઘ સુનઈ સહસ દસ કાના ॥
બહુરિ સક્ર સમ બિનવઉँ તેહી । સંતત સુરાનીક હિત જેહી ॥ ૫॥

પુનઃ તેઓને રાજા પૃથુ (જેમણે ભગવાનનો યશ સાંભળવા માટે દસ હજાર કાન માગ્યા હતા) સમાન જાણીને પ્રણામ કરું છું, જેઓ દસ હજાર કાનોથી બીજાઓનાં પાપો સાંભળે છે. તે પછી ઈન્દ્ર સમાન જાણીને તેઓને નમું છું, જેઓને સુરા (મદિરા) સારી અને હિતકારી જણાય છે સુરા + નીક = જેમને મદ્ય પ્રિય છે. [ઈન્દ્રના માટે પણ સુરાનીક, સુર + અનીક = જેમને દેવતાઓની સેના પ્રિય છે અર્થાત્ દેવતાઓની સેના હિતકારી છે]. ॥ ૫॥

બચન બજ્ર જેહિ સદા પિઆરા । સહસ નયન પર દોષ નિહારા ॥ ૬॥

જેમને કઠોર વચનરૂપી વજ્ર સદૈવ પ્રિય લાગે છે અને જેઓ હજાર આંખોથી અન્યોના દોષોને નિહાળે છે. ॥ ૬॥

દો૦ – ઉદાસીન અરિ મીત હિત સુનત જરહિં ખલ રીતિ।
જાનિ પાનિ જુગ જોરિ જન બિનતી કરઈ સપ્રીતિ ॥૪॥

દુષ્ટોની આ રીતિ છે કે તેઓ ઉદાસીન, શત્રુ અથવા મિત્ર, કોઈનું પણ હિત સાંભળી બળે છે. આ જાણીને બેઉ કર જોડીને આ સેવક પ્રેમપૂર્વક તેઓને નમે છે.

ચૌ૦ – મૈં અપની દિસિ કીન્હ નિહોરા। તિન્હ નિજ ઓરં ન લાઉબ ભોરા॥
બાયસ પલિઅહિં અતિ અનુરાગા। હોહિં નિરામિષ કબહુઁ કિ કાગા॥૧॥

મેં પોતાની બાજુથી વિનંતી કરી છે, પરંતુ તેઓ પોતાની બાજુથી કદી નહીં ચૂકે. કાગડાઓને ઘણા પ્રેમથી પાળો, પરંતુ તેઓ શું કદી માંસના ત્યાગી થઈ શકશે? ॥૧॥

બંદઉઁ સંત અસજ્જન ચરના। દુખપ્રદ ઉભય બીચ કછુ બરના॥
બિછુરત એક પ્રાન હરિ લેહીં। મિલત એક દુખ દારુન દેહીં॥૨॥

હવે, હું સંત અને અસંત બંનેના ચરણોની વંદના કરું છું; બંને દુઃખ આપનાર તો છે, પરંતુ બંનેમાં થોડોક તફાવત કહેવાયો છે. તે તફાવત એ છે કે એક (સંત) તો વિખૂટા પડતા સમયે પ્રાણ હરી લે છે અને બીજા (અસંત) મળે છે ત્યારે દારુણ દુઃખ આપે છે. (અર્થાત્ સંતોનો વિયોગ મરણ સમાન દુખદાયી હોય છે અને અસંતોનો મેળાપ.) ॥૨॥

ઉપજહિં એક સંગ જગ માહીં। જલજ જોંક જિમિ ગુન બિલગાહીં॥
સુધા સુરા સમ સાધુ અસાધૂ। જનક એક જગ જલધિ અગાધૂ॥૩॥

બંને (સંત અને અસંત) જગતમાં એક સાથે ઉત્પન્ન થાય છે; પણ [એક સાથે ઉત્પન્ન થનાર] કમળ અને જળોની જેમ તેઓના ગુણ જુદા જુદા હોય છે. (કમળ દર્શન અને સ્પર્શથી સુખ આપે છે, પણ જળો શરીરનો સ્પર્શ થતાંની સાથે જ રક્ત ચૂસવા માંડે છે) સાધુ અમૃત સમાન (મૃત્યુરૂપી સંસારથી ઉગારનાર) અને અસાધુ મદિરા સમાન (મોહ, પ્રમાદ અને જડતા ઉત્પન્ન કરનાર) છે. બંનેને ઉત્પન્ન કરનાર જગતરૂપી અગાધ સમુદ્ર એક જ છે. [શાસ્ત્રોમાં સમુદ્રમંથનથી જ અમૃત અને મદિરા બંનેની ઉત્પત્તિ કહેવાઈ છે]. ॥૩॥

ભલ અનભલ નિજ નિજ કરતૂતી। લહત સુજસ અપલોક બિભૂતી॥
સુધા સુધાકર સુરસરિ સાધૂ। ગરલ અનલ કલિમલ સરિ બ્યાધૂ॥૪॥
ગુન અવગુન જાનત સબ કોઈ। જો જેહિ ભાવ નીક તેહિ સોઈ॥૫॥

ભલા અને બૂરા પોતપોતાની કરણી અનુસાર સુંદર યશ અથવા અપયશની સમ્પત્તિ પામે છે. સાધુ અમૃત, ચન્દ્રમા, ગંગાજી સમાન છે. તથા વ્યાધુ (દુષ્ટો) વિષ, અગ્નિ, કળિયુગનાં પાપોની નદી અર્થાત્ કર્મનાશા સમાન છે. એમના ગુણ-અવગુણ સર્વ કોઈ જાણે છે; પરંતુ જેને જે ગમે છે, તેને તે જ સારું લાગે છે. ॥૪-૫॥

દો૦ – ભલો ભલાઈહિ પૈ લહઈ લહઈ નિચાઈહિ નીચુ।
સુધા સરાહિઅ અમરતાઁ ગરલ સરાહિઅ મીચુ॥૫॥

ભલો ભલાઈથી જ શોભે છે અને નીચ પોતાની નીચતાથી જ શોભે છે. અમૃત અમરતા માટે વખણાય છે અને વિષ મારવા માટે. ॥ ૫॥

ચૌ૦ – ખલ અઘ અગુન સાધુ ગુન ગાહા । ઉભય અપાર ઉદધિ અવગાહા ॥
તેહિ તેં કછુ ગુન દોષ બખાને । સંગ્રહ ત્યાગ ન બિનુ પહિચાને ॥ ૧॥

દુષ્ટોનાં પાપો અને અવગુણોની તથા સાધુઓના ગુણોની કથાઓ - બંનેય અપાર અને અથાહ સમુદ્ર છે. તેમાંથી થોડાક ગુણો અને દોષોનું વર્ણન કરવામાં આવ્યું છે, કારણ કે વગર ઓળખે તેઓનો ગ્રહણ કે ત્યાગ ન થઈ શકે. ॥ ૧॥

ભલેઉ પોચ સબ બિધિ ઉપજાએ । ગનિ ગુન દોષ બેદ બિલગાએ ॥
કહહિં બેદ ઈતિહાસ પુરાના । બિધિ પ્રપંચુ ગુન અવગુન સાના ॥ ૨॥

ભલા, બૂરા સર્વે બ્રહ્માએ ઉત્પન્ન કરેલા છે, પણ ગુણ અને દોષોનો વિચાર કરી વેદોએ તેમને જુદા જુદા કરી દીધા છે. વેદ, ઈતિહાસ અને પુરાણ કહે છે કે બ્રહ્માની આ સૃષ્ટિ ગુણ-અવગુણોથી છવાયેલી છે. ॥ ૨॥

દુખ સુખ પાપ પુન્ય દિન રાતી । સાધુ અસાધુ સુજાતિ કુજાતી ॥
દાનવ દેવ ઊંચ અરુ નીચુ । અમિઅ સુજીવનુ માહુરુ મીચૂ ॥ ૩॥
માયા બ્રહ્મ જીવ જગદીસા । લચ્છિ અલચ્છિ રંક અવનીસા ॥
કાસી મગ સુરસરિ ક્રમનાસા । મરુ મારવ મહિદેવ ગવાસા ॥ ૪॥
સરગ નરક અનુરાગ બિરાગા । નિગમાગમ ગુન દોષ બિભાગા ॥ ૫॥

દુઃખ-સુખ, પાપ-પુણ્ય, દિન-રાત, સાધુ-અસાધુ, સુજાતિ-કુજાતિ, દાનવ-દેવતા, ઊંચ-નીચ, અમૃત-વિષ, સુજીવન (સુંદર જીવન)-મૃત્યુ, માયા-બ્રહ્મ, જીવ-ઈશ્વર, સમ્પત્તિ - દરિદ્રતા, રંક-રાજા, કાશી-મગધ, ગંગા-કર્મનાશા, મારવાડ-માળવા, બ્રાહ્મણ-કસાઈ, સ્વર્ગ-નરક, અનુરાગ - વૈરાગ્ય [આ સર્વે પદાર્થ બ્રહ્માની સૃષ્ટિમાં છે] એમના ગુણદોષોનો વિભાગ વેદ-શાસ્ત્રોએ કરી દીધેલ છે. ॥૩-૪-૫॥

દો૦ – જડ઼ ચેતન ગુન દોષમય બિસ્વ કીન્હ કરતાર ।
સંત હંસ ગુન ગહહિં પય પરિહરિ બારિ બિકાર ॥ ૬॥

વિધાતાએ આ જડ-ચેતન વિશ્વને ગુણ-દોષમય રચ્યું છે; પરંતુ સંતરૂપી હંસ દોષરૂપી જળને ત્યજી ગુણરૂપી દૂધને જ ગ્રહણ કરે છે ॥ ૬॥

ચૌ૦ – અસ બિબેક જબ દેઇ બિધાતા । તબ તજિ દોષ ગુનહિં મનુ રાતા ॥
કાલ સુભાઉ કરમ બરિઆઈ । ભલેઉ પ્રકૃતિ બસ ચુકઇ ભલાઈ ॥ ૧॥

વિધાતા જ્યારે આ રીતે (હંસ સમાન) વિવેક આપે છે, ત્યારે દોષોને ત્યજીને મન ગુણોમાં અનુરક્ત થાય છે. કાળ-સ્વભાવ અને કર્મની પ્રબળતાથી ભલા લોકો (સાધુ) પણ માયાને વશ થઈ ક્યારેક ક્યારેક ભલાઈને ચૂકી જાય છે ॥ ૧॥

સો સુધારિ હરિજન જિમિ લેહીં। દલિ દુખ દોષ બિમલ જસુ દેહીં॥
ખલઉ કરહિં ભલ પાઇ સુસંગૂ। મિટઇ ન મલિન સુભાઉ અભંગૂ॥ ૨॥

ભગવાનના ભક્તો જેમ તે ભૂલને સુધારી લે છે અને દુઃખ-દોષોનો નાશ કરી નિર્મળ યશ આપે છે, તે જ પ્રમાણે દુષ્ટો પણ ક્યારેક ક્યારેક ઉત્તમ સંગ પામીને ભલાઈ કરે છે; પરંતુ તેઓનો કદીય નાશ ન પામનાર મલિન સ્વભાવ ટળતો નથી. ॥ ૨॥

લખિ સુબેષ જગ બંચક જેઊ। બેષ પ્રતાપ પૂજિઅહિં તેઊ॥
ઉઘરહિં અંત ન હોઇ નિબાહૂ। કાલનેમિ જિમિ રાવન રાહૂ॥ ૩॥

જેઓ [વેષધારી] ઠગ છે, સારો (સાધુના જેવો) વેષ બનેલો જોઈને વેષના પ્રતાપે તેઓને પણ જગત પૂજે છે; પરંતુ કોઈ ને કોઈ દિને તેમનું પોલ પકડાઈ જ જાય છે. જેમ કાલનેમિ, રાવણ અને રાહુનું પકડાયું હતું તેમ છેવટ સુધી તેમનું કપટ નભતું નથી. ॥ ૩॥

કિએહુઁ કુબેષુ સાધુ સનમાનૂ। જિમિ જગ જામવંત હનુમાનૂ॥
હાનિ કુસંગ સુસંગતિ લાહૂ। લોકહુઁ બેદ બિદિત સબ કાહૂ॥ ૪॥

ખરાબ વેષ ધારણ કરવા છતાં સાધુનું સન્માન જ થાય છે, જેમ જગત્માં જાંબવાન અને હનુમાનજીનું થયું. ખરાબ સોબતથી હાનિ અને સારી સંગતથી લાભ થાય છે, આ વાત લોક અને વેદમાં છે અને બધા જ લોકો એને જાણે છે. ॥ ૪॥

ગગન ચઢ઼ઇ રજ પવન પ્રસંગા। કીચહિં મિલઇ નીચ જલ સંગા॥
સાધુ અસાધુ સદન સુક સારીં। સુમિરહિં રામ દેહિં ગનિ ગારીં॥ ૫॥

પવનના સંગથી ધૂળ આકાશે ઊડે છે અને તે જ નીચ (નીચાણવાળા ભાગમાં વહેતા) જળના સંગથી કાદવમાં મળી જાય છે. સાધુ(સજ્જન)ના ઘરનાં પોપટ-મેના રામરામ રટે છે અને અસાધુ (દુર્જન)ના ઘરનાં પોપટ-મેના ગાળોનો વરસાદ યાદ કરી કરી વરસાવે છે. ॥ ૫॥

ધૂમ કુસંગતિ કારિખ હોઈ। લિખિઅ પુરાન મંજુ મસિ સોઈ॥
સોઇ જલ અનલ અનિલ સંઘાતા। હોઇ જલદ જગ જીવન દાતા॥ ૬॥

કુસંગના કારણે ધુમાડો મેશ બને છે, તે જ ધુમાડો [સુસંગતથી] સુંદર સાહી બનીને પુરાણ લખવાના કામમાં આવે છે અને તે જ ધુમાડો જળ, અગ્નિ અને પવનના સંગથી વાદળ બનીને જગતને જીવન આપનાર બની જાય છે. ॥ ૬॥

દો૦ – ગ્રહ ભેષજ જલ પવન પટ પાઇ કુજોગ સુજોગ।
હોહિં કુબસ્તુ સુબસ્તુ જગ લખહિં સુલચ્છન લોગ॥ ૭ (ક)॥

ગ્રહ, ઔષધ, જળ, વાયુ અને વસ્ત્ર - આ બધાં જ કુસંગ અને સુસંગ પામીને સંસારમાં સારા અને નરસા પદાર્થ બની જાય છે. ચતુર અને વિચારશીલ પુરુષો જ આ વાતને સમજી શકે છે. ॥ ૭ (ક)॥

સમ પ્રકાસ તમ પાખ દુહુઁ નામ ભેદ બિધિ કીન્હ ।
સસિ સોષક પોષક સમુઝિ જગ જસ અપજસ દીન્હ ॥ ૭ (ખ)॥

મહિનાના બંને પખવાડિયાંમાં પ્રકાશ અને અંધકાર સમાન જ રહે છે, પરંતુ વિધાતાએ તેમના નામમાં ભેદ કર્યો છે (એકનું નામ શુક્લ અને બીજાનું નામ કૃષ્ણ રાખી દીધું). એકને ચન્દ્રમાને વૃદ્ધિ આપનાર અને બીજાને ઘટાડનાર સમજીને જગતે એકને સુયશ અને બીજાને અપયશ આપ્યો છે ॥ ૭ (ખ)॥

જડ઼ ચેતન જગ જીવ જત સકલ રામમય જાનિ ।
બંદઉઁ સબ કે પદ કમલ સદા જોરિ જુગ પાનિ ॥ ૭ (ગ)॥

જગતમાં જેટલા જડ અને ચેતન જીવો છે, બધાને રામમય જાણીને હું તે બધાનાં ચરણકમળોની સદા બન્ને હાથ જોડીને વંદના કરું છું. ॥ ૭ (ગ)॥

દેવ દનુજ નર નાગ ખગ પ્રેત પિતર ગંધર્બ ।
બંદઉઁ કિંનર રજનિચર કૃપા કરહુ અબ સર્બ ॥ ૭ (ઘ)॥

દેવતા, દૈત્ય, મનુષ્ય, નાગ, પક્ષી, પ્રેત, પિતૃ, ગંધર્વ, કિન્નર અને નિશાચર સર્વેને હું પ્રણામ કરું છું. હવે, બધા મારા પર કૃપા કરો. ॥ ૭(ઘ) ॥

ચૌ૦ – આકર ચારિ લાખ ચૌરાસી । જાતિ જીવ જલ થલ નભ બાસી ॥
સીય રામમય સબ જગ જાની । કરઉઁ પ્રનામ જોરિ જુગ પાની ॥ ૧॥

ચોર્યાસી લાખ યોનિઓમાં ચાર પ્રકારના (સ્વેદજ, અંડજ, ઉદ્ભિજ્જ, જરાયુજ) જીવ જળ, પૃથ્વી અને આકાશમાં રહે છે, તે સર્વેથી ભરેલા આ સમસ્ત સંસારને શ્રીસીતારામમય જાણીને હું બંનેય હાથ જોડી પ્રણામ કરું છું. ॥ ૧॥

જાનિ કૃપાકર કિંકર મોહૂ । સબ મિલિ કરહુ છાડ઼િ છલ છોહૂ ॥
નિજ બુધિ બલ ભરોસ મોહિ નાહીં । તાતેં બિનય કરઉઁ સબ પાહીં ॥ ૨॥

મને પોતાનો દાસ જાણીને દયાની ખાણરૂપ આપ સર્વે મળીને કપટ ત્યજી કૃપા કરો. મને પોતાનાં બુદ્ધિ-બળ પર વિશ્વાસ નથી. એટલે હું સૌને વિનંતી કરું છું. ॥ ૨॥

કરન ચહઉઁ રઘુપતિ ગુન ગાહા । લઘુ મતિ મોરિ ચરિત અવગાહા ॥
સૂઝ ન એકઉ અંગ ઉપાઊ । મન મતિ રંક મનોરથ રાઊ ॥ ૩॥

હું શ્રીરઘુનાથજીના ગુણોનું વર્ણન કરવા ઇચ્છું છું, પરંતુ મારી બુદ્ધિ ઓછી છે અને શ્રીરામજીનું ચરિત્ર અગાધ છે. તે માટે મને કાવ્યના એક પણ ઉપાય અને અંગનું જ્ઞાન નથી. મારું મન અને બુદ્ધિ દરિદ્રનાં છે, પરંતુ મનોરથ રાજાનો છે. ॥ ૩॥

મતિ અતિ નીચ ઊંચિ રુચિ આછી । ચહિઅ અમિઅ જગ જુરઈ ન છાછી ॥
છમિહહિં સજ્જન મોરિ ઢિઠાઈ । સુનિહહિં બાલબચન મન લાઈ ॥ ૪॥

મારી બુદ્ધિ તો અત્યંત અલ્પ છે અને આકાંક્ષા ઘણી ઊંચી છે; ઇચ્છા તો અમૃત પામવાની છે, પણ જગતમાં છાશ પણ નથી મેળવી શકતો. સજ્જનો મારી ધૃષ્ટતાને ક્ષમા કરશે અને મારાં બાળવચનોને મનથી (પ્રેમપૂર્વક) સાંભળશે. ॥૪॥

જૌં બાલક કહ તોતરિ બાતા । સુનહિં મુદિત મન પિતુ અરુ માતા ॥
હઁસિહહિં કૂર કુટિલ કુબિચારી । જે પર દૂષન ભૂષનધારી ॥ ૫॥

જેમ બાળક જ્યારે તોતડાં વચન કહે છે તો તેનાં માતાપિતા તે પ્રસન્નચિત્તથી સાંભળે છે. પરંતુ ક્રૂર, કુટિલ અને ખોટા વિચારવાળા લોકો જે અન્યોના દોષોને જ ભૂષણરૂપે ધારણ કરનારા છે (અર્થાત્ જેઓને પારકા દોષો જ પ્રિય લાગે છે) તેઓ હસશે. ॥ ૫॥

નિજ કબિત્ત કેહિ લાગ ન નીકા । સરસ હોઉ અથવા અતિ ફીકા ॥
જે પર ભનિતિ સુનત હરષાહીં । તે બર પુરુષ બહુત જગ નાહીં ॥ ૬॥

રસીલી હોય કે અત્યંત મોળી (નીરસ), પોતાની કવિતા કોને સારી નથી લાગતી? પરંતુ જેઓ બીજાની રચનાને સાંભળી હર્ષિત થાય છે, તેવા ઉત્તમ પુરુષ જગતમાં ઘણા નથી.

જગ બહુ નર સર સરિ સમ ભાઈ । જે નિજ બાઢ़િ બઢ़હિં જલ પાઈ ॥
સજ્જન સકૃત સિંધુ સમ કોઈ । દેખિ પૂર બિધુ બાઢ़ઈ જોઈ ॥ ૭॥

હે ભાઈ! જગતમાં તળાવો અને નદીઓની જેમ મનુષ્ય ઘણા છે, જેઓ અન્ય જળ પામીને પોતાના જ પૂરથી વધે છે (અર્થાત્ પોતાની ઉન્નતિથી પ્રસન્ન બને છે). સમુદ્ર જેવો તો કોઈ એક વિરલો જ સજ્જન હોય છે, જે પૂર્ણ ચન્દ્રમાને જોઈ (અન્યોના ઉત્કર્ષ જોઈને) હર્ષિત થઈ જાય છે. ॥ ૭॥

દો૦ – ભાગ છોટ અભિલાષુ બડ़ કરઉઁ એક બિસ્વાસ ।
પૈહહિં સુખ સુનિ સુજન સબ ખલ કરિહહિં ઉપહાસ ॥ ૮॥

મારું ભાગ્ય નાનું છે અને ઇચ્છા ઘણી મોટી છે, પરંતુ મને એક વિશ્વાસ છે કે આને સાંભળીને સજ્જનો સર્વે સુખ પામશે અને દુષ્ટો મશ્કરી કરશે. ॥ ૮॥

ચૌ૦ – ખલ પરિહાસ હોઇ હિત મોરા । કાક કહહિં કલકંઠ કઠોરા ॥
હંસહિ બક દાદુર ચાતકહી । હઁસહિં મલિન ખલ બિમલ બતકહી ॥ ૧॥

પરંતુ દુષ્ટોના હસવાથી તો મારું હિત જ થશે. મધુર કંઠવાળી કોયલને કાગડાઓ તો કઠોર જ કહેતા હોય છે. જેમ બગલા હંસને અને દેડકાં ચાતકને હસે છે, તેવી જ રીતે મલિન મનવાળા દુષ્ટો નિર્મળ વાણી પ્રત્યે હસે છે. ॥ ૧॥

કબિત રસિક ન રામ પદ નેહૂ । તિન્હ કહઁ સુખદ હાસ રસ એહૂ ॥
ભાષા ભનિતિ ભોરિ મતિ મોરી । હઁસિબે જોગ હઁસે નહિં ખોરી ॥ ૨॥

જેઓ કવિતાના રસિક છે પણ જેઓને શ્રીરામચન્દ્રજીના ચરણોમાં પ્રીતિ નથી, તેમના માટે પણ આ કવિતા સુખદ હાસ્યરસનું કામ આપશે. પ્રથમ તો આ ભાષાની રચના છે, બીજું મારી બુદ્ધિ ભોળી છે, એટલે આ હસવાયોગ્ય તો છે જ, હસવામાં તેઓનો કોઈ દોષ નથી. ॥ ૨॥

પ્રભુ પદ પ્રીતિ ન સામુઝિ નીકી। તિન્હહિ કથા સુનિ લાગિહિ ફીકી ॥
હરિ હર પદ રતિ મતિ ન કુતરકી। તિન્હ કહુँ મધુર કથા રઘુબર કી ॥ ૩॥

જેઓને ન તો પ્રભુના ચરણોમાં પ્રીતિ છે અને ન તો સારી સમજણ છે, તેઓને આ કથા સાંભળવામાં મોળી (નીરસ) લાગશે. જેમને શ્રીહરિ (ભગવાન વિષ્ણુ) અને શ્રીહર(ભગવાન શિવ)ના ચરણોમાં પ્રીતિ છે તથા જેમની બુદ્ધિ કુતર્ક કરનારી નથી (જે શ્રીહરિ-હરમાં ભેદ કે ઊંચ-નીચની કલ્પના નથી કરતા), તેઓને શ્રીરઘુનાથજીની આ કથા મીઠી (મધુરી) લાગશે. ॥ ૩॥

રામ ભગતિ ભૂષિત જિયઁ જાની। સુનિહહિં સુજન સરાહિ સુબાની ॥
કબિ ન હોઉઁ નહિં બચન પ્રબીનૂ। સકલ કલા સબ બિદ્યા હીનૂ ॥ ૪॥

સજ્જનો આ કથાને પોતાના ચિત્તમાં શ્રીરામજીની ભક્તિથી શોભિત જાણીને સુંદર વાણીથી વખાણ કરતાં કરતાં સાભળશે. હું ન તો કવિ છું, ન તો વાક્યરચનમાં પણ કુશળ છું, હું તો સર્વે કળાઓ તથા સર્વે વિદ્યાઓથી રહિત છું. ॥ ૪॥

આખર અરથ અલંકૃતિ નાના। છંદ પ્રબંધ અનેક બિધાના ॥
ભાવ ભેદ રસ ભેદ અપારા। કબિત દોષ ગુન બિબિધ પ્રકારા ॥ ૫॥

વિવિધ પ્રકારનાં અક્ષર, અર્થ અને અલંકાર, અનેક રીતની છન્દરચના, ભાવો અને રસોના અપાર ભેદ તથા કવિતાના જાત-જાતના ગુણ-દોષ હોય છે. ॥ ૫॥

કબિત બિબેક એક નહિં મોરેં। સત્ય કહઉઁ લિખિ કાગદ કોરેં ॥ ૬॥

તેમાંથી કાવ્યસમ્બન્ધી એક પણ વાતનું જ્ઞાન મારામાં નથી, આ હું કોરા કાગળ પર લખી (સોંગદપૂર્વક) સાચેસાચ કહું છું. ॥ ૬॥

દો૦– ભનિતિ મોરિ સબ ગુન રહિત બિસ્વ બિદિત ગુન એક।
સો બિચારિ સુનિહહિં સુમતિ જિન્હ કેં બિમલ બિબેક ॥ ૯॥

મારી રચના બધા ગુણોથી રહિત છે; છતાં તેમાં એક જગપ્રસિદ્ધ ગુણ છે. તેનો વિચાર કરીને સારી બુદ્ધિવાળા પુરુષો, જેઓને નિર્મળ જ્ઞાન છે, આને સાંભળશે. ॥ ૯॥

ચૌ૦– એહિ મહઁ રઘુપતિ નામ ઉદારા। અતિ પાવન પુરાન શ્રુતિ સારા ॥
મંગલ ભવન અમંગલ હારી। ઉમા સહિત જેહિ જપત પુરારી ॥ ૧॥

શ્રીરઘુનાથજીનું ઉદાર નામ આમાં છે, જે અત્યંત પવિત્ર છે, વેદ-પુરાણોનો સાર છે, મંગળનું ધામ છે અને અમંગળને હરનાર છે, જેને પાર્વતીજીસહિત ભગવાન શિવજી હંમેશ જપ્યા કરે છે. ॥ ૧॥

ભનિતિ બિચિત્ર સુકબિ કૃત જોઊ। રામ નામ બિનુ સોહ ન સોઊ ॥
બિધુબદની સબ ભાઁતિ સઁવારી। સોહ ન બસન બિના બર નારી ॥ ૨॥

સારા કવિ દ્વારા રચાયેલ જે ઘણી અદ્ભુત કવિતા છે તે પણ રામનામ વિના શોભા નથી પામતી. જેમ ચન્દ્રમા સમાન મુખવાળી સુંદર સ્ત્રી સર્વ પ્રકારે સુસજ્જિત હોવા છતાં પણ વસ્ત્ર વિના શોભા નથી આપતી. ॥ ૨॥

સબ ગુન રહિત કુકબિ કૃત બાની। રામ નામ જસ અંકિત જાની ॥
સાદર કહહિં સુનહિં બુધ તાહી। મધુકર સરિસ સંત ગુનગ્રાહી ॥ ૩॥

આનાથી વિપરીત કુકવિએ રચેલ સર્વ ગુણોથી રહિત કવિતાને પણ રામના નામ અને યશથી અંકિત જાણીને, બુદ્ધિમાન લોકો સન્માનપૂર્વક ગાય અને સાંભળે છે, કારણ કે સંતજન ભમરાની જેમ ગુણોને જ ગ્રહણ કરનારા હોય છે. ॥ ૩॥

જદપિ કબિત રસ એકઉ નાહીં। રામ પ્રતાપ પ્રગટ એહિ માહીં ॥
સોઈ ભરોસ મોરેં મન આવા। કેહિં ન સુસંગ બડ્પ્પનુ પાવા ॥ ૪॥

જોકે મારી આ રચનામાં કવિતાનો એક પણ રસ નથી. તેમ છતાં, એમાં શ્રીરામજીનો પ્રતાપ પ્રકટ છે. મારા મનમાં આ જ એક વિશ્વાસ છે. ઉત્તમ સંગથી ભલા કોણે મોટાઈ નથી મેળવી? ॥ ૪॥

ધૂમઉ તજઈ સહજ કરુઆઈ। અગરુ પ્રસંગ સુગંધ બસાઈ ॥
ભનિતિ ભદેસ બસ્તુ ભલિ બરની। રામ કથા જગ મંગલ કરની ॥ ૫॥

ધુમાડો પણ અગરના સંગથી સુગંધિત થઈને પોતાના સ્વભાવની કડવાશનો ત્યાગ કરી દે છે. મારી કવિતા કઢંગી જરૂર છે, પરંતુ તેમાં જગતનું કલ્યાણ કરનારી શ્રીરામકથારૂપી ઉત્તમ વસ્તુનું વર્ણન કરવામાં આવ્યું છે. [તેથી એ પણ ઉત્તમ જ મનાશે.] ॥ ૫॥

છં૦– મંગલ કરનિ કલિમલ હરનિ તુલસી કથા રઘુનાથ કી।
ગતિ કૂર કબિતા સરિત કી જ્યોં સરિત પાવન પાથ કી ॥
પ્રભુ સુજસ સંગતિ ભનિતિ ભલિ હોઇહિ સુજન મન ભાવની।
ભવ અંગ ભૂતિ મસાન કી સુમિરત સુહાવનિ પાવની ॥

તુલસીદાસજી કહે છે કે શ્રીરઘુનાથજીની કથા મંગળ કરનારી અને કળિયુગનાં પાપોને હરનારી છે. મારી આ કઢંગી કવિતારૂપી નદીનું વહેણ પવિત્ર જળવાળી નદી(ગંગાજી)ના વહેણની જેમ વાંકું છે. પ્રભુ શ્રીરઘુનાથજીના સુંદર યશના સંગથી આ કવિતા સુંદર તથા સજ્જનોના ચિત્તને ગમનાર બની જશે. સ્મશાનની અપવિત્ર રખિયા પણ શ્રીમહાદેવજીનાં અંગોનો સંગથી સોહામણી લાગે છે અને સ્મરણ કરતાં જ પવિત્ર કરનારી બને છે.

દો૦– પ્રિય લાગિહિ અતિ સબહિ મમ ભનિતિ રામ જસ સંગ।
દારુ બિચારુ કિ કરઈ કોઉ બંદિઅ મલય પ્રસંગ ॥ ૧૦ (ક)॥

શ્રીરામજીના યશના સંગથી મારી કવિતા સર્વેને અત્યંત પ્રિય બનશે, જેમ મલયાચલ પર્વતના સંગથી કાષ્ઠમાત્ર [ચન્દન બનીને] વંદનીય બની જાય છે, ત્યારે શું કોઈ કાઠ[ની તુચ્છતા]નો વિચાર કરે છે? ॥ ૧૦ (ક)॥

સ્યામ સુરભિ પય બિસદ અતિ ગુનદ કરહિં સબ પાન।
ગિરા ગ્રામ્ય સિય રામ જસ ગાવહિં સુનહિં સુજાન ॥ ૧૦ (ખ)॥

શ્યામા ગાય કાળી હોવા છતાં તેનું દૂધ ઉજ્જવળ અને ઘણું ગુણકારી હોય છે, એમ સમજીને બધા લોકો તેને પીએ છે. આ જ પ્રમાણે ગામઠી ભાષામાં હોવા છતાં શ્રીસીતારામજીના યશને બુદ્ધિમાન લોકો ઘણા પ્રેમથી ગાય અને સાંભળે છે. ॥ ૧૦(ખ)॥

ચૌ૦ – મનિ માનિક મુકુતા છબિ જૈસી । અહિ ગિરિ ગજ સિર સોહ ન તૈસી ॥
નૃપ કિરીટ તરુની તનુ પાઈ । લહહિં સકલ સોભા અધિકાઈ ॥ ૧॥

મણિ, માણેક અને મોતીની જે સુંદર કાંતિ છે; તે સર્પ, પર્વત અને હાથીના મસ્તક પર ખાસ શોભતી નથી. રાજાના મુગટ અને સુંદર સ્ત્રીના શરીરને પામીને જ તે સર્વ ઘણી શોભાને પામે છે ॥ ૧॥

તૈસેહિં સુકબિ કબિત બુધ કહહીં । ઉપજહિં અનત અનત છબિ લહહીં ॥
ભગતિ હેતુ બિધિ ભવન બિહાઈ । સુમિરત સારદ આવતિ ધાઈ ॥ ૨॥

બુદ્ધિમાન લોકો કહે છે કે તેજ રીતે સુકવિની કવિતા પણ ઉત્પન્ન ક્યાંક બીજે થાય અને શોભા અન્યત્ર ક્યાંક પામે છે. (અર્થાત્ કવિની વાણીથી ઉત્પન્ન થયેલ કવિતા તે સ્થળે શોભા પામે છે કે જ્યાં તેના વિચાર, પ્રચાર તથા તેમાં વર્ણવેલ આદર્શનું ગ્રહણ અને અનુસરણ થાય છે). કવિના સ્મરણ કરતાંની સાથે જ તેની ભક્તિને લીધે સરસ્વતીજી બ્રહ્મલોક છોડીને દોડી આવે છે. ॥ ૨॥

રામ ચરિત સર બિનુ અન્હવાએઁ । સો શ્રમ જાઇ ન કોટિ ઉપાએઁ ॥
કબિ કોબિદ અસ હૃદયઁ બિચારી । ગાવહિં હરિ જસ કલિ મલ હારી ॥ ૩॥

સરસ્વતીજીના દોડી આવવાથી લાગેલ તેમનો થાક, રામચરિતરૂપી સરોવરમાં તેમને નવડાવ્યા વિના અન્ય કરોડો ઉપાયોથી પણ દૂર થતો નથી. કવિ અને પંડિત પોતાના હૃદયમાં આવો વિચાર કરીને કળિયુગનાં પાપોને હરનાર શ્રીહરિના યશનું જ ગાન કરે છે. ॥ ૩॥

કીન્હેં પ્રાકૃત જન ગુન ગાના । સિર ધુનિ ગિરા લગત પછિતાના ॥
હૃદય સિંધુ મતિ સીપ સમાના । સ્વાતિ સારદા કહહિં સુજાના ॥ ૪॥

સંસારી મનુષ્યોના ગુણગાન ગાવાથી સરસ્વતીજી માથું પીટીને પછતાવા માંડે છે (કે હું કેમ આના બોલાવવાથી આવી?) બુદ્ધિમાન લોકો હૃદયને સમુદ્ર, બુદ્ધિને છીપ અને સરસ્વતીને સ્વાતિ નક્ષત્ર સમાન જાણે છે. ॥ ૪॥

જૌં બરષઇ બર બારિ બિચારૂ । હોહિં કબિત મુકુતામનિ ચારૂ ॥ ૫॥

તેમાં જો શ્રેષ્ઠ વિચારરૂપી જળ વરસે તો મુક્તામણિના જેવી સુંદર કવિતા ઊપજે છે.

દો૦ – જુગુતિ બેધિ પુનિ પોહિઅહિં રામચરિત બર તાગ ।
પહિરહિં સજ્જન બિમલ ઉર સોભા અતિ અનુરાગ ॥ ૧૧॥

તે કવિતારૂપ મુક્તામણિઓને યુક્તિપૂર્વક વીંધીને, રામચરિત્રરૂપી સુંદર દોરામાં પરોવી સજ્જન લોકો પોતાના નિર્મળ હૃદયમાં ધારણ કરે છે; જેથી અત્યંત અનુરાગરૂપ શોભા થાય છે. (તેઓ આત્યંતિક પ્રેમને પ્રાપ્ત કરે છે). ॥ ૧૧॥

ચૌ૦ – જે જનમે કલિકાલ કરાલા । કરતબ બાયસ બેષ મરાલા ॥
ચલત કુપંથ બેદ મગ છાઁડે । કપટ કલેવર કલિ મલ ભાઁડે ॥૧॥

જેઓ ઉગ્ર કળિયુગમાં જન્મ્યા છે, જેઓની કરણી કાગડા જેવી છે અને વેષ હંસ જેવો છે, જેઓ વેદમાર્ગ ત્યજી કુમાર્ગે ચાલે છે, જેઓ કપટની મૂર્તિ અને કળિયુગનાં પાપોનાં પાત્રો છે ॥૧॥

બંચક ભગત કહાઇ રામ કે । કિંકર કંચન કોહ કામ કે ॥
તિન્હ મહઁ પ્રથમ રેખ જગ મોરી । ધીંગ ધરમધ્વજ ધંધક ધોરી ॥ ૨॥

જેઓ શ્રીરામજીના ભક્ત કહેવડાવી લોકોને ઠગે છે, જેઓ ધન (લોભ), ક્રોધ તથા કામના ગુલામ છે અને જેઓ ધતિંગ કરનારા, ધર્મધ્વજ ધારણ કરનારા (ધર્મની ખોટી ધજા ફરકાવનાર-દંભી) અને પ્રપંચના ધંધાનો ભાર ઉપાડનારા છે, જગતના આવા લોકોમાં સર્વપ્રથમ મારી ગણતરી છે. ॥ ૨॥

જૌં અપને અવગુન સબ કહઊઁ । બાઢ઼ઇ કથા પાર નહિં લહઊઁ ॥
તાતે મૈં અતિ અલપ બખાને । થોરે મહુઁ જાનિહહિં સયાને ॥ ૩॥

જો હું મારા સર્વે અવગુણોને કહેવા માંડું તો કથા ઘણી મોટી થઈ જશે અને હું પાર નહીં પાડી શકું, તેથી મેં ઘણા ઓછા અવગુણોનું વર્ણન કર્યું છે - બુદ્ધિમાન લોકો થોડામાં ઘણું સમજી જશે. ॥૩॥

સમુઝિ બિબિધિ બિધિ બિનતી મોરી । કોઉ ન કથા સુનિ દેઇહિ ખોરી ॥
એતેહુ પર કરિહહિં જે અસંકા । મોહિ તે અધિક તે જડ઼ મતિ રંકા ॥ ૪॥

મારી અનેક પ્રકારની વિનંતીને સ્વીકારી, કોઈ પણ આ કથાને સાંભળી દોષ નહીં આપે. તેમ છતાં, પણ જેઓ શંકા કરે, તેઓ તો મારા કરતાં પણ વધુ મૂર્ખ અને બુદ્ધિના રંક છે. ॥૪॥

કબિ ન હોઉઁ નહિં ચતુર કહાવઉઁ । મતિ અનુરૂપ રામ ગુન ગાવઉઁ ॥
કહઁ રઘુપતિ કે ચરિત અપારા । કહઁ મતિ મોરિ નિરત સંસારા ॥ ૫॥

હું ન તો કવિ છું, ન ચતુર કહેવડાવું છું, પોતાની બુદ્ધિ અનુસાર શ્રીરામજીના ગુણ ગાઉં છું. ક્યાં તો શ્રી રઘુનાથજીનાં અપાર ચરિત્ર અને ક્યાં સંસારમાં આસક્ત મારી બુદ્ધિ! ॥ ૫॥

જેહિં મારુત ગિરિ મેરુ ઉડ઼ાહીં । કહહુ તૂલ કેહિ લેખે માહીં ॥
સમુઝત અમિત રામ પ્રભુતાઈ । કરત કથા મન અતિ કદરાઈ ॥ ૬॥

જે વાયુથી મેરુ જેવા પર્વત ઊડી જાય છે, કહો જોઈએ, તેની સામે રૂ કઈ ગણતરીમાં છે? શ્રીરામજીની અસીમ પ્રભુતાને સમજીને કથારચનામાં મારું મન ઘણું ખચકાય છે - ॥ ૬॥

દો૦ – સારદ સેસ મહેસ બિધિ આગમ નિગમ પુરાન ।
નેતિ નેતિ કહિ જાસુ ગુન કરહિં નિરંતર ગાન ॥ ૧૨॥

સરસ્વતીજી, શેષજી, શિવજી, બ્રહ્માજી, શાસ્ત્ર, વેદ અને પુરાણ - તે સર્વે 'નેતિ-નેતિ' કહીને (પાર ન પામીને 'આવા નહીં,' 'આવા નહીં' કહેતાં કહેતાં) કાયમ જેમનું ગુણગાન કર્યા કરે છે. ॥ ૧૨॥

ચૌ૦— સબ જાનત પ્રભુ પ્રભુતા સોઈ। તદપિ કહેં બિનુ રહા ન કોઈ॥
તહાઁ બેદ અસ કારન રાખા। ભજન પ્રભાઉ ભાઁતિ બહુ ભાષા॥૧॥

જોકે પ્રભુ શ્રીરામચન્દ્રજીની પ્રભુતાને બધા એવી (અકથનીય) જ જાણે છે, તો પણ કહ્યા વિના કોઈ ન રહ્યું. આનું કારણ વેદે એવું જણાવ્યું છે કે ભજનનો પ્રભાવ ઘણી રીતે કહેવાયો છે. (અર્થાત્ ભગવાનના મહિમાનું પૂર્ણ વર્ણન તો કોઈ કરી ન શકે; પરંતુ જેનાથી જેટલા બની શકે એટલા ગુણગાન ભગવાનના કરવા જોઈએ. કેમકે ભગવાનના ગુણગાનરૂપી ભજનનો પ્રભાવ ઘણો જ અદ્ભુત છે, તેનું શાસ્ત્રમાં અનેક પ્રકારનું વર્ણન છે. થોડુંક જ ભગવાનનું ભજન મનુષ્યને સરળતાથી ભવસાગર પાર કરાવી દે છે). ॥૧॥

એક અનીહ અરૂપ અનામા। અજ સચ્ચિદાનંદ પર ધામા॥
બ્યાપક બિસ્વરૂપ ભગવાના। તેહિં ધરિ દેહ ચરિત કૃત નાના॥૨॥

જે પરમેશ્વર એક છે, જેઓને કોઈ કામના નથી, જેમનું કોઈ રૂપ અને નામ નથી. જેઓ અજન્મા, સચ્ચિદાનંદ અને પરમધામ છે તથા જેઓ સર્વમાં વ્યાપક અને વિશ્વરૂપ છે, તે ભગવાને દિવ્ય શરીર ધારણ કરીને અનેક પ્રકારની લીલા કરી છે. ॥૨॥

સો કેવલ ભગતન હિત લાગી। પરમ કૃપાલ પ્રનત અનુરાગી॥
જેહિ જન પર મમતા અતિ છોહૂ। જેહિં કરુના કરિ કીન્હ ન કોહૂ॥૩॥

તે લીલા કેવળ ભક્તોનાં હિત માટે જ છે; કેમકે ભગવાન પરમકૃપાળુ છે અને શરણાગતના મોટા પ્રેમી છે. જેમની ભક્તો પર ઘણી મમતા અને કૃપા છે, જેઓએ એક વાર જેની ઉપર કૃપા કરી દીધી, તેની પર પછી ક્યારેય ક્રોધ નથી કર્યો. ॥૩॥

ગઈ બહોર ગરીબ નેવાજૂ। સરલ સબલ સાહિબ રઘુરાજૂ॥
બુધ બરનહિં હરિ જસ અસ જાની। કરહિં પુનીત સુફલ નિજ બાની॥૪॥

તે પ્રભુ શ્રીરઘુનાથજી ગયેલી વસ્તુને ફરી મેળવી આપનારા, ગરીબનવાજ સરળ સ્વભાવ, સર્વશક્તિમાન અને સર્વેના સ્વામી છે, આમ સમજીને બુદ્ધિમાન લોકો શ્રીહરિના યશનું વર્ણન કરી પોતાની વાણીને પવિત્ર અને ઉત્તમ ફળ (મોક્ષ અને દુર્લભ ભગવત્પ્રેમ) આપનારી બનાવે છે. ॥૪॥

તેહિં બલ મૈં રઘુપતિ ગુન ગાથા। કહિહઉઁ નાઈ રામ પદ માથા॥
મુનિન્હ પ્રથમ હરિ કીરતિ ગાઈ। તેહિં મગ ચલત સુગમ મોહિ ભાઈ॥૫॥

એ જ બળ વડે (મહિમાનું યથાર્થ વર્ણન નહીં, પણ મહાન ફળ આપનાર ભજન સમજીને ભગવત્કૃપાના બળ વડે જ) હું શ્રીરામચન્દ્રજીના ચરણોમાં માથું નમાવી શ્રીરઘુનાથજીના ગુણોની કથા કહીશ. આ જ વિચારથી (વાલ્મીકિ, વ્યાસ આદિ) મુનિઓએ અગાઉ શ્રીહરિની કીર્તિ ગાઈ છે. ભાઈ! તે જ રસ્તા પર ચાલવું મારા માટે સુગમ થશે. ॥૫॥

દો૦— અતિ અપાર જે સરિત બર જૌં નૃપ સેતુ કરાહિં।
ચઢ़િ પિપીલિકઉ પરમ લઘુ બિનુ શ્રમ પારહિ જાહિં॥૧૩॥

અત્યંત મોટી નદીઓ જે છે, તેમના પર રાજા પુલ બંધાવી દે છે તો ઘણી નાની કીડીઓ પણ તેના પર ચઢી વગર પરિશ્રમે પાર કરી જાય છે (આ જ રીતે મુનિઓના વર્ણનના આધારે હું પણ શ્રીરામચરિત્રનું વર્ણન સરળતાથી કરી શકીશ). ॥ ૧૩॥

એહિ પ્રકાર બલ મનહિ દેખાઈ । કરિહઉઁ રઘુપતિ કથા સુહાઈ ॥
બ્યાસ આદિ કબિ પુંગવ નાના । જિન્હ સાદર હરિ સુજસ બખાના ॥ ૧॥

આ રીતે મનને મજબૂત કરીને હું શ્રીરઘુનાથજીની સોહામણી કથાની રચના કરીશ. વ્યાસ આદિ જે અનેક શ્રેષ્ઠ કવિ થઈ ગયા છે, જેમણે ઘણા આદરથી શ્રીહરિનો સુયશ વર્ણવ્યો છે. ॥ ૧॥

ચરન કમલ બંદઉઁ તિન્હ કેરે । પુરવહુઁ સકલ મનોરથ મેરે ॥
કલિ કે કબિન્હ કરઉઁ પરનામા । જિન્હ બરને રઘુપતિ ગુન ગ્રામા ॥ ૨॥

હું તે સર્વે(શ્રેષ્ઠ કવિઓ)નાં ચરણકમળોમાં પ્રણામ કરું છું, તેઓ મારા સર્વે મનોરથોને પૂર્ણ કરે. કળિયુગના તે કવિઓને પણ હું નમસ્કાર કરું છું, જેમણે શ્રીરઘુનાથજીના ગુણસમૂહોનું વર્ણન કર્યું છે. ॥ ૨॥

જે પ્રાકૃત કબિ પરમ સયાને । ભાષાઁ જિન્હ હરિ ચરિત બખાને ॥
ભએ જે અહહિં જે હોઇહહિં આગેં । પ્રનવઉઁ સબહિ કપટ સબ ત્યાગેં ॥ ૩॥

જે મોટા બુદ્ધિમાન પ્રાકૃત કવિઓ છે, જેઓએ ભાષામાં હરિચરિત્રોનું વર્ણન કર્યું છે, આવા જે કવિઓ અગાઉ પણ થઈ ચૂક્યા છે, જેઓ આ સમયે હયાત છે અને જેઓ આગળ થશે, તે સર્વેને હું નિષ્કપટ ભાવથી પ્રણામ કરું છું ॥ ૩॥

હોહુ પ્રસન્ન દેહુ બરદાનૂ । સાધુ સમાજ ભનિતિ સનમાનૂ ॥
જો પ્રબંધ બુધ નહિં આદરહીં । સો શ્રમ બાદિ બાલ કબિ કરહીં ॥ ૪॥

આપ સર્વે પ્રસન્ન થઈને આ વરદાન આપો કે સાધુ-સમાજમાં મારી કવિતાનું સન્માન થાય; કેમકે બુદ્ધિમાન લોકો જે કવિતાનો આદર નથી કરતા, મૂર્ખ કવિ જ તેની રચનાનો વ્યર્થ પરિશ્રમ કરે છે. ॥ ૪॥

કીરતિ ભનિતિ ભૂતિ ભલિ સોઈ । સુરસરિ સમ સબ કહઁ હિત હોઈ ॥
રામ સુકીરતિ ભનિતિ ભદેસા । અસમંજસ અસ મોહિ અઁદેસા ॥ ૫॥

કીર્તિ, કવિતા અને સંપત્તિ તે જ ઉત્તમ છે જે ગંગાજીની જેમ સર્વેનું હિત કરનારી હોય. શ્રીરામચન્દ્રજીની કીર્તિ તો ઘણી સુંદર (સર્વેનું અનંત કલ્યાણ કરનારી જ) છે, પરંતુ મારી કવિતા કઢંગી છે. આ દ્વિધાભર્યું છે (અર્થાત્ આ બન્નેનો મેળ નથી ખાતો), તેની જ મને ચિંતા છે ॥ ૫॥

તુમ્હરી કૃપાઁ સુલભ સોઉ મોરે । સિઅનિ સુહાવનિ ટાટ પટોરે ॥ ૬॥

પરંતુ હે કવિઓ! આપની કૃપાથી આ વાત પણ મારા માટે સુલભ થઈ શકે છે. રેશમની સિલાઈ કંતાન પર પણ સોહામણી લાગે છે.

દો૦– સરલ કબિત કીરતિ બિમલ સોઈ આદરહિં સુજાન ।
સહજ બયર બિસરાઈ રિપુ જો સુનિ કરહિં બખાન ॥ ૧૪ (ક)॥

ચતુર પુરુષ તે જ કવિતાનો આદર કરે છે, જે સરળ હોય અને જેમાં નિર્મળ ચરિત્રનું વર્ણન હોય તથા જેને સાંભળીને શત્રુ પણ સ્વાભાવિક વેરને ભૂલી વખાણવા માંડે ॥ ૧૪ (ક) ॥

સો ન હોઈ બિનુ બિમલ મતિ મોહિ મતિ બલ અતિ થોર ।
કરહુ કૃપા હરિ જસ કહઉઁ પુનિ પુનિ કરઉઁ નિહોર ॥ ૧૪ (ખ)॥

આવી કવિતા નિર્મળ બુદ્ધિ વગર રચાતી નથી અને મારી બુદ્ધિનું બળ ઘણું જ ઓછું છે. એટલે વારંવાર પ્રાર્થના કરુ છું કે હે કવિઓ! આપ કૃપા કરો, જેથી હું હરિયશનું વર્ણન કરી શકું ॥ ૧૪ (ખ)॥

કબિ કોબિદ રઘુબર ચરિત માનસ મંજુ મરાલ ।
બાલબિનય સુનિ સુરુચિ લખિ મો પર હોહુ કૃપાલ ॥ ૧૪ (ગ)॥

હે કવિઓ અને વિદ્વાનો! આપ રામચરિત્રરૂપી માનસરોવરના સુંદર હંસ છો, મુજ બાળકની વિનંતી સાંભળીને અને ઉત્તમ રુચિ નિહાળીને મારા પર કૃપા કરો. ॥ ૧૪ (ગ)॥

સો૦– બંદઉઁ મુનિ પદ કંજુ રામાયન જેહિં નિરમયઉ ।
સખર સુકોમલ મંજુ દોષ રહિત દૂષન સહિત ॥ ૧૪ (ઘ)॥

હું તે વાલ્મીકિ મુનિનાં ચરણકમળોની વંદના કરું છું, જેમણે રામાયણની રચના કરી છે, જે ખર (રાક્ષસ) સહિત હોવા છતાં પણ ખર(કઠોર)થી વિપરીત ઘણા કોમળ અને સુંદર છે તથા જે દૂષણ(રાક્ષસ)સહિત હોવા છતાં પણ દૂષણ અર્થાત્ દોષથી રહિત છે ॥ ૧૪ (ઘ)॥

બંદઉઁ ચારિઉ બેદ ભવ બારિધિ બોહિત સરિસ ।
જિન્હહિ ન સપનેહુઁ ખેદ બરનત રઘુબર બિસદ જસુ ॥ ૧૪ (ઙ)॥

ચારે વેદોની હું વંદના કરું છું, જે સંસારસમુદ્રને તરવા માટે વહાણના જેવા છે તથા જેઓને શ્રીરઘુનાથજીના નિર્મળ યશનું વર્ણન કરતાં સ્વપ્નમાં પણ ખેદ થતો નથી (થાક નથી લાગતો). ॥ ૧૪ (ઙ)॥

બંદઉઁ બિધિ પદ રેનુ ભવ સાગર જેહિં કીન્હ જહઁ ।
સંત સુધા સસિ ધેનુ પ્રગટે ખલ બિષ બારુની ॥ ૧૪ (ચ)॥

હું બ્રહ્માજીના ચરણ-રેણુની વંદના કરું છું, જેમણે ભવસાગર બનાવ્યો છે, જ્યાંથી એક બાજુએ સંતજનરૂપી અમૃત, ચન્દ્રમા અને કામધેનુ નીકળ્યાં અને બીજી બાજુથી દુષ્ટજનરૂપી વિષ તથા મદિરા ઉત્પન્ન થયાં ॥ ૧૪ (ચ)॥

દો૦– બિબુધ બિપ્ર બુધ ગ્રહ ચરન બંદિ કહઉઁ કર જોરિ ।
હોઈ પ્રસન્ન પુરવહુ સકલ મંજુ મનોરથ મોરિ ॥ ૧૪ (છ)॥

દેવતા, બ્રાહ્મણ, પંડિત, ગ્રહો - એ સર્વેના ચરણોની વંદના કરીને હાથ જોડી કહું છું કે આપ પ્રસન્ન થઈને મારા સર્વે સુંદર મનોરથોને પૂર્ણ કરો. ॥ ૧૪ (છ)॥

ચૌ૦ – પુનિ બંદઉઁ સારદ સુરસરિતા। જુગલ પુનીત મનોહર ચરિતા ॥
મજ્જન પાન પાપ હર એકા। કહત સુનત એક હર અબિબેકા ॥ ૧॥

વળી, હું સરસ્વતીજી અને દેવનદી ગંગાજીની વંદના કરું છું. બંનેય પવિત્ર અને મનોહર ચરિત્રવાળાં છે. એક (ગંગાજી) સ્નાન કરવાથી અને જળ પીવાથી પાપોને હરે છે તથા બીજી (સરસ્વતીજી) ગુણ અને યશ કહેવા - સાંભળવાથી અજ્ઞાનનો (અવિવેકનો) નાશ કરી દે છે. ॥ ૧॥

ગુર પિતુ માતુ મહેસ ભવાની। પ્રનવઉઁ દીનબંધુ દિન દાની ॥
સેવક સ્વામિ સખા સિય પી કે। હિત નિરુપધિ સબ બિધિ તુલસી કે ॥ ૨॥

શ્રીમહેશ અને પાર્વતીને હું પ્રણામ કરું છું, જે મારાં ગુરુ અને માતા-પિતા છે, જે દીનબંધુ અને નિત્ય દાન કરનારાં છે, જે સીતાપતિ શ્રીરામચન્દ્રજીના સેવક, સ્વામી અને સખા છે તથા મારું-તુલસીદાસનું સર્વ પ્રકારે કપટરહિત (ખરું) હિત કરનારાં છે. ॥ ૨॥

કલિ બિલોકિ જગ હિત હર ગિરિજા। સાબર મંત્ર જાલ જિન્હ સિરિજા ॥
અનમિલ આખર અરથ ન જાપૂ। પ્રગટ પ્રભાઉ મહેસ પ્રતાપૂ ॥ ૩॥

જે શંકર-પાર્વતીએ કળિયુગને જોઈને, જગતના હિત માટે શાબર મંત્રસમૂહોની રચના કરી, જે મંત્રોના અક્ષર અમેળ છે, જેમનો ન કોઈ ખરો અર્થ હોય છે અને જપ પણ નથી થતો. તેમ છતાં, શ્રીશિવજીના પ્રતાપે જેમનો પ્રભાવ પ્રત્યક્ષ છે - ॥ ૩॥

સો ઉમેસ મોહિ પર અનુકૂલા। કરિહિં કથા મુદ મંગલ મૂલા ॥
સુમિરિ સિવા સિવ પાઇ પસાઊ। બરનઉઁ રામચરિત ચિત ચાઊ ॥ ૪॥

- તે ઉમાપતિ શિવજી મારા પર પ્રસન્ન થઈને [શ્રી રામજીની] આ કથાને આનંદ અને મંગળનું મૂળ (ઉત્પન્ન કરનાર) બનાવશે. આ રીતે પાર્વતીજી અને શિવજી બંનેનું સ્મરણ કરીને તથા તેમનો પ્રસાદ પામીને હું હૃદયપૂર્વક શ્રીરામચરિત્રનું વર્ણન કરું છું.

ભનિતિ મોરિ સિવ કૃપાઁ બિભાતી। સસિ સમાજ મિલિ મનહુઁ સુરાતી ॥
જે એહિ કથહિ સનેહ સમેતા। કહિહહિં સુનિહહિં સમુઝિ સચેતા ॥ ૫॥
હોઇહહિં રામ ચરન અનુરાગી। કલિ મલ રહિત સુમંગલ ભાગી ॥ ૬॥

મારી કવિતા શ્રીશિવજીની કૃપાથી એવી સુશોભિત થશે, જેમ તારાગણ સહિત ચન્દ્રમાની સાથે રાત્રિ શોભિત થાય છે. જે આ કથાને પ્રેમસહિત અને સાવચેતી સાથે સમજી-વિચારી કહેશે-સાંભળશે તે, કળિયુગનાં પાપોથી રહિત તથા સુંદર કલ્યાણના ભાગીદાર બની શ્રીરામચન્દ્રજીના ચરણોના પ્રેમી બનશે. ॥ ૫-૬ ॥

દો૦ – સપનેહુઁ સાચેહુઁ મોહિ પર જૌં હર ગૌરિ પસાઉ।
તૌ ફુર હોઉ જો કહેઉઁ સબ ભાષા ભનિતિ પ્રભાઉ ॥ ૧૫॥

જો મારા પર શ્રીશિવજી અને પાર્વતીજીની સ્વપ્નમાં પણ સાચેસાચ પ્રસન્નતા હોય, તો મેં આ ભાષાકવિતાનો જે પ્રભાવ કહ્યો છે, તે સર્વ સત્ય થાય.

ચૌ૦– બંદઉँ અવધ પુરી અતિ પાવનિ । સરજૂ સરિ કલિ કલુષ નસાવનિ ॥
પ્રનવઉँ પુર નર નારિ બહોરી । મમતા જિન્હ પર પ્રભુહિ ન થોરી ॥ ૧॥

હું અતિ પવિત્ર શ્રીઅયોધ્યાપુરી અને કળિયુગનાં પાપોનો નાશ કરનારી શ્રીસરયૂ નદીની વંદના કરું છું. વળી, અવધપુરીનાં તે નર-નારીઓને પ્રણામ કરું છું જેમના પર પ્રભુ શ્રીરામચન્દ્રજીની મમતા ઓછી નથી (અર્થાત્ ઘણી છે.) ॥ ૧॥

સિય નિંદક અઘ ઓઘ નસાએ । લોક બિસોક બનાઇ બસાએ ॥
બંદઉँ કૌસલ્યા દિસિ પ્રાચી । કીરતિ જાસુ સકલ જગ માચી ॥ ૨॥

તેઓએ [પોતાની નગરીમાં રહેનાર], સીતાજીની નિંદા કરનાર (ધોબી અને તેના સમર્થક પુર-નર-નારીઓ)ના પાપસમૂહનો નાશ કરી તેમને શોકરહિત બનાવી પોતાના લોક(ધામ)માં વસાવી દીધા. હું કૌશલ્યારૂપી પૂર્વ દિશાને વંદન કરું છું, જેની કીર્તિ સમસ્ત સંસારમાં પ્રસરી રહી છે. ॥ ૨॥

પ્રગટેઉ જહँ રઘુપતિ સસિ ચારૂ । બિસ્વ સુખદ ખલ કમલ તુસારૂ ॥
દસરથ રાઉ સહિત સબ રાની । સુકૃત સુમંગલ મૂરતિ માની ॥ ૩॥
કરઉँ પ્રનામ કરમ મન બાની । કરહુ કૃપા સુત સેવક જાની ॥
જિન્હહિ બિરચિ બડ઼ ભયઉ બિધાતા । મહિમા અવધિ રામ પિતુ માતા ॥ ૪॥

જ્યાંથી (કૌશલ્યારૂપી પૂર્વ દિશામાંથી) વિશ્વને સુખ આપનાર અને દુષ્ટરૂપી કમળો માટે હિમ સમાન શ્રીરામચન્દ્રરૂપી ચન્દ્રમા પ્રકટ્યા. બધી રાણીઓ સહિત રાજા દશરથજીને પુણ્ય અને ઉત્તમ કલ્યાણની મૂર્તિ માનીને હું મન, વચન અને કર્મથી પ્રણામ કરું છું. પોતાના પુત્રનો સેવક માનીને તેઓ મારા પર કૃપા કરે, જેમની ઉત્પત્તિ કરીને બ્રહ્માજીએ પણ મોટાઈ મેળવી તથા જેઓ શ્રીરામજીનાં માતા અને પિતા હોવાને કારણે મહિમાની સીમા છે. ॥ ૩-૪॥

સો૦– બંદઉँ અવધ ભુઆલ સત્ય પ્રેમ જેહિ રામ પદ ।
બિછુરત દીનદયાલ પ્રિય તનુ તૃન ઈવ પરિહરેઉ ॥ ૧૬॥

હું અવધના રાજા શ્રીદશરથજીની વંદના કરું છું, જેમનો શ્રીરામજીના ચરણોમાં સાચો પ્રેમ હતો, જેમણે દીનદયાળુ પ્રભુનો વિયોગ થતાંની સાથે જ પોતાના પ્રિય શરીરને સાધારણ તણખલાની જેમ ત્યાગી દીધું. ॥ ૧૬॥

ચૌ૦– પ્રનવઉँ પરિજન સહિત બિદેહૂ । જાહિ રામ પદ ગૂઢ઼ સનેહૂ ॥
જોગ ભોગ મહँ રાખેઉ ગોઈ । રામ બિલોકત પ્રગટેઉ સોઈ ॥ ૧॥

હું પરિવાર સહિત રાજા જનકજીને પ્રણામ કરું છું, જેમને શ્રીરામજીના ચરણોમાં ગૂઢ પ્રેમ હતો, જેને તેઓએ યોગ અને ભોગમાં છુપાવી રાખ્યો હતો, પરંતુ શ્રીરામચન્દ્રજીને જોતાં જ તે પ્રકટ થઈ ગયો. ॥ ૧॥

પ્રનવઉँ પ્રથમ ભરત કે ચરના । જાસુ નેમ બ્રત જાઇ ન બરના ॥
રામ ચરન પંકજ મન જાસૂ । લુબુધ મધુપ ઈવ તજઇ ન પાસૂ ॥ ૨॥

(ભાઈઓમાં) સર્વપ્રથમ હું શ્રીભરતજીના ચરણોમાં પ્રણામ કરું છું, જેમના નિયમ અને વ્રત વર્ણવી નથી શકાતાં તથા જેમનું મન શ્રીરામજીનાં ચરણકમળોમાં ભમરાની જેમ લોભાયેલ છે, ક્યારેય તેમનો સંગ નથી ત્યજતું. ॥ ૨॥

બંદઉઁ લછિમન પદ જલ જાતા । સીતલ સુભગ ભગત સુખ દાતા ॥
રઘુપતિ કીરતિ બિમલ પતાકા । દંડ સમાન ભયઉ જસ જાકા ॥ ૩॥

હું શ્રીલક્ષ્મણજીનાં ચરણકમળોને પ્રણામ કરું છું, જે શીતળ, સુંદર અને ભક્તોને સુખ આપનાર છે. શ્રીરઘુનાથજીની કીર્તિરૂપ નિર્મળ પતાકામાં જેમનો (લક્ષ્મણજીનો) યશ [પતાકાને ઊંચે રાખી ફરકાવનાર] દંડ સમાન બન્યો છે. ॥ ૩॥

સેષ સહસ્રસીસ જગ કારન । જો અવતરેઉ ભૂમિ ભય ટારન ॥
સદા સો સાનુકૂલ રહ મો પર । કૃપાસિંધુ સૌમિત્રિ ગુનાકર ॥ ૪॥

જેઓ હજાર મસ્તકવાળા અને જગતનું કારણ (હજાર મસ્તકો પર જગતને ધારણ કરી રાખનાર) શેષજી છે, જેમણે પૃથ્વીનો ભય દૂર કરવા માટે અવતાર લીધો છે, ગુણોની ખાણ કૃપાસાગર એ સુમિત્રાનંદન શ્રીલક્ષ્મણજી મારા પર સદા પ્રસન્ન રહો. ॥ ૪॥

રિપુસૂદન પદ કમલ નમામી । સૂર સુસીલ ભરત અનુગામી ॥
મહાબીર બિનવઉઁ હનુમાના । રામ જાસુ જસ આપ બખાના ॥ ૫॥

હું શ્રીશત્રુઘ્નજીનાં ચરણકમળોને પ્રણામ કરું છું, જે મોટા વીર, સુશીલ અને શ્રીભરતજીને અનુસરનારા છે. હું મહાવીર શ્રીહનુમાનજીને વિનવું છું, જેમના યશનું શ્રીરામચન્દ્રજીએ સ્વયં (પોતાના શ્રીમુખથી) વર્ણન કર્યું છે. ॥ ૫॥

સો૦ – પ્રનવઉઁ પવનકુમાર ખલ બન પાવક ગ્યાન ઘન ।
જાસુ હૃદય આગાર બસહિં રામ સર ચાપ ધર ॥ ૧૭॥

હું પવનકુમાર શ્રીહનુમાનજીને પ્રણામ કરું છું, જેઓ દુષ્ટરૂપી વનને ભસ્મ કરવા માટે અગ્નિરૂપ છે, જેઓ જ્ઞાનની ઘનમૂર્તિ છે અને જેમના હૃદયરૂપી ભવનમાં ધનુષ-બાણ ધારણ કરેલા શ્રીરામજી નિવાસ કરે છે. ॥ ૧૭॥

ચૌ૦ – કપિપતિ રીછ નિસાચર રાજા । અંગદાદિ જે કીસ સમાજા ॥
બંદઉઁ સબ કે ચરન સુહાએ । અધમ સરીર રામ જિન્હ પાએ ॥ ૧॥

વાનરોના રાજા સુગ્રીવજી, રીંછોના રાજા વયોવૃદ્ધ જાંબવાનજી, રાક્ષસોના રાજા વિભીષણજી અને અંગદજી આદિ જેટલો વાનરોનો સમાજ છે, તે સર્વના ઉત્તમ ચરણોની હું વંદના કરું છું, જેઓએ અધમ (પશુ અને રાક્ષસ વગેરે) શરીરથી પણ શ્રીરામચન્દ્રજીને પામી લીધા. ॥ ૧॥

રઘુપતિ ચરન ઉપાસક જેતે । ખગ મૃગ સુર નર અસુર સમેતે ॥
બંદઉઁ પદ સરોજ સબ કેરે । જે બિનુ કામ રામ કે ચેરે ॥ ૨॥

પશુ, પક્ષી, દેવતા, મનુષ્ય, અસુરસહિત જેટલા શ્રીરામજીના ચરણોના ઉપાસક છે, હું તે સર્વેનાં ચરણકમળોની વંદના કરું છું; જેઓ શ્રીરામજીના નિષ્કામ સેવક છે. ॥ ૨॥

સુક સનકાદિ ભગત મુનિ નારદ। જે મુનિબર બિગ્યાન બિસારદ॥
પ્રનવઉँ સબહિ ધરનિ ધરિ સીસા। કરહુ કૃપા જન જાનિ મુનીસા॥૩॥

શુકદેવજી, સનકાદિક, નારદમુનિ વગેરે જેટલા ભક્ત અને પરમ જ્ઞાની શ્રેષ્ઠ મુનિઓ છે, હું ધરતી પર શીશ ટેકવી તે સર્વને પ્રણામ કરું છું; હે મુનીશ્વરો! આપ સર્વે મને આપનો દાસ જાણીને કૃપા કરો. ॥૩॥

જનકસુતા જગ જનનિ જાનકી। અતિસય પ્રિય કરુનાનિધાન કી॥
તાકે જુગ પદ કમલ મનાવઉँ। જાસુ કૃપાँ નિરમલ મતિ પાવઉँ॥૪॥

રાજા જનકનાં પુત્રી, જગતનાં માતા અને કરુણાનિધાન શ્રીરામચન્દ્રજીનાં પ્રિયતમા શ્રીજાનકીજીનાં બંને ચરણકમળોને હું મનાવું (આરાધું) છું, જેમની કૃપાથી નિર્મળ બુદ્ધિ મેળવું. ॥૪॥

પુનિ મન બચન કર્મ રઘુનાયક। ચરન કમલ બંદઉँ સબ લાયક॥
રાજિવનયન ધરેં ધનુ સાયક। ભગત બિપતિ ભંજન સુખદાયક॥૫॥

વળી, હું મન, વચન અને કર્મથી કમળનયન, ધનુષ-બાણધારી, ભક્તોની વિપત્તિનો નાશ કરનાર અને તેમને સુખ આપનાર ભગવાન શ્રીરઘુનાથજીનાં સર્વસમર્થ ચરણકમળોની વંદના કરું છું.

દો૦– ગિરા અરથ જલ બીચિ સમ કહિઅત ભિન્ન ન ભિન્ન।
બંદઉँ સીતા રામ પદ જિન્હહિ પરમ પ્રિય ખિન્ન॥૧૮॥

જે વાણી અને તેના અર્થ તથા જળ અને જળની લહેરની જેમ કહેવામાં જુદા જુદા છે, પરંતુ વાસ્તવમાં અભિન્ન છે, તે શ્રીસીતારામજીના ચરણોની હું વંદના કરું છું. જેમને દીન-દુઃખી ઘણા જ પ્રિય છે. ॥૧૮॥

ચૌ૦– બંદઉँ નામ રામ રઘુબર કો। હેતુ કૃસાનુ ભાનુ હિમકર કો॥
બિધિ હરિ હરમય બેદ પ્રાન સો। અગુન અનૂપમ ગુન નિધાન સો॥૧॥

હું શ્રીરઘુનાથજીના નામ 'રામ'ની વંદના કરું છું, જે કૃશાનું (અગ્નિ), ભાનુ (સૂર્ય) અને હિમદાયક (ચન્દ્ર)ના કારણ છે, અર્થાત્ 'ર' 'આ' અને 'મ' રૂપે બીજ છે. તે 'રામ' નામ બ્રહ્મા, વિષ્ણુ અને શિવરૂપ છે. તે વેદોનો પ્રાણ છે; નિર્ગુણ, ઉપમારહિત અને ગુણોનો ભંડાર છે. ॥૧॥

મહામંત્ર જોઇ જપત મહેસૂ। કાસીં મુકુતિ હેતુ ઉપદેસૂ॥
મહિમા જાસુ જાન ગનરાઉ। પ્રથમ પૂજિઅત નામ પ્રભાઉ॥૨॥

જે મહામંત્ર છે, જેને મહેશ્વર શ્રીશિવજી જપે છે અને (તેમના થકી) જેમનો ઉપદેશ કાશીમાં મુક્તિનું કારણ છે, તથા જેમની મહિમાને ગણેશજી જાણે છે, જે આ 'રામ' નામના પ્રભાવથી જ સર્વપ્રથમ પૂજાય છે. ॥૨॥

જાન આદિકબિ નામ પ્રતાપૂ। ભયઉ સુદ્ધ કરિ ઉલટા જાપૂ॥
સહસ નામ સમ સુનિ સિવ બાની। જપિ જેઈ પિય સંગ ભવાની॥૩॥

આદિકવિ શ્રીવાલ્મીકિજી રામનામના પ્રતાપને જાણે છે, જેઓ ઊંધું નામ ('મરા', 'મરા') જપીને પવિત્ર થઈ ગયા. એક રામ-નામ સહસ્ર નામ સમાન છે - એવા શ્રી શિવજીનાં વચન સાંભળીને પાર્વતીજી સદા પોતાના પતિની સાથે રામ-નામનો જપ કરતાં રહે છે. ॥ ૩॥

હરષે હેતુ હેરિ હર હી કો । કિય ભૂષન તિય ભૂષન તી કો ॥
નામ પ્રભાઉ જાન સિવ નીકો । કાલકૂટ ફલુ દીન્હ અમી કો ॥ ૪॥

નામ પ્રત્યે પાર્વતીજીના હૃદયની આવી પ્રીતિ જોઈને શ્રીશિવજી પ્રસન્ન થઈ ગયા અને તેઓએ સ્ત્રીઓમાં ભૂષણરૂપ (પતિવ્રતાઓમાં શિરોમણિ) પાર્વતીજીને પોતાનું ભૂષણ બનાવી લીધાં (અર્થાત્ તેમને પોતાના અંગમાં ધારણ કરીને અર્ધાંગના બનાવી દીધાં) નામના પ્રભાવને શ્રીશિવજી સારી રીતે જાણે છે, જેના (પ્રભાવના) કારણે કાલકૂટ ઝેરે તેમને અમૃતનું ફળ અર્પ્યું છે. ॥ ૪॥

દો૦ — બરષા રિતુ રઘુપતિ ભગતિ તુલસી સાલિ સુદાસ ।
રામ નામ બર બરન જુગ સાવન ભાદવ માસ ॥ ૧૯॥

શ્રીરઘુનાથજીની ભક્તિ વર્ષાઋતુ છે, તુલસીદાસજી તથા ઉત્તમ સેવકજનો ઉત્તમ કોટિના સાલિ (એક પ્રકારનું ધાન-ડાંગર) તુલ્ય છે અને 'રામ' નામના બે સુંદર અક્ષર શ્રાવણ- ભાદરવાના મહિના છે. (અર્થાત્ સાલિધાન માટે વર્ષાઋતુ અને શ્રાવણ ભાદરવો માસ આહ્લાદક અને સમૃદ્ધિજનક છે એવી જ રીતે હું - તુલસી આદિ ઉત્તમ ભક્તો માટે શ્રીરામની ભક્તિ અને શ્રીરામ નામના બે વર્ણ). ॥ ૧૯॥

ચૌ૦ — આખર મધુર મનોહર દોઊ । બરન બિલોચન જન જિય જોઊ ॥
સુમિરત સુલભ સુખદ સબ કાહૂ । લોક લાહુ પરલોક નિબાહૂ ॥ ૧॥

બંને અક્ષર મધુર અને મનોહર છે, જે વર્ણમાળારૂપી શરીરનાં નેત્રો છે, ભક્તોનું જીવન છે તથા સ્મરણ કરવામાં સર્વે માટે સુલભ અને સુખ આપનાર છે; અને જે આ લોકમાં લાભ અને પરલોકમાં નિર્વાહ કરે છે (અર્થાત્ ભગવાનના દિવ્યધામમાં દિવ્યદેહથી સદા ભગવદ્-સેવામાં લીન રાખે છે.) ॥ ૧॥

કહત સુનત સુમિરત સુઠિ નીકે । રામ લખન સમ પ્રિય તુલસી કે ॥
બરનત બરન પ્રીતિ બિલગાતી । બ્રહ્મ જીવ સમ સહજ સઁઘાતી ॥ ૨॥

એ કહેવા, સાંભળવા અને સ્મરણ કરવામાં ઘણા જ સારા (સુંદર અને મધુર) છે; તુલસીદાસને તો શ્રીરામ-લક્ષ્મણની જેવા પ્રિય છે. તેનું ('ર' અને 'મ'નું) જુદું જુદું વર્ણન કરવાથી પ્રીતિ અલગ પડી જાય છે (અર્થાત્ બીજમંત્રની દૃષ્ટિએ તેમના ઉચ્ચારણ, અર્થ અને ફળમાં ભિન્નતા દેખાઈ આવે છે) પરંતુ આ જીવ અને બ્રહ્મના સમાન સ્વભાવથી જ સાથે રહેનાર (સદા એકરૂપ અને એકરસ) છે. ॥ ૨॥

નર નારાયન સરિસ સુભ્રાતા । જગ પાલક બિસેષિ જન ત્રાતા ॥
ભગતિ સુતિય કલ કરન બિભૂષન । જગ હિત હેતુ બિમલ બિધુ પૂષન ॥ ૩॥

આ બંને અક્ષર નર-નારાયણ સમાન સુંદર ભાઈઓ છે. તે જગતનું પાલન અને વિશેષરૂપે ભક્તોની રક્ષા કરનાર છે. તે ભક્તિરૂપિણી સુંદર સ્ત્રીના કાનોનું સુંદર આભૂષણ (કર્ણફૂલ) છે અને જગતના હિત માટે નિર્મળ ચન્દ્ર અને સૂર્ય છે. ॥ ૩॥

સ્વાદ તોષ સમ સુગતિ સુધા કે । કમઠ સેષ સમ ધર બસુધા કે ॥
જન મન મંજુ કંજ મધુકર સે । જીહ જસોમતિ હરિ હલધર સે ॥ ૪॥

તે સુંદર ગતિ(મોક્ષ)રૂપી અમૃતનો સ્વાદ અને તૃપ્તિ જેવા છે. કચ્છપ અને શેષજીની જેમ પૃથ્વીને ધારણ કરનારા છે, ભક્તોના મનરૂપી સુંદર કમળમાં વિહાર કરનારા ભમરા જેવા છે અને જીભરૂપી યશોદાજીને માટે શ્રીકૃષ્ણ અને બળરામજી જેવા [આનંદ આપનારા] છે. ॥ ૪॥

દો૦ – એકુ છત્રુ એકુ મુકુટમનિ સબ બરનનિ પર જોઉ ।
તુલસી રઘુબર નામ કે બરન બિરાજત દોઉ ॥ ૨૦॥

તુલસીદાસજી કહે છે – શ્રીરઘુનાથજીના નામના બંને અક્ષરો ઘણી શોભા આપે છે, જેમનામાં એક (રકાર) છત્રરૂપ(રેફ ॅ)થી અને બીજો (મકાર) મુગટમણિ (અનુસ્વાર ं) રૂપે સર્વે અક્ષરોની ઉપર છે. ॥ ૨૦॥

ચૌ૦ – સમુઝત સરિસ નામ અરુ નામી । પ્રીતિ પરસપર પ્રભુ અનુગામી ॥
નામ રૂપ દુઇ ઈસ ઉપાધી । અકથ અનાદિ સુસામુઝિ સાધી ॥ ૧॥

સમજવામાં નામ અને નામી બંને એક જ છે, પરંતુ બંનેમાં પરસ્પર સ્વામી અને સેવકની જેમ પ્રીતિ છે (અર્થાત્ નામ અને નામીમાં પૂર્ણ એકતા હોવા છતાં પણ જેમ સ્વામીના પાછળ સેવક ચાલે છે, તેવી જ રીતે નામના પાછળ નામી ચાલે છે. પ્રભુ શ્રીરામજી પોતાના 'રામ' નામનું જ અનુગમન કરે છે, નામ લેતાં જ ત્યાં આવી જાય છે). નામ અને રૂપ બંને ઈશ્વરની ઉપાધિ છે; તેઓ (ભગવાનના નામ અને રૂપ) બંને અવર્ણનીય છે, અનાદિ છે અને સુંદર (શુદ્ધ ભક્તિયુક્ત) બુદ્ધિથી જ એમનું [દિવ્ય અવિનાશી] સ્વરૂપ ઓળખાઈ જાય છે. ॥ ૧॥

કો બડ઼ છોટ કહત અપરાધૂ । સુનિ ગુન ભેદુ સમુઝિહહિં સાધૂ ॥
દેખિઅહિં રૂપ નામ આધીના । રૂપ ગ્યાન નહિં નામ બિહીના ॥ ૨॥

આમાં (નામ અને રૂપમાં) કોણ મોટું છે, કોણ નાનું – એમ કહેવું તો અપરાધ છે. એમના ગુણોનું તારતમ્ય (ન્યૂનતા-શ્રેષ્ઠતા) સાંભળી સાધુ પુરુષ પોતે જ સમજી જશે. રૂપ નામને આધીન દેખાય છે, નામ વિના રૂપનું જ્ઞાન થઈ ન શકે. ॥ ૨॥

રૂપ બિસેષ નામ બિનુ જાનેં । કરતલ ગત ન પરહિં પહિચાનેં ॥
સુમિરિઅ નામ રૂપ બિનુ દેખેં । આવત હૃદયઁ સનેહ બિસેષેં ॥ ૩॥

કોઈ પણ વિશેષ રૂપ તેનું નામ જાણ્યા વગર હથેળીમાં રાખ્યું હોવા છતાં પણ ઓળખાતું નથી અને રૂપને જોયા વગર પણ નામનું સ્મરણ કરવામાં આવે તો વિશેષ પ્રેમની સાથે તે રૂપ હૃદયમાં વસી જાય છે. ॥ ૩॥

નામ રૂપ ગતિ અકથ કહાની । સમુઝત સુખદ ન પરતિ બખાની ॥
અગુન સગુન બિચ નામ સુસાખી । ઉભય પ્રબોધક ચતુર દુભાષી ॥ ૪॥

નામ અને રૂપની ગતિની કથા (વિશેષતાઓની કથા) અકથનીય છે. તે સમજવામાં સુખદાયક છે, પરંતુ તેનું વર્ણન નથી કરી શકાતું. નિર્ગુણ અને સગુણની વચ્ચે નામ સુંદર સાક્ષી છે અને બંનેનું યથાર્થ જ્ઞાન કરાવનાર ચતુર દુભાષિયો છે. ॥ ૪॥

દો૦ – રામ નામ મનિદીપ ધરુ જીહ દેહરીં દ્વાર।
તુલસી ભીતર બાહેરહુઁ જૌં ચાહસિ ઉજિઆર ॥ ૨૧॥

તુલસીદાસજી કહે છે કે, જો તું અંદર અને બહાર બંને બાજુ પ્રકાશ ઇચ્છતો હોય તો મુખરૂપી દ્વારના જીભરૂપી ઊમરા ઉપર રામનામરૂપી મણિદીપકને મૂક. ॥ ૨૧॥

ચૌ૦ – નામ જીહઁ જપિ જાગહિં જોગી। બિરતિ બિરંચિ પ્રપંચ બિયોગી ॥
બ્રહ્મસુખહિ અનુભવહિં અનૂપા। અકથ અનામય નામ ન રૂપા ॥ ૧॥

બ્રહ્માએ નિર્માણ કરેલ આ પ્રપંચ(દૃશ્ય જગત)થી ઉત્તમ રીતે મુક્તિ મેળવેલા વૈરાગ્યવાળા મુક્ત યોગીપુરુષ આ નામને જ જીભથી જપતા રહીને [તત્ત્વ-જ્ઞાનરૂપી દિવસમાં] જાગે છે અને નામ તથા રૂપથી રહિત અનુપમ, અનિર્વચનીય, અનામય બ્રહ્મસુખનો અનુભવ કરે છે. ॥ ૧॥

જાના ચહહિં ગૂઢ઼ ગતિ જેઊ। નામ જીહઁ જપિ જાનહિં તેઊ ॥
સાધક નામ જપહિં લય લાએઁ। હોહિં સિદ્ધ અનિમાદિક પાએઁ ॥ ૨॥

જે પરમાત્માના ગૂઢ રહસ્યને (યથાર્થ મહિમાને) જાણવા ઇચ્છે છે, તે (જિજ્ઞાસુ) પણ નામને જીભથી જપીને તેને જાણી લે છે. [લૌકિક સિદ્ધિઓને ઇચ્છવાવાળા અર્થાર્થી] સાધક તલ્લીન બનીને નામનો જપ કરે છે અને અણિમાદિ [આઠે] સિદ્ધિઓને પામી સિદ્ધ બની જાય છે. ॥ ૨॥

જપહિં નામુ જન આરત ભારી। મિટહિં કુસંકટ હોહિં સુખારી ॥
રામ ભગત જગ ચારિ પ્રકારા। સુકૃતી ચારિઉ અનઘ ઉદારા ॥ ૩॥

[સંકટથી ગભરાયેલા] આર્ત ભક્તો નામજપ કરે છે તો તેમનાં ઘણાં ભારે ખરાબ-ખરાબ સંકટો ટળી જાય છે અને તેઓ સુખી થઈ જાય છે. જગતમાં ચાર પ્રકારના (૧. અર્થાર્થી–ધનાદિની ઇચ્છાથી ભજનારા; ૨. આર્ત–સંકટથી નિવૃત્તિ માટે ભજનારા; ૩. જિજ્ઞાસુ–ભગવાનને ઓળખવાની ઇચ્છાથી ભજનારા ૪. જ્ઞાની–ભગવાનને તત્ત્વથી ઓળખી સ્વાભાવિક જ પ્રેમથી ભજનારા) રામભક્તો છે અને ચારેય પુણ્યાત્મા, પાપરહિત અને ઉદાર છે. ॥ ૩॥

ચહૂ ચતુર કહુઁ નામ અધારા। ગ્યાની પ્રભુહિ બિસેષિ પિઆરા ॥
ચહુઁ જુગ ચહુઁ શ્રુતિ નામ પ્રભાઊ। કલિ બિસેષિ નહિં આન ઉપાઊ ॥ ૪॥

ચારેય ચતુર ભક્તોને નામનો જ આધાર છે; એમાં જ્ઞાની ભક્ત ભગવાનને વિશેષરૂપે પ્રિય છે. આમ તો ચારેય યુગોમાં અને ચારેય વેદોમાં નામનો પ્રભાવ છે, પરંતુ કળિયુગમાં વિશેષરૂપે છે. તેમાં તો [નામ વિના] અન્ય કોઈ ઉપાય જ નથી. ॥ ૪॥

દો૦ – સકલ કામના હીન જે રામ ભગતિ રસ લીન।
નામ સુપ્રેમ પિયૂષ હ્રદ તિન્હહુઁ કિએ મન મીન ॥ ૨૨॥

જેઓ સર્વ પ્રકારની (ભોગ અને મોક્ષની પણ) કામનાઓથી રહિત અને શ્રીરામભક્તિના રસમાં લીન છે, તેઓએ પણ નામના સુંદર પ્રેમરૂપી અમૃતના સરોવરમાં પોતાના મનને માછલું બનાવી રાખ્યું છે [અર્થાત્ તેઓ નામરૂપી સુધા(અમૃત)નું સતત આસ્વાદન કર્યા કરે છે, ક્ષણમાત્ર પણ તેનાથી વિખૂટા પડવા માગતા નથી]. ॥ ૨૨॥

ચૌ૦ – અગુન સગુન દુઇ બ્રહ્મ સરૂપા । અકથ અગાધ અનાદિ અનૂપા ॥
મોરેં મત બડ઼ નામુ દુહૂ તેં । કિએ જેહિં જુગ નિજ બસ નિજ બૂતેં ॥ ૧॥

નિર્ગુણ અને સગુણ - બ્રહ્મનાં બે સ્વરૂપો છે. એ બંને જ અકથનીય, અથાહ, અનાદિ અને અનુપમ છે. મારા મત અનુસાર નામ આ બંનેમાં મોટું છે, જેણે પોતાના બળે બંનેને પોતાના વશમાં કરી રાખ્યાં છે. ॥ ૧॥

પ્રૌઢ઼િ સુજન જનિ જાનહિં જન કી । કહઉઁ પ્રતીતિ પ્રીતિ રુચિ મન કી ॥
એકુ દારુગત દેખિઅ એકૂ । પાવક સમ જુગ બ્રહ્મ બિબેકૂ ॥ ૨॥
ઉભય અગમ જુગ સુગમ નામ તેં । કહેઉઁ નામુ બડ઼ બ્રહ્મ રામ તેં ॥
બ્યાપકુ એકુ બ્રહ્મ અબિનાસી । સત ચેતન ઘન આનઁદ રાસી ॥ ૩॥

સજ્જન લોકો આ વાતને મુજ દાસની ધૃષ્ટતા કે કેવળ કાવ્યોક્તિ ન સમજે. હું મારા મનના વિશ્વાસ, પ્રેમ અને રુચિની વાત કહું છું. [નિર્ગુણ અને સગુણ] બંને પ્રકારના બ્રહ્મનું જ્ઞાન અગ્નિ સમાન છે. નિર્ગુણ તે અપ્રકટ અગ્નિની પેઠે છે જે કાષ્ઠની અંદર છે પરંતુ દેખાતો નથી; અને સગુણ તે પ્રકટ અગ્નિની પેઠે છે જે પ્રત્યક્ષ દેખાય છે. [વસ્તુતઃ બંને એક જ છે; કેવળ પ્રકટ-અપ્રકટના ભેદથી જુદા દેખાય છે. તે જ પ્રમાણે નિર્ગુણ અને સગુણ વસ્તુતઃ એક જ છે. આમ હોવા છતાં] બંનેને જાણવા ઘણા કઠણ છે, પરંતુ નામથી બંને સુગમ થઈ જાય છે. એટલે જ મેં નામને [નિર્ગુણ] બ્રહ્મથી અને [સગુણ] રામથી મોટું કહ્યું છે, બ્રહ્મ વ્યાપક છે, એક છે, અવિનાશી છે; સત્તા, ચૈતન્ય અને આનંદનો નક્કર ખજાનો (ઘનરાશિ) છે. ॥ ૨-૩॥

અસ પ્રભુ હૃદયઁ અછત અબિકારી । સકલ જીવ જગ દીન દુખારી ॥
નામ નિરૂપન નામ જતન તેં । સોઉ પ્રગટત જિમિ મોલ રતન તેં ॥ ૪॥

એવા વિકારરહિત પ્રભુના હૃદયમાં રહેવા છતાં જગતના સર્વે જીવ દીન અને દુઃખી છે. નામનું નિરૂપણ કરીને (નામના યથાર્થ સ્વરૂપ, મહિમા, રહસ્ય અને પ્રભાવને જાણીને) નામનું જતન કરવાથી (શ્રદ્ધાપૂર્વક નામજપરૂપી સાધન કરવાથી) તે જ બ્રહ્મ એવી રીતે પ્રકટ થઈ જાય છે જેમ રત્ન ઓળખાયાથી એનું મૂલ્ય. ॥ ૪॥

દો૦ – નિરગુન તેં એહિ ભાઁતિ બડ઼ નામ પ્રભાઉ અપાર ।
કહઉઁ નામુ બડ઼ રામ તેં નિજ બિચાર અનુસાર ॥ ૨૩॥

આ રીતે નિર્ગુણ કરતાં નામનો પ્રભાવ અત્યંત મોટો છે. હવે, મારા વિચાર અનુસાર કહું છું કે નામ [સગુણ] રામ કરતાં પણ મોટું છે. ॥ ૨૩॥

ચૌ૦ – રામ ભગત હિત નર તનુ ધારી । સહિ સંકટ કિએ સાધુ સુખારી ॥
નામુ સપ્રેમ જપત અનયાસા । ભગત હોહિં મુદ મંગલ બાસા ॥ ૧॥

શ્રીરામચન્દ્રજીએ ભક્તોનાં હિત માટે મનુષ્ય-શરીર ધારણ કરી સ્વયં કષ્ટ વેઠીને સાધુઓને સુખી કર્યા, પરંતુ ભક્તજનો પ્રેમ સહિત નામનો જપ કરી સરળતાથી આનંદ અને કલ્યાણનું ધામ બની જાય છે. ॥ ૧॥

રામ એક તાપસ તિય તારી । નામ કોટિ ખલ કુમતિ સુધારી ॥
રિષિ હિત રામ સુકેતુસુતા કી । સહિત સેન સુત કીન્હિ બિબાકી ॥ ૨॥
સહિત દોષ દુખ દાસ દુરાસા । દલઈ નામુ જિમિ રબિ નિસિ નાસા ॥
ભંજેઉ રામ આપુ ભવ ચાપૂ । ભવ ભય ભંજન નામ પ્રતાપૂ ॥ ૩॥

શ્રીરામજીએ એક તપસ્વીની સ્ત્રી(અહલ્યા)ને જ તારી, પરંતુ નામે તો કરોડો દુષ્ટોની બગડેલી બુદ્ધિને સુધારી છે. શ્રીરામજીએ ઋષિ વિશ્વામિત્રના હિત માટે એક સુકેતુ યક્ષની કન્યા તાડકાને સેના અને પુત્ર (સુબાહુ) સહિત સમાપ્ત કરી; પરંતુ નામ પોતાના ભક્તોનાં દોષ, દુઃખ અને દુરાશાઓનો એવી રીતે નાશ કરી નાખે છે, જેવી રીતે સૂર્ય રાત્રિનો. શ્રીરામજીએ તો પોતે શિવજીનું ધનુષ તોડ્યું પણ નામનો તો પ્રતાપ જ સંસારના સર્વે ભયોનો નાશ કરનારો છે. ॥ ૨-૩॥

દંડક બનુ પ્રભુ કીન્હ સુહાવન । જન મન અમિત નામ કિએ પાવન ॥
નિસિચર નિકર દલે રઘુનંદન । નામુ સકલ કલિ કલુષ નિકંદન ॥ ૪॥

પ્રભુ શ્રીરામજીએ [ભયાનક] દંડક વનને સોહામણું બનાવ્યું, પરંતુ નામે અસંખ્ય મનુષ્યોના મનને પવિત્ર કરી દીધાં. શ્રીરઘુનાથજીએ રાક્ષસોના સમૂહોને માર્યા, પરંતુ નામ તો કળિયુગનાં બધાં જ પાપોનાં મૂળિયાં ઉખાડનારું છે. ॥ ૪॥

દો૦ – સબરી ગીધ સુસેવકનિ સુગતિ દીન્હિ રઘુનાથ ।
નામ ઉધારે અમિત ખલ બેદ બિદિત ગુન ગાથ ॥ ૨૪॥

શ્રીરઘુનાથજીએ તો શબરી, જટાયુ આદિ શ્રેષ્ઠ સેવકોને જ મુક્તિ આપી; પરંતુ નામે અગણિત દુષ્ટોનો ઉદ્ધાર કર્યો. નામના ગુણોની કથા વેદોમાં પ્રસિદ્ધ છે. ॥ ૨૪॥

ચૌ૦ – રામ સુકંઠ બિભીષન દોઊ । રાખે સરન જાન સબુ કોઊ ॥
નામ ગરીબ અનેક નેવાજે । લોક બેદ બર બિરિદ બિરાજે ॥ ૧॥

શ્રીરામજીએ સુગ્રીવ અને વિભીષણ બેને જ પોતાની શરણમાં રાખ્યા, આ હર કોઈ જાણે છે, પરંતુ નામે તો અનેક ગરીબો પર કૃપા કરી છે. નામનું આ સુંદર બિરુદ લોકો અને વેદોમાં વિશેષરૂપે પ્રકાશિત છે. ॥ ૧॥

રામ ભાલુ કપિ કટકુ બટોરા । સેતુ હેતુ શ્રમુ કીન્હ ન થોરા ॥
નામુ લેત ભવસિંધુ સુખાહીં । કરહુ બિચારુ સુજન મન માહીં ॥ ૨॥

શ્રીરામજીએ તો રીંછ અને વાનરોની સેના એકઠી કરી અને સમુદ્ર પર પુલ બાંધવા માટે પરિશ્રમ ઓછો નથી કર્યો; એટલે કે ઘણો પરિશ્રમ કર્યો; પરંતુ નામ લેતાં જ સંસાર-સમુદ્ર સુકાઈ જાય છે. સજ્જન જનો! મનમાં જરા વિચારો. [બંનેમાં કોણ મોટું છે?] ॥ ૨॥

રામ સકુલ રન રાવનુ મારા। સીય સહિત નિજ પુર પગુ ધારા ॥
રાજા રામુ અવધ રજધાની। ગાવત ગુન સુર મુનિ બર બાની ॥ ૩॥
સેવક સુમિરત નામુ સપ્રીતી। બિનુ શ્રમ પ્રબલ મોહ દલુ જીતી ॥
ફિરત સનેહઁ મગન સુખ અપનેં। નામ પ્રસાદ સોચ નહિં સપનેં ॥ ૪॥

શ્રીરામચન્દ્રજીએ કુટુંબસહિત રાવણને યુદ્ધમાં માર્યો, અને સીતાસહિત પોતાના નગર (અયોધ્યા)માં પ્રવેશ કર્યો. રામ રાજા બન્યા, અવધ એમની રાજધાની બની, દેવતા અને મુનિઓ ઉત્તમ વાણીથી તેમના ગુણ ગાય છે. પરંતુ સેવક (ભક્ત) પ્રેમપૂર્વક નામના સ્મરણમાત્રથી વિના પરિશ્રમે મોહની પ્રબળ સેનાને જીતી પ્રેમમાં મગ્ન થઈ પોતાના જ સુખમાં વિચરે છે, નામની કૃપાથી તેમને સ્વપ્નમાં પણ કોઈ ચિંતા સતાવતી નથી. ॥ ૩-૪॥

દો૦ – બ્રહ્મ રામ તેં નામુ બડ઼ બર દાયક બર દાનિ।
રામચરિત સત કોટિ મહઁ લિય મહેસ જિયઁ જાનિ ॥ ૨૫॥

આ રીતે નામ [નિર્ગુણ] બ્રહ્મ અને [સગુણ] રામ બંનેથી મોટું છે. એ વરદાન આપનારાઓને પણ વર આપનાર છે. શ્રીશિવજીએ પોતાના હૃદયમાં આ જાણીને જ સો કરોડ રામચરિત્રોમાંથી આ 'રામ' નામને [સારરૂપે સ્વીકારી] ગ્રહણ કર્યું છે. ॥ ૨૫॥

માસપારાયણ, પહેલો વિશ્રામ

ચૌ૦ – નામ પ્રસાદ સંભુ અબિનાસી। સાજુ અમંગલ મંગલ રાસી ॥
સુક સનકાદિ સિદ્ધ મુનિ જોગી। નામ પ્રસાદ બ્રહ્મસુખ ભોગી ॥ ૧॥

નામની જ કૃપાથી શિવજી અવિનાશી છે અને અમંગળ વેષવાળા હોવા છતાં પણ મંગળોનો ભંડાર છે. શુકદેવજી અને સનકાદિ સિદ્ધ, મુનિઓ, યોગીજનો નામની જ કૃપાથી બ્રહ્માનંદને ભોગવે છે. ॥ ૧॥

નારદ જાનેઉ નામ પ્રતાપૂ। જગ પ્રિય હરિ હરિ હર પ્રિય આપૂ ॥
નામુ જપત પ્રભુ કીન્હ પ્રસાદૂ। ભગત સિરોમનિ ભે પ્રહલાદૂ ॥ ૨॥

નારદજીએ નામના પ્રતાપને ઓળખ્યો છે. હરિ સમસ્ત સંસારને પ્રિય છે, [હરિને હર પ્રિય છે] અને આપ (શ્રીનારદજી) હરિ અને હર બંનેને પ્રિય છો. નામને જપવાથી પ્રભુએ કૃપા કરી, જેથી પ્રહ્લાદ ભક્તશિરોમણિ બની ગયા. ॥ ૨॥

ધ્રુવઁ સગલાનિ જપેઉ હરિ નાઉઁ। પાયઉ અચલ અનૂપમ ઠાઉઁ ॥
સુમિરિ પવનસુત પાવન નામૂ। અપને બસ કરિ રાખે રામૂ ॥ ૩॥

ધ્રુવજીએ ગ્લાનિથી (અપરમાનાં વચનોથી દુ:ખી થઈ સકામભાવે) હરિનામ જપ્યું અને તેના પ્રતાપે અચળ અનુપમ સ્થાન (ધ્રુવલોક) પ્રાપ્ત કર્યું. હનુમાનજીએ પવિત્ર નામનું સ્મરણ કરીને શ્રીરામજીને પોતાના વશ કરી રાખ્યા છે. ॥ ૩॥

અપતુ અજામિલુ ગજુ ગનિકાઊ । ભએ મુકુત હરિ નામ પ્રભાઊ ॥
કહૌં કહાઁ લગિ નામ બડ઼ાઈ । રામુ ન સકહિં નામ ગુન ગાઈ ॥ ૪॥

પાપી અજામિલ, ગજ અને ગણિકા જેવા પતીત પણ શ્રીહરિના નામના પ્રભાવથી મુક્ત બન્યાં છે. હું નામની મોટાઈ ક્યાં સુધી કહું, રામ પણ નામના ગુણોને ગાઈ શકતા નથી. ॥ ૪॥

દો૦ – નામુ રામ કો કલપતરુ કલિ કલ્યાન નિવાસુ ।
જો સુમિરત ભયો ભાઁગ તેં તુલસી તુલસીદાસુ ॥ ૨૬॥

કળિયુગમાં રામનું નામ કલ્પતરુ (મનગમતા પદાર્થ આપનાર) અને કલ્યાણનું ધામ (મુક્તિનું નિવાસસ્થાન) છે, જેને સ્મરણ કરવાથી ભાંગ જેવો (નિકૃષ્ટ-હલકી કોટિનો) તુલસીદાસ તુલસી સમાન [પવિત્ર] થઈ ગયો. ॥ ૨૬॥

ચૌ૦ – ચહુઁ જુગ તીનિ કાલ તિહુઁ લોકા । ભએ નામ જપિ જીવ બિસોકા ॥
બેદ પુરાન સંત મત એહૂ । સકલ સુકૃત ફલ રામ સનેહૂ ॥ ૧॥

[કેવળ કળિયુગની જ વાત નથી] ચારેય યુગોમાં, ત્રણેય કાળમાં અને ત્રણેય લોકમાં નામને જપીને જીવો શોકરહિત બન્યા છે. વેદ, પુરાણ અને સંતોનો મત છે કે સમસ્ત પુણ્યોનું ફળ શ્રીરામજીમાં [અથવા રામનામમાં] સ્નેહ થવો એ જ છે. ॥ ૧॥

ધ્યાનુ પ્રથમ જુગ મખ બિધિ દૂજેં । દ્વાપર પરિતોષત પ્રભુ પૂજેં ॥
કલિ કેવલ મલ મૂલ મલીના । પાપ પયોનિધિ જન મન મીના ॥ ૨॥

પહેલા (સત્ય) યુગમાં ધ્યાનથી, બીજા (ત્રેતા) યુગમાં યજ્ઞથી અને દ્વાપરમાં પૂજનથી ભગવાન પ્રસન્ન થાય છે; પણ કળિયુગ તો કેવળ પાપનું મૂળ અને મલિન છે, તેમાં મનુષ્યોનાં મન પાપરૂપી સમુદ્રમાં માછલાં બન્યાં છે (અર્થાત્ પાપથી ક્યારેય છૂટાં ન પડવા ઈચ્છતા હોવાથી તેમાં ધ્યાન, યજ્ઞ અને પૂજન થઈ ન શકે). ॥ ૨॥

નામ કામતરુ કાલ કરાલા । સુમિરત સમન સકલ જગ જાલા ॥
રામ નામ કલિ અભિમત દાતા । હિત પરલોક લોક પિતુ માતા ॥ ૩॥

આવા કરાળ કાળમાં (કળિયુગમાં) તો નામ જ કલ્પવૃક્ષ છે, જેનું સ્મરણ માત્ર જ સંસારની સમસ્ત જંજાળોનો નાશ કરનાર છે. કળિયુગમાં આ રામનામ મનોવાંછિત ફળ આપનારું છે, પરલોકનું પરમ હિતૈષી અને આ લોકમાં માતા-પિતા છે (અર્થાત્ પરલોકમાં ભગવાનનું પરમધામ આપે છે અને આ લોકમાં માતા-પિતાની જેમ બધી રીતે પાલન અને રક્ષણ કરે છે.) ॥ ૩॥

નહિં કલિ કરમ ન ભગતિ બિબેકૂ । રામ નામ અવલંબન એકૂ ॥
કાલનેમિ કલિ કપટ નિધાનૂ । નામ સુમતિ સમરથ હનુમાનૂ ॥ ૪॥

કળિયુગમાં નથી કર્મ, નથી ભક્તિ અને જ્ઞાનેય નથી. પણ રામનામ જ એક આધાર છે. કપટની ખાણ કળિયુગરૂપી કાલનેમિને [મારવા] માટે રામનામ જ બુદ્ધિમાન અને સમર્થ શ્રીહનુમાનજી છે. ॥ ૪॥

દો૦ – રામ નામ નરકેસરી કનકકસિપુ કલિકાલ ।
જાપક જન પ્રહલાદ જિમિ પાલિહિ દલિ સુરસાલ ॥ ૨૭॥

રામનામ શ્રીનૃસિંહ ભગવાન છે, કળિયુગ હિરણ્યકશિપુ છે અને જપ કરનાર લોકો પ્રહ્‌લાદ જેવા છે; આ રામનામ દેવતાઓના શત્રુ(કળિયુગરૂપી દૈત્ય)ને મારી જપ કરનારાઓની રક્ષા કરશે. ॥ ૨૭॥

ચૌ૦ – ભાયઁ કુભાયઁ અનખ આલસહૂઁ । નામ જપત મંગલ દિસિ દસહૂઁ ॥
સુમિરિ સો નામ રામ ગુન ગાથા । કરઉઁ નાઈ રઘુનાથહિ માથા ॥ ૧॥

સારા ભાવ(પ્રેમ)થી, ખરાબ ભાવ(વેર)થી, ક્રોધથી કે આળસથી, કોઈ પણ રીતે નામ જપવાથી દશે દિશાઓમાં મંગળ થાય છે. તે (પરમ કલ્યાણકારી) રામનામનું સ્મરણ કરીને અને શ્રીરઘુનાથજીને શીશ નમાવીને હું રામજીના ગુણોનું વર્ણન કરું છું. ॥ ૧॥

મોરિ સુધારિહિ સો સબ ભાઁતી । જાસુ કૃપા નહિં કૃપાઁ અઘાતી ॥
રામ સુસ્વામિ કુસેવકુ મોસો । નિજ દિસિ દેખિ દયાનિધિ પોસો ॥ ૨॥

તે (શ્રીરામજી) મારુ [બગડેલું] બધી રીતે સુધારી લેશે; જેમની કૃપાથી, સાક્ષાત કૃપા પણ નથી ધરાતી, તે વધુ કૃપા ઇચ્છે છે. રામ જેવા શ્રેષ્ઠ સ્વામી અને મારા જેવો નાચીજ સેવક! તેમ છતાં પણ તે દયાનિધિએ પોતાની બાજુ જોઈને મારું પોષણ કર્યું છે. ॥ ૨॥

લોકહુઁ બેદ સુસાહિબ રીતી । બિનય સુનત પહિચાનત પ્રીતી ॥
ગની ગરીબ ગ્રામ નર નાગર । પંડિત મૂઢ઼ મલીન ઉજાગર ॥ ૩॥

લોક અને વેદમાં પણ શ્રેષ્ઠ સ્વામીની આ રીતિ પ્રસિદ્ધ છે કે તેઓ વિનયને સાંભળતાં જ પ્રેમને ઓળખી લે છે. અમીર-ગરીબ, ગામડિયો-શહેરી, પંડિત-મૂર્ખ, બદનામ-યશસ્વી- ॥ ૩॥

સુકબિ કુકબિ નિજ મતિ અનુહારી । નૃપહિ સરાહત સબ નર નારી ॥
સાધુ સુજાન સુસીલ નૃપાલા । ઈસ અંસ ભવ પરમ કૃપાલા ॥ ૪॥

સુકવિ-કુકવિ, સર્વે નર-નારી પોતપોતાની બુદ્ધિ અનુસાર રાજાનાં વખાણ કરે છે. સાધુ, બુદ્ધિમાન, સુશીલ અને ઈશ્વરના અંશથી ઉત્પન્ન પરમ કૃપાળુ રાજા – ॥ ૪॥

સુનિ સનમાનહિં સબહિ સુબાની । ભનિતિ ભગતિ નતિ ગતિ પહિચાની ॥
યહ પ્રાકૃત મહિપાલ સુભાઊ । જાન સિરોમનિ કોસલરાઊ ॥ ૫॥

સર્વેને સાંભળીને અને તેમની વાણી, ભક્તિ, વિનય અને ચાલને ઓળખીને સુંદર (મીઠી) વાણીથી સૌનું યથાયોગ્ય સન્માન કરે છે. આ સ્વભાવ તો સંસારી રાજાઓનો છે, કોસલરાજ શ્રીરામચન્દ્રજી તો ચતુરશિરોમણિ છે. ॥ ૫॥

રીઝત રામ સનેહ નિસોતેં । કો જગ મંદ મલિનમતિ મોતેં ॥ ૬॥

શ્રીરામજી તો વિશુદ્ધ પ્રેમથી જ પ્રસન્ન થાય છે. પણ જગતમાં મારાથી વધારે મૂર્ખ અને મલિનબુદ્ધિવાળો બીજો કોણ હશે? ॥ ૬॥

દો૦ – સઠ સેવક કી પ્રીતિ રુચિ રખિહહિં રામ કૃપાલુ ।
ઉપલ કિએ જલજાન જેહિં સચિવ સુમતિ કપિ ભાલુ ॥ ૨૮ (ક)॥

તો પણ કૃપાળુ શ્રીરામચન્દ્રજી મુજ દુષ્ટ સેવકની પ્રીતિ અને રુચિને અવશ્ય નભાવશે, જેઓએ પથ્થરોને વહાણ અને વાનર-રીંછોને બુદ્ધિમાન મંત્રી બનાવી દીધા. ॥ ૨૮ (ક)॥

હૌંહુ કહાવત સબુ કહત રામ સહત ઉપહાસ ।
સાહિબ સીતાનાથ સો સેવક તુલસીદાસ ॥ ૨૮ (ખ)॥

બધા લોકો મને શ્રીરામજીનો સેવક કહે છે અને હું પણ [વિના લજ્જા-સંકોચે] કહેવડાવું છું (કહેવાવાળાઓનો વિરોધ નથી કરતો); કૃપાળુ શ્રીરામજી આ નિંદાને સહે છે કે શ્રીસીતાનાથજી જેવા સ્વામીનો તુલસીદાસ જેવો સેવક છે. ॥ ૨૮ (ખ)॥

ચૌ૦ – અતિ બડ઼િ મોરિ ઢિઠાઈ ખોરી । સુનિ અઘ નરકહુઁ નાક સકોરી ॥
સમુઝિ સહમ મોહિ અપડર અપનેં । સો સુધિ રામ કીન્હિ નહિં સપનેં ॥ ૧॥

આ મારી ઘણી મોટી ધૃષ્ટતા અને દોષ છે, મારાં પાપ સાંભળીને નરક પણ નાક સંકોરી લે છે (અર્થાત્ નરકમાં પણ મારા માટે સ્થાન નથી). આમ સમજીને મને પોતાના જ કલ્પિત ભયથી બીક લાગી રહી છે, પરંતુ ભગવાન શ્રીરામચન્દ્રજીએ તો સપનામાંય આના પર (મારી આ ધૃષ્ટતા અને દોષ પ્રત્યે) ધ્યાન આપ્યું નથી. ॥ ૧॥

સુનિ અવલોકિ સુચિત ચખ ચાહી । ભગતિ મોરિ મતિ સ્વામિ સરાહી ॥
કહત નસાઇ હોઇ હિયઁ નીકી । રીઝત રામ જાનિ જન જી કી ॥ ૨॥

વળી, મારા પ્રભુ શ્રીરામચન્દ્રજીએ તો આ વાતને સાંભળીને, જોઈને અને પોતાના ઉત્તમ ચિત્તરૂપી ચક્ષુઓથી નિરીક્ષણ કરીને મારી ભક્તિ અને બુદ્ધિની (ઊલટે) પ્રશંસા કરી છે. કેમકે કહેવામાં ભલે બગડી જાય (અર્થાત્ હું ભલે પોતાને ભગવાનનો સેવક કહેતો-કહેવડાવતો રહું), પણ હૃદયમાં તો સારાપણું હોવું જોઈએ. (હૃદયમાં તો પોતાને તેમનો સેવક બનવા યોગ્ય ન માનતાં પાપી અને દીન જ માનું છું, આ સારાપણું છે.) શ્રીરામચન્દ્રજી પણ દાસના હૃદયની [સારી] યોગ્યતા ઓળખી રીજી જાય છે. ॥ ૨॥

રહતિ ન પ્રભુ ચિત ચૂક કિએ કી । કરત સુરતિ સય બાર હિએ કી ॥
જેહિં અઘ બધેઉ બ્યાધ જિમિ બાલી । ફિરિ સુકંઠ સોઇ કીન્હિ કુચાલી ॥ ૩॥

પ્રભુના ચિત્તમાં પોતાના ભક્તોએ કરેલ ભૂલ-ચૂક યાદ રહેતી નથી (તેઓ તે ભૂલી જાય છે) અને તેમના હૃદય[ની સારપ-ભલાઈ]ને સેંકડો વખત યાદ કરતા રહે છે. જે પાપના કારણે તેઓએ વાલિને પારધીની પેઠે માર્યો હતો, તેવી જ કુચાલ પાછી સુગ્રીવે ચાલી. ॥ ૩॥

સોઇ કરતૂતિ બિભીષન કેરી । સપનેહુઁ સો ન રામ હિયઁ હેરી ॥
તે ભરતહિ ભેંટત સનમાને । રાજસભાઁ રઘુબીર બખાને ॥ ૪॥

વળી, તેવી જ કરણી વિભીષણની હતી, પરંતુ શ્રીરામચન્દ્રજીએ સપનામાં પણ તેનો મનમાં વિચાર ન કર્યો, ઊલટાનું ભરતજીને મળ્યા ત્યારે શ્રીરઘુનાથજીએ તેઓનું સન્માન કર્યું અને રાજસભામાં પણ એમના ગુણોનાં વખાણ કર્યાં. ॥ ૪॥

દો૦ – પ્રભુ તરુ તર કપિ ડાર પર તે કિએ આપુ સમાન।
તુલસી કહૂઁ ન રામ સે સાહિબ સીલનિધાન ॥ ૨૯ (ક)॥

પ્રભુ (શ્રીરામચન્દ્રજી) તો વૃક્ષની નીચે બેઠા છે અને વાનરો ડાળી પર. (અર્થાત્ ક્યાં મર્યાદાપુરુષોત્તમ સચ્ચિદાનંદઘન પરમાત્મા શ્રીરામજી અને ક્યાં વૃક્ષોની ડાળીઓ પર કૂદનારા વાનરો). પરંતુ આવા વાનરોને પણ તેઓએ પોતાના સમાન બનાવી દીધા. તુલસીદાસજી કહે છે કે શ્રીરામચન્દ્રજી જેવા શીલનિધાન સ્વામી ક્યાંય પણ નથી. ॥ ૨૯ (ક)॥

રામ નિકાઈં રાવરી હૈ સબહી કો નીક।
જૌં યહ સાઁચી હૈ સદા તૌ નીકો તુલસીક ॥ ૨૯ (ખ)॥

હે શ્રીરામજી! આપની સારપથી બધાનું ભલું છે (અર્થાત્ આપનો કલ્યાણમય સ્વભાવ બધાનું મંગળ કરનાર છે). જો આ વાત સાચી છે તો તુલસીદાસનું પણ સદા કલ્યાણ જ થશે. ॥ ૨૯ (ખ)॥

એહિ બિધિ નિજ ગુન દોષ કહિ સબહિ બહુરિ સિરુ નાઇ।
બરનઉઁ રઘુબર બિસદ જસુ સુનિ કલિ કલુષ નસાઇ ॥ ૨૯ (ગ)॥

આ રીતે પોતાના ગુણ-દોષો કહીને અને સૌને ફરીથી શીશ નમાવીને હું શ્રીરઘુનાથજીના નિર્મળ યશનું વર્ણન કરું છું, જેને સાંભળવાથી કળિયુગનાં પાપ નષ્ટ પામે છે. ॥ ૨૯ (ગ)॥

ચૌ૦ – જાગબલિક જો કથા સુહાઈ। ભરદ્વાજ મુનિબરહિ સુનાઈ ॥
કહિહઉઁ સોઇ સંબાદ બખાની। સુનહુઁ સકલ સજ્જન સુખુ માની ॥ ૧॥

મુનિ યાજ્ઞવલ્ક્યજીએ જે સોહામણી કથા મુનિશ્રેષ્ઠ ભરદ્વાજજીને સંભળાવી હતી, એ જ સંવાદને હું વખાણીને કહીશ, બધા સજ્જનો સુખનો અનુભવ કરતાં કરતાં તે સાંભળે. ॥ ૧॥

સંભુ કીન્હ યહ ચરિત સુહાવા। બહુરિ કૃપા કરિ ઉમહિ સુનાવા ॥
સોઇ સિવ કાગભુસુંડિહિ દીન્હા। રામ ભગત અધિકારી ચીન્હા ॥ ૨॥

શિવજીએ પહેલા આ સોહામણા ચરિત્રને રચ્યું, પછી કૃપા કરીને પાર્વતીજીને સંભળાવ્યું. તે જ ચરિત્ર શિવજીએ કાકભુશુંડિજીને રામભક્ત અને અધિકારી જાણીને આપ્યું. ॥ ૨॥

તેહિ સન જાગબલિક પુનિ પાવા। તિન્હ પુનિ ભરદ્વાજ પ્રતિ ગાવા ॥
તે શ્રોતા બકતા સમસીલા। સવઁદરસી જાનહિં હરિલીલા ॥ ૩॥

પછી તે કાકભુશુંડિજી પાસેથી યાજ્ઞવલ્ક્યજીએ મેળવ્યું અને તેઓએ તે ભરદ્વાજજીને ગાઈને સંભળાવ્યું. તેઓ બંને - વક્તા અને શ્રોતા (યાજ્ઞવલ્ક્ય અને ભરદ્વાજ) સમાન શીલવાળા અને સમદર્શી છે અને શ્રીહરિની લીલાને જાણે છે. ॥ ૩॥

જાનહિં તીનિ કાલ નિજ ગ્યાના। કરતલ ગત આમલક સમાના॥
ઔરઉ જે હરિભગત સુજાના। કહહિં સુનહિં સમુઝહિં બિધિ નાના॥ ૪॥

તેઓ પોતાના જ્ઞાનથી ત્રણે કાળની વાતોને હથેળી પર રાખેલા આમળાની જેમ (પ્રત્યક્ષ) જાણે છે. વળી, અન્ય જે પણ સુજ્ઞ (ભગવાનની લીલાઓના રહસ્યને જાણનાર) હરિભક્તો છે, તેઓ આ ચરિત્રને અનેક પ્રકારે કહે, સાંભળે અને સમજે છે. ॥ ૪॥

દો૦ – મૈં પુનિ નિજ ગુર સન સુની કથા સો સૂકરખેત।
સમુઝી નહિં તસિ બાલપન તબ અતિ રહેઉઁ અચેત॥ ૩૦ (ક)॥

વળી, તે જ કથા મેં વારાહક્ષેત્રમાં પોતાના ગુરુજી થકી સાંભળી, પરંતુ તે સમયે હું બાલ્યાવસ્થાના કારણે ઘણો અણસમજુ હતો, તેથી તેને હું બરાબર (શ્રેષ્ઠ રીતે) સમજ્યો નહોતો. ॥ ૩૦ (ક)॥

શ્રોતા બકતા ગ્યાનનિધિ કથા રામ કૈ ગૂઢ઼।
કિમિ સમુઝૌં મૈં જીવ જડ઼ કલિમલ ગ્રસિત બિમૂઢ઼॥ ૩૦ ખ॥

શ્રીરામજીની ગૂઢ કથાના વક્તા અને શ્રોતા બંને જ્ઞાનના ભંડાર હોય છે. હું કળિયુગનાં પાપોથી ગ્રસિત થયેલ મહામૂઢ જડ જીવ, ભલા તેને કેવી રીતે સમજી શકત? ॥ ૩૦ (ખ)॥

ચૌ૦ – તદપિ કહી ગુર બારહિં બારા। સમુઝિ પરી કછુ મતિ અનુસારા॥
ભાષાબદ્ધ કરબિ મૈં સોઈ। મોરેં મન પ્રબોધ જેહિં હોઈ॥ ૧॥

તો પણ ગુરુજીએ જ્યારે વારંવાર કથા કહી, ત્યારે બુદ્ધિ પ્રમાણે કંઈક સમજણ પડી. એ જ હવે, મારા થકી ભાષામાં રચાશે, જેથી મારા મનને સંતોષ થાય. ॥ ૧॥

જસ કછુ બુધિ બિબેક બલ મેરેં। તસ કહિહઉઁ હિયઁ હરિ કે પ્રેરેં॥
નિજ સંદેહ મોહ ભ્રમ હરની। કરઉઁ કથા ભવ સરિતા તરની॥ ૨॥

જેવું મારામાં કંઈક બુદ્ધિ અને વિવેકનું બળ છે, હું હૃદયમાં હરિની પ્રેરણાથી તે મુજબ જ કહીશ. હું મારા સંદેહ, અજ્ઞાન અને ભ્રમને હરનાર કથા રચું છું, જે સંસારરૂપી નદીને પાર કરવા માટેની નૌકા છે. ॥ ૨॥

બુધ બિશ્રામ સકલ જન રંજનિ। રામકથા કલિ કલુષ બિભંજનિ॥
રામકથા કલિ પંનગ ભરની। પુનિ બિબેક પાવક કહુઁ અરની॥ ૩॥

રામકથા વિદ્વાનોને વિશ્રામ આપનાર, સર્વ મનુષ્યોને પ્રસન્ન કરનાર અને કળિયુગનાં પાપોને નાશ કરનારી છે, રામકથા કળિયુગરૂપી સર્પ માટે ઢેલ છે તથા વિવેકરૂપી અગ્નિને પ્રગટ કરવા માટે અરણિ (મંથન કરવા માટે વપરાતું લાકડું) છે. (અર્થાત્ આ કથાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે). ॥ ૩॥

રામકથા કલિ કામદ ગાઈ। સુજન સજીવનિ મૂરિ સુહાઈ॥
સોઇ બસુધાતલ સુધા તરંગિનિ। ભય ભંજનિ ભ્રમ ભેક ભુઅંગિનિ॥ ૪॥

રામકથા કળિયુગમાં બધા મનોરથોને પૂર્ણ કરનાર કામધેનુ ગાય છે અને સજ્જનો માટે ઉત્તમ સંજીવની જડી છે. એ જ પૃથ્વી ઉપર અમૃતની નદી છે, જન્મ-મરણરૂપી ભયનો નાશ કરનાર અને ભ્રમરૂપી દેડકાઓને ખાનાર નાગણ છે. ॥૪॥

અસુર સેન સમ નરક નિકંદિનિ। સાધુ બિબુધ કુલ હિત ગિરિનંદિનિ॥
સંત સમાજ પયોધિ રમા સી। બિસ્વ ભાર ભર અચલ છમા સી॥૫॥

આ રામકથા અસુરોની સેના જેવા નરકોનો નાશ કરનારી અને સાધુરૂપ દેવતાઓના કુળનું હિત કરનારી પાર્વતી (દુર્ગા) છે. રામકથા સંત-સમાજરૂપી ક્ષીરસમુદ્ર માટે લક્ષ્મીજી સમાન છે અને સંપૂર્ણ વિશ્વનો ભાર ઉપાડવામાં અચળ પૃથ્વી સમાન છે. ॥૫॥

જમ ગન મુહઁ મસિ જગ જમુના સી। જીવન મુકુતિ હેતુ જનુ કાસી॥
રામહિ પ્રિય પાવનિ તુલસી સી। તુલસિદાસ હિત હિયઁ હુલસી સી॥૬॥

યમદૂતોના મુખ પર મેશ લગાડવા માટે આ જગતમાં યમુનાજીના જેવી છે અને જીવોને મુક્તિ આપવા માટે જાણે કાશી જ છે. તે શ્રીરામજીને પવિત્ર તુલસી સમાન પ્રિય છે અને તુલસીદાસ માટે હુલસી(તુલસીદાસનાં માતા)ની જેમ હૃદયથી હિત કરનારી છે. ॥૬॥

સિવપ્રિય મેકલ સૈલ સુતા સી। સકલ સિદ્ધિ સુખ સંપતિ રાસી॥
સદગુન સુરગન અંબ અદિતિ સી। રઘુબર ભગતિ પ્રેમ પરમિતિ સી॥૭॥

આ રામકથા શિવજીને નર્મદાજી સમાન પ્રિય છે. તે સર્વે સિદ્ધિઓ તથા સુખ-સમ્પતિનો ભંડાર છે. સદ્‌ગુણરૂપી દેવતાઓને ઉત્પન્ન અને પાલન-પોષણ કરવા માટે માતા અદિતિ સમાન છે. શ્રીરઘુનાથજીની ભક્તિ અને પ્રેમની પરમ સીમા જેવી છે. ॥૭॥

દો૦ – રામકથા મંદાકિની ચિત્રકૂટ ચિત ચારુ।
તુલસી સુભગ સનેહ બન સિય રઘુબીર બિહારુ॥૩૧॥

તુલસીદાસજી કહે છે કે રામકથા મન્દાકિની નદી છે, સુંદર (નિર્મળ) ચિત્ત ચિત્રકૂટ છે અને શ્રેષ્ઠ સ્નેહ જ વન છે, જેમાં શ્રીસીતારામજી વિહાર કરે છે. ॥૩૧॥

ચૌ૦ – રામચરિત ચિંતામનિ ચારૂ। સંત સુમતિ તિય સુભગ સિંગારૂ॥
જગ મંગલ ગુનગ્રામ રામ કે। દાનિ મુકુતિ ધન ધરમ ધામ કે॥૧॥

શ્રીરામચન્દ્રજીનું ચરિત્ર સુંદર ચિંતામણિ છે અને સંતોની સુબુદ્ધિરૂપ સ્ત્રીનો ઉત્તમ શણગાર છે. શ્રીરામચન્દ્રજીના ગુણ-સમૂહ જગતનું કલ્યાણ કરનાર અને મુક્તિ, ધન, ધર્મ અને પરમધામને આપનાર છે. ॥૧॥

સદગુર ગ્યાન બિરાગ જોગ કે। બિબુધ બૈદ ભવ ભીમ રોગ કે॥
જનનિ જનક સિય રામ પ્રેમ કે। બીજ સકલ બ્રત ધરમ નેમ કે॥૨॥

જ્ઞાન, વૈરાગ્ય અને યોગ માટે સદ્‌ગુરુ છે તથા સંસારરૂપી ભયંકર રોગનો નાશ કરવા માટે દેવતાઓના વૈદ્ય (અશ્વિનીકુમાર) જેવી છે. તે શ્રીસીતારામજીના પ્રેમને ઉત્પન્ન કરવા માટે માતાપિતા છે અને સંપૂર્ણ વ્રત, ધર્મ અને નિયમોનું બીજ છે. ॥૨॥

સમન પાપ સંતાપ સોક કે। પ્રિય પાલક પરલોક લોક કે॥
સચિવ સુભટ ભૂપતિ બિચાર કે। કુંભજ લોભ ઉદધિ અપાર કે॥૩॥

પાપ, સંતાપ અને શોકનો નાશ કરનાર તથા આ લોક અને પરલોકનું પ્રિય પાલન કરનાર છે. વિચાર(જ્ઞાન)રૂપી રાજાના મંત્રી તથા કુશળ યોદ્ધા છે અને લોભરૂપી અપાર સમુદ્રને શોષનાર અગસ્ત્ય મુનિ છે. ॥૩॥

કામ કોહ કલિમલ કરિગન કે। કેહરિ સાવક જન મન બન કે॥
અતિથિ પૂજ્ય પ્રિયતમ પુરારિ કે। કામદ ઘન દારિદ દવારિ કે॥૪॥

ભક્તોના મનરૂપી વનમાં વસનારા કળિયુગના વિકારરૂપ કામ, ક્રોધ સ્વરૂપ હાથીઓને મારવા માટે સિંહનું બચ્ચું છે; શિવજીના પૂજ્ય અને પ્રિયતમ અતિથિ છે અને દરિદ્રતારૂપી દાવાનળને બુઝાવવા માટે કામનાને પૂર્ણ કરનાર (ઇચ્છિત આપનાર) મેઘરાજા છે. ॥૪॥

મંત્ર મહામનિ બિષય બ્યાલ કે। મેટત કઠિન કુઅંક ભાલ કે॥
હરન મોહ તમ દિનકર કર સે। સેવક સાલિ પાલ જલધર સે॥૫॥

વિષયરૂપી સર્પનું ઝેર ઉતારવા માટે મંત્ર અને મહામણિ છે. તે લલાટ પર લખાયેલા, કઠિનતાથી ભૂંસાનાર ખરાબ લેખો(મંદ પ્રારબ્ધ)ને મટાડનાર છે. અજ્ઞાનરૂપી અંધકારનું હરણ કરનાર સૂર્યકિરણો સમાન અને સેવકરૂપી સાલિ એટલે કે ઉત્તમ ધાન-ડાંગરને પોષવા માટે મેઘ સમાન છે. ॥૫॥

અભિમત દાનિ દેવતરુ બર સે। સેવત સુલભ સુખદ હરિ હર સે॥
સુકબિ સરદ નભ મન ઉડગન સે। રામભગત જન જીવન ધન સે॥૬॥

મનોવાંછિત વસ્તુ આપનાર શ્રેષ્ઠ કલ્પવૃક્ષ સમાન છે અને સેવા કરવાથી હરિ-હર સમાન સુલભ અને સુખ આપનાર છે. સુકવિરૂપી શરદ્ઋતુના મનરૂપી આકાશને સુશોભિત કરવા માટે તારાસમૂહ જેવી છે અને શ્રીરામજીના ભક્તોનું તો જીવનધન જ છે. ॥૬॥

સકલ સુકૃત ફલ ભૂરિ ભોગ સે। જગ હિત નિરુપધિ સાધુ લોગ સે॥
સેવક મન માનસ મરાલ સે। પાવન ગંગ તરંગ માલ સે॥૭॥

સંપૂર્ણ પુણ્યોના ફળરૂપ મહાન ભોગો સમાન છે. જગતનું કપટરહિત (યથાર્થ) હિત કરનાર સાધુ-સંતોના સમાન છે. સેવકોના મનરૂપી માનસરોવર માટે હંસ જેમ અને પવિત્ર કરનાર ગંગાજીની તરંગમાળાઓ સમાન છે. ॥૭॥

દો૦ – કુપથ કુતરક કુચાલિ કલિ કપટ દંભ પાષંડ।
દહન રામ ગુન ગ્રામ જિમિ ઇંધન અનલ પ્રચંડ॥૩૨ (ક)॥

શ્રીરામજીના ગુણોનો સમૂહ કુમાર્ગ, કુતર્ક, કુચાલ અને કળિયુગના કપટ, દંભ અને પાખંડને બાળવા માટે એવો જ છે જેવો ઇંધણને માટે પ્રચંડ અગ્નિ. ॥૩૨ (ક)॥

રામચરિત રાકેસ કર સરિસ સુખદ સબ કાહુ ।
સજ્જન કુમુદ ચકોર ચિત હિત બિસેષિ બડ઼ લાહુ ॥ ૩૨ (ખ)॥

રામચરિત્ર પૂર્ણિમાના ચન્દ્રમાની કિરણોની જેમ બધાને સુખ આપનાર છે, પરંતુ સજ્જનરૂપી કુમુદિની અને ચકોરના ચિત્ત માટે તો વિશેષ હિતકારી અને મહાન લાભદાયક છે. ॥ ૩૨ (ખ)॥

ચૌ૦ – કીન્હિ પ્રસ્ન જેહિ ભાઁતિ ભવાની । જેહિ બિધિ સંકર કહા બખાની ॥
સો સબ હેતુ કહબ મૈં ગાઈ । કથા પ્રબંધ બિચિત્ર બનાઈ ॥ ૧॥

જેવી રીતે શ્રીપાર્વતીજીએ શ્રીશિવજીને પ્રશ્ન કર્યો અને જે રીતે શ્રીશિવજીએ વિસ્તારપૂર્વક તેનો જવાબ કહ્યો, તે બધાં કારણો હું વિચિત્ર કથાની રચના કરી, ગાઈને કહીશ. ॥ ૧॥

જેહિં યહ કથા સુની નહિં હોઈ । જનિ આચરજુ કરૈ સુનિ સોઈ ॥
કથા અલૌકિક સુનહિં જે ગ્યાની । નહિં આચરજુ કરહિં અસ જાની ॥ ૨॥
રામકથા કૈ મિતિ જગ નાહીં । અસિ પ્રતીતિ તિન્હ કે મન માહીં ॥
નાના ભાઁતિ રામ અવતારા । રામાયન સત કોટિ અપારા ॥ ૩॥

જેણે આ કથા અગાઉ ન સાંભળી હોય, તે એને સાંભળીને વિસ્મય ન કરે. જે જ્ઞાનીઓ આ વિચિત્ર કથાને સાંભળે છે, તેઓ એમ જાણીને આશ્ચર્ય નથી પામતા કે સંસારમાં રામકથાની કોઈ સીમા નથી (રામકથા અનંત છે). તેમના ચિત્તમાં એવો વિશ્વાસ રહે છે. અનેક રીતે શ્રીરામચન્દ્રજીના અવતાર થયા છે અને સો કરોડ અર્થાત્ અપાર રામાયણો છે. ॥ ૨-૩॥

કલપભેદ હરિચરિત સુહાએ । ભાઁતિ અનેક મુનીસન્હ ગાએ ॥
કરિઅ ન સંસય અસ ઉર આની । સુનિઅ કથા સાદર રતિ માની ॥ ૪॥

કલ્પભેદ મુજબ શ્રીહરિનાં સુંદર ચરિત્રોને મુનીશ્વરોએ અનેક રીતે ગાયાં છે, હૃદયમાં આવો વિચાર કરીને શંકા ન કરો અને આદરસહિત પ્રેમપૂર્વક આ કથાને સાંભળો. ॥ ૪॥

દો૦ – રામ અનંત અનંત ગુન અમિત કથા બિસ્તાર ।
સુનિ આચરજુ ન માનિહહિં જિન્હ કેં બિમલ બિચાર ॥ ૩૩॥

શ્રીરામચન્દ્રજી અનંત છે, તેમના ગુણો પણ અનંત છે અને એમની કથાઓનો વિસ્તાર પણ અસીમ (અપાર) છે. માટે, જેમના વિચાર નિર્મળ છે, તે આ કથા સાંભળીને આશ્ચર્ય નહીં પામે. ॥ ૩૩॥

ચૌ૦ – એહિ બિધિ સબ સંસય કરિ દૂરી । સિર ધરિ ગુર પદ પંકજ ધૂરી ॥
પુનિ સબહી બિનવઉઁ કર જોરી । કરત કથા જેહિં લાગ ન ખોરી ॥ ૧॥

આ રીતે બધી જ શંકાઓને દૂર કરી અને શ્રી ગુરુજીનાં ચરણકમળોની રજને શીશ પર ધારણ કરી હું પુનઃ હાથ જોડીને બધાને વિનંતી કરું છું, જેથી કથાની રચનામાં કોઈ દોષ સ્પર્શ ન કરી શકે. ॥ ૧॥

સાદર સિવહિ નાઈ અબ માથા । બરનઉઁ બિસદ રામ ગુન ગાથા ॥
સંબત સોરહ સૈ એકતીસા । કરઉઁ કથા હરિ પદ ધરિ સીસા ॥ ૨॥

હવે, હું આદરપૂર્વક શ્રીશિવજીને શીશ નમાવી શ્રીરામચન્દ્રજીના ગુણોની નિર્મળ કથા કહું છું. શ્રીહરિના ચરણોમાં માથું મૂકી સંવત્ ૧૬૩૧માં આ કથાનો પ્રારંભ કરું છું. ॥ ૨॥

નૌમી ભૌમ બાર મધુમાસા । અવધપુરીં યહ ચરિત પ્રકાસા ॥
જેહિ દિન રામ જનમ શ્રુતિ ગાવહિં । તીરથ સકલ તહાઁ ચલિ આવહિં ॥ ૩॥

ચૈત્ર માસની નવમી તિથિ, મંગળવારના રોજ શ્રીઅયોધ્યાજીમાં આ ચરિત્ર પ્રકાશિત થયું. જે દિવસે શ્રીરામજીનો જન્મ થાય છે; વેદ કહે છે કે તે દિવસે બધાં જ તીર્થો ત્યાં (શ્રીઅયોધ્યાજીમાં) આવી પહોંચે છે. ॥ ૩॥

અસુર નાગ ખગ નર મુનિ દેવા । આઈ કરહિં રઘુનાયક સેવા ॥
જન્મ મહોત્સવ રચહિં સુજાના । કરહિં રામ કલ કીરતિ ગાના ॥ ૪॥

અસુરો, નાગો, પક્ષીઓ, મનુષ્યો, મુનિઓ તથા દેવો સઘળા અયોધ્યાજીમાં આવીને શ્રીરઘુનાથજીની સેવા કરે છે; સુજ્ઞ લોકો જન્મ-મહોત્સવ ઊજવે છે અને શ્રીરામજીની સુંદર કીર્તિનું ગાન કરે છે. ॥ ૪॥

દો૦ – મજ્જહિં સજ્જન બૃંદ બહુ પાવન સરજૂ નીર ।
જપહિં રામ ધરિ ધ્યાન ઉર સુંદર સ્યામ સરીર ॥ ૩૪॥

સજ્જનોના ઘણા સમૂહો તે દિવસે શ્રીસરયૂજીના પવિત્ર જળમાં સ્નાન કરે છે અને હૃદયમાં સુંદર શ્યામશરીર શ્રીરઘુનાથજીનું ધ્યાન ધરીને તેમના નામનો જપ કરે છે. ॥ ૩૪॥

ચૌ૦ – દરસ પરસ મજ્જન અરુ પાના । હરઈ પાપ કહ બેદ પુરાના ॥
નદી પુનીત અમિત મહિમા અતિ । કહિ ન સકઈ સારદા બિમલ મતિ ॥ ૧॥

વેદ-પુરાણ કહે છે કે શ્રીસરયૂજીનું દર્શન, સ્પર્શ, સ્નાન અને જળપાન પાપોને હરે છે. આ નદી ઘણી જ પવિત્ર છે; એનો મહિમા અનંત છે, જેને નિર્મળ બુદ્ધિવાળાં સરસ્વતીજી પણ કહી નથી શકતાં. ॥ ૧॥

રામ ધામદા પુરી સુહાવનિ । લોક સમસ્ત બિદિત અતિ પાવનિ ॥
ચારિ ખાનિ જગ જીવ અપારા । અવધ તજેં તનુ નહિં સંસારા ॥ ૨॥

આ શોભાયમાન અયોધ્યાપુરી શ્રીરામચન્દ્રજીનું પરમધામ આપનારી છે, સર્વે લોકોમાં પ્રસિદ્ધ અને અત્યંત પવિત્ર છે. જગતમાં [અંડજ, સ્વેદજ, ઉદ્ભિજ્જ અને જરાયુજ] ચાર ખાણ (પ્રકાર)ના અનંત જીવો છે, તેઓમાંથી જે કોઈ પણ અયોધ્યાજીમાં શરીર ત્યાગે છે - તેઓ ફરી સંસારમાં આવતા નથી. (જન્મ-મૃત્યુના ચક્કરમાંથી છૂટીને ભગવાનના પરમધામમાં વસે છે.) ॥ ૨॥

સબ બિધિ પુરી મનોહર જાની । સકલ સિદ્ધિપ્રદ મંગલ ખાની ॥
બિમલ કથા કર કીન્હ અરંભા । સુનત નસાહિં કામ મદ દંભા ॥ ૩॥

આ અયોધ્યાપુરીને સર્વ પ્રકારથી મનોહર, બધી જ સિદ્ધિઓને આપનાર અને કલ્યાણની ખાણ સમજીને મેં આ નિર્મળ કથાનો પ્રારંભ કર્યો છે, જેને સાંભળવાથી કામ, મદ અને દંભ નાશ પામે છે. ॥ ૩॥

રામચરિતમાનસ એહિ નામા । સુનત શ્રવન પાઈઅ બિશ્રામા ॥
મન કરિ બિષય અનલ બન જરઈ । હોઈ સુખી જૌં એહિં સર પરઈ ॥ ૪॥

આનું નામ રામચરિતમાનસ છે, જેને કાનોથી સાંભળતાં જ શાંતિ મળે છે. મનરૂપી હાથી વિષયરૂપી દાવાનળમાં બળી રહ્યો હોય, જો તે આ રામચરિતમાનસરૂપી સરોવરમાં આવી પડે તો સુખિયો થઈ જાય છે. ॥ ૪॥

રામચરિતમાનસ મુનિ ભાવન । બિરચેઉ સંભુ સુહાવન પાવન ॥
ત્રિબિધ દોષ દુખ દારિદ દાવન । કલિ કુચાલિ કુલિ કલુષ નસાવન ॥ ૫॥

આ રામચરિતમાનસ મુનિઓને પ્રિય છે, આ સોહામણા અને પવિત્ર માનસની શિવજીએ રચના કરી છે. એ ત્રણે પ્રકારના દોષો, દુઃખો અને દરિદ્રતાનું દમન કરનાર તથા કળિયુગની કુચાલો તેમજ સર્વે પાપોનો નાશ કરનારું છે. ॥ ૫॥

રચિ મહેસ નિજ માનસ રાખા । પાઈ સુસમઉ સિવા સન ભાષા ॥
તાતેં રામચરિતમાનસ બર । ધરેઉ નામ હિયઁ હેરિ હરષિ હર ॥ ૬॥

શ્રી મહાદેવદજીએ આને રચીને પોતાના મનમાં સંઘર્યું હતું અને સુઅવસર મળતાં જ પાર્વતીજીને કહ્યું. આથી શિવજીએ તેને પોતાના હૃદયમાં સંઘરાયેલું જોઈને અને પ્રસન્ન થઈને એનું ઉત્તમ 'રામચરિતમાનસ' નામ રાખ્યું. ॥ ૬॥

કહઉઁ કથા સોઈ સુખદ સુહાઈ । સાદર સુનહુ સુજન મન લાઈ ॥ ૭॥

હું એ જ સુખ આપનાર સોહામણી રામકથા કહું છું. હે સજ્જનો! તમે આદરપૂર્વક ધ્યાનથી આ કથાને સાંભળો. ॥ ૭॥

દો૦ – જસ માનસ જેહિ બિધિ ભયઉ જગ પ્રચાર જેહિ હેતુ ।
અબ સોઈ કહઉઁ પ્રસંગ સબ સુમિરિ ઉમા બૃષકેતુ ॥ ૩૫॥

આ રામચરિતમાનસ જેવું છે, જે રીતે બન્યું છે અને જે હેતુથી આ જગતમાં એનો પ્રચાર થયો, તેની બધી જ કથા હવે હું શ્રીઉમા-મહેશ્વરનું સ્મરણ કરીને કહું છું. ॥ ૩૫॥

ચૌ૦ – સંભુ પ્રસાદ સુમતિ હિયઁ હુલસી । રામચરિતમાનસ કબિ તુલસી ॥
કરઈ મનોહર મતિ અનુહારી । સુજન સુચિત સુનિ લેહુ સુધારી ॥ ૧॥

શ્રીશિવજીની કૃપાથી જેના હૃદયમાં ઉત્તમ બુદ્ધિનો વિકાસ થયો, તેવો આ તુલસીદાસ શ્રીરામચરિતમાનસનો કવિ બન્યો. પોતાની બુદ્ધિ અનુસાર તો એ આ કથા મનોહર જ બનાવે છે, છતાંય હે સજ્જનો! સુંદર ચિત્તથી સાંભળી આપ સૌ એને સુધારી લેજો. ॥ ૧॥

સુમતિ ભૂમિ થલ હૃદય અગાધૂ। બેદ પુરાન ઉદધિ ઘન સાધૂ॥
બરષહિં રામ સુજસ બર બારી। મધુર મનોહર મંગલકારી॥ ૨॥

સુંદર (સાત્ત્વિકી) બુદ્ધિ ભૂમિ છે, હૃદય તેનું ઊંડું સ્થાન છે, વેદ-પુરાણ સમુદ્ર છે અને સાધુ-સંત મેઘ છે. તે (સાધુરૂપી મેઘરાજા) શ્રીરામજીના સુયશરૂપી સુન્દર, મધુર, મનોહર અને મંગળકારી જળની વર્ષા કરે છે. ॥ ૨॥

લીલા સગુન જો કહહિં બખાની। સોઇ સ્વચ્છતા કરઇ મલ હાની॥
પ્રેમ ભગતિ જો બરનિ ન જાઈ। સોઇ મધુરતા સુસીતલતાઈ॥ ૩॥

સગુણ લીલાનું જે વિસ્તારથી વર્ણન કરે છે, તે જ રામ-સુયશરૂપી જળની નિર્મળતા છે, જે મેલનો નાશ કરે છે અને જે પ્રેમભક્તિનું વર્ણન કરી શકાતું નથી, તે જ આ જળની મધુરતા અને સુંદર શીતળતા છે. ॥ ૩॥

સો જલ સુકૃત સાલિ હિત હોઈ। રામ ભગત જન જીવન સોઈ॥
મેધા મહિ ગત સો જલ પાવન। સકિલિ શ્રવન મગ ચલેઉ સુહાવન॥ ૪॥
ભરેઉ સુમાનસ સુથલ થિરાના। સુખદ સીત રુચિ ચારુ ચિરાના॥ ૫॥

તે (રામ-સુયશરૂપી) જળ સત્કર્મરૂપી સાલિ અર્થાત્ ઉત્તમ જાતિની ડાંગર માટે હિતકારી છે અને શ્રીરામજીના ભક્તોનું તો જીવન જ છે. આ પવિત્ર સોહામણું જળ બુદ્ધિરૂપી પૃથ્વી પર પડ્યું અને સંકોચાઈને, કાનરૂપી માર્ગેથી વહ્યું અને માનસ(હૃદય)રૂપી શ્રેષ્ઠ સ્થાને ભરાઈને ત્યાં જ સ્થિર થઈ ગયું. તે જૂનું થઈ સુંદર, રુચિકર, શીતળ અને સુખદાયી થઈ ગયું. ॥ ૪-૫॥

દો૦ – સુઠિ સુંદર સંબાદ બર બિરચે બુદ્ધિ બિચારિ।
તેઈ એહિ પાવન સુભગ સર ઘાટ મનોહર ચારિ॥ ૩૬॥

આ કથામાં બુદ્ધિથી વિચાર કરી જે ચાર અતિ સુંદર અને ઉત્તમ સંવાદ (ભુશુંડિ-ગરુડ, શિવ-પાર્વતી, યાજ્ઞવલ્ક્ય-ભરદ્વાજ અને તુલસીદાસ તથા સંત) રચ્યા છે, તે જ આ પવિત્ર અને સુંદર સરોવરના ચાર મનોહર ઘાટ છે. ॥ ૩૬॥

ચૌ૦ – સપ્ત પ્રબંધ સુભગ સોપાના। ગ્યાન નયન નિરખત મન માના॥
રઘુપતિ મહિમા અગુન અબાધા। બરનબ સોઇ બર બારિ અગાધા॥ ૧॥

સાત કાંડ જ આ માનસ-સરોવરની સાત સુંદર નિસરણીઓ છે, જેને જ્ઞાનરૂપી નેત્રોથી જોતાં જ મન પ્રસન્ન થઈ જાય છે. શ્રીરઘુનાથજીના નિર્ગુણ (પ્રાકૃતિક ગુણોથી અતીત) અને નિર્બાધ (એકરસ) મહિમાનું જે વર્ણન કરવામાં આવશે, તે જ આ સુંદર જળનું અથાગ ઊંડાણ છે. ॥ ૧॥

રામ સીય જસ સલિલ સુધાસમ। ઉપમા બીચિ બિલાસ મનોરમ॥
પુરઇનિ સઘન ચારુ ચૌપાઈ। જુગુતિ મંજુ મનિ સીપ સુહાઈ॥ ૨॥

શ્રીરામચન્દ્રજી અને સીતાજીનો યશ અમૃત સમાન જળ છે. એમાં જે ઉપમાઓ આપવામાં આવી છે તે જ તરંગોનો મનોહર વિલાસ છે. સુંદર ચૌપાઈઓ જ ગીચ પ્રસરેલાં પુરઈન એટલે કે કમળપત્રો છે અને કવિતાની યુક્તિઓ સુંદર મણિ ઉત્પન્ન કરનાર સોહામણી છીપો છે. ॥ ૨॥

છંદ સોરઠા સુંદર દોહા । સોઈ બહુરંગ કમલ કુલ સોહા ॥
અરથ અનૂપ સુભાવ સુભાસા । સોઈ પરાગ મકરંદ સુબાસા ॥ ૩॥

જે સુંદર છંદ, સોરઠા અને દોહા છે, તે જ તેમાં બહુરંગી કમળોના સમૂહ સુશોભિત છે. અનુપમ અર્થ, ઉચ્ચ ભાવ અને સુંદર ભાષા જ પરાગ (પુષ્પરજ), મકરંદ (પુષ્પરસ) અને સુગંધ છે. ॥ ૩॥

સુકૃત પુંજ મંજુલ અલિ માલા । ગ્યાન બિરાગ બિચાર મરાલા ॥
ધુનિ અવરેબ કબિત ગુન જાતિ । મીન મનોહર તે બહુભાઁતી ॥ ૪॥

સત્કર્મો(પુણ્યો)નો પુંજ ભમરાઓની સુંદર પંક્તિઓ છે. જ્ઞાન વૈરાગ્ય અને વિચાર હંસ છે. કવિતાનો ધ્વનિ વક્રોક્તિ, ગુણ અને જાતિ જ અનેક પ્રકારનાં મનોહર માછલાં છે. ॥ ૪॥

અરથ ધરમ કામાદિક ચારી । કહબ ગ્યાન બિગ્યાન બિચારી ॥
નવ રસ જપ તપ જોગ બિરાગા । તે સબ જલચર ચારુ તડ઼ાગા ॥ ૫॥

અર્થ, ધર્મ, કામ, મોક્ષ – એ ચારેય, જ્ઞાન-વિજ્ઞાનના વિચારનું કથન, કાવ્યના નવ રસ, જપ, તપ, યોગ અને વૈરાગ્યના પ્રસંગ - એ બધા આ સરોવરના સુંદર જળચર જીવો છે. ॥ ૫॥

સુકૃતી સાધુ નામ ગુન ગાના । તે બિચિત્ર જલબિહગ સમાના ॥
સંતસભા ચહુઁ દિસિ અવઁરાઈ । શ્રદ્ધા રિતુ બસંત સમ ગાઈ ॥ ૬॥

સદાચારી (પુણ્યાત્મા) લોકોના, સાધુઓના અને શ્રીરામનામના ગુણોનું ગાન જ વિચિત્ર જળપક્ષીઓ જેવું છે. સંતોની સભા જ આ સરોવરના ચારે બાજુ આવેલ આંબાવાડીઓ છે અને શ્રદ્ધા વસંતઋતુ સમાન કહેવાઈ છે. ॥ ૬॥

ભગતિ નિરૂપન બિબિધ બિધાના । છમા દયા દમ લતા બિતાના ॥
સમ જમ નિયમ ફૂલ ફલ ગ્યાના । હરિ પદ રતિ રસ બેદ બખાના ॥ ૭॥

અનેક પ્રકારની ભક્તિનું નિરૂપણ અને ક્ષમા, દયા તથા દમ (ઇન્દ્રિયનિગ્રહ) એ લતાઓના મંડપ છે. મનનો નિગ્રહ, યમ (અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ), નિયમ (શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન) - એ તેનાં ફૂલો છે, જ્ઞાન એ ફળો છે અને શ્રીહરિના ચરણોમાં પ્રેમ જ આ જ્ઞાનરૂપી ફળોનો રસ છે. આવું વેદોએ કહ્યું છે. ॥ ૭॥

ઔરઉ કથા અનેક પ્રસંગા । તેઈ સુક પિક બહુબરન બિહંગા ॥ ૮॥

આ(રામચરિતમાનસ)માં અન્ય અનેક પ્રસંગોની કથાઓ છે, તે જ તેમાં પોપટ, કોયલ વગેરે રંગબેરંગી પંખીઓ છે. ॥ ૮॥

દો૦ – પુલક બાટિકા બાગ બન સુખ સુબિહંગ બિહારુ ।
માલી સુમન સનેહ જલ સીંચત લોચન ચારુ ॥ ૩૭॥

કથામાં જે રોમાંચ થાય છે તે જ વાડી, બાગ અને વન છે અને જે સુખ થાય છે તે જ સુંદર પક્ષીઓનો વિહાર છે. નિર્મળ મન જ માળી છે જે પ્રેમરૂપી જળથી સુંદર નેત્રો દ્વારા તેમને સીંચે છે. ॥ ૩૭॥

ચૌ૦ – જે ગાવહિં યહ ચરિત સઁભારે । તેઈ એહિ તાલ ચતુર રખવારે ॥
સદા સુનહિં સાદર નર નારી । તેઈ સુરબર માનસ અધિકારી ॥ ૧॥

જે લોકો આ ચરિત્રને સાવધાનીપૂર્વક ગાય છે, તેઓ જ આ સરોવરના ચતુર રખેવાળો છે અને જે સ્ત્રી-પુરુષો સદા આદરપૂર્વક આને સાંભળે છે, તેઓ જ આ સુંદર માનસના અધિકારી ઉત્તમ દેવતા છે. ॥ ૧॥

અતિ ખલ જે બિષઈ બગ કાગા । એહિ સર નિકટ ન જાહિં અભાગા ॥
સંબુક ભેક સેવાર સમાના । ઈહાઁ ન બિષય કથા રસ નાના ॥ ૨॥

જેઓ અતિ દુષ્ટ અને વિષયી છે તેઓ અભાગિયા બગલાં અને કાગડા છે, જે આ સરોવરની પાસે નથી જતા. કેમકે અહીં (આ માનસ-સરોવરમાં) છીપલાં, દેડકાં અને શેવાળ જેવી વિષયરસની અનેક કથાઓ નથી. ॥ ૨॥

તેહિ કારન આવત હિયઁ હારે । કામી કાક બલાક બિચારે ॥
આવત એહિં સર અતિ કઠિનાઈ । રામ કૃપા બિનુ આઈ ન જાઈ ॥ ૩॥

આ જ કારણે બિચારા કાગડા અને બગલારૂપી વિષયી લોકો અહીં સુધી આવતાં અંતરથી હાર સ્વીકારી લે છે; કેમકે આ સરોવર સુધી આવવામાં મુશ્કેલીઓ ઘણી છે. શ્રીરામજીની કૃપા વગર અહીં આવી શકાતું નથી. ॥ ૩॥

કઠિન કુસંગ કુપંથ કરાલા । તિન્હ કે બચન બાઘ હરિ બ્યાલા ॥
ગૃહ કારજ નાના જંજાલા । તે અતિ દુર્ગમ સૈલ બિસાલા ॥ ૪॥

ગાઢ કુસંગ જ ભયંકર ખોટો રસ્તો છે, તે કુસંગીઓનાં વચનો જ વાઘ, સિંહ અને સાપ છે. ઘરનાં કામ-કાજ અને ગૃહસ્થીઓનાં જાત-જાતનાં બંધનો જ અત્યંત દુર્ગમ મોટા-મોટા પર્વતો છે. ॥ ૪॥

બન બહુ બિષમ મોહ મદ માના । નદીં કુતર્ક ભયંકર નાના ॥ ૫॥

મોહ, મદ અને માન જ અનેક વિકટ જંગલો છે અને અનેક પ્રકારના કુતર્કો જ ભયાનક નદીઓ છે. ॥ ૫॥

દો૦ – જે શ્રદ્ધા સંબલ રહિત નહિં સંતન્હ કર સાથ ।
તિન્હ કહુઁ માનસ અગમ અતિ જિન્હહિ ન પ્રિય રઘુનાથ ॥ ૩૮॥

જેમની પાસે શ્રદ્ધારૂપી વાટખર્ચી નથી અને સંતોનો સાથ નથી અને જેમને શ્રીરઘુનાથજી પ્રિય નથી, તેમના માટે આ માનસ અત્યંત અગમ જ છે. (અર્થાત્ શ્રદ્ધા, સત્સંગ અને ભગવત્પ્રેમ વિના એને કોઈ પામી શકતું નથી.) ॥ ૩૮॥

ચૌ૦ – જૌં કરિ કષ્ટ જાઇ પુનિ કોઈ । જાતહિં નીંદ જુડ઼ાઈ હોઈ ॥
જડ઼તા જાડ઼ બિષમ ઉર લાગા । ગએહુઁ ન મજ્જન પાવ અભાગા ॥ ૧॥

કોઈ મનુષ્ય કદાચ કષ્ટ વેઠીને ત્યાં સુધી પહોંચી પણ જાય તો ત્યાં જતાં જ તેને નિંદ્રારૂપી ટાઢિયો તાવ આવે છે. હૃદયમાં મૂર્ખતારૂપી ઘણી જ જોરદાર ટાઢ લાગવા માંડે છે, જેથી ત્યાં પહોંચવા છતાં તે અભાગિયો સ્નાન કરી શકતો નથી. ॥૧॥

કરિ ન જાઇ સર મજ્જન પાના। ફિરિ આવઇ સમેત અભિમાના ॥
જૌં બહોરિ કોઉ પૂછન આવા। સર નિંદા કરિ તાહિ બુઝાવા ॥૨॥

તેથી તે સરોવરમાં સ્નાન અને તેનું જળપાન તેનાથી તો કરી શકાતું નથી; તે અભિમાનસહિત પાછો ફરે છે. વળી, કદાચ કોઈ તેને ત્યાંની [ત્યાંના વાતાવરણ અંગે] પૂછપરછ કરવા આવે છે, તો તે [પોતાના અભાગીપણાની વાત ન કરતાં] સરોવરની નિંદા કરી તેને સમજાવે છે. ॥૨॥

સકલ બિઘ્ન બ્યાપહિં નહિં તેહી। રામ સુકૃપાઁ બિલોકહિં જેહી ॥
સોઇ સાદર સર મજ્જનુ કરઈ। મહા ઘોર ત્રયતાપ ન જરઈ ॥૩॥

આ બધાં વિઘ્નો તેને નથી નડતાં (બાધાકારક નથી) જેને શ્રીરામચન્દ્રજી સુંદર કૃપાદૃષ્ટિ રાખી નિહાળે છે. તે જ માનપૂર્વક આ સરોવરમાં સ્નાન કરે છે અને મહાભયાનક ત્રિતાપો (આધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક તાપો)થી બળતો નથી. ॥૩॥

તે નર યહ સર તજહિં ન કાઊ। જિન્હ કેં રામ ચરન ભલ ભાઊ ॥
જો નહાઇ ચહ એહિં સર ભાઈ। સો સતસંગ કરઉ મન લાઈ ॥૪॥

જેના ચિત્તમાં શ્રીરામચન્દ્રજીના ચરણોમાં ઉત્તમ પ્રેમ છે, તે આ સરોવરને કદી ત્યજતા નથી. હે ભાઈ! જે આ સરોવરમાં સ્નાન કરવા ઇચ્છે તેઓ હૃદયપૂર્વક સત્સંગ કરે. ॥૪॥

અસ માનસ માનસ ચખ ચાહી। ભઇ કબિ બુદ્ધિ બિમલ અવગાહી ॥
ભયઉ હૃદયઁ આનંદ ઉછાહૂ। ઉમગેઉ પ્રેમ પ્રમોદ પ્રબાહૂ ॥૫॥

આવા માનસ-સરોવરને હૃદયનાં નેત્રોથી જોઈને તેમજ તેમાં ડૂબકી મારીને કવિની બુદ્ધિ નિર્મળ થઈ ગઈ, હૃદયમાં આનંદ અને ઉત્સાહ ભરાઈ ગયો અને પ્રેમ અને આનંદનો પ્રવાહ ઊભરાઈ આવ્યો. ॥૫॥

ચલી સુભગ કબિતા સરિતા સો। રામ બિમલ જસ જલ ભરિતા સો ॥
સરજૂ નામ સુમંગલ મૂલા। લોક બેદ મત મંજુલ કૂલા ॥૬॥

ત્યાંથી આ સુંદર કવિતારૂપી નદી વહેવા માંડી, જેમાં શ્રીરામચન્દ્રજીનું નિર્મળ યશરૂપી જળ ભરેલું છે. (કવિતારૂપિણી નદી)નું નામ સરયૂ છે, જે સંપૂર્ણ સુંદર મંગળોનું મૂળ છે. લોકમત અને વેદમત તેના બે શ્રેષ્ઠ તટો છે. ॥૬॥

નદી પુનીત સુમાનસ નંદિનિ। કલિમલ તૃન તરુ મૂલ નિકંદિનિ ॥૭॥

આ સુંદર માનસ-સરોવરની કન્યા સરયૂ નદી ઘણી પવિત્ર છે અને કળિયુગનાં [નાનાં-મોટાં] પાપરૂપી તણખલાંઓ અને વૃક્ષોને મૂળમાંથી ઊખાડી ફેંકી દેનાર છે. ॥૭॥

દો૦ – શ્રોતા ત્રિબિધ સમાજ પુર ગ્રામ નગર દુહુઁ કૂલ ।
સંતસભા અનુપમ અવધ સકલ સુમંગલ મૂલ ॥ ૩૯॥

શ્રોતાઓનો ત્રણેય પ્રકારનો સમાજ જ આ નદીના બંને તટો પર વસેલાં પુરો, ગામો અને નગરો છે; અને સંતોની સભા જ સર્વે સુંદર કલ્યાણોનું મૂળ અનુપમ અયોધ્યાજી છે. ॥ ૩૯॥

ચૌ૦ – રામભગતિ સુરસરિતહિ જાઈ । મિલી સુકીરતિ સરજુ સુહાઈ ॥
સાનુજ રામ સમર જસુ પાવન । મિલેઉ મહાનદુ સોન સુહાવન ॥ ૧॥

સુંદર કીર્તિરૂપી સોહામણી સરયૂજી રામભક્તિરૂપી ગંગાજીમાં જઈ મળી, નાના ભાઈ લક્ષ્મણસહિત શ્રીરામજીના યુદ્ધનો પવિત્ર યશરૂપી સોહામણો મહાનદ શોણ તેમાં આવીને સમાયો. ॥ ૧॥

જુગ બિચ ભગતિ દેવધુનિ ધારા । સોહતિ સહિત સુબિરતિ બિચારા ॥
ત્રિબિધ તાપ ત્રાસક તિમુહાની । રામ સરૂપ સિંધુ સમુહાની ॥ ૨॥

સરયૂ અને સોનભદ્રનદીની વચ્ચે ગંગાજી એવાં શોભી રહ્યાં છે. જાણે જ્ઞાન અને વૈરાગ્યની વચ્ચે ભક્તિ. આમ, ત્રણેય તાપોને ડરાવનારી આ ત્રિમુખી નદી રામસ્વરૂપી સમુદ્ર તરફ ધસી રહી છે. ॥ ૨॥

માનસ મૂલ મિલી સુરસરિહી । સુનત સુજન મન પાવન કરિહી ॥
બિચ બિચ કથા બિચિત્ર બિભાગા । જનુ સરિ તીર તીર બન બાગા ॥ ૩॥

આનું (કીર્તિરૂપી સરયૂનું) મૂળ માનસ (શ્રીરામચરિત) છે અને એ [રામભક્તિરૂપી] ગંગાજીમાં મળી છે, તેથી એ સાંભળનારા સજ્જનોના મનને પવિત્ર કરી દેશે. આની વચ્ચે-વચ્ચે જે જુદા જુદા પ્રકારની વિચિત્ર કથાઓ છે તે જ માની લો કે નદીતટના આસપાસનાં વનો અને બાગો છે. ॥ ૩॥

ઉમા મહેસ બિબાહ બરાતી । તે જલચર અગનિત બહુભાઁતી ॥
રઘુબર જનમ અનંદ બધાઈ । ભવઁર તરંગ મનોહરતાઈ ॥ ૪॥

શ્રીપાર્વતીજી અને શિવજીના વિવાહના જાનૈયા આ નદીના અનેક પ્રકારના અસંખ્ય જળચર જીવો છે. શ્રીરઘુનાથજીના જન્મનાં આનંદ-વધામણાં જ આ નદીની ભમરીઓ અને તરંગોની મનોહરતા છે. ॥ ૪॥

દો૦ – બાલચરિત ચહુ બંધુ કે બનજ બિપુલ બહુરંગ ।
નૃપ રાની પરિજન સુકૃત મધુકર બારિ બિહંગ ॥ ૪૦॥

ચારેય ભાઈઓનાં જે બાળચરિત્રો છે, તે જ એમાં ખીલેલાં રંગબેરંગી ઘણાં જ કમળો છે. મહારાજ શ્રીદશરથજી તથા તેમની રાણીઓનાં સત્કર્મો (પુણ્યો) જ ભમરા અને કુટુંબીઓનાં સત્કર્મો જળ-પંખીઓ છે. ॥ ૪૦॥

ચૌ૦ – સીય સ્વયંબર કથા સુહાઈ । સરિત સુહાવનિ સો છબિ છાઈ ॥
નદી નાવ પટુ પ્રસ્ન અનેકા । કેવટ કુસલ ઉતર સબિબેકા ॥ ૧॥

શ્રીસીતાજીના સ્વયંવરની જે શ્રેષ્ઠ કથા છે, તે જ આ નદીમાં સોહામણી શોભારૂપે છવાયેલી છે. અનેક સુંદર વિચારવાલાયક કૂટપ્રશ્નો આ નદીની નાવો છે અને તેના વિવેકયુક્ત ઉત્તરો જ ચતુર કેવટો છે. ॥ ૧॥

સુનિ અનુકથન પરસ્પર હોઈ । પથિક સમાજ સોહ સરિ સોઈ ॥
ઘોર ધાર ભૃગુનાથ રિસાની । ઘાટ સુબદ્ધ રામ બર બાની ॥ ૨॥

આ કથાને સાંભળ્યા બાદ અરસ-પરસ જે ચર્ચા થાય છે, તે જ આ નદીના આધારે-ટેકાએ ચાલનારો યાત્રિકોનો સમાજ શોભાને પામી રહ્યો છે. પરશુરામજીનો ક્રોધ આ નદીની ભયાનક ધારા છે અને શ્રીરામચન્દ્રજીનાં શ્રેષ્ઠ વચનો જ સુંદર બંધાયેલા ઘાટો છે. ॥ ૨॥

સાનુજ રામ બિબાહ ઉછાહૂ । સો સુભ ઉમગ સુખદ સબ કાહૂ ॥
કહત સુનત હરષહિં પુલકાહીં । તે સુકૃતી મન મુદિત નહાહીં ॥ ૩॥

ભાઈઓ સહિત શ્રીરામચન્દ્રજીના વિવાહનો ઉત્સવ જ આ કથા-નદીનું કલ્યાણકારી પૂર છે જે સર્વેને સુખ આપનારું છે. આ કથાને કહેવા-સાંભળવાથી જેઓ હર્ષિત અને પુલકિત બને છે, તેઓ જ પુણ્યાત્માઓ (સ્ત્રી-પુરુષો) છે, જે પ્રસન્ન ચિત્તે આ નદીમાં નહાય છે. ॥ ૩॥

રામ તિલક હિત મંગલ સાજા । પરબ જોગ જનુ જુરે સમાજા ॥
કાઈ કુમતિ કેકઈ કેરી । પરી જાસુ ફલ બિપતિ ઘનેરી ॥ ૪॥

શ્રીરામચન્દ્રજીના રાજતિલક માટે જે મંગળ-સુશોભન સજાવવામાં આવ્યું હતું તે એમ માનો કે પર્વ સમયે આ નદી પર યાત્રિકોના સમૂહ એકઠા થયા છે. કૈકયીની કુબુદ્ધિ જ આ નદીની શેવાળ છે, જેના ફળસ્વરૂપે ઘણી ભારે વિપત્તિઓ આવી ચઢી. ॥ ૪॥

દો○ – સમન અમિત ઉતપાત સબ ભરત ચરિત જપજાગ ।
કલિ અઘ ખલ અવગુન કથન તે જલમલ બગ કાગ ॥ ૪૧॥

સંપૂર્ણ અગણિત ઉત્પાતોને શાંત કરનાર ભરતજીનું ચારિત્ર્ય નદીકિનારે કરવામાં આવનાર જપયજ્ઞ છે. કળિયુગનાં પાપો અને દુષ્ટોના અવગુણોનું જે વર્ણન છે તે જ આ નદીના જળનો કાદવ અને બગલાં-કાગડા છે. ॥ ૪૧॥

ચૌ○ – કીરતિ સરિત છહૂઁ રિતુ રૂરી । સમય સુહાવનિ પાવનિ ભૂરી ॥
હિમ હિમસૈલસુતા સિવ બ્યાહૂ । સિસિર સુખદ પ્રભુ જનમ ઉછાહૂ ॥ ૧॥

આ કીર્તિરૂપિણી નદી છયે ઋતુઓમાં સુંદર છે. દરેક કાળે એ પરમ સોહામણી અને અત્યંત પવિત્ર છે. તેમાં શિવ-પાર્વતીનો વિવાહ હેમંત ઋતુ છે. શ્રીરામચન્દ્રજીના જન્મનો ઉત્સવ સુખદાયી શિશિર ઋતુ છે. ॥ ૧॥

બરનબ રામ બિબાહ સમાજૂ । સો મુદ મંગલમય રિતુરાજૂ ॥
ગ્રીષમ દુસહ રામ બનગવનૂ । પંથકથા ખર આતપ પવનૂ ॥ ૨॥

શ્રીરામચન્દ્રજીના વિવાહ-સમાજનું વર્ણન જ આનંદ-મંગળમય ઋતુરાજ વસંત છે. શ્રીરામજીનું વનગમન દુઃસહ્ય ગ્રીષ્મઋતુ છે અને માર્ગની કથા જ આકરો તાપ અને લૂ છે. ॥ ૨॥

બરષા ઘોર નિસાચર રારી । સુરકુલ સાલિ સુમંગલકારી ॥
રામ રાજ સુખ બિનય બડ઼ાઈ । બિસદ સુખદ સોઈ સરદ સુહાઈ ॥ ૩॥

રાક્ષસોની સાથેનું ઘોર યુદ્ધ જ વર્ષાઋતુ છે, જે દેવકુળરૂપી ડાંગર (સાલિ) માટે સુંદર કલ્યાણ કરનાર છે. રામચન્દ્રજીના રાજ્યકાળનું જે સુખ, વિનમ્રતા અને મોટાઈ છે તે જ નિર્મળ સુખ આપનાર સોહામણી શરદઋતુ છે. ॥ ૩॥

સતી સિરોમનિ સિય ગુન ગાથા । સોઈ ગુન અમલ અનૂપમ પાથા ॥
ભરત સુભાઉ સુસીતલતાઈ । સદા એકરસ બરનિ ન જાઈ ॥ ૪॥

સતીશિરોમણિ શ્રીસીતાજીના ગુણોની જે કથા છે, તે જ આ જળના નિર્મળ અને અનુપમ ગુણ છે. શ્રીભરતજીનો સ્વભાવ આ નદીની સુંદર શીતળતા છે, જે સદાય એકધારી રહે છે અને જેનું વર્ણન કરી શકાતું નથી. ॥ ૪॥

દો૦ – અવલોકનિ બોલનિ મિલનિ પ્રીતિ પરસપર હાસ ।
ભાયપ ભલિ ચહુ બંધુ કી જલ માધુરી સુબાસ ॥ ૪૨॥

ચારેય ભાઈઓનું પરસ્પર જોવું, બોલવું, મળવું, એકબીજા પ્રત્યે પ્રેમ રાખવો, હસવું અને શ્રેષ્ઠ ભાઈભાવ આ જળની મધુરતા અને સુગંધ છે. ॥ ૪૨॥

ચૌ૦ – આરતિ બિનય દીનતા મોરી । લઘુતા લલિત સુબારિ ન થોરી ॥
અદભુત સલિલ સુનત ગુનકારી । આસ પિઆસ મનોમલ હારી ॥ ૧॥

મારો આર્તભાવ, વિનય અને દીનતા આ સુંદર અને નિર્મળ જળમાં ઓછું ઊતરતું નથી (અર્થાત્ અત્યંત હળવું-સુપાચ્ય છે). આ જળ ઘણું જ અદ્ભુત છે, જે સાંભળવાથી જ ગુણ કરે છે અને આશારૂપી તૃષા અને મનના મેલને દૂર કરનારું છે. ॥ ૧॥

રામ સુપ્રેમહિ પોષત પાની । હરત સકલ કલિ કલુષ ગલાની ॥
ભવ શ્રમ સોષક તોષક તોષા । સમન દુરિત દુખ દારિદ દોષા ॥ ૨॥

આ જળ શ્રીરામચન્દ્રજીના સુંદર પ્રેમને પુષ્ટ કરે છે, કળિયુગનાં સમસ્ત પાપો અને તેનાથી ઉત્પન્ન થનાર ગ્લાનિને હરી લે છે. સંસારના (જન્મ-મૃત્યુરૂપી) શ્રમને શોષી લે છે, સંતોષને પણ સંતુષ્ટ કરે છે તથા પાપ, તાપ, દરિદ્રતા અને દોષોનો નાશ કરી નાખે છે. ॥ ૨॥

કામ કોહ મદ મોહ નસાવન । બિમલ બિબેક બિરાગ બઢ઼ાવન ॥
સાદર મજ્જન પાન કિએ તેં । મિટહિં પાપ પરિતાપ હિએ તેં ॥ ૩॥

આ જળ કામ, ક્રોધ, મદ અને મોહનો નાશ કરનાર તથા નિર્મળ જ્ઞાન અને વૈરાગ્યને વધારનાર છે. તેમાં આદરપૂર્વક સ્નાન કરવાથી અને એનું પાન કરવાથી હૃદયમાં રહેનાર સર્વે પાપ-તાપ ટળી જાય છે. ॥ ૩॥

જિન્હ એહિં બારિ ન માનસ ધોએ । તે કાયર કલિકાલ બિગોએ ॥
તૃષિત નિરખિ રબિ કર ભવ બારી । ફિરિહહિં મૃગ જિમિ જીવ દુખારી ॥ ૪॥

જેઓએ આ (રામ-સુયશરૂપી) જળથી પોતાના હૃદયને ધોયું નથી, તેઓ કાયર કળિકાળ દ્વારા છેતરાયા છે. જેમ તરસ્યું હરણ, સૂર્યની કિરણોને રેત પર પડવાથી ઉત્પન્ન થયેલ જળના ભ્રમને વાસ્તવિક જળ સમજી પીવા દોડે છે અને જળ ન પામવાથી દુઃખી થાય છે, તેમ જ તે (કળિયુગ દ્વારા છેતરાયેલા) જીવો પણ [વિષયો પાછળ ભટકીને] દુઃખી થશે. ॥ ૪॥

દો૦ – મતિ અનુહારિ સુબારિ ગુન ગન ગનિ મન અન્હવાઈ ।
સુમિરિ ભવાની સંકરહિ કહ કબિ કથા સુહાઈ ॥ ૪૩ (ક)॥

પોતાની બુદ્ધિ અનુસાર આ સુંદર જળના ગુણોનો વિચાર કરી, તેમાં પોતાના મનને સ્નાન કરાવી તથા શ્રીભવાની-શંકરનું સ્મરણ કરીને કવિ (તુલસીદાસ) સુંદર કથા કહે છે. ॥ ૪૩ (ક)॥

અબ રઘુપતિ પદ પંકરુહ હિયઁ ધરિ પાઈ પ્રસાદ ।
કહઉઁ જુગલ મુનિબર્ય કર મિલન સુભગ સંબાદ ॥ ૪૩ (ખ)॥

હું હવે શ્રીરઘુનાથજીનાં ચરણકમળોને હૃદયમાં ધારણ કરી અને તેમની કૃપા પામીને બંને શ્રેષ્ઠ મુનિઓના મેળાપના સુંદર સંવાદનું વર્ણન કરું છું. ॥ ૪૩ (ખ)॥

ચૌ૦ – ભરદ્વાજ મુનિ બસહિં પ્રયાગા । તિન્હહિ રામ પદ અતિ અનુરાગા ॥
તાપસ સમ દમ દયા નિધાના । પરમારથ પથ પરમ સુજાના ॥ ૧॥

ભરદ્વાજ મુનિ પ્રયાગમાં વસે છે, જેમને શ્રીરામજીના ચરણોમાં અત્યંત પ્રેમ છે. તેઓ તપસ્વી, નિગૃહીતચિત્ત, જિતેન્દ્રિય, દયાનિધાન અને પરમાર્થના માર્ગમાં ઘણા જ દક્ષ છે. ॥ ૧॥

માઘ મકરગત રબિ જબ હોઈ । તીરથપતિહિં આવ સબ કોઈ ॥
દેવ દનુજ કિંનર નર શ્રેનીં । સાદર મજ્જહિં સકલ ત્રિબેનીં ॥ ૨॥

મહા માસમાં જ્યારે સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે ત્યારે સઘળા લોકો તીર્થરાજ પ્રયાગમાં આવે છે. દેવતા, દૈત્ય, કિન્નર અને મનુષ્યોના સમૂહ - એ સર્વે આદરપૂર્વક ત્રિવેણીમાં સ્નાન કરે છે. ॥ ૨॥

પૂજહિં માધવ પદ જલજાતા । પરસિ અખય બટુ હરષહિં ગાતા ॥
ભરદ્વાજ આશ્રમ અતિ પાવન । પરમ રમ્ય મુનિબર મન ભાવન ॥ ૩॥

શ્રીવેણુમાધવનાં ચરણકમળોને પૂજે છે અને અક્ષયવટને સ્પર્શ કરીને તેમનાં શરીર પુલકિત થાય છે. ભરદ્વાજજીનો આશ્રમ ઘણો જ પવિત્ર, પરમ રમણીય અને શ્રેષ્ઠ મુનિઓના મનને ગમે તેવો છે. ॥ ૩॥

તહાઁ હોઈ મુનિ રિષય સમાજા । જાહિં જે મજ્જન તીરથ રાજા ॥
મજ્જહિં પ્રાત સમેત ઉછાહા । કહહિં પરસપર હરિ ગુન ગાહા ॥ ૪॥

તીર્થરાજ પ્રયાગમાં જેઓ સ્નાન કરવા જાય છે, તે ઋષિ-મુનિઓનો સમાજ ત્યાં (ભરદ્વાજના આશ્રમમાં) ભેગો થાય છે. પ્રાતઃકાળે સર્વે ઉત્સાહપૂર્વક સ્નાન કરે છે અને પછી પરસ્પર ભગવાનના ગુણોની કથાઓ કહે છે. ॥ ૪॥

દો૦ – બ્રહ્મ નિરૂપન ધરમ બિધિ બરનહિં તત્ત્વ બિભાગ।
કહહિં ભગતિ ભગવંત કૈ સંજુત ગ્યાન બિરાગ ॥ ૪૪॥

બ્રહ્મનું નિરૂપણ, ધર્મનું વિધાન અને તત્ત્વોના વિભાગનું વર્ણન કરે છે તથા જ્ઞાન-વૈરાગ્યથી યુક્ત ભગવાનની ભક્તિનું કથન કર્યા કરે છે. ॥ ૪૪॥

ચૌ૦ – એહિ પ્રકાર ભરિ માઘ નહાહીં। પુનિ સબ નિજ નિજ આશ્રમ જાહીં ॥
પ્રતિ સંબત અતિ હોઈ અનંદા। મકર મજ્જિ ગવનહિં મુનિબૃંદા ॥ ૧॥

આ રીતે આખોય મહા મહિનો સ્નાન કરે છે અને પછી બધા પોતપોતાના આશ્રમોમાં ચાલ્યા જાય છે. દર વર્ષે ત્યાં આ જ રીતે મોટો આનન્દ થાય છે. મકરમાં સ્નાન કરીને મુનિજનો પાછા જાય છે. ॥ ૧॥

એક બાર ભરિ મકર નહાએ। સબ મુનીસ આશ્રમન્હ સિધાએ ॥
જાગબલિક મુનિ પરમ બિબેકી। ભરદ્વાજ રાખે પદ ટેકી ॥ ૨॥

એક વખત આખોય મકર સ્નાન કરીને સર્વે મુનીશ્વરો પોતપોતાના આશ્રમે પાછા ફર્યા. ભરદ્વાજજીએ પરમજ્ઞાની યાજ્ઞવલ્ક્ય મુનિના ચરણ પકડીને તેમને રોકી લીધા. ॥ ૨॥

સાદર ચરન સરોજ પખારે। અતિ પુનીત આસન બૈઠારે ॥
કરિ પૂજા મુનિ સુજસુ બખાની। બોલે અતિ પુનીત મૃદુ બાની ॥ ૩॥

આદરપૂર્વક તેમના ચરણકમળ ધોયા તથા અત્યંત પવિત્ર આસન ઉપર તેમને બેસાડ્યા. પૂજા કરીને મુનિ યાજ્ઞવલ્ક્યજીના સુયશનું વર્ણન કર્યું અને પછી અત્યંત પવિત્ર અને કોમળ વાણીથી કહ્યું – ॥ ૩॥

નાથ એક સંસઉ બડ઼ મોરેં। કરગત બેદતત્ત્વ સબુ તોરેં ॥
કહત સો મોહિ લાગત ભય લાજા। જૌં ન કહઉઁ બડ઼ હોઈ અકાજા ॥ ૪॥

હે નાથ! મારા મનમાં એક મોટો સંશય છે; વેદોનાં તત્ત્વ સર્વે આપની મુટ્ઠીમાં છે (અર્થાત્ આપ જ વેદોનાં તત્ત્વોને જાણનારા હોવાથી મારા સંશયનું નિવારણ કરી શકો છો), પરંતુ તે સંશય કહેતા મને ભય અને લાજ આવે છે [ભય એટલા માટે કે ક્યાંક આપ એમ ન સમજો કે મારી પરીક્ષા લઈ રહ્યો છે, લાજ એટલા માટે કે આટલું આયખું વીતી ગયું, અત્યાર સુધી જ્ઞાન ન થયું], અને જો નથી કહેતો તો મોટું નુકસાન થાય છે [કારણ કે અજ્ઞાની બન્યો રહું છું]. ॥ ૪॥

દો૦ – સંત કહહિં અસિ નીતિ પ્રભુ શ્રુતિ પુરાન મુનિ ગાવ।
હોઈ ન બિમલ બિબેક ઉર ગુર સન કિએઁ દુરાવ ॥ ૪૫॥

હે પ્રભો! સંતલોકો આવી નીતિ કહે છે અને વેદ, પુરાણ તથા મુનિજનો પણ એમ જ કહે છે કે ગુરુ સમીપે છુપાવી રાખવાથી હૃદયમાં નિર્મળ જ્ઞાન થતું નથી. ॥ ૪૫॥

ચૌ૦ – અસ બિચારિ પ્રગટઉઁ નિજ મોહૂ। હરહુ નાથ કરિ જન પર છોહૂ॥
રામ નામ કર અમિત પ્રભાવા। સંત પુરાન ઉપનિષદ ગાવા॥ ૧॥

આમ વિચારીને હું પોતાનું અજ્ઞાન પ્રગટ કરું છું. હે નાથ! સેવક પર કૃપા કરીને આ અજ્ઞાનનો નાશ કરો. સંતો, પુરાણો અને ઉપનિષદોએ રામનામના અસીમ પ્રભાવનું ગાન કર્યું છે. ॥ ૧॥

સંતત જપત સંભુ અબિનાસી। સિવ ભગવાન ગ્યાન ગુન રાસી॥
આકર ચારિ જીવ જગ અહહીં। કાસીં મરત પરમ પદ લહહીં॥ ૨॥

કલ્યાણસ્વરૂપ, જ્ઞાન અને ગુણોના ભંડાર, અવિનાશી ભગવાન શંભુ નિરંતર રામનામનો જપ કરતા રહે છે. સંસારમાં ચાર જાતિના જીવો છે, કાશીમાં મરનાર સર્વે પરમપદને પ્રાપ્ત કરે છે. ॥ ૨॥

સોપિ રામ મહિમા મુનિરાયા। સિવ ઉપદેસુ કરત કરિ દાયા॥
રામુ કવન પ્રભુ પૂછઉઁ તોહી। કહિઅ બુઝાઇ કૃપાનિધિ મોહી॥ ૩॥

હે મુનિરાજ! તે પણ રામ[નામ]નો જ મહિમા છે, કેમ કે શિવજી મહારાજ દયા કરીને [કાશીમાં મરનાર જીવને] રામનામનો જ ઉપદેશ કરે છે [આથી તેમને પરમપદ મળે છે]. હે પ્રભો! હું આપને પૂછું છું કે તે રામ કોણ છે? હે કૃપાનિધાન! મને સમજાવીને કહો. ॥ ૩॥

એક રામ અવધેસ કુમારા। તિન્હ કર ચરિત બિદિત સંસારા॥
નારિ બિરહઁ દુખુ લહેઉ અપારા। ભયઉ રોષુ રન રાવનુ મારા॥ ૪॥

એક રામ તો અવધનરેશ દશરથજીના કુમાર છે, તેમનું ચરિત્ર આખો સંસાર જાણે છે. તેઓએ સ્ત્રીના વિરહમાં અપાર દુઃખ વેઠ્યું અને ક્રોધ આવતાં યુદ્ધમાં રાવણને મારી નાંખ્યો. ॥ ૪॥

દો૦ – પ્રભુ સોઇ રામ કિ અપર કોઉ જાહિ જપત ત્રિપુરારિ।
સત્યધામ સર્બગ્ય તુમ્હ કહહુ બિબેકુ બિચારિ॥ ૪૬॥

હે પ્રભો! તે જ રામ છે અથવા અન્ય કોઈ છે, જેને શિવજી જપે છે? આપ સત્યના ધામ છો અને સઘળું જ જાણો છો. વિવેકસહ વિચારીને કહો. ॥ ૪૬॥

ચૌ૦ – જૈસેં મિટૈ મોર ભ્રમ ભારી। કહહુ સો કથા નાથ બિસ્તારી॥
જાગબલિક બોલે મુસુકાઈ। તુમ્હહિ બિદિત રઘુપતિ પ્રભુતાઈ॥ ૧॥

હે નાથ! જે રીતે મારો આ મોટો ભ્રમ ટળી જાય તેમ, આપ તે જ કથા વિસ્તારપૂર્વક કહો. આવું સાંભળી યાજ્ઞવલ્ક્યજી મલકાઈને બોલ્યા, શ્રીરઘુનાથજીની પ્રભુતાને તમે જાણો છો. ॥ ૧॥

રામભગત તુમ્હ મન ક્રમ બાની। ચતુરાઈ તુમ્હારિ મૈં જાની॥
ચાહહુ સુનૈ રામ ગુન ગૂઢ઼ા। કીન્હિહુ પ્રસ્ન મનહુઁ અતિ મૂઢ઼ા॥ ૨॥

તમે મન, વચન અને કર્મથી શ્રીરામજીના ભક્ત છો. તમારી ચતુરાઈને હું ઓળખી ગયો. તમે શ્રીરામજીના રહસ્યમય ગુણોને સાંભળવા માગો છો, આથી જ તમે આવો પ્રશ્ન કર્યો છે, જાણે ઘણા જ મૂઢ હોવ. ॥ ૨॥

તાત સુનહુ સાદર મનુ લાઈ। કહઉઁ રામ કૈ કથા સુહાઈ॥
મહામોહુ મહિષેસુ બિસાલા। રામકથા કાલિકા કરાલા॥ ૩॥

હે તાત! તમે આદરપૂર્વક મન લગાવીને સાંભળો; હું શ્રીરામજીની સુંદર કથા કહું છું. મોટું ભારે અજ્ઞાન એ વિશાળ મહિષાસુર છે, અને શ્રીરામજીની કથા [તેને નષ્ટ કરનાર] ભયંકર કાળકાજી છે. ॥ ૩॥

રામકથા સસિ કિરન સમાના। સંત ચકોર કરહિં જેહિ પાના॥
ઐસેઇ સંસય કીન્હ ભવાની। મહાદેવ તબ કહા બખાની॥ ૪॥

શ્રીરામજીની કથા ચન્દ્રમાનાં કિરણો સમાન છે, જેને સંતરૂપી ચકોર સદા પાન કરે છે. આવો જ સંશય પાર્વતીજીએ કર્યો હતો, ત્યારે મહાદેવજીએ વિસ્તારથી તેનો ઉત્તર આપ્યો હતો. ॥ ૪॥

દો૦ – કહઉઁ સો મતિ અનુહારિ અબ ઉમા સંભુ સંબાદ।
ભયઉ સમય જેહિ હેતુ જેહિ સુનુ મુનિ મિટિહિ બિષાદ॥ ૪૭॥

હવે હું પોતાની મતિ અનુસાર તે જ ઉમા અને શિવજીનો સંવાદ કહું છું. તે જે સમય અને જે ઉદ્દેશ્યથી થયો, તેને હે મુનિ! તમે સાંભળો, તમારો વિષાદ ટળી જશે. ॥ ૪૭॥

ચૌ૦ – એક બાર ત્રેતા જુગ માહીં। સંભુ ગએ કુંભજ રિષિ પાહીં॥
સંગ સતી જગજનનિ ભવાની। પૂજે રિષિ અખિલેસ્વર જાની॥ ૧॥

એક વખત ત્રેતાયુગમાં શિવજી અગસ્ત્ય ઋષિ પાસે ગયા. તેમની સાથે જગતજનની ભવાની સતીજી પણ હતાં. ઋષિએ સંપૂર્ણ જગતના ઈશ્વર જાણીને તેમનું પૂજન કર્યું. ॥ ૧॥

રામકથા મુનિબર્જ બખાની। સુની મહેસ પરમ સુખુ માની॥
રિષિ પૂછી હરિભગતિ સુહાઈ। કહી સંભુ અધિકારી પાઈ॥ ૨॥

મુનિવર અગસ્ત્યજીએ રામકથા વિસ્તારથી કહી, જેને મહેશ્વરે પરમસુખ માનીને સાંભળી. પછી ઋષિએ શિવજીને શ્રેષ્ઠ હરિભક્તિ પૂછી અને શિવજીએ તેમને અધિકારી જાણીને [રહસ્યસહિત] ભક્તિનું નિરૂપણ કર્યું. ॥ ૨॥

કહત સુનત રઘુપતિ ગુન ગાથા। કછુ દિન તહાઁ રહે ગિરિનાથા॥
મુનિ સન બિદા માગિ ત્રિપુરારી। ચલે ભવન સઁગ દચ્છકુમારી॥ ૩॥

શ્રીરઘુનાથજીના ગુણોની કથાઓ કહેતા-સાંભળતા શિવજી કેટલાક દિવસો સુધી ત્યાં રહ્યા. પછી મુનિ પાસેથી વિદાય માગીને શિવજી દક્ષકુમારી સતીજી સાથે (કૈલાસ) ચાલ્યા. ॥ ૩॥

તેહિ અવસર ભંજન મહિભારા। હરિ રઘુબંસ લીન્હ અવતારા॥
પિતા બચન તજિ રાજુ ઉદાસી। દંડક બન બિચરત અબિનાસી॥ ૪॥

એ જ સમયે પૃથ્વીનો ભાર ઉતારવા માટે શ્રીહરિએ રઘુવંશમાં અવતાર ધારણ કર્યો હતો. તે અવિનાશી ભગવાન તે સમયે પિતાના વચનથી રાજ્યનો ત્યાગ કરીને તપસ્વી અથવા સાધુવેશમાં દંડકવનમાં વિચરી રહ્યા હતા. ॥ ૪॥

દો૦ – હૃદયઁ બિચારત જાત હર કેહિ બિધિ દરસનુ હોઇ।
ગુપ્ત રૂપ અવતરેઉ પ્રભુ ગએઁ જાન સબુ કોઇ ॥ ૪૮ (ક)॥

શિવજી હૃદયમાં વિચારતા જતા હતા કે ભગવાનનાં દર્શન મને કેવી રીતે થાય? પ્રભુએ ગુપ્તરૂપે અવતાર લીધો છે, મારા જવાથી સર્વે લોકો જાણી જશે. ॥ ૪૮ (ક)॥

સો૦ – સંકર ઉર અતિ છોભુ સતી ન જાનહિં મરમુ સોઇ।
તુલસી દરસન લોભુ મન ડરુ લોચન લાલચી ॥ ૪૮ (ખ)॥

શ્રીશંકરજીના હૃદયમાં આ વાતને કારણે ઘણી વ્યાકુળતા ઉત્પન્ન થઈ ગઈ, પરંતુ સતીજી આ ભેદને જાણતાં ન હતાં. તુલસીદાસજી કહે છે કે શિવજીના અંતરમાં [ભેદ ખુલવાનો] ડર હતો, પણ દર્શનના લોભે તેમનાં નેત્રો લલચાતાં હતાં. ॥ ૪૮ (ખ)॥

ચૌ૦ – રાવન મરન મનુજ કર જાચા। પ્રભુ બિધિ બચનુ કીન્હ ચહ સાચા ॥
જૌં નહિં જાઉઁ રહઇ પછિતાવા। કરત બિચારુ ન બનત બનાવા ॥ ૧॥

રાવણે [બ્રહ્માજી પાસે] પોતાનું મૃત્યુ મનુષ્યના હસ્તે માગ્યું હતું. બ્રહ્માજીનાં વચનોને પ્રભુ સત્ય કરવા ઇચ્છે છે હું જો તેમની પાસે નહીં જઉં તો મોટો પસ્તાવો રહી જશે. આ રીતે શિવજી વિચાર કરતા હતા, પરંતુ કોઈ પણ યુક્તિ યોગ્ય રીતે બંધબેસતી નહોતી. ॥ ૧॥

એહિ બિધિ ભએ સોચબસ ઈસા। તેહી સમય જાઇ દસસીસા ॥
લીન્હ નીચ મારીચહિ સંગા। ભયઉ તુરત સોઇ કપટ કુરંગા ॥ ૨॥

આમ, મહાદેવજી ચિંતાના વશ થયા. તે જ સમયે નીચ રાવણ મારીચ પાસે ગયો અને તેને સાથે લીધો. તે (મારીચ) તુરંત કપટમૃગ બની ગયો. ॥ ૨॥

કરિ છલુ મૂઢ઼ હરી બૈદેહી। પ્રભુ પ્રભાઉ તસ બિદિત ન તેહી ॥
મૃગ બધિ બંધુ સહિત હરિ આએ। આશ્રમુ દેખિ નયન જલ છાએ ॥ ૩॥

મૂર્ખ (રાવણે) કપટ કરીને સીતાજીને હરી લીધાં. તેને શ્રીરામચન્દ્રજીના વાસ્તવિક પ્રભાવની કંઈ જ ખબર નહોતી. મૃગને મારીને ભાઈ લક્ષ્મણસહિત શ્રીહરિ આશ્રમમાં આવ્યા અને તેને ખાલી જોઈને (અર્થાત્ ત્યાં સીતાજીને ન જોઈને) તેમનાં નેત્રોમાં આંસું ઊભરાઈ આવ્યાં. ॥ ૩॥

બિરહ બિકલ નર ઇવ રઘુરાઈ। ખોજત બિપિન ફિરત દોઉ ભાઈ ॥
કબહૂઁ જોગ બિયોગ ન જાકેં। દેખા પ્રગટ બિરહ દુખુ તાકેં ॥ ૪॥

શ્રીરઘુનાથજી મનુષ્યોની જેમ વિરહથી વ્યાકુળ છે અને બંને ભાઈ વનમાં સીતાજીને શોધતાં શોધતાં ફરી રહ્યા છે. જેમને કદી કોઈ સંજોગ-વિજોગ નથી, તેમનામાં પ્રત્યક્ષ વિરહનું દુઃખ જોવામાં આવ્યું. ॥ ૪॥

દો૦ – અતિ બિચિત્ર રઘુપતિ ચરિત જાનહિં પરમ સુજાન।
જે મતિમંદ બિમોહ બસ હૃદયઁ ધરહિં કછુ આન ॥ ૪૯॥

શ્રીરઘુનાથજીનું ચરિત્ર ઘણું જ વિચિત્ર છે, તેને પરમ જ્ઞાનીજનો જ જાણે છે. જેઓ મંદબુદ્ધિ છે, તેઓ તો વિશેષરૂપે મોહના વશ થઈને હૃદયમાં કંઈક જુદી જ વાત સમજી બેસે છે. ॥ ૪૯॥

ચૌ૦– સંભુ સમય તેહિ રામહિ દેખા। ઉપજા હિયઁ અતિ હરષુ બિસેષા॥
ભરિ લોચન છબિસિંધુ નિહારી। કુસમય જાનિ ન કીન્હિ ચિન્હારી॥ ૧॥

શ્રીશિવજીએ તે જ અવસરે શ્રીરામજીને જોયા અને એમના હૃદયમાં ઘણો મોટો આનંદ ઉત્પન્ન થયો. તે શોભાના સમુદ્ર(શ્રીરામચન્દ્રજી)ને શિવજીએ નેત્રો ભરી નિહાળ્યા, પરંતુ અવસર યોગ્ય ન જાણીને પરિચય ન કર્યો. ॥ ૧॥

જય સચ્ચિદાનંદ જગ પાવન। અસ કહિ ચલેઉ મનોજ નસાવન॥
ચલે જાત સિવ સતી સમેતા। પુનિ પુનિ પુલકત કૃપાનિકેતા॥ ૨॥

જગતનું પવિત્ર કરનાર સચ્ચિદાનન્દનો જય હો, એમ કહીને કામદેવનો નાશ કરનાર શ્રીશિવજી ચાલી નીકળ્યા. કૃપાનિધાન શિવજી વારંવાર આનંદથી પુલકિત થઈને શ્રીસતીજીની સાથે ચાલ્યા જતા હતા. ॥ ૨॥

સતીં સો દસા સંભુ કૈ દેખી। ઉર ઉપજા સંદેહુ બિસેષી॥
સંકરુ જગતબંદ્ય જગદીસા। સુર નર મુનિ સબ નાવત સીસા॥ ૩॥

સતીજીએ શંકરજીની તેવી દશા જોઈ તો તેમના મનમાં મોટો સંશય ઉત્પન્ન થઈ ગયો. [તેઓ મનોમન કહેવા લાગ્યાં કે] શંકરજીની આખુંય જગત વંદના કરે છે, તે જગતના ઈશ્વર છે; દેવતા, મનુષ્ય, મુનિ સર્વે તેમને શીશ નમાવે છે. ॥ ૩॥

તિન્હ નૃપસુતહિ કીન્હ પરનામા। કહિ સચ્ચિદાનંદ પરધામા॥
ભએ મગન છબિ તાસુ બિલોકી। અજહુઁ પ્રીતિ ઉર રહતિ ન રોકી॥ ૪॥

તેઓએ એક રાજપુત્રને સચ્ચિદાનંદ પરમધામ કહીને પ્રણામ કર્યાં અને તેમની શોભા જોઈને તેઓ એવા પ્રેમમગ્ન થઈ ગયા કે અત્યાર સુધી તેમના હૃદયમાં પ્રીતિ રોકવા છતાંય નથી રોકાતી. ॥ ૪॥

દો૦– બ્રહ્મ જો બ્યાપક બિરજ અજ અકલ અનીહ અભેદ।
સો કિ દેહ ધરિ હોઈ નર જાહિ ન જાનત બેદ॥ ૫૦॥

જે બ્રહ્મ સર્વવ્યાપક, માયારહિત, અજન્મા, અગોચર, ઈચ્છારહિત અને ભેદરહિત છે; અને જેને વેદ પણ નથી ઓળખતા, શું તે દેહધારણ કરીને મનુષ્ય બની શકે છે? ॥ ૫૦॥

ચૌ૦– બિષ્નુ જો સુર હિત નરતનુ ધારી। સોઉ સર્બગ્ય જથા ત્રિપુરારી॥
ખોજઇ સો કિ અગ્ય ઇવ નારી। ગ્યાનધામ શ્રીપતિ અસુરારી॥ ૧॥

દેવતાઓના હિત માટે મનુષ્યશરીર ધારણ કરનાર જે વિષ્ણુ ભગવાન છે, તે પણ શિવજીની જેમ જ સર્વજ્ઞ છે. તેઓ જ્ઞાનના ભંડાર, લક્ષ્મીપતિ અને અસુરોના શત્રુ ભગવાન વિષ્ણુ શું અજ્ઞાનીની જેમ સ્ત્રીને શોધશે? ॥ ૧॥

સંભુગિરા પુનિ મૃષા ન હોઈ। સિવ સર્બગ્ય જાન સબુ કોઈ॥
અસ સંસય મન ભયઉ અપારા। હોઈ ન હૃદયઁ પ્રબોધ પ્રચારા॥ ૨॥

વળી, શિવજીનાં વચન પણ ખોટાં નથી થઈ શકતાં. સર્વ કોઈ જાણે છે કે શિવજી સર્વજ્ઞ છે. સતીના મનમાં આ રીતે અપાર સંશય ઊભો થયો. કોઈ પણ રીતે તેમના હૃદયમાં જ્ઞાનનો પ્રાદુર્ભાવ નહોતો થતો. ॥ ૨॥

જદ્યપિ પ્રગટ ન કહેઉ ભવાની। હર અંતરજામી સબ જાની॥
સુનહિ સતી તવ નારિ સુભાઊ। સંસય અસ ન ધરિઅ ઉર કાઊ॥ ૩॥

જોકે ભવાનીજીએ પ્રકટ કશું ન કહ્યું, પરંતુ અંતર્યામી શિવજી બધું જ જાણી ગયા. તેઓ બોલ્યા, 'હે સતી! સાંભળો, તમારો સ્ત્રીસ્વભાવ છે. આવો સંશય મનમાં ક્યારેય ન રાખવો જોઈએ. ॥ ૩॥

જાસુ કથા કુંભજ રિષિ ગાઈ। ભગતિ જાસુ મૈં મુનિહિ સુનાઈ॥
સોઈ મમ ઈષ્ટદેવ રઘુબીરા। સેવત જાહિ સદા મુનિ ધીરા॥ ૪॥

જેમની કથાનું ગાન અગસ્ત્ય ઋષિએ કર્યું અને જેમની ભક્તિ મેં મુનિને સંભળાવી, તેઓ જ મારા ઈષ્ટદેવ શ્રીરઘુવીરજી છે, જેમની સેવા જ્ઞાની મુનિઓ કાયમ કર્યા કરે છે. ॥ ૪॥

છં૦– મુનિ ધીર જોગી સિદ્ધ સંતત બિમલ મન જેહિ ધ્યાવહીં।
કહિ નેતિ નિગમ પુરાન આગમ જાસુ કીરતિ ગાવહીં॥
સોઈ રામુ બ્યાપક બ્રહ્મ ભુવન નિકાય પતિ માયા ધની।
અવતરેઉ અપને ભગત હિત નિજતંત્ર નિત રઘુકુલમની॥

જ્ઞાની મુનિ, યોગી અને સિદ્ધ નિરંતર નિર્મળ ચિત્તથી જેમનું ધ્યાન કરે છે તથા વેદ, પુરાણ અને શાસ્ત્ર 'નેતિ-નેતિ' કહીને જેમની કીર્તિ ગાય છે, તે જ સર્વવ્યાપક, સમસ્ત બ્રહ્માંડોના સ્વામી માયાપતિ, નિત્ય પરમ સ્વતંત્ર બ્રહ્મરૂપ ભગવાન શ્રીરામજીએ પોતાના ભક્તોના હિત માટે [પોતાની ઈચ્છાથી] રઘુકુળના મણિરૂપે અવતાર લીધો છે.'

સો૦– લાગ ન ઉર ઉપદેસુ જદપિ કહેઉ સિવઁ બાર બહુ।
બોલે બિહસિ મહેસુ હરિમાયા બલુ જાનિ જિયઁ॥ ૫૧॥

જોકે શિવજીએ ઘણીવાર સમજાવ્યાં, છતાંય શ્રીસીતાજીના હૃદયમાં તેમનો ઉપદેશ ન ઊતર્યો. ત્યારે મહાદેવજી મનમાં ભગવાનની માયાનું બળ જાણીને મલકાતાં મલકાતાં બોલ્યા – ॥ ૫૧॥

ચૌ૦– જૌં તુમ્હરેં મન અતિ સંદેહૂ। તૌ કિન જાઈ પરીછા લેહૂ॥
તબ લગિ બૈઠ અહઉઁ બટછાહીં। જબ લગિ તુમ્હ ઐહહુ મોહિ પાહીં॥ ૧॥

તમારા મનમાં જોકે મોટો સંશય હોય તો તમે ત્યાં જઈને પરીક્ષા કેમ લેતાં નથી? જ્યાં સુધી તમે મારી પાસે પાછા ફરશો ત્યાં સુધી હું વડની છાયામાં બેઠેલો છું. ॥ ૧॥

જૈસેં જાઇ મોહ ભ્રમ ભારી। કરેહુ સો જતનુ બિબેક બિચારી ॥
ચલીં સતી સિવ આયસુ પાઈ। કરહિ બિચારુ કરૌં કા ભાઈ ॥ ૨॥

જે રીતે તમારો આ અજ્ઞાનજનિત મોટો ભ્રમ દૂર થાય, [સારી રીતે] વિવેક દ્વારા સમજી-વિચારી તમે એ રીતે કરજો. શિવજીની આજ્ઞા મેળવી સતી ચાલ્યાં અને મનમાં વિચારવા લાગ્યાં કે ભાઈ! શું કરું (કેવી રીતે પરીક્ષા લઉં)? ॥ ૨॥

ઇહાઁ સંભુ અસ મન અનુમાના। દચ્છસુતા કહુઁ નહિં કલ્યાના ॥
મોરેહુ કહેં ન સંસય જાહીં। બિધિ બિપરીત ભલાઈ નાહીં ॥ ૩॥

આ બાજુ શિવજીએ મનમાં એવું અનુમાન કર્યું કે દક્ષકન્યા સતીનું કલ્યાણ નથી. જ્યારે મારા સમજાવવાથી પણ સંશય દૂર નથી થતો ત્યારે [જણાય છે કે] વિધાતા જ પ્રતિકૂળ છે. હવે, સતીનું કુશળ નથી. ॥ ૩॥

હોઇહિ સોઇ જો રામ રચિ રાખા। કો કરિ તર્ક બઢ઼ાવૈ સાખા ॥
અસ કહિ લગે જપન હરિનામા। ગઈ સતી જહઁ પ્રભુ સુખધામા ॥ ૪॥

જે કંઈ રામે રચી રાખ્યું છે, તે જ થશે. તર્ક કરી કોણ શાખા (વિસ્તાર) વધારે? [મનમાં] એમ કહીને શિવજી, ભગવાન શ્રીહરિનું નામ જપવા લાગ્યા અને સતીજી ત્યાં ગયાં, જ્યાં સુખના ધામ પ્રભુ શ્રીરામચન્દ્રજી હતા. ॥ ૪॥

દો૦– પુનિ પુનિ હૃદયઁ બિચારુ કરિ ધરિ સીતા કર રૂપ।
આગેં હોઇ ચલિ પંથ તેહિં જેહિં આવત નરભૂપ ॥ ૫૨॥

સતી વારંવાર મનમાં વિચાર કરીને સીતાજીનું રૂપ ધારણ કરી તે જ માર્ગ તરફ આગળ થઈને ચાલ્યાં, જે માર્ગેથી [સતીજીના વિચારાનુસાર] મનુષ્યોના રાજા રામચન્દ્રજી આવી રહ્યા હતા. ॥ ૫૨॥

ચૌ૦– લછિમન દીખ ઉમાકૃત બેષા। ચકિત ભએ ભ્રમ હૃદયઁ બિસેષા ॥
કહિ ન સકત કછુ અતિ ગંભીરા। પ્રભુ પ્રભાઉ જાનત મતિધીરા ॥ ૧॥

સતીજીના બનાવટી વેષને જોઈને લક્ષ્મણજી ચકિત થઈ ગયા અને તેમના હૃદયમાં મોટો ભ્રમ થઈ ગયો. તેઓ ઘણા ગંભીર થઈ ગયા. કંઈ કહી ન શક્યા. ધીરબુદ્ધિ લક્ષ્મણ પ્રભુ રઘુનાથજીના પ્રભાવને જાણતા હતા. ॥ ૧॥

સતી કપટુ જાનેઉ સુરસ્વામી। સબદરસી સબ અંતરજામી ॥
સુમિરત જાહિ મિટઇ અગ્યાના। સોઇ સરબગ્ય રામુ ભગવાના ॥ ૨॥

બધું જ જોનારા અને સર્વેના હૃદયનું જાણનારા દેવતાઓના સ્વામી શ્રીરામચન્દ્રજી સતીના કપટને જાણી ગયા; જેમના સ્મરણમાત્રથી અજ્ઞાનનો નાશ થઈ જાય છે તે જ સર્વજ્ઞ ભગવાન શ્રીરામચન્દ્રજી છે. ॥ ૨॥

સતી કીન્હ ચહ તહઁહુઁ દુરાઊ। દેખહુ નારિ સુભાવ પ્રભાઊ॥
નિજ માયા બલુ હૃદયઁ બખાની। બોલે બિહસિ રામુ મૃદુ બાની॥૩॥

સ્ત્રીસ્વભાવનો પ્રભાવ તો જુઓ કે ત્યાં (તે સર્વજ્ઞ ભગવાનની સામે) પણ સતીજી છુપાવવા માગે છે. પોતાની માયાના બળની પ્રશંસા હૃદયમાં કરી શ્રીરામચન્દ્રજી હસીને કોમળ વાણીથી બોલ્યા. ॥૩॥

જોરિ પાનિ પ્રભુ કીન્હ પ્રનામૂ। પિતા સમેત લીન્હ નિજ નામૂ॥
કહેઉ બહોરિ કહાઁ બૃષકેતૂ। બિપિન અકેલિ ફિરહુ કેહિ હેતૂ॥૪॥

પ્રથમ પ્રભુએ હાથ જોડીને સતીને પ્રણામ કર્યા અને પિતાસહિત પોતાનું નામ કહ્યું. પછી પૂછ્યું કે વૃષકેતુ શિવજી ક્યાં છે? આપ અહીં વનમાં એકલાં શા માટે ફરી રહ્યાં છો? ॥૪॥

દો૦– રામ બચન મૃદુ ગૂઢ઼ સુનિ ઉપજા અતિ સંકોચુ।
સતી સભીત મહેસ પહિં ચલીં હૃદયઁ બડ઼ સોચુ॥૫૩॥

શ્રીરામચન્દ્રજીનાં કોમળ અને ગૂઢ વચન સાંભળી સતીજીને ઘણો જ સંકોચ થયો. તે ડરતાં ડરતાં (ચુપચાપ) શિવજી પાસે જવા માંડ્યા; તેમના હૃદયમાં મોટી ચિંતા ઉત્પન્ન થઈ ગઈ – ॥૫૩॥

ચૌ૦– મૈં સંકર કર કહા ન માના। નિજ અગ્યાનુ રામ પર આના॥
જાઈ ઉતરુ અબ દેહઉઁ કાહા। ઉર ઉપજા અતિ દારુન દાહા॥૧॥

– કે મેં શંકરજીનું કહેવું ન માન્યું અને પોતાના અજ્ઞાનનો શ્રીરામચન્દ્રજી પર આરોપ મૂક્યો. હવે, જઈને હું શિવજીને શો ઉત્તર આપીશ? [આમ વિચારતાં-વિચારતાં] સતીજીના હૃદયમાં અત્યંત ભયાનક બળતરા ઉત્પન્ન થઈ ગઈ. ॥૧॥

જાના રામ સતીં દુખુ પાવા। નિજ પ્રભાઉ કછુ પ્રગટિ જનાવા॥
સતીં દીખ કૌતુકુ મગ જાતા। આગેં રામુ સહિત શ્રી ભ્રાતા॥૨॥

શ્રીરામચન્દ્રજીએ જાણી લીધું કે સતીજીને દુઃખ થયું; ત્યારે તેઓએ પોતાનો કંઈક પ્રભાવ પ્રકટ કરીને તેમને બતાવ્યો. સતીજીએ માર્ગમાં જતાં જતાં આ કૌતુક જોયું કે શ્રીરામચન્દ્રજી સીતાજી અને લક્ષ્મણજી સહિત આગળ જઈ રહ્યાં છે. [આ અવસરે સીતાજીને એટલા માટે દેખાડ્યાં કે સતીજી શ્રીરામના સચ્ચિદાનંદમય રૂપને જુએ, વિયોગ અને દુઃખની કલ્પના જે તેમને થઈ હતી તે દૂર થઈ જાય તથા તેઓ પ્રકૃતિસ્થ બને]. ॥૨॥

ફિરિ ચિતવા પાછેં પ્રભુ દેખા। સહિત બંધુ સિય સુંદર બેષા॥
જહઁ ચિતવહિં તહઁ પ્રભુ આસીના। સેવહિં સિદ્ધ મુનીસ પ્રબીના॥૩॥

[ત્યારે તેમણે] પાછળ વળીને જોયું, તો ત્યાં પણ ભાઈ લક્ષ્મણજી અને સીતાજી સાથે શ્રીરામચન્દ્રજી સુંદર વેષમાં જોવામાં આવ્યાં. તેઓ જ્યાં જુએ છે ત્યાં જ પ્રભુ શ્રીરામચન્દ્રજી વિરાજમાન છે અને ઉત્તમ ચતુર સિદ્ધ મુનીશ્વરો તેમની સેવા કરી રહ્યા છે. ॥૩॥

દેખે સિવ બિધિ બિષ્નુ અનેકા। અમિત પ્રભાઉ એક તેં એકા॥
બંદત ચરન કરત પ્રભુ સેવા। બિબિધ બેષ દેખે સબ દેવા॥૪॥

સતીજીએ એક એકથી ચઢિયાતા અસીમ પ્રભાવવાળા અનેક શિવ, બ્રહ્મા અને વિષ્ણુ જોયા, જે શ્રીરામચન્દ્રજીની ચરણવંદના અને સેવા કરી રહ્યા છે. બધા દેવતાઓને વિવિધ વેષોમાં જોયાં. ॥ ૪॥

દો૦— સતી બિધાત્રી ઇંદિરા દેખીં અમિત અનૂપ।
જેહિં જેહિં બેષ અજાદિ સુર તેહિ તેહિ તન અનુરૂપ॥૫૪॥

તેમણે અગણિત અનુપમ સતી, બ્રહ્માણી અને લક્ષ્મીને જોયાં. જે-જે રૂપે બ્રહ્મા આદિ દેવો હતા, તેના જ અનુકૂળ રૂપમાં [તેમની] આ સર્વે શક્તિઓ પણ હતી. ॥૫૪॥

ચૌ૦— દેખે જહઁ તહઁ રઘુપતિ જેતે। સક્તિન્હ સહિત સકલ સુર તેતે॥
જીવ ચરાચર જો સંસારા। દેખે સકલ અનેક પ્રકારા॥૧॥

સતીજીએ ત્યાં ચારેકોર જેટલા રઘુનાથજી જોયા, શક્તિઓ સહિત ત્યાં તેટલા જ સર્વે દેવતાઓને પણ જોયા. સંસારમાં જેટલા ચરાચર જીવો છે, તે સર્વે પણ અનેક પ્રકારના સર્વે જોયા. ॥ ૧॥

પૂજહિં પ્રભુહિ દેવ બહુ બેષા। રામ રૂપ દૂસર નહિં દેખા॥
અવલોકે રઘુપતિ બહુતેરે। સીતા સહિત ન બેષ ઘનેરે॥૨॥

[તેમણે જોયું કે] અનેકો વેષ ધારણ કરીને દેવતાઓ પ્રભુ શ્રીરામચન્દ્રજીનું પૂજન કરી રહ્યા છે. પરંતુ શ્રીરામચન્દ્રજીનું બીજું રૂપ ક્યાંય ન જોયું. સીતાસહિત શ્રીરઘુનાથજી ઘણા બધા જોયા, પરંતુ તેમના વેષ અનેક નહોતા. ॥ ૨॥

સોઇ રઘુબર સોઇ લછિમનુ સીતા। દેખિ સતી અતિ ભઈં સભીતા॥
હૃદય કંપ તન સુધિ કછુ નાહીં। નયન મૂદિ બૈઠીં મગ માહીં॥૩॥

[સર્વે સ્થળે] તે જ રઘુનાથજી, તે જ લક્ષ્મણ અને તે જ સીતાજી—સતી આમ જોઈને ઘણાં જ ભયભીત થઈ ગયા. તેમનું હૃદય કંપવા માંડ્યું અને દેહની સુધ-બુધ જતી રહી. તે આંખ મીંચીને માર્ગમાં બેસી ગયાં. ॥ ૩॥

બહુરિ બિલોકેઉ નયન ઉઘારી। કછુ ન દીખ તહઁ દચ્છકુમારી॥
પુનિ પુનિ નાઇ રામ પદ સીસા। ચલીં તહાઁ જહઁ રહે ગિરીસા॥૪॥

વળી, આંખો ખોલીને જોયું, તો ત્યાં દક્ષકુમારી(સતીજી)ને કંઈ પણ ન જોવામાં આવ્યું. ત્યારે તેઓ વારંવાર શ્રીરામચન્દ્રજીના ચરણોમાં શીશ નમાવી જ્યાં શિવજી હતા તે તરફ ચાલ્યાં. ॥ ૪॥

દો૦— ગઈ સમીપ મહેસ તબ હઁસિ પૂછી કુસલાત।
લીન્હિ પરીછા કવન બિધિ કહહુ સત્ય સબ બાત॥૫૫॥

જ્યારે પાસે પહોંચ્યા, ત્યારે શ્રીશિવજીએ હસીને કુશળ પ્રશ્ન કરીને કહ્યું કે તમે રામજીની પરીક્ષા કેવી રીતે લીધી, સઘળી વાત સાચેસાચી કહો. ॥ ૫૫॥

માસપારાયણ, બીજો વિશ્રામ

ચૌ૦– સતીં સમુઝિ રઘુબીર પ્રભાઊ । ભય બસ સિવ સન કીન્હ દુરાઊ ॥
કછુ ન પરીછા લીન્હિ ગોસાઈં । કીન્હ પ્રનામુ તુમ્હારિહિ નાઈં ॥ ૧॥

સતીજીએ શ્રીરઘુનાથજીના પ્રભાવને સમજીને ભયના કારણે શિવજીથી વાત છુપાવીને કહ્યું, 'હે સ્વામી! મેં કંઈ પણ પરીક્ષા નથી લીધી, [ત્યાં જઈને] આપની જેમ જ પ્રણામ કર્યાં છે. ॥ ૧॥

જો તુમ્હ કહા સો મૃષા ન હોઈ । મોરેં મન પ્રતીતિ અતિ સોઈ ॥
તબ સંકર દેખેઉ ધરિ ધ્યાના । સતીં જો કીન્હ ચરિત સબુ જાના ॥ ૨॥

આપે જે કહ્યું તે ખોટું ન હોઈ શકે, 'મારા મનમાં આ મોટો (પૂરો) વિશ્વાસ છે.' ત્યારે શિવજીએ ધ્યાન કરીને જોયું અને સતીજીએ જે ચરિત્ર કર્યું હતું તે સર્વે જાણી લીધું. ॥ ૨॥

બહુરિ રામમાયહિ સિરુ નાવા । પ્રેરિ સતિહિ જેહિં ઝૂઁઠ કહાવા ॥
હરિ ઇચ્છા ભાવી બલવાના । હદયઁ બિચારત સંભુ સુજાના ॥ ૩॥

વળી, શ્રીરામચન્દ્રજીની માયાને માથું નમાવ્યું, જેણે પ્રેરણા કરી સતીના મુખેથી જૂઠું કહેવડાવી દીધું. સુજ્ઞ શિવજીએ મનમાં વિચાર કર્યો કે હરિની ઇચ્છારૂપ ભાવિ પ્રબળ છે. ॥ ૩॥

સતીં કીન્હ સીતા કર બેષા । સિવ ઉર ભયઉ બિષાદ બિસેષા ॥
જૌં અબ કરઉઁ સતી સન પ્રીતી । મિટઇ ભગતિ પથુ હોઇ અનીતી ॥ ૪॥

સતીજીએ સીતાજીનો વેષ ધારણ કર્યો, એમ જાણીને શિવજીના હૃદયમાં ઘણો વિષાદ (ખેદ) થયો. તેમણે વિચાર્યું કે જો હું હવે સતી સાથે પ્રીતિ કરું છું તો ભક્તિમાર્ગ લુપ્ત થઈ જાય છે અને મોટો અન્યાય થાય છે. ॥ ૪॥

દો૦– પરમ પુનીત ન જાઇ તજિ કિએઁ પ્રેમ બડ઼ પાપુ ।
પ્રગટિ ન કહત મહેસુ કછુ હૃદયઁ અધિક સંતાપુ ॥ ૫૬॥

સતી પરમ પવિત્ર છે, એટલે એને છોડી પણ શકાતાં નથી અને પ્રેમ કરવામાં મોટું પાપ છે. પ્રત્યક્ષ રીતે મહાદેવજી કંઈ પણ નથી કહેતા, પરંતુ તેમના હૃદયમાં ઘણો સંતાપ છે. ॥ ૫૬॥

ચૌ૦– તબ સંકર પ્રભુ પદ સિરુ નાવા । સુમિરત રામુ હૃદયઁ અસ આવા ॥
એહિં તન સતિહિ ભેટ મોહિ નાહીં । સિવ સંકલ્પુ કીન્હ મન માહીં ॥ ૧॥

ત્યારે શિવજીએ પ્રભુ શ્રીરામચન્દ્રજીનાં ચરણકમળોમાં શીશ નમાવ્યું અને શ્રીરામજીનું સ્મરણ કરતાં જ તેમના મનમાં આ આવ્યું કે સતીના આ શરીર સાથે મારો [પતિ-પત્નીરૂપે] મેળાપ નથી થઈ શકતો અને શિવજીએ પોતાના મનમાં આવો સંકલ્પ કરી લીધો. ॥ ૧॥

અસ બિચારિ સંકરુ મતિધીરા । ચલે ભવન સુમિરત રઘુબીરા ॥
ચલત ગગન ભૈ ગિરા સુહાઈ । જય મહેસ ભલિ ભગતિ દઢ઼ાઈ ॥ ૨॥

સ્થિરબુદ્ધિ શંકરજી આમ વિચાર કરીને શ્રીરઘુનાથજીનું સ્મરણ કરતાં કરતાં પોતાના ઘર (કૈલાસ) તરફ ચાલ્યા. ચાલતા સમયે સુંદર આકાશવાણી થઈ કે હે મહેશ! આપનો જય થાઓ. આપે ભક્તિની શ્રેષ્ઠ દઢતા કરી. ॥ ૨॥

અસ પન તુમ્હ બિનુ કરઈ કો આના। રામભગત સમરથ ભગવાના ॥
સુનિ નભગિરા સતી ઉર સોચા। પૂછા સિવહિ સમેત સકોચા ॥ ૩॥

આપ સિવાય બીજો કોણ આવી પ્રતિજ્ઞા કરી શકે છે? આપ શ્રીરામચન્દ્રજીના ભક્ત છો, સમર્થ છો અને ભગવાન છો. આ આકાશવાણી સાંભળી સતીજીના મનમાં ચિંતા થઈ અને તેમણે સંકોચ સાથે શિવજીને પૂછ્યું – ॥ ૩॥

કીન્હ કવન પન કહહુ કૃપાલા। સત્યધામ પ્રભુ દીનદયાલા ॥
જદપિ સતીં પૂછા બહુ ભાઁતી। તદપિ ન કહેઉ ત્રિપુર આરાતી ॥ ૪॥

– હે કૃપાળુ! કહોને, આપે કઈ પ્રતિજ્ઞા કરી છે? હે પ્રભો! આપ સત્યના ધામ અને દીનદયાળુ છો. આમ સતીજીએ ઘણી રીતે પૂછ્યું, પરંતુ ત્રિપુરારિ શિવજીએ કંઈ ન કહ્યું. ॥ ૪॥

દો૦– સતીં હૃદયઁ અનુમાન કિય સબુ જાનેઉ સર્બગ્ય।
કીન્હ કપટુ મૈં સંભુ સન નારિ સહજ જડ઼ અગ્ય ॥ ૫૭ (ક)॥

સતીજીએ હૃદયમાં અનુમાન કર્યું કે સર્વજ્ઞ શિવજી બધું જ જાણી ગયા છે. મેં શિવજી સાથે કપટ કર્યું, સ્ત્રી સ્વભાવથી જ મૂર્ખ અને અણસમજુ હોય છે. ॥ ૫૭ (ક)॥

સો૦– જલુ પય સરિસ બિકાઇ દેખહુ પ્રીતિ કિ રીતિ ભલિ।
બિલગ હોઈ રસુ જાઈ કપટ ખટાઈ પરત પુનિ ॥ ૫૭ (ખ)॥

પ્રીતિની સુંદર રીત જુઓ કે જળ પણ [દૂધના સાથે મળી] દૂધના સમાન ભાવે વેચાય છે. પરંતુ કપટરૂપી ખટાશ પડતાંની સાથે જ પાણી જુદું થઈ જાય છે (દૂધ ફાટી જાય છે) અને સ્વાદ (પ્રેમ) જતો રહે છે. ॥ ૫૭ (ખ)॥

ચૌ૦– હૃદયઁ સોચુ સમુઝત નિજ કરની। ચિંતા અમિત જાઇ નહિં બરની ॥
કૃપાસિંધુ સિવ પરમ અગાધા। પ્રગટ ન કહેઉ મોર અપરાધા ॥ ૧॥

પોતાની કરણીને યાદ કરીને સતીજીના હૃદયમાં એટલો શોક છે અને અપાર ચિંતા છે કે જેનું વર્ણન કરી શકાતું નથી. [તેમણે સમજી લીધું કે] શિવજી કૃપાના પરમ અગાધ સાગર છે. આથી પ્રત્યક્ષરૂપે તેઓએ મારો અપરાધ નથી કહ્યો. ॥ ૧॥

સંકર રુખ અવલોકિ ભવાની। પ્રભુ મોહિ તજેઉ હૃદયઁ અકુલાની ॥
નિજ અઘ સમુઝિ ન કછુ કહિ જાઈ। તપઇ અવાઁ ઇવ ઉર અધિકાઈ ॥ ૨॥

શિવજીનું વલણ જોઈને સતીજીએ જાણી લીધું કે સ્વામીએ મારો ત્યાગ કરી દીધો છે અને તે હૃદયમાં વ્યાકુળ થઈ ગયાં. પોતાનું પાપ સમજીને કંઈ કહી નથી શકતાં, પરંતુ અંતર [અંદર ને અંદર] કુંભારના નિભાડાની જેમ અત્યંત બળવા લાગ્યું. ॥ ૨॥

સતિહિ સસોચ જાનિ બૃષકેતૂ। કહીં કથા સુંદર સુખ હેતૂ ॥
બરનત પંથ બિબિધ ઇતિહાસા। બિસ્વનાથ પહુઁચે કૈલાસા ॥ ૩॥

વૃષકેતુ શિવજીએ સતીને ચિંતાયુક્ત જાણીને તેમને સુખ આપવા માટે સુંદર કથાઓ કહી. આ રીતે માર્ગમાં વિવિધ પ્રકારના ઈતિહાસોને કહેતાં કહેતાં વિશ્વનાથ કૈલાસ જઈ પહોંચ્યા. ॥ ૩॥

તહઁ પુનિ સંભુ સમુઝિ પન આપન। બૈઠે બટ તર કરિ કમલાસન ॥
સંકર સહજ સરૂપુ સમ્હારા। લાગિ સમાધિ અખંડ અપારા ॥ ૪॥

ત્યાં ફરી શિવજી પોતાની પ્રતિજ્ઞાને યાદ કરીને વડના ઝાડ નીચે પદ્માસન લગાવીને બેસી ગયા. શિવજીએ પોતાનું સ્વાભાવિક રૂપ સંભાળ્યું. એમની અખંડ અને અપાર સમાધિ લાગી ગઈ. ॥ ૪॥

દો૦– સતી બસહિં કૈલાસ તબ અધિક સોચુ મન માહિં।
મરમુ ન કોઊ જાન કછુ જુગ સમ દિવસ સિરાહિં ॥ ૫૮॥

ત્યારે સતીજી કૈલાસ પર રહેવા લાગ્યાં. તેમના મનમાં મોટું દુઃખ હતું. આ રહસ્યને કોઈ પણ કંઈ જાણતું નહોતું. તેમનો એક-એક દિવસ યુગ જેમ વીતી રહ્યો હતો. ॥ ૫૮॥

ચૌ૦– નિત નવ સોચુ સતી ઉર ભારા। કબ જૈહઉઁ દુખ સાગર પારા ॥
મૈં જો કીન્હ રઘુપતિ અપમાના। પુનિ પતિબચનુ મૃષા કરિ જાના ॥ ૧॥

સતીજીના હૃદયમાં નિત્ય નવો અને ભારે ખેદ થતો રહેતો હતો કે હું આ દુઃખ-સમુદ્રને ક્યારે પાર કરી શકીશ? મેં શ્રીરઘુનાથજીનું જે અપમાન કર્યું અને વળી, પતિનાં વચનોને ખોટાં માન્યાં – ॥ ૧॥

સો ફલુ મોહિ બિધાતાઁ દીન્હા। જો કછુ ઉચિત રહા સોઈ કીન્હા ॥
અબ બિધિ અસ બૂઝિઅ નહિં તોહી। સંકર બિમુખ જિઆવસિ મોહી ॥ ૨॥

– તેનું ફળ વિધાતાએ મને આપ્યું, જે ઉચિત હતું તે જ કર્યું; પણ હે વિધાતા! હવે આ તારા માટે ઉચિત નથી કે શંકરજીથી વિમુખ થયા પછી પણ તું મને જીવાડી રહ્યો છે. ॥ ૨॥

કહિ ન જાઈ કછુ હૃદય ગલાની। મન મહુઁ રામહિ સુમિર સયાની ॥
જૌં પ્રભુ દીનદયાલુ કહાવા। આરતિ હરન બેદ જસુ ગાવા ॥ ૩॥

સતીજીના અંતરમાંની ગ્લાનિ કંઈક એવી છે કે કહી શકાતી નથી. બુદ્ધિમતી સતીજીએ મનમાં શ્રીરામચન્દ્રજીનું સ્મરણ કર્યું અને કહ્યું – હે પ્રભો! જો આપ દીનદયાળુ કહેવાઓ છો અને વેદોએ આપનો આ યશ ગાયો છે કે આપ દુઃખને હરનારા છો, ॥ ૩॥

તૌ મૈં બિનય કરઉઁ કર જોરી। છૂટઉ બેગિ દેહ યહ મોરી ॥
જૌં મોરેં સિવ ચરન સનેહૂ। મન ક્રમ બચન સત્ય બ્રતુ એહૂ ॥ ૪॥

તો હું હાથ જોડીને વિનંતી કરું છું કે મારો આ દેહ જલદી છૂટી જાય. જો મારો શિવજીના ચરણોમાં પ્રેમ છે અને મારું આ [પ્રેમનું] વ્રત મન, વચન અને કર્મ (આચરણ)થી સત્ય છે, ॥ ૪॥

દો૦– તૌ સબદરસી સુનિઅ પ્રભુ કરઉ સો બેગિ ઉપાઇ ।
હોઇ મરનુ જેહિં બિનહિં શ્રમ દુસહ બિપત્તિ બિહાઇ ॥ ૫૯॥

– તો હે સર્વદર્શી પ્રભો! સાંભળો, અને શીઘ્ર એવો ઉપાય કરો જેથી મારું મરણ થાય અને વિના પરિશ્રમે જ આ [પતિ-પરિત્યાગરૂપી] અસહ્ય વિપત્તિ દૂર થઈ જાય. ॥ ૫૯॥

ચૌ૦– એહિ બિધિ દુખિત પ્રજેસકુમારી । અકથનીય દારુન દુખુ ભારી ॥
બીતેં સંબત સહસ સતાસી । તજી સમાધિ સંભુ અબિનાસી ॥ ૧॥

દક્ષસુતા સતીજી આ રીતે ઘણાં જ દુખિત હતાં. તેમને એટલું દારુણ દુઃખ હતું કે જેનું વર્ણન નથી કરી શકાતું. સત્યાસી હજાર વર્ષ વીતી ગયાં બાદ અવિનાશી શિવજીએ સમાધિ છોડી. ॥ ૧॥

રામ નામ સિવ સુમિરન લાગે । જાનેઉ સતીં જગતપતિ જાગે ॥
જાઇ સંભુ પદ બંદનુ કીન્હા । સનમુખ સંકર આસનુ દીન્હા ॥ ૨॥

શિવજી રામનામનું સ્મરણ કરવા લાગ્યા, ત્યારે સતીજીએ જાણ્યું કે હવે જગતના સ્વામી (શિવજી) જાગ્યા. તેઓએ જઈને શિવજીના ચરણોમાં પ્રણામ કર્યાં. શિવજીએ તેમને બેસવા માટે સામે આસન આપ્યું. ॥ ૨॥

લગે કહન હરિ કથા રસાલા । દચ્છ પ્રજેસ ભએ તેહિ કાલા ॥
દેખા બિધિ બિચારિ સબ લાયક । દચ્છહિ કીન્હ પ્રજાપતિ નાયક ॥ ૩॥

શિવજી ભગવાન હરિની રસમયી કથાઓ કહેવા લાગ્યા. તે સમયે દક્ષ પ્રજાપતિ બન્યા. બ્રહ્માજીએ સર્વ પ્રકારે યોગ્ય જોઈ-સમજીને દક્ષને પ્રજાપતિઓના નાયક બનાવી દીધા. ॥ ૩॥

બડ઼ અધિકાર દચ્છ જબ પાવા । અતિ અભિમાનુ હૃદયઁ તબ આવા ॥
નહિં કોઉ અસ જનમા જગ માહીં । પ્રભુતા પાઇ જાહિ મદ નાહીં ॥ ૪॥

જ્યારે દક્ષને આટલો મોટો અધિકાર મળ્યો ત્યારે તેમના હૃદયમાં અત્યંત અભિમાન આવી ગયું. જગતમાં એવો કોઈ પેદા નથી થયો જેને પ્રભુતા પ્રાપ્ત થયા બાદ મદ ન ચઢ્યો હોય. ॥ ૪॥

દો૦– દચ્છ લિએ મુનિ બોલિ સબ કરન લગે બડ઼ જાગ ।
નેવતે સાદર સકલ સુર જે પાવત મખ ભાગ ॥ ૬૦॥

દક્ષે સર્વ મુનિઓને બોલાવ્યા અને તેઓ મોટો યજ્ઞ કરવા લાગ્યા. જે દેવતા યજ્ઞનો ભાગ પામે છે, તે સર્વેને આદરસહિત નિમંત્રિત કર્યા. ॥ ૬૦॥

ચૌ૦– કિંનર નાગ સિદ્ધ ગંધર્બા । બધુન્હ સમેત ચલે સુર સર્બા ॥
બિષ્નુ બિરંચિ મહેસુ બિહાઈ । ચલે સકલ સુર જાન બનાઈ ॥ ૧॥

[દક્ષનું નિમંત્રણ પામીને] કિન્નર, નાગ, સિદ્ધ, ગંધર્વ અને સર્વે દેવતા પોતપોતાની સ્ત્રીઓ સહિત ચાલ્યા. વિષ્ણુ, બ્રહ્મા અને મહાદેવજી સિવાય સર્વે દેવો પોતપોતાના વિમાન સજાવીને નીકળી પડ્યા. ॥ ૧॥

સતીં બિલોકે બ્યોમ બિમાના । જાત ચલે સુંદર બિધિ નાના ॥
સુર સુંદરી કરહિં કલ ગાના । સુનત શ્રવન છૂટહિં મુનિ ધ્યાના ॥ ૨॥

સતીજીએ જોયું કે અનેક પ્રકારનાં સુંદર વિમાન આકાશમાં જઈ રહ્યાં છે. દેવ-સુંદરીઓ મધુર ગાન કરી રહી છે, જેને સાંભળીને મુનિઓનું ધ્યાન છૂટી જાય છે. ॥ ૨॥

પૂછેઉ તબ સિવઁ કહેઉ બખાની । પિતા જગ્ય સુનિ કછુ હરષાની ॥
જૌં મહેસુ મોહિ આયસુ દેહીં । કછુ દિન જાઇ રહૌં મિસ એહીં ॥ ૩॥

સતીજીએ [વિમાનોમાંના દેવતાઓને જવાનું કારણ] પૂછ્યું, ત્યારે શિવજીએ સર્વે વાતો જણાવી. પિતાના યજ્ઞની વાત સાંભળીને સતી કંઈક પ્રસન્ન થયાં અને વિચારવા લાગ્યાં કે જો મહાદેવજી મને આજ્ઞા આપે તો આ બહાને થોડાક દિવસ પિતાને ઘેર જઈને રહું. ॥ ૩॥

પતિ પરિત્યાગ હૃદયઁ દુખુ ભારી । કહઇ ન નિજ અપરાધ બિચારી ॥
બોલી સતી મનોહર બાની । ભય સંકોચ પ્રેમ રસ સાની ॥ ૪॥

કેમકે તેમના હૃદયમાં પતિ દ્વારા ત્યાગી જવાનું ઘણું ભારે દુઃખ હતું, પરંતુ પોતાનો અપરાધ સમજીને તે કંઈ કહેતાં નહોતાં. છેવટે સતીજી ભય, સંકોચ અને પ્રેમરસમાં તરબોળ મનોહર વાણીમાં બોલ્યાં – ॥ ૪॥

દો૦ – પિતા ભવન ઉત્સવ પરમ જૌં પ્રભુ આયસુ હોઇ ।
તૌ મૈં જાઉં કૃપાયતન સાદર દેખન સોઇ ॥ ૬૧॥

હે પ્રભો! મારા પિતાના ઘેર ઘણો મોટો ઉત્સવ છે, જો આપની આજ્ઞા હોય તો હે કૃપાધામ! હું આદરસહિત તેને જોવા જાઉં? ॥ ૬૧॥

ચૌ૦ – કહેઉ નીક મોરેહુઁ મન ભાવા । યહ અનુચિત નહિં નેવત પઠાવા ॥
દચ્છ સકલ નિજ સુતા બોલાઈ । હમરેં બયર તુમ્હઉ બિસરાઈ ॥ ૧॥

શિવજીએ કહ્યું – તમે વાત તો સારી કરી, તે મારા મનને પણ પસંદ પડી. પણ તેઓએ નોતરું નથી મોકલ્યું તે અનુચિત છે. દક્ષે પોતાની બધી દીકરીઓને બોલાવી છે; પરંતુ મારી ઉપરના વેરના લીધે તેઓએ તમને પણ વિસારી દીધાં છે. ॥ ૧॥

બ્રહ્મસભાઁ હમ સન દુખુ માના । તેહિ તેં અજહુઁ કરહિં અપમાના ॥
જૌં બિનુ બોલેં જાહુ ભવાની । રહઇ ન સીલુ સનેહુ ન કાની ॥ ૨॥

એક વખત બ્રહ્માની સભામાં મારાથી અપ્રસન્ન બન્યા હતા, તેથી તે અત્યારે પણ અમારું અપમાન કરે છે. હે ભવાની! જો તમે વગર બોલાવે જશો તો શીલ-સ્નેહ પણ નહીં રહે અને માન-મર્યાદા પણ નહીં રહેશે. ॥ ૨॥

જદપિ મિત્ર પ્રભુ પિતુ ગુર ગેહા । જાઇઅ બિનુ બોલેહુઁ ન સઁદેહા ॥
તદપિ બિરોધ માન જહઁ કોઈ । તહાઁ ગએઁ કલ્યાનુ ન હોઈ ॥ ૩॥

જોકે એમાં એ સંશય નથી કે મિત્ર, સ્વામી, પિતા અને ગુરુના ઘેર વગર બોલાવે પણ જવું જોઈએ, તો પણ જ્યાં કોઈ વિરોધ માનતું હોય, તેના ઘરે જવામાં કલ્યાણ થતું નથી. ॥ ૩॥

ભાઁતિ અનેક સંભુ સમુઝાવા । ભાવી બસ ન ગ્યાનુ ઉર આવા ॥
કહ પ્રભુ જાહુ જો બિનહિં બોલાએઁ । નહિં ભલિ બાત હમારે ભાએઁ ॥ ૪॥

શિવજીએ અનેક પ્રકારે સમજાવ્યાં, પરંતુ ભાવિને વશ સતીના હૃદયમાં બોધ ન થયો. વળી, શિવજીએ કહ્યું કે જો વગર બોલાવે જશો, તો અમારી સમજણ અનુસાર સારી વાત નહીં બને. ॥ ૪॥

દો૦ – કહિ દેખા હર જતન બહુ રહઈ ન દચ્છકુમારિ ।
દિએ મુખ્ય ગન સંગ તબ બિદા કીન્હ ત્રિપુરારિ ॥ ૬૨॥

શિવજીએ અનેક પ્રકારે કહી જોયું, પણ જ્યારે સતી કોઈ પણ રીતે ન રોકાયાં, ત્યારે ત્રિપુરારિ મહાદેવજીએ પોતાના મુખ્ય ગણોનો સંગાથ આપીને તેમને વિદાય કર્યાં. ॥ ૬૨॥

ચૌ૦ – પિતા ભવન જબ ગઈં ભવાની । દચ્છ ત્રાસ કાહુઁ ન સનમાની ॥
સાદર ભલેહિં મિલી એક માતા । ભગિનીં મિલીં બહુત મુસુકાતા ॥ ૧॥

ભવાની જ્યારે પિતા(દક્ષ)ના ઘેર પહોંચ્યાં, ત્યારે દક્ષના ભયને કારણે તેમની કોઈએ આગતા-સ્વાગતા ન કરી. ભલે, માત્ર એક માતા આદરથી મળી. બહેનો ઘણી મલકાઈને મળી. ॥ ૧॥

દચ્છ ન કછુ પૂછી કુસલાતા । સતિહિ બિલોકિ જરે સબ ગાતા ॥
સતીં જાઇ દેખેઉ તબ જાગા । કતહુઁ ન દીખ સંભુ કર ભાગા ॥ ૨॥

દક્ષે તો તેમની કંઈ કુશળસુદ્ધા ન પૂછી, સતીજીને જોઈને ઊલટા તેનાં બધાં અંગો બળી ઊઠ્યાં. ત્યારે સતીએ આગળ જઈને યજ્ઞ જોયો તો ત્યાં ક્યાંય શિવજીનો ભાગ ન દેખાયો. ॥ ૨॥

તબ ચિત ચઢ઼ેઉ જો સંકર કહેઊ । પ્રભુ અપમાનુ સમુઝિ ઉર દહેઊ ॥
પાછિલ દુખુ ન હૃદયઁ અસ બ્યાપા । જસ યહ ભયઉ મહા પરિતાપા ॥ ૩॥

ત્યારે શિવજીએ જે કહ્યું હતું તેની તેમને સમજણ પડી. સ્વામીના અપમાનને સમજીને સતીનું હૃદય બળી ઊઠ્યું. પાછલું (પતિ પરિત્યાગનું) દુઃખ તેમના હૃદયમાં એટલું નહોતું વ્યાપ્યું, જેટલું મહાન દુઃખ આ સમયે (પતિ અપમાનના કારણે) થયું. ॥ ૩॥

જદ્યપિ જગ દારુન દુખ નાના । સબ તેં કઠિન જાતિ અવમાના ॥
સમુઝિ સો સતિહિ ભયઉ અતિ ક્રોધા । બહુ બિધિ જનનીં કીન્હ પ્રબોધા ॥ ૪॥

જોકે જગતમાં અનેક પ્રકારનાં દારુણ દુઃખો છે તો પણ જાતિ-અપમાન સૌથી અધિક કઠિન છે. આમ સમજીને સતીજીને ઘણો ક્રોધ ઉત્પન્ન થયો. માતાએ તેમને ઘણી રીતે સમજાવ્યાં. ॥ ૪॥

દો૦ – સિવ અપમાનુ ન જાઇ સહિ હૃદયઁ ન હોઇ પ્રબોધ ।
સકલ સભહિ હઠિ હટકિ તબ બોલીં બચન સક્રોધ ॥ ૬૩॥

પરંતુ તેમનાથી શિવજીનું અપમાન ન સહેવાયું, આથી તેમના હૃદયમાં કોઈ પણ જાતનો પ્રબોધ ન થયો. ત્યારે તેમણે આખી સભાને હઠપૂર્વક ધમકાવીને ક્રોધભર્યાં વચનો કહ્યાં – ॥ ૬૩॥

ચૌ૦ – સુનહુ સભાસદ સકલ મુનિંદા । કહી સુની જિન્હ સંકર નિંદા ॥
સો ફલુ તુરત લહબ સબ કાહૂઁ । ભલી ભાઁતિ પછિતાબ પિતાહૂઁ ॥ ૧॥

હે સભાસદો અને સર્વે મુનીશ્વરો! સાંભળો. જે લોકોએ અહીં શિવજીની નિંદા કરી કે સાંભળી છે તે સર્વેને તેનું ફળ તત્કાળ જ મળશે અને મારા પિતા દક્ષ પણ સારી પેઠે પસ્તાશે. ॥ ૧॥

સંત સંભુ શ્રીપતિ અપબાદા । સુનિઅ જહાઁ તહઁ અસિ મરજાદા ॥
કાટિઅ તાસુ જીભ જો બસાઈ । શ્રવન મૂદિ ન ત ચલિઅ પરાઈ ॥ ૨॥

જ્યાં સંત, શિવજી અને લક્ષ્મીપતિ વિષ્ણુ ભગવાનની નિંદા સાંભળવામાં આવે તો ત્યાં એવી મર્યાદા છે કે જો પોતાનો વશ ચાલે તો તે(નિંદા કરનાર)ની જીભ કાપી લેવી; અને વશ ન ચાલે તો કાન બંધ કરી ત્યાંથી નાસી જવું. ॥ ૨॥

જગદાતમા મહેસુ પુરારી । જગત જનક સબ કે હિતકારી ॥
પિતા મંદમતિ નિંદત તેહી । દચ્છ સુક્ર સંભવ યહ દેહી ॥ ૩॥

ત્રિપુર દૈત્યને મારનાર ભગવાન મહેશ્વર સંપૂર્ણ જગતનો આત્મા છે, તેઓ જગતપિતા અને સર્વેનું હિત કરનારા છે. મારો મંદબુદ્ધિ પિતા તેમની નિંદા કરે છે; મારું આ શરીર દક્ષના જ વીર્યથી ઉત્પન્ન થયું છે. ॥ ૩॥

તજિહઉઁ તુરત દેહ તેહિ હેતૂ । ઉર ધરિ ચંદ્રમૌલિ બૃષકેતૂ ॥
અસ કહિ જોગ અગિનિ તનુ જારા । ભયઉ સકલ મખ હાહાકારા ॥ ૪॥

એટલે ચન્દ્રમાને લલાટ પર ધારણ કરનારા વૃષકેતુ શિવજીને હૃદયમાં ધારણ કરીને હું આ શરીરને તરત જ ત્યાગી દઈશ. આમ કહીને સતીજીએ યોગાગ્નિમાં પોતાનું શરીર ભસ્મ કરી નાંખ્યું. આખીય યજ્ઞશાળામાં હાહાકાર થઈ ગયો. ॥ ૪॥

દો૦ – સતી મરનુ સુનિ સંભુ ગન લગે કરન મખ ખીસ ।
જગ્ય બિધંસ બિલોકિ ભૃગુ રચ્છા કીન્હિ મુનીસ ॥ ૬૪॥

સતીનું મરણ સાંભળી શિવજીના ગણો યજ્ઞનો વિધ્વંસ કરવા લાગ્યા. યજ્ઞનો નાશ થતો જોઈને મુનીશ્વર ભૃગુજીએ તેની રક્ષા કરી. ॥ ૬૪॥

ચૌ૦ – સમાચાર સબ સંકર પાએ । બીરભદ્રુ કરિ કોપ પઠાએ ॥
જગ્ય બિધંસ જાઈ તિન્હ કીન્હા । સકલ સુરન્હ બિધિવત ફલુ દીન્હા ॥ ૧॥

આ બધા સમાચાર શિવજીને મળ્યા ત્યારે તેઓએ ક્રોધ કરીને વીરભદ્રને મોકલ્યો. તેમણે ત્યાં જઈને યજ્ઞનો વિધ્વંસ કરી નાખ્યો અને બધા દેવતાઓને યથોચિત ફળ (દંડ) આપ્યું. ॥ ૧॥

ભૈ જગબિદિત દચ્છ ગતિ સોઈ । જસિ કછુ સંભુ બિમુખ કૈ હોઈ ॥
યહ ઈતિહાસ સકલ જગ જાની । તાતે મૈં સંછેપ બખાની ॥ ૨॥

દક્ષની જગજાહેર તે જ ગતિ થઈ જે શિવદ્રોહીની થતી હોય છે. આ ઈતિહાસને આખોય સંસાર જાણે છે, તેથી મેં સંક્ષેપમાં વર્ણન કર્યું છે. ॥ ૨॥

સતીં મરત હરિ સન બરુ માગા। જનમ જનમ સિવ પદ અનુરાગા ॥
તેહિ કારન હિમગિરિ ગૃહ જાઈ। જનમીં પારબતી તનુ પાઈ ॥ ૩॥

સતીએ મરતી વખતે ભગવાન હરિ પાસે એવું વરદાન માગ્યું કે જન્મોજન્મ મારો શિવજીના ચરણોમાં અનુરાગ રહે. આ જ કારણે તેમણે હિમાલયના ઘેર જઈને પાર્વતીરૂપે જન્મ લીધો. ॥ ૩॥

જબ તેં ઉમા સૈલ ગૃહ જાઈં। સકલ સિદ્ધિ સંપતિ તહઁ છાઈં ॥
જહઁ તહઁ મુનિન્હ સુઆશ્રમ કીન્હે। ઉચિત બાસ હિમ ભૂધર દીન્હે ॥ ૪॥

જ્યારથી ઉમાજી હિમાલયના ઘેર જન્મ્યાં ત્યારથી ત્યાં બધી સિદ્ધિઓ અને સંપત્તિઓ છવાઈ ગઈ. મુનિઓએ ચારેકોર સુંદર આશ્રમ બનાવી દીધા અને હિમાલયે તેમને ઉચિત સ્થાન આપ્યાં. ॥ ૪॥

દો૦ – સદા સુમન ફલ સહિત સબ દ્રુમ નવ નાના જાતિ।
પ્રગટીં સુંદર સૈલ પર મનિ આકર બહુ ભાઁતિ ॥ ૬૫॥

તે સુંદર પર્વત ઉપર ઘણી જાતનાં બધાં નવાં નવાં વૃક્ષો કાયમી પુષ્પ-ફળયુક્ત થઈ ગયાં અને ત્યાં અનેક પ્રકારના મણિઓની ખાણો પ્રકટ થઈ ગઈ. ॥ ૬૫॥

ચૌ૦ – સરિતા સબ પુનીત જલુ બહહીં। ખગ મૃગ મધુપ સુખી સબ રહહીં ॥
સહજ બયરુ સબ જીવન્હ ત્યાગા। ગિરિ પર સકલ કરહિં અનુરાગા ॥ ૧॥

બધી નદીઓમાં પવિત્ર જળ વહે છે અને પક્ષી, પશુ, ભ્રમર બધાય સુખે રહે છે. સર્વે જીવોએ પોતાનાં સ્વાભાવિક વેરનો ત્યાગ કર્યો છે અને પર્વત પર બધાંય પરસ્પર સ્નેહ રાખે છે. ॥ ૧॥

સોહ સૈલ ગિરિજા ગૃહ આએઁ। જિમિ જનુ રામભગતિ કે પાએઁ ॥
નિત નૂતન મંગલ ગૃહ તાસૂ। બ્રહ્માદિક ગાવહિં જસુ જાસૂ ॥ ૨॥

પાર્વતીજીના ઘેર આવવાથી પર્વત એવો શોભાયમાન થઈ રહ્યો છે જેમ રામભક્તિને પામીને ભક્ત શોભાયમાન થાય છે. તે (પર્વતરાજ)ના ઘેર નિત્ય નવા નવા મંગલોત્સવ થાય છે, જેનો યશ બ્રહ્માદિ ગાય છે. ॥ ૨॥

નારદ સમાચાર સબ પાએ। કૌતુકહીં ગિરિ ગેહ સિધાએ ॥
સૈલરાજ બડ઼ આદર કીન્હા। પદ પખારિ બર આસનુ દીન્હા ॥ ૩॥

જ્યારે નારદજીએ આ સર્વે સમાચાર સાંભળ્યા ત્યારે તેઓ કૌતુકથી હિમાલયના ઘેર પધાર્યા. પર્વતરાજે તેમનો ઘણો સત્કાર કર્યો અને ચરણ ધોઈને તેમને શ્રેષ્ઠ આસન આપ્યું. ॥ ૩॥

નારિ સહિત મુનિ પદ સિરુ નાવા। ચરન સલિલ સબુ ભવનુ સિંચાવા ॥
નિજ સૌભાગ્ય બહુત ગિરિ બરના। સુતા બોલિ મેલી મુનિ ચરના ॥ ૪॥

વળી, પોતાની સ્ત્રીસહિત મુનિના ચરણોમાં શીશ નમાવ્યું અને તેમના ચરણોદકને આખાય ઘરમાં છંટાવ્યું. હિમાલયે પોતાના સૌભાગ્યનાં ઘણાં વખાણ કર્યાં અને પુત્રીને બોલાવી મુનિના ચરણોમાં મૂકી. ॥ ૪॥

દો૦ – ત્રિકાલગ્ય સર્બગ્ય તુમ્હ ગતિ સર્બત્ર તુમ્હારિ ।
કહહુ સુતા કે દોષ ગુન મુનિબર હૃદયઁ બિચારિ ॥ ૬૬॥

[અને પર્વતરાજે કહ્યું –] હે મુનિવર! આપ ત્રિકાળને જાણનારા અને સર્વજ્ઞ છો, આપની ગતિ સર્વત્ર છે. એટલે આપ હૃદયમાં વિચાર કરીને કન્યાના ગુણ-દોષ કહો. ॥ ૬૬॥

ચૌ૦ – કહ મુનિ બિહસિ ગૂઢ઼ મૃદુ બાની । સુતા તુમ્હારિ સકલ ગુન ખાની ॥
સુંદર સહજ સુસીલ સયાની । નામ ઉમા અંબિકા ભવાની ॥ ૧॥

નારદ મુનિએ હસીને ગૂઢ કોમળ વાણીથી કહ્યું – તમારી કન્યા સર્વે ગુણોની ખાણ છે. તે સ્વભાવથી જ સુંદર, સુશીલ અને સમજદાર છે. ઉમા, અંબિકા અને ભવાની તેનાં નામ છે. ॥ ૧॥

સબ લચ્છન સંપન્ન કુમારી । હોઇહિ સંતત પિયહિ પિઆરી ॥
સદા અચલ એહિ કર અહિવાતા । એહિ તેં જસુ પૈહહિં પિતુ માતા ॥ ૨॥

કન્યા સર્વે સુલક્ષણોથી સમ્પન્ન છે, તે પોતાના પતિને સદા પ્રિય રહેશે. તેનું સૌભાગ્ય સદા અચળ રહેશે અને તેનાથી એનાં માતા-પિતા કીર્તિ મેળવશે. ॥ ૨॥

હોઇહિ પૂજ્ય સકલ જગ માહીં । એહિ સેવત કછુ દુર્લભ નાહીં ॥
એહિ કર નામુ સુમિરિ સંસારા । ત્રિય ચઢ઼િહહિં પતિબ્રત અસિધારા ॥ ૩॥

આ કન્યા આખાય જગતમાં પૂજ્ય થશે અને એની સેવા કરવાથી કંઈ પણ દુર્લભ નહીં રહે. સંસારમાં સ્ત્રીઓ એના નામનું સ્મરણ કરીને પતિવ્રતરૂપી તલવારની ધાર પર ચઢી જશે. ॥ ૩॥

સૈલ સુલચ્છન સુતા તુમ્હારી । સુનહુ જે અબ અવગુન દુઇ ચારી ॥
અગુન અમાન માતુ પિતુ હીના । ઉદાસીન સબ સંસય છીના ॥ ૪॥

હે પર્વતરાજ! તમારી કન્યા સુલક્ષણા છે. હવે, એનામાં જે બે-ચાર અવગુણો છે, તેને પણ સાંભળી લો. ગુણહીન, માનહીન, માતાપિતાવિહીન, ઉદાસીન, સંશયહીન- ॥ ૪॥

દો૦ – જોગી જટિલ અકામ મન નગન અમંગલ બેષ ।
અસ સ્વામી એહિ કહઁ મિલિહિ પરી હસ્ત અસિ રેખ ॥ ૬૭॥

યોગી, જટાધારી, નિષ્કામહૃદયી, નાગો અને અમંગળ વેષવાળો – એવો પતિ એને મળશે. આના હાથમાં આવી જ રેખાઓ પડી છે. ॥ ૬૭॥

ચૌ૦ – સુનિ મુનિ ગિરા સત્ય જિયઁ જાની । દુખ દંપતિહિ ઉમા હરષાની ॥
નારદહૂઁ યહ ભેદુ ન જાના । દસા એક સમુઝબ બિલગાના ॥ ૧॥

નારદમુનિની વાણી સાંભળીને અને તેને હૃદયમાં સત્ય જાણીને પતિ-પત્ની(હિમાલય અને મેના)ને દુઃખ થયું અને પાર્વતીજી પ્રસન્ન થયાં. નારદજીએ પણ આ રહસ્યને ન જાણ્યું, કેમ કે બધાની બાહ્ય દશા એકસરખી હોવા છતાં પણ અંતરની સમજણ જુદી જુદી હતી. ॥ ૧॥

સકલ સખીં ગિરિજા ગિરિ મૈના। પુલક સરીર ભરે જલ નૈના ॥
હોઇ ન મૃષા દેવરિષિ ભાષા। ઉમા સો બચનુ હૃદયઁ ધરિ રાખા ॥ ૨॥

બધી સખીઓ, પાર્વતી, પર્વતરાજ હિમાલય અને મેના – એ સર્વેનાં શરીર પુલકિત હતાં અને સર્વેનાં નેત્રોમાં જળ ભરાયું હતું. દેવર્ષિનાં વચન અસત્ય નથી થઈ શકતાં, [આમ વિચારી] પાર્વતીએ તે વચનોને હૃદયમાં ધારણ કરી લીધાં. ॥ ૨॥

ઉપજેઉ સિવ પદ કમલ સનેહૂ। મિલન કઠિન મન ભા સંદેહૂ ॥
જાનિ કુઅવસરુ પ્રીતિ દુરાઈ। સખી ઉછઁગ બૈઠી પુનિ જાઈ ॥ ૩॥

તેમને શિવજીનાં ચરણકમળોમાં સ્નેહ ઉત્પન્ન થઈ આવ્યો, પરંતુ મનમાં આ સંદેહ થયો કે તેમનું મળવું અઘરું છે. અવસર યોગ્ય ન જાણીને ઉમાએ પોતાના પ્રેમને છુપાવી રાખ્યો અને તે પછી સખીના ખોળામાં જઈને બેસી ગયાં. ॥ ૩॥

ઝૂઠિ ન હોઇ દેવરિષિ બાની। સોચહિં દંપતિ સખીં સયાની ॥
ઉર ધરિ ધીર કહઇ ગિરિરાઊ। કહહુ નાથ કા કરિઅ ઉપાઊ ॥ ૪॥

દેવર્ષિની વાણી ખોટી નહિ થાય, આમ વિચારીને હિમાલય, મેના અને બધી ચતુર સખીઓ ચિંતા કરવા લાગી. વળી, હૃદયમાં ધીરજ રાખી પર્વતરાજે કહ્યું – હે નાથ! કહો, હવે શું ઉપાય કરી શકાય? ॥ ૪॥

દો૦– કહ મુનીસ હિમવંત સુનુ જો બિધિ લિખા લિલાર।
દેવ દનુજ નર નાગ મુનિ કોઉ ન મેટનિહાર ॥ ૬૮॥

મુનીશ્વરે કહ્યું – હે હિમાલય! સાંભળો, વિધાતાએ લલાટ પર જે કંઈ લખી દીધું છે; તેને દેવતા, દાનવ, મનુષ્ય, નાગ અને મુનિ કોઈ પણ ટાળી નથી શકતું. ॥ ૬૮॥

ચૌ૦– તદપિ એક મૈં કહઉઁ ઉપાઈ। હોઇ કરૈ જૌં દૈઉ સહાઈ ॥
જસ બરુ મૈં બરનેઉઁ તુમ્હ પાહીં। મિલિહિ ઉમહિ તસ સંસય નાહીં ॥ ૧॥

તો પણ એક ઉપાય હું બતાવું છું. જો દૈવ મદદ કરે તો તે સિદ્ધ થઈ શકે છે. ઉમાને વર તો નિસંદેહ તેવો જ મળશે જેવો મેં તમારી સામે વર્ણવ્યો છે. ॥ ૧॥

જે જે બર કે દોષ બખાને। તે સબ સિવ પહિં મૈં અનુમાને ॥
જૌં બિબાહુ સંકર સન હોઈ। દોષઉ ગુન સમ કહ સબુ કોઈ ॥ ૨॥

પરંતુ મેં વરના જે-જે દોષ બતાવ્યા છે, મારા અનુમાનથી તે બધા શિવજીમાં છે. જો શિવજી સાથે વિવાહ થઈ જાય તો દોષોને પણ બધા લોકો ગુણોના સમાન જ ગણશે. ॥ ૨॥

જૌં અહિ સેજ સયન હરિ કરહીં। બુધ કછુ તિન્હ કર દોષુ ન ધરહીં ॥
ભાનુ કૃસાનુ સર્બ રસ ખાહીં। તિન્હ કહઁ મંદ કહત કોઉ નાહીં ॥ ૩॥

જેમ વિષ્ણુ ભગવાન શેષનાગની શય્યા પર સૂવે છે, તો પણ પંડિત લોકો તેમને કોઈ દોષ લગાડતા નથી. સૂર્ય અને અગ્નિદેવ સારા-નરસા બધા જ રસોનું ભક્ષણ કરે છે, પરંતુ તેમને કોઈ ખરાબ નથી કહેતું. ॥ ૩॥

સુભ અરુ અસુભ સલિલ સબ બહઈ । સુરસરિ કોઉ અપુનીત ન કહઈ ॥
સમરથ કહુઁ નહિં દોષુ ગોસાઈ । રબિ પાવક સુરસરિ કી નાઈ ॥ ૪॥

ગંગાજીમાં શુભ અને અશુભ – બધાં જળ વહે છે, પણ કોઈ તેમને અપવિત્ર નથી કહેતું. ઋષિકેશ ભગવાન, સૂર્ય, અગ્નિ અને ગંગાજીની જેમ સમર્થને કંઈ દોષ લાગતો નથી. ॥ ૪॥

દો૦ – જૌં અસ હિસિષા કરહિં નર જડ઼ બિબેક અભિમાન ।
પરહિં કલપ ભરિ નરક મહુઁ જીવ કિ ઈસ સમાન ॥ ૬૯॥

જે કોઈ મૂર્ખ મનુષ્ય જ્ઞાનના અભિમાનના લીધે આ રીતે એમની સ્પર્ધા કરે છે તો તે એક કલ્પ સુધી નરકમાં પડે છે. ભલા, ક્યાંય જીવ પણ ઈશ્વરની જેમ (સર્વથા સ્વતંત્ર) હોઈ શકે છે? ॥ ૬૯॥

ચૌ૦ – સુરસરિ જલ કૃત બારુનિ જાના । કબહુઁ ન સંત કરહિં તેહિ પાના ॥
સુરસરિ મિલેં સો પાવન જૈસેં । ઈસ અનીસહિ અંતરુ તૈસેં ॥ ૧॥

ગંગાજળથી પણ બનાવેલી મદિરા હોવા છતાંય સંતજનો ક્યારેય તેનું પાન નથી કરતા. પણ તે જ ગંગાજીમાં મળી જવાથી જેમ પવિત્ર થઈ જાય છે, ઈશ્વર અને જીવમાં પણ તેવો જ ભેદ છે. ॥ ૧॥

સંભુ સહજ સમરથ ભગવાના । એહિ બિબાહઁ સબ બિધિ કલ્યાના ॥
દુરારાધ્ય પૈ અહહિં મહેસૂ । આસુતોષ પુનિ કિએઁ કલેસૂ ॥ ૨॥

શિવજી સ્વાભાવિક જ સમર્થ છે, કારણ કે તેઓ ભગવાન છે. એટલે આ વિવાહમાં સર્વે પ્રકારનું કલ્યાણ છે. પરંતુ મહાદેવજીની આરાધના ઘણી જ અઘરી છે. તેમ છતાં, ક્લેશ (તપ) કરવાથી તેઓ ઘણા જલદી સંતુષ્ટ થઈ જાય છે. ॥ ૨॥

જૌં તપુ કરૈ કુમારિ તુમ્હારી । ભાવિઉ મેટિ સકહિં ત્રિપુરારી ॥
જદ્યપિ બર અનેક જગ માહીં । એહિ કહઁ સિવ તજિ દૂસર નાહીં ॥ ૩॥

જો તમારી પુત્રી તપ કરે તો ત્રિપુરારી મહાદેવજી ભાવિને ટાળી શકે છે. જોકે વિશ્વમાં વર અનેક છે, પરંતુ આના માટે શિવજીના સિવાય અન્ય વર નથી. ॥ ૩॥

બર દાયક પ્રનતારતિ ભંજન । કૃપાસિંધુ સેવક મન રંજન ॥
ઇચ્છિત ફલ બિનુ સિવ અવરાધેં । લહિઅ ન કોટિ જોગ જપ સાધેં ॥ ૪॥

શિવજી વર આપનારા, શરણાગતોનાં દુઃખોનો નાશ કરનાર, કૃપાના સાગર અને સેવકોના મનને પ્રસન્ન કરનારા છે. શિવજીની આરાધના કર્યા વિના કરોડો યોગ અને જપ કરવા છતાં વાંછિત ફળ નથી મળતું. ॥ ૪॥

દો○– અસ કહિ નારદ સુમિરિ હરિ ગિરિજહિ દીન્હિ અસીસ ।
હોઇહિ યહ કલ્યાન અબ સંસય તજહુ ગિરીસ ॥ ૭૦॥

એમ કહી ભગવાનનું સ્મરણ કરીને નારદજીએ પાર્વતીને આશીર્વાદ આપ્યા. [અને કહ્યું] હે પર્વતરાજ! તમે સંશયનો ત્યાગ કરી દો, હવે, આમાં કલ્યાણ જ થશે. ॥ ૭૦॥

ચૌ○– કહિ અસ બ્રહ્મભવન મુનિ ગયઊ । આગિલ ચરિત સુનહુ જસ ભયઊ ॥
પતિહિ એકાંત પાઈ કહ મૈના । નાથ ન મૈં સમુઝે મુનિ બૈના ॥ ૧॥

આમ કહીને નારદ મુનિ બ્રહ્મલોકમાં ચાલ્યા ગયા. હવે આગળ જે ચરિત્ર થયું તેને સાંભળો. પતિને એકાંતમાં જોઈને મેનાએ કહ્યું – હે નાથ! હું મુનિનાં વચનોનો અર્થ નથી સમજી. ॥ ૧॥

જૌં ઘરુ બરુ કુલુ હોઇ અનૂપા । કરિઅ બિબાહુ સુતા અનુરૂપા ॥
ન ત કન્યા બરુ રહઉ કુઆરી । કંત ઉમા મમ પ્રાનપિઆરી ॥ ૨॥

આપણી કન્યાને જો અનુકૂળ ઘર, વર અને કુળ ઉત્તમ હોય તો વિવાહ કરો. નહિ તો દીકરી ભલે કુંવારી જ રહે (હું અયોગ્ય વર સાથે તેનો વિવાહ કરવા માગતી નથી), કેમકે હે સ્વામિન્! પાર્વતી મને પ્રાણોસમાન પ્રિય છે. ॥ ૨॥

જૌં ન મિલિહિ બરુ ગિરિજહિ જોગૂ । ગિરિ જડ઼ સહજ કહિહિ સબુ લોગૂ ॥
સોઇ બિચારિ પતિ કરેહુ બિબાહૂ । જેહિં ન બહોરિ હોઇ ઉર દાહૂ ॥ ૩॥

જો પાર્વતીને યોગ્ય વર ન મળે તો બધા લોકો કહેશે કે પર્વત સ્વભાવથી જ જડ (મૂર્ખ) હોય છે. હે સ્વામી! આ વાતનો વિચાર કરીને જ વિવાહ કરજો, જેથી પાછળથી હૃદયમાં સંતાપ ન થાય. ॥ ૩॥

અસ કહિ પરી ચરન ધરિ સીસા । બોલે સહિત સનેહ ગિરીસા ॥
બરુ પાવક પ્રગટૈ સસિ માહીં । નારદ બચનુ અન્યથા નાહીં ॥ ૪॥

આ પ્રમાણે કહીને મેના પતિના ચરણોમાં માથું મૂકીને નમી પડી. ત્યારે હિમાલયે પ્રેમથી કહ્યું – કદાચ ચન્દ્રમામાંથી અગ્નિ પ્રગટ થઈ જાય, પણ નારદજીનાં વચન અસત્ય ન થઈ શકે. ॥ ૪॥

દો○– પ્રિયા સોચુ પરિહરહુ સબુ સુમિરહુ શ્રીભગવાન ।
પારબતિહિ નિરમયઉ જેહિં સોઇ કરિહિ કલ્યાન ॥ ૭૧॥

હે પ્રિયે! સર્વે શોક ત્યજીને શ્રીભગવાનનું સ્મરણ કરો. જેણે પાર્વતીને રચ્યાં છે, તે જ કલ્યાણ કરશે. ॥ ૭૧॥

ચૌ○– અબ જૌં તુમ્હહિ સુતા પર નેહૂ । તૌ અસ જાઇ સિખાવનુ દેહૂ ॥
કરૈ સો તપુ જેહિં મિલહિં મહેસૂ । આન ઉપાયઁ ન મિટિહિ કલેસૂ ॥ ૧॥

હવે, જો તમને કન્યા પર સ્નેહ છે તો જઈને તેને એવું શિક્ષણ આપો કે તે એવું તપ કરે, જેથી શિવજી તેને મળી જાય. અન્ય ઉપાયોથી આ ક્લેશ નહીં ટળે. ॥ ૧॥

નારદ બચન સગર્ભ સહેતૂ । સુંદર સબ ગુન નિધિ બૃષકેતૂ ॥
અસ બિચારિ તુમ્હ તજહુ અસંકા । સબહિ ભાઁતિ સંકરુ અકલંકા ॥ ૨॥

નારદજીનાં વચન રહસ્યમય અને સકારણ છે અને શિવજી સુંદર છે અને સમસ્ત સુંદર ગુણોના ભંડાર છે. આમ વિચારી તમે [મિથ્યા] સંદેહ ત્યજી દો. શિવજી બધી રીતે નિષ્કલંક છે. ॥ ૨॥

સુનિ પતિ બચન હરષિ મન માહીં । ગઈ તુરત ઉઠિ ગિરિજા પાહીં ॥
ઉમહિ બિલોકિ નયન ભરે બારી । સહિત સનેહ ગોદ બૈઠારી ॥ ૩॥

પતિનાં વચન સાંભળી મનમાં પ્રસન્ન થઈને મેના ઊઠીને તુરત જ પાર્વતી પાસે ગઈ. પાર્વતીને જોઈ તેની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. તેને સ્નેહ સાથે ખોળામાં બેસાડી દીધી. ॥ ૩॥

બારહિં બાર લેતિ ઉર લાઈ । ગદગદ કંઠ ન કછુ કહિ જાઈ ॥
જગત માતુ સર્બગ્ય ભવાની । માતુ સુખદ બોલીં મૃદુ બાની ॥ ૪॥

વળી, વારંવાર તેને હૃદયથી લગાડવા લાગી. સ્નેહથી મેનાનું ગળું ભરાઈ આવ્યું, કંઈ કશું કહેવાતું નથી. જગતજનની ભવાની તો સર્વજ્ઞ હતાં. [માતાના મનની દશાને જાણીને] તે માતાને સુખ આપનારી કોમળ વાણી બોલ્યાં – ॥ ૪॥

દો૦ – સુનહિ માતુ મૈં દીખ અસ સપન સુનાવઉઁ તોહિ ।
સુંદર ગૌર સુબિપ્રબર અસ ઉપદેસેઉ મોહિ ॥ ૭૨॥

મા! સાંભળ, હું તને સંભળાવું છું; મેં એવું સ્વપ્ન જોયું છે કે મને એક સુંદર ગૌરવર્ણ શ્રેષ્ઠ બ્રાહ્મણે એવો ઉપદેશ આપ્યો છે – ॥ ૭૨॥

ચૌ૦ – કરહિ જાઇ તપુ સૈલકુમારી । નારદ કહા સો સત્ય બિચારી ॥
માતુ પિતહિ પુનિ યહ મત ભાવા । તપુ સુખપ્રદ દુખ દોષ નસાવા ॥ ૧॥

હે પાર્વતી! નારદજીએ જે કહ્યું છે, તે સત્ય સમજીને તું જઈને તપ કર. વળી, આ વાત તારા માતા-પિતાને પણ સારી લાગી છે. તપ સુખ દેનાર અને દુઃખ-દોષનો નાશ કરનાર છે. ॥ ૧॥

તપબલ રચઇ પ્રપંચુ બિધાતા । તપબલ બિષ્નુ સકલ જગ ત્રાતા ॥
તપબલ સંભુ કરહિં સંઘારા । તપબલ સેષુ ધરઇ મહિભારા ॥ ૨॥

તપના બળે જ બ્રહ્મા સંસારને રચે છે અને તપના બળે જ વિષ્ણુ આખાય જગતનું પાલન કરે છે, તપના બળથી જ શંભુ [રુદ્રરૂપે જ જગતનો] સંહાર કરે છે અને તપના બળથી જ શેષજી પૃથ્વીનો ભાર ધારણ કરે છે. ॥ ૨॥

તપ અધાર સબ સૃષ્ટિ ભવાની । કરહિ જાઇ તપુ અસ જિયઁ જાની ॥
સુનત બચન બિસમિત મહતારી । સપન સુનાયઉ ગિરિહિ હઁકારી ॥ ૩॥

હે ભવાની! આખીય સૃષ્ટિ તપના જ આધાર પર છે. એમ ચિત્તથી જાણીને તું જઈને તપ કર. આ વાત સાંભળીને માતાને ઘણું આશ્ચર્ય થયું અને તેમણે હિમાલયને બોલાવી તે સ્વપ્ન સંભળાવ્યું. ॥ ૩॥

માતુ પિતહિ બહુબિધિ સમુઝાઈ । ચલીં ઉમા તપ હિત હરષાઈ ॥
પ્રિય પરિવાર પિતા અરુ માતા । ભએ બિકલ મુખ આવ ન બાતા ॥ ૪॥

માતા-પિતાને અનેક પ્રકારે સમજાવી ઘણા હર્ષ સાથે પાર્વતીજી તપ કરવા ચાલ્યાં છે. વહાલાં કુટુમ્બી, પિતા અને માતા સર્વે વ્યાકુળ થઈ ગયાં. કોઈના મોઢેથી કંઈ બોલી શકાતું નથી. ॥ ૪॥

દો૦– બેદસિરા મુનિ આઇ તબ સબહિ કહા સમુઝાઇ ।
પારબતી મહિમા સુનત રહે પ્રબોધહિ પાઇ ॥ ૭૩॥

ત્યારે વેદશિરા મુનિએ આવીને સર્વેને સમજાવીને કહ્યું. પાર્વતીજીના મહિમાને સાંભળી સર્વેના મનનું સમાધાન થઈ ગયું. ॥ ૭૩॥

ચૌ૦– ઉર ધરિ ઉમા પ્રાનપતિ ચરના । જાઇ બિપિન લાગીં તપુ કરના ॥
અતિ સુકુમાર ન તનુ તપ જોગૂ । પતિ પદ સુમિરિ તજેઉ સબુ ભોગૂ ॥ ૧॥

પ્રાણપતિ(શિવજી)ના ચરણોને હૃદયમાં ધારણ કરીને પાર્વતીજી વનમાં જઈને તપ કરવા લાગ્યાં. પાર્વતીજીનું અત્યંત સુકુમાર શરીર તપના યોગ્ય નહોતું, તો પણ પતિના ચરણોનું સ્મરણ કરીને તેઓએ સર્વે ભોગોને ત્યજી દીધાં. ॥ ૧॥

નિત નવ ચરન ઉપજ અનુરાગા । બિસરી દેહ તપહિં મનુ લાગા ॥
સંબત સહસ મૂલ ફલ ખાએ । સાગુ ખાઇ સત બરષ ગવાઁએ ॥ ૨॥

સ્વામીના ચરણોમાં નિત્ય નવો અનુરાગ ઉત્પન્ન થવા માંડ્યો અને તપમાં એવું ચિત્ત ચોંટ્યું કે શરીરનું સર્વે ભાન ભૂલી ગયાં. એક હજાર વર્ષ સુધી તેઓએ કેવળ મૂળ અને ફળ ખાધાં; વળી સો વર્ષ શાક ખાઈને વીતાવ્યાં ॥ ૨॥

કછુ દિન ભોજનુ બારિ બતાસા । કિએ કઠિન કછુ દિન ઉપબાસા ॥
બેલ પાતી મહિ પરઇ સુખાઈ । તીનિ સહસ સંબત સોઇ ખાઈ ॥ ૩॥

થોડાક દિવસ જળ અને વાયુનું ભોજન કર્યું અને વળી, થોડાક દિવસ કઠોર ઉપવાસ કર્યા. જે વેલ-પાંદડાં સુકાઈને પૃથ્વી પર પડતાં હતાં, તેને જ ત્રણ હજાર વર્ષ સુધી ખાધાં. ॥ ૩॥

પુનિ પરિહરે સુખાનેઉ પરના । ઉમહિ નામુ તબ ભયઉ અપરના ॥
દેખિ ઉમહિ તપ ખીન સરીરા । બ્રહ્મગિરા ભૈ ગગન ગભીરા ॥ ૪॥

વળી, સૂકાં પર્ણ (પાંદડાં) પણ છોડી દીધાં, ત્યારે જ પાર્વતીનું નામ 'અપર્ણા' થયું. તપથી ઉમાનું શરીર ક્ષીણ થયેલું જોઈને આકાશમાંથી ગંભીર બ્રહ્મવાણી થઈ – ॥ ૪॥

દો૦– ભયઉ મનોરથ સુફલ તવ સુનુ ગિરિરાજકુમારિ ।
પરિહરુ દુસહ કલેસ સબ અબ મિલિહહિં ત્રિપુરારિ ॥ ૭૪॥

હે પર્વતરાજની પુત્રી! સાંભળ, તારો મનોરથ સફળ થયો. તું હવે સઘળા અસહ્ય ક્લેશો (અઘરાં તપોને) ત્યજી દે. હવે, તને શિવજી મળશે. ॥ ૭૪॥

ચૌ૦– અસ તપુ કાહુઁ ન કીન્હ ભવાની। ભએ અનેક ધીર મુનિ ગ્યાની॥
અબ ઉર ધરહુ બ્રહ્મ બર બાની। સત્ય સદા સંતત સુચિ જાની॥ ૧॥

હે ભવાની! ધીર, મુનિ અને જ્ઞાની ઘણા થયા છે, પણ આવું (કઠોર) તપ કોઈએ કર્યું નથી. હવે, તું આ શ્રેષ્ઠ બ્રહ્માની વાણીને સદા સત્ય અને નિરંતર પવિત્ર જાણીને પોતાના હૃદયમાં ધારણ કર. ॥ ૧॥

આવૈ પિતા બોલાવન જબહીં। હઠ પરિહરિ ઘર જાએહુ તબહીં॥
મિલહિં તુમ્હહિ જબ સપ્ત રિષીસા। જાનેહુ તબ પ્રમાન બાગીસા॥ ૨॥

જ્યારે તારા પિતા બોલાવવા આવે, ત્યારે હઠ છોડીને ઘરે જતી રહેજે અને જ્યારે તને સપ્તર્ષિ મળે ત્યારે આ બ્રહ્મ વાણીને ખરી સમજજે. ॥ ૨॥

સુનત ગિરા બિધિ ગગન બખાની। પુલક ગાત ગિરિજા હરષાની॥
ઉમા ચરિત સુંદર મૈં ગાવા। સુનહુ સંભુ કર ચરિત સુહાવા॥ ૩॥

[આ રીતે] આકાશમાંથી થયેલી બ્રહ્માની વાણીને સાંભળતાં જ પાર્વતીજી પ્રસન્ન થઈ ગયાં અને [હર્ષથી] તેમનું શરીર પુલકિત થઈ ગયું. [યાજ્ઞવલ્ક્યજીએ ભારદ્વાજજીને કહ્યું કે] મેં પાર્વતીનું ઉત્તમ ચરિત્ર સંભળાવ્યું, હવે શિવજીનું સોહામણું ચરિત્ર સાંભળો. ॥ ૩॥

જબ તેં સતીં જાઈ તનુ ત્યાગા। તબ તેં સિવ મન ભયઉ બિરાગા॥
જપહિં સદા રઘુનાયક નામા। જહઁ તહઁ સુનહિં રામ ગુન ગ્રામા॥ ૪॥

જ્યારથી સતીએ શરીરત્યાગ કર્યો ત્યારથી શિવજીના મનમાં વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો. તેઓ સદા શ્રીરઘુનાથજીના નામનો જપ કરવા લાગ્યા અને બધેય જઈ જઈને શ્રીરામચન્દ્રજીના ગુણોની કથાઓ સાંભળવા લાગ્યા. ॥ ૪॥

દો૦– ચિદાનંદ સુખધામ સિવ બિગત મોહ મદ કામ।
બિચરહિં મહિ ધરિ હૃદયઁ હરિ સકલ લોક અભિરામ॥ ૭૫॥

ચિદાનંદ, સુખના ધામ, મોહ, મદ અને કામથી રહિત શિવજી સંપૂર્ણ લોકોને આનંદ આપનાર ભગવાન શ્રીહરિ(શ્રીરામચન્દ્રજી)ને હૃદયમાં ધારણ કરીને (ભગવાનના ધ્યાનમાં મસ્ત બનેલા) પૃથ્વી પર વિચરવા લાગ્યા. ॥ ૭૫॥

ચૌ૦– કતહુઁ મુનિન્હ ઉપદેસહિં ગ્યાના। કતહુઁ રામ ગુન કરહિં બખાના॥
જદપિ અકામ તદપિ ભગવાના। ભગત બિરહ દુખ દુખિત સુજાના॥ ૧॥

તે ક્યાંક મુનિઓને જ્ઞાનનો ઉપદેશ કરતા અને ક્યાંક શ્રીરામચન્દ્રજીના ગુણોનું વર્ણન કરતા હતા. જોકે સુજ્ઞ શિવજી નિષ્કામ છે, તો પણ તે ભગવાન પોતાના ભક્ત(સતી)ના વિયોગના દુઃખથી દુઃખી છે. ॥ ૧॥

એહિ બિધિ ગયઉ કાલુ બહુ બીતી। નિત નૈ હોઈ રામ પદ પ્રીતી॥
નેમુ પ્રેમુ સંકર કર દેખા। અબિચલ હૃદયઁ ભગતિ કૈ રેખા॥ ૨॥

આ રીતે ઘણો સમય વીતી ગયો. શ્રીરામચન્દ્રજીના ચરણોમાં નિત નવી પ્રીતિ થઈ રહી છે. શિવજીના [કઠોર] નિયમ, [અનન્ય] પ્રેમ અને તેમના હૃદયમાં ભક્તિની દૃઢતાને [જ્યારે શ્રીરામચન્દ્રજીએ] જોઈ, ॥ ૨॥

પ્રગટે રામુ કૃતગ્ય કૃપાલા। રૂપ સીલ નિધિ તેજ બિસાલા॥
બહુ પ્રકાર સંકરહિ સરાહા। તુમ્હ બિનુ અસ બ્રતુ કો નિરબાહા॥ ૩॥

ત્યારે કૃતજ્ઞ (ઉપકાર માનનાર), કૃપાળુ, રૂપ અને શીલના ભંડાર, મહાન તેજપુંજ ભગવાન શ્રીરામચન્દ્રજી પ્રકટ થયા. તેમણે અનેક પ્રકારે શિવજીની પ્રશંસા કરી અને કહ્યું કે તમારા સિવાય આવું (કઠિન) વ્રત કોણ પાળી શકે છે. ॥ ૩॥

બહુબિધિ રામ સિવહિ સમુઝાવા। પારબતી કર જન્મુ સુનાવા॥
અતિ પુનીત ગિરિજા કૈ કરની। બિસ્તર સહિત કૃપાનિધિ બરની॥ ૪॥

શ્રીરામચન્દ્રજીએ અનેક રીતે શિવજીને સમજાવ્યા અને પાર્વતીજીનો જન્મ સંભળાવ્યો. કૃપાનિધાન શ્રીરામચન્દ્રજીએ વિસ્તારપૂર્વક પાર્વતીજીની અત્યંત પવિત્ર કરણીનું વર્ણન કર્યું. ॥ ૪॥

દો૦– અબ બિનતી મમ સુનહુ સિવ જૌં મો પર નિજ નેહુ।
જાઈ બિબાહહુ સૈલજહિ યહ મોહિ માગેં દેહુ॥ ૭૬॥

[વળી, તેઓએ શિવજીને કહ્યું –] હે શિવજી! જો તમને મારા પર સ્નેહ હોય તો આપ મારી વિનંતી સાંભળો. મારી આ માગણીને આપ સ્વીકારી લો કે આપ જાઓ અને પાર્વતીના સાથે વિવાહ કરી લો. ॥ ૭૬॥

ચૌ૦– કહ સિવ જદપિ ઉચિત અસ નાહીં। નાથ બચન પુનિ મેટિ ન જાહીં॥
સિર ધરિ આયસુ કરિઅ તુમ્હારા। પરમ ધરમુ યહ નાથ હમારા॥ ૧॥

શિવજીએ કહ્યું – જોકે આવું ઉચિત નથી, પરંતુ સ્વામીની વાત પણ ટાળી નથી શકાતી. હે નાથ! મારો એ જ પરમધર્મ છે કે હું આપની આજ્ઞાને સિરોધાર્ય કરી તેનું પાલન કરું. ॥ ૧॥

માતુ પિતા ગુર પ્રભુ કૈ બાની। બિનહિં બિચાર કરિઅ સુભ જાની॥
તુમ્હ સબ ભાઁતિ પરમ હિતકારી। અગ્યા સિર પર નાથ તુમ્હારી॥ ૨॥

માતા, પિતા, ગુરુ અને સ્વામીની વાતને વગર વિચારે જ શુભ સમજીને પાળવી જોઈએ. વળી, આપ તો દરેક રીતે મારા પરમ હિતકારી છો. હે નાથ! આપની આજ્ઞા મારા સિરે છે. ॥ ૨॥

પ્રભુ તોષેઉ સુનિ સંકર બચના। ભક્તિ બિબેક ધર્મ જુત રચના॥
કહ પ્રભુ હર તુમ્હાર પન રહેઊ। અબ ઉર રાખેહુ જો હમ કહેઊ॥ ૩॥

શિવજીની ભક્તિ, જ્ઞાન અને ધર્મથી યુક્ત વચનરચના સાંભળી પ્રભુ રામચન્દ્રજી સંતુષ્ટ થયા. પ્રભુએ કહ્યું – હે હર! તમારી પ્રતિજ્ઞા પૂર્ણ થઈ ગઈ. હવે, અમે જે કહ્યું છે તેને હૃદયમાં રાખજો. ॥ ૩॥

અંતરધાન ભએ અસ ભાષી। સંકર સોઇ મૂરતિ ઉર રાખી॥
તબહિં સપ્તરિષિ સિવ પહિં આએ। બોલે પ્રભુ અતિ બચન સુહાએ॥૪॥

આ રીતે કહીને શ્રીરામચન્દ્રજી અંતર્ધાન થઈ ગયા. શિવજીએ તેમની તે મૂર્તિને પોતાના હૃદયમાં રાખી દીધી. તે સમયે સપ્તર્ષિ શિવજી પાસે આવ્યા. પ્રભુ મહાદેવજીએ તેમને અત્યંત સોહામણાં વચનો કહ્યાં. ॥૪॥

દો૦– પારબતી પહિં જાઇ તુમ્હ પ્રેમ પરિચ્છા લેહુ।
ગિરિહિ પ્રેરિ પઠએહુ ભવન દૂરિ કરેહુ સંદેહુ॥૭૭॥

તમે લોકો પાર્વતી પાસે જઈને તેમના પ્રેમની પરીક્ષા લો અને હિમાલયને કહીને [તેઓને પાર્વતીને તેડી લાવવા માટે મોકલો તથા] પાર્વતીને ઘેર મોકલાવો અને તેમના સંશયોને દૂર કરો. ॥૭૭॥

ચૌ૦– રિષિન્હ ગૌરિ દેખી તહઁ કૈસી। મૂરતિમંત તપસ્યા જૈસી॥
બોલે મુનિ સુનુ સૈલકુમારી। કરહુ કવન કારન તપુ ભારી॥૧॥

ઋષિઓએ [ત્યાં જઈને] પાર્વતીને એવાં જોયાં કે જાણે મૂર્તિમાન તપસ્યા જ હોય. મુનિઓ બોલ્યા – હે શૈલકુમારી! સાંભળો, તમે શા માટે આટલું કઠોર તપ કરી રહ્યાં છો? ॥૧॥

કેહિ અવરાધહુ કા તુમ્હ ચહહૂ। હમ સન સત્ય મરમુ કિન કહહૂ॥
કહત બચન મનુ અતિ સકુચાઈ। હઁસિહહુ સુનિ હમારિ જડ઼તાઈ॥૨॥

તમે કોની આરાધના કરો છો અને શું ઇચ્છો છો? અમને પોતાનું સાચું રહસ્ય કેમ નથી કહેતાં? [પાર્વતીએ કહ્યું –] વાત કરતાં મન ઘણું સંકોચાય છે. તમે લોકો મારી મૂર્ખતાને સાંભળીને હસશો. ॥૨॥

મનુ હઠ પરા ન સુનઇ સિખાવા। ચહત બારિ પર ભીતિ ઉઠાવા॥
નારદ કહા સત્ય સોઇ જાના। બિનુ પંખન્હ હમ ચહહિં ઉડ઼ાના॥૩॥

[મારા] મને હઠ પકડી લીધી છે, તે શિખામણ નથી સાંભળતું અને જળ ઉપર દીવાલ ચણવા ઇચ્છે છે. નારદજીએ જે કહી દીધું તેને સત્ય જાણીને હું વગર પાંખોએ જ ઊડવા ઇચ્છું છું. ॥૩॥

દેખહુ મુનિ અબિબેકુ હમારા। ચાહિઅ સદા સિવહિ ભરતારા॥૪॥

હે મુનિઓ! આપ મારું અજ્ઞાન તો જુઓ કે હું સદા શિવજીને જ પતિ બનાવવા ઇચ્છું છું. ॥૪॥

દો૦– સુનત બચન બિહસે રિષય ગિરિસંભવ તવ દેહ।
નારદ કર ઉપદેસુ સુનિ કહહુ બસેઉ કિસુ ગેહ॥૭૮॥

પાર્વતીજીની વાત સાંભળતાં જ ઋષિલોકો હસી પડ્યા અને કહ્યું – તમારો દેહ પર્વતથી જ તો ઉત્પન્ન થયો છે! ભલા! કહો તો નારદનો ઉપદેશ સાંભળી આજ સુધી કોઈનું ઘર વસ્યું છે? ॥૭૮॥

ચૌ૦ – દચ્છસુતન્હ ઉપદેસેન્હિ જાઈ । તિન્હ ફિરિ ભવનુ ન દેખા આઈ ॥
ચિત્રકેતુ કર ઘરુ ઉન ઘાલા । કનકકસિપુ કર પુનિ અસ હાલા ॥ ૧॥

તેમણે દક્ષ પુત્રો પાસે જઈને ઉપદેશ આપ્યો હતો, તેથી તેઓએ પછી પાછા વળી ઘરનું મુખ પણ નથી જોયું. ચિત્રકેતુના ઘરને પણ નારદે જ ભાંગ્યું. વળી, આ જ હાલ હિરણ્યકશિપુનો થયો. ॥ ૧॥

નારદ સિખ જે સુનહિં નર નારી । અવસિ હોહિં તજિ ભવનુ ભિખારી ॥
મન કપટી તન સજ્જન ચીન્હા । આપુ સરિસ સબહી ચહ કીન્હા ॥ ૨॥

જે સ્ત્રી-પુરુષ નારદની શિખામણ સાંભળે છે, તે ઘર-બાર ત્યજીને અવશ્ય ભિખારી બની જાય છે. તેમનું મન તો કપટી છે, શરીર પર સજ્જનોનાં ચિહ્નો છે. તેઓ બધાને પોતાના જેવા બનાવવા ઈચ્છે છે. ॥ ૨॥

તેહિ કેં બચન માનિ બિસ્વાસા । તુમ્હ ચાહહુ પતિ સહજ ઉદાસા ॥
નિર્ગુન નિલજ કુબેષ કપાલી । અકુલ અગેહ દિગંબર બ્યાલી ॥ ૩॥

તેમનાં વચનો પર વિશ્વાસ રાખીને તમે એવો પતિ ઈચ્છો છો જે સ્વભાવથી જ ઉદાસીન, ગુણહીન, નિર્લજ્જ, ખરાબ વેષવાળો, નર-ખોપડીઓની માળા પહેરનારો, કુલહીન, ઘર-બાર વગરનો, નાગો તથા શરીર પર સર્પોને વીંટી રાખનારો છે. ॥ ૩॥

કહહુ કવન સુખુ અસ બરુ પાએઁ । ભલ ભૂલિહુ ઠગ કે બૌરાએઁ ॥
પંચ કહેં સિવઁ સતી બિબાહી । પુનિ અવડેરિ મરાએન્હિ તાહી ॥ ૪॥

આવા વરને પામવાથી કહો, તમને શું સુખ મળશે? તમે તે ઠગ(નારદ)ના ભોળવાયા હોવાથી સારી રીતે ભૂલ્યાં. અગાઉ પંચોના કહેવાથી શિવે સતી સાથે વિવાહ કર્યો હતો, પરંતુ પછી કંકાસ કરીને તેને મરાવી નાંખી. ॥ ૪॥

દો૦ – અબ સુખ સોવત સોચુ નહિં ભીખ માગિ ભવ ખાહિં ।
સહજ એકાકિન્હ કે ભવન કબહુઁ કિ નારિ ખટાહિં ॥ ૭૯॥

હવે, શિવને કોઈ ચિંતા નથી રહી. ભીખ માગીને ખાઈ લે છે અને સુખેથી સૂઈ જાય છે. આવા સ્વભાવથી જ એકલા રહેનારના ઘેર ભલા, શું ક્યારેય સ્ત્રીઓ ટકી શકે છે? ॥ ૭૯॥

ચૌ૦ – અજહૂઁ માનહુ કહા હમારા । હમ તુમ્હ કહુઁ બરુ નીક બિચારા ॥
અતિ સુંદર સુચિ સુખદ સુસીલા । ગાવહિં બેદ જાસુ જસ લીલા ॥ ૧॥

હજી પણ તમે અમારું કહેવું માનો. અમે તમારા માટે સારો વર વિચારી રાખ્યો છે. તે ઘણો જ સુંદર, પવિત્ર, સુખદાયક અને સુશીલ છે, જેનો યશ અને લીલાઓ વેદો ગાય છે. ॥ ૧॥

દૂષન રહિત સકલ ગુન રાસી । શ્રીપતિ પુર બૈકુંઠ નિવાસી ॥
અસ બરુ તુમ્હહિ મિલાઉબ આની । સુનત બિહસિ કહ બચન ભવાની ॥ ૨॥

તે દોષોથી રહિત, બધા સદ્‌ગુણોનો ભંડાર, લક્ષ્મીનો સ્વામી અને વૈકુંઠપુરીનો રહેનારો છે. અમે આવા વરને લાવીને તમારો મેળાપ કરાવી દઈશું. આ સાંભળતાં જ પાર્વતીજી હસીને બોલ્યાં – ॥ ૨॥

સત્ય કહેહુ ગિરિભવ તનુ એહા। હઠ ન છૂટ છૂટૈ બરુ દેહા॥
કનકઉ પુનિ પષાન તેં હોઈ। જારેહુઁ સહજુ ન પરિહર સોઈ॥૩॥

આપે એ સત્ય જ કહ્યું કે મારું આ શરીર પર્વતથી ઉત્પન્ન થયું છે. માટે હઠ નહીં છૂટે, શરીર ભલેને છૂટી જાય. સોનું પણ પથ્થરમાંથી જ ઉત્પન્ન થાય છે, તેથી તેને બાળવા છતાં પોતાના સ્વભાવ(સુવર્ણત્વ)ને છોડતું નથી. ॥૩॥

નારદ બચન ન મૈં પરિહરઊઁ। બસઉ ભવનુ ઉજરઉ નહિં ડરઊઁ॥
ગુર કેં બચન પ્રતીતિ ન જેહી। સપનેહુઁ સુગમ ન સુખ સિધિ તેહી॥૪॥

આથી હું નારદજીનાં વચનોને નહીં છોડું, ભલેને ઘર વસે કે ઉજડે, હું આથી ડરતી નથી. જેને ગુરુનાં વચનોમાં વિશ્વાસ જ નથી, તેને સુખ અને સિદ્ધિ સ્વપ્નમાં પણ સુલભ થતાં નથી. ॥૪॥

દો૦– મહાદેવ અવગુન ભવન બિષ્નુ સકલ ગુન ધામ।
જેહિ કર મનુ રમ જાહિ સન તેહિ તેહી સન કામ॥૮૦॥

એમ માન્યું કે મહાદેવજી અવગુણોનું ધામ છે અને વિષ્ણુ સમસ્ત સદ્ગુણોના ધામ છે, પણ જેનું મન જેમાં રમી ગયું, તેને તો તેનાથી જ કામ હોય છે. ॥૮૦॥

ચૌ૦– જૌં તુમ્હ મિલતેહુ પ્રથમ મુનીસા। સુનતિઉઁ સિખ તુમ્હારિ ધરિ સીસા॥
અબ મૈં જન્મુ સંભુ હિત હારા। કો ગુન દૂષન કરૈ બિચારા॥૧॥

હે મુનીશ્વરો! કદાચ આપ મને પહેલા મળ્યા હોત, તો હું તમારા ઉપદેશને સિર-માથા પર રાખી સાંભળત. પરંતુ અત્યારે તો હું પોતાનો જન્મ શિવજીને માટે હારી ચૂકી છું. પછી ગુણ-દોષોનો વિચાર કોણ કરે? ॥૧॥

જૌં તુમ્હરે હઠ હૃદયઁ બિસેષી। રહિ ન જાઇ બિનુ કિએઁ બરેષી॥
તૌ કૌતુકિઅન્હ આલસુ નાહીં। બર કન્યા અનેક જગ માહીં॥૨॥

જો આપના હૃદયમાં ઘણી જ હઠ હોય અને વિવાહની વાતચીત (ભાંજગડ) કર્યા વગર આપથી રહી ન શકાતું હોય તો સંસારમાં વર-કન્યા ઘણાં છે. રમત રમનારાઓને આળસ તો હોય જ નહિ [અન્યત્ર જઈને ભાંજગડ કરો]. ॥૨॥

જન્મ કોટિ લગિ રગર હમારી। બરઉઁ સંભુ ન ત રહઉઁ કુઆરી॥
તજઉઁ ન નારદ કર ઉપદેસૂ। આપુ કહહિં સત બાર મહેસૂ॥૩॥

મારે તો કરોડો જન્મ સુધી આ જ હઠ રહેશે કે 'કાં તો શિવજીને વરીશ, નહીં તો કુંવારી જ રહીશ.' સ્વયં શિવજી સેંકડો વાર કહે, તો પણ નારદજીના ઉપદેશને છોડીશ નહિ. ॥૩॥

મૈં પા પરઉઁ કહઇ જગદંબા। તુમ્હ ગૃહ ગવનહુ ભયઉ બિલંબા॥
દેખિ પ્રેમુ બોલે મુનિ ગ્યાની। જય જય જગદંબિકે ભવાની॥૪॥

જગતજનની પાર્વતીજીએ ફરી કહ્યું કે હું તમારા પગે પડું છું. તમે પોતાના ઘેર જાઓ, ઘણી વાર થઈ ગઈ છે. [શિવજીમાં પાર્વતીજીના આવા] પ્રેમને જોઈ જ્ઞાની મુનિઓ બોલ્યા – હે જગતજનની! હે ભવાની! તમારો જય થાઓ, જય થાઓ. ॥૪॥

દો૦ – તુમ્હ માયા ભગવાન સિવ સકલ જગત પિતુ માતુ।
નાઈ ચરન સિર મુનિ ચલે પુનિ પુનિ હરષત ગાતુ ॥ ૮૧॥

આપ માયા છો અને શિવજી ભગવાન છે. આપ બંને સમસ્ત જગતનાં માતા-પિતા છો. [આમ કહીને] મુનિઓ પાર્વતીજીના ચરણોમાં શીશ નમાવીને ચાલી નીકળ્યા. તેમનાં શરીર વારંવાર પુલકિત થઈ રહ્યાં હતાં. ॥ ૮૧॥

ચૌ૦ – જાઇ મુનિન્હ હિમવંતુ પઠાએ। કરિ બિનતી ગિરજહિં ગૃહ લ્યાએ ॥
બહુરિ સપ્તરિષિ સિવ પહિં જાઈ। કથા ઉમા કૈ સકલ સુનાઈ ॥ ૧॥

મુનિઓએ જઈને હિમાલયને પાર્વતીજી પાસે મોકલ્યા અને તેઓ વિનંતી કરીને તેમને ઘેર લઈ આવ્યાં; પછી સપ્તર્ષિઓએ શિવજીની પાસે જઈને તેમને પાર્વતીજીની આખી કથા સંભળાવી. ॥ ૧॥

ભએ મગન સિવ સુનત સનેહા। હરષિ સપ્તરિષિ ગવને ગેહા ॥
મનુ થિર કરિ તબ સંભુ સુજાના। લગે કરન રઘુનાયક ધ્યાના ॥ ૨॥

પાર્વતીજીના પ્રેમને સાંભળતાવેંત શિવજી આનંદમગ્ન થઈ ગયા. સપ્તર્ષિઓ પ્રસન્ન થઈને પોતાના ઘેર (બ્રહ્મલોક) ગયા. સુજ્ઞ શિવજી ત્યારે મનને સ્થિર કરીને શ્રીરઘુનાથજીનું ધ્યાન કરવા લાગ્યા. ॥ ૨॥

તારકુ અસુર ભયઉ તેહિ કાલા। ભુજ પ્રતાપ બલ તેજ બિસાલા ॥
તેહિં સબ લોક લોકપતિ જીતે। ભએ દેવ સુખ સંપતિ રીતે ॥ ૩॥

એ સમયે તારક નામનો અસુર થયો, જેની ભુજાઓનું બળ, પ્રતાપ અને તેજ ઘણાં ભારે હતાં, તેણે સર્વે લોક અને લોકપાળોને જીતી લીધા, સર્વે દેવતા સુખ અને સમ્પત્તિરહિત થઈ ગયા. ॥ ૩॥

અજર અમર સો જીતિ ન જાઈ। હારે સુર કરિ બિબિધ લરાઈ ॥
તબ બિરંચિ સન જાઇ પુકારે। દેખે બિધિ સબ દેવ દુખારે ॥ ૪॥

તે અજર-અમર હતો, તેથી કોઈથી પણ જીતાતો નહોતો. દેવતા તેની સાથે અનેક પ્રકારની લડાઈઓ લડીને હારી ગયા. ત્યારે તેઓએ બ્રહ્માજીની પાસે જઈ પોકાર કર્યો. બ્રહ્માજીએ સર્વે દેવતાઓને દુ:ખી જોયા. ॥ ૪॥

દો૦ – સબ સન કહા બુઝાઇ બિધિ દનુજ નિધન તબ હોઇ।
સંભુ સુક્ર સંભૂત સુત એહિ જીતઇ રન સોઇ ॥ ૮૨॥

બ્રહ્માજીએ બધાને સમજાવીને કહ્યું – આ દૈત્યનું મૃત્યુ ત્યારે થાય કે જ્યારે શિવજીના વીર્યથી પુત્ર ઉત્પન્ન થાય, આને યુદ્ધમાં એ જ જીતશે. ॥ ૮૨॥

ચૌ૦ – મોર કહા સુનિ કરહુ ઉપાઈ। હોઇહિ ઈશ્વર કરિહિ સહાઈ ॥
સતીં જો તજી દચ્છ મખ દેહા। જનમી જાઇ હિમાચલ ગેહા ॥ ૧॥

મારી વાત સાંભળીને ઉપાય કરો. ઈશ્વર મદદ કરશે અને કામ થઈ જશે. સતીજીએ દક્ષના યજ્ઞમાં જે દેહત્યાગ કર્યો હતો, તેમણે હવે હિમાલયના ઘેર જઈ જન્મ ધારણ કર્યો છે. ॥ ૧॥

તેહિં તપુ કીન્હ સંભુ પતિ લાગી । સિવ સમાધિ બૈઠે સબુ ત્યાગી ॥
જદપિ અહઇ અસમંજસ ભારી । તદપિ બાત એક સુનહુ હમારી ॥ ૨॥

તેઓએ શિવજીને પતિ બનાવવા માટે તપ કર્યું છે, આ બાજુ શિવજી સર્વે છોડી-ત્યાગીને સમાધિ લગાવી બેઠા છે. જોકે છે તો વાત ઘણી અટપટી, પણ મારી એક વાત સાંભળો. ॥ ૨॥

પઠવહુ કામુ જાઇ સિવ પાહીં । કરૈ છોભુ સંકર મન માહીં ॥
તબ હમ જાઇ સિવહિ સિર નાઈ । કરવાઉબ બિબાહુ બરિઆઈ ॥ ૩॥

તમે જાઓ અને કામદેવને શિવજી પાસે મોકલો, તે શિવજીના મનમાં ક્ષોભ ઉત્પન્ન કરે (તેમની સમાધિનો ભંગ કરે). ત્યારે અમે ત્યાં પહોંચી શિવજીના ચરણોમાં માથું નમાવીશું અને બળીજબરી (તેમને રાજી કરી) વિવાહ કરાવી દઈશું. ॥ ૩॥

એહિ બિધિ ભલેહિં દેવહિત હોઈ । મત અતિ નીક કહઇ સબુ કોઈ ॥
અસ્તુતિ સુરન્હ કીન્હિ અતિ હેતૂ । પ્રગટેઉ બિષમબાન ઝષકેતૂ ॥ ૪॥

ભલેને, આ રીતે જ દેવતાઓનું હિત થાય [બીજો તો કોઈ ઉપાય નથી]. બધાએ કહ્યું – આ એકમત ઘણો સારો છે. પછી દેવતાઓએ ઘણા પ્રેમથી સ્તુતિ કરી, ત્યારે વિષમ (પાંચ) બાણ ધારણ કરનારા અને માછલીના ચિહ્નયુક્ત ધ્વજવાળા કામદેવ પ્રકટ થયા. ॥ ૪॥

દો૦– સુરન્હ કહી નિજ બિપતિ સબ સુનિ મન કીન્હ બિચાર ।
સંભુ બિરોધ ન કુસલ મોહિ બિહસિ કહેઉ અસ માર ॥ ૮૩॥

દેવતાઓએ કામદેવને પોતાની બધી વિપત્તિ કહી. સાંભળીને કામદેવે મનમાં વિચાર કર્યો અને હસીને દેવતાઓને આમ કહ્યું કે શિવજીની સાથે વેર કરવામાં મારું કુશળ (હિત) નથી. ॥ ૮૩॥

ચૌ૦– તદપિ કરબ મૈં કાજુ તુમ્હારા । શ્રુતિ કહ પરમ ધરમ ઉપકારા ॥
પર હિત લાગિ તજઇ જો દેહી । સંતત સંત પ્રસંસહિં તેહી ॥ ૧॥

તો પણ હું તમારું કામ તો કરીશ, કારણ કે વેદ અન્યો પર કરેલા ઉપકારને પરમ ધર્મ કહે છે. જે બીજાઓના હિત માટે પોતાના શરીરનો ત્યાગ કરે છે, સંત સદાય તેની પ્રશંસા કરે છે. ॥ ૧॥

અસ કહિ ચલેઉ સબહિ સિરુ નાઈ । સુમન ધનુષ કર સહિત સહાઈ ॥
ચલત માર અસ હૃદયઁ બિચારા । સિવ બિરોધ ધ્રુવ મરનુ હમારા ॥ ૨॥

આમ કહીને અને સર્વેને શીશ નમાવી કામદેવ પોતાના પુષ્પના ધનુષને હાથમાં લઈ [વસન્તાદિ] સહાયકો સાથે ચાલ્યો. ચાલતા સમયે કામદેવે અંતરમાં એવું વિચાર્યું કે શિવજીની સાથે વિરોધ કરવાથી મારું મૃત્યુ નિશ્ચિત છે. ॥ ૨॥

તબ આપન પ્રભાઉ બિસ્તારા । નિજ બસ કીન્હ સકલ સંસારા ॥
કોપેઉ જબહિં બારિચરકેતૂ । છન મહુઁ મિટે સકલ શ્રુતિ સેતૂ ॥ ૩॥

ત્યારે તેણે પોતાનો પ્રભાવ વિસ્તાર્યો અને સમસ્ત સંસારને પોતાના વશમાં કરી લીધું. જે સમયે મત્સ્યના ચિહ્નની ધજાવાળા કામદેવે કોપ કર્યો તે સમયે ક્ષણવારમાં જ વેદોની બધીય મર્યાદા તૂટી ગઈ. ॥ ૩॥

બ્રહ્મચર્જ બ્રત સંજમ નાના। ધીરજ ધરમ ગ્યાન બિગ્યાના ॥
સદાચાર જપ જોગ બિરાગા। સભય બિબેક કટકુ સબુ ભાગા ॥ ૪॥

બ્રહ્મચર્ય, નિયમ, અનેક પ્રકારના સંયમ, ધીરજ, ધર્મ, જ્ઞાન-વિજ્ઞાન, સદાચાર, જપ, યોગ, વૈરાગ્ય આદિ વિવેકનું આખું સૈન્ય ભય પામીને ભાગી ગયું. ॥ ૪॥

છં૦ – ભાગેઉ બિબેકુ સહાય સહિત સો સુભટ સંજુગ મહિ મુરે।
સદગ્રંથ પર્બત કંદરન્હિ મહુઁ જાઈ તેહિ અવસર દુરે ॥
હોનિહાર કા કરતાર કો રખવાર જગ ખરભરુ પરા।
દુઈ માથ કેહિ રતિનાથ જેહિ કહુઁ કોપિ કર ધનુ સરુ ધરા ॥

વિવેક પોતાના સહાયકોસહિત નાસી ગયો, તેના યોદ્ધા રણ-ભૂમિમાં પીઠ બતાવી ગયા. તે સમયે તેઓ સર્વે સદ્ગ્રંથરૂપી પર્વતની કંદરાઓમાં જઈ સંતાઈ ગયા (અર્થાત્ જ્ઞાન, વૈરાગ્ય, સંયમ, નિયમ, સદાચારાદિ ગ્રંથોમાં જ લખેલા રહી ગયા; તેમનું આચરણ છૂટી ગયું). આખા જગતમાં ખળભળાટ મચી ગયો, [અને બધા કહેવા લાગ્યા –] હે વિધાતા! હવે શું થવાનું છે? અમારી રક્ષા કોણ કરશે? આવો બે માથાવાળો કોણ છે, જેના માટે રતિના પતિ કામદેવે કોપ કરીને હાથમાં ધનુષ્ય-બાણ ઉઠાવ્યું છે?

દો૦ – જે સજીવ જગ અચર ચર નારિ પુરુષ અસ નામ।
તે નિજ નિજ મરજાદ તજિ ભએ સકલ બસ કામ ॥ ૮૪॥

જગતમાં સ્ત્રી-પુરુષ સંજ્ઞાવાળા જેટલા ચર-અચર પ્રાણી હતાં, તે સર્વે પોતપોતાની મર્યાદાઓ છોડીને કામને વશ થઈ ગયાં. ॥ ૮૪॥

ચૌ૦ – સબ કે હૃદયઁ મદન અભિલાષા। લતા નિહારિ નવહિં તરુ સાખા ॥
નદીં ઉમગિ અંબુધિ કહુઁ ધાઈ। સંગમ કરહિં તલાવ તલાઈ ॥ ૧॥

બધાયના હૃદયમાં કામની ઇચ્છા થઈ ગઈ. લતાઓ(વેલો)ને જોઈને વૃક્ષોની ડાળી નમવા લાગી. નદીઓ આવેશ-ઉમંગથી સમુદ્ર તરફ દોડી અને તળાવ-તળાવડીઓ પણ પરસ્પર સંગમ કરવા (હળવા-મળવા) લાગ્યાં. ॥ ૧॥

જહઁ અસિ દસા જડ઼ન્હ કૈ બરની। કો કહિ સકઇ સચેતન કરની ॥
પસુ પચ્છી નભ જલ થલ ચારી। ભએ કામ બસ સમય બિસારી ॥ ૨॥

જ્યારે જડ(વૃક્ષ, નદી વગેરે)ની આ દશા થઈ ગઈ, તો ચેતન જીવોની કરણી કોણ કહી શકે છે? આકાશ, જળ અને પૃથ્વી પર વિચરનારાં બધાં પશુ-પક્ષી [પોતાના સંયોગનો] સમય ભુલાવી કામને વશ થઈ ગયાં. ॥ ૨॥

મદન અંધ બ્યાકુલ સબ લોકા। નિસિ દિનુ નહિં અવલોકહિં કોકા ॥
દેવ દનુજ નર કિંનર બ્યાલા। પ્રેત પિસાચ ભૂત બેતાલા ॥ ૩॥

સર્વે લોકો કામાંધ બની વ્યાકુળ થઈ ગયા. ચકલા-ચકલીએ રાત-દિવસ ન જોયાં. દેવ, દૈત્ય, મનુષ્ય, કિન્નર, સર્પ, પ્રેત પિશાચ, ભૂત, વેતાલ – ॥ ૩॥

ઈન્હ કૈ દસા ન કહેઉઁ બખાની । સદા કામ કે ચેરે જાની ॥
સિદ્ધ બિરક્ત મહામુનિ જોગી । તેપિ કામબસ ભએ બિયોગી ॥ ૪॥

— એ તો સદાય કામના ગુલામ છે, એમ સમજીને મેં એમની દશાનું વર્ણન નથી કર્યું. સિદ્ધ, વિરક્ત, મહામુનિ અને મહાન યોગીઓ પણ કામવશ યોગ છોડી સ્ત્રીના વિરહી બની ગયા. ॥ ૪॥

છં૦ — ભએ કામબસ જોગીસ તાપસ પાવઁરન્હિ કી કો કહૈ ।
દેખહિં ચરાચર નારિમય જે બ્રહ્મમય દેખત રહે ॥
અબલા બિલોકહિં પુરુષમય જગુ પુરુષ સબ અબલામયં ।
દુઈ દંડ ભરિ બ્રહ્માંડ ભીતર કામકૃત કૌતુક અયં ॥

જ્યારે યોગેશ્વરો અને તપસ્વીઓ પણ કામને વશ થઈ ગયા તો પામર મનુષ્યોનું પૂછવું જ શું? જે સમસ્ત ચરાચર જગતને બ્રહ્મમય જોતા હતા, તેઓ હવે તેને સ્ત્રીમય જોવા લાગ્યા. સ્ત્રીઓ આખાય સંસારને પુરુષમય જોવા લાગી અને પુરુષો તેને સ્ત્રીમય જોવા માંડ્યા. બે ઘડી સુધી સમસ્ત બ્રહ્માંડમાં કામદેવે રચેલું આ કૌતુક રહ્યું.

સો૦ — ધરી ન કાહૂઁ ધીર સબ કે મન મનસિજ હરે ।
જે રાખે રઘુબીર તે ઉબરે તેહિ કાલ મહુઁ ॥ ૮૫॥

કોઈએ પણ હૃદયમાં ધૈર્ય ધારણ ન કર્યું, કામદેવે સર્વેનાં મન હરી લીધાં. શ્રીરઘુનાથજીએ જેમની રક્ષા કરી, કેવળ તેઓ જ તે સમયે બચી શક્યા. ॥ ૮૫॥

ચૌ૦ — ઉભય ઘરી અસ કૌતુક ભયઊ । જૌ લગિ કામુ સંભુ પહિં ગયઊ ॥
સિવહિ બિલોકિ સસંકેઉ મારૂ । ભયઉ જથાથિતિ સબુ સંસારૂ ॥ ૧॥

બે ઘડી સુધી આવો તમાશો થયો, ત્યાં સુધી કામદેવ શિવજીની પાસે પહોંચ્યા. શિવજીને જોઈ કામદેવ બી ગયા, ત્યારે આખુંય જગત ફરી જેમ હતું તેમ સ્થિર બની ગયું. ॥ ૧॥

ભએ તુરત સબ જીવ સુખારે । જિમિ મદ ઉતરિ ગએઁ મતવારે ॥
રુદ્રહિ દેખિ મદન ભય માના । દુરાધરષ દુર્ગમ ભગવાના ॥ ૨॥

તરત જ બધા જીવો એવા જ સુખી થઈ ગયા, જેવા ઉન્મત (નશાનું પાન કરેલા) લોકો મદ (નશો) ઊતરી જતાંની સાથે સુખી થાય છે. દુરાધર્ષ (જેમને પરાજિત કરવા અત્યંત જ અઘરા છે) અને દુર્ગમ (જેમનો પાર પામવો કઠિન છે) ભગવાન (સંપૂર્ણ ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્યરૂપી છ ઈશ્વરીય ગુણોથી યુક્ત) રુદ્ર (મહાભયંકર) શિવજીને જોઈને કામદેવ ભયભીત થઈ ગયો. ॥ ૨॥

ફિરત લાજ કછુ કરિ નહિં જાઈ । મરનુ ઠાનિ મન રચેસિ ઉપાઈ ॥
પ્રગટેસિ તુરત રુચિર રિતુરાજા । કુસુમિત નવ તરુ રાજિ બિરાજા ॥ ૩॥

પાછા ફરવામાં શરમ દેખાય છે અને કરી કંઈ શકાતું નથી. અંતે મનમાં મરવાનો નિશ્ચય કરીને તેમણે ઉપાય રચ્યો. તરત જ સુંદર ઋતુરાજ વસંતને પ્રકટ કર્યો. પુષ્પોથી યુક્ત થયેલાં નવાં નવાં વૃક્ષોની પંક્તિઓ સુશોભિત થઈ ગઈ. ॥ ૩॥

બન ઉપબન બાપિકા તડ़ાગા। પરમ સુભગ સબ દિસા બિભાગા॥
જહઁ તહઁ જનુ ઉમગત અનુરાગા। દેખિ મુએહુઁ મન મનસિજ જાગા॥૪॥

વન-ઉપવન, વાવડી, તળાવ અને સર્વે દિશાઓના વિભાગ પરમ સુંદર બની ગયા. ચારે બાજુ જાણે પ્રેમ ઊભરાઈ રહ્યો છે, જેને જોઈને મરેલાં મનોમાં પણ કામદેવ જાગી ઊઠ્યો. ॥૪॥

છં૦– જાગઇ મનોભવ મુએહુઁ મન બન સુભગતા ન પરૈ કહી।
સીતલ સુગંધ સુમંદ મારુત મદન અનલ સખા સહી॥
બિકસે સરન્હિ બહુ કંજ ગુંજત પુંજ મંજુલ મધુકરા।
કલહંસ પિક સુક સરસ રવ કરિ ગાન નાચહિં અપછરા॥

મરેલાના મનમાં પણ કામદેવ જાગવા લાગ્યો, વનની સુંદરતા કહી શકાતી નથી. કામરૂપી અગ્નિનો સાચો મિત્ર એવો શીતળ-મંદ સુગંધિત વાયુ વાવા લાગ્યો. સરોવરોમાં અનેક કમળો ખીલી ગયાં, જેના પર સુંદર ભમરાના સમૂહ ગુંજારવ કરવા લાગ્યા. રાજહંસ, કોયલ અને પોપટો રસીક કલરવ કરવા લાગ્યા અને અપ્સરાઓ ગાઈ-ગાઈને નાચવા લાગી.

દો૦– સકલ કલા કરિ કોટિ બિધિ હારેઉ સેન સમેત।
ચલી ન અચલ સમાધિ સિવ કોપેઉ હૃદયનિકેત॥૮૬॥

કામદેવ પોતાની સેનાસહિત કરોડો પ્રકારની સર્વે કળાઓ (ઉપાય) કરીને હારી ગયો, પણ શિવજીની અચળ સમાધિ ન ડગી. ત્યારે કામદેવ ક્રોધિત થઈ ગયો. ॥૮૬॥

ચૌ૦– દેખિ રસાલ બિટપ બર સાખા। તેહિ પર ચઢ़ેઉ મદનુ મન માખા॥
સુમન ચાપ નિજ સર સંધાને। અતિ રિસ તાકિ શ્રવન લગિ તાને॥૧॥

આંબાના વૃક્ષની એક સુંદર ડાળીને જોઈને મનમાં કોપે ભરાયેલો કામદેવ તેના પર ચઢી ગયો. તેણે પુષ્પ-ધનુષ પર પોતાનાં [પાંચેય] બાણ ચઢાવ્યાં અને અત્યંત ક્રોધથી [લક્ષ્ય તરફ] તાકીને તેને કાન સુધી ખેંચી લીધાં. ॥૧॥

છાड़ે બિષમ બિસિખ ઉર લાગે। છૂટિ સમાધિ સંભુ તબ જાગે॥
ભયઉ ઈસ મન છોભુ બિસેષી। નયન ઉઘારિ સકલ દિસિ દેખી॥૨॥

કામદેવે તીક્ષ્ણ પાંચ બાણ છોડ્યાં, જે શિવજીના હૃદયમાં લાગ્યાં. ત્યારે તેમની સમાધિનો ભંગ થયો અને તેઓ જાગી ગયા. ઈશ્વર(શિવજી)ના મનમાં ઘણો જ ક્ષોભ થયો. તેઓએ આંખો ઉઘાડીને ચારે બાજુ જોયું. ॥૨॥

સૌરભ પલ્લવ મદનુ બિલોકા। ભયઉ કોપુ કંપેઉ ત્રૈલોકા॥
તબ સિવઁ તીસર નયન ઉઘારા। ચિતવત કામુ ભયઉ જરિ છારા॥૩॥

જ્યારે આંબાનાં પાંદડાંમાં [સંતાયેલા] કામદેવને જોયા તો તેમને ઘણો ક્રોધ થયો, જેથી ત્રણેય લોક કંપી ઊઠ્યા. ત્યારે શિવજીએ ત્રીજું લોચન ખોલ્યું, તેમની દૃષ્ટિ પડતાંની સાથે જ કામદેવ બળીને ભસ્મ થઈ ગયો. ॥૩॥

હાહાકાર ભયઉ જગ ભારી । ડરપે સુર ભએ અસુર સુખારી ॥
સમુઝિ કામસુખ સોચહિં ભોગી । ભએ અકંટક સાધક જોગી ॥ ૪॥

જગતમાં ભારે હાહાકાર મચી ગયો. દેવતાઓ ડરી ગયા, દૈત્ય સુખી બન્યા. ભોગી લોકો કામસુખને યાદ કરીને ચિંતા કરવા લાગ્યા અને સાધક યોગીઓ નિષ્કંટક થઈ ગયા. ॥ ૪॥

છં૦ – જોગી અકંટક ભએ પતિ ગતિ સુનત રતિ મુરુછિત ભઈ ।
રોદતિ બદતિ બહુ ભાઁતિ કરુના કરતિ સંકર પહિં ગઈ ॥
અતિ પ્રેમ કરિ બિનતી બિબિધ બિધિ જોરિ કર સન્મુખ રહી ।
પ્રભુ આસુતોષ કૃપાલ સિવ અબલા નિરખિ બોલે સહી ॥

યોગી નિષ્કંટક બન્યા, કામદેવની સ્ત્રી રતિ પોતાના પતિની આ દશા સાંભળતાં જ મૂર્ચ્છિત થઈ ગઈ. રોતી-કકળતી અને જાતજાતની કરુણા કરતી તે શિવજી પાસે ગઈ. અત્યંત પ્રેમ સાથે અનેક રીતે વિનંતી કરી, હાથ જોડીને સામે ઊભી રહી. શીઘ્ર પ્રસન્ન થનાર કૃપાળુ શિવજી અબળા(અસહાય સ્ત્રી)ને જોઈને સુંદર (તેને સાંત્વના આપનાર) વચન બોલ્યા તો ખરા –

દો૦ – અબ તેં રતિ તવ નાથ કર હોઇહિ નામુ અનંગુ ।
બિનુ બપુ બ્યાપિહિ સબહિ પુનિ સુનુ નિજ મિલન પ્રસંગુ ॥ ૮૭॥

હે રતિ! હવેથી તારા પતિનું નામ 'અનંગ' થશે. તે વગર શરીરે જ સર્વેમાં વ્યાપશે. હવે, તું પોતાના પતિને મળવાની વાત સાંભળ. ॥ ૮૭॥

ચૌ૦ – જબ જદુબંસ કૃષ્ન અવતારા । હોઇહિ હરન મહા મહિભારા ॥
કૃષ્ન તનય હોઇહિ પતિ તોરા । બચનુ અન્યથા હોઇ ન મોરા ॥ ૧॥

જ્યારે પૃથ્વીનો મહાભારે ભાર ઉતારવા માટે યદુવંશમાં શ્રીકૃષ્ણનો અવતાર થશે, ત્યારે તારો પતિ તેમના પુત્ર(પ્રદ્યુમ્ન)ના રૂપે ઉત્પન્ન થશે. મારું આ વચન અન્યથા (મિથ્યા) નહીં થાય. ॥ ૧॥

રતિ ગવની સુનિ સંકર બાની । કથા અપર અબ કહઉઁ બખાની ॥
દેવન્હ સમાચાર સબ પાએ । બ્રહ્માદિક બૈકુંઠ સિધાએ ॥ ૨॥

શિવજીનાં વચન સાંભળી રતિ ચાલી ગઈ. હવે, બીજી કથા વખાણીને (વિસ્તારથી) કહું છું. બ્રહ્માદિ દેવતાઓએ આ બધા સમાચાર સાંભળ્યા તો તેઓ વૈકુંઠમાં ગયા. ॥ ૨॥

સબ સુર બિષ્નુ બિરંચિ સમેતા । ગએ જહાઁ સિવ કૃપાનિકેતા ॥
પૃથક પૃથક તિન્હ કીન્હિ પ્રસંસા । ભએ પ્રસન્ન ચંદ્ર અવતંસા ॥ ૩॥

પછી ત્યાંથી વિષ્ણુ અને બ્રહ્માસહિત બધા દેવતા જ્યાં કૃપાના ધામ શિવજી હતા ત્યાં ગયા. તે સર્વેએ શિવજીની અલગ-અલગ સ્તુતિ કરી, ત્યારે શશિભૂષણ શિવજી પ્રસન્ન થઈ ગયા. ॥ ૩॥

બોલે કૃપાસિંધુ બૃષકેતૂ । કહહુ અમર આએ કેહિ હેતૂ ॥
કહ બિધિ તુમ્હ પ્રભુ અંતરજામી । તદપિ ભગતિ બસ બિનવઉઁ સ્વામી ॥ ૪॥

કૃપાના સાગર શિવજી બોલ્યા – હે દેવતાઓ! કહો, આપ શા માટે આવ્યા છો? બ્રહ્માજીએ કહ્યું – હે પ્રભો! આપ અંતર્યામી છો, તો પણ હે સ્વામી! ભક્તિવશ હું આપને વિનંતી કરું છું. ॥ ૪॥

દો૦ – સકલ સુરન્હ કે હૃદયઁ અસ સંકર પરમ ઉછાહુ ।
નિજ નયનન્હિ દેખા ચહહિં નાથ તુમ્હાર બિબાહુ ॥ ૮૮॥

હે શંકર! સર્વે દેવતાઓના મનમાં એવો પરમ ઉત્સાહ છે કે હે નાથ! તેઓ પોતાની આંખોથી આપનો વિવાહ નિહાળવા ઇચ્છે છે. ॥ ૮૮॥

ચૌ૦ – યહ ઉત્સવ દેખિઅ ભરિ લોચન । સોઇ કછુ કરહુ મદન મદ મોચન ॥
કામુ જારિ રતિ કહુઁ બરુ દીન્હા । કૃપાસિંધુ યહ અતિ ભલ કીન્હા ॥ ૧॥

હે કામદેવના મદને ઉતારનારા! આપ એવું કંઈક કરો, જેથી બધા લોકો આ ઉત્સવને આંખો ભરીને નિહાળે. હે કૃપાના સાગર! કામદેવને બાળીને આપે રતિને જે વરદાન આપ્યું તે ઘણું જ સારું કર્યું. ॥ ૧॥

સાસતિ કરિ પુનિ કરહિં પસાઊ । નાથ પ્રભુન્હ કર સહજ સુભાઊ ॥
પારબતીં તપુ કીન્હ અપારા । કરહુ તાસુ અબ અંગીકારા ॥ ૨॥

હે નાથ! શ્રેષ્ઠ સ્વામીઓનો આ સહજ (સરળ) સ્વભાવ જ છે કે તેઓ પહેલા દંડ આપીને પછી કૃપા કરતાં રહે છે. પાર્વતીએ અપાર તપ કર્યું છે, હવે એમનો અંગીકાર કરો. ॥ ૨॥

સુનિ બિધિ બિનય સમુઝિ પ્રભુબાની । ઐસેઇ હોઉ કહા સુખુ માની ॥
તબ દેવન્હ દુંદુભીં બજાઈં । બરષિ સુમન જય જય સુર સાઈં ॥ ૩॥

બ્રહ્માજીની પ્રાર્થના સાંભળીને અને પ્રભુ શ્રીરામચન્દ્રજીનાં વચનોને યાદ કરીને શિવજીએ પ્રસન્નતાપૂર્વક કહ્યું – 'એમ જ થાઓ.' ત્યારે દેવતાઓએ દુંદુભી-નગારાં વગાડ્યાં અને ફૂલોની વર્ષા કરીને 'જય હો! દેવતાઓના સ્વામીની જય હો' એમ કહેવા લાગ્યા. ॥ ૩॥

અવસરુ જાનિ સપ્તરિષિ આએ । તુરતહિં બિધિ ગિરિભવન પઠાએ ॥
પ્રથમ ગએ જહઁ રહીં ભવાની । બોલે મધુર બચન છલ સાની ॥ ૪॥

ઉચિત અવસર જાણીને સપ્તર્ષિઓ આવ્યા અને બ્રહ્માજીએ તરત જ તેમને હિમાલયના ઘેર મોકલ્યા. તેઓ પહેલા ત્યાં ગયા જ્યાં પાર્વતીજી હતાં અને તેમને છળભર્યાં મીઠાં (વિનોદયુક્ત, આનંદ પહોંચાડનારાં) વચન કહ્યાં – ॥ ૪॥

દો૦ – કહા હમાર ન સુનેહુ તબ નારદ કેં ઉપદેસ ।
અબ ભા ઝૂઠ તુમ્હાર પન જારેઉ કામુ મહેસ ॥ ૮૯॥

નારદજીના ઉપદેશના લીધે તમે તે વખતે અમારી વાત ન સાંભળી. હવે તો તમારું પ્રણ ખોટું થઈ ગયું, કેમ કે મહાદેવજીએ કામને જ ભસ્મ કરી નાખ્યો. ॥ ૮૯॥

માસપારાયણ, ત્રીજો વિશ્રામ

ચૌ૦ – સુનિ બોલીં મુસુકાઈ ભવાની। ઉચિત કહેહુ મુનિબર બિગ્યાની ॥
તુમ્હરેં જાન કામુ અબ જારા। અબ લગિ સંભુ રહે સબિકારા ॥ ૧॥

આ સાંભળીને પાર્વતીજી મુસ્કરાઈને બોલ્યાં – હે વિજ્ઞાની મુનિવરો! આપે યોગ્ય જ કહ્યું. આપની સમજણમાં શિવજીએ કામદેવને અત્યારે બાળ્યો છે, અત્યાર સુધી તો તેઓ વિકારયુક્ત (કામી) જ રહ્યા! ॥ ૧॥

હમરેં જાન સદા સિવ જોગી। અજ અનવદ્ય અકામ અભોગી ॥
જૌં મૈં સિવ સેયે અસ જાની। પ્રીતિ સમેત કર્મ મન બાની ॥ ૨॥

પરંતુ મારી સમજણમાં તો શિવજી સદાથી જ યોગી, અજન્મા, અનિંદ્ય, કામરહિત અને ભોગહીન છે અને જો મેં શિવજીને આવા સમજીને જ મન, વચન અને કર્મથી પ્રેમસહિત તેમની સેવા કરી છે – ॥ ૨॥

તૌ હમાર પન સુનહુ મુનીસા। કરિહહિં સત્ય કૃપાનિધિ ઈસા ॥
તુમ્હ જો કહા હર જારેઉ મારા। સોઈ અતિ બડ઼ અબિબેકુ તુમ્હારા ॥ ૩॥

તો હે મુનીશ્વરો! સાંભળો, તે કૃપાનિધાન ભગવાન મારી પ્રતિજ્ઞાને સત્ય કરશે. આપે જે એમ કહ્યું કે શિવજીએ કામદેવને ભસ્મ કરી દીધા, એ જ આપનો ઘણો ભારે અવિવેક છે. ॥ ૩॥

તાત અનલ કર સહજ સુભાઊ। હિમ તેહિ નિકટ જાઈ નહિં કાઊ ॥
ગએઁ સમીપ સો અવસિ નસાઈ। અસિ મન્મથ મહેસ કી નાઈ ॥ ૪॥

હે તાત! અગ્નિનો તો આ સહજ સ્વભાવ જ છે કે હિમ તેની પાસે કદીય જઈ ન શકે અને જાય તો તે અવશ્ય નષ્ટ થઈ જશે. મહાદેવજી અને કામદેવના સંબંધમાં પણ આ જ ન્યાય સમજવો જોઈએ. ॥ ૪॥

દો૦ – હિયઁ હરષે મુનિ બચન સુનિ દેખિ પ્રીતિ બિસ્વાસ।
ચલે ભવાનિહિ નાઈ સિર ગએ હિમાચલ પાસ ॥ ૯૦॥

પાર્વતીજીનાં વચન સાંભળીને અને તેમનો સ્નેહ તથા વિશ્વાસ જોઈને મુનિઓ અંતરથી ઘણા પ્રસન્ન થયા. તેઓ ભવાનીને શીશ નમાવી ચાલી નીકળ્યા અને હિમાલય પાસે પહોંચ્યા. ॥ ૯૦॥

ચૌ૦ – સબુ પ્રસંગુ ગિરિપતિહિ સુનાવા। મદન દહન સુનિ અતિ દુખુ પાવા ॥
બહુરિ કહેઉ રતિ કર બરદાના। સુનિ હિમવંત બહુત સુખુ માના ॥ ૧॥

તેમણે પર્વતરાજ હિમાલયને સર્વ વૃત્તાંત સંભળાવ્યો. કામદેવના ભસ્મ થવાનું સાંભળી હિમાલય ઘણો દુઃખી થયો. પછી મુનિઓએ રતિના વરદાનની વાત કહી, તે સાંભળીને હિમાલયે ઘણું સુખ અનુભવ્યું. ॥ ૧॥

હૃદયઁ બિચારિ સંભુ પ્રભુતાઈ । સાદર મુનિબર લિએ બોલાઈ ॥
સુદિનુ સુનખતુ સુઘરી સોચાઈ । બેગિ બેદબિધિ લગન ધરાઈ ॥ ૨॥

શિવજીના પ્રભાવનો મનમાં વિચાર કરી હિમાલયે શ્રેષ્ઠ મુનિઓને આદરપૂર્વક બોલાવી લીધા અને તેમની પાસે શુભ દિન, શુભ નક્ષત્ર અને શુભ ઘડી જોવડાવી વેદની વિધિ અનુસાર તુરત જ લગ્ન નક્કી કરાવી લખાવી લીધું. ॥ ૨॥

પત્રી સપ્તરિષિન્હ સોઇ દીન્હી । ગહિ પદ બિનય હિમાચલ કીન્હી ॥
જાઈ બિધિહિ તિન્હ દીન્હિ સો પાતી । બાચત પ્રીતિ ન હૃદયઁ સમાતી ॥ ૩॥

પછી હિમાલયે તે લગ્નપત્રિકા સપ્તર્ષિઓને આપી અને ચરણ પકડી તેમને વિનંતી કરી. તેઓએ જઈને તે લગ્નપત્રિકા બ્રહ્માજીને આપી. તેને વાંચતી વખતે તેમના હૃદયમાં પ્રેમ સમાતો ન હતો. ॥ ૩॥

લગન બાચિ અજ સબહિ સુનાઈ । હરષે મુનિ સબ સુર સમુદાઈ ॥
સુમન બૃષ્ટિ નભ બાજન બાજે । મંગલ કલસ દસહુઁ દિસિ સાજે ॥ ૪॥

બ્રહ્માજીએ લગ્ન વાંચી સૌને સંભળાવ્યાં. જેને સાંભળીને સર્વે મુનિ અને દેવતાઓનો આખો સમાજ હર્ષિત થઈ ગયો. આકાશમાંથી ફૂલોનો વરસાદ થવા માંડ્યો, વાજાં વાગવા લાગ્યાં અને દસેય દિશાઓમાં મંગળ-કળશ સજાવી દેવાયા. ॥ ૪॥

દો૦ – લગે સઁવારન સકલ સુર બાહન બિબિધ બિમાન ।
હોહિં સગુન મંગલ સુભદ કરહિં અપછરા ગાન ॥ ૯૧॥

બધા દેવતા પોતાનાં જાત-જાતનાં વાહનો અને વિમાનો શણગારવા લાગ્યા. કલ્યાણદાયક મંગળ શુકનો થવા લાગ્યાં અને અપ્સરાઓ ગાવા લાગી. ॥ ૯૧॥

ચૌ૦ – સિવહિ સંભુ ગન કરહિં સિંગારા । જટા મુકુટ અહિ મૌરુ સઁવારા ॥
કુંડલ કંકન પહિરે બ્યાલા । તન બિભૂતિ પટ કેહરિ છાલા ॥ ૧॥

શિવજીના ગણો શિવજીનો શૃંગાર કરવા લાગ્યા. જટાઓનો મુગટ બનાવી તેના પર સર્પોનો મોડ સજાવ્યો. શિવજીએ સર્પોનાં જ કુંડળ અને કંકણ પહેર્યાં, શરીર પર વિભૂતિ ચોળી અને વસ્ત્રના સ્થાને વાઘામ્બર વીંટી લીધું. ॥ ૧॥

સસિ લલાટ સુંદર સિર ગંગા । નયન તીનિ ઉપબીત ભુજંગા ॥
ગરલ કંઠ ઉર નર સિર માલા । અસિવ બેષ સિવધામ કૃપાલા ॥ ૨॥

શિવજીના સુંદર લલાટ પર ચન્દ્રમા, શીશ પર ગંગાજી, ત્રણ નેત્રો, સર્પોની જનોઈ, ગળામાં વિષ અને છાતી પર નર-ખોપરીઓની માળા હતી. આ રીતે તેમનો વેષ અશુભ હોવા છતાંય તેઓ કલ્યાણના ધામ અને કૃપાળુ છે. ॥ ૨॥

કર ત્રિસૂલ અરુ ડમરુ બિરાજા। ચલે બસહઁ ચઢ़િ બાજહિં બાજા ॥
દેખિ સિવહિ સુરત્રિય મુસુકાહીં। બર લાયક દુલહિનિ જગ નાહીં ॥ ૩॥

એક હાથમાં ત્રિશૂળ અને બીજામાં ડમરુ સુશોભિત છે. શિવજી નંદી પર ચઢીને ચાલ્યા. વાજાં વાગી રહ્યાં છે. શિવજીને જોઈ દેવાંગનાઓ મલકાઈ રહી છે [અને કહે છે કે] આ વરને લાયક વધૂ સંસારમાં મળશે નહીં. ॥ ૩॥

બિષ્નુ બિરંચિ આદિ સુરબ્રાતા। ચઢ़િ ચઢ़િ બાહન ચલે બરાતા ॥
સુર સમાજ સબ ભાઁતિ અનૂપા। નહિં બરાત દૂલહ અનુરૂપા ॥ ૪॥

વિષ્ણુ અને બ્રહ્મા આદિ દેવતાઓનો સમૂહ પોતપોતાનાં વાહનો પર ચઢીને જાનમાં ચાલ્યા. દેવતાઓનો સમાજ બધી રીતે અનુપમ (પરમ સુંદર) હતો, પણ વરને યોગ્ય જાન ન હતી. ॥ ૪॥

દો૦ – બિષ્નુ કહા અસ બિહસિ તબ બોલિ સકલ દિસિરાજ।
બિલગ બિલગ હોઈ ચલહુ સબ નિજ નિજ સહિત સમાજ ॥ ૯૨॥

ત્યારે વિષ્ણુ ભગવાને બધા દિક્પાળોને બોલાવીને હસીને આમ કહ્યું – બધા લોકો પોતપોતાના દળસહિત જુદા જુદા થઈને ચાલો. ॥ ૯૨॥

ચૌ૦ – બર અનુહારિ બરાત ન ભાઈ। હઁસી કરૈહહુ પર પુર જાઈ ॥
બિષ્નુ બચન સુનિ સુર મુસુકાને। નિજ નિજ સેન સહિત બિલગાને ॥ ૧॥

હે ભાઈ! આપણા લોકોની આ જાન વરને યોગ્ય નથી. શું પારકા નગરમાં જઈને હાંસી કરાવશો? વિષ્ણુ ભગવાનની વાત સાંભળીને દેવતાઓ મલકાયા અને તેઓ પોતપોતાની સેનાસહિત જુદા થઈ ગયા. ॥ ૧॥

મનહીં મન મહેસુ મુસુકાહીં। હરિ કે બિંગ્ય બચન નહિં જાહીં ॥
અતિ પ્રિય બચન સુનત પ્રિય કેરે। ભૃંગિહિ પ્રેરિ સકલ ગન ટેરે ॥ ૨॥

મહાદેવજી [આ જોઈને] મનમાં ને મનમાં મલકાય છે કે વિષ્ણુ ભગવાનનાં વ્યંગ-વચન (વિનોદ) નથી છૂટતાં! પોતાના પ્રિય(વિષ્ણુ ભગવાન)નાં આ અતિપ્રિય વચનોને સાંભળી શિવજીએ પણ ભૃંગીને મોકલીને પોતાના બધા ગણોને બોલાવી લીધા. ॥ ૨॥

સિવ અનુસાસન સુનિ સબ આએ। પ્રભુ પદ જલજ સીસ તિન્હ નાએ ॥
નાના બાહન નાના બેષા। બિહસે સિવ સમાજ નિજ દેખા ॥ ૩॥

શિવજીની આજ્ઞા સાંભળતાં જ સર્વે આવ્યા અને તેઓએ સ્વામીનાં ચરણકમળોમાં શીશ નમાવ્યું. જાતજાતનાં વાહનો અને જાતજાતના વેષવાળા પોતાના સમાજને જોઈને શિવજી હસ્યા. ॥ ૩॥

કોઉ મુખ હીન બિપુલ મુખ કાહૂ। બિનુ પદ કર કોઉ બહુ પદ બાહૂ ॥
બિપુલ નયન કોઉ નયન બિહીના। રિષ્ટપુષ્ટ કોઉ અતિ તનખીના ॥ ૪॥

કોઈ મુખ વિનાના છે, કોઈને ઘણાં જ મુખો છે, કોઈ હાથ-પગ વિનાના છે તો કોઈને ઘણા જ હાથ-પગ છે. કોઈને ઘણી આંખો છે તો કોઈને એક પણ આંખ નથી. કોઈ ઘણો જાડો-પુષ્ટ છે તો કોઈ ઘણો જ દૂબળો-પાતળો છે. ॥ ૪॥

છં૦ – તન ખીન કોઉ અતિ પીન પાવન કોઉ અપાવન ગતિ ધરેં।
ભૂષન કરાલ કપાલ કર સબ સદ્ય સોનિત તન ભરેં॥
ખર સ્વાન સુઅર સૃકાલ મુખ ગન બેષ અગનિત કો ગનૈ।
બહુ જિનસ પ્રેત પિસાચ જોગિ જમાત બરનત નહિં બનૈ॥

કોઈ ઘણો દૂબળો, કોઈ ઘણો જાડો, કોઈએ પવિત્ર અને કોઈએ અપવિત્ર વેષ ધારણ કરેલા છે. ભયંકર ઘરેણાં પહેરી હાથમાં ખોપરી લીધેલી છે અને સઘળા સર્વે શરીરે તાજા લોહીથી ખરડાયેલા છે. ગધેડાં, કૂતરાં, સૂવર અને શિયાળ જેવાં જ તેમનાં મુખો છે. ગણોના અગણિત વેષોને કોણ ગણે? ઘણા પ્રકારની પ્રેત, પિશાચ અને યોગિનીઓની જમાતો છે. તેનું વર્ણન કરી નથી શકાતું.

સો૦ – નાચહિં ગાવહિં ગીત પરમ તરંગી ભૂત સબ।
દેખત અતિ બિપરીત બોલહિં બચન બિચિત્ર બિધિ॥૯૩॥

ભૂત-પ્રેત નાચે છે અને ગીતો ગાય છે, તે સર્વે ઘણાં તરંગી છે. દેખાવમાં ઘણા જ કઢંગા જણાય છે અને ઘણી જ વિચિત્ર રીતે બોલે છે. ॥૯૩॥

ચૌ૦ – જસ દૂલહુ તસિ બની બરાતા। કૌતુક બિબિધ હોહિં મગ જાતા॥
ઈહાઁ હિમાચલ રચેઉ બિતાના। અતિ બિચિત્ર નહિં જાઇ બખાના॥૧॥

જેવો વર છે, હવે તેવી જ જાન બની ગઈ છે. માર્ગમાં ચાલતાં જાતજાતના કૌતુક થતાં જાય છે. આ બાજુ, હિમાલયે એવો વિચિત્ર મંડપ બનાવ્યો કે જેનું વર્ણન થઈ શકતું નથી. ॥૧॥

સૈલ સકલ જહઁ લગિ જગ માહીં। લઘુ બિસાલ નહિં બરનિ સિરાહીં॥
બન સાગર સબ નદીં તલાવા। હિમગિરિ સબ કહુઁ નેવત પઠાવા॥૨॥

જગતમાં જેટલા નાના-મોટા પર્વતો હતા, જેમનું વર્ણન કરીને પાર પમાતો નથી તથા જેટલા વન, સમુદ્ર, નદીઓ અને તળાવ હતાં, હિમાલયે તે સર્વેને નોતરાં મોકલ્યાં. ॥૨॥

કામરૂપ સુંદર તન ધારી। સહિત સમાજ સહિત બર નારી॥
ગએ સકલ તુહિનાચલ ગેહા। ગાવહિં મંગલ સહિત સનેહા॥૩॥

તે બધા પોતાની ઈચ્છાનુસાર રૂપ ધારણ કરનારા સુંદર શરીર ધારણ કરી, સુંદર સ્ત્રીઓ અને સમાજોની સાથે હિમાલયના ઘેર ગયા. બધા સ્નેહસહિત મંગળગીતો ગાય છે. ॥૩॥

પ્રથમહિં ગિરિ બહુ ગૃહ સઁવરાએ। જથાજોગુ તહઁ તહઁ સબ છાએ॥
પુર સોભા અવલોકિ સુહાઈ। લાગઇ લઘુ બિરંચિ નિપુનાઈ॥૪॥

હિમાલયે અગાઉથી જ ઘણાં ઘર શણગારી રખાવ્યાં હતાં. યથાયોગ્ય તે તે સ્થાનોમાં સર્વે લોકો ઊતર્યા. નગરની સુંદર શોભા જોઈને બ્રહ્માની રચના-ચાતુરી પણ તુચ્છ જણાતી હતી. ॥૪॥

છં૦– લઘુ લાગ બિધિ કી નિપુનતા અવલોકિ પુર સોભા સહી ।
બન બાગ કૂપ તડ़ાગ સરિતા સુભગ સબ સક કો કહી ॥
મંગલ બિપુલ તોરન પતાકા કેતુ ગૃહ ગૃહ સોહહીં ।
બનિતા પુરુષ સુંદર ચતુર છબિ દેખિ મુનિ મન મોહહીં ॥

નગરની શોભા જોઈને બ્રહ્માની નિપુણતા સાચેસાચ તુચ્છ જણાય છે. વન, બાગ, કૂવા, તળાવ, નદીઓ સર્વે સુંદર છે, તેમનું વર્ણન કોણ કરી શકે છે? ઘેર ઘેર ઘણાં જ મંગળસૂચક તોરણ અને ધજા-પતાકાઓ સુશોભિત થઈ રહ્યાં છે. ત્યાંનાં સુંદર અને ચતુર સ્ત્રી-પુરુષોની છબિ (કાંતિ) જોઈને મુનિઓના મન પણ મોહિત થઈ જાય છે.

દો૦– જગદંબા જહઁ અવતરી સો પુરુ બરનિ કિ જાઈ ।
રિદ્ધિ સિદ્ધિ સંપત્તિ સુખ નિત નૂતન અધિકાઈ ॥ ૯૪॥

જે નગરમાં સ્વયં જગદંબાએ અવતાર લીધો, શું તેનું વર્ણન થઈ શકે છે? ત્યાં રિદ્ધિ, સિદ્ધિ, સંપત્તિ અને સુખ નિત્ય-નવીન વધતાં જાય છે. ॥ ૯૪॥

ચૌ૦– નગર નિકટ બરાત સુનિ આઈ । પુર ખરભરુ સોભા અધિકાઈ ॥
કરિ બનાવ સજિ બાહન નાના । ચલે લેન સાદર અગવાના ॥ ૧॥

જાનને નગરની સમીપ આવેલી સાંભળીને નગરમાં દોડ-ધામ થઈ ગઈ, જેથી તેની શોભા વધી ગઈ. આગેવાની લેનારાઓ બનીઠનીને તથા અનેક પ્રકારનાં વાહનોને શણગારીને આદરસહિત જાનને લેવા ચાલ્યા. ॥ ૧॥

હિયઁ હરષે સુર સેન નિહારી । હરિહિ દેખિ અતિ ભએ સુખારી ॥
સિવ સમાજ જબ દેખન લાગે । બિડરિ ચલે બાહન સબ ભાગે ॥ ૨॥

દેવતાઓના સમાજને જોઈને બધા મનમાં પ્રસન્ન થયા અને વિષ્ણુ ભગવાનને જોઈને તો ઘણું જ સુખ પામ્યા. પરંતુ જ્યારે શિવજીના દળને જોવા લાગ્યા ત્યારે તો તેમનાં બધાં વાહનો (હાથી, ઘોડા, રથના બળદો આદિ) ડરીને ભાગી છૂટ્યાં. ॥ ૨॥

ધરિ ધીરજુ તહઁ રહે સયાને । બાલક સબ લૈ જીવ પરાને ॥
ગએઁ ભવન પૂછહિં પિતુ માતા । કહહિં બચન ભય કંપિત ગાતા ॥ ૩॥

થોડાંક મોટી ઉંમરના સમજદાર લોકો ધીરજ ધરીને ત્યાં ઊભા રહ્યાં. બાળકો તો સર્વે પોતાનો જીવ લઈને નાઠાં. ઘેર પહોંચ્યા પછી જ્યારે માતા-પિતા પૂછે છે, ત્યારે તેઓ ભયથી કાંપતાં શરીરે આવાં વચનો કહે છે – ॥ ૩॥

કહિઅ કાહ કહિ જાઇ ન બાતા । જમ કર ધાર કિધૌં બરિઆતા ॥
બરુ બૌરાહ બસહઁ અસવારા । બ્યાલ કપાલ બિભૂષન છારા ॥ ૪॥

શું કહીએ, કોઈ વાત કહી નથી શકાતી! આ જાન છે કે યમરાજની સેના? વર ગાંડો છે અને નંદી પર સવાર છે. સર્પ, ખોપડી અને રખિયા જ એનાં આભૂષણ છે. ॥ ૪॥

છં૦— તન છાર બ્યાલ કપાલ ભૂષન નગન જટિલ ભયંકરા।
સઁગ ભૂત પ્રેત પિસાચ જોગિનિ બિકટ મુખ રજનીચરા॥
જો જિઅત રહિહિ બરાત દેખત પુન્ય બડ઼ તેહિ કર સહી।
દેખિહિ સો ઉમા બિબાહુ ઘર ઘર બાત અસિ લરિકન્હ કહી॥

વરના શરીર પર રખિયા ચોપડેલી છે, સર્પ તથા ખોપરીઓનાં ઘરેણાં છે; તે નાગો, જટાધારી અને ભયંકર છે. તેની સાથે ભયાનક મુખોવાળાં ભૂત, પ્રેત, પિશાચ, યોગિનીઓ અને રાક્ષસો છે. જાનને જે જોઈને જીવિત રહેશે, ખરેખર તેનાં ઘણાં જ પુણ્ય છે અને તે જ પાર્વતીનો વિવાહ જોશે. છોકરાંઓએ ઘેર-ઘેર આ જ વાત કરી.

દો૦— સમુઝિ મહેસ સમાજ સબ જનનિ જનક મુસુકાહિં।
બાલ બુઝાએ બિબિધ બિધિ નિડર હોહુ ડરુ નાહિં॥૯૫॥

મહેશ્વર(શિવજી)નો સમાજ જાણીને સર્વે છોકરાંઓનાં માતા-પિતા હસે છે. તેમણે ઘણી રીતે છોકરાંઓને સમજાવ્યા કે નીડર થઈ જાઓ, ડરની કોઈ વાત નથી. ॥૯૫॥

ચૌ૦— લૈ અગવાન બરાતહિ આએ। દિએ સબહિ જનવાસ સુહાએ॥
મૈનાઁ સુભ આરતી સઁવારી। સંગ સુમંગલ ગાવહિં નારી॥૧॥

આગેવાન લોકો જાનને તેડી લાવ્યા. તેઓએ સર્વેને સુંદર જાનીવાસા ઊતરવા માટે આપ્યા. મેના(પાર્વતીજીની માતા)એ શુભ આરતી તૈયાર કરી અને તેમના સાથેની સ્ત્રીઓ શ્રેષ્ઠ લગ્નગીતો ગાવા લાગી. ॥૧॥

કંચન થાર સોહ બર પાની। પરિછન ચલી હરહિ હરષાની॥
બિકટ બેષ રુદ્રહિ જબ દેખા। અબલન્હ ઉર ભય ભયઉ બિસેષા॥૨॥

સુંદર હાથોમાં સોનાનો થાળ શોભે છે; આ રીતે મેના હરખાતાં હરખાતાં શિવજીને પોંખવા ચાલ્યાં. જ્યારે મહાદેવજીને ભયાનક વેષમાં જોયા ત્યારે તો સ્ત્રીઓના મનમાં ઘણો ભારે ભય ઉત્પન્ન થઈ ગયો. ॥૨॥

ભાગિ ભવન પૈઠીં અતિ ત્રાસા। ગએ મહેસુ જહાઁ જનવાસા॥
મૈના હૃદયઁ ભયઉ દુખુ ભારી। લીન્હી બોલિ ગિરીસકુમારી॥૩॥

ઘણા જ ભયને કારણે દોડીને તે ઘરમાં પેસી ગઈ અને શિવજી જ્યાં જાનીવાસો હતો ત્યાં ચાલ્યા ગયા. મેનાના હૃદયમાં ઘણું દુઃખ થયું. તેમણે પાર્વતીજીને પોતાની પાસે બોલાવ્યાં. ॥૩॥

અધિક સનેહઁ ગોદ બૈઠારી। સ્યામ સરોજ નયન ભરે બારી॥
જેહિં બિધિ તુમ્હહિ રૂપુ અસ દીન્હા। તેહિં જડ઼ બરુ બાઉર કસ કીન્હા॥૪॥

અને અત્યંત સ્નેહથી પોતાના ખોળામાં બેસાડી પોતાનાં નીલકમળ સમાન નેત્રોમાં આંસુ છલકાવી કહ્યું – જે વિધાતાએ તને આવું સુંદર રૂપ આપ્યું, તે મૂર્ખે તારા વરને બાવરો કેમ બનાવ્યો? ॥૪॥

છં૦ – કસ કીન્હ બરુ બૌરાહ બિધિ જેહિં તુમ્હહિ સુંદરતા દઈ ।
જો ફલુ ચહિઅ સુરતરુહિં સો બરબસ બબૂરહિં લાગઈ ॥
તુમ્હ સહિત ગિરિ તેં ગિરૌં પાવક જરૌં જલનિધિ મહુઁ પરૌં ।
ઘરુ જાઉ અપજસુ હોઉ જગ જીવત બિબાહુ ન હૌં કરૌં ॥

જે વિધાતાએ તને સુંદરતા આપી, તેણે તારા માટે વર બાવરો કેમ બનાવ્યો? જે ફળ કલ્પવૃક્ષમાં બેસવું જોઈએ, તે જબરદસ્તીથી બાવળમાં લાગી રહ્યું છે. હું તને લઈને પર્વત પરથી પડતું મૂકીશ, અગ્નિમાં બળી જઈશ કે દરિયામાં કૂદી પડીશ. ઘર ભલે ઉજ્જડ થઈ જાય અને જગત આખાયમાં અપકીર્તિ પ્રસરી જાય, પણ મારા જીવતાજીવે હું આ બાવરા વર સાથે તારો વિવાહ કરીશ નહિ.

દો૦ – ભઈં બિકલ અબલા સકલ દુખિત દેખિ ગિરિનારિ ।
કરિ બિલાપુ રોદતિ બદતિ સુતા સનેહુ સઁભારિ ॥૯૬॥

હિમાલયની સ્ત્રી(મેના)ને દુઃખી જોઈને બધી સ્ત્રીઓ વ્યાકુળ થઈ ગઈ. મેના પોતાની પુત્રીના સ્નેહને યાદ કરીને વિલાપ કરી રોતી હતી અને કહેતી હતી – ॥૯૬॥

ચૌ૦ – નારદ કર મૈં કાહ બિગારા । ભવનુ મોર જિન્હ બસત ઉજારા ॥
અસ ઉપદેસુ ઉમહિ જિન્હ દીન્હા । બૌરે બરહિ લાગિ તપુ કીન્હા ॥૧॥

મેં નારદનું શું બગાડ્યું હતું, જેણે મારા વસતા ઘરને ઊજાડી નાખ્યું અને જેણે પાર્વતીને એવો ઉપદેશ આપ્યો કે જેથી તેણે પાગલ વરના માટે તપ કર્યું. ॥૧॥

સાચેહુઁ ઉન્હ કેં મોહ ન માયા । ઉદાસીન ધનુ ધામુ ન જાયા ॥
પર ઘર ઘાલક લાજ ન ભીરા । બાઁઝ કિ જાન પ્રસવ કૈ પીરા ॥૨॥

ખરેખર તેમને નથી કોઈનો મોહ, નથી માયા; નથી તેમની પાસે ધન, નથી ઘર અને સ્ત્રી પણ નથી; તેઓ સર્વેથી ઉદાસીન છે. આથી જ તેઓ બીજાના ઘરને ઉજાડનારા છે. તેમને નથી કોઈની લાજ, નથી કોઈનો ડર. ભલા, વાંઝણી પ્રસવની પીડાને શું જાણે. ॥૨॥

જનનિહિ બિકલ બિલોકિ ભવાની । બોલી જુત બિબેક મૃદુ બાની ॥
અસ બિચારિ સોચહિ મતિ માતા । સો ન ટરઈ જો રચઈ બિધાતા ॥૩॥

માતાને વ્યાકુળ જોઈને પાર્વતીજી વિવેકયુક્ત કોમળ વાણી બોલ્યાં – હે માતા! વિધાતા જે રચી નાખે છે, તે ટળતું નથી; આવો વિચાર કરી તું શોક ના કર. ॥૩॥

કરમ લિખા જૌં બાઉર નાહૂ । તૌ કત દોસુ લગાઈઅ કાહૂ ॥
તુમ્હ સન મિટહિં કિ બિધિ કે અંકા । માતુ બ્યર્થ જનિ લેહુ કલંકા ॥૪॥

જો મારા ભાગ્યમાં બાવરો જ પતિ લખ્યો છે તો બીજાને શા માટે દોષ દેવાય? હે માતા! શું વિધાતાના લેખ તારાથી મટી શકશે? વ્યર્થ કલંકનો ચાંલ્લો ના વહોરીશ. ॥૪॥

છં૦ – જનિ લેહુ માતુ કલંકુ કરુના પરિહરહુ અવસર નહીં।
દુખુ સુખુ જો લિખા લિલાર હમરેં જાબ જહઁ પાઉબ તહીં॥
સુનિ ઉમા બચન બિનીત કોમલ સકલ અબલા સોચહીં।
બહુ ભાઁતિ બિધિહિ લગાઈ દૂષન નયન બારિ બિમોચહીં॥

હે માતા! કલંક ન વહોરીશ, રોવું છોડી દે. આ અવસર વિષાદ કરવાનો નથી. મારા ભાગ્યમાં જે દુઃખ-સુખ લખ્યું છે, તે હું જ્યાં જઈશ ત્યાં મેળવીશ જ! પાર્વતીજીનાં આવાં વિનયયુક્ત કોમળ વચન સાંભળીને બધી સ્ત્રીઓ શોક કરવા લાગી અને જાતજાતના દોષ વિધાતાને આપીને આંખોમાંથી અશ્રુ વહેવડાવા લાગી.

દો૦ – તેહિ અવસર નારદ સહિત અરુ રિષિ સપ્ત સમેત।
સમાચાર સુનિ તુહિનગિરિ ગવને તુરત નિકેત॥૯૭॥

આ સમાચારને સાંભળતાં જ હિમાલય તે સમયે નારદજી અને સપ્તર્ષિઓને સાથે લઈને પોતાના ઘેર ગયા. ॥૯૭॥

ચૌ૦ – તબ નારદ સબહી સમુઝાવા। પુરુબ કથાપ્રસંગુ સુનાવા॥
મયના સત્ય સુનહુ મમ બાની। જગદંબા તવ સુતા ભવાની॥૧॥

ત્યારે નારદજીએ પૂર્વજન્મની કથા સંભળાવી સર્વેને સમજાવ્યા [અને કહ્યું] કે હે મેના! તમે મારી સાચી વાત સાંભળો, તમારી આ પુત્રી સાક્ષાત્ જગતજનની ભવાની છે. ॥૧॥

અજા અનાદિ સક્તિ અબિનાસિનિ। સદા સંભુ અરધંગ નિવાસિનિ॥
જગ સંભવ પાલન લય કારિનિ। નિજ ઇચ્છા લીલા બપુ ધારિનિ॥૨॥

તે અજન્મા, અનાદિ અને અવિનાશિની શક્તિ છે. સદા શિવજીના અડધા અંગમાં રહે છે. એ જગતની ઉત્પત્તિ, પાલન અને સંહાર કરનારી છે; અને પોતાની ઇચ્છાથી જ લીલા–શરીર ધારણ કરે છે. ॥૨॥

જનમીં પ્રથમ દચ્છ ગૃહ જાઈ। નામુ સતી સુંદર તનુ પાઈ॥
તહઁહુઁ સતી સંકરહિ બિબાહીં। કથા પ્રસિદ્ધ સકલ જગ માહીં॥૩॥

અગાઉ એ દક્ષના ઘેર જઈ જન્મ્યાં હતાં, ત્યારે એમનું નામ સતી હતું, ઘણું જ સુંદર શરીર પામ્યાં હતાં. ત્યાં પણ સતીને શંકરજી સાથે જ પરણાવ્યાં હતાં. આ કથા આખા જગતમાં પ્રસિદ્ધ છે. ॥૩॥

એક બાર આવત સિવ સંગા। દેખેઉ રઘુકુલ કમલ પતંગા॥
ભયઉ મોહુ સિવ કહા ન કીન્હા। ભ્રમ બસ બેષુ સીય કર લીન્હા॥૪॥

એક વખત તેમણે શિવજીના સાથે આવતા [માર્ગમાં] રઘુકુળરૂપી કમળના સૂર્ય શ્રીરામચન્દ્રજીને જોયા, ત્યારે એમને મોહ થઈ ગયો અને એમણે શિવજીનું કહ્યું ન માનીને ભ્રમવશ થઈ સીતાજીનો વેશ ધારણ કરી લીધો. ॥૪॥

છં૦ – સિય બેષુ સતીં જો કીન્હ તેહિં અપરાધ સંકર પરિહરીં।
હર બિરહઁ જાઇ બહોરિ પિતુ કેં જગ્ય જોગાનલ જરીં॥
અબ જનમિ તુમ્હરે ભવન નિજ પતિ લાગિ દારુન તપુ કિયા।
અસ જાનિ સંસય તજહુ ગિરિજા સર્બદા સંકરપ્રિયા॥

સતીજીએ જે સીતાનો વેષ ધારણ કર્યો, એ જ અપરાધના કારણે શંકરજીએ તેમને ત્યાગી દીધાં. પછી શંકરજીના વિયોગમાં પોતાના પિતાના યજ્ઞમાં જઈને ત્યાં જ તેઓ યોગાગ્નિથી ભસ્મ થઈ ગયાં. હવે, એમણે તમારા ઘરમાં જન્મ લઈને પોતાના પતિને માટે કઠિન તપ કર્યું છે એમ જાણીને સંશય ત્યજી દો. પાર્વતીજી તો સદાય શિવજીનાં પ્રિયા (અર્ધાંગના) છે.

દો૦ – સુનિ નારદ કે બચન તબ સબ કર મિટા બિષાદ।
છન મહુઁ બ્યાપેઉ સકલ પુર ઘર ઘર યહ સંબાદ॥૯૮॥

ત્યારે નારદનાં વચનો સાંભળીને સર્વેનો વિષાદ દૂર થયો અને ક્ષણમાત્રમાં આ સમાચાર આખાય નગરમાં ઘેર - ઘેર વ્યાપી ગયા. ॥૯૮॥

ચૌ૦ – તબ મયના હિમવંતુ અનંદે। પુનિ પુનિ પારબતી પદ બંદે॥
નારિ પુરુષ સિસુ જુબા સયાને। નગર લોગ સબ અતિ હરષાને॥૧॥

તે સમયે મેના અને હિમાલય આનંદમાં મગ્ન થઈ ગયાં અને તેમણે વારંવાર પાર્વતીના ચરણોની વંદના કરી. સ્ત્રી, પુરુષો, બાળકો, યુવાનો અને વૃદ્ધો - નગરના સર્વે લોકો ઘણા પ્રસન્ન થયાં. ॥૧॥

લગે હોન પુર મંગલ ગાના। સજે સબહિં હાટક ઘટ નાના॥
ભાઁતિ અનેક ભઈ જેવનારા। સૂપસાસ્ત્ર જસ કછુ બ્યવહારા॥૨॥

નગરમાં મંગળગીતો ગવાવા લાગ્યાં અને સૌએ જાતજાતના સુવર્ણોના કળશ સજાવ્યા. પાકશાસ્ત્રમાં જે રીત છે તે પ્રમાણે અનેક જાતની રસોઈ બની (જમણવાર થયા). ॥૨॥

સો જેવનાર કિ જાઇ બખાની। બસહિં ભવન જેહિં માતુ ભવાની॥
સાદર બોલે સકલ બરાતી। બિષ્નુ બિરંચિ દેવ સબ જાતી॥૩॥

જે ઘરમાં સ્વયં માતા ભવાની રહેતાં હોય, ત્યાંના જમણવારનું વર્ણન કેવી રીતે કરી શકાય? હિમાલયે આદરપૂર્વક સર્વે જાનૈયાઓને – વિષ્ણુ, બ્રહ્મા અને સર્વે વર્ગના દેવતાઓને બોલાવ્યા. ॥૩॥

બિબિધ પાઁતિ બૈઠી જેવનારા। લાગે પરુસન નિપુન સુઆરા॥
નારિબૃંદ સુર જેવઁત જાની। લગીં દેન ગારીં મૃદુ બાની॥૪॥

જમનારાઓની ઘણી જ પંગતો બેસી. ચતુર રસોઇયા પીરસવા મંડ્યા. સ્ત્રીઓની મંડળીઓ દેવતાઓને જમતા જાણીને કોમળ વાણીથી ફટાણાં ગાવા મંડી. ॥૪॥

છં૦ – ગારીં મધુર સ્વર દેહિં સુંદરિ બિંગ્ય બચન સુનાવહીં ।
ભોજનુ કરહિં સુર અતિ બિલંબુ બિનોદુ સુનિ સચુ પાવહીં ॥
જેવઁત જો બઢ્યો અનંદુ સો મુખ કોટિહૂઁ ન પરૈ કહ્યો ।
અચવાઁઇ દીન્હેં પાન ગવને બાસ જહઁ જાકો રહ્યો ॥

સર્વે સુંદર સ્ત્રીઓ મીઠા સ્વરે ફટાણાં ગાવા લાગી. અને વ્યંગ ભરેલાં વચનો સંભળાવવા માંડી. દેવગણ વિનોદ સાંભળીને ઘણું સુખ અનુભવે છે; એટલે જ જમવામાં ઘણી વાર લગાડી રહ્યા છે. જમતી વેળાએ જે આનંદ વધ્યો, તે કરોડો મુખોથી પણ કહી નથી શકાતો. [ભોજન કરી લીધા પછી] બધાનાં હાથ-મુખ ધોવડાવીને પાન અપાયાં. પછી સર્વે લોકો જે જ્યાં ઊતર્યા હતા, તે જાનીવાસે તેઓ ગયા.

દો૦ – બહુરિ મુનિન્હ હિમવંત કહુઁ લગન સુનાઈ આઇ ।
સમય બિલોકિ બિબાહ કર પઠએ દેવ બોલાઇ ॥ ૯૯॥

પછી મુનિઓએ આવીને હિમાલયને લગન વેળા (લગનપત્રિકા) કહી સંભળાવી અને વિવાહનો સમય જોઈ દેવતાઓને તેડાવ્યા. ॥ ૯૯॥

ચૌ૦ – બોલિ સકલ સુર સાદર લીન્હે । સબહિ જથોચિત આસન દીન્હે ॥
બેદી બેદ બિધાન સઁવારી । સુભગ સુમંગલ ગાવહિં નારી ॥ ૧॥

સર્વે દેવતાઓને આદરસહિત બોલાવી લીધા અને સર્વેને યથાયોગ્ય આસન આપ્યાં. વેદની વિધિ પ્રમાણે વેદી (ચોકી) શણગારવામાં આવી અને સ્ત્રીઓ સુન્દર શ્રેષ્ઠ મંગળગીત ગાવા લાગી. ॥ ૧॥

સિંઘાસનુ અતિ દિબ્ય સુહાવા । જાઇ ન બરનિ બિરંચિ બનાવા ॥
બૈઠે સિવ બિપ્રન્હ સિરુ નાઈ । હૃદયઁ સુમિરિ નિજ પ્રભુ રઘુરાઈ ॥ ૨॥

વેદિકા પર એક અત્યંત સુંદર દિવ્ય સિંહાસન હતું, જેનું [જેની સુંદરતાનું] વર્ણન નથી કરી શકાતું; કેમ કે તે સ્વયં બ્રહ્માજીનું બનાવેલું હતું. બ્રાહ્મણોને શીશ નમાવી અને હૃદયમાં પોતાના સ્વામી શ્રીરઘુનાથજીનું સ્મરણ કરીને શિવજી તે સિંહાસન પર બેસી ગયા. ॥ ૨॥

બહુરિ મુનીસન્હ ઉમા બોલાઈ । કરિ સિંગારુ સખીં લૈ આઈ ॥
દેખત રૂપુ સકલ સુર મોહે । બરનૈ છબિ અસ જગ કબિ કો હૈ ॥ ૩॥

પછી મુનીશ્વરોએ પાર્વતીજીને તેડાવ્યા. સખીઓ શ્રૃંગાર કરી તેમને લઈ આવી. પાર્વતીજીના રૂપને જોતાં જ સર્વે દેવો મોહિત થઈ ગયા. સંસારમાં એવો કયો કવિ છે જે તે સુંદરતાનું વર્ણન કરી શકે! ॥ ૩॥

જગદંબિકા જાનિ ભવ ભામા । સુરન્હ મનહિં મન કીન્હ પ્રનામા ॥
સુંદરતા મરજાદ ભવાની । જાઇ ન કોટિહુઁ બદન બખાની ॥ ૪॥

પાર્વતીજીને જગદંબા અને શિવજીનાં પત્ની જાણીને દેવોએ મનમાં ને મનમાં પ્રણામ કર્યાં. ભવાની સુંદરતાની સીમા છે. કરોડો મુખોથી પણ તેમની શોભા કહી નથી શકાતી. ॥૪॥

છં૦– કોટિહુઁ બદન નહિં બનૈ બરનત જગ જનનિ સોભા મહા।
સકુચહિં કહત શ્રુતિ સેષ સારદ મંદમતિ તુલસી કહા॥
છબિખાનિ માતુ ભવાનિ ગવનીં મધ્ય મંડપ સિવ જહાઁ।
અવલોકિ સકહિં ન સકુચ પતિ પદ કમલ મનુ મધુકરુ તહાઁ॥

જગતજનની પાર્વતીજીની મહાન શોભાનું વર્ણન કરોડો મુખોથી પણ થઈ શકે તેમ નથી. વેદ, શેષજી અને સરસ્વતીજી પણ તે કહેતા સંકોચ પામે છે, તો મંદબુદ્ધિ તુલસી તેમની પાસે કઈ ગણતરીમાં છે? સુંદરતા અને શોભાની ખાણ માતા ભવાની મંડપ વચ્ચે જ્યાં શિવજી હતા, ત્યાં ગયાં. સંકોચને લીધે તેઓ પતિ(શિવજી)નાં ચરણકમળોને જોઈ શકતા ન હતાં, પરંતુ તેમનો મનરૂપી ભમરો તો ત્યાં [રસ-પાન કરી રહ્યો] હતો.

દો૦– મુનિ અનુસાસન ગનપતિહિ પૂજેઉ સંભુ ભવાનિ।
કોઉ સુનિ સંસય કરૈ જનિ સુર અનાદિ જિયઁ જાનિ॥૧૦૦॥

મુનિઓની આજ્ઞાથી શિવજી અને પાર્વતીજીએ ગણેશજીનું પૂજન કર્યું. મનમાં દેવતાઓને અનાદિ સમજીને કોઈ આ વાતને સાંભળીને શંકા ન કરે [કિ ગણેશજી તો શિવ-પાર્વતીનું સંતાન છે, અત્યારે વિવાહપૂર્વે તે ક્યાંથી આવી ગયા?] ॥૧૦૦॥

ચૌ૦– જસિ બિબાહ કૈ બિધિ શ્રુતિ ગાઈ। મહામુનિન્હ સો સબ કરવાઈ॥
ગહિ ગિરીસ કુસ કન્યા પાની। ભવહિ સમરપીં જાનિ ભવાની॥૧॥

વેદોમાં વિવાહની જેવી વિધિ કહેવામાં આવી છે, મહામુનિઓએ તે સઘળી કરાવી. પર્વતરાજ હિમાલયે હાથમાં દર્ભ લઈને તથા પુત્રીનો હાથ પકડીને તેને ભવાની (શિવપત્ની) જાણીને શિવજીને સમર્પિત કર્યાં. ॥૧॥

પાનિગ્રહન જબ કીન્હ મહેસા। હિયઁ હરષે તબ સકલ સુરેસા॥
બેદમંત્ર મુનિબર ઉચ્ચરહીં। જય જય જય સંકર સુર કરહીં॥૨॥

જ્યારે મહેશ્વરે (શિવજીએ) પાર્વતીનું પાણિગ્રહણ કર્યું, ત્યારે [ઇન્દ્રાદિ] સર્વે દેવતાઓ હૃદયમાં ઘણા જ હર્ષિત થયા. શ્રેષ્ઠ મુનિગણ વેદમંત્રોનું ઉચ્ચારણ કરવા લાગ્યા અને દેવગણો શિવજીનો જય-જયકાર કરવા લાગ્યા. ॥૨॥

બાજહિં બાજન બિબિધ બિધાના। સુમનબૃષ્ટિ નભ ભૈ બિધિ નાના॥
હર ગિરિજા કર ભયઉ બિબાહૂ। સકલ ભુવન ભરિ રહા ઉછાહૂ॥૩॥

અનેકો પ્રકારનાં વાજાં વાગવા લાગ્યાં. આકાશમાંથી અનેક જાતનાં ફૂલોની વર્ષા થઈ. શિવ-પાર્વતીનો વિવાહ થઈ ગયો. આખા બ્રહ્માંડમાં આનંદ છવાઈ ગયો. ॥૩॥

દાસીં દાસ તુરગ રથ નાગા। ધેનુ બસન મનિ બસ્તુ બિભાગા ॥
અન્ન કનકભાજન ભરિ જાના। દાઈજ દીન્હ ન જાઈ બખાના ॥૪॥

દાસી, દાસ, રથ, ઘોડા, હાથી, ગાયો, વસ્ત્ર અને મણિ વગેરે અનેક પ્રકારની ચીજો, અન્ન અને સોનાનાં વાસણો ગાડીઓમાં ભરીને દહેજમાં આપ્યાં, જેનાં વર્ણન થઈ શકે તેમ નથી. ॥૪॥

છં૦– દાઈજ દિયો બહુ ભાઁતિ પુનિ કર જોરિ હિમભૂધર કહ્યો।
કા દેઉઁ પૂરનકામ સંકર ચરન પંકજ ગહિ રહ્યો ॥
સિવઁ કૃપાસાગર સસુર કર સંતોષુ સબ ભાઁતિહિં કિયો।
પુનિ ગહે પદ પાથોજ મયનાઁ પ્રેમ પરિપૂરન હિયો ॥

અનેક પ્રકારે દહેજ આપીને, હાથ જોડી હિમાલયે કહ્યું – હે શંકર! આપ પૂર્ણકામ છો, હું આપને શું આપી શકવાનો હતો? [આમ કહીને] તે શિવજીનાં ચરણકમળ પકડીને બેસી ગયા, ત્યારે કૃપાના સાગર શિવજીએ પોતાના સસરાનું સર્વે રીતે સમાધાન કર્યું. પછી પ્રેમથી પરિપૂર્ણ હૃદયે મેનાજીએ શિવજીનાં ચરણકમળ પકડ્યાં [અને કહ્યું –]

દો૦– નાથ ઉમા મમ પ્રાન સમ ગૃહકિંકરી કરેહુ।
છમેહુ સકલ અપરાધ અબ હોઈ પ્રસન્ન બરુ દેહુ ॥૧૦૧॥

હે નાથ! આ ઉમા મને મારા પ્રાણસમાન [પ્રિય] છે. આપ એને આપના ઘરની દાસી બનાવજો અને એના દરેક અપરાધને ક્ષમા કરતા રહેજો. હવે, આપ પ્રસન્ન થઈને મને આ વર આપો. ॥૧૦૧॥

ચૌ૦– બહુ બિધિ સંભુ સાસુ સમુઝાઈ। ગવની ભવન ચરન સિરુ નાઈ ॥
જનનીં ઉમા બોલિ તબ લીન્હી। લૈ ઉછંગ સુંદર સિખ દીન્હી ॥૧॥

શિવજીએ ઘણી રીતે પોતાનાં સાસુને સમજાવ્યાં. ત્યારે તે શિવજીના ચરણોમાં શીશ નમાવી ઘેર ગયાં. પછી માતાએ પાર્વતીને બોલાવી લીધાં અને ખોળામાં બેસાડી સુંદર શિખામણ આપી – ॥૧॥

કરેહુ સદા સંકર પદ પૂજા। નારિધરમુ પતિ દેઉ ન દૂજા ॥
બચન કહત ભરે લોચન બારી। બહુરિ લાઈ ઉર લીન્હિ કુમારી ॥૨॥

હે પાર્વતી! તું સદા શિવજીના ચરણોની પૂજા કરજે. નારીઓનો આ જ ધર્મ છે. તેમના માટે પતિ જ દેવતા છે, અન્ય કોઈ દેવતા નથી. આવા પ્રકારની વાતો કહેતાં કહેતાં તેમની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં અને તેમણે પુત્રીને છાતી સરસી ચાંપી દીધી. ॥૨॥

કત બિધિ સૃજીં નારિ જગ માહીં। પરાધીન સપનેહુઁ સુખુ નાહીં ॥
ભૈ અતિ પ્રેમ બિકલ મહતારી। ધીરજુ કીન્હ કુસમય બિચારી ॥૩॥

[વળી, કહ્યું કે] વિધાતાએ જગતમાં સ્ત્રીજાતિને કેમ ઉત્પન્ન કરી? પરાધીનને સપનામાં પણ સુખ નથી મળતું. એમ કહેતાં માતા સ્નેહના લીધે અત્યંત વ્યાકુળ થઈ ગયાં, પરંતુ દુ:ખી થવાનો આ સમય નથી એમ જાણીને તેમણે ધીરજ ધરી. ॥૩॥

પુનિ પુનિ મિલતિ પરતિ ગહિ ચરના । પરમ પ્રેમુ કછુ જાઈ ન બરના ॥
સબ નારિન્હ મિલિ ભેટિ ભવાની । જાઈ જનનિ ઉર પુનિ લપટાની ॥ ૪॥

મેના વારંવાર ભેટે છે અને [પાર્વતીના] ચરણો પકડીને પડી જાય છે. ઘણો જ પ્રેમ છે, કંઈ વર્ણન નથી કરી શકાતું. ભવાની સર્વે સ્ત્રીઓને મળી-ભેટીને પાછા પોતાની માતાના હૃદયને વીંટળાઈ ગયાં. ॥ ૪॥

છં૦ – જનનિહિ બહુરિ મિલિ ચલી ઉચિત અસીસ સબ કાહૂઁ દઈં ।
ફિરિ ફિરિ બિલોકતિ માતુ તન તબ સખીં લૈ સિવ પહિં ગઈ ॥
જાચક સકલ સંતોષિ સંકરુ ઉમા સહિત ભવન ચલે ।
સબ અમર હરષે સુમન બરષિ નિસાન નભ બાજે ભલે ॥

પાર્વતીજી માતાને ફરી ભેટીને ચાલ્યાં, સર્વ કોઈએ તેમને યોગ્ય આશીર્વાદ આપ્યા. પાર્વતીજી વળી-વળીને માતાના તરફ જોતાં જતાં હતાં. ત્યારે સખીઓ તેમને શિવજીના પાસે લઈ ગઈ. મહાદેવજી સર્વે યાચકોને સંતુષ્ટ કરી પાર્વતીજીની સાથે ઘર (કૈલાસ) તરફ ચાલ્યા. સર્વે દેવતા પ્રસન્ન થઈને ફૂલોની વર્ષા કરવા લાગ્યા અને આકાશમાં સુંદર નગારાં વાગવા મંડ્યાં.

દો૦ – ચલે સંગ હિમવંતુ તબ પહુઁચાવન અતિ હેતુ ।
બિબિધ ભાઁતિ પરિતોષુ કરિ બિદા કીન્હ બૃષકેતુ ॥ ૧૦૨॥

ત્યારે હિમાલય અત્યંત પ્રેમથી શિવજીને વળાવવા સાથે ચાલ્યા. વૃષકેતુ(શિવજી)એ અનેક રીતે તેમને સંતોષીને વિદાય કર્યા. ॥ ૧૦૨॥

ચૌ૦ – તુરત ભવન આએ ગિરિરાઈ । સકલ સૈલ સર લિએ બોલાઈ ॥
આદર દાન બિનય બહુમાના । સબ કર બિદા કીન્હ હિમવાના ॥ ૧॥

પર્વતરાજ હિમાલય તુરંત ઘેર આવ્યા અને તેમણે બધાં પર્વતો અને સરોવરોને બોલાવ્યાં. હિમાલયે આદર, દાન, વિનય અને ઘણા સન્માનપૂર્વક સર્વેને વિદાય આપી. ॥ ૧॥

જબહિં સંભુ કૈલાસહિં આએ । સુર સબ નિજ નિજ લોક સિધાએ ॥
જગત માતુ પિતુ સંભુ ભવાની । તેહિં સિંગારુ ન કહઉઁ બખાની ॥ ૨॥

જ્યારે શિવજી કૈલાસ પર્વત પર પહોંચ્યા, ત્યારે સર્વે દેવતા પોતપોતાના લોકોમાં ચાલ્યા ગયા. [તુલસીદાસજી કહે છે કે] પાર્વતીજી અને શિવજી જગતનાં માતા-પિતા છે, એટલે હું એમના શૃંગારનું વર્ણન કરતો નથી. ॥ ૨॥

કરહિં બિબિધ બિધિ ભોગ બિલાસા । ગનન્હ સમેત બસહિં કૈલાસા ॥
હર ગિરિજા બિહાર નિત નયઊ । એહિ બિધિ બિપુલ કાલ ચલિ ગયઊ ॥ ૩॥

શિવ-પાર્વતી વિવિધ પ્રકારના ભોગ-વિલાસ કરતાં કરતાં પોતાના ગણોસહિત કૈલાસપર રહેવા માંડ્યાં. તેઓ નિત્ય નવા વિહાર કરતાં હતાં. આમ ઘણો સમય વીતી ગયો. ॥ ૩॥

તબ જનમેઉ ષટબદન કુમારા । તારકુ અસુરુ સમર જેહિં મારા ॥
આગમ નિગમ પ્રસિદ્ધ પુરાના । ષન્મુખ જન્મુ સકલ જગ જાના ॥ ૪॥

પછી છ મુખવાળા પુત્ર(સ્વામિકાર્તિક)નો જન્મ થયો, જેણે [મોટા થયા પછી] યુદ્ધમાં તારકાસુરને માર્યો. વેદ, શાસ્ત્ર અને પુરાણોમાં સ્વામીકાર્તિકના જન્મની કથા પ્રસિદ્ધ છે અને આખું જગત તેને જાણે છે. ॥ ૪॥

છં૦ – જગુ જાન ષન્મુખ જન્મુ કર્મુ પ્રતાપુ પુરુષારથુ મહા ।
તેહિ હેતુ મૈં બૃષકેતુ સુત કર ચરિત સંછેપહિં કહા ॥
યહ ઉમા સંભુ બિબાહુ જે નર નારિ કહહિં જે ગાવહીં ।
કલ્યાન કાજ બિબાહ મંગલ સર્બદા સુખુ પાવહીં ॥

ષડાનન(સ્વામીકાર્તિક)ના જન્મ, કર્મ, પ્રતાપ અને મહાન પુરુષાર્થને આખું જગત જાણે છે. તેથી મેં વૃષકેતુ(શિવજી)ના પુત્રનું ચરિત્ર સંક્ષેપમાં જ કહ્યું છે. શિવ-પાર્વતીના વિવાહની આ કથાને જે સ્ત્રી-પુરુષ કહેશે અને ગાશે, તે કલ્યાણનાં કાર્યો અને વિવાહાદિ મંગળોમાં સદા સુખ મેળવશે.

દો૦ – ચરિત સિંધુ ગિરિજા રમન બેદ ન પાવહિં પારુ ।
બરનૈ તુલસીદાસુ કિમિ અતિ મતિમંદ ગવાઁરુ ॥ ૧૦૩॥

ગિરિજાપતિ મહાદેવજીનું ચરિત્ર સમુદ્ર સમાન (અપાર) છે, તેનો પાર વેદો પણ નથી પામતા તો અત્યંત મંદબુદ્ધિ અને ગમાર તુલસીદાસ તેનું વર્ણન કેવી રીતે કરી શકે? ॥ ૧૦૩॥

ચૌ૦ – સંભુ ચરિત સુનિ સરસ સુહાવા । ભરદ્વાજ મુનિ અતિ સુખુ પાવા ॥
બહુ લાલસા કથા પર બાઢ઼ી । નયનન્હિ નીરુ રોમાવલિ ઠાઢ઼ી ॥ ૧॥

શિવજીનું રસપ્રદ અને સોહામણું ચરિત્ર સાંભળીને મુનિ ભરદ્વાજજીને ઘણું જ સુખ મળ્યું. કથા સાંભળવાની તેમની લાલસા ઘણી વધી ગઈ. નેત્રોમાં જળ ભરાઈ આવ્યાં અને રૂંવાડાં ઊભા થઈ ગયાં. ॥ ૧॥

પ્રેમ બિબસ મુખ આવ ન બાની । દસા દેખિ હરષે મુનિ ગ્યાની ॥
અહો ધન્ય તવ જન્મુ મુનીસા । તુમ્હહિ પ્રાન સમ પ્રિય ગૌરીસા ॥ ૨॥

તે પ્રેમમાં મુગ્ધ થઈ ગયા, મુખમાંથી વાણી નથી નીકળતી. તેમની આ દશા જોઈને જ્ઞાની મુનિ યાજ્ઞવલ્ક્ય ઘણા પ્રસન્ન થયા [અને બોલ્યા –], હે મુનીશ! અહો હો...! તમારો જન્મ ધન્ય છે, તમને ગૌરીપતિ શિવજી પ્રાણોસમાન પ્રિય છે. ॥ ૨॥

સિવ પદ કમલ જિન્હહિ રતિ નાહીં । રામહિ તે સપનેહુઁ ન સોહાહીં ॥
બિનુ છલ બિસ્વનાથ પદ નેહૂ । રામ ભગત કર લચ્છન એહૂ ॥ ૩॥

શિવજીનાં ચરણકમળોમાં જેમની પ્રીતિ નથી, તે શ્રીરામચન્દ્રજીને સ્વપ્નમાં પણ પ્રિય લાગતા નથી. વિશ્વનાથ શ્રીશિવજીના ચરણોમાં નિષ્કપટ (વિશુદ્ધ) પ્રેમ થવો - એ જ રામભક્તનું લક્ષણ છે. ॥ ૩॥

સિવ સમ કો રઘુપતિ બ્રતધારી। બિનુ અઘ તજી સતી અસિ નારી ॥
પનુ કરિ રઘુપતિ ભગતિ દેખાઈ। કો સિવ સમ રામહિ પ્રિય ભાઈ ॥ ૪॥

શિવજીની જેમ રઘુનાથજી(ની ભક્તિ)નું વ્રત ધારણ કરનાર કોણ છે? જેમણે વગર પાપે સતી જેવી સ્ત્રીને ત્યાગી દીધી અને પ્રતિજ્ઞા કરીને શ્રીરઘુનાથજીની ભક્તિને બતાવી. હે ભાઈ! શ્રીરામચન્દ્રજીને શિવજી સમાન બીજું કોણ પ્રિય છે? ॥ ૪॥

દો૦– પ્રથમહિં મૈં કહિ સિવ ચરિત બૂઝા મરમુ તુમ્હાર।
સુચિ સેવક તુમ્હ રામ કે રહિત સમસ્ત બિકાર ॥ ૧૦૪॥

મેં પહેલાં તો શિવજીનું ચરિત્ર કહીને તમારો ભેદ સમજી લીધો. તમે શ્રીરામચન્દ્રજીના પવિત્ર સેવક છો અને સમસ્ત દોષોથી રહિત છો. ॥ ૧૦૪॥

ચૌ૦– મૈં જાના તુમ્હાર ગુન સીલા। કહઉઁ સુનહુ અબ રઘુપતિ લીલા ॥
સુનુ મુનિ આજુ સમાગમ તોરેં। કહિ ન જાઈ જસ સુખુ મન મોરેં ॥ ૧॥

મેં તમારા ગુણ અને શીલ જાણી લીધાં. હવે, હું શ્રીરઘુનાથજીની લીલા કહું છું, સાંભળો. હે મુનિ! આજે તમને મળવાથી મારા મનમાં જે આનંદ થયો છે, તે કહી શકાતો નથી. ॥ ૧॥

રામ ચરિત અતિ અમિત મુનીસા। કહિ ન સકહિં સત કોટિ અહીસા ॥
તદપિ જથાશ્રુત કહઉઁ બખાની। સુમિરિ ગિરાપતિ પ્રભુ ધનુપાની ॥ ૨॥

હે મુનીશ્વર! રામચરિત્ર અત્યંત અપાર છે. સો કરોડ શેષજી પણ તે કહી નથી શકતા. તો પણ જેવું મેં સાંભળ્યું છે તેવું, વાણીના સ્વામી (પ્રેરક) અને હાથમાં ધનુષ ધારણ કરેલા પ્રભુ શ્રીરામચન્દ્રજીનું સ્મરણ કરીને કહું છું. ॥ ૨॥

સારદ દારુનારિ સમ સ્વામી। રામુ સૂત્રધર અંતરજામી ॥
જેહિ પર કૃપા કરહિં જનુ જાની। કબિ ઉર અજિર નચાવહિં બાની ॥ ૩॥

સરસ્વતીજી કઠપૂતળી સમાન છે અને અંતર્યામી સ્વામી શ્રીરામચન્દ્રજી કઠપૂતળીને નચાવનાર સૂત્રધાર છે. પોતાનો ભક્ત જાણીને જે કવિ ઉપર તેઓ કૃપા કરે છે, તેના હૃદયરૂપી આંગણામાં સરસ્વતીને તેઓ નચાવ્યા કરે છે. ॥ ૩॥

પ્રનવઉઁ સોઇ કૃપાલ રઘુનાથા। બરનઉઁ બિસદ તાસુ ગુન ગાથા ॥
પરમ રમ્ય ગિરિબરુ કૈલાસૂ। સદા જહાઁ સિવ ઉમા નિવાસૂ ॥ ૪॥

તે કૃપાળુ શ્રીરઘુનાથજીને હું પ્રણામ કરું છું અને તેમના નિર્મળ ગુણોની કથા કહું છું. કૈલાસ પર્વતોમાં શ્રેષ્ઠ અને પરમ રમણીય છે, જ્યાં શિવ-પાર્વતીજી સદાય નિવાસ કરે છે. ॥ ૪॥

દો૦– સિદ્ધ તપોધન જોગિજન સુર કિંનર મુનિબૃંદ।
બસહિં તહાઁ સુકૃતી સકલ સેવહિં સિવ સુખકંદ ॥ ૧૦૫॥

સિદ્ધ, તપસ્વી, યોગીગણ, દેવતા, કિન્નર અને મુનિઓનો સમૂહ એ જ પર્વત પર રહે છે. તે બધા મોટા પુણ્યાત્માઓ છે અને આનંદકંદ શ્રીમહાદેવજીની સેવા કરે છે. ॥૧૦૫॥

ચૌ૦– હરિ હર બિમુખ ધર્મ રતિ નાહીં। તે નર તહઁ સપનેહુઁ નહિં જાહીં॥
તેહિ ગિરિ પર બટ બિટપ બિસાલા। નિત નૂતન સુંદર સબ કાલા॥ ૧॥

જે ભગવાન વિષ્ણુ અને મહાદેવજીથી વિમુખ છે અને જેમની ધર્મમાં પ્રીતિ નથી, તેવા લોકો સ્વપ્નમાં પણ ત્યાં જઈ શકતા નથી. એ પર્વત ઉપર એક વિશાળ વડનું ઝાડ છે, જે નિત્ય નવીન અને સર્વ કાળ(છએ ઋતુઓ)માં સુંદર રહે છે. ॥ ૧॥

ત્રિબિધ સમીર સુસીતલિ છાયા। સિવ બિશ્રામ બિટપ શ્રુતિ ગાયા॥
એક બાર તેહિ તર પ્રભુ ગયઊ। તરુ બિલોકિ ઉર અતિ સુખુ ભયઊ॥ ૨॥

ત્યાં ત્રણે પ્રકારનો (શીતળ, મંદ અને સુગંધી) વાયુ વાતો રહે છે અને તેની છાયા અતિ શીતળ રહે છે. તે શિવજીને વિશ્રામ કરવા માટેનું વૃક્ષ છે, જેને વેદોએ ગાયું છે. એક વખત પ્રભુ શ્રીશિવજી તે વૃક્ષની નીચે ગયા અને તેને જોઈને તેમના હૃદયમાં ઘણો જ આનંદ થયો. ॥ ૨॥

નિજ કર ડાસિ નાગરિપુ છાલા। બૈઠે સહજહિં સંભુ કૃપાલા॥
કુંદ ઈંદુ દર ગૌર સરીરા। ભુજ પ્રલંબ પરિધન મુનિચીરા॥ ૩॥

પોતાના હાથે વાઘામ્બર પાથરી કૃપાળુ શિવજી સહજ સ્વભાવે જ (વિના કોઈ ખાસ પ્રયોજને) ત્યાં બેસી ગયા. મોગરાનાં પુષ્પ, ચન્દ્રમા અને શંખની જેમ એમનું શરીર ગૌર હતું. ઘણી લાંબી ભુજાઓ હતી અને મુનિઓનાં (વલ્કલ) વસ્ત્રો ધારણ કર્યાં હતાં. ॥ ૩॥

તરુન અરુન અંબુજ સમ ચરના। નખ દુતિ ભગત હૃદય તમ હરના॥
ભુજગ ભૂતિ ભૂષન ત્રિપુરારી। આનનુ સરદ ચંદ છબિ હારી॥ ૪॥

તેમના ચરણ તાજા (પૂર્ણરૂપે ખીલેલાં) લાલ કમળ સમાન હતા, નખોની જ્યોતિ ભક્તોના હૃદયનો અંધકાર હરનારી હતી. સર્પ અને ભસ્મ એમનાં આભૂષણ હતાં અને તે ત્રિપુરાસુરના શત્રુ શિવજીનું મુખ શરદપૂર્ણિમાના ચન્દ્રમાની શોભાને પણ હરનારું (ઝાંખું પાડનારું) હતું. ॥ ૪॥

દો૦– જટા મુકુટ સુરસરિત સિર લોચન નલિન બિસાલ।
નીલકંઠ લાવન્યનિધિ સોહ બાલબિધુ ભાલ॥ ૧૦૬॥

તેમના મસ્તક પર જટાઓનો મુગટ અને ગંગાજી [શોભાયમાન] હતાં. કમળ સમાન મોટાં મોટાં નેત્રો હતાં. તેમનો કંઠ શ્યામ (નીલકંઠ) હતો અને તેઓ સુંદરતાના ભંડાર હતા. તેમના મસ્તક પર બીજનો ચન્દ્રમા શોભિત હતો. ॥ ૧૦૬॥

ચૌ૦– બૈઠે સોહ કામરિપુ કૈસેં। ધરેં સરીરુ સાંતરસુ જૈસેં॥
પારબતી ભલ અવસરુ જાની। ગઈ સંભુ પહિં માતુ ભવાની॥ ૧॥

કામદેવના શત્રુ શિવજી ત્યાં બેઠેલા એવા શોભિત થઈ રહ્યા હતા, જાણે શાંતરસ જ શરીર ધારણ કરીને બેઠો હોય. સારી તક જોઈને શિવપત્ની માતા પાર્વતીજી તેમની પાસે ગયાં. ॥ ૧॥

જાનિ પ્રિયા આદરુ અતિ કીન્હા। બામ ભાગ આસનુ હર દીન્હા ॥
બૈઠીં સિવ સમીપ હરષાઈ। પૂરુબ જન્મ કથા ચિત આઈ ॥ ૨॥

પોતાનાં પ્રિય પત્ની આવ્યાં જાણી શિવજીએ તેમનો ઘણો આદર-સત્કાર કર્યો અને પોતાની ડાબી બાજુ બેસવાનું આસન આપ્યું. પાર્વતીજી પ્રસન્ન થઈને શિવજી પાસે બેસી ગયાં. તેમને ગત જન્મની કથાનું સ્મરણ થયું. ॥ ૨॥

પતિ હિયઁ હેતુ અધિક અનુમાની। બિહસિ ઉમા બોલીં પ્રિય બાની ॥
કથા જો સકલ લોક હિતકારી। સોઈ પૂછન ચહ સૈલકુમારી ॥ ૩॥

સ્વામીના હૃદયમાં [પોતાના ઉપર અગાઉની અપેક્ષાએ] વધુ પ્રેમ સમજી પાર્વતીજી હસીને પ્રિય વચન બોલ્યાં. [યાજ્ઞવલ્ક્યજી કહે છે કે] જે કથા સર્વે લોકોનું હિત કરનારી છે, તેને જ પાર્વતીજી પૂછવા ઇચ્છે છે. ॥ ૩॥

બિસ્વનાથ મમ નાથ પુરારી। ત્રિભુવન મહિમા બિદિત તુમ્હારી ॥
ચર અરુ અચર નાગ નર દેવા। સકલ કરહિં પદ પંકજ સેવા ॥ ૪॥

[પાર્વતીજીએ કહ્યું –] હે સંસારના સ્વામી! હે મારા નાથ! હે ત્રિપુરાસુરનો વધ કરનારા! આપનો મહિમા ત્રણેય લોકોમાં વિખ્યાત છે. ચર, અચર, નાગ, મનુષ્ય અને દેવતા - સર્વે આપનાં ચરણકમળોની સેવા કરે છે. ॥ ૪॥

દો૦ – પ્રભુ સમરથ સર્બગ્ય સિવ સકલ કલા ગુન ધામ।
જોગ ગ્યાન બૈરાગ્ય નિધિ પ્રનત કલપતરુ નામ ॥ ૧૦૭॥

હે પ્રભો! આપ સમર્થ, સર્વજ્ઞ અને કલ્યાણસ્વરૂપ છો. સર્વે કળાઓ અને ગુણોના ધામ છો અને યોગ, જ્ઞાન તથા વૈરાગ્યના ભંડાર છો. આપનું નામ શરણાગતોના માટે કલ્પવૃક્ષ છે. ॥ ૧૦૭॥

ચૌ૦ – જૌં મો પર પ્રસન્ન સુખરાસી। જાનિઅ સત્ય મોહિ નિજ દાસી ॥
તૌ પ્રભુ હરહુ મોર અગ્યાના। કહિ રઘુનાથ કથા બિધિ નાના ॥ ૧॥

હે સુખના ભંડાર! જો આપ મારા પર પ્રસન્ન હોવ અને ખરેખર મને પોતાની દાસી માનતા હો, તો હે પ્રભો! આપ શ્રીરઘુનાથજીની અનેક પ્રકારની કથાઓ કહી મારું અજ્ઞાન દૂર કરો. ॥ ૧॥

જાસુ ભવનુ સુરતરુ તર હોઈ। સહિ કિ દરિદ્ર જનિત દુખુ સોઈ ॥
સસિભૂષન અસ હૃદયઁ બિચારી। હરહુ નાથ મમ મતિ ભ્રમ ભારી ॥ ૨॥

જેમનું ઘર કલ્પવૃક્ષની નીચે હોય, તે ભલા! દરિદ્રતાથી ઉત્પન્ન દુઃખને શા માટે સહે? હે શશિભૂષણ! હે નાથ! હૃદયમાં આવો વિચાર કરી મારી બુદ્ધિના ભારે ભ્રમને દૂર કરો. ॥ ૨॥

પ્રભુ જે મુનિ પરમારથબાદી। કહહિં રામ કહુઁ બ્રહ્મ અનાદી ॥
સેસ સારદા બેદ પુરાના। સકલ કરહિં રઘુપતિ ગુન ગાના ॥ ૩॥

હે પ્રભો! જે પરમાર્થતત્ત્વ(બ્રહ્મ)ના જ્ઞાતા અને વક્તા મુનિઓ છે, તેઓ શ્રીરામચન્દ્રજીને અનાદિ બ્રહ્મ કહે છે; તેમજ શેષ, સરસ્વતી, વેદ અને પુરાણ સર્વે શ્રીરઘુનાથજીના ગુણ ગાય છે. ॥ ૩॥

તુમ્હ પુનિ રામ રામ દિન રાતી। સાદર જપહુ અનઁગ આરાતી॥
રામુ સો અવધ નૃપતિ સુત સોઈ। કી અજ અગુન અલખગતિ કોઈ॥૪॥

અને હે કામદેવના શત્રુ! આપ પણ દિવસ-રાત આદરપૂર્વક રામ રામ જપ્યા કરો છો. એ રામ તે જ અયોધ્યાના રાજાના પુત્ર છે? કે અજન્મા, નિર્ગુણ અને અલક્ષ્ય (અકળ) કોઈ બીજા રામ છે? ॥૪॥

દો૦– જૌં નૃપ તનય ત બ્રહ્મ કિમિ નારિ બિરહઁ મતિ ભોરિ।
દેખિ ચરિત મહિમા સુનત ભ્રમતિ બુદ્ધિ અતિ મોરિ॥૧૦૮॥

જો તેઓ રાજપુત્ર છે તો બ્રહ્મ કેવી રીતે? [અને જો બ્રહ્મ છે તો] સ્ત્રીના વિરહમાં તેમની મતિ બાવરી કેવી રીતે થઈ ગઈ? એક બાજુ એમનાં એવાં ચરિત્ર જોઈને અને બીજી બાજુ એમનો મહિમા સાંભળીને મારી બુદ્ધિ અત્યંત ભમી રહી છે. ॥૧૦૮॥

ચૌ૦– જૌં અનીહ બ્યાપક બિભુ કોઊ। કહહુ બુઝાઇ નાથ મોહિ સોઊ॥
અગ્ય જાનિ રિસ ઉર જનિ ધરહૂ। જેહિ બિધિ મોહ મિટૈ સોઇ કરહૂ॥૧॥

જો ઇચ્છારહિત, વ્યાપક, સમર્થ બ્રહ્મ કોઈ અન્ય છે, તો હે નાથ! મને તે સમજાવીને કહો. મને નાદાન સમજીને મનમાં ક્રોધ ન લાવો. જે રીતે મારો મોહ દૂર થાય, તે જ કરો. ॥૧॥

મૈં બન દીખિ રામ પ્રભુતાઈ। અતિ ભય બિકલ ન તુમ્હહિ સુનાઈ॥
તદપિ મલિન મન બોધુ ન આવા। સો ફલુ ભલી ભાઁતિ હમ પાવા॥૨॥

મેં [ગત જન્મમાં] વનમાં શ્રીરામચન્દ્રજીની પ્રભુતા જોઈ હતી, પરંતુ અત્યંત ભયથી વ્યાકુળ થવાના કારણે મેં તે વાત આપને ન સંભળાવી. તો પણ મારા મલિન મનને બોધ ન થયો. તેનું ફળ પણ મેં સારી રીતે મેળવી લીધું. ॥૨॥

અજહૂઁ કછુ સંસઉ મન મોરેં। કરહુ કૃપા બિનવઉઁ કર જોરેં॥
પ્રભુ તબ મોહિ બહુ ભાઁતિ પ્રબોધા। નાથ સો સમુઝિ કરહુ જનિ ક્રોધા॥૩॥

અત્યારે પણ મારા મનમાં કંઈક સંશય છે. આપ કૃપા કરો, હું હાથ જોડીને વિનંતી કરું છું. હે પ્રભો! આપે તે વખતે મને ઘણી રીતે સમજાવી હતી [તો પણ મારો સંદેહ ન ગયો], હે નાથ! આવું વિચારીને મારા પર ક્રોધ ન કરો. ॥૩॥

તબ કર અસ બિમોહ અબ નાહીં। રામકથા પર રુચિ મન માહીં॥
કહહુ પુનીત રામ ગુન ગાથા। ભુજગરાજ ભૂષન સુરનાથા॥૪॥

મને હવે પહેલા જેવો મોહ નથી, હવે તો મારા મનમાં રામકથા સાંભળવાની રુચિ છે. હે શેષનાગને અલંકારરૂપમાં ધારણ કરનારા દેવતાઓના નાથ! આપ શ્રીરામચન્દ્રજીના ગુણોની પવિત્ર કથા કહો. ॥૪॥

દો૦ – બંદઉँ પદ ધરિ ધરનિ સિરુ બિનય કરઉँ કર જોરિ ।
બરનહુ રઘુબર બિસદ જસુ શ્રુતિ સિદ્ધાંત નિચોરિ ॥ ૧૦૯॥

હું પૃથ્વી પર માથું ટેકવીને આપના ચરણોની વંદના કરું છું અને હાથ જોડીને વિનંતી કરું છું. આપ વેદોના સિદ્ધાંતને તારવીને શ્રીરઘુનાથજીના નિર્મળ યશનું વર્ણન કરો. ॥ ૧૦૯॥

ચૌ૦ – જદપિ જોષિતા નહિં અધિકારી । દાસી મન ક્રમ બચન તુમ્હારી ॥
ગૂઢ઼઼઼ઉ તત્ત્વ ન સાધુ દુરાવહિં । આરત અધિકારી જહઁ પાવહિં ॥ ૧॥

જોકે સ્ત્રી હોવાના કારણે હું તે સાંભળવાની અધિકારિણી નથી. તો પણ હું મન, વચન અને કર્મથી આપની દાસી છું. સંત લોકો જ્યાં આર્ત અધિકારી પામે છે, ત્યાં ગૂઢ તત્ત્વ પણ તેનાથી નથી છુપાવતા. ॥ ૧॥

અતિ આરતિ પૂછઉँ સુરરાયા । રઘુપતિ કથા કહહુ કરિ દાયા ॥
પ્રથમ સો કારન કહહુ બિચારી । નિર્ગુન બ્રહ્મ સગુન બપુ ધારી ॥ ૨॥

હે દેવતાઓના સ્વામી! હું ઘણા જ આર્તભાવ(દીનતા)થી પૂછું છું, આપ મારા પર દયા કરીને શ્રીરઘુનાથજીની કથા કહો. પહેલા તો તે કારણ વિચારીને બતાવો કે જેથી નિર્ગુણ બ્રહ્મ સગુણ રૂપ ધારણ કરે છે. ॥ ૨॥

પુનિ પ્રભુ કહહુ રામ અવતારા । બાલચરિત પુનિ કહહુ ઉદારા ॥
કહહુ જથા જાનકી બિબાહીં । રાજ તજા સો દૂષન કાહીં ॥ ૩॥

વળી, હે પ્રભુ! શ્રીરામચન્દ્રજીના અવતાર(જન્મ)ની કથા કહો તથા તેમનું ઉદાર બાળચરિત્ર કહો. વળી, જે રીતે તેમણે જાનકીજી સાથે વિવાહ કર્યો, તે કથા કહો અને પછી એ બતાવો કે તેમણે જે રાજ્યને છોડ્યું તો કયા દોષથી? ॥ ૩॥

બન બસિ કીન્હે ચરિત અપારા । કહહુ નાથ જિમિ રાવન મારા ॥
રાજ બૈઠિ કીન્હીં બહુ લીલા । સકલ કહહુ સંકર સુખસીલા ॥ ૪॥

હે નાથ! પછી તેમણે વનમાં રહીને જે અપાર ચરિત્રો કર્યાં તથા જે રીતે રાવણને માર્યો તે કહો. હે સુખસ્વરૂપ શંકર! વળી, આપ તે બધી લીલાઓને કહો જે તેમણે રાજ્ય [સિંહાસન] પર આરૂઢ થઈને કરી હતી. ॥ ૪॥

દો૦ – બહુરિ કહહુ કરુનાયતન કીન્હ જો અચરજ રામ ।
પ્રજા સહિત રઘુબંસમનિ કિમિ ગવને નિજ ધામ ॥ ૧૧૦॥

હે કૃપાધામ! પછી તે અદ્ભુત ચરિત્ર કહો જે શ્રીરામચન્દ્રજીએ કર્યું – તે રઘુકુળશિરોમણિ પ્રજાસહિત કેવી રીતે પોતાના ધામમાં ગયા? ॥ ૧૧૦॥

ચૌ૦ – પુનિ પ્રભુ કહહુ સો તત્ત્વ બખાની । જેહિં બિગ્યાન મગન મુનિ ગ્યાની ॥
ભગતિ ગ્યાન બિગ્યાન બિરાગા । પુનિ સબ બરનહુ સહિત બિભાગા ॥ ૧॥

હે પ્રભુ! પછી આપ તે તત્ત્વને સમજાવીને કહો, જેની અનુભૂતિમાં જ્ઞાની મુનિગણ સદાય મગ્ન રહે છે, અને પછી ભક્તિ, જ્ઞાન, વિજ્ઞાન અને વૈરાગ્યનું વિભાગસહિત વર્ણન કરો. ॥ ૧॥

ઔરઉ રામ રહસ્ય અનેકા। કહહુ નાથ અતિ બિમલ બિબેકા॥
જો પ્રભુ મૈં પૂછા નહિં હોઈ। સોઉ દયાલ રાખહુ જનિ ગોઈ॥૨॥

[આ સિવાય] શ્રીરામચન્દ્રજીનાં બીજાં પણ જે અનેક રહસ્ય (ગુપ્ત ભાવો અથવા ચરિત્રો) છે, તે કહો. હે નાથ! આપનું જ્ઞાન અત્યંત નિર્મળ છે. હે પ્રભો! જે વાત મેં ના પણ પૂછી હોય; હે દયાળુ! તેને પણ આપ છુપાવી ન રાખશો. ॥૨॥

તુમ્હ ત્રિભુવન ગુર બેદ બખાના। આન જીવ પાઁવર કા જાના॥
પ્રસ્ન ઉમા કૈ સહજ સુહાઈ। છલ બિહીન સુનિ સિવ મન ભાઈ॥૩॥

વેદોએ આપને ત્રણેય લોકોના ગુરુ કહ્યા છે. બીજા પામર જીવો આ રહસ્યને શું જાણે? પાર્વતીજીના સહજ સુંદર અને કપટરહિત (સરળ) પ્રશ્નો સાંભળીને શિવજીના મનને ખૂબ ગમી ગયા. ॥૩॥

હર હિયઁ રામચરિત સબ આએ। પ્રેમ પુલક લોચન જલ છાએ॥
શ્રીરઘુનાથ રૂપ ઉર આવા। પરમાનંદ અમિત સુખ પાવા॥૪॥

શ્રીમહાદેવજીના હૃદયમાં બધાં રામચરિત્ર આવી ગયાં. પ્રેમના કારણે તેમનું શરીર પુલકિત થઈ ગયું અને નેત્રોમાં જળ ભરાઈ આવ્યાં. શ્રીરઘુનાથજીનું રૂપ તેમના હૃદયમાં આવી ગયું, જેથી સ્વયં પરમાનંદસ્વરૂપ શિવજીએ પણ અપાર સુખ મેળવ્યું. ॥૪॥

દો૦– મગન ધ્યાન રસ દંડ જુગ પુનિ મન બાહેર કીન્હ।
રઘુપતિ ચરિત મહેસ તબ હરષિત બરનૈ લીન્હ॥૧૧૧॥

શિવજી બે ઘડી ધ્યાનરસ(આનંદ)માં ડૂબી ગયા, પછી તેમણે મનને બહાર કાઢ્યું અને તે વખતે પ્રસન્ન થઈને શ્રીરઘુનાથજીનું ચરિત્ર વર્ણવવા લાગ્યા. ॥૧૧૧॥

ચૌ૦– ઝૂઠેઉ સત્ય જાહિ બિનુ જાનેં। જિમિ ભુજંગ બિનુ રજુ પહિચાનેં॥
જેહિ જાનેં જગ જાઇ હેરાઈ। જાગેં જથા સપન ભ્રમ જાઈ॥૧॥

જેને જાણ્યા વિના જૂઠું પણ સત્ય જણાય છે, જેમ વગર ઓળખ્યે દોરડામાં સર્પનો ભ્રમ થઈ જાય છે, અને જેને જાણી લીધા પછી જગતનો એવી રીતે લોપ થઈ જાય છે, જેમ જાગ્યા પછી સ્વપ્નનો ભ્રમ જતો રહે છે. ॥૧॥

બંદઉઁ બાલરૂપ સોઈ રામૂ। સબ સિધિ સુલભ જપત જિસુ નામૂ॥
મંગલ ભવન અમંગલ હારી। દ્રવઉ સો દસરથ અજિર બિહારી॥૨॥

હું એ જ શ્રીરામચન્દ્રજીના બાળરૂપની વંદના કરું છું, જેમનું નામ જપવાથી બધી સિદ્ધિઓ સહજ (સરળતાથી) પ્રાપ્ત થઈ જાય છે. મંગળના ધામ, અમંગળને હરનારા અને શ્રીદશરથજીના આંગણામાં રમનારા તે (બાળરૂપ) શ્રીરામચન્દ્રજી મારા પર કૃપા કરો. ॥૨॥

કરિ પ્રનામ રામહિ ત્રિપુરારી । હરષિ સુધા સમ ગિરા ઉચારી ॥
ધન્ય ધન્ય ગિરિરાજકુમારી । તુમ્હ સમાન નહિં કોઉ ઉપકારી ॥ ૩॥

ત્રિપુરાસુરનો વધ કરનારા શિવજી શ્રીરામચન્દ્રજીને પ્રણામ કરીને આનંદથી ભરપૂર અમૃતસમાન વાણી બોલ્યા – હે ગિરિરાજકુમારી પાર્વતી! તમે ધન્ય છો! ધન્ય છો! તમારા જેવું કોઈ ઉપકારી નથી. ॥ ૩॥

પૂઁછેહુ રઘુપતિ કથા પ્રસંગા । સકલ લોક જગ પાવનિ ગંગા ॥
તુમ્હ રઘુબીર ચરન અનુરાગી । કીન્હિહુ પ્રસ્ન જગત હિત લાગી ॥ ૪॥

[કારણ કે] તમે જે શ્રીરઘુનાથજીની કથાનો પ્રસંગ પૂછ્યો છે, જે કથા સમસ્ત લોકોને માટે જગતને પવિત્ર કરનાર ગંગાજી સમાન છે. તમે જગતના કલ્યાણને માટે જ પ્રશ્ન પૂછ્યા છે. તમે શ્રીરઘુનાથજીના ચરણોમાં સ્નેહ રાખનારાં છો. ॥ ૪॥

દો૦ – રામ કૃપા તેં પારબતિ સપનેહુઁ તવ મન માહિં ।
સોક મોહ સંદેહ ભ્રમ મમ બિચાર કછુ નાહિં ॥ ૧૧૨॥

હે પાર્વતી! મારા વિચારથી તો શ્રીરામજીની કૃપાથી તમારા અંતરમાં સ્વપ્નમાં પણ શોક, મોહ, સંદેહ અને ભ્રમ કશું જ નથી. ॥ ૧૧૨॥

ચૌ૦ – તદપિ અસંકા કીન્હિહુ સોઈ । કહત સુનત સબ કર હિત હોઈ ॥
જિન્હ હરિ કથા સુની નહિં કાના । શ્રવન રંધ્ર અહિભવન સમાના ॥ ૧॥

વળી, તમે આથી જ તે (જૂની) જ શંકા કરી છે કે આ પ્રસંગ કહેવા-સાંભળવાથી સર્વેનું કલ્યાણ થશે. જેમણે પોતાના કાનોથી ભગવાનની કથા સાંભળી નથી, તેમના કાનનાં છિદ્રો સાપના દર સમાન છે. ॥ ૧॥

નયનન્હિ સંત દરસ નહિં દેખા । લોચન મોરપંખ કર લેખા ॥
તે સિર કટુ તુંબરિ સમતૂલા । જે ન નમત હરિ ગુર પદ મૂલા ॥ ૨॥

જેમણે પોતાનાં નેત્રોથી સંતોનાં દર્શન કર્યાં નથી, તેમનાં તે નેત્રોની ગણતરી મોરનાં પીછાં પર દેખાતી નકલી આંખો જેવી થાય છે. તેમનાં શીશ કડવી તુંબડી સમાન છે, જે શ્રીહરિ અને ગુરુનાં ચરણકમળોમાં નમતાં નથી. ॥ ૨॥

જિન્હ હરિભગતિ હૃદયઁ નહિં આની । જીવત સવ સમાન તેઈ પ્રાની ॥
જો નહિં કરઈ રામ ગુન ગાના । જીહ સો દાદુર જીહ સમાના ॥ ૩॥

જેમણે ભગવાનની ભક્તિને પોતાના હૃદયમાં સ્થાન નથી આપ્યું, તે પ્રાણી જીવતા હોવા છતાં મડદા સમાન છે. જે જીભ શ્રીરામચન્દ્રજીના ગુણોનું ગાન નથી કરતી, તે દેડકાની જીભ સમાન છે. ॥ ૩॥

કુલિસ કઠોર નિઠુર સોઈ છાતી। સુનિ હરિચરિત ન જો હરષાતી ॥
ગિરિજા સુનહુ રામ કૈ લીલા। સુર હિત દનુજ બિમોહનસીલા ॥ ૪॥

એ હૃદય વજ્રના જેવું કઠોર અને નિષ્ઠુર છે જે ભગવાનનાં ચરિત્ર સાંભળીને હર્ષિત થતું નથી. હે પાર્વતી! શ્રીરામચન્દ્રજીની લીલા સાંભળો, તે દેવતાઓનું કલ્યાણ કરનારી અને દૈત્યોને વિશિષ્ટપણે મોહિત કરનારી છે. ॥ ૪॥

દો૦ – રામકથા સુરધેનુ સમ સેવત સબ સુખ દાનિ।
સત સમાજ સુરલોક સબ કો ન સુનૈ અસ જાનિ ॥ ૧૧૩॥

શ્રીરામચન્દ્રજીની કથા કામધેનુ સમાન, સેવા કરવાથી સર્વે સુખો આપનારી છે અને સત્પુરુષોનો સમાજ જ સર્વ દેવતાઓનો લોક છે, એમ જાણીને આને કોણ નહીં સાંભળે! ॥ ૧૧૩॥

ચૌ૦ – રામકથા સુંદર કર તારી। સંસય બિહગ ઉડ઼ાવનિહારી ॥
રામકથા કલિ બિટપ કુઠારી। સાદર સુનુ ગિરિરાજકુમારી ॥ ૧॥

શ્રીરામચન્દ્રજીની કથા હાથની સુંદર તાળી છે, જે શંકારૂપી પક્ષીઓને ઉડાડી દે છે. વળી, રામકથા કળિયુગરૂપી વૃક્ષને કાપવા માટેની કુહાડી છે. હે ગિરિરાજકુમારી! તમે એને આદરપૂર્વક સાંભળો. ॥ ૧॥

રામ નામ ગુન ચરિત સુહાએ। જનમ કરમ અગનિત શ્રુતિ ગાએ ॥
જથા અનંત રામ ભગવાના। તથા કથા કીરતિ ગુન નાના ॥ ૨॥

વેદોએ શ્રીરામચન્દ્રજીનાં સુંદર નામ, ગુણ, ચરિત્ર, જન્મ અને કર્મ સર્વે અગણિત કહ્યાં છે. જે રીતે ભગવાન શ્રીરામચન્દ્રજી અનંત છે, તે રીતે તેમની કથા, કીર્તિ અને ગુણ પણ અનંત છે. ॥ ૨॥

તદપિ જથા શ્રુત જસિ મતિ મોરી। કહિહઉઁ દેખિ પ્રીતિ અતિ તોરી ॥
ઉમા પ્રસ્ન તવ સહજ સુહાઈ। સુખદ સંતસંમત મોહિ ભાઈ ॥ ૩॥

તો પણ તમારી અત્યંત પ્રીતિ જોઈને, મેં જે કંઈ સાંભળ્યું છે અને જેવી મારી બુદ્ધિ છે, તે મુજબ હું કહીશ. હે પાર્વતી! તમારો પ્રશ્ન સ્વાભાવિક જ સુંદર, સુખદાયક અને સંતસમ્મત છે અને મને તો ઘણો જ ગમ્યો છે. ॥ ૩॥

એક બાત નહિં મોહિ સોહાની। જદપિ મોહ બસ કહેહુ ભવાની ॥
તુમ્હ જો કહા રામ કોઉ આના। જેહિ શ્રુતિ ગાવ ધરહિં મુનિ ધ્યાના ॥ ૪॥

પરંતુ હે પાર્વતી! એક વાત મને ગમી નથી, જોકે તે તમે મોહ વશ થઈને જ કહી છે. તમે જે એમ કહ્યું, કે તે રામ કોઈ બીજા છે, જેમને વેદો ગાય છે અને મુનિજનો જેમનું ધ્યાન ધરે છે – ॥ ૪॥

દો૦ – કહહિં સુનહિં અસ અધમ નર ગ્રસે જે મોહ પિસાચ ॥
પાષંડી હરિ પદ બિમુખ જાનહિં ઝૂઠ ન સાચ ॥ ૧૧૪॥

– જે લોકો મોહરૂપી પિશાચ દ્વારા ગ્રસ્ત છે, પાખંડી છે, ભગવાનના ચરણોથી વિમુખ છે અને જે સાચું-જૂઠું કંઈ પણ જાણતા નથી, એવા અધમ મનુષ્યો જ આવી રીતે કહેતા-સાંભળતા હોય છે. ॥ ૧૧૪॥

ચૌ૦ – અગ્ય અકોબિદ અંધ અભાગી। કાઈ બિષય મુકુર મન લાગી ॥
લંપટ કપટી કુટિલ બિસેષી। સપનેહુઁ સંતસભા નહિં દેખી ॥ ૧॥

જેઓ અજ્ઞાની, મૂર્ખ, આંધળા અને ભાગ્યહીન છે અને જેમના મનરૂપી દર્પણ પર વિષયરૂપી મેલ જામેલો છે; જેઓ વ્યભિચારી, કપટી અને ઘણા જ કુટિલ છે અને જેમણે ક્યારેય સ્વપ્નમાં પણ સંતસમાજનાં દર્શન નથી કર્યાં; ॥ ૧॥

કહહિં તે બેદ અસંમત બાની। જિન્હ કેં સૂઝ લાભુ નહિં હાની ॥
મુકુર મલિન અરુ નયન બિહીના। રામ રૂપ દેખહિં કિમિ દીના ॥ ૨॥

અને જેમને પોતાના નફા-નુકસાનની સુધ જ નથી, તેઓ જ આવી વેદવિરુદ્ધ વાતો કહ્યા કરે છે. જેમનું હૃદયરૂપી દર્પણ મેલું હોય અને જેઓ નેત્રોથી રહિત છે, તે બિચારા શ્રીરામચન્દ્રજીનું રૂપ કેવી રીતે જુએ! ॥ ૨॥

જિન્હ કેં અગુન ન સગુન બિબેકા। જલ્પહિં કલ્પિત બચન અનેકા ॥
હરિમાયા બસ જગત ભ્રમાહીં। તિન્હહિ કહત કછુ અઘટિત નાહીં ॥ ૩॥

જેમને નિર્ગુણ-સગુણનો કંઈ પણ વિવેક નથી, જેઓ અનેક કપોળકલ્પિત વાતો બક્યા કરે છે, જેઓ શ્રીહરિની માયાને વશ થઈને, જગતમાં (જન્મ-મૃત્યુના ચક્રમાં) ભટકતા ફરે છે, તેઓ માટે કંઈ પણ કહી નાખવું અસંભવ નથી. ॥ ૩॥

બાતુલ ભૂત બિબસ મતવારે। તે નહિં બોલહિં બચન બિચારે ॥
જિન્હ કૃત મહામોહ મદ પાના। તિન્હ કર કહા કરિઅ નહિં કાના ॥ ૪॥

જેમને વાયુનો રોગ (સંનિપાત, ઉન્માદ આદિ) થઈ ગયો હોય, જેઓ ભૂતને વશ થઈ ગયા છે અને જેઓ નશામાં ચૂર છે, તેવા લોકો વિચારીને વચન નથી બોલતા. જેમણે મહામોહરૂપી મદિરા પીધેલી હોય છે, તેમના કહ્યા પર કાન આપવા ન જોઈએ. [ધ્યાન ન આપવું જોઈએ]. ॥ ૪॥

સો૦ – અસ નિજ હૃદયઁ બિચારિ તજુ સંસય ભજુ રામ પદ।
સુનુ ગિરિરાજ કુમારિ ભ્રમ તમ રબિ કર બચન મમ ॥ ૧૧૫॥

પોતાના હૃદયમાં આમ વિચારીને સંશયને છોડી દો અને શ્રીરામચન્દ્રજીના ચરણોને ભજો. હે પાર્વતી! ભ્રમરૂપી અંધકારનો નાશ કરવા માટે સૂર્યનાં કિરણો જેવાં મારા વચનોને સાંભળો. ॥ ૧૧૫॥

ચૌ૦ – સગુનહિ અગુનહિ નહિં કછુ ભેદા। ગાવહિં મુનિ પુરાન બુધ બેદા ॥
અગુન અરૂપ અલખ અજ જોઈ। ભગત પ્રેમ બસ સગુન સો હોઈ ॥ ૧॥

સગુણ અને નિર્ગુણમાં કંઈ પણ ભેદ નથી – મુનિ, પુરાણ, પંડિત અને વેદ સર્વે એવું કહે છે. જે નિર્ગુણ, અરૂપ (નિરાકાર), અલખ (અવ્યક્ત) અને અજન્મા છે, તે જ ભક્તોના પ્રેમવશ સગુણ થઈ જાય છે. ॥ ૧॥

જો ગુન રહિત સગુન સોઈ કૈસેં। જલુ હિમ ઉપલ બિલગ નહિં જૈસેં ॥
જાસુ નામ ભ્રમ તિમિર પતંગા। તેહિ કિમિ કહિઅ બિમોહ પ્રસંગા ॥ ૨॥

જે નિર્ગુણ છે તે જ સગુણ કેવી રીતે છે? જેમ જળ અને કરામાં ભેદ નથી. (બંને જળ જ છે, તેવા જ નિર્ગુણ અને સગુણ એક જ છે.) જેમનું નામ ભ્રમરૂપી અંધકારને ટાળવા માટે સૂર્ય છે, તેમના માટે મોહનો પ્રસંગ પણ કેમ કહી શકાય (તેમને મોહ કેવી રીતે થઈ શકે)? ॥ ૨॥

રામ સચ્ચિદાનંદ દિનેસા। નહિં તહઁ મોહ નિસા લવલેસા ॥
સહજ પ્રકાસરૂપ ભગવાના। નહિં તહઁ પુનિ બિગ્યાન બિહાના ॥ ૩॥

શ્રીરામચન્દ્રજી સચ્ચિદાનંદસ્વરૂપ સૂર્ય છે. ત્યાં મોહરૂપી રાત્રિનો લવલેશ પણ નથી. તે સ્વભાવથી જ પ્રકાશરૂપ અને [ષડૈશ્વર્યયુક્ત] ભગવાન છે. ત્યાં તો વિજ્ઞાનરૂપી પ્રાતઃકાળ પણ નથી થતું (અજ્ઞાનરૂપી રાત્રિ હોય ત્યારે જ વિજ્ઞાનરૂપી પ્રાતઃકાળ થાય, ભગવાન તો નિત્ય જ્ઞાનસ્વરૂપ છે.) ॥ ૩॥

હરષ બિષાદ ગ્યાન અગ્યાના। જીવ ધર્મ અહમિતિ અભિમાના ॥
રામ બ્રહ્મ બ્યાપક જગ જાના। પરમાનંદ પરેસ પુરાના ॥ ૪॥

હર્ષ, શોક, જ્ઞાન, અજ્ઞાન, અહંતા અને અભિમાન - આ સર્વે જીવના ધર્મ છે. શ્રીરામચન્દ્રજી તો વ્યાપક બ્રહ્મ, પરમાનંદસ્વરૂપ, પરાત્પર પ્રભુ અને પુરાણપુરુષ છે. આ વાતને આખુંય જગત જાણે છે. ॥ ૪॥

દો૦– પુરુષ પ્રસિદ્ધ પ્રકાસ નિધિ પ્રગટ પરાવર નાથ।
રઘુકુલમનિ મમ સ્વામિ સોઈ કહિ સિવઁ નાયઉ માથ ॥ ૧૧૬॥

જે [પુરાણ] પુરુષ છે, પ્રસિદ્ધ છે, પ્રકાશના ભંડાર છે, સર્વે રૂપોમાં પ્રકટ છે; જીવ, માયા અને જગત - સર્વના સ્વામી છે; તે જ રઘુકુળમણિ શ્રીરામચન્દ્રજી મારા સ્વામી છે – એમ કહીને શિવજીએ એમને શીશ નમાવ્યું. ॥ ૧૧૬॥

ચૌ૦– નિજ ભ્રમ નહિં સમુઝહિં અગ્યાની। પ્રભુ પર મોહ ધરહિં જડ઼ પ્રાની ॥
જથા ગગન ઘન પટલ નિહારી। ઝાઁપેઉ ભાનુ કહહિં કુબિચારી ॥ ૧॥

અજ્ઞાની મનુષ્ય પોતાના ભ્રમને તો સમજતા નથી અને તે મૂર્ખા, પ્રભુ શ્રીરામચન્દ્રજી પર તેનો આરોપ મૂકે છે; જેમ આકાશમાં વાદળાંનો પરદો જોઈને કુવિચારી (અજ્ઞાની) લોકો કહે છે કે વાદળાંએ સૂર્યને ઢાંકી દીધો. ॥ ૧॥

ચિતવ જો લોચન અંગુલિ લાએઁ। પ્રગટ જુગલ સસિ તેહિ કે ભાએઁ ॥
ઉમા રામ બિષઈક અસ મોહા। નભ તમ ધૂમ ધૂરિ જિમિ સોહા ॥ ૨॥

જે મનુષ્ય આંખે આંગળી અડકાડીને જુએ તો તેને માટે તો બે ચન્દ્રમા પ્રકટ (પ્રત્યક્ષ) ભાસે છે. હે પાર્વતી! શ્રીરામચન્દ્રજીના વિષે આ રીતે મોહની કલ્પના કરવી એવું જ છે કે જેમ આકાશમાં અંધકાર, ધુમાડો અને ધૂળનું દેખાવું. [આકાશ જેમ નિર્મળ અને નિર્લેપ છે, તેને કોઈ મલિન કે સ્પર્શ નથી કરી શકતું, તે જ રીતે ભગવાન શ્રીરામચન્દ્રજી નિત્ય નિર્મળ અને નિર્લેપ છે]. ॥ ૨॥

બિષય કરન સુર જીવ સમેતા । સકલ એક તેં એક સચેતા ॥
સબ કર પરમ પ્રકાસક જોઈ । રામ અનાદિ અવધપતિ સોઈ ॥ ૩॥

વિષય, ઇન્દ્રિયો, ઇન્દ્રિયોના દેવતા અને જીવાત્મા – એ બધા એક-એકની મદદથી ચેતન થાય છે (અર્થાત્ વિષયો ઇન્દ્રિયોથી, ઇન્દ્રિયો ઇન્દ્રિયોના દેવતાઓથી અને ઇન્દ્રિયદેવો ચેતન જીવાત્માથી પ્રકાશે છે). એ સૌના જે પરમ પ્રકાશક છે (અર્થાત્ જેનાથી આ બધાને પ્રકાશ થાય છે), એ જ અનાદિબ્રહ્મ અયોધ્યાનરેશ શ્રીરામચન્દ્રજી છે. ॥ ૩॥

જગત પ્રકાસ્ય પ્રકાસક રામૂ । માયાધીસ ગ્યાન ગુન ધામૂ ॥
જાસુ સત્યતા તેં જડ઼ માયા । ભાસ સત્ય ઈવ મોહ સહાયા ॥ ૪॥

આ જગત પ્રકાશ્ય છે અને શ્રીરામચન્દ્રજી એના પ્રકાશક છે. તે માયાના સ્વામી અને જ્ઞાન તથા ગુણોના ધામ છે. જેમની સત્તાથી, મોહની મદદ પ્રાપ્ત કરી જડ માયા પણ સત્ય જેવી ભાસિત થાય છે – ॥ ૪॥

દો૦ – રજત સીપ મહુઁ ભાસ જિમિ જથા ભાનુ કર બારિ ।
જદપિ મૃષા તિહુઁ કાલ સોઈ ભ્રમ ન સકઈ કોઉ ટારિ ॥ ૧૧૭॥

– જેમ છીપમાં ચાંદીના અને સૂર્યનાં કિરણોમાં જળની પ્રતીતિ થાય છે. જોકે આ પ્રતીતિ ત્રણેય કાળમાં ખોટી છે તો પણ આ ભ્રમને કોઈ દૂર નથી કરી શકતું. ॥ ૧૧૭॥

ચૌ૦ – એહિ બિધિ જગ હરિ આશ્રિત રહઈ । જદપિ અસત્ય દેત દુખ અહઈ ॥
જૌં સપનેં સિર કાટૈ કોઈ । બિનુ જાગેં ન દૂરિ દુખ હોઈ ॥ ૧॥

આ રીતે આ સંસાર ભગવાનને આશ્રિત રહે છે. જોકે એ અસત્ય છે, તો પણ દુઃખ તો આપે જ છે, જે રીતે સ્વપ્નમાં કોઈ માથું કાપી લે તો જાગ્યા વિના તે દુઃખ દૂર નથી થતું. ॥ ૧॥

જાસુ કૃપાઁ અસ ભ્રમ મિટિ જાઈ । ગિરિજા સોઈ કૃપાલ રઘુરાઈ ॥
આદિ અંત કોઉ જાસુ ન પાવા । મતિ અનુમાનિ નિગમ અસ ગાવા ॥ ૨॥

હે પાર્વતી! જેની કૃપાથી આ પ્રકારનો ભ્રમ મટી જાય છે, તે જ કૃપાળુ શ્રીરઘુનાથજી છે. જેમનો આદિ અને અંત કોઈ પામી શક્યું નથી. વેદોએ પોતાની બુદ્ધિથી અનુમાન કરીને આ રીતે (નીચે લખ્યા પ્રમાણે) ગાયું છે – ॥ ૨॥

બિનુ પદ ચલઈ સુનઈ બિનુ કાના । કર બિનુ કરમ કરઈ બિધિ નાના ॥
આનન રહિત સકલ રસ ભોગી । બિનુ બાની બકતા બડ઼ જોગી ॥ ૩॥

તે (બ્રહ્મ) પગ વિના જ ચાલે છે, વગર કાને સાંભળે છે, વગર હાથેય અનેક પ્રકારનાં કામ કરે છે, વગર મુખે (જિહ્વા) બધા (છએ) રસોનો આનંદ લે છે અને વગર વાણીએ બહુ યોગ્ય વક્તા પણ છે. ॥ ૩॥

તન બિનુ પરસ નયન બિનુ દેખા। ગ્રહઇ ઘ્રાન બિનુ બાસ અસેષા॥
અસિ સબ ભાઁતિ અલૌકિક કરની। મહિમા જાસુ જાઇ નહિં બરની॥૪॥

તે શરીર (ત્વચા) વિનાય સ્પર્શ કરે છે, આંખો વિનાય જુએ છે અને નાક વિનાય બધી ગંધને ગ્રહણ કરે છે (સૂંઘે છે). તે બ્રહ્મની કરણી બધી રીતે એવી અલૌકિક છે જેનો મહિમા કદી નથી કહી શકાતો. ॥૪॥

દો૦ – જેહિ ઇમિ ગાવહિં બેદ બુધ જાહિ ધરહિં મુનિ ધ્યાન।
સોઇ દસરથ સુત ભગત હિત કોસલપતિ ભગવાન॥૧૧૮॥

જેમનું વેદો અને પંડિતો આ રીતે વર્ણન કરે છે અને મુનિઓ જેમનું ધ્યાન ધરે છે, એ જ ભગવાને ભક્તોના હિત માટે દશરથનંદન, અયોધ્યાના સ્વામી [શ્રીરામજી]રૂપે અવાતર લીધો છે. ॥૧૧૮॥

ચૌ૦ – કાસીં મરત જંતુ અવલોકી। જાસુ નામ બલ કરઉઁ બિસોકી॥
સોઇ પ્રભુ મોર ચરાચર સ્વામી। રઘુબર સબ ઉર અંતરજામી॥૧॥

[હે પાર્વતી!] જેમના નામના બળથી કાશીમાં મરતાં પ્રાણીઓને જોઈને હું તેને [રામમંત્ર આપીને] શોકરહિત કરી દઉં છું. (મુક્ત કરી દઉં છું), એ જ મારા પ્રભુ રઘુશ્રેષ્ઠ શ્રીરામચન્દ્રજી જડ-ચેતનના સ્વામી અને બધાંયના હૃદયનું [અંતરનું] જાણનાર [અંતર્યામી] છે. ॥૧॥

બિબસહુઁ જાસુ નામ નર કહહીં। જનમ અનેક રચિત અઘ દહહીં॥
સાદર સુમિરન જે નર કરહીં। ભવ બારિધિ ગોપદ ઇવ તરહીં॥૨॥

વિવશ થઈને (વિના ઇચ્છાએ) પણ જેમનું નામ લેવાથી મનુષ્યોના અનેક જન્મોમાં કરેલાં પાપ બળી જાય છે. વળી, જે મનુષ્ય આદરપૂર્વક તેમનું સ્મરણ કરે છે, તે તો સંસારરૂપી [દુસ્તર] સમુદ્રને, ગાયની ખરીથી બનેલા ખાડાને તરે તેમ (અર્થાત્ વિના કોઈ પરિશ્રમે) પાર કરી જાય છે – ॥૨॥

રામ સો પરમાતમા ભવાની। તહઁ ભ્રમ અતિ અબિહિત તવ બાની॥
અસ સંસય આનત ઉર માહીં। ગ્યાન બિરાગ સકલ ગુન જાહીં॥૩॥

હે પાર્વતી! એ જ પરમાત્મા શ્રીરામચન્દ્રજી છે. તેમનામાં ભ્રમ [જોવામાં આવે] છે, તમારું આવું કહેવું અત્યંત જ અનુચિત છે. આ પ્રકારનો સંશય મનમાં લાવતાં જ મનુષ્યના જ્ઞાન, વૈરાગ્ય વગેરે બધાય સદ્ગુણોનો નાશ થઈ જાય છે. ॥૩॥

સુનિ સિવ કે ભ્રમ ભંજન બચના। મિટિ ગૈ સબ કુતરક કૈ રચના॥
ભઇ રઘુપતિ પદ પ્રીતિ પ્રતીતી। દારુન અસંભાવના બીતી॥૪॥

શિવજીનાં ભ્રમનાશક વચનોને સાંભળીને પાર્વતીજીના સર્વે કુતર્કોની રચના ટળી ગઈ. શ્રીરઘુનાથજીના ચરણોમાં તેમનો પ્રેમ અને વિશ્વાસ થઈ ગયો અને કઠિન અશક્યતાઓ (જેનું થવું સંભવ ન હોય તેવી મિથ્યા કલ્પના) જતી રહી. ॥૪॥

દો૦– પુનિ પુનિ પ્રભુ પદ કમલ ગહિ જોરિ પંકરુહ પાનિ ।
બોલીં ગિરિજા બચન બર મનહુઁ પ્રેમ રસ સાનિ ॥ ૧૧૯॥

વારંવાર સ્વામી(શિવજી)નાં ચરણકમળોને પકડીને અને પોતાના કમળ જેવા હાથ જોડીને પાર્વતીજી જાણે પ્રેમરસમાં ઝબોળીને સુંદર વચન બોલ્યાં. ॥ ૧૧૯॥

ચૌ૦– સસિ કર સમ સુનિ ગિરા તુમ્હારી । મિટા મોહ સરદાતપ ભારી ॥
તુમ્હ કૃપાલ સબુ સંસઉ હરેઊ । રામ સ્વરૂપ જાનિ મોહિ પરેઊ ॥ ૧॥

આપની ચન્દ્રમાનાં કિરણો સમાન શીતળ વાણી સાંભળીને મારો અજ્ઞાનરૂપી શરદ્-ઋતુના તડકાનો ભારે તાપ મટી ગયો. [મોહ મટી ગયો]. આપે મારો સર્વ સંશય હરી લીધો, હવે, શ્રીરામચન્દ્રજીનું યથાર્થ સ્વરૂપ મારી સમજમાં આવી ગયું. ॥ ૧॥

નાથ કૃપાઁ અબ ગયઉ બિષાદા । સુખી ભયઉઁ પ્રભુ ચરન પ્રસાદા ॥
અબ મોહિ આપનિ કિંકરિ જાની । જદપિ સહજ જડ઼ નારિ અયાની ॥ ૨॥

હે નાથ! આપની કૃપાથી હવે મારો વિષાદ જતો રહ્યો અને આપના ચરણોના અનુગ્રહથી હું સુખી થઈ ગઈ. જોકે સ્ત્રી હોવાના કારણે હું સ્વભાવથી જ મૂર્ખ અને જ્ઞાનહીન છું, તો પણ હવે આપ મને પોતાની દાસી જાણીને – ॥ ૨॥

પ્રથમ જો મૈં પૂછા સોઇ કહહૂ । જૌં મો પર પ્રસન્ન પ્રભુ અહહૂ ॥
રામ બ્રહ્મ ચિનમય અબિનાસી । સર્બ રહિત સબ ઉર પુર બાસી ॥ ૩॥

હે પ્રભો! જો આપ મારા પર પ્રસન્ન છો તો જે વાત મેં અગાઉ આપને પૂછી હતી, તે જ કહો. [આ સત્ય છે કે] શ્રીરામચન્દ્રજી બ્રહ્મ છે, ચિન્મય (જ્ઞાનસ્વરૂપ) છે, અવિનાશી છે, સર્વેથી રહિત અને સર્વેની હૃદયરૂપી નગરીમાં નિવાસ કરનારા છે. ॥ ૩॥

નાથ ધરેઉ નર તનુ કેહિ હેતૂ । મોહિ સમુઝાઇ કહહુ બૃષકેતૂ ॥
ઉમા બચન સુનિ પરમ બિનીતા । રામકથા પર પ્રીતિ પુનીતા ॥ ૪॥

વળી, હે નાથ! તેમણે મનુષ્ય શરીર કયા કારણે ધારણ કર્યું? હે ધર્મની ધજા ધારણ કરનારા પ્રભો! એ મને સમજાવીને કહો. પાર્વતીનાં અત્યંત નમ્ર વચન સાંભળીને અને શ્રીરામચન્દ્રજીની કથામાં એમનો વિશુદ્ધ સ્નેહ જોઈને – ॥ ૪॥

દો૦– હિયઁ હરષે કામારિ તબ સંકર સહજ સુજાન ।
બહુ બિધિ ઉમહિ પ્રસંસિ પુનિ બોલે કૃપાનિધાન ॥ ૧૨૦ (ક)॥

કામદેવના શત્રુ, સ્વભાવિક રૂપે જ સુજ્ઞ, કૃપાનિધાન શિવજી ત્યારે મનમાં ઘણા જ હર્ષિત થયા અને અનેક પ્રકારે પાર્વતીની પ્રશંસા કર્યા પછી બોલ્યા – ॥ ૧૨૦ (ક)॥

નવાહ્ન પારાયણ, પહેલો વિશ્રામ

માસપારાયણ, ચોથો વિશ્રામ

સો૦ – સુનુ સુભ કથા ભવાનિ રામચરિતમાનસ બિમલ ।
કહા ભુસુંડિ બખાનિ સુના બિહગ નાયક ગરુડ़ ॥ ૧૨૦ (ખ)॥

હે પાર્વતી! નિર્મળ રામચરિતમાનસની તે મંગળમય કથા સાંભળો; જે કાકભુશુંડિએ વિસ્તારથી કહી અને પક્ષીઓના રાજા ગરુડજીએ સાંભળી હતી. ॥ ૧૨૦ (ખ)॥

સો સંબાદ ઉદાર જેહિ બિધિ ભા આગેં કહબ ।
સુનહુ રામ અવતાર ચરિત પરમ સુંદર અનઘ ॥ ૧૨૦ (ગ)॥

તે શ્રેષ્ઠ સંવાદ જે રીતે થયો, તે હું આગળ કહીશ. અત્યારે તમે શ્રીરામચન્દ્રજીના અવતારનું પરમ સુંદર અને પવિત્ર (પાપનાશક) ચરિત્ર સાંભળો. ॥ ૧૨૦ (ગ)॥

હરિ ગુન નામ અપાર કથા રૂપ અગનિત અમિત ।
મૈં નિજ મતિ અનુસાર કહઉँ ઉમા સાદર સુનહુ ॥ ૧૨૦ (ઘ)॥

શ્રીહરિના ગુણ, નામ, કથા અને રૂપ–સર્વે અપાર, અગણિત અને અસીમ છે. હે પાર્વતી! હું પોતાની બુદ્ધિ અનુસાર કહું છું, તમે આદરપૂર્વક સાંભળો. ॥ ૧૨૦ (ઘ)॥

ચૌ૦ – સુનુ ગિરિજા હરિચરિત સુહાએ । બિપુલ બિસદ નિગમાગમ ગાએ ॥
હરિ અવતાર હેતુ જેહિ હોઈ । ઇદમિત્થં કહિ જાઇ ન સોઈ ॥ ૧॥

હે પાર્વતી! સાંભળો. વેદ-શાસ્ત્રોએ શ્રીહરિનાં સુંદર, અગણિત અને નિર્મળ ચરિત્રોનું ગાન કર્યું છે. હરિનો અવતાર જે કારણથી થાય છે; તે કારણ 'બસ આ જ છે' એમ નથી કહી શકાતું (અનેકો કારણ હોઈ શકે છે અને એવાં પણ હોઈ શકે છે કે જેને કોઈ જાણી જ નથી શકતું). ॥ ૧॥

રામ અતર્ક્ય બુદ્ધિ મન બાની । મત હમાર અસ સુનહિ સયાની ॥
તદપિ સંત મુનિ બેદ પુરાના । જસ કછુ કહહિં સ્વમતિ અનુમાના ॥ ૨॥

હે બુદ્ધિમતી! સાંભળો, અમારો મત તો એ છે કે બુદ્ધિ, મન અને વાણીથી [અતર્ક્ય] શ્રીરામચન્દ્રજીના વિષયમાં તર્ક નથી કરી શકાતો. તો પણ સંત, મુનિ, વેદ અને પુરાણ – પોતપોતાની બુદ્ધિ અનુસાર જે કંઈ કહે છે, ॥ ૨॥

તસ મૈં સુમુખિ સુનાવઉँ તોહી । સમુઝિ પરઇ જસ કારન મોહી ॥
જબ જબ હોઈ ધરમ કૈ હાની । બાઢહિં અસુર અધમ અભિમાની ॥ ૩॥

અને જે કંઈ મારી સમજણમાં આવે છે; હે સુમુખી! એ જ કારણ હું તમને સંભળાવું છું. જ્યારે જ્યારે ધર્મનો હ્રાસ થાય છે અને નીચ અભિમાની રાક્ષસો વધી જાય છે, ॥ ૩॥

કરહિં અનીતિ જાઇ નહિં બરની । સીદહિં બિપ્ર ધેનુ સુર ધરની ॥
તબ તબ પ્રભુ ધરિ બિબિધ સરીરા । હરહિં કૃપાનિધિ સજ્જન પીરા ॥ ૪॥

અને તેઓ અન્યાય એવો કરે છે કે જેનું વર્ણન નથી થઈ શકતું તથા બ્રાહ્મણ, ગાય, દેવતા અને પૃથ્વી કષ્ટ પામે છે, ત્યારે ત્યારે તે કૃપાનિધાન પ્રભુ જાતજાતનાં [દિવ્ય] શરીર ધારણ કરીને સજ્જનોની પીડા હરે છે. ॥ ૪॥

દો૦– અસુર મારિ થાપહિં સુરન્હ રાખહિં નિજ શ્રુતિ સેતુ ।
જગ બિસ્તારહિં બિસદ જસ રામ જન્મ કર હેતુ ॥ ૧૨૧॥

તે અસુરોને મારીને દેવતાઓને સ્થાપિત કરે છે, પોતાના [શ્વાસરૂપ] વેદોની મર્યાદાનું રક્ષણ કરે છે અને જગતમાં પોતાનો નિર્મળ યશ પ્રસરાવે છે. શ્રીરામચન્દ્રજીના અવતારનું આ કારણ છે. ॥ ૧૨૧॥

ચૌ૦– સોઈ જસ ગાઈ ભગત ભવ તરહીં । કૃપાસિંધુ જન હિત તનુ ધરહીં ॥
રામ જનમ કે હેતુ અનેકા । પરમ બિચિત્ર એક તેં એકા ॥ ૧॥

એ જ યશને ગાઈ-ગાઈને ભક્તજનો ભવસાગરને તરી જાય છે. કૃપાસાગર ભગવાન ભક્તોના હિત માટે શરીર ધારણ કરે છે. શ્રીરામચન્દ્રજીના જન્મ લેવાનાં અનેક કારણ છે; જે એક એકથી ચઢિયાતાં અને વિચિત્ર છે. ॥ ૧॥

જનમ એક દુઇ કહઉઁ બખાની । સાવધાન સુનુ સુમતિ ભવાની ॥
દ્વારપાલ હરિ કે પ્રિય દોઊ । જય અરુ બિજય જાન સબ કોઊ ॥ ૨॥

હે સુંદર બુદ્ધિવાળાં ભવાની! હું તેમના બે-એક જન્મોનું વિસ્તારથી વર્ણન કરું છું, તમે સાવધાન થઈને સાંભળો. શ્રીહરિના જય અને વિજય બે પ્રિય દ્વારપાળ છે, જેમને સર્વ કોઈ જાણે છે. ॥ ૨॥

બિપ્ર શ્રાપ તેં દૂનઉ ભાઈ । તામસ અસુર દેહ તિન્હ પાઈ ॥
કનકકસિપુ અરુ હાટકલોચન । જગત બિદિત સુરપતિ મદ મોચન ॥ ૩॥

તે બંને ભાઈઓએ બ્રાહ્મણ(સનકાદિ)ના શાપથી અસુરોનું તામસી શરીર પ્રાપ્ત કર્યું. એકનું નામ હતું હિરણ્યકશિપુ અને બીજાનું હિરણ્યાક્ષ. તેઓ દેવરાજ ઇન્દ્રના ગર્વને ઉતારનારા આખાય જગતમાં પ્રસિદ્ધ થયા. ॥ ૩॥

બિજઈ સમર બીર બિખ્યાતા । ધરિ બરાહ બપુ એક નિપાતા ॥
હોઈ નરહરિ દૂસર પુનિ મારા । જન પ્રહલાદ સુજસ બિસ્તારા ॥ ૪॥

તેઓ યુદ્ધમાં વિજય મેળવનારા વિખ્યાત વીર હતા. તેમનામાંથી એક (હિરણ્યાક્ષ)ને ભગવાને વરાહનો દેહ ધારણ કરીને માર્યો; પછી બીજા (હિરણ્યકશિપુ)નો નૃસિંહરૂપ ધારણ કરીને વધ કર્યો અને પોતાના ભક્ત પ્રહ્લાદનો ઉત્તમ યશ પ્રસરાવ્યો. ॥ ૪॥

દો૦– ભએ નિસાચર જાઇ તેઇ મહાબીર બલવાન ।
કુંભકરન રાવન સુભટ સુર બિજઈ જગ જાન ॥ ૧૨૨॥

તે જ [બંને] પછીથી દેવતાઓને જીતનારા તથા મોટા યોદ્ધા, રાવણ અને કુંભકર્ણ નામના ઘણા બળવાન અને મહાવીર રાક્ષસ થયા, જેમને આખું જગત જાણે છે. ॥ ૧૨૨॥

ચૌ૦– મુકુત ન ભએ હતે ભગવાના । તીનિ જનમ દ્વિજ બચન પ્રવાના ॥
એક બાર તિન્હ કે હિત લાગી । ધરેઉ સરીર ભગત અનુરાગી ॥ ૧॥

ભગવાનના થકી મરાયા હોવા છતાં તેઓ (હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ) એટલા માટે મુક્ત ન થયા કે બ્રાહ્મણના વચન(શાપ)નું પ્રમાણ ત્રણ જન્મ માટેનું હતું. એટલે ફરી એક વખત તેમના કલ્યાણ માટે ભક્તપ્રેમી ભગવાને ફરીથી અવતાર લીધો. ॥ ૧॥

કસ્યપ અદિતિ તહાઁ પિતુ માતા। દસરથ કૌસલ્યા બિખ્યાતા ॥
એક કલપ એહિ બિધિ અવતારા। ચરિત પવિત્ર કિએ સંસારા ॥ ૨॥

ત્યારે (તે અવતારમાં) કશ્યપ અને અદિતિ તેમનાં માતા-પિતા થયાં, જે દશરથ અને કૌશલ્યાના નામથી પ્રસિદ્ધ થયાં. એક કલ્પમાં આ રીતે અવતાર લઈને તેમણે સંસારમાં પવિત્ર લીલાઓ કરી. ॥ ૨॥

એક કલપ સુર દેખિ દુખારે। સમર જલંધર સન સબ હારે ॥
સંભુ કીન્હ સંગ્રામ અપારા। દનુજ મહાબલ મરઇ ન મારા ॥ ૩॥

એક કલ્પમાં જલંધર દૈત્યથી યુદ્ધમાં હારી જવાના લીધે સર્વે દેવતાઓને દુઃખી થયેલા જોઈને શિવજીએ તેની સાથે મોટું ઘોર યુદ્ધ કર્યું; પણ તે મહાબલી દૈત્ય માર્યો મરાતો ન હતો. ॥ ૩॥

પરમ સતી અસુરાધિપ નારી। તેહિં બલ તાહિ ન જિતહિં પુરારી ॥ ૪॥

તે દૈત્યરાજની સ્ત્રી પરમ સતી (ઘણી જ પતિવ્રતા) હતી. તેના પ્રતાપથી ત્રિપુરાસુર[જેવા અજેયશત્રુ]નો વિનાશ કરનારા શિવજી પણ તે દૈત્યને જીતી ન શક્યા. ॥ ૪॥

દો૦— છલ કરિ ટારેઉ તાસુ બ્રત પ્રભુ સુર કારજ કીન્હ।
જબ તેહિં જાનેઉ મરમ તબ શ્રાપ કોપ કરિ દીન્હ ॥ ૧૨૩॥

પ્રભુએ છળથી એ સ્ત્રીના વ્રતનો ભંગ કરી દેવતાઓનું કાર્ય કર્યું. જ્યારે તે સ્ત્રીએ આ રહસ્ય જાણ્યું ત્યારે તેણીએ ક્રોધ કરીને ભગવાનને શાપ આપ્યો. ॥ ૧૨૩॥

ચૌ૦— તાસુ શ્રાપ હરિ દીન્હ પ્રમાના। કૌતુકનિધિ કૃપાલ ભગવાના ॥
તહાઁ જલંધર રાવન ભયઊ। રન હતિ રામ પરમ પદ દયઊ ॥ ૧॥

લીલાઓના ભંડાર કૃપાળુ હરિએ તે સ્ત્રીના શાપને પ્રામાણ્ય આપ્યું (શાપ સ્વીકાર્યો). તે જ જલંધર તે કલ્પમાં રાવણ થયો, જેને શ્રીરામચન્દ્રજીએ યુદ્ધમાં મારીને પરમપદ આપ્યું. ॥ ૧॥

એક જનમ કર કારન એહા। જેહિ લગિ રામ ધરી નરદેહા ॥
પ્રતિ અવતાર કથા પ્રભુ કેરી। સુનુ મુનિ બરની કબિન્હ ઘનેરી ॥ ૨॥

એક જન્મનું કારણ એ હતું, જેથી શ્રીરામચન્દ્રજીએ મનુષ્યદેહ ધારણ કર્યો. હે ભરદ્વાજ મુનિ! સાંભળો, પ્રભુના પ્રત્યેક અવતારની કથાનું કવિઓએ અનેક પ્રકારે વર્ણન કર્યું છે. ॥ ૨॥

નારદ શ્રાપ દીન્હ એક બારા। કલપ એક તેહિ લગિ અવતારા ॥
ગિરિજા ચકિત ભઈ સુનિ બાની। નારદ બિષ્નુભગત પુનિ ગ્યાની ॥ ૩॥

એક વખત નારદજીએ શાપ આપ્યો, તેથી એક કલ્પમાં તેમના માટે અવતાર થયો. આ વાત સાંભળી પાર્વતીજી ઘણા ચકિત થયાં [અને બોલ્યાં કે] નારદજી તો વિષ્ણુભક્ત અને જ્ઞાની છે. ॥ ૩॥

કારન કવન શ્રાપ મુનિ દીન્હા। કા અપરાધ રમાપતિ કીન્હા ॥
યહ પ્રસંગ મોહિ કહહુ પુરારી। મુનિ મન મોહ આચરજ ભારી ॥ ૪॥

મુનિએ ભગવાનને શાપ કયા કારણથી આપ્યો? લક્ષ્મીપતિ ભગવાને એમનો કયો અપરાધ કર્યો હતો? હે પુરારિ (શંકરજી)! તે કથા મને કહો. મુનિ નારદના મનમાં મોહ થવો ઘણા આશ્ચર્યની વાત છે. ॥ ૪॥

દો૦– બોલે બિહસિ મહેસ તબ ગ્યાની મૂઢ઼ ન કોઈ ।
જેહિ જસ રઘુપતિ કરહિં જબ સો તસ તેહિ છન હોઈ ॥ ૧૨૪ (ક)॥

ત્યારે મહાદેવજીએ હસીને કહ્યું – ન કોઈ જ્ઞાની છે, ન મૂર્ખ. શ્રીરઘુનાથજી જ્યારે જેને જેવો કરે છે, તે જ ક્ષણે તે તેવો જ થઈ જાય છે. ॥ ૧૨૪ (ક)॥

સો૦– કહઉઁ રામ ગુન ગાથ ભરદ્વાજ સાદર સુનહુ ।
ભવ ભંજન રઘુનાથ ભજુ તુલસી તજિ માન મદ ॥ ૧૨૪ (ખ)॥

[યાજ્ઞવલ્ક્યજી કહે છે –] હે ભરદ્વાજ! હું શ્રીરામચન્દ્રજીના ગુણોની કથા કહું છું. તમે આદરથી સાંભળો. તુલસીદાસજી કહે છે – માન અને મદને છોડીને આવાગમનનો (ભવફેરાનો) નાશ કરનારા રઘુનાથજીને ભજો. ॥ ૧૨૪ (ખ)॥

ચૌ૦– હિમગિરિ ગુહા એક અતિ પાવનિ । બહ સમીપ સુરસરી સુહાવનિ ॥
આશ્રમ પરમ પુનીત સુહાવા । દેખિ દેવરિષિ મન અતિ ભાવા ॥ ૧ ॥

હિમાલય પર્વતમાં એક મોટી પવિત્ર ગુફા હતી. તેના સમીપે જ સુંદર ગંગાજી વહેતી હતી. તે પરમ પવિત્ર સુંદર આશ્રમ જોવામાં નારદજીના મનને ઘણો જ રમણીય લાગ્યો. ॥ ૧ ॥

નિરખિ સૈલ સરિ બિપિન બિભાગા । ભયઉ રમાપતિ પદ અનુરાગા ॥
સુમિરત હરિહિ શ્રાપ ગતિ બાધી । સહજ બિમલ મન લાગિ સમાધી ॥ ૨ ॥

પર્વત, નદી અને વનના [સુંદર] વિભાગોને જોઈને નારદજીને લક્ષ્મીકાન્ત ભગવાનના ચરણોમાં સ્નેહ થઈ ગયો. ભગવાનનું સ્મરણ કરતાં જ તેઓ(નારદ મુનિ)ના શાપ(જે શાપ તેમને દક્ષ પ્રજાપતિએ આપ્યો હતો અને જેના કારણે તેઓ એક સ્થળે રોકાઈ શકતા ન હતા)ની ગતિ રોકાઈ ગઈ અને સ્વાભાવિક રૂપે જ મન નિર્મળ હોવાથી તેમને સમાધિ લાગી ગઈ. ॥ ૨ ॥

મુનિ ગતિ દેખિ સુરેસ ડેરાના । કામહિ બોલિ કીન્હ સનમાના ॥
સહિત સહાય જાહુ મમ હેતૂ । ચલેઉ હરષિ હિયઁ જલચરકેતૂ ॥ ૩ ॥

નારદ મુનિની [આ તપોમયી] સ્થિતિ જોઈને દેવરાજ ઇન્દ્ર ડરી ગયો. તેણે કામદેવને બોલાવીને તેનો આદર-સત્કાર કર્યો [અને કહ્યું કે] મારા [હિત] માટે તમે પોતાના સહાયકોસહિત [નારદની સમાધિ ભંગ કરવા માટે] જાઓ. [આ સાંભળીને] મીનધ્વજ કામદેવ મનમાં હર્ષ પામીને ચાલ્યો. ॥ ૩ ॥

સુનાસીર મન મહુઁ અસિ ત્રાસા । ચહત દેવરિષિ મમ પુર બાસા ॥
જે કામી લોલુપ જગ માહીં । કુટિલ કાક ઇવ સબહિ ડેરાહીં ॥ ૪ ॥

ઇન્દ્રના મનમાં એવો ભય ઉત્પન્ન થયો હતો કે દેવર્ષિ નારદ મારી પુરી(અમરાવતી)નું નિવાસ (રાજ્ય) ઇચ્છે છે. જગતમાં જે કામી અને લોભી હોય છે, તે કુટિલ કાગડાની જેમ બધાથી બીવે છે. ॥ ૪ ॥

દો૦– સૂખ હાડ઼ લૈ ભાગ સઠ સ્વાન નિરખિ મૃગરાજ।
છીનિ લેઇ જનિ જાન જડ઼ તિમિ સુરપતિહિ ન લાજ ॥૧૨૫॥

જેમ મૂર્ખ કૂતરો સિંહને જોઈને સૂકું હાડકું લઈને નાસે અને તે મૂર્ખ એમ સમજે કે ક્યાંક તે હાડકાને સિંહ ઝૂંટવી ન લે, તેવી જ રીતે ઇન્દ્રને [નારદજી મારું રાજ્ય ઝૂંટવી લેશે, એમ વિચારતાં] લાજ ન આવી. ॥૧૨૫॥

ચૌ૦– તેહિ આશ્રમહિં મદન જબ ગયઊ। નિજ માયાઁ બસંત નિરમયઊ॥
કુસુમિત બિબિધ બિટપ બહુરંગા। કૂજહિં કોકિલ ગુંજહિં ભૃંગા॥૧॥

જ્યારે કામદેવ તે આશ્રમમાં ગયો, ત્યારે તેણે પોતાની માયાથી ત્યાં વસંતઋતુને ઉત્પન્ન કરી. જાતજાતનાં વૃક્ષો પર રંગબેરંગી ફૂલ ખીલી ગયાં, તેમના પર કોયલો ટહુકવા લાગી અને ભમરા ગુંજન કરવા લાગ્યા. ॥૧॥

ચલી સુહાવનિ ત્રિબિધ બયારી। કામ કૃસાનુ બઢ઼ાવનિહારી॥
રંભાદિક સુર નારિ નબીના। સકલ અસમસર કલા પ્રબીના॥૨॥

કામાગ્નિને ભડકાવનાર ત્રણ પ્રકારનો (શીતળ, મંદ અને સુગંધી) રમણીય વાયુ વાવા લાગ્યો. રંભા આદિ નવયૌવના બધીય દેવાંગનાઓ જે સર્વે કામકળાઓમાં પ્રવીણ હતી, ॥૨॥

કરહિં ગાન બહુ તાન તરંગા। બહુબિધિ ક્રીડ઼હિં પાનિ પતંગા॥
દેખિ સહાય મદન હરષાના। કીન્હેસિ પુનિ પ્રપંચ બિધિ નાના॥૩॥

તેઓ અનેક પ્રકારે તાનોના તરંગો સાથે ગાવા લાગી અને હાથમાં દડા લઈ અનેક પ્રકારની રમતો રમવા લાગી. કામદેવ પોતાના આ સહાયકોને જોઈને ઘણો પ્રસન્ન થયો અને પછી તેણે અનેક પ્રકારના માયાજાળ કર્યા. ॥૩॥

કામ કલા કછુ મુનિહિ ન બ્યાપી। નિજ ભયઁ ડરેઉ મનોભવ પાપી॥
સીમ કિ ચાઁપિ સકઇ કોઉ તાસૂ। બડ઼ રખવાર રમાપતિ જાસૂ॥૪॥

પરંતુ કામદેવની કોઈ પણ કળા નારદમુનિ પર અસર ન કરી શકી. ત્યારે તે પાપી કામદેવ પોતાના જ [નાશના] ભયથી ડરી ગયો. લક્ષ્મીપતિ ભગવાન જેના મોટા રક્ષક હોય, ભલા! એની સીમા-(મર્યાદા)ને કોણ દબાવી શકે છે? ॥૪॥

દો૦– સહિત સહાય સભીત અતિ માનિ હારિ મન મૈન।
ગહેસિ જાઇ મુનિ ચરન તબ કહિ સુઠિ આરત બૈન॥૧૨૬॥

ત્યારે પોતાના સહાયકોસહિત કામદેવે ઘણા ડરીને અને પોતાના મનમાં હાર સ્વીકારીને ઘણા જ આર્ત (દીન) વચન કહેતાં મુનિના ચરણોને પકડી લીધા. ॥૧૨૬॥

ચૌ૦– ભયઉ ન નારદ મન કછુ રોષા। કહિ પ્રિય બચન કામ પરિતોષા॥
નાઇ ચરન સિરુ આયસુ પાઈ। ગયઉ મદન તબ સહિત સહાઈ॥૧॥

નારદજીના મનમાં સહેજ પણ ક્રોધ ન આવ્યો. તેમણે પ્રિય વચન કહીને કામદેવને સંતુષ્ટ કર્યા. ત્યારે મુનિનાં ચરણોમાં શીશ નમાવીને અને એમની આજ્ઞા મેળવી કામદેવ પોતાના સહાયકો-સહિત પાછો ફર્યો. ॥ ૧॥

મુનિ સુસીલતા આપનિ કરની । સુરપતિ સભાઁ જાઇ સબ બરની ॥
સુનિ સબ કેં મન અચરજુ આવા । મુનિહિ પ્રસંસિ હરિહિ સિરુ નાવા ॥ ૨॥

દેવરાજ ઇન્દ્રની સભામાં જઈને તેણે મુનિની સુશીલતા અને પોતાના કરતૂત સર્વે કહ્યાં, જે સાંભળીને સર્વેના મનમાં આશ્ચર્ય થયું અને તેઓએ મુનિની પ્રશંસા કરીને શ્રીહરિને શીશ નમાવ્યું. ॥ ૨॥

તબ નારદ ગવને સિવ પાહીં । જિતા કામ અહમિતિ મન માહીં ॥
માર ચરિત સંકરહિ સુનાએ । અતિપ્રિય જાનિ મહેસ સિખાએ ॥ ૩॥

પછી નારદજી શિવજીની પાસે ગયા. તેમના મનમાં એ વાતનો અહંકાર થયો કે મેં કામદેવને જીતી લીધો. તેમણે કામદેવનાં ચરિત્ર શિવજીને સંભળાવ્યાં અને મહાદેવજીએ નારદજીને અત્યંત પ્રિય જાણીને [આ પ્રમાણે] શિખામણ આપી – ॥ ૩॥

બાર બાર બિનવઉँ મુનિ તોહી । જિમિ યહ કથા સુનાયહુ મોહી ॥
તિમિ જનિ હરિહિ સુનાવહુ કબહૂँ । ચલેહુँ પ્રસંગ દુરાએહુ તબહૂँ ॥ ૪॥

હે મુનિ! હું તમને વારંવાર વિનંતી કરું છું કે જે રીતે આ કથા તમે મને સંભળાવી છે તે પ્રમાણે ભગવાન શ્રીહરિને કદીય સંભળાવશો નહિ. ચર્ચા પણ થાય, તોય એને છુપાવી રાખજો. ॥ ૪॥

દો૦ – સંભુ દીન્હ ઉપદેસ હિત નહિં નારદહિ સોહાન ।
ભરદ્વાજ કૌતુક સુનહુ હરિ ઇચ્છા બલવાન ॥ ૧૨૭॥

જોકે શિવજીએ આ હિતની શિખામણ આપી પણ નારદજીને તે ઠીક ન લાગી. હે ભરદ્વાજ! હરિની ઇચ્છા બળવાન છે. એનું કૌતુક સાંભળો. ॥ ૧૨૭॥

ચૌ૦ – રામ કીન્હ ચાહહિં સોઇ હોઈ । કરૈ અન્યથા અસ નહિં કોઈ ॥
સંભુ બચન મુનિ મન નહિં ભાએ । તબ બિરંચિ કે લોક સિધાએ ॥ ૧॥

શ્રીરામચન્દ્રજી જે કરવા ઇચ્છે છે, તે જ થાય છે, એવો કોઈ નથી જે તેમના વિરુદ્ધ કરી શકે. શ્રીશિવજીનાં વચન નારદજીના મનને ઠીક ન લાગ્યાં, ત્યારે તેઓ ત્યાંથી બ્રહ્મલોક જવા ઊપડ્યા. ॥ ૧॥

એક બાર કરતલ બર બીના । ગાવત હરિ ગુન ગાન પ્રબીના ॥
છીરસિંધુ ગવને મુનિનાથા । જહँ બસ શ્રીનિવાસ શ્રુતિમાથા ॥ ૨॥

એક વખત ગાનવિદ્યામાં નિપુણ મુનિનાથ નારદજી હાથમાં સુંદર વીણા લઈ, હરિગુણ ગાતાં ગાતાં ક્ષીરસાગરે ગયા, જ્યાં વેદોના મસ્તક-સ્વરૂપ (મૂર્તિમાન વેદાંતતત્ત્વ) લક્ષ્મીનિવાસ ભગવાન નારાયણ રહે છે. ॥ ૨॥

હરષિ મિલે ઉઠિ રમાનિકેતા । બૈઠે આસન રિષિહિ સમેતા ॥
બોલે બિહસિ ચરાચર રાયા । બહુતે દિનન કીન્હિ મુનિ દાયા ॥ ૩॥

રમાનિવાસ ભગવાન ઊઠીને ઘણા આનંદથી તેમને મળ્યા અને ઋષિ(નારદજી)ના સાથે આસન પર બેસી ગયા. ચરાચરના સ્વામી ભગવાન હસીને બોલ્યા – હે મુનિ! આજે આપે ઘણા દિવસે દયા કરી. ॥ ૩॥

કામ ચરિત નારદ સબ ભાષે । જદ્યપિ પ્રથમ બરજિ સિવઁ રાખે ॥
અતિ પ્રચંડ રઘુપતિ કૈ માયા । જેહિ ન મોહ અસ કો જગ જાયા ॥ ૪॥

જોકે શ્રીશિવજીએ તેમને અગાઉથી જ ના પાડી હતી છતાંય, નારદજીએ કામદેવનું આખું ચરિત્ર ભગવાનને કહી સંભળાવ્યું. શ્રીરઘુનાથજીની માયા ઘણી જ પ્રબળ છે. જગતમાં એવું કોણ જન્મ્યું છે જેને તે મોહિત ન કરી દે. ॥ ૪॥

દો૦ – રૂખ બદન કરિ બચન મૃદુ બોલે શ્રીભગવાન ।
તુમ્હરે સુમિરન તેં મિટહિં મોહ માર મદ માન ॥ ૧૨૮॥

ભગવાન રૂક્ષ મોં કરીને [ઉદાસીનતાથી] કોમળ વચન બોલ્યા – હે મુનિરાજ! આપનું સ્મરણ કરવાથી બીજાના મોહ, કામ, મદ અને અભિમાન મટી જાય છે [તો પછી આપના માટે તો કહેવું જ શું?]. ॥ ૧૨૮॥

ચૌ૦ – સુનુ મુનિ મોહ હોઈ મન તાકેં । ગ્યાન બિરાગ હૃદય નહિં જાકેં ॥
બ્રહ્મચરજ બ્રત રત મતિધીરા । તુમ્હહિ કિ કરઇ મનોભવ પીરા ॥ ૧॥

હે મુનિ! સાંભળો, મોહ તો એના મનમાં હોય છે જેના હૃદયમાં જ્ઞાન-વૈરાગ્ય નથી. આપ તો બ્રહ્મચર્યવ્રતમાં તત્પર અને ઘણા ધીરબુદ્ધિ છો. ભલા! શું આપને પણ કામદેવ સતાવી શકે છે? ॥ ૧॥

નારદ કહેઉ સહિત અભિમાના । કૃપા તુમ્હારિ સકલ ભગવાના ॥
કરુનાનિધિ મન દીખ બિચારી । ઉર અંકુરેઉ ગરબ તરુ ભારી ॥ ૨॥

નારદજીએ અભિમાન સાથે કહ્યું – હે ભગવાન! આ બધી આપની કૃપા છે. કરુણાનિધાન ભગવાને મનમાં વિચારી જોયું કે આમના મનમાં ગર્વના ભારે વૃક્ષનું અંકુર ઉત્પન્ન થઈ ગયું છે. ॥ ૨॥

બેગિ સો મૈં ડારિહઉઁ ઉખારી । પન હમાર સેવક હિતકારી ॥
મુનિ કર હિત મમ કૌતુક હોઈ । અવસિ ઉપાય કરબિ મૈં સોઈ ॥ ૩॥

હું એને તુરત જ ઉખાડી નાખીશ, કેમકે સેવકોનું હિત કરવું એ અમારું પ્રણ છે. હું અવશ્ય તે ઉપાય કરીશ, જેનાથી મુનિનું કલ્યાણ અને મારો ખેલ થાય. ॥ ૩॥

તબ નારદ હરિ પદ સિર નાઈ । ચલે હૃદયઁ અહમિતિ અધિકાઈ ॥
શ્રીપતિ નિજ માયા તબ પ્રેરી । સુનહુ કઠિન કરની તેહિ કેરી ॥ ૪॥

ત્યાર પછી નારદજી ભગવાનના ચરણોમાં માથું નમાવી ચાલ્યા. તેમના હૃદયમાં અભિમાન વધુ વધી ગયું. ત્યારે લક્ષ્મીપતિ ભગવાને પોતાની માયાને પ્રેરિત કરી. હવે તેની કઠણ કરણી સાંભળો. ॥ ૪॥

દો૦ – બિરચેઉ મગ મહુઁ નગર તેહિં સત જોજન બિસ્તાર ।
શ્રીનિવાસપુર તેં અધિક રચના બિબિધ પ્રકાર ॥ ૧૨૯॥

તેણે (હરિમાયાએ) માર્ગમાં સો યોજન(ચારસો ગાઉ)નું એક નગર રચ્યું. તે નગરની જાતજાતની રચનાઓ લક્ષ્મીનિવાસ ભગવાન વિષ્ણુના નગર(વૈકુંઠ)થી પણ અધિક સુંદર હતી. ॥ ૧૨૯॥

ચૌ૦ – બસહિં નગર સુંદર નર નારી । જનુ બહુ મનસિજ રતિ તનુધારી ॥
તેહિં પુર બસઇ સીલનિધિ રાજા । અગનિત હય ગય સેન સમાજા ॥ ૧॥

તે નગરમાં એવાં સુંદર નર-નારી વસતાં હતાં જાણે ઘણા બધા કામદેવ અને [તેની સ્ત્રી] રતિએ જ મનુષ્યદેહ ધારણ કર્યો હોય. તે નગરમાં શીલનિધિ નામે રાજા રહેતો હતો, જેને ત્યાં અસંખ્ય ઘોડા, હાથી અને સેનાના સમૂહ હતા. ॥ ૧॥

સત સુરેસ સમ બિભવ બિલાસા । રૂપ તેજ બલ નીતિ નિવાસા ॥
બિસ્વમોહની તાસુ કુમારી । શ્રી બિમોહ જિસુ રૂપુ નિહારી ॥ ૨॥

તેનો વૈભવ અને વિલાસ સો ઈન્દ્રો સમાન હતો. તે રૂપ, તેજ, બળ ને નીતિનો ધામ હતો. તેને વિશ્વમોહિની નામે એક [એવી રૂપમતી] કન્યા હતી, જેના રૂપને જોઈને લક્ષ્મીજી પણ મોહિત થઈ જાય. ॥ ૨॥

સોઈ હરિમાયા સબ ગુન ખાની । સોભા તાસુ કિ જાઈ બખાની ॥
કરઈ સ્વયંબર સો નૃપબાલા । આએ તહઁ અગનિત મહિપાલા ॥ ૩॥

આ બધા ગુણોની ખાણ ભગવાનની માયા જ હતી. તેની શોભાનું વર્ણન કેવી રીતે કરી શકાય? તે રાજકુમારી સ્વયંવર કરી રહી હતી, તેથી ત્યાં અગણિત રાજા આવેલા હતા. ॥ ૩॥

મુનિ કૌતુકી નગર તેહિં ગયઊ । પુરબાસિન્હ સબ પૂછત ભયઊ ॥
સુનિ સબ ચરિત ભૂપગૃહઁ આએ । કરિ પૂજા નૃપ મુનિ બૈઠાએ ॥ ૪॥

કૌતુકી મુનિ નારદજી તે નગરમાં ગયા અને તેમણે નગરવાસીઓને સર્વે હાલ પૂછ્યો. બધા સમાચાર સાંભળીને તેઓ રાજાના મહેલમાં આવ્યા. રાજાએ પૂજા કરીને મુનિને [આસન ઉપર] બેસાડ્યા. ॥ ૪॥

દો૦ – આનિ દેખાઈ નારદહિ ભૂપતિ રાજકુમારિ ॥
કહહુ નાથ ગુન દોષ સબ એહિ કે હૃદયઁ બિચારિ ॥ ૧૩૦॥

[પછી] રાજાએ રાજકુમારીને લાવી નારદજીને દેખાડી [અને પૂછ્યું કે –] હે નાથ! આપ આપના અંતરમાં વિચારી આના સર્વે ગુણ-દોષ કહો. ॥ ૧૩૦॥

ચૌ૦ – દેખિ રૂપ મુનિ બિરતિ બિસારી । બડ઼ી બાર લગિ રહે નિહારી ॥
લચ્છન તાસુ બિલોકિ ભુલાને । હૃદયઁ હરષ નહિં પ્રગટ બખાને ॥ ૧॥

એના રૂપને જોઈ મુનિ વૈરાગ્ય ભૂલી ગયા અને ઘણીવાર સુધી તેની તરફ જોતા જ રહ્યા. તેનાં લક્ષણો જોઈને મુનિ સ્વયં પોતાને પણ ભૂલી ગયા અને હૃદયમાં હર્ષિત થયા, પણ પ્રકટરૂપે તે લક્ષણોને ન કહ્યાં. ॥ ૧॥

જો એહિ બરઈ અમર સોઈ હોઈ । સમરભૂમિ તેહિ જીત ન કોઈ ॥
સેવહિં સકલ ચરાચર તાહી । બરઈ સીલનિધિ કન્યા જાહી ॥ ૨॥

[લક્ષણોને વિચારી તે મનોમન કહેવા લાગ્યા કે] જે આને વરશે, તે અમર થઈ જશે અને રણભૂમિમાં કોઈ તેને જીતી નહિ શકે. આ શીલનિધિની કન્યા જેને વરશે, સર્વે ચર-અચર જીવો તેની સેવા કરશે. ॥ ૨॥

લચ્છન સબ બિચારિ ઉર રાખે । કછુક બનાઈ ભૂપ સન ભાષે ॥
સુતા સુલચ્છન કહિ નૃપ પાહીં । નારદ ચલે સોચ મન માહીં ॥ ૩॥

બધાં લક્ષણોનો વિચાર કરી મુનિએ પોતાના હૃદયમાં છુપાવી રાખ્યાં અને રાજાને પોતાના તરફથી બનાવી કહી દીધાં. રાજાને કન્યાનાં સુલક્ષણો કહી નારદજી ચાલી નીકળ્યા. પરંતુ તેમના મનમાં આ એક ચિંતા હતી કે – ॥ ૩॥

કરૌં જાઈ સોઈ જતન બિચારી । જેહિ પ્રકાર મોહિ બરૈ કુમારી ॥
જપ તપ કછુ ન હોઈ તેહિ કાલા । હે બિધિ મિલઈ કવન બિધિ બાલા ॥ ૪॥

હું જઈને વિચારીને હવે એવો ઉપાય કરું, જેથી આ કન્યા મને જ વરે. આ સમયે જપ-તપથી કંઈ થઈ શકશે નહીં. હે વિધાતા! મને આ કન્યા કેવી રીતે મળશે? ॥ ૪॥

દો૦– એહિ અવસર ચાહિઅ પરમ સોભા રૂપ બિસાલ ।
જો બિલોકિ રીઝૈ કુઅँરિ તબ મેલૈ જયમાલ ॥ ૧૩૧॥

આવા સમયે તો પરમ શોભા અને વિશાળ (સુંદર) રૂપ જોઈએ, જેને જોઈ રાજકુમારી મારા પર રીઝી જાય અને જયમાળા [મારા ગળામાં] પહેરાવે. ॥ ૧૩૧॥

ચૌ૦– હરિ સન માગૌં સુંદરતાઈ । હોઇહિ જાત ગહરુ અતિ ભાઈ ॥
મોરેં હિત હરિ સમ નહિં કોઊ । એહિ અવસર સહાય સોઈ હોઊ ॥ ૧॥

[એક કામ કરું કે] ભગવાન પાસેથી સુંદરતા માગું; પણ ભાઈ! એમની પાસે જવામાં તો ઘણું મોડું થઈ જાય. પરંતુ શ્રીહરિના જેવું મારું હિત ચાહનારું કોઈ નથી, તેથી આ સમયે તે જ મારા સહાયક થાઓ. ॥ ૧॥

બહુબિધિ બિનય કીન્હિ તેહિ કાલા । પ્રગટેઉ પ્રભુ કૌતુકી કૃપાલા ॥
પ્રભુ બિલોકિ મુનિ નયન જુડ઼ાને । હોઇહિ કાજુ હિએँ હરષાને ॥ ૨॥

તે વખતે નારદજીએ ભગવાનને ઘણી રીતે વિનંતી કરી. ત્યારે લીલામય કૃપાળુ પ્રભુ [ત્યાં જ] પ્રકટ થઈ ગયા. સ્વામીને જોઈને નારદજીનાં નેત્ર શીતળ થઈ ગયાં અને તેઓ મનમાં ઘણા જ પ્રસન્ન થયા કે હવે તે કામ બની જ જશે. ॥ ૨॥

અતિ આરતિ કહિ કથા સુનાઈ । કરહુ કૃપા કરિ હોહુ સહાઈ ॥
આપન રૂપ દેહુ પ્રભુ મોહી । આન ભાँતિ નહિં પાવૌં ઓહી ॥ ૩॥

નારદજીએ બહુ જ આર્ત (દીન) થઈને આખી કથા કહી સંભળાવી. [અને પ્રાર્થના કરી કે] કૃપા કરો અને મારા સહાયક બનો. હે પ્રભો! આપ આપનું રૂપ મને આપો. બીજી કોઈ રીતે હું તે(રાજકન્યા)ને નહીં મેળવી શકું. ॥ ૩॥

જેહિ બિધિ નાથ હોઈ હિત મોરા। કરહુ સો બેગિ દાસ મૈં તોરા॥
નિજ માયા બલ દેખિ બિસાલા। હિયઁ હઁસિ બોલે દીનદયાલા॥ ૪॥

હે નાથ! જે રીતે મારું હિત થાય, આપ તે શીઘ્ર કરો. હું આપનો દાસ છું. પોતાની માયાનું વિશાળ બળ જોઈ દીનદયાળુ ભગવાન મનમાં ને મનમાં હસીને બોલ્યા – ॥ ૪॥

દો૦– જેહિ બિધિ હોઈહિ પરમ હિત નારદ સુનહુ તુમ્હાર।
સોઈ હમ કરબ ન આન કછુ બચન ન મૃષા હમાર॥ ૧૩૨॥

હે નારદજી! સાંભળો, જે રીતે તમારું પરમ હિત થશે, અમે તે જ કરીશું, અન્ય કશું નહીં. અમારું વચન અસત્ય નથી હોતું. ॥ ૧૩૨॥

ચૌ૦– કુપથ માગ રુજ બ્યાકુલ રોગી। બૈદ ન દેઇ સુનહુ મુનિ જોગી॥
એહિ બિધિ હિત તુમ્હાર મૈં ઠયઊ। કહિ અસ અંતરહિત પ્રભુ ભયઊ॥ ૧॥

હે યોગી મુનિ! સાંભળો, રોગથી વ્યાકુળ રોગી કુપથ્ય માગે તો વૈદ્ય એને આપતો નથી. તે રીતે મેં પણ તમારું હિત કરવાનું નક્કી કરી લીધું છે. એમ કહીને ભગવાન અંતર્ધાન થઈ ગયા. ॥ ૧॥

માયા બિબસ ભએ મુનિ મૂઢ઼ા। સમુઝી નહિં હરિ ગિરા નિગૂઢ઼ા॥
ગવને તુરત તહાઁ રિષિરાઈ। જહાઁ સ્વયંબર ભૂમિ બનાઈ॥ ૨॥

[ભગવાનની] માયાને વશીભૂત થયેલા મુનિ એવા મૂઢ થઈ ગયા હતા કે તે ભગવાનની અગૂઢ (સ્પષ્ટ) વાણીને પણ ન સમજી શક્યા. ઋષિરાજ નારદજી તરત જ જ્યાં સ્વયંવરની ભૂમિ બનાવવામાં આવી હતી ત્યાં પહોંચ્યા. ॥ ૨॥

નિજ નિજ આસન બૈઠે રાજા। બહુ બનાવ કરિ સહિત સમાજા॥
મુનિ મન હરષ રૂપ અતિ મોરેં। મોહિ તજિ આનહિ બરિહિ ન ભોરેં॥ ૩॥

રાજાઓ ખૂબ બની-ઠનીને સમાજસહિત પોતપોતાના આસનો પર બેઠા હતા. મુનિ (નારદ) મનમાં ને મનમાં પ્રસન્ન થઈ રહ્યા હતા કે મારું રૂપ ઘણું સુંદર છે, મને છોડી કન્યા ભૂલથી પણ બીજાને નહીં વરે. ॥ ૩॥

મુનિ હિત કારન કૃપાનિધાના। દીન્હ કુરૂપ ન જાઇ બખાના॥
સો ચરિત્ર લખિ કાહુઁ ન પાવા। નારદ જાનિ સબહિં સિર નાવા॥ ૪॥

કૃપાનિધાન ભગવાને મુનિના કલ્યાણને માટે તેમને એવા કુરૂપ બનાવી દીધા કે જેનું વર્ણન થઈ શકતું નથી, પણ આ ચરિત્ર કોઈ પણ ન જાણી શક્યું. બધાએ એમને નારદ જ જાણીને પ્રણામ કર્યા. ॥ ૪॥

દો૦ – રહે તહાઁ દુઇ રુદ્ર ગન તે જાનહિં સબ ભેઉ ।
બિપ્રબેષ દેખત ફિરહિં પરમ કૌતુકી તેઉ ॥ ૧૩૩॥

ત્યાં શિવજીના ગણ પણ હતા. તેઓ બધો ભેદ જાણતા હતા અને બ્રાહ્મણનો વેષ બનાવી બધી લીલા નિહાળતા-ફરતા હતા. તેઓ પણ ઘણા આનંદી હતા.॥ ૧૩૩॥

ચૌ૦ – જેહિં સમાજ બૈઠે મુનિ જાઈ । હૃદયઁ રૂપ અહમિતિ અધિકાઈ ॥
તહઁ બૈઠે મહેસ ગન દોઊ । બિપ્રબેષ ગતિ લખઇ ન કોઊ ॥ ૧॥

નારદજી પોતાના હૃદયમાં રૂપનું મોટું અભિમાન લઈને જે સમાજ(પંક્તિ)માં જઈને બેઠા હતા, શિવજીના આ બંને ગણો પણ ત્યાં બેસી ગયા. બ્રાહ્મણના વેષમાં હોવાના લીધે તેમની આ ચાલને કોઈ ન જાણી શક્યું ॥ ૧॥

કરહિં કૂટિ નારદહિ સુનાઈ । નીકિ દીન્હિ હરિ સુંદરતાઈ ॥
રીઝિહિ રાજકુઅઁરિ છબિ દેખી । ઈન્હહિ બરિહિ હરિ જાનિ બિસેષી ॥ ૨॥

તેઓ નારદજીને સંભળાવી - સંભળાવીને વ્યંગ્ય વચન કહેતા હતા - ભગવાને આમને શ્રેષ્ઠ સુંદરતા આપી છે. તેમની શોભા જોઈને રાજકુમારી રીઝી જ જશે અને 'હરિ' (વાનર) જાણીને એમને વિશિષ્ટપણે વરશે. ॥ ૨॥

મુનિહિ મોહ મન હાથ પરાએઁ । હઁસહિં સંભુ ગન અતિ સચુ પાએઁ ॥
જદપિ સુનહિં મુનિ અટપટિ બાની । સમુઝિ ન પરઇ બુદ્ધિ ભ્રમ સાની ॥ ૩॥

નારદ મુનિને મોહ થઈ રહ્યો હતો, કેમકે એમનું મન અન્યના હાથ(માયાને વશ)માં હતું. શિવજીના ગણો ઘણા પ્રસન્ન થઈ હસી રહ્યા હતા. મુનિ જોકે તેમની અટપટી વાતો સાંભળી રહ્યા હતા, પરંતુ બુદ્ધિ ભ્રમમાં તરબોળ થયેલી હોવાને લીધે તે વાતો એમની સમજણમાં આવતી ન હતી. (તેમની વાતોને તેઓ પોતાની પ્રશંસા સમજી રહ્યા હતા). ॥ ૩॥

કાહુઁ ન લખા સો ચરિત બિસેષા । સો સરૂપ નૃપકન્યાઁ દેખા ॥
મર્કટ બદન ભયંકર દેહી । દેખત હૃદયઁ ક્રોધ ભા તેહી ॥ ૪॥

આ વિશેષ ચરિત્રને અન્ય કોઈએ ન જાણ્યું, કેવળ રાજકન્યાએ [નારદજીનું] તે રૂપ જોયું. તેમનું વાંદરા જેવું મોં અને ભયંકર શરીર જોતાં જ કન્યાના હૃદયમાં ક્રોધ ઉત્પન્ન થઈ ગયો. ॥ ૪॥

દો૦ – સખીં સંગ લૈ કુઅઁરિ તબ ચલિ જનુ રાજમરાલ ।
દેખત ફિરઇ મહીપ સબ કર સરોજ જયમાલ ॥ ૧૩૪॥

પછી રાજકુમારી સખીઓને સાથે લઈને એ રીતે ચાલી કે જાણે રાજહંસીની ચાલી રહી હોય. તે પોતાના કમળ જેવા હાથોમાં જયમાળા લઈને બધા રાજાઓને નિહાળતી ફરવા લાગી. ॥ ૧૩૪॥

ચૌ૦ – જેહિ દિસિ બૈઠે નારદ ફૂલી । સો દિસિ તેહિં ન બિલોકી ભૂલી ॥
પુનિ પુનિ મુનિ ઉકસહિં અકુલાહીં । દેખિ દસા હર ગન મુસુકાહીં ॥ ૧॥

જે બાજુ નારદજી [રૂપના ગર્વમાં] ફુલાઈને બેઠા હતા, તે બાજુ એણે ભૂલથી પણ ન જોયું. નારદ મુનિ વારંવાર ઉશ્કેરાય છે અને બેચેન બને છે. તેમની દશા જોઈને શિવજીના ગણ મલકાય છે. ॥ ૧॥

ધરિ નૃપતનુ તહઁ ગયઉ કૃપાલા । કુઅઁરિ હરષિ મેલેઉ જયમાલા ॥
દુલહિનિ લૈ ગૈ લચ્છિનિવાસા । નૃપસમાજ સબ ભયઉ નિરાસા ॥ ૨॥

કૃપાળુ ભગવાન પણ રાજાનું શરીર ધારણ કરીને ત્યાં જઈ પહોંચ્યા. રાજકુમારીએ હર્ષિત થઈને એમના ગળામાં જયમાળા પહેરાવી દીધી. લક્ષ્મીનિવાસ ભગવાન દુલ્હન (રાજકુમારી)ને લઈ ગયા. બધી રાજમંડળી નિરાશ થઈ ગઈ. ॥ ૨॥

મુનિ અતિ બિકલ મોહઁ મતિ નાઠી । મનિ ગિરિ ગઈ છૂટિ જનુ ગાઁઠી ॥
તબ હર ગન બોલે મુસુકાઈ । નિજ મુખ મુકુર બિલોકહુ જાઈ ॥ ૩॥

મોહના લીધે મુનિની બુદ્ધિ નાશ પામી હતી, તેથી તેઓ [રાજકુમારીને ગયેલી જાણી] ઘણા જ વ્યાકુળ થઈ ગયા, જાણે કે ગાંઠમાંથી છૂટીને મણિ ક્યાંક પડી ગયો હોય. ત્યારે શિવજીના ગણોએ હસીને કહ્યું – જઈને દર્પણમાં પોતાનું મોઢું તો જુઓ! ॥ ૩॥

અસ કહિ દોઉ ભાગે ભયઁ ભારી । બદન દીખ મુનિ બારિ નિહારી ॥
બેષુ બિલોકિ ક્રોધ અતિ બાઢ઼ા । તિન્હહિ સરાપ દીન્હ અતિ ગાઢ઼ા ॥ ૪॥

આમ કહીને તે બંને અત્યંત ભયભીત થઈને નાઠા, મુનિએ જળમાં નિરખીને પોતાનું મુખ જોયું. પોતાનું રૂપ જોઈને તેમનો ક્રોધ ઘણો વધી ગયો. તેમણે શિવજીના તે ગણોને અત્યંત કઠોર શાપ આપ્યો – ॥ ૪॥

દો૦ – હોહુ નિસાચર જાઇ તુમ્હ કપટી પાપી દોઉ ।
હઁસેહુ હમહિ સો લેહુ ફલ બહુરિ હઁસેહુ મુનિ કોઉ ॥ ૧૩૫॥

તમે બંને કપટી અને પાપી રાક્ષસ બની જાઓ. તમે અમારી મશ્કરી કરી, તેનું ફળ ચાખો. વળી, હવે કોઈ મુનિની મશ્કરી કરી જોજો. ॥ ૧૩૫॥

ચૌ૦ – પુનિ જલ દીખ રૂપ નિજ પાવા । તદપિ હૃદયઁ સંતોષ ન આવા ॥
ફરકત અધર કોપ મન માહીં । સપદિ ચલે કમલાપતિ પાહીં ॥ ૧॥

મુનિએ ફરીથી જળમાં જોયું તો તેમને પોતાનું (અસલ) રૂપ પ્રાપ્ત થઈ ગયું હતું. તો પણ તેમને સંતોષ ન થયો. તેમના હોઠ ફડકી રહ્યા હતા અને મનમાં ક્રોધ [ભરેલો] હતો. તરત જ તેઓ ભગવાન કમળાપતિ પાસે ચાલ્યા. ॥ ૧॥

દેહઉઁ શ્રાપ કિ મરિહઉઁ જાઈ । જગત મોરિ ઉપહાસ કરાઈ ॥
બીચહિં પંથ મિલે દનુજારી । સંગ રમા સોઇ રાજકુમારી ॥ ૨॥

[મનમાં વિચારતા જતા હતા –] જઈને કાં તો શાપ આપીશ કાં તો પ્રાણ આપી દઈશ. તેમણે જગતમાં મારી હાંસી કરાવી! દૈત્યોના શત્રુ ભગવાન હરિ તેમને માર્ગમાં વચ્ચે જ મળી ગયા. સાથે લક્ષ્મીજી અને તે જ રાજકુમારી હતાં. ॥ ૨॥

બોલે મધુર બચન સુરસાઈં। મુનિ કહઁ ચલે બિકલ કી નાઈં॥
સુનત બચન ઉપજા અતિ ક્રોધા। માયા બસ ન રહા મન બોધા॥૩॥

દેવતાઓના સ્વામી ભગવાને મધુર વાણીમાં કહ્યું – હે મુનિ! વ્યાકુળની જેમ ક્યાં ચાલ્યા? આ શબ્દો સાંભળતાં જ નારદને ઘણો ક્રોધ આવ્યો; માયાથી વશીભૂત થયેલા હોવાને લીધે મનમાં ભાન ન રહ્યું. ॥૩॥

પર સંપદા સકહુ નહિં દેખી। તુમ્હરેં ઈરિષા કપટ બિસેષી॥
મથત સિંધુ રુદ્રહિ બૌરાયહુ। સુરન્હ પ્રેરિ બિષ પાન કરાયહુ॥૪॥

[મુનિએ કહ્યું –] તમે અન્યોની સંપદા નથી જોઈ શકતા, તમને ઈર્ષ્યા અને કપટ ઘણું છે. સમુદ્ર મથતી વખતે તમે શિવજીને બાવરા બનાવી દીધા અને દેવતાઓને પ્રેરણા કરી તેમને વિષપાન કરાવડાવ્યું. ॥૪॥

દો૦– અસુર સુરા બિષ સંકરહિ આપુ રમા મનિ ચારુ।
સ્વારથ સાધક કુટિલ તુમ્હ સદા કપટ બ્યવહારુ॥૧૩૬॥

અસુરોને મદિરા અને શિવજીને વિષ આપીને તમે સ્વયં સુંદર લક્ષ્મી અને [કૌસ્તુભ] મણિ લઈ લીધાં. તમે ઘણા દગાબાજ અને સ્વાર્થી છો. સદાય કપટનો વહેવાર કરો છો. ॥૧૩૬॥

ચૌ૦– પરમ સ્વતંત્ર ન સિર પર કોઈ। ભાવઇ મનહિ કરહુ તુમ્હ સોઈ॥
ભલેહિ મંદ મંદેહિ ભલ કરહૂ। બિસમય હરષ ન હિયઁ કછુ ધરહૂ॥૧॥

તમે પરમ સ્વતંત્ર છો, માથે તો કોઈ છે જ નહીં; એથી જ્યારે જે મનને ગમે છે, [સ્વચ્છંદતાથી] તે જ કરો છો. સારાને ખોટું અને ખોટાને સારું કરી નાખો છો. હૃદયમાં હર્ષ-વિષાદ કશું જ નથી લાવતા. ॥૧॥

ડહકિ ડહકિ પરિચેહુ સબ કાહૂ। અતિ અસંક મન સદા ઉછાહૂ॥
કરમ સુભાસુભ તુમ્હહિ ન બાધા। અબ લગિ તુમ્હહિ ન કાહૂઁ સાધા॥૨॥

બધાને છેતરી-છેતરીને પારખી લીધા છે અને અત્યંત નીડર થઈ ગયા છો; એટલે [છેતરવાના કાર્યમાં] મનમાં સદાય ઉત્સાહ રહે છે. શુભ-અશુભ કર્મો તમને વિઘ્ન નથી કરતા. અત્યાર સુધી તમને કોઈએ સીધા દોર કર્યા નથી. ॥૨॥

ભલે ભવન અબ બાયન દીન્હા। પાવહુગે ફલ આપન કીન્હા॥
બંચેહુ મોહિ જવનિ ધરિ દેહા। સોઇ તનુ ધરહુ શ્રાપ મમ એહા॥૩॥

આ વખતે તમે મોટા ઘરે ભેટ મોકલી છે (મારા જેવા જોરાવર માણસને છંછેડ્યો છે) તેથી પોતાની કરણીનું ફળ અવશ્ય પામશો. જે શરીરને ધારણ કરી તમે મને ઠગ્યો છે, તમે પણ એ જ શરીર ધારણ કરો, આ મારો શાપ છે.

કપિ આકૃતિ તુમ્હ કીન્હિ હમારી । કરિહહિં કીસ સહાય તુમ્હારી ॥
મમ અપકાર કીન્હ તુમ્હ ભારી । નારિ બિરહઁ તુમ્હ હોબ દુખારી ॥ ૪॥

તમે અમારું રૂપ વાંદરા જેવું બનાવી દીધું હતું, તેથી વાંદરા જ તમારી સહાય કરશે. [હું જે સ્ત્રીને ઈચ્છતો હતો, તેનાથી મારો વિયોગ કરાવી] તમે મારું મોટું અહિત કર્યું છે, તેથી તમે પણ સ્ત્રીના વિયોગથી દુઃખી થશો. ॥ ૪॥

દો૦– **શ્રાપ સીસ ધરિ હરષિ હિયઁ પ્રભુ બહુ બિનતી કીન્હિ ।**
નિજ માયા કૈ પ્રબલતા કરષિ કૃપાનિધિ લીન્હિ ॥ ૧૩૭॥

શાપને માથા પર ચઢાવી, હૃદયથી પ્રસન્ન થતાં પ્રભુએ નારદજીને ઘણી વિનંતી કરી; અને પછી કૃપાનિધાન ભગવાને પોતાની માયાની પ્રબળતાને ખેંચી લીધી. ॥ ૧૩૭॥

ચૌ૦– **જબ હરિ માયા દૂરિ નિવારી । નહિં તહઁ રમા ન રાજકુમારી ॥**
તબ મુનિ અતિ સભીત હરિ ચરના । ગહે પાહિ પ્રનતારતિ હરના ॥ ૧॥

જ્યારે ભગવાને પોતાની માયાને હટાવી લીધી, ત્યારે ત્યાં ન લક્ષ્મી રહ્યાં કે ન રાજકુમારી. ત્યારે મુનિએ અત્યંત ભયભીત થઈને શ્રીહરિના ચરણ પકડી લીધા અને કહ્યું – હે શરણાગતનાં દુઃખોને હરનારા! મારી રક્ષા કરો. ॥ ૧॥

મૃષા હોઉ મમ શ્રાપ કૃપાલા । મમ ઈચ્છા કહ દીનદયાલા ॥
મૈં દુર્બચન કહે બહુતેરે । કહ મુનિ પાપ મિટિહિં કિમિ મેરે ॥ ૨॥

હે કૃપાળુ! મારો શાપ મિથ્યા થઈ જાય. ત્યારે દીનજનો પર દયા કરનારા ભગવાને કહ્યું કે આ બધું મારી જ ઈચ્છા [થી થયું] છે. મુનિએ કહ્યું – મેં આપને અનેક અયોગ્ય વચનો કહ્યાં છે. મારાં પાપ કેમ મટશે? ॥ ૨॥

જપહુ જાઇ સંકર સત નામા । હોઇહિ હૃદયઁ તુરત બિશ્રામા ॥
કોઉ નહિં સિવ સમાન પ્રિય મોરેં । અસિ પરતીતિ તજહુ જનિ ભોરેં ॥ ૩॥

[ભગવાને કહ્યું –] જઈને શંકર શતનામ (શંકર શતક)નો તમે જપ કરો, તેથી અંતરમાં તુરત જ શાંતિ થશે. શિવજીના સમાન મને કોઈ પ્રિય નથી, આ વિશ્વાસને ભૂલથી પણ છોડશો નહિ. ॥ ૩॥

જેહિ પર કૃપા ન કરહિં પુરારી । સો ન પાવ મુનિ ભગતિ હમારી ॥
અસ ઉર ધરિ મહિ બિચરહુ જાઈ । અબ ન તુમ્હહિ માયા નિઅરાઈ ॥ ૪॥

હે મુનિ! પુરારિ (શિવજી) જેના પર કૃપા નથી કરતા, તે મારી ભક્તિ નથી પામતા. હૃદયમાં આવો નિશ્ચય કરી, જઈને પૃથ્વી પર વિચરો. હવે, મારી માયા તમારા સમીપ આવશે નહીં. ॥ ૪॥

દો૦– **બહુબિધિ મુનિહિ પ્રબોધિ પ્રભુ તબ ભએ અંતરધાન ।**
સત્યલોક નારદ ચલે કરત રામ ગુન ગાન ॥ ૧૩૮॥

અનેક રીતે મુનિને સમજાવી-પટાવી (સાંત્વના આપીને) પ્રભુ અંતર્ધાન થઈ ગયા અને નારદજી શ્રીરામચન્દ્રજીના ગુણોનું ગાન કરતાં સત્યલોક (બ્રહ્મલોક) તરફ ચાલ્યા. ॥ ૧૩૮॥

ચૌ૦ – હર ગન મુનિહિ જાત પથ દેખી। બિગત મોહ મન હરષ બિસેષી ॥
અતિ સભીત નારદ પહિં આએ। ગહિ પદ આરત બચન સુનાએ ॥ ૧॥

શિવજીના ગણોએ જ્યારે મુનિને મોહરહિત અને ઘણા પ્રસન્ન થઈને માર્ગમાં જતા જોયા ત્યારે તેઓ અત્યંત ભયભીત થઈને નારદજી પાસે આવ્યા અને તેમના ચરણો પકડી દીન વચન બોલ્યા – ॥ ૧॥

હર ગન હમ ન બિપ્ર મુનિરાયા। બડ઼ અપરાધ કીન્હ ફલ પાયા ॥
શ્રાપ અનુગ્રહ કરહુ કૃપાલા। બોલે નારદ દીનદયાલા ॥ ૨॥

હે મુનિરાજ! અમે બ્રાહ્મણો નથી, શિવજીના ગણ છીએ. અમે મોટો અપરાધ કર્યો, જેનું ફળ અમને મળી ગયું. હે કૃપાળુ! હવે શાપ દૂર કરવાની કૃપા કરો. દીનો પર દયા કરનારા નારદજીએ કહ્યું – ॥ ૨॥

નિસિચર જાઈ હોહુ તુમ્હ દોઊ। બૈભવ બિપુલ તેજ બલ હોઊ ॥
ભુજબલ બિસ્વ જિતબ તુમ્હ જહિઆ। ધરિહહિં બિષ્નુ મનુજ તનુ તહિઆ ॥ ૩॥

તમે બંને જઈને રાક્ષસ થઈ જાઓ; તમને મહાન ઐશ્વર્ય, તેજ અને બળની પ્રાપ્તિ થાય. તમે પોતાની ભુજાઓના બળથી જ્યારે આખા વિશ્વને જીતી લેશો ત્યારે ભગવાન વિષ્ણુ મનુષ્યનું શરીર ધારણ કરશે. ॥ ૩॥

સમર મરન હરિ હાથ તુમ્હારા। હોઇહહુ મુકુત ન પુનિ સંસારા ॥
ચલે જુગલ મુનિ પદ સિર નાઈ। ભએ નિસાચર કાલહિ પાઈ ॥ ૪॥

યુદ્ધમાં શ્રીહરિના હાથે તમારું મૃત્યુ થશે, જેથી તમે મુક્ત થઈ જશો અને ફરી સંસારમાં જન્મ નહીં થાય. તે બંને મુનિના ચરણોમાં શીશ નમાવી ચાલ્યા અને કાળક્રમે રાક્ષસ બન્યા. ॥ ૪॥

દો૦ – એક કલપ એહિ હેતુ પ્રભુ લીન્હ મનુજ અવતાર।
સુર રંજન સજ્જન સુખદ હરિ ભંજન ભુબિ ભાર ॥ ૧૩૯॥

દેવતાઓને પ્રસન્ન કરનારા, સજ્જનોને સુખ આપનારા અને પૃથ્વીનો ભાર હરણ કરનારા ભગવાને એક કલ્પમાં આ જ કારણે મનુષ્યનો અવતાર લીધો હતો. ॥ ૧૩૯॥

ચૌ૦ – એહિ બિધિ જનમ કરમ હરિ કેરે। સુંદર સુખદ બિચિત્ર ઘનેરે ॥
કલપ કલપ પ્રતિ પ્રભુ અવતરહીં। ચારુ ચરિત નાનાબિધિ કરહીં ॥ ૧॥

આ રીતે ભગવાનનાં અનેક સુંદર, સુખદાયક અને અલૌકિક જન્મ અને કર્મ છે. પ્રત્યેક કલ્પમાં જ્યારે જ્યારે ભગવાન અવતાર લે છે અને અનેક પ્રકારની સુંદર લીલાઓ કરે છે; ॥ ૧॥

તબ તબ કથા મુનીસન્હ ગાઈ। પરમ પુનીત પ્રબંધ બનાઈ ॥
બિબિધ પ્રસંગ અનૂપ બખાને। કરહિં ન સુનિ આચરજુ સયાને ॥ ૨॥

ત્યારે ત્યારે મુનીશ્વરોએ પરમ પવિત્ર કાવ્યરચના કરીને તેમની કથાઓનું ગાન કર્યું છે અને જાતજાતના અનુપમ પ્રસંગોનું વર્ણન કર્યું છે, જેને સાંભળીને સમજદાર (વિવેકી) લોકો આશ્ચર્ય નથી પામતા. ॥ ૨॥

હરિ અનંત હરિકથા અનંતા। કહહિં સુનહિં બહુબિધિ સબ સંતા॥
રામચંદ્ર કે ચરિત સુહાએ। કલપ કોટિ લગિ જાહિં ન ગાએ॥૩॥

શ્રીહરિ અનંત છે (તેમનો કોઈ પાર નથી પામી શકતા) અને એમની કથા પણ અનંત છે, બધા સંતજનો તેને ઘણી રીતે કહે - સાંભળે છે. શ્રીરામચન્દ્રજીનાં સુંદર ચરિત્ર કરોડ કલ્પોમાં પણ ગાઈ નથી શકાતાં. ॥૩॥

યહ પ્રસંગ મૈં કહા ભવાની। હરિમાયાઁ મોહહિં મુનિ ગ્યાની॥
પ્રભુ કૌતુકી પ્રનત હિતકારી। સેવત સુલભ સકલ દુખહારી॥૪॥

[શિવજી કહે છે કે] હે પાર્વતી! મેં એ સમજાવવા માટે આ પ્રસંગ કહ્યો કે જ્ઞાની મુનિ પણ ભગવાનની માયાથી મોહિત થઈ જાય છે. પ્રભુ કૌતુકી (લીલામય) છે અને શરણાગતનું હિત કરનારા છે. તેઓ સેવવામાં બહુ સરળ અને સર્વ દુઃખોને હરનારા છે. ॥૪॥

સો૦– સુર નર મુનિ કોઉ નાહિં જેહિ ન મોહ માયા પ્રબલ।
અસ બિચારિ મન માહિં ભજિઅ મહામાયા પતિહિ॥૧૪૦॥

દેવતા, મનુષ્ય અને મુનિઓમાં કોઈ એવા નથી જેને ભગવાનની મહાન બળવતી માયા મોહિત ન કરી દે. મનમાં એવો વિચાર કરીને તે મહામાયાના સ્વામી (પ્રેરક) શ્રીભગવાનનું ભજન કરવું જોઈએ. ॥૧૪૦॥

ચૌ૦– અપર હેતુ સુનુ સૈલકુમારી। કહઉઁ બિચિત્ર કથા બિસ્તારી॥
જેહિ કારન અજ અગુન અરૂપા। બ્રહ્મ ભયઉ કોસલપુર ભૂપા॥૧॥

હે ગિરિરાજકુમારી! હવે, ભગવાનના અવતારનું તે બીજું કારણ સાંભળો - હું તેની વિચિત્ર કથા વિસ્તારીને કહું છું – જે કારણથી જન્મરહિત, નિર્ગુણ અને રૂપરહિત (અવ્યક્ત સચ્ચિદાનન્દઘન) બ્રહ્મ અયોધ્યાપુરીના રાજા થયા.. ॥૧॥

જો પ્રભુ બિપિન ફિરત તુમ્હ દેખા। બંધુ સમેત ધરેં મુનિબેષા॥
જાસુ ચરિત અવલોકિ ભવાની। સતી સરીર રહિહુ બૌરાની॥૨॥

જે પ્રભુ શ્રીરામચન્દ્રજીને તમે ભાઈ લક્ષ્મણજી સાથે મુનિઓના જેવો વેષ ધારણ કરી વનમાં ફરતાં જોયા હતા અને હે ભવાની! જેમનાં ચરિત્ર જોઈને સતીના દેહે તમે એવા બાવરા થઈ ગયાં હતાં કે – ॥૨॥

અજહુઁ ન છાયા મિટતિ તુમ્હારી। તાસુ ચરિત સુનુ ભ્રમ રુજ હારી॥
લીલા કીન્હિ જો તેહિં અવતારા। સો સબ કહિહઉઁ મતિ અનુસારા॥૩॥

અત્યારે પણ તમારા તે બાવરાપણાની છાયા ટળતી નથી; ભ્રમરૂપી રોગને હરણ કરનારાં તેમનાં જ ચરિત્ર સાંભળો. એ અવતારમાં ભગવાને જે જે લીલા કરી તે બધી હું પોતાની બુદ્ધિ પ્રમાણે તમને કહીશ. ॥૩॥

ભરદ્વાજ સુનિ સંકર બાની । સકુચિ સપ્રેમ ઉમા મુસુકાની ॥
લગે બહુરિ બરનૈ બૃષકેતૂ । સો અવતાર ભયઉ જેહિ હેતૂ ॥૪॥

[યાજ્ઞવલ્ક્યજીએ કહ્યું –] હે ભરદ્વાજ! શંકરજીનાં વચન સાંભળીને પાર્વતીજી સંકોચાઈને પ્રેમસહિત મલકાયાં. પછી વૃષકેતુ શિવજી જે કારણથી ભગવાનનો તે અવતાર થયો હતો, તેનું વર્ણન કરવા લાગ્યા. ॥૪॥

દો૦ – સો મૈં તુમ્હ સન કહઉઁ સબુ સુનુ મુનીસ મન લાઈ ।
રામ કથા કલિ મલ હરનિ મંગલ કરનિ સુહાઈ ॥૧૪૧॥

હે મુનીશ્વર ભરદ્વાજ! હું તે બધું તમને કહું છું, મન લગાવીને સાંભળો. શ્રીરામચન્દ્રજીની કથા કળિયુગનાં પાપોને હરનારી, કલ્યાણ કરનારી અને ઘણી સુંદર છે. ॥૧૪૧॥

ચૌ૦ – સ્વાયંભૂ મનુ અરુ સતરૂપા । જિન્હ તેં ભૈ નરસૃષ્ટિ અનૂપા ॥
દંપતિ ધરમ આચરન નીકા । અજહુઁ ગાવ શ્રુતિ જિન્હ કૈ લીકા ॥૧॥

સ્વાયમ્ભુવ મનુ અને [એમનાં પત્ની] શતરૂપા, જેમનાથી મનુષ્યોની આ અનુપમ સૃષ્ટિ થઈ; તે બંને પતિ-પત્નીનાં ધર્મ અને આચરણ ઘણાં સારાં હતાં, આજે પણ વેદ જેમની મર્યાદાનું ગાન કરે છે. ॥૧॥

નૃપ ઉત્તાનપાદ સુત તાસૂ । ધ્રુવ હરિભગત ભયઉ સુત જાસૂ ॥
લઘુ સુત નામ પ્રિયબ્રત તાહી । બેદ પુરાન પ્રસંસહિં જાહી ॥૨॥

રાજા ઉત્તાનપાદ તેમના પુત્ર હતા, જેમના પુત્ર [પ્રસિદ્ધ] હરિભક્ત ધ્રુવજી થયા. તે (મનુજી)ના નાના પુત્રનું નામ પ્રિયવ્રત હતું, જેની પ્રશંસા વેદ અને પુરાણ કરે છે. ॥૨॥

દેવહૂતિ પુનિ તાસુ કુમારી । જો મુનિ કર્દમ કૈ પ્રિય નારી ॥
આદિદેવ પ્રભુ દીનદયાલા । જઠર ધરેઉ જેહિં કપિલ કૃપાલા ॥૩॥

પુનઃ દેવહૂતિ તેમની પુત્રી હતી, જે કર્દમ મુનિનાં પ્રિય પત્ની થયાં અને જેમણે આદિદેવ, દીનો પર દયા કરનારા સમર્થ તથા કૃપાળુ ભગવાન કપિલને ગર્ભમાં ધારણ કર્યા. ॥૩॥

સાંખ્ય સાસ્ત્ર જિન્હ પ્રગટ બખાના । તત્ત્વ બિચાર નિપુન ભગવાના ॥
તેહિં મનુ રાજ કીન્હ બહુ કાલા । પ્રભુ આયસુ સબ બિધિ પ્રતિપાલા ॥૪॥

તત્ત્વોનો વિચાર કરવામાં અત્યંત નિપુણ જે (કપિલ) ભગવાને સાંખ્યશાસ્ત્રનું પ્રકટરૂપમાં વર્ણન કર્યું, તે (સ્વાયમ્ભુવ) મનુજીએ લાંબા સમય સુધી રાજ્ય કર્યું અને સર્વ પ્રકારે ભગવાનની આજ્ઞા-[રૂપ શાસ્ત્રોની મર્યાદા]નું પાલન કર્યું. ॥૪॥

સો૦ – હોઇ ન બિષય બિરાગ ભવન બસત ભા ચૌથપન ।
હૃદયઁ બહુત દુખ લાગ જનમ ગયઉ હરિ-ભગતિ બિનુ ॥૧૪૨॥

ઘરમાં રહી ઘડપણ આવી ગયું, પરંતુ વિષયો પર વૈરાગ્ય નથી થતો; [આ વાત વિચારીને] એમના મનમાં મોટું દુઃખ થયું કે શ્રીહરિની ભક્તિ વિના જન્મ આમ જ વીતી ગયો. ॥૧૪૨॥

ચૌ૦– બરબસ રાજ સુતહિ તબ દીન્હા। નારિ સમેત ગવન બન કીન્હા॥
તીરથ બર નૈમિષ બિખ્યાતા। અતિ પુનીત સાધક સિધિ દાતા॥ ૧॥

ત્યારે મનુજીએ પોતાના પુત્રને પરાણે રાજ્ય આપીને સ્વયં સ્ત્રીસહિત વનમાં ગમન કર્યું. અત્યંત પવિત્ર અને સાધકોને સિદ્ધિ આપનારા તીર્થોમાં શ્રેષ્ઠ નૈમિષારણ્ય પ્રસિદ્ધ છે. ॥ ૧॥

બસહિં તહાઁ મુનિ સિદ્ધ સમાજા। તહઁ હિયઁ હરષિ ચલેઉ મનુ રાજા॥
પંથ જાત સોહહિં મતિધીરા। ગ્યાન ભગતિ જનુ ધરેં સરીરા॥ ૨॥

ત્યાં મુનિઓ અને સિદ્ધોનો સમૂહ વસે છે. રાજા મનુ હૃદયમાં હર્ષિત થઈને ત્યાં ચાલ્યા. તે ધીર બુદ્ધિવાળા રાજા-રાણી માર્ગમાં જતાં એવાં સુશોભિત થઈ રહ્યાં હતાં કે જાણે જ્ઞાન અને ભક્તિ જ શરીર ધારણ કરી જઈ રહ્યાં હોય. ॥ ૨॥

પહુઁચે જાઇ ધેનુમતિ તીરા। હરષિ નહાને નિરમલ નીરા॥
આએ મિલન સિદ્ધ મુનિ ગ્યાની। ધરમ ધુરંધર નૃપરિષિ જાની॥ ૩॥

[ચાલતાં ચાલતાં] તેઓ ગોમતીના કિનારે જઈ પહોંચ્યા. પ્રસન્ન થઈને તેમણે નિર્મળ જળમાં સ્નાન કર્યું. તેમને ધર્મધુરંધર રાજર્ષિ જાણીને સિદ્ધ અને જ્ઞાની મુનિ મળવા આવ્યા. ॥ ૩॥

જહઁ જહઁ તીરથ રહે સુહાએ। મુનિન્હ સકલ સાદર કરવાએ॥
કૃસ સરીર મુનિપટ પરિધાના। સત સમાજ નિત સુનહિં પુરાના॥ ૪॥

જ્યાં જ્યાં સુંદર તીર્થ હતાં, મુનિઓએ આદરપૂર્વક બધાનાં દર્શન કરાવી (બધાં તીર્થો કરાવી) દીધાં. તેમનું શરીર દુર્બળ થઈ ગયું હતું તેઓ મુનિઓ જેવાં (વલ્કલ) વસ્ત્રો ધારણ કરતા હતાં અને સંતોના સમાજમાં નિત્ય પુરાણ સાંભળતા હતાં. ॥ ૪॥

દો૦– દ્વાદસ અચ્છર મંત્ર પુનિ જપહિં સહિત અનુરાગ।
બાસુદેવ પદ પંકરુહ દંપતિ મન અતિ લાગ॥ ૧૪૩॥

અને દ્વાદશાક્ષર મન્ત્ર(ૐ નમો ભગવતે વાસુદેવાય)નો પ્રેમસહિત જપ કરતા હતાં. ભગવાન વાસુદેવનાં ચરણકમળોમાં તે રાજા-રાણીનાં મન અત્યંત મગ્ન થઈ ગયાં. ॥ ૧૪૩॥

ચૌ૦– કરહિં અહાર સાક ફલ કંદા। સુમિરહિં બ્રહ્મ સચ્ચિદાનંદા॥
પુનિ હરિ હેતુ કરન તપ લાગે। બારિ અધાર મૂલ ફલ ત્યાગે॥ ૧॥

તેઓ શાક, ફળ અને કંદનો આહાર કરતા હતા અને સચ્ચિદાનંદ બ્રહ્મનું સ્મરણ કરતા હતા. ત્યાર પછી તેઓ શ્રીહરિને માટે તપ કરવા લાગ્યા અને મૂળ-ફળનો ત્યાગ કરીને કેવળ જળના આધારે રહેવા લાગ્યા. ॥ ૧॥

ઉર અભિલાષ નિરંતર હોઈ। દેખિઅ નયન પરમ પ્રભુ સોઈ॥
અગુન અખંડ અનંત અનાદી। જેહિ ચિંતહિં પરમારથબાદી॥ ૨॥

હૃદયમાં નિરંતર એ જ અભિલાષા રહેતી કે અમે [કેવી રીતે] તે પરમ પ્રભુને આંખોથી નિહાળીએ જે નિર્ગુણ, અખંડ, અનંત અને અનાદિ છે અને પરમાર્થવાદી (બ્રહ્મજ્ઞાની, તત્ત્વવેત્તા) લોકો જેમનું ચિંતન કર્યા કરે છે. ॥ ૨॥

નેતિ નેતિ જેહિ બેદ નિરૂપા । નિજાનંદ નિરુપાધિ અનૂપા ॥
સંભુ બિરંચિ બિષ્નુ ભગવાના । ઉપજહિં જાસુ અંસ તેં નાના ॥ ૩॥

જેમને વેદ 'નેતિ-નેતિ' (આ પણ નહિ, આ પણ નહિ) કહીને નિરૂપણ કરે છે. જે આનંદસ્વરૂપ, ઉપાધિરહિત અને અનુપમ છે, તથા જેમના અંશોથી અનેક શિવ, બ્રહ્મા અને વિષ્ણુ ભગવાન પ્રકટ થાય છે. ॥ ૩॥

ઐસેઉ પ્રભુ સેવક બસ અહઈ । ભગત હેતુ લીલાતનુ ગહઈ ॥
જૌં યહ બચન સત્ય શ્રુતિ ભાષા । તૌ હમાર પૂજિહિ અભિલાષા ॥ ૪॥

આવા [મહાન] પ્રભુ પણ સેવકના વશમાં છે અને ભક્તોને માટે [દિવ્ય] લીલાવિગ્રહ ધારણ કરે છે. જો વેદોમાં આ વચન સત્ય કહ્યું છે તો અમારી અભિલાષા પણ અવશ્ય પૂર્ણ થશે. ॥ ૪॥

દો૦– એહિ બિધિ બીતે બરષ ષટ સહસ બારિ આહાર ।
સંબત સપ્ત સહસ્ર પુનિ રહે સમીર અધાર ॥ ૧૪૪॥

આમ, જળનો આહાર કરીને તપ કરતાં છ હજાર વર્ષ વીતી ગયાં. પછી સાત હજાર વર્ષ સુધી તેઓ વાયુના આધારે રહ્યા. ॥ ૧૪૪॥

ચૌ૦– બરષ સહસ દસ ત્યાગેઉ સોઊ । ઠાઢ઼ે રહે એક પદ દોઊ ॥
બિધિ હરિ હર તપ દેખિ અપારા । મનુ સમીપ આએ બહુ બારા ॥ ૧॥

પછી દસ હજાર વર્ષ સુધી તેમણે વાયુનો આધાર પણ છોડી દીધો. બંને એક પગે ઊભાં રહ્યાં. તેમનું અપાર તપ જોઈ બ્રહ્મા, વિષ્ણુ અને શિવજી ઘણી વાર મનુજી પાસે આવ્યા. ॥ ૧॥

માગહુ બર બહુ ભાઁતિ લોભાએ । પરમ ધીર નહિં ચલહિં ચલાએ ॥
અસ્થિમાત્ર હોઇ રહે સરીરા । તદપિ મનાગ મનહિં નહિં પીરા ॥ ૨॥

તેમણે આમને અનેક પ્રકારે લલચાવ્યાં અને કહ્યું કે કોઈ વર માગો. પરંતુ આ પરમ ધૈર્યવાન્ [રાજા-રાણી પોતાના તપમાં કોઈના] ડગાવ્યાં ન ડગ્યાં. જોકે એમનાં શરીર હાડકાંનાં માળખાં માત્ર બની ગયાં હતાં, તો પણ તેમના મનમાં જરા પણ પીડા ન હતી. ॥ ૨॥

પ્રભુ સર્બગ્ય દાસ નિજ જાની । ગતિ અનન્ય તાપસ નૃપ રાની ॥
માગુ માગુ બરુ ભૈ નભ બાની । પરમ ગભીર કૃપામૃત સાની ॥ ૩॥

સર્વજ્ઞ પ્રભુએ અનન્ય ગતિ(આશ્રય)વાળા તપસ્વી રાજા-રાણીને 'નિજ દાસ' જાણ્યાં. ત્યારે પરમ ગંભીર અને કૃપારૂપી અમૃતથી તરબોળ આકાશવાણી થઈ કે 'વર માગો.' ॥ ૩॥

મૃતક જિઆવનિ ગિરા સુહાઈ । શ્રવન રંધ્ર હોઇ ઉર જબ આઈ ॥
હૃષ્ટ પુષ્ટ તન ભએ સુહાએ । માનહુઁ અબહિં ભવન તે આએ ॥ ૪॥

મરેલાને પણ જીવાડનારી આ સુંદર વાણી કાનોનાં છિદ્રોમાં થઈને જ્યારે હૃદયમાં આવી ત્યારે રાજા-રાણીનાં શરીર એવાં સુંદર અને હૃષ્ટ-પુષ્ટ થઈ ગયાં, જાણે હમણાં જ ઘેરથી આવ્યાં હોય. ॥ ૪॥

દો૦– શ્રવન સુધા સમ બચન સુનિ પુલક પ્રફુલ્લિત ગાત।
બોલે મનુ કરિ દંડવત પ્રેમ ન હૃદયઁ સમાત॥૧૪૫॥

કાનોને અમૃત સમાન લાગતાં વચન સાંભળતાં જ એમનાં શરીર પુલકિત અને પ્રફુલ્લિત બની ગયાં. ત્યારે મનુજી દંડવત્ કરીને બોલ્યા, પ્રેમ હૃદયમાં સમાતો ન હતો – ॥૧૪૫॥

ચૌ૦– સુનુ સેવક સુરતરુ સુરધેનુ। બિધિ હરિ હર બંદિત પદ રેનૂ॥
સેવત સુલભ સકલ સુખદાયક। પ્રનતપાલ સચરાચર નાયક॥૧॥

હે પ્રભો! સાંભળો, આપ સેવકોને માટે કલ્પવૃક્ષ અને કામધેનુ છો. આપની ચરણરજની બ્રહ્મા, વિષ્ણુ અને શિવજી પણ વંદના કરે છે. આપની સેવા કરનાર માટે આપ સુલભ છો તથા સર્વ સુખોને આપનારા છો. આપ શરણાગતના રક્ષક અને જડ-ચેતનના સ્વામી છો. ॥૧॥

જૌં અનાથ હિત હમ પર નેહૂ। તૌ પ્રસન્ન હોઈ યહ બર દેહૂ॥
જો સરૂપ બસ સિવ મન માહીં। જેહિ કારન મુનિ જતન કરાહીં॥૨॥

હે અનાથોનું કલ્યાણ કરનારા! જો અમ લોકો પર આપનો સ્નેહ છે, તો પ્રસન્ન થઈને આ વર આપો કે આપનું જે સ્વરૂપ શિવજીના મનમાં વસે છે અને જે [ની પ્રાપ્તિ] માટે મુનિ લોકો યત્ન કરે છે, ॥૨॥

જો ભુસુંડિ મન માનસ હંસા। સગુન અગુન જેહિ નિગમ પ્રસંસા॥
દેખહિં હમ સો રૂપ ભરિ લોચન। કૃપા કરહુ પ્રનતારતિ મોચન॥૩॥

જે કાકભુશુંડિના મનરૂપી માનસરોવરમાં વિહાર કરનારા હંસ છે, તથા સગુણ અને નિર્ગુણ કહીને વેદ જેમની પ્રશંસા કરે છે, હે શરણાગતના દુઃખ મટાડનારા પ્રભો! એવી કૃપા કરો કે અમે આપના તે સ્વરૂપને નેત્રો ભરીને જોઈએ. ॥૩॥

દંપતિ બચન પરમ પ્રિય લાગે। મૃદુલ બિનીત પ્રેમ રસ પાગે॥
ભગત બછલ પ્રભુ કૃપાનિધાના। બિસ્વબાસ પ્રગટે ભગવાના॥૪॥

રાજા-રાણીના કોમળ, વિનયયુક્ત અને પ્રેમરસમાં તરબોળ થયેલાં વચન ભગવાનને ઘણાં જ પ્રિય લાગ્યાં. ભક્તવત્સલ, કૃપાનિધાન, સંપૂર્ણ વિશ્વના ધામ (અર્થાત્ સમસ્ત વિશ્વમાં વ્યાપક), સર્વસમર્થ ભગવાન પ્રકટ થઈ ગયા. ॥૪॥

દો૦– નીલ સરોરુહ નીલ મનિ નીલ નીરધર સ્યામ।
લાજહિં તન સોભા નિરખિ કોટિ કોટિ સત કામ॥૧૪૬॥

ભગવાનના નીલકમળ, નીલમણિ અને નીલ (જળયુક્ત) મેઘના જેવા [કોમળ, પ્રકાશમય અને સરસ] શ્યામવર્ણ [ચિન્મય] શરીરની શોભા જોઈને કરોડો કામદેવ પણ લજ્જિત થઈ જાય છે. ॥૧૪૬॥

ચૌ૦– સરદ મયંક બદન છબિ સીંવા। ચારુ કપોલ ચિબુક દર ગ્રીવા॥
અધર અરુન રદ સુંદર નાસા। બિધુ કર નિકર બિનિંદક હાસા॥૧॥

તેમનું મુખ શરદપૂર્ણિમાના ચન્દ્રમાની જેમ શોભાની સીમાસ્વરૂપ હતું. ગાલ અને હડપચી ઘણા સુંદર હતાં, ગળું શંખના જેવું (ત્રિરેખાયુક્ત, ચઢ-ઊતરવાળું) હતું. લાલ હોઠ, દાંત અને નાક અત્યંત સુંદર હતાં. તેમનું હાસ્ય ચન્દ્રમાની કિરણાવલીને ઝાંખું પાડનારું હતું. ॥૧॥

નવ અંબુજ અંબક છબિ નીકી। ચિતવનિ લલિત ભાવઁતી જી કી॥
ભૃકુટિ મનોજ ચાપ છબિ હારી। તિલક લલાટ પટલ દુતિકારી॥૨॥

નેત્રોની શોભા નવા [ખીલેલા] કમળ જેવી ઘણી સુંદર હતી. મનોહર દૃષ્ટિ અંતરને બહુ પ્રિય લાગતી હતી. વાંકી ભ્રમરો કામદેવના ધનુષ્યની શોભાને હરનારી હતી. લલાટ પટલ પર પ્રકાશમય તિલક હતું. ॥૨॥

કુંડલ મકર મુકુટ સિર ભ્રાજા। કુટિલ કેસ જનુ મધુપ સમાજા॥
ઉર શ્રીબત્સ રુચિર બનમાલા। પદિક હાર ભૂષન મનિ જાલા॥૩॥

કાનોમાં મકરાકૃત (માછલાના આકારના) કુંડળ અને સિર પર મુગટ સુશોભિત હતો. વાંકા (વાંકડિયા) કાળા વાળ એવા ગીચ હતા જાણે ભમરાઓનો સમૂહ હોય. હૃદય પર શ્રીવત્સ, સુંદર વનમાળા, રત્નજડિત હાર અને મણિઓનાં આભૂષણ સુશોભિત હતાં. ॥૩॥

કેહરિ કંધર ચારુ જનેઊ। બાહુ બિભૂષન સુંદર તેઊ॥
કરિ કર સરિસ સુભગ ભુજદંડા। કટિ નિષંગ કર સર કોદંડા॥૪॥

સિંહના જેવા ખભા હતા જેની ઉપર સુંદર જનોઈ હતી. ભુજાઓમાં જે આભૂષણ હતાં, તે પણ સુંદર હતાં. હાથીની સૂંઢ જેવા (ઉતાર-ચઢાણવાળા) સુંદર ભુજદંડ હતા. કેડમાં ભાથો અને હાથમાં બાણ અને ધનુષ [શોભા પામી રહ્યા] હતાં. ॥૪॥

દો૦– તડ઼િત બિનિંદક પીત પટ ઉદર રેખ બર તીનિ।
નાભિ મનોહર લેતિ જનુ જમુન ભવઁર છબિ છીનિ॥૧૪૭॥

[સ્વર્ણ-વર્ણનું પ્રકાશમય] પીતામ્બર વીજળીનેય શરમાવનારું હતું. પેટ પર ત્રણ રેખાઓ (ત્રિવલી) હતી. નાભિ એવી મનોહર હતી, જાણે યમુનાજીની ભમરીઓની સુંદરતાને ઝૂંટવી લેતી હોય. ॥૧૪૭॥

ચૌ૦– પદ રાજીવ બરનિ નહિં જાહીં। મુનિ મન મધુપ બસહિં જેન્હ માહીં॥
બામ ભાગ સોભતિ અનુકૂલા। આદિસક્તિ છબિનિધિ જગમૂલા॥૧॥

જેમાં મુનિઓના મનરૂપી ભમરાઓ વસે છે, ભગવાનનાં એ ચરણકમળોનું તો વર્ણન કરી જ નથી શકાતું. ભગવાનના ડાબા ભાગમાં સદા અનુકૂળ રહેનારાં, શોભાના ભંડાર, જગતના મૂળકારણરૂપા આદિશક્તિ શ્રીજાનકીજી સુશોભિત છે; ॥૧॥

જાસુ અંસ ઉપજહિં ગુનખાની। અગનિત લચ્છિ ઉમા બ્રહ્માની॥
ભૃકુટિ બિલાસ જાસુ જગ હોઈ। રામ બામ દિસિ સીતા સોઈ॥ ૨॥

જેમના અંશથી ગુણોની ખાણ રૂપ અગણિત લક્ષ્મી, પાર્વતી અને બ્રહ્માણી (ત્રિદેવોની શક્તિઓ) ઉત્પન્ન થાય છે તથા જેમની ભ્રમરના સંકેતથી જ જગતની રચના થઈ જાય છે, તે જ [ભગવાનની સ્વરૂપા-શક્તિ] શ્રીસીતાજી શ્રીરામચન્દ્રજીના ડાબી બાજુએ સ્થિત છે. ॥ ૨॥

છબિસમુદ્ર હરિ રૂપ બિલોકી। એકટક રહે નયન પટ રોકી॥
ચિતવહિં સાદર રૂપ અનૂપા। તૃપ્તિ ન માનહિં મનુ સતરૂપા॥ ૩॥

શોભાના સમુદ્ર શ્રીહરિના રૂપને જોઈને મનુ-શતરૂપા નેત્રપટલ (પોપચાં) રોકીને એકીટશે જોઈ રહ્યાં. તે અનુપમરૂપને તેઓ આદરસહિત જોઈ રહ્યાં હતાં અને જોતાં જોતાં ધરાતાં જ ન હતાં. ॥ ૩॥

હરષ બિબસ તન દસા ભુલાની। પરે દંડ ઈવ ગહિ પદ પાની॥
સિર પરસે પ્રભુ નિજ કર કંજા। તુરત ઉઠાએ કરુનાપુંજા॥ ૪॥

આનંદને વધુ વશ થઈ જવાને લીધે તેઓ પોતાના દેહનું ભાન ભૂલી ગયાં. તેઓ હાથોથી ભગવાનના ચરણ પકડીને દંડની જેમ (સીધા) ભૂમિ પર પડી ગયા. કૃપાના ભંડાર પ્રભુએ પોતાના કરકમળોથી એમના મસ્તકોનો સ્પર્શ કર્યો અને તેમને તુરંત જ ઊભા કર્યાં. ॥ ૪॥

દો૦ – બોલે કૃપાનિધાન પુનિ અતિ પ્રસન્ન મોહિ જાનિ।
માગહુ બર જોઈ ભાવ મન મહાદાનિ અનુમાનિ॥ ૧૪૮॥

પછી કૃપાનિધાન ભગવાન બોલ્યા – મને અત્યંત પ્રસન્ન જાણીને અને ભારે દાની સમજીને મનને ગમે તે જ વર માગી લો. ॥ ૧૪૮॥

ચૌ૦ – સુનિ પ્રભુ બચન જોરિ જુગ પાની। ધરિ ધીરજુ બોલી મૃદુ બાની॥
નાથ દેખિ પદ કમલ તુમ્હારે। અબ પૂરે સબ કામ હમારે॥ ૧॥

પ્રભુના વચન સાંભળીને, બંને હાથ જોડી, ધીરજ રાખી રાજાએ કોમળ વાણી કહી - હે નાથ! આપનાં ચરણકમળોને જોઈને હવે અમારી સર્વે મનોકામનાઓ પૂર્ણ થઈ ગઈ. ॥ ૧॥

એક લાલસા બડ઼િ ઉર માહીં। સુગમ અગમ કહિ જાતિ સો નાહીં॥
તુમ્હહિ દેત અતિ સુગમ ગોસાઈં। અગમ લાગ મોહિ નિજ કૃપનાઈં॥ ૨॥

તો પણ મનમાં એક મોટી લાલસા છે. તે પૂરી થવી સરળ પણ છે અને અત્યંત કઠણ પણ, તેથી જ તે કહી નથી શકાતી. હે સ્વામી! આપના માટે તો તે પૂર્ણ કરવી ઘણી સરળ છે, પરંતુ મને પોતાની કૃપણતા (દીનતા)ના કારણે તે અત્યંત કઠિન જણાય છે. ॥ ૨॥

જથા દરિદ્ર બિબુધતરુ પાઈ। બહુ સંપતિ માગત સકુચાઈ॥
તાસુ પ્રભાઉ જાન નહિં સોઈ। તથા હૃદયઁ મમ સંસય હોઈ॥ ૩॥

જેમ કોઈ દરિદ્ર કલ્પવૃક્ષને પામીને પણ અધિક દ્રવ્ય માગવામાં સંકોચ કરે છે; કેમકે તેના પ્રભાવને તે નથી જાણતો, તેવી જ રીતે મારા હૃદયમાં સંશય થઈ રહ્યો છે. ॥ ૩॥

સો તુમ્હ જાનહુ અંતરજામી। પુરવહુ મોર મનોરથ સ્વામી॥
સકુચ બિહાઈ માગુ નૃપ મોહી। મોરેં નહિં અદેય કછુ તોહી॥૪॥

હે સ્વામી! આપ અંતર્યામી છો, એથી તે જાણો પણ છો. મારા તે મનોરથને પૂર્ણ કરો. [ભગવાને કહ્યું –] હે રાજન્! સંકોચ છોડી મારી પાસે માગો. તમને ન આપી શકું એવું મારા માટે કંઈ પણ નથી. ॥૪॥

દો૦– દાનિ સિરોમનિ કૃપાનિધિ નાથ કહઉઁ સતિભાઉ।
ચાહઉઁ તુમ્હહિ સમાન સુત પ્રભુ સન કવન દુરાઉ॥૧૪૯॥

[રાજાએ કહ્યું –] હે દાનીઓના શિરોમણિ! હે કૃપાનિધાન! હે નાથ! હું પોતાના મનના સાચા ભાવે કહું છું કે હું આપના જેવો પુત્ર ઇચ્છું છું. પ્રભુથી ભલા શું છુપાવવું! ॥૧૪૯॥

ચૌ૦– દેખિ પ્રીતિ સુનિ બચન અમોલે। એવમસ્તુ કરુનાનિધિ બોલે॥
આપુ સરિસ ખોજૌં કહઁ જાઈ। નૃપ તવ તનય હોબ મૈં આઈ॥૧॥

રાજાની પ્રીતિ જોઈને અને એમનાં અમૂલ્ય વચન સાંભળી કરુણાનિધાન ભગવાન બોલ્યા – એમ જ થાઓ. હે રાજન્! હું મારા જેવો [બીજો] ક્યાં જઈને ખોળું? માટે પોતે જ આવીને તમારો પુત્ર બનીશ. ॥૧॥

સતરૂપહિ બિલોકિ કર જોરેં। દેબિ માગુ બરુ જો રુચિ તોરેં॥
જો બરુ નાથ ચતુર નૃપ માગા। સોઈ કૃપાલ મોહિ અતિ પ્રિય લાગા॥૨॥

શતરૂપાજીને હાથ જોડેલાં જોઈને ભગવાને કહ્યું – હે દેવી! તમારી જે ઇચ્છા હોય, તે વર માગી લો. [શતરૂપાએ કહ્યું –] હે નાથ! ચતુર રાજાએ જે વર માગ્યો, હે કૃપાળુ! તે મને ઘણો જ પ્રિય લાગ્યો. ॥૨॥

પ્રભુ પરંતુ સુઠિ હોતિ ઢિઠાઈ। જદપિ ભગત હિત તુમ્હહિ સોહાઈ॥
તુમ્હ બ્રહ્માદિ જનક જગ સ્વામી। બ્રહ્મ સકલ ઉર અંતરજામી॥૩॥

પરંતુ હે પ્રભુ! ઘણી ધૃષ્ટતા થઈ રહી છે, જોકે હે ભક્તોના હિત કરનારા! તે ધૃષ્ટતા પણ આપને સારી જ લાગે છે. આપ બ્રહ્મા આદિના પણ પિતા જગતના સ્વામી અને સર્વેના હૃદયના અંદરનું જાણનારા બ્રહ્મ છો. ॥૩॥

અસ સમુઝત મન સંસય હોઈ। કહા જો પ્રભુ પ્રવાન પુનિ સોઈ॥
જે નિજ ભગત નાથ તવ અહહીં। જો સુખ પાવહિં જો ગતિ લહહીં॥૪॥

આમ સમજીને પણ મનમાં સંશય થાય છે, તો પણ પ્રભુએ જે કહ્યું તે પ્રમાણ (સત્ય) છે. [હું તો આ માગું છું કે] હે નાથ! આપના જે નિજ જનો છે તે જે (અલૌકિક, અખંડ), સુખ પામે છે અને જે પરમ ગતિને પામે છે, ॥૪॥

દો૦– સોઇ સુખ સોઇ ગતિ સોઇ ભગતિ સોઇ નિજ ચરન સનેહુ ।
સોઇ બિબેક સોઇ રહનિ પ્રભુ હમહિ કૃપા કરિ દેહુ ॥૧૫૦॥

હે પ્રભો! એ જ સુખ, એ જ ગતિ, એ જ ભક્તિ, આપના ચરણોમાં એ જ પ્રેમ, એ જ જ્ઞાન અને એ જ રહેણીકરણી કૃપા કરીને અમને આપો. ॥૧૫૦॥

ચૌ૦– સુનિ મૃદુ ગૂઢ઼ રુચિર બર રચના । કૃપાસિંધુ બોલે મૃદુ બચના ॥
જો કછુ રુચિ તુમ્હરે મન માહીં । મૈં સો દીન્હ સબ સંસય નાહીં ॥૧॥

[રાણીની] કોમળ, ગૂઢ અને મનોહર શ્રેષ્ઠ વાક્યરચના સાંભળીને કૃપાના સાગર ભગવાન કોમળ વચન બોલ્યા - તમારા મનમાં જે કંઈ ઇચ્છા છે, તે સર્વ મેં તમને આપ્યું, એમાં કોઈ સંશય ન રાખશો. ॥૧॥

માતુ બિબેક અલૌકિક તોરેં । કબહુઁ ન મિટિહિ અનુગ્રહ મોરેં ॥
બંદિ ચરન મનુ કહેઉ બહોરી । અવર એક બિનતી પ્રભુ મોરી ॥૨॥

હે માતા! મારી કૃપાથી તમારું અલૌકિક જ્ઞાન કદી નષ્ટ નહીં થાય. ત્યારે મનુએ ભગવાનના ચરણોની વંદના કરીને ફરી કહ્યું - હે પ્રભુ! મારી એક વિનંતી બીજી છે - ॥૨॥

સુત બિષઇક તવ પદ રતિ હોઊ । મોહિ બડ઼ મૂઢ઼ કહૈ કિન કોઊ ॥
મનિ બિનુ ફનિ જિમિ જલ બિનુ મીના । મમ જીવન તિમિ તુમ્હહિ અધીના ॥૩॥

આપના ચરણોમાં મારી તેવી જ પ્રીતિ થાય કે જેવી પુત્ર ઉપર પિતાની હોય છે, ભલે ને મને કોઈ મહામૂર્ખ જ કેમ ન કહે. જેમ મણિના વિના સાપ અને જળ વિના માછલી [નથી રહી શકતી] એ જ રીતે મારું જીવન આપને આધીન રહે (આપના વિના રહી ન શકે.) ॥૩॥

અસ બરુ માગિ ચરન ગહિ રહેઊ । એવમસ્તુ કરુનાનિધિ કહેઊ ॥
અબ તુમ્હ મમ અનુસાસન માની । બસહુ જાઇ સુરપતિ રજધાની ॥૪॥

એવો વર માગીને રાજાએ ભગવાનના ચરણ પકડી રાખ્યા, ત્યારે દયાના નિધાન ભગવાને કહ્યું – આમ જ થાઓ. હવે, તમે મારી આજ્ઞા માનીને દેવરાજ ઇન્દ્રની રાજધાની(અમરાવતી)માં જઈને વાસ કરો. ॥૪॥

સો૦– તહઁ કરિ ભોગ બિસાલ તાત ગએઁ કછુ કાલ પુનિ ।
હોઇહહુ અવધ ભુઆલ તબ મૈં હોબ તુમ્હાર સુત ॥૧૫૧॥

હે તાત! ત્યાં [સ્વર્ગના] ઘણા બધા ભોગ ભોગવી, થોડોક કાળ વીત્યા બાદ તમે અવધના રાજા થશો. ત્યારે હું તમારો પુત્ર થઈશ. ॥૧૫૧॥

ચૌ૦– ઇચ્છામય નરબેષ સઁવારેં । હોઇહઉઁ પ્રગટ નિકેત તુમ્હારેં ॥
અંસન્હ સહિત દેહ ધરિ તાતા । કરિહઉઁ ચરિત ભગત સુખદાતા ॥૧॥

ઇચ્છામય મનુષ્યરૂપ ધારણ કરી હું તમારા ઘેર પ્રકટ થઈશ. હે તાત! હું પોતાના અંશોસહિત દેહ ધારણ કરીને ભક્તોને સુખ આપનારાં ચરિત્રો કરીશ. ॥૧॥

જે સુનિ સાદર નર બડ઼ભાગી । ભવ તરિહહિં મમતા મદ ત્યાગી ॥
આદિસક્તિ જેહિં જગ ઉપજાયા । સોઉ અવતરિહિ મોરિ યહ માયા ॥ ૨॥

જે(ચરિત્રો)ને ખૂબ ભાગ્યશાળી મનુષ્ય આદરસહિત સાંભળીને, મમતા અને મદ ત્યાગીને ભવસાગરને તરી જશે. આદિશક્તિ આ મારી (સ્વરૂપભૂતા) માયા પણ, જેણે જગતને ઉત્પન્ન કર્યું છે, અવતાર લેશે. ॥ ૨॥

પુરઉબ મૈં અભિલાષ તુમ્હારા । સત્ય સત્ય પન સત્ય હમારા ॥
પુનિ પુનિ અસ કહિ કૃપાનિધાના । અંતરધાન ભએ ભગવાના ॥ ૩॥

આ રીતે હું તમારી અભિલાષા પૂરી કરીશ. મારું પ્રણ સત્ય છે, સત્ય છે, સત્ય છે. વારંવાર આમ કહીને કૃપાનિધાન ભગવાન અંતર્ધાન થઈ ગયા. ॥ ૩॥

દંપતિ ઉર ધરિ ભગત કૃપાલા । તેહિં આશ્રમ નિવસે કછુ કાલા ॥
સમય પાઈ તનુ તજિ અનયાસા । જાઇ કીન્હ અમરાવતિ બાસા ॥ ૪॥

તે સ્ત્રી-પુરુષ (રાજા-રાણી) ભક્તો પર કૃપા કરનારા ભગવાનને હૃદયમાં ધારણ કરીને કેટલાક કાળ સુધી તે આશ્રમમાં રહ્યા. પછી તેમણે સમય જોઈને, સહજ જ (વગર કોઈ કષ્ટે) શરીર છોડીને અમરાવતી(ઈન્દ્રની પુરી)માં જઈને વાસ કર્યો. ॥ ૪॥

દો૦— યહ ઇતિહાસ પુનીત અતિ ઉમહિ કહી બૃષકેતુ ।
ભરદ્વાજ સુનુ અપર પુનિ રામ જનમ કર હેતુ ॥ ૧૫૨॥

[યાજ્ઞવલ્ક્યજી કહે છે —] હે ભરદ્વાજ! આ અત્યંત પવિત્ર ઇતિહાસ શિવજીએ પાર્વતીને કહ્યો હતો. હવે શ્રીરામના અવતાર લેવાનાં બીજાં કારણને સાંભળો. ॥ ૧૫૨॥

માસપારાયણ, પાંચમો વિશ્રામ

ચૌ૦— સુનુ મુનિ કથા પુનીત પુરાની । જો ગિરિજા પ્રતિ સંભુ બખાની ॥
બિસ્વ બિદિત એક કૈકય દેસૂ । સત્યકેતુ તહઁ બસઇ નરેસૂ ॥ ૧॥

હે મુનિ! તે પવિત્ર અને પ્રાચીન કથા સાંભળો, જે શિવજીએ પાર્વતીને કહી હતી. સંસારમાં પ્રસિદ્ધ એક કૈકય દેશ છે. ત્યાં સત્યકેતુ નામે રાજા રહેતો (રાજ્ય કરતો) હતો. ॥ ૧॥

ધરમ ધુરંધર નીતિ નિધાના । તેજ પ્રતાપ સીલ બલવાના ॥
તેહિ કેં ભએ જુગલ સુત બીરા । સબ ગુન ધામ મહા રનધીરા ॥ ૨॥

તે ધર્મની ધુરીને ધારણ કરનારો, નીતિની ખાણ, તેજસ્વી, પ્રતાપી, સુશીલ અને બળવાન હતો, તેને બે વીર પુત્ર થયા, જે સર્વે ગુણોના ભંડાર અને ખૂબ જ રણધીર હતા. ॥ ૨॥

રાજ ધની જો જેઠ સુત આહી । નામ પ્રતાપભાનુ અસ તાહી ॥
અપર સુતહિ અરિમર્દન નામા । ભુજબલ અતુલ અચલ સંગ્રામા ॥ ૩॥

રાજ્યનો ઉત્તરાધિકારી જે મોટો પુત્ર હતો, તેનું નામ પ્રતાપભાનુ હતું. બીજા પુત્રનું નામ અરિમર્દન હતું. જેની ભુજાઓમાં અપાર બળ હતું અને જે યુદ્ધમાં [પર્વત સમાન] અચળ રહેતો હતો. ॥ ૩॥

ભાઈહિ ભાઈહિ પરમ સમીતી । સકલ દોષ છલ બરજિત પ્રીતી ॥
જેઠે સુતહિ રાજ નૃપ દીન્હા । હરિ હિત આપુ ગવન બન કીન્હા ॥ ૪॥

ભાઈ-ભાઈમાં ઘણો મેળ અને સર્વ દોષ તથા પ્રપંચરહિત [સાચો] સ્નેહ હતો. રાજાએ જ્યેષ્ઠ પુત્રને રાજ આપ્યું અને પોતે ભગવાન [ના ભજન] માટે વનમાં જવા નીકળી પડ્યો. ॥ ૪॥

દો૦ – જબ પ્રતાપરબિ ભયઉ નૃપ ફિરી દોહાઈ દેસ ।
પ્રજા પાલ અતિ બેદબિધિ કતહુઁ નહીં અઘ લેસ ॥ ૧૫૩॥

જ્યારે પ્રતાપભાનુ રાજા થયો, તેના દેશમાં તેની આણ ફરી વળી. તે વેદોમાં બતાવેલી વિધિ પ્રમાણે ઉત્તમ રીતે પ્રજાનું પાલન કરવા લાગ્યો. તેના રાજ્યમાં પાપનું ક્યાંય નામ-નિશાન ન રહ્યું. ॥ ૧૫૩॥

ચૌ૦ – નૃપ હિતકારક સચિવ સયાના । નામ ધરમરુચિ સુક્ર સમાના ॥
સચિવ સયાન બંધુ બલબીરા । આપુ પ્રતાપપુંજ રનધીરા ॥ ૧॥

રાજાનું હિત કરનાર અને શુક્રાચાર્ય જેવો બુદ્ધિમાન ધર્મરુચિ નામે તેનો મંત્રી હતો. આ પ્રમાણે બુદ્ધિમાન મંત્રી અને બળવાન તથા વીર ભાઈ સાથે રાજા પોતે પણ ઘણો પ્રતાપી અને રણધીર હતો. ॥ ૧॥

સેન સંગ ચતુરંગ અપારા । અમિત સુભટ સબ સમર જુઝારા ॥
સેન બિલોકિ રાઉ હરષાના । અરુ બાજે ગહગહે નિસાના ॥ ૨॥

સાથે અપાર ચતુરંગીણી સેના હતી, જેમાં અસંખ્ય યોદ્ધા હતા; તે બધા જ રણમાં ઝૂઝી મરનારા હતા. પોતાની સેનાને જોઈ રાજા ઘણો પ્રસન્ન થયો અને ઘમાઘમ નગારાં વાગવાં લાગ્યાં. ॥ ૨॥

બિજય હેતુ કટકઈ બનાઈ । સુદિન સાધિ નૃપ ચલેઉ બજાઈ ॥
જહઁ તહઁ પરીં અનેક લરાઈ । જીતે સકલ ભૂપ બરિઆઈ ॥ ૩॥

દિગ્વિજયને માટે સેના તૈયાર કરી તે રાજા શુભ દિન (મુહૂર્ત) જોઈને ડંકો વગડાવી ચાલ્યો. ચારેકોર ઘણાં જ યુદ્ધ થયાં. તેણે બધા જ રાજાઓને બળપૂર્વક જીતી લીધા. ॥ ૩॥

સપ્ત દીપ ભુજબલ બસ કીન્હે । લૈ લૈ દંડ છાડ઼િ નૃપ દીન્હે ॥
સકલ અવનિ મંડલ તેહિ કાલા । એક પ્રતાપભાનુ મહિપાલા ॥ ૪॥

પોતાની ભુજાઓના બળથી તેણે સાતેય દ્વીપ(ભૂમિખંડો)ને વશ કરી લીધા અને રાજાઓ પાસેથી દંડ (કર) લઈ - લઈને તેમને છોડી દીધા. સંપૂર્ણ પૃથ્વીમંડળનો તે સમયે પ્રતાપભાનુ જ એકમાત્ર (ચક્રવર્તી) રાજા હતો. ॥ ૪॥

દો૦ – સ્વબસ બિસ્વ કરિ બાહુબલ નિજ પુર કીન્હ પ્રબેસુ ।
અરથ ધરમ કામાદિ સુખ સેવઈ સમયઁ નરેસુ ॥ ૧૫૪॥

સંસાર આખાયને પોતાની ભુજાઓના બળે વશમાં કરીને રાજાએ પોતાના નગરમાં પ્રવેશ કર્યો. રાજા અર્થ, ધર્મ અને કામ આદિનાં સુખોનું સમયાનુસાર સેવન કરતો હતો. ॥ ૧૫૪॥

ચૌ૦ – ભૂપ પ્રતાપભાનુ બલ પાઈ । કામધેનુ ભૈ ભૂમિ સુહાઈ ॥
સબ દુખ બરજિત પ્રજા સુખારી । ધરમસીલ સુંદર નર નારી ॥ ૧॥

રાજા પ્રતાપભાનુનું બળ પામીને ભૂમિ સુંદર કામધેનુ (મનવાંછિત વસ્તુ આપનાર) બની ગઈ. [તેમના રાજ્યમાં] પ્રજા સર્વે [પ્રકારનાં] દુઃખોથી રહિત અને સુખી હતી. બધાં સ્ત્રી-પુરુષો સુંદર અને ધર્માત્મા હતાં. ॥ ૧॥

સચિવ ધરમરુચિ હરિ પદ પ્રીતી । નૃપ હિત હેતુ સિખવ નિત નીતી ॥
ગુર સુર સંત પિતર મહિદેવા । કરઈ સદા નૃપ સબ કૈ સેવા ॥ ૨॥

ધર્મરુચિ મંત્રીનો શ્રીહરિના ચરણોમાં પ્રેમ હતો. તે રાજાના હિત માટે સદાય તેને નીતિ શીખવતો હતો. રાજા ગુરુ, દેવતા, સંત, પિતૃ અને બ્રાહ્મણ - એ સર્વેની સદા સેવા કર્યા કરતો હતો. ॥ ૨॥

ભૂપ ધરમ જે બેદ બખાને । સકલ કરઈ સાદર સુખ માને ॥
દિન પ્રતિ દેઇ બિબિધ બિધિ દાના । સુનઈ સાસ્ત્ર બર બેદ પુરાના ॥ ૩॥

વેદોમાં રાજાઓના જે ધર્મ બતાવવામાં આવ્યા છે, તે સર્વેનું રાજા સદા આદરપૂર્વક અને સુખ માનીને પાલન કરતો હતો. પ્રતિદિન અનેક પ્રકારનાં દાન આપતો અને ઉત્તમ શાસ્ત્ર, વેદ અને પુરાણ સાંભળતો હતો. ॥ ૩॥

નાના બાપીં કૂપ તડ઼ાગા । સુમન બાટિકા સુંદર બાગા ॥
બિપ્રભવન સુરભવન સુહાએ । સબ તીરથન્હ બિચિત્ર બનાએ ॥ ૪॥

તેણે ઘણી જ વાવડીઓ, કૂવા, તળાવ, ફૂલવાડીઓ, સુંદર બગીચા, બ્રાહ્મણો માટે ઘર અને દેવતાઓનાં સુંદર વિચિત્ર મંદિર સર્વે તીર્થોમાં બનાવડાવ્યાં. ॥ ૪॥

દો૦ – જહઁ લગિ કહે પુરાન શ્રુતિ એક એક સબ જાગ ।
બાર સહસ્ર સહસ્ર નૃપ કિએ સહિત અનુરાગ ॥ ૧૫૫॥

વેદ અને પુરાણોમાં જેટલા પ્રકારના યજ્ઞો કહેવાયા છે, રાજાએ એક-એક કરીને તે સર્વે યજ્ઞોને પ્રેમસહિત હજાર-હજાર વાર કર્યા. ॥ ૧૫૫॥

ચૌ૦ – હૃદયઁ ન કછુ ફલ અનુસંધાના । ભૂપ બિબેકી પરમ સુજાના ॥
કરઈ જે ધરમ કરમ મન બાની । બાસુદેવ અર્પિત નૃપ ગ્યાની ॥ ૧॥

[રાજાના] હૃદયમાં કોઈ ફળની કામના ન હતી. રાજા ઘણો જ બુદ્ધિમાન અને જ્ઞાની હતો. તે જ્ઞાની રાજા કર્મ, મન અને વાણીથી જે કંઈ પણ ધર્મ કરતો હતો, તે સર્વે ભગવાન વાસુદેવને અર્પણ કરીને કરતો હતો. ॥ ૧॥

ચઢ़િ બર બાજિ બાર એક રાજા । મૃગયા કર સબ સાજિ સમાજા ॥
બિંધ્યાચલ ગભીર બન ગયઊ । મૃગ પુનીત બહુ મારત ભયઊ ॥ ૨॥

એક વખત તે રાજા એક સુંદર ઘોડા પર સવાર થઈને, શિકાર કરવાનો સર્વ સામાન લઈને વિન્ધ્યાચલના ગાઢ જંગલમાં ગયો અને ત્યાં તેણે ઘણા જ શ્રેષ્ઠ-શ્રેષ્ઠ હરણો માર્યાં. ॥ ૨॥

ફિરત બિપિન નૃપ દીખ બરાહૂ । જનુ બન દુરેઉ સસિહિ ગ્રસિ રાહૂ ॥
બડ઼ બિધુ નહિં સમાત મુખ માહીં । મનહુઁ ક્રોધ બસ ઉગિલત નાહીં ॥ ૩॥

રાજાએ વનમાં ફરતાં એક સૂવર જોયું. [દાંતોના કારણે એ એવું દેખાતું હતું] જાણે ચન્દ્રમાને ગ્રસીને (મોંમાં પકડીને) રાહુ વનમાં આવી છુપાયો હોય. ચન્દ્રમા મોટો હોવાથી તેના મોંમાં સમાતો નથી અને જાણે તે પણ ક્રોધવશ તેને ઓકતો પણ નથી. ॥ ૩॥

કોલ કરાલ દસન છબિ ગાઈ । તનુ બિસાલ પીવર અધિકાઈ ॥
ઘુરુઘુરાત હય આરૌ પાએઁ । ચકિત બિલોકત કાન ઉઠાએઁ ॥ ૪॥

આ તો સૂવરના ભયાનક દાંતોની શોભા કહેવામાં આવી. [અહીં] તેનું શરીર પણ ઘણું વિશાળ અને જાડું હતું. ઘોડાનો અણસાર પામી તે ઘૂરકતું ઘૂરકતું કાન ઉઠાવી સાવધાન બનીને જોઈ રહ્યું હતું. ॥ ૪॥

દો૦– નીલ મહીધર સિખર સમ દેખિ બિસાલ બરાહુ ।
ચપરિ ચલેઉ હય સુટુકિ નૃપ હાઁકિ ન હોઈ નિબાહુ ॥ ૧૫૬॥

નીલ પર્વતના શિખરની જેવા વિશાળ [શરીરવાળા] તે સૂવરને જોઈને રાજા ઘોડાને ચાબુક લગાવી ઝડપથી ચાલ્યો અને સૂવરને લલકાર્યું કે હવે તારો બચાવ નહિ થઈ શકે. ॥ ૧૫૬॥

ચૌ૦– આવત દેખિ અધિક રવ બાજી । ચલેઉ બરાહ મરુત ગતિ ભાજી ॥
તુરત કીન્હ નૃપ સર સંધાના । મહિ મિલિ ગયઉ બિલોકત બાના ॥ ૧॥

ઘોડાને [પોતાની તરફ] અધિક વેગથી ધસી આવતો જોઈને સૂવર પવનવેગે દોડ્યું. રાજાએ તરત જ બાણને ધનુષ પર ચઢાવ્યું. સૂવર બાણને જોતાં જ પૃથ્વીસરસુ થઈ ગયું (લપાઈ ગયું). ॥ ૧॥

તકિ તકિ તીર મહીસ ચલાવા । કરિ છલ સુઅર સરીર બચાવા ॥
પ્રગટત દુરત જાઇ મૃગ ભાગા । રિસ બસ ભૂપ ચલેઉ સઁગ લાગા ॥ ૨॥

રાજા તાકી-તાકીને તીર ચલાવે છે, પરંતુ સૂવર છળ કરીને શરીરને બચાવતું જાય છે. તે પશુ ક્યારેક પ્રકટ થતું હતું અને ક્યારેક સંતાતુ નાસતું જતું હતું. રાજા પણ ક્રોધવશ તેની પાછળ ચાલ્યો જતો હતો. ॥ ૨॥

ગયઉ દૂરિ ઘન ગહન બરાહૂ । જહઁ નાહિન ગજ બાજિ નિબાહૂ ॥
અતિ અકેલ બન બિપુલ કલેસૂ । તદપિ ન મૃગ મગ તજઇ નરેસૂ ॥ ૩॥

સૂવર ઘણે દૂર એવા ગાઢ જંગલમાં જતું રહ્યું, જ્યાં હાથી ઘોડા પાર પામી શકતા ન હતા. રાજા બિલકુલ એકલો હતો અને વનમાં વ્યથા પણ ઘણી હતી, તો પણ રાજાએ તે પશુનો પીછો ન છોડ્યો. ॥ ૩॥

કોલ બિલોકિ ભૂપ બડ઼ ધીરા । ભાગિ પૈઠ ગિરિગુહાઁ ગભીરા ॥
અગમ દેખિ નૃપ અતિ પછિતાઈ । ફિરેઉ મહાબન પરેઉ ભુલાઈ ॥ ૪॥

રાજાને ઘણો ધૈર્યવાન જોઈને સૂવર નાસીને પર્વતની એક ઊંડી ગુફામાં પેસી ગયું. તેમાં જવું કઠિન જોઈને રાજાને ઘણા પસ્તાઈને પાછા ફરવું પડ્યું; પણ તે ગાઢ જંગલમાં તે રસ્તો ભૂલી ગયો. ॥ ૪॥

દો૦ – ખેદ ખિન્ન છુદ્ધિત તૃષિત રાજા બાજિ સમેત।
ખોજત બ્યાકુલ સરિત સર જલ બિનુ ભયઉ અચેત ॥ ૧૫૭॥

ઘણો પરિશ્રમ કરવાથી થાકેલો અને ઘોડા સહિત ભૂખ-તરસથી વ્યાકુળ રાજા નદી-તળાવ શોધતાં-શોધતાં પાણી વગર વ્યાકુળ થઈ ગયો. ॥ ૧૫૭॥

ચૌ૦ – ફિરત બિપિન આશ્રમ એક દેખા। તહઁ બસ નૃપતિ કપટ મુનિબેષા ॥
જાસુ દેસ નૃપ લીન્હ છડ઼ાઈ। સમર સેન તજિ ગયઉ પરાઈ ॥ ૧॥

વનમાં ફરતાં ફરતાં તેણે એક આશ્રમ જોયો; ત્યાં કપટપૂર્વક મુનિનો વેષ ધરીને એક રાજા રહેતો હતો, જેનો દેશ રાજા પ્રતાપભાનુએ પડાવી લીધો હતો અને જે સેનાને છોડીને યુદ્ધમાંથી ભાગી ગયો હતો. ॥ ૧॥

સમય પ્રતાપભાનુ કર જાની। આપન અતિ અસમય અનુમાની ॥
ગયઉ ન ગૃહ મન બહુત ગલાની। મિલા ન રાજહિ નૃપ અભિમાની ॥ ૨॥

પ્રતાપભાનુનો સમય (સારા દિવસો) જાણીને અને પોતાના કુસમય(ખરાબ દિવસો)નું અનુમાન કરી તેના મનમાં મોટી ગ્લાનિ થઈ હતી. એથી તે ન તો ઘેર ગયો અને અભિમાની હોવાને કારણે ન તો રાજા પ્રતાપભાનુને મળ્યો(અર્થાત્ પ્રતાપભાનુ સાથે સંધિ ન કરી). ॥ ૨॥

રિસ ઉર મારિ રંક જિમિ રાજા। બિપિન બસઇ તાપસ કેં સાજા ॥
તાસુ સમીપ ગવન નૃપ કીન્હા। યહ પ્રતાપરબિ તેહિં તબ ચીન્હા ॥ ૩॥

દરિદ્રની જેમ મનમાં જ ક્રોધને મારીને તે રાજા તપસ્વીના વેશમાં વનમાં રહેતો હતો. રાજા (પ્રતાપભાનુ) તેના પાસે ગયો. તેણે તરત જ ઓળખી લીધો કે આ પ્રતાપભાનુ છે. ॥ ૩॥

રાઉ તૃષિત નહિં સો પહિચાના। દેખિ સુબેષ મહામુનિ જાના ॥
ઉતરિ તુરગ તેં કીન્હ પ્રનામા। પરમ ચતુર ન કહેઉ નિજ નામા ॥ ૪॥

રાજા તરસ્યો હોવાને કારણે [વ્યાકુળતાથી] તેને ઓળખી ન શક્યો. સુંદર વેષ જોઈને રાજાએ તેને મહામુનિ જાણીને ઘોડા ઉપરથી ઊતરીને એને પ્રણામ કર્યા. પરંતુ ખૂબ ચતુર હોવાને કારણે રાજાએ તેને પોતાનું નામ ન બતાવ્યું. ॥ ૪॥

દો૦ – ભૂપતિ તૃષિત બિલોકિ તેહિં સરબરુ દીન્હ દેખાઇ।
મજ્જન પાન સમેત હય કીન્હ નૃપતિ હરષાઇ ॥ ૧૫૮॥

રાજાને તરસ્યો જોઈને તેણે સરોવર બતાવી દીધું. પ્રસન્ન થઈને રાજાએ ઘોડાસહિત તેમાં સ્નાન કર્યું અને જળપાન કર્યું. ॥ ૧૫૮॥

ચૌ૦ – ગૈ શ્રમ સકલ સુખી નૃપ ભયઊ। નિજ આશ્રમ તાપસ લૈ ગયઊ ॥
આસન દીન્હ અસ્ત રબિ જાની। પુનિ તાપસ બોલેઉ મૃદુ બાની ॥ ૧॥

બધો થાક ઊતરી ગયો, રાજા સુખી થઈ ગયો, ત્યારે તપસ્વી તેને પોતાના આશ્રમમાં લઈ ગયો અને સૂર્યાસ્તનો સમય જાણીને રાજાને બેસવા માટે આસન આપ્યું. પછી તે તપસ્વી કોમળ વાણીથી બોલ્યો – ॥ ૧॥

કો તુમ્હ કસ બન ફિરહુ અકેલેં। સુંદર જુબા જીવ પરહેલેં॥
ચક્રબર્તિ કે લચ્છન તોરેં। દેખત દયા લાગિ અતિ મોરેં॥ ૨॥

તમે કોણ છો? સુંદર યુવક થઈને, જીવનની પરવા ન કરીને, વનમાં એકલા કેમ ફરી રહ્યા છો? તમારા ચક્રવર્તી રાજા જેવાં લક્ષણો જોઈને મને ઘણી દયા આવે છે. ॥ ૨॥

નામ પ્રતાપભાનુ અવનીસા। તાસુ સચિવ મૈં સુનહુ મુનીસા॥
ફિરત અહેરેં પરેઉઁ ભુલાઈ। બડ઼ે ભાગ દેખેઉઁ પદ આઈ॥ ૩॥

[રાજાએ કહ્યું –] હે મુનીશ્વર! સાંભળો, પ્રતાપભાનુ નામે એક રાજા છે, હું એમનો મંત્રી છું. શિકાર માટે ફરતાં હું રસ્તો ભૂલી ગયો છું. મોટા ભાગ્યને લીધે અહીં આવી હું આપના ચરણોનાં દર્શન પામ્યો છું. ॥ ૩॥

હમ કહઁ દુર્લભ દરસ તુમ્હારા। જાનત હૌં કછુ ભલ હોનિહારા॥
કહ મુનિ તાત ભયઉ અઁધિઆરા। જોજન સત્તરિ નગરુ તુમ્હારા॥ ૪॥

અમને આપનું દર્શન દુર્લભ હતું, એટલે એમ જણાય છે કે કંઈક ભલું થવાનું છે. મુનિએ કહ્યું – હે તાત! અંધારું થઈ ગયું. તમારું નગર અહીંથી સિત્તેર યોજન દૂર છે. ॥ ૪॥

દો૦– નિસા ઘોર ગંભીર બન પંથ ન સુનહુ સુજાન।
બસહુ આજુ અસ જાનિ તુમ્હ જાએહુ હોત બિહાન॥ ૧૫૯ (ક)॥

હે સુજ્ઞ! સાંભળો, ઘોર અંધારી રાત છે, ગાઢ જંગલ છે, રસ્તો નથી એમ સમજી તમે આજે અહીં જ રોકાઈ જાઓ, સવાર થતાં જ ચાલ્યા જજો. ॥ ૧૫૯ (ક)॥

તુલસી જસિ ભવતબ્યતા તૈસી મિલઇ સહાઇ।
આપુનુ આવઇ તાહિ પહિં તાહિ તહાઁ લૈ જાઇ॥ ૧૫૯ (ખ)॥

તુલસીદાસજી કહે છે – જેવી ભવિતવ્યતા (ભાવિ) હોય છે, તેવી જ સહાયતા મળી જાય છે. કાં તો તે પોતે જ તેમની પાસે આવે છે, કાં તો એને ત્યાં લઈ જાય છે. ॥ ૧૫૯ (ખ)॥

ચૌ૦– ભલેહિં નાથ આયસુ ધરિ સીસા। બાઁધિ તુરગ તરુ બૈઠ મહીસા॥
નૃપ બહુ ભાઁતિ પ્રસંસેઉ તાહી। ચરન બંદિ નિજ ભાગ્ય સરાહી॥ ૧॥

હે નાથ! બહુ સારું, એમ કહીને અને એમની આજ્ઞા માથે ચઢાવીને, ઘોડાને વૃક્ષ સાથે બાંધીને રાજા બેસી ગયો. રાજાએ તેની અનેક પ્રકારે પ્રશંસા કરી અને તેના ચરણોની વંદના કરીને પોતાના ભાગ્યનાં વખાણ કર્યાં. ॥ ૧॥

પુનિ બોલેઉ મૃદુ ગિરા સુહાઈ। જાનિ પિતા પ્રભુ કરઉઁ ઢિઠાઈ॥
મોહિ મુનીસ સુત સેવક જાની। નાથ નામ નિજ કહહુ બખાની॥ ૨॥

પછી સુંદર કોમળ વાણીમાં કહ્યું – હે પ્રભો! આપને પિતા જાણી હું ધૃષ્ટતા કરું છું. હે મુનીશ્વર! મને પોતાનો પુત્ર અને સેવક જાણીને પોતાનું નામ [ધામ] વિસ્તારથી બતાવો. ॥ ૨॥

તેહિ ન જાન નૃપ નૃપહિ સો જાના। ભૂપ સુહૃદ સો કપટ સયાના॥
બૈરી પુનિ છત્રી પુનિ રાજા। છલ બલ કીન્હ ચહઇ નિજ કાજા॥ ૩॥

રાજાએ તેને ઓળખ્યો ન હતો, પણ રાજાને તે ઓળખી ગયો હતો. રાજા તો શુદ્ધહૃદયી હતો અને પેલો કપટ કરવામાં ચતુર હતો. એક તો વેરી, વળી જાતિનો ક્ષત્રિય, વળી રાજા. પેલો છળબળથી પોતાનું કામ બનાવવા ઇચ્છતો હતો. ॥ ૩॥

સમુઝિ રાજસુખ દુખિત અરાતી। અવાઁ અનલ ઇવ સુલગઇ છાતી॥
સરલ બચન નૃપ કે સુનિ કાના। બયર સઁભારિ હૃદયઁ હરષાના॥ ૪॥

તે શત્રુ પોતાના રાજ્ય-સુખને જાણીને (સ્મરણ કરીને) દુઃખી હતો. તેની છાતી (કુંભારના) નિભાડાના અગ્નિ પેઠે (અંદર જ અંદર) સળગી રહી હતી. રાજાનાં સરળ વચન કાનથી સાંભળી, પોતાના વેરને યાદ કરી તે અંતરમાં હર્ષ પામ્યો. ॥ ૪॥

દો૦– કપટ બોરિ બાની મૃદુલ બોલેઉ જુગુતિ સમેત।
નામ હમાર ભિખારિ અબ નિર્ધન રહિત નિકેત॥ ૧૬૦॥

તે કપટથી તરબોળ ઘણી યુક્તિ સાથે કોમળ વાણી બોલ્યો – હવે, અમારું નામ ભિખારી છે. કારણ કે અમે નિર્ધન અને અનિકેત (ઘર-દ્વારહીન) છીએ. ॥ ૧૬૦॥

ચૌ૦– કહ નૃપ જે બિગ્યાન નિધાના। તુમ્હ સારિખે ગલિત અભિમાના॥
સદા રહહિં અપનપૌ દુરાએઁ। સબ બિધિ કુસલ કુબેષ બનાએઁ॥ ૧॥

રાજાએ કહ્યું – જે આપના જેવા વિજ્ઞાનના ભંડાર અને સર્વથા અભિમાનરહિત હોય છે, તે પોતાના સ્વરૂપને સદા સંતાડી રાખે છે. કેમકે કુવેશ બનાવી રહેવામાં જ બધી રીતે કલ્યાણ છે (પ્રકટ સંતવેશમાં માન મળવાની અને માનથી પતનની સંભાવના છે). ॥ ૧॥

તેહિ તેં કહહિં સંત શ્રુતિ ટેરેં। પરમ અકિંચન પ્રિય હરિ કેરેં॥
તુમ્હ સમ અધન ભિખારિ અગેહા। હોત બિરંચિ સિવહિ સંદેહા॥ ૨॥

એટલે જ સંતો અને વેદો પોકારીને કહે છે કે પરમ અકિંચન (સર્વથા અહંકાર, મમતા અને માનરહિત) જ ભગવાનને પ્રિય હોય છે. આપ જેવા નિર્ધન, ભિખારી અને ગૃહહીનોને જોઈને બ્રહ્મા અને શિવજીને પણ સંશય થઈ જાય છે [કે તેઓ વાસ્તવિક સંત છે કે ભિખારી]. ॥ ૨॥

જોસિ સોસિ તવ ચરન નમામી। મો પર કૃપા કરિઅ અબ સ્વામી॥
સહજ પ્રીતિ ભૂપતિ કૈ દેખી। આપુ બિષય બિસ્વાસ બિસેષી॥ ૩॥

આપ જે હોવ તે (અર્થાત્ જે કોઈ પણ હોવ), હું આપના ચરણોમાં નમસ્કાર કરું છું. હે સ્વામી! હવે મારા પર કૃપા કરો. પોતાના ઉપર રાજાની સ્વાભાવિક પ્રીતિ અને પોતાને વિષે તેનો અધિક વિશ્વાસ જોઈને – ॥ ૩॥

સબ પ્રકાર રાજહિ અપનાઈ । બોલેઉ અધિક સનેહ જનાઈ ॥
સુનુ સતિભાઉ કહઉँ મહિપાલા । ઈહાँ બસત બીતે બહુ કાલા ॥ ૪॥

સર્વે પ્રકારથી રાજાને પોતાના વશમાં કરીને, અધિક સ્નેહ બતાવતાં તે (કપટ-તપસ્વી) બોલ્યો – હે રાજન્! સાંભળો, હું તમને સત્ય કહું છું. મને અહીં રહેતાં ઘણો કાળ વીતી ગયો. ॥ ૪॥

દો૦– અબ લગિ મોહિ ન મિલેઉ કોઉ મૈં ન જનાવઉँ કાહુ ।
લોકમાન્યતા અનલ સમ કર તપ કાનન દાહુ ॥ ૧૬૧ (ક)॥

આજ સુધી ન તો કોઈ મને મળ્યું અને ન હું પોતાને કોઈની પાસે પ્રકટ કરું છું; કેમ કે લોકમાં પ્રતિષ્ઠા અગ્નિ સમાન છે જે તપરૂપી વનને ભસ્મ કરી નાખે છે. ॥ ૧૬૧ (ક)॥

સો૦– તુલસી દેખિ સુબેષુ ભૂલહિં મૂઢ़ ન ચતુર નર ।
સુંદર કેકિહિ પેખુ બચન સુધા સમ અસન અહિ ॥ ૧૬૧ (ખ)॥

તુલસીદાસજી કહે છે – સુંદર વેશ જોઈને મૂઢ જ નહીં, ચતુર મનુષ્ય પણ છેતરાઈ જાય છે. સુંદર મોરને જુઓ, તેનાં વચન તો અમૃત જેવાં છે અને આહાર સર્પનો છે. ॥ ૧૬૧ (ખ)॥

ચૌ૦– તાતેં ગુપુત રહઉँ જગ માહીં । હરિ તજિ કિમપિ પ્રયોજન નાહીં ॥
પ્રભુ જાનત સબ બિનહિં જનાએँ । કહહુ કવનિ સિધિ લોક રિઝાએँ ॥ ૧॥

[કપટ-તપસ્વીએ કહ્યું –] એટલે જ હું જગતમાં સંતાઈને રહું છું. શ્રીહરિના સિવાય કોઈથી કંઈ પણ પ્રયોજન રાખતો નથી. પ્રભુ તો વિના જણાવ્યે જ સર્વ જાણે છે. તો કહો, સંસારને રીઝવવાથી શું સિદ્ધિ મળશે? ॥ ૧॥

તુમ્હ સુચિ સુમતિ પરમ પ્રિય મોરેં । પ્રીતિ પ્રતીતિ મોહિ પર તોરેં ॥
અબ જૌં તાત દુરાવઉँ તોહી । દારુન દોષ ઘટઇ અતિ મોહી ॥ ૨॥

તમે પવિત્ર અને સુંદર બુદ્ધિવાળા છો, એટલે મને ઘણા જ પ્રિય છો અને તમારી પણ મારા પર પ્રીતિ અને વિશ્વાસ છે. હે તાત! હવે જો હું તમારાથી કંઈ છુપાવું તો મને ઘણો જ ભયાનક દોષ લાગશે. ॥ ૨॥

જિમિ જિમિ તાપસુ કથઇ ઉદાસા । તિમિ તિમિ નૃપહિ ઉપજ બિસ્વાસા ॥
દેખા સ્વબસ કર્મ મન બાની । તબ બોલા તાપસ બગધ્યાની ॥ ૩॥

જેમ જેમ તે તપસ્વી ઉદાસીનતાની વાતો કહેતો હતો, તેમ તેમ રાજાને વિશ્વાસ ઉત્પન્ન થતો જતો હતો. જ્યારે તે બગલાની જેમ ધ્યાન કરનારા (કપટી) મુનિએ રાજાને કર્મ, મન અને વચનથી પોતાના વશમાં જાણ્યો, ત્યારે તે બોલ્યો – ॥ ૩॥

નામ હમાર એકતનુ ભાઈ । સુનિ નૃપ બોલેઉ પુનિ સિરુ નાઈ ॥
કહહુ નામ કર અરથ બખાની । મોહિ સેવક અતિ આપન જાની ॥ ૪॥

હે ભાઈ! અમારું નામ એકતનુ છે. એ સાંભળીને રાજાએ ફરી શીશ નમાવી કહ્યું – મને પોતાનો અત્યંત [અનુરાગી] સેવક જાણીને પોતાના નામનો અર્થ સમજાવીને કહો. ॥ ૪॥

દો૦ – આદિસૃષ્ટિ ઉપજી જબહિં તબ ઉતપતિ ભૈ મોરિ ।
નામ એકતનુ હેતુ તેહિ દેહ ન ધરી બહોરિ ॥ ૧૬૨॥

[કપટી મુનિએ કહ્યું –] જ્યારે સર્વપ્રથમ સૃષ્ટિ ઉત્પન્ન થઈ હતી, ત્યારે મારી ઉત્પત્તિ થઈ હતી. ત્યારથી મેં ફરી બીજો દેહ ધારણ કર્યો નથી, એટલે મારું નામ એકતનુ છે. ॥ ૧૬૨॥

ચૌ૦ – જનિ આચરજુ કરહુ મન માહીં । સુત તપ તેં દુર્લભ કછુ નાહીં ॥
તપબલ તેં જગ સૃજઇ બિધાતા । તપબલ બિષ્નુ ભએ પરિત્રાતા ॥ ૧॥

હે પુત્ર! મનમાં આશ્ચર્ય ન પામીશ, તપથી કંઈ પણ દુર્લભ નથી, તપના બળથી બ્રહ્મા જગતને રચે છે. તપના જ બળે વિષ્ણુ સંસારનું પાલન કરનારા બન્યા છે. ॥ ૧॥

તપબલ સંભુ કરહિં સંઘારા । તપ તેં અગમ ન કછુ સંસારા ॥
ભયઉ નૃપહિ સુનિ અતિ અનુરાગા । કથા પુરાતન કહૈ સો લાગા ॥ ૨॥

તપના બળથી રુદ્ર સંહાર કરે છે. સંસારમાં કોઈ એવી વસ્તુ નથી જે તપથી ન મળી શકે. આ સાંભળીને રાજાને તપસ્વી પ્રત્યે ઘણો અનુરાગ થયો. ત્યારે તે (તપસ્વી) જૂની કથાઓ કહેવા લાગ્યો. ॥ ૨॥

કરમ ધરમ ઈતિહાસ અનેકા । કરઈ નિરુપન બિરતિ બિબેકા ॥
ઉદભવ પાલન પ્રલય કહાની । કહેસિ અમિત આચરજ બખાની ॥ ૩॥

કર્મ, ધર્મ અને અનેક પ્રકારના ઈતિહાસ કહીને તે વૈરાગ્ય અને જ્ઞાનનું નિરૂપણ કરવા લાગ્યો. સૃષ્ટિની ઉત્પત્તિ, પાલન (સ્થિતિ) અને સંહાર(પ્રલય)ની અપાર આશ્ચર્યભરેલી કથાઓ તેણે વિસ્તારથી કહી. ॥ ૩॥

સુનિ મહીપ તાપસ બસ ભયઊ । આપન નામ કહન તબ લયઊ ॥
કહ તાપસ નૃપ જાનઉँ તોહી । કીન્હેહુ કપટ લાગ ભલ મોહી ॥ ૪॥

રાજા આ સાંભળીને તે તપસ્વીના વશમાં થઈ ગયો અને ત્યારે તે તેને પોતાનું નામ બતાવવા લાગ્યો. તપસ્વીએ કહ્યું – રાજન્! હું તમને ઓળખું છું, તમે કપટ કર્યું, તે મને ઠીક લાગ્યું છે. ॥ ૪॥

સો૦ – સુનુ મહીસ અસિ નીતિ જહँ તહँ નામ ન કહહિં નૃપ ।
મોહિ તોહિ પર અતિ પ્રીતિ સોઇ ચતુરતા બિચારિ તવ ॥ ૧૬૩॥

હે રાજન્! સાંભળો, એવી નીતિ છે કે રાજા લોકો જ્યાં-ત્યાં પોતાનું નામ નથી કહેતા. તમારી એ જ ચતુરાઈને સમજીને તમારા પર મારો ઘણો સ્નેહ થઈ ગયો છે. ॥ ૧૬૩॥

ચૌ૦ – નામ તુમ્હાર પ્રતાપ દિનેસા । સત્યકેતુ તવ પિતા નરેસા ॥
ગુર પ્રસાદ સબ જાનિઅ રાજા । કહિઅ ન આપન જાનિ અકાજા ॥ ૧॥

તમારું નામ પ્રતાપભાનુ છે, મહારાજ સત્યકેતુ તમારા પિતા હતા. હે રાજન્! ગુરુની કૃપાથી હું બધું જાણું છું પણ પોતાનું અકાર્ય [પોતાની હાનિ] માનીને કહેતો નથી. ॥ ૧॥

દેખિ તાત તવ સહજ સુધાઈ । પ્રીતિ પ્રતીતિ નીતિ નિપુનાઈ ॥
ઉપજિ પરી મમતા મન મોરેં । કહઉઁ કથા નિજ પૂછે તોરેં ॥ ૨॥

હે તાત! તમારી સ્વાભાવિક સરળતા, પ્રેમ, વિશ્વાસ અને નીતિમાં નિપુણતા જોઈને મારા મનમાં તમારા ઉપર ઘણી મમતા ઉત્પન્ન થઈ છે, માટે હું તમારા પૂછવાથી પોતાની કથા કહું છું. ॥ ૨॥

અબ પ્રસન્ન મૈં સંસય નાહીં । માગુ જો ભૂપ ભાવ મન માહીં ॥
સુનિ સુબચન ભૂપતિ હરષાના । ગહિ પદ બિનય કીન્હિ બિધિ નાના ॥ ૩॥

હવે હું પ્રસન્ન છું, એમાં સંશય ન કરશો. હે રાજન્! જે મનને ગમે તે જ માગી લો. સુંદર (પ્રિય) વચન સાંભળીને રાજા હર્ષિત થઈ ગયો અને [મુનિના] પગ પકડીને તેણે અનેક પ્રકારે વિનંતી કરી. ॥ ૩॥

કૃપાસિંધુ મુનિ દરસન તોરેં । ચારિ પદારથ કરતલ મોરેં ॥
પ્રભુહિ તથાપિ પ્રસન્ન બિલોકી । માગિ અગમ બર હોઉઁ અસોકી ॥ ૪॥

હે દયાસાગર મુનિ! આપનાં દર્શનથી જ ચારેય પદાર્થ (અર્થ, ધર્મ, કામ અને મોક્ષ) મારી મુઠ્ઠીમાં આવી ગયા. તો પણ સ્વામીને પ્રસન્ન જોઈને હું આ દુર્લભ વર માગીને શોકરહિત [કેમ ન] થઈ જાઉં. ॥ ૪॥

દો૦ – જરા મરન દુખ રહિત તનુ સમર જિતૈ જનિ કોઉ ।
એકછત્ર રિપુહીન મહિ રાજ કલપ સત હોઉ ॥ ૧૬૪॥

મારું શરીર વૃદ્ધાવસ્થા અને મૃત્યુના દુઃખથી રહિત થઈ જાય; મને યુદ્ધમાં કોઈ જીતી ન શકે અને પૃથ્વી પર મારું સો કલ્પ સુધી એકછત્ર અકંટક રાજ્ય થાય. ॥ ૧૬૪॥

ચૌ૦ – કહ તાપસ નૃપ ઐસેઇ હોઊ । કારન એક કઠિન સુનુ સોઊ ॥
કાલઉ તુઅ પદ નાઇહિ સીસા । એક બિપ્રકુલ છાડ઼િ મહીસા ॥ ૧॥

તપસ્વીએ કહ્યું – હે રાજન્! એમ જ થાવ, પણ તેમાં એક કારણ (વિઘ્ન) છે અને તે ઘણું કઠિન છે, તે પણ સાંભળી લો. હે પૃથ્વીના સ્વામી! કેવળ બ્રાહ્મણકુળને છોડી કાળ પણ તમારા ચરણોમાં માથું નમાવશે. ॥ ૧॥

તપબલ બિપ્ર સદા બરિઆરા । તિન્હ કે કોપ ન કોઉ રખવારા ॥
જૌં બિપ્રન્હ બસ કરહુ નરેસા । તૌ તુઅ બસ બિધિ બિષ્નુ મહેસા ॥ ૨॥

તપના બળે બ્રાહ્મણ સદા બળવાન રહે છે. તેના ક્રોધથી રક્ષા કરનાર કોઈ નથી. હે નરપતિ! જો તમે બ્રાહ્મણોને વશમાં કરી લો, તો બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ તમારા આધીન થઈ જશે. ॥ ૨॥

ચલ ન બ્રહ્મકુલ સન બરિઆઈ । સત્ય કહઉઁ દોઉ ભુજા ઉઠાઈ ॥
બિપ્ર શ્રાપ બિનુ સુનુ મહિપાલા । તોર નાસ નહિં કવનેહુઁ કાલા ॥ ૩॥

બ્રાહ્મણકુળ પર જોર-જબરજસ્તી ચાલી નથી શકતી, હું બંને ભુજાઓ ઉઠાવી સત્ય કહું છું. હે રાજન્! સાંભળો, બ્રાહ્મણોના શાપ સિવાય તમારો નાશ કોઈ કાળમાં નહિ થાય. ॥ ૩॥

હરષેઉ રાઉ બચન સુનિ તાસૂ। નાથ ન હોઈ મોર અબ નાસૂ॥
તવ પ્રસાદ પ્રભુ કૃપાનિધાના। મો કહુઁ સર્બ કાલ કલ્યાના॥૪॥

રાજા તેનાં વચન સાંભળી ઘણો પ્રસન્ન થયો અને કહેવા લાગ્યો – હે સ્વામી! મારો નાશ હવે નહીં થાય. હે કૃપાનિધાન પ્રભુ! આપની કૃપાથી મારું સર્વ કાળે કલ્યાણ થશે. ॥૪॥

દો૦– એવમસ્તુ કહિ કપટ મુનિ બોલા કુટિલ બહોરિ।
મિલબ હમાર ભુલાબ નિજ કહહુ ત હમહિ ન ખોરિ॥૧૬૫॥

'એવમસ્તુ' (એમ જ થાઓ) કહીને તે કુટિલ કપટી મુનિ પછી બોલ્યો – [પરંતુ] તમે મારા મળવા તથા પોતાના માર્ગ ભૂલી જવાની વાત કોઈને [કહેશો નહિ, જો] કહી દેશો, તો અમારો દોષ નથી. ॥૧૬૫॥

ચૌ૦– તાતેં મૈં તોહિ બરજઉઁ રાજા। કહેં કથા તવ પરમ અકાજા॥
છઠેં શ્રવન યહ પરત કહાની। નાસ તુમ્હાર સત્ય મમ બાની॥૧॥

હે રાજન્! હું તમને એટલા માટે ના પાડું છું કે આ પ્રસંગને કહેવાથી તમને મોટી હાનિ થશે. છઠ્ઠા કાનમાં આ વાત પડતાં જ તમારો નાશ થઈ જશે, મારું આ વચન સત્ય માનજો. ॥૧॥

યહ પ્રગટેં અથવા દ્વિજશ્રાપા। નાસ તોર સુનુ ભાનુપ્રતાપા॥
આન ઉપાયઁ નિધન તવ નાહીં। જૌં હરિ હર કોપહિં મન માહીં॥૨॥

હે પ્રતાપભાનુ! સાંભળો, આ વાતને પ્રકટ કરવાથી અથવા બ્રાહ્મણોના શાપથી તમારો નાશ થશે અને બીજા કોઈ કારણે, ભલેને બ્રહ્મા અને શંકર પણ મનમાં ક્રોધ કરે તો પણ તમારું મૃત્યુ નહીં થાય. ॥૨॥

સત્ય નાથ પદ ગહિ નૃપ ભાષા। દ્વિજ ગુર કોપ કહહુ કો રાખા॥
રાખઈ ગુર જૌં કોપ બિધાતા। ગુર બિરોધ નહિં કોઉ જગ ત્રાતા॥૩॥

રાજાએ મુનિના ચરણ પકડીને કહ્યું – હે સ્વામી! સત્ય જ છે. બ્રાહ્મણ અને ગુરુના ક્રોધથી કહો કોણ રક્ષા કરી શકે છે? જો બ્રહ્મા પણ ક્રોધ કરે તો ગુરુ બચાવી લે છે; પણ ગુરુ સાથે વિરોધ કરવાથી જગતમાં કોઈ પણ બચાવનાર નથી. ॥૩॥

જૌં ન ચલબ હમ કહે તુમ્હારેં। હોઉ નાસ નહિં સોચ હમારેં॥
એકહિં ડર ડરપત મન મોરા। પ્રભુ મહિદેવ શ્રાપ અતિ ઘોરા॥૪॥

જો હું આપના કહ્યા પ્રમાણે નહીં ચાલું તો [ભલે] મારો નાશ થઈ જાય. મને એની ચિંતા નથી. મારું મન તો હે પ્રભુ! [કેવળ] એક જ ભયથી ડરી રહ્યું છે કે બ્રાહ્મણોનો શાપ ઘણો ભયાનક હોય છે. ॥૪॥

દો૦– હોહિં બિપ્ર બસ કવન બિધિ કહહુ કૃપા કરિ સોઉ।
તુમ્હ તજિ દીનદયાલ નિજ હિતૂ ન દેખઉઁ કોઉ॥૧૬૬॥

તે બ્રાહ્મણ કઈ રીતે વશમાં થઈ શકે છે, કૃપા કરીને તે પણ બતાવો. હે દીનદયાળુ! આપના સિવાય અન્ય કોઈને હું પોતાનો હિતેચ્છુ જોતો નથી. ॥૧૬૬॥

ચૌ૦ – સુનુ નૃપ બિબિધ જતન જગ માહીં। કષ્ટસાધ્ય પુનિ હોહિં કિ નાહીં॥
અહઇ એક અતિ સુગમ ઉપાઈ। તહાઁ પરંતુ એક કઠિનાઈ॥૧॥

[તપસ્વીએ કહ્યું –] હે રાજન્! સાંભળો, સંસારમાં ઉપાય તો ઘણા છે; પરંતુ તે કષ્ટસાધ્ય છે (ઘણી મુશ્કેલીઓથી સાધ્ય થાય છે) અને આમ છતાંય, સિદ્ધ થાય કે ન પણ થાય (તેમની સફળતા નિશ્ચિત નથી). હા, એક ઉપાય ઘણો જ સરળ છે; પરંતુ તેમાં પણ એક મુશ્કેલી તો છે જ. ॥૧॥

મમ આધીન જુગુતિ નૃપ સોઈ। મોર જાબ તવ નગર ન હોઈ॥
આજુ લગેં અરુ જબ તેં ભયઉઁ। કાહૂ કે ગૃહ ગ્રામ ન ગયઉઁ॥૨॥

હે રાજન્! તે યુક્તિ તો મારા હાથમાં છે, પણ મારું તમારા નગરમાં જવાનું થઈ નથી શકતું. જ્યારથી જન્મ્યો છું, ત્યારથી આજ સુધી હું કોઈના ઘેર અથવા ગામમાં ગયો નથી. ॥૨॥

જૌં ન જાઉઁ તવ હોઇ અકાજૂ। બના આઇ અસમંજસ આજૂ॥
સુનિ મહીસ બોલેઉ મૃદુ બાની। નાથ નિગમ અસિ નીતિ બખાની॥૩॥

પરંતુ જો જતો નથી, તો તમારું કામ બગડે છે, આજે આ મોટી અવઢવ આવી પડી છે. આ સાંભળીને રાજા કોમળ વાણીમાં બોલ્યા, હે નાથ! વેદોમાં આવી નીતિ કહી છે કે – ॥૩॥

બડ઼ે સનેહ લઘુન્હ પર કરહીં। ગિરિ નિજ સિરનિ સદા તૃન ધરહીં॥
જલધિ અગાધ મૌલિ બહ ફેનૂ। સંતત ધરનિ ધરત સિર રેનૂ॥૪॥

મોટા લોકો નાનાઓ ઉપર સ્નેહ કરે જ છે. પર્વત પોતાના માથા પર સદા તૃણ(ઘાસ)ને ધારણ કરતા હોય છે. અગાધ સમુદ્ર પોતાના શીશ પર ફેણને ધારણ કરે છે અને ધરતી પોતાના માથા પર સદા ધૂળને ધારણ કરે છે. ॥૪॥

દો૦ – અસ કહિ ગહે નરેસ પદ સ્વામી હોહુ કૃપાલ।
મોહિ લાગિ દુખ સહિઅ પ્રભુ સજ્જન દીનદયાલ॥૧૬૭॥

આમ કહીને રાજાએ મુનિના ચરણ પકડી લીધા, [અને કહ્યું –] હે સ્વામી! કૃપા કરો, આપ સંત છો. દીનદયાળુ છો. [માટે] હે પ્રભો! મારા માટે એટલું કષ્ટ [અવશ્ય] સહો. ॥૧૬૭॥

ચૌ૦ – જાનિ નૃપહિ આપન આધીના। બોલા તાપસ કપટ પ્રબીના॥
સત્ય કહઉઁ ભૂપતિ સુનુ તોહી। જગ નાહિન દુર્લભ કછુ મોહી॥૧॥

રાજાને પોતાના આધીન જાણીને કપટમાં પ્રવીણ તપસ્વી બોલ્યો – હે રાજન્! સાંભળો હું તમને સત્ય કહું છું, જગતમાં મને કંઈ પણ દુર્લભ નથી. ॥૧॥

અવસિ કાજ મૈં કરિહઉઁ તોરા। મન તન બચન ભગત તૈં મોરા॥
જોગ જુગુતિ તપ મંત્ર પ્રભાઊ। ફલઇ તબહિં જબ કરિઅ દુરાઊ॥૨॥

હું તમારું કામ અવશ્ય કરીશ; [કેમકે] તમે મન, વાણી અને શરીર[ત્રણેય]થી મારા ભક્ત છો. પણ યોગ, યુક્તિ, તપ અને મન્ત્રનો પ્રભાવ ત્યારે જ ફળીભૂત થાય છે જ્યારે તે છુપાવીને કરવામાં આવે. ॥૨॥

જૌં નરેસ મૈં કરૌં રસોઈ। તુમ્હ પરુસહુ મોહિ જાન ન કોઈ ॥
અન્ન સો જોઇ જોઇ ભોજન કરઈ। સોઇ સોઇ તવ આયસુ અનુસરઈ ॥ ૩॥

હે નરપતિ! હું જો રસોઈ બનાવું અને તમે એને પીરસો અને મને કોઈ જાણી ન શકે, તો તે અન્નને જે-જે ખાશે, તે-તે તમારો આજ્ઞાંકિત થઈ જશે. ॥ ૩॥

પુનિ તિન્હ કે ગૃહ જેવઁઇ જોઊ। તવ બસ હોઇ ભૂપ સુનુ સોઊ ॥
જાઇ ઉપાય રચહુ નૃપ એહૂ। સંબત ભરિ સંકલપ કરેહૂ ॥ ૪॥

એટલું જ નહિ, તેના (ભોજન કરનારના) ઘેર પણ જે કોઈ ભોજન કરશે, હે રાજન્! સાંભળો, તે પણ તમારા આધીન થઈ જશે. હે રાજન્! જઈને આ ઉપાય કરો અને આખાય વર્ષ દરમિયાન (ભોજન કરાવવા]નો સંકલ્પ કરી લેજો. ॥ ૪॥

દો૦ – નિત નૂતન દ્વિજ સહસ સત બરેહુ સહિત પરિવાર।
મૈં તુમ્હરે સંકલપ લગિ દિનહિં કરબિ જેવનાર ॥ ૧૬૮॥

નિત્ય નવા એક લાખ બ્રાહ્મણોને કુટુંબસહિત નિમંત્રિત કરજો. હું તમારા સંકલ્પ [ના કાળ અર્થાત્ એક વર્ષ] સુધી પ્રતિદિન ભોજન બનાવી આપીશ. ॥ ૧૬૮॥

ચૌ૦ – એહિ બિધિ ભૂપ કષ્ટ અતિ થોરેં। હોઇહહિં સકલ બિપ્ર બસ તોરેં ॥
કરિહહિં બિપ્ર હોમ મખ સેવા। તેહિં પ્રસંગ સહજેહિં બસ દેવા ॥ ૧॥

હે રાજન્! આ રીતે ઘણા જ ઓછા પરિશ્રમથી બધા બ્રાહ્મણો તમારા વશમાં થઈ જશે. બ્રાહ્મણ હવન, યજ્ઞ અને સેવા-પૂજા કરશે, તો તે પ્રસંગથી દેવતા પણ સહજ જ વશમાં થઈ જશે. ॥ ૧॥

ઔર એક તોહિ કહઉઁ લખાઊ। મૈં એહિં બેષ ન આઉબ કાઊ ॥
તુમ્હરે ઉપરોહિત કહુઁ રાયા। હરિ આનબ મૈં કરિ નિજ માયા ॥ ૨॥

હું એક બીજી ઓળખ તમને બતાવી દઉં છું કે હું આ રૂપમાં ક્યારેય નહીં આવું. હે રાજન્! હું પોતાની માયાથી તમારા પુરોહિતને હરી લાવીશ. ॥ ૨॥

તપબલ તેહિ કરિ આપુ સમાના। રખિહઉઁ ઇહાઁ બરષ પરવાના ॥
મૈં ધરિ તાસુ બેષુ સુનુ રાજા। સબ બિધિ તોર સઁવારબ કાજા ॥ ૩॥

તપના બળથી તેને પોતાના જેવો બનાવી એક વર્ષ સુધી અહીં રાખીશ અને હે રાજન્! સાંભળો, હું તેનું રૂપ બનાવી બધી રીતે તમારું કાર્ય સિદ્ધ કરીશ. ॥ ૩॥

ગૈ નિસિ બહુત સયન અબ કીજે। મોહિ તોહિ ભૂપ ભેંટ દિન તીજે ॥
મૈં તપબલ તોહિ તુરગ સમેતા। પહુઁચૈહઉઁ સોવતહિ નિકેતા ॥ ૪॥

હે રાજન્! રાત ઘણી વીતી ગઈ, હવે સૂઈ જાઓ. આજથી ત્રીજા દિવસે મારો તમને ભેટો થશે. તપના બળથી હું ઘોડાસહિત તમને ઊંઘમાં જ ઘેર પહોંચાડી દઈશ. ॥ ૪॥

દો૦– મૈં આઉબ સોઇ બેષુ ધરિ પહિચાનેહુ તબ મોહિ ।
જબ એકાંત બોલાઇ સબ કથા સુનાવૌં તોહિ ॥ ૧૬૯॥

હું તે જ (પુરોહિતનો) વેષ ધરીને આવીશ. જ્યારે એકાંતમાં તમને બોલાવીને સર્વે કથા સંભળાવીશ, ત્યારે તમે મને ઓળખી લેજો. ॥ ૧૬૯॥

ચૌ૦– સયન કીન્હ નૃપ આયસુ માની । આસન જાઇ બૈઠ છલગ્યાની ॥
શ્રમિત ભૂપ નિદ્રા અતિ આઈ । સો કિમિ સોવ સોચ અધિકાઈ ॥ ૧॥

રાજાએ આજ્ઞા માનીને શયન કર્યું અને તે કપટ-જ્ઞાની આસન પર જઈ બેઠો. રાજા થાકેલો હતો. [તેને] ખૂબ (ઘસઘસાટ) ઊંઘ આવી ગઈ. પણ તે કપટી કેમ ઊંઘે? એને તો ઘણી જ ચિંતા થતી હતી. ॥ ૧॥

કાલકેતુ નિસિચર તહઁ આવા । જેહિં સૂકર હોઇ નૃપહિ ભુલાવા ॥
પરમ મિત્ર તાપસ નૃપ કેરા । જાનઇ સો અતિ કપટ ઘનેરા ॥ ૨॥

[તે સમયે] ત્યાં કાળકેતુ રાક્ષસ આવ્યો, જેણે સૂવર બનીને રાજાને ભટકાવ્યો હતો. તે તપસ્વી રાજાનો મોટો મિત્ર હતો અને ઘણા છળ-પ્રપંચ જાણતો હતો. ॥ ૨॥

તેહિ કે સત સુત અરુ દસ ભાઈ । ખલ અતિ અજય દેવ દુખદાઈ ॥
પ્રથમહિં ભૂપ સમર સબ મારે । બિપ્ર સંત સુર દેખિ દુખારે ॥ ૩॥

એના સો પુત્ર અને દસ ભાઈ હતા, જે ઘણા જ દુષ્ટ, કોઈથી ન જીતી શકાનાર અને દેવતાઓને દુઃખ આપનારા હતા. બ્રાહ્મણો, સંતો અને દેવતાઓને દુઃખી જોઈને રાજાએ તે સર્વેને અગાઉ યુદ્ધમાં મારી નાખ્યા હતા. ॥ ૩॥

તેહિં ખલ પાછિલ બયરુ સઁભારા । તાપસ નૃપ મિલિ મંત્ર બિચારા ॥
જેહિં રિપુ છય સોઇ રચેન્હિ ઉપાઊ । ભાવી બસ ન જાન કછુ રાઊ ॥ ૪॥

તે દુષ્ટે પાછલું વેર યાદ કરીને તપસ્વી રાજાને મળી મસલત કરી (કાવતરું રચ્યું) અને જે રીતે શત્રુનો નાશ થાય તે રીતે ઉપાય રચ્યો. ભાવિવશ રાજા (પ્રતાપભાનુ) કંઈ પણ સમજી ન શક્યો. ॥ ૪॥

દો૦– રિપુ તેજસી અકેલ અપિ લઘુ કરિ ગનિઅ ન તાહુ ।
અજહુઁ દેત દુખ રબિ સસિહિ સિર અવસેષિત રાહુ ॥ ૧૭૦॥

તેજસ્વી શત્રુ એકલો હોય તો પણ તેને નાનો ન ગણવો જોઈએ. જેનું શીશમાત્ર બચ્યું હતું તે રાહુ આજ સુધી સૂર્ય-ચન્દ્રમાને દુઃખ આપે છે. ॥ ૧૭૦॥

ચૌ૦– તાપસ નૃપ નિજ સખહિ નિહારી । હરષિ મિલેઉ ઉઠિ ભયઉ સુખારી ॥
મિત્રહિ કહિ સબ કથા સુનાઈ । જાતુધાન બોલા સુખ પાઈ ॥ ૧॥

તપસ્વી રાજા પોતાના મિત્રને જોઈને પ્રસન્ન થઈ ઊઠ્યો અને ભેટ્યો અને ખુશ થયો. તેણે મિત્રને આખી કથા કહી સંભળાવી, ત્યારે રાક્ષસ આનંદિત થઈને બોલ્યો; ॥ ૧॥

અબ સાધેઉઁ રિપુ સુનહુ નરેસા। જૌં તુમ્હ કીન્હ મોર ઉપદેસા॥
પરિહરિ સોચ રહહુ તુમ્હ સોઈ। બિનુ ઔષધ બિઆધિ બિધિ ખોઈ॥ ૨॥

હે રાજન્! સાંભળો, જ્યારે તમે મારા કહ્યા પ્રમાણે [આટલું] કામ કરી દીધું, તો હવે મેં શત્રુને કાબૂમાં કરી જ લીધો [સમજો]. તમે હવે ચિંતા ત્યાગી સૂઈ જાઓ. વિધાતાએ વગર દવાએ જ રોગ દૂર કરી દીધો. ॥ ૨॥

કુલ સમેત રિપુ મૂલ બહાઈ। ચૌથેં દિવસ મિલબ મૈં આઈ॥
તાપસ નૃપહિ બહુત પરિતોષી। ચલા મહાકપટી અતિરોષી॥ ૩॥

કુળસહિત શત્રુને જડ-મૂળથી ઉખાડી-વહેવડાવી, [આજથી] ચોથા દિવસે હું તમને આવી મળીશ. [આ રીતે] તપસ્વી રાજાને ઘણો દિલાસો આપીને તે મહામાયાવી અને અત્યંત ક્રોધી રાક્ષસ ચાલતો થયો. ॥ ૩॥

ભાનુપ્રતાપહિ બાજિ સમેતા। પહુઁચાએસિ છન માઝ નિકેતા॥
નૃપહિ નારિ પહિં સયન કરાઈ। હય ગૃહઁ બાઁધેસિ બાજિ બનાઈ॥ ૪॥

તેણે પ્રતાપભાનુ રાજાને ઘોડાસહિત ક્ષણમાત્રમાં ઘેર પહોંચાડી દીધો. રાજાને રાણી પાસે સુવડાવી ઘોડાને સારી રીતે ઘોડારમાં બાંધી દીધો. ॥ ૪॥

દો૦– રાજા કે ઉપરોહિતહિ હરિ લૈ ગયઉ બહોરિ।
લૈ રાખેસિ ગિરિ ખોહ મહુઁ માયાઁ કરિ મતિ ભોરિ॥ ૧૭૧॥

પછી તે રાજાના પુરોહિતને ઊઠાવી (હરીને) લઈ ગયો અને માયાથી તેની બુદ્ધિને ભ્રમમાં નાખીને પર્વતની ગુફામાં લાવીને રાખ્યો. ॥ ૧૭૧॥

ચૌ૦– આપુ બિરચિ ઉપરોહિત રૂપા। પરેઉ જાઈ તેહિ સેજ અનૂપા॥
જાગેઉ નૃપ અનભએઁ બિહાના। દેખિ ભવન અતિ અચરજુ માના॥ ૧॥

તે પોતે પુરોહિતનું રૂપ બનાવી તેની સુંદર શય્યા પર જઈને સૂઈ ગયો. રાજા સવાર થયા પહેલાં જ જાગ્યો અને પોતાનું ઘર જોઈને ઘણું જ આશ્ચર્ય પામ્યો. ॥ ૧॥

મુનિ મહિમા મન મહુઁ અનુમાની। ઉઠેઉ ગવઁહિં જેહિં જાન ન રાની॥
કાનન ગયઉ બાજિ ચઢ઼િ તેહીં। પુર નર નારિ ન જાનેઉ કેહીં॥ ૨॥

મનમાં મુનિના મહિમાનું અનુમાન કરીને તે ધીરેથી ઊઠ્યો, જેથી રાણી ન જાણી શકે. પછી તે જ ઘોડા પર ચઢીને વનમાં ચાલ્યો ગયો. નગરનાં કોઈ પણ સ્ત્રી-પુરુષે (તે) જાણ્યું નહિ. ॥ ૨॥

ગએઁ જામ જુગ ભૂપતિ આવા। ઘર ઘર ઉત્સવ બાજ બધાવા॥
ઉપરોહિતહિ દેખ જબ રાજા। ચકિત બિલોક સુમિરિ સોઇ કાજા॥ ૩॥

બે પહોર વીતી ગયા પછી રાજા આવ્યો. ઘેર-ઘેર ઉત્સવ થવા માંડ્યા અને વધામણાં વાગવા લાગ્યાં. જ્યારે રાજાએ પુરોહિતને જોયા, ત્યારે તે (પોતાના) તે જ કાર્યનું સ્મરણ કરીને તેને આશ્ચર્યથી જોવા લાગ્યો. ॥ ૩॥

જુગ સમ નૃપહિ ગએ દિન તીની। કપટી મુનિ પદ રહ મતિ લીની॥
સમય જાનિ ઉપરોહિત આવા। નૃપહિ મતે સબ કહિ સમુઝાવા॥૪॥

રાજાના ત્રણ દિવસ યુગ સમાન વીત્યા. તેની બુદ્ધિ કપટી મુનિના ચરણોમાં લીન રહી. નિશ્ચિત સમય જાણીને પુરોહિત [બનેલો રાક્ષસ] આવ્યો અને રાજાની સાથે કરેલ ગુપ્ત સલાહ પ્રમાણે [તેણે પોતાના] સર્વે વિચાર તેને સમજાવી કહી દીધા. ॥૪॥

દો૦ – નૃપ હરષેઉ પહિચાનિ ગુરુ ભ્રમ બસ રહા ન ચેત।
બરે તુરત સત સહસ બર બિપ્ર કુટુંબ સમેત॥૧૭૨॥

[સંકેત મુજબ] ગુરુને [તે રૂપમાં] ઓળખીને રાજા પ્રસન્ન થયો. ભ્રમવશ તેને ભાન ન રહ્યું [કે આ તાપસ મુનિ છે કે કાળકેતુ રાક્ષસ]. પ્રતાપભાનુએ તરત જ એક લાખ ઉત્તમ બ્રાહ્મણોને કુટુંબસહિત નિમંત્રણ આપી દીધું. ॥૧૭૨॥

ચૌ૦ – ઉપરોહિત જેવનાર બનાઈ। છરસ ચારિ બિધિ જસિ શ્રુતિ ગાઈ॥
માયામય તેહિં કીન્હિ રસોઈ। બિંજન બહુ ગનિ સકઈ ન કોઈ॥૧॥

પુરોહિતે છ રસ અને ચાર પ્રકારનાં ભોજન, જેવા કે વેદોમાં વર્ણન છે, તેવાં બનાવ્યાં. તેણે માયામયી રસોઈ તૈયાર કરી અને એટલા વ્યંજન બનાવ્યાં જેને કોઈ ગણી શકે નહિ. ॥૧॥

બિબિધ મૃગન્હ કર આમિષ રાઁધા। તેહિ મહુઁ બિપ્ર માઁસુ ખલ સાઁધા॥
ભોજન કહુઁ સબ બિપ્ર બોલાએ। પદ પખારિ સાદર બૈઠાએ॥૨॥

અનેક પ્રકારનાં પશુઓનું માંસ રાંધ્યું અને તેમાં તે દુષ્ટે બ્રાહ્મણોનું માંસ મેળવી દીધું. સર્વે બ્રાહ્મણોને ભોજન માટે બોલાવ્યા અને ચરણ ધોઈને આદરસહિત બેસાડ્યા. ॥૨॥

પરુસન જબહિં લાગ મહિપાલા। ભૈ અકાસબાની તેહિ કાલા॥
બિપ્રબૃંદ ઉઠિ ઉઠિ ગૃહ જાહૂ। હૈ બડ઼િ હાનિ અન્ન જનિ ખાહૂ॥૩॥

જ્યારે રાજા પીરસવા માંડ્યા, તે જ કાળે [કાળકેતુકૃત] આકાશવાણી થઈ – હે બ્રાહ્મણો! ઊઠી-ઊઠીને પોતાના ઘેર જાઓ; આ અન્ન ખાશો નહિ. તેને ખાવાથી મોટી હાનિ છે. ॥૩॥

ભયઉ રસોઈં ભૂસુર માઁસૂ। સબ દ્વિજ ઉઠે માનિ બિસ્વાસૂ॥
ભૂપ બિકલ મતિ મોહઁ ભુલાની। ભાવી બસ ન આવ મુખ બાની॥૪॥

રસોઈમાં બ્રાહ્મણોનું માંસ રંધાયું છે. આકાશવાણીનો વિશ્વાસ રાખીને સર્વે બ્રાહ્મણો ઊભા થઈ ગયા. રાજા વ્યાકુળ થઈ ગયો. [પરંતુ] તેની બુદ્ધિ મોહમાં ભૂલી પડી હતી. ભાવિવશ તેના મુખેથી એક વાત પણ ન નીકળી. ॥૪॥

દો૦ – બોલે બિપ્ર સકોપ તબ નહિં કછુ કીન્હ બિચાર।
જાઇ નિસાચર હોહુ નૃપ મૂઢ઼ સહિત પરિવાર॥૧૭૩॥

ત્યારે બ્રાહ્મણો ક્રોધસહિત બોલી ઊઠ્યા – તેમણે કંઈ પણ વિચાર ન કર્યો - અરે મૂર્ખ રાજા! તું જઈને પરિવારસહિત રાક્ષસ થઈ જા. ॥૧૭૩॥

ચૌ૦– છત્રબંધુ તૈં બિપ્ર બોલાઈ। ઘાલૈ લિએ સહિત સમુદાઈ॥
ઈસ્વર રાખા ધરમ હમારા। જૈહસિ તૈં સમેત પરિવારા॥ ૧॥

અરે નીચ ક્ષત્રિય! તેં તો પરિવારસહિત બ્રાહ્મણોને બોલાવી તેમનો નાશ કરવાનું ઇચ્છ્યું હતું. ઈશ્વરે અમારા ધર્મની રક્ષા કરી. હવે તું પરિવારસહિત નાશ પામીશ. ॥ ૧॥

સંબત મધ્ય નાસ તવ હોઊ। જલદાતા ન રહિહિ કુલ કોઊ॥
નૃપ સુનિ શ્રાપ બિકલ અતિ ત્રાસા। ભૈ બહોરિ બર ગિરા અકાસા॥ ૨॥

એક વર્ષમાં જ તારો નાશ થઈ જાય, તારા કુળમાં કોઈ પાણી આપનાર પણ (તર્પણ કરનાર) નહીં રહે. શાપ સાંભળીને રાજા ભયથી ત્રાસ પામી અત્યંત વ્યાકુળ થઈ ગયો. પછી શ્રેષ્ઠ આકાશવાણી થઈ – ॥ ૨॥

બિપ્રહુ શ્રાપ બિચારિ ન દીન્હા। નહિં અપરાધ ભૂપ કછુ કીન્હા॥
ચકિત બિપ્ર સબ સુનિ નભબાની। ભૂપ ગયઉ જહઁ ભોજન ખાની॥ ૩॥

હે બ્રાહ્મણો! તમે વિચારીને શાપ આપ્યો નથી. રાજાએ કંઈ પણ અપરાધ કર્યો નથી. આકાશવાણી સાંભળીને બ્રાહ્મણો ચકિત થઈ ગયા. પછી રાજા જ્યાં ભોજન બન્યું હતું ત્યાં ગયો. ॥ ૩॥

તહઁ ન અસન નહિં બિપ્ર સુઆરા। ફિરેઉ રાઉ મન સોચ અપારા॥
સબ પ્રસંગ મહિસુરન્હ સુનાઈ। ત્રસિત પરેઉ અવનીં અકુલાઈ॥ ૪॥

[જોયું તો] ત્યાં ન ભોજન હતું, અને રસોઈઓ બ્રાહ્મણ પણ ન હતો. ત્યારે રાજા મનમાં અપાર ચિંતા કરતાં પાછો ફર્યો. તેણે બ્રાહ્મણોને સર્વ વૃત્તાન્ત સંભળાવ્યો અને [ઘણો જ] ભયભીત અને વ્યાકુળ થઈને પૃથ્વી પર ઢળી પડ્યો. ॥ ૪॥

દો૦– ભૂપતિ ભાવી મિટઇ નહિં જદપિ ન દૂષન તોર।
કિએઁ અન્યથા હોઇ નહિં બિપ્રશ્રાપ અતિ ઘોર॥ ૧૭૪॥

હે રાજન્! જોકે તમારો દોષ નથી, પણ ભાવિ ટાળ્યું ટળતું નથી. બ્રાહ્મણોનો શાપ ઘણો જ ભયાનક હોય છે. તે કોઈ પણ રીતે ટાળ્યો ટળી શકતો નથી – ॥ ૧૭૪॥

ચૌ૦– અસ કહિ સબ મહિદેવ સિધાએ। સમાચાર પુરલોગન્હ પાએ॥
સોચહિં દૂષન દૈવહિ દેહીં। બિરચત હંસ કાગ કિય જેહીં॥ ૧॥

આમ કહીને સર્વે બ્રાહ્મણો જતા રહ્યા. નગરવાસીઓને [જ્યારે] આ સમાચાર મળ્યા, તો તેઓ ચિંતા કરવા અને વિધાતાને દોષ દેવા માંડ્યા, જેણે હંસ બનાવતાં-બનાવતાં કાગડો બનાવી દીધો (આવા પુણ્યાત્મા રાજાને દેવતા બનાવવો જોઈએ, પણ રાક્ષસ બનાવી દીધો). ॥ ૧॥

ઉપરોહિતહિ ભવન પહુઁચાઈ। અસુર તાપસહિ ખબરિ જનાઈ॥
તેહિં ખલ જહઁ તહઁ પત્ર પઠાએ। સજિ સજિ સેન ભૂપ સબ ધાએ॥ ૨॥

પુરોહિતને તેના ઘેર પહોંચાડી અસુર કાળકેતુએ [કપટી] તપસ્વીને સમાચાર આપ્યા. તે દુષ્ટે ચારેકોર પત્ર મોકલ્યા, જેથી સર્વે [વેરી] રાજાઓએ સેના સજાવી-સજાવીને ચઢાઈ કરી. ॥ ૨॥

ઘેરેન્હિ નગર નિસાન બજાઈ। બિબિધ ભાઁતિ નિત હોઈ લરાઈ ॥
જૂઝે સકલ સુભટ કરિ કરની। બંધુ સમેત પરેઉ નૃપ ધરની ॥૩॥

તેઓએ ડંકો વગાડીને નગરને ઘેરી લીધું. નિત્ય અનેક પ્રકારનાં યુદ્ધો થવા લાગ્યાં. [પ્રતાપભાનુના] સર્વે યોદ્ધા [શૂરવીરોની] કરણી કરીને રણમાં ઝૂઝી મર્યા. રાજા પણ ભાઈસહિત રણભૂમિમાં ઢળી પડ્યો. ॥ ૩॥

સત્યકેતુ કુલ કોઉ નહિં બાઁચા। બિપ્રશ્રાપ કિમિ હોઈ અસાઁચા ॥
રિપુ જિતિ સબ નૃપ નગર બસાઈ। નિજ પુર ગવને જય જસુ પાઈ ॥૪॥

સત્યકેતુના કુળમાં કોઈ ન બચ્યું. બ્રાહ્મણોનો શાપ ખોટો કેમ થઈ શકે? શત્રુને જીતીને, નગરને [ફરીથી] વસાવી બધા રાજા વિજય અને યશ પામીને પોતપોતાના નગર તરફ ચાલ્યા. ॥ ૪॥

દો૦– ભરદ્વાજ સુનુ જાહિ જબ હોઈ બિધાતા બામ।
ધૂરિ મેરુસમ જનક જમ તાહિ બ્યાલસમ દામ ॥ ૧૭૫ ॥

[યાજ્ઞવલ્ક્યજી કહે છે –] હે ભરદ્વાજ! સાંભળો, વિધાતા જ્યારે જેનાથી વિપરીત હોય છે, ત્યારે તેને માટે ધૂળ મેરુ પર્વત સમાન (ભારે અને ચગદી નાખનાર), પિતા યમ સમાન (કાળરૂપ) અને દોરડું સાપ સમાન (કરડી ખાનાર) થઈ જાય છે. ॥ ૧૭૫॥

ચૌ૦– કાલ પાઈ મુનિ સુનુ સોઈ રાજા। ભયઉ નિસાચર સહિત સમાજા ॥
દસ સિર તાહિ બીસ ભુજદંડા। રાવન નામ બીર બરિબંડા ॥ ૧॥

હે મુનિ! સાંભળો, કાળક્રમે તે જ રાજા પરિવારસહિત રાવણ નામે રાક્ષસ થયો. એને દસ માથાં અને વીસ ભુજાઓ હતી અને તે ઘણો જ પ્રચંડ શૂરવીર હતો. ॥ ૧॥

ભૂપ અનુજ અરિમર્દન નામા। ભયઉ સો કુંભકરન બલધામા ॥
સચિવ જો રહા ધરમરુચિ જાસૂ। ભયઉ બિમાત્ર બંધુ લઘુ તાસૂ ॥ ૨॥

અરિમર્દન નામે જે રાજાનો નાનો ભાઈ હતો, તે બળનું ધામ કુંભકર્ણ થયો. તેનો જે મંત્રી હતો, જેનું નામ ધર્મરુચિ હતું, તે રાવણનો સાવકો નાનો ભાઈ થયો. ॥ ૨॥

નામ બિભીષન જેહિ જગ જાના। બિષ્નુભગત બિગ્યાન નિધાના ॥
રહે જે સુત સેવક નૃપ કેરે। ભએ નિસાચર ઘોર ઘનેરે ॥ ૩॥

તેનું નામ વિભીષણ હતું, જેને આખું જગત ઓળખે છે. તે વિષ્ણુભક્ત અને જ્ઞાન-વિજ્ઞાનનો ભંડાર હતો અને જેઓ રાજાના પુત્ર અને સેવક હતા, તે બધા અતિ ભયાનક રાક્ષસ થયા. ॥ ૩॥

કામરૂપ ખલ જિનસ અનેકા। કુટિલ ભયંકર બિગત બિબેકા ॥
કૃપા રહિત હિંસક સબ પાપી। બરનિ ન જાહિં બિસ્વ પરિતાપી ॥ ૪॥

તે સર્વે અનેક જાતિના, મનવાંછિત રૂપ ધારણ કરનારા, દુષ્ટ, કુટિલ, ભયંકર, વિવેકરહિત, નિર્દયી, હિંસક, પાપી અને સંસાર આખાને દુઃખ દેનારા થયા, તેમનું વર્ણન થઈ નથી શકતું. ॥ ૪॥

દો૦– ઉપજે જદપિ પુલસ્ત્યકુલ પાવન અમલ અનૂપ ।
તદપિ મહીસુર શ્રાપ બસ ભએ સકલ અઘરૂપ ॥ ૧૭૬ ॥

જોકે તે પુલસ્ત્ય ઋષિના પવિત્ર, નિર્મળ અને અનુપમ કુળમાં ઉત્પન્ન થયા, તો પણ બ્રાહ્મણોના શાપને કારણે તે બધા પાપરૂપ થયા. ॥ ૧૭૬॥

ચૌ૦– કીન્હ બિબિધ તપ તીનિહુઁ ભાઈ । પરમ ઉગ્ર નહિં બરનિ સો જાઈ ॥
ગયઉ નિકટ તપ દેખિ બિધાતા । માગહુ બર પ્રસન્ન મૈં તાતા ॥ ૧॥

ત્રણે ભાઈઓએ અનેક પ્રકારે ઘણી જ કઠિન તપશ્ચર્યા કરી, જેનું વર્ણન નથી થઈ શકતું. [તેમનું ઉગ્ર] તપ જોઈને બ્રહ્માજી તેમની પાસે ગયા અને બોલ્યા – હે તાત! હું પ્રસન્ન છું, વર માગો. ॥ ૧॥

કરિ બિનતી પદ ગહિ દસસીસા । બોલેઉ બચન સુનહુ જગદીસા ॥
હમ કાહૂ કે મરહિં ન મારેં । બાનર મનુજ જાતિ દુઇ બારેં ॥ ૨॥

રાવણે વિનય કરીને અને ચરણ પકડીને કહ્યું – હે જગદીશ્વર! સાંભળો, વાનર અને મનુષ્ય આ બે જાતિઓને છોડીને હું બીજા કોઈનો માર્યો ન મરું [આ વર આપો]. ॥ ૨॥

એવમસ્તુ તુમ્હ બડ઼ તપ કીન્હા । મૈં બ્રહ્માઁ મિલિ તેહિ બર દીન્હા ॥
પુનિ પ્રભુ કુંભકરન પહિં ગયઊ । તેહિ બિલોકિ મન બિસમય ભયઊ ॥ ૩॥

[શિવજી કહે છે કે –] મેં અને બ્રહ્માએ મળીને એને વર આપ્યો કે આમ જ થાઓ, તમે મોટું તપ કર્યું છે. પછી બ્રહ્માજી કુંભકર્ણની સમીપ ગયા. તેને જોઈ એમના મનમાં મોટું આશ્ચર્ય થયું. ॥ ૩॥

જૌં એહિં ખલ નિત કરબ અહારૂ । હોઇહિ સબ ઉજારિ સંસારૂ ॥
સારદ પ્રેરિ તાસુ મતિ ફેરી । માગેસિ નીદ માસ ષટ કેરી ॥ ૪॥

જો આ દુષ્ટ નિત્ય આહાર કરશે તો આખોય સંસાર ઉજ્જડ થઈ જશે [આમ વિચારીને] બ્રહ્માજીએ સરસ્વતીને પ્રેરણા કરીને તેની બુદ્ધિ ફેરવી નાખી. [જેથી] તેણે છ મહિનાની ઊંઘ માગી. ॥ ૪॥

દો૦– ગએ બિભીષન પાસ પુનિ કહેઉ પુત્ર બર માગુ ।
તેહિં માગેઉ ભગવંત પદ કમલ અમલ અનુરાગુ ॥ ૧૭૭ ॥

પછી બ્રહ્માજી વિભીષણની પાસે ગયા અને બોલ્યા – હે પુત્ર! વર માગો. તેણે ભગવાનના ચરણોમાં નિર્મળ (નિષ્કામ અને અનન્ય) પ્રેમ માગ્યો. ॥ ૧૭૭॥

ચૌ૦– તિન્હહિ દેઇ બર બ્રહ્મ સિધાએ । હરષિત તે અપને ગૃહ આએ ॥
મય તનુજા મંદોદરિ નામા । પરમ સુંદરી નારિ લલામા ॥ ૧॥

તે લોકોને વર આપીને બ્રહ્માજી જતા રહ્યા અને તે (ત્રણેય ભાઈઓ) હર્ષિત થઈને પોતાને ઘેર પાછા ફર્યા. મયદાનવની મંદોદરી નામે કન્યા પરમ સુંદરી અને સ્ત્રીઓમાં શિરોમણિ હતી. ॥ ૧॥

સોઇ મયઁ દીન્હિ રાવનહિ આની । હોઇહિ જાતુધાનપતિ જાની ॥
હરષિત ભયઉ નારિ ભલિ પાઈ । પુનિ દોઉ બંધુ બિઆહેસિ જાઈ ॥ ૨॥

મયે તેને લાવીને રાવણને આપી. તેણે જાણી લીધું હતું કે આ રાક્ષસોનો રાજા થશે. ઉત્તમ સ્ત્રી પામી રાવણ પ્રસન્ન થયો અને પછી તેણે જઈને બંને ભાઈઓનો વિવાહ કરાવી દીધો. ॥ ૨॥

ગિરિ ત્રિકૂટ એક સિંધુ મઝારી । બિધિ નિર્મિત દુર્ગમ અતિ ભારી ॥
સોઈ મય દાનવઁ બહુરિ સઁવારા । કનક રચિત મનિભવન અપારા ॥ ૩॥

સમુદ્રના વચ્ચે ત્રિકૂટ નામે પર્વત પર બ્રહ્માનો બનાવેલો એક મોટો ભારે કિલ્લો હતો. [મહાન માયાવી અને નિપુણ કારીગર] મય દાનવે તેને નવેસરથી શણગાર્યો હતો. તેમાં મણિઓથી જડેલા સોનાના અગણિત મહેલો હતા. ॥ ૩॥

ભોગાવતિ જસિ અહિકુલ બાસા । અમરાવતિ જસિ સક્રનિવાસા ॥
તિન્હ તેં અધિક રમ્ય અતિ બંકા । જગ બિખ્યાત નામ તેહિ લંકા ॥ ૪॥

જેવી નાગકુળને રહેવાની [પાતાળલોકમાં] ભોગાવતી પુરી છે અને ઇન્દ્રને રહેવાની [સ્વર્ગલોકમાં] અમરાવતી પુરી છે, તેનાથી પણ અધિક સુંદર અને અજોડ દુર્ગ હતો. જગતમાં તેનું નામ લંકા પ્રસિદ્ધ થયું. ॥ ૪॥

દો૦– ખાઈં સિંધુ ગભીર અતિ ચારિહુઁ દિસિ ફિરિ આવ ।
કનક કોટ મનિ ખચિત દૃઢ઼ બરનિ ન જાઈ બનાવ ॥ ૧૭૮ (ક)॥

તેને ચારે તરફથી સમુદ્રની અત્યંત ઊંડી ખાઈ ઘેરે છે. તે [દુર્ગ]ને મણિઓથી જડેલો સોનાનો મજબૂત કોટ છે, જેની કારીગરીનું વર્ણન નથી કરી શકાતું. ॥ ૧૭૮ (ક)॥

હરિ પ્રેરિત જેહિં કલપ જોઈ જાતુધાનપતિ હોઈ ।
સૂર પ્રતાપી અતુલબલ દલ સમેત બસ સોઈ ॥ ૧૭૮ (ખ)॥

ભગવાનની પ્રેરણાથી જે કલ્પમાં જે રાક્ષસોનો રાજા (રાવણ) હોય છે, તે શૂર, પ્રતાપી, અતુલ્ય બળવાન અને પોતાની સેનાસહિત તે પુરીમાં વસે છે. ॥ ૧૭૮ (ખ)॥

ચૌ૦– રહે તહાઁ નિસિચર ભટ ભારે । તે સબ સુરન્હ સમર સંઘારે ॥
અબ તહઁ રહહિં સક્ર કે પ્રેરે । રચ્છક કોટિ જચ્છપતિ કેરે ॥ ૧॥

[અગાઉ] ત્યાં મોટા-મોટા યોદ્ધા રાક્ષસ રહેતા હતા. દેવતાઓએ તે બધાને યુદ્ધમાં મારી નાંખ્યા. હવે ઇન્દ્રની પ્રેરણાથી ત્યાં કુબેરના એક કરોડ રક્ષક (યક્ષ લોકો) રહે છે – ॥ ૧॥

દસમુખ કતહુઁ ખબરિ અસિ પાઈ । સેન સાજિ ગઢ઼ ઘેરેસિ જાઈ ॥
દેખિ બિકટ ભટ બડ઼િ કટકાઈ । જચ્છ જીવ લૈ ગએ પરાઈ ॥ ૨॥

રાવણને ક્યાંકથી એવી ખબર મળી, ત્યારે તેણે સેના તૈયાર કરી કિલ્લાને ઘેરી લીધો. તે મોટા વિકટ યોદ્ધા અને મોટી સેનાને જોઈને યક્ષો પોતાના જીવ લઈ નાસી ગયા. ॥ ૨॥

ફિરિ સબ નગર દસાનન દેખા। ગયઉ સોચ સુખ ભયઉ બિસેષા॥
સુંદર સહજ અગમ અનુમાની। કીન્હિ તહાઁ રાવન રજધાની॥ ૩॥

ત્યારે રાવણે હરીફરીને આખું નગર જોયું. તેની [સ્થાન સંબંધી] ચિંતા ટળી ગઈ અને તેને ઘણું જ સુખ થયું. તે પુરીને સ્વાભાવિક જ સુંદર અને [બહારવાળાઓ માટે] દુર્ગમ અનુમાનીને રાવણે ત્યાં પોતાની રાજધાની સ્થાપિત કરી. ॥ ૩॥

જેહિ જસ જોગ બાઁટિ ગૃહ દીન્હે। સુખી સકલ રજનીચર કીન્હે॥
એક બાર કુબેર પર ધાવા। પુષ્પક જાન જીતિ લૈ આવા॥ ૪॥

યોગ્યતાને અનુસાર ઘરોને વહેંચી રાવણે સર્વે રાક્ષસોને સુખી કર્યા. એકવાર તેણે કુબેર પર ચઢાઈ કરી અને તેની પાસેથી પુષ્પક વિમાન જીતીને લઈ આવ્યો. ॥ ૪॥

દો૦– કૌતુકહીં કૈલાસ પુનિ લીન્હેસિ જાઇ ઉઠાઇ।
મનહુઁ તૌલિ નિજ બાહુબલ ચલા બહુત સુખ પાઇ॥ ૧૭૯॥

પછી તેણે જઈને [એક વાર] રમતમાં જ કૈલાસ પર્વતને ઊંચકી લીધો અને જાણે પોતાની ભુજાઓનું બળ માપીને, ઘણું સુખ પામી તે ત્યાંથી ચાલી આવ્યો. ॥ ૧૭૯॥

ચૌ૦– સુખ સંપતિ સુત સેન સહાઈ। જય પ્રતાપ બલ બુદ્ધિ બડ઼ાઈ॥
નિત નૂતન સબ બાઢ઼ત જાઈ। જિમિ પ્રતિલાભ લોભ અધિકાઈ॥ ૧॥

સુખ, સંપત્તિ, પુત્ર, સેના, સહાયક, જય, પ્રતાપ, બળ, બુદ્ધિ અને મોટપ - આ બધા તેનાં નિત્ય [એમ જ] વધતાં જતાં હતાં જેમ પ્રત્યેક લાભ પર લોભ વધતો જાય. ॥ ૧॥

અતિબલ કુંભકરન અસ ભ્રાતા। જેહિ કહુઁ નહિં પ્રતિભટ જગ જાતા॥
કરઇ પાન સોવઇ ષટ માસા। જાગત હોઇ તિહૂઁ પુર ત્રાસા॥ ૨॥

અત્યંત બળવાન કુંભકર્ણ જેવો તેનો ભાઈ હતો, જેની બરાબરીનો યોદ્ધા જગતમાં પેદા જ નથી થયો. તે મદિરા પીને છ મહિના ઊંઘતો રહેતો હતો. તેના જાગતાંની સાથે જ ત્રણેય લોકમાં ખળભળાટ મચી જતો. ॥ ૨॥

જૌં દિન પ્રતિ અહાર કર સોઈ। બિસ્વ બેગિ સબ ચૌપટ હોઈ॥
સમર ધીર નહિં જાઇ બખાના। તેહિ સમ અમિત બીર બલવાના॥ ૩॥

જો તે પ્રતિદિન ભોજન કરત, તો સંપૂર્ણ વિશ્વ શીઘ્ર જ ચોપટ થઈ જાત. રણધીર એવો હતો કે જેનું વર્ણન કરી શકાય નહિ. લંકામાં તેના જેવા અસંખ્ય બળવાન વીર હતા. ॥ ૩॥

બારિદનાદ જેઠ સુત તાસૂ। ભટ મહુઁ પ્રથમ લીક જગ જાસૂ॥
જેહિ ન હોઇ રન સનમુખ કોઈ। સુરપુર નિતહિં પરાવન હોઈ॥ ૪॥

મેઘનાદ રાવણનો મોટો પુત્ર હતો, જેનો જગતના યોદ્ધાઓમાં પહેલો નંબર હતો. રણમાં કોઈ પણ તેનો સામનો કરી શકતો ન હતો. સ્વર્ગમાં તો તેના ભયથી કાયમ નાસભાગ મચેલી રહેતી હતી. ॥ ૪॥

દો૦– કુમુખ અકંપન કુલિસરદ ધૂમકેતુ અતિકાય।
એક એક જગ જીતિ સક ઐસે સુભટ નિકાય ॥૧૮૦॥

[આ સિવાય] દુર્મુખ, અકમ્પન, વજ્રદન્ત, ધૂમકેતુ અને અતિકાય આદિ જેવા અનેક યોદ્ધા હતા, જે એકલા જ આખા જગતને જીતી શકતા હતા. ॥૧૮૦॥

ચૌ૦– કામરૂપ જાનહિં સબ માયા। સપનેહુઁ જિન્હ કેં ધરમ ન દાયા॥
દસમુખ બૈઠ સભાઁ એક બારા। દેખિ અમિત આપન પરિવારા॥૧॥

બધા રાક્ષસ મનવાંછિત રૂપ બનાવી શકતા હતા અને [આસુરી] માયા જાણતા હતા. તેમનામાં દયા-ધર્મ સ્વપ્નોમાં પણ ન હતાં. એક વખત સભામાં બેઠેલા રાવણે પોતાના અગણિત પરિવારને જોયો – ॥૧॥

સુત સમૂહ જન પરિજન નાતી। ગનૈ કો પાર નિસાચર જાતી॥
સેન બિલોકિ સહજ અભિમાની। બોલા બચન ક્રોધ મદ સાની॥૨॥

પુત્ર-પૌત્ર, કુટુંબી અને સેવક ઢગલેઢગલા હતા. [બધી] રાક્ષસોની જાતિઓ તો ગણી જ કોણ શકત? પોતાની સેનાને જોઈને સ્વભાવથી જ અભિમાની રાવણ ક્રોધ અને ગર્વથી તરબોળ થયેલ વાણી બોલ્યો – ॥૨॥

સુનહુ સકલ રજનીચર જૂથા। હમરે બૈરી બિબુધ બરૂથા॥
તે સનમુખ નહિં કરહિં લરાઈ। દેખિ સબલ રિપુ જાહિં પરાઈ॥૩॥

હે સમસ્ત રાક્ષસનાં દળો! સાંભળો, દેવતાઓના સમૂહ આપણા શત્રુ છે. તે સામે આવીને યુદ્ધ નથી કરતા. બળવાન શત્રુને જોઈને નાસી જાય છે. ॥૩॥

તેન્હ કર મરન એક બિધિ હોઈ। કહઉઁ બુઝાઇ સુનહુ અબ સોઈ॥
દ્વિજભોજન મખ હોમ સરાધા। સબ કૈ જાઇ કરહુ તુમ્હ બાધા॥૪॥

તેમનું મૃત્યુ એક જ ઉપાયથી થઈ શકે છે, હું સમજાવીને કહું છું. હવે તેને સાંભળો. [તેમના બળને વધારનાર] બ્રાહ્મણભોજન, યજ્ઞ, હવન અને શ્રાદ્ધ - આ સર્વેમાં જઈને તમે વિઘ્ન નાખો. ॥૪॥

દો૦– છુધા છીન બલહીન સુર સહજેહિં મિલિહહિં આઇ।
તબ મારિહઉઁ કિ છાડ઼િહઉઁ ભલી ભાઁતિ અપનાઇ॥૧૮૧॥

ભૂખથી દુર્બળ અને બળહીન થઈને દેવતા સહજમાં જ [સરળતાથી] આવી મળશે. ત્યારે તેમને હું મારી નાખીશ અથવા સારી રીતે પોતાને આધીન કરી [સર્વથા પરાધીન કરી] છોડી મૂકીશ. ॥૧૮૧॥

ચૌ૦– મેઘનાદ કહુઁ પુનિ હઁકરાવા। દીન્હીં સિખ બલુ બયરુ બઢ઼ાવા॥
જે સુર સમર ધીર બલવાના। જિન્હ કેં લરિબે કર અભિમાના॥૧॥

પછી તેણે મેઘનાદને બોલાવડાવ્યો અને શિખવાડી-ભણાવી તેના બળ અને [દેવતાઓના પ્રત્યે] વેરભાવને ઉત્તેજન આપ્યું. [પછી કહ્યું –] હે પુત્ર! જે દેવતા રણમાં ધીર અને બળવાન છે અને જેને લડવાનું અભિમાન છે; ॥૧॥

તિન્હહિ જીતિ રન આનેસુ બાઁધી । ઉઠિ સુત પિતુ અનુસાસન કાઁધી ॥
એહિ બિધિ સબહી અગ્યા દીન્હી । આપુનુ ચલેઉ ગદા કર લીન્હી ॥ ૨॥

તેને યુદ્ધમાં જીતીને બાંધી લાવ. બેટાએ ઊઠીને પિતાની આજ્ઞાને માથે ચઢાવી. આ રીતે તેણે બધાને આજ્ઞા આપી અને પોતે પણ ગદા લઈને ચાલી નીકળ્યો. ॥ ૨॥

ચલત દસાનન ડોલતિ અવની । ગર્જત ગર્ભ સ્રવહિં સુર રવની ॥
રાવન આવત સુનેઉ સકોહા । દેવન્હ તકે મેરુ ગિરિ ખોહા ॥ ૩॥

રાવણના ચાલવાથી પૃથ્વી ડગમગવા લાગી અને તેની ગર્જનાથી દેવરમણીઓના ગર્ભ પડવા લાગ્યા. રાવણને ક્રોધસહિત આવતો સાંભળી દેવતાઓએ મેરુ પર્વતની ગુફાઓનો આશ્રય લીધો. (નાસીને મેરુની ગુફાઓમાં સંતાયા). ॥ ૩॥

દિગપાલન્હ કે લોક સુહાએ । સૂને સકલ દસાનન પાએ ॥
પુનિ પુનિ સિંઘનાદ કરિ ભારી । દેઇ દેવતન્હ ગારિ પચારી ॥ ૪॥

દિક્પાળોના બધા સુંદર લોકોને રાવણે સૂના જોયા. તે વારંવાર ભારે સિંહગર્જના કરીને દેવતાઓને લલકારી - લલકારીને ગાળો આપતો હતો. ॥ ૪॥

રન મદ મત્ત ફિરઇ જગ ધાવા । પ્રતિભટ ખોજત કતહુઁ ન પાવા ॥
રબિ સસિ પવન બરુન ધનધારી । અગિનિ કાલ જમ સબ અધિકારી ॥ ૫॥

રણના મદમાં મસ્ત બનીને તે પોતાની બરાબરીનો યોદ્ધા શોધતો તે જગત આખામાં દોડતો ફરતો, પરંતુ તેને એવો યોદ્ધા ક્યાંય ન મળ્યો. સૂર્ય, ચન્દ્ર, વાયુ, વરુણ, કુબેર, અગ્નિ, કાળ અને યમ આદિ સર્વ અધિકારી; ॥ ૫॥

કિંનર સિદ્ધ મનુજ સુર નાગા । હઠિ સબહી કે પંથહિં લાગા ॥
બ્રહ્મસૃષ્ટિ જહઁ લગિ તનુધારી । દસમુખ બસબર્તી નર નારી ॥ ૬॥

કિન્નર, સિદ્ધ, મનુષ્ય, દેવતા અને નાગ - સર્વેની પાછળ તે હઠપૂર્વક પડી ગયો. (કોઈને પણ તેણે શાંતિપૂર્વક ન બેસવા દીધા). બ્રહ્માજીની સૃષ્ટિમાં જેટલા શરીરધારી સ્ત્રી-પુરુષ હતાં, તે બધાં જ રાવણના આધીન થઈ ગયાં. ॥ ૬॥

આયસુ કરહિં સકલ ભયભીતા । નવહિં આઇ નિત ચરન બિનીતા ॥ ૭॥

ભયભીત થઈને બધા તેની આજ્ઞાનું પાલન કરતા હતા અને નિત્ય આવીને નમ્રતાપૂર્વક તેના ચરણોમાં માથું નમાવતાં હતાં. ॥ ૭॥

દો૦– ભુજબલ બિસ્વ બસ્ય કરિ રાખેસિ કોઉ ન સુતંત્ર ।
મંડલીક મનિ રાવન રાજ કરઇ નિજ મંત્ર ॥ ૧૮૨ (ક)॥

તેણે ભુજાઓના બળથી સમસ્ત વિશ્વને વશમાં કરી લીધું હતું, કોઈને સ્વતંત્ર ન રહેવા દીધા. [આ રીતે] મંડલીક રાજાઓનો શિરોમણિ (સાર્વભૌમ સમ્રાટ) રાવણ પોતાની ઇચ્છાનુસાર રાજ્ય કરવા માંડ્યો. ॥ ૧૮૨ (ક)॥

દેવ જચ્છ ગંધર્બ નર કિંનર નાગ કુમારિ।
જીતિ બરીં નિજ બાહુ બલ બહુ સુંદર બર નારિ ॥૧૮૨ (ખ)॥

દેવતા, યક્ષ, ગંધર્વ, મનુષ્ય, કિન્નર અને નાગોની કન્યાઓ તથા ઘણીબધી અન્ય સુંદરી અને ઉત્તમ સ્ત્રીઓને તે પોતાની ભુજાઓના બળે જીતીને પરણ્યો. ॥૧૮૨॥

ચૌ૦– ઇંદ્રજીત સન જો કછુ કહેઊ। સો સબ જનુ પહિલેહિં કરિ રહેઊ॥
પ્રથમહિં જિન્હ કહુઁ આયસુ દીન્હા। તિન્હ કર ચરિત સુનહુ જો કીન્હા॥૧॥

મેઘનાદને તેણે જે કંઈ કહ્યું, તે તેણે (મેઘનાદે) જાણે અગાઉથી જ કરી રાખ્યું હતું જેમને અગાઉથી જ તેણે આજ્ઞા આપી રાખી હતી, તેમણે જે કરતૂતો કર્યાં તેને સાંભળો. ॥૧॥

દેખત ભીમરૂપ સબ પાપી। નિસિચર નિકર દેવ પરિતાપી॥
કરહિં ઉપદ્રવ અસુર નિકાયા। નાના રૂપ ધરહિં કરિ માયા॥૨॥

સર્વે રાક્ષસોના સમૂહ જોવામાં ઘણા ભયાનક, પાપી અને દેવતાઓને દુઃખ આપનાર હતા. તે અસુરોના સમૂહ ઉપદ્રવ કરતા હતા અને માયાથી અનેક પ્રકારનાં રૂપ ધરતા હતા. ॥૨॥

જેહિ બિધિ હોઈ ધર્મ નિર્મૂલા। સો સબ કરહિં બેદ પ્રતિકૂલા॥
જેહિં જેહિં દેસ ધેનુ દ્વિજ પાવહિં। નગર ગાઉઁ પુર આગિ લગાવહિં॥૩॥

જે રીતે ધર્મનાં મૂળ કપાય, તે સર્વે વેદવિરુદ્ધ કાર્યો તેઓ કરતા હતા. જે જે સ્થળે તેઓ ગાય અને બ્રાહ્મણોને જોતા, તે નગર, ગામ અને પરામાં આગ લગાડી દેતા હતા. ॥૩॥

સુભ આચરન કતહુઁ નહિં હોઈ। દેવ બિપ્ર ગુરુ માન ન કોઈ॥
નહિં હરિભગતિ જગ્ય તપ ગ્યાના। સપનેહુઁ સુનિઅ ન બેદ પુરાના॥૪॥

[તેમના ડરથી] ક્યાંય પણ શુભ આચરણ (બ્રાહ્મણભોજન, યજ્ઞ, શ્રાદ્ધ આદિ) થતાં ન હતાં. દેવતા બ્રાહ્મણ અને ગુરુને કોઈ માનતા ન હતા. ન હરિભક્તિ હતી અને ન તો યજ્ઞ, તપ અને જ્ઞાન હતું. વેદ અને પુરાણ તો સ્વપ્નમાં પણ સાંભળવા મળતાં ન હતાં. ॥૪॥

છં૦– જપ જોગ બિરાગા તપ મખ ભાગા શ્રવન સુનઇ દસસીસા।
આપુનુ ઉઠિ ધાવઇ રહૈ ન પાવઇ ધરિ સબ ઘાલઇ ખીસા॥
અસ ભ્રષ્ટ અચારા ભા સંસારા ધર્મ સુનિઅ નહિં કાના।
તેહિ બહુબિધિ ત્રાસઇ દેસ નિકાસઇ જો કહ બેદ પુરાના॥

જપ, યોગ, વૈરાગ્ય, તપ તથા યજ્ઞમાં [દિવતાઓના] ભાગ પામવાની વાત રાવણ ક્યાંક કાને સાંભળતો, તો [તે જ સમયે] સ્વયં ઊઠી દોડતો. કંઈ પણ રહેવા ન પામતું, તે બધાને પકડીને વિધ્વંસ કરી નાખતો હતો. સંસારમાં એવું ભ્રષ્ટ આચરણ ફેલાયું કે ધર્મ તો કાનોમાં સાંભળવામાં આવતો ન હતો; જે કોઈ વેદ અને પુરાણ કહેતું તેને ઘણી રીતે ત્રાસ આપતો અને દેશમાંથી કાઢી મૂકતો હતો – ॥૫॥

સો૦ – બરનિ ન જાઈ અનીતિ ઘોર નિસાચર જો કરહિં ।
હિંસા પર અતિ પ્રીતિ તિન્હ કે પાપહિ કવનિ મિતિ ॥ ૧૮૩॥

રાક્ષસ લોકો જે ઘોર અત્યાચાર કરતા હતા, તેનું વર્ણન કરી શકાતું નથી. હિંસા પર જ જેમની પ્રીતિ છે, તેમનાં પાપોનું શું ઠેકાણું? ॥ ૧૮૩॥

માસપારાયણ, છઠ્ઠો વિશ્રામ

ચૌ૦ – બાઢ઼ે ખલ બહુ ચોર જુઆરા । જે લંપટ પરધન પરદારા ॥
માનહિં માતુ પિતા નહિં દેવા । સાધુન્હ સન કરવાવહિં સેવા ॥ ૧॥

પારકું ધન અને પારકી સ્ત્રી પર મન રાખનારા દુષ્ટ, ચોર અને જુગારીઓ ઘણા વધી ગયા. લોકો માતા-પિતા અને દેવતાઓને માનતા ન હતા અને સાધુઓ [ની સેવા કરવાનું તો દૂર, ઊલટા તેમના]થી સેવા કરાવતા હતા. ॥ ૧॥

જિન્હ કે યહ આચરન ભવાની । તે જાનેહુ નિસિચર સબ પ્રાની ॥
અતિસય દેખિ ધર્મ કૈ ગ્લાની । પરમ સભીત ધરા અકુલાની ॥ ૨॥

[શ્રીશિવજી કહે છે કે –] હે ભવાની! જેમનાં આવાં આચરણ છે, તે બધાં પ્રાણીઓને રાક્ષસ જ જાણજો. આ રીતે ધર્મ પ્રત્યે [લોકોની] અતિશય ગ્લાનિ (અરુચિ, અનાસ્થા) જોઈને પૃથ્વી અત્યંત ભયભીત અને વ્યાકુળ થઈ ગઈ. ॥ ૨॥

ગિરિ સરિ સિંધુ ભાર નહિં મોહી । જસ મોહિ ગરુઅ એક પરદ્રોહી ॥
સકલ ધર્મ દેખઇ બિપરીતા । કહિ ન સકઇ રાવન ભય ભીતા ॥ ૩॥

[તે વિચારવા લાગી કે] પર્વતો, નદીઓ અને સમુદ્રોનો ભાર મને એટલો ભારે નથી જણાતો, જેટલો ભાર મને એક પરદ્રોહીનો (બીજાનું અનિષ્ટ કરનારાનો) લાગે છે. પૃથ્વી બધા ધર્મોને વિપરીત જોઈ રહી છે પણ રાવણથી ભયભીત થયેલી તે કંઈ બોલી શકતી નથી. ॥ ૩॥

ધેનુ રૂપ ધરિ હૃદયઁ બિચારી । ગઈ તહાઁ જહઁ સુર મુનિ ઝારી ॥
નિજ સંતાપ સુનાએસિ રોઈ । કાહૂ તેં કછુ કાજ ન હોઈ ॥ ૪॥

[છેવટે] હૃદયમાં વિચાર કરીને, ગાયનું રૂપ ધારણ કરીને પૃથ્વી ત્યાં ગઈ, જ્યાં સર્વે દેવતા અને મુનિ [છુપાયેલા] હતા. પૃથ્વીએ રોઈને તેમને પોતાનું દુઃખ સંભળાવ્યું, પણ કોઈથી કંઈ કામ ન બન્યું. ॥ ૪॥

છં૦ – સુર મુનિ ગંધર્બા મિલિ કરિ સર્બા ગે બિરંચિ કે લોકા ।
સઁગ ગોતનુધારી ભૂમિ બિચારી પરમ બિકલ ભય સોકા ॥
બ્રહ્માઁ સબ જાના મન અનુમાના મોર કછૂ ન બસાઈ ।
જા કરિ તૈં દાસી સો અબિનાસી હમરેઉ તોર સહાઈ ॥

ત્યારે દેવતા, મુનિ અને ગંધર્વ બધા મળીને બ્રહ્માજીના લોક(સત્યલોક)માં ગયા. ભય અને શોકથી અત્યંત વ્યાકુળ બિચારી પૃથ્વી પણ ગાયનું શરીર ધારણ કરીને તેમની સાથે ગઈ.

બ્રહ્માજી સર્વે જાણી ગયા. તેમણે મનમાં અનુમાન કર્યું કે આમાં મારા વશ કંઈ પણ ચાલવાનું નથી. [ત્યારે તેમણે પૃથ્વીને કહ્યું કે –] જેની તું દાસી છે, તે જ અવિનાશી અમારો અને તમારો, બંનેનો સહાયક છે.

સો૦ – ધરનિ ધરહિ મન ધીર કહ બિરંચિ હરિપદ સુમિરુ ।
જાનત જન કી પીર પ્રભુ ભંજિહિ દારુન બિપતિ ॥ ૧૮૪॥

બ્રહ્માજીએ કહ્યું – હે પૃથ્વીદેવી! મનમાં ધીરજ ધારણ કરી શ્રીહરિના ચરણોનું સ્મરણ કરો. પ્રભુ પોતાના દાસોની પીડાને જાણે છે, તે તમારી કઠિન વિપત્તિનો નાશ કરશે. ॥ ૧૮૪॥

ચૌ૦ – બૈઠે સુર સબ કરહિં બિચારા । કહઁ પાઇઅ પ્રભુ કરિઅ પુકારા ॥
પુર બૈકુંઠ જાન કહ કોઈ । કોઉ કહ પયનિધિ બસ પ્રભુ સોઈ ॥ ૧॥

સર્વે દેવતાઓ બેસીને વિચાર કરવા લાગ્યા કે પ્રભુને ક્યાં પામીએ જેથી તેમની સામે પોકાર (ફરિયાદ) કરીએ. કોઈ વૈકુંઠપુરી જવા કહેતું હતું અને કોઈ કહેતું હતું કે તે પ્રભુ ક્ષીરસમુદ્રમાં નિવાસ કરે છે. ॥ ૧॥

જાકે હૃદયઁ ભગતિ જસિ પ્રીતી । પ્રભુ તહઁ પ્રગટ સદા તેહિં રીતી ॥
તેહિં સમાજ ગિરિજા મૈં રહેઉઁ । અવસર પાઇ બચન એક કહેઉઁ ॥ ૨॥

જેના હૃદયમાં જેવી ભક્તિ અને પ્રીતિ હોય છે, પ્રભુ ત્યાં (તેના માટે) સદા તે જ પ્રમાણે પ્રકટ થાય છે. હે પાર્વતી! તે સમાજમાં હું પણ હતો. અવસર પામીને મેં એક વાત કહી – ॥ ૨॥

હરિ બ્યાપક સર્બત્ર સમાના । પ્રેમ તેં પ્રગટ હોહિં મૈં જાના ॥
દેસ કાલ દિસિ બિદિસિહુ માહીં । કહહુ સો કહાઁ જહાઁ પ્રભુ નાહીં ॥ ૩॥

હું તો આ જાણું છું કે ભગવાન સર્વે સ્થળે સમાનરૂપે વ્યાપક છે, પ્રેમથી તે પ્રકટ થઈ જાય છે. દેશ, કાળ, દિશા, વિદિશામાં બતાવો, એવી જગ્યા ક્યાં છે જ્યાં પ્રભુ ન હોય? ॥ ૩॥

અગ જગમય સબ રહિત બિરાગી । પ્રેમ તેં પ્રભુ પ્રગટઇ જિમિ આગી ॥
મોર બચન સબ કે મન માના । સાધુ સાધુ કરિ બ્રહ્મ બખાના ॥ ૪॥

તે ચરાચરમય રહીને પણ સર્વેથી રહિત છે અને વિરક્ત છે (તેમની ક્યાંય આસક્તિ નથી); તે પ્રેમથી પ્રકટ થાય છે, જેમ અગ્નિ. (અગ્નિ અવ્યક્તરૂપથી સર્વત્ર વ્યાપ્ત છે, પરંતુ જ્યાં તેના માટે અરણિમંથનાદિ સાધન કરવામાં આવે છે ત્યાં તે પ્રકટ થાય છે. તે જ રીતે સર્વત્ર વ્યાપ્ત ભગવાન પણ પ્રેમથી પ્રકટ થાય છે.) મારી વાત બધાને ગમી. બ્રહ્માજીએ 'સાધુ-સાધુ' કહીને પ્રશંસા કરી. ॥ ૪॥

દો૦ – સુનિ બિરંચિ મન હરષ તન પુલકિ નયન બહ નીર ।
અસ્તુતિ કરત જોરિ કર સાવધાન મતિધીર ॥ ૧૮૫॥

મારી વાત સાંભળીને બ્રહ્માજીના મનમાં ઘણો હર્ષ થયો, તેમનું તન પુલકિત થઈ ગયું અને નેત્રોમાંથી [પ્રેમનાં] આંસુ વહેવા લાગ્યાં. ત્યારે તે ધીરબુદ્ધિ બ્રહ્માજી સાવધાન થઈને હાથ જોડી સ્તુતિ કરવા માંડ્યા – ॥ ૧૮૫॥

છં૦— જય જય સુરનાયક જન સુખદાયક પ્રનતપાલ ભગવંતા।
ગો દ્વિજ હિતકારી જય અસુરારી સિંધુસુતા પ્રિય કંતા॥
પાલન સુર ધરની અદ્ભુત કરની મરમ ન જાનઇ કોઈ।
જો સહજ કૃપાલા દીનદયાલા કરઉ અનુગ્રહ સોઈ॥

હે દેવતાઓના સ્વામી! સેવકોને સુખ આપનાર, શરણાગતની રક્ષા કરનાર, ભગવાન! આપનો જય હો! જય હો! હે ગો-બ્રાહ્મણોનું હિત કરનાર, અસુરોનો વિનાશ કરનાર, સમુદ્રની કન્યા(શ્રીલક્ષ્મીજી)ના પ્રિય સ્વામી! આપનો જય હો! હે દેવતા અને પૃથ્વીનું પાલન કરનાર! આપની લીલા અદ્ભુત છે, એનો ભેદ કોઈ નથી જાણતો. એવા જે સ્વભાવથી જ કૃપાળુ અને દીનદયાળુ છે તે જ અમારા પર કૃપા કરો. ॥૧॥

જય જય અબિનાસી સબ ઘટ બાસી બ્યાપક પરમાનંદા।
અબિગત ગોતીતં ચરિત પુનીતં માયારહિત મુકુંદા॥
જેહિ લાગિ બિરાગી અતિ અનુરાગી બિગત મોહ મુનિબૃંદા।
નિસિ બાસર ધ્યાવહિં ગુન ગન ગાવહિં જયતિ સચ્ચિદાનંદા॥

હે અવિનાશી, બધાના હૃદયમાં નિવાસ કરનાર (અંતર્યામી), સર્વવ્યાપક પરમ આનંદસ્વરૂપ, અજ્ઞેય, ઇન્દ્રિયોથી પર, પવિત્ર-ચરિત્ર, માયાથી રહિત મુકુન્દ (મોક્ષદાતા)! આપનો જય હો! જય હો! [આ લોક અને પરલોકના સર્વે ભોગોથી] વિરક્ત તથા મોહથી સર્વથા છૂટેલા (જ્ઞાની) મુનિવૃન્દ પણ અત્યંત અનુરાગી (પ્રેમી) બનીને જેમનું રાત-દિવસ ધ્યાન કરે છે અને જેમના ગુણોના સમૂહનું ગાન કરે છે, તે સચ્ચિદાનંદનો જય હો. ॥૨॥

જેહિં સૃષ્ટિ ઉપાઈ ત્રિબિધ બનાઈ સંગ સહાય ન દૂજા।
સો કરઉ અઘારી ચિંત હમારી જાનિઅ ભગતિ ન પૂજા॥
જો ભવ ભય ભંજન મુનિ મન રંજન ગંજન બિપતિ બરૂથા।
મન બચ ક્રમ બાની છાડ઼િ સયાની સરન સકલ સુરજૂથા॥

જેમને કોઈ બીજાના સાથ અથવા સહાય વગર એકલા જ [અથવા સ્વયં પોતાને જ ત્રિગુણરૂપ - બ્રહ્મા, વિષ્ણુ, શિવરૂપ - બનાવીને અથવા વિના કોઈ ઉપાદાન-કારણે અર્થાત્ સ્વયં જ સૃષ્ટિના અભિન્નનિમિત્તોપાદાન કારણ બની] ત્રણ પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન કરી, તે પાપોનો નાશ કરનાર ભગવાન અમારી સંભાળ લો. અમે નથી ભક્તિ જાણતા અને નથી પૂજા જાણતા. જે સંસારના એટલે જન્મ-મૃત્યુના ભયનો નાશ કરનાર મુનિઓના મનને આનંદ આપનાર અને વિપત્તિઓના સમૂહને નષ્ટ કરનાર છે. અમે બધા દેવતાઓના સમૂહ મન, વચન અને કર્મથી ચતુરાઈ કરવાની ટેવ છોડીને તે ભગવાનને શરણ આવ્યા છીએ. ॥૩॥

સારદ શ્રુતિ સેષા રિષય અસેષા જા કહુઁ કોઉ નહિં જાના।
જેહિ દીન પિઆરે બેદ પુકારે દ્રવઉ સો શ્રીભગવાના॥
ભવ બારિધિ મંદર સબ બિધિ સુંદર ગુનમંદિર સુખપુંજા।
મુનિ સિદ્ધ સકલ સુર પરમ ભયાતુર નમત નાથ પદ કંજા॥

સરસ્વતી, વેદ, શેષજી અને સંપૂર્ણ ઋષિ કોઈ પણ જેમને નથી જાણતા; જેમને દીનો પ્રિય છે એવું વેદ પોકારીને કહે છે, તે જ શ્રીભગવાન અમારા પર દયા કરો. હે સંસારરૂપી સમુદ્રને [મથવા] માટે મંદરાચળરૂપ, સર્વે પ્રકારથી સુંદર, ગુણોના ધામ અને સુખોના ભંડારી નાથ! આપનાં ચરણકમળોમાં મુનિ, સિદ્ધ અને સર્વે દેવતા ભયથી અત્યંત વ્યાકુળ થઈને નમસ્કાર કરે છે. ॥ ૪॥

દો૦— જાનિ સભય સુર ભૂમિ સુનિ બચન સમેત સનેહ।
ગગનગિરા ગંભીર ભઈ હરનિ સોક સંદેહ ॥ ૧૮૬॥

દેવતા અને પૃથ્વીને ભયભીત જાણીને અને એમનાં સ્નેહયુક્ત વચન સાંભળી શોક અને સંશયને હરનારી ગંભીર આકાશવાણી થઈ – ॥ ૧૮૬॥

ચૌ૦— જનિ ડરપહુ મુનિ સિદ્ધ સુરેસા। તુમ્હહિ લાગિ ધરિહઉઁ નર બેસા॥
અંસન્હ સહિત મનુજ અવતારા। લેહઉઁ દિનકર બંસ ઉદારા॥ ૧॥

હે મુનિ, સિદ્ધ અને દેવતાઓના સ્વામીઓ! ડરો નહિ. તમારા માટે હું મનુષ્યનું રૂપ ધારણ કરીશ અને ઉદાર (પવિત્ર) સૂર્યવંશમાં અંશોસહિત મનુષ્યનો અવતાર લઈશ. ॥ ૧॥

કસ્યપ અદિતિ મહાતપ કીન્હા। તિન્હ કહુઁ મૈં પૂરબ બર દીન્હા॥
તે દસરથ કૌસલ્યા રૂપા। કોસલપુરીં પ્રગટ નર ભૂપા॥ ૨॥

કશ્યપ અને અદિતિએ ઘણું ભારે તપ કર્યું હતું. હું અગાઉ જ એમને વર આપી ચૂક્યો છું. તેઓ જ દશરથ અને કૌશલ્યાના રૂપમાં મનુષ્યોના રાજા થઈને શ્રીઅયોધ્યાપુરીમાં પ્રકટ થયાં છે. ॥ ૨॥

તિન્હ કેં ગૃહ અવતરિહઉઁ જાઈ। રઘુકુલ તિલક સો ચારિઉ ભાઈ॥
નારદ બચન સત્ય સબ કરિહઉઁ। પરમ સક્તિ સમેત અવતરિહઉઁ॥ ૩॥

તેમના ઘેર જઈને હું રઘુકુળમાં શ્રેષ્ઠ ચાર ભાઈઓના રૂપે અવતાર લઈશ. નારદનાં સર્વે વચનોને હું સત્ય કરીશ અને પોતાની પરાશક્તિ સહિત અવતાર લઈશ. ॥ ૩॥

હરિહઉઁ સકલ ભૂમિ ગુરુઆઈ। નિર્ભય હોહુ દેવ સમુદાઈ॥
ગગન બ્રહ્મબાની સુનિ કાના। તુરત ફિરે સુર હૃદય જુડ઼ાના॥ ૪॥

હું પૃથ્વીનો બધો ભાર હરી લઈશ. હે દેવવૃંદ! તમે નિર્ભય થઈ જાઓ. આકાશમાં બ્રહ્મ (ભગવાનની) વાણીને કાનથી સાંભળી દેવતા તરત પાછા ફર્યા. તેમનું હૃદય શીતળ થઈ ગયું. ॥ ૪॥

તબ બ્રહ્માઁ ધરનિહિ સમુઝાવા। અભય ભઈ ભરોસ જિયઁ આવા॥ ૫॥

ત્યારે બ્રહ્માજીએ પૃથ્વીને સમજાવી. તે પણ નિર્ભય થઈ અને એના અંતરમાં વિશ્વાસ બેસી ગયો. ॥ ૫॥

દો૦— નિજ લોકહિ બિરંચિ ગે દેવન્હ ઇહઇ સિખાઇ।
બાનર તનુ ધરિ ધરિ મહિ હરિ પદ સેવહુ જાઇ॥ ૧૮૭॥

બ્રહ્માજીએ દેવતાઓને આ જ શિખામણ આપી કે વાનરોનું શરીર ધરી-ધરીને તમે લોકો પૃથ્વી પર જઈને ભગવાનના ચરણોની સેવા કરો, તેમ કહી બ્રહ્માજી પોતાના લોકમાં જતા રહ્યા. ॥ ૧૮૭॥

ચૌ૦– ગએ દેવ સબ નિજ નિજ ધામા। ભૂમિ સહિત મન કહુઁ બિશ્રામા॥
જો કછુ આયસુ બ્રહ્માઁ દીન્હા। હરષે દેવ બિલંબ ન કીન્હા॥૧॥

બધા દેવતાઓ પોતપોતાના લોકમાં ગયા. પૃથ્વીસહિત સર્વેના મનને શાંતિ મળી. બ્રહ્માજીએ જે કંઈ આજ્ઞા આપી, તેથી દેવતા ઘણા પ્રસન્ન થયા અને તેમણે [એમ કરવામાં] વાર ન કરી. ॥૧॥

બનચર દેહ ધરી છિતિ માહીં। અતુલિત બલ પ્રતાપ તિન્હ પાહીં॥
ગિરિ તરુ નખ આયુધ સબ બીરા। હરિ મારગ ચિતવહિં મતિધીરા॥૨॥

પૃથ્વી પર તેઓએ વાનર દેહ ધારણ કર્યાં. તેમનામાં અપાર બળ અને પ્રતાપ હતો. બધા શૂરવીર હતા; પર્વત વૃક્ષ અને નખ જ એમનાં શસ્ત્રો હતાં. તે ધીર બુદ્ધિવાળા [વાનરરૂપ દેવતા] ભગવાનના આવવાની રાહ જોવા માંડ્યા. ॥૨॥

ગિરિ કાનન જહઁ તહઁ ભરિ પૂરી। રહે નિજ નિજ અનીક રચિ રૂરી॥
યહ સબ રુચિર ચરિત મૈં ભાષા। અબ સો સુનહુ જો બીચહિં રાખા॥૩॥

તે વાનરો પર્વતો અને જંગલોમાં ચારે બાજુ પોતપોતાની સુંદર સેનાઓ બનાવી ભરપૂર સઘળે છવાઈ ગયા. એ બધું સુંદર ચરિત્ર મેં કહ્યું. હવે, તે ચરિત્ર સાંભળો જેને વચમાં જ છોડી દીધું હતું. ॥૩॥

અવધપુરીં રઘુકુલમનિ રાઊ। બેદ બિદિત તેહિ દસરથ નાઊઁ॥
ધરમ ધુરંધર ગુનનિધિ ગ્યાની। હૃદયઁ ભગતિ મતિ સારઁગપાની॥૪॥

અવધપુરીમાં રઘુકુળશિરોમણિ દશરથ નામે રાજા થયા, જેમનું નામ વેદોમાં વિખ્યાત છે. તેઓ ધર્મધુરંધર, ગુણોના ભંડાર અને જ્ઞાની હતા. તેમના હૃદયમાં શાર્ઙ્ગધનુષ ધારણ કરનારા ભગવાનની ભક્તિ હતી અને તેમની બુદ્ધિ પણ તેમાં જ લીન રહેતી હતી. ॥૪॥

દો૦– કૌસલ્યાદિ નારિ પ્રિય સબ આચરન પુનીત।
પતિ અનુકૂલ પ્રેમ દૃઢ઼ હરિ પદ કમલ બિનીત॥૧૮૮॥

તેમને કૌશલ્યા આદિ પ્રિય રાણીઓ સર્વે પવિત્ર આચરણવાળી હતી. તે [ઘણી] વિનયી અને પતિને અનુકૂળ [ચાલનારી] હતી, અને શ્રીહરિનાં ચરણકમળોમાં એમને દૃઢ પ્રેમ હતો. ॥૧૮૮॥

ચૌ૦– એક બાર ભૂપતિ મન માહીં। ભૈ ગલાનિ મોરેં સુત નાહીં॥
ગુર ગૃહ ગયઉ તુરત મહિપાલા। ચરન લાગિ કરિ બિનય બિસાલા॥૧॥

એક વખત રાજાના મનમાં ઘણી ગ્લાનિ થઈ કે મારે પુત્ર નથી. રાજા તુરત જ ગુરુના ઘેર ગયા અને ચરણોમાં પ્રણામ કરી ઘણી વિનંતી કરી. ॥૧॥

નિજ દુખ સુખ સબ ગુરહિ સુનાયઉ। કહિ બસિષ્ઠ બહુબિધિ સમુઝાયઉ॥
ધરહુ ધીર હોઇહહિં સુત ચારી। ત્રિભુવન બિદિત ભગત ભય હારી॥૨॥

રાજાએ પોતાના સર્વે દુઃખ-સુખ ગુરુને કહી સંભળાવ્યાં. ગુરુ વસિષ્ઠજીએ તેમને ઘણી રીતે સમજાવ્યા [અને કહ્યું –] ધીરજ ધરો, તમારા ચાર પુત્રો થશે, જે ત્રણેય લોકોમાં પ્રસિદ્ધ અને ભક્તોના ભયને હરનારા થશે. ॥૨॥

સૃંગી રિષિહિ બસિષ્ઠ બોલાવા। પુત્રકામ સુભ જગ્ય કરાવા॥
ભગતિ સહિત મુનિ આહુતિ દીન્હેં। પ્રગટે અગિનિ ચરૂ કર લીન્હેં॥૩॥

વસિષ્ઠજીએ શૃઙ્ગી ઋષિને બોલાવડાવ્યા અને તેમના થકી શુભ પુત્રકામેષ્ટિ યજ્ઞ કરાવ્યો. મુનિ દ્વારા ભક્તિસહિત આહુતિઓ અપાવાથી અગ્નિદેવ હાથમાં ચરુ (હવિષ્યાન્ન ખીર) લઈને પ્રકટ થયા. ॥૩॥

જો બસિષ્ઠ કછુ હૃદયઁ બિચારા। સકલ કાજુ ભા સિદ્ધ તુમ્હારા॥
યહ હબિ બાઁટિ દેહુ નૃપ જાઈ। જથા જોગ જેહિ ભાગ બનાઈ॥૪॥

[અને દશરથજીને કહ્યું -] વસિષ્ઠજીએ હૃદયમાં જે કંઈ વિચાર્યું હતું, તમારું તે સર્વ કાર્ય સિદ્ધ થઈ ગયું. હે રાજન્! [હવે] તમે જઈને આ હવિષ્યાન્ન(પાયસ)ને જેને જેટલો ઉચિત જણાય તેટલો ભાગ પાડીને વહેંચી દો. ॥૪॥

દો૦– તબ અદૃસ્ય ભએ પાવક સકલ સભહિ સમુઝાઇ।
પરમાનંદ મગન નૃપ હરષ ન હૃદયઁ સમાઇ॥૧૮૯॥

તત્પશ્ચાત્ અગ્નિદેવ આખી સભાને સમજાવીને અંતર્ધાન થઈ ગયા. રાજા પરમાનંદમાં લીન થઈ ગયા, તેના હૃદયમાં હર્ષ સમાતો ન હતો. ॥૧૮૯॥

ચૌ૦– તબહિં રાયઁ પ્રિય નારિ બોલાઈં। કૌસલ્યાદિ તહાઁ ચલિ આઈં॥
અર્ધ ભાગ કૌસલ્યહિ દીન્હા। ઉભય ભાગ આધે કર કીન્હા॥૧॥

તે વખતે રાજાએ પોતાની પ્રિય પત્નીઓને બોલાવી. કૌશલ્યા આદિ સર્વે (રાણીઓ) ત્યાં ચાલી આવી. રાજાએ (પાયસનો) અડધો ભાગ કૌશલ્યાને આપ્યો, (અને શેષ) અડધાના બે ભાગ કર્યા. ॥૧॥

કૈકેઈ કહઁ નૃપ સો દયઊ। રહ્યો સો ઉભય ભાગ પુનિ ભયઊ॥
કૌસલ્યા કૈકેઈ હાથ ધરિ। દીન્હ સુમિત્રહિ મન પ્રસન્ન કરિ॥૨॥

તેમાંથી એક ભાગ રાજાએ કૈકેયીને આપ્યો. શેષ જે વધ્યો તેના ફરી બે ભાગ પડ્યા, અને રાજાએ તેમને કૌશલ્યા અને કૈકેયીના હાથમાં મૂકી અર્થાત્ એમની સંમતિ મેળવી અને આ રીતે તેમનું મન રાજી કરી સુમિત્રાને આપ્યા. ॥૨॥

એહિ બિધિ ગર્ભસહિત સબ નારી। ભઈં હૃદયઁ હરષિત સુખ ભારી॥
જા દિન તેં હરિ ગર્ભહિં આએ। સકલ લોક સુખ સંપતિ છાએ॥૩॥

આ પ્રમાણે બધી સ્ત્રીઓ ગર્ભવતી થઈ. તે હૃદયમાં ઘણી પ્રસન્ન થઈ. તેમને મોટું સુખ મળ્યું. જે દિવસથી શ્રીહરિ [લીલાથી જ] ગર્ભમાં આવ્યા, ત્યારથી સર્વ લોકોમાં સુખ અને સંપત્તિ છવાઈ ગયાં. ॥૩॥

મંદિર મહઁ સબ રાજહિં રાનીં। સોભા સીલ તેજ કી ખાનીં॥
સુખ જુત કછુક કાલ ચલિ ગયઊ। જેહિં પ્રભુ પ્રગટ સો અવસર ભયઊ॥૪॥

શોભા, શીલ અને તેજની ખાણ [બનેલી] બધી રાણીઓ મહેલમાં સુશોભિત થઈ. આમ, થોડોક સમય સુખપૂર્વક વીત્યો અને એ અવસર આવી ગયો, જ્યારે પ્રભુએ પ્રકટ થવાનું હતું. ॥૪॥

દો○ – જોગ લગન ગ્રહ બાર તિથિ સકલ ભએ અનુકૂલ ।
ચર અરુ અચર હર્ષજુત રામ જનમ સુખમૂલ ॥ ૧૯૦॥

યોગ, લગ્ન, ગ્રહ, વાર અને તિથિ સર્વે અનુકૂળ થઈ ગયાં. જડ અને ચેતન સર્વે આનંદથી ભરાઈ ગયાં. [કેમકે] શ્રીરામનો જન્મ સુખનું મૂળ છે. ॥ ૧૯૦॥

ચૌ○ – નૌમી તિથિ મધુ માસ પુનીતા । સુકલ પચ્છ અભિજિત હરિપ્રીતા ॥
મધ્યદિવસ અતિ સીત ન ઘામા । પાવન કાલ લોક બિશ્રામા ॥ ૧॥

પવિત્ર ચૈત્રનો મહિનો હતો, નવમી તિથિ હતી. શુક્લ પક્ષ અને ભગવાનને પ્રિય અભિજિત મુહૂર્ત હતું. બપોરનો સમય હતો. નહોતી બહુ ઠંડી, ન ગરમી હતી. તે પવિત્ર સમય સર્વે લોકોને શાંતિ આપનાર હતો. ॥ ૧॥

સીતલ મંદ સુરભિ બહ બાઊ । હરષિત સુર સંતન મન ચાઊ ॥
બન કુસુમિત ગિરિગન મનિઆરા । સ્રવહિં સકલ સરિતાઽમૃતધારા ॥ ૨॥

શીતળ, મંદ અને સુગંધિત વાયુ વાતો હતો. દેવતા આનંદિત હતા અને સંતોના મનમાં [મોટો] ઉત્સાહ હતો. પર્વતો પર વનરાજી ફળફૂલોથી છવાયેલી હતી. તે પર્વતોના સમૂહ મણિઓની ખાણોથી ઝગમગી રહ્યા હતા અને સર્વે નદીઓ અમૃતની ધારા વહેવડાવતી હતી. આ પ્રમાણે પર્વતો શોભાયમાન થઈ રહ્યા હતા. ॥ ૨॥

સો અવસર બિરંચિ જબ જાના । ચલે સકલ સુર સાજિ બિમાના ॥
ગગન બિમલ સંકુલ સુર જૂથા । ગાવહિં ગુન ગંધર્બ બરૂથા ॥ ૩॥

જ્યારે બ્રહ્માજીએ તે (ભગવાનનો પ્રકટ થવાનો) અવસર જાણ્યો ત્યારે [તેમના સહિત] સર્વે દેવતા વિમાન સજાવી-સજાવીને ચાલ્યા. નિર્મળ આકાશ દેવતાઓના સમૂહોથી ભરાઈ ગયું. ગંધર્વોના સમૂહ ગુણોનું ગાન કરવા લાગ્યા – ॥ ૩॥

બરષહિં સુમન સુઅંજુલિ સાજી । ગહગહિ ગગન દુંદુભી બાજી ॥
અસ્તુતિ કરહિં નાગ મુનિ દેવા । બહુબિધિ લાવહિં નિજ નિજ સેવા ॥ ૪॥

અને સુંદર અંજલિઓમાં સજાવી સજાવીને પુષ્પ વરસાવવા માંડ્યા. આકાશમાં ધમાધમ નગારાં વાગવા લાગ્યાં. નાગ, મુનિ અને દેવતા સ્તુતિ કરવા લાગ્યા અને અનેક પ્રકારથી પોતપોતાની સેવા સમર્પણ કરવા લાગ્યા. ॥ ૪॥

દો○ – સુર સમૂહ બિનતી કરિ પહુઁચે નિજ નિજ ધામ ।
જગનિવાસ પ્રભુ પ્રગટે અખિલ લોક બિશ્રામ ॥ ૧૯૧॥

દેવતાઓના સમૂહ પ્રાર્થના કરીને પોતપોતાના લોકમાં જઈ પહોંચ્યા. સમસ્ત લોકોને શાંતિ આપનારા, જગદાધાર પ્રભુ પ્રકટ થયા. ॥ ૧૯૧॥

છં૦ – ભએ પ્રગટ કૃપાલા દીનદયાલા કૌસલ્યા હિતકારી।
હરષિત મહતારી મુનિ મન હારી અદ્‌ભુત રૂપ બિચારી॥
લોચન અભિરામા તનુ ઘનસ્યામા નિજ આયુધ ભુજ ચારી।
ભૂષન બનમાલા નયન બિસાલા સોભાસિંધુ ખરારી॥

દીનો પર દયા કરનારા, કૌશલ્યાજીના હિતકારી કૃપાળુ પ્રભુ પ્રગટ થયા. મુનિઓના મનને હરનારા તેમના અદ્‌ભુત રૂપનો વિચાર કરી માતા આનંદથી છલકાઈ ગયાં. નેત્રોને આનંદ આપનાર મેઘ સમાન શ્યામ શરીર હતું. ચારેય ભુજાઓમાં પોતાના (ખાસ) આયુધ [ધારણ કર્યાં] હતાં; [દિવ્ય] આભૂષણ અને વનમાળા પહેરી હતી; મોટાં મોટાં નેત્રો હતાં. આમ, શોભાના સમુદ્ર તથા ખર રાક્ષસને મારનારા ભગવાન પ્રગટ થયા. ॥ ૧॥

કહ દુઈ કર જોરી અસ્તુતિ તોરી કેહિ બિધિ કરૌં અનંતા।
માયા ગુન ગ્યાનાતીત અમાના બેદ પુરાન ભનંતા॥
કરુના સુખ સાગર સબ ગુન આગર જેહિ ગાવહિં શ્રુતિ સંતા।
સો મમ હિત લાગી જન અનુરાગી ભયઉ પ્રગટ શ્રીકંતા॥

બંને હાથ જોડીને માતા કહેવા લાગ્યાં – હે અનંત! હું કઈ રીતે તમારી સ્તુતિ કરું? વેદ અને પુરાણ તમને માયા, ગુણ અને જ્ઞાનથી પર અને પરિમાણરહિત કહે છે. શ્રુતિઓ અને સંતજન દયા અને સુખના સાગર, સર્વે ગુણોના ધામ કહીને જેમનું ગાન કરે છે, તે જ ભક્તો ઉપર પ્રેમ કરનારા લક્ષ્મીપતિ ભગવાન મારા કલ્યાણ માટે પ્રકટ થયા છે. ॥ ૨॥

બ્રહ્માંડ નિકાયા નિર્મિત માયા રોમ રોમ પ્રતિ બેદ કહૈ।
મમ ઉર સો બાસી યહ ઉપહાસી સુનત ધીર મતિ થિર ન રહૈ॥
ઉપજા જબ ગ્યાના પ્રભુ મુસુકાના ચરિત બહુત બિધિ કીન્હ ચહૈ।
કહિ કથા સુહાઈ માતુ બુઝાઈ જેહિ પ્રકાર સુત પ્રેમ લહૈ॥

વેદ કહે છે કે તમારા પ્રત્યેક રુંવાડામાં માયાથી રચેલા અનેક બ્રહ્માંડોના સમૂહ [ભરેલા] છે. એવા આપ મારા ગર્ભમાં રહ્યા – આ હાંસીની વાત સાંભળતાં જ ધીર (વિવેકી) પુરુષોની બુદ્ધિ પણ સ્થિર નથી રહેતી (વિચલિત થઈ જાય છે). જ્યારે માતાને જ્ઞાન ઉત્પન્ન થયું, ત્યારે પ્રભુએ મંદહાસ્ય કર્યું. તે ઘણી જાતનાં ચરિત્ર કરવા ઇચ્છે છે. એટલે તેમણે [પૂર્વજન્મની] સુંદર કથા કહીને માતાને સમજાવ્યાં જેથી તેમને પુત્રનો (વાત્સલ્ય) પ્રેમ પ્રાપ્ત થાય (ભગવાનના પ્રતિ પુત્રભાવ થઈ જાય). ॥ ૩॥

માતા પુનિ બોલી સો મતિ ડોલી તજહુ તાત યહ રૂપા।
કીજૈ સિસુલીલા અતિ પ્રિયસીલા યહ સુખ પરમ અનૂપા॥
સુનિ બચન સુજાના રોદન ઠાના હોઇ બાલક સુરભૂપા।
યહ ચરિત જે ગાવહિં હરિપદ પાવહિં તે ન પરહિં ભવકૂપા॥

માતાની તે બુદ્ધિ બદલાઈ ગઈ ત્યારે તે ફરીથી બોલ્યાં – હે તાત! આ રૂપ છોડીને અત્યંત પ્રિય બાળલીલા કરો, [મારા માટે] એ સુખ પરમ અનુપમ હશે. [માતાનું] આ વચન સાંભળીને

દેવતાઓના સ્વામી સુજ્ઞ ભગવાને બાળક [રૂપ] થઈ રોવાનું શરૂ કરી દીધું. [તુલસીદાસજી કહે છે –] જે આ ચરિત્રનું ગાન કરે છે, તે શ્રીહરિનું પદ પામે છે અને [પછી] સંસારરૂપી કુવામાં પડતા નથી. ॥ ૪॥

દો૦ – બિપ્ર ધેનુ સુર સંત હિત લીન્હ મનુજ અવતાર।
નિજ ઇચ્છા નિર્મિત તનુ માયા ગુન ગો પાર ॥ ૧૯૨॥

બ્રાહ્મણ, ગૌ, દેવતા અને સંતોને માટે ભગવાને મનુષ્યનો અવતાર લીધો. તેઓ [અજ્ઞાનમયી, મલિન] માયા ને તેના ગુણ (સત્, રજ, તમ) અને [બાહ્ય તથા અંદરની] ઇન્દ્રિયોથી પર છે. તેમનું [દિવ્ય] શરીર પોતાની ઇચ્છાથી જ બન્યું છે [કોઈ કર્મબંધનથી પરવશ થઈને ત્રિગુણાત્મક ભૌતિક પદાર્થો દ્વારા નહીં]. ॥ ૧૯૨॥

ચૌ૦ – સુનિ સિસુ રુદન પરમ પ્રિય બાની। સંભ્રમ ચલિ આઈં સબ રાની ॥
હરષિત જહઁ તહઁ ધાઈં દાસી। આનંદ મગન સકલ પુરબાસી ॥ ૧॥

બાળકના રોવાનો ઘણો જ પ્રિય ધ્વનિ સાંભળીને બધી રાણીઓ ઉતાવળી થઈને દોડીને આવી. દાસીઓ આનંદિત થઈ ચારે બાજુ દોડી. સર્વે પુરવાસી આનંદમાં ગરકાવ થઈ ગયા. ॥ ૧॥

દસરથ પુત્રજન્મ સુનિ કાના। માનહુઁ બ્રહ્માનંદ સમાના ॥
પરમ પ્રેમ મન પુલક સરીરા। ચાહત ઉઠન કરત મતિ ધીરા ॥ ૨॥

રાજા દશરથજી પુત્રનો જન્મ કાનોથી સાંભળીને જાણે બ્રહ્માનંદમાં સમાઈ ગયા. મનમાં અતિશય પ્રેમ છે, શરીર પુલકિત થઈ ગયું. [આનંદમાં અધીર બનેલી] બુદ્ધિને ધીરજ આપીને [અને પ્રેમમાં શિથિલ બનેલા શરીરને સંભાળીને] તેઓ ઊભા થવા ઇચ્છે છે. ॥ ૨॥

જાકર નામ સુનત સુભ હોઈ। મોરેં ગૃહ આવા પ્રભુ સોઈ ॥
પરમાનંદ પૂરિ મન રાજા। કહા બોલાઇ બજાવહુ બાજા ॥ ૩॥

જેમનું નામ સાંભળતાં જ કલ્યાણ થાય છે, તે જ પ્રભુ મારા ઘેર આવ્યા છે [આમ વિચારી] રાજાનું મન પરમ આનંદથી પૂર્ણ થઈ ગયું. તેમણે વાજાંવાળાઓને બોલાવીને કહ્યું કે વાજાં વગાડો. ॥ ૩॥

ગુર બસિષ્ઠ કહઁ ગયઉ હઁકારા। આએ દ્વિજન સહિત નૃપદ્વારા ॥
અનુપમ બાલક દેખેન્હિ જાઈ। રૂપ રાસિ ગુન કહિ ન સિરાઈ ॥ ૪॥

ગુરુ વસિષ્ઠજી પાસે તેડું ગયું. તેઓ બ્રાહ્મણોને સાથે લઈ રાજદ્વારે આવ્યા. તેમણે જઈને અનુપમ બાળકને જોયો, જે રૂપનો ભંડાર છે અને જેના ગુણ કહેવામાં સમાપ્ત નથી થતા. ॥ ૪॥

દો૦ – નંદીમુખ સરાધ કરિ જાતકરમ સબ કીન્હ।
હાટક ધેનુ બસન મનિ નૃપ બિપ્રન્હ કહઁ દીન્હ ॥ ૧૯૩॥

પછી રાજાએ નાન્દીમુખ શ્રાદ્ધ કરીને સર્વે જાતકર્મ-સંસ્કાર આદિ કર્યા અને બ્રાહ્મણોને સોનું, ગૌ, વસ્ત્ર અને મણિઓનાં દાન આપ્યાં. ॥ ૧૯૩॥

ચૌ૦ – ધ્વજ પતાક તોરન પુર છાવા । કહિ ન જાઈ જેહિ ભાઁતિ બનાવા ॥
સુમનબૃષ્ટિ અકાસ તેં હોઈ । બ્રહ્માનંદ મગન સબ લોઈ ॥ ૧॥

ધ્વજા, પતાકા અને તોરણોથી નગર છવાઈ ગયું. જે રીતે તે શણગારાયું હતું, તેનું તો વર્ણન જ નથી કરી શકાતું. આકાશમાંથી ફૂલોની વર્ષા થઈ રહી છે, સર્વે લોકો બ્રહ્માનંદમાં લીન છે. ॥ ૧॥

બૃંદ બૃંદ મિલિ ચલીં લોગાઈ । સહજ સિંગાર કિએઁ ઉઠિ ધાઈ ॥
કનક કલસ મંગલ ભરિ થારા । ગાવત પૈઠહિં ભૂપ દુઆરા ॥ ૨॥

સ્ત્રીઓ ટોળેટોળાં બનાવી ચાલી, સ્વાભાવિક શૃંગાર કરેલી જ તે દોડી પડી. સોનાનો કળશ લઈને અને થાળોમાં મંગળદ્રવ્યો ભરીને ગાતાં ગાતાં તેઓ રાજદ્વારમાં પ્રવેશ કરે છે. ॥ ૨॥

કરિ આરતિ નેવછાવરિ કરહીં । બાર બાર સિસુ ચરનન્હિ પરહીં ॥
માગધ સૂત બંદિગન ગાયક । પાવન ગુન ગાવહિં રઘુનાયક ॥ ૩॥

તેઓ આરતી કરીને ન્યોછાવર કરે છે અને વારંવાર બાળકના ચરણોમાં નમે છે. માગધ, સૂત, બંદીજનો અને ગવૈયા રઘુકુળના સ્વામીના પવિત્ર ગુણોનું ગાન કરે છે. ॥ ૩॥

સર્બસ દાન દીન્હ સબ કાહૂ । જેહિં પાવા રાખા નહિં તાહૂ ॥
મૃગમદ ચંદન કુંકુમ કીચા । મચી સકલ બીથિન્હ બિચ બીચા ॥ ૪॥

સર્વ કોઈએ સર્વસ્વ દાન આપી દીધું. જેણે મેળવ્યું તેણે પણ ન રાખ્યું (લુંટાવી દીધું). [શહેરની] બધી ગલીઓમાં વચ્ચે-વચ્ચે કસ્તૂરી, ચંદન અને કેસરની રેલમછેલ થઈ ગઈ. ॥ ૪॥

દો૦ – ગૃહ ગૃહ બાજ બધાવ સુભ પ્રગટે સુષમા કંદ ।
હરષવંત સબ જહઁ તહઁ નગર નારિ નર બૃંદ ॥ ૧૯૪॥

ઘેર ઘેર મંગળમય વધામણાં વાગવા માંડ્યા, કેમ કે શોભાના મૂળ ભગવાન પ્રગટ થયા છે. નગરનાં સ્ત્રી-પુરુષોનાં ટોળેટોળાં ચારેકોર આનંદમગ્ન થઈ રહ્યાં છે. ॥ ૧૯૪॥

ચૌ૦ – કૈકયસુતા સુમિત્રા દોઊ । સુંદર સુત જનમત ભૈં ઓઊ ॥
વહ સુખ સંપતિ સમય સમાજા । કહિ ન સકઈ સારદ અહિરાજા ॥ ૧॥

કૈકેયી અને સુમિત્રા - એ બંનેએ પણ સુંદર પુત્રોને જન્મ આપ્યો. તે સુખ, સંપત્તિ, સમય અને સમાજનું વર્ણન સરસ્વતી અને સર્પોના રાજા શેષજી પણ નથી કરી શકતાં. ॥ ૧॥

અવધપુરી સોહઈ એહિ ભાઁતી । પ્રભુહિ મિલન આઈ જનુ રાતી ॥
દેખિ ભાનુ જનુ મન સકુચાની । તદપિ બની સંધ્યા અનુમાની ॥ ૨॥

અવધપુરી એ પ્રમાણે સુશોભિત થઈ રહી છે, જાણે રાત્રિ પ્રભુને મળવા આવી હોય અને સૂર્યને જોઈને જાણે મનમાં લજાઈ ગઈ હોય, છતાંય તે પાછી મનમાં વિચાર કરીને જાણે સંધ્યા બની સ્થિર થઈ ગઈ હોય. ॥ ૨॥

અગર ધૂપ બહુ જનુ અઁધિઆરી। ઉડઇ અબીર મનહુઁ અરુનારી ॥
મંદિર મનિ સમૂહ જનુ તારા। નૃપ ગૃહ કલસ સો ઇંદુ ઉદારા ॥૩॥

અગરના ધૂપનો ઘણો જ ધુમાડો જાણે [સંધ્યાનો] અંધકાર છે અને જે અબીલ ઊડી રહ્યો છે તે તેની લાલિમા છે. મહેલોમાં જે મણિઓના સમૂહ છે, તે જાણે તારાગણ છે. રાજમહેલનો જે કળશ છે, તે જ જાણે શ્રેષ્ઠ ચન્દ્રમા છે. ॥૩॥

ભવન બેદધુનિ અતિ મૃદુ બાની। જનુ ખગ મુખર સમયઁ જનુ સાની ॥
કૌતુક દેખિ પતંગ ભુલાના। એક માસ તેઈં જાત ન જાના ॥૪॥

રાજભવનમાં જે અતિ કોમળ વાણીમાં વેદધ્વનિ થઈ રહ્યો છે, તે જ જાણો કે સમયાનુકૂળ તરબોળ બનેલ પક્ષીઓનો કલરવ છે. આ કૌતુક જોઈને સૂર્ય પણ પોતાની ગતિ ભૂલી ગયા. એક મહિનો વીતતો તેમણે જણાયો નહિ (અર્થાત્ તેમને એક મહિનો ત્યાં વીતી ગયો.) ॥૪॥

દો૦– માસ દિવસ કર દિવસ ભા મરમ ન જાનઇ કોઇ।
રથ સમેત રબિ થાકેઉ નિસા કવન બિધિ હોઇ ॥૧૯૫॥

મહિના જેટલા સમયનો એક દિવસ થઈ ગયો. આ રહસ્યને કોઈ નથી જાણતું. સૂર્યદેવ પોતાના રથસહિત ત્યાં જ રોકાઈ ગયા, તો રાત કઈ રીતે થાય! ॥૧૯૫॥

ચૌ૦– યહ રહસ્ય કાહૂઁ નહિં જાના। દિનમનિ ચલે કરત ગુનગાના ॥
દેખિ મહોત્સવ સુર મુનિ નાગા। ચલે ભવન બરનત નિજ ભાગા ॥૧॥

આ રહસ્ય કોઈએ ન જાણ્યું. સૂર્યદેવ [ભગવાન શ્રીરામજીના] ગુણગાન કરતાં ચાલ્યા. આ મહોત્સવ જોઈને દેવતા, મુનિ અને નાગ પોતાના ભાગ્યનાં વખાણ કરીને પોતપોતાના ઘેર ચાલ્યા. ॥૧॥

ઔરઉ એક કહઉઁ નિજ ચોરી। સુનુ ગિરિજા અતિ દૃઢ઼ મતિ તોરી ॥
કાકભુસુંડિ સંગ હમ દોઊ। મનુજ રૂપ જાનઇ નહિં કોઊ ॥૨॥

હે પાર્વતી! તમારી બુદ્ધિ [શ્રીરામજીના ચરણોમાં] ઘણી જ દૃઢ છે, તેથી હું પણ પોતાની અન્ય એક છુપાવેલી વાત કહું છું, સાંભળો. કાકભુશુંડિ અને હું - બંને ત્યાં સાથે સાથે હતા, પરંતુ મનુષ્યરૂપમાં હોવાને કારણે અમને કોઈ ઓળખી ન શક્યું. ॥૨॥

પરમાનંદ પ્રેમ સુખ ફૂલે। બીથિન્હ ફિરહિં મગન મન ભૂલે ॥
યહ સુભ ચરિત જાન પૈ સોઈ। કૃપા રામ કૈ જાપર હોઈ ॥૩॥

પરમ આનંદ અને પ્રેમના સુખમાં ફુલાયેલા અમે બંને લીન મને (મસ્ત બની) ગલીઓમાં તન-મનનું ભાન ભૂલીને ફરતા હતા. પરંતુ આ શુભ ચરિત્ર તે જ જાણી શકે છે, જેના પર શ્રીરામજીની કૃપા હોય. ॥૩॥

તેહિ અવસર જો જેહિ બિધિ આવા। દીન્હ ભૂપ જો જેહિ મન ભાવા ॥
ગજ રથ તુરગ હેમ ગો હીરા। દીન્હે નૃપ નાનાબિધિ ચીરા ॥૪॥

એ અવસરે જે જેવી રીતે આવ્યા અને જેના મનને જે ગમ્યું, રાજાએ તેને તે આપ્યું. હાથી, રથ, ઘોડા, સોનું, ગાયો, હીરા અને જાતજાતનાં વસ્ત્રો રાજાએ આપ્યાં. ॥૪॥

દો૦– મન સંતોષે સબન્હિ કે જહઁ તહઁ દેહિં અસીસ।
સકલ તનય ચિર જીવહુઁ તુલસિદાસ કે ઈસ ॥૧૯૬॥

રાજાએ સર્વેના મનને સંતુષ્ટ કર્યાં. [એથી] સર્વે લોકો ચારે બાજુથી આશીર્વાદ આપી રહ્યા હતા કે તુલસીદાસના સ્વામી - સર્વ પુત્રો (ચારેય રાજકુમાર) ચિરંજીવી (દીર્ઘાયુ) થાઓ. ॥૧૯૬॥

ચૌ૦– કછુક દિવસ બીતે એહિ ભાઁતી। જાત ન જાનિઅ દિન અરુ રાતી॥
નામકરન કર અવસરુ જાની। ભૂપ બોલિ પઠએ મુનિ ગ્યાની॥૧॥

આ રીતે કેટલાક દિવસ વીતી ગયા. દિવસ અને રાત ક્યારે પસાર થઈ જાય છે તે જણાતું નથી. પછી નામકરણ-સંસ્કારનો સમય જાણીને રાજાએ જ્ઞાની મુનિ શ્રીવસિષ્ઠજીને તેડાવી લીધા. ॥૧॥

કરિ પૂજા ભૂપતિ અસ ભાષા। ધરિઅ નામ જો મુનિ ગુનિ રાખા॥
ઈન્હ કે નામ અનેક અનૂપા। મૈં નૃપ કહબ સ્વમતિ અનુરૂપા॥૨॥

મુનિની પૂજા કરીને રાજાએ કહ્યું – હે મુનિ! આપે મનમાં જે વિચારી રાખ્યાં હોય તે નામ રાખો. [મુનિએ કહ્યું –] હે રાજન્! આમનાં અનેક અનુપમ નામ છે. તેમ છતાં, હું પોતાની બુદ્ધિ અનુસાર કહીશ. ॥૨॥

જો આનંદ સિંધુ સુખરાસી। સીકર તેં ત્રૈલોક સુપાસી॥
સો સુખ ધામ રામ અસ નામા। અખિલ લોક દાયક બિશ્રામા॥૩॥

આ જે આનંદના સાગર અને સુખના ભંડાર છે, જે આનંદસિંધુના એક કણથી ત્રણેય લોક સુખી થઈ જાય છે, તેમનું (આપના સૌથી મોટા પુત્રનું) નામ 'રામ' છે; જે સુખનું ધામ અને સર્વે લોકોને શાંતિ આપનાર છે. ॥૩॥

બિસ્વ ભરન પોષન કર જોઈ। તાકર નામ ભરત અસ હોઈ॥
જાકે સુમિરન તેં રિપુ નાસા। નામ સત્રુહન બેદ પ્રકાસા॥૪॥

જે સંસારનું ભરણ-પોષણ કરે છે, તેમનું (આપના બીજા પુત્રનું) નામ 'ભરત' થશે. જેમના સ્મરણમાત્રથી શત્રુનો નાશ થાય છે, તેમનું વેદોમાં પ્રસિદ્ધ 'શત્રુઘ્ન' નામ છે. ॥૪॥

દો૦– લચ્છન ધામ રામ પ્રિય સકલ જગત આધાર।
ગુરુ બસિષ્ટ તેહિ રાખા લછિમન નામ ઉદાર॥૧૯૭॥

જે શુભ લક્ષણોના ધામ, શ્રીરામજીના પ્રિય અને આખાય જગતના આધાર છે; ગુરુ વસિષ્ઠજીએ તેમનું 'લક્ષ્મણ' એવું શ્રેષ્ઠ નામ રાખ્યું. ॥૧૯૭॥

ચૌ૦– ધરે નામ ગુર હૃદયઁ બિચારી। બેદ તત્વ નૃપ તવ સુત ચારી॥
મુનિ ધન જન સરબસ સિવ પ્રાના। બાલ કેલિ રસ તેહિં સુખ માના॥૧॥

ગુરુજીએ હૃદયમાં વિચારીને આ નામો રાખ્યાં [અને કહ્યું –] હે રાજન્! તમારા ચારેય પુત્ર વેદોનું તત્ત્વ (સાક્ષાત પરાત્પર ભગવાન) છે. જે મુનિઓના ધન, ભક્તોના સર્વસ્વ અને શિવજીના પ્રાણ છે, તેમણે [આ સમયે આપ લોકોના પ્રેમવશ] બાળલીલાના રસમાં સુખ માન્યું છે. ॥૧॥

બારેહિ તે નિજ હિત પતિ જાની। લછિમન રામ ચરન રતિ માની॥
ભરત સત્રુહન દૂનઉ ભાઈ। પ્રભુ સેવક જસિ પ્રીતિ બડ઼ાઈ॥૨॥

બાળપણથી જ શ્રીરામચન્દ્રજીને પોતાના પરમ હિતૈષી સ્વામી જાણીને લક્ષ્મણજીએ તેમના ચરણોમાં પ્રીતિ જોડી દીધી. ભરત અને શત્રુઘ્ન બંને ભાઈઓમાં સ્વામી અને સેવકની જે પ્રીતિની પ્રશંસા છે તેવી પ્રીતિ થઈ ગઈ. ॥૨॥

સ્યામ ગૌર સુંદર દોઉ જોરી। નિરખહિં છબિ જનનીં તૃન તોરી॥
ચારિઉ સીલ રૂપ ગુન ધામા। તદપિ અધિક સુખસાગર રામા॥૩॥

શ્યામ અને ગૌર શરીરવાળી બંને સુંદર જોડીઓની શોભાને જોઈ માતાઓ તૃણ-તણખલું તોડે છે [જેથી નજર ન લાગી જાય]. આમ તો ચારેય પુત્ર શીલ, રૂપ અને ગુણના ધામ છે, તો પણ સુખના સાગર શ્રીરામચન્દ્રજી સર્વેથી ચઢિયાતા છે. ॥૩॥

હૃદયઁ અનુગ્રહ ઇંદુ પ્રકાસા। સૂચત કિરન મનોહર હાસા॥
કબહુઁ ઉછંગ કબહુઁ બર પલના। માતુ દુલારઇ કહિ પ્રિય લલના॥૪॥

તેમના હૃદયમાં કૃપારૂપી ચન્દ્રમા પ્રકાશિત છે. મનને હરનારું તેમનું હાસ્ય તે (કૃપારૂપી ચન્દ્રમા)ની કિરણોને સૂચિત કરે છે. ક્યારેક ખોળામાં [લઈને] અને ક્યારેક ઉત્તમ પારણામાં [સુવડાવી] માતા 'પ્રિય લાલ!' કહીને વહાલ વરસાવે છે. ॥૪॥

દો૦ – બ્યાપક બ્રહ્મ નિરંજન નિર્ગુન બિગત બિનોદ।
સો અજ પ્રેમ ભગતિ બસ કૌસલ્યા કેં ગોદ॥૧૯૮॥

જે સર્વ વ્યાપક, નિરંજન (માયારહિત), નિર્ગુણ, વિનોદરહિત અને અજન્મા બ્રહ્મ છે, તે જ પ્રેમ અને ભક્તિને વશ કૌશલ્યાજીના ખોળામાં ખેલી રહ્યા છે. ॥૧૯૮॥

ચૌ૦ – કામ કોટિ છબિ સ્યામ સરીરા। નીલ કંજ બારિદ ગંભીરા॥
અરુન ચરન પંકજ નખ જોતી। કમલ દલન્હિ બૈઠે જનુ મોતી॥૧॥

તેમના નીલ કમળ અને ગંભીર જળથી ભરેલા મેઘ સમાન શ્યામ શરીરમાં કરોડો કામદેવોની શોભા છે. લાલ-લાલ ચરણકમળોના નખોની શુભ્ર જ્યોતિ એવી જણાય છે કે જાણે લાલ કમળનાં પાંદડાંઓ પર મોતી સ્થિર થઈ ગયાં હોય. ॥૧॥

રેખ કુલિસ ધ્વજ અંકુસ સોહે। નૂપુર ધુનિ સુનિ મુનિ મન મોહે॥
કટિ કિંકિની ઉદર ત્રય રેખા। નાભિ ગભીર જાન જેહિં દેખા॥૨॥

[ચરણતળોમાં] વજ્ર, ધ્વજા અને અંકુશનાં ચિહ્ન શોભે છે. નૂપુર(ઝાંઝરી)નો ધ્વનિ સાંભળી મુનિઓનું પણ મન મોહિત થઈ જાય છે. કમરમાં કંદોરો છે, પેટ પર ત્રણ રેખાઓ (ત્રિવલી) છે. નાભિની ગંભીરતાને તો એ જ જાણે જેણે તે જોઈ છે. ॥૨॥

ભુજ બિસાલ ભૂષન જુત ભૂરી। હિયઁ હરિ નખ અતિ સોભા રૂરી॥
ઉર મનિહાર પદિક કી સોભા। બિપ્ર ચરન દેખત મન લોભા॥૩॥

ઘણાં જ આભૂષણોથી સુશોભિત વિશાળ ભુજાઓ છે. હૃદય પર વાઘના નખની ઘણી જ નિરાળી શોભા છે. છાતી ઉપર રત્નોથી યુક્ત મણિઓના હારની શોભા અને બ્રાહ્મણશ્રેષ્ઠ (ભૃગુ)ના ચરણચિહ્નને જોઈને મન લોભાઈ જાય છે. ॥૩॥

કંબુ કંઠ અતિ ચિબુક સુહાઈ। આનન અમિત મદન છબિ છાઈ॥
દુઇ દુઇ દસન અધર અરુનારે। નાસા તિલક કો બરનૈ પારે॥૪॥

કંઠ શંખના જેવો (ઢળતો-ઊંચો, ત્રણ રેખાઓથી સુશોભિત) છે અને હડપચી ઘણી જ સુંદર છે. મુખ પર અસંખ્ય કામદેવોની આભા છવાયેલી છે. બે બે સુંદર દંતુળિયો છે, લાલ-લાલ હોઠ છે. નાસિકા અને તિલક[ના સૌંદર્ય]નું તો વર્ણન જ કોણ કરી શકે છે? ॥૪॥

સુંદર શ્રવન સુચારુ કપોલા। અતિ પ્રિય મધુર તોતરે બોલા॥
ચિક્કન કચ કુંચિત ગભુઆરે। બહુ પ્રકાર રચિ માતુ સઁવારે॥૫॥

સુંદર કાન અને ઘણા જ સુંદર ગાલ છે. મધુર તોતડા શબ્દ ઘણા જ પ્રિય લાગે છે. જન્મના સમયથી જ રાખેલા સુંવાળા અને વાંકડિયા વાળ છે, જેને માતાએ અનેક રીતે ઓળીને સજાવી દીધા છે. ॥૫॥

પીત ઝગુલિઆ તનુ પહિરાઈ। જાનુ પાનિ બિચરનિ મોહિ ભાઈ॥
રૂપ સકહિં નહિં કહિ શ્રુતિ સેષા। સો જાનઇ સપનેહુઁ જેહિં દેખા॥૬॥

શરીર પર પીળું ઝભલું પહેરાવ્યું છે. તેમનું ઢીંચણે અને હાથના ટેકાએ ચાલવું મને ઘણું જ પ્રિય લાગે છે. તેમના રૂપનું વર્ણન વેદ અને શેષજી પણ નથી કરી શકતા. તેને તે જ જાણે છે, જેણે ક્યારેક સ્વપ્નમાં પણ જોયા હોય. ॥૬॥

દો૦– સુખ સંદોહ મોહપર ગ્યાન ગિરા ગોતીત।
દંપતિ પરમ પ્રેમ બસ કર સિસુચરિત પુનીત॥૧૯૯॥

જે સુખોના પુંજ, મોહથી પર તથા જ્ઞાન, વાણી અને ઇન્દ્રિયોથી અતીત છે તે ભગવાન, દશરથ-કૌશલ્યાના અત્યંત પ્રેમને વશ થઈને પવિત્ર બાળલીલા કરે છે. ॥૧૯૯॥

ચૌ૦– એહિ બિધિ રામ જગત પિતુ માતા। કોસલપુર બાસિન્હ સુખદાતા॥
જિન્હ રઘુનાથ ચરન રતિ માની। તિન્હ કી યહ ગતિ પ્રગટ ભવાની॥૧॥

આમ, [સંપૂર્ણ] જગતનાં માતા-પિતા શ્રીરામજી અવધપુરના નિવાસીઓને સુખ આપે છે. જેમણે શ્રીરામચન્દ્રજીના ચરણોમાં પ્રીતિ જોડી છે; હે ભવાની! તેમની આ પ્રત્યક્ષ ગતિ છે [કે ભગવાન તેમના પ્રેમવશ બાળલીલા કરી તેમને આનંદ આપી રહ્યા છે]. ॥૧॥

રઘુપતિ બિમુખ જતન કર કોરી । કવન સકઇ ભવ બંધન છોરી ॥
જીવ ચરાચર બસ કે રાખે । સો માયા પ્રભુ સોં ભય ભાખે ॥ ૨॥

શ્રીરઘુનાથજીથી વિમુખ રહીને મનુષ્ય ભલેને કરોડો ઉપાય કરે, પરંતુ એના સંસારબંધન કોણ છોડાવી શકે છે. જેણે બધા ચરાચર જીવોને પોતાના વશમાં કરી રાખ્યા છે, તે માયા પણ પ્રભુથી ભયભીત રહે છે.

ભૃકુટિ બિલાસ નચાવઇ તાહી । અસ પ્રભુ છાડ़િ ભજિઅ કહુ કાહી ॥
મન ક્રમ બચન છાડ़િ ચતુરાઈ । ભજત કૃપા કરિહહિં રઘુરાઈ ॥ ૩॥

ભગવાન તે માયાને ભૃકુટિના ઇશારાથી નચાવે છે. આવા પ્રભુને છોડીને કહો [બીજા] કોનું ભજન કરાય! મન, વચન અને કર્મથી ચતુરાઈ છોડીને ભજતાં જ શ્રીરઘુનાથજી કૃપા કરશે. ॥ ૩॥

એહિ બિધિ સિસુબિનોદ પ્રભુ કીન્હા । સકલ નગરબાસિન્હ સુખ દીન્હા ॥
લૈ ઉછંગ કબહુँક હલરાવૈ । કબહુँ પાલનેં ઘાલિ ઝુલાવૈ ॥ ૪॥

આ રીતે પ્રભુ શ્રીરામચન્દ્રજીએ બાળક્રીડા કરી અને સમસ્ત નગરવાસીઓને સુખ આપ્યું. કૌશલ્યાજી ક્યારેક તેમને ખોળામાં લઈને (હેરવતાં-ફેરવતાં) રમાડતાં અને ક્યારેક પારણામાં સુવડાવી ઝુલાવતાં હતાં. ॥ ૪॥

દો૦ – પ્રેમ મગન કૌસલ્યા નિસિ દિન જાત ન જાન ।
સુત સનેહ બસ માતા બાલચરિત કર ગાન ॥ ૨૦૦॥

પ્રેમમાં મગ્ન કૌશલ્યાજી રાત અને દિવસનું વીતવું જાણતા ન હતાં. પુત્રના સ્નેહવશ માતા તેમનાં બાળચરિત્રોનું ગાન કર્યાં કરતાં. ॥ ૨૦૦॥

ચૌ૦ – એક બાર જનનીં અન્હવાએ । કરિ સિંગાર પલનાँ પૌढ़ાએ ॥
નિજ કુલ ઇષ્ટદેવ ભગવાના । પૂજા હેતુ કીન્હ અસ્નાના ॥ ૧॥

એક વેળા માતાએ શ્રીરામચન્દ્રજીને સ્નાન કરાવ્યું અને શૃંગાર કરીને પારણામાં પોઢાડી દીધા. પછી પોતાના કુળના ઇષ્ટદેવ ભગવાનની પૂજા માટે સ્નાન કર્યું. ॥ ૧॥

કરિ પૂજા નૈબેદ્ય ચढ़ાવા । આપુ ગઈ જહँ પાક બનાવા ॥
બહુરિ માતુ તહવાँ ચલિ આઈ । ભોજન કરત દેખ સુત જાઈ ॥ ૨॥

પૂજા કરીને નૈવેદ્ય ચઢાવ્યું અને સ્વયં ત્યાં ગયાં કે જ્યાં રસોઈ બનાવવામાં આવતી હતી. પછી માતા ત્યાં (પૂજાસ્થાને) પાછા ફર્યાં, અને ત્યાં આવીને પુત્રને [ઇષ્ટદેવ ભગવાનને ધરાવેલા નૈવેદ્ય]નું ભોજન કરતાં જોયો. ॥ ૨॥

ગૈ જનની સિસુ પહિં ભયભીતા । દેખા બાલ તહાँ પુનિ સૂતા ॥
બહુરિ આઇ દેખા સુત સોઈ । હૃદયँ કંપ મન ધીર ન હોઈ ॥ ૩॥

[પારણામાં પુત્ર પોઢ્યો હતો, અહીં કોણે લાવીને બેસાડી દીધો, એ વાતથી બીને] માતા ભયભીત થઈને પુત્રના પારણા પાસે ગઈ તો ત્યાં બાળકને ઊંઘેલો જોયો. પછી [પૂજાસ્થાનમાં પાછા

ફરીને] જોયું કે એ જ પુત્ર ત્યાં [ભોજન કરી રહ્યો] છે. તેથી તેમના હૃદયમાં કંપન થવા લાગ્યું અને મનને ધીરજ ન રહી. ॥ ૩॥

ઈહાઁ ઉહાઁ દુઇ બાલક દેખા। મતિભ્રમ મોર કિ આન બિસેષા॥
દેખિ રામ જનની અકુલાની। પ્રભુ હઁસિ દીન્હ મધુર મુસુકાની॥ ૪॥

[તે વિચારવા માંડ્યાં કે] અહીં અને ત્યાં મેં બે બાળકો જોયાં. આ મારી બુદ્ધિનો ભ્રમ છે કે અન્ય કોઈ વિશેષ કારણ છે? પ્રભુ શ્રીરામચન્દ્રજી માતાને ગભરાયેલાં જોઈને મધુર મલકાઈને હસી પડ્યા. ॥ ૪॥

દો૦ – દેખરાવા માતહિ નિજ અદ્ભુત રૂપ અખંડ।
રોમ રોમ પ્રતિ લાગે કોટિ કોટિ બ્રહ્મંડ॥ ૨૦૧॥

પછી તેમણે માતાને પોતાનું અખંડ અદ્ભુત રૂપ બતાવ્યું, જેના એક-એક રુંવાડામાં કરોડો બ્રહ્માંડો સમાયેલાં હતાં. ॥ ૨૦૧॥

ચૌ૦ – અગનિત રબિ સસિ સિવ ચતુરાનન। બહુ ગિરિ સરિત સિંધુ મહિ કાનન॥
કાલ કર્મ ગુન ગ્યાન સુભાઊ। સોઉ દેખા જો સુના ન કાઊ॥ ૧॥

અગણિત સૂર્ય, ચન્દ્ર, શિવ, બ્રહ્મા, ઘણા બધા પર્વતો, નદીઓ, સમુદ્ર, પૃથ્વી, વન, કાળ, કર્મ, ગુણ, જ્ઞાન અને સ્વભાવ જોયા અને એ પદાર્થો પણ જોયા જે ક્યારેય સાંભળ્યા પણ ન હતા. ॥ ૧॥

દેખી માયા સબ બિધિ ગાઢ઼ી। અતિ સભીત જોરેં કર ઠાઢ઼ી॥
દેખા જીવ નચાવઇ જાહી। દેખી ભગતિ જો છોરઇ તાહી॥ ૨॥

સર્વે પ્રકારે બળવતી માયાને જોઈ કે જે [ભગવાનની સામે] અત્યંત ભયભીત હાથ જોડીને ઊભી છે. જીવને જોયો - જેને તે માયા નચાવે છે અને [પછી] ભક્તિને જોઈ જે આ જીવને [માયાથી] છોડાવી દે છે. ॥ ૨॥

તન પુલકિત મુખ બચન ન આવા। નયન મૂદિ ચરનનિ સિરુ નાવા॥
બિસમયવંત દેખિ મહતારી। ભએ બહુરિ સિસુરૂપ ખરારી॥ ૩॥

[માતાનું] શરીર પુલકિત થઈ ગયું. મુખથી વચન નથી નીકળતું. ત્યારે આંખો મીંચીને તેમણે શ્રીરામચન્દ્રજીના ચરણોમાં શીશ નમાવ્યું. માતાને આશ્ચર્યચકિત થયેલાં જોઈ ખરના શત્રુ શ્રીરામજી પાછા બાળસ્વરૂપે થઈ ગયા. ॥ ૩॥

અસ્તુતિ કરિ ન જાઇ ભય માના। જગત પિતા મૈં સુત કરિ જાના॥
હરિ જનની બહુબિધિ સમુઝાઈ। યહ જનિ કતહુઁ કહસિ સુનુ માઈ॥ ૪॥

[માતાથી] સ્તુતિ પણ નથી કરી શકાતી. તે ભય પામ્યાં કે મેં જગતપિતા પરમાત્માને પુત્રરૂપે જાણ્યાં. શ્રીહરિએ માતાને અનેક રીતે સમજાવ્યાં [અને કહ્યું –] હે માતા! સાંભળો આ વાત ક્યાંય પણ કહેશો નહિ. ॥ ૪॥

દો૦ – બાર બાર કૌસલ્યા બિનય કરઇ કર જોરિ ।
અબ જનિ કબહૂઁ બ્યાપૈ પ્રભુ મોહિ માયા તોરિ ॥ ૨૦૨॥

કૌશલ્યાજી વારંવાર હાથ જોડીને વિનંતી કરે છે કે હે પ્રભો! મને આપની માયા હવે ક્યારેય ન વ્યાપે. ॥ ૨૦૨॥

ચૌ૦ – બાલચરિત હરિ બહુબિધિ કીન્હા । અતિ અનંદ દાસન્હ કહઁ દીન્હા ॥
કછુક કાલ બીતેં સબ ભાઈ । બડ઼ે ભએ પરિજન સુખદાઈ ॥ ૧॥

ભગવાને અનેક પ્રકારની બાળલીલાઓ કરી અને પોતાના સેવકોને અત્યંત આનંદ આપ્યો. થોડોક સમય વીત્યા બાદ ચારેય ભાઈ મોટા થઈ કુટુંબીઓને સુખ આપનાર થયા. ॥ ૧॥

ચૂડ઼ાકરન કીન્હ ગુરુ જાઈ । બિપ્રન્હ પુનિ દછિના બહુ પાઈ ॥
પરમ મનોહર ચરિત અપારા । કરત ફિરત ચારિઉ સુકુમારા ॥ ૨॥

ત્યારે ગુરુજીએ જઈને મુંડન-સંસ્કાર કર્યા. (બાબરી ઉતરાવી.) બ્રાહ્મણોએ પછી ઘણી બધી દક્ષિણા મેળવી. ચારેય સુંદર રાજકુમાર ઘણા જ મનોહર અપાર ચરિત્રો કરતાં ફરે છે. ॥ ૨॥

મન ક્રમ બચન અગોચર જોઈ । દસરથ અજિર બિચર પ્રભુ સોઈ ॥
ભોજન કરત બોલ જબ રાજા । નહિં આવત તજિ બાલ સમાજા ॥ ૩॥

જે મન, વચન અને કર્મથી અગોચર છે તે જ પ્રભુ, દશરથજીના પ્રાંગણમાં વિચરી રહ્યા છે. ભોજન કરવાના સમયે જ્યારે તેમને રાજા બોલાવે છે, ત્યારે તેઓ પોતાના બાળસખાઓના સમાજને છોડીને આવતા નથી. ॥ ૩॥

કૌસલ્યા જબ બોલન જાઈ । ઠુમુકુ ઠુમુકુ પ્રભુ ચલહિં પરાઈ ॥
નિગમ નેતિ સિવ અંત ન પાવા । તાહિ ધરૈ જનની હઠિ ધાવા ॥ ૪॥

કૌશલ્યાજી જ્યારે બોલાવા જાય છે, ત્યારે પ્રભુ ઠુમક-ઠુમક દોડી જાય છે. જેમને વેદ 'નેતિ' 'નેતિ' કહીને નિરૂપણ કરે છે અને શિવજી જેમનો પાર નથી પામ્યા, તેમને માતા હઠપૂર્વક પકડવા માટે દોડે છે. ॥ ૪॥

ધૂસર ધૂરિ ભરેં તનુ આએ । ભૂપતિ બિહસિ ગોદ બૈઠાએ ॥ ૫॥

તે શરીરે ધૂળભર્યાં આવ્યા અને રાજાએ હસીને તેમને ખોળામાં બેસાડી દીધા. ॥ ૫॥

દો૦ – ભોજન કરત ચપલ ચિત ઇત ઉત અવસરુ પાઇ ।
ભાજિ ચલે કિલકત મુખ દધિ ઓદન લપટાઇ ॥ ૨૦૩॥

ભોજન કરે છે, પણ ચિત્ત ચંચળ છે. અવસર પામીને દહીં-ભાતથી ખરડાયેલ મોંએ કિલકારી કરતાં આમ-તેમ નાસી ગયા. ॥ ૨૦૩॥

ચૌ૦ – બાલચરિત અતિ સરલ સુહાએ। સારદ સેષ સંભુ શ્રુતિ ગાએ॥
જિન્હ કર મન ઈન્હ સન નહિં રાતા। તે જન બંચિત કિએ બિધાતા॥૧॥

શ્રીરામચન્દ્રજીની ઘણી જ સરળ (ભોળી) અને સુંદર (મનને લોભાવનારી) બાળલીલાઓનું સરસ્વતીજી, શેષજી, શિવજી અને વેદોએ ગાન કર્યું છે. જેમનું મન આ લીલાઓમાં અનુરક્ત નથી થયું, વિધાતાએ તે મનુષ્યોને વંચિત કરી દીધા (નિતાંત ભાગ્યહીન બનાવ્યા). ॥૧॥

ભએ કુમાર જબહિં સબ ભ્રાતા। દીન્હ જનેઊ ગુરુ પિતુ માતા॥
ગુરગૃહઁ ગએ પઢ઼ન રઘુરાઈ। અલપ કાલ બિદ્યા સબ આઈ॥૨॥

જ્યારે બધા ભાઈ કુમારાવસ્થાએ પહોંચ્યા ત્યારે ગુરુ, પિતા અને માતાએ તેમના યજ્ઞોપવીત-સંસ્કાર કરી દીધા. શ્રીરઘુનાથજી [ભાઈઓ સહિત] ગુરુના ઘેર વિદ્યા અધ્યયન કરવા ગયા અને અલ્પ સમયમાં જ તેમને સર્વ વિદ્યાઓ આવડી ગઈ. ॥૨॥

જાકી સહજ સ્વાસ શ્રુતિ ચારી। સો હરિ પઢ઼ યહ કૌતુક ભારી॥
બિદ્યા બિનય નિપુન ગુન સીલા। ખેલહિં ખેલ સકલ નૃપ લીલા॥૩॥

ચારેય વેદ જેમના સ્વાભાવિક શ્વાસ છે, તે ભગવાન ભણે એ મોટું કૌતુક છે. ચારેય ભાઈ વિદ્યા, વિનય, ગુણ અને શીલમાં [ઘણા] નિપુણ છે અને સર્વે રાજાઓની લીલાઓના જ ખેલ ખેલે છે. ॥૩॥

કરતલ બાન ધનુષ અતિ સોહા। દેખત રૂપ ચરાચર મોહા॥
જિન્હ બીથિન્હ બિહરહિં સબ ભાઈ। થકિત હોહિં સબ લોગ લુગાઈ॥૪॥

હાથોમાં બાણ અને ધનુષ ઘણી જ શોભા આપે છે. રૂપ જોતાં જ ચરાચર મોહિત થઈ જાય છે. તે બધા ભાઈઓ જે શેરીઓમાં રમતાં રમતાં નીકળે છે, તે શેરીઓમાં બધાં સ્ત્રી-પુરુષ તેમને જોઈને સ્નેહથી શિથિલ થઈ જાય છે, અથવા ખચકાઈને ઊભા રહી જાય છે. ॥૪॥

દો૦ – કોસલપુર બાસી નર નારિ બૃદ્ધ અરુ બાલ।
પ્રાનહુ તે પ્રિય લાગત સબ કહુઁ રામ કૃપાલ॥૨૦૪॥

કૌશલપુરમાં રહેનારાં સ્ત્રી, પુરુષ, વૃદ્ધ અને બાળક – બધાને કૃપાળુ શ્રીરામચન્દ્રજી પ્રાણોથી પણ અધિક પ્રિય લાગે છે. ॥૨૦૪॥

ચૌ૦ – બંધુ સખા સઁગ લેહિં બોલાઈ। બન મૃગયા નિત ખેલહિં જાઈ॥
પાવન મૃગ મારહિં જિયઁ જાની। દિન પ્રતિ નૃપહિ દેખાવહિં આની॥૧॥

શ્રીરામચન્દ્રજી ભાઈઓ અને ઈષ્ટ મિત્રોને બોલાવીને સાથે લઈ જાય છે અને નિત્ય વનમાં જઈ શિકાર ખેલે છે. મનમાં પવિત્ર જાણીને મૃગોને મારે છે અને પ્રતિદિન લાવીને રાજા(દશરથજી)ને બતાવે છે. ॥૧॥

જે મૃગ રામ બાન કે મારે । તે તનુ તજિ સુરલોક સિધારે ॥
અનુજ સખા સઁગ ભોજન કરહીં । માતુ પિતા અગ્યા અનુસરહીં ॥ ૨॥

જે મૃગો શ્રીરામજીનાં બાણથી મરતાં હતાં, તે દેહ છોડીને દેવલોકમાં ચાલ્યાં જતાં હતાં. શ્રીરામચન્દ્રજી પોતાના નાના ભાઈઓ અને સખાઓની સાથે ભોજન કરે છે અને માતાપિતાની આજ્ઞાનું પાલન કરે છે. ॥ ૨॥

જેહિ બિધિ સુખી હોહિં પુર લોગા । કરહિં કૃપાનિધિ સોઈ સંજોગા ॥
બેદ પુરાન સુનહિં મન લાઈ । આપુ કહહિં અનુજન્હ સમુઝાઈ ॥ ૩॥

જે રીતે નગરના લોકો સુખી થાય, કૃપાનિધાન શ્રીરામચન્દ્રજી તેવો જ સંજોગ (લીલા) કરે છે. તે ધ્યાનપૂર્વક વેદ-પુરાણ સાંભળે છે અને પછી પોતે નાના ભાઈઓને સમજાવીને કહે છે. ॥ ૩॥

પ્રાતકાલ ઉઠિ કૈ રઘુનાથા । માતુ પિતા ગુરુ નાવહિં માથા ॥
આયસુ માગિ કરહિં પુર કાજા । દેખિ ચરિત હરષઈ મન રાજા ॥ ૪॥

શ્રીરઘુનાથજી પ્રાતઃકાળે ઊઠીને માતા-પિતા અને ગુરુને શીશ નમાવે છે અને આજ્ઞા લઈને નગરનું કામ કરે છે. તેમનાં ચરિત્ર જોઈ-જોઈને રાજા મનમાં ઘણા હર્ષિત થાય છે. ॥ ૪॥

દો૦— બ્યાપક અકલ અનીહ અજ નિર્ગુન નામ ન રૂપ ।
ભગત હેતુ નાના બિધિ કરત ચરિત્ર અનૂપ ॥ ૨૦૫॥

જે વ્યાપક, અકળ (નિરવયવ - કળી ન શકાય તેવા), ઈચ્છારહિત અજન્મા અને નિર્ગુણ છે; તથા જેમનું નથી નામ અને નથી રૂપ, તે જ ભગવાન ભક્તોને માટે અનેક પ્રકારનાં અનુપમ (અલૌકિક) ચરિત્ર કરે છે. ॥ ૨૦૫॥

ચૌ૦— યહ સબ ચરિત કહા મૈં ગાઈ । આગિલિ કથા સુનહુ મન લાઈ ॥
બિસ્વામિત્ર મહામુનિ ગ્યાની । બસહિં બિપિન સુભ આશ્રમ જાની ॥ ૧॥

આ બધાં ચરિત્રો મેં ગાઈને (વખાણીને) કહ્યાં. હવે, આગળની કથા મન દઈને સાંભળો. જ્ઞાની મહામુનિ વિશ્વામિત્રજી વનમાં શુભ આશ્રમ (પવિત્ર સ્થાન) જાણીને રહેતા હતા. ॥ ૧॥

જહઁ જપ જગ્ય જોગ મુનિ કરહીં । અતિ મારીચ સુબાહુહિ ડરહીં ॥
દેખત જગ્ય નિસાચર ધાવહિં । કરહિં ઉપદ્રવ મુનિ દુખ પાવહિં ॥ ૨॥

જ્યાં તે મુનિ જપ, યજ્ઞ અને યોગ કરતા હતા, પરંતુ મારીચ અને સુબાહુથી ઘણા ડરતા હતા. યજ્ઞ જોતાં જ રાક્ષસ દોડી આવતા હતા અને ઉપદ્રવો કરતા હતા, જેથી મુનિ [ઘણું] દુઃખ પામતા હતા. ॥ ૨॥

ગાધિતનય મન ચિંતા બ્યાપી । હરિ બિનુ મરહિં ન નિસિચર પાપી ॥
તબ મુનિબર મન કીન્હ બિચારા । પ્રભુ અવતરેઉ હરન મહિ ભારા ॥ ૩॥

ગાધિના પુત્ર – વિશ્વામિત્રજીના મનમાં ચિંતા છવાઈ ગઈ કે આ પાપી રાક્ષસો ભગવાનના [માર્યા] વિના નહીં મરે. ત્યારે શ્રેષ્ઠ મુનિએ મનમાં વિચાર કર્યો કે પ્રભુએ પૃથ્વીનો ભાર હરવા માટે અવતાર લીધો છે. ॥ ૩॥

એહૂઁ મિસ દેખૌં પદ જાઈ। કરિ બિનતી આનૌં દોઉ ભાઈ॥
ગ્યાન બિરાગ સકલ ગુન અયના। સો પ્રભુ મૈં દેખબ ભરિ નયના॥૪॥

આ બહાને જઈને હું એમના ચરણોનાં દર્શન કરું અને પ્રાર્થના કરીને બંને ભાઈઓને લઈ આવું. [અહો!] જે જ્ઞાન, વૈરાગ્ય અને સર્વે ગુણોના ધામ છે, તે પ્રભુને હું નેત્રો ભરીને જોઈશ. ॥૪॥

દો૦– બહુબિધિ કરત મનોરથ જાત લાગિ નહિં બાર।
કરિ મજ્જન સરઊ જલ ગએ ભૂપ દરબાર॥૨૦૬॥

અનેક પ્રકારના મનોરથ કરી (અયોધ્યા) જતાં તેમને વાર ન લાગી. સરયૂજીના જળમાં સ્નાન કરી તેઓ રાજાના દ્વારે પહોંચ્યા. ॥૨૦૬॥

ચૌ૦– મુનિ આગમન સુના જબ રાજા। મિલન ગયઉ લૈ બિપ્ર સમાજા॥
કરિ દંડવત મુનિહિ સનમાની। નિજ આસન બૈઠારેન્હિ આની॥૧॥

રાજાએ જ્યારે મુનિનું આગમન સાંભળ્યું, ત્યારે તે બ્રાહ્મણોના સમાજને સાથે લઈને મળવા ગયા અને દંડવત્ કરીને મુનિનું સન્માન કરી, તેમને લાવીને પોતાના આસને બેસાડ્યા. ॥૧॥

ચરન પખારિ કીન્હિ અતિ પૂજા। મો સમ આજુ ધન્ય નહિં દૂજા॥
બિબિધ ભાઁતિ ભોજન કરવાવા। મુનિબર હૃદયઁ હરષ અતિ પાવા॥૨॥

ચરણોને ધોઈને ઘણી પૂજા કરી અને કહ્યું – મારા જેવો ધન્ય આજે બીજો કોઈ નથી. પછી અનેક પ્રકારનું ભોજન કરાવ્યું, જેથી શ્રેષ્ઠ મુનિએ પોતાના હૃદયમાં ઘણો જ હર્ષ પ્રાપ્ત કર્યો. ॥૨॥

પુનિ ચરનનિ મેલે સુત ચારી। રામ દેખિ મુનિ દેહ બિસારી॥
ભએ મગન દેખત મુખ સોભા। જનુ ચકોર પૂરન સસિ લોભા॥૩॥

પછી રાજાએ ચારેય પુત્રોને મુનિના ચરણોમાં મૂકી દીધા (તેમને પ્રણામ કરાવડાવ્યાં). શ્રીરામચન્દ્રજીને જોઈને મુનિ પોતાના દેહનું ભાન ભૂલી ગયા. તે શ્રીરામજીના મુખની શોભા જોતાં જ એવા લીન થઈ ગયા, જાણે ચકોર પૂર્ણ ચન્દ્રમાને જોઈને લોભાઈ ગયું હોય. ॥૩॥

તબ મન હરષિ બચન કહ રાઊ। મુનિ અસ કૃપા ન કીન્હિહુ કાઊ॥
કેહિ કારન આગમન તુમ્હારા। કહહુ સો કરત ન લાવઉઁ બારા॥૪॥

ત્યારે રાજાએ મનમાં હર્ષિત થઈને આ વચનો કહ્યાં – હે મુનિ! આ રીતે કૃપા તો આપે કદીય કરી નથી. આજે કયા કારણથી આપનું શુભ આગમન થયું? કહો, હું તેને પૂરું કરવામાં વાર લગાડીશ નહિ. ॥૪॥

અસુર સમૂહ સતાવહિં મોહી। મૈં જાચન આયઉઁ નૃપ તોહી॥
અનુજ સમેત દેહુ રઘુનાથા। નિસિચર બધ મૈં હોબ સનાથા॥૫॥

[મુનિએ કહ્યું –] હે રાજન્! રાક્ષસોનો સમૂહ મને બહુ સતાવે છે. એટલે હું તમારા પાસે કંઈક માગવા આવ્યો છું. નાના ભાઈ સહિત શ્રીરઘુનાથજીને તમે મને આપો. રાક્ષસોનો વધ થયા બાદ હું સનાથ (સુરક્ષિત) થઈ જઈશ. ॥૫॥

દો૦– દેહુ ભૂપ મન હરષિત તજહુ મોહ અગ્યાન।
ધર્મ સુજસ પ્રભુ તુમ્હ કૌં ઈન્હ કહઁ અતિ કલ્યાન ॥ ૨૦૭॥

હે રાજન્! મને પ્રસન્ન મનથી તેમને આપી દો, મોહ અને અજ્ઞાનને છોડી દો. હે સ્વામી! એનાથી તમને ધર્મ અને સુયશની પ્રાપ્તિ થશે અને આમનું પરમ કલ્યાણ થશે. ॥ ૨૦૭॥

ચૌ૦– સુનિ રાજા અતિ અપ્રિય બાની। હૃદય કંપ મુખ દુતિ કુમુલાની ॥
ચૌથેંપન પાયઉઁ સુત ચારી। બિપ્ર બચન નહિં કહેહુ બિચારી ॥ ૧॥

આ અત્યંત અપ્રિય વાણી સાંભળીને રાજાનું હૃદય કંપી ઊઠ્યું અને તેમના મુખની કાંતિ ઝાંખી પડી ગઈ. [તેમણે કહ્યું –] હે બ્રાહ્મણ શ્રેષ્ઠ! મેં ચોથાપણામાં એટલે કે વૃદ્ધાવસ્થામાં ચાર પુત્રો પ્રાપ્ત કર્યા છે, આપે વિચારીને વાત કરી નથી. ॥ ૧॥

માગહુ ભૂમિ ધેનુ ધન કોસા। સર્બસ દેઉઁ આજુ સહરોસા ॥
દેહ પ્રાન તેં પ્રિય કછુ નાહીં। સોઉ મુનિ દેઉઁ નિમિષ એક માહીં ॥ ૨॥

હે મુનિ! આપ પૃથ્વી, ગાય, ધન અને ખજાનો માંગી લો, હું આજે ઘણા આનંદ સાથે સર્વસ્વ આપી દઈશ. દેહ અને પ્રાણથી અધિક પ્રિય કંઈ પણ હોતું નથી, હું તે પણ એક પળમાં આપી દઈશ. ॥ ૨॥

સબ સુત પ્રિય મોહિ પ્રાન કિ નાઈં। રામ દેત નહિં બનઇ ગોસાઈં ॥
કહઁ નિસિચર અતિ ઘોર કઠોરા। કહઁ સુંદર સુત પરમ કિસોરા ॥ ૩॥

બધા પુત્રો મને પ્રાણોસમાન પ્રિય છે; તેમાં પણ હે પ્રભો! રામને તો [કોઈ પણ રીતે] આપવા બની શકે તેમ નથી. ક્યાં અતિ બિહામણા અને ક્રૂર રાક્ષસો અને ક્યાં પરમ કિશોર અવસ્થાના મારા સુંદર પુત્ર! ॥ ૩॥

સુનિ નૃપ ગિરા પ્રેમ રસ સાની। હૃદયઁ હરષ માના મુનિ ગ્યાની ॥
તબ બસિષ્ટ બહુબિધિ સમુઝાવા। નૃપ સંદેહ નાસ કહઁ પાવા ॥ ૪॥

પ્રેમરસમાં તરબોળ થયેલ રાજાની વાણી સાંભળી જ્ઞાની મુનિ વિશ્વામિત્રજીએ હૃદયમાં ઘણો હર્ષ અનુભવ્યો. ત્યારે વસિષ્ઠજીએ રાજાને અનેક રીતે સમજાવ્યા, જેથી રાજાનો સંશય નાશ પામ્યો. ॥ ૪॥

અતિ આદર દોઉ તનય બોલાએ। હૃદયઁ લાઇ બહુ ભાઁતિ સિખાએ ॥
મેરે પ્રાન નાથ સુત દોઊ। તુમ્હ મુનિ પિતા આન નહિં કોઊ ॥ ૫॥

રાજાએ ઘણા જ આદરથી બંને પુત્રોને બોલાવ્યા અને હૃદય સાથે ચાંપી ઘણી જાતની શિખામણો આપી અને [પછી કહ્યું –] હે નાથ! આ બંને પુત્રો મારા પ્રાણ છે. હે મુનિ! [હવે] આપ જ એમના પિતા છો, અન્ય કોઈ નથી. ॥ ૫॥

દો૦– સૌંપે ભૂપ રિષિહિ સુત બહુબિધિ દેઈ અસીસ।
જનની ભવન ગએ પ્રભુ ચલે નાઇ પદ સીસ ॥ ૨૦૮ (ક)॥

રાજાએ ઘણી રીતે આશીર્વાદ આપી પુત્રોને ઋષિને સોંપી દીધા. પછી પ્રભુ માતાના મહેલમાં ગયા અને તેમના ચરણોમાં શીશ નમાવી ચાલ્યા. ॥ ૨૦૮ (ક)॥

સો૦– પુરુષસિંહ દોઉ બીર હરષિ ચલે મુનિ ભય હરન।
કૃપાસિંધુ મતિધીર અખિલ બિસ્વ કારન કરન ॥ ૨૦૮ (ખ)॥

પુરુષોમાં સિંહ સમાન બંને ભાઈ (રામ-લક્ષ્મણ) મુનિનો ભય હરવા પ્રસન્ન થઈને ચાલ્યા. તે કૃપાના સાગર, ધીરબુદ્ધિ અને સંપૂર્ણ વિશ્વના કારણોના પણ કારણ છે. ॥ ૨૦૮ (ખ)॥

ચૌ૦– અરુન નયન ઉર બાહુ બિસાલા। નીલ જલજ તનુ સ્યામ તમાલા ॥
કટિ પટ પીત કસેં બર ભાથા। રુચિર ચાપ સાયક દુહુઁ હાથા ॥ ૧॥

ભગવાનનાં લાલ નેત્રો છે, પહોળી છાતી અને વિશાળ ભુજાઓ છે. નીલકમળ અને તમાલ વૃક્ષ જેવું શ્યામ શરીર છે. કમરમાં પીતામ્બર [પહેરેલ] અને સુંદર ભાથો બાંધેલો છે. બંને હાથોમાં [ક્રમશઃ] સુંદર ધનુષ અને બાણ છે. ॥ ૧॥

સ્યામ ગૌર સુંદર દોઉ ભાઈ। બિસ્વામિત્ર મહાનિધિ પાઈ ॥
પ્રભુ બ્રહ્મન્યદેવ મૈં જાના। મોહિ નિતિ પિતા તજેઉ ભગવાના ॥ ૨॥

શ્યામ અને ગૌર વર્ણના બંને ભાઈ પરમ સુંદર છે. વિશ્વામિત્રજીને મહાન ખજાનો પ્રાપ્ત થઈ ગયો. [તે વિચારવા લાગ્યા –] હું જાણી ગયો કે પ્રભુ બ્રહ્મણ્યદેવ (બ્રાહ્મણના)ના ભક્ત છે. મારા માટે ભગવાને પોતાના પિતાને પણ છોડી દીધા. ॥ ૨॥

ચલે જાત મુનિ દીન્હિ દેખાઈ। સુનિ તાડ઼કા ક્રોધ કરિ ધાઈ ॥
એકહિં બાન પ્રાન હરિ લીન્હા। દીન જાનિ તેહિ નિજ પદ દીન્હા ॥ ૩॥

માર્ગમાં ચાલ્યા જતાં મુનિએ તાડકાને બતાવી. અવાજ સાંભળતાં જ તે ક્રોધ કરીને દોડી. શ્રીરામજીએ એક જ બાણથી તેના પ્રાણ હરી લીધા અને દીન જાણીને તેને નિજપદ આપ્યું. ॥ ૩॥

તબ રિષિ નિજ નાથહિ જિયઁ ચીન્હી। બિદ્યાનિધિ કહુઁ બિદ્યા દીન્હી ॥
જાતે લાગ ન છુધા પિપાસા। અતુલિત બલ તનુ તેજ પ્રકાસા ॥ ૪॥

ત્યારે ઋષિ વિશ્વામિત્રજીએ ચિત્તમાં, પોતાના સ્વામીને ઓળખી લીધા હોવા છતાંય લીલાને પૂર્ણ કરવા માટે એવી વિદ્યા આપી, જેથી ભૂખ-તરસ ન લાગે અને શરીરમાં અતુલિત બળ અને તેજનો પ્રકાશ રહે. ॥ ૪॥

દો૦– આયુધ સર્બ સમર્પિ કૈ પ્રભુ નિજ આશ્રમ આનિ।
કંદ મૂલ ફલ ભોજન દીન્હ ભગતિ હિત જાનિ ॥ ૨૦૯॥

બધાંય અસ્ત્ર-શસ્ત્ર સમર્પણ કરીને મુનિ પ્રભુ શ્રીરામજીને પોતાના આશ્રમમાં લઈ આવ્યા, અને એમને પરમ હિતકારી જાણીને ભક્તિપૂર્વક કંદ, મૂળ અને ફળનું ભોજન કરાવ્યું. ॥ ૨૦૯॥

ચૌ૦ – પ્રાત કહા મુનિ સન રઘુરાઈ। નિર્ભય જગ્ય કરહુ તુમ્હ જાઈ॥
હોમ કરન લાગે મુનિ ઝારી। આપુ રહે મખ કીં રખવારી॥૧॥

સવારે શ્રીરઘુનાથજીએ મુનિને કહ્યું – આપ જઈને નીડર બની યજ્ઞ કરો. આ સાંભળીને બધા મુનિ હવન કરવા લાગ્યા. આપ (શ્રીરામજી) યજ્ઞની ચોકી કરવા લાગ્યા. ॥૧॥

સુનિ મારીચ નિસાચર ક્રોહી। લૈ સહાય ધાવા મુનિદ્રોહી॥
બિનુ ફર બાન રામ તેહિ મારા। સત જોજન ગા સાગર પારા॥૨॥

આ સમાચાર સાંભળી મુનિઓનો શત્રુ ક્રોધી રાક્ષસ મારીચ પોતાના સહાયકોને લઈને દોડ્યો. શ્રીરામજીએ ફણા વગરનું બાણ તેને માર્યું, જેનાથી તે સો યોજનના વિસ્તારવાળા સમુદ્રની પાર જઈને પડ્યો. ॥૨॥

પાવક સર સુબાહુ પુનિ મારા। અનુજ નિસાચર કટકુ સઁઘારા॥
મારિ અસુર દ્વિજ નિર્ભયકારી। અસ્તુતિ કરહિં દેવ મુનિ ઝારી॥૩॥

પછી સુબાહુને અગ્નિબાણ માર્યું. આ બાજુ નાના ભાઈ લક્ષ્મણજીએ રાક્ષસોની સેનાનો સંહાર કરી દીધો. આ રીતે શ્રીરામજીએ રાક્ષસોને મારીને બ્રાહ્મણોને નિર્ભય કરી દીધા. ત્યારે સર્વે દેવતા અને મુનિ સ્તુતિ કરવા મંડ્યા. ॥૩॥

તહઁ પુનિ કછુક દિવસ રઘુરાયા। રહે કીન્હિ બિપ્રન્હ પર દાયા॥
ભગતિ હેતુ બહુ કથા પુરાના। કહે બિપ્ર જદ્યપિ પ્રભુ જાના॥૪॥

શ્રીરઘુનાથજીએ ત્યાં કેટલાક દિવસ વધુ રહીને બ્રાહ્મણો પર દયા કરી. ભક્તિના કારણે વિશ્વામિત્રજીએ તેમને પુરાણોની ઘણી બધી કથાઓ કહી, જોકે પ્રભુ સર્વે જાણતા જ હતા. ॥૪॥

તબ મુનિ સાદર કહા બુઝાઈ। ચરિત એક પ્રભુ દેખિઅ જાઈ॥
ધનુષજગ્ય સુનિ રઘુકુલ નાથા। હરષિ ચલે મુનિબર કે સાથા॥૫॥

તે પછી મુનિએ આદરપૂર્વક સમજાવીને કહ્યું – હે પ્રભો! ચાલીને એક ચરિત્ર જુઓ. રઘુકુળના સ્વામી શ્રીરામચન્દ્રજી ધનુષયજ્ઞ [ની વાત] સાંભળીને મુનિશ્રેષ્ઠ વિશ્વામિત્રજી સાથે પ્રસન્ન થઈને ચાલ્યા. ॥૫॥

આશ્રમ એક દીખ મગ માહીં। ખગ મૃગ જીવ જંતુ તહઁ નાહીં॥
પૂછા મુનિહિ સિલા પ્રભુ દેખી। સકલ કથા મુનિ કહા બિસેષી॥૬॥

માર્ગમાં એક આશ્રમ દેખાયો. ત્યાં પશુ-પક્ષી, કોઈ પણ જીવ-જંતુ હતાં નહીં. પથ્થરની એક શિલાને જોઈને પ્રભુએ પૂછ્યું, ત્યારે મુનિએ વિસ્તારપૂર્વક સર્વે કથા કહી. ॥૬॥

દો૦ – ગૌતમ નારિ શ્રાપ બસ ઉપલ દેહ ધરિ ધીર।
ચરન કમલ રજ ચાહતિ કૃપા કરહુ રઘુબીર॥૨૧૦॥

ગૌતમ મુનિની સ્ત્રી અહલ્યા શાપવશ પથ્થરનો દેહ ધારણ કરી ઘણી ધીરજ સાથે આપનાં ચરણકમળોની રજ ઇચ્છે છે. હે રઘુવીર! આની ઉપર કૃપા કરો. ॥૨૧૦॥

છં૦– પરસત પદ પાવન સોક નસાવન પ્રગટ ભઈ તપપુંજ સહી।
દેખત રઘુનાયક જન સુખદાયક સનમુખ હોઈ કર જોરિ રહી॥
અતિ પ્રેમ અધીરા પુલક સરીરા મુખ નહિં આવઈ બચન કહી।
અતિસય બડ઼ભાગી ચરનન્હિ લાગી જુગલ નયન જલધાર બહી॥

શ્રીરામજીના પવિત્ર અને શોકનો નાશ કરનારા ચરણોનો સ્પર્શ મળતાં જ સાચેસાચ તે તપોમૂર્તિ અહલ્યા પ્રકટ થઈ ગયાં. ભક્તોને સુખ આપનારા શ્રીરઘુનાથજીને જોઈને તે હાથ જોડીને સામે ઊભાં રહ્યાં. અત્યંત પ્રેમને લીધે તે અધીર બની ગયાં. તેમનું શરીર પુલકિત થઈ ગયું; મુખથી વચન કહી શકતાં ન હતાં. તે અત્યંત મોટા ભાગ્યવાળાં અહલ્યા પ્રભુના ચરણોમાં નમી પડ્યાં અને તેમનાં બંને નેત્રોમાં જળ(પ્રેમ અને આનંદના આંસુઓ)ની ધારા વહેવા લાગી. ॥ ૧॥

ધીરજુ મન કીન્હા પ્રભુ કહુઁ ચીન્હા રઘુપતિ કૃપાઁ ભગતિ પાઈ।
અતિ નિર્મલ બાનીં અસ્તુતિ ઠાની ગ્યાનગમ્ય જય રઘુરાઈ॥
મૈં નારિ અપાવન પ્રભુ જગ પાવન રાવન રિપુ જન સુખદાઈ।
રાજીવ બિલોચન ભવ ભય મોચન પાહિ પાહિ સરનહિં આઈ॥

વળી, તેણે મનમાં ધીરજ ધરીને પ્રભુને ઓળખ્યા અને શ્રીરઘુનાથજીની કૃપા વડે ભક્તિ પ્રાપ્ત કરી. ત્યારે અત્યંત નિર્મળ વાણીથી તેણે [આ રીતે] સ્તુતિનો આરંભ કર્યો – હે જ્ઞાનથી જાણવા યોગ્ય શ્રીરઘુનાથજી! આપનો જય થાઓ! હું [સહજ જ] અપવિત્ર સ્ત્રી છું; અને હે પ્રભો! આપ જગતને પવિત્ર કરનારા, ભક્તોને સુખ આપનારા અને રાવણના શત્રુ છો. હે કમળનયન! હે સંસાર (જન્મ-મૃત્યુ)ના ભયથી છોડાવનાર! હું આપની શરણમાં આવી છું, [મારી] રક્ષા કરો, રક્ષા કરો. ॥ ૨॥

મુનિ શ્રાપ જો દીન્હા અતિ ભલ કીન્હા પરમ અનુગ્રહ મૈં માના।
દેખેઉઁ ભરિ લોચન હરિ ભવ મોચન ઈહઈ લાભ સંકર જાના॥
બિનતી પ્રભુ મોરી મૈં મતિ ભોરી નાથ ન માગઉઁ બર આના।
પદ કમલ પરાગા રસ અનુરાગા મમ મન મધુપ કરૈ પાના॥

મુનિએ મને જે શાપ આપ્યો, તે ઘણું જ સારું કર્યું. હું તેને અત્યંત અનુગ્રહ [કરી] માનું છું, કે જેના કારણે મેં સંસારથી છોડાવનારા શ્રીહરિ(આપ)ને નેત્ર ભરીને જોયા. આને (આપનાં દર્શનને) જ શંકરજી સૌથી મોટો લાભ સમજે છે. હે પ્રભો! હું બુદ્ધિમાં ઘણી ભોળી છું. મારી એક વિનંતી છે. હે નાથ! હું બીજું કોઈ વર દાન નથી માગતી, કેવળ એ જ ઇચ્છું છું કે મારો મનરૂપી ભમરો આપનાં ચરણકમળની રજના પ્રેમરૂપી રસનું સદા પાન કરતો રહે. ॥ ૩॥

જેહિં પદ સુરસરિતા પરમ પુનીતા પ્રગટ ભઈ સિવ સીસ ધરી।
સોઈ પદ પંકજ જેહિ પૂજત અજ મમ સિર ધરેઉ કૃપાલ હરી॥
એહિ ભાઁતિ સિધારી ગૌતમ નારી બાર બાર હરિ ચરન પરી।
જો અતિ મન ભાવા સો બરુ પાવા ગૈ પતિ લોક અનંદ ભરી॥

જે ચરણોથી પરમપવિત્ર દેવનદી ગંગાજી પ્રકટ થયાં, જેને શિવજીએ શીશ પર ધારણ કર્યાં અને જે ચરણકમળોને બ્રહ્માજી પૂજે છે, તે જ કૃપાળુ હરિ(આપે) મારા સિરે મૂક્યાં. આ રીતે [સ્તુતિ

કરતાં કરતાં] વારંવાર ભગવાનના ચરણોમાં પડીને ચાલી નીકળી. મનને જે ઘણો જ સારો લાગ્યો તે વરને પામીને ગૌતમની સ્ત્રી અહલ્યા આનંદમાં ગરકાવ થઈ પતિલોકમાં જતી રહી. ॥ ૪॥

દો૦ – અસ પ્રભુ દીનબંધુ હરિ કારન રહિત દયાલ ।
તુલસિદાસ સઠ તેહિ ભજુ છાડ઼િ કપટ જંજાલ ॥ ૨૧૧॥

પ્રભુ શ્રીરામચન્દ્રજી એવા દીનબંધુ અને વિનાકારણે ય દયા કરનારા છે. તુલસીદાસજી કહે છે, હે શઠ [મન]! તું કપટ-જાળ છોડીને એમનું જ ભજન કર. ॥ ૨૧૧॥

માસપારાયણ, સાતમો વિશ્રામ

ચૌ૦ – ચલે રામ લછિમન મુનિ સંગા । ગએ જહાઁ જગ પાવનિ ગંગા ॥
ગાધિસૂનુ સબ કથા સુનાઈ । જેહિ પ્રકાર સુરસરિ મહિ આઈ ॥ ૧॥

શ્રીરામજી અને લક્ષ્મણજી મુનિની સાથે ચાલ્યા. તેઓ ત્યાં ગયા કે જ્યાં જગતને પવિત્ર કરનારાં ગંગાજી હતાં. મહારાજ ગાધિના પુત્ર વિશ્વામિત્રજીએ તે આખીય કથા કહી સંભળાવી, કે કઈ રીતે દેવનદી ગંગાજી પૃથ્વી પર આવ્યાં હતાં. ॥ ૧॥

તબ પ્રભુ રિષિન્હ સમેત નહાએ । બિબિધ દાન મહિદેવન્હિ પાએ ॥
હરષિ ચલે મુનિ બૃંદ સહાયા । બેગિ બિદેહ નગર નિઅરાયા ॥ ૨॥

ત્યારે પ્રભુએ ઋષિઓ સહિત [ગંગાજીમાં] સ્નાન કર્યું. બ્રાહ્મણોએ જાતજાતનાં દાન પ્રાપ્ત કર્યાં. પછી મુનિવૃંદ સાથે તે પ્રસન્ન થઈને ચાલ્યા અને શીઘ્ર જનકપુરની સમીપે પહોંચી ગયા. ॥ ૨॥

પુર રમ્યતા રામ જબ દેખી । હરષે અનુજ સમેત બિસેષી ॥
બાપીં કૂપ સરિત સર નાના । સલિલ સુધાસમ મનિ સોપાના ॥ ૩॥

શ્રીરામજીએ જ્યારે જનકપુરની શોભા જોઈ, ત્યારે નાના ભાઈ લક્ષ્મણસહિત અત્યંત હર્ષિત થયા. ત્યાં અનેક વાવડીઓ, કૂવા, નદી અને તળાવ છે, તેમાં અમૃત સમાન જળ છે અને મણિઓનાં પગથિયાં [બનેલાં] છે. ॥ ૩॥

ગુંજત મંજુ મત્ત રસ ભૃંગા । કૂજત કલ બહુબરન બિહંગા ॥
બરન બરન બિકસે બનજાતા । ત્રિબિધ સમીર સદા સુખદાતા ॥ ૪॥

મકરંદ-રસથી મદોન્મત થયેલા ભમરા ગુંજન કરી રહ્યા છે. રંગબેરંગી [ઘણા બધા] પક્ષીઓ કલરવ કરી રહ્યા છે. રંગરંગનાં કમળો ખીલ્યાં છે. સદા (દરેક ઋતુઓમાં) સુખ આપનારો શીતળ, મંદ, સુગંધી પવન વાઈ રહ્યો છે. ॥ ૪॥

દો૦ – સુમન બાટિકા બાગ બન બિપુલ બિહંગ નિવાસ ।
ફૂલત ફલત સુપલ્લવત સોહત પુર ચહુઁ પાસ ॥ ૨૧૨॥

પુષ્પવાટિકા (ફૂલવાડી), બાગ અને વન, જેમાં ઘણાંય પક્ષીઓના નિવાસ છે; તે ફૂલતા-ફળતાં તેમજ સુંદર પાંદડાંઓથી લદાઈને (સુપલ્લવિત બનીને) નગરના ચારેય તરફ સુશોભિત છે. ॥ ૨૧૨॥

ચૌ૦ – બનઇ ન બરનત નગર નિકાઈ । જહાઁ જાઇ મન તહઁઈં લોભાઈ ॥
ચારુ બજારુ બિચિત્ર અઁબારી । મનિમય બિધિ જનુ સ્વકર સઁવારી ॥ ૧॥

નગરની સુંદરતાનું વર્ણન કરી શકાતું જ નથી. મન જ્યાં જાય છે ત્યાં લોભાઈ જાય છે. સુંદર બજાર છે, મણિઓથી બનેલા વિચિત્ર છજ્જાં છે, જાણે કે બ્રહ્માએ તેમને પોતાના હાથોથી બનાવ્યા હોય. ॥ ૧॥

ધનિક બનિક બર ધનદ સમાના । બૈઠે સકલ બસ્તુ લૈ નાના ॥
ચૌહટ સુંદર ગલીં સુહાઈ । સંતત રહહિં સુગંધ સિંચાઈ ॥ ૨॥

કુબેર સમાન શ્રેષ્ઠ ધનિક વહેપારી દરેક જાતની અનેક વસ્તુઓ લઈને [દુકાનોમાં] બેઠા છે. સુંદર ચૌટા અને રમણીય શેરીઓ સદાય સુગંધીથી સિંચાયેલ રહે છે. ॥ ૨॥

મંગલમય મંદિર સબ કેરેં । ચિત્રિત જનુ રતિનાથ ચિતેરેં ॥
પુર નર નારિ સુભગ સુચિ સંતા । ધરમસીલ ગ્યાની ગુનવંતા ॥ ૩॥

બધાનાં ઘર મંગળમય છે અને તેમના ઉપર ચિત્રો કંડારેલાં છે, જાણે કામદેવરૂપી ચિત્રકારે અંકિત કર્યાં હોય. નગરનાં સ્ત્રી-પુરુષો સુંદર, પવિત્ર, સાધુ-સ્વભાવવાળા, ધર્માત્મા, જ્ઞાની અને ગુણવાન છે. ॥ ૩॥

અતિ અનૂપ જહઁ જનક નિવાસૂ । બિથકહિં બિબુધ બિલોકિ બિલાસૂ ॥
હોત ચકિત ચિત કોટ બિલોકી । સકલ ભુવન સોભા જનુ રોકી ॥ ૪॥

જ્યાં જનકજીનો અત્યંત અનુપમ (સુંદર) નિવાસ (મહેલ) છે, ત્યાંના વિલાસ(ઐશ્વર્ય)ને જોઈને દેવતા પણ થાકી [સ્તંભિત થઈ] જાય છે. [મનુષ્યોની તો વાત જ શું?] કિલ્લા(રાજમહેલના કોટ)ને જોઈને ચિત્ત ચકિત થઈ જાય છે, [એમ માલૂમ થાય છે] જાણે તેણે સમસ્ત લોકોની શોભાને રોકી (ઘેરી) રાખી છે. ॥ ૪॥

દો૦ – ધવલ ધામ મનિ પુરટ પટ સુઘટિત નાના ભાઁતિ ।
સિય નિવાસ સુંદર સદન સોભા કિમિ કહિ જાતિ ॥ ૨૧૩॥

સ્વચ્છ ઉજ્જ્વળ મહેલોમાં અનેક પ્રકારના સુંદર રીતે બનેલાં [બારીઓ અને ઝરોખામાં] મણિજડિત સોનાના બારણાં લાગેલાં છે. સીતાજીના રહેવાના સુંદર મહેલની શોભાનું વર્ણન કરી જ કેવી રીતે શકાય! ॥ ૨૧૩॥

ચૌ૦ – સુભગ દ્વાર સબ કુલિસ કપાટા । ભૂપ ભીર નટ માગધ ભાટા ॥
બની બિસાલ બાજિ ગજ સાલા । હય ગય રથ સંકુલ સબ કાલા ॥ ૧॥

રાજમહેલના બધા દરવાજા (ફાટક) સુંદર છે, જેનામાં વજ્રના (મજબૂત અથવા હીરાનાં ચમકતાં) બારણાં લાગેલાં છે. જ્યાં [અધીન] રાજાઓ, નટો, માગધો અને ભાટોની ભીડ લાગેલી રહે છે. ઘોડા અને હાથીઓને માટે મોટીમોટી ઘોડારો અને ગજશાળાઓ (હાથીખાઈ) બનેલી છે. જે સર્વકાળે, ઘોડા, હાથી અને રથોથી ભરેલી રહે છે. ॥ ૧॥

સૂર સચિવ સેનપ બહુતેરે। નૃપગૃહ સરિસ સદન સબ કેરે॥
પુર બાહેર સર સરિત સમીપા। ઉતરે જહઁ તહઁ બિપુલ મહીપા॥૨॥

ઘણા બધા શૂરવીરો, મંત્રીઓ અને સેનાપતિઓ છે. તે સર્વેનાં ઘર પણ રાજમહેલ જેવા જ છે. નગરની બહાર તળાવ અને નદીની પાસે ચારે બાજુ ઘણા બધા રાજાલોકોએ ઉતારો કર્યો (તંબુ તાણ્યાં) છે. ॥૨॥

દેખિ અનૂપ એક અઁવરાઈ। સબ સુપાસ સબ ભાઁતિ સુહાઈ॥
કૌસિક કહેઉ મોર મનુ માના। ઇહાઁ રહિઅ રઘુબીર સુજાના॥૩॥

ત્યાં એક અનુપમ આંબાવાડિયું સર્વે પ્રકારે સુસજ્જ તથા દરેક રીતે રમણીય હતું તે જોઈને વિશ્વામિત્રજીએ કહ્યું – હે સુજ્ઞ રઘુવીર! મારું મન કહે છે કે અહીં જ રહી જઈએ. ॥૩॥

ભલેહિં નાથ કહિ કૃપાનિકેતા। ઉતરે તહઁ મુનિ બૃંદ સમેતા॥
બિસ્વામિત્ર મહામુનિ આએ। સમાચાર મિથિલાપતિ પાએ॥૪॥

કૃપાના ધામ શ્રીરામચન્દ્રજી 'બહુ સારું સ્વામિન્' કહીને મુનિઓના સમૂહ સાથે ત્યાં જ રોકાઈ ગયા. મિથિલાપતિ જનકજીને જ્યારે આ સમાચાર મળ્યા કે મહામુનિ વિશ્વામિત્ર આવ્યા છે – ॥૪॥

દો૦– સંગ સચિવ સુચિ ભૂરિ ભટ ભૂસુર બર ગુર ગ્યાતિ।
ચલે મિલન મુનિનાયકહિ મુદિત રાઉ એહિ ભાઁતિ॥૨૧૪॥

ત્યારે તેમણે પવિત્ર હૃદયવાળા (ઈમાનદાર, સ્વામીભક્ત) મંત્રી, ઘણાબધા યોદ્ધા, શ્રેષ્ઠ બ્રાહ્મણ, ગુરુ (શતાનંદજી) અને પોતાની જ્ઞાતિના શ્રેષ્ઠ લોકોને સાથે લીધા અને આમ પ્રસન્નતા સાથે રાજા જનકજી મુનિઓના સ્વામી વિશ્વામિત્રજીને મળવા ચાલ્યા. ॥૨૧૪॥

ચૌ૦– કીન્હ પ્રનામુ ચરન ધરિ માથા। દીન્હિ અસીસ મુદિત મુનિનાથા॥
બિપ્રબૃંદ સબ સાદર બંદે। જાનિ ભાગ્ય બડ઼ રાઉ અનંદે॥૧॥

રાજાએ મુનિના ચરણોમાં સિર નમાવી પ્રણામ કર્યાં. મુનિઓના સ્વામી વિશ્વામિત્રજીએ પ્રસન્ન થઈને આશીર્વાદ આપ્યા. પછી રાજાએ આખીય બ્રાહ્મણમંડળીને આદરસહિત પ્રણામ કર્યાં અને પોતાનું મોટું ભાગ્ય જાણીને આનંદિત થયા. ॥૧॥

કુસલ પ્રસ્ન કહિ બારહિં બારા। બિસ્વામિત્ર નૃપહિ બૈઠારા॥
તેહિ અવસર આએ દોઉ ભાઈ। ગએ રહે દેખન ફુલવાઈ॥૨॥

વારંવાર કુશળપ્રશ્નો કરીને વિશ્વામિત્રજીએ રાજાને બેસાડ્યા. એ જ વખતે બંને ભાઈ આવી પહોંચ્યા જે ફૂલવાડી જોવા ગયા હતા. ॥૨॥

સ્યામ ગૌર મૃદુ બયસ કિસોરા। લોચન સુખદ બિસ્વ ચિત ચોરા॥
ઉઠે સકલ જબ રઘુપતિ આએ। બિસ્વામિત્ર નિકટ બૈઠાએ॥૩॥

સુકુમાર કિશોરાવસ્થાવાળા, શ્યામ અને ગૌર વર્ણના બંને કુમાર નેત્રોને સુખ આપનારા અને આખાય વિશ્વના ચિત્તને ચોરનારા છે. જ્યારે રઘુનાથજી આવ્યા ત્યારે બધા [તેમના રૂપ અને તેજથી પ્રભાવિત થઈને] ઊઠીને ઊભા થઈ ગયા. વિશ્વામિત્રજીએ તેમને પોતાની પાસે બેસાડી દીધા. ॥૩॥

ભએ સબ સુખી દેખિ દોઉ ભ્રાતા । બારિ બિલોચન પુલકિત ગાતા ॥
મૂરતિ મધુર મનોહર દેખી । ભયઉ બિદેહુ બિદેહુ બિસેષી ॥ ૪॥

બંને ભાઈઓને જોઈને બધા સુખી થયા. બધાનાં નેત્રોમાં જળ ભરાઈ આવ્યાં (આનંદ અને પ્રેમનાં આંસુ ઊભરાયાં) અને શરીર રોમાંચિત થઈ ગયાં. રામજીની મધુર મનોહર મૂર્તિને જોઈને વિદેહ (જનક) વિશેષરૂપે વિદેહ (દેહના સાન-ભાનથી રહિત) થઈ ગયા. ॥ ૪॥

દો૦– પ્રેમ મગન મનુ જાનિ નૃપુ કરિ બિબેકુ ધરિ ધીર ।
બોલેઉ મુનિ પદ નાઈ સિરુ ગદગદ ગિરા ગભીર ॥ ૨૧૫॥

મનને પ્રેમમાં લીન જાણીને રાજા જનકે વિવેકનો આશ્રય લઈને ધીરજ ધારણ કર્યું અને મુનિના ચરણોમાં શીશ નમાવી ગદ્ગદ (પ્રેમભરી) ગંભીર વાણીમાં કહ્યું – ॥ ૨૧૫॥

ચૌ૦– કહહુ નાથ સુંદર દોઉ બાલક । મુનિકુલ તિલક કિ નૃપકુલ પાલક ॥
બ્રહ્મ જો નિગમ નેતિ કહિ ગાવા । ઉભય બેષ ધરિ કી સોઈ આવા ॥ ૧॥

હે નાથ! કહો, આ બંને સુંદર બાળક મુનિકુળનાં આભૂષણ છે કે કોઈ રાજવંશના રક્ષક? અથવા જેનું વેદોએ 'નેતિ' 'નેતિ' કહીને ગાન કર્યું છે, શું તે જ બ્રહ્મ તો યુગલરૂપ ધારણ કરીને નથી આવ્યું? ॥ ૧॥

સહજ બિરાગરૂપ મનુ મોરા । થકિત હોત જિમિ ચંદ ચકોરા ॥
તાતે પ્રભુ પૂછઉઁ સતિભાઊ । કહહુ નાથ જનિ કરહુ દુરાઊ ॥ ૨॥

મારું મન જે સ્વાભાવિક રૂપે જ વૈરાગ્યરૂપ [બનેલું] છે, [આમને જોઈને] એ રીતે મુગ્ધ થઈ રહ્યું છે જેમ ચન્દ્રમાને જોઈને ચકોર. હે પ્રભો! એટલે જ હું આપને સત્ય (નિશ્છલ) ભાવે પૂછું છું. હે નાથ! બતાવો, છૂપું ન રાખશો. ॥ ૨॥

ઇન્હહિ બિલોકત અતિ અનુરાગા । બરબસ બ્રહ્મસુખહિ મન ત્યાગા ॥
કહ મુનિ બિહસિ કહેહુ નૃપ નીકા । બચન તુમ્હાર ન હોઈ અલીકા ॥ ૩॥

એમને જોતાં જ અત્યંત પ્રેમને વશ થઈને મારા મને જબરજસ્તીથી બ્રહ્મસુખને ત્યાગી દીધું છે. મુનિએ હસીને કહ્યું – હે રાજન્! આપે ઠીક (યથાર્થ જ) કહ્યું. આપનું વચન મિથ્યા હોઈ ન શકે. ॥ ૩॥

એ પ્રિય સબહિ જહાઁ લગિ પ્રાની । મન મુસુકાહિં રામુ સુનિ બાની ॥
રઘુકુલ મનિ દસરથ કે જાએ । મમ હિત લાગિ નરેસ પઠાએ ॥ ૪॥

જગતમાં જ્યાં સુધી (જેટલા પણ) પ્રાણી છે, સર્વેને એ પ્રિય છે. મુનિની (રહસ્યમય) વાણી સાંભળીને મનમાં ને મનમાં શ્રીરામજી મલકાય છે (હસીને જાણે સંકેત કરે છે કે રહસ્ય ખોલશો નહિ). [ત્યારે મુનિએ કહ્યું –] એ રઘુકુળમણિ મહારાજ દશરથના પુત્ર છે. મારા ભલાને માટે રાજાએ એમને મારી સાથે મોકલ્યા છે. ॥ ૪॥

દો૦ – રામુ લખનુ દોઉ બંધુબર રૂપ સીલ બલ ધામ ।
મખ રાખેઉ સબુ સાખિ જગુ જિતે અસુર સંગ્રામ ॥ ૨૧૬॥

આ રામ અને લક્ષ્મણ બંને શ્રેષ્ઠ ભાઈઓ રૂપ, શીલ તથા બળના ધામ છે. આખું જગત [આ વાતનું] સાક્ષી છે કે તેમણે યુદ્ધમાં અસુરોને જીતીને મારા યજ્ઞની રક્ષા કરી છે. ॥ ૨૧૬॥

ચૌ૦ – મુનિ તવ ચરન દેખિ કહ રાઊ । કહિ ન સકઉઁ નિજ પુન્ય પ્રભાઊ ॥
સુંદર સ્યામ ગૌર દોઉ ભ્રાતા । આનઁદહૂ કે આનઁદ દાતા ॥ ૧॥

રાજા જનકે કહ્યું – હે મુનિ! આપના ચરણોનાં દર્શન કરી હું પોતાના પુણ્ય-પ્રભાવ કહી નથી શકતો. આ સુંદર શ્યામ અને ગૌર વર્ણના બંને ભાઈઓ આનંદને પણ આનંદ આપનારા છે. ॥ ૧॥

ઇન્હ કૈ પ્રીતિ પરસપર પાવનિ । કહિ ન જાઇ મન ભાવ સુહાવનિ ॥
સુનહુ નાથ કહ મુદિત બિદેહૂ । બ્રહ્મ જીવ ઇવ સહજ સનેહૂ ॥ ૨॥

એમની પરસ્પરની પ્રીતિ ઘણી પવિત્ર અને સોહામણી છે, તે મનને ઘણી ગમે છે, પરંતુ [વાણીથી] કહી શકાતી જ નથી. વિદેહ (જનકજી) આનંદિત થઈને ફરી કહે છે – હે નાથ! સાંભળો, બ્રહ્મ અને જીવની જેમ એમનામાં સ્વાભાવિક પ્રેમ છે. ॥ ૨॥

પુનિ પુનિ પ્રભુહિ ચિતવ નરનાહૂ । પુલક ગાત ઉર અધિક ઉછાહૂ ॥
મુનિહિ પ્રસંસિ નાઇ પદ સીસૂ । ચલેઉ લવાઇ નગર અવનીસૂ ॥ ૩॥

રાજા વારંવાર પ્રભુને જુએ છે. (દૃષ્ટિ ત્યાંથી ખસવા જ નથી માગતી). [પ્રેમથી] શરીર પુલકિત થઈ રહ્યું છે અને હૃદયમાં ઘણો ઉત્સાહ છે. [પછી] મુનિની પ્રશંસા કરીને એમના ચરણોમાં શીશ નમાવીને રાજા તેમને નગરમાં લઈ ચાલ્યા. ॥ ૩॥

સુંદર સદનુ સુખદ સબ કાલા । તહાઁ બાસુ લૈ દીન્હ ભુઆલા ॥
કરિ પૂજા સબ બિધિ સેવકાઈ । ગયઉ રાઉ ગૃહ બિદા કરાઈ ॥ ૪॥

એક સુંદર મહેલ જે સર્વ કાળે (બધી ઋતુઓમાં) સુખદાયક હતો, ત્યાં રાજાએ તેમને લઈ જઈને ઉતારો આપ્યો. તત્પશ્ચાત્ સર્વ પ્રકારે પૂજા અને સેવા કરીને રાજા વિદાય માગીને પોતાના ઘેર ગયા. ॥ ૪॥

દો૦ – રિષય સંગ રઘુબંસ મનિ કરિ ભોજનુ બિશ્રામુ ।
બૈઠે પ્રભુ ભ્રાતા સહિત દિવસુ રહા ભરિ જામુ ॥ ૨૧૭॥

રઘુકુળના શિરોમણિ પ્રભુ શ્રીરામચન્દ્રજી ઋષિઓની સાથે ભોજન અને વિશ્રામ કરીને ભાઈ લક્ષ્મણસહિત બેઠા. તે સમયે પ્રહરમાત્ર જેટલો દિવસ બાકી રહ્યો હતો. ॥ ૨૧૭॥

ચૌ૦ – લખન હૃદયઁ લાલસા બિસેષી । જાઇ જનકપુર આઇઅ દેખી ॥
પ્રભુ ભય બહુરિ મુનિહિ સકુચાહીં । પ્રગટ ન કહહિં મનહિં મુસુકાહીં ॥ ૧॥

લક્ષ્મણજીના હૃદયમાં વિશેષ લાલસા છે કે જઈને જનકપુર જોઈ આવીએ. પરંતુ પ્રભુ શ્રીરામચન્દ્રજીનો ડર છે અને વળી, મુનિથી પણ શરમાય છે. એટલે પ્રકટમાં કશું કહેતા નથી. મનમાં ને મનમાં મલકાય છે. ॥ ૧॥

રામ અનુજ મન કી ગતિ જાની। ભગત બછલતા હિયઁ હુલસાની॥
પરમ બિનીત સકુચિ મુસુકાઈ। બોલે ગુર અનુસાસન પાઈ॥ ૨॥

[અંતર્યામી] શ્રીરામચન્દ્રજીએ નાના ભાઈના મનની દશા જાણી લીધી, [ત્યારે] એમના હૃદયમાં ભક્તવત્સલતા ઊમટી પડી. તેઓ ગુરુની આજ્ઞા મેળવી ઘણા જ વિનયની સાથે સંકોચાતાં, અને મલકાતાં બોલ્યા – ॥ ૨॥

નાથ લખનુ પુરુ દેખન ચહહીં। પ્રભુ સકોચ ડર પ્રગટ ન કહહીં॥
જૌં રાઉર આયસુ મૈં પાવૌં। નગર દેખાઇ તુરત લૈ આવૌં॥ ૩॥

હે નાથ! લક્ષ્મણ નગર જોવા ઈચ્છે છે, પરંતુ પ્રભુ(આપ)ના ડર અને સંકોચના લીધે સ્પષ્ટ નથી કહેતા. જો આપની આજ્ઞા પામું, તો હું એમને નગર જોવડાવીને તુરત જ [પાછા] લઈ આવું. ॥ ૩॥

સુનિ મુનીસુ કહ બચન સપ્રીતી। કસ ન રામ તુમ્હ રાખહુ નીતી॥
ધરમ સેતુ પાલક તુમ્હ તાતા। પ્રેમ બિબસ સેવક સુખદાતા॥ ૪॥

આ સાંભળીને મુનીશ્વર વિશ્વામિત્રજીએ પ્રેમસહિત વચનો કહ્યાં – હે રામ! તમે નીતિની રક્ષા કેમ નહીં કરો; હે તાત! તમે ધર્મની મર્યાદાનું પાલન કરનારા અને પ્રેમને વશીભૂત થઈને સેવકોને સુખ આપનારા છો. ॥ ૪॥

દો૦– જાઈ દેખિ આવહુ નગરુ સુખ નિધાન દોઉ ભાઇ।
કરહુ સુફલ સબ કે નયન સુંદર બદન દેખાઇ॥ ૨૧૮॥

સુખના નિધાન બંને ભાઈ જઈને નગર જોઈ આવો. પોતાનાં સુંદર મુખ દેખાડીને સર્વે [નગરવાસીઓ]નાં નેત્રોને સફળ કરો. ॥ ૨૧૮॥

ચૌ૦– મુનિ પદ કમલ બંદિ દોઉ ભ્રાતા। ચલે લોક લોચન સુખ દાતા॥
બાલક બૃંદ દેખિ અતિ સોભા। લગે સંગ લોચન મનુ લોભા॥ ૧॥

બધાય લોકોનાં નેત્રોને સુખ આપનારા બંને ભાઈઓ મુનિનાં ચરણકમળોની વંદના કરીને ચાલ્યા. બાળકોનાં ટોળાં તેમના [સૌંદર્યની] અત્યંત શોભા જોઈને સાથે જોડાઈ ગયાં. તેમનાં નેત્ર અને મન [આમના માધુર્ય પર] લોભાઈ ગયાં. ॥ ૧॥

પીત બસન પરિકર કટિ ભાથા। ચારુ ચાપ સર સોહત હાથા॥
તન અનુહરત સુચંદન ખોરી। સ્યામલ ગૌર મનોહર જોરી॥ ૨॥

[બંને ભાઈઓનાં] પીળાં રંગનાં વસ્ત્રો છે, કમરમાં [પીળાં] દુપટ્ટાથી ભાથાં બાંધેલાં છે. હાથોમાં સુંદર ધનુષ-બાણ સુશોભિત છે. [શ્યામ અને ગૌર વર્ણનાં] શરીરોને અનુકૂળ (અર્થાત્ જેમના પર જે રંગનું ચંદન વધુ શોભે તેમની ઉપર તે જ રંગના) સુંદર ચંદનનો લેપ કર્યો છે. શ્યામ અને ગૌરા-[રંગ]ની મનોહર જોડી છે. ॥ ૨॥

કેહરિ કંધર બાહુ બિસાલા। ઉર અતિ રુચિર નાગમનિ માલા॥
સુભગ સોન સરસીરુહ લોચન। બદન મયંક તાપત્રય મોચન॥ ૩॥

સિંહના જેવી (પુષ્ટ) ગર્દન (ગળાનો પાછળનો ભાગ) છે; વિશાળ ભુજાઓ છે. [પહોળી] છાતી ઉપર અત્યંત સુંદર ગજમુક્તાની માળા છે. સુંદર લાલકમળના જેવાં નેત્રો છે. ત્રણેય તાપથી છોડાવનારા ચન્દ્રમાના જેવું મુખ છે. ॥ ૩॥

કાનન્હિ કનક ફૂલ છબિ દેહીં । ચિતવત ચિતહિ ચોરિ જનુ લેહીં ॥
ચિતવનિ ચારુ ભૃકુટિ બર બાઁકી । તિલક રેખ સોભા જનુ ચાઁકી ॥ ૪॥

કાનોમાં સોનાનાં કર્ણફૂલ [અત્યંત] શોભા આપી રહ્યાં છે અને જોતાં જ [જોનારાના] ચિત્તને જાણે ચોરી લે છે. તેમની દૃષ્ટિ (ચિતવન) ઘણી મનોહર છે અને ભ્રમરો વાંકી અને સુંદર છે. [લલાટ ઉપર] તિલકની રેખાઓ એવી સુંદર છે જાણે [મૂર્તિમંત] શોભા ઉપર છાપ લગાવી દીધી હોય. ॥ ૪॥

દો૦ – રુચિર ચૌતનીં સુભગ સિર મેચક કુંચિત કેસ ।
નખ સિખ સુંદર બંધુ દોઉ સોભા સકલ સુદેસ ॥ ૨૧૯॥

શીશ ઉપર ચૌખૂણી ઉત્તમ ટોપીઓ છે, કાળા અને વાંકડિયા વાળ છે. બંને ભાઈ નખથી લઈને શિખા સુધી (નખશિખ) સુંદર છે અને સર્વે શોભા જ્યાં જેવી જોઈએ તેવી જ છે. ॥ ૨૧૯॥

ચૌ૦ – દેખન નગર ભૂપસુત આએ । સમાચાર પુરબાસિન્હ પાએ ॥
ધાએ ધામ કામ સબ ત્યાગી । મનહુઁ રંક નિધિ લૂટન લાગી ॥ ૧॥

જ્યારે પુરવાસીઓને આ સમાચાર મળ્યા કે બંને રાજકુમાર નગર જોવાને માટે આવ્યા છે, ત્યારે તે સર્વે ઘરબાર અને સર્વે કામ-કાજ છોડીને એવા દોડ્યા જાણે દરિદ્રી [ધનનો] ખજાનો લૂંટવા દોડી પડ્યા હોય. ॥ ૧॥

નિરખિ સહજ સુંદર દોઉ ભાઈ । હોહિં સુખી લોચન ફલ પાઈ ॥
જુબતીં ભવન ઝરોખન્હિ લાગીં । નિરખહિં રામ રૂપ અનુરાગીં ॥ ૨॥

સ્વભાવથી જ સુંદર બંને ભાઈઓને જોઈને તે લોકો નેત્રોનું ફળ પામીને સુખી થઈ રહ્યાં છે. જુવાન સ્ત્રીઓ ઘરના ઝરૂખાઓમાં ઊભી રહી પ્રેમસહિત શ્રીરામચન્દ્રજીના રૂપને જોઈ રહી છે. ॥ ૨॥

કહહિં પરસપર બચન સપ્રીતી । સખિ ઇન્હ કોટિ કામ છબિ જીતી ॥
સુર નર અસુર નાગ મુનિ માહીં । સોભા અસિ કહુઁ સુનિઅતિ નાહીં ॥ ૩॥

તેઓ પરસ્પર ઘણા પ્રેમથી વાતો કરી રહી છે – હે સખી! આમણે કરોડો કામદેવોની શોભાને જીતી લીધી છે. દેવતા, મનુષ્ય, અસુર, નાગ અને મુનિઓમાં આવી શોભા તો ક્યાંય સાંભળવામાં પણ આવતી નથી. ॥ ૩॥

બિષ્નુ ચારિ ભુજ બિધિ મુખ ચારી । બિકટ બેષ મુખ પંચ પુરારી ॥
અપર દેઉ અસ કોઉ ન આહી । યહ છબિ સખી પટતરિઅ જાહી ॥ ૪॥

ભગવાન વિષ્ણુને ચાર ભુજાઓ છે, બ્રહ્માજીને ચાર મુખ છે, શિવજીનો વિકટ (ભયાનક) વેશ છે અને એમનાં પાંચ મુખ છે. હે સખી! બીજો કોઈ પણ દેવ એવો નથી કે જેની સાથે આ શોભાને ઉપમા આપી શકાય. ॥ ૪॥

દો૦– બય કિસોર સુષમા સદન સ્યામ ગૌર સુખ ધામ ।
અંગ અંગ પર વારિઅહિં કોટિ કોટિ સત કામ ॥૨૨૦॥

એમની કિશોર અવસ્થા છે, એ સુંદરતાના ધામ, શ્યામ અને ગૌરા રંગના તથા સુખના ધામ છે. એમના અંગેઅંગ ઉપર કરોડો-અરબો કામદેવોને ન્યોછાવર કરી દેવા જોઈએ. ॥૨૨૦॥

ચૌ૦– કહહુ સખી અસ કો તનુ ધારી । જો ન મોહ યહ રૂપ નિહારી ॥
કોઉ સપ્રેમ બોલી મૃદુ બાની । જો મૈં સુના સો સુનહુ સયાની ॥૧॥

હે સખી! [ભલા] કહો તો એવો કોણ દેહધારી હશે જે આ રૂપને જોઈને મોહિત ન થઈ જાય (અર્થાત્ આ રૂપ જડ-ચેતન સર્વેને મોહિત કરનારું છે). [ત્યારે] કોઈ બીજી સખી પ્રેમસહિત કોમળ વાણીમાં બોલી – હે સમજુ! મેં જે સાંભળ્યું છે તેને સાંભળો – ॥૧॥

એ દોઊ દસરથ કે ઢોટા । બાલ મરાલન્હિ કે કલ જોટા ॥
મુનિ કૌસિક મખ કે રખવારે । જિન્હ રન અજિર નિસાચર મારે ॥૨॥

આ બંને [રાજકુમાર] મહારાજ દશરથજીના પુત્રો છે. બાળરાજહંસોના જેવું સુંદર જોડું છે. તેઓ મુનિ વિશ્વામિત્રના યજ્ઞની રક્ષા કરનારા છે, તેમણે યુદ્ધના મેદાનમાં રાક્ષસોને માર્યા છે. ॥૨॥

સ્યામ ગાત કલ કંજ બિલોચન । જો મારીચ સુભુજ મદુ મોચન ॥
કૌસલ્યા સુત સો સુખ ખાની । નામુ રામુ ધનુ સાયક પાની ॥૩॥

જેમનું શ્યામ શરીર અને નેત્ર સુંદર કમળ જેવાં છે, જેમ મારીચ અને સુબાહુના મદને ચૂર કરનારા અને સુખોની ખાણ છે અને જેમણે હાથમાં ધનુષ-બાણ ધરી રાખ્યાં છે, તે કૌશલ્યાજીના પુત્ર છે, તેમનું નામ રામ છે. ॥૩॥

ગૌર કિસોર બેષુ બર કાછેં । કર સર ચાપ રામ કે પાછેં ॥
લછિમનુ નામુ રામ લઘુ ભ્રાતા । સુનુ સખિ તાસુ સુમિત્રા માતા ॥૪॥

જેમનો રંગ ગૌર છે અને કિશોર અવસ્થા છે અને જેઓ સુંદર વેશ બનાવી અને હાથમાં ધનુષ-બાણ લઈને શ્રીરામજીની પાછળ-પાછળ ચાલી રહ્યા છે, તે એમના નાના ભાઈ છે; તેમનું નામ લક્ષ્મણ છે. હે સખી! સાંભળો, તેમની માતા સુમિત્રા છે. ॥૪॥

દો૦– બિપ્રકાજુ કરિ બંધુ દોઉ મગ મુનિબધૂ ઉધારિ ।
આએ દેખન ચાપમખ સુનિ હરષીં સબ નારિ ॥૨૨૧॥

બંને ભાઈ બ્રાહ્મણ વિશ્વામિત્રનું કાર્ય કરીને અને માર્ગમાં મુનિ ગૌતમની સ્ત્રી અહલ્યાનો ઉદ્ધાર કરીને અહીં ધનુષયજ્ઞ જોવા આવ્યા છે. આ સાંભળીને સર્વે સ્ત્રીઓ પ્રસન્ન થઈ. ॥૨૨૧॥

ચૌ૦– દેખિ રામ છબિ કોઉ એક કહઈ । જોગુ જાનકિહિ યહ બરુ અહઈ ॥
જૌં સખિ ઈન્હહિ દેખ નરનાહૂ । પન પરિહરિ હઠિ કરઈ બિબાહૂ ॥૧॥

શ્રીરામચન્દ્રજીની કાંતિ જોઈને કોઈ એક (બીજી સખી) કહેવા લાગી – આ વર જાનકીને યોગ્ય છે. હે સખી! જો ક્યાંક રાજા એમને જોઈ લે તો પ્રતિજ્ઞા છોડીને હઠપૂર્વક એમની સાથે જ વિવાહ કરાવી દેશે. ॥૧॥

કોઉ કહ એ ભૂપતિ પહિચાને । મુનિ સમેત સાદર સનમાને ॥
સખિ પરંતુ પનુ રાઉ ન તજઈ । બિધિ બસ હઠિ અબિબેકહિ ભજઈ ॥ ૨॥

કોઈકે કહ્યું – રાજાએ એમને ઓળખી લીધા છે અને મુનિની સાથે આમનું આદરપૂર્વક સન્માન કર્યું છે. પરંતુ હે સખી! રાજા પોતાનું પ્રણ નથી છોડતો. તે ભાવિને વશીભૂત થઈને હઠપૂર્વક અવિવેકનો જ આશ્રય લઈ રહ્યો છે (પ્રણને વળગી રહેવાની મૂર્ખતા નથી છોડતો). ॥ ૨॥

કોઉ કહ જૌં ભલ અહઈ બિધાતા । સબ કહઁ સુનિઅ ઉચિત ફલ દાતા ॥
તૌ જાનકિહિ મિલિહિ બરુ એહૂ । નાહિન આલિ ઈહાઁ સંદેહૂ ॥ ૩॥

કોઈ કહે છે – જો વિધાતા સારો હોય તો સાંભળવામાં આવ્યું છે કે તે સર્વેને ઉચિત ફળ આપે છે, તો જાનકીજીને આ જ વર મળશે. હે સખી! આમાં સંદેહ નથી. ॥ ૩॥

જૌં બિધિ બસ અસ બનૈ સઁજોગૂ । તૌ કૃતકૃત્ય હોઈ સબ લોગૂ ॥
સખિ હમરેં આરતિ અતિ તાતેં । કબહુઁક એ આવહિં એહિ નાતેં ॥ ૪॥

કદાચ દૈવયોગથી આવો સંજોગ બની જાય તો આપણે સૌ લોકો કૃતાર્થ થઈ જઈએ. હે સખી! મને તો આથી જ એટલી વધુ આતુરતા થઈ રહી છે કે આ સંબંધે ક્યારેક તેઓ અહીંયાં આવશે. ॥ ૪॥

દો૦– નાહિં ત હમ કહુઁ સુનહુ સખિ ઈન્હ કર દરસનુ દૂરિ ।
યહ સંઘટુ તબ હોઈ જબ પુન્ય પુરાકૃત ભૂરિ ॥ ૨૨૨॥

નહીં તો (વિવાહ ન થયો તો) હે સખી! સાંભળો, અમને એમનાં દર્શન દુર્લભ છે. આ સંયોગ ત્યારે જ થઈ શકે છે કે જ્યારે આપણા પૂર્વજન્મોનાં ઘણાં પુણ્ય હોય. ॥ ૨૨૨॥

ચૌ૦– બોલી અપર કહેહુ સખિ નીકા । એહિં બિઆહ અતિ હિત સબહી કા ॥
કોઉ કહ સંકર ચાપ કઠોરા । એ સ્યામલ મૃદુ ગાત કિસોરા ॥ ૧॥

બીજીએ કહ્યું – હે સખી! તેં ઘણું સારું કહ્યું. આ વિવાહથી બધાયનું પરમ હિત છે. કોઈકે કહ્યું – શંકરજીનું ધનુષ કઠોર છે અને આ શામળા રાજકુમાર કોમળ શરીરના બાળક છે. ॥ ૧॥

સબુ અસમંજસ અહઈ સયાની । યહ સુનિ અપર કહઈ મૃદુ બાની ॥
સખિ ઈન્હ કહઁ કોઉ કોઉ અસ કહહીં । બડ઼ પ્રભાઉ દેખત લઘુ અહહીં ॥ ૨॥

હે સમજુ! બધી અવઢવ જ છે. આ સાંભળીને બીજી સખી કોમળ વાણીમાં કહેવા લાગી – હે સખી! એમના સંબંધમાં કોઈ કોઈ એવું કહે છે કે તેઓ દેખાવમાં તો નાના છે પણ એમનો પ્રભાવ ઘણો મોટો છે. ॥ ૨॥

પરસિ જાસુ પદ પંકજ ધૂરી । તરી અહલ્યા કૃત અઘ ભૂરી ॥
સો કિ રહિહિ બિનુ સિવ ધનુ તોરેં । યહ પ્રતીતિ પરિહરિઅ ન ભોરેં ॥ ૩॥

જેમનાં ચરણકમળોની રજનો સ્પર્શ પામીને અહલ્યા તરી ગઈ જેણે મોટું ભારે પાપ કર્યું હતું. તેઓ શું શિવજીના ધનુષને તોડ્યા વિના રહેશે! આ વિશ્વાસને ભૂલથી પણ ન છોડવો જોઈએ. ॥ ૩॥

જેહિં બિરંચિ રચિ સીય સઁવારી । તેહિં સ્યામલ બરુ રચેઉ બિચારી ॥
તાસુ બચન સુનિ સબ હરષાનીં । ઐસેઇ હોઉ કહહિં મૃદુ બાનીં ॥૪॥

જે બ્રહ્માએ સીતાને સજાવીને (ઘણી ચતુરાઈથી) રચ્યાં છે, તેમણે વિચાર કરીને શામળો વર પણ રચી રાખ્યો છે. તેનાં આ વચન સાંભળીને બધી હર્ષિત થઈ અને કોમળ વાણીમાં કહેવા લાગી – એમ જ થાઓ. ॥૪॥

દો૦ – હિયઁ હરષહિં બરષહિં સુમન સુમુખિ સુલોચનિ બૃંદ ।
જાહિં જહાઁ જહઁ બંધુ દોઉ તહઁ તહઁ પરમાનંદ ॥૨૨૩॥

સુંદર મુખ અને સુંદર નેત્રોવાળી સ્ત્રીઓનાં ટોળેટોળાં હૃદયમાં હર્ષિત થઈને ફૂલ વરસાવી રહ્યાં છે. જ્યાં જ્યાં બંને ભાઈ જાય છે, ત્યાં ત્યાં પરમ આનંદ છવાઈ જાય છે. ॥૨૨૩॥

ચૌ૦ – પુર પૂરબ દિસિ ગે દોઉ ભાઈ । જહઁ ધનુમખ હિત ભૂમિ બનાઈ ॥
અતિ બિસ્તાર ચારુ ગચ ઢારી । બિમલ બેદિકા રુચિર સઁવારી ॥૧॥

બંનેય ભાઈ નગરની પૂર્વ દિશામાં ગયા, જ્યાં ધનુષયજ્ઞ માટે [રંગ] ભૂમિ બનાવવામાં આવી હતી. ઘણું લાંબું-પહોળું સુંદર ઢાળેલું પાકું પ્રાંગણ હતું, જેના ઉપર સુંદર અને નિર્મળ વેદી સજાવવામાં આવી હતી. ॥૧॥

ચહુઁ દિસિ કંચન મંચ બિસાલા । રચે જહાઁ બૈઠહિં મહિપાલા ॥
તેહિ પાછેં સમીપ ચહુઁ પાસા । અપર મંચ મંડલી બિલાસા ॥૨॥

ચારેય બાજુ સોનાના મોટા મોટા મંચ બનાવેલા હતા, જેમના પર રાજાઓ બેસશે. તેમની પાછળ સમીપમાં જ ચારેય બાજુ બીજા મંચોનો મંડલાકાર ઘેરાવો શોભતો હતો. ॥૨॥

કછુક ઊઁચિ સબ ભાઁતિ સુહાઈ । બૈઠહિં નગર લોગ જહઁ જાઈ ॥
તિન્હ કે નિકટ બિસાલ સુહાએ । ધવલ ધામ બહુબરન બનાએ ॥૩॥

તે કંઈક ઊંચો હતો અને સર્વ પ્રકારે સુંદર હતો, જ્યાં જઈને નગરના લોકો બેસશે. તેમની પાસે વિશાળ અને સુંદર સફેદ મકાન અનેક પ્રકારના રંગોનાં બનાવવામાં આવ્યાં છે. ॥૩॥

જહઁ બૈઠેં દેખહિં સબ નારી । જથાજોગુ નિજ કુલ અનુહારી ॥
પુર બાલક કહિ કહિ મૃદુ બચના । સાદર પ્રભુહિ દેખાવહિં રચના ॥૪॥

જ્યાં પોતપોતાના કુળ મુજબ બધી સ્ત્રીઓ યથાયોગ્ય (જેને જ્યાં બેસવું ઉચિત છે) બેસીને જોશે. નગરનાં બાળકો કોમળ વચન કહી-કહીને આદરપૂર્વક પ્રભુ શ્રીરામચન્દ્રજીને [યજ્ઞશાળાની] રચના બતાવી રહ્યાં છે. ॥૪॥

દો૦ – સબ સિસુ એહિ મિસ પ્રેમબસ પરસિ મનોહર ગાત ।
તન પુલકહિં અતિ હરષુ હિયઁ દેખિ દેખિ દોઉ ભ્રાત ॥૨૨૪॥

બધાં બાળકો આ બહાને પ્રેમને વશ થઈ શ્રીરામજીનાં મનોહર અંગોને અડીને શરીરથી પુલકિત થઈ રહ્યાં છે અને બંને ભાઈઓને જોઈ-જોઈને તેમના હૃદયમાં અત્યંત હર્ષ થઈ રહ્યો છે. ॥૨૨૪॥

ચૌ૦ – સિસુ સબ રામ પ્રેમબસ જાને । પ્રીતિ સમેત નિકેત બખાને ॥
નિજ નિજ રુચિ સબ લેહિં બોલાઈ । સહિત સનેહ જાહિં દોઉ ભાઈ ॥ ૧॥

શ્રીરામચન્દ્રજીએ બધાં બાળકોને પ્રેમને વશ જાણીને [યજ્ઞભૂમિનાં] સ્થળોની પ્રેમપૂર્વક પ્રશંસા કરી. [તેથી બાળકોનો ઉત્સાહ, આનંદ અને પ્રેમ પણ વધુ વધી ગયા, જેથી] તે સર્વે પોતપોતાની રુચિ અનુસાર તેમને બોલાવી લે છે અને [પ્રત્યેકના બોલાવવાથી] બંનેય ભાઈ પ્રેમસહિત તેમની પાસે ચાલ્યા જાય છે. ॥ ૧॥

રામ દેખાવહિં અનુજહિ રચના । કહિ મૃદુ મધુર મનોહર બચના ॥
લવ નિમેષ મહુઁ ભુવન નિકાયા । રચઇ જાસુ અનુસાસન માયા ॥ ૨॥

કોમળ, મધુર અને મનોહર વચન કહીને શ્રીરામજી પોતાના નાના ભાઈ લક્ષ્મણને (યજ્ઞભૂમિની) રચના બતાવે છે. જેમની આજ્ઞા પામીને માયા લવ નિમેશ (પાંપણ ઢળવાના એક ચતુર્થાંશ સમય) માત્રમાં બ્રહ્માંડોનો સમૂહ રચી નાખે છે, ॥ ૨॥

ભગતિ હેતુ સોઇ દીનદયાલા । ચિતવત ચકિત ધનુષ મખસાલા ॥
કૌતુક દેખિ ચલે ગુરુ પાહીં । જાનિ બિલંબુ ત્રાસ મન માહીં ॥ ૩॥

એ જ દીનો પર દયા કરનાર શ્રીરામજી ભક્તિને કારણે ધનુષયજ્ઞશાળાને ચકિત થઈને આશ્ચર્યસહિત જોઈ રહ્યા છે. આ રીતે બધું કૌતુક જોઈને તેઓ ગુરુ પાસે ચાલ્યા. વાર લાગી જાણીને એમના મનમાં ભય છે. ॥ ૩॥

જાસુ ત્રાસ ડર કહુઁ ડર હોઈ । ભજન પ્રભાઉ દેખાવત સોઈ ॥
કહિ બાતેં મૃદુ મધુર સુહાઈં । કિએ બિદા બાલક બરિઆઈં ॥ ૪॥

જેમના ભયથી ડરને પણ ડર લાગે છે, એ જ પ્રભુ ભજનનો પ્રભાવ બતાવી રહ્યા છે. [મહાન્ પ્રભુ પણ ભયનું નાટક કરે છે.] તેમણે કોમળ, મધુર અને સુંદર વાતો કહીને બાળકોને બળજબરીથી વિદાય કર્યાં. ॥ ૪॥

દો૦ – સભય સપ્રેમ બિનીત અતિ સકુચ સહિત દોઉ ભાઇ ॥
ગુર પદ પંકજ નાઇ સિર બૈઠે આયસુ પાઇ ॥ ૨૨૫॥

પછી ભય, પ્રેમ, વિનય અને ઘણા સંકોચની સાથે બંને ભાઈ ગુરુનાં ચરણકમળોમાં શીશ નમાવી, આજ્ઞા મેળવીને બેઠા. ॥ ૨૨૫॥

ચૌ૦ – નિસિ પ્રબેસ મુનિ આયસુ દીન્હા । સબહીં સંધ્યાબંદનુ કીન્હા ॥
કહત કથા ઇતિહાસ પુરાની । રુચિર રજનિ જુગ જામ સિરાની ॥ ૧॥

રાત્રિનો પ્રવેશ થતાં જ (સંધ્યાના સમયે) મુનિએ આજ્ઞા આપી, ત્યારે સૌએ સંધ્યાવંદન કર્યું. પછી પ્રાચીન કથાઓ તથા ઇતિહાસ કહેતાં કહેતાં સુંદર રાત્રિના બે પ્રહર વીતી ગયા. ॥ ૧॥

મુનિબર સયન કીન્હિ તબ જાઈ । લગે ચરન ચાપન દોઉ ભાઈ ॥
જિન્હ કે ચરન સરોરુહ લાગી । કરત બિબિધ જપ જોગ બિરાગી ॥ ૨॥

ત્યારે શ્રેષ્ઠ મુનિએ જઈને શયન કર્યું. બંને ભાઈ તેમના ચરણ દબાવવા લાગ્યા. જેમનાં ચરણકમળોનાં [દર્શન અને સ્પર્શને] માટે વૈરાગ્યવાન પુરુષ પણ જાતજાતના જપ અને યોગ કરે છે, ॥ ૨॥

તેઈ દોઉ બંધુ પ્રેમ જનુ જીતે। ગુર પદ કમલ પલોટત પ્રીતે॥
બાર બાર મુનિ અગ્યા દીન્હી। રઘુબર જાઈ સયન તબ કીન્હી॥ ૩॥

તે બંને ભાઈ જાણે પ્રેમથી જિતાયા હોય તેમ પ્રેમપૂર્વક ગુરુજીનાં ચરણકમળોને દબાવી રહ્યા છે. મુનિએ વારંવાર આજ્ઞા આપી ત્યારે શ્રીરઘુનાથજીએ જઈને શયન કર્યું. ॥ ૩॥

ચાપત ચરન લખનુ ઉર લાએँ। સભય સપ્રેમ પરમ સચુ પાએँ॥
પુનિ પુનિ પ્રભુ કહ સોવહુ તાતા। પૌઢ઼ે ધરિ ઉર પદ જલજાતા॥ ૪॥

શ્રીરામજીના ચરણોને હૃદય સાથે ચાંપીને ભય અને પ્રેમસહિત પરમ સુખનો [સચુ એટલે અનિર્વચનીય આનંદ] અનુભવ કરતાં લક્ષ્મણજી તેમને દબાવી રહ્યા છે. પ્રભુ શ્રીરામચન્દ્રજીએ વારંવાર કહ્યું – હે તાત! [હવે] સૂઈ જાઓ. ત્યારે તેઓ તે ચરણકમળોને હૃદયમાં ધરીને સૂઈ રહ્યા. ॥ ૪॥

દો૦– ઉઠે લખનુ નિસિ બિગત સુનિ અરુનસિખા ધુનિ કાન।
ગુર તેં પહિલેહિં જગતપતિ જાગે રામુ સુજાન॥ ૨૨૬॥

રાત વીત્યે કૂકડાના શબ્દોને સાંભળીને લક્ષ્મણજી ઊઠ્યા. જગતના સ્વામી સુજ્ઞ શ્રીરામચન્દ્રજી પણ ગુરુથી પહેલાં જ જાગી ગયા. ॥ ૨૨૬॥

ચૌ૦– સકલ સૌચ કરિ જાઈ નહાએ। નિત્ય નિબાહિ મુનિહિ સિર નાએ॥
સમય જાનિ ગુર આયસુ પાઈ। લેન પ્રસૂન ચલે દોઉ ભાઈ॥ ૧॥

સર્વ શૌચક્રિયા કરીને તે જઈને નાહ્યા. પછી [સંધ્યા-અગ્નિહોત્રાદિ] નિત્યકર્મ સમાપ્ત કરીને તેમણે મુનિને મસ્તક નમાવ્યાં. [પૂજાનો] સમય જાણીને, ગુરુની આજ્ઞા પામી બંનેય ભાઈ ફૂલ લેવા ચાલ્યા. ॥ ૧॥

ભૂપ બાગુ બર દેખેઉ જાઈ। જહँ બસંત રિતુ રહી લોભાઈ॥
લાગે બિટપ મનોહર નાના। બરન બરન બર બેલિ બિતાના॥ ૨॥

તેમણે જઈને રાજાનો સુંદર બાગ જોયો, જ્યાં વસંત ઋતુ લોભાઈને રહી ગઈ છે. મનને લોભાવનાર અનેક વૃક્ષ લાગ્યાં છે. રંગબેરંગી ઉત્તમ લતાઓના મંડપ છવાયેલા છે. ॥ ૨॥

નવ પલ્લવ ફલ સુમન સુહાએ। નિજ સંપતિ સુર રૂખ લજાએ॥
ચાતક કોકિલ કીર ચકોરા। કૂજત બિહગ નટત કલ મોરા॥ ૩॥

નવાં પાંદડાં, ફળો અને ફૂલોથી યુક્ત સુંદર વૃક્ષ પોતાની સંપત્તિથી કલ્પવૃક્ષને પણ લજાવી રહ્યાં છે. બપૈયા, કોયલ, પોપટ, ચકોર આદિ પક્ષી મીઠી વાણી બોલી રહ્યાં છે અને મોર સુંદર નૃત્ય કરી રહ્યાં છે. ॥ ૩॥

મધ્ય બાગ સરુ સોહ સુહાવા। મનિ સોપાન બિચિત્ર બનાવા॥
બિમલ સલિલુ સરસિજ બહુરંગા। જલખગ કૂજત ગુંજત ભૃંગા॥૪॥

બાગના વચોવચ રમણીય સરોવર સુશોભિત છે, જેમાં મણિઓનાં પગથિયાં વિચિત્ર રીતે બનેલાં છે. તેનું જળ નિર્મળ છે, જેમાં અનેક રંગનાં કમળો ખીલેલાં છે, જળનાં પક્ષી કલરવ કરી રહ્યાં છે અને ભ્રમર ગુંજારવ કરી રહ્યા છે. ॥૪॥

દો૦ – બાગુ તડ઼ાગુ બિલોકિ પ્રભુ હરષે બંધુ સમેત।
પરમ રમ્ય આરામુ યહુ જો રામહિ સુખ દેત॥૨૨૭॥

બાગ અને સરોવરને જોઈને પ્રભુ શ્રીરામચન્દ્રજી ભાઈ લક્ષ્મણસહિત હર્ષિત થયા. આ બાગ [વાસ્તવમાં] પરમ રમણીય છે, જે [જગતને સુખ આપનાર] શ્રીરામચન્દ્રજીને સુખ આપી રહ્યો છે. ॥૨૨૭॥

ચૌ૦ – ચહુઁ દિસિ ચિતઇ પૂઁછિ માલીગન। લગે લેન દલ ફૂલ મુદિત મન॥
તેહિ અવસર સીતા તહઁ આઈ। ગિરિજા પૂજન જનનિ પઠાઈ॥૧॥

ચારેય તરફ દૃષ્ટિ ફેરવીને અને માળીઓને પૂછીને તેઓ પ્રસન્ન મને પત્ર-પુષ્પ લેવા મંડ્યા. તે જ સમયે સીતાજી ત્યાં આવ્યાં. માતાએ એમને ગિરિજા(પાર્વતી)જીની પૂજા કરવા માટે મોકલ્યા હતાં. ॥૧॥

સંગ સખીં સબ સુભગ સયાનીં। ગાવહિં ગીત મનોહર બાનીં॥
સર સમીપ ગિરિજા ગૃહ સોહા। બરનિ ન જાઈ દેખિ મનુ મોહા॥૨॥

સાથે સર્વે સુંદરી અને સમજુ સખીઓ છે, જે મનોહર વાણીથી ગીત ગાઈ રહી છે. સરોવરની પાસે ગિરિજાજીનું મંદિર સુશોભિત છે, જેનું વર્ણન કરી શકાતું નથી; તે જોઈને મન મોહિત થઈ જાય છે. ॥૨॥

મજ્જનુ કરિ સર સખિન્હ સમેતા। ગઈ મુદિત મન ગૌરિ નિકેતા॥
પૂજા કીન્હિ અધિક અનુરાગા। નિજ અનુરૂપ સુભગ બરુ માગા॥૩॥

સખીઓસહિત સરોવરમાં સ્નાન કરીને સીતાજી પ્રસન્ન મનથી ગિરિજાજીના મંદિરમાં ગયાં. ત્યાં ઘણા પ્રેમથી તેમણે પૂજા કરી અને પોતાને યોગ્ય સુંદર વર માગ્યો. ॥૩॥

એક સખી સિય સંગુ બિહાઈ। ગઈ રહી દેખન ફુલવાઈ॥
તેહિં દોઉ બંધુ બિલોકે જાઈ। પ્રેમ બિબસ સીતા પહિં આઈ॥૪॥

એક સખી સીતાજીનો સાથ છોડીને ફૂલવાડી જોવા ચાલી નીકળી હતી. તેણીએ જઈને બંનેય ભાઈઓને જોયા અને પ્રેમમાં વિહ્‌વળ બનીને તે સીતાજી પાસે આવી. ॥૪॥

દો૦ – તાસુ દસા દેખી સખિન્હ પુલક ગાત જલુ નૈન।
કહુ કારનુ નિજ હરષ કર પૂછહિં સબ મૃદુ બૈન॥૨૨૮॥

સખીઓએ એની દશા જોઈ કે તેનું શરીર પુલકિત છે અને નેત્રોમાં જળ ભર્યું છે. બધીય કોમળ વાણીમાં પૂછવા માંડી કે પોતાની પ્રસન્નતાનું કારણ જણાવ. ॥૨૨૮॥

ચૌ૦ – દેખન બાગુ કુઅઁર દુઇ આએ। બય કિસોર સબ ભાઁતિ સુહાએ ॥
સ્યામ ગૌર કિમિ કહૌં બખાની। ગિરા અનયન નયન બિનુ બાની ॥ ૧॥

[તેણે કહ્યું –] બે રાજકુમાર બાગ જોવા આવ્યા છે. કિશોર અવસ્થાના છે અને બધી રીતે સુંદર છે. તેઓ શામળા અને ગૌરા [રંગના] છે; તેમના સૌંદર્યને હું કેમ વખાણીને કહું. વાણી નેત્ર વિનાની છે અને નેત્રોને વાણી નથી. [અર્થાત્ જોનારાં નેત્રો પાસે વર્ણન કરવા માટેની વાણી નથી. અને વર્ણન કરનારી વાણી પાસે નેત્રો નથી. જે વાસ્તવિક દૃશ્યનું વર્ણન કરી શકે]. ॥ ૧॥

સુનિ હરષીં સબ સખીં સયાની। સિય હિયઁ અતિ ઉતકંઠા જાની ॥
એક કહઇ નૃપસુત તેઇ આલી। સુને જે મુનિ સંગ આએ કાલી ॥ ૨॥

આ સાંભળીને અને સીતાજીના હૃદયમાં મોટી ઉત્કંઠા જાણીને બધી સમજુ સખીઓ પ્રસન્ન થઈ. ત્યારે એક સખી કહેવા લાગી – હે સખી! આ એ જ રાજકુમારો છે, જે સાંભળ્યું છે કે કાલે વિશ્વામિત્ર મુનિની સાથે આવ્યા છે. ॥ ૨॥

જિન્હ નિજ રૂપ મોહની ડારી। કીન્હે સ્વબસ નગર નર નારી ॥
બરનત છબિ જહઁ તહઁ સબ લોગૂ। અવસિ દેખિઅહિં દેખન જોગૂ ॥ ૩॥

અને જેમણે પોતાના રૂપની મોહિની નાખીને નગરનાં સ્ત્રી-પુરુષોને પોતાના વશમાં કરી લીધાં છે. ચારેબાજુ બધા લોકો તેમની જ છબીનું વર્ણન કરી રહ્યા છે. અવશ્ય (જઈને) એમને જોવા જોઈએ, તે જોવા યોગ્ય જ છે. ॥ ૩॥

તાસુ બચન અતિ સિયહિ સોહાને। દરસ લાગિ લોચન અકુલાને ॥
ચલી અગ્ર કરિ પ્રિય સખિ સોઈ। પ્રીતિ પુરાતન લખઇ ન કોઈ ॥ ૪॥

તેમનાં વચન સીતાજીને અત્યંત પ્રિય જ લાગ્યાં અને દર્શનને માટે એમનાં નેત્ર અકળાઈ ઊઠ્યાં. તે જ પ્રિય સખીને આગળ કરી સીતાજી ચાલ્યાં. જૂની પ્રીતિને કોઈ જાણી શકતું નથી. ॥ ૪॥

દો૦ – સુમિરિ સીય નારદ બચન ઉપજી પ્રીતિ પુનીત।
ચકિત બિલોકતિ સકલ દિસિ જનુ સિસુ મૃગી સભીત ॥ ૨૨૯॥

નારદજીનાં વચનોનું સ્મરણ કરીને સીતાજીના મનમાં પવિત્ર પ્રીતિ ઉત્પન્ન થઈ. તે ચકિત થઈને બધીય બાજુ એવી રીતે જોઈ રહી છે જાણે ડરી ગયેલ મૃગબાળા આમ-તેમ જોઈ રહી હોય. ॥ ૨૨૯॥

ચૌ૦ – કંકન કિંકિનિ નૂપુર ધુનિ સુનિ। કહત લખન સન રામુ હૃદયઁ ગુનિ ॥
માનહુઁ મદન દુંદુભી દીન્હી। મનસા બિસ્વ બિજય કહઁ કીન્હી ॥ ૧॥

કંકણ (હાથના કડાં), કંદોરો અને ઝાંઝરનો અવાજ સાંભળીને શ્રીરામચન્દ્રજી હૃદયમાં વિચાર કરીને લક્ષ્મણને કહે છે – [આ ધ્વનિ એવો આવી રહ્યો છે] જાણે કામદેવે વિશ્વને જીતવાનો સંકલ્પ કરીને ડંકો વગાડ્યો છે. ॥ ૧॥

અસ કહિ ફિરિ ચિતએ તેહિ ઓરા। સિય મુખ સસિ ભએ નયન ચકોરા ॥
ભએ બિલોચન ચારુ અચંચલ। મનહુઁ સકુચિ નિમિ તજે દિગંચલ ॥ ૨॥

એમ કહીને શ્રીરામજીએ ફરીને તે બાજુ જોયું. શ્રીસીતાજીના મુખરૂપી ચન્દ્રમા [ને નિહાળવા] માટે તેમનાં નેત્ર ચકોર બની ગયાં. સુંદર નેત્રો સ્થિર થઈ ગયાં. (એકીટશે જોવા મંડ્યાં) જાણે નિમિ (જનકજીના પૂર્વજ)એ [જેમનો સૌની પલકોમાં નિવાસ માનવામાં આવ્યો છે, કન્યા-જમાઈના મિલન પ્રસંગને જોવો ઉચિત નથી, એ ભાવથી] સંકોચવશ પલકોનો ત્યાગ કરી દીધો (પલકોમાં રહેવાનું છોડી દીધું, જેથી પલકોનું પડવું રોકાઈ ગયું). ॥ ૨॥

દેખિ સીય સોભા સુખુ પાવા। હૃદયઁ સરાહત બચનુ ન આવા ॥
જનુ બિરંચિ સબ નિજ નિપુનાઈ। બિરચિ બિસ્વ કહઁ પ્રગટિ દેખાઈ ॥ ૩॥

સીતાજીની શોભા જોઈને શ્રીરામજીએ ઘણું સુખ મેળવ્યું. હૃદયમાં તે શોભાની પ્રશંસા કરે છે પરંતુ મુખથી વચન નથી નીકળતાં. [તે શોભા એવી અનુપમ છે] જાણે બ્રહ્માએ પોતાની સર્વ નિપુણતાને મૂર્તિમાન કરીને સંસારને પ્રકટ કરીને દેખાડી દીધી હોય. ॥ ૩॥

સુંદરતા કહુઁ સુંદર કરઈ। છબિગૃહઁ દીપસિખા જનુ બરઈ ॥
સબ ઉપમા કબિ રહે જુઠારી। કેહિં પટતરૌં બિદેહકુમારી ॥ ૪॥

તે (સીતાજીની શોભા) સુંદરતાને પણ સુંદર કરનારી છે. [તે એવી માલૂમ પડે છે] જાણે સુંદરતારૂપી ઘરમાં દીપકની શિખા (જ્યોત) જલી રહી હોય. (આજ સુધી સુંદરતારૂપી ભવનમાં અંધારું હતું, તે ભવન જાણે સીતાજીની સુંદરતારૂપી દીપશિખાને પામીને ઝગમગી ઊઠ્યું છે, અગાઉથી પણ અધિક સુંદર થઈ ગયું છે). સર્વે ઉપમાઓને તો કવિઓએ એઠી કરી મૂકી છે. હું જનકનંદિની શ્રીસીતાજીને કોની ઉપમા આપું? ॥ ૪॥

દો૦– સિય સોભા હિયઁ બરનિ પ્રભુ આપનિ દસા બિચારિ।
બોલે સુચિ મન અનુજ સન બચન સમય અનુહારિ ॥ ૨૩૦॥

[આ રીતે] હૃદયમાં સીતાજીની શોભાનું વર્ણન કરીને અને પોતાની દશાનો વિચાર કરીને પ્રભુ શ્રીરામચન્દ્રજીએ પવિત્ર મને પોતાના નાના ભાઈ લક્ષ્મણને સમયાનુકૂળ વચન કહ્યાં – ॥ ૨૩૦॥

ચૌ૦– તાત જનકતનયા યહ સોઈ। ધનુષજગ્ય જેહિ કારન હોઈ ॥
પૂજન ગૌરિ સખીં લૈ આઈં। કરત પ્રકાસુ ફિરઇ ફુલવાઈં ॥ ૧॥

હે તાત! આ એ જ જનકજીની કન્યા છે, જેના માટે ધનુષયજ્ઞ થઈ રહ્યો છે. સખીઓ એને ગૌરીપૂજનને માટે લઈ આવી છે. તેઓ ફૂલવાડીમાં પ્રકાશ રેલાવતી ફરી રહી છે. ॥ ૧॥

જાસુ બિલોકિ અલૌકિક સોભા। સહજ પુનીત મોર મનુ છોભા ॥
સો સબુ કારન જાન બિધાતા। ફરકહિં સુભદ અંગ સુનુ ભ્રાતા ॥ ૨॥

જેની અલૌકિક સુંદરતા જોઈને સ્વભાવથી જ પવિત્ર મારું મન ક્ષુબ્ધ થઈ ગયું છે. તે સર્વે કારણ (અથવા તેનું સઘળું કારણ) તો વિધાતા જાણે. પરંતુ હે ભાઈ! સાંભળો, મારાં મંગળદાયક (જમણા) અંગો ફરકી રહ્યાં છે. ॥ ૨॥

રઘુબંસિન્હ કર સહજ સુભાઊ। મનુ કુપંથ પગુ ધરઈ ન કાઊ॥
મોહિ અતિસય પ્રતીતિ મન કેરી। જેહિં સપનેહુઁ પરનારિ ન હેરી॥૩॥

રઘુવંશીઓનો આ સહજ (જન્મગત) સ્વભાવ છે કે એમનું મન ક્યારેય કુમાર્ગ ઉપર પગ નથી મૂકતું. મને તો પોતાના મનનો અત્યંત વિશ્વાસ છે જ કે જેણે સ્વપ્નમાં પણ પરાઈ સ્ત્રી પર દૃષ્ટિ નાખી નથી. ॥૩॥

જિન્હ કૈ લહહિં ન રિપુ રન પીઠી। નહિં પાવહિં પરતિય મનુ ડીઠી॥
મંગન લહહિં ન જિન્હ કૈ નાહીં। તે નરબર થોરે જગ માહીં॥૪॥

રણમાં શત્રુ જેમની પીઠ નથી જોઈ શકતા (અર્થાત્) જે લડાઈના મેદાનમાંથી ભાગતા નથી), પરાઈ સ્ત્રીઓ જેમનાં મન અને દૃષ્ટિને નથી ખેંચી શકતી અને ભિખારી જેમના ત્યાંથી નકારો નથી પામતા (ખાલી હાથે પાછા નથી ફરતા), એવા શ્રેષ્ઠ પુરુષ સંસારમાં થોડાક જ છે. ॥૪॥

દો૦– કરત બતકહી અનુજ સન મન સિય રૂપ લોભાન।
મુખ સરોજ મકરંદ છબિ કરઇ મધુપ ઈવ પાન॥૨૩૧॥

આમ, શ્રીરામજી નાના ભાઈ સાથે વાતો કરી રહ્યા છે, પણ મન સીતાજીના રૂપમાં લોભાઈને એમના મુખરૂપી કમળની શોભારૂપ મકરંદરસને ભમરાની જેમ પી રહ્યું છે. ॥૨૩૧॥

ચૌ૦– ચિતવતિ ચકિત ચહૂઁ દિસિ સીતા। કહઁ ગએ નૃપકિસોર મનુ ચિંતા॥
જહઁ બિલોક મૃગ સાવક નૈની। જનુ તહઁ બરિસ કમલ સિત શ્રેની॥૧॥

સીતાજી ચકિત થઈને ચારેય બાજુ જોઈ રહ્યાં છે. મન એ વાતની ચિંતા કરી રહ્યું છે કે રાજકુમાર ક્યાં ચાલ્યા ગયા. બાલમૃગનયની સીતાજી જ્યાં દૃષ્ટિ નાખે છે ત્યાં જાણે શ્વેત કમળોની પંક્તિ વરસી જાય છે. ॥૧॥

લતા ઓટ તબ સખિન્હ લખાએ। સ્યામલ ગૌર કિસોર સુહાએ॥
દેખિ રૂપ લોચન લલચાને। હરષે જનુ નિજ નિધિ પહિચાને॥૨॥

ત્યારે સખીઓએ લતાઓની આડમાં સુંદર શ્યામ અને ગૌર કુમારોને દેખાડ્યા. તેમના રૂપને જોઈને નેત્ર લલચાઈ ઊઠ્યાં; તે એવાં પ્રસન્ન થયાં કે જાણે તેમણે પોતાના ખજાનાને ઓળખી લીધો. ॥૨॥

થકે નયન રઘુપતિ છબિ દેખેં। પલકન્હિહૂઁ પરિહરીં નિમેષેં॥
અધિક સનેહઁ દેહ ભૈ ભોરી। સરદ સસિહિ જનુ ચિતવ ચકોરી॥૩॥

શ્રીરઘુનાથજીની શોભા જોઈને નેત્રો સ્તબ્ધ (નિશ્ચલ) થઈ ગયાં. પાંપણોએ પણ પડવાનું છોડી દીધું. અધિક સ્નેહને કારણે શરીર વિહ્વળ (બેકાબૂ) થઈ ગયું. જાણે શરદ્ઋતુના ચન્દ્રમાને ચકોરી [બેભાન બની] જોઈ રહી હોય. ॥૩॥

લોચન મગ રામહિ ઉર આની । દીન્હે પલક કપાટ સયાની ॥
જબ સિય સખિન્હ પ્રેમબસ જાની । કહિ ન સકહિં કછુ મન સકુચાની ॥૪॥

નેત્રોના માર્ગે શ્રીરામજીને હૃદયમાં લાવીને ચતુરશિરોમણિ જાનકીજીએ પાંપણોનાં બારણાં બંધ કરી દીધાં (અર્થાત્ નેત્રો મીંચી તેમનું ધ્યાન કરવા લાગ્યાં). જ્યારે સખીઓએ સીતાજીને પ્રેમને વશ જાણ્યાં ત્યારે તે મનમાં શરમાઈ ગઈ; કંઈ કહી શકતી નહોતી. ॥૪॥

દો૦– લતાભવન તેં પ્રગટ ભે તેહિ અવસર દોઉ ભાઈ ।
નિકસે જનુ જુગ બિમલ બિધુ જલદ પટલ બિલગાઈ ॥૨૩૨॥

તે સમયે બંને ભાઈ લતામંડપ(કુંજ)માંથી એમ પ્રગટ થયા, જાણે બે નિર્મળ ચન્દ્રમા વાદળોના પરદા હટાવીને નીકળ્યા હોય. ॥૨૩૨॥

ચૌ૦– સોભા સીવઁ સુભગ દોઉ બીરા । નીલ પીત જલજાભ સરીરા ॥
મોરપંખ સિર સોહત નીકે । ગુચ્છ બીચ બિચ કુસુમ કલી કે ॥૧॥

બંને સુંદર ભાઈ શોભાની સીમા છે. તેમના શરીરની આભા નીલા અને પીળા કમળના જેવી છે. સિર પર સુંદર મયૂરપંખ સુશોભિત છે. તેમની વચ્ચે વચ્ચે ફૂલોની કળીઓના ગુચ્છા લાગેલા છે. ॥૧॥

ભાલ તિલક શ્રમબિંદુ સુહાએ । શ્રવન સુભગ ભૂષન છબિ છાએ ॥
બિકટ ભૃકુટિ કચ ઘૂઘરવારે । નવ સરોજ લોચન રતનારે ॥૨॥

લલાટ પર તિલક અને પરસેવાનાં બિંદુ શોભાયમાન છે. કાનોમાં સુંદર ભૂષણોની શોભા છવાઈ છે. વાંકી ભ્રમરો અને વાંકડિયા વાળ છે. નવા લાલ કમળના જેવા રતનારા (લાલ) નેત્રો છે. ॥૨॥

ચારુ ચિબુક નાસિકા કપોલા । હાસ બિલાસ લેત મનુ મોલા ॥
મુખછબિ કહિ ન જાઈ મોહિ પાહીં । જો બિલોકિ બહુ કામ લજાહીં ॥૩॥

હડપચી, નાક અને ગાલ ઘણા સુંદર છે, અને હાસ્યની શોભા મનને હરી લે છે. મુખની શોભા તો મારાથી કહી જ નથી શકાતી, જેને જોઈને ઘણાય કામદેવો લજાઈ જાય છે. ॥૩॥

ઉર મનિ માલ કંબુ કલ ગીવા । કામ કલભ કર ભુજ બલસીંવા ॥
સુમન સમેત બામ કર દોના । સાવઁર કુઅઁર સખી સુઠિ લોના ॥૪॥

વક્ષ:સ્થળે મણિઓની માળા છે. શંખ સમાન સુંદર ગળું છે. કામદેવરૂપી હાથીના મદનિયાની સૂંઢના જેવી (ઉતાર-ચઢાવવાળી અને કોમળ) ભુજાઓ છે; જે બળની સીમા છે. જેના ડાબા હાથમાં ફૂલો સાથેનો પડિયો છે, હે સખી! તે શામળા કુંવર તો ઘણા જ સલૂણા છે. ॥૪॥

દો૦– કેહરિ કટિ પટ પીત ધર સુષમા સીલ નિધાન ॥
દેખિ ભાનુકુલભૂષનહિ બિસરા સખિન્હ અપાન ॥૨૩૩॥

સિંહના જેવી (પાતળી, લચીલી) કમરવાળા, પીતામ્બર ધારણ કરેલા, શોભા અને શીલના ભંડાર, સૂર્યકુળના ભૂષણ શ્રીરામચન્દ્રજીને જોઈને સખીઓ પોતે જ પોતાને ભૂલી ગઈ. ॥૨૩૩॥

ચૌ૦ – ધરિ ધીરજુ એક આલિ સયાની। સીતા સન બોલી ગહિ પાની॥
બહુરિ ગૌરિ કર ધ્યાન કરેહૂ। ભૂપકિસોર દેખિ કિન લેહૂ॥ ૧॥

એક ચતુર સખીએ ધીરજ ધરીને, હાથ પકડીને સીતાજીને કહ્યું – ગિરિજાજીનું ધ્યાન પછી કરી લેજો, આ સમયે રાજકુમારને કેમ જોઈ લેતાં નથી? ॥ ૧॥

સકુચિ સીયઁ તબ નયન ઉઘારે। સનમુખ દોઉ રઘુસિંઘ નિહારે॥
નખ સિખ દેખિ રામ કૈ સોભા। સુમિરિ પિતા પનુ મનુ અતિ છોભા॥ ૨॥

ત્યારે સીતાજીએ લજાઈને નેત્રો ખોલ્યાં અને રઘુકુળના બંને સિંહોને પોતાની સામે [ઊભા] જોયા. નખથી શિખા સુધી શ્રીરામજીની શોભા જોઈને અને પછી પિતાનું પ્રણ યાદ કરીને તેમનું મન ઘણું ક્ષુબ્ધ થઈ ગયું. ॥ ૨॥

પરબસ સખિન્હ લખી જબ સીતા। ભયઉ ગહરુ સબ કહહિં સભીતા॥
પુનિ આઉબ એહિ બેરિઆઁ કાલી। અસ કહિ મન બિહસી એક આલી॥ ૩॥

જ્યારે સખીઓએ સીતાજીને પરવશ (પ્રેમને વશ) જોયાં ત્યારે બધી ભયભીત થઈને કહેવા લાગી – ઘણું મોડું થઈ ગયું [હવે જવું જોઈએ]. કાલે આ સમયે ફરી આવીશું, એમ કહીને એક સખી મનમાં હસી. ॥ ૩॥

ગૂઢ઼ ગિરા સુનિ સિય સકુચાની। ભયઉ બિલંબુ માતુ ભય માની॥
ધરિ બડ઼િ ધીર રામુ ઉર આને। ફિરી અપનપઉ પિતુબસ જાને॥ ૪॥

સખીની આવી રહસ્યમય વાણી સાંભળીને સીતાજી શરમાઈ ગયાં. વાર થઈ જાણી તેમને માતાનો ભય લાગ્યો. ઘણી ધીરજ ધરીને તેઓ શ્રીરામચન્દ્રજીને હૃદયમાં લઈ આવ્યાં અને [તેમનું ધ્યાન કરતાં] પોતાને પિતાને અધીન જાણીને પાછા ફર્યાં. ॥ ૪॥

દો૦ – દેખન મિસ મૃગ બિહગ તરુ ફિરઇ બહોરિ બહોરિ।
નિરખિ નિરખિ રઘુબીર છબિ બાઢ઼ઇ પ્રીતિ ન થોરિ॥ ૨૩૪॥

મૃગ, પક્ષી અને વૃક્ષોને જોવાના બહાને સીતાજી વારંવાર વળે છે અને શ્રીરામજીની શોભા જોઈ-જોઈને તેમનો પ્રેમ ઓછો નથી વધી રહ્યો (અર્થાત્ ઘણો જ વધતો જાય છે)! ॥ ૨૩૪॥

ચૌ૦ – જાનિ કઠિન સિવચાપ બિસૂરતિ। ચલી રાખિ ઉર સ્યામલ મૂરતિ॥
પ્રભુ જબ જાત જાનકી જાની। સુખ સનેહ સોભા ગુન ખાની॥ ૧॥

શિવજીના ધનુષને કઠોર જાણીને, તે ભૂલવા (મનમાં વિલાપ કરતાં) હૃદયમાં શ્રીરામજીની શામળી મૂર્તિને ધારણ કરીને ચાલ્યાં. (શિવજીના ધનુષની કઠોરતાનું સ્મરણ થવાથી તેમને ચિંતા થતી હતી કે આ સુકુમાર રઘુનાથજી તેને કેવી રીતે તોડશે? પિતાના પ્રણની સ્મૃતિથી એમના હૃદયમાં ક્ષોભ હતો જ, એટલે મનમાં વિલાપ કરવા લાગ્યાં. પ્રેમવશ ઐશ્વર્યની વિસ્મૃતિ થઈ જવાથી આમ થયું; પછી ભગવાનના બળનું સ્મરણ થઈ આવતાં જ તે હર્ષિત થઈ ગયાં અને શ્યામ છબિને હૃદયમાં ધારણ કરીને ચાલ્યાં.) પ્રભુ શ્રીરામજીએ જ્યારે સુખ, સ્નેહ, શોભા અને ગુણોની ખાણ શ્રીજાનકીજીને જતાં જાણ્યાં – ॥ ૧॥

પરમ પ્રેમમય મૃદુ મસિ કીન્હી। ચારુ ચિત્ત ભીતીં લિખિ લીન્હી॥
ગઈ ભવાની ભવન બહોરી। બંદિ ચરન બોલી કર જોરી॥ ૨॥

ત્યારે પરમપ્રેમની કોમળ શાહી બનાવીને તેમના સ્વરૂપને પોતાની સુંદર ચિત્તરૂપી ભીંત ઉપર ચિત્રિત કરી લીધા. પુનઃ સીતાજી ભવાનીજીના મંદિરમાં ગયાં અને એમના ચરણોની વંદના કરીને હાથ જોડીને બોલ્યાં – ॥ ૨॥

જય જય ગિરિબરરાજ કિસોરી। જય મહેસ મુખ ચંદ ચકોરી॥
જય ગજબદન ષડાનન માતા। જગત જનનિ દામિનિ દુતિ ગાતા॥ ૩॥

હે શ્રેષ્ઠ પર્વતોના રાજા હિમાલયનાં પુત્રી પાર્વતીજી! આપનો જય હો. જય હો, હે મહાદેવજીના મુખરૂપી ચન્દ્રમાની [તરફ એકીટશે જોનારાં] ચકોરીજી! આપનો જય હો; હે હાથીના મુખવાળા ગણેશજી અને છ મુખવાળા સ્વામી કાર્તિકજીનાં માતા! હે જગતજનની! હે વીજળીના જેવી કાન્તિયુક્ત શરીરવાળાં! આપનો જય હો! ॥ ૩॥

નહિં તવ આદિ મધ્ય અવસાના। અમિત પ્રભાઉ બેદુ નહિં જાના॥
ભવ ભવ બિભવ પરાભવ કારિનિ। બિસ્વ બિમોહનિ સ્વબસ બિહારિનિ॥ ૪॥

આપનો ન આદિ છે, ન મધ્ય છે અને ન અંત છે. આપના અસીમ પ્રભાવને વેદ પણ નથી જાણતા. આપ સંસારને ઉત્પન્ન, પાલન અને નાશ કરનારાં છો. વિશ્વને મોહિત કરનારાં અને સ્વતંત્રરૂપથી વિહાર કરનારાં છો. ॥ ૪॥

દો૦ – પતિદેવતા સુતીય મહુઁ માતુ પ્રથમ તવ રેખ।
મહિમા અમિત ન સકહિં કહિ સહસ સારદા સેષ॥ ૨૩૫॥

હે માતા! પતિને ઇષ્ટદેવ માનનારાં શ્રેષ્ઠ નારીઓમાં આપની ગણના પ્રથમ છે. આપના અપાર મહિમાને હજારો સરસ્વતી અને શેષજી પણ નથી કહી શકતાં. ॥ ૨૩૫॥

ચૌ૦ – સેવત તોહિ સુલભ ફલ ચારી। બરદાયની પુરારિ પિઆરી॥
દેબિ પૂજિ પદ કમલ તુમ્હારે। સુર નર મુનિ સબ હોહિં સુખારે॥ ૧॥

હે [ભક્તોને મનમાગ્યો] વર આપનારી! હે ત્રિપુરાસુરના શત્રુ શિવજીનાં પ્રિય પત્ની! આપની સેવા કરવાથી ચારેય ફળ સુલભ થઈ જાય છે. હે દેવી! આપનાં ચરણકમળોની પૂજા કરીને દેવતા, મનુષ્ય અને મુનિ બધા સુખી થઈ જાય છે. ॥ ૧॥

મોર મનોરથુ જાનહુ નીકેં। બસહુ સદા ઉર પુર સબહી કેં॥
કીન્હેઉઁ પ્રગટ ન કારન તેહીં। અસ કહિ ચરન ગહે બૈદેહીં॥ ૨॥

મારા મનોરથને આપ સારી રીતે જાણો છો; કેમકે આપ સદા બધાયની હૃદયરૂપી નગરીમાં નિવાસ કરો છો. આ કારણે મેં તેને પ્રકટ કર્યો નથી. એમ કહીને જાનકીજીએ તેમના ચરણ પકડી લીધા. ॥ ૨॥

બિનય પ્રેમ બસ ભઈ ભવાની। ખસી માલ મૂરતિ મુસુકાની ॥
સાદર સિયઁ પ્રસાદુ સિર ધરેઊ। બોલી ગૌરિ હરષુ હિયઁ ભરેઊ ॥ ૩॥

સીતાજીના વિનય અને પ્રેમને વશ પાર્વતીજી થઈ ગયાં. તેમની [ગળાની] માળા સરકી પડી અને મૂર્તિ મલકાઈ. સીતાજીએ આદરપૂર્વક તે પ્રસાદ(માળા)ને સિર પર ધારણ કર્યો. ગૌરીજીનું હૃદય હર્ષથી ઉભરાઈ ગયું અને તે બોલ્યાં – ॥ ૩॥

સુનુ સિય સત્ય અસીસ હમારી। પૂજિહિ મન કામના તુમ્હારી ॥
નારદ બચન સદા સુચિ સાચા। સો બરુ મિલિહિ જાહિં મનુ રાચા ॥ ૪॥

હે સીતા! અમારી સત્ય આશિષ સાંભળો, તમારી મનોકામના પૂર્ણ થશે. નારદજીનું વચન સદા પવિત્ર (સંશય, ભ્રમ આદિ દોષોથી રહિત) અને સત્ય છે. જેમાં તમારું મન અનુરક્ત થયું છે એ જ વર તમને મળશે. ॥ ૪॥

છં૦– મનુ જાહિં રાચેઉ મિલિહિ સો બરુ સહજ સુંદર સાઁવરો।
કરુના નિધાન સુજાન સીલુ સનેહુ જાનત રાવરો ॥
એહિ ભાઁતિ ગૌરિ અસીસ સુનિ સિય સહિત હિયઁ હરષીં અલી।
તુલસી ભવાનિહિ પૂજિ પુનિ પુનિ મુદિત મન મંદિર ચલી ॥

જેમાં તમારું મન અનુરક્ત થઈ ગયું છે, એ જ સહજ સુંદર શ્યામ વર (શ્રીરામચન્દ્રજી) તમને મળશે. તે દયાના ભંડાર અને સુજ્ઞ છે, તમારા શીલ અને સ્નેહને જાણે છે. આ રીતે શ્રીગૌરીજીનો આશીર્વાદ સાંભળી જાનકીસહિત બધી સખીઓ હૃદયમાં હર્ષિત થઈ. તુલસીદાસજી કહે છે – ભવાનીજીને વારંવાર પૂજીને સીતાજી પ્રસન્ન મને રાજમહેલમાં પાછા ફર્યાં. ॥ ૫॥

સો૦– જાનિ ગૌરિ અનુકૂલ સિય હિય હરષુ ન જાઇ કહિ।
મંજુલ મંગલ મૂલ બામ અંગ ફરકન લગે ॥ ૨૩૬॥

ગૌરીજીને અનુકૂળ જાણીને સીતાજીના હૃદયને જે હર્ષ થયો તે કહી શકાતો નથી. સુંદર મંગળોના મૂળ તેમનાં ડાબાં અંગો ફરકવા લાગ્યાં. ॥ ૨૩૬॥

ચૌ૦– હૃદયઁ સરાહત સીય લોનાઈ। ગુર સમીપ ગવને દોઉ ભાઈ ॥
રામ કહા સબુ કૌસિક પાહીં। સરલ સુભાઉ છુઅત છલ નાહીં ॥ ૧॥

શ્રીરામજી હૃદયમાં સીતાજીના સૌંદર્યની પ્રશંસા કરી રહ્યા છે. બંને ભાઈ ગુરુજી પાસે ગયા. શ્રીરામચન્દ્રજીએ વિશ્વામિત્રજીને સઘળું જ કહી દીધું. કેમકે એમનો સરળ સ્વભાવ છે, કપટ તો એમને સ્પર્શતું પણ નથી. ॥ ૧॥

સુમન પાઇ મુનિ પૂજા કીન્હી। પુનિ અસીસ દુહુ ભાઇન્હ દીન્હી ॥
સુફલ મનોરથ હોહુઁ તુમ્હારે। રામુ લખનુ સુનિ ભએ સુખારે ॥ ૨॥

ફૂલ પામીને મુનિએ પૂજા કરી. પછી બંને ભાઈઓને આશીર્વાદ આપ્યા કે તમારો મનોરથ સફળ થાઓ. આ સાંભળીને શ્રીરામ-લક્ષ્મણ સુખી (પ્રસન્ન) થયા. ॥ ૨॥

કરિ ભોજનુ મુનિબર બિગ્યાની । લગે કહન કછુ કથા પુરાની ॥
બિગત દિવસુ ગુરુ આયસુ પાઈ । સંધ્યા કરન ચલે દોઉ ભાઈ ॥ ૩॥

શ્રેષ્ઠ વિજ્ઞાની મુનિ વિશ્વામિત્રજી ભોજન કરીને કેટલીક પૌરાણિક કથાઓ કહેવા લાગ્યા. [એટલામાં] દિવસ વીતી ગયો અને ગુરુની આજ્ઞા પામી બંને ભાઈ સંધ્યા કરવા ચાલ્યા. ॥ ૩॥

પ્રાચી દિસિ સસિ ઉયઉ સુહાવા । સિય મુખ સરિસ દેખિ સુખુ પાવા ॥
બહુરિ બિચારુ કીન્હ મન માહીં । સીય બદન સમ હિમકર નાહીં ॥ ૪॥

[ત્યાં] પૂર્વ દિશામાં સુંદર ચન્દ્રમાનો ઉદય થયો. શ્રીરામચન્દ્રજીએ તેને સીતાના મુખના જેવો જોઈને સુખ મેળવ્યું. પછી મનમાં વિચાર આવ્યો કે આ ચન્દ્રમા તો સીતાજીના મુખ સમાન નથી. ॥ ૪॥

દો૦ – જનમુ • સિંધુ પુનિ બંધુ બિષુ દિન મલીન સકલંક ।
સિય મુખ સમતા પાવ કિમિ ચંદુ બાપુરો રંક ॥ ૨૩૭॥

ખારા સમુદ્રમાં એનો જન્મ; વળી [એ જ સમુદ્રમાં ઉત્પન્ન થવાને કારણે] વિષ એનો ભાઈ; દિવસે તો એ મલિન (નિસ્તેજ) રહે છે, અને કલંકી (કાળા ડાઘથી યુક્ત) છે. બિચારો શોભાનો દરિદ્રી ચન્દ્રમા સીતાજીના મુખની બરાબરી કેમ પામી શકે? ॥ ૨૩૭॥

ચૌ૦ – ઘટઇ બઢ઼ઇ બિરહિનિ દુખદાઈ । ગ્રસઇ રાહુ નિજ સંધિહિં પાઈ ॥
કોક સોકપ્રદ પંકજ દ્રોહી । અવગુન બહુત ચંદ્રમા તોહી ॥ ૧॥

વળી, એ ઘટે-વધે છે, અને વિરહિણી સ્ત્રીઓને દુઃખ આપનારો છે; રાહુ પોતાની સંધિમાં પામીને એને ગ્રસી લે છે. ચક્રવાકને શોક [ચકવીના વિયોગનો] આપનારો અને કમળનો વેરી [એને કરમાવનાર] છે. હે ચન્દ્રમા! તારામાં ઘણાય અવગુણ છે [જે સીતાજીમાં નથી]. ॥ ૧॥

બૈદેહી મુખ પટતર દીન્હે । હોઇ દોષુ બડ઼ અનુચિત કીન્હે ॥
સિય મુખ છબિ બિધુ બ્યાજ બખાની । ગુર પહિં ચલે નિસા બડ઼િ જાની ॥ ૨॥

આથી જાનકીજીના મુખની તને ઉપમા આપવાથી ઘણું અનુચિત કર્મ કર્યાનો દોષ લાગશે. આ રીતે ચન્દ્રમાના બહાને સીતાજીના મુખની શોભાનું વર્ણન કરીને રાત ઘણી થયેલી જાણી તેઓ ગુરુજી પાસે ગયા. ॥ ૨॥

કરિ મુનિ ચરન સરોજ પ્રનામા । આયસુ પાઇ કીન્હ બિશ્રામા ॥
બિગત નિસા રઘુનાયક જાગે । બંધુ બિલોકિ કહન અસ લાગે ॥ ૩॥

મુનિનાં ચરણકમળોમાં પ્રણામ કરીને, આજ્ઞા મેળવી વિશ્રામ કર્યો, રાત વીત્યા પછી શ્રીરઘુનાથજી જાગ્યા અને ભાઈને જોઈને એમ કહેવા લાગ્યા – ॥ ૩॥

ઉયઉ અરુન અવલોકહુ તાતા । પંકજ કોક લોક સુખદાતા ॥
બોલે લખનુ જોરિ જુગ પાની । પ્રભુ પ્રભાઉ સૂચક મૃદુ બાની ॥ ૪॥

હે તાત! જુઓ; કમળ, ચક્રવાક અને સમસ્ત સંસારને સુખ આપનાર અરુણોદય થયો છે. લક્ષ્મણજી બંને હાથ જોડીને પ્રભુના પ્રભાવને સૂચિત કરનારી કોમળ વાણી બોલ્યા – ॥ ૪॥

દો૦– અરુનોદયઁ સકુચે કુમુદ ઉડગન જોતિ મલીન ।
જિમિ તુમ્હાર આગમન સુનિ ભએ નૃપતિ બલહીન ॥ ૨૩૮॥

અરુણોદય થવાથી કુમુદિની સંકોચાઈ ગઈ અને તારાગણોનો પ્રકાશ ફીકો પડી ગયો; જે રીતે આપના આવવાનું સાંભળીને સર્વે રાજા બળહીન થઈ ગયા છે. ॥ ૨૩૮॥

ચૌ૦– નૃપ સબ નખત કરહિં ઉજિઆરી । ટારિ ન સકહિં ચાપ તમ ભારી ॥
કમલ કોક મધુકર ખગ નાના । હરષે સકલ નિસા અવસાના ॥ ૧॥

બધા રાજારૂપી તારા અજવાળું (મંદ પ્રકાશ) કરે છે, પણ તે ધનુષરૂપી મહાન અંધકારને હટાવી નથી શકતા. રાત્રિનો અંત થવાથી જેમ કમળ, ચક્રવાક, ભમરા અને અનેક પ્રકારનાં પક્ષીઓ હર્ષિત થઈ રહ્યાં છે. ॥ ૧॥

ઐસેહિં પ્રભુ સબ ભગત તુમ્હારે । હોઇહહિં ટૂટેં ધનુષ સુખારે ॥
ઉયઉ ભાનુ બિનુ શ્રમ તમ નાસા । દુરે નખત જગ તેજુ પ્રકાસા ॥ ૨॥

એવી જ રીતે હે પ્રભો! આપના સર્વે ભક્તો ધનુષ તૂટતાં સુખી થશે. સૂર્ય ઉદય થયો, વગર પરિશ્રમે અંધકાર નષ્ટ થઈ ગયો. તારા સંતાઈ ગયા, સંસારમાં તેજનો પ્રકાશ થઈ ગયો. ॥ ૨॥

રબિ નિજ ઉદય બ્યાજ રઘુરાયા । પ્રભુ પ્રતાપુ સબ નૃપન્હ દિખાયા ॥
તવ ભુજ બલ મહિમા ઉદઘાટી । પ્રગટી ધનુ બિઘટન પરિપાટી ॥ ૩॥

હે રઘુનાથજી! સૂર્યએ પોતાના ઉદયના બહાને બધા રાજાઓને પ્રભુ(આપ)નો પ્રતાપ દેખાડ્યો છે. આપની ભુજાઓના બળની મહિમાને ઉદ્ઘાટિત કરવા (ખોલીને બતાવવાને) માટે જ ધનુષ તોડવાની આ પદ્ધતિ પ્રકટ થઈ છે. ॥ ૩॥

બંધુ બચન સુનિ પ્રભુ મુસુકાને । હોઇ સુચિ સહજ પુનીત નહાને ॥
નિત્યક્રિયા કરિ ગુરુ પહિં આએ । ચરન સરોજ સુભગ સિર નાએ ॥ ૪॥

ભાઈનાં વચન સાંભળીને પ્રભુ મલકાયા. વળી, સ્વભાવથી જ પવિત્ર શ્રીરામજીએ શૌચથી નિવૃત્ત થઈને સ્નાન કર્યું અને નિત્યકર્મ કરીને તેઓ ગુરુજીની પાસે આવ્યા. આવીને તેમણે ગુરુજીનાં સુંદર ચરણકમળોમાં શીશ નમાવ્યું. ॥ ૪॥

સતાનંદુ તબ જનક બોલાએ । કૌસિક મુનિ પહિં તુરત પઠાએ ॥
જનક બિનય તિન્હ આઇ સુનાઈ । હરષે બોલિ લિએ દોઉ ભાઈ ॥ ૫॥

ત્યારે જનકજીએ શતાનંદજીને બોલાવ્યા અને તેમને તરત જ વિશ્વામિત્ર મુનિની પાસે મોકલ્યા. તેમણે વિશ્વામિત્રજીની પાસે આવીને જનકજીની વિનંતી સંભળાવી. વિશ્વામિત્રજીએ હર્ષિત થઈને બંને ભાઈઓને બોલાવ્યા. ॥ ૫॥

દો૦ – સતાનંદ પદ બંદિ પ્રભુ બૈઠે ગુર પહિં જાઇ ।
ચલહુ તાત મુનિ કહેઉ તબ પઠવા જનક બોલાઇ ॥ ૨૩૯॥

શતાનંદજીના ચરણોની વંદના કરીને પ્રભુ શ્રીરામચન્દ્રજી ગુરુજીની સમીપ જઈ બેઠા. ત્યારે મુનિએ કહ્યું – હે તાત! ચાલો, જનકજીએ બોલાવવા મોકલ્યા છે. ॥ ૨૩૯॥

માસપારાયણ, આઠમો વિશ્રામ
નવાહ્નપારાયણ બીજો વિશ્રામ

ચૌ૦ – સીય સ્વયંબરુ દેખિઅ જાઈ । ઈસુ કાહિ ધૌં દેઇ બડ઼ાઈ ॥
લખન કહા જસ ભાજનુ સોઈ । નાથ કૃપા તવ જાપર હોઈ ॥ ૧॥

જઈને સીતાજીનો સ્વયંવર જોવો જોઈએ. જોઈએ ઈશ્વર કોને મોટાઈ આપે છે? લક્ષ્મણજીએ કહ્યું – હે નાથ! જેના પર આપની કૃપા હશે, તે જ મોટાઈનું પાત્ર થશે (ધનુષ તોડવાનું શ્રેય એને જ પ્રાપ્ત થશે). ॥ ૧॥

હરષે મુનિ સબ સુનિ બર બાની । દીન્હિ અસીસ સબહિં સુખુ માની ॥
પુનિ મુનિબૃંદ સમેત કૃપાલા । દેખન ચલે ધનુષમખ સાલા ॥ ૨॥

આ શ્રેષ્ઠ વાણીને સાંભળીને સર્વે મુનિ પ્રસન્ન થયા. બધાએ સુખ માનીને આશીર્વાદ આપ્યા. પછી મુનિઓના સમૂહસહિત કૃપાળુ શ્રીરામચન્દ્રજી ધનુષ યજ્ઞશાળા જોવા ચાલ્યા. ॥ ૨॥

રંગભૂમિ આએ દોઉ ભાઈ । અસિ સુધિ સબ પુરબાસિન્હ પાઈ ॥
ચલે સકલ ગૃહ કાજ બિસારી । બાલ જુબાન જરઠ નર નારી ॥ ૩॥

બંને ભાઈ રંગભૂમિમાં આવ્યા છે, આવી ખબર જ્યારે બધા નગરવાસીઓને પડી; ત્યારે બાળક, જવાન, વૃદ્ધ, સ્ત્રી, પુરુષ બધાય ઘર અને કામકાજને ભુલાવીને ચાલી નીકળ્યાં. ॥ ૩॥

દેખી જનક ભીર ભૈ ભારી । સુચિ સેવક સબ લિએ હઁકારી ॥
તુરત સકલ લોગન્હ પહિં જાહૂ । આસન ઉચિત દેહુ સબ કાહૂ ॥ ૪॥

જ્યારે જનકજીએ જોયું કે ભારે ભીડ થઈ ગઈ છે, ત્યારે તેમણે સર્વે વિશ્વાસપાત્ર સેવકોને બોલાવી લીધા અને કહ્યું – તમે લોકો તરત બધા લોકોની પાસે જાઓ અને હર કોઈને યથાયોગ્ય આસન આપો. ॥ ૪॥

દો૦ – કહિ મૃદુ બચન બિનીત તિન્હ બૈઠારે નર નારિ ।
ઉત્તમ મધ્યમ નીચ લઘુ નિજ નિજ થલ અનુહારિ ॥ ૨૪૦॥

તે સેવકોએ કોમળ અને નમ્ર વચન કહીને ઉત્તમ, મધ્યમ, નીચ અને લઘુ (સર્વે શ્રેણીનાં) સ્ત્રી-પુરુષોને પોતપોતાના યોગ્ય સ્થાન પર બેસાડ્યાં. ॥ ૨૪૦॥

ચૌ૦– રાજકુઅઁર તેહિ અવસર આએ। મનહુઁ મનોહરતા તન છાએ॥
ગુન સાગર નાગર બર બીરા। સુંદર સ્યામલ ગૌર સરીરા॥૧॥

તે જ સમયે રાજકુમાર (રામ અને લક્ષ્મણ) ત્યાં આવ્યા. [એ એવા સુંદર છે] જાણે સાક્ષાત્ મનોહરતા જ તેમનાં શરીરો પર છવાઈ રહી હોય. સુંદર શ્યામ અને ગૌર એમનું શરીર છે. તે ગુણોના સમુદ્ર, ચતુર અને ઉત્તમ વીર છે. ॥૧॥

રાજ સમાજ બિરાજત રૂરે। ઉડગન મહુઁ જનુ જુગ બિધુ પૂરે॥
જિન્હ કેં રહી ભાવના જૈસી। પ્રભુ મૂરતિ તિન્હ દેખી તૈસી॥૨॥

તે બંનેય સુંદર ભાઈ રાજાઓના સમાજમાં એવા સુશોભિત થઈ રહ્યા છે; જાણે તારાગણોની વચ્ચે બે પૂર્ણ ચન્દ્રમા હોય. જેમની જેવી ભાવના હતી, પ્રભુની મૂર્તિ તેમણે તેવી જ જોઈ. ॥૨॥

દેખહિં રૂપ મહા રનધીરા। મનહુઁ બીર રસુ ધરેં સરીરા॥
ડરે કુટિલ નૃપ પ્રભુહિ નિહારી। મનહુઁ ભયાનક મૂરતિ ભારી॥૩॥

મહાન્ રણધીર [રાજાલોક] શ્રીરામચન્દ્રજીના રૂપને એમ જોઈ રહ્યા છે, જાણે સ્વયં વીર-રસે દેહ ધારણ કરેલો હોય. કુટિલ રાજા પ્રભુને જોઈને ડરી ગયા, જાણે મોટી ભયાનક મૂર્તિ હોય. ॥૩॥

રહે અસુર છલ છોનિપ બેષા। તિન્હ પ્રભુ પ્રગટ કાલ સમ દેખા॥
પુરબાસિન્હ દેખે દોઉ ભાઈ। નર ભૂષન લોચન સુખદાઈ॥૪॥

છળથી જે રાક્ષસ ત્યાં રાજાઓના વેષમાં [બેઠા] હતા, તેમણે પ્રભુને પ્રત્યક્ષ કાળના જેવા જોયા. નગરનિવાસીઓએ બંને ભાઈઓને મનુષ્યોના ભૂષણરૂપે અને નેત્રોને સુખ આપનાર જોયા. ॥૪॥

દો૦– નારિ બિલોકહિં હરષિ હિયઁ નિજ નિજ રુચિ અનુરૂપ।
જનુ સોહત સિંગાર ધરિ મૂરતિ પરમ અનૂપ॥૨૪૧॥

સ્ત્રીઓ હૃદયમાં હર્ષ પામીને પોતપોતાની રુચિના અનુસાર એમને જોઈ રહી છે. જાણે શૃંગાર-રસ જ પરમ અનુપમ મૂર્તિ ધારણ કરીને સુશોભિત થઈ રહ્યો હોય. ॥૨૪૧॥

ચૌ૦– બિદુષન્હ પ્રભુ બિરાટમય દીસા। બહુ મુખ કર પગ લોચન સીસા॥
જનક જાતિ અવલોકહિં કૈસેં। સજન સગે પ્રિય લાગહિં જૈસેં॥૧॥

વિદ્વાનોને પ્રભુ વિરાટરૂપે દેખાયા, જેમનાં ઘણાં જ મુખ, હાથ, પગ, નેત્ર અને સિર છે. જનકજીના સજાતીય (કુટુંબી) પ્રભુને એવી રીતે (એવા પ્રિય રૂપમાં) જોઈ રહ્યા છે, જેમ સગા-સંબંધી પ્રિય લાગે છે. ॥૧॥

સહિત બિદેહ બિલોકહિં રાની। સિસુ સમ પ્રીતિ ન જાતિ બખાની॥
જોગિન્હ પરમ તત્ત્વમય ભાસા। સાંત સુદ્ધ સમ સહજ પ્રકાસા॥૨॥

જનકસહિત રાણીઓ તેમને પોતાના બાળક સમાન જુએ છે. તેમની પ્રીતિનું વર્ણન નથી કરી શકાતું. યોગીઓને તે શાંત, શુદ્ધ, સમ અને સ્વતઃપ્રકાશ (સહજ પ્રકાશરૂપ) પરમ તત્ત્વરૂપે દેખાયા. ॥૨॥

હરિભગતન્હ દેખે દોઉ ભ્રાતા। ઈષ્ટદેવ ઈવ સબ સુખ દાતા॥
રામહિ ચિતવ ભાયઁ જેહિ સીયા। સો સનેહુ સુખુ નહિં કથનીયા॥૩॥

હરિભક્તોએ બંને ભાઈઓને સર્વ સુખ આપનારા ઈષ્ટદેવ સમાન જોયા. સીતાજી જે ભાવથી શ્રીરામચન્દ્રજીને જોઈ રહ્યાં છે, તે સ્નેહ અને સુખ તો કહેવાતું જ નથી. ॥૩॥

ઉર અનુભવતિ ન કહિ સક સોઊ। કવન પ્રકાર કહૈ કબિ કોઊ॥
એહિ બિધિ રહા જાહિ જસ ભાઊ। તેહિં તસ દેખેઉ કોસલરાઊ॥૪॥

તેનો (સ્નેહ અને સુખનો) હૃદયમાં અનુભવ તેઓ કરી રહ્યાં છે, પરંતુ તેઓ પણ તેને કહી શકતાં નથી, તો કોઈ કવિ તેને કઈ રીતે કહી શકે? આ રીતે જેમને જેવો ભાવ હતો, તેણે કૌશલાધીશ શ્રીરામચન્દ્રજીને તેવા જ જોયા. ॥૪॥

દો૦– રાજત રાજ સમાજ મહુઁ કોસલરાજ કિસોર।
સુંદર સ્યામલ ગૌર તન બિસ્વ બિલોચન ચોર॥૨૪૨॥

સુંદર શ્યામ અને ગૌર શરીરવાળા તથા વિશ્વભરનાં નેત્રોને ચોરનારા કોશલાધીશના કુમાર રાજસભામાં [આ રીતે] સુશોભિત થઈ રહ્યા છે. ॥૨૪૨॥

ચૌ૦– સહજ મનોહર મૂરતિ દોઊ। કોટિ કામ ઉપમા લઘુ સોઊ॥
સરદ ચંદ નિંદક મુખ નીકે। નીરજ નયન ભાવતે જી કે॥૧॥

બંને મૂર્તિઓ સ્વભાવથી જ (વિના કોઈ શૃંગાર-સજાવટે) મનને હરનારી છે. કરોડો કામદેવોની ઉપમા પણ તેમને માટે તુચ્છ છે. તેમનાં સુંદર મુખ શરદ[પૂર્ણિમા]ના ચન્દ્રમાની પણ નિંદા કરનારાં [તેને ઝાંખું પાડનારાં] છે અને કમળનાં જેવાં નેત્રો મનને બહુ જ ગમે છે. ॥૧॥

ચિતવનિ ચારુ માર મનુ હરની। ભાવતિ હૃદય જાતિ નહિં બરની॥
કલ કપોલ શ્રુતિ કુંડલ લોલા। ચિબુક અધર સુંદર મૃદુ બોલા॥૨॥

સુંદર ચિતવન [આખાય સંસારના મનને હરનારી] કામદેવનાય મનને પણ હરનારી છે. તે હૃદયને ઘણી જ પ્રિય લાગે છે, પરંતુ તેનું વર્ણન કરી નથી શકાતું. સુંદર ગાલ છે, કાનોમાં ચંચળ (ઝૂમતાં) કુંડળ છે. હડપચી અને અધર (હોઠ) સુંદર છે, કોમળ વાણી છે. ॥૨॥

કુમુદબંધુ કર નિંદક હાઁસા। ભૃકુટી બિકટ મનોહર નાસા॥
ભાલ બિસાલ તિલક ઝલકાહીં। કચ બિલોકિ અલિ અવલિ લજાહીં॥૩॥

હાસ્ય ચન્દ્રમાનાં કિરણોનો તિરસ્કાર કરનારું છે. વાંકી ભ્રમરો અને નાસિકા મનોહર છે. [ઊંચા] પહોળા લલાટ ઉપર તિલક ઝળકી રહ્યું છે (દીપ્તિમાન થઈ રહ્યું છે). [કાળા વાંકડિયા] વાળોને જોઈને ભમરાઓની પંક્તિઓ પણ લજાઈ જાય છે. ॥૩॥

પીત ચૌતનીં સિરન્હિ સુહાઈં। કુસુમ કલીં બિચ બીચ બનાઈં॥
રેખેં રુચિર કંબુ કલ ગીવાઁ। જનુ ત્રિભુવન સુષમા કી સીવાઁ॥૪॥

પીળી ચૌખૂણી ટોપીઓ સિરો પર સુશોભિત છે, જેની વચ્ચે વચ્ચે ફૂલોની કળીઓ બનાવેલી (ભરતગૂંથણ) છે. શંખના સમાન સુંદર (ગોળ) ગળામાં મનોહર ત્રણ રેખાઓ છે, જે જાણે કે ત્રણેય લોકોની સુંદરતાની સીમા [ને બતાવી રહી] છે. ॥૪॥

દો૦ – કુંજર મનિ કંઠા કલિત ઉરન્હિ તુલસિકા માલ ।
બૃષભ કંધ કેહરિ ઠવનિ બલ નિધિ બાહુ બિસાલ ॥ ૨૪૩॥

હૃદયો પર ગજમુક્તાઓના સુંદર કંઠા અને તુલસીની માળાઓ સુશોભિત છે. તેમના ખભા બળદોના ખભાની જેમ [ઊંચા તથા પુષ્ટ] છે. છટા (ઊભા થવાની શૈલી) સિંહના જેવી છે અને ભુજાઓ વિશાળ અને બળનો ભંડાર છે. ॥ ૨૪૩॥

ચૌ૦ – કટિ તૂનીર પીત પટ બાઁધેં । કર સર ધનુષ બામ બર કાઁધેં ॥
પીત જગ્ય ઉપબીત સુહાએ । નખ સિખ મંજુ મહાછબિ છાએ ॥ ૧॥

કમરમાં ભાથો અને પીતામ્બર બાંધેલાં છે. [જમણા] હાથોમાં બાણ અને ડાબા સુંદર ખભાઓ પર ધનુષ તથા પીળી યજ્ઞોપવીત (જનોઈ) સુશોભિત છે. નખથી લઈને શિખા સુધી સર્વે અંગ સુંદર છે, તેની પર મહાન શોભા છવાયેલી છે. ॥ ૧॥

દેખિ લોગ સબ ભએ સુખારે । એકટક લોચન ચલત ન તારે ॥
હરષે જનકુ દેખિ દોઉ ભાઈ । મુનિ પદ કમલ ગહે તબ જાઈ ॥ ૨॥

તેમને જોઈને સર્વે લોકો સુખી થયા. નેત્રો એકીટશે (નિમેશશૂન્ય) છે અને કીકીઓ પણ ફરતી નથી. જનકજી બંને ભાઈઓને જોઈને હરખાયા. ત્યારે તેમણે જઈને મુનિનાં ચરણકમળ પકડી લીધાં. ॥ ૨॥

કરિ બિનતી નિજ કથા સુનાઈ । રંગ અવનિ સબ મુનિહિ દેખાઈ ॥
જહઁ જહઁ જાહિં કુઅઁર બર દોઊ । તહઁ તહઁ ચકિત ચિતવ સબુ કોઊ ॥ ૩॥

વિનંતી કરીને પોતાની કથા સંભળાવી અને મુનિને આખી રંગભૂમિ (યજ્ઞશાળા) બતાવી. [મુનિની સાથે] બંને શ્રેષ્ઠ રાજકુમાર જ્યાં-જ્યાં જાય છે, ત્યાં-ત્યાં હર કોઈ આશ્ચર્યચકિત થઈ જોવા લાગે છે. ॥ ૩॥

નિજ નિજ રુખ રામહિ સબુ દેખા । કોઉ ન જાન કછુ મરમુ બિસેષા ॥
ભલિ રચના મુનિ નૃપ સન કહેઊ । રાજાઁ મુદિત મહાસુખ લહેઊ ॥ ૪॥

બધાએ રામજીને પોતપોતાની બાજુ જ મુખ કરેલા જોયા; પરંતુ તેનું કંઈ પણ વિશેષ રહસ્ય કોઈ ન જાણી શક્યું. મુનિએ રાજાને કહ્યું – રંગભૂમિની રચના ઘણી સુંદર છે [વિશ્વામિત્ર જેવા નિઃસ્પૃહ, વિરક્ત અને જ્ઞાની મુનિ થકી રચનાની પ્રશંસા સાંભળીને] રાજા પ્રસન્ન થયા અને એમને મોટું સુખ મળ્યું. ॥ ૪॥

દો૦ – સબ મંચન્હ તેં મંચુ એક સુંદર બિસદ બિસાલ ।
મુનિ સમેત દોઉ બંધુ તહઁ બૈઠારે મહિપાલ ॥ ૨૪૪॥

સર્વે મંચોમાં એક મંચ અધિક સુંદર, ઉજ્જવળ અને વિશાળ હતો. [સ્વયં] રાજાએ મુનિસહિત બંને ભાઈઓને તેની પર બેસાડ્યા. ॥ ૨૪૪॥

ચૌ૦– પ્રભુહિ દેખિ સબ નૃપ હિયઁ હારે। જનુ રાકેસ ઉદય ભએઁ તારે॥
અસિ પ્રતીતિ સબ કે મન માહીં। રામ ચાપ તોરબ સક નાહીં॥૧॥

પ્રભુને જોઈને સર્વે રાજા હૃદયથી એવી રીતે હારી ગયા (નિરાશ અને ઉત્સાહહીન થઈ ગયા) જેમ પૂર્ણ ચન્દ્રમાનો ઉદય થવાથી તારા પ્રકાશહીન થઈ જાય છે. [એમના તેજને જોઈને] બધાના મનમાં એવો વિશ્વાસ થઈ ગયો કે રામચન્દ્રજી જ ધનુષને તોડશે, એમાં કોઈ સંશય નથી. ॥૧॥

બિનુ ભંજેહુઁ ભવ ધનુષુ બિસાલા। મેલિહિ સીય રામ ઉર માલા॥
અસ બિચારિ ગવનહુ ઘર ભાઈ। જસુ પ્રતાપુ બલુ તેજુ ગવાઁઈ॥૨॥

[અહીં એમના રૂપને જોઈને બધાના મનમાં એવો નિશ્ચય થઈ ગયો કે] શિવજીના વિશાળ ધનુષને [શક્ય છે કે ન તૂટી શકે] વગર તોડે પણ સીતાજી શ્રીરામચન્દ્રજીના ગળામાં જ જયમાળા પહેરાવશે (અર્થાત્ બંને રીતે તો અમારી હાર થશે અને વિજય રામચન્દ્રજીના હાથમાં રહેશે). [આમ વિચારીને તે કહેવા લાગ્યા –] હે ભાઈઓ! આવો વિચાર કરી યશ, પ્રતાપ, બળ અને તેજ ખોઈને પોતપોતાના ઘરે ચાલો. ॥૨॥

બિહસે અપર ભૂપ સુનિ બાની। જે અબિબેક અંધ અભિમાની॥
તોરેહુઁ ધનુષુ બ્યાહુ અવગાહા। બિનુ તોરેં કો કુઅઁરિ બિઆહા॥૩॥

બીજા રાજાઓ, જેઓ અવિવેકથી આંધળા થઈ રહ્યા હતા અને અભિમાની હતા, તેઓ આ વાત સાંભળીને બહુ હસ્યા [તેમણે કહ્યું –] ધનુષ તોડવા છતાંય વિવાહ થવો કઠિન છે (અર્થાત્ સરળતાથી અમે જાનકીને હાથમાંથી જવા નહીં દઈએ); તો તોડ્યા વિના તો રાજકુમારીને પરણી જ કોણ શકે છે? ॥૩॥

એક બાર કાલઉ કિન હોઊ। સિય હિત સમર જિતબ હમ સોઊ॥
યહ સુનિ અવર મહિપ મુસુકાને। ધરમસીલ હરિભગત સયાને॥૪॥

કાળ જ કેમ ન હોય, એક વાર તો સીતાને માટે તેને પણ અમે યુદ્ધમાં જીતી લઈશું. આ ઘમંડની વાત સાંભળી બીજા રાજા, જે ધર્માત્મા, હરિભક્ત અને સમજુ હતા, તે મલકાયા. ॥૪॥

સો૦– સીય બિઆહબિ રામ ગરબ દૂરિ કરિ નૃપન્હ કે।
જીતિ કો સક સંગ્રામ દસરથ કે રન બાઁકુરે॥૨૪૫॥

[તેમણે કહ્યું –] રાજાઓના ગર્વને હરીને (જે ધનુષ કોઈથી નહીં તૂટી શકે તેને તોડીને) શ્રીરામચન્દ્રજી સીતાજીને પરણશે. [રહી યદ્ધની વાત, તો] મહારાજ દશરથના રણબંકા પુત્રોને યુદ્ધમાં તો જીતી જ કોણ શકે છે? ॥૨૪૫॥

ચૌ૦– બ્યર્થ મરહુ જનિ ગાલ બજાઈ। મન મોદકન્હિ કિ ભૂખ બુતાઈ॥
સિખ હમારિ સુનિ પરમ પુનીતા। જગદંબા જાનહુ જિયઁ સીતા॥૧॥

ગાલ વગાડી વ્યર્થ જ ન મરો. મનના લાડવાઓથી પણ ક્યાંય ભૂખ મટે છે? અમારી પરમ પવિત્ર (નિષ્કપટ) શિખામણ સાંભળીને સીતાજીને પોતાના અંતરમાં સાક્ષાત્ જગતજનની સમજો (તેમને પત્નીરૂપમાં પામવાની આશા અને લાલસા છોડી દો). ॥૧॥

જગત પિતા રઘુપતિહિ બિચારી। ભરિ લોચન છબિ લેહુ નિહારી॥
સુંદર સુખદ સકલ ગુન રાસી। એ દોઉ બંધુ સંભુ ઉર બાસી॥ ૨॥

અને શ્રીરઘુનાથજીને જગતના પિતા (પરમેશ્વર) સમજીને નેત્રો ભરીને એમની શોભા જોઈ લો [આવો અવસર વારંવાર નહીં મળે]. સુંદર સુખ આપનારા અને સમસ્ત ગુણોનો ભંડાર - એ બંને ભાઈ શિવજીના હૃદયમાં વસનારા છે (સ્વયં શિવજી પણ જેમને સદા હૃદયમાં છુપાવી રાખે છે, તે તમારાં નેત્રોની સામે આવી ગયા છે). ॥ ૨॥

સુધા સમુદ્ર સમીપ બિહાઈ। મૃગજલુ નિરખિ મરહુ કત ધાઈ॥
કરહુ જાઇ જા કહુઁ જોઇ ભાવા। હમ તૌ આજુ જનમ ફલુ પાવા॥ ૩॥

સમીપ આવેલા [ભગવદ્ દર્શનરૂપ] અમૃતના સમુદ્રને છોડીને તમે [જગતજનની જાનકીને પત્નીરૂપમાં પામવાની દુરાશારૂપ મિથ્યા] મૃગજળને જોઈને દોડીને કેમ મરો છો? તો [ભાઈ!] જેને જે સારું લાગે તે જ કરો. અમે તો [શ્રીરામચન્દ્રજીનાં દર્શન કરીને] આજે જન્મ લેવાનું ફળ પામી લીધું છે (જીવન અને જન્મને સફળ કરી લીધો છે). ॥ ૩॥

અસ કહિ ભલે ભૂપ અનુરાગે। રૂપ અનૂપ બિલોકન લાગે॥
દેખહિં સુર નભ ચઢ઼ે બિમાના। બરષહિં સુમન કરહિં કલ ગાના॥ ૪॥

આમ કહીને ભલા રાજા પ્રેમમગ્ન થઈને શ્રીરામજીનું અનુપમ રૂપ જોવા લાગ્યા. [મનુષ્યોની તો વાત જ શું] દેવતા લોકો પણ આકાશમાં વિમાનો પર ચઢીને દર્શન કરી રહ્યા છે અને સુંદર ગાન કરતાં ફૂલ વરસાવી રહ્યા છે. ॥ ૪॥

દો૦— જાનિ સુઅવસરુ સીય તબ પઠઈ જનક બોલાઇ।
ચતુર સખીં સુંદર સકલ સાદર ચલીં લવાઇ॥ ૨૪૬॥

ત્યારે સુઅવસર જાણીને જનકજીએ સીતાજીને બોલાવડાવ્યાં, બધી ચતુર અને સુંદર સખીઓ આદરપૂર્વક એમને લેવા ચાલી. ॥ ૨૪૬॥

ચૌ૦— સિય સોભા નહિં જાઇ બખાની। જગદંબિકા રૂપ ગુન ખાની॥
ઉપમા સકલ મોહિ લઘુ લાગીં। પ્રાકૃત નારિ અંગ અનુરાગીં॥ ૧॥

રૂપ અને ગુણોની ખાણ જગતજનની જાનકીજીની શોભાનું વર્ણન થઈ શકે એમ નથી. તેમના માટે મને [કાવ્યની] બધી ઉપમાઓ તુચ્છ લાગે છે, કેમકે તે લૌકિક સ્ત્રીઓનાં અંગો સાથે અનુરાગ રાખનારી છે (અર્થાત્ તે જગતની સ્ત્રીઓના અંગોને આપવામાં આવે છે.) [કાવ્યની ઉપમાઓ બધી ત્રિગુણાત્મક, માયિક જગતમાંથી લેવામાં આવી છે, તેમને ભગવાનની સ્વરૂપાશક્તિ શ્રીજાનકીજીના અપ્રાકૃત, ચિન્મય અંગો માટે પ્રયુક્ત કરવી એટલે તેમનું અપમાન કરવું અને પોતાને ઉપહાસાસ્પદ બનાવવો.] ॥ ૧॥

સિય બરનિઅ તેઇ ઉપમા દેઈ। કુકબિ કહાઇ અજસુ કો લેઈ॥
જૌં પટતરિઅ તીય સમ સીયા। જગ અસિ જુબતિ કહાँ કમનીયા॥ ૨॥

સીતાજીના વર્ણનમાં એ જ ઉપમાઓને આપીને કોણ કુકવિ કહેવડાવે અને અપયશનો ભાગી બને (અર્થાત્ સીતાજીને માટે તે ઉપમાઓનો પ્રયોગ કરવો અને સુકવિના પદથી ચ્યુત થવું અને અપકીર્તિ વહોરી લેવી; કોઈ પણ સુકવિ આવી નાદાની અને અનુચિત કાર્ય નહીં કરે). જો કોઈ સ્ત્રી સાથે સીતાજીની સરખામણી કરવામાં આવે તો જગતમાં આવી સુંદર યુવતી છે જ ક્યાં [જેની ઉપમા એમને માટે આપી શકાય?] ॥ ૨॥

ગિરા મુખર તન અરધ ભવાની । રતિ અતિ દુખિત અતનુ પતિ જાની ॥
બિષ બારુની બંધુ પ્રિય જેહી । કહિઅ રમાસમ કિમિ બૈદેહી ॥ ૩॥

[પૃથ્વીની સ્ત્રીઓની તો વાત જ શું, દેવતાઓની સ્ત્રીઓને પણ જો જોવામાં આવે તો અમારી અપેક્ષાએ તે કંઈક અધિક દિવ્ય અને સુંદર છે, તો એમનામાં] સરસ્વતી તો બહુ બોલનારાં છે; પાર્વતી અર્ધાંગના છે (અર્થાત્ અર્ધ-નારી નટેશ્વરના રૂપે તેમનું અડધું જ અંગ જ સ્ત્રીનું છે, શેષ અડધું અંગ પુરુષ-શિવજીનું છે), કામદેવની સ્ત્રી રતિ પતિને શરીર વિનાના (અનંગ) જાણીને ઘણી દુ:ખી રહે છે; અને જેમના વિષ અને મદ્ય જેવા [સમુદ્રથી ઉત્પન્ન થવાને સંબંધે] પ્રિય ભાઈ છે તેવાં લક્ષ્મી સમાન તો જાનકીજીને કહી જ કેમ શકાય? ॥ ૩॥

જૌં છબિ સુધા પયોનિધિ હોઈ । પરમ રૂપમય કચ્છપુ સોઈ ॥
સોભા રજુ મંદરુ સિંગારૂ । મથૈ પાનિ પંકજ નિજ મારૂ ॥ ૪॥

[જે લક્ષ્મીજીની વાત ઉપર કહેવાઈ છે તે નીકળ્યાં હતાં ખારા સમુદ્રમાંથી, જેને મથવા માટે ભગવાને અતિ કર્કશ પીઠવાળા કાચબાનું રૂપ ધારણ કર્યું, દોરડું બનાવ્યું મહાન વિષધર વાસુકિ નાગનું; રવૈયાનું કાર્ય કર્યું અતિશય કઠોર મંદરાચળ પર્વતે અને એને વલોવ્યો બધા દેવતાઓ અને દૈત્યોએ મળીને. જે લક્ષ્મીને અતિશય શોભાની ખાણ અને અનુપમ સુંદરી કહેવામાં આવે છે, તેને પ્રકટ કરવામાં હેતુ બન્યાં આ બધાં અસુંદર અને સ્વાભાવિકરૂપે જ કઠોર ઉપકરણો. આવાં ઉપકરણોથી પ્રકટ થયેલ લક્ષ્મી જાનકીજીની સમાનતા કેમ મેળવી શકે? હા... એના વિપરીત] જો શોભારૂપી અમૃતનો સમુદ્ર હોય, પરમ રૂપમય એ જ કચ્છપ ભગવાન હોય, શોભારૂપ દોરડું હોય, શૃંગાર [રસ] પર્વત હોય અને [તે શોભાના સમુદ્રને] સ્વયં કામદેવ પોતાના જ કરકમળોથી મથે; ॥ ૪॥

દો૦– એહિ બિધિ ઉપજૈ લચ્છિ જબ સુંદરતા સુખ મૂલ ।
તદપિ સકોચ સમેત કબિ કહહિં સીય સમતૂલ ॥ ૨૪૭॥

એવી રીતે [સંયોગ થવાથી] જયારે સુંદરતા અને સુખનાં મૂળ લક્ષ્મી ઉત્પન્ન થાય, તો પણ કવિ લોકો તેને [ઘણા] સંકોચની સાથે સીતાજીના સમાન કહેશે. ॥ ૨૪૭॥

[જે સુંદરતાના સમુદ્રને કામદેવ મથશે તે સુંદરતા પણ પ્રાકૃત, લૌકિક સુંદરતા જ હશે, કારણ કે કામદેવ સ્વયં પણ ત્રિગુણમયી પ્રકૃતિનો જ વિકાર છે. માટે તે સુંદરતાને મથીને પ્રકટ કરેલી લક્ષ્મી પણ ઉપર્યુક્ત લક્ષ્મીની અપેક્ષાએ કંઈક અધિક સુંદર અને દિવ્ય હોવા છતાંય હશે તો પ્રાકૃત જ; માટે એની સાથે પણ જાનકીજીની સરખામણી કરવી કવિને માટે ઘણા સંકોચની વાત હશે. જે સુંદરતાથી જાનકીજીનો દિવ્યાતિદિવ્ય પરમ દિવ્ય વિગ્રહ બન્યો છે તે સુંદરતા ઉપર્યુક્ત સુંદરતાથી અલગ અપ્રાકૃત

છે – વસ્તુતઃ લક્ષ્મીજીનું અપ્રાકૃત રૂપ પણ એ જ છે. તે કામદેવના મથવાથી ન આવી શકે અને તે જાનકીજીનું સ્વરૂપ જ છે; માટે તેમનાથી ભિન્ન નહીં; અને ઉપમા આપી છે ભિન્ન વસ્તુની સાથે. આ સિવાય જાનકીજી પ્રકટ થયાં છે સ્વયં પોતાના મહિમાથી; તેમને પ્રકટ કરવા માટે કોઈ ભિન્ન ઉપકરણની અપેક્ષા નથી. અર્થાત્ શક્તિ શક્તિમાનથી અભિન્ન અદ્વૈત-તત્ત્વ છે. એટલે અનુપમેય (જેને ઉપમા ન આપી શકાય) છે; આ ગૂઢ દાર્શનિક તત્ત્વ ભક્તશિરોમણિ કવિએ આ અભૂતોપમાલંકાર થકી ઘણી જ સુંદરતાથી વ્યક્ત કર્યું છે.]

ચૌ૦ – ચલીં સંગ લૈ સખીં સયાની । ગાવત ગીત મનોહર બાની ॥
સોહ નવલ તનુ સુંદર સારી । જગત જનનિ અતુલિત છબિ ભારી ॥ ૧॥

સમજુ સખીઓ સીતાજીને સાથે લઈને મનોહર વાણીથી ગીત ગાતાં ચાલી. સીતાજીના નવલ શરીર પર સુંદર સાડી સુશોભિત છે. જગતજનનીની મહાન શોભા અતુલનીય છે. ॥ ૧॥

ભૂષન સકલ સુદેસ સુહાએ । અંગ અંગ રચિ સખિન્હ બનાએ ॥
રંગભૂમિ જબ સિય પગુ ધારી । દેખિ રૂપ મોહે નર નારી ॥ ૨॥

સર્વે આભૂષણ પોતપોતાની જગ્યાએ શોભિત છે, જેને સખીઓએ અંગેઅંગમાં સારી રીતે સજાવીને પહેરાવ્યાં છે. જ્યારે સીતાજીએ રંગભૂમિમાં પગ મૂક્યો, ત્યારે તેમનું [દિવ્ય] રૂપ જોઈને સ્ત્રી-પુરુષ સર્વે મોહિત થઈ ગયાં. ॥ ૨॥

હરષિ સુરન્હ દુંદુભીં બજાઈં । બરષિ પ્રસૂન અપછરા ગાઈં ॥
પાનિ સરોજ સોહ જયમાલા । અવચટ ચિતએ સકલ ભુઆલા ॥ ૩॥

દેવતાઓએ હરખાઈને નગારાં વગાડ્યાં અને પુષ્પો વરસાવી અપ્સરાઓ ગાવા લાગી. સીતાજીના કરકમળોમાં જયમાળા સુશોભિત છે. તેમણે સર્વે રાજાઓ પર અચાનક એક ઊડતી નજર નાખી. ॥ ૩॥

સીય ચકિત ચિત રામહિ ચાહા । ભએ મોહબસ સબ નરનાહા ॥
મુનિ સમીપ દેખે દોઉ ભાઈ । લગે લલકિ લોચન નિધિ પાઈ ॥ ૪॥

સીતાજી ચકિત મનથી કેવળ શ્રીરામજીને ખોળવા લાગ્યાં, ત્યારે સર્વે રાજાઓ મોહને વશ થઈ ગયા. સીતાજીએ મુનિની પાસે [બેઠેલા] બંને ભાઈઓને જોયા તો એમનાં નેત્ર પોતાનો ખજાનો પામીને લલચાઈને ત્યાં જ (શ્રીરામજીમાં) લાગી ગયાં (સ્થિર થઈ ગયાં); ॥ ૪॥

દો૦ – ગુરજન લાજ સમાજુ બડ઼ દેખિ સીય સકુચાનિ ।
લાગિ બિલોકન સખિન્હ તન રઘુબીરહિ ઉર આનિ ॥ ૨૪૮॥

પરંતુ ગુરુજનોની લાજથી તથા બહુ મોટા સમાજને જોઈને સીતાજી લજાઈ ગયાં. તે શ્રીરામચન્દ્રજીને હૃદયમાં લાવીને સખીઓની તરફ જોવા લાગ્યાં. ॥ ૨૪૮॥

ચૌ૦ – રામ રૂપુ અરુ સિય છબિ દેખેં । નર નારિન્હ પરિહરીં નિમેષેં ॥
સોચહિં સકલ કહત સકુચાહીં । બિધિ સન બિનય કરહિં મન માહીં ॥ ૧॥

શ્રીરામચન્દ્રજીનું રૂપ અને સીતાજીની શોભા જોઈને સ્ત્રી-પુરુષોએ પલકારા ત્યાગી દીધા (સર્વે એકીટશે તેમને જ જોવા લાગ્યા). બધા પોતાના મનમાં વિચારી રહ્યા છે, પણ કહેતાં સંકોચાય છે. મનમાં ને મનમાં તેઓ વિધાતાને પ્રાર્થના કરે છે – ॥ ૧॥

હરુ બિધિ બેગિ જનક જડ઼તાઈ । મતિ હમારિ અસિ દેહિ સુહાઈ ॥
બિનુ બિચાર પનુ તજિ નરનાહૂ । સીય રામ કર કરૈ બિબાહૂ ॥ ૨॥

હે વિધાતા! જનકની મૂઢતાને શીઘ્ર હરી લો અને અમારા જેવી જ એવી સુંદર બુદ્ધિ એમને આપો કે જેથી વિચાર કર્યા વગર રાજા પોતાનું પ્રણ છોડીને સીતાજીનો વિવાહ રામજી સાથે કરી દે. ॥ ૨॥

જગુ ભલ કહિહિ ભાવ સબ કાહૂ । હઠ કીન્હેં અંતહુઁ ઉર દાહૂ ॥
એહિં લાલસાઁ મગન સબ લોગૂ । બરુ સાઁવરો જાનકી જોગૂ ॥ ૩॥

સંસાર તેમને ભલો જ કહેશે, કેમકે આ વાત હર કોઈને સારી લાગે છે. હઠ કરવાથી અંતેય હૃદય બળશે. સર્વે લોકો એ જ લાલસામાં લીન થઈ રહ્યા છે કે જાનકીજીને યોગ્ય વર તો આ જ શામળો જ છે. ॥ ૩॥

તબ બંદીજન જનક બોલાએ । બિરિદાવલી કહત ચલિ આએ ॥
કહ નૃપુ જાઈ કહહુ પન મોરા । ચલે ભાટ હિયઁ હરષુ ન થોરા ॥ ૪॥

પછી રાજા જનકે બંદીજનો(ભાટો)ને બોલાવ્યા. તેઓ બિરુદાવલી (વંશની કીર્તિ) ગાતાં ચાલ્યા આવ્યા. રાજાએ કહ્યું – જઈને મારું પ્રણ સર્વેને કહો. ભાટ ચાલ્યા, તેમના હૃદયમાં આનંદ ઓછો ન હતો. ॥ ૪॥

દો૦– બોલે બંદી બચન બર સુનહુ સકલ મહિપાલ ।
પન બિદેહ કર કહહિં હમ ભુજા ઉઠાઇ બિસાલ ॥ ૨૪૯॥

ભાટોએ શ્રેષ્ઠ વચનો કહ્યાં – હે પૃથ્વીનું પાલન કરનારા સર્વે રાજાગણો! સાંભળો! અમે પોતાની ભુજાઓ ઉઠાવીને જનકજીનું વિશાળ પ્રણ કહીએ છીએ – ॥ ૨૪૯॥

ચૌ૦– નૃપ ભુજબલુ બિધુ સિવધનુ રાહૂ । ગરુઅ કઠોર બિદિત સબ કાહૂ ॥
રાવનુ બાનુ મહાભટ ભારે । દેખિ સરાસન ગવઁહિં સિધારે ॥ ૧॥

રાજાઓની ભુજાઓનું બળ ચન્દ્રમા છે, શિવજીનું ધનુષ રાહુ છે, તે ભારે છે, કઠોર છે એ સર્વેને વિદિત છે. મોટા ભારે યોદ્ધા રાવણ અને બાણાસુર પણ આ ધનુષને જોઈને ચુપચાપ ચાલતા થયા છે (તેને ઉઠાવવાથી દૂર રહ્યા સ્પર્શ કરવાની પણ હિંમત ન કરી). ॥ ૧॥

સોઇ પુરારિ કોદંડુ કઠોરા । રાજ સમાજ આજુ જોઇ તોરા ॥
ત્રિભુવન જય સમેત બૈદેહી । બિનહિં બિચાર બરઇ હઠિ તેહી ॥ ૨॥

એ જ શિવજીના કઠોર ધનુષને આજે આ રાજસભામાં જે પણ તોડશે, ત્રણે લોકોના વિજયની સાથે જ જાનકીજી કોઈ પણ વિચાર કર્યા વગર હઠપૂર્વક તેનું વરણ કરશે. ॥ ૨॥

સુનિ પન સકલ ભૂપ અભિલાષે । ભટમાની અતિસય મન માખે ॥
પરિકર બાઁધિ ઉઠે અકુલાઈ । ચલે ઈષ્ટદેવન્હ સિર નાઈ ॥ ૩॥

પ્રણ સાંભળીને સર્વે રાજા લલચાઈ ઊઠ્યા. જે વીરતાના અભિમાની હતા, તે મનમાં ઘણા જ તમતમાયા. કમર કસીને અકળાઈને ઊઠ્યા અને પોતાના ઈષ્ટદેવોને શીશ નમાવીને ચાલ્યા. ॥ ૩॥

તમકિ તાકિ તકિ સિવધનુ ધરહીં । ઉઠઇ ન કોટિ ભાઁતિ બલુ કરહીં ॥
જિન્હ કે કછુ બિચારુ મન માહીં । ચાપ સમીપ મહીપ ન જાહીં ॥ ૪॥

તેઓ રોષથી શિવજીના ધનુષ તરફ તાકીને જુએ છે અને પછી લક્ષ્ય પર દૃષ્ટિ જમાવીને તેને પકડે છે, કરોડો રીતે જોર લગાવે છે, પણ તે તેમનાથી ઊંચકાતું જ નથી. જે રાજાઓના મનમાં કંઈક વિવેક છે, તે ધનુષની પાસે જતા જ નથી. ॥ ૪॥

દો૦– તમકિ ધરહિં ધનુ મૂઢ઼ નૃપ ઉઠઇ ન ચલહિં લજાઇ ।
મનહુઁ પાઇ ભટ બાહુબલુ અધિકુ અધિકુ ગરુઆઇ ॥ ૨૫૦॥

તે મૂર્ખ રાજા ક્રોધથી આવેશપૂર્વક (કચકચાવીને) ધનુષને પકડે છે, પરંતુ જ્યારે નથી ઊંચકાતું તો લજાઈને ચાલ્યા જાય છે, જાણે વીરોની ભુજાઓનું બળ પામીને તે ધનુષ વધુ ને વધુ ભારે થતું જાય છે. ॥ ૨૫૦॥

ચૌ૦– ભૂપ સહસ દસ એકહિ બારા । લગે ઉઠાવન ટરઇ ન ટારા ॥
ડગઇ ન સંભુ સરાસનુ કૈસેં । કામી બચન સતી મનુ જૈસેં ॥ ૧॥

પછી દસ હજાર રાજા એક સાથે જ ધનુષને ઉપાડવા લાગ્યા; તો પણ તે તેમના ટાળે નથી ટળતું. શિવજીનું તે ધનુષ એવું ડગતું નહોતું, જેવું કામી પુરુષનાં વચનોથી સતીનું મન [કદીય] ચલાયમાન નથી થતું. ॥ ૧॥

સબ નૃપ ભએ જોગુ ઉપહાસી । જૈસેં બિનુ બિરાગ સંન્યાસી ॥
કીરતિ બિજય બીરતા ભારી । ચલે ચાપ કર બરબસ હારી ॥ ૨॥

સર્વે રાજા ઉપહાસને યોગ્ય થઈ ગયા, જેમ વૈરાગ્ય વિના સંન્યાસી ઉપહાસને યોગ્ય થઈ જાય છે. કીર્તિ, વિજય, મોટી વીરતા – આ સર્વે તે ધનુષના હાથે પરાણે હારીને ચાલ્યાં ગયાં. ॥ ૨॥

શ્રીહત ભએ હારિ હિયઁ રાજા । બૈઠે નિજ નિજ જાઇ સમાજા ॥
નૃપન્હ બિલોકિ જનકુ અકુલાને । બોલે બચન રોષ જનુ સાને ॥ ૩॥

રાજાઓ હૃદયથી હારીને શ્રીહીન (હતપ્રભ) થઈ ગયા અને પોતપોતાના સમાજમાં જઈ બેઠા. રાજાઓને [અસફળ] જોઈને જનક અકળાઈ ગયા અને એવાં વચન બોલ્યા જે જાણે ક્રોધમાં તરબોળ થયેલાં હતાં. ॥ ૩॥

દીપ દીપ કે ભૂપતિ નાના । આએ સુનિ હમ જો પનુ ઠાના ॥
દેવ દનુજ ધરિ મનુજ સરીરા । બિપુલ બીર આએ રનધીરા ॥ ૪॥

મેં જે પ્રણ લીધું હતું, તે સાંભળી દ્વીપ દ્વીપના અનેક રાજાઓ આવ્યા. દેવતા અને દૈત્ય પણ મનુષ્યનું શરીર ધારણ કરીને આવ્યા તથા બીજા પણ ઘણા જ રણધીર વીરો આવ્યા – ॥ ૪॥

દો૦ – કુઅઁરિ મનોહર બિજય બડ઼િ કીરતિ અતિ કમનીય।
પાવનિહાર બિરંચિ જનુ રચેઉ ન ધનુ દમનીય ॥ ૨૫૧॥

પરંતુ મનોહર કન્યા, મહાન વિજય અને અત્યંત સુંદર કીર્તિને પામનારો બ્રહ્માએ કોઈને રચ્યો જ નથી; માટે તૂટનારું ધનુષ જાણે બનાવ્યું જ નથી (અર્થાત્ બ્રહ્માની સૃષ્ટિની કોઈ વ્યક્તિ આ ધનુષને ન તો તોડી શકે અને મનોહર કન્યા, વિજય અને કીર્તિ મેળવી શકે - સ્વયં પરમેશ્વર જ આ કાર્ય કરી શકે છે). ॥ ૨૫૧॥

ચૌ૦ – કહહુ કાહિ યહુ લાભુ ન ભાવા। કાહુઁ ન સંકર ચાપ ચઢ઼ાવા॥
રહઉ ચઢ઼ાઉબ તોરબ ભાઈ। તિલુ ભરિ ભૂમિ ન સકે છડ઼ાઈ॥ ૧॥

કહો, આ લાભ કોને સારો નથી લાગતો? પરંતુ કોઈએ પણ શંકરજીનું ધનુષ ન ચઢાવ્યું. અરે ભાઈ! ચઢાવવું અને તોડવું તો દૂર રહ્યું, કોઈ તલભાર ભૂમિથી પણ છોડાવી ન શક્યું! ॥ ૧॥

અબ જનિ કોઉ માખૈ ભટ માની। બીર બિહીન મહી મૈં જાની॥
તજહુ આસ નિજ નિજ ગૃહ જાહૂ। લિખા ન બિધિ બૈદેહિ બિબાહૂ॥ ૨॥

હવે, કોઈ વીરતાનો અભિમાની નારાજ ન થાય. મેં જાણી લીધું, પૃથ્વી વીરોથી ખાલી થઈ ગઈ. હવે, આશા છોડી પોતપોતાના ઘેર જાઓ; બ્રહ્માએ સીતાનો વિવાહ લખ્યો જ નથી. ॥ ૨॥

સુકૃત જાઇ જૌં પનુ પરિહરઊઁ। કુઅઁરિ કુઆરિ રહઉ કા કરઊઁ॥
જૌં જનતેઉઁ બિનુ ભટ ભુબિ ભાઈ। તૌ પનુ કરિ હોતેઉઁ ન હઁસાઈ॥ ૩॥

જો પ્રણ છોડું તો પુણ્ય જાય છે, એટલે શું કરું, કન્યા કુંવારી જ રહે. જો હું જાણતો હોત કે પૃથ્વી વીરોથી શૂન્ય છે, તો પ્રણ કરીને ઉપહાસનું પાત્ર ન બનત. ॥ ૩॥

જનક બચન સુનિ સબ નર નારી। દેખિ જાનકિહિ ભએ દુખારી॥
માખે લખનુ કુટિલ ભઇઁ ભૌંહેં। રદપટ ફરકત નયન રિસૌંહેં॥ ૪॥

જનકનાં વચન સાંભળી બધાં સ્ત્રી-પુરુષ જાનકીજીની તરફ જોઈને દુ:ખી થયાં, પરંતુ લક્ષ્મણજી રોષે ભરાઈ ઊઠ્યા. તેમની ભ્રમરો વાંકી થઈ ગઈ, હોઠ ફરકવા લાગ્યા અને નેત્ર ક્રોધથી લાલ થઈ ગયાં. ॥ ૪॥

દો૦ – કહિ ન સકત રઘુબીર ડર લગે બચન જનુ બાન।
નાઇ રામ પદ કમલ સિરુ બોલે ગિરા પ્રમાન॥ ૨૫૨॥

શ્રીરઘુવીરજીના ડરથી કંઈ કહી તો શકતા નથી, પણ જનકનાં વચન તેમને બાણ જેવાં લાગ્યાં. [જ્યારે ન રહી શક્યા ત્યારે] શ્રીરામચન્દ્રજીનાં ચરણકમળોમાં માથું નમાવી તેઓ યથાર્થ વચન બોલ્યા – ॥ ૨૫૨॥

ચૌ૦ – રઘુબંસિન્હ મહુઁ જહઁ કોઉ હોઈ। તેહિં સમાજ અસ કહઇ ન કોઈ॥
કહી જનક જસિ અનુચિત બાની। બિદ્યમાન રઘુકુલમનિ જાની॥ ૧॥

રઘુવંશીઓમાંથી કોઈ પણ જ્યાં હોય છે, તે સમાજમાં આવાં વચન કોઈ નથી કહેતું, જેવાં અનુચિત વચન રઘુકુળશિરોમણિ શ્રીરામજીની ઉપસ્થિતિ જાણવા છતાં પણ જનકજીએ કહ્યાં છે. ॥ ૧॥

સુનહુ ભાનુકુલ પંકજ ભાનૂ। કહઉઁ સુભાઉ ન કછુ અભિમાનૂ॥
જૌં તુમ્હારિ અનુસાસન પાવૌં। કંદુક ઈવ બ્રહ્માંડ ઉઠાવૌં॥ ૨॥

હે સૂર્યકુળરૂપી કમળના સૂર્ય! સાંભળો, હું સ્વભાવથી જ કહું છું, કંઈ અભિમાન કરીને નહીં. જો આપની આજ્ઞા પામું તો હું બ્રહ્માંડને દડાની જેમ ઊંચકી લઉં. ॥ ૨॥

કાચે ઘટ જિમિ ડારૌં ફોરી। સકઉઁ મેરુ મૂલક જિમિ તોરી॥
તવ પ્રતાપ મહિમા ભગવાના। કો બાપુરો પિનાક પુરાના॥ ૩॥

અને એને કાચા ઘડાની જેમ ફોડી નાંખું. હું સુમેરુ પર્વતને મૂળાની જેમ તોડી શકું છું, હે ભગવાન! આપના પ્રતાપના મહિમા સામે આ બિચારું જૂનું ધનુષ તો કઈ ચીજ છે? ॥ ૩॥

નાથ જાનિ અસ આયસુ હોઊ। કૌતુકુ કરૌં બિલોકિઅ સોઊ॥
કમલ નાલ જિમિ ચાપ ચઢ઼ાવૌં। જોજન સત પ્રમાન લૈ ધાવૌં॥ ૪॥

એમ જાણીને હે નાથ! આજ્ઞા હોય તો કંઈક ખેલ કરું, તેને પણ જુઓ. ધનુષને કમળની ડાંડીની જેમ ચઢાવી તેને લઈને સો યોજન સુધી દોડ્યો જાઉં. ॥ ૪॥

દો૦– તોરૌં છત્રક દંડ જિમિ તવ પ્રતાપ બલ નાથ।
જૌં ન કરૌં પ્રભુ પદ સપથ કર ન ધરૌં ધનુ ભાથ॥ ૨૫૩॥

હે નાથ! આપના પ્રતાપના બળથી ધનુષને બીલાડીના ટોપની પેઠે તોડી નાંખું. જો આમ ન કરું તો પ્રભુના ચરણોનાં સોગંદ છે કે ફરી હું ધનુષ અને ભાથાને કદીય હાથમાં લઈશ નહીં. ॥ ૨૫૩॥

ચૌ૦– લખન સકોપ બચન જે બોલે। ડગમગાનિ મહિ દિગ્ગજ ડોલે॥
સકલ લોગ સબ ભૂપ ડેરાને। સિય હિયઁ હરષુ જનકુ સકુચાને॥ ૧॥

લક્ષ્મણજી ક્રોધભર્યાં વચન બોલ્યા કે તરત જ પૃથ્વી ડગુમગુ થવા લાગી અને દિશાઓના હાથી કાંપી ઊઠ્યા. બધા લોકો અને બધા રાજા ડરી ગયા. સીતાજીના હૃદયમાં હર્ષ થયો અને જનકજી સંકોચાઈ ગયા. ॥ ૧॥

ગુર રઘુપતિ સબ મુનિ મન માહીં। મુદિત ભએ પુનિ પુનિ પુલકાહીં॥
સયનહિં રઘુપતિ લખનુ નેવારે। પ્રેમ સમેત નિકટ બૈઠારે॥ ૨॥

ગુરુ વિશ્વામિત્રજી, શ્રીરઘુનાથજી અને સર્વે મુનિઓ મનમાં હરખાયા અને વારંવાર પુલકિત થવા લાગ્યા. શ્રીરામચન્દ્રજીએ ઈશારાથી લક્ષ્મણને ના પાડી અને પ્રેમસહિત પોતાની પાસે બેસાડી દીધા. ॥ ૨॥

બિસ્વામિત્ર સમય સુભ જાની। બોલે અતિ સનેહમય બાની॥
ઉઠહુ રામ ભંજહુ ભવચાપા। મેટહુ તાત જનક પરિતાપા॥ ૩॥

વિશ્વામિત્રજી શુભ સમય જાણીને અત્યંત પ્રેમભરી વાણી બોલ્યા – હે રામ! ઊઠો, શિવજીનું ધનુષ તોડો અને હે તાત! જનકનો શોક હરો. ॥ ૩॥

સુનિ ગુરુ બચન ચરન સિરુ નાવા। હરષુ બિષાદુ ન કછુ ઉર આવા॥
ઠાઢ़े ભએ ઉઠિ સહજ સુભાએँ। ઠવનિ જુબા મૃગરાજુ લજાએँ॥૪॥

ગુરુનાં વચન સાંભળીને શ્રીરામજીએ ચરણોમાં શીશ નમાવ્યું. એમના મનમાં ન હર્ષ થયો, ન વિષાદ; અને તેઓ પોતાની સિંહછટાથી યુવા સિંહને પણ શરમાવતા હોય તેમ સરળ સ્વભાવથી જ ઉઠીને ઊભા રહ્યા. ॥૪॥

દો૦– ઉદિત ઉદય ગિરિ મંચ પર રઘુબર બાલપતંગ।
બિકસે સંત સરોજ સબ હરષે લોચન ભૃંગ॥૨૫૪॥

મંચરૂપી ઉદયાચળ ઉપર રઘુનાથજીરૂપી બાળસૂર્યનો ઉદય થતાં જ સર્વે સંતરૂપી કમળ ખીલી ઊઠ્યાં અને નેત્રરૂપી ભમરા હર્ષિત થઈ ગયા. ॥૨૫૪॥

ચૌ૦– નૃપન્હ કેરિ આસા નિસિ નાસી। બચન નખત અવલી ન પ્રકાસી॥
માની મહિપ કુમુદ સકુચાને। કપટી ભૂપ ઉલૂક લુકાને॥૧॥

રાજાઓની આશારૂપી રાત્રિ નષ્ટ થઈ ગઈ. એમના વચનરૂપી તારાઓનો સમૂહ ચમકવો બંધ થઈ ગયો (તે મૌન થઈ ગયા). અભિમાની રાજારૂપી કુમુદ સંકોચાઈ ગયા અને કપટી રાજારૂપી ઘુવડો સંતાઈ ગયા. ॥૧॥

ભએ બિસોક કોક મુનિ દેવા। બરિસહિં સુમન જનાવહિં સેવા॥
ગુર પદ બંદિ સહિત અનુરાગા। રામ મુનિન્હ સન આયસુ માગા॥૨॥

મુનિ અને દેવતારૂપી ચક્રવાક શોકરહિત થઈ ગયા. તેઓ ફૂલ વરસાવીને પોતાની સેવા પ્રકટ કરી રહ્યા છે. પ્રેમસહિત ગુરુના ચરણોની વંદના કરીને શ્રીરામચન્દ્રજીએ મુનિઓની આજ્ઞા માગી. ॥૨॥

સહજહિં ચલે સકલ જગ સ્વામી। મત્ત મંજુ બર કુંજર ગામી॥
ચલત રામ સબ પુર નર નારી। પુલક પૂરિ તન ભએ સુખારી॥૩॥

સમસ્ત જગતના સ્વામી શ્રીરામજી સુંદર મદમસ્ત શ્રેષ્ઠ હાથીના જેવી ચાલથી સ્વાભાવિક જ ચાલ્યા. શ્રીરામચન્દ્રજીના ચાલતાં જ નગરભરનાં સર્વે સ્ત્રી-પુરુષ સુખી થઈ ગયાં અને એમનાં શરીર રોમાંચથી ભરાઈ ગયાં. ॥૩॥

બંદિ પિતર સુર સુકૃત સँભારે। જૌં કછુ પુન્ય પ્રભાઉ હમારે॥
તૌ સિવધનુ મૃનાલ કી નાઈં। તોરહુँ રામુ ગનેસ ગોસાઈં॥૪॥

તેમણે (નગરજનોએ) પિતૃ અને દેવતાઓની વંદના કરીને પોતાનાં પુણ્યોનું સ્મરણ કર્યું. જો અમારા પુણ્યોનો કંઈ પણ પ્રભાવ હોય તો, હે ગણેશ ગોસાઈં! રામચન્દ્રજી શિવજીના ધનુષને કમળની ડાંડીની પેઠે તોડી નાંખે. ॥૪॥

દો૦– રામહિ પ્રેમ સમેત લખિ સખિન્હ સમીપ બોલાઇ।
સીતા માતુ સનેહ બસ બચન કહઇ બિલખાઇ॥૨૫૫॥

શ્રીરામચન્દ્રજીને [વાત્સલ્ય] પ્રેમની દૃષ્ટિએ નિહાળીને અને સખીઓને સમીપ બોલાવી સીતાજીનાં માતા સ્નેહવશ સંકોચાઈને (વિલાપ કરતાં હોય તેમ) આ વચન બોલ્યાં – ॥૨૫૫॥

ચૌ૦– સખિ સબ કૌતુકુ દેખનિહારે। જેઉ કહાવત હિતૂ હમારે॥
કોઉ ન બુઝાઈ કહઈ ગુર પાહીં। એ બાલક અસિ હઠ ભલિ નાહીં॥ ૧॥

હે સખી! આ જે અમારા હિતેચ્છુ કહેવડાવે છે તે પણ બધા તમાશો જોવાવાળા છે. કોઈ પણ [એમના] ગુરુ વિશ્વામિત્રજીને સમજાવીને નથી કહેતા કે આ (રામજી) બાળક છે, એમના માટે આવો હઠ સારો નથી [જે ધનુષ રાવણ અને બાણાસુર – જેવા જગદ્‌વિજયી વીરોના હલાવવા છતાં ન હલી શક્યું, તેને તોડવા માટે મુનિ વિશ્વામિત્રજીએ રામજીને આજ્ઞા આપવી અને રામજીએ એને તોડવા માટે ચાલી નીકળવું રાણીને હઠ જણાયું, એટલે તે કહેવા લાગ્યાં કે ગુરુ વિશ્વામિત્રજીને કોઈ સમજાવતું પણ નથી]. ॥ ૧॥

રાવન બાન છુઆ નહિં ચાપા। હારે સકલ ભૂપ કરિ દાપા॥
સો ધનુ રાજકુઅઁર કર દેહીં। બાલ મરાલ કિ મંદર લેહીં॥ ૨॥

રાવણ અને બાણાસુર જે ધનુષને અડ્યા પણ નથી અને સર્વે રાજા ઘમંડ કરીને હારી ગયા, તે જ ધનુષ આ સુકુમાર રાજકુમારના હાથમાં આપી રહ્યા છે. હંસનું બચ્ચું પણ ક્યાંય મંદરાચલ પર્વત ઉપાડી શકે છે? ॥ ૨॥

ભૂપ સયાનપ સકલ સિરાની। સખિ બિધિ ગતિ કછુ જાતિ ન જાની॥
બોલી ચતુર સખી મૃદુ બાની। તેજવંત લઘુ ગનિઅ ન રાની॥ ૩॥

[બીજો તો કોઈ સમજાવીને કહે કે ન કહે, રાજા તો મોટા સમજદાર અને જ્ઞાની છે, તેમણે તો ગુરુને સમજાવવાની ચેષ્ટા કરવી જોઈતી હતી, પરંતુ માલૂમ પડે છે કે] રાજાની પણ બધી સમજણ સમાપ્ત થઈ ગઈ છે. હે સખી! વિધાતાની ગતિ કંઈ જાણવામાં આવતી નથી. [આમ કહીને રાણી ચૂપ થઈ ગયાં]. ત્યારે એક ચતુર (રામજીના મહત્ત્વને જાણનાર) સખી કોમળ વાણીમાં બોલી – હે રાણી! તેજવાનને [જોવામાં નાનો હોવા છતાંય] નાનો ન ગણવો જોઈએ. ॥ ૩॥

કહઁ કુંભજ કહઁ સિંધુ અપારા। સોષેઉ સુજસુ સકલ સંસારા॥
રબિ મંડલ દેખત લઘુ લાગા। ઉદયઁ તાસુ તિભુવન તમ ભાગા॥ ૪॥

ક્યાં ઘડાથી ઉત્પન્ન થનારા [નાનકડા] મુનિ અગસ્ત્ય અને ક્યાં અપાર સમુદ્ર? પરંતુ તેમણે તેને શોષી લીધો, જેમનો સુયશ આખા સંસારમાં છવાયેલો છે. સૂર્યસમૂહ જોવામાં નાનો લાગે છે, પણ તેનો ઉદય થતાં જ ત્રણેય લોકોનો અંધકાર નાસી જાય છે. ॥ ૪॥

દો૦– મંત્ર પરમ લઘુ જાસુ બસ બિધિ હરિ હર સુર સર્બ।
મહામત્ત ગજરાજ કહુઁ બસ કર અંકુસ ખર્બ॥ ૨૫૬॥

જેના વશમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને સર્વે દેવતા છે, તે મંત્ર અત્યંત નાનો હોય છે. મહાન મદમસ્ત ગજરાજને નાનકડો અંકુશ વશમાં કરી લે છે. ॥ ૨૫૬॥

ચૌ૦– કામ કુસુમ ધનુ સાયક લીન્હે। સકલ ભુવન અપને બસ કીન્હે॥
દેબિ તજિઅ સંસઉ અસ જાની। ભંજબ ધનુષુ રામ સુનુ રાની॥ ૧॥

કામદેવે ફૂલોનાં જ ધનુષ-બાણ લઈને સમસ્ત લોકોને પોતાના વશમાં કરી રાખ્યા છે. હે દેવી! આમ જાણીને સંદેહ ત્યાગી દો. હે રાણી! સાંભળો, રામચન્દ્રજી ધનુષને અવશ્ય તોડશે જ. ॥ ૧॥

સખી બચન સુનિ ભૈ પરતીતી । મિટા બિષાદુ બઢ઼ી અતિ પ્રીતી ॥
તબ રામહિ બિલોકિ બૈદેહી । સભય હૃદયઁ બિનવતિ જેહિ તેહી ॥ ૨॥

સખીનાં વચન સાંભળીને રાણીને (શ્રીરામજીના સામર્થ્ય સંબંધે) વિશ્વાસ થઈ ગયો. તેમની ઉદાસી મટી ગઈ અને શ્રીરામજી પ્રત્યે તેમનો પ્રેમ અત્યંત વધી ગયો. તે સમયે શ્રીરામચંદ્રજીને જોઈને સીતાજી ભયભીત હૃદયે જે - તે દેવને પ્રાર્થના કરી રહ્યાં છે. ॥ ૨॥

મનહીં મન મનાવ અકુલાની । હોહુ પ્રસન્ન મહેસ ભવાની ॥
કરહુ સફલ આપનિ સેવકાઈ । કરિ હિતુ હરહુ ચાપ ગરુઆઈ ॥ ૩॥

તેઓ વ્યાકુળ થઈને મનમાં ને મનમાં વિનવણી કરી રહ્યાં છે - હે મહેશ-ભવાની! મારા પર પ્રસન્ન થાઓ, મેં આપની જે સેવા કરી છે તેને સફળ કરો અને મારા પર સ્નેહ કરીને ધનુષના ભારેપણાને હરી લો. ॥ ૩॥

ગનનાયક બર દાયક દેવા । આજુ લગેં કીન્હિઉઁ તુઅ સેવા ॥
બાર બાર બિનતી સુનિ મોરી । કરહુ ચાપ ગુરુતા અતિ થોરી ॥ ૪॥

હે ગણોના નાયક! વર આપનારા દેવ ગણેશજી! મેં આજના જ માટે તમારી સેવા કરી હતી. વારંવાર મારી વિનંતી સાંભળીને ધનુષનું ભારેપણું ઘણું જ ઓછું કરી નાખો. ॥ ૪॥

દો૦ – દેખિ દેખિ રઘુબીર તન સુર મનાવ ધરિ ધીર ।
ભરે બિલોચન પ્રેમ જલ પુલકાવલી સરીર ॥ ૨૫૭॥

શ્રીરઘુનાથજીની તરફ જોઈ જોઈને સીતાજી ધીરજ ધરીને સૂર્યનારાયણને મનાવી રહ્યાં છે. તેમનાં નેત્રોમાં પ્રેમનાં આંસુ ભર્યાં છે અને શરીરમાં રોમાંચ થઈ રહ્યો છે. ॥ ૨૫૭॥

ચૌ૦ – નીકેં નિરખિ નયન ભરિ સોભા । પિતુ પનુ સુમિરિ બહુરિ મનુ છોભા ॥
અહહ તાત દારુનિ હઠ ઠાની । સમુઝત નહિં કછુ લાભુ ન હાની ॥ ૧॥

સારી રીતે નેત્રો ભરીને શ્રીરામજીની શોભા જોઈને, પછી પિતાના પ્રણનું સ્મરણ કરીને સીતાજીનું મન ક્ષુબ્ધ થઈ ગયું. [તે મનમાં ને મનમાં કહેવા લાગ્યાં –] અહો! પિતાજીએ ઘણું જ કઠણ હઠ નિરધાર્યું છે, તેઓ નફો-નુકસાન કંઈ પણ નથી સમજી રહ્યા. ॥ ૧॥

સચિવ સભય સિખ દેઇ ન કોઈ । બુધ સમાજ બડ઼ અનુચિત હોઈ ॥
કહઁ ધનુ કુલિસહુ ચાહિ કઠોરા । કહઁ સ્યામલ મૃદુગાત કિસોરા ॥ ૨॥

મંત્રીઓ ડરી રહ્યા છે, માટે કોઈ એમને શિખામણ પણ આપતું નથી, પંડિતોની સભામાં આ ઘણું જ અનુચિત થઈ રહ્યું છે. ક્યાં તો વજ્રથી પણ અધિક કઠોર ધનુષ અને ક્યાં એ કોમળશરીર કિશોર શ્યામસુંદર! ॥ ૨॥

બિધિ કેહિ ભાઁતિ ધરૌં ઉર ધીરા । સિરસ સુમન કન બેધિઅ હીરા ॥
સકલ સભા કૈ મતિ ભૈ ભોરી । અબ મોહિ સંભુચાપ ગતિ તોરી ॥ ૩॥

હે વિધાતા! હું હૃદયમાં કઈ રીતે ધીરજ રાખું, સરસિયાના ફૂલના કણથી ક્યાંય હીરો છેદી શકાય છે? આખી સભાની બુદ્ધિ બહેર મારી ગઈ છે (બાવરી થઈ ગઈ છે), એટલે હે શિવજીના ધનુષ! હવે તો મને તારો જ આશરો છે. ॥ ૩॥

નિજ જડ઼તા લોગન્હ પર ડારી। હોહિ હરુઅ રઘુપતિહિ નિહારી ॥
અતિ પરિતાપ સીય મન માહીં। લવ નિમેષ જુગ સય સમ જાહીં ॥ ૪॥

[શ્રીસીતાજી ધનુષને વીનવી રહ્યાં છે કે] તું તારી જડતા (ભારેપણું) લોકોના ઉપર નાખીને, શ્રીરઘુનાથજી[ના સુકુમાર શરીર]ને જોઈને [એટલું જ] હલકું થઈ જા. [જેથી શ્રીરામજી તેને સરળતાથી ઉઠાવી શકે]. આ રીતે સીતાજીના મનમાં ઘણો જ સંતાપ થઈ રહ્યો છે. નિમેષનો એક લવલેશ માત્ર પણ સો યુગ સમાન વીતી રહ્યો છે. ॥ ૪॥

દો૦– પ્રભુહિ ચિતઈ પુનિ ચિતવ મહિ રાજત લોચન લોલ।
ખેલત મનસિજ મીન જુગ જનુ બિધુ મંડલ ડોલ ॥ ૨૫૮॥

પ્રભુ શ્રીરામચન્દ્રજીને જોઈને પછી પૃથ્વી તરફ જોતાં સીતાજીનાં ચંચળ નેત્રો એવી રીતે શોભિત થઈ રહ્યાં છે, જાણે ચન્દ્રમંડળરૂપી ડોલમાં કામદેવરૂપી બે માછલીઓ રમી રહી હોય. ॥ ૨૫૮॥

ચૌ૦– ગિરા અલિનિ મુખ પંકજ રોકી। પ્રગટ ન લાજ નિસા અવલોકી ॥
લોચન જલુ રહ લોચન કોના। જૈસેં પરમ કૃપન કર સોના ॥ ૧॥

સીતાજીની વાણીરૂપી ભમરીને તેમના મુખરૂપી કમળે રોકી રાખ્યા છે. લજ્જારૂપી રાત્રિને જોઈને તે પ્રકટ નથી થઈ રહી. નેત્રોનું જળ નેત્રોના ખૂણામાં જ રહી જાય છે, જેમ અતિ કંજૂસનું સોનું દટાયેલું જ રહી જાય. ॥ ૧॥

સકુચી બ્યાકુલતા બડ઼િ જાની। ધરિ ધીરજુ પ્રતીતિ ઉર આની ॥
તન મન બચન મોર પનુ સાચા। રઘુપતિ પદ સરોજ ચિતુ રાચા ॥ ૨॥

પોતાની વધેલી વ્યાકુળતા જોઈને સીતાજી સંકોચાઈ ગયાં અને ધીરજ ધરીને હૃદયમાં વિશ્વાસ આણ્યો કે જો તન, મન અને વચનથી મારું પ્રણ સાચું છે અને શ્રીરઘુનાથજીનાં ચરણકમળોમાં મારું ચિત્ત વાસ્તવમાં અનુરક્ત છે, ॥ ૨॥

તૌ ભગવાનુ સકલ ઉર બાસી। કરિહિ મોહિ રઘુબર કૈ દાસી ॥
જેહિ કેં જેહિ પર સત્ય સનેહૂ। સો તેહિ મિલઈ ન કછુ સંદેહૂ ॥ ૩॥

તો સર્વેના હૃદયમાં નિવાસ કરનારા ભગવાન મને રઘુશ્રેષ્ઠ શ્રીરામચન્દ્રજીની દાસી અવશ્ય બનાવશે. જેનો જેના પર સાચો સ્નેહ હોય છે, તે તેને મળે જ છે, આમાં કોઈ સંશય નથી. ॥ ૩॥

પ્રભુ તન ચિતઈ પ્રેમ તન ઠાના। કૃપાનિધાન રામ સબુ જાના ॥
સિયહિ બિલોકિ તકેઉ ધનુ કૈસેં। ચિતવ ગરુરુ લઘુ બ્યાલહિ જૈસેં ॥ ૪॥

પ્રભુની સામે જોઈ સીતાજીએ તનથી પ્રેમ નિર્ધારી લીધો (અર્થાત્ એમ નિશ્ચય કરી લીધો કે આ શરીર એમનું જ થઈને રહેશે કાં તો રહેશે જ નહિ.) કૃપાનિધાન શ્રીરામજી બધું જ જાણી ગયા. તેમને સીતાજીને જોઈને ધનુષની તરફ એવી રીતે જોયું, જેમ ગરુડજી નાનકડા સર્પને જુએ છે. ॥ ૪॥

દો૦ – લખન લખેઉ રઘુબંસમનિ તાકેઉ હર કોદંડુ ।
પુલકિ ગાત બોલે બચન ચરન ચાપિ બ્રહ્માંડુ ॥ ૨૫૯॥

આ બાજુ જ્યારે લક્ષ્મણજીએ જોયું કે રઘુકુળમણિ શ્રીરામચન્દ્રજીએ શિવજીના ધનુષની સામે જોયું છે તો તેઓ શરીરથી પુલકિત થઈને બ્રહ્માંડને ચરણોથી દબાવી વચન બોલ્યા - ॥ ૨૫૯॥

ચૌ૦ – દિસિકુંજરહુ કમઠ અહિ કોલા । ધરહુ ધરનિ ધરિ ધીર ન ડોલા ॥
રામુ ચહહિં સંકર ધનુ તોરા । હોહુ સજગ સુનિ આયસુ મોરા ॥ ૧॥

હે દિગ્ગજો! હે કચ્છપ, હે શેષ, હે વારાહ! ધીરજ ધરીને પૃથ્વીને પકડી રાખજો, જેથી તે ડોલી ન શકે. શ્રીરામચન્દ્રજી શિવજીના ધનુષને તોડવા ઇચ્છે છે. મારી આજ્ઞા સાંભળી બધા સાવધાન થઈ જાઓ. ॥ ૧॥

ચાપ સમીપ રામુ જબ આએ । નર નારિન્હ સુર સુકૃત મનાએ ॥
સબ કર સંસઉ અરુ અગ્યાનૂ । મંદ મહીપન્હ કર અભિમાનૂ ॥ ૨॥

શ્રીરામચન્દ્રજી જ્યારે ધનુષની નજીક આવ્યા ત્યારે સર્વે સ્ત્રી-પુરુષોએ દેવતાઓ અને પુણ્યોને મનાવ્યાં (યાદ કર્યાં). સર્વેનો સંદેહ અને અજ્ઞાન, નીચ રાજાઓનું અભિમાન હારીને, ॥ ૨॥

ભૃગુપતિ કેરિ ગરબ ગરુઆઈ । સુર મુનિબરન્હ કેરિ કદરાઈ ॥
સિય કર સોચુ જનક પછિતાવા । રાનિન્હ કર દારુન દુખ દાવા ॥ ૩॥

પરશુરામજીના ગર્વની ગુરુતા, દેવતા અને શ્રેષ્ઠ મુનિઓનું બેબાકળાપણું સીતાજીનો શોક, જનકજીનો પશ્ચાત્તાપ અને રાણીઓના દારુણ દુઃખનો દાવાનળ, (હારીને) ॥ ૩॥

સંભુચાપ બડ઼ બોહિતુ પાઈ । ચઢ઼ે જાઇ સબ સંગુ બનાઈ ॥
રામ બાહુબલ સિંધુ અપારૂ । ચહત પારુ નહિં કોઉ કડ઼હારૂ ॥ ૪॥

એ બધાં શિવજીના ધનુષરૂપી મોટા વહાણને પામી, સમાજ બનાવી તેની ઉપર જઈ ચઢ્યાં. એ બધા શ્રીરામચન્દ્રજીની ભુજાઓના બળરૂપી અપાર સમુદ્રને પાર કરવા ઇચ્છે છે, પરંતુ કોઈ કેવટ મળતો નથી. ॥ ૪॥

દો૦ – રામ બિલોકે લોગ સબ ચિત્ર લિખે સે દેખિ ।
ચિતઈ સીય કૃપાયતન જાની બિકલ બિસેષિ ॥ ૨૬૦॥

શ્રીરામજીએ સર્વે લોકોની સામે જોયું અને તેમને ચિત્રમાં ચીતરેલા જેવા જ (સ્થિર) જોઈને, પછી કૃપાધામ શ્રીરામજીએ સીતાજીની સામે જોયું અને તેમને વિશેષ વ્યાકુળ જાણ્યાં. ॥ ૨૬૦॥

ચૌ૦ – દેખી બિપુલ બિકલ બૈદેહી । નિમિષ બિહાત કલપ સમ તેહી ॥
તૃષિત બારિ બિનુ જો તનુ ત્યાગા । મુએઁ કરઇ કા સુધા તડ઼ાગા ॥ ૧॥

તેમણે જાનકીજીને અત્યંત વ્યાકુળ જોયાં, જેમની એક-એક ક્ષણ કલ્પ સમાન વીતી રહી હતી. જો તરસ્યો માણસ જળ વિના શરીર છોડી દે, તો તેના મૂઆ પછી અમૃતનું તળાવ પણ શું કરશે? ॥ ૧॥

કા બરષા સબ કૃષી સુખાનેં । સમય ચુકેં પુનિ કા પછિતાનેં ॥
અસ જિયઁ જાનિ જાનકી દેખી । પ્રભુ પુલકે લખિ પ્રીતિ બિસેષી ॥ ૨॥

બધી ખેતી સુકાઈ જાય પછી વર્ષા શું કામની? સમય વીતી ગયા પછી પસ્તાવાથી શું લાભ? અંતરમાં એમ સમજીને શ્રીરામજીએ જાનકીજીની તરફ જોયું અને એમનો વિશેષ પ્રેમ જાણીને તેઓ પુલકિત થઈ ગયા. ॥ ૨॥

ગુરહિ પ્રનામુ મનહિં મન કીન્હા । અતિ લાઘવઁ ઉઠાઇ ધનુ લીન્હા ॥
દમકેઉ દામિનિ જિમિ જબ લયઊ । પુનિ નભ ધનુ મંડલસમ ભયઊ ॥ ૩॥

મનમાં ને મનમાં તેમણે ગુરુજીને પ્રણામ કર્યાં અને ઘણી જ સ્ફૂર્તિથી ધનુષને ઊંચકી લીધું. જ્યારે એને [હાથમાં] લીધું, ત્યારે તે ધનુષ વીજળીની જેમ ચમક્યું અને પછી આકાશમાં મંડળ-જેવું (મંડલાકાર-ગોળાકાર) થઈ ગયું. ॥ ૩॥

લેત ચઢ઼ાવત ખૈંચત ગાઢ઼ેં । કાહુઁ ન લખા દેખ સબુ ઠાઢ઼ેં ॥
તેહિ છન રામ મધ્ય ધનુ તોરા । ભરે ભુવન ધુનિ ઘોર કઠોરા ॥ ૪॥

ધનુષ લેતાં, ચઢાવતાં અને જોરથી ખેંચતાં કોઈએ ન જાણ્યા. (અર્થાત્ આ ત્રણે કામ એટલી ઝડપથી થયાં કે ધનુષને ક્યારે ઊંચક્યું, ક્યારે ચઢાવ્યું અને ક્યારે ખેંચ્યું, એની કોઈને ખબર જ ન પડી); બધાએ શ્રીરામજીને [ધનુષ ખેંચી] ઊભેલા જોયા. એ જ ક્ષણે શ્રીરામજીએ ધનુષને વચમાંથી તોડી નાંખ્યું. ભયંકર કઠોર ધ્વનિ [બધા] બધા લોકોમાં પ્રતિધ્વનિત થઈને ગુંજી ઊઠી. ॥ ૪॥

છં૦– ભરે ભુવન ઘોર કઠોર રવ રબિ બાજિ તજિ મારગુ ચલે ।
ચિક્કરહિં દિગ્ગજ ડોલ મહિ અહિ કોલ કૂરુમ કલમલે ॥
સુર અસુર મુનિ કર કાન દીન્હેં સકલ બિકલ બિચારહીં ।
કોદંડ ખંડેઉ રામ તુલસી જયતિ બચન ઉચારહીં ॥

ઘોર, કઠોર અવાજથી [સર્વે] લોક ભરાઈ ગયા, સૂર્યના ઘોડા માર્ગ છોડીને ચાલવા લાગ્યા. દિગ્ગજો ચિત્કારવા લાગ્યા. ધરતી ડોલવા લાગી. શેષ, વારાહ અને કચ્છપ ખળભળી ઊઠ્યા. દેવો, રાક્ષસો અને મુનિઓએ કાન પર હાથ મૂક્યા અને સર્વે વ્યાકુળ થઈને વિચારવા લાગ્યા. તુલસીદાસજી કહે છે; [જ્યારે બધાને નિશ્ચય થઈ ગયો કે] શ્રીરામજીએ ધનુષને તોડી નાખ્યું, ત્યારે બધા 'શ્રીરામચન્દ્રજીનો જય' બોલવા લાગ્યા. ॥ ૫॥

સો૦– સંકર ચાપુ જહાજુ સાગરુ રઘુબર બાહુબલુ ।
બૂડ઼ સો સકલ સમાજુ ચઢ઼ા જો પ્રથમહિં મોહ બસ ॥ ૨૬૧॥

શિવજીનું ધનુષ વહાણ છે અને શ્રીરામજીની ભુજાઓનું બળ સમુદ્ર છે. [ધનુષ તૂટવાથી] તે આખોય સંઘ ડૂબી ગયો જે મોહવશ થઈને અગાઉ આ વહાણ ઉપર ચઢ્યો હતો. [જેનું વર્ણન આગળ આવ્યું છે] ॥ ૨૬૧॥

ચૌ૦ – પ્રભુ દોઉ ચાપખંડ મહિ ડારે । દેખિ લોગ સબ ભએ સુખારે ॥
કૌસિકરૂપ પયોનિધિ પાવન । પ્રેમ બારિ અવગાહુ સુહાવન ॥ ૧॥

પ્રભુએ ધનુષના બંને ટુકડા પૃથ્વી પર નાખી દીધા. આ જોઈને બધા લોકો સુખી થયા. વિશ્વામિત્રરૂપી પવિત્ર સમુદ્રમાં; જેમાં પ્રેમરૂપી સુંદર અગાધ જળ ભર્યું છે, ॥ ૧॥

રામરૂપ રાકેસુ નિહારી । બઢ़ત બીચિ પુલકાવલિ ભારી ॥
બાજે નભ ગહગહે નિસાના । દેવબધૂ નાચહિં કરિ ગાના ॥ ૨॥

રામરૂપી પૂર્ણ ચન્દ્રને જોઈને પુલકાવલિરૂપી ભારે લહેરો વધવા લાગી. આકાશમાં અત્યંત જોરથી નગારાં વાગવા લાગ્યાં અને દેવાંગનાઓ ગાન કરીને નાચવા લાગી. ॥ ૨॥

બ્રહ્માદિક સુર સિદ્ધ મુનીસા । પ્રભુહિ પ્રસંસહિં દેહિં અસીસા ॥
બરિસહિં સુમન રંગ બહુ માલા । ગાવહિં કિંનર ગીત રસાલા ॥ ૩॥

બ્રહ્મા આદિ દેવતા, સિદ્ધ અને મુનીશ્વરજન પ્રભુની પ્રશંસા કરી રહ્યા છે અને આશીર્વાદ આપી રહ્યા છે. તેઓ રંગબેરંગી ફૂલો અને માળાઓ વરસાવી રહ્યા છે. કિન્નરજન રસીલાં ગીત ગાઈ રહ્યા છે. ॥ ૩॥

રહી ભુવન ભરિ જય જય બાની । ધનુષ ભંગ ધુનિ જાત ન જાની ॥
મુદિત કહહિં જહઁ તહઁ નર નારી । ભંજેઉ રામ સંભુધનુ ભારી ॥ ૪॥

ધનુષ ભંગ થયો તેના પ્રચંડ ધ્વનિ સાથે જ 'શ્રીરામજીએ ભારે ધનુષ તોડી નાખ્યું'ના ધ્વનિ સાથે જ ચારેય બાજુ જયજયકારનો ધ્વનિ સમસ્ત બ્રહ્માંડમાં છવાઈ ગયો. જયજયકારનો ધ્વનિ ઘણીવાર સુધી ચાલતો રહ્યો જેથી લોકોને ખબર જ ન પડી કે ધનુષભંગનો ધ્વનિ ક્યારે વિલીન થઈ ગયો. ચારેબાજુ નરનારી શ્રીરામજીની પ્રશંસા કરી રહ્યાં છે. ॥ ૪॥

દો૦ – બંદી માગધ સૂતગન બિરુદ બદહિં મતિધીર ।
કરહિં નિછાવરિ લોગ સબ હય ગય ધન મનિ ચીર ॥ ૨૬૨॥

ધીર બુદ્ધિવાળા, ભાટ, માગધ અને સૂતજનો બિરુદાવલી(કીર્તિ)નાં વખાણ કરી રહ્યા છે. સર્વે લોકો ઘોડા, હાથી, ધન, મણિ અને વસ્ત્ર ન્યોછાવર કરી રહ્યા છે. ॥ ૨૬૨॥

ચૌ૦ – ઝાઁઝિ મૃદંગ સંખ સહનાઈ । ભેરિ ઢોલ દુંદુભી સુહાઈ ॥
બાજહિં બહુ બાજને સુહાએ । જહઁ તહઁ જુબતિન્હ મંગલ ગાએ ॥ ૧॥

ઝાંઝ, મૃદંગ, શંખ, શરણાઈ, દુંદુભી અને સોહામણાં નગારાં આદિ ઘણી જાતનાં સુંદર વાજાં વાગી રહ્યાં છે. સર્વત્ર યુવતીઓ મંગળ ગીતો ગાઈ રહી છે. ॥ ૧॥

સખિન્હ સહિત હરષી અતિ રાની । સૂખત ધાન પરા જનુ પાની ॥
જનક લહેઉ સુખુ સોચુ બિહાઈ । પૈરત થકેં થાહ જનુ પાઈ ॥ ૨॥

સખીઓસહિત રાણી અત્યંત હરખાયાં, જાણે સૂકાતાં ધાન્ય પર પાણી વરસ્યું હોય. જનકજીએ શોક ત્યજીને સુખ પ્રાપ્ત કર્યું, જાણે તરતાં તરતાં થાકેલા પુરુષે આધાર મેળવી લીધો હોય. ॥ ૨॥

શ્રીહત ભએ ભૂપ ધનુ ટૂટે। જૈસેં દિવસ દીપ છબિ છૂટે ॥
સીય સુખહિ બરનિઅ કેહિ ભાઁતી। જનુ ચાતકી પાઇ જલુ સ્વાતી ॥ ૩॥

ધનુષ તૂટી જવાથી રાજા લોકો એવા શ્રીહીન (નિસ્તેજ) થઈ ગયા જેમ દિવસે દીપકની શોભા જતી રહે છે. સીતાજીનું સુખ એવી રીતે વર્ણવી શકાય; જેમ ચાતકી સ્વાતીનું જળ પામી ગઈ હોય. ॥ ૩॥

રામહિ લખનુ બિલોકત કૈસેં। સસિહિ ચકોર કિસોરકુ જૈસેં ॥
સતાનંદ તબ આયસુ દીન્હા। સીતાઁ ગમનુ રામ પહિં કીન્હા ॥ ૪॥

શ્રીરામજીને લક્ષ્મણજી એવી રીતે જોઈ રહ્યા છે, જેમ ચન્દ્રમાને ચકોરનું બચ્ચું જોઈ રહ્યું હોય. ત્યારે શતાનન્દજીએ આજ્ઞા આપી અને સીતાજીએ શ્રીરામજીની પાસે પ્રયાણ કર્યું. ॥ ૪॥

દો૦— સંગ સખીં સુંદર ચતુર ગાવહિં મંગલચાર।
ગવની બાલ મરાલ ગતિ સુષમા અંગ અપાર ॥ ૨૬૩॥

સાથે સુંદર ચતુર સખીઓ મંગળાચારનાં ગીતો ગાઈ રહી છે; સીતાજી બાળહંસિની જેવી ચાલે ચાલ્યાં. તેમનાં અંગોમાં અપાર શોભા છે. ॥ ૨૬૩॥

ચૌ૦— સખિન્હ મધ્ય સિય સોહતિ કૈસેં। છબિગન મધ્ય મહાછબિ જૈસેં ॥
કર સરોજ જયમાલ સુહાઈ। બિસ્વ બિજય સોભા જેહિં છાઈ ॥ ૧॥

સખીઓની વચમાં સીતાજી એવાં શોભિત થઈ રહ્યાં છે; જેમ ઘણી જ શોભાઓની વચમાં મહાશોભા હોય. કરકમળમાં સુંદર જયમાળા છે, જેમાં વિશ્વવિજયની શોભા છવાયેલી છે. ॥ ૧॥

તન સકોચુ મન પરમ ઉછાહૂ। ગૂઢ઼ પ્રેમુ લખિ પરઇ ન કાહૂ ॥
જાઇ સમીપ રામ છબિ દેખી। રહિ જનુ કુઅઁરિ ચિત્ર અવરેખી ॥ ૨॥

સીતાજીના તનમાં સંકોચ છે, પણ મનમાં પરમ ઉત્સાહ છે. તેમનો આ ગુપ્ત પ્રેમ કોઈના જાણ્યામાં આવતો નથી. સમીપ જઈને, શ્રીરામજીની શોભા જોઈ રાજકુમારી સીતાજી જાણે ચિત્રમાં ચીતર્યાં હોય તેવા થઈ ગયાં. ॥ ૨॥

ચતુર સખીં લખિ કહા બુઝાઈ। પહિરાવહુ જયમાલ સુહાઈ ॥
સુનત જુગલ કર માલ ઉઠાઈ। પ્રેમ બિબસ પહિરાઇ ન જાઈ ॥ ૩॥

આ દશા જોઈને ચતુર સખીએ સમજાવીને કહ્યું – 'સોહામણી જયમાળા પહેરાવો.' આ સાંભળી સીતાજીએ બંને હાથેથી માળા ઊંચકી, પણ પ્રેમ વિવશ હોવાથી પહેરાવી ન શકાઈ. ॥ ૩॥

સોહત જનુ જુગ જલજ સનાલા। સસિહિ સભીત દેત જયમાલા ॥
ગાવહિં છબિ અવલોકિ સહેલી। સિયઁ જયમાલ રામ ઉર મેલી ॥ ૪॥

[તે સમયે તેમના હાથ એવા સુશોભિત થઈ રહ્યા છે] જાણે ડાંડીઓસહિત બે કમળ ચન્દ્રમાને બીતાં બીતાં જયમાળા આપી રહ્યાં હોય. આ શોભાને જોઈને સખીઓ ગાવા લાગી. ત્યારે સીતાજીએ શ્રીરામજીના ગળામાં જયમાળા પહેરાવી. ॥ ૪॥

સો૦ – રઘુબર ઉર જયમાલ દેખિ દેવ બરિસહિં સુમન ।
સકુચે સકલ ભુઆલ જનુ બિલોકિ રબિ કુમુદગન ॥ ૨૬૪॥

શ્રીરઘુનાથજીના હૃદય પર જયમાળા જોઈને દેવો ફૂલ વરસાવા લાગ્યા. સમસ્ત રાજાજનો એવી રીતે સંકોચાઈ ગયા જાણે સૂર્યને જોઈ કુમુદોનો સમૂહ સંકોચાઈ જાય. ॥ ૨૬૪॥

ચૌ૦ – પુર અરુ બ્યોમ બાજને બાજે । ખલ ભએ મલિન સાધુ સબ રાજે ॥
સુર કિંનર નર નાગ મુનીસા । જય જય જય કહિ દેહિં અસીસા ॥ ૧॥

નગર અને આકાશમાં વાજાં વાગવા લાગ્યાં. દુષ્ટ લોકો ઉદાસ થઈ ગયા અને સજ્જન લોકો સર્વે પ્રસન્ન થઈ ગયા. દેવતા, કિન્નર, મનુષ્ય, નાગ અને મુનીશ્વર જયજયકાર કરીને આશીર્વાદ આપી રહ્યા છે. ॥ ૧॥

નાચહિં ગાવહિં બિબુધ બધૂટીં । બાર બાર કુસુમાંજલિ છૂટીં ॥
જહઁ તહઁ બિપ્ર બેદ ધુનિ કરહીં । બંદી બિરિદાવલિ ઉચ્ચરહીં ॥ ૨॥

દેવાંગનાઓ નાચવા-ગાવા લાગી છે. વારંવાર હાથોમાંથી પુષ્પોની અંજલિઓ છૂટી રહી છે. ચારેકોર બ્રાહ્મણ વેદધ્વનિ કરી રહ્યા છે અને ભાટ લોકો બિરુદાવલી (કુલકીર્તિ) વખાણી રહ્યા છે. ॥ ૨॥

મહિ પાતાલ નાક જસુ બ્યાપા । રામ બરી સિય ભંજેઉ ચાપા ॥
કરહિં આરતી પુર નર નારી । દેહિં નિછાવરિ બિત્ત બિસારી ॥ ૩॥

પૃથ્વી, પાતાળ અને સ્વર્ગ ત્રણેય લોકોમાં યશ ફેલાઈ ગયો કે શ્રીરામચન્દ્રજીએ ધનુષ તોડી નાખ્યું અને સીતાજીનું વરણ કરી લીધું. નગરનાં નર-નારી આરતી કરી રહ્યાં છે અને પોતાની સંપત્તિ (યોગ્યતા)ને ભૂલાવી (સામર્થ્યથી અત્યંત અધિક) ન્યોછાવર કરી રહ્યાં છે. ॥ ૩॥

સોહતિ સીય રામ કૈ જોરી । છબિ સિંગારુ મનહુઁ એક ઠોરી ॥
સખીં કહહિં પ્રભુપદ ગહુ સીતા । કરતિ ન ચરન પરસ અતિ ભીતા ॥ ૪॥

શ્રીસીતા-રામજીની જોડી એવી સુશોભિત થઈ રહી છે જાણે સુંદરતા અને શૃંગારરસ એકત્ર થઈ ગયા હોય. સખીઓ કહી રહી છે - સીતે! સ્વામીનાં ચરણોને સ્પર્શો; પરંતુ સીતાજી અત્યંત ભયભીત થઈ તેમનાં ચરણને સ્પર્શ કરતાં નથી. ॥ ૪॥

દો૦ – ગૌતમ તિય ગતિ સુરતિ કરિ નહિં પરસતિ પગ પાનિ ।
મન બિહસે રઘુબંસમનિ પ્રીતિ અલૌકિક જાનિ ॥ ૨૬૫॥

ગૌતમજીની સ્ત્રી અહલ્યાની ગતિનું સ્મરણ કરીને સીતાજી શ્રીરામજીના ચરણોને હાથેથી સ્પર્શ કરી રહ્યાં નથી. સીતાજીનો અલૌકિક પ્રેમ જાણીને રઘુકુલમણિ શ્રીરામચન્દ્રજી મનમાં હસ્યા. ॥ ૨૬૫॥

ચૌ૦ – તબ સિય દેખિ ભૂપ અભિલાષે । કૂર કપૂત મૂઢ઼ મન માખે ॥
ઉઠિ ઉઠિ પહિરિ સનાહ અભાગે । જહઁ તહઁ ગાલ બજાવન લાગે ॥ ૧॥

તે સમયે સીતાજીને જોઈને કેટલાક રાજા લોકો લલચાઈ ઊઠ્યા. તે દુષ્ટ, કપૂત અને મૂઢ રાજા મનમાં ઘણા રોષે ભરાયા. તે અભાગિયા ઊઠી-ઊઠીને, કવચ પહેરીને, જ્યાં-ત્યાં ગાલ બજાવવા લાગ્યા. ॥ ૧॥

લેહુ છડ઼ાઇ સીય કહ કોઊ । ધરિ બાઁધહુ નૃપ બાલક દોઊ ॥
તોરેં ધનુષુ ચાડ઼ નહિં સરઈ । જીવત હમહિ કુઅઁરિ કો બરઈ ॥ ૨॥

કોઈ કહે છે, સીતાને છીનવી લો અને બંને રાજકુમારોને પકડીને બાંધી લો. ધનુષ તોડવાથી ઇચ્છા નહીં સરે(આશા પૂરી નહીં થાય). અમારી હયાતીમાં રાજકુમારીને કોણ પરણી શકે છે? ॥ ૨॥

જૌં બિદેહુ કછુ કરૈ સહાઈ । જીતહુ સમર સહિત દોઉ ભાઈ ॥
સાધુ ભૂપ બોલે સુનિ બાની । રાજસમાજહિ લાજ લજાની ॥ ૩॥

જો જનક કંઈ સહાયતા કરે તો યુદ્ધમાં બંને ભાઈઓ સહિત એને પણ જીતી લો. આ વચન સાંભળી સજ્જન રાજા બોલ્યા – આ [નિર્લજ્જ] રાજસમાજને જોઈને તો લજ્જા પણ લજાઈ ગઈ. ॥ ૩॥

બલુ પ્રતાપુ બીરતા બડ઼ાઈ । નાક પિનાકહિ સંગ સિધાઈ ॥
સોઇ સૂરતા કિ અબ કહુઁ પાઈ । અસિ બુધિ તૌ બિધિ મુહઁ મસિ લાઈ ॥ ૪॥

અરે! તમારું બળ, પ્રતાપ, વીરતા, મોટાઈ અને નાક (પ્રતિષ્ઠા) તો ધનુષની સાથે જ ચાલ્યાં ગયાં. શું હવે એ જ વીરતા ક્યાંકથી પામી ગયા? આવી દુષ્ટ બુદ્ધિ છે, એટલે જ વિધાતાએ તમારાં મુખો ઉપર મેશ લગાડી દીધી. ॥ ૪॥

દો૦ – દેખહુ રામહિ નયન ભરિ તજિ ઇરિષા મદુ કોહુ ।
લખન રોષુ પાવકુ પ્રબલ જાનિ સલભ જનિ હોહુ ॥ ૨૬૬॥

ઈર્ષા, ઘમંડ અને ક્રોધ છોડીને નેત્રો ભરીને શ્રીરામજી [ની શોભા]ને જોઈ લો. લક્ષ્મણજીના ક્રોધને પ્રબળ અગ્નિ જાણીને એમાં પતંગિયાં ન બનો. ॥ ૨૬૬॥

ચૌ૦ – બૈનતેય બલિ જિમિ ચહ કાગૂ । જિમિ સસુ ચહૈ નાગ અરિ ભાગૂ ॥
જિમિ ચહ કુસલ અકારન કોહી । સબ સંપદા ચહૈ સિવદ્રોહી ॥ ૧॥

જેમ ગરુડનો ભાગ કાગડો ઇચ્છે, સિંહનો ભાગ સસલું ઇચ્છે, વિના કારણેય ક્રોધ કરનારો પોતાની કુશળતા ઇચ્છે, શિવજીનો વિરોધ કરનારો બધા પ્રકારની સંપત્તિ ઇચ્છે, ॥ ૧॥

લોભી લોલુપ કલ કીરતિ ચહઈ । અકલંકતા કિ કામી લહઈ ॥
હરિ પદ બિમુખ પરમ ગતિ ચાહા । તસ તુમ્હાર લાલચુ નરનાહા ॥ ૨॥

લોભી-લાલચુ સુંદર કીર્તિને ઇચ્છે, કામી મનુષ્ય નિષ્કલંકતા [ઇચ્છે તો] શું પામી શકે છે? અને જેમ શ્રીહરિના ચરણોથી વિમુખ મનુષ્ય પરમગતિ (મોક્ષ) ઇચ્છે; હે રાજાઓ! સીતાને માટે તમારી લાલચ પણ એવી જ વ્યર્થ છે. ॥ ૨॥

કોલાહલુ સુનિ સીય સકાની । સખીં લવાઇ ગઈં જહઁ રાની ॥
રામુ સુભાયઁ ચલે ગુરુ પાહીં । સિય સનેહુ બરનત મન માહીં ॥ ૩॥

કોલાહલ સાંભળીને સીતાજી શંકિત થઈ ગયાં. ત્યારે સખીઓ તેમને ત્યાં લઈ ગઈ જ્યાં રાણી (સીતાજીનાં માતા) હતાં. શ્રીરામચન્દ્રજી સીતાજીના સ્નેહને મનમાં વખાણતાં સ્વાભાવિક ચાલથી ગુરુજીની પાસે ચાલ્યા. ॥ ૩॥

રાનિન્હ સહિત સોચ બસ સીયા। અબ ધૌં બિધિહિ કાહ કરનીયા ॥
ભૂપ બચન સુનિ ઈત ઉત તકહીં। લખનુ રામ ડર બોલિ ન સકહીં ॥ ૪॥

રાણીઓસહિત સીતાજી [દુષ્ટ રાજાઓનાં દુર્વચન સાંભળીને] શોકવશ છે, ન જાણે વિધાતા હવે શું કરનાર છે? રાજાઓનાં વચન સાંભળી લક્ષ્મણજી આમ-તેમ જુએ છે; પરંતુ શ્રીરામચન્દ્રજીના ડરથી કંઈ બોલી શકતા નથી. ॥ ૪॥

દો૦— અરુન નયન ભૃકુટી કુટિલ ચિતવત નૃપન્હ સકોપ।
મનહુઁ મત્ત ગજગન નિરખિ સિંઘકિસોરહિ ચોપ ॥ ૨૬૭॥

તેમનાં નેત્ર લાલ અને ભ્રમરો વાંકી થઈ ગઈ અને તેઓ ક્રોધથી રાજાઓની તરફ જોવા લાગ્યા; જાણે મદમસ્ત હાથીઓનું ટોળું જોઈને સિંહના બચ્ચાને આવેશ આવી ગયો હોય. ॥ ૨૬૭॥

ચૌ૦— ખરભરુ દેખિ બિકલ પુર નારીં। સબ મિલિ દેહિં મહીપન્હ ગારીં ॥
તેહિં અવસર સુનિ સિવ ધનુ ભંગા। આયઉ ભૃગુકુલ કમલ પતંગા ॥ ૧॥

ખળભળાટ જોઈને જનકપુરની સ્ત્રીઓ વ્યાકુળ થઈ ગઈ અને સર્વે મળીને રાજાઓને ગાળો આપવા લાગી. તે જ અવસરે શિવજીના ધનુષનું તૂટવાનું સાંભળી ભૃગુકુળરૂપી કમળના સૂર્ય પરશુરામજી આવ્યા. ॥ ૧॥

દેખિ મહીપ સકલ સકુચાને। બાજ ઝપટ જનુ લવા લુકાને ॥
ગૌરિ સરીર ભૂતિ ભલ ભ્રાજા। ભાલ બિસાલ ત્રિપુંડ બિરાજા ॥ ૨॥

તેમને જોઈને સર્વે રાજાઓ સંતાઈ ગયા, જાણે બાજની તરાપ પડ્યે તેતરો છુપાઈ ગયાં હોય. ગૌર શરીર પર વિભૂતિ (ભસ્મ) અત્યંત શોભી રહી છે અને વિશાળ લલાટ ઉપર ત્રિપુંડ વિશેષ શોભા આપી રહ્યું છે. ॥ ૨॥

સીસ જટા સસિબદનુ સુહાવા। રિસ બસ કછુક અરુન હોઇ આવા ॥
ભૃકુટી કુટિલ નયન રિસ રાતે। સહજહુઁ ચિતવત મનહુઁ રિસાતે ॥ ૩॥

સિર પર જટા છે, સુંદર મુખચન્દ્ર ક્રોધના લીધે કંઈક લાલ થઈ આવ્યું છે. ભ્રમરો વાંકી અને આંખો ક્રોધથી લાલ છે. સહજ જ (સ્વાભાવિક પણે) જોતા હોય છે તો પણ એવું લાગે છે જાણે ક્રોધ કરી રહ્યા છે. ॥ ૩॥

બૃષભ કંધ ઉર બાહુ બિસાલા। ચારુ જનેઉ માલ મૃગછાલા ॥
કટિ મુનિબસન તૂન દુઇ બાઁધેં। ધનુ સર કર કુઠારુ કલ કાઁધેં ॥ ૪॥

બળદના જેવા (ઊંચા અને પુષ્ટ) ખભા છે; છાતી અને ભુજાઓ વિશાળ છે. સુંદર યજ્ઞોપવીત ધારણ કરેલી છે, માળા પહેરી છે અને મૃગચર્મ લીધેલું છે. કમરમાં મુનિઓનાં વસ્ત્ર (વલ્કલ) અને બે ભાથાઓ બાંધ્યાં છે. હાથમાં ધનુષ-બાણ અને સુંદર ખભા પર ફરસો ધારણ કરેલ છે. ॥ ૪॥

દો૦ – સાંત બેષુ કરની કઠિન બરનિ ન જાઈ સરૂપ ।
ધરિ મુનિતનુ જનુ બીર રસુ આયઉ જહઁ સબ ભૂપ ॥ ૨૬૮॥

શાંત વેષ છે, પરંતુ કરણી ઘણી કઠોર છે; સ્વરૂપનું વર્ણન કરી નથી શકાતું. જાણે વીર-રસ જ મુનિનું શરીર ધારણ કરીને, જ્યાં સર્વે રાજાજનો છે ત્યાં આવી ગયો હોય. ॥ ૨૬૮॥

ચૌ૦ – દેખત ભૃગુપતિ બેષુ કરાલા । ઉઠે સકલ ભય બિકલ ભુઆલા ॥
પિતુ સમેત કહિ કહિ નિજ નામા । લગે કરન સબ દંડ પ્રનામા ॥ ૧॥

પરશુરામજીનો ભયાનક વેષ જોઈને સર્વે રાજા ભયથી વ્યાકુળ થઈ ઊભા થઈ ગયા અને પિતાસહિત પોતાનું નામ કહી-કહીને સૌ દંડવત્-પ્રણામ કરવા લાગ્યા. ॥ ૧॥

જેહિ સુભાયઁ ચિતવહિં હિતુ જાની । સો જાનઇ જનુ આઇ ખુટાની ॥
જનક બહોરિ આઇ સિરુ નાવા । સીય બોલાઇ પ્રનામુ કરાવા ॥ ૨॥

પરશુરામજી ભલું સમજીને પણ સ્વભાવિકરૂપે જેની તરફ જોઈ લે છે, તે સમજે છે કે જાણે મારું આયુષ્ય પૂરું થઈ ગયું. પછી જનકજીએ આવીને શીશ નમાવ્યું અને સીતાજીને બોલાવી પ્રણામ કરાવડાવ્યાં. ॥ ૨॥

આસિષ દીન્હિ સખીં હરષાનીં । નિજ સમાજ લૈ ગઈં સયાનીં ॥
બિસ્વામિત્રુ મિલે પુનિ આઈ । પદ સરોજ મેલે દોઉ ભાઈ ॥ ૩॥

પરશુરામજીએ સીતાજીને આશીર્વાદ આપ્યા. સખીઓ હર્ષિત થઈ અને [ત્યાં હવે વધુ વાર રોકાવું યોગ્ય ન જાણીને] તે ચતુર સખીઓ તેમને પોતાની મંડળીમાં લઈ ગઈ. પછી વિશ્વામિત્રજી આવીને મળ્યા અને તેમણે બંને ભાઈઓને તેમનાં ચરણકમળો પર નમાવડાવ્યા. ॥ ૩॥

રામુ લખનુ દસરથ કે ઢોટા । દીન્હિ અસીસ દેખિ ભલ જોટા ॥
રામહિ ચિતઇ રહે થકિ લોચન । રૂપ અપાર માર મદ મોચન ॥ ૪॥

[વિશ્વામિત્રજીએ કહ્યું –] આ રામ અને લક્ષ્મણ રાજા દશરથના પુત્ર છે. તેમની સુંદર જોડી જોઈને પરશુરામજીએ આશીર્વાદ આપ્યા. કામદેવનો પણ ગર્વ છોડાવનાર, શ્રીરામચન્દ્રજીના અપાર રૂપને જોઈને તેમનાં નેત્ર સ્થિર (સ્તંભિત) થઈ ગયાં. ॥ ૪॥

દો૦ – બહુરિ બિલોકિ બિદેહ સન કહહુ કાહ અતિ ભીર ।
પૂઁછત જાનિ અજાન જિમિ બ્યાપેઉ કોપુ સરીર ॥ ૨૬૯॥

પછી બધુંય જોઈને, જાણતા હોવા છતાં અજાણ્યાની જેમ જનકજીને પૂછે છે કે કહો, આ મોટી ભારે ભીડ કેમ છે? તેમના શરીરમાં ક્રોધ છવાયેલો છે. ॥ ૨૬૯॥

ચૌ૦ – સમાચાર કહિ જનક સુનાએ । જેહિ કારન મહીપ સબ આએ ॥
સુનત બચન ફિરિ અનત નિહારે । દેખે ચાપખંડ મહિ ડારે ॥ ૧॥

જે કારણે બધા રાજા આવ્યા હતા, રાજા જનકે તે બધા સમાચાર કહી સંભળાવ્યા. જનકનાં વચન સાંભળીને પરશુરામજીએ ફરીને બીજી બાજુ જોયું તો ધનુષના ટુકડા પૃથ્વી પર પડેલા દેખાયા. ॥ ૧॥

અતિ રિસ બોલે બચન કઠોરા। કહુ જડ઼ જનક ધનુષ કૈ તોરા॥
બેગિ દેખાઉ મૂઢ઼ ન ત આજૂ। ઉલટઉઁ મહિ જહઁ લહિ તવ રાજૂ॥ ૨॥

અત્યંત ક્રોધે ભરાઈને તેઓ કઠોર વચન બોલ્યા – રે મૂર્ખ જનક! બતાવ, ધનુષ કોણે તોડ્યું? તેને શીઘ્ર બતાવ, નહીં તો અરે મૂઢ! આજે હું જ્યાં સુધી તારું રાજ્ય છે, ત્યાં સુધીની પૃથ્વીને ઉલટાવી નાખીશ. ॥ ૨॥

અતિ ડરુ ઉતરુ દેત નૃપુ નાહીં। કુટિલ ભૂપ હરષે મન માહીં॥
સુર મુનિ નાગ નગર નર નારી। સોચહિં સકલ ત્રાસ ઉર ભારી॥ ૩॥

રાજાને અત્યંત ડર લાગ્યો, જેને લીધે તે ઉત્તર આપતા નથી. આ જોઈને કુટિલ રાજા મનમાં અતિ પ્રસન્ન થયા. દેવતા, મુનિ, નાગ અને નગરનાં સ્ત્રી-પુરુષ બધા શોક કરવા લાગ્યા, બધાના અંતરમાં ઘણો ભય છે. ॥ ૩॥

મન પછિતાતિ સીય મહતારી। બિધિ અબ સઁવરી બાત બિગારી॥
ભૃગુપતિ કર સુભાઉ સુનિ સીતા। અરધ નિમેષ કલપ સમ બીતા॥ ૪॥

સીતાજીનાં માતા મનમાં પસ્તાઈ રહ્યાં છે કે હાય! વિધાતાએ હવે બની-બનેલી વાત બગાડી નાખી. પરશુરામજીનો સ્વભાવ સાંભળીને સીતાજીનો અડધો ક્ષણ પણ કલ્પ સમાન વીતવા લાગ્યો. ॥ ૪॥

દો૦– સભય બિલોકે લોગ સબ જાનિ જાનકી ભીરુ।
હૃદયઁ ન હરષુ બિષાદુ કછુ બોલે શ્રીરઘુબીરુ॥ ૨૭૦॥

ત્યારે શ્રીરામચન્દ્રજી સર્વે લોકોને ભયભીત જોઈને અને સીતાજીને ડરેલાં જાણીને બોલ્યા – તેમના હૃદયમાં ન કોઈ હર્ષ હતો ન વિષાદ – ॥ ૨૭૦॥

માસપારાયણ, નવમો વિશ્રામ

નાથ સંભુધનુ ભંજનિહારા। હોઇહિ કેઉ એક દાસ તુમ્હારા॥
આયસુ કાહ કહિઅ કિન મોહી। સુનિ રિસાઇ બોલે મુનિ કોહી॥ ૧॥

હે નાથ! શિવજીના ધનુષને તોડનારો આપનો કોઈ એક દાસ જ હશે. શું આજ્ઞા છે, મને કેમ નથી કહેતા? આ સાંભળીને ક્રોધી મુનિ રિસાઈને બોલ્યા – ॥ ૧॥

સેવકુ સો જો કરૈ સેવકાઈ। અરિ કરની કરિ કરિઅ લરાઈ॥
સુનહુ રામ જેહિં સિવધનુ તોરા। સહસબાહુ સમ સો રિપુ મોરા॥ ૨॥

સેવક એ જ છે જે સેવાનું કામ કરે. શત્રુનું કામ કરીને તો લડાઈ જ કરવી જોઈએ. હે રામ! સાંભળો, જેણે શિવજીનું ધનુષ તોડ્યું છે, તે સહસ્રબાહુના જેવો મારો શત્રુ છે. ॥ ૨॥

સો બિલગાઉ બિહાઈ સમાજા। ન ત મારે જૈહહિં સબ રાજા॥
સુનિ મુનિ બચન લખન મુસુકાને। બોલે પરસુધરહિ અપમાને॥૩॥

તે આ સમાજને છોડીને અલગ થઈ જાય, નહીં તો બધા રાજા માર્યા જશે. મુનિનાં વચન સાંભળીને લક્ષ્મણજી મલકાયા અને પરશુરામજીનું અપમાન કરતાં બોલ્યા – ॥૩॥

બહુ ધનુહીં તોરીં લરિકાઈં। કબહુઁ ન અસિ રિસ કીન્હિ ગોસાઈં॥
એહિ ધનુ પર મમતા કેહિ હેતૂ। સુનિ રિસાઇ કહ ભૃગુકુલકેતૂ॥૪॥

હે ગોસાઈં! બાળપણમાં અમે ઘણાં જ નાનાં ધનુષો તોડી નાખ્યાં. પરંતુ આપે આવો ક્રોધ ક્યારેય નથી કર્યો. આ ધનુષ પર આટલી મમતા કયા કારણે છે? આ સાંભળી ભૃગુવંશની ધ્વજાસ્વરૂપ પરશુરામજી કુપિત થઈને કહેવા લાગ્યા. ॥૪॥

દો૦ – રે નૃપ બાલક કાલ બસ બોલત તોહિ ન સઁભાર।
ધનુહી સમ તિપુરારિ ધનુ બિદિત સકલ સંસાર॥૨૭૧॥

અરે રાજપુત્ર! કાળને વશ હોવાથી તને બોલવાનો કંઈ પણ હોશ નથી. આખા સંસારમાં વિખ્યાત શિવજીનું આ ધનુષ શું સામાન્ય ધનુષ સમાન છે? ॥૨૭૧॥

ચૌ૦ – લખન કહા હઁસિ હમરેં જાના। સુનહુ દેવ સબ ધનુષ સમાના॥
કા છતિ લાભુ જૂન ધનુ તોરેં। દેખા રામ નયન કે ભોરેં॥૧॥

લક્ષ્મણજીએ હસીને કહ્યું – હે દેવ! સાંભળો, અમારી સમજમાં તો બધાં ધનુષ એક જેવાં જ છે. જૂના ધનુષને તોડવામાં શું નફો-નુકસાન! શ્રીરામચન્દ્રજીએ તો આને નવાના ભ્રમમાં જોયું હતું. ॥૧॥

છુઅત ટૂટ રઘુપતિહુ ન દોસૂ। મુનિ બિનુ કાજ કરિઅ કત રોસૂ॥
બોલે ચિતઇ પરસુ કી ઓરા। રે સઠ સુનેહિ સુભાઉ ન મોરા॥૨॥

વળી, આ તો અડતાંની સાથે જ તૂટી ગયું, તેમાં રઘુનાથજીનો પણ કોઈ દોષ નથી. હે મુનિ! આપ વિના કારણે જ શા માટે ક્રોધ કરો છો? પરશુરામજી પોતાના ફરસાની સામું જોઈ બોલ્યા – અરે દુષ્ટ! તેં મારો સ્વભાવ નથી સાંભળ્યો? ॥૨॥

બાલકુ બોલિ બધઉઁ નહિં તોહી। કેવલ મુનિ જડ઼ જાનહિ મોહી॥
બાલ બ્રહ્મચારી અતિ કોહી। બિસ્વ બિદિત છત્રિયકુલ દ્રોહી॥૩॥

હું તને બાળક જાણીને મારતો નથી. અરે મૂર્ખ! શું તું મને માત્ર સામાન્ય મુનિ જ જાણે છે! હું બાળબ્રહ્મચારી અને અત્યંત ક્રોધી છું. ક્ષત્રિયકુળનો શત્રુ તે હું વિશ્વભરમાં વિખ્યાત છું. ॥૩॥

ભુજબલ ભૂમિ ભૂપ બિનુ કીન્હી। બિપુલ બાર મહિદેવન્હ દીન્હી॥
સહસબાહુ ભુજ છેદનિહારા। પરસુ બિલોકુ મહીપકુમારા॥૪॥

પોતાની ભુજાઓના બળથી મેં પૃથ્વીને રાજાઓથી રહિત કરી દીધી અને ઘણીવાર તેને બ્રાહ્મણોને આપી દીધી. હે રાજકુમાર! સહસ્રબાહુની ભુજાઓને વાઢી નાખનાર મારા આ ફરસાને જો! ॥૪॥

દો૦ – માતુ પિતહિ જનિ સોચબસ કરસિ મહીસકિસોર ।
ગર્ભન્હ કે અર્ભક દલન પરસુ મોર અતિ ઘોર ॥ ૨૭૨॥

અરે રાજાના બાળક! તું પોતાનાં માતા-પિતાને શોકને વશ ન કર. મારો ફરસો ઘણો જ ભયાનક છે, એ ગર્ભમાંનાં બાળકોનો પણ નાશ કરનારો છે. ॥ ૨૭૨॥

ચૌ૦ – બિહસિ લખનુ બોલે મૃદુ બાની । અહો મુનીસુ મહા ભટમાની ॥
પુનિ પુનિ મોહિ દેખાવ કુઠારૂ । ચહત ઉડ઼ાવન ફૂઁકિ પહારૂ ॥ ૧॥

લક્ષ્મણજી હસીને કોમળ વાણીથી બોલ્યા – અહો! મુનીશ્વર તો પોતાને મોટો ભારે યોદ્ધા સમજે છે. વારંવાર મને કુહાડી દેખાડે છે. ફૂંકથી પહાડ ઉડાવવા ઇચ્છે છે. ॥ ૧॥

ઇહાઁ કુમ્હડ઼બતિયા કોઉ નાહીં । જે તરજની દેખિ મરિ જાહીં ॥
દેખિ કુઠારુ સરાસન બાના । મૈં કછુ કહા સહિત અભિમાના ॥ ૨॥

અહીં કંઈ કોળાનું નાનું કાચું ફળ નથી, જે તર્જની આંગળીને જોતાં જ મરી જાય છે. કુહાડી અને ધનુષ-બાણ જોઈને જ મેં કંઈ સ્વાભિમાનપણે કહ્યું હતું. ॥ ૨॥

ભૃગુસુત સમુઝિ જનેઉ બિલોકી । જો કછુ કહહુ સહઉઁ રિસ રોકી ॥
સુર મહિસુર હરિજન અરુ ગાઈ । હમરેં કુલ ઇન્હ પર ન સુરાઈ ॥ ૩॥

ભૃગુવંશી સમજીને અને યજ્ઞોપવીત જોઈને તો જે કંઈ આપ કહો છો, તેને હું ક્રોધ રોકીને સહી લઉં છું. દેવતા, બ્રાહ્મણ, ભગવાનના ભક્ત અને ગૌ – એમનાં પર અમારા કુળમાં વીરતા નથી દેખાડાતી. ॥ ૩॥

બધેં પાપુ અપકીરતિ હારેં । મારતહૂઁ પા પરિઅ તુમ્હારેં ॥
કોટિ કુલિસ સમ બચનુ તુમ્હારા । બ્યર્થ ધરહુ ધનુ બાન કુઠારા ॥ ૪॥

કેમકે એમને મારવાથી પાપ લાગે છે અને એમનાથી હારી જવામાં અપકીર્તિ થાય છે. એટલે આપ મારો તો પણ આપના પગમાં જ પડવું જોઈએ. આપનું એકેએક વચન જ કરોડો વજ્રોની સમાન છે. ધનુષ-બાણ અને કુહાડી તો આપ વ્યર્થ જ ધારણ કરો છો. ॥ ૪॥

દો૦ – જો બિલોકિ અનુચિત કહેઉઁ છમહુ મહામુનિ ધીર ।
સુનિ સરોષ ભૃગુબંસમનિ બોલે ગિરા ગભીર ॥ ૨૭૩॥

એમને (ધનુષ-બાણ અને કુહાડી) જોઈને જ મેં કંઈ અનુચિત કહ્યું હોય તો તેને હે ધીર મહામુનિ! ક્ષમા કરો. આ સાંભળીને ભૃગુવંશમણિ પરશુરામજી ક્રોધ સાથે ગંભીર વાણી બોલ્યા – ॥ ૨૭૩॥

ચૌ૦ – કૌસિક સુનહુ મંદ યહુ બાલકુ । કુટિલ કાલબસ નિજ કુલ ઘાલકુ ॥
ભાનુ બંસ રાકેસ કલંકૂ । નિપટ નિરંકુસ અબુધ અસંકૂ ॥ ૧॥

હે વિશ્વામિત્ર! સાંભળો, આ બાળક ઘણો કુબુદ્ધિ અને કુટિલ છે, કાળને વશ થઈને એ પોતાના કુળનો ઘાતક બની રહ્યો છે. એ સૂર્યવંશરૂપી પૂર્ણચન્દ્રનું કલંક છે. એ બિલકુલ ઉદ્દંડ, મૂર્ખ અને નીડર છે. ॥ ૧॥

કાલ કવલુ હોઇહિ છન માહીં। કહઉઁ પુકારિ ખોરિ મોહિ નાહીં॥
તુમ્હ હટકહુ જૌં ચહહુ ઉબારા। કહિ પ્રતાપુ બલુ રોષુ હમારા॥૨॥

હમણાં ક્ષણમાત્રમાં એ કાળનો કોળિયો થઈ જશે. હું પોકારીને કહી દઉં છું, પછી મારો દોષ નથી. જો તમે એને બચાવવા ઇચ્છતા હોવ, તો અમારા પ્રતાપ, બળ અને ક્રોધને જણાવીને એને અટકાવી દો. ॥૨॥

લખન કહેઉ મુનિ સુજસુ તુમ્હારા। તુમ્હહિ અછત કો બરનૈ પારા॥
અપને મુઁહ તુમ્હ આપનિ કરની। બાર અનેક ભાઁતિ બહુ બરની॥૩॥

લક્ષ્મણજીએ કહ્યું – હે મુનિ! આપના સુયશનું આપના હોવા છતાં અન્ય કોણ વર્ણન કરી શકે છે? આપે આપના જ મુખથી પોતાની કરણીનું અનેક વખત, અનેક પ્રકારે વર્ણન કર્યું છે. ॥૩॥

નહિં સંતોષુ ત પુનિ કછુ કહહૂ। જનિ રિસ રોકિ દુસહ દુખ સહહૂ॥
બીરબ્રતી તુમ્હ ધીર અછોભા। ગારી દેત ન પાવહુ સોભા॥૪॥

એટલાથી પણ સંતોષ ન થયો હોય તો ફરી કંઈ કહી નાખો. ક્રોધને રોકીને અસહ્ય દુઃખ ન સહો. આપ વીરતાનું વ્રત ધારણ કરનારા, ધૈર્યવાન અને ક્ષોભરહિત છો. ગાળો આપતાં આપ શોભા નથી પામતા! ॥૪॥

દો૦– સૂર સમર કરની કરહિં કહિ ન જનાવહિં આપુ।
બિદ્યમાન રન પાઇ રિપુ કાયર કથહિં પ્રતાપુ॥૨૭૪॥

શૂરવીર તો યુદ્ધમાં કરણી (શૂરવીરતાનું કાર્ય) કરે છે, કહીને પોતાને નથી ઓળખાવતા. શત્રુને યુદ્ધમાં હાજર જોઈને કાયર જ પોતાના પ્રતાપની ડંફાસ માર્યા કરે છે. ॥૨૭૪॥

ચૌ૦– તુમ્હ તૌ કાલુ હાઁક જનુ લાવા। બાર બાર મોહિ લાગિ બોલાવા॥
સુનત લખન કે બચન કઠોરા। પરસુ સુધારિ ધરેઉ કર ઘોરા॥૧॥

આપ તો જાણે કાળને બૂમ પાડીને વારંવાર તેને મારા માટે બોલાવો છો. લક્ષ્મણજીનાં કઠોર વચન સાંભળતાં જ પરશુરામજીએ પોતાના ભયાનક ફરસાને સજાવીને હાથમાં લઈ લીધો. ॥૧॥

અબ જનિ દેઇ દોસુ મોહિ લોગૂ। કટુબાદી બાલકુ બધજોગૂ॥
બાલ બિલોકિ બહુત મૈં બાઁચા। અબ યહુ મરનિહાર ભા સાઁચા॥૨॥

[અને બોલ્યા –] હવે લોક મને દોષ ન આપે. આ કડવું બોલનારો બાળક મારી નાખવાને જ યોગ્ય છે. એને બાળક જાણીને મેં ઘણો બચાવ્યો, પણ હવે એ ખરેખર મરવાને જ આવી ગયો છે. ॥૨॥

કૌસિક કહા છમિઅ અપરાધૂ। બાલ દોષ ગુન ગનહિં ન સાધૂ॥
ખર કુઠાર મૈં અકરુન કોહી। આગેં અપરાધી ગુરુદ્રોહી॥૩॥

વિશ્વામિત્રજીએ કહ્યું – અપરાધ ક્ષમા કરો. બાળકોના દોષ અને ગુણને સાધુ લોકો નથી ગણકારતા. [પરશુરામજી બોલ્યા –] આ તેજ ધારનો કુહાડો, હું દયારહિત અને ક્રોધી અને આ ગુરુદ્રોહી અને અપરાધી મારા સામે – ॥૩॥

ઉતર દેત છોડ઼ઉઁ બિનુ મારેં। કેવલ કૌસિક સીલ તુમ્હારેં॥
ન ત એહિ કાટિ કુઠાર કઠોરેં। ગુરહિ ઉરિન હોતેઉઁ શ્રમ થોરેં॥૪॥

ઉત્તર આપી રહ્યો છે. આમ થવા છતાં હું એને વગર મારે છોડી રહ્યો છું, તો હે વિશ્વામિત્ર! કેવળ તમારા શીલ(પ્રેમ)ના લીધે. નહીંતર એને આ કઠોર કુહાડીથી વાઢીને થોડાક જ પરિશ્રમે હું ગુરુથી ઋણમુક્ત થઈ જાત. ॥૪॥

દો૦– ગાધિસૂનુ કહ હૃદયઁ હઁસિ મુનિહિ હરિઅરઇ સૂઝ।
અયમય ખાઁડ઼ ન ઊખમય અજહુઁ ન બૂઝ અબૂઝ॥૨૭૫॥

વિશ્વામિત્રજીએ હૃદયમાં હસીને કહ્યું – મુનિને સર્વે સ્થળે લીલુંછમ સૂજી રહ્યું છે (અર્થાત્ સર્વત્ર વિજયી થવાના કારણે આ રામ-લક્ષ્મણને પણ સાધારણ ક્ષત્રિય જ સમજી રહ્યા છે). પરંતુ આ લોહમયી ખાંડ (ખાંડા-ખડ્ગ) છે, શેરડીની (રસની) ખાંડ નથી [જે મુખમાં મૂકતાં જ ઓગળી જાય; ખેદ છે,] મુનિ હજી પણ અણસમજુ બનેલા છે. આમના પ્રભાવને સમજી નથી રહ્યા. ॥૨૭૫॥

ચૌ૦– કહેઉ લખન મુનિ સીલુ તુમ્હારા। કો નહિં જાન બિદિત સંસારા॥
માતા પિતહિ ઉરિન ભએ નીકેં। ગુર રિનુ રહા સોચુ બડ઼ જી કેં॥૧॥

લક્ષ્મણજીએ કહ્યું – હે મુનિ! આપના શીલને કોણ નથી જાણતું? તે સંસારમાત્રમાં પ્રસિદ્ધ છે. આપ માતા-પિતાથી તો સારી રીતે ઉઋણ થઈ જ ગયા છો; હવે, ગુરુનું ઋણ રહ્યું, જેનો અંતરમાં ઘણો વસવસો લાગ્યો છે. ॥૧॥

સો જનુ હમરેહિ માથે કાઢ઼ા। દિન ચલિ ગએ બ્યાજ બડ઼ બાઢ઼ા॥
અબ આનિઅ બ્યવહરિઆ બોલી। તુરત દેઉઁ મૈં થૈલી ખોલી॥૨॥

તે જાણે અમારા જ માથે નાખ્યો હતો. ઘણા દિવસ વીતી ગયા, આથી વ્યાજ પણ ઘણું વધી ગયું હશે. હવે, કોઈ હિસાબ કરનારાને બોલાવી લાવો, તો હું તુરત જ થેલી ખોલીને આપી દઉં. ॥૨॥

સુનિ કટુ બચન કુઠાર સુધારા। હાય હાય સબ સભા પુકારા॥
ભૃગુબર પરસુ દેખાવહુ મોહી। બિપ્ર બિચારિ બચઉઁ નૃપદ્રોહી॥૩॥

લક્ષ્મણજીનાં કડવાં વચન સાંભળીને પરશુરામજીએ ફરસાની ધાર ઘસી. આખી સભા હાય! હાય! કરીને પોકારી ઊઠી. [લક્ષ્મણજીએ કહ્યું –] હે ભૃગુશ્રેષ્ઠ! આપ મને ફરસો દેખાડી રહ્યા છો? પરંતુ હે રાજાઓના શત્રુ! હું બ્રાહ્મણ સમજી બચાવી રહ્યો છું. (બ્રાહ્મણ જાણી જવા દઉં છું). ॥૩॥

મિલે ન કબહુઁ સુભટ રન ગાઢ઼ે। દ્વિજ દેવતા ઘરહિ કે બાઢ઼ે॥
અનુચિત કહિ સબ લોગ પુકારે। રઘુપતિ સયનહિં લખનુ નેવારે॥૪॥

આપને ક્યારેય રણધીર બળવાન વીર ન મળ્યા! હે બ્રાહ્મણ દેવતા! આપ ઘરમાં જ મોટા છો. આ સાંભળીને 'અનુચિત છે, અનુચિત છે' કહીને બધા લોકો પોકારી ઊઠ્યા. ત્યારે શ્રીરઘુનાથજીએ ઈશારાથી લક્ષ્મણજીને અટકાવી દીધા. ॥૪॥

દો૦ – લખન ઉતર આહુતિ સરિસ ભૃગુબર કોપુ કૃસાનુ ।
બઢ઼ત દેખિ જલ સમ બચન બોલે રઘુકુલભાનુ ॥ ૨૭૬॥

લક્ષ્મણજીના આહુતિ સમાન ઉત્તરથી પરશુરામજીના ક્રોધરૂપી અગ્નિને વધતો જોઈને રઘુકુળના સૂર્ય શ્રીરામચન્દ્રજી જળસમાન (શાંત કરનારાં) વચન બોલ્યાં – ॥ ૨૭૬॥

ચૌ૦ – નાથ કરહુ બાલક પર છોહૂ । સૂધ દૂધમુખ કરિઅ ન કોહૂ ॥
જૌં પૈ પ્રભુ પ્રભાઉ કછુ જાના । તૌ કિ બરાબરિ કરત અયાના ॥ ૧॥

હે નાથ! બાળક પર કૃપા કરો. આ સીધા અને દુધમુખા બાળક પર ક્રોધ ન કરો. જો એ પ્રભુનો (આપનો) થોડોક પણ મહિમા (પ્રભાવ) જાણતો હોત, તો શું આ અણસમજુ આપની બરાબરી કરત? ॥ ૧॥

જૌં લરિકા કછુ અચગરિ કરહીં । ગુર પિતુ માતુ મોદ મન ભરહીં ॥
કરિઅ કૃપા સિસુ સેવક જાની । તુમ્હ સમ સીલ ધીર મુનિ ગ્યાની ॥ ૨॥

બાળક જો થોડીક ચપળતા પણ કરે છે, તો ગુરુ, પિતા અને માતા મનમાં આનંદથી ભરાઈ જાય છે. એટલે આને નાનું બાળક અને સેવક જાણીને કૃપા કરો. આપ તો સમદર્શી, સુશીલ, ધીર અને જ્ઞાની મુનિ છો. ॥ ૨॥

રામ બચન સુનિ કછુક જુડ઼ાને । કહિ કછુ લખનુ બહુરિ મુસુકાને ॥
હઁસત દેખિ નખ સિખ રિસ બ્યાપી । રામ તોર ભ્રાતા બડ઼ પાપી ॥ ૩॥

શ્રીરામચન્દ્રજીનાં વચન સાંભળીને તે કંઈક ટાઢા પડ્યા. એટલામાં લક્ષ્મણજી કંઈ કહીને પાછા મલકાયા. તેમને હસતા જોઈને પરશુરામજીને નખથી શિખા સુધી આખાય શરીરમાં ક્રોધ છવાઈ ગયો. તેમણે કહ્યું – હે રામ! તારો ભાઈ મોટો પાપી છે. ॥ ૩॥

ગૌર સરીર સ્યામ મન માહીં । કાલકૂટમુખ પયમુખ નાહીં ॥
સહજ ટેઢ઼ અનુહરઈ ન તોહી । નીચુ મીચુ સમ દેખ ન મોહી ॥ ૪॥

એ શરીરથી ગૌરો, પણ હૃદયથી ઘણો કાળો છે, એ વિષમુખો છે, દુધમુખો નથી. સ્વભાવથી જ વાંકો છે, તારું અનુસરણ નથી કરતો (તારા જેવો શીલવાન નથી). આ નીચ મને કાળ સમાન નથી જોતો. ॥ ૪॥

દો૦ – લખન કહેઉ હઁસિ સુનહુ મુનિ ક્રોધુ પાપ કર મૂલ ।
જેહિ બસ જન અનુચિત કરહિં ચરહિં બિસ્વ પ્રતિકૂલ ॥ ૨૭૭॥

લક્ષ્મણજીએ હસીને કહ્યું – હે મુનિ! સાંભળો, ક્રોધ પાપનું મૂળ છે, જેના વશમાં થઈને મનુષ્ય અનુચિત કર્મ કરી બેસે છે અને સકળ વિશ્વ કરતાં પ્રતિકૂળ ચાલે છે (સર્વેનું અહિત કરે છે). ॥ ૨૭૭॥

ચૌ૦ – મૈં તુમ્હાર અનુચર મુનિરાયા । પરિહરિ કોપુ કરિઅ અબ દાયા ॥
ટૂટ ચાપ નહિં જુરિહિ રિસાને । બૈઠિઅ હોઇહિં પાય પિરાને ॥ ૧॥

હે મુનિરાજ! હું આપનો દાસ છું. હવે, ક્રોધ ત્યાગીને દયા કરો. તૂટેલું ધનુષ ક્રોધ કરવાથી સંધાઈ નહીં જાય. ઊભાં ઊભાં પગ દુખવા લાગ્યા હશે, બેસી જાઓ. ॥ ૧॥

જૌં અતિ પ્રિય તૌ કરિઅ ઉપાઈ । જોરિઅ કોઉ બડ઼ ગુની બોલાઈ ॥
બોલત લખનહિં જનકુ ડેરાહીં । મષ્ટ કરહુ અનુચિત ભલ નાહીં ॥ ૨॥

જો ધનુષ અત્યંત જ પ્રિય હોય, તો કોઈ ઉપાય કરવામાં આવે અને કોઈ મોટા ગુણી (કારીગર)ને બોલાવીને જોડાવી દેવડાવાય. લક્ષ્મણજીના બોલવાથી જનકજી બી જાય છે અને કહે છે – બસ, ચૂપ કરો, અનુચિત બોલવું સારું નથી. ॥ ૨॥

થર થર કાઁપહિં પુર નર નારી । છોટ કુમાર ખોટ બડ઼ ભારી ॥
ભૃગુપતિ સુનિ સુનિ નિરભય બાની । રિસ તન જરઇ હોઇ બલ હાની ॥ ૩॥

જનકપુરનાં સ્ત્રી-પુરુષ થર-થર કંપી રહ્યાં છે [અને મનોમન કહી રહ્યાં છે કે] નાનો કુમાર ઘણો જ ખોટો છે. લક્ષ્મણજીની નિર્ભય વાણી સાંભળી-સાંભળીને પરશુરામજીનું શરીર ક્રોધથી તપી રહ્યું છે અને એમના બળની હાનિ થઈ રહી છે (તેમનું બળ ઘટી રહ્યું છે). ॥ ૩॥

બોલે રામહિ દેઇ નિહોરા । બચઉઁ બિચારિ બંધુ લઘુ તોરા ॥
મનુ મલીન તનુ સુંદર કૈસેં । બિષ રસ ભરા કનક ઘટુ જૈસેં ॥ ૪॥

ત્યારે શ્રીરામચન્દ્રજી પર કૃપા બતાડતાં પરશુરામજી બોલ્યા – તારો નાનો ભાઈ સમજીને હું એને બચાવી રહ્યો છું. તે મનનો મેલો અને શરીરે એવો સુંદર છે, જેવો વિષના રસથી ભરેલો સોનાનો ઘડો! ॥ ૪॥

દો૦ – સુનિ લછિમન બિહસે બહુરિ નયન તરેરે રામ ।
ગુર સમીપ ગવને સકુચિ પરિહરિ બાની બામ ॥ ૨૭૮॥

આ સાંભળીને લક્ષ્મણજી ફરી હસ્યા. ત્યારે શ્રીરામચન્દ્રજીએ ત્રાંસી નજરોથી એમની તરફ જોયું, જેથી લક્ષ્મણજી સંકોચાઈને, વિપરીત બોલવું છોડીને, ગુરુજી પાસે ચાલ્યા ગયા. ॥ ૨૭૮॥

ચૌ૦ – અતિ બિનીત મૃદુ સીતલ બાની । બોલે રામુ જોરિ જુગ પાની ॥
સુનહુ નાથ તુમ્હ સહજ સુજાના । બાલક બચનુ કરિઅ નહિં કાના ॥ ૧॥

શ્રીરામચન્દ્રજી બંને હાથ જોડીને અત્યંત વિનય સાથે કોમળ અને શીતળ વાણી બોલ્યા – હે નાથ! સાંભળો, આપ તો સ્વભાવથી જ સુજ્ઞ છો. આપ બાળકનાં વચનો પર કાન ન આપો (તેને સાંભળ્યું ન સાંભળ્યું કરી નાખો) ॥ ૧॥

બરરૈ બાલકુ એકુ સુભાઊ । ઇન્હહિ ન સંત બિદૂષહિં કાઊ ॥
તેહિં નાહીં કછુ કાજ બિગારા । અપરાધી મૈં નાથ તુમ્હારા ॥ ૨॥

વૃદ્ધ અને બાળકનો એક જ સ્વભાવ છે. સંતજન એનો કદી દોષ ગણતા નથી. વળી, તેણે (લક્ષ્મણે) તો આપનું કંઈ કાર્ય પણ નથી બગાડ્યું. હે નાથ! આપનો અપરાધી તો હું છું. ॥ ૨॥

કૃપા કોપુ બધુ બઁધબ ગોસાઈં । મો પર કરિઅ દાસ કી નાઈં ॥
કહિઅ બેગિ જેહિ બિધિ રિસ જાઈ । મુનિનાયક સોઇ કરૌં ઉપાઈ ॥ ૩॥

માટે હે સ્વામી! કૃપા, ક્રોધ, વધ અને બંધન – જે કંઈ કરવું હોય; દાસની જેમ (અર્થાત્ દાસ સમજીને) મારા પર કરો. જે રીતે શીઘ્ર આપનો ક્રોધ દૂર થાય, હે મુનિરાજ! બતાવો, તે જ ઉપાય હું કરું. ॥ ૩॥

કહ મુનિ રામ જાઇ રિસ કૈસેં। અજહુઁ અનુજ તવ ચિતવ અનૈસેં॥
એહિ કેં કંઠ કુઠારુ ન દીન્હા। તૌ મૈં કાહ કોપુ કરિ કીન્હા॥૪॥

મુનિએ કહ્યું – હે રામ! ક્રોધ કેમ જાય? હજી પણ તારો નાનો ભાઈ વાંકી દૃષ્ટિએ જ તાકી રહ્યો છે. એની ગર્દન પર મેં કુહાડો ન ચલાવ્યો, તો ક્રોધ કરીને કર્યું જ શું? ॥૪॥

દો૦– ગર્ભ સ્રવહિં અવનિપ રવનિ સુનિ કુઠાર ગતિ ઘોર।
પરસુ અછત દેખઉઁ જિઅત બૈરી ભૂપકિસોર॥૨૭૯॥

મારા જે કુહાડાની ઘોર કરણી સાંભળીને રાજાઓની સ્ત્રીઓના ગર્ભ સ્રવી જાય છે, તે જ ફરસો હોવા છતાં હું આ શત્રુ રાજપુત્રને જીવિત જોઈ રહ્યો છું! ॥૨૭૯॥

ચૌ૦– બહઇ ન હાથુ દહઇ રિસ છાતી। ભા કુઠારુ કુંઠિત નૃપઘાતી॥
ભયઉ બામ બિધિ ફિરેઉ સુભાઊ। મોરે હૃદયઁ કૃપા કસિ કાઊ॥૧॥

હાથ ચાલતો નથી, ક્રોધથી છાતી બળ્યે જાય છે. [હાય!] રાજાઓનો ઘાતક આ કુહાડો પણ કુંઠિત થઈ ગયો. વિધાતા વિપરીત થઈ ગયો, એથી મારો સ્વભાવ બદલાઈ ગયો, નહીં તો ભલા! મારા હૃદયમાં ક્યારેય પણ કૃપા કેવી? ॥૧॥

આજુ દયા દુખુ દુસહ સહાવા। સુનિ સૌમિત્રિ બિહસિ સિરુ નાવા॥
બાઉ કૃપા મૂરતિ અનુકૂલા। બોલત બચન ઝરત જનુ ફૂલા॥૨॥

આજે દયા મને આ દુસહ્ય દુઃખ સહન કરાવી રહી છે. આ સાંભળીને લક્ષ્મણજીએ મલકાઈને શીશ નમાવ્યું [અને કહ્યું –] આપનો કૃપારૂપી વાયુ પણ આપની મૂર્તિને અનુકૂળ જ છે, વચન બોલો છો, જાણે ફૂલ ખરી રહ્યાં છે! ॥૨॥

જૌં પૈ કૃપાઁ જરિહિં મુનિ ગાતા। ક્રોધ ભએઁ તનુ રાખ બિધાતા॥
દેખુ જનક હઠિ બાલકુ એહૂ। કીન્હ ચહત જડ઼ જમપુર ગેહૂ॥૩॥

હે મુનિ! જો કૃપા કરવાથી આપનું શરીર બળે છે, તો ક્રોધ થવાથી તો શરીરની રક્ષા વિધાતા જ કરશે. [પરશુરામજીએ કહ્યું –] હે જનક! જો, આ મૂર્ખ બાળક હઠ કરીને યમપુરીમાં ઘર (નિવાસ) કરવા માગે છે. ॥૩॥

બેગિ કરહુ કિન આઁખિન્હ ઓટા। દેખત છોટ ખોટ નૃપ ઢોટા॥
બિહસે લખનુ કહા મન માહીં। મૂદેં આઁખિ કતહુઁ કોઉ નાહીં॥૪॥

આને જલદીથી આંખોથી ઓઝલ કેમ નથી કરતા? આ રાજપુત્ર દેખવામાં નાનો છે પણ છે ઘણો ખોટો. લક્ષ્મણજીએ હસીને મનોમન કહ્યું – આંખ મીંચી લીધા પછી ક્યાંય કોઈ નથી હોતું. ॥૪॥

દો૦– પરસુરામુ તબ રામ પ્રતિ બોલે ઉર અતિ ક્રોધુ।
સંભુ સરાસનુ તોરિ સઠ કરસિ હમાર પ્રબોધુ॥૨૮૦॥

ત્યારે પરશુરામજીએ હૃદયમાં અત્યંત ક્રોધ ભરીને શ્રીરામજીને કહ્યું – અરે શઠ! તું શિવજીનું ધનુષ તોડીને ઊલટો અમને જ જ્ઞાન શિખવાડે છે! ॥૨૮૦॥

ચૌ૦– બંધુ કહઇ કટુ સંમત તોરેં। તૂ છલ બિનય કરસિ કર જોરેં॥
કરુ પરિતોષુ મોર સંગ્રામા। નાહિં ત છાડ઼ કહાઉબ રામા॥૧॥

તારો આ ભાઈ તારી જ સંમતિથી કટુ વચન બોલે છે અને તું છળથી હાથ જોડીને વિનય કરે છે. કાં તો યુદ્ધમાં મારો સંતોષ કર, નહીંતર રામ કહેવડાવવું છોડી દે. ॥૧॥

છલુ તજિ કરહિ સમરુ સિવદ્રોહી। બંધુ સહિત ન ત મારઉઁ તોહી॥
ભૃગુપતિ બકહિં કુઠાર ઉઠાએँ। મન મુસુકાહિં રામુ સિર નાએँ॥૨॥

અરે શિવદ્રોહી! છળ ત્યાગીને મારી સાથે યુદ્ધ કર. નહીં તો ભાઈસહિત તને મારી નાખીશ. આ રીતે પરશુરામજી કુહાડો ઉઠાવી બકી રહ્યા છે અને શ્રીરામચન્દ્રજી શીશ ઝુકાવી મનમાં ને મનમાં મલકાઈ રહ્યા છે. ॥૨॥

ગુનહ લખન કર હમ પર રોષૂ। કતહુઁ સુધાઇહુ તે બડ઼ દોષૂ॥
ટેઢ઼ જાનિ સબ બંદઇ કાહૂ। બક્ર ચંદ્રમહિ ગ્રસઇ ન રાહૂ॥૩॥

[શ્રીરામચન્દ્રજીએ મનમાં ને મનમાં કહ્યું –] ગુનો તો લક્ષ્મણનો અને ક્રોધ મારા પર કરે છે! ક્યાંક ક્યાંક સીધાપણામાં પણ મોટો દોષ હોય છે. વાંકો જાણીને બધા લોકો કોઈની પણ વંદના કરે છે. વાંકા ચન્દ્રમાને રાહુ પણ નથી ગ્રસતો. ॥૩॥

રામ કહેઉ રિસ તજિઅ મુનીસા। કર કુઠારુ આગેં યહ સીસા॥
જેહિં રિસ જાઇ કરિઅ સોઇ સ્વામી। મોહિ જાનિઅ આપન અનુગામી॥૪॥

શ્રીરામચન્દ્રજીએ [પ્રકટ] કહ્યું – હે મુનીશ્વર ક્રોધ છોડો. આપના હાથમાં કુહાડો છે અને મારું આ માથું આગળ છે. જે રીતે આપનો ક્રોધ જાય, હે સ્વામી! તે જ કરો. મને આપનો અનુચર (દાસ) જાણો. ॥૪॥

દો૦– પ્રભુહિ સેવકહિ સમરુ કસ તજહુ બિપ્રબર રોસુ।
બેષુ બિલોકેં કહેસિ કછુ બાલકહૂ નહિં દોસુ॥૨૮૧॥

સ્વામી અને સેવકમાં યુદ્ધ કેવું? હે બ્રાહ્મણશ્રેષ્ઠ! ક્રોધનો ત્યાગ કરો. આપનો [વીરો જેવો] વેશ જોઈને જ બાળકે કંઈક કહી નાખ્યું હતું; વાસ્તવમાં તેનો પણ કોઈ દોષ નથી. ॥૨૮૧॥

ચૌ૦– દેખિ કુઠાર બાન ધનુ ધારી। ભૈ લરિકહિ રિસ બીરુ બિચારી॥
નામુ જાન પૈ તુમ્હહિ ન ચીન્હા। બંસ સુભાયઁ ઉતરુ તેહિં દીન્હા॥૧॥

આપને કુહાડો, બાણ અને ધનુષ ધારણ કરેલા જોઈને અને વીર સમજીને બાળકને ક્રોધ આવી ગયો. તે આપનું નામ તો જાણતો હતો, પણ આપને ઓળખ્યા નહીં. પોતાના વંશ (રઘુવંશ)ના સ્વભાવ પ્રમાણે તેણે ઉત્તર આપ્યા. ॥૧॥

જૌં તુમ્હ ઔતેહુ મુનિ કી નાઈં। પદ રજ સિર સિસુ ધરત ગોસાઈં॥
છમહુ ચૂક અનજાનત કેરી। ચહિઅ બિપ્ર ઉર કૃપા ઘનેરી॥૨॥

જો આપ મુનિની જેમ આવ્યા હોત, તો હે સ્વામી બાળક આપના ચરણોની રજ માથા પર મૂકત. અજાણ્યાની ભૂલને ક્ષમા કરી દો. બ્રાહ્મણોના હૃદયમાં અત્યંત અધિક દયા હોવી જોઈએ. ॥૨॥

હમહિ તુમ્હહિ સરિબરિ કસિ નાથા। કહહુ ન કહાઁ ચરન કહઁ માથા॥
રામ માત્ર લઘુ નામ હમારા। પરસુ સહિત બડ઼ નામ તોહારા॥૩॥

હે નાથ! અમારી અને આપની બરાબરી કેવી? કહોને, ક્યાં ચરણ અને ક્યાં મસ્તક! ક્યાં મારું રામ માત્ર નાનકડું જ નામ અને ક્યાં આપનું પરશુ સહિત મોટું નામ! ॥૩॥

દેવ એકુ ગુનુ ધનુષ હમારેં। નવ ગુન પરમ પુનીત તુમ્હારેં॥
સબ પ્રકાર હમ તુમ્હ સન હારે। છમહુ બિપ્ર અપરાધ હમારે॥૪॥

હે દેવ! અમારો તો એક જ ગુણ ધનુષ છે અને આપના પરમ પવિત્ર [શમ, દમ, તપ, શૌચ, ક્ષમા, સરળતા, જ્ઞાન અને વિજ્ઞાન અને આસ્તિકતા—એ] નવ ગુણ છે. અમે તો બધી રીતે આપથી હાર્યા છીએ. હે વિપ્રશ્રેષ્ઠ! અમારા અપરાધોને ક્ષમા કરો. ॥૪॥

દો૦— બાર બાર મુનિ બિપ્રબર કહા રામ સન રામ।
બોલે ભૃગુપતિ સરુષ હસિ તહૂઁ બંધુ સમ બામ॥૨૮૨॥

શ્રીરામચન્દ્રજીએ પરશુરામજીને વારંવાર 'મુનિ' અને 'વિપ્રવર' કહ્યા. ત્યારે ભૃગુપતિ (પરશુરામજી) કુપિત થઈને બોલ્યા – તું પણ પોતાના ભાઈ જેવો જ વાંકો છે. ॥૨૮૨॥

ચૌ૦— નિપટહિં દ્વિજ કરિ જાનહિ મોહી। મૈં જસ બિપ્ર સુનાવઉઁ તોહી॥
ચાપ સ્રુવા સર આહુતિ જાનૂ। કોપુ મોર અતિ ઘોર કૃસાનૂ॥૧॥

તું મને કેવળ સામાન્ય બ્રાહ્મણ જ સમજે છે? હું કેવો વિપ્ર છું તે તને સંભળાવું છું. ધનુષને સરવો, બાણને આહુતિ અને મારા ક્રોધને અત્યંત ભયંકર અગ્નિ જાણ. ॥૧॥

સમિધિ સેન ચતુરંગ સુહાઈ। મહા મહીપ ભએ પસુ આઈ॥
મૈં એહિં પરસુ કાટિ બલિ દીન્હે। સમર જગ્ય જપ કોટિન્હ કીન્હે॥૨॥

ચતુરંગિણી સેના સુંદર સમિધાઓ (યજ્ઞમાં બળાતાં લાકડાં) છે. મોટા મોટા રાજા તેમાં આવીને બલિનાં પશુ બન્યાં છે, જેમની મેં આ જ ફરસાથી કાપીને બલિ આપ્યો છે. આવા કરોડો જપયુક્ત રણયજ્ઞ મેં કર્યા છે (અર્થાત્ જેમ મંત્રોચ્ચારણપૂર્વક 'સ્વાહા' શબ્દની સાથે આહુતિ અપાય છે, તે જ રીતે મેં પોકારી-પોકારીને રાજાઓની બલિ આપી છે). ॥૨॥

મોર પ્રભાઉ બિદિત નહિં તોરેં। બોલસિ નિદરિ બિપ્ર કે ભોરેં॥
ભંજેઉ ચાપુ દાપુ બડ઼ બાઢ઼ા। અહમિતિ મનહુઁ જીતિ જગુ ઠાઢ઼ા॥૩॥

મારો પ્રભાવ તને ખબર નથી, એટલે તું બ્રાહ્મણના ભ્રમમાં મારો અનાદર કરીને બોલી રહ્યો છે. ધનુષ તોડી નાખ્યું, એથી તારો ઘમંડ બહુ વધી ગયો છે. એવો અહંકાર છે, જાણે સંસારને જીતીને ઊભો હોય. ॥૩॥

રામ કહા મુનિ કહહુ બિચારી। રિસ અતિ બડ઼િ લઘુ ચૂક હમારી॥
છુઅતહિં ટૂટ પિનાક પુરાના। મૈં કેહિ હેતુ કરૌં અભિમાના॥૪॥

શ્રીરામચન્દ્રજીએ કહ્યું – હે મુનિ! વિચારીને બોલો. આપનો ક્રોધ ઘણો મોટો છે અને મારી ભૂલ ઘણી નાની છે. જૂનું ધનુષ હતું, અડતાં જ તૂટી ગયું. હું કયા કારણે અભિમાન કરું? ॥૪॥

દો૦– જૌં હમ નિદરહિં બિપ્ર બદિ સત્ય સુનહુ ભૃગુનાથ।
તૌ અસ કો જગ સુભટુ જેહિ ભય બસ નાવહિં માથ॥ ૨૮૩॥

હે ભૃગુનાથ! જો અમે ખરેખર બ્રાહ્મણ કહીને અનાદર કરીએ છીએ, તો આ સત્ય સાંભળો, પછી સંસારમાં એવો કયો યોદ્ધા છે જેને અમે ડરના માર્યા શીશ નમાવીએ? ॥ ૨૮૩॥

ચૌ૦– દેવ દનુજ ભૂપતિ ભટ નાના। સમબલ અધિક હોઉ બલવાના॥
જૌં રન હમહિ પચારૈ કોઊ। લરહિં સુખેન કાલુ કિન હોઊ॥ ૧॥

દેવતા, દૈત્ય, રાજા કે અન્ય ઘણા બધા યોદ્ધા, તેઓ ભલેને બળમાં અમારી બરાબર હોય, ભલેને અધિક બળવાન હોય; જો રણમાં અમને કોઈ પણ લલકારે તો અમે તેની સાથે સુખપૂર્વક લડીશું; ભલેને કાળ જ કેમ ન હોય? ॥ ૧॥

છત્રિય તનુ ધરિ સમર સકાના। કુલ કલંકુ તેહિં પાવઁર આના॥
કહઉઁ સુભાઉ ન કુલહિ પ્રસંસી। કાલહુ ડરહિં ન રન રઘુબંસી॥ ૨॥

ક્ષત્રિયનું તન ધરીને જે યુદ્ધમાં ડરી ગયો, તે નીચે પોતાના કુળને કલંક લગાડી દીધું. હું સ્વભાવથી જ કહું છું, કુળની પ્રશંસા કરીને નહીં, કે રઘુવંશી રણમાં કાળથી પણ નથી ડરતા. ॥ ૨॥

બિપ્રબંસ કે અસિ પ્રભુતાઈ। અભય હોઈ જો તુમ્હહિ ડેરાઈ॥
સુનિ મૃદુ ગૂઢ઼ બચન રઘુપતિ કે। ઉઘરે પટલ પરસુધર મતિ કે॥ ૩॥

બ્રાહ્મણવંશની એવી જ પ્રભુતા (એવો જ મહિમા) છે કે જે આપથી ડરે છે, તે બધાથી નિર્ભય થઈ જાય છે [અથવા જે ભયરહિત હોય છે તે પણ આપથી ડરે છે]. શ્રીરઘુનાથજીનાં કોમળ અને રહસ્યપૂર્ણ વચનો સાંભળીને પરશુરામજીની બુદ્ધિના પરદા ખુલી ગયા. ॥ ૩॥

રામ રમાપતિ કર ધનુ લેહૂ। ખૈંચહુ મિટૈ મોર સંદેહૂ॥
દેત ચાપુ આપુહિં ચલિ ગયઊ। પરસુરામ મન બિસમય ભયઊ॥ ૪॥

[પરશુરામજીએ કહ્યું –] હે રામ! રમાપતિના આ ધનુષને હાથમાં [અથવા લક્ષ્મીપતિ વિષ્ણુનું ધનુષ] લો અને એને ખેંચો, જેથી મારો સંદેહ મટી જાય. પરશુરામજી ધનુષ આપવા લાગ્યા, ત્યારે તે સ્વયં જ ત્યાં ચાલ્યું ગયું. ત્યારે પરશુરામજીના મનમાં મોટું આશ્ચર્ય થયું. ॥ ૪॥

દો૦– જાના રામ પ્રભાઉ તબ પુલક પ્રફુલ્લિત ગાત।
જોરિ પાનિ બોલે બચન હૃદયઁ ન પ્રેમુ અમાત॥ ૨૮૪॥

ત્યારે તેમણે શ્રીરામજીનો મહિમા જાણ્યો, [જેના કારણે] તેમનું શરીર પુલકિત અને પ્રફુલ્લિત થઈ ગયું. તેઓ હાથ જોડીને વચન બોલ્યા – પ્રેમ એમના હૃદયમાં સમાતો ન હતો – ॥ ૨૮૪॥

ચૌ૦– જય રઘુબંસ બનજ બન ભાનૂ। ગહન દનુજ કુલ દહન કૃસાનૂ॥
જય સુર બિપ્ર ધેનુ હિતકારી। જય મદ મોહ કોહ ભ્રમ હારી॥ ૧॥

હે રઘુકુળરૂપી કમળવનના સૂર્ય! હે રાક્ષસોના કુળરૂપી ગાઢ જંગલને બાળનારા અગ્નિ! આપનો જય હો! હે દેવતા, બ્રાહ્મણ અને ગાયનું હિત કરનારા! આપનો જય હો! હે મદ, મોહ, ક્રોધ અને ભ્રમને હરનારા! આપનો જય હો. ॥ ૧॥

બિનય સીલ કરુના ગુન સાગર। જયતિ બચન રચના અતિ નાગર॥
સેવક સુખદ સુભગ સબ અંગા। જય સરીર છબિ કોટિ અનંગા॥૨॥

હે વિનય, શીલ, કૃપા આદિ ગુણોના સમુદ્ર અને વચનોની રચનામાં અતિ ચતુર! આપનો જય હો! હે સેવકોને સુખ આપનારા, સર્વે અંગોથી સુંદર અને શરીરમાં કરોડો કામદેવોની શોભા ધારણ કરનારા! આપનો જય હો. ॥૨॥

કરૌં કાહ મુખ એક પ્રસંસા। જય મહેસ મન માનસ હંસા॥
અનુચિત બહુત કહેઉઁ અગ્યાતા। છમહુ છમામંદિર દોઉ ભ્રાતા॥૩॥

હું એક મુખથી આપની શું પ્રશંસા કરું? હે મહાદેવજીના મનરૂપી માનસરોવરના હંસ! આપનો જય હો. મેં અજાણતાથી આપને ઘણા જ અનુચિત વચન કહ્યાં. હે ક્ષમાના મંદિર બંને ભાઈ! મને ક્ષમા કરો. ॥૩॥

કહિ જય જય જય રઘુકુલકેતૂ। ભૃગુપતિ ગએ બનહિ તપ હેતૂ॥
અપભયઁ કુટિલ મહીપ ડેરાને। જહઁ તહઁ કાયર ગવઁહિં પરાને॥૪॥

હે રઘુકુળની ધજાસ્વરૂપ શ્રીરામચન્દ્રજી! આપનો જય હો, જય હો, જય હો. આમ કહીને પરશુરામજી તપ કરવા માટે વનમાં ચાલ્યા ગયા. [આ જોઈને] દુષ્ટ રાજા લોકો વગર કારણે જ (મનકલ્પિત) ભયથી (રામચન્દ્રજીથી તો પરશુરામજી પણ હારી ગયા, અમે તો એમનું અપમાન કર્યું હતું, હવે ક્યાંક એ તેનો બદલો ન લે, આ વ્યર્થ ડરથી) ડરી ગયા. એ કાયરો ચૂપચાપ જ્યાં-ત્યાં નાસી ગયા. ॥૪॥

દો૦ – દેવન્હ દીન્હીં દુંદુભીં પ્રભુ પર બરષહિં ફૂલ।
હરષે પુર નર નારિ સબ મિટી મોહમય સૂલ॥૨૮૫॥

દેવતાઓએ નગારાં વગાડ્યાં, તેઓ પ્રભુ ઉપર ફૂલ વરસાવા લાગ્યા. જનકપુરનાં સ્ત્રી-પુરુષ બધાંય હર્ષિત થઈ ગયાં. તેમનું મોહમય (અજ્ઞાનથી ઉત્પન્ન) શૂળ મટી ગયું. ॥૨૮૫॥

ચૌ૦ – અતિ ગહગહે બાજને બાજે। સબહિં મનોહર મંગલ સાજે॥
જૂથ જૂથ મિલિ સુમુખિ સુનયનીં। કરહિં ગાન કલ કોકિલબયનીં॥૧॥

ખૂબ જોરથી વાજાં વાગવા લાગ્યાં. બધાએ મનોહર મંગળ-સાજ સજ્યાં. સુંદર મુખ અને સુંદર નેત્રોવાળી તથા કોયલ સમાન મધુર બોલનારી સ્ત્રીઓ ટોળે જ ટોળાં મળીને સુંદર ગાન કરવા લાગી. ॥૧॥

સુખુ બિદેહ કર બરનિ ન જાઈ। જન્મદરિદ્ર મનહુઁ નિધિ પાઈ॥
બિગત ત્રાસ ભઇ સીય સુખારી। જનુ બિધુ ઉદયઁ ચકોરકુમારી॥૨॥

જનકજીના સુખનું વર્ણન કરી જ નથી શકાતું; જાણે જન્મનો દરિદ્રી ધનનો ખજાનો પામી ગયો હોય! સીતાજીનો ભય જતો રહ્યો; તે એવા સુખી થયાં જેમ ચન્દ્રમાના ઉદય થવાથી ચકોરની કન્યા સુખી થાય છે. ॥૨॥

જનક કીન્હ કૌસિકહિ પ્રનામા । પ્રભુ પ્રસાદ ધનુ ભંજેઉ રામા ॥
મોહિ કૃતકૃત્ય કીન્હ દુહુઁ ભાઈ । અબ જો ઉચિત સો કહિઅ ગોસાઈં ॥ ૩॥

જનકજીએ વિશ્વામિત્રજીને પ્રણામ કર્યાં [અને કહ્યું –] પ્રભુની કૃપાથી જ શ્રીરામચન્દ્રજીએ ધનુષ તોડ્યું છે. બંને ભાઈઓએ મને કૃતાર્થ કરી દીધો. હે સ્વામી! હવે જે ઉચિત હોય તે કહો. ॥ ૩॥

કહ મુનિ સુનુ નરનાથ પ્રબીના । રહા બિબાહુ ચાપ આધીના ॥
ટૂટતહીં ધનુ ભયઉ બિબાહૂ । સુર નર નાગ બિદિત સબ કાહૂ ॥ ૪॥

મુનિએ કહ્યું – હે ચતુર નરેશ! સાંભળો. આમ તો વિવાહ ધનુષને અધીન હતો, ધનુષના તૂટતાં જ વિવાહ થઈ ગયો. દેવતા, મનુષ્ય અને નાગ હરકોઈને આ જ્ઞાત છે. ॥ ૪॥

દો૦ – તદપિ જાઈ તુમ્હ કરહુ અબ જથા બંસ બ્યવહારુ ।
બૂઝિ બિપ્ર કુલબૃદ્ધ ગુર બેદ બિદિત આચારુ ॥ ૨૮૬॥

તો પણ તમે જઈને આપના કુળનો જેવો વ્યવહાર હોય; બ્રાહ્મણો, કુળના વૃદ્ધો અને ગુરુઓથી પૂછીને અને વેદોમાં વર્ણિત જેવો આચાર હોય તેમ કરો. ॥ ૨૮૬॥

ચૌ૦ – દૂત અવધપુર પઠવહુ જાઈ । આનહિં નૃપ દસરથહિ બોલાઈ ॥
મુદિત રાઉ કહિ ભલેહિં કૃપાલા । પઠએ દૂત બોલિ તેહિ કાલા ॥ ૧॥

જઈને અયોધ્યા માટે દૂત મોકલો, જે રાજા દશરથને તેડી લાવે. રાજાએ પ્રસન્ન થઈને કહ્યું – હે કૃપાળુ! ઘણું સારું! અને તે જ સમયે દૂતોને બોલાવીને મોકલી દીધા. ॥ ૧॥

બહુરિ મહાજન સકલ બોલાએ । આઈ સબન્હિ સાદર સિર નાએ ॥
હાટ બાટ મંદિર સુરબાસા । નગરુ સઁવારહુ ચારિહુઁ પાસા ॥ ૨॥

પછી બધા મહાજનોને બોલાવ્યાં અને સર્વેએ આવીને રાજાને આદરપૂર્વક શીશ નમાવ્યાં. [રાજાએ કહ્યું –] બજાર, રસ્તા, ઘર, દેવાલય અને આખા નગરને ચારે બાજુથી સજાવો. ॥ ૨॥

હરષિ ચલે નિજ નિજ ગૃહ આએ । પુનિ પરિચારક બોલિ પઠાએ ॥
રચહુ બિચિત્ર બિતાન બનાઈ । સિર ધરિ બચન ચલે સચુ પાઈ ॥ ૩॥

મહાજન પ્રસન્ન થઈને ચાલ્યા અને પોતપોતાના ઘેર આવ્યા. પછી રાજાએ નોકરોને બોલાવી લીધા [અને એમને આજ્ઞા આપી કે] વિચિત્ર મંડપ સજાવીને તૈયાર કરો. આ સાંભળીને તે સર્વે રાજાનાં વચનોને માથે ચઢાવીને અને સુખ પામીને ચાલ્યા. ॥ ૩॥

પઠએ બોલિ ગુની તિન્હ નાના । જે બિતાન બિધિ કુસલ સુજાના ॥
બિધિહિ બંદિ તિન્હ કીન્હ અરંભા । બિરચે કનક કદલિ કે ખંભા ॥ ૪॥

તેમણે અનેક કારીગરોને બોલાવી મંગાવ્યા, જે મંડપ બનાવવામાં કુશળ અને ચતુર હતા. તેમણે બ્રહ્માની વંદના કરીને કાર્ય આરંભ કર્યું અને [પહેલા] સોનાના કેળના થાંભલા બનાવ્યા. ॥ ૪॥

દો૦ – હરિત મનિન્હ કે પત્ર ફલ પદુમરાગ કે ફૂલ।
રચના દેખિ બિચિત્ર અતિ મનુ બિરંચિ કર ભૂલ ॥ ૨૮૭॥

લીલા-લીલા મણિઓ(પન્ના)નાં પાંદડાં અને ફળ બનાવ્યાં તથા પદ્મરાગ મણિઓ(માણેક)નાં ફૂલ બનાવ્યાં. મંડપની અત્યંત વિચિત્ર રચના જોઈને બ્રહ્માનું મન પણ ભૂલું પડ્યું. ॥ ૨૮૭॥

ચૌ૦ – બેનુ હરિત મનિમય સબ કીન્હે। સરલ સપરબ પરહિં નહિં ચીન્હે ॥
કનક કલિત અહિબેલિ બનાઈ। લખિ નહિં પરઈ સપરન સુહાઈ ॥ ૧॥

વાંસ બધા લીલા-લીલા મણિઓ(પન્ના)ના સીધા અને ગાંઠોથી યુક્ત એવા બનાવ્યા જે ઓળખાતા ન હતા [કે મણિઓના છે કે સાધારણ]. સોનાની સુંદર નાગરવેલ બનાવી, જે પાંદડાંસહિત એવી સરસ જણાતી હતી કે ઓળખી શકાતી ન હતી. ॥ ૧॥

તેહિ કે રચિ પચિ બંધ બનાએ। બિચ બિચ મુકુતા દામ સુહાએ ॥
માનિક મરકત કુલિસ પિરોજા। ચીરિ કોરિ પચિ રચે સરોજા ॥ ૨॥

તે જ નાગરવેલને રચીને અને જડતરકામ કરીને બંધન (બાંધવાનાં દોરડાં) બનાવ્યાં. વચ્ચે-વચ્ચે મોતીઓની સુંદર ઝાલરો છે. માણેક, પન્ના, હીરા અને પીરોજા, આ રત્નોને ચીરીને, કોતરીને અને જડતર કરીને [લાલ, લીલા, સફેદ અને પીરમજી રંગનાં] કમળ બનાવ્યાં. ॥ ૨॥

કિએ ભૃંગ બહુરંગ બિહંગા। ગુંજહિં કૂજહિં પવન પ્રસંગા ॥
સુર પ્રતિમા ખંભન ગઢ़િ કાઢ़ીં। મંગલ દ્રબ્ય લિએઁ સબ ઠાઢ़ીં ॥ ૩॥

ભમરા અને ઘણા રંગોનાં પક્ષી બનાવ્યાં, જે હવાના આધારે ગુંજતા અને કુંજતા હતાં. સ્તંભો પર દેવતાઓની મૂર્તિઓ ઘડી કાઢી, જે સર્વ મંગળમય દ્રવ્યો લઈને ઊભી હતી. ॥ ૩॥

ચૌકેં ભાઁતિ અનેક પુરાઈં। સિંધુર મનિમય સહજ સુહાઈં ॥ ૪॥

ગજમુક્તાઓના સ્વાભાવિક જ સુંદર અનેક પ્રકારના ચોક પુરાવ્યા. ॥ ૪॥

દો૦ – સૌરભ પલ્લવ સુભગ સુઠિ કિએ નીલમનિ કોરિ।
હેમ બૌર મરકત ઘવરિ લસત પાટમય ડોરિ ॥ ૨૮૮॥

નીલમણિને કોતરીને આંબાનાં અતિ સુંદર પાંદડાં બનાવ્યાં. સોનાનો મોર (આંબાનો મોર) અને રેશમની દોરીથી બાંધેલાં પન્નામાંથી બનેલાં ફળોના ગુચ્છ સુશોભિત કર્યાં. ॥ ૨૮૮॥

ચૌ૦ – રચે રુચિર બર બંદનિવારે। મનહુઁ મનોભવઁ ફંદ સઁવારે ॥
મંગલ કલસ અનેક બનાએ। ધ્વજ પતાક પટ ચમર સુહાએ ॥ ૧॥

એવા સુંદર અને સ્વાગત દ્વાર બનાવ્યાં જાણે કામદેવે જાળ સજાવી હોય. અનેક મંગળ-કળશ અને સુંદર ધજા, પતાકા, પરદા તથા ચામર બનાવ્યાં. ॥ ૧॥

દીપ મનોહર મનિમય નાના। જાઇ ન બરનિ બિચિત્ર બિતાના ॥
જેહિં મંડપ દુલહિનિ બૈદેહી। સો બરનૈ અસિ મતિ કબિ કેહી ॥ ૨॥

જેમાં મણિઓના અનેક સુંદર દીપક છે, તે વિચિત્ર મંડપનું તો વર્ણન જ નથી કરી શકાતું. જે મંડપમાં શ્રીજાનકીજી દુલ્હન હશે, કયા કવિની એવી બુદ્ધિ છે જે તેનું વર્ણન કરી શકે. ॥ ૨॥

દૂલહુ રામુ રૂપ ગુન સાગર । સો બિતાનુ તિહુઁ લોક ઉજાગર ॥
જનક ભવન કૈ સોભા જૈસી । ગૃહ ગૃહ પ્રતિ પુર દેખિઅ તૈસી ॥ ૩॥

જે મંડપમાં રૂપ અને ગુણોના સમુદ્ર શ્રીરામચન્દ્રજી વરરાજા હશે, તે મંડપ ત્રણેય લોકમાં પ્રસિદ્ધ હોવો જ જોઈએ. જનકજીના મહેલની જેવી શોભા છે, તેવી જ શોભા નગરના પ્રત્યેક ઘરની દેખાય છે. ॥ ૩॥

જેહિં તેરહુતિ તેહિ સમય નિહારી । તેહિ લઘુ લગહિં ભુવન દસ ચારી ॥
જો સંપદા નીચ ગૃહ સોહા । સો બિલોકિ સુરનાયક મોહા ॥ ૪॥

તે સમયે જેણે જનકપુરી જોઈ તેને ચૌદ ભુવન તુચ્છ જણાયાં. જનકપુરમાં નીચના ઘેર પણ તે સમયે જે સંપદા સુશોભિત હતી તેને જોઈને ઇન્દ્ર પણ મોહિત થઈ જતો હતો. ॥ ૪॥

દો૦ – બસઈ નગર જેહિં લચ્છિ કરિ કપટ નારિ બર બેષુ ।
તેહિ પુર કૈ સોભા કહત સકુચહિં સારદ સેષુ ॥ ૨૮૯॥

જે નગરમાં સાક્ષાત્ લક્ષ્મીજી કપટથી [અપ્રકટ] સ્ત્રીનો સુંદર વેષ બનાવી વસતાં હોય, તે પુરની શોભાનું વર્ણન કરવામાં સરસ્વતી અને શેષ પણ લજાય છે. ॥ ૨૮૯॥

ચૌ૦ – પહુઁચે દૂત રામ પુર પાવન । હરષે નગર બિલોકિ સુહાવન ॥
ભૂપ દ્વાર તિન્હ ખબરિ જનાઈ । દસરથ નૃપ સુનિ લિએ બોલાઈ ॥ ૧॥

જનકજીના દૂત શ્રીરામચન્દ્રજીની પવિત્ર પુરી અયોધ્યામાં પહોંચ્યા. સુંદર નગર જોઈને તેઓ હર્ષિત થયા. રાજદ્વાર પર જઈને એમણે ખબર મોકલી. રાજા દશરથજીએ સાંભળીને એમને બોલાવી લીધા. ॥ ૧॥

કરિ પ્રનામુ તિન્હ પાતી દીન્હી । મુદિત મહીપ આપુ ઉઠિ લીન્હી ॥
બારિ બિલોચન બાઁચત પાતી । પુલક ગાત આઈ ભરિ છાતી ॥ ૨॥

દૂતોએ પ્રણામ કરીને ચિઠ્ઠી આપી. પ્રસન્ન થઈને રાજાએ જાતે જ ઊઠીને એને લીધી. ચિઠ્ઠી વાંચતી વખતે તેમનાં નેત્રોમાં જળ (પ્રેમ અને આનંદના આંસુ) છવાઈ ગયાં, શરીર પુલકિત થઈ ગયું અને છાતી ભરાઈ આવી. ॥ ૨॥

રામુ લખનુ ઉર કર બર ચીઠી । રહિ ગએ કહત ન ખાટી મીઠી ॥
પુનિ ધરિ ધીર પત્રિકા બાઁચી । હરષી સભા બાત સુનિ સાઁચી ॥ ૩॥

હૃદયમાં રામ અને લક્ષ્મણ છે, હાથમાં સુંદર ચિઠ્ઠી છે. રાજા તેને હાથમાં લઈને જ ઊભા રહી ગયા. ખાટું-મીઠું કંઈ પણ કહી ન શક્યા. પછી ધીરજ ધરીને એમણે પત્રિકા વાંચી. આખી સભા સાચી વાત સાંભળી હર્ષિત થઈ ગઈ. ॥ ૩॥

ખેલત રહે તહાઁ સુધિ પાઈ । આએ ભરતુ સહિત હિત ભાઈ ॥
પૂછત અતિ સનેહઁ સકુચાઈ । તાત કહાઁ તેં પાતી આઈ ॥ ૪॥

ભરતજી પોતાના મિત્રો અને ભાઈ શત્રુઘ્ન સાથે જ્યાં રમતા હતા, ત્યાં સમાચાર પામીને તેઓ આવી ગયા. બહુ જ પ્રેમથી સંકોચાતાં પૂછે છે – પિતાજી! ચિઠ્ઠી ક્યાંથી આવી છે? ॥ ૪॥

દો૦ – કુસલ પ્રાનપ્રિય બંધુ દોઉ અહહિં કહહુ કેહિં દેસ ।
સુનિ સનેહ સાને બચન બાચી બહુરિ નરેસ ॥ ૨૯૦॥

અમારા પ્રાણોથી પ્રિય બંને ભાઈ, કહો સકુશળ તો છે અને તેઓ કયા દેશમાં છે? સ્નેહથી તરબોળ આ વચન સાંભળીને રાજાએ ફરીથી ચિઠ્ઠી વાંચી. ॥ ૨૯૦॥

ચૌ૦ – સુનિ પાતી પુલકે દોઉ ભ્રાતા । અધિક સનેહુ સમાત ન ગાતા ॥
પ્રીતિ પુનીત ભરત કૈ દેખી । સકલ સભાઁ સુખુ લહેઉ બિસેષી ॥ ૧॥

ચિઠ્ઠી સાંભળીને બંને ભાઈ પુલકિત થઈ ગયા. સ્નેહ એટલો અધિક થઈ ગયો કે તે શરીરમાં સમાતો નથી. ભરતજીનો પવિત્ર પ્રેમ જોઈને આખી સભાએ વિશેષ સુખ મેળવ્યું. ॥ ૧॥

તબ નૃપ દૂત નિકટ બૈઠારે । મધુર મનોહર બચન ઉચારે ॥
ભૈઆ કહહુ કુસલ દોઉ બારે । તુમ્હ નીકેં નિજ નયન નિહારે ॥ ૨॥

ત્યારે રાજા દૂતોને પાસે બેસાડીને મનને હરનારાં મીઠા વચન બોલ્યા – ભાઈ! કહો, બંને બાળકો કુશળ તો છે? તમે પોતાની આંખથી તેમને સારી રીતે જોયા છે ને? ॥ ૨॥

સ્યામલ ગૌર ધરેં ધનુ ભાથા । બય કિસોર કૌસિક મુનિ સાથા ॥
પહિચાનહુ તુમ્હ કહહુ સુભાઊ । પ્રેમ બિબસ પુનિ પુનિ કહ રાઊ ॥ ૩॥

શામળા અને ગોરા શરીરવાળા તેઓ ધનુષ અને ભાથાં ધારણ કરી રાખે છે, કિશોર અવસ્થા છે, વિશ્વામિત્ર મુનિની સાથે છે. તમે એમને ઓળખતા હોવ તો તેમનો સ્વભાવ કહો. રાજા પ્રેમને વિશેષ વશ હોવાથી વારંવાર આ રીતે પૂછી રહ્યા છે. ॥ ૩॥

જા દિન તેં મુનિ ગએ લવાઈ । તબ તેં આજુ સાઁચિ સુધિ પાઈ ॥
કહહુ બિદેહ કવન બિધિ જાને । સુનિ પ્રિય બચન દૂત મુસુકાને ॥ ૪॥

[ભાઈ!] જે દિવસે મુનિ તેમને લઈ ગયા હતા, ત્યારથી આજે જ અમને સાચા સમાચાર મળ્યા છે. કહો તો મહારાજ જનકે તેમને કેવી રીતે ઓળખ્યા? આ પ્રિય (પ્રેમભર્યાં) વચન સાંભળીને દૂત મલકાયા. ॥ ૪॥

દો૦ – સુનહુ મહીપતિ મુકુટ મનિ તુમ્હ સમ ધન્ય ન કોઉ ।
રામુ લખનુ જિન્હ કે તનય બિસ્વ બિભૂષન દોઉ ॥ ૨૯૧॥

[દૂતોએ કહ્યું –] હે રાજાઓના મુગટમણિ! સાંભળો, આપના જેવો ધન્ય બીજો કોઈ નથી, જેમના રામ-લક્ષ્મણ જેવા પુત્ર છે. તે બંને વિશ્વના વિભૂષણ છે. ॥ ૨૯૧॥

ચૌ૦ – પૂછન જોગુ ન તનય તુમ્હારે । પુરુષસિંઘ તિહુ પુર ઉજિઆરે ॥
જિન્હ કે જસ પ્રતાપ કેં આગે । સસિ મલીન રબિ સીતલ લાગે ॥ ૧॥

આપના પુત્ર પૂછવાને યોગ્ય નથી. તે પુરુષસિંહ ત્રણેય લોકોના પ્રકાશસ્વરૂપ છે. જેમના યશ આગળ ચન્દ્રમા મલિન અને પ્રતાપ આગળ સૂર્ય શીતળ લાગે છે, ॥ ૧॥

તિન્હ કહઁ કહિઅ નાથ કિમિ ચીન્હે । દેખિઅ રબિ કિ દીપ કર લીન્હે ॥
સીય સ્વયંબર ભૂપ અનેકા । સમિટે સુભટ એક તેં એકા ॥ ૨॥

હે નાથ! એમના માટે આપ કહો છો કે તેમને કેવી રીતે ઓળખ્યા? શું સૂર્યને હાથમાં દીપક લઈને જોવામાં આવે છે? સીતાજીના સ્વયંવરમાં અનેક રાજા અને એક-એકથી ચઢિયાતા યોદ્ધા એકત્ર થયા હતા, ॥ ૨॥

સંભુ સરાસનુ કાહુઁ ન ટારા । હારે સકલ બીર બરિઆરા ॥
તીનિ લોક મહઁ જે ભટમાની । સભ કૈ સકતિ સંભુ ધનુ ભાની ॥ ૩॥

પરંતુ શિવજીના ધનુષને કોઈ પણ ખસેડી શક્યું નહિ. બધા બળવાન વીરો હારી ગયા. ત્રણેય લોકોમાં જે વીરતાના અભિમાની હતા, શિવજીના ધનુષે સર્વેની શક્તિ તોડી નાખી. ॥ ૩॥

સકઇ ઉઠાઇ સરાસુર મેરૂ । સોઉ હિયઁ હારિ ગયઉ કરિ ફેરૂ ॥
જેહિં કૌતુક સિવસૈલુ ઉઠાવા । સોઉ તેહિ સભાઁ પરાભઉ પાવા ॥ ૪॥

બાણાસુર, જે સુમેરુને પણ ઊંચકી શકતો હતો, તે પણ હૃદયથી હારીને પરિક્રમા કરીને જતો રહ્યો; અને જેણે રમતમાં જ કૈલાસને ઉઠાવી લીધો હતો, તે રાવણ પણ તે સભામાં પરાજયને પ્રાપ્ત થયો. ॥ ૪॥

દો૦— તહાઁ રામ રઘુબંસમનિ સુનિઅ મહા મહિપાલ ।
ભંજેઉ ચાપ પ્રયાસ બિનુ જિમિ ગજ પંકજ નાલ ॥ ૨૯૨॥

હે મહારાજ! સાંભળો, ત્યાં (જ્યાં આવા-આવા યોદ્ધા હાર માની ગયા) રઘુવંશમણિ શ્રીરામચન્દ્રજીએ વગર પ્રયાસે જ શિવજીના ધનુષને એવી રીતે તોડી નાંખ્યું જેવી રીતે હાથી કમળની ડાંડીને તોડી નાખે છે! ॥ ૨૯૨॥

ચૌ૦— સુનિ સરોષ ભૃગુનાયકુ આએ । બહુત ભાઁતિ તિન્હ આઁખિ દેખાએ ॥
દેખિ રામ બલુ નિજ ધનુ દીન્હા । કરિ બહુ બિનય ગવનુ બન કીન્હા ॥ ૧॥

ધનુષ તૂટવાની વાત સાંભળીને પરશુરામજી ક્રોધભર્યા આવ્યા અને તેમણે ઘણી રીતે આંખો કાઢી. અંતે તેમણે પણ શ્રીરામચન્દ્રજીનું બળ જોઈને પોતાનું ધનુષ આપી દીધું અને અનેક પ્રકારે વિનંતી કરીને વનમાં ગમન કર્યું. ॥ ૧॥

રાજન રામુ અતુલબલ જૈસેં । તેજ નિધાન લખનુ પુનિ તૈસેં ॥
કંપહિં ભૂપ બિલોકત જાકેં । જિમિ ગજ હરિ કિસોર કે તાકેં ॥ ૨॥

હે રાજન્! જેવા શ્રીરામચન્દ્રજી અતુલનીય બલી છે, તેવા જ તેજનિધાન પાછા લક્ષ્મણજી પણ છે, જેમને જોવામાત્રથી રાજાલોકો એવા કંપી ઊઠતા હતા, જેમ હાથી સિંહના બચ્ચાના તાકવાથી કંપી ઊઠે છે. ॥ ૨॥

દેવ દેખિ તવ બાલક દોઉ । અબ ન આઁખિ તર આવત કોઉ ॥
દૂત બચન રચના પ્રિય લાગી । પ્રેમ પ્રતાપ બીર રસ પાગી ॥ ૩॥

હે દેવ! આપના બંને બાળકોને જોયા પછી હવે આંખોની નીચે કોઈ આવતું જ નથી (અમારી દૃષ્ટિમાં કોઈ વસતું જ નથી). પ્રેમ, પ્રતાપ અને વીરરસમાં તરબોળ થયેલી દૂતોની વચનરચના બધાને અત્યંત પ્રિય લાગી. ॥ ૩॥

સભા સમેત રાઉ અનુરાગે। દૂતન્હ દેન નિછાવરિ લાગે॥
કહિ અનીતિ તે મૂદહિં કાના। ધરમુ બિચારિ સબહિં સુખુ માના॥ ૪॥

સભાસહિત રાજા પ્રેમમાં મગ્ન થઈ ગયા અને દૂતોને ન્યોછાવર (બક્ષિસ) આપવા લાગ્યા. [તેમણે ન્યોછાવર આપતાં જોઈને] આ નીતિવિરુદ્ધ છે, એમ કહીને દૂત પોતાના હાથોથી કાન ઢાંકવા લાગ્યા. ધર્મનો વિચાર કરી (તેમનું ધર્મયુક્ત આચરણ જોઈ) સર્વેએ સુખ માન્યું. ॥ ૪॥

દો૦– તબ ઉઠિ ભૂપ બસિષ્ટ કહુઁ દીન્હિ પત્રિકા જાઇ।
કથા સુનાઇ ગુરહિ સબ સાદર દૂત બોલાઇ॥ ૨૯૩॥

પછી રાજાએ ઊઠીને વસિષ્ઠજીની પાસે જઈ તેમને પત્રિકા આપી અને આદરપૂર્વક દૂતોને બોલાવીને બધી કથા ગુરુજીને કહી સંભળાવી. ॥ ૨૯૩॥

ચૌ૦– સુનિ બોલે ગુર અતિ સુખુ પાઈ। પુન્ય પુરુષ કહુઁ મહિ સુખ છાઈ॥
જિમિ સરિતા સાગર મહુઁ જાહીં। જદ્યપિ તાહિ કામના નાહીં॥ ૧॥

બધા સમાચાર સાંભળી અને અત્યંત સુખ પામીને ગુરુ બોલ્યા – પુણ્યાત્મા પુરુષને માટે પૃથ્વી સુખોથી છવાયેલી છે. જેમ નદીઓ સમુદ્રમાં જાય છે, જોકે સમુદ્રને નદીની કામના નથી હોતી; ॥ ૧॥

તિમિ સુખ સંપતિ બિનહિં બોલાએઁ। ધરમસીલ પહિં જાહિં સુભાએઁ॥
તુમ્હ ગુર બિપ્ર ધેનુ સુર સેબી। તસિ પુનીત કૌસલ્યા દેબી॥ ૨॥

એવી જ રીતે સુખ અને સંપત્તિ વગર બોલાવ્યે જ સ્વાભાવિકપણે ધર્માત્મા પુરુષ પાસે જ જાય છે. આપ જેવા ગુરુ, બ્રાહ્મણ, ગાય અને દેવતાની સેવા કરનાર છો, તેવાં જ પવિત્ર કૌશલ્યા દેવી પણ છે. ॥ ૨॥

સુકૃતી તુમ્હ સમાન જગ માહીં। ભયઉ ન હૈ કોઉ હોનેઉ નાહીં॥
તુમ્હ તે અધિક પુન્ય બડ઼ કાકેં। રાજન રામ સરિસ સુત જાકેં॥ ૩॥

આપના જેવો પુણ્યાત્મા જગત્‌માં ન કોઈ થયો છે, છે પણ નહિ, અને થવાનો પણ નથી જ. હે રાજન્! તમારાથી અધિક પુણ્ય બીજા કોનું હશે, જેના રામ જેવા પુત્ર છે. ॥ ૩॥

બીર બિનીત ધરમ બ્રત ધારી। ગુન સાગર બર બાલક ચારી॥
તુમ્હ કહુઁ સર્બ કાલ કલ્યાના। સજહુ બરાત બજાઇ નિસાના॥ ૪॥

અને જેનાં ચારે શ્રેષ્ઠ બાળક વીર, વિનમ્ર, ધર્મનું વ્રત ધારણ કરનારાં અને ગુણોના સુંદર સમુદ્ર છે. તમારા માટે બધાંય કાળોમાં કલ્યાણ છે. માટે ડંકો વગડાવી જાન તૈયાર કરો. ॥ ૪॥

દો૦– ચલહુ બેગિ સુનિ ગુર બચન ભલેહિં નાથ સિરુ નાઈ ।
ભૂપતિ ગવને ભવન તબ દૂતન્હ બાસુ દેવાઈ ॥ ૨૯૪॥

અને જલદી ચાલો. ગુરુજીનાં આવાં વચન સાંભળીને, 'હે નાથ! બહુ સારું' કહીને અને શીશ નમાવી તથા દૂતોને ઉતારો અપાવીને રાજા મહેલમાં ગયા. ॥ ૨૯૪॥

ચૌ૦– રાજા સબુ રનિવાસ બોલાઈ । જનક પત્રિકા બાચિ સુનાઈ ॥
સુનિ સંદેસુ સકલ હરષાનીં । અપર કથા સબ ભૂપ બખાનીં ॥ ૧॥

રાજાએ આખા રાણીવાસને બોલાવીને જનકજીની પત્રિકા વાંચી સંભળાવી. સમાચાર સાંભળી સર્વે રાણીઓ હર્ષથી ભરાઈ ગઈ. રાજાએ પછી બીજી સર્વે વાતો(જે દૂતોના મુખે સાંભળી હતી તે)નું વર્ણન કર્યું. ॥ ૧॥

પ્રેમ પ્રફુલ્લિત રાજહિં રાની । મનહુઁ સિખિનિ સુનિ બારિદ બાની ॥
મુદિત અસીસ દેહિં ગુર નારીં । અતિ આનંદ મગન મહતારીં ॥ ૨॥

પ્રેમથી પ્રફુલ્લિત થયેલ રાણીઓ એવી સુશોભિત થઈ રહી છે જેમ ઢેલ વાદળોની ગર્જના સાંભળીને પ્રફુલ્લિત થાય છે. વડીલ વૃદ્ધા [અથવા ગુરુઓની] સ્ત્રીઓ પ્રસન્ન થઈ આશીર્વાદ આપી રહી છે. માતાઓ અત્યંત આનંદમાં લીન છે. ॥ ૨॥

લેહિં પરસ્પર અતિ પ્રિય પાતી । હૃદયઁ લગાઈ જુડ઼ાવહિં છાતી ॥
રામ લખન કૈ કીરતિ કરની । બારહિં બાર ભૂપબર બરની ॥ ૩॥

તે અત્યંત પ્રિય પત્રિકાને પરસ્પર લઈને સર્વે હૃદયથી લગાવી છાતી શીતળ કરે છે. રાજાઓમાં શ્રેષ્ઠ દશરથજીએ શ્રીરામ-લક્ષ્મણની કીર્તિ અને કરણીનું વારંવાર વર્ણન કર્યું. ॥ ૩॥

મુનિ પ્રસાદુ કહિ દ્વાર સિધાએ । રાનિન્હ તબ મહિદેવ બોલાએ ॥
દિએ દાન આનંદ સમેતા । ચલે બિપ્રબર આસિષ દેતા ॥ ૪॥

'આ બધી મુનિની કૃપા છે' એમ કહીને તે બહાર ચાલી આવ્યા ત્યારે રાણીઓએ બ્રાહ્મણોને બોલાવ્યા અને આનંદસહિત એમને દાન આપ્યાં. શ્રેષ્ઠ બ્રાહ્મણ આશીર્વાદ આપતાં ચાલ્યા. ॥ ૪॥

સો૦– જાચક લિએ હઁકારિ દીન્હિ નિછાવરિ કોટિ બિધિ ।
ચિરુ જીવહુઁ સુત ચારિ ચક્રબર્તિ દસરત્થ કે ॥ ૨૯૫॥

પછી ભિક્ષુઓને બોલાવી કરોડો પ્રકારની ન્યોછાવરી (બક્ષિસો) તેમને આપી. 'ચક્રવર્તી મહારાજ દશરથજીના ચારેય પુત્ર ચિરંજીવી થાઓ,' ॥ ૨૯૫॥

ચૌ૦– કહત ચલે પહિરેં પટ નાના । હરષિ હને ગહગહે નિસાના ॥
સમાચાર સબ લોગન્હ પાએ । લાગે ઘર ઘર હોન બધાએ ॥ ૧॥

એમ કહેતાં તેઓ અનેક પ્રકારનાં સુંદર વસ્ત્રો પહેરી-પહેરીને ચાલ્યા. આનંદિત થઈને નગારાંવાળાઓએ ઘણા જોશથી નગારાં પર ચોટ લગાવી. સર્વે લોકોએ જ્યારે આ સમાચાર પામ્યા, ત્યારે ઘેર ઘેર વધામણાં થવા લાગ્યાં. ॥ ૧॥

ભુવન ચારિદસ ભરા ઉછાહૂ । જનકસુતા રઘુબીર બિઆહૂ ॥
સુનિ સુભ કથા લોગ અનુરાગે । મગ ગૃહ ગલીં સઁવારન લાગે ॥ ૨॥

ચૌદ લોકોમાં ઉત્સાહ ભરાઈ ગયો કે જાનકીજી અને શ્રીરઘુનાથજીનો વિવાહ થશે. આ શુભ સમાચાર પામી લોકો પ્રેમમગ્ન થઈ ગયા અને માર્ગ, ઘર તથા શેરીઓ શણગારવા લાગ્યા. ॥ ૨॥

જદ્યપિ અવધ સદૈવ સુહાવનિ । રામ પુરી મંગલમય પાવનિ ॥
તદપિ પ્રીતિ કૈ પ્રીતિ સુહાઈ । મંગલ રચના રચી બનાઈ ॥ ૩॥

જોકે અયોધ્યા સદાય સોહામણી છે, કેમ કે તે શ્રીરામજીની મંગળમય પવિત્ર પુરી છે, તો પણ પ્રીતિ પર પ્રીતિ થવાથી તે સુંદર મંગળરચનાથી શણગારવામાં આવી. ॥ ૩॥

ધ્વજ પતાક પટ ચામર ચારૂ । છાવા પરમ બિચિત્ર બજારૂ ॥
કનક કલસ તોરન મનિ જાલા । હરદ દૂબ દધિ અચ્છત માલા ॥ ૪॥

ધ્વજા, પતાકા, પરદા અને સુંદર ચામરોથી આખું બજાર બહુ જ અજોડ છવાયું છે. સોનાના કળશ, તોરણ, મણિઓની ઝાલરો, હળદર, ધરો, દહીં, અક્ષત અને માળાઓથી – ॥ ૪॥

દો૦ – મંગલમય નિજ નિજ ભવન લોગન્હ રચે બનાઈ ।
બીથીં સીંચીં ચતુરસમ ચૌકેં ચારુ પુરાઈ ॥ ૨૯૬॥

લોકોએ પોતપોતાનાં ઘરો શણગારી મંગળમય બનાવી દીધાં. શેરીઓને ચતુરસમથી સીંચી [ચંદન, કેસર, કસ્તૂરી તથા કપૂરથી બનેલ એક સુગંધિત દ્રવ્યને ચતુરસમ કહે છે]. અને દ્વારે દ્વારે સુંદર ચોક પુરાવ્યા. ॥ ૨૯૬॥

ચૌ૦ – જહઁ તહઁ જૂથ જૂથ મિલિ ભામિનિ । સજિ નવ સપ્ત સકલ દુતિ દામિનિ ॥
બિધુબદનીં મૃગ સાવક લોચનિ । નિજ સરૂપ રતિ માનુ બિમોચનિ ॥ ૧॥

વીજળીના જેવી કાન્તિવાળી ચન્દ્રમુખી, હરણના બચ્ચાના જેવાં નેત્રોવાળી અને પોતાના સુંદર રૂપથી કામદેવની સ્ત્રી રતિના અભિમાનને છોડાવનારી સૌભાગ્યવતી સ્ત્રીઓ બધા સોળ શણગાર સજીને, ચારેકોર ટોળેટોળાં મળીને, ॥ ૧॥

ગાવહિં મંગલ મંજુલ બાનીં । સુનિ કલ રવ કલકંઠિ લજાનીં ॥
ભૂપ ભવન કિમિ જાઇ બખાના । બિસ્વ બિમોહન રચેઉ બિતાના ॥ ૨॥

મનોહર વાણીથી મંગળગીતો ગાઈ રહી છે, જેમના સુંદર સ્વરને સાંભળીને કોયલો પણ લજાઈ જાય છે. રાજમહેલનું વર્ણન કેવી રીતે કરી શકાય, જ્યાં વિશ્વને વિમોહિત કરનારો મંડપ બનાવવામાં આવ્યો છે. ॥ ૨॥

મંગલ દ્રબ્ય મનોહર નાના । રાજત બાજત બિપુલ નિસાના ॥
કતહુઁ બિરિદ બંદી ઉચ્ચરહીં । કતહુઁ બેદ ધુનિ ભૂસુર કરહીં ॥ ૩॥

અનેક પ્રકારના મનોહર માંગલિક પદાર્થ શોભિત થઈ રહ્યા છે અને ઘણાં જ નગારાં વાગી રહ્યાં છે. ક્યાંક ભાટ બિરુદાવલી(કુલકીર્તિ)નું ઉચ્ચારણ કરી રહ્યા છે અને ક્યાંક બ્રાહ્મણ વેદધ્વનિ કરી રહ્યા છે. ॥ ૩॥

ગાવહિં સુંદરિ મંગલ ગીતા । લૈ લૈ નામુ રામુ અરુ સીતા ॥
બહુત ઉછાહુ ભવનુ અતિ થોરા । માનહુઁ ઉમગિ ચલા ચહુ ઓરા ॥ ૪॥

સુંદરી સ્ત્રીઓ શ્રીરામજી અને શ્રીસીતાજીનું નામ લઈ-લઈને મંગળગીતો ગાઈ રહી છે. ઉત્સાહ બહુ છે અને મહેલ અત્યંત નાનો છે. એમાં [ન સમાઈને] જાણે તે ઉત્સાહ (આનંદ) ચારેય તરફ ઊભરાઈ રહ્યો છે. ॥ ૪॥

દો૦— સોભા દસરથ ભવન કઈ કો કબિ બરનૈ પાર ।
જહાઁ સકલ સુર સીસ મનિ રામ લીન્હ અવતાર ॥ ૨૯૭॥

દશરથના મહેલની શોભાનું વર્ણન કયો કવિ કરી શકે છે. જ્યાં સમસ્ત દેવતાઓના શિરોમણિ રામચન્દ્રજીએ અવતાર લીધો છે. ॥ ૨૯૭॥

ચૌ૦— ભૂપ ભરત પુનિ લિએ બોલાઈ । હય ગય સ્યંદન સાજહુ જાઈ ॥
ચલહુ બેગિ રઘુબીર બરાતા । સુનત પુલક પૂરે દોઉ ભ્રાતા ॥ ૧॥

પછી રાજાએ ભરતજીને બોલાવી લીધા અને કહ્યું કે જઈને ઘોડા, હાથી અને રથ શણગારો, જલદી રામચન્દ્રજીની જાનમાં ચાલો. આ સાંભળતાં જ બંને ભાઈ (ભરતજી અને શત્રુઘ્નજી) આનંદવશ રોમાંચથી ભરાઈ ગયા. ॥ ૧॥

ભરત સકલ સાહની બોલાએ । આયસુ દીન્હ મુદિત ઉઠિ ધાએ ॥
રચિ રુચિ જીન તુરગ તિન્હ સાજે । બરન બરન બર બાજિ બિરાજે ॥ ૨॥

ભરતજીએ સર્વે સાહનીઓ(ઘોડારના અધ્યક્ષો)ને બોલાવ્યા અને તેમને [ઘોડાઓને શણગારવાની] આજ્ઞા આપી. તેઓ પ્રસન્ન થઈ ઊઠીને દોડ્યા. તેમણે રુચિ અનુસાર (યથાયોગ્ય) જીન કસીને ઘોડા શણગાર્યા. રંગ-રંગના ઉત્તમ ઘોડાઓ શોભિત થઈ ગયા. ॥ ૨॥

સુભગ સકલ સુઠિ ચંચલ કરની । અય ઇવ જરત ધરત પગ ધરની ॥
નાના જાતિ ન જાહિં બખાને । નિદરિ પવનુ જનુ ચહત ઉડ઼ાને ॥ ૩॥

બધા ઘોડા ઘણા જ સુંદર અને ચંચળ કરણી(ચાલ)ના છે. તે ધરતી પર એવી રીતે પગ મૂકે છે જાણે બળતાં લોખંડ પર મૂકતા હોય. અનેક જાતિના ઘોડા છે, જેનું વર્ણન નથી થઈ શકતું. [એવી તેજ ચાલના છે] જાણે હવાનો અનાદર કરીને ઊડવા ઇચ્છે છે. ॥ ૩॥

તિન્હ સબ છયલ ભએ અસવારા । ભરત સરિસ બય રાજકુમારા ॥
સબ સુંદર સબ ભૂષનધારી । કર સર ચાપ તૂન કટિ ભારી ॥ ૪॥

તે બધા ઘોડાઓ ઉપર ભરતજીની સમાન અવસ્થાવાળા બધા છેલ-છબીલા રાજકુમાર સવાર થયા. તે બધા સુંદર છે અને સર્વે આભૂષણ ધારણ કરેલાં છે. તેમના હાથમાં બાણ અને ધનુષ છે તથા કમરમાં ભારે ભાથા બાંધેલા છે. ॥ ૪॥

દો૦— છરે છબીલે છયલ સબ સૂર સુજાન નબીન ।
જુગ પદચર અસવાર પ્રતિ જે અસિકલા પ્રબીન ॥ ૨૯૮॥

બધા ચુનંદા છેલછબીલા, શૂરવીર, ચતુર અને નવયુવક છે. પ્રત્યેક સવારની સાથે બે પાયદળ સિપાહી છે, જે તલવાર ચલાવવાની કળામાં ઘણા નિપુણ છે. ॥ ૨૯૮॥

ચૌ૦ – બાઁધેં બિરદ બીર રન ગાઢ़े । નિકસિ ભએ પુર બાહેર ઠાઢ़े ॥
ફેરહિં ચતુર તુરગ ગતિ નાના । હરષહિં સુનિ સુનિ પનવ નિસાના ॥ ૧॥

શૂરતાનું બીડું ધારણ કરેલા રણધીર વીર સર્વે નીકળીને નગરની બહાર આવી ઊભા રહ્યા. તે ચતુરો પોતાના ઘોડાઓને જાતજાતની ચાલોથી ફેરવી રહ્યા છે અને દુંદુભી તથા નગારાંનો અવાજ સાંભળી-સાંભળીને પ્રસન્ન થઈ રહ્યા છે. ॥ ૧॥

રથ સારથિન્હ બિચિત્ર બનાએ । ધ્વજ પતાક મનિ ભૂષન લાએ ॥
ચવઁર ચારુ કિંકિનિ ધુનિ કરહીં । ભાનુ જાન સોભા અપહરહીં ॥ ૨॥

સારથિઓએ ધ્વજા, પતાકા, મણિ અને આભૂષણો લગાવીને રથોને બહુ વિલક્ષણ બનાવી દીધા છે. તેમાં સુંદર ચામર લગાડ્યાં છે અને ઘંટડીઓ સુંદર અવાજ કરી રહી છે. તે રથ એટલા સુંદર છે જાણે સૂર્યના રથની શોભાને છીનવી લે છે. ॥ ૨॥

સાવઁકરન અગનિત હય હોતે । તે તિન્હ રથન્હ સારથિન્હ જોતે ॥
સુંદર સકલ અલંકૃત સોહે । જિન્હહિ બિલોકત મુનિ મન મોહે ॥ ૩॥

યજ્ઞાગ્નિથી ઉત્પન્ન થયેલ અગણિત શ્યામકર્ણ ઘોડાઓને સારથિઓએ રથોમાં જોતરી દીધા, જે સર્વે જોવામાં સુંદર અને ઘરેણાંથી શણગારાયેલા - સુશોભિત છે અને જેને જોઈને મુનિઓનાં મન પણ મોહિત થઈ જાય છે. ॥ ૩॥

જે જલ ચલહિં થલહિ કી નાઈં । ટાપ ન બૂડ़ બેગ અધિકાઈં ॥
અસ્ત્ર સસ્ત્ર સબુ સાજુ બનાઈ । રથી સારથિન્હ લિએ બોલાઈ ॥ ૪॥

જે જળ ઉપર પણ જમીનની જેમ જ ચાલે છે. વેગની અધિકતાને લીધે તેમની ખરીઓ પાણીમાં નથી ડૂબતી. અસ્ત્ર-શસ્ત્ર અને સર્વે સાજ શણગારી સારથિઓએ રથીઓને બોલાવી લીધા. ॥ ૪॥

દો૦ – ચઢ़િ ચઢ़િ રથ બાહેર નગર લાગી જુરન બરાત ।
હોત સગુન સુંદર સબહિ જો જેહિ કારજ જાત ॥ ૨૯૯॥

રથો પર ચઢી-ચઢીને જાન નગરની બહાર એકઠી થવા મંડી. જે કોઈ જે કાર્ય માટે જાય છે, તે સર્વેને સુંદર શુકન થાય છે. ॥ ૨૯૯॥

ચૌ૦ – કલિત કરિબરન્હિ પરીં અઁબારીં । કહિ ન જાહિં જેહિ ભાઁતિ સઁવારીં ॥
ચલે મત્ત ગજ ઘંટ બિરાજી । મનહુઁ સુભગ સાવન ઘન રાજી ॥ ૧॥

શ્રેષ્ઠ હાથીઓ પર સુંદર અંબાડીઓ પડી છે. તે જે રીતે શણગારવામાં આવી હતી, તે કહી નથી શકાતું. મદોન્મત હાથી ઘંટોથી સુશોભિત થઈને (ઘંટ વગાડતાં) ચાલ્યા, જાણે શ્રાવણમાં સુંદર વાદળોનો સમૂહ [ગર્જના કરતો] જઈ રહ્યો હોય. ॥ ૧॥

બાહન અપર અનેક બિધાના । સિબિકા સુભગ સુખાસન જાના ॥
તિન્હ ચઢ़િ ચલે બિપ્રબર બૃંદા । જનુ તનુ ધરેં સકલ શ્રુતિ છંદા ॥ ૨॥

સુંદર પાલખીઓ, સુખથી બેસવા યોગ્ય તામજાન (જે ખુર્સી જેવા હોય છે) અને રથ વગેરે અન્ય પણ અનેક પ્રકારની સવારીઓ (વાહનો) છે. તેના પર શ્રેષ્ઠ બ્રાહ્મણોનો સમૂહ ચઢીને ચાલ્યો, જાણે બધા વેદોના છંદો જ શરીર ધારણ કરીને આવ્યા હોય. ॥ ૨॥

માગધ સૂત બંદિ ગુનગાયક । ચલે જાન ચઢ़િ જો જેહિ લાયક ॥
બેસર ઊંટ બૃષભ બહુ જાતી । ચલે બસ્તુ ભરિ અગનિત ભાઁતી ॥ ૩॥

માગધ, સૂત, ભાટ અને ગુણ ગાનારા બધા જેઓ જેને યોગ્ય હતા તેવી જ સવારી પર ચઢીને ચાલ્યા. અનેક જાતિઓનાં ખચ્ચરો, ઊંટ અને બળદ અસંખ્ય પ્રકારની વસ્તુઓ લાદી-લાદીને ચાલ્યા. ॥ ૩॥

કોટિન્હ કાઁવરિ ચલે કહારા । બિબિધ બસ્તુ કો બરનૈ પારા ॥
ચલે સકલ સેવક સમુદાઈ । નિજ નિજ સાજુ સમાજુ બનાઈ ॥ ૪॥

કહાર(ભોઈ) કરોડો કાવડ લઈને ચાલ્યા. એમાં અનેક પ્રકારની એટલી વસ્તુઓ હતી કે જેનું વર્ણન કોણ કરી શકે છે. બધા સેવકોના સમૂહ પોતપોતાના સાજ-સમાજ (સંઘ-મંડળ) બનાવીને ચાલ્યા. ॥ ૪॥

દો૦ – સબ કેં ઉર નિર્ભર હરષુ પૂરિત પુલક સરીર ।
કબહિં દેખિબે નયન ભરિ રામુ લખનુ દોઉ બીર ॥ ૩૦૦॥

બધાના હૃદયમાં અપાર હર્ષ છે અને શરીર રોમાંચથી ભરેલાં છે. [બધાને એક જ લાલસા લાગી છે કે] અમે શ્રીરામ-લક્ષ્મણ બંને ભાઈઓને નેત્રો ભરીને ક્યારે જોઈશું! ॥ ૩૦૦॥

ચૌ૦ – ગરજહિં ગજ ઘંટા ધુનિ ઘોરા । રથ રવ બાજિ હિંસ ચહુ ઓરા ॥
નિદરિ ઘનહિ ઘુર્મ્મરહિં નિસાના । નિજ પરાઇ કછુ સુનિઅ ન કાના ॥ ૧॥

હાથી ચિત્કારી રહ્યા છે, તેમના ઘંટોનો ભીષણ ધ્વનિ થઈ રહ્યો છે. ચારે બાજુ રથોનો ગડગડાટ અને ઘોડાઓની હણહણાટી થઈ રહ્યાં છે. વાદળોનો અનાદર કરતાં નગારાં ઘોર અવાજ કરી રહ્યાં છે. કોઈને પોતાની-પારકી કોઈ વાત કાનોમાં સંભળાતી નથી. ॥ ૧॥

મહા ભીર ભૂપતિ કે દ્વારેં । રજ હોઇ જાઇ પષાન પબારેં ॥
ચઢ़ી અટારિન્હ દેખહિં નારીં । લિઍઁ આરતી મંગલ થારીં ॥ ૨॥

રાજા દશરથના દરવાજા પર એટલી ભારે ભીડ થઈ રહી છે કે ત્યાં પથ્થર નાખવામાં આવે તો તે પણ પિસાઈને ધૂળ થઈ જાય. અટારીઓ પર ચઢી સ્ત્રીઓ મંગળ-થાળોમાં આરતી લઈને જોઈ રહી છે, ॥ ૨॥

ગાવહિં ગીત મનોહર નાના । અતિ આનંદુ ન જાઇ બખાના ॥
તબ સુમંત્ર દુઇ સ્યંદન સાજી । જોતે રબિ હય નિંદક બાજી ॥ ૩॥

અને અનેક પ્રકારનાં મનોહર ગીત ગાઈ રહી છે. તેમના અત્યંત આનંદનાં વખાણ નથી થઈ શકતાં. ત્યારે સુમંતજીએ બે રથ સજાવીને તેમાં સૂર્યના ઘોડાને પણ મહાત કરનારા ઘોડા જોતર્યા. ॥ ૩॥

દોઉ રથ રુચિર ભૂપ પહિં આને। નહિં સારદ પહિં જાહિં બખાને॥
રાજ સમાજુ એક રથ સાજા। દૂસર તેજ પુંજ અતિ ભ્રાજા॥૪॥

બંને સુંદર રથ તેઓ રાજા દશરથની પાસે લઈ આવ્યા, જેની સુંદરતાનું વર્ણન સરસ્વતીથી પણ નથી થઈ શકતું. એક રથ પર રાજસી સામાન ગોઠવવામાં આવ્યો અને બીજો જે તેજનો પુંજ અને અત્યંત શોભાયમાન હતો, ॥૪॥

દો૦– તેહિં રથ રુચિર બસિષ્ઠ કહુઁ હરષિ ચઢ઼ાઇ નરેસુ।
આપુ ચઢ઼ેઉ સ્યંદન સુમિરિ હર ગુર ગૌરિ ગનેસુ॥૩૦૧॥

તે સુંદર રથ ઉપર રાજાએ વસિષ્ઠજીને હર્ષપૂર્વક ચઢાવીને પછી સ્વયં શિવ, ગુરુ, ગૌરી (પાર્વતી) અને ગણેશજીનું સ્મરણ કરીને [બીજા] રથ પર ચઢ્યા. ॥૩૦૧॥

ચૌ૦– સહિત બસિષ્ઠ સોહ નૃપ કૈસેં। સુર ગુર સંગ પુરંદર જૈસેં॥
કરિ કુલ રીતિ બેદ બિધિ રાઉ। દેખિ સબહિ સબ ભાઁતિ બનાઉ॥૧॥

વસિષ્ઠજીની સાથે [જતાં] રાજા દશરથજી એવા શોભિત થઈ રહ્યા છે, જેમ દેવગુરુ બૃહસ્પતિજીની સાથે ઈન્દ્ર હોય. રાજાએ વેદની વિધિથી અને કુળની રીતિ પ્રમાણે સર્વ કાર્ય કર્યું. તથા બધાને બધી રીતે તૈયાર જોઈને, ॥૧॥

સુમિરિ રામુ ગુર આયસુ પાઈ। ચલે મહીપતિ સંખ બજાઈ॥
હરષે બિબુધ બિલોકિ બરાતા। બરષહિં સુમન સુમંગલ દાતા॥૨॥

શ્રીરામચન્દ્રજીનું સ્મરણ કરીને, ગુરુની આજ્ઞા પામીને પૃથ્વીપતિ દશરથજી શંખ વગાડીને ચાલ્યા. જાન જોઈને દેવતા હર્ષિત થયા અને સુંદર મંગળદાયક ફૂલોની વર્ષા કરવા લાગ્યા. ॥૨॥

ભયઉ કોલાહલ હય ગય ગાજે। બ્યોમ બરાત બાજને બાજે॥
સુર નર નારિ સુમંગલ ગાઈં। સરસ રાગ બાજહિં સહનાઈં॥૩॥

ઘણો ઘોંઘાટ મચી ગયો, ઘોડા અને હાથી ગરજવા લાગ્યા. આકાશમાં અને જાનમાં [બંને સ્થળે] વાજાં વાગવા લાગ્યાં. દેવાંગનાઓ અને મનુષ્યોની સ્ત્રીઓ સુંદર મંગળગાન કરવા લાગી અને રસીલા રાગથી શરણાઈઓ વાગવા લાગી. ॥૩॥

ઘંટ ઘંટિ ધુનિ બરનિ ન જાહીં। સરવ કરહિં પાઇક ફહરાહીં॥
કરહિં બિદૂષક કૌતુક નાના। હાસ કુસલ કલ ગાન સુજાના॥૪॥

ઘંટ-ઘંટડીઓના ધ્વનિનું વર્ણન નથી થઈ શકતું. પગપાળા ચાલનારા સેવકજન અથવા પટ્ટેબાજો કસરતના દાવ કરી રહ્યા છે, અને પોતાને ઉછાળી રહ્યા છે (આકાશમાં ઊંચા ઉછળતાં જઈ રહ્યા છે). મશ્કરી કરવામાં નિપુણ અને સુંદર ગાવામાં ચતુર વિદૂષકો (રંગલા) જાતજાતના તમાશા કરી રહ્યા છે. ॥૪॥

દો૦– તુરગ નચાવહિં કુઁઅર બર અકનિ મૃદંગ નિસાન।
નાગર નટ ચિતવહિં ચકિત ડગહિં ન તાલ બઁધાન॥૩૦૨॥

સુંદર રાજકુમાર મૃદંગ અને નગારાંનો અવાજ સાંભળીને ઘોડાઓને તે જ મુજબ એ રીતે નચાવી રહ્યા છે કે તેઓ તાલના બંધનથી જરા પણ ડગતા નથી (લય ચૂકતા નથી). ચતુર નટ ચકિત થઈને આ જોઈ રહ્યા છે. ॥ ૩૦૨॥

ચૌ૦ – બનઇ ન બરનત બની બરાતા । હોહિં સગુન સુંદર સુભદાતા ॥
ચારા ચાષુ બામ દિસિ લેઈ । મનહુઁ સકલ મંગલ કહિ દેઈ ॥ ૧॥

જાન એવી બની છે કે એનું વર્ણન કરી નથી શકાતું. સુંદર શુભદાયક શુકન થઈ રહ્યાં છે. નીલકંઠ પક્ષી ડાબી તરફ ચણી રહ્યું છે, જાણે સંપૂર્ણ મંગળોની સૂચના આપી રહ્યું હોય. ॥ ૧॥

દાહિન કાગ સુખેત સુહાવા । નકુલ દરસુ સબ કાહૂઁ પાવા ॥
સાનુકૂલ બહ ત્રિબિધ બયારી । સઘટ સબાલ આવ બર નારી ॥ ૨॥

જમણી બાજુ કાગડો સુંદર ખેતરોમાં શોભા પામી રહ્યો છે. નોળિયાનાં દર્શન પણ હર કોઈને થયાં. ત્રણેય પ્રકારનો (શીતળ, મંદ, સુગંધિત) વાયુ અનુકૂળ દિશામાં વાઈ રહ્યો છે. શ્રેષ્ઠ (સોહાગણ) સ્ત્રીઓ ભરેલા ઘડા અને ખોળામાં બાળક લઈને આવી રહી છે. ॥ ૨॥

લોવા ફિરિ ફિરિ દરસુ દેખાવા । સુરભી સનમુખ સિસુહિ પિઆવા ॥
મૃગમાલા ફિરિ દાહિનિ આઈ । મંગલ ગન જનુ દીન્હિ દેખાઈ ॥ ૩॥

લોંકડી ફરી-ફરીને (વારંવાર) દેખાવ આપી જતી હતી. ગાયો સામે ઊભેલાં વાછરડાંઓને દૂધ પાય છે. હરણાંઓનું ટોળું [ડાબી બાજુથી] ફરીને જમણી બાજુ આવ્યું, જાણે બધાં મંગળોનો સમૂહ દેખાયો. ॥ ૩॥

છેમકરી કહ છેમ બિસેષી । સ્યામા બામ સુતરુ પર દેખી ॥
સનમુખ આયઉ દધિ અરુ મીના । કર પુસ્તક દુઇ બિપ્ર પ્રબીના ॥ ૪॥

ક્ષેમકરી (સફેદ માથાવાળી સમડી) વિશિષ્ટપણે ક્ષેમ (કલ્યાણ) કહી રહી છે. [શ્યામા] કાળી ચકલી ડાબી બાજુ સુંદર ઝાડ ઉપર જોવામાં આવી. દહીં અને મીનનાં શુભ શુકન થયાં અને બે વિદ્વાન બ્રાહ્મણ હાથમાં પુસ્તક લઈને સામા આવ્યા. ॥ ૪॥

દો૦ – મંગલમય કલ્યાનમય અભિમત ફલ દાતાર ।
જનુ સબ સાચે હોન હિત ભએ સગુન એક બાર ॥ ૩૦૩॥

બધા મંગળમય, કલ્યાણમય અને મનોવાંછિત ફળ આપનારાં શુકન જાણે સાચા થવા માટે એક જ સાથે થઈ ગયાં. ॥ ૩૦૩॥

ચૌ૦ – મંગલ સગુન સુગમ સબ તાકેં । સગુન બ્રહ્મ સુંદર સુત જાકેં ॥
રામ સરિસ બરુ દુલહિનિ સીતા । સમધી દસરથુ જનકુ પુનીતા ॥ ૧॥

સ્વયં સગુણ બ્રહ્મ જેના સુંદર પુત્ર છે, તેને માટે બધાં મંગળ શુકન સુલભ છે. જ્યાં શ્રીરામચન્દ્રજી જેવા વરરાજા અને સીતાજી જેવાં નવવધૂ છે તથા દશરથજી અને જનકજી જેવા પવિત્ર વેવાઈ છે, ॥ ૧॥

સુનિ અસ બ્યાહુ સગુન સબ નાચે । અબ કીન્હે બિરંચિ હમ સાઁચે ॥
એહિ બિધિ કીન્હ બરાત પયાના । હય ગય ગાજહિં હને નિસાના ॥ ૨॥

એવો વિવાહ સાંભળીને જાણે બધાં શુકન નાચી ઊઠ્યાં [અને કહેવા લાગ્યાં –] હવે, બ્રહ્માજીએ અમને સત્ય કરી દીધાં. આ રીતે જાને પ્રસ્થાન કર્યું. ઘોડા, હાથી ગરજી રહ્યા છે અને નગારાં પર ઘા થઈ રહ્યા છે. ॥ ૨॥

આવત જાનિ ભાનુકૂલ કેતૂ । સરિતન્હિ જનક બઁધાએ સેતૂ ॥
બીચ બીચ બર બાસ બનાએ । સુરપુર સરિસ સંપદા છાએ ॥ ૩॥

સૂર્યવંશના ધજારૂપી દશરથજીને આવતાં જાણીને જનકજીએ નદીઓ ઉપર પુલ બંધાવી દીધા, વચ્ચે વચ્ચે ઊતરવા માટે સુંદર નિવાસ બનાવડાવી દીધા, જેમાં દેવલોકના જેવી સંપદા છવાયેલી છે, ॥ ૩॥

અસન સયન બર બસન સુહાએ । પાવહિં સબ નિજ નિજ મન ભાએ ॥
નિત નૂતન સુખ લખિ અનુકૂલે । સકલ બરાતિન્હ મંદિર ભૂલે ॥ ૪॥

અને જ્યાં જાનના બધા લોકો પોતપોતાના મનની પસંદ અનુસાર સુંદર ઉત્તમ ભોજન, ગાદલાં અને વસ્ત્ર પામે છે. મનને અનુકૂળ નિત્ય નવાં સુખોને જોઈને બધા જાનૈયા પોતાના ઘરને ભૂલી ગયા. ॥ ૪॥

દો૦ – આવત જાનિ બરાત બર સુનિ ગહગહે નિસાન ।
સજિ ગજ રથ પદચર તુરગ લેન ચલે અગવાન ॥ ૩૦૪॥

અધિક જોરથી વાગતાં નગારાંનો અવાજ સાંભળી શ્રેષ્ઠ જાનને આવતી જાણીને સામૈયું કરનારા હાથી, રથ, પગપાળા અને ઘોડા તૈયાર કરીને જાનને લેવા ચાલ્યા. ॥ ૩૦૪॥

માસપારાયણ, દસમો વિશ્રામ

ચૌ૦ – કનક કલસ ભરિ કોપર થારા । ભાજન લલિત અનેક પ્રકારા ॥
ભરે સુધા સમ સબ પકવાને । નાના ભાઁતિ ન જાહિં બખાને ॥ ૧॥

[દૂધ, શરબત, ઠંડાઈ, જળ આદિથી] ભરેલા સોનાના કળશ તથા જેનું વર્ણન નથી થઈ શકતું એવા અમૃત જેવા જાતજાતનાં સર્વે પકવાનોથી ભરેલા થાળ, કથરોટ વગેરે અનેક પ્રકારનાં સુંદર વાસણ, ॥ ૧॥

ફલ અનેક બર બસ્તુ સુહાઈં । હરષિ ભેંટ હિત ભૂપ પઠાઈં ॥
ભૂષન બસન મહામનિ નાના । ખગ મૃગ હય ગય બહુબિધિ જાના ॥ ૨॥

ઉત્તમ ફળ તથા અન્ય અનેક સુંદર વસ્તુઓ પણ રાજાએ હર્ષિત થઈને ભેટસ્વરૂપે મોકલી. ઘરેણાં, કપડાં, અનેક પ્રકારનાં કિંમતી મણિઓ (રત્ન), પક્ષી, પશુ, ઘોડા, હાથી અને અનેક પ્રકારનાં વાહનો, ॥ ૨॥

મંગલ સગુન સુગંધ સુહાએ। બહુત ભાઁતિ મહિપાલ પઠાએ॥
દધિ ચિઉરા ઉપહાર અપારા। ભરિ ભરિ કાઁવરિ ચલે કહારા॥ ૩॥

તથા અનેક પ્રકારનાં સુગંધિત અને રમણીય મંગળદ્રવ્યો અને શુકનના પદાર્થ રાજાએ મોકલ્યા. દહીં, પૌંઆં અને અગણિત ઉપહારની ચીજો કાવડોમાં ભરી-ભરીને ભોઈ લોકો ચાલ્યા. ॥ ૩॥

અગવાનન્હ જબ દીખિ બરાતા। ઉર આનંદુ પુલક ભર ગાતા॥
દેખિ બનાવ સહિત અગવાના। મુદિત બરાતિન્હ હને નિસાના॥ ૪॥

સામૈયું કરનારાઓને જ્યારે જાન દેખાઈ ત્યારે તેમના હૃદયમાં આનંદ છવાઈ ગયો અને શરીર રોમાંચથી ભરાઈ ગયાં. આગેવાનોને ઠાઠ-માઠ સાથે જોઈ જાનૈયાઓએ પ્રસન્ન થઈને નગારાં વગાડ્યાં. ॥ ૪॥

દો૦– હરષિ પરસપર મિલન હિત કછુક ચલે બગમેલ।
જનુ આનંદ સમુદ્ર દુઇ મિલત બિહાઈ સુબેલ॥ ૩૦૫॥

[જાનૈયા તથા આગેવાનોમાંથી] કેટલાક લોકો પરસ્પર મળવા માટે હરખાઈને ખુશ-ખુશ થઈને [પુરજોશથી] દોડી પડ્યા અને એવી રીતે મળ્યા જાણે આનંદના બે સમુદ્ર મર્યાદા છોડીને મળતા હોય. ॥ ૩૦૫॥

ચૌ૦– બરષિ સુમન સુર સુંદરિ ગાવહિં। મુદિત દેવ દુંદુભીં બજાવહિં॥
બસ્તુ સકલ રાખીં નૃપ આગેં। બિનય કીન્હિ તિન્હ અતિ અનુરાગેં॥ ૧॥

દેવસુંદરીઓ ફૂલ વરસાવીને ગીતો ગાઈ રહી છે, અને દેવતા આનંદિત થઈને નગારાં વગાડી રહ્યા છે. [સામૈયામાં આવેલા] તે લોકોએ બધી વસ્તુઓ દશરથજી સામે મૂકી દીધી અને અત્યંત પ્રેમથી વિનંતી કરી. ॥ ૧॥

પ્રેમ સમેત રાયઁ સબુ લીન્હા। ભૈ બકસીસ જાચકન્હિ દીન્હા॥
કરિ પૂજા માન્યતા બડ઼ાઈ। જનવાસે કહુઁ ચલે લવાઈ॥ ૨॥

રાજા દશરથજીએ પ્રેમસહિત સર્વે વસ્તુઓ લઈ લીધી, પછી તેની બક્ષિસો થવા લાગી અને તે યાચકોને આપી દેવામાં આવી. આ ઉપરાંત, પૂજા, આદર-સત્કાર અને પ્રશંસા કરીને આગેવાન લોકો તેમને જાનીવાસા તરફ લઈ ચાલ્યા. ॥ ૨॥

બસન બિચિત્ર પાઁવડ઼ે પરહીં। દેખિ ધનદુ ધન મદુ પરિહરહીં॥
અતિ સુંદર દીન્હેઉ જનવાસા। જહઁ સબ કહુઁ સબ ભાઁતિ સુપાસા॥ ૩॥

વિલક્ષણ વસ્ત્રોનાં પાગરણ (જાજમ) પથરાઈ રહ્યાં છે, જેને જોઈને કુબેર પણ પોતાના ધનનું અભિમાન ત્યાગી દે છે. ઘણો સુંદર જાનીવાસો અપાયો, જ્યાં સર્વેને સર્વ પ્રકારની સુવિધા મળતી હતી. ॥ ૩॥

જાની સિયઁ બરાત પુર આઈ। કછુ નિજ મહિમા પ્રગટિ જનાઈ॥
હૃદયઁ સુમિરિ સબ સિદ્ધિ બોલાઈ। ભૂપ પહુનઈ કરન પઠાઈ॥ ૪॥

સીતાજીએ જાનને જનકપુરીમાં આવી જાણીને પોતાનો કંઈક મહિમા પ્રકટ કરીને દેખાડ્યો. હૃદયમાં સ્મરણ કરીને સઘળી સિદ્ધિઓને બોલાવી અને તેમને રાજા દશરથની પરોણાગત કરવા માટે મોકલી. ॥ ૪॥

દો૦ – સિધિ સબ સિય આયસુ અકનિ ગઈં જહાઁ જનવાસ ।
લિએઁ સંપદા સકલ સુખ સુરપુર ભોગ બિલાસ ॥ ૩૦૬॥

સીતાજીની આજ્ઞા સાંભળી સર્વે સિદ્ધિઓ જ્યાં જાનીવાસો હતો ત્યાં બધી સંપદા, સુખ અને ઈન્દ્રપુરીના ભોગ-વિલાસોને લઈને ગઈ. ॥ ૩૦૬॥

ચૌ૦ – નિજ નિજ બાસ બિલોકિ બરાતી । સુર સુખ સકલ સુલભ સબ ભાઁતી ॥
બિભવ ભેદ કછુ કોઉ ન જાના । સકલ જનક કર કરહિં બખાના ॥ ૧॥

જાનૈયાઓએ પોતપોતાના ઊતરવાનાં સ્થાન જોયાં તો ત્યાં દેવતાઓનાં સર્વે સુખો બધી રીતે સુલભ જણાયાં. એ ઐશ્વર્યનો કંઈ પણ ભેદ કોઈ જાણી ન શક્યા. બધા જનકજીની પ્રશંસા કરી રહ્યા છે. ॥ ૧॥

સિય મહિમા રઘુનાયક જાની । હરષે હૃદયઁ હેતુ પહિચાની ॥
પિતુ આગમનુ સુનત દોઉ ભાઈ । હૃદયઁ ન અતિ આનંદુ અમાઈ ॥ ૨॥

શ્રીરઘુનાથજી આ બધો સીતાજીનો મહિમા જાણીને અને એમના પ્રેમને ઓળખીને હૃદયમાં હરખાયા. પિતા દશરથજીના આવવાના સમાચાર સાંભળીને બંને ભાઈઓના હૃદયમાં મહાન આનંદ સમાતો ન હતો. ॥ ૨॥

સકુચન્હ કહિ ન સકત ગુરુ પાહીં । પિતુ દરસન લાલચુ મન માહીં ॥
બિસ્વામિત્ર બિનય બડ઼િ દેખી । ઉપજા ઉર સંતોષુ બિસેષી ॥ ૩॥

સંકોચવશ તે ગુરુ વિશ્વામિત્રજીને કહી શકતા ન હતા; પરંતુ મનમાં પિતાજીનાં દર્શનોની લાલસા હતી. વિશ્વામિત્રજીએ તેમની મોટી નમ્રતા જોઈ, તો એમના હૃદયમાં ઘણો સંતોષ ઉત્પન્ન થયો. ॥ ૩॥

હરષિ બંધુ દોઉ હૃદયઁ લગાએ । પુલક અંગ અંબક જલ છાએ ॥
ચલે જહાઁ દસરથુ જનવાસે । મનહુઁ સરોબર તકેઉ પિઆસે ॥ ૪॥

પ્રસન્ન થઈને એમણે બંને ભાઈઓને હૃદય સરસા ચાંપી દીધા. તેમનું શરીર પુલકિત થઈ ગયું અને નેત્રોમાં (પ્રેમાશ્રુઓનું) જળ ભરાઈ આવ્યું. તેઓ જાનીવાસે ચાલ્યા, જ્યાં દશરથજી હતા, જાણે સરોવર તરસ્યાની તરફ લક્ષ કરીને ચાલ્યું હોય. ॥ ૪॥

દો૦ – ભૂપ બિલોકે જબહિં મુનિ આવત સુતન્હ સમેત ।
ઉઠે હરષિ સુખસિંધુ મહુઁ ચલે થાહ સી લેત ॥ ૩૦૭॥

જ્યારે રાજા દશરથજીએ પુત્રોસહિત મુનિને આવતાં જોયા, ત્યારે તે હરખાઈને ઊઠ્યા અને સુખના સમુદ્રનો તાગ લેતા ચાલ્યા. ॥ ૩૦૭॥

ચૌ૦ – મુનિહિ દંડવત કીન્હ મહીસા । બાર બાર પદ રજ ધરિ સીસા ॥
કૌસિક રાઉ લિએ ઉર લાઈ । કહિ અસીસ પૂછી કુસલાઈ ॥ ૧॥

પૃથ્વીપતિ દશરથજીએ મુનિની ચરણરજને વારંવાર શીશ પર ચઢાવીને તેમને દંડવત્-પ્રણામ કર્યાં. વિશ્વામિત્રજીએ રાજાને ઉઠાવીને હૃદયે લગાડી દીધા અને આશીર્વાદ આપીને કુશળ પૂછ્યા. ॥ ૧॥

પુનિ દંડવત કરત દોઉ ભાઈ । દેખિ નૃપતિ ઉર સુખુ ન સમાઈ ॥
સુત હિયઁ લાઇ દુસહ દુખ મેટે । મૃતક સરીર પ્રાન જનુ ભેંટે ॥ ૨॥

પછી બંને ભાઈઓને દંડવત્-પ્રણામ કરતાં જોઈને રાજાના હૃદયમાં હરખ ન સમાયો. પુત્રોને [ઉઠાવીને] હૃદયથી લગાડી તેમણે પોતાના [વિયોગજનિત] દુઃસહ્ય દુઃખને દૂર કર્યું. જાણે મૃતક શરીરને પ્રાણ મળી ગયા હોય. ॥ ૨॥

પુનિ બસિષ્ઠ પદ સિર તિન્હ નાએ । પ્રેમ મુદિત મુનિબર ઉર લાએ ॥
બિપ્ર બૃંદ બંદે દુહુઁ ભાઈં । મનભાવતી અસીસેં પાઈં ॥ ૩॥

પછી તેમણે વસિષ્ઠજીના ચરણોમાં શીશ નમાવ્યાં. મુનિશ્રેષ્ઠે પ્રેમના આનંદથી તેમને હૃદય સરસા ચાંપી દીધા. બંને ભાઈઓએ સર્વે બ્રાહ્મણોની વંદના કરી અને મનગમતા આશીર્વાદ પામ્યા. ॥ ૩॥

ભરત સહાનુજ કીન્હ પ્રનામા । લિએ ઉઠાઇ લાઇ ઉર રામા ॥
હરષે લખન દેખિ દોઉ ભ્રાતા । મિલે પ્રેમ પરિપૂરિત ગાતા ॥ ૪॥

ભરતજીએ નાના ભાઈ શત્રુઘ્નસહિત શ્રીરામચન્દ્રજીને પ્રણામ કર્યાં. શ્રીરામજીએ તેમને ઉઠાવી હૃદયે ચાંપી દીધા. લક્ષ્મણજી બંને ભાઈઓને જોઈને હર્ષિત થયા અને પ્રેમથી પરિપૂર્ણ થયેલા તનથી તેમને ભેટ્યા. ॥ ૪॥

દો૦ – પુરજન પરિજન જાતિજન જાચક મંત્રી મીત ।
મિલે જથાબિધિ સબહિ પ્રભુ પરમ કૃપાલ બિનીત ॥ ૩૦૮॥

તદ્ઉપરાંત, પરમ કૃપાળુ અને વિનયી શ્રીરામચન્દ્રજી અયોધ્યાવાસી, કુટુંબીઓ, જાતિના લોકો, યાચકો, મંત્રીઓ અને મિત્રો - બધાને યથાયોગ્ય મળ્યા. ॥ ૩૦૮॥

ચૌ૦ – રામહિ દેખિ બરાત જુડ઼ાની । પ્રીતિ કિ રીતિ ન જાતિ બખાની ॥
નૃપ સમીપ સોહહિં સુત ચારી । જનુ ધન ધરમાદિક તનુધારી ॥ ૧॥

શ્રીરામચન્દ્રજીને જોઈને જાન શીતળ બની (રામના વિયોગમાં બધાના હૃદયમાં જે આગ બળી રહી હતી, તે શાંત થઈ ગઈ). પ્રીતિની રીતિનાં વખાણ થઈ નથી શકતાં. રાજાની સમીપ ચારેય પુત્રો એવી શોભા પામી રહ્યા છે જાણે અર્થ, ધર્મ, કામ અને મોક્ષે શરીર ધારણ કરેલાં હોય. ॥ ૧॥

સુતન્હ સમેત દસરથહિ દેખી । મુદિત નગર નર નારિ બિસેષી ॥
સુમન બરિસિ સુર હનહિં નિસાના । નાકનટીં નાચહિં કરિ ગાના ॥ ૨॥

પુત્રોસહિત દશરથજીને જોઈને નગરનાં સ્ત્રી-પુરુષ ઘણા જ પ્રસન્ન થઈ રહ્યાં છે. [આકાશમાં] દેવો ફૂલોની વર્ષા કરીને નગારાં વગાડી રહ્યાં છે અને અપ્સરાઓ ગાઈ-ગાઈને નાચી રહી છે. ॥ ૨॥

સતાનંદ અરુ બિપ્ર સચિવ ગન । માગધ સૂત બિદુષ બંદીજન ॥
સહિત બરાત રાઉ સનમાના । આયસુ માગિ ફિરે અગવાના ॥ ૩॥

સામૈયામાં આવેલા લોકો શતાનંદજી, અન્ય બ્રાહ્મણ, મંત્રીગણ, માગધ, સૂત, વિદ્વાન અને ભાટોએ જાનસહિત રાજા દશરથજીનો આદર-સત્કાર કર્યો. પછી આજ્ઞા લઈ તેઓ પાછા ફર્યા. ॥ ૩॥

પ્રથમ બરાત લગન તેં આઈ । તાતેં પુર પ્રમોદુ અધિકાઈ ॥
બ્રહ્માનંદુ લોગ સબ લહહીં । બઢ़હુँ દિવસ નિસિ બિધિ સન કહહીં ॥ ૪॥

જાન લગ્નના દિવસથી અગાઉ આવી ગઈ છે, તેથી જનકપુરમાં અધિક આનંદ છવાઈ ગયો છે. સર્વે લોકો બ્રહ્માનંદ પ્રાપ્ત કરી રહ્યા છે અને વિધાતાને વિનવી કહે છે કે દિવસ-રાત વધી જાઓ. (લાંબા થઈ જાય). ॥ ૪॥

દો૦ – રામુ સીય સોભા અવધિ સુકૃત અવધિ દોઉ રાજ ।
જહँ તહँ પુરજન કહહિં અસ મિલિ નર નારિ સમાજ ॥ ૩૦૯॥

શ્રીરામચન્દ્રજી અને સીતાજી સુંદરતાની સીમા છે અને બંને રાજા પુણ્યની સીમા છે, ચારે બાજુ જનકપુરવાસી સ્ત્રી-પુરુષોના સમૂહ એકત્ર થઈ-થઈને આ જ કહી રહ્યા છે - ॥ ૩૦૯॥

ચૌ૦ – જનક સુકૃત મૂરતિ બૈદેહી । દસરથ સુકૃત રામુ ધરેં દેહી ॥
ઇન્હ સમ કાહુँ ન સિવ અવરાધે । કાહુँ ન ઇન્હ સમાન ફલ લાધે ॥ ૧॥

જનકજીના સુકૃત(પુણ્ય)ની મૂર્તિ જાનકીજી છે અને દશરથજીના સુકૃત દેહ ધારણ કરેલા શ્રીરામજી છે. આ[બંને રાજાઓ]ની જેમ કોઈએ શિવજીની આરાધના કરી નથી અને એમના સમાન કોઈએ ફળ પણ મેળવ્યાં નથી. ॥ ૧॥

ઇન્હ સમ કોઉ ન ભયઉ જગ માહીં । હૈ નહિં કતહૂँ હોનેઉ નાહીં ॥
હમ સબ સકલ સુકૃત કૈ રાસી । ભએ જગ જનમિ જનકપુર બાસી ॥ ૨॥

એમના જેવું જગતમાં નથી કોઈ થયું, ક્યાંય છે નહીં અને થવાનું પણ નથી. આપણે સૌ પણ સંપૂર્ણ પુણ્યોનો ભંડાર છીએ, જેથી જગતમાં જન્મ લઈને જનકપુરના નિવાસી બન્યા, ॥ ૨॥

જિન્હ જાનકી રામ છબિ દેખી । કો સુકૃતી હમ સરિસ બિસેષી ॥
પુનિ દેખબ રઘુબીર બિઆહૂ । લેબ ભલી બિધિ લોચન લાહૂ ॥ ૩॥

અને જેમણે જાનકીજી અને શ્રીરામચન્દ્રજીની શોભા જોઈ છે. આપણા જેવો વિશેષ પુણ્યાત્મા કોણ હશે! અને હવે આપણે શ્રીરઘુનાથજીનો વિવાહ જોઈશું અને સારી રીતે નેત્રોનો લાભ લઈશું. ॥ ૩॥

કહહિં પરસપર કોકિલબયનીં । એહિ બિઆહँ બડ़ લાભુ સુનયનીં ॥
બડ़ે ભાગ બિધિ બાત બનાઈ । નયન અતિથિ હોઇહહિં દોઉ ભાઈ ॥ ૪॥

કોયલ સમાન મધુર બોલનારી સ્ત્રીઓ પરસ્પર કહે છે કે હે સુંદર નેત્રોવાળી! આ વિવાહમાં મોટો લાભ છે. મોટા ભાગ્યથી વિધાતાએ સઘળી વાત બનાવી દીધી છે, આ બંને ભાઈ આપણા નેત્રોના અતિથિ બન્યા કરશે. ॥ ૪॥

દો૦– બારહિં બાર સનેહ બસ જનક બોલાઉબ સીય ।
લેન આઈહહિં બંધુ દોઉ કોટિ કામ કમનીય ॥ ૩૧૦॥

જનકજી સ્નેહવશ વારંવાર સીતાજીને તેડાવશે અને કરોડો કામદેવ સમાન સુંદર બંને ભાઈ સીતાજીને તેડવા આવ્યા કરશે. ॥ ૩૧૦॥

ચૌ૦– બિબિધ ભાઁતિ હોઇહિ પહુનાઈ । પ્રિય ન કાહિ અસ સાસુર માઈ ॥
તબ તબ રામ લખનહિ નિહારી । હોઇહહિં સબ પુર લોગ સુખારી ॥ ૧॥

ત્યારે તેમની અનેક પ્રકારે પરોણાગત થશે. સખી! આવું સાસરું કોણે પ્રિય નહીં લાગે! ત્યારે ત્યારે આપણે સૌ નગરવાસી શ્રીરામ-લક્ષ્મણને જોઈ-જોઈને સુખી થઈશું. ॥ ૧॥

સખિ જસ રામ લખન કર જોટા । તૈસેઈ ભૂપ સંગ દુઇ ઢોટા ॥
સ્યામ ગૌર સબ અંગ સુહાએ । તે સબ કહહિં દેખિ જે આએ ॥ ૨॥

હે સખી! જેવી શ્રીરામ-લક્ષ્મણની જોડી છે, તેવા જ બે કુમાર રાજાની સાથે બીજા પણ છે. તેમાં પણ એક શ્યામ અને બીજા ગૌર વર્ણના છે, તેમના પણ સર્વે અંગ ઘણાં સુંદર છે. જે લોકો તેમને જોઈને આવ્યા છે, તે બધા આ જ કહે છે. ॥ ૨॥

કહા એક મૈં આજુ નિહારે । જનુ બિરંચિ નિજ હાથ સઁવારે ॥
ભરતુ રામહી કી અનુહારી । સહસા લખિ ન સકહિં નર નારી ॥ ૩॥

એકે કહ્યું – મેં આજે જ એમને જોયા છે, એટલા સુંદર છે, જાણે બ્રહ્માજીએ એમને પોતાના હાથે બનાવ્યા હોય. ભરત તો શ્રીરામચન્દ્રજીના જેવી જ શકલ-સૂરતના છે. સ્ત્રી-પુરુષ એમને એકદમ ઓળખી જ નથી શકતા. ॥ ૩॥

લખનુ સત્રુસૂદનુ એકરૂપા । નખ સિખ તે સબ અંગ અનૂપા ॥
મન ભાવહિં મુખ બરનિ ન જાહીં । ઉપમા કહુઁ ત્રિભુવન કોઉ નાહીં ॥ ૪॥

લક્ષ્મણ અને શત્રુઘ્ન બંનેનું એક રૂપ છે. બંનેના નખથી શિખા સુધીનાં બધાં જ અંગો અનુપમ છે. મનને ઘણા જ ગમે છે, પણ મુખથી એમનું વર્ણન થઈ શકતું નથી. તેમની ઉપમાને યોગ્ય ત્રણે લોકોમાંથી કોઈ નથી. ॥ ૪॥

છં૦– ઉપમા ન કોઉ કહ દાસ તુલસી કતહુઁ કબિ કોબિદ કહૈં ।
બલ બિનય બિદ્યા સીલ સોભા સિંધુ ઇન્હ સે એઇ અહૈં ॥
પુર નારિ સકલ પસારિ અંચલ બિધિહિ બચન સુનાવહીં ।
બ્યાહિઅહુઁ ચારિઉ ભાઇ એહિં પુર હમ સુમંગલ ગાવહીં ॥

દાસ તુલસી કહે છે, કવિ અને કોવિદ (વિદ્વાન) કહે છે કે એમની ઉપમા ક્યાંય કોઈ નથી. બળ, વિનય, વિદ્યા, શીલ અને શોભાના સમુદ્ર એમના જેવા એ જ છે. જનકપુરીની સર્વે સ્ત્રીઓ ખોળો પાથરીને વિધાતાને એ જ વચન (પ્રાર્થના) સંભળાવે છે કે ચારે ભાઈઓનો વિવાહ આ જ નગરમાં કરાવો અને અમે સૌ સુંદર મંગળ ગાઈએ. ॥ ૫॥

સો○– કહહિં પરસ્પર નારિ બારિ બિલોચન પુલક તન।
સખિ સબુ કરબ પુરારિ પુન્ય પયોનિધિ ભૂપ દોઉ ॥ ૩૧૧॥

નેત્રોમાં [પ્રેમાશ્રુઓનું] જળ ભરીને પુલકિત શરીરે સ્ત્રીઓ પરસ્પર કહી રહી છે કે હે સખી! બંને રાજા પુણ્યના સમુદ્ર છે, ત્રિપુરારિ શિવજી સર્વે મનોરથ પૂર્ણ કરશે. ॥ ૩૧૧॥

ચૌ○– એહિ બિધિ સકલ મનોરથ કરહીં। આનँદ ઉમગિ ઉમગિ ઉર ભરહીં॥
જે નૃપ સીય સ્વયંબર આએ। દેખિ બંધુ સબ તિન્હ સુખ પાએ॥ ૧॥

આ રીતે બધી મનોરથ કરી રહી છે અને હૃદયને ઉમંગ-ઉમંગ કરી (ઉત્સાહપૂર્વક) આનંદથી ભરી રહી છે. સીતાજીના સ્વયંવરમાં જે રાજા આવ્યા હતા, તેમણે પણ ચારેય ભાઈઓને જોઈને સુખ ઊપજ્યું. ॥ ૧॥

કહત રામ જસુ બિસદ બિસાલા। નિજ નિજ ભવન ગએ મહિપાલા॥
ગએ બીતિ કછુ દિન એહિ ભાँતી। પ્રમુદિત પુરજન સકલ બરાતી॥ ૨॥

શ્રીરામચન્દ્રજીનો નિર્મળ અને મહાન યશ કહેતાં કહેતાં રાજાઓ પોતપોતાના ઘેર ગયા. આ રીતે કેટલાક દિવસ વીતી ગયા. જનકપુરનિવાસી અને બધા જાનૈયા ઘણા આનંદિત છે. ॥ ૨॥

મંગલ મૂલ લગન દિનુ આવા। હિમ રિતુ અગહનુ માસુ સુહાવા॥
ગ્રહ તિથિ નખતુ જોગુ બર બારૂ। લગન સોધિ બિધિ કીન્હ બિચારૂ॥ ૩॥

મંગળોનો મૂળ, લગ્નનો દિવસ આવી ગયો. હેમંત ઋતુ અને સોહામણો માગશર મહિનો હતો. ગ્રહ, તિથિ, નક્ષત્ર, યોગ અને વાર શ્રેષ્ઠ હતાં. લગ્ન (મુહુર્ત) શોધીને બ્રહ્માજીએ તે પર વિચાર કર્યો, ॥ ૩॥

પઠૈ દીન્હિ નારદ સન સોઈ। ગની જનક કે ગનકન્હ જોઈ॥
સુની સકલ લોગન્હ યહ બાતા। કહહિં જોતિષી આહિં બિધાતા॥ ૪॥

અને તે(લગ્નપત્રિકા)ને નારદજીના હાથે [જનકજીને ત્યાં] મોકલી દીધી. જનકજીના જ્યોતિષિઓએ પણ તે ગણના કરી રાખી હતી. જ્યારે બધા લોકોએ આ વાત સાંભળી ત્યારે તે કહેવા લાગ્યા – અહીંના જ્યોતિષી પણ બ્રહ્મા જ છે. ॥ ૪॥

દો○– ધેનુધૂરિ બેલા બિમલ સકલ સુમંગલ મૂલ।
બિપ્રન્હ કહેઉ બિદેહ સન જાનિ સગુન અનુકૂલ॥ ૩૧૨॥

નિર્મળ અને સર્વે સુંદર મંગળોની મૂળ ગોધૂલિની પવિત્ર વેળા આવી ગઈ અને અનુકૂળ શુકન થવા લાગ્યાં, એ જાણીને બ્રાહ્મણોએ જનકજીને કહ્યું. ॥ ૩૧૨॥

ચૌ○– ઉપરોહિતહિ કહેઉ નરનાહા। અબ બિલંબ કર કારનુ કાહા॥
સતાનંદ તબ સચિવ બોલાએ। મંગલ સકલ સાજિ સબ લ્યાએ॥ ૧॥

ત્યારે રાજા જનકે પુરોહિત શતાનંદજીને કહ્યું કે હવે મોડું કરવાનું શું કારણ છે? ત્યારે શતાનંદજીએ મંત્રીઓને બોલાવ્યા, તેઓ બધા મંગળનો સામાન તૈયાર કરીને લઈ આવ્યા. ॥ ૧॥

સંખ નિસાન પનવ બહુ બાજે। મંગલ કલસ સગુન સુભ સાજે॥
સુભગ સુઆસિનિ ગાવહિં ગીતા। કરહિં બેદ ધુનિ બિપ્ર પુનીતા॥૨॥

શંખ, નગારાં, ઢોલ અને ઘણાં બધાં વાજાં વાગવા લાગ્યાં તથા મંગળ-કળશ અને શુભ શુકનની વસ્તુઓ (દહીં, દૂર્વા આદિ) તૈયાર કરાઈ. સુંદર સૌભાગ્યવતી સ્ત્રીઓ ગીત ગાઈ રહી છે અને પવિત્ર બ્રાહ્મણ વેદધ્વનિ કરી રહ્યા છે. ॥૨॥

લેન ચલે સાદર એહિ ભાઁતી। ગએ જહાઁ જનવાસ બરાતી॥
કોસલપતિ કર દેખિ સમાજૂ। અતિ લઘુ લાગ તિન્હહિ સુરરાજૂ॥૩॥

બધા લોકો આ રીતે આદરપૂર્વક જાનને લેવા ચાલ્યા અને જ્યાં જાનૈયાઓનો જાનીવાસો હતો ત્યાં ગયા. અવધપતિ દશરથજીનો સમાજ (વૈભવ) જોઈને તેમને દેવરાજ ઈન્દ્ર પણ ઘણા જ તુચ્છ લાગવા માંડ્યા. ॥૩॥

ભયઉ સમઉ અબ ધારિઅ પાઊ। યહ સુનિ પરા નિસાનહિં ઘાઊ॥
ગુરહિ પૂછિ કરિ કુલ બિધિ રાજા। ચલે સંગ મુનિ સાધુ સમાજા॥૪॥

[તેમણે જઈને વિનંતી કરી –] સમય થઈ ગયો, હવે પધારો. આ સાંભળતાં જ નગારાં વાગી ઊઠ્યાં. ગુરુ વસિષ્ઠજીને પૂછીને અને કુળના રિતિરિવાજ પતાવીને રાજા દશરથજી મુનિઓ અને સાધુઓના સમાજને સાથે લઈને ચાલ્યા. ॥૪॥

દો૦– ભાગ્ય બિભવ અવધેસ કર દેખિ દેવ બ્રહ્માદિ।
લગે સરાહન સહસ મુખ જાનિ જનમ નિજ બાદિ॥૩૧૩॥

અવધનરેશ દશરથજીનું ભાગ્ય અને વૈભવ જોઈને અને પોતાનો જન્મ વ્યર્થ સમજીને, બ્રહ્માજી આદિ દેવતા હજારો મુખોથી તેમની પ્રશંસા કરવા લાગ્યા. ॥૩૧૩॥

ચૌ૦– સુરન્હ સુમંગલ અવસરુ જાના। બરષહિં સુમન બજાઇ નિસાના॥
સિવ બ્રહ્માદિક બિબુધ બરૂથા। ચઢ़े બિમાનન્હિ નાના જૂથા॥૧॥

દેવગણ સુંદર મંગળનો અવસર જાણીને, નગારાં વગાડી-વગાડીને ફૂલ વરસાવે છે. શિવજી, બ્રહ્માજી આદિ દેવવૃંદ જૂથ બનાવી-બનાવીને વિમાનો પર જઈ ચડ્યા. ॥૧॥

પ્રેમ પુલક તન હૃદયઁ ઉછાહૂ। ચલે બિલોકન રામ બિઆહૂ॥
દેખિ જનકપુરુ સુર અનુરાગે। નિજ નિજ લોક સબહિં લઘુ લાગે॥૨॥

અને પ્રેમથી પુલકિત તને તથા હૃદયમાં ઉત્સાહ ભરીને શ્રીરામચન્દ્રજીનો વિવાહ જોવા ચાલ્યા. જનકપુરને જોઈને દેવો એટલા અનુરક્ત થઈ ગયા કે તે બધાને પોતપોતાના લોક ઘણા તુચ્છ લાગવા લાગ્યા. ॥૨॥

ચિતવહિં ચકિત બિચિત્ર બિતાના। રચના સકલ અલૌકિક નાના॥
નગર નારિ નર રૂપ નિધાના। સુઘર સુધરમ સુસીલ સુજાના॥૩॥

વિચિત્ર મંડપને તથા અનેક પ્રકારની સઘળી અલૌકિક રચનાઓને તે ચકિત થઈને જોઈ રહ્યા છે. નગરનાં સ્ત્રી-પુરુષ રૂપના ભંડાર, સુઘડ, શ્રેષ્ઠ ધર્માત્મા, સુશીલ અને સુજ્ઞ છે. ॥૩॥

તિન્હહિ દેખિ સબ સુર સુરનારીં। ભએ નખત જનુ બિધુ ઉજિઆરીં॥
બિધિહિ ભયઉ આચરજુ બિસેષી। નિજ કરની કછુ કતહુઁ ન દેખી॥૪॥

તેમને જોઈને બધા દેવો અને દેવાંગનાઓ એવાં પ્રભાહીન થઈ ગયાં કે જેમ ચન્દ્રમાના અજવાળામાં તારાગણ ઝાંખા પડી જાય છે. બ્રહ્માજીને વિશેષ આશ્ચર્ય થયું, કેમ કે તેમણે ત્યાં પોતાની કોઈ કરણી (રચના) તો ક્યાંય જોઈ જ નહીં. ॥૪॥

દો૦ – સિવઁ સમુઝાએ દેવ સબ જનિ આચરજ ભુલાહુ।
હૃદયઁ બિચારહુ ધીર ધરિ સિય રઘુબીર બિઆહુ॥૩૧૪॥

ત્યારે શિવજીએ બધા દેવતાઓને સમજાવ્યા કે તમે લોકો આશ્ચર્યમાં ભૂલા ન પડો. હૃદયમાં ધીરજ ધરીને વિચાર તો કરો કે આ [ભગવાનની મહામહિમામય નિજશક્તિ] શ્રીસીતાજીના અને [અખિલ બ્રહ્માંડોના પરમ ઈશ્વર સાક્ષાત્ ભગવાન] શ્રીરામચન્દ્રજીનો વિવાહ છે. ॥૩૧૪॥

ચૌ૦ – જિન્હ કર નામુ લેત જગ માહીં। સકલ અમંગલ મૂલ નસાહીં॥
કરતલ હોહિં પદારથ ચારી। તેઈ સિય રામુ કહેઉ કામારી॥૧॥

જેમનું નામ લેતાં જ જગતમાં બધા અમંગળોનાં મૂળ કપાઈ જાય છે અને ચારે પદાર્થ (અર્થ, ધર્મ, કામ, મોક્ષ) મુઠ્ઠીમાં આવી જાય છે, તે જ [જગતનાં માતા-પિતા] એ શ્રીસીતારામજી છે, કામના શત્રુ શિવજીએ આવું કહ્યું. ॥૧॥

એહિ બિધિ સંભુ સુરન્હ સમુઝાવા। પુનિ આગેં બર બસહ ચલાવા॥
દેવન્હ દેખે દસરથુ જાતા। મહામોદ મન પુલકિત ગાતા॥૨॥

આ રીતે શિવજીએ દેવતાઓને સમજાવ્યા અને પછી પોતાના શ્રેષ્ઠ બળદ નંદીશ્વરને આગળ કર્યો. દેવતાઓએ જોયું કે દશરથજી મનમાં ઘણા જ પ્રસન્ન અને શરીરથી પુલકિત થઈ જઈ રહ્યા છે. ॥૨॥

સાધુ સમાજ સંગ મહિદેવા। જનુ તનુ ધરેં કરહિં સુખ સેવા॥
સોહત સાથ સુભગ સુત ચારી। જનુ અપબરગ સકલ તનુધારી॥૩॥

તેમની સાથે [પરમ હર્ષયુક્ત] સાધુઓ અને બ્રાહ્મણોની મંડળી એવી શોભા આપી રહી હતી કે જાણે સમસ્ત સુખ શરીર ધારણ કરીને તેમની સેવા કરી રહ્યાં હોય. ચારે સુંદર પુત્રો સાથે એવા સુશોભિત છે, જાણે સમસ્ત મોક્ષો(સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય, સાયુજ્ય)એ શરીર ધારણ કર્યાં હોય. ॥૩॥

મરકત કનક બરન બર જોરી। દેખિ સુરન્હ ભૈ પ્રીતિ ન થોરી॥
પુનિ રામહિ બિલોકિ હિયઁ હરષે। નૃપહિ સરાહિ સુમન તિન્હ બરષે॥૪॥

મરકતમણિ તથા સુવર્ણના રંગોની સુંદર જોડીઓને જોઈને દેવતાઓને ઓછી પ્રીતિ ન થઈ (અર્થાત્ બહુ જ પ્રીતિ થઈ). પછી રામચન્દ્રજીને જોઈને તે હૃદયમાં (અત્યંત) હરખાયા અને રાજાની પ્રશંસા કરીને તેમણે ફૂલ વરસાવ્યાં. ॥૪॥

દો૦– રામ રૂપુ નખ સિખ સુભગ બારહિં બાર નિહારિ।
પુલક ગાત લોચન સજલ ઉમા સમેત પુરારિ ॥૩૧૫॥

નખથી શિખા સુધી શ્રીરામચન્દ્રજીના સુંદર રૂપને વારંવાર જોતાં પાર્વતીજી સહિત શ્રીશિવજીનું શરીર પુલકિત થઈ ગયું અને તેમનાં નેત્ર [પ્રેમાશ્રુઓનાં] જળથી ભરાઈ ગયાં. ॥૩૧૫॥

ચૌ૦– કેકિ કંઠ દુતિ સ્યામલ અંગા। તડ઼િત બિનિંદક બસન સુરંગા॥
બ્યાહ બિભૂષન બિબિધ બનાએ। મંગલ સબ સબ ભાઁતિ સુહાએ॥૧॥

રામજીનું મોરના કંઠના જેવી કાન્તિવાળુ [હરિતાભ] શ્યામ શરીર છે. વીજળીનો અત્યંત અનાદર કરનારાં પ્રકાશમય સુંદર [પીત] રંગનાં વસ્ત્ર છે. બધું મંગળરૂપ અને બધી રીતે સુંદર જાતજાતનાં વિવાહનાં આભૂષણ શરીર પર શણગાર્યાં છે. ॥૧॥

સરદ બિમલ બિધુ બદનુ સુહાવન। નયન નવલ રાજીવ લજાવન॥
સકલ અલૌકિક સુંદરતાઈ। કહિ ન જાઇ મનહીં મન ભાઈ॥૨॥

તેમના સુંદર મુખ શરદના નિર્મળ ચન્દ્રને અને નેત્ર નવીન કમળને લજાવનારાં છે. સકળ સુંદરતા અલૌકિક છે. (માયાની બનેલી નથી, દિવ્ય સચ્ચિદાનંદમયી છે). તે કહી જ શકાતી નથી, મનમાં ને મનમાં બહુ પ્રિય લાગે છે. ॥૨॥

બંધુ મનોહર સોહહિં સંગા। જાત નચાવત ચપલ તુરંગા॥
રાજકુઅઁર બર બાજિ દેખાવહિં। બંસ પ્રસંસક બિરિદ સુનાવહિં॥૩॥

સાથમાં મનોહર ભાઈ શોભિત છે, જે ચંચળ ઘોડાઓને નચાવતાં જઈ રહ્યા છે. રાજકુમાર શ્રેષ્ઠ ઘોડા (તેમની ચાલને) બતાવી રહ્યા છે અને વંશની પ્રશંસા કરનારા (માગધ-ભાટ) બિરુદાવલી સંભળાવી રહ્યા છે. ॥૩॥

જેહિ તુરંગ પર રામુ બિરાજે। ગતિ બિલોકિ ખગનાયકુ લાજે॥
કહિ ન જાઇ સબ ભાઁતિ સુહાવા। બાજિ બેષુ જનુ કામ બનાવા॥૪॥

જે ઘોડા પર શ્રીરામજી બિરાજમાન છે, તેની [તેજ] ચાલ જોઈને ગરુડ પણ લજાઈ જાય છે, તેનું વર્ણન નથી થઈ શકતું, તે સર્વ રીતે સુંદર છે, જાણે કામદેવે જ ઘોડાનો વેશ ધારણ કરી લીધો હોય. ॥૪॥

છં૦– જનુ બાજિ બેષુ બનાઇ મનસિજુ રામ હિત અતિ સોહઈ॥
આપનેં બય બલ રૂપ ગુન ગતિ સકલ ભુવન બિમોહઈ॥
જગમગત જીનુ જરાવ જોતિ સુમોતિ મનિ માનિક લગે॥
કિંકિનિ લલામ લગામુ લલિત બિલોકિ સુર નર મુનિ ઠગે॥

જાણે શ્રીરામચન્દ્રજીના માટે કામદેવ ઘોડાનો વેશ બનાવીને અત્યંત શોભિત થઈ રહ્યો છે. તે પોતાની અવસ્થા, બળ, રૂપ, ગુણ અને ચાલથી સમસ્ત લોકોને મોહિત કરી રહ્યો છે. સુંદર મોતી, મણિ અને માણેક ટાંકેલું જડાઉ જીન જ્યોતિથી ઝગમગી રહ્યું છે. તેની સુંદર ઘૂઘરીઓ ટાંકેલી લલિત લગામને જોઈને દેવતા, મનુષ્ય અને મુનિ સર્વે ઠગાઈ જાય છે. ॥૫॥

દો૦ – પ્રભુ મનસહિં લયલીન મનુ ચલત બાજિ છબિ પાવ।
ભૂષિત ઉડ઼ગન તડ઼િત ઘનુ જનુ બર બરહિ નચાવ ॥ ૩૧૬॥

પ્રભુની ઈચ્છામાં પોતાના મનને લીન કરીને ચાલતો તે ઘોડો ઘણી શોભા પામી રહ્યો છે, જાણે તારાગણ તથા વીજળીથી અલંકૃત મેઘ સુંદર મોરને નચાવી રહ્યા હોય. ॥ ૩૧૬॥

ચૌ૦ – જેહિં બર બાજિ રામુ અસવારા। તેહિ સારદઉ ન બરનૈ પારા ॥
સંકરુ રામ રૂપ અનુરાગે। નયન પંચદસ અતિ પ્રિય લાગે ॥ ૧॥

જે શ્રેષ્ઠ ઘોડા પર શ્રીરામચન્દ્રજી સવાર છે, તેનું વર્ણન સરસ્વતીજી પણ નથી કરી શકતાં. શંકરજી શ્રીરામચન્દ્રજીના રૂપમાં એવા અનુરક્ત થયા કે એમને પોતાનાં પંદર નેત્રો આ વખતે ઘણાં જ પ્રિય લાગવા લાગ્યાં. ॥ ૧॥

હરિ હિત સહિત રામુ જબ જોહે। રમા સમેત રમાપતિ મોહે ॥
નિરખિ રામ છબિ બિધિ હરષાને। આઠઇ નયન જાનિ પછિતાને ॥ ૨॥

ભગવાન વિષ્ણુએ જ્યારે પ્રેમસહિત શ્રીરામને જોયા, ત્યારે તે [રમણીયતાની મૂર્તિ] શ્રીલક્ષ્મીજીના પતિ શ્રીલક્ષ્મીજીસહિત મોહિત થઈ ગયા. શ્રીરામચન્દ્રજીની શોભા જોઈને બ્રહ્માજી ઘણા પ્રસન્ન થયા પણ પોતાનાં આઠ જ નેત્રો જાણીને પસ્તાવા લાગ્યા. ॥ ૨॥

સુર સેનપ ઉર બહુત ઉછાહૂ। બિધિ તે ડેવઢ઼ લોચન લાહૂ ॥
રામહિ ચિતવ સુરેસ સુજાના। ગૌતમ શ્રાપુ પરમ હિત માના ॥ ૩॥

દેવતાઓના સેનાપતિ સ્વામી કાર્તિકના હૃદયમાં ઘણો ઉત્સાહ છે, કેમ કે બ્રહ્માજી કરતાં દોઢા અર્થાત્ બાર નેત્રોથી રામદર્શનનો સુંદર લાભ ઉઠાવી રહ્યા છે. સુજ્ઞ ઈન્દ્ર [પોતાનાં હજાર નેત્રોથી] શ્રીરામચન્દ્રજીને જોઈ રહ્યા છે અને ગૌતમજીના શાપને પોતાના માટે પરમ હિતકારી માની રહ્યા છે. ॥ ૩॥

દેવ સકલ સુરપતિહિ સિહાહીં। આજુ પુરંદર સમ કોઉ નાહીં ॥
મુદિત દેવગન રામહિ દેખી। નૃપસમાજ દુહુઁ હરષુ બિસેષી ॥ ૪॥

બધા દેવો દેવરાજ ઈન્દ્રની ઈર્ષ્યા કરી રહ્યા છે [અને કહી રહ્યા છે] કે આજે ઈન્દ્રના જેવો ભાગ્યવાન્ બીજો કોઈ નથી. શ્રીરામચન્દ્રજીને જોઈને દેવગણ પ્રસન્ન છે અને બંને રાજાઓના સમાજમાં વિશેષ હર્ષ છવાઈ રહ્યો છે. ॥ ૪॥

છં૦ – અતિ હરષુ રાજસમાજ દુહુ દિસિ દુંદુભીં બાજહિં ઘની।
બરષહિં સુમન સુર હરષિ કહિ જય જયતિ જય રઘુકુલમની ॥
એહિ ભાઁતિ જાનિ બરાત આવત બાજને બહુ બાજહીં।
રાની સુઆસિનિ બોલિ પરિછનિ હેતુ મંગલ સાજહીં ॥

બંને પક્ષના રાજસમાજમાં અત્યંત હર્ષ છે અને ઘણા જોરથી નગારાં વાગી રહ્યાં છે. દેવતા પ્રસન્ન થઈને અને 'રઘુકુળમણિ શ્રીરામનો જય હો, જય હો, જય હો' કહીને ફૂલ વરસાવી રહ્યા છે. આ રીતે જાનને આવતી જાણીને ઘણી જાતનાં વાજાં વાગવા લાગ્યાં અને રાણી સૌભાગ્યવતી સ્ત્રીઓને બોલાવીને પોંખવા માટે મંગળદ્રવ્યો તૈયાર કરવા લાગી. ॥ ૫॥

દો૦ – સજિ આરતી અનેક બિધિ મંગલ સકલ સઁવારિ ।
ચલીં મુદિત પરિછનિ કરન ગજગામિનિ બર નારિ ॥ ૩૧૭॥

અનેક પ્રકારે આરતી તૈયાર કરી અને સમસ્ત મંગળદ્રવ્યોને યથાયોગ્ય સજાવીને ગજગામિની ઉત્તમ સ્ત્રીઓ આનંદપૂર્વક પોંખવા માટે ચાલી. ॥ ૩૧૭॥

ચૌ૦ –બિધુબદનીં સબ સબ મૃગલોચનિ । સબ નિજ તન છબિ રતિ મદુ મોચનિ ॥
પહિરેં બરન બરન બર ચીરા । સકલ બિભૂષન સજેં સરીરા ॥ ૧॥

બધી સ્ત્રીઓ ચન્દ્રમુખી અને બધી મૃગલોચની છે અને બધી પોતાના શરીરની શોભાથી રતિના ગર્વને છોડાવનારી છે. રંગ-રંગની સુંદર સાડીઓ પહેરી છે અને શરીર પર સર્વે આભૂષણો સજ્યાં છે. ॥ ૧॥

સકલ સુમંગલ અંગ બનાએઁ । કરહિં ગાન કલકંઠિ લજાએઁ ॥
કંકન કિંકિનિ નૂપુર બાજહિં । ચાલિ બિલોકિ કામ ગજ લાજહિં ॥ ૨॥

સમસ્ત અંગોને સુંદર મંગળ પદાર્થોથી શણગારીને તેઓ કોયલોને પણ લજાવતી [મધુર સ્વરે] ગાન કરી રહી છે. કંકણ, કંદોરા અને ઝાંઝર વાગી રહ્યાં છે. સ્ત્રીઓની ચાલ જોઈને કામદેવના હાથી પણ લજાઈ જાય છે. ॥ ૨॥

બાજહિં બાજને બિબિધ પ્રકારા । નભ અરુ નગર સુમંગલચારા ॥
સચી સારદા રમા ભવાની । જે સુરતિય સુચિ સહજ સયાની ॥ ૩॥

અનેક પ્રકારનાં વાજાં વાગી રહ્યાં છે. આકાશ અને નગર બંને સ્થાનોએ સુંદર મંગળાચાર થઈ રહ્યા છે. શચી (ઈન્દ્રાણી), સરસ્વતી, લક્ષ્મી, પાર્વતી અને જે સ્વભાવથી જ પવિત્ર અને સમજુ દેવાંગનાઓ હતી, ॥ ૩॥

કપટ નારિ બર બેષ બનાઈ । મિલીં સકલ રનિવાસહિં જાઈ ॥
કરહિં ગાન કલ મંગલ બાનીં । હરષ બિબસ સબ કાહુઁ ન જાનીં ॥ ૪॥

તે બધી છળથી સુંદર સ્ત્રીઓનો વેશ બનાવી રાણીવાસમાં જઈને ભળી ગઈ અને મનોહર વાણીથી મંગળગાન કરવા લાગી. સર્વે કોઈ હર્ષને વિશેષ વશ હતાં, તેથી કોઈએ તેમને ઓળખ્યાં નહિ. ॥ ૪॥

છં૦ – કો જાન કેહિ આનંદ બસ સબ બ્રહ્મુ બર પરિછન ચલી ।
કલ ગાન મધુર નિસાન બરષહિં સુમન સુર સોભા ભલી ॥
આનંદકંદુ બિલોકિ દૂલહુ સકલ હિયઁ હરષિત ભઈ ।
અંભોજ અંબક અંબુ ઉમગિ સુઅંગ પુલકાવલિ છઈ ॥

કોણ કોને જાણે-ઓળખે! આનંદને વશ થઈ બધી વરરાજા બનેલા બ્રહ્મનું પોંખણું કરવા ચાલી. મનોહર ગાન થઈ રહ્યું છે. મધુર-મધુર નગારાં વાગી રહ્યાં છે, દેવતા ફૂલ વરસાવી રહ્યા છે, ઘણી સારી શોભા છે. આનંદકંદ વરરાજાને જોઈને બધી સ્ત્રીઓ હૃદયમાં હર્ષિત થઈ. તેમનાં કમળ જેવાં નેત્રોમાં પ્રેમાશ્રુઓનું જળ ઊભરાઈ આવ્યું અને સુંદર અંગોમાં પુલકાવલી છવાઈ ગઈ. ॥ ૫॥

દો૦ – જો સુખુ ભા સિય માતુ મન દેખિ રામ બર બેષુ ।
સો ન સકહિં કહિ કલપ સત સહસ સારદા સેષુ ॥ ૩૧૮॥

શ્રીરામચન્દ્રજીનો વર-વેશ જોઈને સીતાજીનાં માતા સુનયનાજીના મનમાં જે સુખ થયું, તેને હજારો સરસ્વતી અને શેષજી સો કલ્પોમાં પણ કહી નથી શકતાં [અથવા લાખો સરસ્વતી અને શેષ લાખો કલ્પોમાં પણ નથી કહી શકતા]. ॥ ૩૧૮॥

ચૌ૦ – નયન નીરુ હટિ મંગલ જાની । પરિછનિ કરહિં મુદિત મન રાની ॥
બેદ બિહિત અરુ કુલ આચારૂ । કીન્હ ભલી બિધિ સબ બ્યવહારૂ ॥ ૧॥

મંગળ-અવસર જાણીને નેત્રોનાં જળને રોકી રાખી રાણી પ્રસન્ન મનથી પોંખણું કરી રહ્યાં છે. વેદોમાં કહેલા તથા કુલાચારને અનુસાર સઘળા વહેવાર રાણીએ સારી રીતે કર્યા. ॥ ૧॥

પંચ સબદ ધુનિ મંગલ ગાના । પટ પાઁવડ઼ે પરહિં બિધિ નાના ॥
કરિ આરતી અરઘુ તિન્હ દીન્હા । રામ ગમનુ મંડપ તબ કીન્હા ॥ ૨॥

પંચશબ્દ (તન્ત્રી, તાલ, ઝાઝ, નગારાં અને તુરી – એ પાંચ પ્રકારનાં વાજાંના અવાજ), પંચધ્વનિ (વેદધ્વનિ, વન્દીધ્વનિ, જયધ્વનિ, શંખધ્વનિ અને હુલૂધ્વનિ) અને મંગળગાન થઈ રહ્યાં છે. અનેક પ્રકારનાં વસ્ત્રોના પાગરણ (જાજમ) પથરાઈ રહ્યા છે. તેમણે (રાણીએ) આરતી કરીને અર્ઘ્ય આપ્યો, ત્યારે શ્રીરામજીએ મંડપમાં ગમન કર્યું. ॥ ૨॥

દસરથુ સહિત સમાજ બિરાજે । બિભવ બિલોકિ લોકપતિ લાજે ॥
સમયઁ સમયઁ સુર બરષહિં ફૂલા । સાંતિ પઢ઼હિં મહિસુર અનુકૂલા ॥ ૩॥

દશરથજી પોતાની મંડળીસહિત વિરાજમાન થયા. તેમના વૈભવને જોઈને લોકપાળ પણ લજાઈ ગયા. સમયે-સમયે દેવો ફૂલ વરસાવે છે અને ભૂદેવ બ્રાહ્મણ સમયાનુકૂળ શાન્તિપાઠ કરે છે. ॥ ૩॥

નભ અરુ નગર કોલાહલ હોઈ । આપનિ પર કછુ સુનઇ ન કોઈ ॥
એહિ બિધિ રામુ મંડપહિં આએ । અરઘુ દેઇ આસન બૈઠાએ ॥ ૪॥

આકાશ અને નગરમાં કોલાહલ થઈ રહ્યો છે. પોતાની કે પારકી કોઈ કંઈ પણ વાત નથી સાંભળતું. આમ, શ્રીરામચન્દ્રજી મંડપમાં આવ્યા અને અર્ઘ્ય આપીને એમને આસન પર બેસાડવામાં આવ્યા. ॥ ૪॥

છં૦ – બૈઠારિ આસન આરતી કરિ નિરખિ બરુ સુખુ પાવહીં ।
મનિ બસન ભૂષન ભૂરિ વારહિં નારિ મંગલ ગાવહીં ॥
બ્રહ્માદિ સુરબર બિપ્ર બેષ બનાઇ કૌતુક દેખહીં ।
અવલોકિ રઘુકુલ કમલ રબિ છબિ સુફલ જીવન લેખહીં ॥

આસન પર બેસાડી, આરતી કરી વરરાજાને નિહાળી સ્ત્રીઓ સુખ પામી રહી છે. તેઓ ઢગલે ઢગલાં મણિ, વસ્ત્ર અને ઘરેણાં ન્યોછાવર કરીને મંગળ ગાઈ રહી છે. બ્રહ્મા આદિ શ્રેષ્ઠ દેવો બ્રાહ્મણવેશ ધરીને કૌતુક નિહાળી રહ્યા છે. તે રઘુકુળરૂપી કમળને પ્રફુલ્લિત કરનારા સૂર્ય શ્રીરામચન્દ્રજીની શોભા જોઈને પોતાનું જીવન સફળ માની રહ્યા છે. ॥ ૫॥

દો૦– નાઊ બારી ભાટ નટ રામ નિછાવરિ પાઇ।
મુદિત અસીસહિં નાઇ સિર હરષુ ન હૃદયઁ સમાઇ॥ ૩૧૯॥

નાઈ, પતરાળાં બનાવનારા, ભાટ અને નટ શ્રીરામચન્દ્રજીને અર્પણ થયેલી વસ્તુઓ પામીને આનંદિત થઈ શીશ નમાવીને આશિષ આપે છે. તેમના હૃદયમાં હર્ષ સમાતો નથી. ॥ ૩૧૯॥

ચૌ૦– મિલે જનકુ દસરથુ અતિ પ્રીતીં। કરિ બૈદિક લૌકિક સબ રીતીં॥
મિલત મહા દોઉ રાજ બિરાજે। ઉપમા ખોજિ ખોજિ કબિ લાજે॥ ૧॥

વૈદિક અને લૌકિક બધી વિધિઓ કરીને જનકજી અને દશરથજી ઘણા પ્રેમથી ભેટ્યા. બંને મહારાજા મળતી વખતે ઘણા જ શોભાયમાન થયા, કવિઓ તેમના માટે ઉપમા ખોળી-ખોળીને લજાઈ ગયા. ॥ ૧॥

લહી ન કતહુઁ હારિ હિયઁ માની। ઇન્હ સમ એઇ ઉપમા ઉર આની॥
સામધ દેખિ દેવ અનુરાગે। સુમન બરષિ જસુ ગાવન લાગે॥ ૨॥

જ્યારે ક્યાંય પણ ઉપમા ન મળી, ત્યારે હૃદયથી હાર માનીને તેમણે મનમાં આ ઉપમા નક્કી કરી કે એમના જેવા એ સ્વયં જ છે. વેવાઈઓનો મેળાપ કે પરસ્પર સંબંધ જોઈને દેવો અનુરક્ત થઈ ગયા અને ફૂલ વરસાવીને એમનો યશ ગાવા લાગ્યા. ॥ ૨॥

જગુ બિરંચિ ઉપજાવા જબ તેં। દેખે સુને બ્યાહ બહુ તબ તેં॥
સકલ ભાઁતિ સમ સાજુ સમાજૂ। સમ સમધી દેખે હમ આજૂ॥ ૩॥

[તેઓ કહેવા લાગ્યા –] જ્યારથી બ્રહ્માજીએ જગતને ઉત્પન્ન કર્યું ત્યારથી અમે ઘણા વિવાહ જોયા-સાંભળ્યા; પરંતુ બધી રીતે સમાન સાજન-માજન અને બરાબરીના (પૂર્ણ સમાનતાયુક્ત) વેવાઈઓ તો આજે જ જોયા. ॥ ૩॥

દેવ ગિરા સુનિ સુંદર સાઁચી। પ્રીતિ અલૌકિક દુહુ દિસિ માચી॥
દેત પાઁવડ઼ે અરઘુ સુહાએ। સાદર જનકુ મંડપહિં લ્યાએ॥ ૪॥

દેવતાઓની સુંદર સત્યવાણી સાંભળીને બંને બાજુ અલૌકિક પ્રેમ છવાઈ ગયો. સુંદર પાગરણ (જાજમ પાથરતાં) અને અર્ઘ્ય આપતાં જનકજી દશરથજીને આદરપૂર્વક મંડપમાં લઈ આવ્યા. ॥ ૪॥

છં૦– મંડપુ બિલોકિ બિચિત્ર રચનાઁ રુચિરતાઁ મુનિ મન હરે॥
નિજ પાનિ જનક સુજાન સબ કહુઁ આનિ સિંઘાસન ધરે॥
કુલ ઇષ્ટ સરિસ બસિષ્ટ પૂજે બિનય કરિ આસિષ લહી॥
કૌસિકહિ પૂજત પરમ પ્રીતિ કિ રીતિ તૌ ન પરૈ કહી॥

મંડપ જોઈને તેની વિચિત્ર રચના અને સુંદરતાથી મુનિઓનાં મન પણ હરાઈ ગયાં. સુજ્ઞ જનકજીએ સ્વહસ્તેથી લાવી-લાવીને બધાને માટે સિંહાસન મૂક્યાં. તેમણે પોતાના કુળના ઈષ્ટદેવતા સમાન વસિષ્ઠજીની પૂજા કરી અને વિનય કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા. વિશ્વામિત્રજીની પૂજા કરતી વેળાએ દેખાતી પરમ પ્રીતિની રીતિ તો કહેવાઈ જ શકાતી નથી. ॥ ૫॥

દો૦ – બામદેવ આદિક રિષય પૂજે મુદિત મહીસ ।
દિએ દિબ્ય આસન સબહિ સબ સન લહી અસીસ ॥ ૩૨૦॥

રાજાએ વામદેવ આદિ ઋષિઓની પ્રસન્ન મને પૂજા કરી. બધાને દિવ્ય આસન આપ્યાં અને સૌની પાસેથી આશીર્વાદ મેળવ્યા. ॥ ૩૨૦॥

ચૌ૦ – બહુરિ કીન્હિ કોસલપતિ પૂજા । જાનિ ઈસ સમ ભાઉ ન દૂજા ॥
કીન્હિ જોરિ કર બિનય બડ઼ાઈ । કહિ નિજ ભાગ્ય બિભવ બહુતાઈ ॥ ૧॥

પછી તેમણે કોશલાધીશ રાજા દશરથજીની પૂજા - ઈશ્વર (મહાદેવજી) સમાન જાણીને કરી, બીજો કોઈ ભાવ ન હતો. તદ્‌ઉપરાંત [એમના સંબંધથી], પોતાના ભાગ્ય અને વૈભવની વિપુલતાની પ્રશંસા કરી; પછી હાથ જોડીને પ્રાર્થના કરીને માન આપ્યું. ॥ ૧॥

પૂજે ભૂપતિ સકલ બરાતી । સમધી સમ સાદર સબ ભાઁતી ॥
આસન ઉચિત દિએ સબ કાહૂ । કહૌં કાહ મુખ એક ઉછાહૂ ॥ ૨॥

રાજા જનકજીએ બધા જાનૈયાઓનું વેવાઈ દશરથજીના જેવું જ બધી રીતે આદરપૂર્વક પૂજન કર્યું અને હર કોઈને ઉચિત આસન આપ્યાં. હું એક મુખથી એ ઉત્સાહનું શું વર્ણન કરું? ॥ ૨॥

સકલ બરાત જનક સનમાની । દાન માન બિનતી બર બાની ॥
બિધિ હરિ હરુ દિસિપતિ દિનરાઊ । જે જાનહિં રઘુબીર પ્રભાઊ ॥ ૩॥

રાજા જનકે દાન, માન-સન્માન, વિનય અને ઉત્તમ વાણીથી આખી જાનનું સન્માન કર્યું. બ્રહ્મા, વિષ્ણુ, શિવ, દિક્‌પાલ અને સૂર્ય વગેરે શ્રીરઘુનાથજીનો મહિમા જાણે છે, ॥ ૩॥

કપટ બિપ્ર બર બેષ બનાએઁ । કૌતુક દેખહિં અતિ સચુ પાએઁ ॥
પૂજે જનક દેવ સમ જાનેં । દિએ સુઆસન બિનુ પહિચાનેં ॥ ૪॥

તેઓ કપટથી બ્રાહ્મણોનો સુંદર વેષ બનાવી, ઘણું જ સુખ અનુભવતાં સર્વે લીલા નિહાળી રહ્યા હતા. જનકજીએ તેમને દેવતાઓ સમાન જાણીને તેમનું પૂજન કર્યું અને વગર ઓળખ્યે પણ એમને સુંદર આસન આપ્યાં ॥ ૪॥

છં૦ – પહિચાન કો કેહિ જાન સબહિ અપાન સુધિ ભોરી ભઈ ।
આનંદ કંદુ બિલોકિ દૂલહુ ઊભય દિસિ આનંદમઈ ॥
સુર લખે રામ સુજાન પૂજે માનસિક આસન દએ ।
અવલોકિ સીલુ સુભાઉ પ્રભુ કો બિબુધ મન પ્રમુદિત ભએ ॥

કોણ કોને જાણે-ઓળખે! બધાને પોતાનું જ ભાન ભુલાઈ ગયું છે. આનંદકંદ વરરાજાને જોઈને બંને તરફ આનંદમય સ્થિતિ થઈ રહી છે. સુજ્ઞ શ્રીરામચન્દ્રજીએ દેવતાઓને ઓળખી લીધા અને તેમની માનસિક પૂજા કરીને એમને માનસિક આસન આપ્યાં. પ્રભુનો શીલ-સ્વભાવ જોઈને દેવો મનમાં ઘણા આનંદિત થયા. ॥ ૫॥

દો૦– રામચંદ્ર મુખ ચંદ્ર છબિ લોચન ચારુ ચકોર ।
કરત પાન સાદર સકલ પ્રેમુ પ્રમોદુ ન થોર ॥ ૩૨૧॥

શ્રીરામચન્દ્રજીના મુખરૂપી ચન્દ્રમાની શોભાને સર્વેના સુંદર નેત્રરૂપી ચકોર આદરપૂર્વક પાન કરી રહ્યા છે; પ્રેમ અને આનંદ ઓછો નથી (અર્થાત્ ઘણો છે). ॥ ૩૨૧॥

ચૌ૦– સમઉ બિલોકિ બસિષ્ઠ બોલાએ । સાદર સતાનંદુ સુનિ આએ ॥
બેગિ કુઅઁરિ અબ આનહુ જાઈ । ચલે મુદિત મુનિ આયસુ પાઈ ॥ ૧॥

સમય થયો જોઈને વસિષ્ઠજીએ શતાનંદજીને આદરપૂર્વક બોલાવ્યા. સાંભળીને આદર સાથે તેઓ આવ્યા. વસિષ્ઠજીએ કહ્યું – હવે જઈને રાજકુમારીને શીઘ્ર લઈ આવો. મુનિની આજ્ઞા પામીને તેઓ પ્રસન્ન થઈને ચાલ્યા. ॥ ૧॥

રાની સુનિ ઉપરોહિત બાની । પ્રમુદિત સખિન્હ સમેત સયાની ॥
બિપ્ર બધૂ કુલબૃદ્ધ બોલાઈં । કરિ કુલ રીતિ સુમંગલ ગાઈં ॥ ૨॥

બુદ્ધિમતી રાણી પુરોહિતની વાણી સાંભળી સખીઓસહિત ઘણી પ્રસન્ન થઈ. બ્રાહ્મણોની સ્ત્રીઓ અને કુળની વૃદ્ધ સ્ત્રીઓને બોલાવીને તેમણે કુળરીતિ કરી સુંદર મંગળગીતો ગાયાં. ॥ ૨॥

નારિ બેષ જે સુર બર બામા । સકલ સુભાયઁ સુંદરી સ્યામા ॥
તિન્હહિ દેખિ સુખુ પાવહિં નારીં । બિનુ પહિચાનિ પ્રાનહુ તે પ્યારીં ॥ ૩॥

શ્રેષ્ઠ દેવાંગનાઓ, જે સુંદર મનુષ્ય-સ્ત્રીઓના વેષમાં છે, બધી સ્વભાવથી જ સુંદરી અને શ્યામા (ષોડશ વર્ષીય સુંદરી) છે. તેમને જોઈને રાણીવાસની સ્ત્રીઓ સુખ પામે છે અને વિના ઓળખાણે પણ તે દેવાંગનાઓ સર્વેને પ્રાણોથી પણ પ્રિય બની રહી છે. ॥ ૩॥

બાર બાર સનમાનહિં રાની । ઉમા રમા સારદ સમ જાની ॥
સીય સઁવારિ સમાજુ બનાઈ । મુદિત મંડપહિં ચલીં લવાઈ ॥ ૪॥

તેમને પાર્વતી, લક્ષ્મી અને સરસ્વતીના સમાન જાણીને રાણી વારંવાર તેમનું સન્માન કરે છે. [રાણીવાસની સ્ત્રીઓ અને સખીઓ] સીતાજીનો શૃંગાર કરીને, મંડળી બનાવીને, પ્રસન્ન થઈને તેમને મંડપમાં લઈ ચાલી. ॥ ૪॥

છં૦– ચલિ લ્યાઇ સીતહિ સખીં સાદર સજિ સુમંગલ ભામિનીં ॥
નવસપ્ત સાજેં સુંદરીં સબ મત્ત કુંજર ગામિનીં ॥
કલ ગાન સુનિ મુનિ ધ્યાન ત્યાગહિં કામ કોકિલ લાજહીં ॥
મંજીર નૂપુર કલિત કંકન તાલ ગતિ બર બાજહીં ॥

સુંદર મંગળના ઠાઠ-માઠ સાથે [રાણીવાસની] સ્ત્રીઓ અને સખીઓ આદરસહિત સીતાજીને લઈ ચાલી. બધી સુંદરીઓ સોળ શૃંગાર કરીને મદોન્મત હાથીઓની ચાલે ચાલનારી છે. તેમના મનોહર ગાનને સાંભળીને મુનિ ધ્યાન છોડી દે છે અને કામદેવની કોયલો પણ લજાઈ જાય છે. કંદોરો, નૂપુરો અને સુંદર કંકણો તાલની ગતિએ ઘણા સુંદર વાગી રહ્યાં છે. ॥ ૫॥

દો૦– સોહતિ બનિતા બૃંદ મહુઁ સહજ સુહાવનિ સીય ।
છબિ લલના ગન મધ્ય જનુ સુષમા તિય કમનીય ॥ ૩૨૨॥

સહજ જ સુંદરી સીતાજી સ્ત્રીઓના સમૂહમાં એ રીતે શોભા પામી રહ્યાં છે, જાણે શોભારૂપ લલનાઓની વચ્ચે સાક્ષાત્ પરમ મનોહર શોભારૂપી સ્ત્રી સુશોભિત હોય. ॥ ૩૨૨॥

ચૌ૦– સિય સુંદરતા બરનિ ન જાઈ । લઘુ મતિ બહુત મનોહરતાઈ ॥
આવત દીખિ બરાતિન્હ સીતા । રૂપ રાસિ સબ ભાઁતિ પુનીતા ॥ ૧॥

સીતાજીની સુંદરતાનું વર્ણન થઈ શકતું નથી, કેમકે [મારી] બુદ્ધિ ઘણી ઓછી છે અને [તેમની] મનોહરતા ઘણી અધિક છે. જાનૈયાઓએ રૂપનો ભંડાર અને સર્વ પ્રકારથી પવિત્ર સીતાજીને આવતાં જોયાં. ॥ ૧॥

સબહિ મનહિં મન કિએ પ્રનામા । દેખિ રામ ભએ પૂરનકામા ॥
હરષે દસરથ સુતન્હ સમેતા । કહિ ન જાઇ ઉર આનઁદુ જેતા ॥ ૨॥

સર્વેએ એમને મનમાં ને મનમાં પ્રણામ કર્યાં. શ્રીરામચન્દ્રજીને જોઈને તો બધા પૂર્ણકામ (કૃતકૃત્ય) થઈ ગયા. રાજા દશરથજી પુત્રોસહિત હર્ષિત થયા. એમના હૃદયમાં જે આનંદ હતો, તે કહી નથી શકાતો. ॥ ૨॥

સુર પ્રનામુ કરિ બરિસહિં ફૂલા । મુનિ અસીસ ધુનિ મંગલ મૂલા ॥
ગાન નિસાન કોલાહલુ ભારી । પ્રેમ પ્રમોદ મગન નર નારી ॥ ૩॥

દેવતા પ્રણામ કરીને ફૂલ વરસાવી રહ્યા છે. મંગળોનાં મૂળ મુનિઓના આશીર્વાદોનો ધ્વનિ થઈ રહ્યો છે. ગીતો અને નગારાંના શબ્દોથી ઘણો કોલાહલ થઈ રહ્યો છે. સર્વે નર-નારી પ્રેમ અને આનંદમાં મગ્ન છે. ॥ ૩॥

એહિ બિધિ સીય મંડપહિં આઈ । પ્રમુદિત સાંતિ પઢ़હિં મુનિરાઈ ॥
તેહિ અવસર કર બિધિ બ્યવહારૂ । દુહુઁ કુલગુર સબ કીન્હ અચારૂ ॥ ૪॥

આ રીતે સીતાજી મંડપમાં આવ્યા. મુનિરાજ બહુ જ આનંદિત થઈ શાંતિપાઠ કરી રહ્યા છે. તે અવસરની સર્વે વિધિ, વહેવાર અને કુળાચાર બંને કુળગુરુઓએ કર્યાં. ॥ ૪॥

છં૦– આચારુ કરિ ગુર ગૌરિ ગનપતિ મુદિત બિપ્ર પુજાવહીં ।
સુર પ્રગટિ પૂજા લેહિં દેહિં અસીસ અતિ સુખુ પાવહીં ॥
મધુપર્ક મંગલ દ્રબ્ય જો જેહિ સમય મુનિ મન મહુઁ ચહૈં ।
ભરે કનક કોપર કલસ સો તબ લિએહિં પરિચારક રહૈં ॥ ૧॥

કુળાચાર કરીને ગુરુજી પ્રસન્ન થઈને ગૌરીજી, ગણેશજી અને બ્રાહ્મણોની પૂજા કરાવી રહ્યા છે [અથવા બ્રાહ્મણો દ્વારા ગૌરી અને ગણેશની પૂજા કરાવી રહ્યા છે]. દેવો પ્રકટ થઈને પૂજા ગ્રહણ કરે છે, આશીર્વાદ આપે છે અને અત્યંત સુખ પામી રહ્યા છે. મધુપર્ક આદિ જે કંઈ પણ માંગલિક પદાર્થની મુનિ જે સમયે પણ મનમાં ઇચ્છામાત્ર કરે છે, સેવકગણ તે જ સમયે સોનાની કથરોટોમાં અને કળશોમાં ભરીને તે પદાર્થો લઈને તૈયાર રહે છે. ॥ ૧॥

કુલ રીતિ પ્રીતિ સમેત રબિ કહિ દેત સબુ સાદર કિયો।
એહિ ભાઁતિ દેવ પુજાઇ સીતહિ સુભગ સિંઘાસનુ દિયો॥
સિય રામ અવલોકનિ પરસપર પ્રેમુ કાહુ ન લખિ પરૈ।
મન બુદ્ધિ બર બાની અગોચર પ્રગટ કબિ કૈસેં કરૈ॥૨॥

સ્વયં સૂર્યદેવ પ્રેમસહિત પોતાના કુળની બધી રિતિઓ બતાવી દે છે અને તે બધી આદરપૂર્વક કરવામાં આવી રહી છે. આ રીતે દેવતાઓની પૂજા કરાવીને મુનિઓએ સીતાજીને સુંદર સિંહાસન આપ્યું. શ્રીસીતાજી અને શ્રીરામજી પરસ્પર એકબીજાને જોવાનો તથા એમનો પરસ્પરનો સ્નેહ કોઈને જણાઈ રહ્યો નથી. જે વાત શ્રેષ્ઠ મન, બુદ્ધિ અને વાણીથી પણ પર હોય તેને કવિ કેવી રીતે પ્રકટ કરે? ॥૨॥

દો૦– હોમ સમય તનુ ધરિ અનલુ અતિ સુખ આહુતિ લેહિં।
બિપ્ર બેષ ધરિ બેદ સબ કહિ બિબાહ બિધિ દેહિં॥૩૨૩॥

હવન સમયે અગ્નિદેવ દેહ ધારણ કરીને ઘણા જ સુખથી આહુતિ ગ્રહણ કરે છે અને બધા વેદ બ્રાહ્મણનો વેશ ધરીને વિવાહની વિધિઓ બતાવી દે છે. ॥૩૨૩॥

ચૌ૦– જનક પાટમહિષી જગ જાની। સીય માતુ કિમિ જાઈ બખાની॥
સુજસુ સુકૃત સુખ સુંદરતાઈ। સબ સમેટિ બિધિ રચી બનાઈ॥૧॥

જનકજીનાં જગતવિખ્યાત પટરાણી અને સીતાજીનાં માતાનાં વખાણ તો થઈ જ કેમ શકે? સુયશ, સુકૃત (પુણ્ય), સુખ અને સુંદરતા બધાને એકઠાં કરી વિધાતાએ તેમને બનાવી તૈયાર કર્યાં છે. ॥૧॥

સમઉ જાનિ મુનિબરન્હ બોલાઈં। સુનત સુઆસિનિ સાદર લ્યાઈં॥
જનક બામ દિસિ સોહ સુનયના। હિમગિરિ સંગ બની જનુ મયના॥૨॥

સમય જાણીને શ્રેષ્ઠ મુનિઓએ તેમને બોલાવડાવ્યાં. સાંભળતાં જ સૌભાગ્યવતી સ્ત્રીઓ તેમને આદરપૂર્વક લઈ આવી. સુનયનાજી (જનકનાં પટરાણી) જનકજીની ડાબી બાજુ એવાં શોભી રહ્યાં છે, જાણે હિમાલયની સાથે મેનાજી શોભિત હોય. ॥૨॥

કનક કલસ મનિ કોપર રૂરે। સુચિ સુગંધ મંગલ જલ પૂરે॥
નિજ કર મુદિત રાયઁ અરુ રાની। ધરે રામ કે આગેં આની॥૩॥

પવિત્ર, સુગન્ધિત અને મંગળ જળથી ભરેલા સોનાના કળશ અને મણિઓના સુંદર થાળ રાજા અને રાણીએ આનંદિત થઈને પોતાના હાથે લાવીને શ્રીરામચન્દ્રજીની સામે મૂક્યા. ॥૩॥

પઢ઼હિં બેદ મુનિ મંગલ બાની। ગગન સુમન ઝરિ અવસરુ જાની॥
બરુ બિલોકિ દંપતિ અનુરાગે। પાય પુનીત પખારન લાગે॥૪॥

મુનિ મંગળવાણીથી વેદ - પાઠ કરી રહ્યા છે. સુઅવસર જાણીને આકાશમાંથી ફૂલોની ઝડી વરસી રહી છે. વરરાજાને જોઈને રાજા-રાણી પ્રેમમગ્ન થઈ ગયાં અને એમનાં પવિત્ર ચરણો ધોવા લાગ્યાં. ॥૪॥

છં૦ – લાગે પખારન પાય પંકજ પ્રેમ તન પુલકાવલી ।
નભ નગર ગાન નિસાન જય ધુનિ ઉમગિ જનુ ચહુઁ દિસિ ચલી ॥
જે પદ સરોજ મનોજ અરિ ઉર સર સદૈવ બિરાજહીં ।
જે સકૃત સુમિરત બિમલતા મન સકલ કલિ મલ ભાજહીં ॥ ૧॥

તેઓ શ્રીરામજીનાં ચરણકમળોને ધોવા લાગ્યા, પ્રેમથી તેમના શરીરમાં પુલકાવલી છવાઈ રહી છે. આકાશમાં અને નગરમાં થનારાં ગાન, નગારાં અને જય-જયકારનો ધ્વનિ જાણે ચારેય દિશાઓમાં ઊમટી પડ્યો. જે ચરણકમળ કામદેવના શત્રુ શ્રીશિવજીના હૃદયરૂપી સરોવરમાં નિત્ય બિરાજમાન છે, જેમનું એક વાર પણ સ્મરણ કરવાથી મનમાં નિર્મળતા આવી જાય છે અને કળિયુગનાં બધાં પાપ નાસી જાય છે, ॥ ૧॥

જે પરસિ મુનિબનિતા લહી ગતિ રહી જો પાતકમઈ ।
મકરંદુ જિન્હ કો સંભુ સિર સુચિતા અવધિ સુર બરનઈ ॥
કરિ મધુપ મન મુનિ જોગિજન જે સેઈ અભિમત ગતિ લહૈં ।
તે પદ પખારત ભાગ્યભાજનુ જનકુ જય જય સબ કહૈં ॥ ૨॥

જેમનો સ્પર્શ પામીને ગૌતમ મુનિનાં સ્ત્રી અહલ્યા જે પાપમય હતાં, પરમગતિને પામ્યાં. જે ચરણકમળોનો મકરંદ રસ પવિત્રતાની સીમા દેવનદી ગંગાજી શિવજીના મસ્તક પર બિરાજમાન છે. મુનિ અને યોગીજન પોતાના મનને ભમરો બનાવીને જે ચરણકમળોનું સેવન કરીને મનોવાંછિત ગતિ પ્રાપ્ત કરે છે; તે જ ચરણોને ભાગ્યભાજન (ધનભાગી) જનકજી ધોઈ રહ્યા છે, આ જોઈને બધા જય-જયકાર કરી રહ્યા છે. ॥ ૨॥

બર કુઅઁરિ કરતલ જોરિ સાખોચારુ દોઉ કુલગુર કરૈં ।
ભયો પાનિગહનુ બિલોકિ બિધિ સુર મનુજ મુનિ આનઁદ ભરૈં ॥
સુખમૂલ દૂલહુ દેખિ દંપતિ પુલક તન હુલસ્યો હિયો ।
કરિ લોક બેદ બિધાનુ કન્યાદાનુ નૃપભૂષન કિયો ॥ ૩॥

બંને કુળોના ગુરુ વર અને કન્યાની હથેળીઓને મિલાવીને (હસ્તમેળાપ કરાવીને) શાખોચ્ચાર કરવા લાગ્યા. પાણિગ્રહણ થયેલું જોઈને બ્રહ્માદિ દેવતા, મનુષ્ય અને મુનિ આનંદથી ભરાઈ ગયા. સુખના મૂળ વરરાજાને જોઈને રાજા-રાણીનાં શરીર પુલકિત થઈ ગયાં અને હૃદય આનંદથી ઉલ્લાસિત થઈ ગયું. રાજાઓના અલંકારસ્વરૂપ મહારાજ જનકજીએ લોક અને વેદની વિધિ કરીને કન્યાદાન કર્યું. ॥ ૩॥

હિમવંત જિમિ ગિરિજા મહેસહિ હરિહિ શ્રી સાગર દઈ ।
તિમિ જનક રામહિ સિય સમરપી બિસ્વ કલ કીરતિ નઈ ॥
ક્યોં કરૈ બિનય બિદેહુ કિયો બિદેહુ મૂરતિ સાવઁરીં ।
કરિ હોમુ બિધિવત ગાઁઠિ જોરી હોન લાગીં ભાવઁરીં ॥ ૪॥

જેમ હિમવાને શિવજીને પાર્વતીજી અને સાગરે ભગવાન વિષ્ણુને લક્ષ્મીજી આપ્યાં હતાં, તેવી જ રીતે જનકજીએ શ્રીરામચન્દ્રજીને સીતાજી સમર્પિત કર્યાં, જેથી વિશ્વમાં સુંદર નવીન કીર્તિ છવાઈ

ગઈ. વિદેહ (જનકજી) કેવી રીતે વિનંતી કરે! તે શ્યામળ મૂર્તિએ તો તેમને ખરેખર વિદેહ (દેહના સાન-ભાન - રહિત) જ કરી દીધા. વિધિપૂર્વક હવન કરીને છેડાગાંઠ બાંધવામાં આવી અને મંગળફેરા થવા લાગ્યા. ॥ ૪॥

દો૦ – જય ધુનિ બંદી બેદ ધુનિ મંગલ ગાન નિસાન।
સુનિ હરષહિં બરષહિં બિબુધ સુરતરુ સુમન સુજાન ॥ ૩૨૪॥

જયધ્વનિ, વન્દીધ્વનિ, વેદધ્વનિ, મંગલગાન અને નગારાંના ધ્વનિ સાંભળી ચતુર દેવગણ હર્ષિત થઈ રહ્યા છે અને કલ્પવૃક્ષનાં ફૂલો વરસાવી રહ્યા છે. ॥ ૩૨૪॥

ચૌ૦ – કુઅઁરુ કુઅઁરિ કલ ભાવઁરિ દેહીં। નયન લાભુ સબ સાદર લેહીં॥
જાઈ ન બરનિ મનોહર જોરી। જો ઉપમા કછુ કહૌં સો થોરી ॥ ૧॥

વર અને કન્યા સુંદર મંગળફેરા ફરી રહ્યાં છે. બધા લોકો આદરપૂર્વક [તેમને નિહાળીને] નેત્રોનો પરમ લાભ લઈ રહ્યા છે. મનોહર જોડીનું વર્ણન થઈ નથી શકતું, જે કંઈ ઉપમા કહું તે થોડી જ હશે. ॥ ૧॥

રામ સીય સુંદર પ્રતિછાહીં। જગમગાત મનિ ખંભન માહીં॥
મનહુઁ મદન રતિ ધરિ બહુ રૂપા। દેખત રામ બિઆહુ અનૂપા ॥ ૨॥

શ્રીરામજી અને શ્રીસીતાજીના સુંદર પડછાયા મણિઓના સ્તંભોમાં ઝગમગી રહ્યાં છે જાણે કામદેવ અને રતિ અનેક રૂપ ધારણ કરીને શ્રીરામચન્દ્રજીના અનુપમ વિવાહને નિહાળી રહ્યાં હોય. ॥ ૨॥

દરસ લાલસા સકુચ ન થોરી। પ્રગટત દુરત બહોરિ બહોરી॥
ભએ મગન સબ દેખનિહારે। જનક સમાન અપાન બિસારે ॥ ૩॥

તેમને (કામદેવ અને રતિને) દર્શનની લાલસા અને સંકોચ ઓછાં નથી. (અર્થાત્ વધુ છે); એટલે તેઓ જાણે વારંવાર પ્રકટ થાય છે અને સંતાય છે. બધા નિહાળનારા આનંદમગ્ન થઈ ગયા અને જનકજીની જેમ બધા પોતાનું ભાન ભૂલી ગયા. ॥ ૩॥

પ્રમુદિત મુનિન્હ ભાવઁરીં ફેરીં। નેગસહિત સબ રીતિ નિબેરીં॥
રામ સીય સિર સેંદુર દેહીં। સોભા કહિ ન જાતિ બિધિ કેહીં ॥ ૪॥

મુનિઓએ આનંદપૂર્વક ફેરા ફરાવ્યા અને વિધિસહિત બધા રિવાજો પૂરા કર્યા. શ્રીરામચન્દ્રજી સીતાજીના સિરે (સેંથીમાં) સિંદૂર પૂરી રહ્યા છે; આ શોભા કોઈ પણ રીતે કહી જ શકાતી નથી. ॥ ૪॥

અરુન પરાગ જલજુ ભરિ નીકેં। સસિહિ ભૂષ અહિ લોભ અમી કેં॥
બહુરિ બસિષ્ઠ દીન્હિ અનુસાસન। બરુ દુલહિનિ બૈઠે એક આસન ॥ ૫॥

જાણે કમળ લાલ પરાગમાં સારી રીતે ભરીને અમૃતના લોભે સર્પ ચન્દ્રમાને ભૂષિત કરી (શણગારી) રહ્યો હોય. [અહીં શ્રીરામના હાથને કમળની, સિંદૂરને પરાગની, શ્રીરામની શ્યામ ભુજાને સાપની અને સીતાજીના મુખને ચન્દ્રમાની ઉપમા આપવામાં આવી છે.] પછી વસિષ્ઠજીએ આજ્ઞા આપી, ત્યારે વર અને વધૂ એક આસન ઉપર બેઠાં. ॥ ૫॥

છં૦– બૈઠે બરાસન રામુ જાનકિ મુદિત મન દસરથુ ભએ।
તનુ પુલક પુનિ પુનિ દેખિ અપનેં સુકૃત સુરતરુ ફલ નએ॥
ભરિ ભુવન રહા ઉછાહુ રામ બિબાહુ ભા સબહીં કહા।
કેહિ ભાઁતિ બરનિ સિરાત રસના એક યહુ મંગલુ મહા॥૧॥

શ્રીરામજી અને જાનકીજી શ્રેષ્ઠ આસન ઉપર બેઠાં; તેમને જોઈને દશરથજી મનમાં ઘણા આનંદિત થયા. પોતાના સુકૃતરૂપી કલ્પવૃક્ષમાં નવાં ફળ [આવ્યાં] જાણીને એમનું શરીર વારંવાર પુલકિત થઈ રહ્યું છે. ચૌદ ભુવનોમાં ઉત્સાહ ભરાઈ ગયો; બધાએ કહ્યું કે શ્રીરામચન્દ્રજીનો વિવાહ થઈ ગયો. જીભ છે એક અને આ મંગળ મહાન છે; તો ભલા! એ વર્ણન કરીને કઈ રીતે તેને પાર પાડી શકાય! ॥૧॥

તબ જનક પાઈ બસિષ્ઠ આયસુ બ્યાહ સાજ સઁવારિ કૈ।
માંડવી શ્રુતકીરતિ ઉરમિલા કુઅઁરિ લઈં હઁકારિ કૈ॥
કુસકેતુ કન્યા પ્રથમ જો ગુન સીલ સુખ સોભામઈ।
સબ રીતિ પ્રીતિ સમેત કરિ સો બ્યાહિ નૃપ ભરતહિ દઈ॥૨॥

ત્યારે વસિષ્ઠજીની આજ્ઞા પામીને જનકજીએ વિવાહનો સામાન તૈયાર કરાવી માંડવીજી, શ્રુતકીર્તિજી અને ઉર્મિલાજી – આ ત્રણેય રાજકુમારીઓને બોલાવી લીધી. કુશધ્વજની મોટી કન્યા માંડવીજીને; જે ગુણ, શીલ, સુખ અને શોભાનું રૂપ હતાં, રાજા જનકે પ્રેમપૂર્વક બધી વિધિઓ કરી ભરતજી સાથે પરણાવ્યાં. ॥૨॥

જાનકી લઘુ ભગિની સકલ સુંદરિ સિરોમનિ જાનિ કૈ।
સો તનય દીન્હી બ્યાહિ લખનહિ સકલ બિધિ સનમાનિ કૈ॥
જેહિ નામુ શ્રુતકીરતિ સુલોચનિ સુમુખિ સબ ગુન આગરી।
સો દઈ રિપુસૂદનહિ ભૂપતિ રૂપ સીલ ઉજાગરી॥૩॥

જાનકીજીનાં નાનાં બહેન ઊર્મિલાજીને સર્વ સુંદરીઓમાં શિરોમણિ જાણીને તે કન્યાનું સર્વ પ્રકારે સન્માન કરીને લક્ષ્મણજીને પરણાવ્યાં અને જેમનું નામ શ્રુતકીર્તિ છે અને જે સુંદર નેત્રોવાળાં, સુંદર મુખવાળાં, સર્વે ગુણોની ખાણ અને રૂપ તથા શીલમાં ઉજાગર છે, તેમને રાજાએ શત્રુઘ્નજીને પરણાવી દીધાં. ॥૩॥

અનુરૂપ બર દુલહિનિ પરસ્પર લખિ સકુચ હિયઁ હરષહીં।
સબ મુદિત સુંદરતા સરાહહિં સુમન સુર ગન બરષહીં॥
સુંદરીં સુંદર બરન્હ સહ સબ એક મંડપ રાજહીં।
જનુ જીવ ઉર ચારિઉ અવસ્થા બિભુન સહિત બિરાજહીં॥૪॥

વર અને વધૂઓ પરસ્પર પોતપોતાને અનુરૂપ જોડીને જોઈને સંકોચાતાં હૃદયમાં હર્ષિત થઈ રહ્યાં છે. બધા લોકો પ્રસન્ન થઈને તેમની સુંદરતાનાં વખાણ કરે છે અને દેવગણ ફૂલ વરસાવી રહ્યા છે. બધી સુંદર વધૂઓ સુંદર વરો સાથે એક જ મંડપમાં એવી શોભા પામી રહી છે, જાણે

જીવના હૃદયમાં ચારેય અવસ્થાઓ (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય) પોતાના ચારેય સ્વામીઓ (વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને બ્રહ્મ) સહિત વિરાજમાન હોય. ॥ ૪॥

દો૦ – મુદિત અવધપતિ સકલ સુત બધુન્હ સમેત નિહારિ ।
જનુ પાએ મહિપાલ મનિ ક્રિયન્હ સહિત ફલ ચારિ ॥ ૩૨૫॥

બધા પુત્રોને વહુઓ સાથે જોઈને અવધનરેશ દશરથજી એવા આનંદિત છે જાણે તે રાજાઓના શિરોમણિ ક્રિયાઓ (યજ્ઞક્રિયા, શ્રદ્ધાક્રિયા, યોગક્રિયા અને જ્ઞાનક્રિયા) સહિત ચારે ફળ (અર્થ, ધર્મ, કામ અને મોક્ષ) પામી ગયા હોય. ॥ ૩૨૫॥

ચૌ૦ – જસિ રઘુબીર બ્યાહ બિધિ બરની । સકલ કુઅઁર બ્યાહે તેહિં કરની ॥
કહિ ન જાઈ કછુ દાઈજ ભૂરી । રહા કનક મનિ મંડપુ પૂરી ॥ ૧॥

શ્રીરામચન્દ્રજીના વિવાહની જેવી વિધિ વર્ણન કરી છે તેવી જ રીતે બધા રાજકુમારોનાં લગ્ન થયાં. દહેજની અધિકતા કંઈ કહી નથી શકાતી; આખો મંડપ સોના અને મણિઓથી ભરાઈ ગયો. ॥ ૧॥

કંબલ બસન બિચિત્ર પટોરે । ભાઁતિ ભાઁતિ બહુ મોલ ન થોરે ॥
ગજ રથ તુરગ દાસ અરુ દાસી । ધેનુ અલંકૃત કામદુહા સી ॥ ૨॥

ઘણા બધા કામળા, વસ્ત્ર અને જાતજાતનાં વિચિત્ર રેશમી કપડાં, જે ઓછાં મૂલ્યનાં ન હતાં (અર્થાત્ બહુમૂલ્ય હતાં); તથા હાથી, રથ, ઘોડા, દાસ-દાસીઓ અને ઘરેણાંથી શણગારાયેલી કામધેનુ જેવી ગાયો – ॥ ૨॥

બસ્તુ અનેક કરિઅ કિમિ લેખા । કહિ ન જાઈ જાનહિં જિન્હ દેખા ॥
લોકપાલ અવલોકિ સિહાને । લીન્હ અવધપતિ સબુ સુખુ માને ॥ ૩॥

[આદિ] અનેકો વસ્તુઓ છે, જેમની ગણતરી કેવી રીતે કરી શકાય? તેમનું વર્ણન નથી કરી શકાતું; જેમણે જોયું છે તેઓ જ જાણે છે. તેમને જોઈને લોકપાલો પણ લલચાઈ ગયા. અવધરાજ દશરથજીએ સુખ માનીને પ્રસન્નચિત્તે બધુંય ગ્રહણ કર્યું. ॥ ૩॥

દીન્હ જાચકન્હિ જો જેહિ ભાવા । ઉબરા સો જનવાસેહિં આવા ॥
તબ કર જોરિ જનકુ મૃદુ બાની । બોલે સબ બરાત સનમાની ॥ ૪॥

તેમણે તે દહેજનો સામાન યાચકોને, જે જેને ગમ્યો, તે આપી દીધો. જે વધ્યો તે જાનીવાસમાં આવ્યો. ત્યારે જનકજી હાથ જોડીને આખી જાનનું સન્માન કરતાં કોમળ વાણીમાં બોલ્યા. ॥ ૪॥

છં૦ – સનમાનિ સકલ બરાત આદર દાન બિનય બડ઼ાઈ કૈ ।
પ્રમુદિત મહામુનિ બૃંદ બંદે પૂજિ પ્રેમ લડ઼ાઇ કૈ ॥
સિરુ નાઈ દેવ મનાઈ સબ સન કહત કર સંપુટ કિએઁ ।
સુર સાધુ ચાહત ભાઉ સિંધુ કિ તોષ જલ અંજલિ દિએઁ ॥ ૧॥

આદર, દાન, વિનય અને પ્રશંસા દ્વારા આખી જાનનું સન્માન કરીને રાજા જનકે મહાન આનંદની સાથે પ્રેમપૂર્વક લાડ લડાવીને મુનિઓના સમૂહની પૂજા અને વંદના કરી. શીશ નમાવી

દેવતાઓને મનાવીને, રાજા હાથ જોડી સૌને કહેવા લાગ્યા કે દેવતા અને સાધુ તો ભાવ જ ઈચ્છે છે (તે પ્રેમથી જ પ્રસન્ન થઈ જાય છે, તે પૂર્ણકામ મહાનુભાવોને કોઈ કંઈ આપીને કેવી રીતે સંતુષ્ટ કરી શકે છે), શું એક અંજલિ જળ આપવાથી કંઈ સમુદ્ર સંતુષ્ટ થઈ શકે છે. ॥ ૧॥

કર જોરિ જનકુ બહોરિ બંધુ સમેત કોસલરાય સોં ।
બોલે મનોહર બયન સાનિ સનેહ સીલ સુભાય સોં ॥
સંબંધ રાજન રાવરેં હમ બડ઼ે અબ સબ બિધિ ભએ ।
એહિ રાજ સાજ સમેત સેવક જાનિબે બિનુ ગથ લએ ॥ ૨॥

પછી જનકજી ભાઈસહિત હાથ જોડીને કૌશલાધીશ દશરથજીને સ્નેહ, શીલ અને સુંદર પ્રેમમાં તરબોળ કરેલાં વચનો કહ્યાં – હે રાજન્! આપની સાથે સંબંધ થઈ જવાથી હવે અમે બધી જ રીતે મોટા થઈ ગયા. આ રાજ-પાટ સહિત અમને બંનેને મહેનતાણા વગરના આપના સેવક જ સમજશો. ॥ ૨॥

એ દારિકા પરિચારિકા કરિ પાલિબીં કરુના નઈ ।
અપરાધુ છમિબો બોલિ પઠએ બહુત હૌં ઢીટ્યો કઈ ॥
પુનિ ભાનુકુલભૂષન સકલ સનમાન નિધિ સમધી કિએ ।
કહિ જાતિ નહિં બિનતી પરસ્પર પ્રેમ પરિપૂરન હિએ ॥ ૩॥

આ દીકરીઓને સેવિકા જાણીને, અવનવી દયા કરીને પોષણ કરજો. મેં ઘણી જ ધૃષ્ટતા કરી કે આપને અહીં તેડાવી બોલાવ્યા, અપરાધ ક્ષમા કરશો. પછી સૂર્યકુળના ભૂષણ દશરથજીએ વેવાઈ જનકજીને સંપૂર્ણ સન્માનના ભંડાર કરી દીધા (એટલું સન્માન કર્યું કે તેઓ સન્માનના ભંડાર જ થઈ ગયા) તેમના પરસ્પર વિનયને કહી શકાતો નથી, બંનેના હૃદય પ્રેમથી પરિપૂર્ણ છે. ॥ ૩॥

બૃંદારકા ગન સુમન બરિસહિં રાઉ જનવાસેહિ ચલે ।
દુંદુભી જય ધુનિ બેદ ધુનિ નભ નગર કૌતૂહલ ભલે ॥
તબ સખીં મંગલ ગાન કરત મુનીસ આયસુ પાઇ કૈ ।
દૂલહ દુલહિનિન્હ સહિત સુંદરિ ચલીં કોહબર લ્યાઇ કૈ ॥ ૪॥

દેવગણ ફૂલ વરસાવી રહ્યા છે, રાજા જાનીવાસે ચાલ્યા. નગારાના ધ્વનિ, જયધ્વનિ અને વેદના ધ્વનિ થઈ રહ્યા છે. આકાશ અને નગર બંનેમાં ખૂબ કુતૂહલ (આનંદ) છવાઈ રહ્યા છે. ત્યારે મુનીશ્વરની આજ્ઞા પામીને સુંદરી સખીઓ મંગળગાન કરતી વધૂઓસહિત વરરાજાને લઈને ગોત્રજે ચાલી. ॥ ૪॥

દો૦– પુનિ પુનિ રામહિ ચિતવ સિય સકુચતિ મનુ સકુચૈ ન ।
હરત મનોહર મીન છબિ પ્રેમ પિઆસે નૈન ॥ ૩૨૬॥

સીતાજી વારંવાર રામજીને જુએ છે અને લજાઈ જાય છે; પરંતુ તેમનું મન નથી લજાતું. પ્રેમનાં તરસ્યાં તેમનાં નેત્ર સુંદર માછલાંઓની શોભા હરી રહ્યાં છે. ॥ ૩૨૬॥

માસપારાયણ, અગિયારમો વિશ્રામ

ચૌ૦– સ્યામ સરીરુ સુભાયઁ સુહાવન । સોભા કોટિ મનોજ લજાવન ॥
જાવક જુત પદ કમલ સુહાએ । મુનિ મન મધુપ રહત જિન્હ છાએ ॥ ૧॥

શ્રીરામચન્દ્રજીનું શ્યામ શરીર સ્વભાવથી જ સુંદર છે. તેમની શોભા કરોડો કામદેવોને લજાવનારી છે. અળતાયુક્ત ચરણકમળ ઘણા રમણીય લાગે છે, જેના પર મુનિઓના મનરૂપ ભમરા સદા છવાયેલા રહે છે. ॥ ૧॥

પીત પુનીત મનોહર ધોતી । હરતિ બાલ રબિ દામિનિ જોતી ॥
કલ કિંકિનિ કટિ સૂત્ર મનોહર । બાહુ બિસાલ બિભૂષન સુંદર ॥ ૨॥

પવિત્ર અને મનોહર પીળું ધોતિયું (પીતામ્બર) પ્રાતઃકાળના સૂર્ય અને વીજળીની જ્યોતિને હરી લે છે. કેડમાં સુંદર ઘૂઘરીઓવાળો મનોહર કંદોરો-કટિસૂત્ર છે. વિશાળ ભુજાઓમાં સુંદર આભૂષણ સુશોભિત છે. ॥ ૨॥

પીત જનેઉ મહાછબિ દેઈ । કર મુદ્રિકા ચોરિ ચિતુ લેઈ ॥
સોહત બ્યાહ સાજ સબ સાજે । ઉર આયત ઉરભૂષન રાજે ॥ ૩॥

પીળી જનોઈ મહાન શોભા આપી રહી છે. હાથની વીંટી ચિત્તને ચોરી લે છે. વિવાહના સર્વે સાજ સજેલા તેઓ શોભા પામી રહ્યા છે. પહોળી છાતી પર હૃદય ઉપર પહેરવાનાં સુંદર આભૂષણ સુશોભિત છે. ॥ ૩॥

પિઅર ઉપરના કાખાસોતી । દુહુઁ આઁચરન્હિ લગે મનિ મોતી ॥
નયન કમલ કલ કુંડલ કાના । બદનુ સકલ સૌંદર્જ નિધાના ॥ ૪॥

પીળું ઉપરણું (દુપટ્ટો) જનોઈની જેમ શોભિત છે, જેના બંને છેડાઓ ઉપર મણિ અને મોતી ટાંક્યાં છે. કમળના જેવાં સુંદર નેત્રો છે, કાનોમાં સુંદર કુંડળો છે અને મુખ તો સકળ સુંદરતાનો ભંડાર છે. ॥ ૪॥

સુંદર ભૃકુટિ મનોહર નાસા । ભાલ તિલકુ રુચિરતા નિવાસા ॥
સોહત મૌરુ મનોહર માથે । મંગલમય મુકુતા મનિ ગાથે ॥ ૫॥

સુંદર ભૃકુટિ અને મનોહર નાસિકા છે. લલાટ ઉપર તિલક તો સુંદરતાનું ઘર જ છે. મંગળમય મોતી અને મણિ ગૂંથેલો છે મનોહર મુગટ માથા ઉપર શોભી રહ્યો છે. ॥ ૫॥

છં૦– ગાથે મહામનિ મૌર મંજુલ અંગ સબ ચિત ચોરહીં ।
પુર નારિ સુર સુંદરીં બરહિ બિલોકિ સબ તિન તોરહીં ॥
મનિ બસન ભૂષન વારિ આરતિ કરહિં મંગલ ગાવહીં ।
સુર સુમન બરિસહિં સૂત માગધ બંદિ સુજસુ સુનાવહીં ॥ ૧॥

સુંદર મુગટમાં બહુમૂલ્ય મણિઓ ગૂંથેલાં છે, બધાં અંગો ચિત્તને ચોરી લે છે. નગરની બધી સ્ત્રીઓ અને દેવસુંદરીઓ વરરાજાને જોઈને તરણાં તોડી રહી છે (તેમની નજર ઉતારી રહી છે) અને મણિ, વસ્ત્ર તથા આભૂષણ ન્યોછાવર કરીને આરતી ઉતારી રહી છે અને મંગળગાન કરી રહી છે. દેવતા ફૂલ વરસાવી રહ્યા છે અને સૂત, માગધ તથા ભાટ સુયશ સંભળાવી રહ્યા છે. ॥ ૧॥

કોહબરહિં આને કુઅઁર કુઅઁરિ સુઆસિનિન્હ સુખ પાઇ કૈ।
અતિ પ્રીતિ લૌકિક રીતિ લાગીં કરન મંગલ ગાઇ કૈ॥
લહકૌરિ ગૌરિ સિખાવ રામહિ સીય સન સારદ કહૈં।
રનિવાસુ હાસ બિલાસ રસ બસ જન્મ કો ફલુ સબ લહૈં॥૨॥

સૌભાગ્યવતી સ્ત્રીઓ સુખ પામીને કુમારો અને કુમારીઓને ગોત્રજના સ્થાને લાવી અને અત્યંત પ્રેમથી મંગળગીતો ગાઈ-ગાઈને લૌકિક રીતિઓ કરવા લાગી. પાર્વતીજી રામચન્દ્રજીને કોળિયા ભરાવતા શિખવાડે છે અને સરસ્વતીજી સીતાજીને શિખવાડે છે. રાણીવાસ હાસ્ય-વિલાસના આનંદમાં લીન છે, [શ્રીરામજી અને સીતાજીને જોઈ-જોઈને] સર્વે જન્મનું પરમ ફળ પ્રાપ્ત કરી રહી છે. ॥ ૨॥

નિજ પાનિ મનિ મહુઁ દેખિઅતિ મૂરતિ સુરૂપનિધાન કી।
ચાલતિ ન ભુજબલ્લી બિલોકનિ બિરહ ભય બસ જાનકી॥
કૌતુક બિનોદ પ્રમોદુ પ્રેમુ ન જાઇ કહિ જાનહિં અલીં।
બર કુઅઁરિ સુંદર સકલ સખીં લવાઇ જનવાસેહિ ચલીં॥૩॥

પોતાના હાથના મણિઓમાં સુંદર રૂપના ભંડાર શ્રીરામચન્દ્રજીના પડછાયા દેખાઈ રહ્યા છે. આ જોઈને જાનકીજી દર્શનમાં વિયોગ થવાના ભયે બાહુરૂપી લતાને અને દૃષ્ટિને હેરવતાં-ફેરવતાં નથી. તે સમયના હાસ્ય-ખેલ અને વિનોદનો આનંદ અને પ્રેમ કહી નથી શકાતો, તેને સખીઓ જ જાણે છે. તત્પશ્ચાત્ વર-કન્યાઓને બધી સુંદર સખીઓ જાનીવાસે લઈ ચાલી. ॥ ૩॥

તેહિ સમય સુનિઅ અસીસ જહઁ તહઁ નગર નભ આનઁદુ મહા।
ચિરુ જિઅહુઁ જોરીં ચારુ ચાર્યો મુદિત મન સબહીં કહા॥
જોગીંદ્ર સિદ્ધ મુનીસ દેવ બિલોકિ પ્રભુ દુંદુભિ હની।
ચલે હરષિ બરષિ પ્રસૂન નિજ નિજ લોક જય જય જય ભની॥૪॥

તે સમયે નગર અને આકાશમાં જ્યાં સાંભળો ત્યાં આશીર્વાદનો ધ્વનિ સંભળાઈ રહ્યો છે અને મહાન આનંદ છવાયો છે. બધાએ પ્રસન્ન મનથી કહ્યું કે સુંદર ચારેય જોડીઓ ચિરંજીવી થાવ. યોગિરાજ, સિદ્ધ, મુનીશ્વર અને દેવતાઓએ પ્રભુ શ્રીરામચન્દ્રજીને જોઈને દુંદુભી વગાડી અને હર્ષિત થઈને ફૂલોની વર્ષા કરતાં તથા 'જય હો, જય હો, જય હો' કહેતાં તેઓ પોતપોતાના લોકોએ ચાલ્યા. ॥ ૪॥

દો૦– સહિત બધૂટિન્હ કુઅઁર સબ તબ આએ પિતુ પાસ।
સોભા મંગલ મોદ ભરિ ઉમગેઉ જનુ જનવાસ॥૩૨૭॥

ત્યારે સર્વે (ચારેય) કુમારો વધૂઓ સહિત પિતાજીની પાસે આવ્યા. એવું જણાતું હતું કે જાણે શોભા, મંગળ અને આનંદથી ભરાઈને જાનીવાસો ઊભરાઈ ગયો હોય. ॥ ૩૨૭॥

ચૌ૦– પુનિ જેવનાર ભઈ બહુ ભાઁતી। પઠએ જનક બોલાઇ બરાતી॥
પરત પાઁવડ઼ે બસન અનૂપા। સુતન્હ સમેત ગવન કિયો ભૂપા॥૧॥

પછી અનેક પ્રકારની રસોઈ બની. જનકજીએ જાનૈયાઓને તેડાવી લીધા. રાજા દશરથજીએ પુત્રોસહિત ગમન કર્યું. અનુપમ વસ્ત્રોનાં પાગરણ (પાથરણાં) પથરાતાં જાય છે. ॥ ૧॥

સાદર સબ કે પાય પખારે। જથાજોગુ પીઢ઼ન્હ બૈઠારે॥
ધોએ જનક અવધપતિ ચરના। સીલુ સનેહુ જાઇ નહિં બરના॥ ૨॥

આદરની સાથે સર્વેના ચરણ ધોયા અને સર્વેને યથાયોગ્ય આસનો પર બેસાડ્યા. પછી જનકજીએ અવધપતિ દશરથજીના ચરણ ધોયા, તેમનાં શીલ અને સ્નેહનું વર્ણન નથી કરી શકાતું. ॥ ૨॥

બહુરિ રામ પદ પંકજ ધોએ। જે હર હૃદય કમલ મહુઁ ગોએ॥
તીનિઉ ભાઈ રામ સમ જાની। ધોએ ચરન જનક નિજ પાની॥ ૩॥

પછી શ્રીરામચન્દ્રજીનાં ચરણકમળોને ધોયા, કે જે શ્રીશિવજીના હૃદય-કમળમાં છુપાયેલા રહે છે. ત્રણેય ભાઈઓને શ્રીરામચન્દ્રજીની સમાન જાણીને જનકજીએ તેમના પણ ચરણ સ્વહસ્તે ધોયા. ॥ ૩॥

આસન ઉચિત સબહિ નૃપ દીન્હે। બોલિ સૂપકારી સબ લીન્હે॥
સાદર લગે પરન પનવારે। કનક કીલ મનિ પાન સઁવારે॥ ૪॥

રાજા જનકજીએ બધાને ઉચિત આસન આપ્યાં અને બધા પીરસનારાઓને બોલાવ્યા. આદર સાથે પતરાળાં મંડાવાં લાગ્યાં, જે મણિઓનાં પાંદડાંમાં સોનાની સળી લગાડીને બનાવવામાં આવ્યાં હતાં. ॥ ૪॥

દો૦— સૂપોદન સુરભી સરપિ સુંદર સ્વાદુ પુનીત।
છન મહુઁ સબ કેં પરુસિ ગે ચતુર સુઆર બિનીત॥ ૩૨૮॥

ચતુર અને વિનયી રસોઈયા સુંદર, સ્વાદિષ્ટ અને પવિત્ર દાળ-ભાત અને ગાયનું [સુગંધિત] ઘી ક્ષણવારમાં બધાની સામે પીરસી ગયા. ॥ ૩૨૮॥

ચૌ૦— પંચ કવલ કરિ જેવન લાગે। ગારિ ગાન સુનિ અતિ અનુરાગે॥
ભાઁતિ અનેક પરે પકવાને। સુધા સરિસ નહિં જાહિં બખાને॥ ૧॥

બધા લોકો પંચકૌર કરીને (અર્થાત્ 'પ્રાણાય સ્વાહા, અપાનાય સ્વાહા, વ્યાનાય સ્વાહા, ઉદાનાય સ્વાહા અને સમાનાય સ્વાહા' આ મંત્રોનું ઉચ્ચારણ કરતાં કરતાં પહેલા પાંચ કોળિયા લઈને) ભોજન કરવા લાગ્યા. ફટાણાં સાંભળીને તેઓ અત્યંત પ્રેમમગ્ન થઈ ગયા. અનેક જાતનાં અમૃત સમાન (સ્વાદિષ્ટ) પકવાન પીરસાયાં, જેનાં વખાણ નથી થઈ શકતાં. ॥ ૧॥

પરુસન લગે સુઆર સુજાના। બિંજન બિબિધ નામ કો જાના॥
ચારિ ભાઁતિ ભોજન બિધિ ગાઈ। એક એક બિધિ બરનિ ન જાઈ॥ ૨॥

ચતુર રસોઈયા અનેક પ્રકારનાં વ્યંજન પીરસવા લાગ્યા, તેમનાં નામ કોણ જાણે છે? ચાર પ્રકારનાં (ચર્વ્ય, ચોષ્ય, લેહ્ય, પેય અર્થાત્ ચાવીને, ચૂસીને ચાટીને અને પીને ખાવા યોગ્ય) ભોજનની વિધિ કહેવાઈ છે. જેમાંથી એકએક વિધિના એટલા પદાર્થ બન્યા હતા કે જેમનું વર્ણન નથી કરી શકાતું. ॥ ૨॥

છરસ રુચિર બિંજન બહુ જાતી। એક એક રસ અગનિત ભાઁતી ॥
જેવઁત દેહિં મધુર ધુનિ ગારી। લૈ લૈ નામ પુરુષ અરુ નારી ॥ ૩॥

છએ રસોનાં ઘણી જાતનાં સુંદર (સ્વાદિષ્ટ) વ્યંજન છે. એક એક રસના અગણિત પ્રકારનાં બન્યાં છે. ભોજન કરતી વેળાએ પુરુષ અને સ્ત્રીઓનાં નામ લઈ-લઈને સ્ત્રીઓ મધુર સ્વરે ફટાણાં ગાઈ રહી છે. ॥ ૩॥

સમય સુહાવનિ ગારિ બિરાજા। હઁસત રાઉ સુનિ સહિત સમાજા ॥
એહિ બિધિ સબહીં ભોજનુ કીન્હા। આદર સહિત આચમનુ દીન્હા ॥ ૪॥

સમયોચિત ફટાણાં શોભિત થઈ રહ્યાં છે. તેને સાંભળી સમાજસહિત રાજા દશરથજી હસી રહ્યા છે. આ રીતે સર્વેએ ભોજન કર્યું અને તે પછી બધાને આદરસહિત આચમન (હાથ-મોં ધોવા માટેનું જળ) આપવામાં આવ્યું. ॥ ૪॥

દો૦ – દેઈ પાન પૂજે જનક દસરથુ સહિત સમાજ।
જનવાસેહિ ગવને મુદિત સકલ ભૂપ સિરતાજ ॥ ૩૨૯॥

પછી પાન આપીને જનકજીએ સમાજસહિત, દશરથજીનું પૂજન કર્યું. બધા રાજાઓના શિરોમણિ (ચક્રવર્તી) શ્રીદશરથજી પ્રસન્ન થઈને જાનીવાસે ચાલ્યા. ॥ ૩૨૯॥

ચૌ૦ – નિત નૂતન મંગલ પુર માહીં। નિમિષ સરિસ દિન જામિનિ જાહીં ॥
બડ઼ે ભોર ભૂપતિમનિ જાગે। જાચક ગુન ગન ગાવન લાગે ॥ ૧॥

જનકપુરમાં નિત નવાં મંગળ થઈ રહ્યાં છે. દિવસ અને રાત પળ સમાન વીતી જાય છે. વહેલી પરોઢે રાજાઓના મુગટમણિ દશરથજી જાગ્યા. યાચક એમના ગુણસમૂહનું ગાન કરવા લાગ્યા. ॥ ૧॥

દેખિ કુઅઁર બર બધુન્હ સમેતા। કિમિ કહિ જાત મોદુ મન જેતા ॥
પ્રાતક્રિયા કરિ ગે ગુરુ પાહીં। મહાપ્રમોદુ પ્રેમુ મન માહીં ॥ ૨॥

ચારેય કુમારોને સુંદર વધૂઓસહિત જોઈને એમના મનમાં જે આનંદ છે, તે કેવી રીતે કહી શકાય? તે પ્રાતઃકર્મ કરીને ગુરુ વસિષ્ઠજીની પાસે ગયા. તેમના મનમાં મહાન આનંદ અને પ્રેમ ભર્યો છે. ॥ ૨॥

કરિ પ્રનામુ પૂજા કર જોરી। બોલે ગિરા અમિઅઁ જનુ બોરી ॥
તુમ્હરી કૃપાઁ સુનહુ મુનિરાજા। ભયઉઁ આજુ મૈં પૂરન કાજા ॥ ૩॥

રાજા પ્રણામ અને પૂજન કરીને, પછી હાથ જોડીને જાણે અમૃતમાં તરબોળ થયેલી વાણી બોલ્યા – હે મુનિરાજ! સાંભળો, આપની કૃપાથી આજે હું પૂર્ણકામ થઈ ગયો. ॥ ૩॥

અબ સબ બિપ્ર બોલાઇ ગોસાઈં। દેહુ ધેનુ સબ ભાઁતિ બનાઈં ॥
સુનિ ગુર કરિ મહિપાલ બડ઼ાઈ। પુનિ પઠએ મુનિ બૃંદ બોલાઈ ॥ ૪॥

હે સ્વામી! હવે, બધા બ્રાહ્મણોને બોલાવીને એમને સર્વે પ્રકારે[ઘરેણાં-કપડાં]થી શણગારેલી ગાયો આપો. આ સાંભળી ગુરુજીએ રાજાની પ્રશંસા કરીને પછી મુનિગણોને તેડાં મોકલ્યાં. ॥ ૪॥

દો૦– બામદેઉ અરુ દેવરિષિ બાલમીકિ જાબાલિ ।
આએ મુનિબર નિકર તબ કૌસિકાદિ તપસાલિ ॥ ૩૩૦॥

ત્યારે વામદેવ, દેવર્ષિ નારદ, વાલ્મીકિ, જાબાલિ અને વિશ્વામિત્ર આદિ તપસ્વી શ્રેષ્ઠ મુનિઓના સમૂહેસમૂહ આવ્યા. ॥ ૩૩૦॥

ચૌ૦– દંડ પ્રનામ સબહિ નૃપ કીન્હે । પૂજિ સપ્રેમ બરાસન દીન્હે ॥
ચારિ લચ્છ બર ધેનુ મગાઈ । કામ સુરભિ સમ સીલ સુહાઈ ॥ ૧॥

રાજાએ બધાને દંડવત્ પ્રણામ કર્યાં અને પ્રેમસહિત પૂજન કરીને તેમને ઉત્તમ આસન આપ્યાં. ચાર લાખ ઉત્તમ ગાયો મંગાવી, જે કામધેનુ જેવા ઉત્તમ સ્વભાવવાળી અને સોહામણી હતી. ॥ ૧॥

સબ બિધિ સકલ અલંકૃત કીન્હીં । મુદિત મહિપ મહિદેવન્હ દીન્હીં ॥
કરત બિનય બહુ બિધિ નરનાહૂ । લહેઉँ આજુ જગ જીવન લાહૂ ॥ ૨॥

તે બધી સારી રીતે [ઘરેણાં-કપડાંથી] શણગારીને રાજાએ પ્રસન્ન થઈને ભૂદેવ-બ્રાહ્મણોને આપી. રાજા અનેક રીતે વિનંતી કરી રહ્યા છે કે જગતમાં મેં આજે જ જીવનનો લાભ મેળવ્યો છે. ॥ ૨॥

પાઈ અસીસ મહીસુ અનંદા । લિએ બોલિ પુનિ જાચક બૃંદા ॥
કનક બસન મનિ હય ગય સ્યંદન । દિએ બૂઝિ રુચિ રબિકુલનંદન ॥ ૩॥

[બ્રાહ્મણોથી] આશીર્વાદ પામીને રાજા આનંદિત થયા. પછી યાચકોના સમૂહોને બોલાવી લીધા અને બધાને તેમની રુચિ પૂછીને સોનું, વસ્ત્ર, મણિ, ઘોડા, હાથી અને રથ (જેણે જે ઇચ્છ્યું તે) સૂર્યકુળને આનંદિત કરનારા દશરથજીએ આપ્યાં. ॥ ૩॥

ચલે પઢ઼ત ગાવત ગુન ગાથા । જય જય જય દિનકર કુલ નાથા ॥
એહિ બિધિ રામ બિઆહ ઉછાહૂ । સકઇ ન બરનિ સહસ મુખ જાહૂ ॥ ૪॥

તે સર્વે ગુણાનુવાદ ગાતાં અને 'સૂર્યકુળના સ્વામીનો જય હો, જય હો, જય હો' કહેતાં ચાલ્યા. આમ, શ્રીરામચન્દ્રજીનો વિવાહોત્સવ થયો. જેને સહસ્ર મુખ છે તે શેષજી પણ તેનું વર્ણન નથી કરી શકતા. ॥ ૪॥

દો૦– બાર બાર કૌસિક ચરન સીસુ નાઇ કહ રાઉ ।
યહ સબુ સુખુ મુનિરાજ તવ કૃપા કટાચ્છ પસાઉ ॥ ૩૩૧॥

વારંવાર વિશ્વામિત્રજીના ચરણોમાં માથું નમાવીને રાજા કહે છે – હે મુનિરાજ! આ સર્વે સુખ આપના જ કૃપાકટાક્ષનો પ્રસાદ છે. ॥ ૩૩૧॥

ચૌ૦– જનક સનેહુ સીલુ કરતૂતી । નૃપુ સબ ભાँતિ સરાહ બિભૂતી ॥
દિન ઉઠિ બિદા અવધપતિ માગા । રાખહિં જનકુ સહિત અનુરાગા ॥ ૧॥

રાજા દશરથજી જનકજીનાં સ્નેહ, શીલ, કરણી અને ઐશ્વર્યની બધી રીતે પ્રશંસા કરે છે. પ્રતિદિન [સવારે] ઊઠીને અયોધ્યાનરેશ વિદાય માગે છે. પણ જનકજી એમને પ્રેમથી રોકી લે છે. ॥ ૧॥

નિત નૂતન આદરુ અધિકાઈ । દિન પ્રતિ સહસ ભાઁતિ પહુનાઈ ॥
નિત નવ નગર અનંદ ઉછાહૂ । દસરથ ગવનુ સોહાઇ ન કાહૂ ॥ ૨॥

આદર નિત્ય નવો વધતો જાય છે. રોજેરોજ હજારો રીતે મહેમાનગતિ થાય છે. નગરમાં નિત્ય નવો આનંદ અને ઉત્સાહ રહે છે. દશરથજીનું જવું કોઈને પણ નથી ગમતું. ॥ ૨॥

બહુત દિવસ બીતે એહિ ભાઁતી । જનુ સનેહ રજુ બઁધે બરાતી ॥
કૌસિક સતાનંદ તબ જાઈ । કહા બિદેહ નૃપહિ સમુઝાઈ ॥ ૩॥

આ રીતે ઘણા દિવસ વીતી ગયા, જાણે જાનૈયા સ્નેહના દોરડે બંધાઈ ગયા છે. ત્યારે વિશ્વામિત્રજી અને શતાનંદજીએ જઈને રાજા જનકને સમજાવીને કહ્યું – ॥ ૩॥

અબ દસરથ કહઁ આયસુ દેહૂ । જદ્યપિ છાડ઼િ ન સકહુ સનેહૂ ॥
ભલેહિં નાથ કહિ સચિવ બોલાએ । કહિ જય જીવ સીસ તિન્હ નાએ ॥ ૪॥

જોકે આપ સ્નેહ [વશ તેમને] નથી છોડી શકતા, તો પણ હવે દશરથજીને આજ્ઞા આપો. 'હે નાથ! ઘણું સારું' કહીને જનકજીએ મંત્રીઓને તેડાવ્યા. તેઓ આવ્યા અને 'જય જીવ' કહીને મસ્તક નમાવ્યું. ॥ ૪॥

દો૦ – અવધનાથુ ચાહત ચલન ભીતર કરહુ જનાઉ ।
ભએ પ્રેમબસ સચિવ સુનિ બિપ્ર સભાસદ રાઉ ॥ ૩૩૨॥

[જનકજીએ કહ્યું –] અયોધ્યાનાથ જવા ઇચ્છે છે, અંદર (રાણીવાસમાં) જાણ કરી દો. આ સાંભળીને મંત્રી, બ્રાહ્મણ, સભાસદ અને રાજા જનક પણ પ્રેમને વશ થઈ ગયા. ॥ ૩૩૨॥

ચૌ૦ – પુરબાસી સુનિ ચલિહિ બરાતા । બૂઝત બિકલ પરસ્પર બાતા ॥
સત્ય ગવનુ સુનિ સબ બિલખાને । મનહુઁ સાઁઝ સરસિજ સકુચાને ॥ ૧॥

જનકપુરવાસીઓએ સાંભળ્યું કે જાન હવે જશે, તો તે વ્યાકુળ થઈને એક બીજાને વાત પૂછવા લાગ્યા. જવાનું સત્ય છે, એ સાંભળીને બધા એવા ઉદાસ થઈ ગયા કે જાણે સંધ્યાના સમયે કમળ સંકોચાઈ ગયાં હોય. ॥ ૧॥

જહઁ જહઁ આવત બસે બરાતી । તહઁ તહઁ સિદ્ધ ચલા બહુ ભાઁતી ॥
બિબિધ ભાઁતિ મેવા પકવાના । ભોજન સાજુ ન જાઇ બખાના ॥ ૨॥

આવતી વખતે જ્યાં જ્યાં જાનૈયા ઊતર્યા હતા, ત્યાં ત્યાં ઘણી જાતનું સીધું મોકલવામાં આવ્યું. અનેક જાતના મેવા, પકવાન અને ભોજનની સામગ્રી જે વખાણી શકાતી નથી – ॥ ૨॥

ભરિ ભરિ બસહઁ અપાર કહારા । પઠઈ જનક અનેક સુસારા ॥
તુરગ લાખ રથ સહસ પચીસા । સકલ સઁવારે નખ અરુ સીસા ॥ ૩॥

– અગણિત બળદો અને કાવડિયાઓ પર ભરી ભરીને મોકલવામાં આવી. સાથે જ જનકજીએ અનેક સુંદર શય્યાઓ મોકલી. એક લાખ ઘોડા અને પચીસ હજાર રથ બધાય નખથી શિખા સુધી (ઉપરથી નીચે સુધી) શણગારેલા આપ્યા, ॥ ૩॥

મત્ત સહસ દસ સિંધુર સાજે। જિન્હહિ દેખિ દિસિકુઁજર લાજે॥
કનક બસન મનિ ભરિ ભરિ જાના। મહિષીં ધેનુ બસ્તુ બિધિ નાના॥૪॥

દસ હજાર શણગારેલા મદોન્મત હાથી, જેને જોઈને દિગ્ગજો પણ લજાઈ જાય છે, ગાડીઓમાં ભરીભરીને સોનું, વસ્ત્ર અને રત્ન (જવેરાત) અને દૂઝણી ગાયો અને દાસીઓ તથા અનેક પ્રકારની ચીજો આપી. ॥૪॥

દો૦– દાઈજ અમિત ન સકિઅ કહિ દીન્હ બિદેહઁ બહોરિ।
જો અવલોકત લોકપતિ લોક સંપદા થોરિ॥૩૩૩॥

[આ રીતે] જનકજીએ ફરીથી અપરિમિત દહેજ આપ્યું, જે કહી નથી શકાતું અને જેને જોઈને લોકપાલોના લોકોની સમ્પદા પણ ઓછી જણાતી હતી. ॥૩૩૩॥

ચૌ૦– સબુ સમાજુ એહિ ભાઁતિ બનાઈ। જનક અવધપુર દીન્હ પઠાઈ॥
ચલિહિ બરાત સુનત સબ રાનીં। બિકલ મીનગન જનુ લઘુ પાનીં॥૧॥

આ રીતે બધો સામાન સજાવીને રાજા જનકે અયોધ્યાપુરીમાં મોકલી દીધો. જાન જશે, એવું સાંભળતાં જ બધી રાણીઓ એવી વ્યાકુળ થઈ ગઈ, જાણે ઓછા પાણીમાં માછલીઓ તરફડી રહી હોય. ॥૧॥

પુનિ પુનિ સીય ગોદ કરિ લેહીં। દેઈ અસીસ સિખાવનુ દેહીં॥
હોએહુ સંતત પિઅહિ પિઆરી। ચિરુ અહિબાત અસીસ હમારી॥૨॥

તેઓ વારંવાર સીતાજીને ખોળામાં લે છે અને આશીર્વાદ આપીને શિખામણ આપે છે – તું સદાય પોતાના પતિને પ્રિય થાય, તારું સૌભાગ્ય અખંડ થાય – અમારા એ જ આશિષ છે. ॥૨॥

સાસુ સસુર ગુર સેવા કરેહૂ। પતિ રુખ લખિ આયસુ અનુસરેહૂ॥
અતિ સનેહ બસ સખીં સયાની। નારિ ધરમ સિખવહિં મૃદુ બાની॥૩॥

સાસુ, સસરા અને ગુરુની સેવા કરજે. પતિની ઇચ્છા પ્રમાણે તેમની આજ્ઞાનું પાલન કરજે. ચતુર સખીઓ અત્યંત સ્નેહવશ કોમળ વાણીથી સ્ત્રીઓનો ધર્મ શીખવે છે. ॥૩॥

સાદર સકલ કુઅઁરિ સમુઝાઈં। રાનિન્હ બાર બાર ઉર લાઈં॥
બહુરિ બહુરિ ભેટહિં મહતારીં। કહહિં બિરંચિ રચીં કત નારીં॥૪॥

આદર સાથે સર્વે પુત્રીઓને [સ્ત્રીઓનો ધર્મ] સમજાવીને રાણીઓ વારંવાર તેમને હૃદય સાથે ચાંપે છે. માતાઓ વારંવાર ભેટે છે અને કહે છે કે બ્રહ્માએ સ્ત્રીજાતિને શા માટે રચી હશે? ॥૪॥

દો૦– તેહિ અવસર ભાઈન્હ સહિત રામુ ભાનુ કુલ કેતુ।
ચલે જનક મંદિર મુદિત બિદા કરાવન હેતુ॥૩૩૪॥

તે સમયે સૂર્યવંશની ધ્વજાસ્વરૂપ શ્રીરામચન્દ્રજી ભાઈઓસહિત પ્રસન્ન થઈને વિદાય લેવા માટે જનકજીના મહેલે ચાલ્યા. ॥૩૩૪॥

ચૌ૦– ચારિઉ ભાઈ સુભાયઁ સુહાએ। નગર નારિ નર દેખન ધાએ॥
કોઉ કહ ચલન ચહત હહિં આજૂ। કીન્હ બિદેહ બિદા કર સાજૂ॥૧॥

સ્વભાવથી જ સુંદર ચારેય ભાઈઓને નિહાળવા નગરનાં સ્ત્રી-પુરુષો દોડ્યાં. કોઈ કહે છે – આજે તેઓ જવા ઇચ્છે છે. વિદેહે વિદાયનો સઘળો સામાન તૈયાર કરી લીધો છે. ॥૧॥

લેહુ નયન ભરિ રૂપ નિહારી। પ્રિય પાહુને ભૂપ સુત ચારી॥
કો જાનૈ કેહિં સુકૃત સયાની। નયન અતિથિ કીન્હે બિધિ આની॥૨॥

રાજાના ચારેય પુત્રો એટલે કે પ્રિય મહેમાનોના [મનોહર] રૂપને નેત્રો ભરીને જોઈ લો. હે ચતુર સખી! કોણ જાણે, કયા પુણ્યથી વિધાતાએ એમને અહીં લાવીને આપણાં નેત્રોના અતિથિ કર્યા છે. ॥૨॥

મરનસીલુ જિમિ પાવ પિઊષા। સુરતરુ લહૈ જનમ કર ભૂખા॥
પાવ નારકી હરિપદુ જૈસેં। ઇન્હ કર દરસનુ હમ કહઁ તૈસેં॥૩॥

મરનારો જેવી રીતે અમૃત પામી જાય, જન્મનો ભૂખ્યો કલ્પવૃક્ષ પામી જાય અને નરકમાં રહેનારો (કે નરકને યોગ્ય) જીવ જેમ ભગવાનના પરમપદને પામી જાય; એમ આપણા માટે તેમનાં દર્શન છે. ॥૩॥

નિરખિ રામ સોભા ઉર ધરહૂ। નિજ મન ફનિ મૂરતિ મનિ કરહૂ॥
એહિ બિધિ સબહિ નયન ફલુ દેતા। ગએ કુઅઁર સબ રાજ નિકેતા॥૪॥

શ્રીરામચન્દ્રજીની શોભાને નિરખીને હૃદયમાં રાખી લો. પોતાના મનને સર્પ અને એમની મૂર્તિને મણિ બનાવી લો. આ રીતે બધાયને નેત્રોનું ફળ આપતાં સર્વે રાજકુમાર રાજમહેલે ગયા. ॥૪॥

દો૦– રૂપ સિંધુ સબ બંધુ લખિ હરષિ ઉઠા રનિવાસુ।
કરહિં નિછાવરિ આરતી મહા મુદિત મન સાસુ॥૩૩૫॥

રૂપના સમુદ્ર સર્વે ભાઈઓને જોઈને આખો રાણીવાસ હર્ષિત થઈ ગયો. સાસુઓ મહા પ્રસન્ન મનથી ન્યોછાવર અને આરતી કરે છે. ॥૩૩૫॥

ચૌ૦– દેખિ રામ છબિ અતિ અનુરાગીં। પ્રેમબિબસ પુનિ પુનિ પદ લાગીં॥
રહી ન લાજ પ્રીતિ ઉર છાઈ। સહજ સનેહુ બરનિ કિમિ જાઈ॥૧॥

શ્રીરામચન્દ્રજીની શોભા જોઈને તેઓ પ્રેમમાં અત્યંત લીન થઈ ગઈ અને પ્રેમને વિશેષ વશ થઈને વારંવાર પગે લાગી. હૃદયમાં પ્રીતિ છવાઈ ગઈ, તેથી લજ્જા ન રહી. તેમના સ્વાભાવિક સ્નેહનું વર્ણન કઈ રીતે કરી શકાય? ॥૧॥

ભાઇન્હ સહિત ઉબટિ અન્હવાએ। છરસ અસન અતિ હેતુ જેવાઁએ॥
બોલે રામુ સુઅવસરુ જાની। સીલ સનેહ સકુચમય બાની॥૨॥

તેમણે ભાઈઓસહિત શ્રીરામચન્દ્રજીને સુગંધી લેપ કરીને સ્નાન કરાવ્યું અને ઘણા પ્રેમથી ષટ્રસ ભોજન કરાવ્યું. સુઅવસર જાણીને શ્રીરામચન્દ્રજી શીલ, સ્નેહ અને સંકોચભરી વાણી બોલ્યા – ॥૨॥

રાઉ અવધપુર ચહત સિધાએ। બિદા હોન હમ ઈહાઁ પઠાએ॥
માતુ મુદિત મન આયસુ દેહૂ। બાલક જાનિ કરબ નિત નેહૂ॥૩॥

મહારાજ અયોધ્યાપુરી જવા ઇચ્છે છે, તેમણે અમને વિદાય લેવા માટે અહીં મોકલ્યા છે. હે માતા! પ્રસન્ન મનથી આજ્ઞા આપો અને અમને બાળક જાણીને સદાય સ્નેહ બનાવી રાખજો. ॥૩॥

સુનત બચન બિલખેઉ રનિવાસૂ। બોલિ ન સકહિં પ્રેમબસ સાસૂ॥
હૃદયઁ લગાઈ કુઅઁરિ સબ લીન્હી। પતિન્હ સૌંપિ બિનતી અતિ કીન્હી॥૪॥

આ વચનોને સાંભળતાં જ રાણીવાસ વ્યાકુળ થઈ ગયો. સાસુઓ પ્રેમવશ બોલી નથી શકતી. તેમણે બધી કુમારીઓને હૃદય સરસી ચાંપી દીધી અને તેમના પતિઓને સોંપીને ઘણી જ વિનંતી કરી. ॥૪॥

છં૦— કરિ બિનય સિય રામહિ સમરપી જોરિ કર પુનિ પુનિ કહૈ।
બલિ જાઉઁ તાત સુજાન તુમ્હ કહુઁ બિદિત ગતિ સબ કી અહૈ॥
પરિવાર પુરજન મોહિ રાજહિ પ્રાનપ્રિય સિય જાનિબી।
તુલસીસ સીલુ સનેહુ લખિ નિજ કિંકરી કરિ માનિબી॥

વિનંતી કરીને તેમણે સીતાજી શ્રીરામચન્દ્રજીને સમર્પિત કર્યાં અને હાથ જોડીને વારંવાર કહ્યું – હે તાત્! હે સુજ્ઞ! હું વારી જાઉં છું, તમને બધાની ગતિ (હાલ) જ્ઞાત છે. પરિવારને, પુરવાસીઓને, મને અને રાજાને સીતા પ્રાણસમાન પ્રિય છે એવું જાણજો. હે તુલસીના સ્વામી! એનાં શીલ અને સ્નેહને જોઈને તેને પોતાની દાસી કરી માનજો. ॥૫॥

સો૦— તુમ્હ પરિપૂરન કામ જાન સિરોમનિ ભાવપ્રિય।
જન ગુન ગાહક રામ દોષ દલન કરુનાયતન॥૩૩૬॥

તમે પૂર્ણકામ છો, સુજ્ઞશિરોમણિ છો અને ભાવપ્રિય છો (તમને સ્નેહ પ્રિય છે). હે રામ! તમે ભક્તોના ગુણ ગ્રહણ કરનારા, દોષોને નાશ કરનારા અને દયાના ધામ છો. ॥૩૩૬॥

ચૌ૦— અસ કહિ રહી ચરન ગહિ રાની। પ્રેમ પંક જનુ ગિરા સમાની॥
સુનિ સનેહસાની બર બાની। બહુબિધિ રામ સાસુ સનમાની॥૧॥

એમ કહીને રાણી ચરણોને પકડીને [ચૂપ] રહી ગયાં. જાણે તેમની વાણી પ્રેમરૂપ પંકમાં સમાઈ ગઈ હોય. સ્નેહથી તરબોળ થયેલ શ્રેષ્ઠ વાણી સાંભળીને શ્રીરામચન્દ્રજીએ સાસુનું ઘણી રીતે સન્માન કર્યું. ॥૧॥

રામ બિદા માગત કર જોરી। કીન્હ પ્રનામુ બહોરિ બહોરી॥
પાઈ અસીસ બહુરિ સિરુ નાઈ। ભાઇન્હ સહિત ચલે રઘુરાઈ॥૨॥

શ્રીરામચન્દ્રજીએ હાથ જોડીને વિદાય માગતાં વારંવાર પ્રણામ કર્યા. આશીર્વાદ પામીને અને પછી શીશ નમાવીને ભાઈઓસહિત શ્રીરઘુનાથજી ચાલ્યા. ॥૨॥

મંજુ મધુર મૂરતિ ઉર આની । ભઈં સનેહ સિથિલ સબ રાની ॥
પુનિ ધીરજુ ધરિ કુઅઁરિ હઁકારીં । બાર બાર ભેટહિં મહતારીં ॥ ૩॥

શ્રીરામજીની સુંદર મધુર મૂર્તિને હૃદયમાં લાવીને સર્વે રાણીઓ સ્નેહથી શિથિલ થઈ ગઈ. પછી ધીરજ ધારણ કરીને કુંવરીઓને બોલાવી માતાઓ વારંવાર તેમને [ગળે લગાડીને] ભેટવા લાગી. ॥ ૩॥

પહુઁચાવહિં ફિરિ મિલહિં બહોરી । બઢ़ી પરસ્પર પ્રીતિ ન થોરી ॥
પુનિ પુનિ મિલત સખિન્હ બિલગાઈ । બાલ બચ્છ જિમિ ધેનુ લવાઈ ॥ ૪॥

પુત્રીઓને વળાવે છે, (પરંતુ) પાછા વળીને મળે છે. પરસ્પરમાં કંઈ પ્રીતિ થોડી ન વધી (અર્થાત્ ઘણી પ્રીતિ વધી). વારંવાર મળતી કુંવરીઓ અને માતાઓને સખીઓએ છૂટી પાડી, જેમ તાજી જ વિયાયેલી ગાયને કોઈ તેના બાળ વાછરડા(કે વાછરડી)થી અલગ કરી દે. ॥ ૪॥

દો૦– પ્રેમબિબસ નર નારિ સબ સખિન્હ સહિત રનિવાસુ ।
માનહુઁ કીન્હ બિદેહપુર કરુનાઁ બિરહઁ નિવાસુ ॥ ૩૩૭॥

સર્વે સ્ત્રી-પુરુષ અને સખીઓસહિત આખોય રાણીવાસ પ્રેમને વિશેષ વશ થઈ રહ્યો છે. [એમ લાગે છે] જાણે જનકપુરમાં કરુણા અને વિરહે તંબૂ તાણી દીધાં હોય. ॥ ૩૩૭॥

ચૌ૦– સુક સારિકા જાનકી જ્યાએ । કનક પિંજરન્હિ રાખિ પઢ़ાએ ॥
બ્યાકુલ કહહિં કહાઁ બૈદેહી । સુનિ ધીરજુ પરિહરઇ ન કેહી ॥ ૧॥

જાનકીજીએ જે પોપટ અને મેનાને પાળી-પોષીને મોટા કર્યા હતાં અને સોનાના પાંજરામાં રાખીને ભણાવ્યાં હતાં, તે વ્યાકુળ થઈને કહી રહ્યાં છે–વૈદેહી ક્યાં છે? તેમનાં આવાં વચનોને સાંભળીને ધીરજ કોને નહીં ત્યાગી દે? (અર્થાત્ બધાનું ધૈર્ય જતું રહ્યું). ॥ ૧॥

ભએ બિકલ ખગ મૃગ એહિ ભાઁતી । મનુજ દસા કૈસેં કહિ જાતી ॥
બંધુ સમેત જનકુ તબ આએ । પ્રેમ ઉમગિ લોચન જલ છાએ ॥ ૨॥

જ્યારે પક્ષી અને પશુ પણ આ રીતે વ્યાકુળ થઈ ગયાં, ત્યારે મનુષ્યોની દશા કહી કેવી રીતે શકાય! પછી ભાઈસહિત જનકજી ત્યાં આવ્યા. પ્રેમથી ઊભરાઈને તેમનાં નેત્રોમાં [પ્રેમાશ્રુઓનું] જળ ભરાઈ આવ્યું. ॥ ૨॥

સીય બિલોકિ ધીરતા ભાગી । રહે કહાવત પરમ બિરાગી ॥
લીન્હિ રાયઁ ઉર લાઈ જાનકી । મિટી મહામરજાદ ગ્યાન કી ॥ ૩॥

તે પરમ વૈરાગ્યવાન્ કહેવાતા હતા; પણ સીતાજીને જોઈને તેમનુંય ધૈર્ય નાસી ગયું. રાજાએ જાનકીજીને હૃદય સરસા ચાંપ્યા. [પ્રેમના પ્રભાવથી] જ્ઞાનની મહાન્ મર્યાદા તૂટી ગઈ (જ્ઞાનનો બંધ તૂટી ગયો). ॥ ૩॥

સમુઝાવત સબ સચિવ સયાને । કીન્હ બિચારુ ન અવસર જાને ॥
બારહિં બાર સુતા ઉર લાઈ । સજિ સુંદર પાલકીં મગાઈં ॥ ૪॥

બધાય બુદ્ધિમાન મંત્રીઓ એમને સમજાવે છે. ત્યારે રાજાએ વિષાદ ન કરવાનો સમય જાણીને વિચાર કર્યો. વારંવાર પુત્રીઓને હૃદય સરસી ચાંપીને સુંદર સજાવેલી પાલખીઓ મંગાવડાવી. ॥ ૪॥

દો૦ – પ્રેમબિબસ પરિવારુ સબુ જાનિ સુલગન નરેસ ।
કુઅઁરિ ચઢ઼ાઈ પાલકિન્હ સુમિરે સિદ્ધિ ગનેસ ॥ ૩૩૮॥

પૂરો પરિવાર પ્રેમમાં વિવશ છે. રાજાએ સુંદર મુહૂર્ત જાણીને સિદ્ધિસહિત ગણેશજીનું સ્મરણ કરીને કન્યાઓને પાલખી ઉપર ચઢાવી. ॥ ૩૩૮॥

ચૌ૦ – બહુબિધિ ભૂપ સુતા સમુઝાઈં । નારિધરમુ કુલરીતિ સિખાઈં ॥
દાસીં દાસ દિએ બહુતેરે । સુચિ સેવક જે પ્રિય સિય કેરે ॥ ૧॥

રાજાએ પુત્રીઓને ઘણી રીતે સમજાવી અને તેમને સ્ત્રીધર્મ અને કુળની રીતિ શીખવાડી. ઘણાં બધાં દાસ-દાસી આપ્યાં જે સીતાજીના પ્રિય અને વિશ્વાસપાત્ર સેવકો હતા. ॥ ૧॥

સીય ચલત બ્યાકુલ પુરબાસી । હોહિં સગુન સુભ મંગલ રાસી ॥
ભૂસુર સચિવ સમેત સમાજા । સંગ ચલે પહુઁચાવન રાજા ॥ ૨॥

સીતાજીની વિદાય વેળાએ જનકપુરવાસી વ્યાકુળ થઈ ગયા. મંગળના ભંડારસમા શુભ શુકન થઈ રહ્યાં છે. બ્રાહ્મણ, મંત્રીઓ અને સમાજસહિત રાજા જનકજી તેમને વળાવવા માટે સાથે ચાલ્યા. ॥ ૨॥

સમય બિલોકિ બાજને બાજે । રથ ગજ બાજિ બરાતિન્હ સાજે ॥
દસરથ બિપ્ર બોલિ સબ લીન્હે । દાન માન પરિપૂરન કીન્હે ॥ ૩॥

સમય જોઈને વાજાં વાગવા લાગ્યાં. જાનૈયાઓએ રથ, હાથી અને ઘોડા તૈયાર કર્યા. દશરથજીએ સર્વે બ્રાહ્મણોને બોલાવી લીધા અને તેમને દાન અને સન્માનથી પરિપૂર્ણ કરી દીધા. ॥ ૩॥

ચરન સરોજ ધૂરિ ધરિ સીસા । મુદિત મહીપતિ પાઇ અસીસા ॥
સુમિરિ ગજાનનુ કીન્હ પયાના । મંગલ મૂલ સગુન ભએ નાના ॥ ૪॥

તેમનાં ચરણકમળોની રજ સિર પર ધરીને અને આશિષ પામીને રાજા આનંદિત થયા અને ગણેશજીનું સ્મરણ કરીને તેમણે પ્રસ્થાન કર્યું. મંગળોનાં મૂળ અનેક શુકન થયાં. ॥ ૪॥

દો૦ – સુર પ્રસૂન બરષહિં હરષિ કરહિં અપછરા ગાન ।
ચલે અવધપતિ અવધપુર મુદિત બજાઇ નિસાન ॥ ૩૩૯॥

દેવતા હર્ષિત થઈને ફૂલ વરસાવી રહ્યા છે અને અપ્સરાઓ ગાન કરી રહી છે. અવધપતિ દશરથજી નગારાં વગડાવી આનંદપૂર્વક અયોધ્યાપુરી ચાલ્યા. ॥ ૩૩૯॥

ચૌ૦ – નૃપ કરિ બિનય મહાજન ફેરે। સાદર સકલ માગને ટેરે॥
ભૂષન બસન બાજિ ગજ દીન્હે। પ્રેમ પોષિ ઠાઢ़ે સબ કીન્હે॥૧॥

રાજા દશરથજીએ વિનંતી કરીને પ્રતિષ્ઠિત લોકોને–બ્રાહ્મણોને પાછા વાળ્યા અને આદરની સાથે સર્વે યાચકોને બોલાવ્યા. તેમને ઘરેણાં-કપડાં, ઘોડા-હાથી આપ્યાં અને પ્રેમથી પુષ્ટ કરીને સર્વેને સંપન્ન અર્થાત્ બળયુક્ત કરી દીધા. ॥૧॥

બાર બાર બિરિદાવલિ ભાષી। ફિરે સકલ રામહિ ઉર રાખી॥
બહુરિ બહુરિ કોસલપતિ કહહીં। જનકુ પ્રેમબસ ફિરૈ ન ચહહીં॥૨॥

તે બધા વારંવાર બિરુદાવલી (કુળકીર્તિ) વખાણીને અને શ્રીરામચન્દ્રજીને હૃદયમાં બિરાજમાન કરી પાછા વળ્યા. કૌશલાધીશ દશરથજી વારંવાર પાછા વળવાનું કહે છે, પણ જનકજી પ્રેમવશ પાછા ફરવા ઈચ્છતા નથી. ॥૨॥

પુનિ કહ ભૂપતિ બચન સુહાએ। ફિરિઅ મહીસ દૂરિ બડ़િ આએ॥
રાઉ બહોરિ ઉતરિ ભએ ઠાઢ़ે। પ્રેમ પ્રબાહ બિલોચન બાઢ़ે॥૩॥

દશરથજીએ ફરીથી સોહામણાં વચન કહ્યાં – હે રાજન્! ઘણા દૂર આવી ગયા, હવે પાછા વળો. પછી રાજા દશરથજી રથમાંથી ઊતરીને ઊભા રહી ગયા. તેમનાં નેત્રોમાં પ્રેમનો પ્રવાહ વૃદ્ધિ પામ્યો (પ્રેમાશ્રુઓની ધારા વહી ચાલી). ॥૩॥

તબ બિદેહ બોલે કર જોરી। બચન સનેહ સુધાઁ જનુ બોરી॥
કરૌં કવન બિધિ બિનય બનાઈ। મહારાજ મોહિ દીન્હિ બડ़ાઈ॥૪॥

ત્યારે જનકજી હાથ જોડીને જાણે સ્નેહરૂપી અમૃતમાં બોળીને વચનો બોલ્યા – હું કેવી રીતે, કયા શબ્દોમાં વિનંતી કરું? હે મહારાજ! આપે મને ઘણી મોટાઈ આપી છે. ॥૪॥

દો૦ – કોસલપતિ સમધી સજન સનમાને સબ ભાઁતિ।
મિલનિ પરસપર બિનય અતિ પ્રીતિ ન હૃદયઁ સમાતિ॥૩૪૦॥

અયોધ્યાનાથ દશરથજીએ પોતાના સ્વજન વેવાઈનું બધી રીતે સન્માન કર્યું. તેમના પરસ્પર ભેટવામાં અત્યંત વિનય હતો અને એટલી પ્રીતિ હતી, જે હૃદયમાં સમાતી જ ન હતી. ॥૩૪૦॥

ચૌ૦ – મુનિ મંડલિહિ જનક સિરુ નાવા। આસિરબાદુ સબહિ સન પાવા॥
સાદર પુનિ ભેંટે જામાતા। રૂપ સીલ ગુન નિધિ સબ ભ્રાતા॥૧॥

જનકજીએ મુનિમંડળીને શીશ નમાવ્યું અને સર્વેથી આશીર્વાદ પામ્યા. પછી આદરની સાથે તેઓ રૂપ, શીલ અને ગુણોના ભંડાર બધા ભાઈઓને એટલે કે પોતાના જમાઈઓને ભેટ્યા; ॥૧॥

જોરિ પંકરુહ પાનિ સુહાએ। બોલે બચન પ્રેમ જનુ જાએ॥
રામ કરૌં કેહિ ભાઁતિ પ્રસંસા। મુનિ મહેસ મન માનસ હંસા॥૨॥

અને સુંદર કમળના સમાન હાથોને જોડી એવાં વચન બોલ્યા, જે જાણે પ્રેમથી જ જન્મ્યાં હોય. હે રામજી! હું કઈ રીતે આપની પ્રશંસા કરું? આપ મુનિઓ અને મહાદેવજીના મનરૂપી માનસરોવરના હંસ છો. ॥૨॥

કરહિં જોગ જોગી જેહી લાગી। કોહુ મોહુ મમતા મદુ ત્યાગી॥
બ્યાપકુ બ્રહ્મુ અલખુ અબિનાસી। ચિદાનંદુ નિરગુન ગુનરાસી॥૩॥

યોગીજન જેમના માટે ક્રોધ, મોહ, મમતા અને મદનો ત્યાગ કરીને યોગસાધન કરે છે, જે સર્વવ્યાપક, બ્રહ્મ, અવ્યક્ત, અવિનાશી, ચિદાનંદ, નિર્ગુણ અને ગુણોના ભંડાર છે; ॥૩॥

મન સમેત જેહિ જાન ન બાની। તરકિ ન સકહિં સકલ અનુમાની॥
મહિમા નિગમુ નેતિ કહિ કહઈ। જો તિહુઁ કાલ એકરસ રહઈ॥૪॥

જેમને મનસહિત વાણી નથી જાણતી અને સૌ અનુમાન કરનાર (નૈયાયિકો વગેરે) જેમની તર્કના પણ નથી કરી શકતા; જેમની મહિમાનું વેદ 'નેતિ' 'નેતિ' કહીને વર્ણન કરે છે અને જે [સચ્ચિદાનંદ] ત્રણેય કાળમાં એકરસ (સર્વદા અને સર્વથા નિર્વિકાર) રહે છે; ॥૪॥

દો૦– નયન બિષય મો કહુઁ ભયઉ સો સમસ્ત સુખ મૂલ।
સબઈ લાભુ જગ જીવ કહઁ ભએઁ ઈસુ અનુકૂલ॥૩૪૧॥

તે જ સમસ્ત સુખોના મૂળ [આપ] મારા નેત્રોના વિષય થયા. ઈશ્વરના અનુકૂળ થવાથી જગતમાં જીવને સર્વે લાભ જ લાભ છે. ॥૩૪૧॥

ચૌ૦– સબહિ ભાઁતિ મોહિ દીન્હિ બડ઼ાઈ। નિજ જન જાનિ લીન્હ અપનાઈ॥
હોહિં સહસ દસ સારદ સેષા। કરહિં કલપ કોટિક ભરિ લેખા॥૧॥

આપે મને બધી રીતે મોટાઈ આપી અને પોતાનો માણસ જાણીને અપનાવી લીધો. જો દસ હજાર સરસ્વતી અને શેષ હોય અને કરોડો કલ્પો સુધી ગણતરી કરતાં રહે – ॥૧॥

મોર ભાગ્ય રાઉર ગુન ગાથા। કહિ ન સિરાહિં સુનહુ રઘુનાથા॥
મૈં કછુ કહઉઁ એક બલ મોરેં। તુમ્હ રીઝહુ સનેહ સુઠિ થોરેં॥૨॥

તો પણ હે રઘુનાથજી! સાંભળો, મારા સૌભાગ્ય અને આપના ગુણોની કથા કહીને સમાપ્ત નથી કરી શકાતી. હું જે કંઈ કહી રહ્યો છું, તે પોતાના એક જ બળે કે આપ અત્યંત થોડા પ્રેમથી પણ પ્રસન્ન થઈ જાઓ છો – ॥૨॥

બાર બાર માગઉઁ કર જોરેં। મનુ પરિહરૈ ચરન જનિ ભોરેં॥
સુનિ બર બચન પ્રેમ જનુ પોષે। પૂરનકામ રામુ પરિતોષે॥૩॥

હું વારંવાર હાથ જોડીને આ માગું છું કે મારું મન ભૂલથી પણ આપના ચરણોને ન છોડે. જનકજીનાં શ્રેષ્ઠ વચનોને સાંભળીને, જે જાણે પ્રેમથી પુષ્ટ કરેલાં હતાં – પૂર્ણકામ શ્રીરામચન્દ્રજી સંતુષ્ટ થયા. ॥૩॥

કરિ બર બિનય સસુર સનમાને। પિતુ કૌસિક બસિષ્ઠ સમ જાને॥
બિનતી બહુરિ ભરત સન કીન્હી। મિલિ સપ્રેમુ પુનિ આસિષ દીન્હી॥૪॥

તેમણે સુંદર વિનંતી કરીને પિતા દશરથજી, ગુરુ, વિશ્વામિત્રજી અને કુલગુરુ વસિષ્ઠજીના જેવા જાણીને સસરા જનકજીનું સન્માન કર્યું. પછી જનકજીએ ભરતજીને વિનંતી કરી અને પ્રેમસહિત ભેટીને એમને આશીર્વાદ આપ્યા. ॥૪॥

દો૦ – મિલે લખન રિપુસૂદનહિ દીન્હિ અસીસ મહીસ ।
ભએ પરસપર પ્રેમબસ ફિરિ ફિરિ નાવહિં સીસ ॥ ૩૪૨॥

પછી રાજાએ લક્ષ્મણજી અને શત્રુઘ્નજીને પ્રેમપરવશ થઈને ગળે લગાડ્યા અને વારંવાર આશીર્વાદ આપ્યા. લક્ષ્મણજી અને શત્રુઘ્નજી પ્રેમવિવશ જનકમહારાજને વારંવાર શીશ નમાવવા લાગ્યા. ॥ ૩૪૨॥

ચૌ૦ – બાર બાર કરિ બિનય બડ઼ાઈ । રઘુપતિ ચલે સંગ સબ ભાઈ ॥
જનક ગહે કૌસિક પદ જાઈ । ચરન રેનુ સિર નયનન્હ લાઈ ॥ ૧॥

જનકજીની વારંવાર વિનંતી અને પ્રશંસા કરીને બધા ભાઈઓ શ્રીરઘુનાથજી સાથે ચાલ્યા. જનકજીએ જઈને વિશ્વામિત્રજીના પગ પકડી લીધા અને એમના ચરણોની રજને સિર અને નેત્રોમાં લગાડી. ॥ ૧॥

સુનુ મુનીસ બર દરસન તોરેં । અગમુ ન કછુ પ્રતીતિ મન મોરેં ॥
જો સુખુ સુજસુ લોકપતિ ચહહીં । કરત મનોરથ સકુચત અહહીં ॥ ૨॥

[તેમણે કહ્યું –] હે મુનીશ્વર! સાંભળો, આપનાં સુંદર દર્શનથી કંઈ પણ દુર્લભ નથી, મારા મનમાં આવો વિશ્વાસ છે. જે સુખ અને સુયશ લોકપાલ ઈચ્છે છે; પરંતુ [અસંભવ સમજીને] જેનો મનોરથ કરતાં પણ સંકોચાય છે, ॥ ૨॥

સો સુખુ સજસુ સુલભ મોહિ સ્વામી । સબ સિધિ તવ દરસન અનુગામી ॥
કીન્હિ બિનય પુનિ પુનિ સિરુ નાઈ । ફિરે મહીસુ આસિષા પાઈ ॥ ૩॥

હે સ્વામી! એ જ સુખ અને સુયશ મને સુલભ થઈ ગયો; બધી સિદ્ધિઓ આપનાં દર્શનોની અનુગામિની અર્થાત્ પાછળ પાછળ ચાલનારી છે. આમ, વારંવાર વિનંતી કરી અને માથું નમાવીને તથા એમની પાસેથી આશીર્વાદ મેળવી રાજા જનક પાછા ફર્યા. ॥ ૩॥

ચલી બરાત નિસાન બજાઈ । મુદિત છોટ બડ઼ સબ સમુદાઈ ॥
રામહિ નિરખિ ગ્રામ નર નારી । પાઇ નયન ફલુ હોહિં સુખારી ॥ ૪॥

ડંકા વગાડીને જાન ચાલી. નાના-મોટા સર્વે સમુદાય પ્રસન્ન છે. [માર્ગનાં] ગામોનાં સ્ત્રી-પુરુષ શ્રીરામચન્દ્રજીને જોઈને નેત્રોનું ફળ પામીને સુખી થાય છે. ॥ ૪॥

દો૦ – બીચ બીચ બર બાસ કરિ મગ લોગન્હ સુખ દેત ।
અવધ સમીપ પુનીત દિન પહુઁચી આઇ જનેત ॥ ૩૪૩॥

વચ્ચે-વચ્ચે સુંદર મુકામ કરતી તથા માર્ગના લોકોને સુખ આપતી આ જાન પવિત્ર દિને અયોધ્યાપુરી નજીક આવી પહોંચી. ॥ ૩૪૩॥

ચૌ૦ – હને નિસાન પનવ બર બાજે । ભેરિ સંખ ધુનિ હય ગય ગાજે ॥
ઝાઁઝિ બિરવ ડિંડિમીં સુહાઈ । સરસ રાગ બાજહિં સહનાઈ ॥ ૧॥

નગારા પર ઘા થવા લાગ્યા; સુંદર ઢોલ વાગવા લાગ્યાં. દુંદુભી અને શંખનો મોટો અવાજ થઈ રહ્યો છે. હાથી-ઘોડા ગરજી રહ્યા છે. વિશેષ ધ્વનિ કરનારી ઝાઝ, સોહામણી ખંજરીઓ તથા રસીલા રાગથી શરણાઈઓ વાગી રહી છે. ॥ ૧॥

પુર જન આવત અકનિ બરાતા। મુદિત સકલ પુલકાવલિ ગાતા॥
નિજ નિજ સુંદર સદન સँવારે। હાટ બાટ ચૌહટ પુર દ્વારે॥ ૨॥

જાનને આવતી સાંભળીને નગરનિવાસી પ્રસન્ન થઈ ગયા. બધાના શરીરો પર પુલકાવલી છવાઈ ગઈ. બધાએ પોતપોતાનાં સુંદર ઘરો, બજારો, શેરીઓ, ચૌરાહા (ચોક) અને નગરનાં દ્વાર શણગાર્યાં. ॥ ૨॥

ગલીં સકલ અરગજાँ સિંચાઈં। જહँ તહँ ચૌકેં ચારુ પુરાઈં॥
બના બજારુ ન જાઈ બખાના। તોરન કેતુ પતાક બિતાના॥ ૩॥

બધી શેરીઓ સુગંધિત દ્રવ્યોથી સીંચવામાં આવી. ચારેકોર સુંદર ચોક પુરાવ્યા. તોરણો, ધ્વજા-પતાકાઓ અને મંડપોથી બજાર એવું શણગારાયું કે જેનું વર્ણન કરી નથી શકાતું. ॥ ૩॥

સફલ પૂગફલ કદલિ રસાલા। રોપે બકુલ કદંબ તમાલા॥
લગે સુભગ તરુ પરસત ધરની। મનિમય આલબાલ કલ કરની॥ ૪॥

ફળસહિત સોપારી, કેળા, કેરી, બોરસલી, કદંબ અને તમાલનાં ઝાડ રોપવામાં આવ્યાં. તે રોપાયેલાં સુંદર વૃક્ષ [ફળોના ભારથી] પૃથ્વીને અડી રહ્યાં છે. તેમનાં મણિઓનાં ખામણાં (થાળા) ઘણી સુંદર કારીગરીથી બનાવવામાં આવ્યાં છે. ॥ ૪॥

દો૦ – બિબિધ ભાँતિ મંગલ કલસ ગૃહ ગૃહ રચે સँવારિ।
સુર બ્રહ્માદિ સિહાહિં સબ રઘુબર પુરી નિહારિ॥ ૩૪૪॥

અનેક પ્રકારના મંગળ-કળશ ઘેર ઘેર સજાવીને તૈયાર કરાયા છે. શ્રીરઘુનાથજીની પુરી (અયોધ્યા)ને જોઈને બ્રહ્મા આદિ સર્વે દેવો ઈર્ષાપૂર્વક પ્રશંસા કરે છે. ॥ ૩૪૪॥

ચૌ૦ – ભૂપ ભવનુ તેહિ અવસર સોહા। રચના દેખિ મદન મનુ મોહા॥
મંગલ સગુન મનોહરતાઈ। રિધિ સિધિ સુખ સંપદા સુહાઈ॥ ૧॥

તે સમયે રાજમહેલ [અત્યંત] શોભિત થઈ રહ્યો હતો. તેની રચના જોઈને કામદેવનું પણ મન મોહિત થઈ જતું હતું. મંગળ શુકન, મનોહરતા, ઋદ્ધિ-સિદ્ધિ, સુખ સોહામણી સમ્પતિ – ॥ ૧॥

જનુ ઉછાહ સબ સહજ સુહાએ। તનુ ધરિ ધરિ દસરથ ગૃહँ છાએ॥
દેખન હેતુ રામ બૈદેહી। કહહુ લાલસા હોહિ ન કેહી॥ ૨॥

– અને બધી જાતના ઉત્સાહ (આનંદ) જાણે સહજ (સ્વભાવિક) સુંદર શરીર ધરી-ધરી દશરથજીના ઘરમાં છવાઈ ગયાં છે. શ્રીરામચન્દ્રજી અને સીતાજીનાં દર્શનો માટે, ભલા! કહો કોને લાલસા નહીં હોય? ॥ ૨॥

જૂથ જૂથ મિલિ ચલીં સુઆસિનિ। નિજ છબિ નિદરહિં મદન બિલાસિનિ॥
સકલ સુમંગલ સજેં આરતી। ગાવહિં જનુ બહુ બેષ ભારતી॥ ૩॥

સૌભાગ્યવતી સ્ત્રીઓ ટોળે ને ટોળે વળીને ચાલી, જે પોતાની શોભાથી કામદેવની સ્ત્રી રતિનો પણ અનાદર કરી રહી છે. બધાં સુંદર મંગળદ્રવ્ય અને આરતી તૈયાર કરી ગાઈ રહી છે, જાણે સરસ્વતી જ ઘણા બધા વેશ ધારણ કરીને ગાઈ રહ્યાં હોય. ॥ ૩॥

ભૂપતિ ભવન કોલાહલુ હોઈ। જાઇ ન બરનિ સમઉ સુખુ સોઈ॥
કૌસલ્યાદિ રામ મહતારીં। પ્રેમબિબસ તન દસા બિસારીં॥૪॥

રાજમહેલમાં [આનંદના લીધે] કોલાહલ થઈ રહ્યો છે. તે સમયનું અને સુખનું વર્ણન નથી કરી શકાતું. કૌશલ્યાજી આદિ શ્રીરામચન્દ્રજીની સર્વે માતાઓ પ્રેમના વિશેષ વશમાં હોવાથી દેહનું ભાન ભૂલી ગઈ. ॥૪॥

દો૦— દિએ દાન બિપ્રન્હ બિપુલ પૂજિ ગનેસ પુરારિ।
પ્રમુદિત પરમ દરિદ્ર જનુ પાઇ પદારથ ચારિ॥૩૪૫॥

ગણેશજી અને ત્રિપુરારિ શિવજીનું પૂજન કરીને તેમણે બ્રાહ્મણોને ઘણું જ દાન આપ્યું. તેઓ એવી પરમ પ્રસન્ન થઈ, જાણે અત્યંત દરિદ્રી ચારેય પદાર્થ પામી ગયા હોય. ॥૩૪૫॥

ચૌ૦— મોદ પ્રમોદ બિબસ સબ માતા। ચલહિં ન ચરન સિથિલ ભએ ગાતા॥
રામ દરસ હિત અતિ અનુરાગીં। પરિછનિ સાજુ સજન સબ લાગીં॥૧॥

સુખ અને મહાન આનંદથી વિવશ હોવાને લીધે બધી માતાઓના દેહ શિથિલ થઈ ગયા છે. તેમના પગ કામ કરતા નથી. શ્રીરામચન્દ્રજીનાં દર્શનોને માટે તે અત્યંત અનુરાગી થઈને પોંખવા માટે સર્વે વસ્તુઓ તૈયાર કરવા લાગી. ॥૧॥

બિબિધ બિધાન બાજને બાજે। મંગલ મુદિત સુમિત્રાઁ સાજે॥
હરદ દૂબ દધિ પલ્લવ ફૂલા। પાન પૂગફલ મંગલ મૂલા॥૨॥

અનેક પ્રકારનાં વાજાં વાગતાં હતાં. સુમિત્રાજીએ આનંદપૂર્વક મંગળ સાજ સજાવ્યા. હળદર, ધરો, દહીં, પાન, ફૂલ, પાન-સોપારી આદિ મંગળની મૂળ વસ્તુઓ, ॥૨॥

અચ્છત અંકુર લોચન લાજા। મંજુલ મંજરિ તુલસિ બિરાજા॥
છુહે પુરટ ઘટ સહજ સુહાએ। મદન સકુન જનુ નીડ઼ બનાએ॥૩॥

તથા અક્ષત (ચોખા), જવારા, ગોરોચન, ડાંગરની ધાણી અને તુલસીની સુંદર માંજરો સુશોભિત છે. અનેક રંગોથી ચિત્રિત કરેલા સરળ સોહામણા સુવર્ણના કળશ એવા જણાય છે, જાણે કામદેવરૂપી સુગરીઓએ માળા બનાવ્યા હોય. ॥૩॥

સગુન સુગંધ ન જાહિં બખાની। મંગલ સકલ સજહિં સબ રાની॥
રચીં આરતીં બહુત બિધાના। મુદિત કરહિં કલ મંગલ ગાના॥૪॥

શુકન અને સુગંધિત વસ્તુઓ વખાણી શકાતી નથી. બધી રાણીઓ સંપૂર્ણ મંગળ સાજ સજી રહી છે. ઘણા પ્રકારની આરતી બનાવીને તેઓ આનંદિત થઈને સુંદર મંગળગાન કરી રહી છે. ॥૪॥

દો૦— કનક થાર ભરિ મંગલન્હિ કમલ કરન્હિ લિએઁ માત।
ચલીં મુદિત પરિછનિ કરન પુલક પલ્લવિત ગાત॥૩૪૬॥

સોનાના થાળોને માંગલિક વસ્તુઓથી ભરી પોતાના કમળ સમાન (કોમળ) હાથોમાં લઈને માતાઓ આનંદિત થઈને પોંખણું કરવા ચાલી. તેમનાં શરીર પુલકાવલીથી છવાઈ ગયાં છે. ॥૩૪૬॥

ચૌ૦ – ધૂપ ધૂમ નભુ મેચક ભયઊ । સાવન ઘન ઘમંડુ જનુ ઠયઊ ॥
સુરતરુ સુમન માલ સુર બરષહિં । મનહુઁ બલાક અવલિ મનુ કરષહિં ॥ ૧॥

ધૂપના ધુમાડાથી આકાશ એવું કાળું થઈ ગયું છે જાણે શ્રાવણનાં વાદળાં ઘેરાઈ-ઘેરાઈને સ્થિર થઈ ગયાં હોય. દેવતા કલ્પવૃક્ષનાં ફૂલોની માળાઓ વરસાવી રહ્યા છે, તે એવી લાગે છે જાણે બગલાંઓની પંક્તિઓ મનને [પોતાની તરફ] ખેંચી રહી હોય. ॥ ૧॥

મંજુલ મનિમય બંદનિવારે । મનહુઁ પાકરિપુ ચાપ સઁવારે ॥
પ્રગટહિં દુરહિં અટન્હ પર ભામિનિ । ચારુ ચપલ જનુ દમકહિં દામિનિ ॥ ૨॥

સુંદર મણિઓથી બનાવેલાં સ્વાગત દ્વાર અને તોરણો એવાં જણાય છે જાણે ઈન્દ્રધનુષ સજાવ્યાં હોય. અટારીઓ પર સુંદર અને ચંચળ સ્ત્રીઓ પ્રકટ થાય છે અને સંતાઈ જાય છે (આવે-જાય છે); તે એવી જણાય છે કે જાણે સુંદર ચંચળ વીજળીઓ ચમકી રહી હોય. ॥ ૨॥

દુંદુભિ ધુનિ ઘન ગરજનિ ઘોરા । જાચક ચાતક દાદુર મોરા ॥
સુર સુગંધ સુચિ બરષહિં બારી । સુખી સકલ સસિ પુર નર નારી ॥ ૩॥

નગારાના ધ્વનિ જાણે વાદળોની ઘોર ગર્જના છે. યાચકગણ બપૈયા, દેડકાં અને મોર છે. દેવતા પવિત્ર સુગંધરૂપી જળ વરસાવી રહ્યા છે, જેથી ખેતીની જેમ નગરનાં બધાં સ્ત્રી-પુરુષ હરખાઈ રહ્યાં છે. ॥ ૩॥

સમઉ જાનિ ગુર આયસુ દીન્હા । પુર પ્રબેસુ રઘુકુલમનિ કીન્હા ॥
સુમિરિ સંભુ ગિરિજા ગનરાજા । મુદિત મહીપતિ સહિત સમાજા ॥ ૪॥

[પ્રવેશનો] સમય જાણીને ગુરુ વસિષ્ઠજીએ આજ્ઞા આપી. ત્યારે રઘુકુળમણિ મહારાજા દશરથજીએ શિવજી, પાર્વતીજી અને ગણેશજીનું સ્મરણ કરીને સમાજસહિત આનંદિત થઈને નગરમાં પ્રવેશ કર્યો. ॥ ૪॥

દો૦ – હોહિં સગુન બરષહિં સુમન સુર દુંદુભીં બજાઇ ।
બિબુધ બધૂ નાચહિં મુદિત મંજુલ મંગલ ગાઇ ॥ ૩૪૭॥

શુકન થઈ રહ્યાં છે, દેવતા દુંદુભી વગાડી-વગાડીને ફૂલો વરસાવી રહ્યા છે. દેવતાઓની સ્ત્રીઓ આનંદિત થઈને સુંદર મંગળગીતો ગાઈ-ગાઈને નાચી રહી છે. ॥ ૩૪૭॥

ચૌ૦ – માગધ સૂત બંદિ નટ નાગર । ગાવહિં જસુ તિહુ લોક ઉજાગર ॥
જય ધુનિ બિમલ બેદ બર બાની । દસ દિસિ સુનિઅ સુમંગલ સાની ॥ ૧॥

ચતુર માગધ, સૂત, ભાટ અને નટ રાજા દશરથ અને શ્રીરામજીના ત્રણેય લોકોને ઝગમગાવનાર નિર્મળ યશ ગાઈ રહ્યા છે. જયધ્વનિ તથા વેદની નિર્મળ શ્રેષ્ઠ વાણી સુંદર મંગળથી તરબોળ થઈ દસે દિશાઓમાંથી સંભળાઈ રહી છે. ॥ ૧॥

બિપુલ બાજને બાજન લાગે । નભ સુર નગર લોગ અનુરાગે ॥
બને બરાતી બરનિ ન જાહીં । મહા મુદિત મન સુખ ન સમાહીં ॥ ૨॥

ઘણાં જ વાજાં વાગવાં લાગ્યાં. આકાશમાં દેવો અને નગરમાં લોકો સર્વે પ્રેમમાં મગ્ન છે. જાનૈયા એવા બન્યા–ઠન્યા છે કે તેમનું વર્ણન નથી થઈ શકતું. પરમ આનંદિત છે, સુખ તેમના મનમાં સમાતું નથી. ॥ ૨॥

પુરબાસિન્હ તબ રાય જોહારે। દેખત રામહિ ભએ સુખારે ॥
કરહિં નિછાવરિ મનિગન ચીરા। બારિ બિલોચન પુલક સરીરા ॥ ૩॥

ત્યારે અયોધ્યાવાસીઓએ રાજાને જુહાર કર્યા (લળીલળીને પ્રણામ કર્યા) શ્રીરામચન્દ્રજીને જોતાં જ તે પ્રસન્ન થઈ ગયા. મણિ અને વસ્ત્ર ન્યોછાવર બધાય કરી રહ્યા છે. નેત્રોમાં [પ્રેમાશ્રુઓનું] જળ ભર્યું છે અને શરીર પુલકિત છે. ॥ ૩॥

આરતિ કરહિં મુદિત પુર નારી। હરષહિં નિરખિ કુઅઁર બર ચારી ॥
સિબિકા સુભગ ઓહાર ઉઘારી। દેખિ દુલહિનિન્હ હોહિં સુખારી ॥ ૪॥

નગરની સ્ત્રીઓ આનંદિત થઈને આરતી કરી રહી છે અને સુંદર ચારેય કુમારોને જોઈને હરખાઈ રહી છે. પાલખીઓના સુંદર પરદા ઉઘાડી-ઉઘાડીને તેઓ વધૂઓને જોઈને સુખી થાય છે. ॥ ૪॥

દો૦– એહિ બિધિ સબહી દેત સુખુ આએ રાજદુઆર।
મુદિત માતુ પરિછનિ કરહિં બધુન્હ સમેત કુમાર ॥ ૩૪૮॥

આ રીતે બધાને સુખ આપતાં (કુમારો) રાજદ્વારે આવ્યા. માતાઓ આનંદિત થઈને વહુઓસહિત કુમારોનું પોંખણું કરી રહી છે. ॥ ૩૪૮॥

ચૌ૦– કરહિં આરતી બારહિં બારા। પ્રેમુ પ્રમોદુ કહૈ કો પારા ॥
ભૂષન મનિ પટ નાના જાતી। કરહિં નિછાવરિ અગનિત ભાઁતી ॥ ૧॥

તેઓ વારંવાર આરતી કરી રહી છે. તે પ્રેમ અને મહાન આનંદને કોણ કહી શકે? અનેક પ્રકારનાં આભૂષણ, રત્ન અને વસ્ત્ર તથા અગણિત જાતની અન્ય વસ્તુઓ ન્યોછાવર કરી રહી છે. ॥ ૧॥

બધુન્હ સમેત દેખિ સુત ચારી। પરમાનંદ મગન મહતારી ॥
પુનિ પુનિ સીય રામ છબિ દેખી। મુદિત સફલ જગ જીવન લેખી ॥ ૨॥

વહુઓસહિત ચારેય પુત્રોને જોઈને માતાઓ પરમ આનંદમાં લીન થઈ ગઈ. સીતાજી અને શ્રીરામજીની શોભાને વારંવાર જોઈને જગતમાં પોતાના જીવનને સફળ માનીને આનંદિત થઈ રહી છે. ॥ ૨॥

સખીં સીય મુખ પુનિ પુનિ ચાહી। ગાન કરહિં નિજ સુકૃત સરાહી ॥
બરષહિં સુમન છનહિં છન દેવા। નાચહિં ગાવહિં લાવહિં સેવા ॥ ૩॥

સખીઓ સીતાજીના મુખને વારંવાર જોઈને પોતાનાં પુણ્યોની પ્રશંસા કરતી ગાન કરી રહી છે. દેવો ક્ષણે-ક્ષણે ફૂલ વરસાવી નાચે છે, ગાય છે તથા પોતપોતાની સેવાઓ સમર્પણ કરે છે. ॥ ૩॥

દેખિ મનોહર ચારિઉ જોરીં। સારદ ઉપમા સકલ ઢૈંઢોરીં॥
દેત ન બનહિં નિપટ લઘુ લાગીં। એકટક રહીં રૂપ અનુરાગીં॥૪॥

ચારેય મનોહર જોડીઓને જોઈને સરસ્વતીએ બધી ઉપમાઓને ખોળી કાઢી; પણ કોઈ ઉપમા આપી ન શકાઈ, કારણકે તેમને તે બધી બિલકુલ તુચ્છ જણાઈ. ત્યારે હારીને તે પણ શ્રીરામજીના રૂપમાં અનુરક્ત થઈને એકીટશે જોતાં રહી ગયાં. ॥૪॥

દો૦– નિગમ નીતિ કુલ રીતિ કરિ અરઘ પાઁવડ઼ે દેત।
બધુન્હ સહિત સુત પરિછિ સબ ચલીં લવાઇ નિકેત॥૩૪૯॥

વેદની વિધિ અને કુળની રીતિ કરીને અર્ઘ્ય-પાગરણ (પગ મૂકવા માટે વસ્ત્ર પાથરી) આપતી વહુઓસહિત સર્વે પુત્રોને પોંખી માતાઓ મહેલમાં લઈ ચાલી. ॥૩૪૯॥

ચૌ૦– ચારિ સિંઘાસન સહજ સુહાએ। જનુ મનોજ નિજ હાથ બનાએ॥
તિન્હ પર કુઅઁરિ કુઅઁર બૈઠારે। સાદર પાય પુનીત પખારે॥૧॥

સ્વાભાવિક રૂપે જ સુંદર ચાર સિંહાસન હતાં, જે જાણે કામદેવે જ પોતાના હાથથી બનાવ્યાં હતાં. તેની ઉપર માતાઓએ રાજકુમારીઓ અને રાજકુમારોને બેસાડ્યાં અને આદરની સાથે તેમના પવિત્ર ચરણ ધોયા. ॥૧॥

ધૂપ દીપ નૈબેદ બેદ બિધિ। પૂજે બર દુલહિનિ મંગલ નિધિ॥
બારહિં બાર આરતી કરહીં। બ્યજન ચારુ ચામર સિર ઢરહીં॥૨॥

પછી વેદની વિધિ અનુસાર મંગળોના ભંડાર વર અને વધૂઓની ધૂપ, દીપ અને નૈવેદ્ય આદિ દ્વારા પૂજા કરી. માતાઓ વારંવાર આરતી કરી રહી છે અને વર-વધૂઓનાં માથાં ઉપર સુંદર પંખા તથા ચામરો વીંઝાઈ રહી છે. ॥૨॥

બસ્તુ અનેક નિછાવરિ હોહીં। ભરીં પ્રમોદ માતુ સબ સોહીં॥
પાવા પરમ તત્વ જનુ જોગીં। અમૃતુ લહેઉ જનુ સંતત રોગીં॥૩॥

અનેક વસ્તુઓ ન્યોછાવર થઈ રહી છે. સર્વે માતાઓ આનંદથી ભરપૂર થઈને એવી સુશોભિત થઈ રહી છે જાણે યોગીએ પરમતત્ત્વને પ્રાપ્ત કરી લીધું. કાયમના રોગીએ જાણે અમૃત મેળવી લીધું, ॥૩॥

જનમ રંક જનુ પારસ પાવા। અંધહિ લોચન લાભુ સુહાવા॥
મૂક બદન જનુ સારદ છાઈ। માનહુઁ સમર સૂર જય પાઈ॥૪॥

જન્મનો દરિદ્રી જાણે પારસ પામી ગયો, આંધળાને સુંદર નેત્રોનો લાભ થયો. બોબડાના મુખમાં જાણે સરસ્વતી આવીને બિરાજ્યાં અને શૂરવીરે જાણે યુદ્ધમાં વિજય મેળવ્યો. ॥૪॥

દો૦– એહિ સુખ તે સત કોટિ ગુન પાવહિં માતુ અનંદુ।
ભાઇન્હ સહિત બિઆહિ ઘર આએ રઘુકુલચંદુ॥૩૫૦ (ક)॥

આ સુખોથી પણ સો કરોડગણો અધિક આનંદ માતાઓ પામી રહી છે. કારણકે રઘુકુળના ચન્દ્રમા શ્રીરામજી વિવાહ કરીને ભાઈઓસહિત ઘેર આવ્યા છે. ॥૩૫૦ (ક)॥

લોક રીતિ જનનીં કરહિં બર દુલહિનિ સકુચાહિં ।
મોદુ બિનોદુ બિલોકિ બડ઼ રામુ મનહિં મુસુકાહિં ॥ ૩૫૦ (ખ) ॥

માતાઓ લોકરીતિ કરે છે અને વર-વધૂઓ લજાય છે. આ મહાન આનંદ અને વિનોદ જોઈને શ્રીરામચન્દ્રજી મનમાં ને મનમાં મલકાય છે. ॥ ૩૫૦ (ખ)॥

ચૌ૦ – દેવ પિતર પૂજે બિધિ નીકી । પૂજીં સકલ બાસના જી કી ॥
સબહિં બંદિ માગહિં બરદાના । ભાઈન્હ સહિત રામ કલ્યાના ॥ ૧॥

મનની સર્વે વાસનાઓને પૂર્ણ થઈ જાણીને દેવો અને પિતૃઓનું સારી રીતે પૂજન કર્યું. સર્વેની વંદના કરીને માતાઓ એ જ વરદાન માગે છે કે ભાઈઓસહિત શ્રીરામજીનું કલ્યાણ થાય. ॥ ૧॥

અંતરહિત સુર આસિષ દેહીં । મુદિત માતુ અંચલ ભરિ લેહીં ॥
ભૂપતિ બોલિ બરાતી લીન્હે । જાન બસન મનિ ભૂષન દીન્હે ॥ ૨॥

દેવો અદૃશ્ય રહી [અંતરિક્ષમાંથી] આશીર્વાદ આપી રહ્યા છે અને માતાઓ આનંદિત થઈ ખોળો, ભરીને લઈ રહી છે. તદ્‌ઉપરાંત, રાજાએ જાનૈયાઓને તેડાવી લીધા અને તેમને વાહનો, વસ્ત્ર, મણિ (રત્ન) અને આભૂષણ આદિ આપ્યા. ॥ ૨॥

આયસુ પાઈ રાખિ ઉર રામહિ । મુદિત ગએ સબ નિજ નિજ ધામહિ ॥
પુર નર નારિ સકલ પહિરાએ । ઘર ઘર બાજન લગે બધાએ ॥ ૩॥

આજ્ઞા પામીને, શ્રીરામજીને હૃદયમાં રાખીને તે સર્વે આનંદિત થઈને પોત-પોતાના ઘેર ગયા. નગરનાં સમસ્ત સ્ત્રી-પુરુષોને રાજાએ કપડાં અને ઘરેણાંની પહેરામણી આપી. ઘેરઘેર વધામણાં વાગવા લાગ્યાં. ॥ ૩॥

જાચક જન જાચહિં જોઈ જોઈ । પ્રમુદિત રાઉ દેહિં સોઈ સોઈ ॥
સેવક સકલ બજનિઆ નાના । પૂરન કિએ દાન સનમાના ॥ ૪॥

યાચક લોકો જે જે માગે છે, વિશેષ પ્રસન્ન થઈને રાજા તેમને તે તે આપે છે. સઘળા સેવકો અને વાજાંવાળાઓને રાજાએ અનેક પ્રકારનાં દાન અને સન્માનથી સંતુષ્ટ કર્યા. ॥ ૪॥

દો૦ – દેહિં અસીસ જોહારિ સબ ગાવહિં ગુન ગન ગાથ ।
તબ ગુર ભૂસુર સહિત ગૃહઁ ગવનુ કીન્હ નરનાથ ॥ ૩૫૧॥

બધા જુહાર કરીને આશિષ આપે છે અને ગુણસમૂહોની કથા ગાય છે. ત્યારે ગુરુ અને બ્રાહ્મણોસહિત રાજા દશરથજીએ મહેલમાં ગમન કર્યું. ॥ ૩૫૧॥

ચૌ૦ – જો બસિષ્ટ અનુસાસન દીન્હી । લોક બેદ બિધિ સાદર કીન્હી ॥
ભૂસુર ભીર દેખિ સબ રાની । સાદર ઉઠીં ભાગ્ય બડ઼ જાની ॥ ૧॥

વસિષ્ઠજીએ જે આજ્ઞા આપી, તેને લોક અને વેદની વિધિ પ્રમાણે રાજાએ આદરપૂર્વક પાળી. બ્રાહ્મણોની ભીડ જોઈને પોતાનું મોટું ભાગ્ય જાણીને બધી રાણીઓ આદર સાથે ઊઠી. ॥ ૧॥

પાય પખારિ સકલ અન્હવાએ। પૂજિ ભલી બિધિ ભૂપ જેવાઁએ॥
આદર દાન પ્રેમ પરિપોષે। દેત અસીસ ચલે મન તોષે॥૨॥

ચરણ ધોઈને તેમણે સર્વેને સ્નાન કરાવ્યું અને રાજાએ સારી રીતે પૂજન કરી તેમને ભોજન કરાવ્યું. આદર, દાન અને પ્રેમથી પુષ્ટ થયેલા તેઓ સંતુષ્ટ મનથી આશીર્વાદ આપતાં ગયા. ॥ ૨॥

બહુ બિધિ કીન્હિ ગાધિસુત પૂજા। નાથ મોહિ સમ ધન્ય ન દૂજા॥
કીન્હિ પ્રસંસા ભૂપતિ ભૂરી। રાનિન્હ સહિત લીન્હિ પગ ધૂરી॥૩॥

રાજાએ ગાધિપુત્ર વિશ્વામિત્રજીની ઘણી રીતે પૂજા કરી અને કહ્યું – હે નાથ! મારા જેવો ધન્ય બીજો કોઈ નથી. રાજાએ તેમની બહુ પ્રશંસા કરી અને રાણીઓસહિત તેમની ચરણરજને ગ્રહણ કરી. ॥૩॥

ભીતર ભવન દીન્હ બર બાસૂ। મન જોગવત રહ નૃપુ રનિવાસૂ॥
પૂજે ગુર પદ કમલ બહોરી। કીન્હિ બિનય ઉર પ્રીતિ ન થોરી॥૪॥

તેમને મહેલમાં ઊતરવા માટે ઉત્તમ સ્થાન આપ્યું, જેથી રાજા અને આખો રાણીવાસ તેમના મન મુજબ ચાલે (અર્થાત્ જેમાં રાજા અને મહેલની સર્વે રાણીઓ સ્વયં એમની ઇચ્છા મુજબ એમના આરામ તરફ દૃષ્ટિ રાખી શકે.) પછી રાજાએ ગુરુ વસિષ્ઠજીનાં ચરણકમળોની પૂજા અને વિનંતી કરી. તેમના હૃદયમાં પ્રીતિ ઓછી ન હતી (અર્થાત્ ઘણી પ્રીતિ હતી). ॥૪॥

દો૦– બધુન્હ સમેત કુમાર સબ રાનિન્હ સહિત મહીસુ।
પુનિ પુનિ બંદત ગુર ચરન દેત અસીસ મુનીસુ॥૩૫૨॥

વહુઓસહિત સર્વે રાજકુમાર અને સર્વે રાણીઓસહિત રાજા વારંવાર ગુરુજીના ચરણોની વંદના કરે છે અને મુનીશ્વર આશીર્વાદ આપે છે. ॥૩૫૨॥

ચૌ૦– બિનય કીન્હિ ઉર અતિ અનુરાગેં। સુત સંપદા રાખિ સબ આગેં॥
નેગુ માગિ મુનિનાયક લીન્હા। આસિરબાદુ બહુત બિધિ દીન્હા॥૧॥

રાજાએ અત્યંત પ્રેમપૂર્ણ હૃદયથી પુત્રોને અને સર્વે સમ્પત્તિને સામે મૂકીને [તેને સ્વીકાર કરવા માટે] વિનંતી કરી. પરંતુ મુનિરાજે [પુરોહિતના સંબંધે] ફક્ત પોતાનો યોગ્ય લાગો જ માગ્યો. અને ઘણી જાતના આશીર્વાદ આપ્યા. ॥૧॥

ઉર ધરિ રામહિ સીય સમેતા। હરષિ કીન્હ ગુર ગવનુ નિકેતા॥
બિપ્રબધૂ સબ ભૂપ બોલાઈ। ચૈલ ચારુ ભૂષન પહિરાઈ॥૨॥

પછી સીતાજીસહિત શ્રીરામચન્દ્રજીને હૃદયમાં રાખીને ગુરુ વસિષ્ઠજી હર્ષિત થઈને પોતાના સ્થાને ગયા. રાજાએ બધા બ્રાહ્મણોની સ્ત્રીઓને તેડાવડાવી અને તેમને સુંદર સુંદર વસ્ત્ર તથા આભૂષણ પહેરાવ્યાં. ॥૨॥

બહુરિ બોલાઇ સુઆસિનિ લીન્હીં। રુચિ બિચારિ પહિરાવનિ દીન્હીં॥
નેગી નેગ જોગ સબ લેહીં। રુચિ અનુરૂપ ભૂપમનિ દેહીં॥૩॥

પછી સર્વે સૌભાગ્યવતીઓને (નગર આખાની સૌભાગ્યવતી બહેન, બેટી, ભાણેજ આદિને) તેડાવી અને એમની રુચિ જાણીને [તે મુજબ] તેમને પહેરામણી આપી. લાગાવાળા લોકો સર્વે પોતપોતાના લાગા મુજબ લે છે અને રાજાઓના શિરોમણિ દશરથજી એમની ઇચ્છાનુસાર આપે છે. ॥ ૩॥

પ્રિય પાહુને પૂજ્ય જે જાને। ભૂપતિ ભલી ભાઁતિ સનમાને ॥
દેવ દેખિ રઘુબીર બિબાહૂ। બરષિ પ્રસૂન પ્રસંસિ ઉછાહૂ ॥ ૪॥

જે મહેમાનોને પ્રિય અને પૂજનીય માન્યા, તેમનું રાજાએ સારી રીતે સન્માન કર્યું. દેવજનો શ્રીરઘુનાથજીનો વિવાહ જોઈને, ઉત્સવની પ્રશંસા કરી ફૂલ વરસાવતાં – ॥ ૪॥

દો૦– ચલે નિસાન બજાઇ સુર નિજ નિજ પુર સુખ પાઇ।
કહત પરસપર રામ જસુ પ્રેમ ન હૃદયઁ સમાઇ ॥ ૩૫૩॥

નગારાં વગાડી અને [પરમ] સુખ પ્રાપ્ત કરી પોતપોતાના લોકો તરફ ચાલ્યા. તેઓ એકબીજાને શ્રીરામજીનો યશ કહેતા જાય છે. હૃદયમાં પ્રેમ સમાતો નથી. ॥ ૩૫૩॥

ચૌ૦– સબ બિધિ સબહિ સમદિ નરનાહૂ। રહા હૃદયઁ ભરિ પૂરિ ઉછાહૂ ॥
જહઁ રનિવાસુ તહાઁ પગુ ધારે। સહિત બહૂટિન્હ કુઅઁર નિહારે ॥ ૧॥

બધી રીતે બધાનો પ્રેમપૂર્વક આદર-સત્કાર કરી લીધા પછી રાજા દશરથજીના હૃદયમાં પૂર્ણ ઉત્સાહ (આનંદ) ભરાઈ ગયો. જ્યાં રાણીવાસ હતો ત્યાં તેઓ પધાર્યા અને વહુઓસહિત તેમણે કુમારોને જોયા. ॥ ૧॥

લિએ ગોદ કરિ મોદ સમેતા। કો કહિ સકઇ ભયઉ સુખુ જેતા ॥
બધૂ સપ્રેમ ગોદ બૈઠારીં। બાર બાર હિયઁ હરષિ દુલારીં ॥ ૨॥

રાજાએ આનંદસહિત પુત્રોને ખોળામાં બેસાડ્યા. તે સમયે રાજાને જેટલું સુખ મળ્યું તેને કોણ કહી શકે છે? પછી પુત્રવધૂઓને પ્રેમસહિત ખોળામાં બેસાડી, વારંવાર હૃદયમાં હર્ષિત થઈને એમને લાડ (લાડકોડ) લડાવ્યા. ॥ ૨॥

દેખિ સમાજુ મુદિત રનિવાસૂ। સબ કેં ઉર અનંદ કિયો બાસૂ ॥
કહેઉ ભૂપ જિમિ ભયઉ બિબાહૂ। સુનિ સુનિ હરષુ હોત સબ કાહૂ ॥ ૩॥

આ સમાજ (સમારંભ) જોઈને રાણીવાસ પ્રસન્ન થઈ ગયો. સર્વેના હૃદયમાં આનંદે નિવાસ કરી લીધો. ત્યારે રાજાએ જે રીતે વિવાહ થયો હતો તે બધું કહ્યું. તેને સાંભળી-સાંભળીને હર કોઈને હર્ષ થાય છે. ॥ ૩॥

જનક રાજ ગુન સીલુ બડ઼ાઈ। પ્રીતિ રીતિ સંપદા સુહાઈ ॥
બહુબિધિ ભૂપ ભાટ જિમિ બરની। રાનીં સબ પ્રમુદિત સુનિ કરની ॥ ૪॥

રાજા જનકના ગુણ, શીલ, મોટાઈ, પ્રીતિની રીતિ અને સોહામણી સંપત્તિનું વર્ણન રાજાએ ભાટની જેમ ઘણી રીતે કર્યું. જનકજીની કરણી સાંભળીને બધી રાણીઓ ઘણી પ્રસન્ન થઈ. ॥ ૪॥

દો૦– સુતન્હ સમેત નહાઇ નૃપ બોલિ બિપ્ર ગુર ગ્યાતિ।
ભોજન કીન્હ અનેક બિધિ ઘરી પંચ ગઇ રાતિ ॥ ૩૫૪॥

પુત્રોસહિત સ્નાન કરીને રાજાએ બ્રાહ્મણ, ગુરુ અને કુટુમ્બીઓને બોલાવી અનેક પ્રકારનાં ભોજન કર્યાં [આ બધું કરતાં કરતાં] પાંચ ઘડીની રાત્રિ વીતી ગઈ. ॥ ૩૫૪॥

ચૌ૦– મંગલગાન કરહિં બર ભામિનિ। ભૈ સુખમૂલ મનોહર જામિનિ ॥
અઁચઇ પાન સબ કાહૂઁ પાએ। સ્રગ સુગંધ ભૂષિત છબિ છાએ ॥ ૧॥

સુંદર સ્ત્રીઓ મંગલગાન કરી રહી છે. તે રાત્રિ સુખની મૂળ અને મનોહરિણી થઈ ગઈ. બધાએ આચમન કરીને પાન ખાધાં અને ફૂલોની માળા, સુગંધિત દ્રવ્ય આદિથી વિભૂષિત થઈને બધા શોભાથી છવાઈ ગયા. ॥ ૧॥

રામહિ દેખિ રજાયસુ પાઈ। નિજ નિજ ભવન ચલે સિર નાઈ ॥
પ્રેમુ પ્રમોદુ બિનોદુ બડ઼ાઈ। સમઉ સમાજુ મનોહરતાઈ ॥ ૨॥

શ્રીરામચન્દ્રજીને જોઈને અને આજ્ઞા પામીને બધા શીશ નમાવી પોત-પોતાના ઘેરે ચાલ્યા. ત્યાંના પ્રેમ, આનંદ, વિનોદ, મોટાઈ, સમય, સમાજ અને મનોહરતાને – ॥ ૨॥

કહિ ન સકહિં સત સારદ સેસૂ। બેદ બિરંચિ મહેસ ગનેસૂ ॥
સો મૈં કહૌં કવન બિધિ બરની। ભૂમિનાગુ સિર ધરઇ કિ ધરની ॥ ૩॥

સેંકડો સરસ્વતી, શેષ, વેદ, બ્રહ્મા, મહાદેવજી અને ગણેશજી પણ નથી કહી શકતા. તો ભલા! હું તેને કઈ રીતે વખાણીને કહું? ક્યાંય અળસિયું પણ ધરતીને માથે ધારણ કરી શકે છે? ॥ ૩॥

નૃપ સબ ભાઁતિ સબહિ સનમાની। કહિ મૃદુ બચન બોલાઈં રાની ॥
બધૂ લરિકનીં પર ઘર આઈં। રાખેહુ નયન પલક કી નાઈં ॥ ૪॥

રાજાએ બધાનું બધી રીતે સન્માન કરીને, કોમળ વચન કહીને રાણીઓને બોલાવી અને કહ્યું – વહુઓ હજી બાળક છે, પારકા ઘેર આવી છે. તેમને એ રીતે રાખજો જેમ નેત્રોને પાંપણો રાખે છે (જેમ પાંપણો નેત્રોની દરેક રીતે રક્ષા કરે છે અને તેમને સુખ પહોંચાડે છે, તેવી જ રીતે આમને સુખ પહોંચાડજો). ॥ ૪॥

દો૦– લરિકા શ્રમિત ઉનીદ બસ સયન કરાવહુ જાઇ।
અસ કહિ ગે બિશ્રામગૃહઁ રામ ચરન ચિતુ લાઇ ॥ ૩૫૫॥

છોકરાઓ થાકેલા છે, નિંદ્રાવશ થઈ રહ્યા છે, તેમને લઈ જઈને શયન કરાવો. એમ કહી રાજા શ્રીરામચન્દ્રજીના ચરણોમાં મન લગાવી વિશ્રામભવનમાં ચાલ્યા ગયા. ॥ ૩૫૫॥

ચૌ૦– ભૂપ બચન સુનિ સહજ સુહાએ। જરિત કનક મનિ પલઁગ ડસાએ ॥
સુભગ સુરભિ પય ફેન સમાના। કોમલ કલિત સુપેતીં નાના ॥ ૧॥

રાજાના સહજ-સ્વભાવથી જ સુંદર વચન સાંભળીને [રાણીઓએ] મણિઓથી જડેલા સુવર્ણના પલંગ પથરાવ્યા. [ગાદલાં પર] ગાયના દૂધના ફેણ જેવી સુંદર અને કોમળ અનેક સફેદ ચાદરો પાથરી. ॥ ૧॥

ઉપબરહન બર બરનિ ન જાહીં । સ્રગ સુગંધ મનિમંદિર માહીં ॥
રતનદીપ સુઠિ ચારુ ચઁદોવા । કહત ન બનઈ જાન જેહિં જોવા ॥ ૨॥

સુંદર ઓશીકાઓનું વર્ણન કરી શકાતું નથી. મણિઓનાં મંદિરમાં ફૂલોની માળાઓ અને સુગંધી દ્રવ્યો સજાવેલાં છે. સુંદર રત્નોના દીપકો અને સુંદર ચંદરવાની શોભા કહેતાં નથી કહેવાઈ શકતી. જેને તે જોઈ હોય, તે જ જાણી શકે છે. ॥ ૨॥

સેજ રુચિર રચિ રામુ ઉઠાએ । પ્રેમ સમેત પલઁગ પૌઢ઼ાએ ॥
અગ્યા પુનિ પુનિ ભાઈન્હ દીન્હી । નિજ નિજ સેજ સયન તિન્હ કીન્હી ॥ ૩॥

આ રીતે સુંદર શય્યા સજાવીને [માતાઓએ] શ્રીરામચન્દ્રજીને ઉઠાડ્યા અને પ્રેમસહિત પલંગ ઉપર પોઢાડ્યા - શ્રીરામજીએ વારંવાર ભાઈઓને આજ્ઞા આપી. પછી તે પણ પોત-પોતાની શય્યાઓ ઉપર સૂઈ ગયા. ॥ ૩॥

દેખિ સ્યામ મૃદુ મંજુલ ગાતા । કહહિં સપ્રેમ બચન સબ માતા ॥
મારગ જાત ભયાવનિ ભારી । કેહિ બિધિ તાત તાડ઼કા મારી ॥ ૪॥

શ્રીરામજીના શ્યામ અને સુંદર કોમળ અંગોને જોઈને સર્વે માતાઓ પ્રેમસહિત વચન કહી રહી છે –હે તાત! માર્ગમાં જતાં તમે ઘણી ભયાવહ તાડકા રાક્ષસીને કઈ રીતે મારી? ॥ ૪॥

દો૦– ઘોર નિસાચર બિકટ ભટ સમર ગનહિં નહિં કાહુ ।
મારે સહિત સહાય કિમિ ખલ મારીચ સુબાહુ ॥ ૩૫૬॥

ઘણા ભયાનક રાક્ષસ, જે વિકટ યોદ્ધા હતા અને જેઓ યુદ્ધમાં કોઈને કશું જ ગણતા ન હતા, તે દુષ્ટ મારીચ અને સુબાહુને તેમના સહાયકોસહિત તમે કેવી રીતે માર્યા? ॥ ૩૫૬॥

ચૌ૦– મુનિ પ્રસાદ બલિ તાત તુમ્હારી । ઈસ અનેક કરવરેં ટારી ॥
મખ રખવારી કરિ દુહુઁ ભાઈ । ગુરુ પ્રસાદ સબ બિદ્યા પાઈ ॥ ૧॥

હે તાત! હું ઓવારણા લઉં છું, મુનિની કૃપાથી જ ઈશ્વરે તમારી ઘણી જ આફતોને ટાળી દીધી. બંને ભાઈઓએ યજ્ઞની રક્ષા કરીને ગુરુજીની કૃપાથી સર્વે વિદ્યાઓ પ્રાપ્ત કરી; ॥ ૧॥

મુનિ તિય તરી લગત પગ ધૂરી । કીરતિ રહી ભુવન ભરિ પૂરી ॥
કમઠ પીઠિ પબિ કૂટ કઠોરા । નૃપ સમાજ મહુઁ સિવ ધનુ તોરા ॥ ૨॥

ચરણોની રજ અડતાં જ મુનિપત્ની અહલ્યા તરી ગઈ. વિશ્વભરમાં આ કીર્તિ પૂર્ણરૂપેણ વ્યાપ્ત થઈ ગઈ. કાચબાની પીઠ, વજ્ર અને પર્વતથી પણ કઠોર શિવજીના ધનુષને રાજાઓના સમાજમાં તમે તોડી નાખ્યું. ॥ ૨॥

બિસ્વ બિજય જસુ જાનકિ પાઈ । આએ ભવન બ્યાહિ સબ ભાઈ ॥
સકલ અમાનુષ કરમ તુમ્હારે । કેવલ કૌસિક કૃપાઁ સુધારે ॥ ૩॥

વિશ્વવિજયના યશને અને જાનકીને પામ્યા અને સર્વે ભાઈઓને પરણાવી ઘેર આવ્યા. તમારા બધાં કર્મો અમાનુષી છે (મનુષ્યની શક્તિ બહારનાં છે), જેને કેવળ વિશ્વામિત્રજીની કૃપાએ સુધાર્યાં છે (સમ્પન્ન કર્યાં છે). ॥ ૩॥

આજુ સુફલ જગ જનમુ હમારા । દેખિ તાત બિધુબદન તુમ્હારા ॥
જે દિન ગએ તુમ્હહિ બિનુ દેખેં । તે બિરંચિ જનિ પારહિં લેખેં ॥ ૪॥

હે તાત! તમારું ચન્દ્રમુખ જોઈને આજે અમારો જગતમાં જન્મ લેવો સફળ થયો. તમને જોયા વિના જે દિવસ વીત્યા છે, તેમને બ્રહ્મા ગણતરીમાં ન લે (અમારા આયુષ્યમાં સામેલ ન કરે). ॥ ૪॥

દો૦ – રામ પ્રતોષીં માતુ સબ કહિ બિનીત બર બૈન ।
સુમિરિ સંભુ ગુર બિપ્ર પદ કિએ નીદબસ નૈન ॥ ૩૫૭॥

વિનયભર્યાં ઉત્તમ વચન કહીને શ્રીરામચન્દ્રજીએ સર્વે માતાઓને સંતુષ્ટ કરી. પછી શિવજી, ગુરુ અને બ્રાહ્મણોના ચરણોનું સ્મરણ કરી નેત્રોને નિંદ્રાને વશ કર્યાં (અર્થાત્ તેઓ સૂઈ ગયા). ॥ ૩૫૭॥

ચૌ૦ – નીદઉઁ બદન સોહ સુઠિ લોના । મનહુઁ સાંઝ સરસીરુહ સોના ॥
ઘર ઘર કરહિં જાગરન નારીં । દેહિં પરસપર મંગલ ગારીં ॥ ૧॥

ઊંઘમાં પણ એમનું અત્યંત સુંદર મુખડું એવું શોભી રહ્યું હતું, જાણે સંધ્યાના સમયનું લાલ કમળ શોભી રહ્યું હોય. સ્ત્રીઓ ઘેર-ઘેર જાગરણ કરી રહી છે અને પરસ્પર (એકબીજીને) મંગળમય ફટાણાં ગાઈ રહી છે. ॥ ૧॥

પુરી બિરાજતિ રાજતિ રજની । રાનીં કહહિં બિલોકહુ સજની ॥
સુંદર બધુન્હ સાસુ લૈ સોઈં । ફનિકન્હ જનુ સિરમનિ ઉર ગોઈં ॥ ૨॥

રાણીઓ કહે છે – હે સજની! જુઓ, [આજે] રાત્રિની શોભા કેવી છે, જેથી અયોધ્યા વિશેષ શોભિત થઈ રહી છે. [આમ કહેતાં] સાસુઓ સુંદર વહુઓને લઈને સૂઈ ગઈ, જાણે સર્પોએ પોતાના શીશ ઉપરના મણિઓને હૃદયમાં છુપાવી દીધાં હોય. ॥ ૨॥

પ્રાત પુનીત કાલ પ્રભુ જાગે । અરુનચૂડ઼ બર બોલન લાગે ॥
બંદિ માગધન્હિ ગુનગન ગાએ । પુરજન દ્વાર જોહારન આએ ॥ ૩॥

પ્રાતઃકાળે પવિત્ર બ્રાહ્મમુહૂર્તમાં પ્રભુ જાગ્યા. કૂકડા સુંદર-સુંદર બોલવા લાગ્યા. ભાટ અને માગધોએ ગુણોનું ગાન કર્યું તથા નગરના લોકો દ્વાર ઉપર જુહાર કરવા માટે આવ્યા. ॥ ૩॥

બંદિ બિપ્ર સુર ગુર પિતુ માતા । પાઇ અસીસ મુદિત સબ ભ્રાતા ॥
જનનિન્હ સાદર બદન નિહારે । ભૂપતિ સંગ દ્વાર પગુ ધારે ॥ ૪॥

બ્રાહ્મણો, દેવતાઓ, ગુરુ, પિતા અને માતાઓની વંદના કરીને આશીર્વાદ પામીને સર્વે ભાઈ પ્રસન્ન થયા. માતાઓએ આદર સાથે એમના મુખોને જોયા. પછી તેઓ રાજા સાથે દરવાજે (બહાર) પધાર્યા. ॥ ૪॥

દો૦ – કીન્હિ સૌચ સબ સહજ સુચિ સરિત પુનીત નહાઇ ।
પ્રાતક્રિયા કરિ તાત પહિં આએ ચારિઉ ભાઇ ॥ ૩૫૮॥

સ્વભાવથી જ પવિત્ર ચારેય ભાઈઓએ સર્વ શૌચાદિથી નિવૃત્ત થઈને પવિત્ર સરયૂ નદીમાં સ્નાન કર્યું અને પ્રાતઃક્રિયા (સંધ્યા-વંદનાદિ) કરીને તેઓ પિતાની પાસે આવ્યા. ॥ ૩૫૮॥

નવાહ્ન પારાયણ, ત્રીજો વિશ્રામ

ચૌ૦ – ભૂપ બિલોકિ લિએ ઉર લાઈ। બૈઠે હરષિ રજાયસુ પાઈ ॥
દેખિ રામુ સબ સભા જુડ઼ાની। લોચન લાભ અવધિ અનુમાની ॥ ૧॥

રાજાએ જોતાં જ તેમને હૃદયે લગાડી દીધા. તત્પશ્ચાત્ તેઓ આજ્ઞા પામીને હર્ષિત થઈને બેસી ગયા. શ્રીરામચન્દ્રજીનાં દર્શન કરીને અને નેત્રોના લાભની બસ આ જ સીમા છે, એવું અનુમાન કરીને આખી સભા શીતળ થઈ ગઈ (અર્થાત્ બધાના ત્રણેય પ્રકારના તાપ સદાને માટે ટળી ગયા). ॥ ૧॥

પુનિ બસિષ્ટુ મુનિ કૌસિકુ આએ। સુભગ આસનન્હિ મુનિ બૈઠાએ ॥
સુતન્હ સમેત પૂજિ પદ લાગે। નિરખિ રામુ દોઉ ગુર અનુરાગે ॥ ૨॥

પછી મુનિ વસિષ્ઠજી અને વિશ્વામિત્રજી આવ્યા. રાજાએ તેમને સુંદર આસનો પર બેસાડ્યા અને પુત્રોસહિત તેમની પૂજા કરીને તેમના ચરણે પડ્યા. બંને ગુરુ શ્રીરામજીને જોઈને પ્રેમમાં મુગ્ધ થઈ ગયા. ॥ ૨॥

કહહિં બસિષ્ટુ ધરમ ઈતિહાસા। સુનહિં મહીસુ સહિત રનિવાસા ॥
મુનિ મન અગમ ગાધિસુત કરની। મુદિત બસિષ્ટ બિપુલ બિધિ બરની ॥ ૩॥

વસિષ્ઠજી ધર્મનો ઈતિહાસ કહી રહ્યા છે અને રાજા રાણીવાસસહિત સાંભળી રહ્યા છે. જે મુનિઓના મનને પણ અગમ્ય છે, એવી વિશ્વામિત્રજીની કરણીનું વસિષ્ઠજીએ આનંદિત થઈને અનેક રીતે વર્ણન કર્યું. ॥ ૩॥

બોલે બામદેઉ સબ સાઁચી। કીરતિ કલિત લોક તિહુઁ માચી ॥
સુનિ આનંદુ ભયઉ સબ કાહૂ। રામ લખન ઉર અધિક ઉછાહૂ ॥ ૪॥

વામદેવજી બોલ્યા – આ સઘળી વાતો સત્ય છે. વિશ્વામિત્રજીની સુંદર કીર્તિ ત્રણેય લોકમાં છવાયેલી છે. આ સાંભળીને હરકોઈને આનંદ થયો. શ્રીરામ-લક્ષ્મણના હૃદયમાં અધિક ઉત્સાહ (આનંદ) થયો. ॥ ૪॥

દો૦ – મંગલ મોદ ઉછાહ નિત જાહિં દિવસ એહિ ભાઁતિ।
ઉમગી અવધ અનંદ ભરિ અધિક અધિક અધિકાતિ ॥ ૩૫૯॥

નિત્ય મંગળ, આનંદ અને ઉત્સવ થાય છે, આ રીતે આનંદમાં દિવસો વીતતા જાય છે. અયોધ્યા આનંદથી ભરાઈને છલકાઈ ગઈ, આનંદની અધિકતા અધિકાઅધિક વધતી જ જઈ રહી છે. ॥ ૩૫૯॥

ચૌ૦ – સુદિન સોધિ કલ કંકન છોરે। મંગલ મોદ બિનોદ ન થોરે ॥
નિત નવ સુખુ સુર દેખિ સિહાહીં। અવધ જન્મ જાચહિં બિધિ પાહીં ॥ ૧॥

સારો દિવસ (શુભ મુહૂર્ત) જોઈને સુંદર કંકણો (મીંઢળ) છોડવામાં આવ્યાં. મંગળ, આનંદ અને વિનોદ કંઈ ઓછા ન થયાં (અર્થાત્ ઘણા થયાં). આ રીતે નિત્ય નવા સુખને જોઈને દેવતા પ્રશંસા કરે છે અને અયોધ્યામાં જન્મ મેળવવા માટે બ્રહ્માજીને યાચના કરે છે. ॥ ૧॥

બિસ્વામિત્રુ ચલન નિત ચહહીં। રામ સપ્રેમ બિનય બસ રહહીં॥
દિન દિન સયગુન ભૂપતિ ભાઊ। દેખિ સરાહ મહામુનિરાઊ॥ ૨॥

વિશ્વામિત્રજી નિત્ય જવા (પોતાના આશ્રમ જવા) ઈચ્છે છે, પરંતુ રામચન્દ્રજીના સ્નેહ અને વિનયને વશ થઈ રોકાઈ જાય છે. દિન-પ્રતિદિન રાજાનો સો ગણો ભાવ (પ્રેમ) જોઈને મહામુનિરાજ વિશ્વામિત્રજી એમની પ્રશંસા કરે છે. ॥ ૨॥

માગત બિદા રાઉ અનુરાગે। સુતન્હ સમેત ઠાઢ઼ ભે આગે॥
નાથ સકલ સંપદા તુમ્હારી। મૈં સેવકુ સમેત સુત નારી॥ ૩॥

અંતે જ્યારે વિશ્વામિત્રજીએ વિદાય માગી, ત્યારે રાજા પ્રેમમગ્ન થઈ ગયા અને પુત્રોસહિત સામે ઊભા રહી ગયા. [તેઓ બોલ્યા –] હે નાથ! આ બધી સંપદા આપની છે. હું તો સ્ત્રી-પુત્રોસહિત આપનો સેવક છું. ॥ ૩॥

કરબ સદા લરિકન્હ પર છોહૂ। દરસનુ દેત રહબ મુનિ મોહૂ॥
અસ કહિ રાઉ સહિત સુત રાની। પરેઉ ચરન મુખ આવ ન બાની॥ ૪॥

હે મુનિ! છોકરાં ઉપર સદા સ્નેહ રાખતા રહેજો અને મને પણ દર્શન આપતા રહેજો. આમ કહીને પુત્રો અને રાણીઓ સહિત રાજા દશરથજી વિશ્વામિત્રજીના ચરણોમાં પડી ગયા. [પ્રેમવિહ્વળ થઈ જવાને કારણે] તેમના મુખમાંથી વાત નથી નીકળતી. ॥ ૪॥

દીન્હિ અસીસ બિપ્ર બહુ ભાઁતી। ચલે ન પ્રીતિ રીતિ કહિ જાતી॥
રામુ સપ્રેમ સંગ સબ ભાઈ। આયસુ પાઈ ફિરે પહુઁચાઈ॥ ૫॥

બ્રાહ્મણશ્રેષ્ઠ વિશ્વામિત્રજીએ ઘણી જાતના આશીર્વાદ આપ્યા અને તેઓ ચાલી નીકળ્યા, પ્રીતિની રીતિ કહી નથી શકાતી. બધા ભાઈઓને સાથે લઈને શ્રીરામજી પ્રેમ સાથે તેમને વળાવી અને આજ્ઞા પામીને પાછા વળ્યા. ॥ ૫॥

દો૦– રામ રૂપુ ભૂપતિ ભગતિ બ્યાહુ ઉછાહુ અનંદુ।
જાત સરાહત મનહિં મન મુદિત ગાધિકુલચંદુ॥ ૩૬૦॥

ગાધિકુળના ચન્દ્રમા વિશ્વામિત્રજી ઘણા હર્ષ સાથે શ્રીરામચન્દ્રજીના રૂપ, રાજા દશરથજીની ભક્તિ, [ચારે ભાઈઓના] વિવાહ અને [બધાના] ઉત્સાહ અને આનંદને મનમાં ને મનમાં વખાણતાં જતા હતા. ॥ ૩૬૦॥

ચૌ૦– બામદેવ રઘુકુલ ગુર ગ્યાની। બહુરિ ગાધિસુત કથા બખાની॥
સુનિ મુનિ સુજસુ મનહિં મન રાઊ। બરનત આપન પુન્ય પ્રભાઊ॥ ૧॥

વામદેવજી અને રઘુકુળના ગુરુ જ્ઞાની વસિષ્ઠજીએ ફરી વિશ્વામિત્રજીની કથા વખાણીને કહી. મુનિનો સુંદર યશ સાંભળીને રાજા મનમાં ને મનમાં પોતાનાં પુણ્યોના પ્રભાવની પ્રશંસા કરવા લાગ્યા. ॥ ૧॥

બહુરે લોગ રજાયસુ ભયઊ। સુતન્હ સમેત નૃપતિ ગૃહઁ ગયઊ॥
જહઁ તહઁ રામ બ્યાહુ સબુ ગાવા। સુજસુ પુનીત લોક તિહુઁ છાવા॥ ૨॥

આજ્ઞા થઈ ત્યારે બધા લોકો [પોતપોતાના ઘેર] પાછા ફર્યા. રાજા દશરથ પણ પુત્રોસહિત મહેલમાં પધાર્યા. જ્યાં ત્યાં બધા શ્રીરામચન્દ્રજીના વિવાહની ગાથાઓ ગાઈ રહ્યા છે. શ્રીરામચન્દ્રજીનો પવિત્ર સુયશ ત્રણેય લોકમાં છવાઈ ગયો. ॥ ૨॥

આએ બ્યાહિ રામુ ઘર જબ તેં। બસઇ અનંદ અવધ સબ તબ તેં॥
પ્રભુ બિબાહઁ જસ ભયઉ ઉછાહૂ। સકહિં ન બરનિ ગિરા અહિનાહૂ॥ ૩॥

જ્યારથી શ્રીરામચન્દ્રજી વિવાહ કરીને ઘેર આવ્યા, ત્યારથી બધી જાતનો આનંદ અયોધ્યામાં આવીને વસવા લાગ્યો. પ્રભુના વિવાહમાં જેવો આનંદ-ઉત્સાહ થયો, તેને સરસ્વતી અને સર્પોના રાજા શેષજી પણ નથી કહી શકતા. ॥ ૩॥

કબિકુલ જીવનુ પાવન જાની। રામ સીય જસુ મંગલ ખાની॥
તેહિ તે મૈં કછુ કહા બખાની। કરન પુનીત હેતુ નિજ બાની॥ ૪॥

શ્રીસીતારામજીના યશને કવિકુળના જીવનને પવિત્ર કરનારો અને મંગળની ખાણ જાણીને, એનાથી મેં પોતાની વાણીને પવિત્ર કરવા માટે કંઈ (થોડોક) વખાણીને કહ્યો છે. ॥ ૪॥

છં૦– નિજ ગિરા પાવનિ કરન કારન રામ જસુ તુલસીં કહ્યો।
રઘુબીર ચરિત અપાર બારિધિ પારુ કબિ કૌનેં લહ્યો॥
ઉપબીત બ્યાહ ઉછાહ મંગલ સુનિ જે સાદર ગાવહીં।
બૈદેહિ રામ પ્રસાદ તે જન સર્બદા સુખુ પાવહીં॥

પોતાની વાણીને પવિત્ર કરવા માટે તુલસીએ રામનો યશ કહ્યો છે. [નહિ તો] શ્રીરઘુનાથજીનું ચરિત્ર અપાર સમુદ્ર છે, કયા કવિએ તેનો પાર પામ્યો છે? જે લોકો યજ્ઞોપવીત અને વિવાહના મંગળમય ઉત્સવનું વર્ણન આદર સાથે સાંભળીને ગાશે, તે લોકો શ્રીજાનકીજી અને શ્રીરામજીની કૃપાથી સદા સુખ પામશે. ॥ ૫॥

સો૦– સિય રઘુબીર બિબાહુ જે સપ્રેમ ગાવહિં સુનહિં।
તિન્હ કહુઁ સદા ઉછાહુ મંગલાયતન રામ જસુ॥ ૩૬૧॥

શ્રીસીતાજી અને શ્રીરઘુનાથજીના વિવાહ-પ્રસંગને જે લોકો પ્રેમપૂર્વક ગાશે - સાંભળશે, તેમના માટે સદાય ઉત્સાહ આનંદ ને આનંદ જ છે; કેમકે શ્રીરામચન્દ્રજીનો યશ મંગળનું ધામ છે. ॥ ૩૬૧॥

માસપારાયણ, બારમો વિશ્રામ

ઇતિ શ્રીમદ્રામચરિતમાનસે સકલકલિકલુષવિધ્વંસને પ્રથમઃ સોપાનઃ સમાપ્તઃ॥

કળિયુગનાં સંપૂર્ણ પાપોનો વિધ્વંસ કરનારો શ્રીરામચરિતમાનસનો આ પહેલો સોપાન સમાપ્ત થયો.

(બાલકાંડ સમાપ્ત)

કેવટનાં ભાગ્ય

અતિ આનન્દ ઉમગિ અનુરાગા। ચરન સરોજ પખારન લાગા॥ ॥

શ્રીગણેશાય નમઃ

શ્રીજાનકીવલ્લભો વિજયતે

શ્રીરામચરિતમાનસ

દ્વિતીય સોપાન

અયોધ્યાકાંડ

શ્લોક

યસ્યાઙ્કે ચ વિભાતિ ભૂધરસુતા દેવાપગા મસ્તકે
ભાલે બાલવિધુર્ગલે ચ ગરલં યસ્યોરસિ વ્યાલરાટ્ ।
સોઽયં ભૂતિવિભૂષણઃ સુરવરઃ સર્વાધિપઃ સર્વદા
શર્વઃ સર્વગતઃ શિવઃ શશિનિભઃ શ્રીશંકરઃ પાતુ મામ્ ॥ ૧॥

જેમના ખોળામાં હિમાચલસુતા પાર્વતીજી, મસ્તક ઉપર ગંગાજી, લલાટ પર દ્વિતીયાનો ચન્દ્રમા, કંઠમાં હળાહળ વિષ અને વક્ષઃસ્થળ ઉપર સર્પરાજ શેષજી સુશોભિત છે; તે ભસ્મથી વિભૂષિત, દેવતાઓમાં શ્રેષ્ઠ, સર્વેશ્વર, સંહારકર્તા [અથવા ભક્તોના પાપનાશક], સર્વવ્યાપક, કલ્યાણરૂપ, ચન્દ્રમાના જેવા શુભ્રવર્ણ શ્રીશંકરજી સદાય મારી રક્ષા કરો. ॥ ૧॥

પ્રસન્નતાં યા ન ગતાભિષેકતસ્તથા ન મમ્લે વનવાસદુઃખતઃ ।
મુખામ્બુજશ્રી રઘુનન્દનસ્ય મે સદાસ્તુ સા મઞ્જુલમઙ્ગલપ્રદા ॥ ૨॥

રઘુકુળને આનંદ આપનાર શ્રીરામચન્દ્રજીના મુખારવિંદની જે શોભા રાજ્યાભિષેકની વાત સાંભળીને ન તો પ્રસન્નતાને પામી અને ન વનવાસના દુઃખથી મલિન થઈ, તે આનંદમૂર્તિ ભગવાન શ્રીરામના મુખકમળની છબી મારા માટે સદા સુંદર મંગળોને આપનારી થાય. ॥ ૨॥

નીલામ્બુજશ્યામલકોમલાઙ્ગં સીતાસમારોપિતવામભાગમ્ ।
પાણૌ મહાસાયકચારુચાપં નમામિ રામં રઘુવંશનાથમ્ ॥ ૩॥

નીલા કમળ જેવા શ્યામ અને કોમળ જેમનાં અંગ છે, શ્રીસીતાજી જેમની ડાબી બાજુ બિરાજમાન છે અને જેમના હાથમાં અમોઘ બાણ અને સુંદર ધનુષ છે, તે રઘુવંશના સ્વામી શ્રીરામચન્દ્રજીને હું નમસ્કાર કરું છું. ॥ ૩॥

દો૦ – શ્રીગુરુ ચરન સરોજ રજ નિજ મનુ મુકુરુ સુધારિ ॥
બરનઉઁ રઘુબર બિમલ જસુ જો દાયકુ ફલ ચારિ ॥

શ્રીગુરુજીના ચરણકમળોની રજથી પોતાના મનરૂપી દર્પણને સ્વચ્છ કરીને હું શ્રીરઘુનાથજીના નિર્મળ યશનું વર્ણન કરું છું, જે ચતુર્વિધ પુરુષાર્થ એટલે કે ધર્મ, અર્થ, કામ, મોક્ષને આપનાર છે. ॥ ૪॥

ચૌ૦ – જબ તેં રામુ બ્યાહિ ઘર આએ। નિત નવ મંગલ મોદ બધાએ ॥
ભુવન ચારિદસ ભૂધર ભારી। સુકૃત મેઘ બરષહિં સુખ બારી ॥ ૧॥

જ્યારથી શ્રીરામચન્દ્રજી વિવાહ કરીને ઘેર આવ્યા, ત્યારથી [અયોધ્યામાં] નિત્ય નવાં નવાં આનંદ-મંગલ થઈ રહ્યાં છે અને આનંદનાં વધામણાં વાગી રહ્યાં છે. ચૌદ લોકરૂપી મોટા પર્વતો ઉપર પુણ્યરૂપી મેઘરાજા સુખરૂપી જળ વરસાવી રહ્યા છે. ॥ ૧॥

રિધિ સિધિ સંપતિ નદીં સુહાઈ। ઉમગિ અવધ અંબુધિ કહુઁ આઈ ॥
મનિગન પુર નર નારિ સુજાતી। સુચિ અમોલ સુંદર સબ ભાઁતી ॥ ૨॥

રિદ્ધિ-સિદ્ધિ અને સંપત્તિરૂપી સોહામણી નદીઓ ઊભરાઈ-ઊભરાઈને અયોધ્યારૂપી સમુદ્રમાં આવીને મળી. નગરનાં સ્ત્રી-પુરુષ ઉત્તમ જાતિના મણિઓનો સમૂહ છે, જે દરેક રીતે પવિત્ર, અમૂલ્ય અને સુંદર છે. ॥૨॥

કહિ ન જાઈ કછુ નગર બિભૂતી। જનુ એતનિઅ બિરંચિ કરતૂતી ॥
સબ બિધિ સબ પુર લોગ સુખારી। રામચંદ મુખ ચંદુ નિહારી ॥ ૩॥

નગરનું ઐશ્વર્ય કંઈ કહી શકાતું નથી. એવું જણાય છે કે જાણે બ્રહ્માજીની કારીગરી બસ આટલી જ છે. સઘળા નગરનિવાસી શ્રીરામચન્દ્રજીના મુખચન્દ્રને જોઈને દરેક રીતે સુખી છે. ॥ ૩॥

મુદિત માતુ સબ સખીં સહેલી। ફલિત બિલોકિ મનોરથ બેલી ॥
રામ રૂપુ ગુન સીલુ સુભાઊ। પ્રમુદિત હોઈ દેખિ સુનિ રાઊ ॥ ૪॥

બધી માતાઓ અને સખી-સહેલીઓ પોતાની મનોરથ રૂપી વેલને ફળતી જોઈને આનંદિત છે. શ્રીરામચન્દ્રજીના રૂપ, ગુણ, શીલ અને સ્વભાવને જોઈ-સાંભળી રાજા દશરથજી ઘણા જ આનંદિત થાય છે. ॥ ૪॥

દો૦ – સબ કેં ઉર અભિલાષુ અસ કહહિં મનાઈ મહેસુ।
આપ અછત જુબરાજ પદ રામહિ દેઉ નરેસુ ॥ ૧॥

બધાયના હૃદયમાં એક જ અભિલાષા છે અને સૌ મહાદેવજીને મનાવીને પ્રાર્થના કરે છે કે રાજા પોતાની હયાતીમાં જ શ્રીરામચન્દ્રજીને યુવરાજ પદ આપી દે. ॥ ૧॥

ચૌ૦ – એક સમય સબ સહિત સમાજા। રાજસભાઁ રઘુરાજુ બિરાજા ॥
સકલ સુકૃત મૂરતિ નરનાહૂ। રામ સુજસુ સુનિ અતિહિ ઉછાહૂ ॥ ૧॥

એક વેળાએ રઘુકુળના રાજા દશરથજીની પોતાના આખાય સમાજસહિત રાજસભામાં અનુપમ શોભા જણાતી હતી. મહારાજ સમસ્ત પુણ્યોની મૂર્તિ છે, તેમને શ્રીરામચન્દ્રજીનો સુંદર યશ સાંભળીને અત્યંત આનંદ થઈ રહ્યો છે. ॥ ૧॥

નૃપ સબ રહહિં કૃપા અભિલાષેં। લોકપ કરહિં પ્રીતિ રુખ રાખેં ॥
તિભુવન તીનિ કાલ જગ માહીં। ભૂરિભાગ દસરથ સમ નાહીં ॥ ૨॥

બધા રાજાઓ દશરથજીની દયાદૃષ્ટિની વાટ જોઈ રહ્યા છે. પૃથ્વી, આકાશ, પાતાળ તેમજ સમસ્ત લોકપાલો પણ દશરથજીની મરજી જાણીને તેમની પ્રસન્નતા અર્થે સર્વ કરે છે. ત્રણેય ભુવનોમાં અને ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણેય કાળોમાં વિશ્વભરમાં દશરથજીના જેવા મહાભાગ્યશાળી અન્ય કોઈ નથી. ॥ ૨॥

મંગલમૂલ રામુ સુત જાસૂ। જો કછુ કહિઅ થોર સબુ તાસૂ ॥
રાયઁ સુભાયઁ મુકુરુ કર લીન્હા। બદનુ બિલોકિ મુકુટુ સમ કીન્હા ॥

મંગળોના મૂળ શ્રીરામચન્દ્રજી જેમના પુત્ર છે, તેમના માટે જે કંઈ કહેવાય તે ઘણું ઓછું છે. રાજાએ સ્વાભાવિક જ હાથમાં દર્પણ લીધું અને એમાં પોતાનું મોં જોઈને મુગટને સીધો કર્યો. ॥ ૩॥

શ્રવન સમીપ ભએ સિત કેસા। મનહુઁ જરઠપનુ અસ ઉપદેસા ॥
નૃપ જુબરાજુ રામ કહુઁ દેહૂ। જીવન જનમ લાહુ કિન લેહૂ ॥ ૪॥

જોયું કે કાનની પાસેના વાળ ધોળા થઈ ગયા છે, જાણે ઘડપણ એવો ઉપદેશ કરી રહ્યું છે કે હે રાજન્! શ્રીરામચન્દ્રજીને યુવરાજપદ આપીને પોતાના જીવન અને જન્મનો લાભ કેમ નથી લેતા? ॥ ૪॥

દો૦ – યહ બિચારુ ઉર આનિ નૃપ સુદિનુ સુઅવસરુ પાઇ।
પ્રેમ પુલકિ તન મુદિત મન ગુરહિ સુનાયઉ જાઇ ॥ ૨॥

હૃદયમાં આ વિચાર આવતાની સાથે યુવરાજ-પદ આપવાનો નિશ્ચય કરી રાજા દશરથજીએ અત્યારે જ શુભ દિન અને સુંદર સમય જાણીને પ્રેમથી પુલકિત શરીરે, આનંદમગ્ન થઈને તે વિચાર ગુરુ વસિષ્ઠજી પાસે શીઘ્ર જઈ કહી સંભળાવ્યો. ॥ ૨॥

ચૌ૦ – કહઇ ભુઆલુ સુનિઅ મુનિનાયક। ભએ રામ સબ બિધિ સબ લાયક ॥
સેવક સચિવ સકલ પુરબાસી। જે હમારે અરિ મિત્ર ઉદાસી ॥ ૧॥

રાજાએ કહ્યું – હે મુનિવર્ય! કૃપા કરીને આ નિવેદન સાંભળો. શ્રીરામચન્દ્ર હવે સર્વ પ્રકારે સર્વ યોગ્ય થઈ ગયા છે. સેવક, મન્ત્રી, બધા નગરવાસીઓ અને જે અમારા શત્રુ, મિત્ર કે ઉદાસીન (તટસ્થ) છે – ॥ ૧॥

સબહિ રામુ પ્રિય જેહિ બિધિ મોહી। પ્રભુ અસીસ જનુ તનુ ધરિ સોહી ॥
બિપ્ર સહિત પરિવાર ગોસાઈં। કરહિં છોહુ સબ રૌરિહિ નાઈં ॥ ૨॥

બધાને શ્રીરામચન્દ્રજી એવા જ પ્રિય છે જેવા મને છે. [તેમના રૂપમાં] આપનો આશીર્વાદ જ જાણે શરીર ધારણ કરીને શોભિત થઈ રહ્યો છે. હે સ્વામી! બધાય બ્રાહ્મણ, પરિવારસહિત આપના જ જેવો એમના ઉપર સ્નેહ રાખે છે. ॥ ૨॥

જે ગુર ચરન રેનુ સિર ધરહીં। તે જનુ સકલ બિભવ બસ કરહીં॥
મોહિ સમ યહુ અનુભયઉ ન દૂજેં। સબુ પાયઉँ રજ પાવનિ પૂજેં॥ ૩॥

જે લોકો ગુરુના ચરણોની રજને શીશ ઉપર ધારણ કરે છે, તે જાણે સઘળાં ઐશ્વર્યોને પોતાના વશમાં કરી લે છે. આનો અનુભવ મારા જેવો બીજા કોઈએ નથી કર્યો. આપની પવિત્ર ચરણરજની પૂજા કરીને મેં સર્વ કંઈ મેળવી લીધું. ॥ ૩॥

અબ અભિલાષુ એકુ મન મોરેં। પૂજિહિ નાથ અનુગ્રહ તોરેં॥
મુનિ પ્રસન્ન લખિ સહજ સનેહૂ। કહેઉ નરેસ રજાયસુ દેહૂ॥ ૪॥

હવે મારા મનમાં એક જ અભિલાષા છે. હે નાથ! તે પણ આપના જ અનુગ્રહથી પૂરી થશે. રાજાનો સહજ (સરળ) પ્રેમ જોઈને મુનિએ પ્રસન્ન થઈ કહ્યું – નરેશ! આજ્ઞા આપો. કહો, શું અભિલાષા છે? ॥ ૪॥

દો૦ – રાજન રાઉર નામુ જસુ સબ અભિમત દાતાર।
ફલ અનુગામી મહિપ મનિ મન અભિલાષુ તુમ્હાર॥ ૩॥

હે રાજન્! આપનું નામ અને યશ જ સંપૂર્ણ મનવાંછિત વસ્તુઓને આપનાર છે. હે રાજાઓના મુગટમણિ! આપના મનની અભિલાષા ફળનું અનુગમન કરે છે (અર્થાત્ આપને તો ઈચ્છા કર્યા પૂર્વે જ ફળ ઉત્પન્ન થઈ જાય છે). ॥ ૩॥

ચૌ૦ – સબ બિધિ ગુરુ પ્રસન્ન જિયँ જાની। બોલેઉ રાઉ રહँસિ મૃદુ બાની॥
નાથ રામુ કરિઅહિં જુબરાજૂ। કહિઅ કૃપા કરિ કરિઅ સમાજૂ॥ ૧॥

પોતાના ચિત્તમાં ગુરુજીને બધી રીતે પ્રસન્ન જાણીને, હર્ષિત થઈને રાજા કોમળ વાણીમાં બોલ્યા – હે નાથ! શ્રીરામચન્દ્રને યુવરાજ કરો. કૃપા કરીને આજ્ઞા આપો તો તૈયારી કરીએ. ॥ ૧॥

મોહિ અછત યહુ હોઇ ઉછાહૂ। લહહિં લોગ સબ લોચન લાહૂ॥
પ્રભુ પ્રસાદ સિવ સબઇ નિબાહીં। યહ લાલસા એક મન માહીં॥ ૨॥

મારી હયાતીમાં જ આ આનંદ-ઉત્સવ થઈ જાય, [જેથી] સર્વે લોકો પોતાનાં નેત્રોનો લાભ પ્રાપ્ત કરે. પ્રભુના (આપના) પ્રસાદથી શિવજીએ સર્વ કંઈ નભાવી લીધું (સર્વે ઈચ્છાઓ પૂર્ણ કરી દીધી), કેવળ આ જ એક લાલસા મનમાં રહી ગઈ છે. ॥ ૨॥

પુનિ ન સોચ તનુ રહઉ કિ જાઊ। જેહિં ન હોઇ પાછેં પછિતાઊ॥
સુનિ મુનિ દસરથ બચન સુહાએ। મંગલ મોદ મૂલ મન ભાએ॥ ૩॥

આ લાલસા પરિપૂર્ણ થઈ ગયા પછી કોઈ શોક નહીં રહે. શરીર રહે કે જતું રહે પણ આ કારણે મને પાછળથી પસ્તાવો ન થાય. દશરથજીનાં મંગળ અને આનંદનાં મૂળ સુંદર વચન સાંભળીને મુનિ મનમાં ઘણા પ્રસન્ન થયા. ॥ ૩॥

સુનુ નૃપ જાસુ બિમુખ પછિતાહીં। જાસુ ભજન બિનુ જરનિ ન જાહીં॥
ભયઉ તુમ્હાર તનય સોઈ સ્વામી। રામુ પુનીત પ્રેમ અનુગામી॥ ૪॥

[વસિષ્ઠજીએ કહ્યું –] હે રાજન્! સાંભળો, જેનાથી વિમુખ થઈને લોકો પસ્તાય છે અને જેમના ભજન વિના અંતરની બળતરા મટતી નથી, તે જ સ્વામી (સર્વલોક મહેશ્વર) શ્રીરામજી આપના પુત્ર થયા છે, તેઓ પવિત્ર પ્રેમના અનુગામી છે. [શ્રીરામજી પવિત્ર પ્રેમની પાછળ-પાછળ ચાલનારા છે, એટલે જ પ્રેમવશ આપના પુત્ર થયા છે.] ॥ ૪॥

દો૦ – બેગિ બિલંબુ ન કરિઅ નૃપ સાજિઅ સબુઇ સમાજુ।
સુદિન સુમંગલુ તબહિં જબ રામુ હોહિં જુબરાજુ॥ ૪॥

હે રાજન્! હવે મોડું ન કરો, શીઘ્ર સઘળો સામાન તૈયાર કરો. શુભ દિવસ અને સુંદર મંગળ ત્યારે જ છે જ્યારે શ્રીરામચન્દ્રજી યુવરાજ થઈ જાય (અર્થાત્ તેમના અભિષેકને માટે બધા દિવસ શુભ અને મંગળમય છે). ॥ ૪॥

ચૌ૦ – મુદિત મહીપતિ મંદિર આએ। સેવક સચિવ સુમંત્રુ બોલાએ।
કહિ જયજીવ સીસ તિન્હ નાએ। ભૂપ સુમંગલ બચન સુનાએ॥ ૧॥

રાજા આનંદિત થઈને મહેલમાં આવ્યા અને સેવકો દ્વારા સુમન્ત્ર આદિ મંત્રિઓને તેડાવ્યા. એ લોકોએ આવીને 'જય જીવ' કહીને શીશ નમાવ્યાં. ત્યારે રાજાએ સુંદર મંગળમય વચન (શ્રીરામજીને યુવરાજપદ આપવાનો પ્રસ્તાવ) તેઓને કહી સંભળાવ્યાં. ॥ ૧॥

જૌં પાઁચહિ મત લાગૈ નીકા। કરહુ હરષિ હિયઁ રામહિ ટીકા॥ ૨॥

[અને કહ્યું –] જો આપ સૌ પંચોને આ મત ઠીક લાગે તો હૃદયમાં હરખાઈને આપ સૌ શ્રીરામચન્દ્રજીનું રાજતિલક કરો. ॥ ૨॥

મંત્રી મુદિત સુનત પ્રિય બાની। અભિમત બિરવઁ પરેઉ જનુ પાની॥
બિનતી સચિવ કરહિં કર જોરી। જિઅહુ જગતપતિ બરિસ કરોરી॥ ૩॥

આ પ્રિય વાણીને સાંભળતાં જ મંત્રી એવા આનંદિત થયા જાણે તેમના મનોરથરૂપી છોડને જળ મળી ગયું હોય. મંત્રી હાથ જોડીને વિનંતી કરે છે કે હે જગત્પતિ! આપ કરોડો વર્ષ જીવો. ॥ ૩॥

જગ મંગલ ભલ કાજુ બિચારા। બેગિઅ નાથ ન લાઇઅ બારા॥
નૃપહિ મોદુ સુનિ સચિવ સુભાષા। બઢ઼ત બૌંડ઼ જનુ લહી સુસાખા॥ ૪॥

આપે જગત આખાનું મંગળ કરનારું ભલું કાર્ય વિચાર્યું છે. હે નાથ! શીઘ્રતા કરો, મોડું ન કરો. મન્ત્રીઓની સુંદર વાણી સાંભળીને રાજાને એવો આનંદ થયો જાણે વધતી જતી વેલ સુંદર ડાળીનો આધાર પામી ગઈ હોય. ॥ ૪॥

દો૦ – કહેઉ ભૂપ મુનિરાજ કર જોઇ જોઇ આયસુ હોઇ ।
રામ રાજ અભિષેક હિત બેગિ કરહુ સોઇ સોઇ ॥ ૫॥

રાજાએ કહ્યું – શ્રીરામચન્દ્રજીના રાજ્યાભિષેકને માટે મુનિરાજ વસિષ્ઠજીની જે જે આજ્ઞા થાય, તે જ આપ લોક સઘળું તુરંત કરો. ॥ ૫॥

ચૌ૦ – હરષિ મુનીસ કહેઉ મૃદુ બાની । આનહુ સકલ સુતીરથ પાની ॥
ઔષધ મૂલ ફૂલ ફલ પાના । કહે નામ ગનિ મંગલ નાના ॥ ૧॥

મુનિરાજે હર્ષિત થઈને કોમળ વાણીમાં કહ્યું કે સંપૂર્ણ શ્રેષ્ઠ તીર્થોનું જળ લઈ આવો. પછી તેમણે સર્વ ઔષધિ, મૂળ, ફળ અને પાન-પત્ર આદિ અનેક માંગલિક વસ્તુઓનાં નામ ગણીને કહ્યાં. ॥ ૧॥

ચામર ચરમ બસન બહુ ભાઁતી । રોમ પાટ પટ અગનિત જાતી ॥
મનિગન મંગલ બસ્તુ અનેકા । જો જગ જોગુ ભૂપ અભિષેકા ॥ ૨॥

ચામર, મૃગચર્મ, અનેક પ્રકારનાં વસ્ત્ર, અસંખ્ય જાતોનાં ઊની અને રેશમી કપડાં, [અનેક પ્રકારના] મણિઓ (રત્ન) તથા બીજી પણ ઘણીબધી મંગળ વસ્તુઓ, જે જગતમાં રાજ્યાભિષેકને યોગ્ય હોય છે [બધીય મગાવવાની એમને આજ્ઞા આપી]. ॥ ૨॥

બેદ બિદિત કહિ સકલ બિધાના । કહેઉ રચહુ પુર બિબિધ બિતાના ॥
સફલ રસાલ પૂગફલ કેરા । રોપહુ બીથિન્હ પુર ચહુઁ ફેરા ॥ ૩॥

મુનિએ વેદોમાં કહેલા બધા વિધાન બતાવીને કહ્યું – નગરમાં ઘણા જ મંડપ (ચંદરવા) સજાવો. ફળોસહિત આંબો, સોપારી અને કેળાનાં વૃક્ષ નગરની શેરીઓમાં ચારેય તરફ રોપી દો. ॥ ૩॥

રચહુ મંજુ મનિ ચૌકેં ચારૂ । કહહુ બનાવન બેગિ બજારૂ ॥
પૂજહુ ગનપતિ ગુર કુલદેવા । સબ બિધિ કરહુ ભૂમિસુર સેવા ॥ ૪॥

સુંદર મણિઓના મનોહર ચોક પુરાવો અને બજારને તરત જ શણગારવા કહી દો. શ્રીગણેશજી, ગુરુ અને કુળદેવતાની પૂજા કરો અને ભૂદેવ બ્રાહ્મણોની બધી રીતે સેવા કરો. ॥ ૪॥

દો૦ – ધ્વજ પતાક તોરન કલસ સજહુ તુરગ રથ નાગ ।
સિર ધરિ મુનિબર બચન સબુ નિજ નિજ કાજહિં લાગ ॥ ૬॥

ધ્વજા, પતાકા, તોરણ, કળશ, ઘોડા, રથ અને હાથી બધાને સજાવો. મુનિશ્રેષ્ઠ વસિષ્ઠજીનાં વચનોને શિરોધાર્ય કરીને બધા લોકો પોતપોતાના કામમાં લાગી ગયા. ॥ ૬॥

ચૌ૦ – જો મુનીસ જેહિ આયસુ દીન્હા । સો તેહિં કાજુ પ્રથમ જનુ કીન્હા ॥
બિપ્ર સાધુ સુર પૂજત રાજા । કરત રામ હિત મંગલ કાજા ॥ ૧॥

મુનીશ્વરે જેને જે કામ માટે આજ્ઞા આપી, તે કાર્ય તેણે [એટલી શીઘ્રતાથી કરી નાખ્યું કે] જાણે અગાઉથી કરી રાખ્યું હતું. રાજા બ્રાહ્મણ, સાધુ અને દેવતાઓને પૂજી રહ્યા છે અને શ્રીરામચન્દ્રજીને માટે બધાં મંગળકાર્યો કરી રહ્યા છે. ॥ ૧॥

સુનત રામ અભિષેક સુહાવા। બાજ ગહાગહ અવધ બધાવા ॥
રામ સીય તન સગુન જનાએ। ફરકહિં મંગલ અંગ સુહાએ ॥ ૨॥

શ્રીરામચન્દ્રજીના રાજ્યાભિષેકની સોહામણી ખબર સાંભળતાં જ અવધ આખાયમાં મોટી ધામધૂમથી વધામણાં વાગવા લાગ્યાં. શ્રીરામચન્દ્રજી અને શ્રીસીતાજીના શરીરમાં પણ શુભ શુકન સૂચિત થયાં. તેમનાં સુંદર મંગળ અંગો ફરકવા લાગ્યાં. ॥ ૨॥

પુલકિ સપ્રેમ પરસપર કહહીં। ભરત આગમનુ સૂચક અહહીં ॥
ભએ બહુત દિન અતિ અવસેરી। સગુન પ્રતીતિ ભેંટ પ્રિય કેરી ॥ ૩॥

પુલકિત થઈને તે બંને પ્રેમસહિત એકબીજાને કહે છે કે આ બધાં શુકન ભરતના આવવાની સૂચના આપનારાં છે. [તેમને મામાના ઘેર ગયે] ઘણા દિવસ થઈ ગયા; ઘણી જ ચિંતા-બેચેની થઈ રહી છે (વારંવાર તેમને મળવાની યાદ મનમાં આવે છે). શુકનોથી પ્રિય(ભરત)ને મળવાનો વિશ્વાસ થાય છે. ॥ ૩॥

ભરત સરિસ પ્રિય કો જગ માહીં। ઇહઇ સગુન ફલુ દૂસર નાહીં ॥
રામહિ બંધુ સોચ દિન રાતી। અંડન્હિ કમઠ હૃદઉ જેહિ ભાઁતી ॥ ૪॥

ભરત સમાન જગતમાં [અમને] કોણ પ્રિય છે! શુકનનું બસ, આ જ ફળ છે, બીજું નથી. શ્રીરામચન્દ્રજીને [પોતાના] ભાઈ ભરતનું દિવસ-રાત એવી રીતે ચિંતન રહે છે જેવી રીતે કાચબાનું હૃદય ઈંડાંમાં રહે છે. ॥ ૪॥

દો૦ – એહિ અવસર મંગલુ પરમ સુનિ રહઁસેઉ રનિવાસુ।
સોભત લખિ બિધુ બઢ઼ત જનુ બારિધિ બીચિ બિલાસુ ॥ ૭॥

આ સમયે આ પરમ મંગળ સમાચાર સાંભળીને આખો રાણીવાસ હરખાઈ ઊઠ્યો, જેમ ચન્દ્રમાને વધતો જોઈને સમુદ્રમાં લહેરોનો વિલાસ (આનંદ) સુશોભિત થાય છે. ॥ ૭॥

ચૌ૦ – પ્રથમ જાઇ જિન્હ બચન સુનાએ। ભૂષન બસન ભૂરિ તિન્હ પાએ ॥
પ્રેમ પુલકિ તન મન અનુરાગીં। મંગલ કલસ સજન સબ લાગીં ॥ ૧॥

સૌથી પહેલા [રાણીવાસમાં] જઈને જેમણે આ વચન (સમાચાર) સંભળાવ્યાં, તેઓ ઘણાં આભૂષણ અને વસ્ત્રો પામ્યાં. રાણીઓનાં શરીર પ્રેમથી પુલકિત થઈ ઊઠ્યાં અને મન પ્રેમમાં મગ્ન થઈ ગયાં. તે બધી મંગળકળશ સજાવવા લાગી. ॥ ૧॥

ચૌકેં ચારુ સુમિત્રાઁ પૂરી। મનિમય બિબિધ ભાઁતિ અતિ રૂરી ॥
આનઁદ મગન રામ મહતારી। દિએ દાન બહુ બિપ્ર હઁકારી ॥ ૨॥

સુમિત્રાજીએ મણિઓના ઘણી જાતના સુંદર અને મનોહર ચોક પૂર્યા. આનંદમાં મગ્ન થયેલાં શ્રીરામચન્દ્રજીનાં માતા કૌશલ્યાજીએ બ્રાહ્મણોને બોલાવી ઘણાં દાન આપ્યાં. ॥ ૨॥

પૂજીં ગ્રામદેબિ સુર નાગા । કહેઉ બહોરિ દેન બલિભાગા ॥
જેહિ બિધિ હોઈ રામ કલ્યાનૂ । દેહુ દયા કરિ સો બરદાનૂ ॥ ૩॥

તેઓએ ગ્રામદેવીઓ, દેવતાઓ અને નાગોની પૂજા કરી અને પછી બલિભેટ આપવાનું કહ્યું (અર્થાત્ કાર્ય સિદ્ધ થયા પછી ફરીથી પૂજા કરવાની માનતા માની); અને પ્રાર્થના કરી કે જે રીતે શ્રીરામચન્દ્રજીનું કલ્યાણ થાય, દયા કરીને એવું જ વરદાન આપો. ॥ ૩॥

ગાવહિં મંગલ કોકિલબયનીં । બિધુબદનીં મૃગસાવકનયનીં ॥ ૪॥

કોયલ જેવી મીઠી વાણીવાળી, ચન્દ્રમાના જેવી મુખવાળી અને હરણના બચ્ચાનાં જેવાં નેત્રોવાળી સ્ત્રીઓ મંગળગાન કરવા લાગી. ॥ ૪॥

દો૦ – રામ રાજ અભિષેકુ સુનિ હિયઁ હરષે નર નારિ ।
લગે સુમંગલ સજન સબ બિધિ અનુકૂલ બિચારિ ॥ ૮॥

શ્રીરામચન્દ્રજીનો રાજ્યાભિષેક સાંભળીને બધાં સ્ત્રી-પુરુષ હૃદયમાં હરખાઈ ઊઠ્યાં અને વિધાતાને પોતાના સાનુકૂળ સમજીને બધા સુંદર મંગળ-સાજ સજાવવા લાગ્યા. ॥ ૮॥

ચૌ૦ – તબ નરનાહઁ બસિષ્ઠુ બોલાએ । રામધામ સિખ દેન પઠાએ ॥
ગુર આગમનુ સુનત રઘુનાથા । દ્વાર આઈ પદ નાયઉ માથા ॥ ૧॥

ત્યારે રાજાએ વસિષ્ઠજીને તેડાવ્યા અને શિખામણ (સમયોચિત ઉપદેશ) આપવા માટે શ્રીરામચન્દ્રજીના મહેલમાં મોકલ્યા. ગુરુનું આગમન સાંભળતાં જ શ્રીરઘુનાથજીએ દરવાજે આવીને તેમના ચરણોમાં શીશ નમાવ્યું. ॥ ૧॥

સાદર અરઘ દેઈ ઘર આને । સોરહ ભાઁતિ પૂજિ સનમાને ॥
ગહે ચરન સિય સહિત બહોરી । બોલે રામુ કમલ કર જોરી ॥ ૨॥

આદરપૂર્વક અર્ઘ્ય આપીને તેમને ઘરમાં લાવ્યા અને ષોડશોપચારથી પૂજન કરીને એમનું સન્માન કર્યું. પછી સીતાજીસહિત તેમના ચરણસ્પર્શ કર્યા અને કમળસમાન બંને હાથ જોડીને શ્રીરામજી બોલ્યા – ॥ ૨॥

સેવક સદન સ્વામિ આગમનૂ । મંગલ મૂલ અમંગલ દમનૂ ॥
તદપિ ઉચિત જનુ બોલિ સપ્રીતી । પઠઇઅ કાજ નાથ અસિ નીતી ॥ ૩॥

જોકે સેવકના ઘેર સ્વામીનું પધારવું એ મંગળોનું મૂળ અને અમંગળોને નાશ કરનારું હોય છે. તો પણ હે નાથ! ઉચિત તો એ જ હતું કે પ્રેમપૂર્વક દાસને જ કાર્ય માટે બોલાવી લેતા; એ જ નીતિ છે. ॥ ૩॥

પ્રભુતા તજિ પ્રભુ કીન્હ સનેહૂ। ભયઉ પુનીત આજુ યહુ ગેહૂ॥
આયસુ હોઇ સો કરૌં ગોસાઈં। સેવકુ લહઇ સ્વામિ સેવકાઈં॥૪॥

પરંતુ પ્રભુએ (આપે) પ્રભુતા છોડીને (સ્વયં અહીં પધારીને) જે સ્નેહ કર્યો, એથી આજે આ ઘર પવિત્ર થઈ ગયું. હે ગોસાઈં! [હવે] જે આજ્ઞા હોય, હું એ જ કરું. સ્વામીની સેવામાં જ સેવકની શોભા છે. ॥૪॥

દો૦ – સુનિ સનેહ સાને બચન મુનિ રઘુબરહિ પ્રસંસ।
રામ કસ ન તુમ્હ કહહુ અસ હંસ બંસ અવતંસ॥૯॥

[શ્રીરામચન્દ્રજીના] પ્રેમમાં તરબોળ થયેલાં વચનોને સાંભળી મુનિ વસિષ્ઠજીએ શ્રીરઘુનાથજીની પ્રશંસા કરતાં કહ્યું કે હે રામ! ભલા! આપ આવું કેમ ન કહો. આપ સૂર્યવંશના ભૂષણ જે છો. ॥૯॥

ચૌ૦ – બરનિ રામ ગુન સીલુ સુભાઊ। બોલે પ્રેમ પુલકિ મુનિરાઊ॥
ભૂપ સજેઉ અભિષેક સમાજૂ। ચાહત દેન તુમ્હહિ જુબરાજૂ॥૧॥

શ્રીરામચન્દ્રજીના ગુણ, શીલ અને સ્વભાવની પ્રશંસા કરી, મુનિરાજ પ્રેમથી પુલકિત થઈને બોલ્યા – [હે રામચન્દ્રજી!] રાજા(દશરથજી)એ રાજ્યાભિષેકની તૈયારી કરી છે. તેઓ આપને યુવરાજ પદ આપવા ઇચ્છે છે. ॥૧॥

રામ કરહુ સબ સંજમ આજૂ। જૌં બિધિ કુસલ નિબાહૈ કાજૂ॥
ગુરુ સિખ દેઇ રાય પહિં ગયઊ। રામ હૃદયઁ અસ બિસમઉ ભયઊ॥૨॥

[માટે] હે રામજી! આજે આપ [ઉપવાસ, હવન આદિ વિધિપૂર્વક] સર્વે સંયમ કરો જેથી વિધાતા કુશળપૂર્વક આ કાર્યને પાર પાડી દે (સફળ કરી દે). ગુરુજી બોધ આપીને રાજા દશરથજીની પાસે ચાલ્યા ગયા. શ્રીરામચન્દ્રજીના હૃદયમાં [આ સાંભળીને] આ વાતનું આશ્ચર્ય થયું કે –

જનમે એક સંગ સબ ભાઈ। ભોજન સયન કેલિ લરિકાઈ॥
કરનબેધ ઉપબીત બિઆહા। સંગ સંગ સબ ભએ ઉછાહા॥૩॥

અમે બધા ભાઈ એક જ સાથે જન્મ્યાં; ખાવું, ઊંઘવું, બાળપણનાં રમત-ગમત, કર્ણછેદન, યજ્ઞોપવીત અને વિવાહ આદિ ઉત્સવો સર્વે સાથે-સાથે જ થયા, ॥૩॥

બિમલ બંસ યહુ અનુચિત એકૂ। બંધુ બિહાઇ બડ઼ેહિ અભિષેકૂ॥
પ્રભુ સપ્રેમ પછિતાનિ સુહાઈ। હરઉ ભગત મન કૈ કુટિલાઈ॥૪॥

પરંતુ આ નિર્મળ વંશમાં આ એક અનુચિત વાત થઈ રહી છે કે બીજા બધા ભાઈઓને છોડીને રાજ્યાભિષેક એક મોટાનો જ (મારો જ) થાય છે. [તુલસીદાસજી કહે છે કે] પ્રભુ શ્રીરામચન્દ્રજીનો આ સુંદર પ્રેમપૂર્ણ પસ્તાવો ભક્તોના મનની કુટિલતાનું હરણ કરે. ॥૪॥

દો૦ – તેહિ અવસર આએ લખન મગન પ્રેમ આનંદ ।
સનમાને પ્રિય બચન કહિ રઘુકુલ કૈરવ ચંદ ॥ ૧૦॥

તે જ સમયે પ્રેમ અને આનંદમાં મગ્ન લક્ષ્મણજી આવ્યા. રઘુકુળરૂપી કુમુદને ખિલવનારા ચન્દ્રમા શ્રીરામચન્દ્રજીએ પ્રિય વચન કહીને એમનું સન્માન કર્યું. ॥ ૧૦॥

ચૌ૦ – બાજહિં બાજને બિબિધ બિધાના । પુર પ્રમોદુ નહિં જાઈ બખાના ॥
ભરત આગમનુ સકલ મનાવહિં । આવહુઁ બેગિ નયન ફલુ પાવહિં ॥ ૧॥

ઘણી જાતનાં વાજાં વાગી રહ્યાં છે. નગરના અતિશય આનંદનું વર્ણન નથી થઈ શકતું. બધાય લોકો ભરતજીનું આગમન ઇચ્છી રહ્યા છે અને કહી રહ્યા છે કે તેઓ પણ શીઘ્ર આવે અને [રાજ્યાભિષેકનો ઉત્સવ જોઈને] નેત્રોનું ફળ પ્રાપ્ત કરે. ॥ ૧॥

હાટ બાટ ઘર ગલીં અથાઈ । કહહિં પરસપર લોગ લોગાઈ ॥
કાલિ લગન ભલિ કેતિક બારા । પૂજિહિ બિધિ અભિલાષુ હમારા ॥ ૨॥

બજાર, રસ્તા, ઘર, શેરી અને ઓટલાઓ ઉપર (યત્ર તત્ર) પુરુષો અને સ્ત્રીઓ પરસ્પર વાતો કરે છે કે કાલે તે શુભ મુહૂર્ત કેટલા વાગે છે જ્યારે વિધાતા અમારી અભિલાષા પૂરી કરશે! ॥ ૨॥

કનક સિંઘાસન સીય સમેતા । બૈઠહિં રામુ હોઇ ચિત ચેતા ॥
સકલ કહહિં કબ હોઇહિ કાલી । બિઘન મનાવહિં દેવ કુચાલી ॥ ૩॥

જ્યારે સીતાજીસહિત શ્રીરામચન્દ્રજી સુવર્ણના સિંહાસન ઉપર બિરાજશે અને આપણી મનોકામના પૂરી થશે. અહીં તો બધા આ કહી રહ્યા છે કે કાલ ક્યારે થશે, બીજી તરફ કુચક્રી દેવતા વિઘ્ન મનાવી (ઇચ્છી) રહ્યા છે. ॥ ૩॥

તિન્હહિ સોહાઇ ન અવધ બધાવા । ચોરહિ ચંદિનિ રાતિ ન ભાવા ॥
સારદ બોલિ બિનય સુર કરહીં । બારહિં બાર પાય લૈ પરહીં ॥ ૪॥

તેમને (દેવતાઓને) અવધનાં વધામણાં નથી ગમતાં, જેમ ચોરને ચાંદની રાત નથી ગમતી. સરસ્વતીજીને બોલાવી, દેવતા વિનય કરી રહ્યા છે અને વારંવાર એમના ચરણો પકડીને નમે છે. ॥ ૪॥

દો૦ – બિપતિ હમારિ બિલોકિ બડ઼િ માતુ કરિઅ સોઇ આજુ ।
રામુ જાહિં બન રાજુ તજિ હોઇ સકલ સુરકાજુ ॥ ૧૧॥

[તેઓ કહે છે –] હે માતા! અમારી મોટી વિપત્તિને જોઈને આજે તેવું કરો કે જેથી શ્રીરામચન્દ્રજી રાજ્ય ત્યાગીને વનમાં જતા રહે અને દેવતાઓનું સર્વ કાર્ય સિદ્ધ થાય. ॥ ૧૧॥

ચૌ૦ – સુનિ સુર બિનય ઠાઢ઼િ પછિતાતી । ભઇઉઁ સરોજ બિપિન હિમરાતી ॥
દેખિ દેવ પુનિ કહહિં નિહોરી । માતુ તોહિ નહિં થોરિઉ ખોરી ॥ ૧॥

દેવતાઓની વિનંતી સાંભળીને સરસ્વતીજી ઊભાં ઊભાં પસ્તાઈ રહ્યાં છે કે [હાય!] હું કમળવનના માટે હેમંતઋતુની રાત બની. એમને આ રીતે પસ્તાતા જોઈને દેવતા ફરી વિનય કરીને કહેવા લાગ્યા – હે માતા! આમાં આપને જરા પણ દોષ નહીં લાગે. ॥ ૧॥

બિસમય હરષ રહિત રઘુરાઊ। તુમ્હ જાનહુ સબ રામ પ્રભાઊ॥
જીવ કરમ બસ સુખ દુખ ભાગી। જાઇઅ અવધ દેવ હિત લાગી॥ ૨॥

શ્રીરઘુનાથજી વિષાદ અને હર્ષથી રહિત છે. આપ તો શ્રીરામજીના સર્વે પ્રભાવને જાણો જ છો. જીવ પોતાના કર્મવશે જ સુખ-દુ:ખનો ભાગી બને છે. એટલે દેવતાઓના હિત માટે આપ અયોધ્યા જાઓ. ॥ ૨॥

બાર બાર ગહિ ચરન સઁકોચી। ચલી બિચારિ બિબુધ મતિ પોચી॥
ઊઁચ નિવાસુ નીચિ કરતૂતી। દેખિ ન સકહિં પરાઇ બિભૂતી॥ ૩॥

વારંવાર ચરણ પકડીને દેવોએ સરસ્વતીને સંકોચમાં મૂકી દીધાં. ત્યારે તે આમ વિચારીને ચાલ્યાં કે દેવતાઓની બુદ્ધિ ઓછી છે. એમનો નિવાસ તો ઊંચે છે પણ એમની કરણી નીચી છે. એ બીજાના ઐશ્વર્યને જોઈ નથી શકતા. ॥ ૩॥

આગિલ કાજુ બિચારી બહોરી। કરિહહિં ચાહ કુસલ કબિ મોરી॥
હરષિ હૃદયઁ દસરથ પુર આઈ। જનુ ગ્રહ દસા દુસહ દુખદાઈ॥ ૪॥

પરંતુ આગળનાં કાર્યોનો વિચાર કરીને (શ્રીરામજીના વનમાં જવાથી રાક્ષસોનો વધ થશે, જેથી આખુંય જગત સુખી થઈ જશે) ચતુર કવિ [શ્રીરામજીના વનવાસનાં ચરિત્રોનું વર્ણન કરવા માટે] મારી ચાહના કરશે. એમ વિચાર કરી સરસ્વતી હૃદયમાં હરખાઈને દશરથજીની પુરી અયોધ્યામાં આવ્યાં, જાણે દુ:સહ્ય દુ:ખ આપનારી કોઈ ગ્રહદશા આવી હોય. ॥ ૪॥

દો૦ – નામુ મંથરા મંદમતિ ચેરી કૈકઇ કેરિ।
અજસ પેટારી તાહિ કરિ ગઈ ગિરા મતિ ફેરિ॥ ૧૨॥

મંથરા નામની કૈકેયીની એક મંદબુદ્ધિ દાસી હતી, તેને અપયશનો પટારો બનાવી સરસ્વતી એની બુદ્ધિને ફેરવીને ચાલ્યાં ગયાં. ॥ ૧૨॥

ચૌ૦ – દીખ મંથરા નગરુ બનાવા। મંજુલ મંગલ બાજ બધાવા॥
પૂછેસિ લોગન્હ કાહ ઉછાહૂ। રામ તિલકુ સુનિ ભા ઉર દાહૂ॥ ૧॥

મંથરાએ જોયું કે નગર સજાવેલું છે. સુંદર મંગળમય વધામણાં વાગી રહ્યાં છે. એણે લોકોને પૂછ્યું કે શાનો ઉત્સવ છે? શ્રીરામચન્દ્રજીના રાજતિલકની વાત સાંભળતાં જ એનું હૃદય બળી ઊઠ્યું. ॥ ૧॥

કરઇ બિચારુ કુબુદ્ધિ કુજાતી। હોઇ અકાજુ કવનિ બિધિ રાતી॥
દેખિ લાગિ મધુ કુટિલ કિરાતી। જિમિ ગવઁ તકઇ લેઉઁ કેહિ ભાઁતી॥ ૨॥

તે દુર્બુદ્ધિ, નીચ જ્ઞાતિની દાસી વિચાર કરવા લાગી કે કઈ રીતે આ કાર્ય રાતોરાતમાં બગડી જાય, જેમ કોઈ કુટિલ ભીલડી મધનો મધપૂડો જોઈને વિચારે છે કે આને કેવી રીતે ઉખાડી લઉં? ॥ ૨॥

ભરત માતુ પહિં ગઈ બિલખાની। કા અનમનિ હસિ કહ હઁસિ રાની॥
ઊતરુ દેઈ ન લેઈ ઉસાસૂ। નારિ ચરિત કરિ ઢારઈ આઁસૂ॥ ૩॥

તે ઉદાસ થઈને ભરતજીની માતા કૈકેયી પાસે ગઈ. રાણી કૈકેયીએ હસીને કહ્યું – તું ઉદાસ કેમ છે? મંથરા કશો ઉત્તર નથી આપતી. કેવળ લાંબો શ્વાસ લઈને નિસાસા નાખી રહી છે અને ત્રિયાચરિત્ર કરીને આંસુ સારી રહી છે. ॥ ૩॥

હઁસિ કહ રાનિ ગાલુ બડ઼ તોરેં। દીન્હ લખન સિખ અસ મન મોરેં॥
તબહુઁ ન બોલ ચેરિ બડ઼િ પાપિનિ। છાડ઼ઈ સ્વાસ કારિ જનુ સાઁપિનિ॥ ૪॥

રાણી હસીને કહેવા લાગી કે તારા ગાલ મોટા છે (તું વધારે વધારી-વધારીને કહેનારી છે). મારું મન કહે છે કે લક્ષ્મણે તને કંઈ શિક્ષા કરી છે. ત્યારે પણ તે મહાપાપિણી દાસી કંઈ પણ નથી બોલતી. એવા લાંબા શ્વાસ છોડી (નિસાસા નાખી) રહી છે જાણે કાળી નાગણ [ફુંફાડો મારી રહી] હોય. ॥ ૪॥

દો૦ – સભય રાનિ કહ કહસિ કિન કુસલ રામુ મહિપાલુ।
લખનુ ભરતુ રિપુદમનુ સુનિ ભા કુબરી ઉર સાલુ॥ ૧૩॥

ત્યારે રાણીએ બીને કહ્યું – અરે! કહેતી કેમ નથી? શ્રીરામચન્દ્ર, રાજા, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન કુશળ તો છે? આ સાંભળી કુબડી મંથરાના હૃદયમાં ઘણી જ પીડા ઊપજી. ॥ ૧૩॥

ચૌ૦ – કત સિખ દેઈ હમહિ કોઉ માઈ। ગાલુ કરબ કેહિ કર બલુ પાઈ॥
રામહિ છાડ઼િ કુસલ કેહિ આજૂ। જેહિ જનેસુ દેઈ જુબરાજૂ॥ ૧॥

[તે કહેવા લાગી –] હે માઈ! મને કોઈ કેમ શિક્ષા આપશે અને હું કોનું બળ પામીને બોલકી થઈશ (વધારી-વધારીને બોલીશ)? રામચન્દ્રને છોડીને આજ બીજા કોની કુશળતા છે, જેને રાજા યુવરાજપદ આપી રહ્યા છે. ॥ ૧॥

ભયઉ કૌસિલહિ બિધિ અતિ દાહિન। દેખત ગરબ રહત ઉર નાહિન॥
દેખહુ કસ ન જાઈ સબ સોભા। જો અવલોકિ મોર મનુ છોભા॥ ૨॥

આજે કૌશલ્યાને વિધાતા બહુ જ જમણે (અનુકૂળ) થયા છે; આ જોઈને એમના હૃદયમાં ગર્વ સમાતો નથી. આપ સ્વયં જઈને સર્વ શોભા કેમ નથી નિહાળી લેતા, જેને જોઈને મારા મનમાં ક્ષોભ થયો છે? ॥ ૨॥

પૂતુ બિદેસ ન સોચુ તુમ્હારેં। જાનતિ હહુ બસ નાહુ હમારેં॥
નીદ બહુત પ્રિય સેજ તુરાઈ। લખહુ ન ભૂપ કપટ ચતુરાઈ॥ ૩॥

આપનો પુત્ર પરદેશમાં છે, તેની તમને કોઈ ચિંતા નથી. આપ તો એમ જાણો છો કે સ્વામી અમારા વશમાં છે. આપને તો મખમલી પલંગ પર પડ્યાં પડ્યાં ઊંઘ લેવાનું ઘણું પ્રિય લાગે છે. રાજાની કપટભરી ચતુરાઈ આપ નથી જાણતાં. ॥ ૩॥

સુનિ પ્રિય બચન મલિન મનુ જાની। ઝુકી રાનિ અબ રહુ અરગાની ॥
પુનિ અસ કબહુઁ કહસિ ઘરફોરી। તબ ધરિ જીભ કઢ઼ાવઉઁ તોરી ॥ ૪॥

મંથરાનાં પ્રિય વચન સાંભળીને પરંતુ તેને મનની મેલી જાણીને રાણી વાંકા વળી ધમકાવતાં બોલ્યાં – બસ, હવે ચૂપ રહે ઘર ફોડનારી ક્યાંકની! જો ફરી ક્યારેય આમ કહ્યું તો તારી જીભ પકડીને ખેંચી કઢાવી નાખીશ. ॥ ૪॥

દો૦ – કાને ખોરે કૂબરે કુટિલ કુચાલી જાનિ।
તિય બિસેષિ પુનિ ચેરિ કહિ ભરતમાતુ મુસુકાનિ ॥ ૧૪॥

કાણાં, લંગડાં અને કૂબડાંને કુટિલ અને કુચાલી (પ્રપંચી) જાણવા જોઈએ. તેમાં પણ સ્ત્રી અને ખાસ કરીને દાસી! આટલું કહીને ભરતજીનાં માતા કૈકેયી મલકાઈ ઊઠ્યાં. ॥ ૧૪॥

ચૌ૦ – પ્રિયબાદિનિ સિખ દીન્હિઉઁ તોહી। સપનેહુઁ તો પર કોપુ ન મોહી ॥
સુદિનુ સુમંગલ દાયકુ સોઈ। તોર કહા ફુર જેહિ દિન હોઈ ॥ ૧॥

[અને પછી બોલ્યાં –] હે પ્રિય વચન કહેનારી મંથરા! મેં તને આ શીખ આપી છે (શિક્ષા માટે આટલી વાત કહી છે). મને તારા ઉપર સ્વપ્નમાં પણ ક્રોધ નથી. સુંદર મંગળદાયક શુભ દિન એ જ હશે જે દિવસે તારું કહેવું સત્ય હશે (અર્થાત્ શ્રીરામનું રાજ્યતિલક થશે.) ॥ ૧॥

જેઠ સ્વામિ સેવક લઘુ ભાઈ। યહ દિનકર કુલ રીતિ સુહાઈ ॥
રામ તિલકુ જૌં સાઁચેહુઁ કાલી। દેઉઁ માગુ મન ભાવત આલી ॥ ૨॥

મોટો ભાઈ સ્વામી અને નાનો ભાઈ સેવક હોય છે. આ સૂર્યવંશની સોહામણી રીતિ જ છે. જો ખરેખર કાલે જ શ્રીરામનું તિલક છે, તો હે સખી! તારા મનને ગમે તે જ વસ્તુ માંગી લે, હું આપીશ. ॥ ૨॥

કૌસલ્યા સમ સબ મહતારી। રામહિ સહજ સુભાયઁ પિઆરી ॥
મો પર કરહિં સનેહુ બિસેષી। મૈં કરિ પ્રીતિ પરીછા દેખી ॥ ૩॥

રામને સહજ સ્વભાવથી સર્વે માતાઓ કૌશલ્યાની જેમ જ પ્રિય છે. મારા પર તો તે વિશેષ પ્રેમ રાખે છે. મેં તેમની પ્રીતિની પરીક્ષા કરીને જાણી લીધું છે. ॥ ૩॥

જૌં બિધિ જનમુ દેઇ કરિ છોહૂ। હોહુઁ રામ સિય પૂત પુતોહૂ ॥
પ્રાન તેં અધિક રામુ પ્રિય મોરેં। તિન્હ કેં તિલક છોભુ કસ તોરેં ॥ ૪॥

જો વિધાતા કૃપા કરીને જન્મ આપે તો [આ પણ આપે કે] શ્રીરામચન્દ્ર પુત્ર અને સીતા વહુ હોય. શ્રીરામ મને પ્રાણોથીય અધિક પ્રિય છે. તેમના તિલકની વાત સાંભળીને તને ક્ષોભ કેવો? ॥ ૪॥

દો૦ – ભરત સપથ તોહિ સત્ય કહુ પરિહરિ કપટ દુરાઉ ।
હરષ સમય બિસમઉ કરસિ કારન મોહિ સુનાઉ ॥ ૧૫॥

તને ભરતનાં સોગંદ છે. છળ-કપટ છોડીને સાચેસાચ કહે. તું હર્ષના સમયે વિષાદ કરી રહી છે, મને એનું કારણ સંભળાવ. ॥ ૧૫॥

ચૌ૦ – એકહિં બાર આસ સબ પૂજી । અબ કછુ કહબ જીભ કરિ દૂજી ॥
ફોરૈ જોગુ કપારુ અભાગા । ભલેઉ કહત દુખ રઉરેહિ લાગા ॥ ૧॥

[મંથરાએ કહ્યું –] બધી આશાઓ તો એક જ વાર કહેવામાં પૂરી થઈ ગઈ. હવે તો બીજી જીભ લગાડીને કંઈક કહીશ. મારું અભાગિયું કપાળ તો ફોડવા યોગ્ય જ છે, જેને લીધે સારી વાત કહેવા છતાંય આપને દુઃખ થયું ॥ ૧॥

કહહિં ઝૂઠિ ફુરિ બાત બનાઈ । તે પ્રિય તુમ્હહિ કરુઇ મૈં માઈ ॥
હમહુઁ કહબિ અબ ઠકુરસોહાતી । નાહિં ત મૌન રહબ દિનુ રાતી ॥ ૨॥

જો ખોટી-સાચી વાતો બનાવીને કહીએ છીએ તો હે માઈ! તે જ તમને પ્રિય છે અને હું કડવી લાગું છું. હવે તો હું પણ તમને ગમતી (મુખદેખી) કહ્યા કરીશ. નહિ તો દિન-રાત ચૂપ રહીશ. ॥ ૨॥

કરિ કુરૂપ બિધિ પરબસ કીન્હા । બવા સો લુનિઅ લહિઅ જો દીન્હા ॥
કોઉ નૃપ હોઉ હમહિ કા હાની । ચેરિ છાડ़િ અબ હોબ કિ રાની ॥ ૩॥

વિધાતાએ કુરૂપ બનાવીને મને પરતંત્ર કરી છે! [બીજાનો શો દોષ] જેવું વાવો તેવું લણો, આપ્યું છે તેવું પામું છું. કોઈ પણ રાજા થાય, અમને શું નુકસાન થવાનું છે પણ તમે વિચારો કે તમે દાસી સિવાય રાણી રહી શકશો? ॥ ૩॥

જારૈ જોગુ સુભાઉ હમારા । અનભલ દેખિ ન જાઇ તુમ્હારા ॥
તાતેં કછુક બાત અનુસારી । છમિઅ દેબિ બડ़િ ચૂક હમારી ॥ ૪॥

મારો સ્વભાવ તો બાળવા યોગ્ય જ છે. છતાંય, તમારું અહિત મારાથી જોવાતું જ નથી. એટલે કંઈક વાત કહી દીધી; પણ હે દેવી! મારી મોટી ભૂલ થઈ, ક્ષમા કરો. ॥ ૪॥

દો૦ – ગૂઢ़ કપટ પ્રિય બચન સુનિ તીય અધરબુધિ રાનિ ।
સુરમાયા બસ બૈરિનિહિ સુહૃદ જાનિ પતિઆનિ ॥ ૧૬॥

આધારરહિત (અસ્થિર) બુદ્ધિની સ્ત્રી અને દેવતાઓની માયાને વશ હોવાને લીધે રહસ્યપૂર્ણ કપટભર્યાં પ્રિય વચનોને સાંભળી રાણી કૈકેયીએ વેરી મંથરાને પોતાની સુહૃદ જાણીને તેનો વિશ્વાસ કરી લીધો. ॥ ૧૬॥

ચૌ૦ – સાદર પુનિ પુનિ પૂઁછતિ ઓહી । સબરી ગાન મૃગી જનુ મોહી ॥
તસિ મતિ ફિરી અહઇ જસિ ભાબી । રહસી ચેરિ ઘાત જનુ ફાબી ॥ ૧॥

વારંવાર રાણી તેને આદરની સાથે પૂછી રહી છે, જાણે ભીલડીના ગાનથી હરણી મોહિત થઈ ગઈ હોય. જેવું ભાવિ (થનારું) છે, તેવી જ બુદ્ધિ પણ ફરી ગઈ. દાસી પોતાનો દાવ લાગ્યો જાણીને હરખાઈ ઊઠી. ॥ ૧॥

તુમ્હ પૂઁછહુ મૈં કહત ડેરાઊઁ । ધરેહુ મોર ઘરફોરી નાઊઁ ॥
સજિ પ્રતીતિ બહુબિધિ ગઢ़િ છોલી । અવધ સાઢ़સાતી તબ બોલી ॥ ૨॥

તમે પૂછો છો, પણ હું કહેતાં ડરું છું. કેમ કે તમે પહેલાં જ મારું નામ ઘરફોડી રાખી દીધું છે. ઘણી રીતે ઘડી-છોલીને ખૂબ વિશ્વાસ જમાવીને પછી તે અયોધ્યાની સાડાસાતી (શનિની સાડાસાત વર્ષની અનિષ્ટકારિણી દશારૂપી મંથરા) બોલી – ॥ ૨॥

પ્રિય સિય રામુ કહા તુમ્હ રાની । રામહિ તુમ્હ પ્રિય સો ફુરિ બાની ॥
રહા પ્રથમ અબ તે દિન બીતે । સમઉ ફિરેં રિપુ હોહિં પિરીતે ॥ ૩॥

હે રાણી! તમે જે કહ્યું કે મને સીતા-રામ પ્રિય છે અને રામને તમે પ્રિય છો, તો આ વાત સાચી છે. પરંતુ આ વાત અગાઉ હતી, તે દિવસ હવે વીતી ગયા. સમય ફરી જવાથી મિત્ર પણ શત્રુ થઈ જાય છે. ॥ ૩॥

ભાનુ કમલ કુલ પોષનિહારા । બિનુ જલ જારિ કરઈ સોઈ છારા ॥
જરિ તુમ્હારિ ચહ સવતિ ઉખારી । રૂઁધહુ કરિ ઉપાઉ બર બારી ॥ ૪॥

સૂર્ય કમળના કુળનું પાલન કરનારો છે, પણ જળ વિના એ જ સૂર્ય તેમને (કમળોને) બાળીને ભસ્મ કરી દે છે. શોક્ય કૌશલ્યા તમારું મૂળ ઉખેડવા ઇચ્છે છે. માટે ઉપાયરૂપ શ્રેષ્ઠ વાડ લગાવી એને રૂંધી નાખો (પોતાને સુરક્ષિત કરી લો). ॥ ૪॥

દો૦ – તુમ્હહિ ન સોચુ સોહાગ બલ નિજ બસ જાનહુ રાઉ ।
મન મલીન મુહ મીઠ નૃપુ રાઉર સરલ સુભાઉ ॥ ૧૭॥

તમને તમારા સૌભાગ્યના બળ પર કોઈ ચિંતા જ નથી. રાજાને પોતાના વશમાં જાણો છો. પરંતુ રાજા મનના મેલા અને મોંના મીઠા છે! અને આપનો (સીધો) સરળ સ્વભાવ છે (આપ કપટ-ચતુરાઈ જાણતાં જ નથી). ॥ ૧૭॥

ચૌ૦ – ચતુર ગઁભીર રામ મહતારી । બીચુ પાઇ નિજ બાત સઁવારી ॥
પઠએ ભરતુ ભૂપ નનિઅઉરેં । રામ માતુ મત જાનબ રઉરેં ॥ ૧॥

રામનાં માતા (કૌશલ્યા) ઘણાં ચતુર અને ગંભીર છે (તેમનો તાગ કોઈ નથી પામતું). તેણે લાગ જોઈને પોતાની વાત સાધી લીધી. રાજાએ ભરતને મોસાળ મોકલી દીધો તેમાં બસ રામનાં માતાની જ સલાહ છે એમ આપ સમજો! ॥ ૧॥

સેવહિં સકલ સવતિ મોહિ નીકેં । ગરબિત ભરત માતુ બલ પી કેં ॥
સાલુ તુમ્હાર કૌસિલહિ માઈ । કપટ ચતુર નહિં હોઈ જનાઈ ॥ ૨॥

[કૌશલ્યા સમજે છે કે] બીજી બધી શોક્યો તો મારી સેવા સારી રીતે કરે છે, એક ભરતનાં મા પતિના બળે ગર્વિત રહે છે! એટલે જ હે માઈ! કૌશલ્યાને તમે ઘણાં જ ખટકી રહ્યાં છો. પરંતુ તે કપટ કરવામાં ચતુર છે, એટલે એમના હૃદયના ભાવ જાણવામાં આવતા જ નથી. ॥ ૨॥

રાજહિ તુમ્હ પર પ્રેમુ બિસેષી। સવતિ સુભાઉ સકઇ નહિં દેખી ॥
રચિ પ્રપંચુ ભૂપહિ અપનાઈ। રામ તિલક હિત લગન ધરાઈ ॥ ૩॥

રાજાનો તમારી ઉપર વિશેષ પ્રેમ છે. કૌશલ્યા શોક્યના સ્વભાવથી તેને જોઈ શકતાં નથી. એટલે તેમણે જાળ રચીને રાજાને પોતાને વશ કરીને [ભરતની અનુપસ્થિતિમાં] રામના રાજતિલક માટે મુહૂર્ત નક્કી કરાવી લીધું. ॥ ૩॥

યહ કુલ ઉચિત રામ કહુઁ ટીકા। સબહિ સોહાઇ મોહિ સુઠિ નીકા ॥
આગિલિ બાત સમુઝિ ડરુ મોહી। દેઉ દૈઉ ફિરિ સો ફલુ ઓહી ॥ ૪॥

રામને તિલક થાય, એ કુળ(રઘુકુળ)ને ઉચિત છે જ અને આ વાત બધાયને ગમે છે અને મને તો ઘણી જ સારી લાગે છે. પરંતુ મને તો આગળની વાત વિચારીને બીક લાગે છે. દૈવ વિપરીત બનીને તેનું ફળ તેને (કૌશલ્યાને) જ આપે. ॥ ૪॥

દો૦ – રચિ પચિ કોટિક કુટિલપન કીન્હેસિ કપટ પ્રબોધુ।
કહિસિ કથા સત સવતિ કૈ જેહિ બિધિ બાઢ઼ બિરોધુ ॥ ૧૮॥

આ રીતે કરોડો પ્રપંચપૂર્ણ વાતો ઘડી-છોલીને મંથરાએ કૈકેયીને ઊંધું-ચત્તું સમજાવી દીધું અને સેંકડો શોક્યોની વાર્તાઓ એ રીતે [બનાવી-બનાવીને] કહી કે જેથી વિરોધ વધે. ॥ ૧૮॥

ચૌ૦ – ભાવી બસ પ્રતીતિ ઉર આઈ। પૂઁછ રાનિ પુનિ સપથ દેવાઈ ॥
કા પૂઁછહુ તુમ્હ અબહુઁ ન જાના। નિજ હિત અનહિત પસુ પહિચાના ॥ ૧॥

ભાવિવશ કૈકેયીના મનમાં વિશ્વાસ બેસી ગયો. વળી, રાણી સોગંદ આપીને પૂછવા લાગ્યાં. [ત્યારે મંથરા બોલી –] શું પૂછો છો? તમે હજીય નથી સમજ્યાં? પોતાના સારા-નરસાને (અથવા મિત્ર-શત્રુને) તો પશુ પણ ઓળખી લે છે. ॥ ૧॥

ભયઉ પાખુ દિન સજત સમાજૂ। તુમ્હ પાઈ સુધિ મોહિ સન આજૂ ॥
ખાઇઅ પહિરિઅ રાજ તુમ્હારેં। સત્ય કહેં નહિં દોષુ હમારેં ॥ ૨॥

આખું પખવાડિયું વીતી ગયું સામાન સજાવતાં, અને તમે સમાચાર આજે મારી પાસેથી જાણ્યા! હું તમારા રાજ્યમાં (આશ્રયમાં) ખાઉં-પહેરું છું, એટલે સત્ય કહેવામાં મને કોઈ દોષ નથી. ॥ ૨॥

જૌં અસત્ય કછુ કહબ બનાઈ। તૌ બિધિ દેઇહિ હમહિ સજાઈ ॥
રામહિ તિલક કાલિ જૌં ભયઊ। તુમ્હ કહુઁ બિપતિ બીજુ બિધિ બયઊ ॥ ૩॥

જો હું કંઈ બનાવીને જૂઠું કહેતી હોઈશ તો વિધાતા મને દંડ આપશે. જો કાલે રામનું રાજતિલક થઈ ગયું તો [સમજી રાખજો કે] વિધાતાએ તમારા માટે વિપત્તિનું બી વાવી દીધું. ॥ ૩॥

રેખ ખઁચાઇ કહઉઁ બલુ ભાષી। ભામિનિ ભઇહુ દૂધ કઇ માખી ॥
જૌં સુત સહિત કરહુ સેવકાઈ। તૌ ઘર રહહુ ન આન ઉપાઈ ॥૪॥

હું આ વાત લીટી દોરીને બળપૂર્વક કહું છું, હે ભામિની! તમે તો હવે દૂધની માખી થઈ ગયાં! (જેમ દૂધમાં પડેલી માખીને લોકો કાઢીને ફેંકી દે છે, તેવી જ રીતે તમને પણ લોકો ઘરથી બહાર કાઢી મૂકશે.) જો પુત્રસહિત [કૌશલ્યાની] ચાકરી કરશો તો ઘરમાં રહી શકશો, [અન્યથા ઘરમાં રહેવાનો] બીજો ઉપાય નથી. ॥૪॥

દો૦ – કદ્રૂઁ બિનતહિ દીન્હ દુખુ તુમ્હહિ કૌસિલાઁ દેબ।
ભરતુ બંદિગૃહ સેઈહહિં લખનુ રામ કે નેબ ॥૧૯॥

કદ્રૂએ વિનતાને દુઃખ આપ્યું હતું, તમને કૌશલ્યા આપશે. ભરત કારાગારનું સેવન કરશે (જેલની હવા ખાશે) અને લક્ષ્મણ રામના નાયબ (સહકારી) બનશે. ॥૧૯॥

ચૌ૦ – કૈકયસુતા સુનત કટુ બાની। કહિ ન સકઇ કછુ સહમિ સુખાની ॥
તન પસેઉ કદલી જિમિ કાઁપી। કુબરીં દસન જીભ તબ ચાઁપી ॥૧॥

કૈકેયી મંથરાની કડવી વાણી સાંભળતાં જ ડરીને સુકાઈ ગઈ, કશું બોલી શકતી નથી. શરીરે પરસેવો છૂટી ગયો અને તે કેળની જેમ કંપવા લાગી. પછી કુબડી(મંથરા)એ પોતાની જીભ દાંત તળે દબાવી (એને ભય લાગ્યો કે ક્યાંક ભવિષ્યનું અત્યંત બિહામણું ચિત્ર સાંભળીને કૈકેયીના હૃદયની ગતિ ન રોકાઈ જાય, જેથી ઊલટું બધું જ કામ બગડી જાય). ॥૧॥

કહિ કહિ કોટિક કપટ કહાની। ધીરજુ ધરહુ પ્રબોધિસિ રાની ॥
ફિરા કરમુ પ્રિય લાગિ કુચાલી। બકિહિ સરાહઇ માનિ મરાલી ॥૨॥

પછી કપટની કરોડો વાર્તા કહી-કહીને તેણે રાણીને ખૂબ સમજાવ્યાં કે ધીરજ રાખો. કૈકેયીનું ભાગ્ય બદલાઈ ગયું, તેને કુચાલ પ્રિય લાગવા લાગી. તે બગલીને હંસી માનીને (વેરણને હિતકારી માનીને) તેનાં વખાણ કરવા લાગી. ॥૨॥

સુનુ મંથરા બાત ફુરિ તોરી। દહિનિ આઁખિ નિત ફરકઇ મોરી ॥
દિન પ્રતિ દેખઉઁ રાતિ કુસપને। કહઉઁ ન તોહિ મોહ બસ અપને ॥૩॥

કૈકેયીએ કહ્યું – મંથરા! સાંભળ, તારી વાત સત્ય છે. મારી જમણી આંખ નિત્ય ફરકી ઊઠે છે. હું પ્રત્યેક રાત્રે ખરાબ સપનાં જોઉં છું, પરંતુ પોતાના અજ્ઞાનવશ તે કહેતી નથી. ॥૩॥

કાહ કરૌં સખિ સૂધ સુભાઊ। દાહિન બામ ન જાનઉઁ કાઊ ॥૪॥

સખી! શું કરું, મારો તો સરળ સ્વભાવ છે. હું ડાબું-જમણું કશું જ નથી જાણતી. ॥૪॥

દો૦ – અપનેં ચલત ન આજુ લગિ અનભલ કાહુક કીન્હ।
કેહિં અઘ એકહિ બાર મોહિ દૈઅઁ દુસહ દુખુ દીન્હ ॥૨૦॥

પોતાના ધાર્યા પ્રમાણે (જ્યાં સુધી મારા વશમાં હોય ત્યાં સુધી) મેં આજ સુધી ક્યારેય કોઈનું બગાડ્યું નથી. તો પણ ન જાણે કયા પાપે દૈવે મને એક સાથે આ દુઃસહ્ય દુઃખ આપ્યું. ॥ ૨૦॥

ચૌ૦ – નૈહર જનમુ ભરબ બરુ જાઈ। જિઅત ન કરબિ સવતિ સેવકાઈ ॥
અરિ બસ દૈઉ જિઆવત જાહી। મરનુ નીક તેહિ જીવન ચાહી ॥ ૧॥

હું ભલે પિયર જઈને ત્યાં જ જીવન વિતાવી દઈશ પણ જીવતેજીવ શોક્યની ચાકરી નહીં કરું. દૈવ જેને શત્રુના વશમાં રાખી જીવાડે છે, તેના માટે તો જીવવા કરતાં મરવું જ સારું છે. ॥ ૧॥

દીન બચન કહ બહુબિધિ રાની। સુનિ કુબરીં તિયમાયા ઠાની ॥
અસ કસ કહહુ માનિ મન ઊના। સુખુ સોહાગુ તુમ્હ કહુઁ દિન દૂના ॥ ૨॥

રાણીએ ઘણી જાતનાં દીન વચન કહ્યાં, તે સાંભળીને કુબડીએ ત્રિયાચરિત વધાર્યું. [તે બોલી-] મનમાં ગ્લાનિ સમજીને આવું કેમ કહી રહ્યા છો? તમારું સુખ-સૌભાગ્ય દિવસે દિવસે બેવડાશે. ॥ ૨॥

જેહિં રાઉર અતિ અનભલ તાકા। સોઈ પાઈહિ યહુ ફલુ પરિપાકા ॥
જબ તેં કુમત સુના મૈં સ્વામિનિ। ભૂખ ન બાસર નીદ ન જામિનિ ॥ ૩॥

જેણે તમારું ખોટું ઈચ્છ્યું છે, તે જ પરિણામરૂપે તે બૂરાં ફળ પામશે. હે સ્વામિની! મેં જ્યારથી આ કુમત સાંભળ્યો છે, ત્યારથી મને ન તો દિવસે કંઈ ભૂખ લાગે છે અને રાત્રે નિંદ્રાય નથી આવતી. ॥ ૩॥

પૂઁછેઉઁ ગુનિન્હ રેખ તિન્હ ખાઁચી। ભરત ભુઆલ હોહિં યહ સાઁચી ॥
ભામિનિ કરહુ ત કહૌં ઉપાઊ। હૈ તુમ્હરીં સેવા બસ રાઊ ॥ ૪॥

મેં જ્યોતિષીઓને પૂછ્યું, તો તેમણે રેખા ખીંચીને ગણના માંડીને નિશ્ચયપૂર્વક કહ્યું કે ભરત રાજા થશે, એ સાચી વાત છે. હે ભામિની! તમે કરો, તો ઉપાય હું બતાવું. રાજા તમારી સેવાના વશમાં તો છે જ. ॥ ૪॥

દો૦ – પરઉઁ કૂપ તુઅ બચન પર સકઉઁ પૂત પતિ ત્યાગિ।
કહસિ મોર દુખુ દેખિ બડ઼ કસ ન કરબ હિત લાગિ ॥ ૨૧॥

[કૈકેયીએ કહ્યું –] હું તારા કહ્યાથી કૂવામાં પડતું મૂકી શકું છું, પુત્ર અને પતિને પણ છોડી શકું છું. જ્યારે તું મારા ભારે દુઃખને જોઈને કંઈ કહે છે, તો ભલા! હું પોતાના હિતને માટે તે શું કામ નહીં કરું? ॥ ૨૧॥

ચૌ૦ – કુબરીં કરિ કુબલી કૈકેઈ। કપટ છુરી ઉર પાહન ટેઈ ॥
લખઇ ન રાનિ નિકટ દુખુ કૈસેં। ચરઇ હરિત તિન બલિપસુ જૈસેં ॥ ૧॥

કુબડીએ કૈકેયીને [બધી રીતે] કુબલિ (અર્થાત્ બલિપશુ) બનાવીને કપટરૂપી છરાને પોતાના [કઠોર] હૃદયરૂપી પથ્થર ઉપર ઘસ્યો (તેની ધારને તેજ કરી). રાણી કૈકેયી પોતાના સમીપના (શીઘ્ર આવનારા) દુઃખને એવી રીતે જોઈ શકતી નથી, જેવી રીતે બલિનું પશુ લીલું ઘાસ ચરે છે [પણ એ નથી જાણતું કે મોત સિર ઉપર નાચી રહ્યું છે.] ॥ ૧॥

સુનત બાત મૃદુ અંત કઠોરી। દેતિ મનહુઁ મધુ માહુર ઘોરી॥
કહઈ ચેરિ સુધિ અહઈ કિ નાહીં। સ્વામિનિ કહિહુ કથા મોહિ પાહીં॥ ૨॥

મંથરાની વાત સાંભળ્યામાં તો કોમળ છે, પણ પરિણામમાં કઠોર (ભયાનક) છે. જાણે તે મધમાં ઓગાળીને ઝેર પીવડાવી રહી હોય. દાસી કહે છે – હે સ્વામિની! તમે એક વાત મને કહી હતી, તેનું સ્મરણ થાય છે કે નહીં? ॥ ૨॥

દુઇ બરદાન ભૂપ સન થાતી। માગહુ આજુ જુડ઼ાવહુ છાતી॥
સુતહિ રાજુ રામહિ બનબાસૂ। દેહુ લેહુ સબ સવતિ હુલાસૂ॥ ૩॥

તમારાં બે વરદાન રાજાની પાસે જમા છે. આજે રાજા પાસેથી માગીને પોતાની છાતી ઠારી લો. પુત્રને રાજ્ય અને રામને વનવાસ આપો અને બધી શોક્યોનો સઘળો આનંદ તમે ઉઠાવી લો. ॥ ૩॥

ભૂપતિ રામ સપથ જબ કરઈ। તબ માગેહુ જેહિં બચનુ ન ટરઈ॥
હોઈ અકાજુ આજુ નિસિ બીતેં। બચનુ મોર પ્રિય માનેહુ જી તેં॥ ૪॥

જ્યારે રાજા રામના સોગંદ ખાઈ લે ત્યારે વર માગજો, જેથી વચન ટાળી ન શકે. આજની રાત વીતી જશે તો કામ બગડી જશે. મારી વાતને હૃદય કરતાંય પ્રિય [અર્થાત્ પ્રાણોથી પણ પ્રિય] સમજજો. ॥ ૪॥

દો૦ – બડ઼ કુઘાતુ કરિ પાતકિનિ કહેસિ કોપગૃહઁ જાહુ।
કાજુ સઁવારેહુ સજગ સબુ સહસા જનિ પતિઆહુ॥ ૨૨॥

પાપીણી મંથરાએ ઘણો જ ખરાબ ઘા કરતાં કહ્યું – કોપભવનમાં જાઓ. બધું કામ ઘણી સાવચેતીથી કરજો, રાજા ઉપર એકદમ વિશ્વાસ ન મૂકશો (તેમની વાતોમાં ન આવી જશો). ॥ ૨૨॥

ચૌ૦ – કુબરિહિ રાનિ પ્રાનપ્રિય જાની। બાર બાર બડ઼િ બુદ્ધિ બખાની॥
તોહિ સમ હિત ન મોર સંસારા। બહે જાત કઇ ભઇસિ અધારા॥ ૧॥

કુબડીને રાણીએ પ્રાણો સમાન પ્રિય સમજીને વારંવાર તેની મહાન બુદ્ધિનાં વખાણ કર્યાં અને બોલી – સંસારમાં મારું હિતકારી તારા જેવું બીજું કોઈ નથી. તણાતી જતી મારા જેવી માટે તું આધાર બની છે. ॥ ૧॥

જૌં બિધિ પુરબ મનોરથુ કાલી। કરૌં તોહિ ચખ પૂતરિ આલી॥
બહુબિધિ ચેરિહિ આદરુ દેઈ। કોપભવન ગવની કૈકેઈ॥ ૨॥

જો વિધાતા કાલે મારો મનોરથ પૂરો કરી દે, તો હે સખી! હું તને આંખોની કીકી બનાવીશ. એ રીતે દાસીને ઘણી જાતનો આદર આપીને કૈકેયી કોપભવનમાં ચાલ્યાં ગયાં. ॥ ૨॥

બિપતિ બીજુ બરષા રિતુ ચેરી। ભુઇઁ ભઇ કુમતિ કૈકઈ કેરી॥
પાઇ કપટ જલુ અંકુર જામા। બર દોઉ દલ દુખ ફલ પરિનામા॥ ૩॥

વિપત્તિ (કંકાસ) બીજ છે, દાસી વર્ષાઋતુ છે, કૈકેયીની કુબુદ્ધિ [તે બીજને વાવવા માટે] જમીન થઈ ગઈ. તેમાં કપટરૂપી જળ પામીને અંકુર ફૂટી નીકળ્યું. બંને વરદાન તે અંકુરનાં બે પાંદડાં છે અને અંતમાં તેનાં દુઃખરૂપી ફળ થશે. ॥ ૩॥

કોપ સમાજુ સાજિ સબુ સોઈ। રાજુ કરત નિજ કુમતિ બિગોઈ॥
રાઉર નગર કોલાહલુ હોઈ। યહ કુચાલિ કછુ જાન ન કોઈ॥ ૪॥

કૈકેયી કોપના સર્વે સાજ સજીને [કોપભવનમાં] જઈ સૂઈ ગયાં. રાજ્ય કરનારી તે પોતાની દુષ્ટ બુદ્ધિથી નષ્ટ થઈ ગઈ. રાજમહેલ અને નગરમાં ધૂમ-ધામ મચી રહી છે. આ કુચાલ અંગે કોઈ કંઈ પણ જાણતું નથી. ॥ ૪॥

દો૦ – પ્રમુદિત પુર નર નારિ સબ સજહિં સુમંગલચાર।
એક પ્રબિસહિં એક નિર્ગમહિં ભીર ભૂપ દરબાર॥ ૨૩॥

આ બાજુ ઘણા જ આનંદિત થઈને નગરનાં સર્વે સ્ત્રી-પુરુષ શુભ મંગળાચારના સાજ સજી રહ્યાં છે. કોઈ અંદર જાય છે, કોઈ બહાર નીકળે છે, રાજદ્વારમાં ઘણી ભીડ થઈ રહી છે. ॥ ૨૩॥

ચૌ૦ – બાલ સખા સુનિ હિયઁ હરષાહીં। મિલિ દસ પાઁચ રામ પહિં જાહીં॥
પ્રભુ આદરહિં પ્રેમુ પહિચાની। પૂઁછહિં કુસલ ખેમ મૃદુ બાની॥ ૧॥

શ્રીરામચન્દ્રજીના બાલસખા રાજતિલકના સમાચાર સાંભળી હૃદયમાં ઘણા હરખાઈ રહ્યા છે. તેઓ દસ-પાંચ મળીને શ્રીરામચન્દ્રજીની પાસે જાય છે. પ્રેમ ઓળખીને પ્રભુ શ્રીરામચન્દ્રજી તેમનો આદર કરે છે અને કોમળ વાણીથી કુશળ-ક્ષેમ પૂછે છે. ॥ ૧॥

ફિરહિં ભવન પ્રિય આયસુ પાઈ। કરત પરસપર રામ બડ઼ાઈ॥
કો રઘુબીર સરિસ સંસારા। સીલુ સનેહુ નિબાહનિહારા॥ ૨॥

પોતાના પ્રિય સખા શ્રીરામચન્દ્રજીની આજ્ઞા પામીને તેઓ પરસ્પર એકબીજાને શ્રીરામચન્દ્રજીનો મહિમા કહેતાં કહેતાં ઘેર પાછા ફરે છે અને કહે છે – સંસારમાં શ્રીરઘુનાથજીના જેવો શીલ અને સ્નેહને નભાવનારો કોણ છે? ॥ ૨॥

જેહિં જેહિં જોનિ કરમ બસ ભ્રમહીં। તહઁ તહઁ ઈસુ દેઉ યહ હમહીં॥
સેવક હમ સ્વામી સિયનાહૂ। હોઉ નાત યહ ઓર નિબાહૂ॥ ૩॥

ભગવાન આપણને એ જ આપે કે આપણે પોતાના કર્મવશ ભ્રમણ કરતાં જે જે યોનિમાં જન્મ લઈએ ત્યાં ત્યાં (તે - તે યોનિમાં) આપણે તો સેવક થઈએ અને સીતાપતિ શ્રીરામચન્દ્રજી આપણા સ્વામી થાય અને આ સંબંધ અંત સુધી નભે જાય. ॥ ૩॥

અસ અભિલાષુ નગર સબ કાહૂ। કૈકયસુતા હૃદયઁ અતિ દાહૂ॥
કો ન કુસંગતિ પાઇ નસાઈ। રહઇ ન નીચ મતેં ચતુરાઈ॥ ૪॥

નગરમાં સર્વેની આવી જ અભિલાષા છે. પરંતુ કૈકેયીના હૃદયમાં ઘણી બળતરા થઈ રહી છે. કુસંગતિ પામીને કોણ નષ્ટ નથી થતું? નીચના મત મુજબ ચાલવાથી કુશળતા રહી શકતી નથી. ॥ ૪॥

દો૦ – સાંઝ સમય સાનંદ નૃપુ ગયઉ કૈકઈ ગેહૈં ।
ગવનુ નિઠુરતા નિકટ કિય જનુ ધરિ દેહ સનેહૈં ॥ ૨૪॥

સંધ્યા સમયે રાજા દશરથ આનંદની સાથે કૈકેયીના મહેલમાં ગયા. જાણે સાક્ષાત્ સ્નેહ જ શરીર ધારણ કરીને નિષ્ઠુરતાની પાસે ગયો હોય. ॥ ૨૪॥

ચૌ૦ – કોપભવન સુનિ સકુચેઉ રાઊ । ભય બસ અગહુડ઼ પરઈ ન પાઊ ॥
સુરપતિ બસઈ બાહૅંબલ જાકેં । નરપતિ સકલ રહહિં રુખ તાકેં ॥ ૧॥

કોપભવનનું નામ સાંભળીને રાજા ડરી ગયા. ભયના કારણે તેમનો પગ આગળ નથી વધતો. સ્વયં દેવરાજ ઇન્દ્ર જેમની ભુજાઓના બળે [રાક્ષસોથી નિર્ભય થઈને] વસે છે અને સમસ્ત રાજા લોકો જેમની આજ્ઞાની વાટ જોતા રહે છે, ॥ ૧॥

સો સુનિ તિય રિસ ગયઉ સુખાઈ । દેખહુ કામ પ્રતાપ બડ઼ાઈ ॥
સૂલ કુલિસ અસિ અઁગવનિહારે । તે રતિનાથ સુમન સર મારે ॥ ૨॥

તે જ રાજા દશરથ સ્ત્રીની રીસ સાંભળીને સુકાઈ ગયા. કામદેવનો પ્રતાપ અને મહિમા તો જુઓ. જે રાજા ત્રિશૂળ, વજ્ર અને તલવાર આદિના ઘા પોતાનાં અંગો પર સહેનારા છે, તેઓ કામદેવના પુષ્પબાણથી માર્યા ગયા. ॥ ૨॥

સભય નરેસુ પ્રિયા પહિં ગયઊ । દેખિ દસા દુખુ દારુન ભયઊ ॥
ભૂમિ સયન પટુ મોટ પુરાના । દિએ ડારિ તન ભૂષન નાના ॥ ૩॥

રાજા બીતાં બીતાં પોતાની પ્રિય કૈકેયીની પાસે ગયા. તેની દશા જોઈને તેમને ઘણું જ દુઃખ થયું. કૈકેયી જમીન પર પડ્યાં છે. જૂનાં જાડાં કપડાં પહેર્યાં છે. શરીર પરથી વિવિધ અલંકારોને ઉતારીને ફેંકી દીધાં છે. ॥ ૩॥

કુમતિહિ કસિ કુબેષતા ફાબી । અનઅહિવાતુ સૂચ જનુ ભાબી ॥
જાઈ નિકટ નૃપુ કહ મૃદુ બાની । પ્રાનપ્રિયા કેહિ હેતુ રિસાની ॥ ૪॥

તે દુર્બુદ્ધિ કૈકેયીને આ કુવેષતા કેવી શોભી રહી છે, જાણે ભાવિ વૈધવ્યપણાની સૂચના આપી રહી હોય. રાજા તેની પાસે જઈને કોમળ વાણીથી બોલ્યા – હે પ્રાણપ્રિયે! શા માટે રિસાઈ છો? ॥ ૪॥

છં૦ – કેહિ હેતુ રાનિ રિસાનિ પરસત પાનિ પતિહિ નેવારઈ ।
માનહુઁ સરોષ ભુઅંગ ભામિનિ બિષમ ભાઁતિ નિહારઈ ॥
દોઉ બાસના રસના દસન બર મરમ ઠાહરુ દેખઈ ।
તુલસી નૃપતિ ભવતબ્યતા બસ કામ કૌતુક લેખઈ ॥ ૧॥

'હે રાણી! કેમ ગુસ્સે ભરાઈ છો?' આમ કહીને રાજા તેને હાથથી સ્પર્શ કરે છે તો તે હાથને [ઝાટકો મારી] હટાવી દે છે અને એવી રીતે જુએ છે જાણે ક્રોધમાં ભરાયેલી નાગણ ક્રૂર દૃષ્ટિથી જોઈ રહી હોય. બંને [વરદાનોની] વાસનાઓ તે નાગણની બે જીભો છે અને બંને વરદાન દાંત

છે; તે કરડવા માટે મર્મસ્થાન જોઈ રહ્યા છે. તુલસીદાસજી કહે છે કે રાજા દશરથ ભાવિના વશમાં થઈને આને (આ રીતે હાથને ઝાટકવાની અને નાગણની જેમ જોવાની ક્રિયાને) કામદેવની ક્રીડા જ સમજી રહ્યા છે. ॥૫॥

સો૦ – બાર બાર કહ રાઉ સુમુખિ સુલોચનિ પિકબચનિ।
કારન મોહિ સુનાઉ ગજગામિનિ નિજ કોપ કર ॥ ૨૫॥

રાજા વારંવાર કહી રહ્યા છે – હે સુમુખી! હે સુલોચની! હે કોકીલકંઠી! હે ગજગામિની! મને પોતાના ક્રોધનું કારણ તો સંભળાવ. ॥ ૨૫॥

ચૌ૦ – અનહિત તોર પ્રિયા કેઈઁ કીન્હા। કેહિ દુઇ સિર કેહિ જમુ ચહ લીન્હા॥
કહુ કેહિ રંકહિ કરૌં નરેસૂ। કહુ કેહિ નૃપહિ નિકાસૌં દેસૂ ॥ ૧॥

હે પ્રિયે! કોણે તારું અનિષ્ટ કર્યું? કોણ બે માથાંનો છે? યમરાજ કોને લઈ જવા (પોતાના લોકમાં લઈ જવા) ઈચ્છે છે? કહે, કયા કંગાળને રાજા કરી દઉં અથવા કયા રાજાને દેશવટો આપી દઉં? ॥ ૧॥

સકઉઁ તોર અરિ અમરઉ મારી। કાહ કીટ બપુરે નર નારી॥
જાનસિ મોર સુભાઉ બરોરૂ। મનુ તવ આનન ચંદ ચકોરૂ ॥ ૨॥

તારો શત્રુ અમર (દેવ) પણ હોય તો હું એને પણ મારી શકું છું. કીડા-મકોડા જેવા બીચારાં નર-નારી તો શું ચીજ છે? હે સુંદરી! તું તો મારો સ્વભાવ જાણે જ છે કે મારું મન સદા તારા મુખરૂપી ચન્દ્રમાનો ચકોર છે. ॥ ૨॥

પ્રિયા પ્રાન સુત સરબસુ મોરેં। પરિજન પ્રજા સકલ બસ તોરેં॥
જૌં કછુ કહૌં કપટુ કરિ તોહી। ભામિનિ રામ સપથ સત મોહી ॥ ૩॥

હે પ્રિયે! મારી પ્રજા, કુટુમ્બી, સર્વસ્વ (સમ્પત્તિ), પુત્ર, એટલે સુધી કે મારા પ્રાણ પણ – આ બધું – તારા વશમાં (આધીન) છે. જો હું તારાથી કંઈ કપટ કરીને કહેતો હોઉં તો હે ભામિની! મંને સો વાર રામના સોગંદ છે. ॥ ૩॥

બિહસિ માગુ મનભાવતિ બાતા। ભૂષન સજહિ મનોહર ગાતા॥
ઘરી કુઘરી સમુઝિ જિયઁ દેખૂ। બેગિ પ્રિયા પરિહરહિ કુબેષૂ ॥ ૪॥

તું હસીને (પ્રસન્નતાપૂર્વક) પોતાની મનવાંછિત વાત માગી લે અને પોતાના મનોહર અંગોને આભૂષણોથી સજાવ. સારા-માઠા(અવસર)નો તો મનમાં વિચાર કરી જો. હે પ્રિયે! જલદી આ ખરાબ વેશને ત્યજી દે. ॥ ૪॥

દો૦ – યહ સુનિ મન ગુનિ સપથ બડ઼િ બિહસિ ઉઠી મતિમંદ।
ભૂષન સજતિ બિલોકિ મૃગુ મનહુઁ કિરાતિનિ ફંદ ॥ ૨૬॥

આ સાંભળીને અને મનમાં રામજીના મોટા સોગંદનો વિચાર કરી મંદબુદ્ધિ કૈકેયી હસતાં હસતાં ઊઠી અને ઘરેણાં પહેરવા લાગી, જાણે કોઈ ભીલડી મૃગને જોઈને જાળ તૈયાર કરી રહી હોય. ॥ ૨૬॥

ચૌ૦ – પુનિ કહ રાઉ સુહૃદ જિયઁ જાની । પ્રેમ પુલકિ મૃદુ મંજુલ બાની ॥
ભામિનિ ભયઉ તોર મનભાવા । ઘર ઘર નગર અનંદ બધાવા ॥ ૧॥

પોતાના ચિત્તમાં કૈકેયીને સુહૃદ જાણીને રાજા દશરથજી પ્રેમથી પુલકિત થઈને કોમળ અને સુંદર વાણીથી ફરી બોલ્યા – હે ભામિની! તારું મનધાર્યું થઈ ગયું. નગરમાં ઘેર-ઘેર આનંદનાં વધામણાં વાગી રહ્યાં છે. ॥ ૧॥

રામહિ દેઉઁ કાલિ જુબરાજૂ । સજહિ સુલોચનિ મંગલ સાજૂ ॥
દલકિ ઉઠેઉ સુનિ હૃદઉ કઠોરૂ । જનુ છુઇ ગયઉ પાક બરતોરૂ ॥ ૨॥

હું કાલે જ રામને યુવરાજ પદ આપી રહ્યો છું. એટલે હે સુનયની! તું મંગળ-સાજ સજ! સાંભળતાં જ તેનું કઠોર હૃદય ફાટી પડ્યું, જાણે પાકી ગયેલ બાલતોડ(ફોલ્લા)ને સ્પર્શ થઈ ગયો હોય. ॥ ૨॥

ઐસિઉ પીર બિહસિ તેહિં ગોઈ । ચોર નારિ જિમિ પ્રગટિ ન રોઈ ॥
લખહિં ન ભૂપ કપટ ચતુરાઈ । કોટિ કુટિલ મનિ ગુરૂ પઢ઼ાઈ ॥ ૩॥

આવી ભારે પીડાને પણ તેણે હસીને છુપાવી લીધી, જેમ ચોરની સ્ત્રી પ્રગટ થઈને રોતી નથી. (જેથી તેનો ભેદ ખુલી ન જાય). રાજા તેની કપટ-ચતુરાઈને સમજી નથી શકતા. કારણકે તે કરોડો કુટિલોની શિરોમણિ ગુરુ મંથરાની ભણાવેલી છે. ॥ ૩॥

જદ્યપિ નીતિ નિપુન નરનાહૂ । નારિચરિત જલનિધિ અવગાહૂ ॥
કપટ સનેહુ બઢ઼ાઈ બહોરી । બોલી બિહસિ નયન મુહુ મોરી ॥ ૪॥

જોકે રાજા નીતિમાં નિપુણ છે; પરંતુ ત્રિયાચરિત્ર અગાધ સમુદ્ર છે. પછી કૈકેયી કપટયુક્ત સ્નેહ વધારીને (ઉપરથી પ્રેમ દાખવતાં) નેત્ર અને મુખ મરડીને હસતાં બોલી – ॥ ૪॥

દો૦ – માગુ માગુ પૈ કહહુ પિય કબહુઁ ન દેહુ ન લેહુ ।
દેન કહેહુ બરદાન દુઇ તેઉ પાવત સંદેહુ ॥ ૨૭॥

હે પ્રિયતમ! આપ માગ, માગ તો કહ્યા કરો છો પણ કદીય કશુંય આપતા-કરતા નથી. આપે બે વરદાન આપવાનું કહ્યું હતું, તે પણ મળવામાં શંકા છે. ॥ ૨૭॥

ચૌ૦ – જાનેઉઁ મરમુ રાઉ હઁસિ કહઈ । તુમ્હહિ કોહાબ પરમ પ્રિય અહઈ ॥
થાતી રાખિ ન માગિહુ કાઊ । બિસરિ ગયઉ મોહિ ભોર સુભાઊ ॥ ૧॥

રાજાએ હસીને કહ્યું કે હવે હું તમારો મર્મ (અર્થ) સમજ્યો. માન કરવું તમને પરમ પ્રિય છે. તમે તે વરદાનોને થાપણ (જમા) રાખીને પછી કદીય માંગ્યા જ નહીં અને મારો ભૂલકણો સ્વભાવ હોવાથી મને પણ તે પ્રસંગ યાદ ન રહ્યો. ॥ ૧॥

ઝૂઠેહુઁ હમહિ દોષુ જનિ દેહૂ । દુઇ કૈ ચારિ માગિ મકુ લેહૂ ॥
રઘુકુલ રીતિ સદા ચલિ આઈ । પ્રાન જાહુઁ બરુ બચનુ ન જાઈ ॥ ૨॥

મને ખોટો-ખોટો દોષ ન આપો. ઈચ્છો તો બેના બદલે ચાર માગી લો. રઘુકુળમાં સદાય આ રીતિ ચાલી આવી છે કે પ્રાણ ભલે જ ચાલ્યા જાય પણ વચન ન જાય. ॥ ૨॥

નહિં અસત્ય સમ પાતક પુંજા। ગિરિ સમ હોહિં કિ કોટિક ગુંજા ॥
સત્યમૂલ સબ સુકૃત સુહાએ। બેદ પુરાન બિદિત મનુ ગાએ ॥ ૩॥

અસત્યની સમાન પાપોનો સમૂહ પણ નથી. શું કરોડો ચણોઠીઓ મળીને પણ ક્યાંય પર્વતની સમાન થઈ શકે છે. 'સત્ય' જ સમસ્ત ઉત્તમ સુકૃતો(પુણ્યો)નું મૂળ છે. આ વાત વેદ-પુરાણોમાં પ્રસિદ્ધ છે અને મનુજીએ પણ આ જ કહ્યું છે. ॥ ૩॥

તેહિ પર રામ સપથ કરિ આઈ। સુકૃત સનેહ અવધિ રઘુરાઈ ॥
બાત દૃઢ઼ાઈ કુમતિ હँસિ બોલી। કુમત કુબિહગ કુલહ જનુ ખોલી ॥ ૪॥

તેમ છતાં, મારાથી શ્રીરામજીના સોગંદ લેવાઈ ગયા. શ્રીરઘુનાથજી મારા સુકૃત અને સ્નેહની સીમા છે. આ રીતે વાત પાકી કરાવીને દુર્બુદ્ધિ કૈકેયી હસીને બોલ્યાં જાણે તેણે કુમતરૂપી દુષ્ટ પક્ષી(બાજ)ને છોડાવાને માટે તેની આંખો ઉપર(ઢાંકેલી ટોપી)નું આવરણ ખોલી નાખ્યું. ॥ ૪॥

દો૦ — ભૂપ મનોરથ સુભગ બનુ સુખ સુબિહંગ સમાજુ।
ભિલ્લિનિ જિમિ છાડ઼ન ચહતિ બચનુ ભયંકરુ બાજુ ॥ ૨૮॥

રાજાનો મનોરથ સુંદર વન છે, સુખ સુંદર પક્ષીઓનો સમુદાય છે. તેના પર ભીલડીની જેમ કૈકેયી પોતાના વચનરૂપી ભયંકર બાજને છોડવા ઈચ્છે છે. ॥ ૨૮॥

માસપારાયણ, તેરમો વિશ્રામ

ચૌ૦ — સુનહુ પ્રાનપ્રિય ભાવત જી કા। દેહુ એક બર ભરતહિ ટીકા ॥
માગઉँ દૂસર બર કર જોરી। પુરવહુ નાથ મનોરથ મોરી ॥ ૧॥

[તે બોલી —] હે પ્રાણપ્રિય! સાંભળો, મારા મનને ગમનારું એક વરદાન તો એ આપો કે ભરતને રાજતિલક; અને હે નાથ! બીજું વરદાન પણ હું હાથ જોડીને માગું છું, મારો મનોરથ પૂરો કરશો — ॥ ૧॥

તાપસ બેષ બિસેષિ ઉદાસી। ચૌદહ બરિસ રામુ બનબાસી ॥
સુનિ મૃદુ બચન ભૂપ હિયँ સોકૂ। સસિ કર છુઅત બિકલ જિમિ કોકૂ ॥ ૨॥

તપસ્વીઓના વેશમાં વિશેષ ઉદાસીન ભાવથી (રાજ્ય અને કુટુંબ આદિ તરફથી સારી રીતે ઉદાસીન થઈને વિરક્ત મુનિઓની જેમ) રામ ચૌદ વર્ષ સુધી વનમાં નિવાસ કરે. કૈકેયીનાં કોમળ (વિનયયુક્ત) વચન સાંભળીને રાજાના હૃદયમાં એવો શોક થયો કે જેમ ચન્દ્રમાનાં કિરણોના સ્પર્શથી ચકવો વ્યાકુળ થઈ જાય છે. ॥ ૨॥

ગયઉ સહમિ નહિં કછુ કહિ આવા। જનુ સચાન બન ઝપટેઉ લાવા ॥
બિબરન ભયઉ નિપટ નરપાલૂ। દામિનિ હનેઉ મનહુँ તરુ તાલૂ ॥ ૩॥

રાજા ડરથી સુકાઈ ગયા, એમનાથી કશું કહી ન શકાયું, જાણે બાજ વનમાં તેતર પર ત્રાટક્યો હોય. રાજાનો રંગ બિલકુલ ઊડી ગયો, જાણે તાડના ઝાડને વીજળીએ માર્યું હોય (જેમ તાડના ઝાડ પર વીજળી પડવાથી તે બળીને બદરંગ થઈ જાય છે, તેવો જ હાલ રાજાનો થયો). ॥ ૩॥

માથેં હાથ મૂદિ દોઉ લોચન। તનુ ધરિ સોચુ લાગ જનુ સોચન॥
મોર મનોરથુ સુરતરુ ફૂલા। ફરત કરિનિ જિમિ હતેઉ સમૂલા॥ ૪॥

માથે હાથ મૂકીને બંને નેત્રો બંધ કરીને રાજા એમ વિચારવા લાગ્યા કે જાણે સાક્ષાત્ શોક જ દેહ ધારણ કરીને વિચાર કરી રહ્યો હોય. [તેઓ વિચારે છે – હાય!] મારું મનોરથરૂપી કલ્પવૃક્ષ ફળી ચૂક્યું હતું, પરંતુ ફળતા સમયે કૈકેયીએ હાથણીની જેમ તેને મૂળસહિત ઉખાડીને નષ્ટ કરી નાંખ્યું. ॥ ૪॥

અવધ ઉજારિ કીન્હિ કૈકેઈં। દીન્હિસિ અચલ બિપતિ કૈ નેઈં॥ ૫॥

કૈકેયીએ અયોધ્યાને ઉજ્જડ કરી નાખી અને વિપત્તિનો અચળ પાયો નાખી દીધો. ॥ ૫॥

દો૦ – કવનેં અવસર કા ભયઉ ગયઉઁ નારિ બિસ્વાસ।
જોગ સિદ્ધિ ફલ સમય જિમિ જતિહિ અબિદ્યા નાસ॥ ૨૯॥

કયા અવસરે શું થઈ ગયું! સ્ત્રીનો વિશ્વાસ કરીને હું એવી રીતે માર્યો ગયો, જેમ યોગના સિદ્ધિરૂપી ફળ મળવાના સમયે યોગીને અવિદ્યા નષ્ટ કરી નાંખે છે. ॥ ૨૯॥

ચૌ૦ – એહિ બિધિ રાઉ મનહિં મન ઝાઁખા। દેખિ કુભાઁતિ કુમતિ મન માખા॥
ભરતુ કિ રાઉર પૂત ન હોંહી। આનેહુ મોલ બેસાહિ કિ મોહી॥ ૧॥

આ રીતે રાજા મનમાં ને મનમાં ખીજાઈને મુંઝાઈ રહ્યા છે. રાજાનો આવો બૂરો હાલ જોઈને દુર્બુદ્ધિ કૈકેયી મનમાં બહુ જ ક્રોધિત થઈ. [અને બોલી –] શું ભરત આપનો પુત્ર નથી? શું આપ મને મૂલ્ય ચૂકવીને ખરીદી લાવ્યા છો? (શું હું આપની વિવાહિતા પત્ની નથી?) ॥ ૧॥

જો સુનિ સરુ અસ લાગ તુમ્હારેં। કાહે ન બોલહુ બચનુ સઁભારેં॥
દેહુ ઉતરુ અનુ કરહુ કિ નાહીં। સત્યસંધ તુમ્હ રઘુકુલ માહીં॥ ૨॥

જો મારું વચન સાંભળતાં જ આપને બાણ જેવું લાગ્યું તો આપ સમજી-વિચારીને વાત કેમ કરતા નથી? ઉત્તર આપો – વચન પ્રમાણે કરો છો કે નહિ? આપ રઘુવંશમાં સત્ય પ્રતિજ્ઞાવાળા [પ્રસિદ્ધ] છો. ॥ ૨॥

દેન કહેહુ અબ જનિ બરુ દેહૂ। તજહુ સત્ય જગ અપજસુ લેહૂ॥
સત્ય સરાહિ કહેહુ બરુ દેના। જાનેહુ લેઇહિ માગિ ચબેના॥ ૩॥

આપે જ વર આપવાનું કહ્યું હતું, હવે ભલે ન આપો. સત્યને છોડી દો અને જગતમાં અપયશ વહોરી લો. સત્યની ઘણી પ્રશંસા કરીને વર આપવાનું કહ્યું હતું. શું સમજ્યું હતું કે આ ચવાણુ જ માગી લેશે? ॥ ૩॥

સિબિ દધીચિ બલિ જો કછુ ભાષા । તનુ ધનુ તજેઉ બચન પનુ રાખા ॥
અતિ કટુ બચન કહતિ કૈકેઈ । માનહુઁ લોન જરે પર દેઈ ॥ ૪॥

રાજા શિબિ, દધીચિ અને બલિએ જે કંઈ કહ્યું, શરીર અને ધન ત્યાગીને પણ તેમણે પોતાના વચનની પ્રતિજ્ઞાને પાળી. કૈકેયી ઘણાં જ કડવાં વચન કહી રહી છે, જાણે દાઝ્યા પર મીઠું ભભરાવી રહી હોય. ॥ ૪॥

દો૦ – ધરમ ધુરંધર ધીર ધરિ નયન ઉઘારે રાયઁ ।
સિરુ ધુનિ લીન્હિ ઉસાસ અસિ મારેસિ મોહિ કુઠાયઁ ॥ ૩૦॥

ધર્મની ધુરાને ધારણ કરનાર રાજા દશરથે ધીરજ ધરીને નેત્રો ખોલ્યાં અને માથું પીટીને તથા લાંબો શ્વાસ લઈને (નિસાસો નાખી) આમ કહ્યું કે આણે મને અત્યંત મર્મ સ્થળે તલવાર મારી છે. (એવી કઠણ પરિસ્થિતિ ઉત્પન્ન કરી નાખી, જેનાથી બચી નીકળવાનું કઠિન થઈ ગયું). ॥ ૩૦॥

ચૌ૦ – આગેં દીખિ જરત રિસ ભારી । મનહુઁ રોષ તરવારિ ઉઘારી ॥
મૂઠિ કુબુદ્ધિ ધાર નિઠુરાઈ । ધરી કૂબરીં સાન બનાઈ ॥ ૧॥

પ્રચંડ ક્રોધથી બળતી કૈકેયી એવી રીતે સામે દેખાઈ, જાણે ક્રોધરૂપી તલવાર નાગી (મ્યાનથી બહાર) ઊભી હોય. કુબુદ્ધિ તે તલવારની મૂઠ છે, નિષ્ઠુરતા ધાર છે અને તે કુબડી(મંથરા)રૂપી સરાણે ઘસાઈને તેજ કરેલી છે. ॥ ૧॥

લખી મહીપ કરાલ કઠોરા । સત્ય કિ જીવનુ લેઇહિ મોરા ॥
બોલે રાઉ કઠિન કરિ છાતી । બાની સબિનય તાસુ સોહાતી ॥ ૨॥

રાજાએ જોયું કે આ (તલવાર) ઘણી જ ભયાનક અને કઠોર છે [અને વિચાર્યું –] શું ખરેખર આ મારું જીવન લેશે? રાજા પોતાની છાતી કઠણ કરીને, ઘણી જ નમ્રતા સાથે તેને (કૈકેયીને) પ્રિય લાગનારાં વચન બોલ્યા – ॥ ૨॥

પ્રિયા બચન કસ કહસિ કુભાઁતી । ભીર પ્રતીતિ પ્રીતિ કરિ હાઁતી ॥
મોરેં ભરતુ રામુ દુઇ આઁખી । સત્ય કહઉઁ કરિ સંકરુ સાખી ॥ ૩॥

હે પ્રિયે! હે ભીરું! વિશ્વાસ અને પ્રેમને નષ્ટ કરીને આવાં ખોટી જાતનાં વચન કેમ કહી રહ્યાં છો? મારે તો ભરત અને રામચન્દ્ર બંને આંખો (અર્થાત્ એક - જ) છે; આ હું શંકરજીની સાક્ષીએ સાચું કહું છું. ॥ ૩॥

અવસિ દૂતુ મૈં પઠઇબ પ્રાતા । ઐહહિં બેગિ સુનત દોઉ ભ્રાતા ॥
સુદિન સોધિ સબુ સાજુ સજાઈ । દેઉઁ ભરત કહુઁ રાજુ બજાઈ ॥ ૪॥

હું ચોક્કસ સવારે જ દૂત મોકલીશ. બંને ભાઈ (ભરત-શત્રુઘ્ન) સાંભળતાં જ શીઘ્ર આવી જશે. સારો દિવસ (શુભ મુહૂર્ત) જોવડાવીને સર્વે તૈયારી કરીને ડંકો વગડાવી હું ભરતને રાજ્ય આપી દઈશ. ॥ ૪॥

દો૦ – લોભુ ન રામહિ રાજુ કર બહુત ભરત પર પ્રીતિ ।
મૈં બડ઼ છોટ બિચારિ જિયઁ કરત રહેઉઁ નૃપનીતિ ॥ ૩૧॥

રામને રાજ્યનો લોભ નથી અને ભરત ઉપર તેમનો ઘણો જ સ્નેહ છે. હું જ પોતાના મનમાં મોટા-નાનાનો વિચાર કરીને રાજનીતિનું પાલન કરી રહ્યો હતો (મોટાને રાજતિલક કરવા જઈ રહ્યો હતો). ॥ ૩૧॥

ચૌ૦ – રામ સપથ સત કહઉઁ સુભાઊ । રામમાતુ કછુ કહેઉ ન કાઊ ॥
મૈં સબુ કીન્હ તોહિ બિનુ પૂઁછેં । તેહિ તેં પરેઉ મનોરથુ છૂછેં ॥ ૧॥

રામના સોગંદ સો વાર ખાઈને હું સ્વભાવથી જ કહું છું કે રામનાં માતા(કૌશલ્યા)એ [આ વિષયમાં] મને ક્યારેય કશું જ નથી કહ્યું. ચોક્કસ છે કે મેં તમને પૂછ્યા વિના આ બધું કર્યું. આથી મારો મનોરથ [નિષ્ફળ] ગયો. ॥ ૧॥

રિસ પરિહરુ અબ મંગલ સાજૂ । કછુ દિન ગએઁ ભરત જુબરાજૂ ॥
એકહિ બાત મોહિ દુખુ લાગા । બર દૂસર અસમંજસ માગા ॥ ૨॥

હવે ક્રોધ છોડી દે અને મંગળ સાજ સજ. થોડાક જ દિવસો બાદ ભરત યુવરાજ થઈ જશે. એક જ વાતનું મને દુઃખ થયું કે તેં બીજું વચન ઘણું જ અડચણવાળું - ધર્મ સંકટવાળું માગ્યું. ॥ ૨॥

અજહૂઁ હૃદઉ જરત તેહિ આઁચા । રિસ પરિહાસ કિ સાઁચેહુઁ સાઁચા ॥
કહુ તજિ રોષુ રામ અપરાધૂ । સબુ કોઉ કહઇ રામુ સુઠિ સાધૂ ॥ ૩॥

તેના તાપથી હજી પણ મારું હૃદય સળગી રહ્યું છે. આ મશ્કરીમાં, ક્રોધમાં અથવા ખરેખર જ (વાસ્તવમાં) સાચું છે? ક્રોધને ત્યાગીને રામનો અપરાધ તો બતાવ. હર કોઈ તો કહે છે કે રામ ઘણા જ સજ્જન છે. ॥ ૩॥

તુહૂઁ સરાહસિ કરસિ સનેહૂ । અબ સુનિ મોહિ ભયઉ સંદેહૂ ॥
જાસુ સુભાઉ અરિહિ અનુકૂલા । સો કિમિ કરિહિ માતુ પ્રતિકૂલા ॥ ૪॥

તું સ્વયં પણ રામની પ્રશંસા કરતી હતી અને તેમના ઉપર સ્નેહ રાખતી હતી. હવે, આ સાંભળીને મને સંદેહ થઈ ગયો છે [કે તમારી પ્રશંસા અને સ્નેહ કંઈ જૂઠો તો ન હતો?] જેનો (રામનો) સ્વભાવ શત્રુને પણ અનુકૂળ છે, તે માતાને પ્રતિકૂળ આચરણ શું કામ કરશે? ॥ ૪॥

દો૦ – પ્રિયા હાસ રિસ પરિહરહિ માગુ બિચારિ બિબેકુ ।
જેહિં દેખૌં અબ નયન ભરિ ભરત રાજ અભિષેકુ ॥ ૩૨॥

હે પ્રિયે! હાસ્ય અને ક્રોધ છોડી દે અને વિવેક-વિચારપૂર્વક વરદાન માગ, જેથી હવે હું નેત્ર ભરીને ભરતનો રાજ્યાભિષેક જોઈ શકું. ॥ ૩૨॥

ચૌ૦ – જિઐ મીન બરુ બારિ બિહીના । મનિ બિનુ ફનિકુ જિઐ દુખ દીના ॥
કહઉઁ સુભાઉ ન છલુ મન માહીં । જીવનુ મોર રામ બિનુ નાહીં ॥ ૧॥

માછલી ભલે વિના પાણીએ જીવતી રહે અને સર્પ પણ ભલે મણિ વગર દીનદુઃખી બનીને જીવતો રહે. પરંતુ હું સ્વભાવથી જ કહું છું, મનમાં કપટ રાખીને નહિ; કે મારું જીવન રામજી વિના નથી. ॥ ૧॥

સમુઝિ દેખુ જિયઁ પ્રિયા પ્રબીના। જીવનુ રામ દરસ આધીના॥
સુનિ મૃદુ બચન કુમતિ અતિ જરઈ। મનહુઁ અનલ આહુતિ ઘૃત પરઈ॥ ૨॥

હે કુશળ પ્રિયે! ચિત્તમાં સમજીને જો, મારું જીવન શ્રીરામનાં દર્શનને આધીન છે. રાજાનાં કોમળ વચન સાંભળીને દુર્બુદ્ધિ કૈકેયી અત્યંત બળી રહી છે, જાણે અગ્નિમાં ઘીની આહુતિઓ અપાઈ રહી હોય. ॥ ૨॥

કહઇ કરહુ કિન કોટિ ઉપાયા। ઇહાઁ ન લાગિહિ રાઉરિ માયા॥
દેહુ કિ લેહુ અજસુ કરિ નાહીં। મોહિ ન બહુત પ્રપંચ સોહાહીં॥ ૩॥

[કૈકેયી કહે છે –] આપ કરોડો ઉપાય કેમ ન કરો, અહીં આપની માયા નહીં ચાલે. કાં તો મેં જે માગ્યું છે તે આપો નહિતર 'ના' પાડીને અપયશ લઈ લો. મને ઘણા પ્રપંચ નથી ગમતાં. ॥ ૩॥

રામુ સાધુ તુમ્હ સાધુ સયાને। રામમાતુ ભલિ સબ પહિચાને॥
જસ કૌસિલાઁ મોર ભલ તાકા। તસ ફલુ ઉન્હહિ દેઉઁ કરિ સાકા॥ ૪॥

શ્રીરામ ભલા છે, આપ ઘણા ભલા છો અને રામનાં માતા પણ ભલાં છે, મેં બધાને ઓળખી લીધા છે. કૌશલ્યાએ મારું જેવું ભલું ઇચ્છ્યું છે, હું પણ તેમને સંભારણારૂપ (કાયમ યાદ રહે) તેવું જ ફળ આપીશ. ॥ ૪॥

દો૦ – હોત પ્રાતુ મુનિબેષ ધરિ જૌં ન રામુ બન જાહિં।
મોર મરનુ રાઉર અજસ નૃપ સમુઝિઅ મન માહિં॥ ૩૩॥

સવાર થતાં જ મુનિનો વેશ ધારણ કરીને જો રામ વનમાં નહીં જાય તો હે રાજન્! મનમાં નિશ્ચય સમજી લેજો કે મારું મરણ થશે અને આપનો અપયશ. ॥ ૩૩॥

ચૌ૦ – અસ કહિ કુટિલ ભઈ ઉઠિ ઠાઢ઼ી। માનહુઁ રોષ તરંગિનિ બાઢ઼ી॥
પાપ પહાર પ્રગટ ભઇ સોઈ। ભરી ક્રોધ જલ જાઇ ન જોઈ॥ ૧॥

આમ કહીને કુટિલ કૈકેયી ઊઠીને ઊભી થઈ, જાણે ક્રોધની નદી ઊભરાઈ હોય. તે નદી પાપરૂપી પર્વતમાંથી પ્રકટ થઈ છે અને ક્રોધરૂપી જળથી ભરેલી છે; [એવી ભયાનક છે કે] જોઈ નથી શકાતી. ॥ ૧॥

દોઉ બર કૂલ કઠિન હઠ ધારા। ભવઁર કૂબરી બચન પ્રચારા॥
ઢાહત ભૂપરૂપ તરુ મૂલા। ચલી બિપતિ બારિધિ અનકૂલા॥ ૨॥

બંને વરદાન એ નદીના બે કિનારા છે, કૈકેયીની કઠિન હઠ જ તેની [તીવ્ર] ધારા છે અને કુબડી(મંથરા)નાં વચનોની પ્રેરણા જ વમળ છે. [તે ક્રોધરૂપી નદી] રાજા દશરથરૂપી વૃક્ષને જડ-મૂળથી ઉખાડીને વિપત્તિરૂપી સમુદ્રની તરફ [સીધી] ચાલી છે. ॥ ૨॥

લખી નરેસ બાત ફુરિ સાँચી। તિય મિસ મીચુ સીસ પર નાચી॥
ગહિ પદ બિનય કીન્હ બૈઠારી। જનિ દિનકર કુલ હોસિ કુઠારી॥ ૩॥

રાજાએ સમજી લીધું કે વાત ખરેખર (વાસ્તવમાં) સાચી છે, સ્ત્રીના બહાને મારું મૃત્યુ જ માથા પર નાચી રહ્યું છે. [અને પછી રાજાએ કૈકેયીનાં] ચરણ પકડીને તેને બેસાડી અને વિનંતી કરી કે તું સૂર્યકુળ[રૂપી વૃક્ષ]ને માટે કુહાડી ન બન. ॥ ૩॥

માગુ માથ અબહીં દેઉँ તોહી। રામ બિરહँ જનિ મારસિ મોહી॥
રાખુ રામ કહુँ જેહિ તેહિ ભાँતી। નાહિં ત જરિહિ જનમ ભરિ છાતી॥ ૪॥

તું મારું માથું માગી લે, હું તને હમણાં આપી દઉં. પણ રામના વિરહમાં મને ન માર. જે કોઈ પણ રીતે હોય તેમ તું રામને રાખી લે. નહીં તો જન્મભર તારી છાતી બળશે. ॥ ૪॥

દો૦ – દેખી બ્યાધિ અસાધ નૃપુ પરેઉ ધરનિ ધુનિ માથ।
કહત પરમ આરત બચન રામ રામ રઘુનાથ॥ ૩૪॥

રાજાએ જોયું કે રોગ અસાધ્ય છે, ત્યારે તેઓ અત્યંત આર્તવાણીથી 'હા રામ!' 'હા રામ!' 'હા રઘુનાથ!' કહીને માથું પીટીને જમીન ઉપર પડી ગયા. ॥ ૩૪॥

ચૌ૦ – બ્યાકુલ રાઉ સિથિલ સબ ગાતા। કરિનિ કલપતરુ મનહુँ નિપાતા॥
કંઠુ સૂખ મુખ આવ ન બાની। જનુ પાઠીનુ દીન બિનુ પાની॥ ૧॥

રાજા વ્યાકુળ થઈ ગયા, તેમનું આખું શરીર શિથિલ પડી ગયું, જાણે હાથણીએ કલ્પવૃક્ષને ઉખાડી ફેંકી દીધું હોય. કંઠ સુકાઈ ગયો, મુખથી વાત નથી નીકળતી, જાણે પાણી વગર પહિના નામની માછલી તરફડી રહી હોય. ॥ ૧॥

પુનિ કહ કટુ કઠોર કૈકેઈ। મનહુँ ઘાય મહુँ માહુર દેઈ॥
જૌં અંતહુँ અસ કરતબુ રહેઊ। માગુ માગુ તુમ્હ કેહિં બલ કહેઊ॥ ૨॥

કૈકેયી ફરી કડવાં અને કઠોર વચન બોલી, જાણે ઘામાં ઝેર ભરી રહી હોય. [તે કહે છે –] જો અંતમાં આવું જ કરવું હતું, તો આપે 'માગ, માગ' કયા બળે કહ્યું હતું? ॥ ૨॥

દુઈ કિ હોઈ એક સમય ભુઆલા। હँસબ ઠઠાઈ ફુલાઉબ ગાલા॥
દાનિ કહાઉબ અરુ કૃપનાઈ। હોઈ કિ ખેમ કુસલ રૌતાઈ॥ ૩॥

હે રાજન્! અટ્ટહાસ્ય કરીને હસવું અને ગાલ ફુલાવવા - શું આ બંને એકીસાથે થઈ શકે છે? દાની પણ કહેવડાવવું અને કંજૂસાઈ પણ કરવી. શું રજપૂતાઈમાં ક્ષેમ-કુશળ પણ રહી શકે છે? (લડાઈમાં બહાદુરી પણ બતાવે અને ક્યાંય ઘા પણ ન લાગે!) ॥ ૩॥

છાડ઼હુ બચનુ કિ ધીરજુ ધરહૂ। જનિ અબલા જિમિ કરુના કરહૂ॥
તનુ તિય તનય ધામુ ધનુ ધરની। સત્યસંધ કહુँ તૃન સમ બરની॥ ૪॥

કાં તો વચન (પ્રતિજ્ઞા) જ છોડી દો કાં તો ધૈર્ય ધારણ કરો. આમ, અસહાય સ્ત્રીની માફક રુઓ-કૂટો નહીં. સત્યવ્રતીને માટે તો શરીર, સ્ત્રી, પુત્ર, ઘર, ધન અને પૃથ્વી – બધા તણખલાં સમાન કહેવાયાં છે. ॥ ૪॥

દો૦ – મરમ બચન સુનિ રાઉ કહ કહુ કછુ દોષુ ન તોર ।
લાગેઉ તોહિ પિસાચ જિમિ કાલુ કહાવત મોર ॥ ૩૫॥

કૈકેયીનાં મર્મવેધી વચન સાંભળીને રાજાએ કહ્યું કે તું ગમે તે કહે, તારો કંઈ પણ દોષ નથી. મારો કાળ તને જાણે પિશાચ થઈને વળગી ગયો છે, એ જ તારાથી આ બધું કહેવડાવી રહ્યો છે. ॥ ૩૫॥

ચૌ૦ – ચહત ન ભરત ભૂપતહિ ભોરેં । બિધિ બસ કુમતિ બસી જિય તોરેં ॥
સો સબુ મોર પાપ પરિનામૂ । ભયઉ કુઠાહર જેહિં બિધિ બામૂ ॥ ૧॥

ભરત તો ભૂલેચૂકેય રાજપદ નથી ઇચ્છતો, ભાવિવશ તારા જ ચિત્તમાં કુમતિ આવી વસી. આ બધું મારા પાપોનું પરિણામ છે, જેથી કુસમયે વિધાતા વિપરીત થઈ ગયો. ॥ ૧॥

સુબસ બસિહિ ફિરિ અવધ સુહાઈ । સબ ગુન ધામ રામ પ્રભુતાઈ ॥
કરિહહિં ભાઇ સકલ સેવકાઈ । હોઇહિ તિહુઁ પુર રામ બડ઼ાઈ ॥ ૨॥

[તારી ઉજાડેલી] આ સુંદર અયોધ્યા તો પછીથી સારી રીતે વસશે અને સમસ્ત ગુણોના ધામ શ્રીરામની પ્રભુતા પણ થશે. બધા ભાઈ તેમની સેવા કરશે અને ત્રણેય લોકોમાં શ્રીરામનો મહિમા થશે; ॥ ૨॥

તોર કલંકુ મોર પછિતાઊ । મુએહુઁ ન મિટિહિ ન જાઇહિ કાઊ ॥
અબ તોહિ નીક લાગ કરુ સોઈ । લોચન ઓટ બૈઠુ મુહુ ગોઈ ॥ ૩॥

કેવળ તારું કલંક અને મારો પસ્તાવો મરવા છતાંય નહીં મટે, એ કોઈ પણ રીતે નહીં જાય. હવે, તને જે ઠીક લાગે તે જ કર. મોં છુપાવી મારી આંખોની આડે જઈને બેસ (અર્થાત્ મારી નજર સામેથી દૂર જા, મને મોં ન દેખાડીશ). ॥ ૩॥

જબ લગિ જિઔં કહઉઁ કર જોરી । તબ લગિ જનિ કછુ કહસિ બહોરી ॥
ફિરિ પછિતૈહસિ અંત અભાગી । મારસિ ગાઇ નહારૂ લાગી ॥ ૪॥

હું હાથ જોડીને કહું છું કે જ્યાં સુધી હું જીવતો રહું ત્યાં સુધી પછી કંઈ ન કહીશ (અર્થાત્ મારાથી ન બોલીશ). અરે અભાગણી! પછી તું અંતમાં પસ્તાઈશ કેમ કે તું તાંત (નહારુ–ચામડાની દોરી) માટે ગાયને મારી રહી છે. ॥ ૪॥

દો૦ – પરેઉ રાઉ કહિ કોટિ બિધિ કાહે કરસિ નિદાનુ ।
કપટ સયાનિ ન કહતિ કછુ જાગતિ મનહુઁ મસાનુ ॥ ૩૬॥

રાજા કરોડો રીતે (ઘણા પ્રકારે) સમજાવીને [અને આમ] તું કેમ સર્વનાશ કરી રહી છે કહીને પૃથ્વી પર ઢળી પડ્યા. પરંતુ કપટ કરવામાં ચતુર કૈકેયી કંઈ બોલતી નથી, જાણે [મૌન થઈને] મસાણ જગાડી રહી હોય. ॥ ૩૬॥

ચૌ૦ – રામ રામ રટ બિકલ ભુઆલૂ। જનુ બિનુ પંખ બિહંગ બેહાલૂ ॥
હૃદયઁ મનાવ ભોરુ જનિ હોઈ। રામહિ જાઇ કહૈ જનિ કોઈ ॥ ૧॥

રાજા 'રામ-રામ' રટી રહ્યા છે અને એવા વ્યાકુળ થઈ રહ્યા છે જેમ કોઈ પંખી પાંખો વિના બેહાલ હોય. તે પોતાના હૃદયને મનાવે છે (પ્રાર્થના કરે છે) કે સવાર જ ન થાય, અને કોઈ જઈને શ્રીરામચન્દ્રજીને આ વાત ન કહે. ॥ ૧॥

ઉદઉ કરહુ જનિ રબિ રઘુકુલ ગુર। અવધ બિલોકિ સૂલ હોઇહિ ઉર ॥
ભૂપ પ્રીતિ કૈકઇ કઠિનાઈ। ઉભય અવધિ બિધિ રચી બનાઈ ॥ ૨॥

હે રઘુકુળના ગુરુ (વડીલ મૂળપુરુષ) સૂર્ય ભગવાન! આપ પોતાનો ઉદય ન કરો. અયોધ્યાને [બેહાલ] જોઈને આપના હૃદયમાં મોટી પીડા થશે. રાજાની પ્રીતિ અને કૈકેયીની નિષ્ઠુરતા બંનેને બ્રહ્માએ સીમા સુધી રચીને બનાવ્યા છે (અર્થાત્ રાજા પ્રેમની સીમા છે અને કૈકેયી નિષ્ઠુરતાની). ॥ ૨॥

બિલપત નૃપહિ ભયઉ ભિનુસારા। બીના બેનુ સંખ ધુનિ દ્વારા ॥
પઢ઼હિં ભાટ ગુન ગાવહિં ગાયક। સુનત નૃપહિ જનુ લાગહિં સાયક ॥ ૩॥

વિલાપ કરતાં કરતાં જ રાજાની સવાર પડી ગઈ. રાજદ્વારે વીણા, વાંસળી અને શંખનો ધ્વનિ થવા લાગ્યો. ભાટ લોકો બિરુદાવલી ગાઈ રહ્યા છે અને ગવૈયા ગુણોનું ગાન કરી રહ્યા છે. તે સાંભળતાં રાજાને બાણ જેવાં લાગે છે. ॥ ૩॥

મંગલ સકલ સોહાહિં ન કૈસેં। સહગામિનિહિ બિભૂષન જૈસેં ॥
તેહિ નિસિ નીદ પરી નહિં કાહૂ। રામ દરસ લાલસા ઉછાહૂ ॥ ૪॥

રાજાને આ બધા મંગળ સાજ કેમ નથી ગમી રહ્યાં જેમ પતિની સાથે સતી થનારી સ્ત્રીને આભૂષણ! શ્રીરામચન્દ્રજીનાં દર્શનની લાલસા અને ઉત્સાહને લીધે તે રાત્રિએ કોઈને પણ નિંદ્રા ન આવી. ॥ ૪॥

દો૦ – દ્વાર ભીર સેવક સચિવ કહહિં ઉદિત રબિ દેખિ।
જાગેઉ અજહુઁ ન અવધપતિ કારનુ કવનુ બિસેષિ ॥ ૩૭॥

રાજદ્વાર ઉપર મંત્રીઓ અને સેવકોની ભીડ જામી છે. તે સર્વ સૂર્યને ઉદય થયેલો જોઈને કહે છે કે એવું કયું વિશેષ કારણ છે કે અવધપતિ દશરથજી હજી સુધી નથી જાગ્યા? ॥ ૩૭॥

ચૌ૦ – પછિલે પહર ભૂપુ નિત જાગા। આજુ હમહિ બડ઼ અચરજુ લાગા ॥
જાહુ સુમંત્ર જગાવહુ જાઈ। કીજિઅ કાજુ રજાયસુ પાઈ ॥ ૧॥

રાજા નિત્ય રાતના પાછલા પહોરે જાગી જાય છે, પરંતુ આજે અમને મોટું આશ્ચર્ય થઈ રહ્યું છે. હે સુમન્ત્ર! જાઓ, જઈને રાજાને જગાડો. તેમની આજ્ઞા મેળવીને અમે બધા કામ કરીએ. ॥ ૧॥

ગએ સુમંત્રુ તબ રાઉર માહીં। દેખિ ભયાવન જાત ડેરાહીં ॥
ધાઇ ખાઇ જનુ જાઇ ન હેરા। માનહુઁ બિપતિ બિષાદ બસેરા ॥ ૨॥

ત્યારે સુમન્ત્ર પ્રાસાદ(રાજમહેલ)માં ગયા, પરંતુ મહેલને જોઈને તે જતાં ડરી રહ્યા છે. [એવું લાગે છે] જાણે કરડી ખાવા ધાતો હોય, તેની તરફ જોઈ પણ નથી શકાતું, જાણે વિપત્તિ અને વિષાદે ત્યાં ડેરો તાણી રાખ્યો હોય. ॥ ૨॥

પૂછેં કોઉ ન ઊતરુ દેઈ। ગએ જેહિં ભવન ભૂપ કૈકેઈ॥
કહિ જયજીવ બૈઠ સિરુ નાઈ। દેખિ ભૂપ ગતિ ગયઉ સુખાઈ॥ ૩॥

પૂછવાથી કોઈ જવાબ આપતું નથી; તે એ મહેલમાં ગયા, જ્યાં રાજા અને કૈકેયી હતાં. 'જય જીવ' કહીને શીશ ઝુકાવીને (વંદન કરીને) બેઠા અને રાજાની દશા જોઈને તો તે સુકાઈ જ ગયા. ॥ ૩॥

સોચ બિકલ બિબરન મહિ પરેઊ। માનહુઁ કમલ મૂલુ પરિહરેઊ॥
સચિઉ સભીત સકઈ નહિં પૂઁછી। બોલી અસુભ ભરી સુભ છૂઁછી॥ ૪॥

[જોયું કે –] રાજા શોકથી વ્યાકુળ છે, ચહેરાનો રંગ ઊડી ગયો છે. જમીન પર એમ પડ્યા છે, જાણે કમળ મૂળ છોડીને (મૂળથી ઉખડીને) [કરમાયેલું] પડ્યું હોય. મન્ત્રી ડરના કારણે કંઈ પૂછી નથી શકતા. પછી અશુભથી ભરપૂર અને શુભથી વિહીન કૈકેયી બોલી – ॥ ૪॥

દો૦ – પરી ન રાજહિ નીદ નિસિ હેતુ જાન જગદીસુ।
રામુ રામુ રટિ ભોરુ કિય કહઈ ન મરમુ મહીસુ॥ ૩૮॥

રાજાને રાતે ઊંઘ નથી આવી, તેનું કારણ જગદીશ્વર જ જાણે. એમણે 'રામ રામ' રટીને સવાર પાડી દીધું, પરંતુ એનો ભેદ રાજા કંઈ પણ નથી કહેતા. ॥ ૩૮॥

ચૌ૦ – આનહુ રામહિ બેગિ બોલાઈ। સમાચાર તબ પૂઁછેહુ આઈ॥
ચલેઉ સુમંત્રુ રાય રુખ જાની। લખી કુચાલિ કીન્હિ કછુ રાની॥ ૧॥

તમે જલદી રામને બોલાવી લાવો, ત્યારે આવીને સમાચાર પૂછજો. રાજાનું મન જાણીને સુમન્ત્રજી ચાલ્યા, સમજી ગયા કે રાણીએ કંઈક કુચાલ ચાલી છે. ॥ ૧॥

સોચ બિકલ મગ પરઈ ન પાઊ। રામહિ બોલિ કહિહિ કા રાઊ॥
ઉર ધરિ ધીરજુ ગયઉ દુઆરેં। પૂઁછહિં સકલ દેખિ મનુ મારેં॥ ૨॥

સુમન્ત્ર શોકથી વ્યાકુળ છે, રસ્તા પર પગ નથી પડતા (આગળ વધી નથી શકાતું), [વિચારે છે –] રામજીને બોલાવીને રાજા શું કહેશે? કોઈ રીતે હૃદયમાં ધીરજ ધરીને તે દ્વાર પર ગયા. બધા લોકો તેમને મનદુઃખી (ઉદાસ) જોઈને પૂછવા લાગ્યા. ॥ ૨॥

સમાધાનુ કરિ સો સબહી કા। ગયઉ જહાઁ દિનકર કુલ ટીકા॥
રામ સુમંત્રહિ આવત દેખા। આદરુ કીન્હ પિતા સમ લેખા॥ ૩॥

બધા લોકોનું સમાધાન કરીને (કોઈ રીતે સમજાવી-પટાવી) સુમન્ત્ર ત્યાં ગયા, જ્યાં સૂર્યકુળના તિલક શ્રીરામચન્દ્રજી હતા. શ્રીરામચન્દ્રજીએ સુમન્ત્રને આવતા જોયા તો પિતાના સમાન સમજીને તેમનો આદર કર્યો. ॥ ૩॥

નિરખિ બદનુ કહિ ભૂપ રજાઈ। રઘુકુલદીપહિ ચલેઉ લેવાઈ॥
રામુ કુભાઁતિ સચિવ સઁગ જાહીં। દેખિ લોગ જહઁ તહઁ બિલખાહીં॥૪॥

શ્રીરામચન્દ્રજીના મુખકમળને નિહાળીને અને રાજાની આજ્ઞા સંભળાવીને તે રઘુકુળના દીપક શ્રીરામચન્દ્રજીને લઈ ચાલ્યા. શ્રીરામચન્દ્રજી મન્ત્રીની સાથે કંઈક અન્ય જ રીતે રાજસી ઠાઠમાઠ વિહીન જઈ રહ્યા છે, આ જોઈને લોકો જ્યાં-ત્યાં વિષાદ કરી રહ્યા છે. ॥૪॥

દો૦ – જાઇ દીખ રઘુબંસમનિ નરપતિ નિપટ કુસાજુ।
સહમિ પરેઉ લખિ સિંઘિનિહિ મનહુઁ બૃદ્ધ ગજરાજુ॥૩૯॥

રઘુવંશમણિ શ્રીરામચન્દ્રજીએ જઈને જોયું કે રાજા અત્યંત ખરાબ હાલતમાં એમ પડ્યા છે જાણે સિંહણને જોઈને કોઈ ઘરડો હાથી ભયગ્રસ્ત થઈને પડી ગયો હોય. ॥૩૯॥

ચૌ૦ – સૂખહિં અધર જરઇ સબુ અંગૂ। મનહુઁ દીન મનિહીન ભુઅંગૂ॥
સરુષ સમીપ દીખિ કૈકેઈ। માનહુઁ મીચુ ઘરીં ગનિ લેઈ॥૧॥

રાજાના હોઠ સુકાઈ રહ્યા છે અને આખું શરીર બળી રહ્યું છે, જાણે મણિ વિના સર્પ દુઃખી થઈ રહ્યો હોય. પાસે જ ક્રોધમાં ભરેલાં કૈકેયીને જોયાં, જાણે [સાક્ષાત્] મૃત્યુ જ બેસીને [રાજાના જીવનની અંતિમ] ઘડીઓ ગણી રહ્યું હોય. ॥૧॥

કરુનામય મૃદુ રામ સુભાઊ। પ્રથમ દીખ દુખુ સુના ન કાઊ॥
તદપિ ધીર ધરિ સમઉ બિચારી। પૂઁછી મધુર બચન મહતારી॥૨॥

શ્રીરામચન્દ્રજીનો સ્વભાવ કોમળ અને કરુણામય છે. તેમણે [પોતાના જીવનમાં] પહેલી વાર આ દુઃખ જોયું; આનાથી પહેલા ક્યારેય તેમણે દુઃખ સાંભળ્યું પણ ન હતું. તો પણ સમયનો વિચાર કરીને હૃદયમાં ધીરજ ધરીને એમણે મીઠાં વચનોથી માતા કૈકેયીને પૂછ્યું – ॥૨॥

મોહિ કહુ માતુ તાત દુખ કારન। કરિઅ જતન જેહિં હોઇ નિવારન॥
સુનહુ રામ સબુ કારનુ એહૂ। રાજહિ તુમ્હ પર બહુત સનેહૂ॥૩॥

હે માતા! મને પિતાજીના દુઃખનું કારણ કહો એટલે જેનાથી તેનું નિવારણ થાય (દુઃખ દૂર થાય) તે યત્ન કરી શકાય. [કૈકેયીએ કહ્યું –] હે રામ! સાંભળો, બધું કારણ એ જ છે કે રાજાનો તમારા ઉપર ઘણો સ્નેહ છે, ॥૩॥

દેન કહેન્હિ મોહિ દુઇ બરદાના। માગેઉઁ જો કછુ મોહિ સોહાના॥
સો સુનિ ભયઉ ભૂપ ઉર સોચૂ। છાડ઼િ ન સકહિં તુમ્હાર સઁકોચૂ॥૪॥

એમણે મને બે વરદાન આપવાનું કહ્યું હતું, મને જે કંઈ ઠીક લાગ્યું તે જ મેં માગ્યું. તેને સાંભળીને રાજાના હૃદયમાં શોક થઈ ગયો; કેમકે એ તમારો સંકોચ નથી છોડી શકતા. ॥૪॥

દો૦ – સુત સનેહુ ઇત બચનુ ઉત સંકટ પરેઉ નરેસુ।
સકહુ ત આયસુ ધરહુ સિર મેટહુ કઠિન કલેસુ॥૪૦॥

અહીં તો પુત્રનો સ્નેહ છે અને ત્યાં વચન (પ્રતિજ્ઞા); રાજા એ જ ધર્મસંકટમાં પડી ગયા છે. જો તમે કરી શકો, તો રાજાની આજ્ઞા શિરોધાર્ય કરો અને એમના કઠિન ક્લેશને મટાડો. ॥ ૪૦॥

ચૌ૦ – નિધરક બૈઠિ કહઇ કટુ બાની । સુનત કઠિનતા અતિ અકુલાની ॥
જીભ કમાન બચન સર નાના । મનહુઁ મહિપ મૃદુ લચ્છ સમાના ॥ ૧॥

કૈકેયી બેધડક બેસીને આવી કડવી વાણી કહી રહ્યાં છે જેને સાંભળીને સ્વયં કઠોરતા પણ અત્યંત વ્યાકુળ થઈ ઊઠી. જીભ ધનુષ છે, વચન ઘણાં જ તીર છે અને જાણે રાજા જ કોમળ નિશાના (લક્ષ્ય) સમાન છે. ॥ ૧॥

જનુ કઠોરપનુ ધરેં સરીરૂ । સિખઇ ધનુષબિદ્યા બર બીરૂ ॥
સબુ પ્રસંગુ રઘુપતિહિ સુનાઈ । બૈઠિ મનહુઁ તનુ ધરિ નિઠુરાઈ ॥ ૨॥

[આ સર્વ સાજ-સમાનની સાથે] જાણે સ્વયં કઠોરપણું શ્રેષ્ઠ વીરનું શરીર ધારણ કરીને ધનુષવિદ્યા શીખી રહ્યું છે. શ્રીરઘુનાથજીને સર્વ હાલ સંભળાવીને તે એમ બેઠી છે, જાણે નિષ્ઠુરતા જ શરીર ધારણ કરીને બેઠી હોય. ॥ ૨॥

મન મુસુકાઇ ભાનુકુલ ભાનૂ । રામુ સહજ આનંદ નિધાનૂ ॥
બોલે બચન બિગત સબ દૂષન । મૃદુ મંજુલ જનુ બાગ બિભૂષન ॥ ૩॥

સૂર્યકુળના સૂર્ય, સ્વાભાવિકપણે જ આનંદનિધાન શ્રીરામચન્દ્રજી મનમાં મલકાઈ સર્વ દૂષણોથી રહિત એવાં કોમળ અને સુંદર વચન બોલ્યા જે જાણે વાણીનાં આભૂષણો જ હતાં – ॥ ૩॥

સુનુ જનની સોઇ સુતુ બડ઼ભાગી । જો પિતુ માતુ બચન અનુરાગી ॥
તનય માતુ પિતુ તોષનિહારા । દુર્લભ જનનિ સકલ સંસારા ॥ ૪॥

હે માતા! સાંભળો, એ જ પુત્ર મહાભાગ્યશાળી છે, જે પિતા-માતાનાં વચનોનો અનુરાગી (પાલન કરનારો) છે. [આજ્ઞાપાલન દ્વારા] માતા-પિતાને સંતુષ્ટ કરનારો પુત્ર, હે જનની! આખાય સંસારમાં દુર્લભ છે. ॥ ૪॥

દો૦ – મુનિગન મિલનુ બિસેષિ બન સબહિ ભાઁતિ હિત મોર ।
તેહિ મહઁ પિતુ આયસુ બહુરિ સંમત જનની તોર ॥ ૪૧॥

વનમાં વિશેષરૂપે મુનિઓનો મેળાપ થશે, જેમાં મારું બધી રીતે કલ્યાણ છે. તેમાંય વળી, પિતાજીની આજ્ઞા અને હે જનની! તમારી સંમતિ છે, ॥ ૪૧॥

ચૌ૦ – ભરતુ પ્રાનપ્રિય પાવહિં રાજૂ । બિધિ સબ બિધિ મોહિ સનમુખ આજૂ ॥
જૌં ન જાઉઁ બન ઐસેહુ કાજા । પ્રથમ ગનિઅ મોહિ મૂઢ઼ સમાજા ॥ ૧॥

અને પ્રાણપ્રિય ભરત રાજ્ય પામશે. [આ સર્વે વાતોને જોઈને એ પ્રતીત થાય છે કે] આજે વિધાતા સર્વ પ્રકારે મારા સન્મુખ છે (મને અનુકૂળ છે). જો આવા કાર્યને માટેય હું વનમાં ન જાઉં તો મૂર્ખોના સમાજમાં સૌપ્રથમ મારી જ ગણતરી કરવી જોઈએ. ॥ ૧॥

સેવહિં અરઁડુ કલપતરુ ત્યાગી । પરિહરિ અમૃત લેહિં બિષુ માગી ॥
તેઉ ન પાઈ અસ સમઉ ચુકાહીં । દેખુ બિચારિ માતુ મન માહીં ॥ ૨॥

જે કલ્પવૃક્ષને છોડીને એરંડાનું સેવન કરે છે અને અમૃત ત્યાગીને વિષ માગી લે છે; હે માતા! મનમાં વિચાર કરીને જુઓ, તે (મહામૂર્ખ) પણ આવો અવસર પામીને ક્યારેય નહીં ચૂકે. ॥ ૨॥

અંબ એક દુખુ મોહિ બિસેષી । નિપટ બિકલ નરનાયકુ દેખી ॥
થોરિહિં બાત પિતહિ દુખ ભારી । હોતિ પ્રતીતિ ન મોહિ મહતારી ॥ ૩॥

હે માતા! મને એક જ દુઃખ વિશેષરૂપથી થઈ રહ્યું છે, તે મહારાજને અત્યંત વ્યાકુળ જોઈને. આ નાનકડી વાત માટે જ પિતાજીને આટલું ભારે દુઃખ થાય તો હે માતા! મને આ વાતનો વિશ્વાસ નથી થતો, ॥ ૩॥

રાઉ ધીર ગુન ઉદધિ અગાધૂ । ભા મોહિ તેં કછુ બડ઼ અપરાધૂ ॥
જાતેં મોહિ ન કહત કછુ રાઊ । મોરિ સપથ તોહિ કહુ સતિભાઊ ॥ ૪॥

કેમકે મહારાજ તો ઘણા જ ધીર અને ગુણોના અગાધ સમુદ્ર છે. અવશ્ય મારાથી જ કોઈ મોટો અપરાધ થઈ ગયો છે, જેને કારણે મહારાજ મને કંઈ નથી કહેતા. તમને મારા સોગંદ છે, માતા! તમે સાચેસાચું કહો. ॥ ૪॥

દો૦ – સહજ સરલ રઘુબર બચન કુમતિ કુટિલ કરિ જાન ।
ચલઇ જોંક જલ બક્રગતિ જદ્યપિ સલિલુ સમાન ॥ ૪૨॥

રઘુકુળમાં શ્રેષ્ઠ શ્રીરામચન્દ્રજીના સ્વભાવથી જ સરળ (સીધાં) વચનોને દુર્બુદ્ધિ કૈકેયી વાંકા જ ગણી રહી છે; જેમ જળ સમાન જ હોય છે પરંતુ જળો તેમાં વાંકીચૂંકી ચાલથી જ ચાલે છે. ॥ ૪૨॥

ચૌ૦ – રહસી રાનિ રામ રુખ પાઈ । બોલી કપટ સનેહુ જનાઈ ॥
સપથ તુમ્હાર ભરત કૈ આના । હેતુ ન દૂસર મૈં કછુ જાના ॥ ૧॥

રાણી કૈકેયી શ્રીરામચન્દ્રજીના વલણને જાણીને હરખાઈ ગઈ અને કપટપૂર્ણ સ્નેહ દેખાડીને બોલી – તમારા શપથ અને ભરતના સોગંદ છે, મને રાજાના દુઃખનું બીજું કંઈ પણ કારણ જણાતું નથી. ॥ ૧॥

તુમ્હ અપરાધ જોગુ નહિં તાતા । જનની જનક બંધુ સુખદાતા ॥
રામ સત્ય સબુ જો કછુ કહહૂ । તુમ્હ પિતુ માતુ બચન રત અહહૂ ॥ ૨॥

હે તાત! તમે અપરાધને યોગ્ય નથી (તમારાથી માતા-પિતાનો અપરાધ થઈ જાય એ સંભવ નથી). તમે તો માતા-પિતા અને ભાઈઓને સુખ આપનારા છો. હે રામ! તમે જે કંઈ કહી રહ્યા છો તે સર્વ સત્ય છે. તમે પિતા-માતાનાં વચનો[ના પાલન]માં તત્પર છો. ॥ ૨॥

પિતહિ બુઝાઇ કહહુ બલિ સોઈ । ચૌથેંપન જેહિં અજસુ ન હોઈ ॥
તુમ્હ સમ સુઅન સુકૃત જેહિં દીન્હે । ઉચિત ન તાસુ નિરાદરુ કીન્હે ॥ ૩॥

હું તમારા પર વારી જાઉં છું. તમે પિતાને સમજાવીને એ જ વાત કહો જેથી વૃદ્ધાવસ્થામાં એમનો અપયશ ન થાય. જે પુણ્યએ એમને તમારા જેવા પુત્રો આપ્યા છે તે પુણ્યનો અનાદર કરવો ઉચિત નથી. ॥ ૩॥

લાગહિં કુમુખ બચન સુભ કૈસે । મગહઁ ગયાદિક તીરથ જૈસે ॥
રામહિ માતુ બચન સબ ભાએ । જિમિ સુરસરિ ગત સલિલ સુહાએ ॥ ૪॥

કૈકેયીના બૂરા મુખમાં આ શુભ વચનો કેવાં લાગે છે, જેવાં કે મગધ દેશમાં ગયા આદિ તીર્થ! શ્રીરામચન્દ્રજીને માતા કૈકેયીનાં સર્વે વચન સારાં લાગ્યાં, જેમ ગંગાજીમાં જઈને [સારાં-નરસાં સર્વે પ્રકારનાં] જળ શુભ, સુંદર થઈ જાય છે. ॥ ૪॥

દો૦ – ગઈ મુરુછા રામહિ સુમિરિ નૃપ ફિરિ કરવટ લીન્હ ।
સચિવ રામ આગમન કહિ બિનય સમય સમ કીન્હ ॥ ૪૩॥

એટલામાં રાજાની મૂર્છા દૂર થઈ, એમણે રામનું સ્મરણ કરીને ('રામ! રામ!' કહીને) પડખું ફેરવ્યું. મન્ત્રીએ શ્રીરામચન્દ્રજીનું આગમન કહીને સમયાનુકૂળ પ્રાર્થના કરી. ॥ ૪૩॥

ચૌ૦ – અવનિપ અકનિ રામુ પગુ ધારે । ધરિ ધીરજુ તબ નયન ઉઘારે ॥
સચિવઁ સઁભારિ રાઉ બૈઠારે । ચરન પરત નૃપ રામુ નિહારે ॥ ૧॥

જ્યારે રાજાએ સાંભળ્યું કે શ્રીરામચન્દ્ર પધાર્યા છે તો તેમણે ધીરજ ધરીને નેત્રો ખોલ્યાં. મન્ત્રીએ સાવચેતીથી રાજાને બેસાડ્યા. રાજાએ શ્રીરામચન્દ્રજીને પોતાનાં ચરણોમાં નમતા (પ્રણામ કરતા) જોયા. ॥ ૧॥

લિએ સનેહ બિકલ ઉર લાઈ । ગૈ મનિ મનહુઁ ફનિક ફિરિ પાઈ ॥
રામહિ ચિતઈ રહેઉ નરનાહૂ । ચલા બિલોચન બારિ પ્રબાહૂ ॥ ૨॥

સ્નેહથી વ્યાકુળ રાજાએ રામજીને હૃદય સાથે ચાંપી દીધા, જાણે સર્પે પોતાનો ખોવાયેલ મણિ પુનઃ પામી લીધો હોય, રાજા દશરથજી શ્રીરામજીને જોતા જ રહી ગયા. એમનાં નેત્રોમાંથી આંસુઓની ધારા વહી નીકળી. ॥ ૨॥

સોક બિબસ કછુ કહૈ ન પારા । હૃદયઁ લગાવત બારહિં બારા ॥
બિધિહિ મનાવ રાઉ મન માહીં । જેહિં રઘુનાથ ન કાનન જાહીં ॥ ૩॥

શોકને વિશેષ વશ હોવાને કારણે રાજા કંઈ કહી નથી શકતા. તે વારંવાર શ્રીરામચન્દ્રજીને હૃદયે ચાંપે છે અને મનમાં બ્રહ્માને મનાવે છે કે જેથી શ્રીરઘુનાથ વનમાં ન જાય. ॥ ૩॥

સુમિરિ મહેસહિ કહઈ નિહોરી । બિનતી સુનહુ સદાસિવ મોરી ॥
આસુતોષ તુમ્હ અવઢર દાની । આરતિ હરહુ દીન જનુ જાની ॥ ૪॥

પછી મહાદેવજીનું સ્મરણ કરીને એમને વિનંતી કરતાં કહે છે – હે સદાશિવ! આપ મારી પ્રાર્થના સાંભળો. આપ આશુતોષ (શીઘ્ર પ્રસન્ન થનારા) અને અવઢરદાની (મોં માગ્યું આપી દેનાર) છો. માટે મને પોતાનો દીન સેવક જાણીને મારું દુઃખ દૂર કરો. ॥ ૪॥

દો૦ – તુમ્હ પ્રેરક સબ કે હૃદયઁ સો મતિ રામહિ દેહુ ।
બચનુ મોર તજિ રહહિં ઘર પરિહરિ સીલુ સનેહુ ॥ ૪૪॥

આપ પ્રેરકરૂપથી બધાના હૃદયમાં છો. આપ શ્રીરામચન્દ્રને એવી બુદ્ધિ આપો જેથી તે મારા વચનનો ત્યાગ કરી શીલ-સ્નેહ છોડીને ઘરમાં જ રહી જાય. ॥ ૪૪॥

ચૌ૦ – અજસુ હોઉ જગ સુજસુ નસાઊ । નરક પરૌં બરુ સુરપુરુ જાઊ ॥
સબ દુખ દુસહ સહાવહુ મોહી । લોચન ઓટ રામુ જનિ હોંહી ॥ ૧॥

જગતમાં ભલે અપયશ થાય અને સુયશ નષ્ટ થઈ જાય. ભલે હું નરકમાં પડું, અને સ્વર્ગ પણ જતું રહે (પૂર્વનાં પુણ્યોના ફળસ્વરૂપે મળનારું સ્વર્ગ ભલેને મને ન મળે). બીજા પણ સર્વ પ્રકારનાં દુઃસહ્ય દુઃખ આપ મુજથી સહન કરાવી લો. પણ શ્રીરામચન્દ્ર મારી આંખો આગળથી દૂર ન થાય. ॥ ૧॥

અસ મન ગુનઇ રાઉ નહિં બોલા । પીપર પાત સરિસ મનુ ડોલા ॥
રઘુપતિ પિતહિ પ્રેમબસ જાની । પુનિ કછુ કહિહિ માતુ અનુમાની ॥ ૨॥

રાજા મનમાં ને મનમાં આ રીતે વિચાર કરી રહ્યા છે, બોલતા નથી. તેમનું મન પીપળાના પાનની જેમ ડોલી રહ્યું છે. શ્રીરઘુનાથજીએ પિતાને સ્નેહવશ જાણીને અને આ અનુમાન કરીને કે માતા પાછા કંઈ કહેશે [તો પિતાજીને દુઃખ થશે] – ॥ ૨॥

દેસ કાલ અવસર અનુસારી । બોલે બચન બિનીત બિચારી ॥
તાત કહઉઁ કછુ કરઉઁ ઢિઠાઈ । અનુચિતુ છમબ જાનિ લરિકાઈ ॥ ૩॥

દેશ, કાળ અને અવસરને અનુકૂળ વિચારીને વિનીત વચન કહ્યાં – હે તાત! હું કંઈક કહું છું, એ ધૃષ્ટતા કરું છું. આ અનૌચિત્યને મારું બાળપણું સમજીને ક્ષમા કરશો. ॥ ૩॥

અતિ લઘુ બાત લાગિ દુખુ પાવા । કાહુઁ ન મોહિ કહિ પ્રથમ જનાવા ॥
દેખિ ગોસાઇઁહિ પૂઁછિઉઁ માતા । સુનિ પ્રસંગુ ભએ સીતલ ગાતા ॥ ૪॥

આ અત્યંત તુચ્છ વાતથી આપ આટલું દુઃખ પામ્યા? મને કોઈએ પહેલાં કહીને આ વાત નથી જણાવી. સ્વામી(આપ)ને આ દશામાં જોઈને મેં માતાને પૂછ્યું. તેમનાથી આખો પ્રસંગ સાંભળીને મારા સર્વે અંગ શીતળ થઈ ગયાં (મને ઘણી પ્રસન્નતા થઈ). ॥ ૪॥

દો૦ – મંગલ સમય સનેહ બસ સોચ પરિહરિઅ તાત ।
આયસુ દેઇઅ હરષિ હિયઁ કહિ પુલકે પ્રભુ ગાત ॥ ૪૫॥

હે પિતાજી! આ મંગળના સમયે સ્નેહવશ થઈને શોક કરવો છોડી દો અને હૃદયમાં પ્રસન્ન થઈને મને આજ્ઞા આપો. આમ કહેતાં પ્રભુ શ્રીરામચન્દ્રજી સર્વાંગે પુલકિત થઈ ગયા. ॥ ૪૫॥

ચૌ૦ – ધન્ય જનમુ જગતીતલ તાસૂ । પિતહિ પ્રમોદુ ચરિત સુનિ જાસૂ ॥
ચારિ પદારથ કરતલ તાકેં । પ્રિય પિતુ માતુ પ્રાન સમ જાકેં ॥ ૧॥

[તેમણે ફરી કહ્યું –] આ પૃથ્વીતળ પર એનો જન્મ ધન્ય છે જેનાં ચરિત્ર સાંભળીને પિતાને પરમ આનંદ થાય. જેને માતા-પિતા પ્રાણોસમાન પ્રિય છે, ચારેય પદાર્થ (અર્થ, ધર્મ, કામ, મોક્ષ) તેને હસ્તગત (મુઠ્ઠીમાં) રહે છે. ॥ ૧॥

આયસુ પાલિ જનમ ફલુ પાઈ। ઐહઉઁ બેગિહિં હોઉ રજાઈ॥
બિદા માતુ સન આવઉઁ માગી। ચલિહઉઁ બનહિ બહુરિ પગ લાગી॥ ૨॥

આપની આજ્ઞાનું પાલન કરીને અને જન્મનું ફળ પામીને હું જલદી ઘેર પાછો ફરીશ, માટે કૃપા કરીને આજ્ઞા આપો. માતા પાસે વિદાય માગીને આવું છું. પછી આપના પગે પડીને (પ્રણામ કરીને) વનમાં જઈશ. ॥ ૨॥

અસ કહિ રામ ગવનુ તબ કીન્હા। ભૂપ સોક બસ ઉતરુ ન દીન્હા॥
નગર બ્યાપિ ગઈ બાત સુતીછી। છુઅત ચઢ઼ી જનુ સબ તન બીછી॥ ૩॥

આમ કહીને પછી શ્રીરામચન્દ્રજી ત્યાંથી ચાલી નીકળ્યા. રાજાએ શોકવશ કોઈ ઉત્તર ન આપ્યો. આ ઘણી જ તીખી (અપ્રિય) વાત નગરભરમાં એટલી ઝડપથી પ્રસરી ગઈ જાણે ડંખ મારતાવેત જ વીંછીનું ઝેર આખાય શરીરમાં એકદમ વ્યાપ્ત થઈ ગયું હોય. ॥ ૩॥

સુનિ ભએ બિકલ સકલ નર નારી। બેલિ બિટપ જિમિ દેખિ દવારી॥
જો જહઁ સુનઈ ધુનઈ સિરુ સોઈ। બડ઼ બિષાદુ નહિં ધીરજુ હોઈ॥ ૪॥

આ વાત સાંભળીને બધાં સ્ત્રી-પુરુષ એવા વ્યાકુળ થઈ ગયાં જેવી રીતે દાવાનળ (વનમાં આગ લાગેલી) જોઈને વેલો અને વૃક્ષો કરમાઈ જાય છે. જે જ્યાં સાંભળે છે ત્યાં જ માથું પીટવા લાગે છે. ઘણો વિષાદ છે. કોઈને ધીરજ નથી રહેતી. ॥ ૪॥

દો૦ – મુખ સુખાહિં લોચન સ્ત્રવહિં સોકુ ન હૃદયઁ સમાઈ।
મનહુઁ કરુન રસ કટકઈ ઉતરી અવધ બજાઈ॥ ૪૬॥

બધાનાં મુખ સુકાઈ જાય છે. આંખોમાંથી આંસુ વહે છે, શોક હૃદયમાં નથી સમાતો. જાણે કરુણારસની સેના અવધ પર ડંકો વગાડી ઊતરી આવી હોય (ધસી આવી હોય). ॥ ૪૬॥

ચૌ૦ – મિલેહિ માઝ બિધિ બાત બેગારી। જહઁ તહઁ દેહિં કૈકઈહિ ગારી॥
એહિ પાપિનિહિ બૂઝિ કા પરેઊ। છાઈ ભવન પર પાવકુ ધરેઊ॥ ૧॥

બધા મેળ મળી ગયા હતા (બધા સંજોગ ઉજળા હતા), એટલામાં જ વિધાતાએ વાત બગાડી નાખી. ચારેકોર લોકો કૈકેયીને ગાળો આપી રહ્યા છે! આ પાપિણીને શું સૂઝી ગયું કે એણે બન્યા-બનાવ્યા ઘર ઉપર જ અગ્નિ ચાંપી દીધો! ॥ ૧॥

નિજ કર નયન કાઢ઼િ ચહ દીખા। ડારિ સુધા બિષુ ચાહત ચીખા॥
કુટિલ કઠોર કુબુદ્ધિ અભાગી। ભઈ રઘુબંસ બેનુ બન આગી॥ ૨॥

તે પોતાના હાથેથી પોતાની આંખો કાઢીને (આંખ વગર જ) જોવા ઇચ્છે છે અને અમૃત ફેંકીને વિષ ચાખવા ઇચ્છે છે! આ કુટિલ, કઠોર, દુર્બુદ્ધિ અને અભાગણી કૈકેયી રઘુવંશરૂપી વાંસના વનને માટે અગ્નિ બની ગઈ! ॥ ૨॥

પાલવ બૈઠિ પેડુ એહિં કાટા। સુખ મહુઁ સોક ઠાટુ ધરિ ઠાટા॥
સદા રામુ એહિ પ્રાન સમાના। કારન કવન કુટિલપનુ ઠાના॥૩॥

પાંદડાં પર બેસી એણે ઝાડને કાપી નાખ્યું. અર્થાત્ પોતાના પગમાં જ કુહાડી મારી. સુખની ઘડીએ શોકનો સમાજ પ્રસ્તુત કરી દીધો (રંગમાં ભંગ કર્યો)! શ્રીરામચન્દ્રજી આને સદા પ્રાણો સમાન પ્રિય હતા. તો પણ ન જાણે કયા કારણે એણે આ કુટિલતા આદરી. ॥૩॥

સત્ય કહહિં કબિ નારિ સુભાઊ। સબ બિધિ અગહુ અગાધ દુરાઊ॥
નિજ પ્રતિબિંબુ બરુકુ ગહિ જાઈ। જાનિ ન જાઈ નારિ ગતિ ભાઈ॥૪॥

કવિ સત્ય જ કહે છે કે સ્ત્રીનો સ્વભાવ બધી રીતે પકડમાં ન આવવા યોગ્ય અગાધ અને રહસ્યપૂર્ણ હોય છે. પોતાનો પડછાયો ભલે જ પકડી શકાય, પણ ભાઈ! સ્ત્રીઓની ગતિ (ચાલ) નથી ઓળખી શકાતી. ॥૪॥

દો૦ – કાહ ન પાવકુ જારિ સક કા ન સમુદ્ર સમાઈ।
કા ન કરૈ અબલા પ્રબલ કેહિ જગ કાલુ ન ખાઈ॥૪૭॥

આગ શું નથી બાળી શકતી! સમુદ્રમાં શું નથી સમાઈ શકતું! સ્ત્રી જે પ્રબળ છે તો તે શું નથી કરી શકતી! અને જગતમાં કાળ કોને નથી ખાતો! ॥૪૭॥

ચૌ૦ – કા સુનાઇ બિધિ કાહ સુનાવા। કા દેખાઇ ચહ કાહ દેખાવા॥
એક કહહિં ભલ ભૂપ ન કીન્હા। બરુ બિચારિ નહિં કુમતિહિ દીન્હા॥૧॥

વિધાતાએ શું સંભળાવીને શું સંભળાવી દીધું અને શું બતાવીને હવે શું બતાવવા ઈચ્છે છે! એક કહે છે કે રાજાએ ઠીક નથી કર્યું, દુર્બુદ્ધિ કૈકેયીને વિચાર કરીને વરદાન નથી આપ્યું, ॥૧॥

જો હઠિ ભયઉ સકલ દુખ ભાજનુ। અબલા બિબસ ગ્યાનુ ગુનુ ગા જનુ॥
એક ધરમ પરમિતિ પહિચાને। નૃપહિ દોસુ નહિં દેહિં સયાને॥૨॥

જેથી હઠ કરીને સ્વયં બધાં દુઃખોનું પાત્ર બની ગયા. સ્ત્રીને વિશેષ વશ હોવાને કારણે જાણે એમનાં જ્ઞાન અને ગુણ જતાં રહ્યાં. કેટલાક જેઓ ધર્મની મર્યાદાને જાણે છે અને બુદ્ધિમાન છે, તેઓ રાજાને દોષ નથી આપતા. ॥૨॥

સિબિ દધીચિ હરિચંદ કહાની। એક એક સન કહહિં બખાની॥
એક ભરત કર સંમત કહહીં। એક ઉદાસ ભાયઁ સુનિ રહહીં॥૩॥

તેઓ શિબિ, દધીચિ અને હરિશ્ચન્દ્રની કથા એકબીજાને વખાણીને કહે છે. કોઈ એક એમાં ભરતજીની સંમતિ જણાવે છે. કોઈ એક સાંભળીને ઉદાસીનભાવે (તટસ્થ) રહી જાય છે (કંઈ બોલતા નથી). ॥૩॥

કાન મૂદિ કર રદ ગહિ જીહા। એક કહહિં યહ બાત અલીહા॥
સુકૃત જાહિં અસ કહત તુમ્હારે। રામુ ભરત કહુઁ પ્રાનપિઆરે॥૪॥

કોઈ હાથોથી કાન બંધ કરીને અને જીભને દાંત તળે દબાવીને કહે છે કે આ વાત ખોટી છે. આવી વાતો કરવાથી તમારાં પુણ્ય નષ્ટ થઈ જશે. ભરતજીને તો શ્રીરામચન્દ્રજી પ્રાણો સમાન પ્રિય છે. ॥ ૪॥

દો૦ – ચંદુ ચવૈ બરુ અનલ કન સુધા હોઈ બિષતૂલ ।
સપનેહુઁ કબહુઁ ન કરહિં કિછુ ભરતુ રામ પ્રતિકૂલ ॥ ૪૮॥

ચન્દ્રમા ભલે [શીતળ કિરણોને બદલે] અગ્નિકણો વરસાવવા લાગે અને અમૃત ભલેને વિષ સમાન થઈ જાય, પરંતુ ભરતજી સ્વપ્નમાંય ક્યારેય શ્રીરામચન્દ્રજીના વિરુદ્ધ કંઈ નહીં કરે. ॥ ૪૮॥

ચૌ૦ – એક બિધાતહિ દૂષનુ દેહીં । સુધા દેખાઈ દીન્હ બિષુ જેહીં ॥
ખરભરુ નગર સોચુ સબ કાહૂ । દુસહ દાહુ ઉર મિટા ઉછાહૂ ॥ ૧॥

કોઈ એક વિધાતાને દોષ આપે છે, જેણે અમૃત બતાવીને વિષ આપી દીધું. નગર આખામાં ખળભળાટ મચી ગયો છે. હર કોઈને શોક થઈ ગયો. હૃદયમાં દુઃસહ્ય બળતરા થઈ ગઈ, આનંદ-ઉત્સાહ મટી ગયો. ॥ ૧॥

બિપ્રબધૂ કુલમાન્ય જઠેરી । જે પ્રિય પરમ કૈકઈ કેરી ॥
લગીં દેન સિખ સીલુ સરાહી । બચન બાનસમ લાગહિં તાહી ॥ ૨॥

બ્રાહ્મણોની સ્ત્રીઓ, કુળની માનનીય મોટી વૃદ્ધ અને જે કૈકેયીની પરમ પ્રિય હતી, તેઓ તેના શીલની પ્રશંસા કરીને તેને શીખ આપવા લાગી. પરંતુ તેને તેમનાં વચન બાણ સમાન લાગે છે. ॥ ૨॥

ભરતુ ન મોહિ પ્રિય રામ સમાના । સદા કહહુ યહુ સબુ જગુ જાના ॥
કરહુ રામ પર સહજ સનેહૂ । કેહિં અપરાધ આજુ બનુ દેહૂ ॥ ૩॥

[તે સ્ત્રીઓ કહે છે –] તમે તો સદા કહ્યા કરતાં હતાં કે શ્રીરામચન્દ્રજીના સમાન મને ભરત પણ પ્રિય નથી; આ વાતને આખું જગત જાણે છે. શ્રીરામચન્દ્રજી પર તો તમે સ્વાભાવિક જ સ્નેહ કરતાં રહ્યાં છો. આજે કયા અપરાધે એમને વન આપો છો? ॥ ૩॥

કબહુઁ ન કિયહુ સવતિ આરેસૂ । પ્રીતિ પ્રતીતિ જાન સબુ દેસૂ ॥
કૌસલ્યાઁ અબ કાહ બિગારા । તુમ્હ જેહિ લાગિ બજ્ર પુર પારા ॥ ૪॥

તમે ક્યારેય શોક્ય-ઈર્ષા કરી નથી. આખો દેશ તમારા પ્રેમ અને વિશ્વાસને ઓળખે છે. હવે કૌશલ્યાએ તમારું શું બગાડી નાંખ્યું, જેના કારણે તમે સમસ્ત નગર પર વજ્ર નાખી દીધું? ॥ ૪॥

દો૦ – સીય કિ પિય સઁગુ પરિહરિહિ લખનુ કિ રહિહહિં ધામ ।
રાજુ કિ ભૂઁજબ ભરત પુર નૃપુ કિ જિઇહિ બિનુ રામ ॥ ૪૯॥

શું સીતાજી પોતાના પતિ(શ્રીરામચન્દ્રજી)નો સાથ છોડી દેશે? શું લક્ષ્મણજી શ્રીરામચન્દ્રજીના વિના ઘેર રહી શકશે? શું ભરતજી શ્રીરામચન્દ્રજી વિના અયોધ્યાપુરીનું રાજ્ય ભોગવી શકશે? અને શું રાજા પણ શ્રીરામચન્દ્રજીના વગર જીવિત રહી શકશે? (અર્થાત્ ન સીતાજી અહીં રહેશે, ન લક્ષ્મણજી રહેશે, ન ભરતજી રાજ્ય કરશે અને રાજા પણ જીવિત નહીં રહે; બધું ઉજ્જડ થઈ જશે). ॥ ૪૯॥

ચૌ૦ – અસ બિચારિ ઉર છાડ઼હુ કોહૂ। સોક કલંક કોઠિ જનિ હોહૂ॥
ભરતહિ અવસિ દેહુ જુબરાજૂ। કાનન કાહ રામ કર કાજૂ॥ ૧॥

હૃદયમાં આવો વિચાર કરીને ક્રોધ છોડી દો, શોક અને કલંકનો ભંડાર ન બનો. ભરતને અવશ્ય યુવરાજપદ આપો, પણ શ્રીરામચન્દ્રજીનું વનમાં શું કામ છે! ॥ ૧॥

નાહિન રામુ રાજ કે ભૂખે। ધરમ ધુરીન બિષય રસ રૂખે॥
ગુર ગૃહ બસહુઁ રામુ તજિ ગેહૂ। નૃપ સન અસ બરુ દૂસર લેહૂ॥ ૨॥

શ્રીરામચન્દ્રજી રાજ્યના ભૂખ્યા નથી. તે ધર્મની ધુરાને ધારણ કરનારા અને વિષય-રસમાં ઉદાસીન છે (અર્થાત્ તેમનામાં વિષયાસક્તિ છે જ નહીં). [માટે તમે એ શંકા ન કરો કે શ્રીરામજી વનમાં ન ગયા તો ભરતના રાજ્યમાં વિઘ્ન કરશે; તેમ છતાંય મન ન માને તો] તમે રાજા પાસેથી એવું વરદાન લઈ લો કે શ્રીરામ ઘર છોડીને ગુરુના ઘેર રહે. ॥ ૨॥

જૌં નહિં લગિહહુ કહેં હમારે। નહિં લાગિહિ કછુ હાથ તુમ્હારે॥
જૌં પરિહાસ કીન્હિ કછુ હોઈ। તૌ કહિ પ્રગટ જનાવહુ સોઈ॥ ૩॥

જો તમે અમારા કહ્યા પ્રમાણે નહીં ચાલો તો તમારા હાથમાં કશું જ નહીં આવે. જો તમે કંઈ વિનોદ કર્યો હોય તો તેને પ્રકટમાં કહીને જણાવી દો [કે મેં મશ્કરી કરી છે]. ॥ ૩॥

રામ સરિસ સુત કાનન જોગૂ। કાહ કહિહિ સુનિ તુમ્હ કહુઁ લોગૂ॥
ઉઠહુ બેગિ સોઇ કરહુ ઉપાઈ। જેહિ બિધિ સોકુ કલંકુ નસાઈ॥ ૪॥

રામ જેવો પુત્ર શું વનને યોગ્ય છે? આ સાંભળીને લોકો તમને શું કહેશે! જલદી ઊભા થાવ અને એવો ઉપાય કરો, જે ઉપાયથી આ શોક અને કલંકનો નાશ થાય. ॥ ૪॥

છં૦ – જેહિ ભાઁતિ સોકુ કલંકુ જાઇ ઉપાય કરિ કુલ પાલહી।
હઠિ ફેરુ રામહિ જાત બન જનિ બાત દૂસરિ ચાલહી॥
જિમિ ભાનુ બિનુ દિનુ પ્રાન બિનુ તનુ ચંદ બિનુ જિમિ જામિની।
તિમિ અવધ તુલસીદાસ પ્રભુ બિનુ સમુઝિ ધૌં જિયઁ ભામિની॥

જે રીતે [નગર આખાનો] શોક અને [તમારું] કલંક જાય, એ જ ઉપાય કરીને કુળની રક્ષા કરો. વનમાં જતાં શ્રીરામજીને હઠ કરીને પાછા વાળો, તે સિવાયની બીજી કોઈ વાત ન કરો. તુલસીદાસજી કહે છે – જેમ સૂર્ય વિના દિવસ, પ્રાણ વિના શરીર અને ચન્દ્રમા વિના રાત [નિર્જીવ તથા શોભાહીન થઈ જાય છે], તેમ શ્રીરામચન્દ્રજીના વિના અયોધ્યા થઈ જશે. હે ભામિની! તું પોતાના હૃદયમાં આ વાતને સમજ તો ખરી. ॥ ૫॥

સો૦ – સખિન્હ સિખાવનુ દીન્હ સુનત મધુર પરિનામ હિત।
તેઈં કછુ કાન ન કીન્હ કુટિલ પ્રબોધી કૂબરી॥ ૫૦॥

આ રીતે સખીઓએ એવી શીખ આપી જે સાંભળવામાં મધુર અને પરિણામમાં હિતકારી હતી. પણ કુટિલ કુબડીની શિખવાડેલી-ભણાવેલી કૈકેયીએ આના ઉપર જરા પણ કાન ન આપ્યાં. ॥ ૫૦॥

ચૌ૦ – ઉતરુ ન દેઈ દુસહ રિસ રૂખી। મૃગિન્હ ચિતવ જનુ બાઘિનિ ભૂખી ॥
બ્યાધિ અસાધિ જાનિ તિન્હ ત્યાગી। ચલીં કહત મતિમંદ અભાગી ॥ ૧॥

કૈકેયી કોઈ ઉત્તર આપતી નથી. તે દુઃસહ્ય ક્રોધના લીધે કઠોર બની રહી છે. એમ જુએ છે જાણે ભૂખી વાઘણ મૃગલીઓને જોઈ રહી હોય. સખીઓએ રોગને અસાધ્ય જાણીને એને છોડી દીધી. બધીય તેને મંદબુદ્ધિ, અભાગણી કહેતાં કહેતાં ચાલી નીકળી. ॥ ૧॥

રાજુ કરત યહ દૈઅઁ બિગોઈ। કીન્હેસિ અસ જસ કરઈ ન કોઈ ॥
એહિ બિધિ બિલપહિં પુર નર નારીં। દેહિં કુચાલિહિ કોટિક ગારીં ॥ ૨॥

રાજ્ય કરતી આ કૈકેયીને દૈવે નષ્ટ કરી દીધી. એણે જેવું કંઈ કર્યું છે, તેવું કોઈ પણ નહીં કરે! નગરનાં બધાં સ્ત્રી-પુરુષ આ રીતે વિલાપ કરી રહ્યાં છે અને તે કુચાલી (દુષ્ટચાલ ચાલનારી) કૈકેયીને કરોડો ગાળો આપી રહ્યાં છે. ॥ ૨॥

જરહિં બિષમ જર લેહિં ઉસાસા। કવનિ રામ બિનુ જીવન આસા ॥
બિપુલ બિયોગ પ્રજા અકુલાની। જનુ જલચર ગન સૂખત પાની ॥ ૩॥

લોકો વિષમ જ્વર(ભયાનક દુઃખની આગ)થી બળી રહ્યા છે. લાંબો નિસાસો નાખતાં તેઓ કહે છે કે શ્રીરામચન્દ્રજીના વિના જીવવાની કઈ આશા છે? મહાન વિયોગ[ની આશંકા]થી પ્રજા એવી વ્યાકુળ થઈ ગઈ છે જાણે પાણી સુકાવાના સમયે જળચર જીવોનો સમુદાય વ્યાકુળ થયો હોય. ॥ ૩॥

અતિ બિષાદ બસ લોગ લોગાઈ। ગએ માતુ પહિં રામુ ગોસાઈં ॥
મુખ પ્રસન્ન ચિત ચૌગુન ચાઊ। મિટા સોચુ જનિ રાખૈ રાઊ ॥ ૪॥

બધાં પુરુષ અને સ્ત્રીઓ અત્યંત વિષાદને વશ થઈ રહ્યાં છે. સ્વામીશ્રી રામચન્દ્રજી માતા કૌશલ્યાની પાસે ગયા. તેમનું મુખ પ્રસન્ન છે અને ચિત્તમાં ચાર ગણો હર્ષ (ઉત્સાહ) છે. એ શોક નષ્ટ થઈ ગયો છે કે રાજા ક્યાંય રોકી ન લે. [શ્રીરામજીને રાજતિલકની વાત સાંભળીને વિષાદ થયો હતો કે બધા ભાઈઓને છોડીને મોટાભાઈ - મને જ રાજતિલક કેમ થાય છે! હવે, માતા કૈકેયીની આજ્ઞા અને પિતાની મૌન સંમતિ પામીને તે શોક નાશ પામ્યો.] ॥ ૪॥

દો૦ – નવ ગયંદુ રઘુબીર મનુ રાજુ અલાન સમાન।
છૂટ જાનિ બન ગવનુ સુનિ ઉર અનંદુ અધિકાન ॥ ૫૧॥

શ્રીરામચન્દ્રજીનું મન નવા પકડેલા હાથીના જેવું છે, અને રાજતિલક તે હાથીને બાંધવા માટેની કાંટાળી લોખંડની બેડી સમાન છે. 'વનમાં જવાનું છે' એ સાંભળી પોતાને બંધનમાંથી છૂટ્યા જાણીને એમના હૃદયમાં આનંદ વધી ગયો છે. ॥ ૫૧॥

ચૌ૦ – રઘુકુલતિલક જોરિ દોઉ હાથા। મુદિત માતુ પદ નાયઉ માથા ॥
દીન્હિ અસીસ લાઈ ઉર લીન્હે। ભૂષન બસન નિછાવરિ કીન્હે ॥ ૧॥

રઘુકુલતિલક શ્રીરામચન્દ્રજીએ બંને હાથ જોડીને આનંદની સાથે માતાના ચરણોમાં શીશ નમાવ્યું. માતાએ આશીર્વાદ આપ્યા, પોતાના હૃદયે ચાંપી લીધા અને તેમના પર ઘરેણાં તથા કપડાં ન્યોછાવર કર્યાં. ॥ ૧॥

બાર બાર મુખ ચુંબતિ માતા। નયન નેહ જલુ પુલકિત ગાતા॥
ગોદ રાખિ પુનિ હૃદયઁ લગાએ। સ્ત્રવત પ્રેમરસ પયદ સુહાએ॥ ૨॥

માતા વારંવાર શ્રીરામચન્દ્રજીને લાડ લડાવી રહ્યાં છે. નેત્રોમાં પ્રેમનું જળ ભરાઈ આવ્યું છે અને સર્વે અંગ પુલકિત થઈ ગયાં છે. શ્રીરામને પોતાના ખોળામાં બેસાડી ફરી હૃદયે ચાંપ્યા. વાત્સલ્યને લીધે તેમના સ્તન પ્રેમરસ (દૂધ) વહેવડાવા લાગ્યાં. ॥ ૨॥

પ્રેમુ પ્રમોદુ ન કછુ કહિ જાઈ। રંક ધનદ પદબી જનુ પાઈ॥
સાદર સુંદર બદનુ નિહારી। બોલી મધુર બચન મહતારી॥ ૩॥

તેમનો પ્રેમ અને મહાન આનંદ કંઈ કહી નથી શકાતો, જાણે રંકને કુબેરનું પદ મળી ગયું હોય. ઘણા આદરની સાથે સુંદર મુખ જોઈને માતા મધુર વચન બોલ્યાં – ॥ ૩॥

કહહુ તાત જનની બલિહારી। કબહિં લગન મુદ મંગલકારી॥
સુકૃત સીલ સુખ સીવઁ સુહાઈ। જનમ લાભ કઇ અવધિ અઘાઈ॥ ૪॥

હે તાત! માતા વારી જાય છે, કહો, તે આનંદ-મંગળકારી મુહૂર્ત ક્યારે છે-જે મોટા પુણ્યાત્મા પુરુષોના સુખની સુંદર સીમા છે અને જે જન્મ લેવાના લાભની અંતિમ સીમા છે. ॥ ૪॥

દો૦ – જેહિ ચાહત નર નારિ સબ અતિ આરત એહિ ભાઁતિ।
જિમિ ચાતક ચાતકિ તૃષિત બૃષ્ટિ સરદ રિતુ સ્વાતિ॥ ૫૨॥

તથા જે(મુહૂર્ત)ને બધાં સ્ત્રી-પુરુષ અત્યંત વ્યાકુળતાથી એ રીતે ચાહે છે જે રીતે તરસને લીધે ચાતક અને ચાતકી શરદ્‌ઋતુના સ્વાતિનક્ષત્રની વર્ષાને ચાહતા હોય. ॥ ૫૨॥

ચૌ૦ – તાત જાઉઁ બલિ બેગિ નહાહૂ। જો મન ભાવ મધુર કછુ ખાહૂ॥
પિતુ સમીપ તબ જાએહુ ભૈઆ। ભઇ બડ઼િ બાર જાઇ બલિ મૈઆ॥ ૧॥

હે તાત! હું ઓવારણા લઉં છું, તમે જલદી નાહી લો અને જે મનને ગમે તે થોડી મીઠાઈ ખાઈ લો. હે લાલ! પછી પિતાની પાસે જજો. ઘણીવાર થઈ ગઈ છે, માતા વારી જાય છે. ॥ ૧॥

માતુ બચન સુનિ અતિ અનુકૂલા। જનુ સનેહ સુરતરુ કે ફૂલા॥
સુખ મકરંદ ભરે શ્રિયમૂલા। નિરખિ રામ મનુ ભવઁરુ ન ભૂલા॥ ૨॥

માતાનાં અત્યંત અનુકૂળ વચન સાંભળીને – જે જાણે સ્નેહરૂપી કલ્પવૃક્ષનાં ફૂલ હતાં, જે સુખરૂપી મકરંદ(પુષ્પરસ)થી ભરેલાં હતાં અને શ્રી(રાજલક્ષ્મી)નાં મૂળ હતાં – એવાં વચનરૂપી ફૂલોને જોઈને શ્રીરામચન્દ્રજીનો મનરૂપી ભમરો તેમનાં પર ભૂલો ન પડ્યો. ॥ ૨॥

ધરમ ધુરીન ધરમ ગતિ જાની। કહેઉ માતુ સન અતિ મૃદુ બાની॥
પિતાઁ દીન્હ મોહિ કાનન રાજૂ। જહઁ સબ ભાઁતિ મોર બડ઼ કાજૂ॥ ૩॥

ધર્મધુરંધર શ્રીરામચન્દ્રજીએ ધર્મની ગતિને જાણીને માતાને અત્યંત કોમળ વાણીથી કહ્યું – હે માતા! પિતાએ મને વનનું રાજ આપ્યું છે, જ્યાં સર્વ પ્રકારે મારું મોટું કાર્ય થનાર છે. ॥ ૩॥

આયસુ દેહિ મુદિત મન માતા । જેહિં મુદ મંગલ કાનન જાતા ॥
જનિ સનેહ બસ ડરપસિ ભોરેં । આનँદુ અંબ અનુગ્રહ તોરેં ॥ ૪॥

હે માતા! તું પ્રસન્ન મનથી મને આજ્ઞા આપ, જેથી મારી વનયાત્રામાં આનંદ-મંગળ થાય. મારા સ્નેહને વશ થઈને ભૂલેચૂકે પણ ડરશો નહીં. હે માતા! તારી કૃપાથી આનંદ જ થશે. ॥ ૪॥

દો૦ – બરષ ચારિદસ બિપિન બસિ કરિ પિતુ બચન પ્રમાન ।
આઈ પાય પુનિ દેખિહઉँ મનુ જનિ કરસિ મલાન ॥ ૫૩॥

ચૌદ વર્ષ વનમાં રહીને પિતાજીનાં વચનોને પ્રમાણિત (સત્ય) કરી, પછી પાછો આવીને તારા ચરણોનાં દર્શન કરીશ; તું મનને દુઃખી ન કર. ॥ ૫૩॥

ચૌ૦ – બચન બિનીત મધુર રઘુબર કે । સર સમ લગે માતુ ઉર કરકે ॥
સહમિ સૂખિ સુનિ સીતલિ બાની । જિમિ જવાસ પરેં પાવસ પાની ॥ ૧॥

રઘુકુળમાં શ્રેષ્ઠ રામજીનાં આ ઘણાં જ નમ્ર અને મીઠાં વચન માતાના હૃદયમાં બાણ સમાન વાગ્યાં અને સણકા મારવા લાગ્યાં. તે શીતળ વાણીને સાંભળી કૌશલ્યા એવી રીતે ભયથી સુકાઈ ગયાં, જેમ વરસાદનું પાણી પડવાથી જવાસો* સુકાઈ જાય છે. ॥ ૧॥

[* જવાસો એ એવો કાંટાળો છોડ છે જે ઉનાળામાં વૃદ્ધિ પામે છે અને પ્રથમ વરસાદ થતાની સાથે જ સુકાઈ જાય છે.]

કહિ ન જાઈ કછુ હૃદય બિષાદૂ । મનહુँ મૃગી સુનિ કેહરિ નાદૂ ॥
નયન સજલ તન થર થર કાँપી । માજહિ ખાઈ મીન જનુ માપી ॥ ૨॥

હૃદયનો વિષાદ કંઈ કહી નથી શકાતો; જાણે સિંહની ગર્જના સાંભળી મૃગલી વ્યાકુળ થઈ ગઈ હોય. નેત્રોમાં જળ ભરાઈ આવ્યું, શરીર થર થર કંપવા લાગ્યું, જાણે માછલી પહેલા વરસાદનું ફેણ ખાઈને ચેતનાશૂન્ય થઈ ગઈ હોય! ॥ ૨॥

ધરિ ધીરજુ સુત બદનુ નિહારી । ગદગદ બચન કહતિ મહતારી ॥
તાત પિતહિ તુમ્હ પ્રાનપિઆરે । દેખિ મુદિત નિત ચરિત તુમ્હારે ॥ ૩॥

ધીરજ ધરીને, પુત્રનું મુખ જોઈને માતા ગદ્ગદ વચન કહેવા લાગ્યાં – હે તાત! તમે તો પિતાને પ્રાણોસમાન પ્રિય છો. તમારાં ચરિત્રોને જોઈને તે નિત્ય પ્રસન્ન થતા હતા. ॥ ૩॥

રાજુ દેન કહુँ સુભ દિન સાધા । કહેઉ જાન બન કેહિં અપરાધા ॥
તાત સુનાવહુ મોહિ નિદાનૂ । કો દિનકર કુલ ભયઉ કૃસાનૂ ॥ ૪॥

રાજ્ય આપવા માટે એમણે જ શુભ દિવસ જોવડાવ્યો હતો. તો પછી હવે કયા અપરાધે વનમાં જવાનું કહ્યું? હે તાત! મને એનું કારણ સંભળાવો! સૂર્યવંશ[રૂપી વન]ને બાળવા માટે અગ્નિ કોણ બની ગયું? ॥ ૪॥

દો૦ – નિરખિ રામ રુખ સચિવસુત કારનુ કહેઉ બુઝાઇ।
સુનિ પ્રસંગુ રહિ મૂક જિમિ દસા બરનિ નહિં જાઇ ॥ ૫૪॥

પછી શ્રીરામચન્દ્રજીનું વલણ જોઈને મન્ત્રીના પુત્રે બધું કારણ સમજાવીને કહ્યું. પ્રસંગને સાંભળી તેઓ (કૌશલ્યા) મૂંગાની જેમ (ચૂપ) થઈ ગયાં, તેમની દશાનું વર્ણન કરી નથી શકાતું. ॥ ૫૪॥

ચૌ૦ – રાખિ ન સકઇ ન કહિ સક જાહૂ। દુહૂઁ ભાઁતિ ઉર દારુન દાહૂ॥
લિખત સુધાકર ગા લિખિ રાહૂ। બિધિ ગતિ બામ સદા સબ કાહૂ॥ ૧॥

ન તો રહેવાનું કહી શકે છે, ન એમ કહી શકે છે કે વનમાં જાઓ. બંનેય રીતે હૃદયમાં ભારે મોટો સંતાપ થઈ રહ્યો છે. [મનમાં વિચારે છે જુઓ –] વિધાતાની ચાલ નિત્ય બધાને માટે વાંકી જ હોય છે, [ભાગ્યમાં] લખવા માંડ્યો ચન્દ્ર અને લખાઈ ગયો રાહુ! ॥ ૧॥

ધરમ સનેહ ઉભયઁ મતિ ઘેરી। ભઇ ગતિ સાઁપ છુછુંદરિ કેરી॥
રાખઉઁ સુતહિ કરઉઁ અનુરોધૂ। ધરમુ જાઇ અરુ બંધુ બિરોધૂ॥ ૨॥

ધર્મ અને સ્નેહ બંનેએ કૌશલ્યાજીની બુદ્ધિને ઘેરી લીધા. તેમની દશા સાપ-છછૂંદરના જેવી થઈ ગઈ. એ વિચારવા લાગ્યાં કે જો હું અનુરોધ (હઠ) કરીને પુત્રને રોકી લઉં છું તો ધર્મ જાય છે અને ભાઈઓમાં વિરોધ થાય છે; ॥ ૨॥

કહઉઁ જાન બન તૌ બડ઼િ હાની। સંકટ સોચ બિબસ ભઇ રાની॥
બહુરિ સમુઝિ તિય ધરમુ સયાની। રામુ ભરતુ દોઉ સુત સમ જાની॥ ૩॥

અને જો વનમાં જવાનું કહું છું તો મોટી હાનિ થાય છે. આ પ્રકારના ધર્મસંકટમાં પડીને રાણી વિશેષપણે શોકને વશ થઈ ગયાં. પછી બુદ્ધિમતી કૌશલ્યાજી સ્ત્રી-ધર્મ(પાતિવ્રત-ધર્મ)ને સમજીને અને રામ તથા ભરત બંને પુત્રોને સરખા સમજીને – ॥ ૩॥

સરલ સુભાઉ રામ મહતારી। બોલી બચન ધીર ધરિ ભારી॥
તાત જાઉઁ બલિ કીન્હેહુ નીકા। પિતુ આયસુ સબ ધરમક ટીકા॥ ૪॥

સરળ સ્વભાવવાળા શ્રીરામચન્દ્રજીનાં માતા ઘણી જ ધીરજ ધરીને વચન બોલ્યાં – હે તાત! હું વારી જાઉં છું, તમે ઠીક કર્યું છે, પિતાની આજ્ઞાનું પાલન કરવું એ જ સર્વે ધર્મોનો શિરોમણિ ધર્મ છે. ॥ ૪॥

દો૦ – રાજુ દેન કહિ દીન્હ બનુ મોહિ ન સો દુખ લેસુ।
તુમ્હ બિનુ ભરતહિ ભૂપતિહિ પ્રજહિ પ્રચંડ કલેસુ॥ ૫૫॥

રાજ્ય આપવાનું કહીને વન આપી દીધું એનું મને લેશમાત્ર પણ દુઃખ નથી. [દુઃખ તો આ વાતનું છે કે] તમારા વિના ભરતને, મહારાજને અને પ્રજાને ઘણો ભારે કલેશ થશે. ॥ ૫૫॥

ચૌ૦ – જૌં કેવલ પિતુ આયસુ તાતા। તૌ જનિ જાહુ જાનિ બડ઼િ માતા॥
જૌં પિતુ માતુ કહેઉ બન જાના। તૌ કાનન સત અવધ સમાના॥ ૧॥

હે તાત! જો કેવળ પિતાજીની જ આજ્ઞા હોય, તો માતાને [પિતાથી] મોટી જાણી વનમાં ન જાઓ, પરંતુ જો પિતા-માતા બંનેએ વનમાં જવાનું કહ્યું હોય તો વન તમારા માટે સેંકડો અયોધ્યા સમાન છે. ॥ ૧॥

પિતુ બનદેવ માતુ બનદેવી । ખગ મૃગ ચરન સરોરુહ સેવી ॥
અંતહુઁ ઉચિત નૃપહિ બનબાસૂ । બય બિલોકિ હિયઁ હોઈ હરાઁસૂ ॥ ૨॥

વનના દેવ તમારા પિતા થશે અને વનદેવીઓ માતા થશે. ત્યાંનાં પશુ-પક્ષી તમારાં ચરણકમળોના સેવક થશે. રાજાને માટે તો છેલ્લી વયે વનવાસ કરવો યોગ્ય જ છે. પણ તમારી [સુકુમાર] અવસ્થા જોઈને હૃદયમાં દુઃખ થાય છે. ॥ ૨॥

બડ઼ભાગી બનુ અવધ અભાગી । જો રઘુબંસતિલક તુમ્હ ત્યાગી ॥
જૌં સુત કહૌં સંગ મોહિ લેહૂ । તુમ્હરે હૃદયઁ હોઇ સંદેહૂ ॥ ૩॥

હે રઘુવંશના તિલક! વન ઘણું ભાગ્યશાળી છે અને આ અવધ અભાગિયું છે, જેણે તમે ત્યાગી દીધું. હે પુત્ર! જો હું કહું કે મને પણ સાથે લઈ ચાલો તો તમારા હૃદયમાં સંદેહ થશે [કે માતા આ બહાને મને રોકવા માગે છે]. ॥ ૩॥

પૂત પરમ પ્રિય તુમ્હ સબહી કે । પ્રાન પ્રાન કે જીવન જી કે ॥
તે તુમ્હ કહહુ માતુ બન જાઉઁ । મૈં સુનિ બચન બૈઠિ પછિતાઉઁ ॥ ૪॥

હે પુત્ર! તમે બધાને પરમ પ્રિય છો. પ્રાણોના પ્રાણ અને હૃદયના જીવન છો. એ જ (પ્રાણાધાર) તમે કહો છો કે માતા! હું વનમાં જઉં અને હું તમારાં વચનોને સાંભળીને બેઠી બેઠી પસ્તાઉં છું. ॥ ૪॥

દો૦ – યહ બિચારિ નહિં કરઉઁ હઠ ઝૂઠ સનેહુ બઢ઼ાઇ ।
માનિ માતુ કર નાત બલિ સુરતિ બિસરિ જનિ જાઇ ॥ ૫૬॥

આમ વિચારીને ખોટો સ્નેહ વધારીને હું હઠ નથી કરતી! બેટા! હું ઓવારણાં લઉં છું, માતાનો સંબંધ માની મારી સ્મૃતિ ભૂલીશ નહિ. ॥ ૫૬॥

ચૌ૦ – દેવ પિતર સબ તુમ્હહિ ગોસાઈં । રાખહુઁ પલક નયન કી નાઈં ॥
અવધિ અંબુ પ્રિય પરિજન મીના । તુમ્હ કરુનાકર ધરમ ધુરીના ॥ ૧॥

હે પૃથ્વીના સ્વામી! આપ પૃથ્વીની રક્ષા માટે જઈ રહ્યા છો. બધા દેવો અને પિતૃઓ તમારી એવી જ રક્ષા કરે, જેવી પાંપણો આંખોની રક્ષા કરે છે. તમારા વનવાસની અવધિ (ચૌદ વર્ષ) જળ છે, પ્રિયજન અને કુટુમ્બી માછલાં છે. તમે દયાની ખાણ અને ધર્મની ધુરાને ધારણ કરનારા છો- ॥ ૧॥

અસ બિચારિ સોઇ કરહુ ઉપાઈ । સબહિ જિઅત જેહિં ભેંટહુ આઈ ॥
જાહુ સુખેન બનહિ બલિ જાઉઁ । કરિ અનાથ જન પરિજન ગાઉઁ ॥ ૨॥

આમ વિચારીને એવો જ ઉપાય કરજો જેમાં બધાની હયાતીમાં જ તમે આવીને મળો. હું વાર જાઉં છું, તમે સેવકો, પરિવારવાળાઓને અને નગર આખાયને અનાથ કરીને સુખપૂર્વક વનમાં જાઓ(અર્થાત્ અવધિ કરતાં વધુ મોડું કરશો તો આ બધા પ્રાણ ત્યાગી દેશે, જેમ જળ વગર માછલાં પ્રાણ ત્યાગી દે છે). ॥ ૨॥

સબ કર આજુ સુકૃત ફલ બીતા । ભયઉ કરાલ કાલુ બિપરીતા ॥
બહુબિધિ બિલપિ ચરન લપટાની । પરમ અભાગિનિ આપુહિ જાની ॥ ૩॥

આજે બધાયનાં પુણ્યોનું ફળ પૂરું થઈ ગયું! કરાળકાળ વિપરીત થઈ ગયો! [આ રીતે] ઘણો વિલાપ કરીને અને પોતાને પરમ અભાગણી જાણીને માતા શ્રીરામચન્દ્રજીના ચરણોમાં વીંટળાઈ ગયાં. ॥ ૩॥

દારુન દુસહ દાહુ ઉર બ્યાપા । બરનિ ન જાહિં બિલાપ કલાપા ॥
રામ ઉઠાઈ માતુ ઉર લાઈ । કહિ મૃદુ બચન બહુરિ સમુઝાઈ ॥ ૪॥

હૃદયમાં ભયાનક દુઃસહ્ય સંતાપ છવાઈ ગયો. તે વખતના બહુવિધ વિલાપનું વર્ણન કરી નથી શકાતું. શ્રીરામચન્દ્રજીએ માતાને ઉઠાડીને હૃદયે લગાડી દીધાં અને પછી કોમળ વચન કહીને તેમને સમજાવ્યાં. ॥ ૪॥

દો૦ – સમાચાર તેહિ સમય સુનિ સીય ઉઠી અકુલાઈ ।
જાઈ સાસુ પદ કમલ જુગ બંદિ બૈઠિ સિરુ નાઈ ॥ ૫૭॥

તે સમયે આ સમાચાર સાંભળી સીતાજી અકળાઈ ઊઠ્યાં અને સાસુની પાસે જઈને એમનાં બંને ચરણકમળોની વંદના કરીને શીશ ઝુકાવીને બેસી ગયાં. ॥ ૫૭॥

ચૌ૦ – દીન્હિ અસીસ સાસુ મૃદુ બાની । અતિ સુકુમારિ દેખિ અકુલાની ॥
બૈઠિ નમિતમુખ સોચતિ સીતા । રૂપ રાસિ પતિ પ્રેમ પુનીતા ॥ ૧॥

સાસુએ કોમળ વાણીથી આશીર્વાદ આપ્યા. તેઓ અત્યંત સુકુમારી સીતાજીને જોઈને વ્યાકુળ થઈ ઊઠ્યા. રૂપનો ભંડાર અને પતિની સાથે પવિત્ર પ્રેમ કરનારાં સીતાજી નીચું મુખ કરીને વિચારી રહ્યાં છે – ॥ ૧॥

ચલન ચહત બન જીવનનાથૂ । કેહિ સુકૃતી સન હોઇહિ સાથૂ ॥
કી તનુ પ્રાન કિ કેવલ પ્રાના । બિધિ કરતબુ કછુ જાઈ ન જાના ॥ ૨॥

જીવનનાથ વનમાં જવા ઇચ્છે છે. જોઈએ કયા પુણ્યશાળી સાથે એમનો સાથ થશે – શરીર અને પ્રાણ બંને સાથે જશે કે કેવળ પ્રાણ જ એમના સાથે જશે? વિધાતાની કરણી કંઈ જાણી નથી શકાતી. ॥ ૨॥

ચારુ ચરન નખ લેખતિ ધરની । નૂપુર મુખર મધુર કબિ બરની ॥
મનહુઁ પ્રેમ બસ બિનતી કરહીં । હમહિ સીય પદ જનિ પરિહરહીં ॥ ૩॥

સીતાજી પોતાના સુંદર ચરણોના નખોથી ધરતી ખોતરી રહ્યાં છે. આવું કરતી વખતે ઝાંઝરોનો જે મધુર ધ્વનિ થઈ રહ્યો છે, તેનું કવિ આ રીતે વર્ણન કરે છે કે જાણે પ્રેમને વશ થઈને ઝાંઝર એમ વિનંતી કરી રહ્યાં છે કે સીતાજીના ચરણ કદીય અમારો ત્યાગ ન કરે. ॥ ૩॥

મંજુ બિલોચન મોચતિ બારી । બોલી દેખિ રામ મહતારી ॥
તાત સુનહુ સિય અતિ સુકુમારી । સાસુ સસુર પરિજનહિ પિઆરી ॥ ૪॥

સીતાજી સુંદર નેત્રોમાંથી જળ વહાવી રહ્યાં છે. તેમની આ દશા જોઈને શ્રીરામજીનાં માતા કૌશલ્યાજી બોલ્યાં – હે તાત! સાંભળો, સીતા અત્યંત સુકુમારી છે, તથા સાસુ, સસરા અને કુટુમ્બી સર્વેને પ્રિય છે. ॥ ૪॥

દો૦ – પિતા જનક ભૂપાલ મનિ સસુર ભાનુકુલ ભાનુ ।
પતિ રબિકુલ કૈરવ બિપિન બિધુ ગુન રૂપ નિધાનુ ॥ ૫૮॥

એમના પિતાશ્રી જનકજી રાજાઓના શિરોમણિ છે, સસરા સૂર્યકુળના સૂર્ય છે અને પતિ સૂર્યવંશરૂપી કુમુદવનને ખિલવનારા ચન્દ્રમા તથા ગુણ અને રૂપના ભંડાર છે. ॥ ૫૮॥

ચૌ૦ – મૈં પુનિ પુત્રબધૂ પ્રિય પાઈ । રૂપ રાસિ ગુન સીલ સુહાઈ ॥
નયન પુતરિ કરિ પ્રીતિ બઢ઼ાઈ । રાખેઉઁ પ્રાન જાનકિહિં લાઈ ॥ ૧॥

વળી, રૂપની ભંડાર, સુંદર ગુણ અને શીલવાળી પ્રિય પુત્રવધૂ હું પામી છું. મેં એને આંખોની કીકી બનાવી તેનાથી સ્નેહ વધાર્યો છે અને પોતાના પ્રાણ તેનામાં જ લગાડી દીધા છે. ॥ ૧॥

કલપબેલિ જિમિ બહુબિધિ લાલી । સીંચિ સનેહ સલિલ પ્રતિપાલી ॥
ફૂલત ફલત ભયઉ બિધિ બામા । જાનિ ન જાઈ કાહ પરિનામા ॥ ૨॥

એને કલ્પલતાની જેમ મેં બહુ રીતે લાડ લડાવવાની સાથે સ્નેહરૂપી જળથી સીંચીને પાળી-પોષી છે. હવે આ લતાને ફૂલવા-ફળવાનો સમય આવ્યો ત્યારે વિધાતા અવળા થઈ ગયા. કંઈ જાણી નથી શકાતું કે આનું શું પરિણામ આવશે. ॥ ૨॥

પલઁગ પીઠ તજિ ગોદ હિંડોરા । સિયઁ ન દીન્હ પગુ અવનિ કઠોરા ॥
જિઅનમૂરિ જિમિ જોગવત રહઉઁ । દીપ બાતિ નહિં ટારન કહઉઁ ॥ ૩॥

સીતાએ પર્યંકપૃષ્ઠ (પલંગની ઉપર), ખોળા અને હિંડોળા સિવાય કઠોર પૃથ્વી પર ક્યારેય પગ નથી મૂક્યો. હું સદા સંજીવની જડીબુટ્ટીની પેઠે [સાવધાનીથી] એમની રખેવાળી કરતી રહી છું. ક્યારેય દીપકની વાટ હોલવવાનું પણ નથી કહેતી. ॥ ૩॥

સોઈ સિય ચલન ચહતિ બન સાથા । આયસુ કાહ હોઈ રઘુનાથા ॥
ચંદ કિરન રસ રસિક ચકોરી । રબિ રુખ નયન સકઈ કિમિ જોરી ॥ ૪॥

એ જ સીતા હવે તમારી સાથે વનમાં જવા ઇચ્છે છે. હે રઘુનાથ! એને શી આજ્ઞા છે? ચન્દ્રમાનાં કિરણોનો રસ (અમૃત) ઇચ્છનારી ચકોરી સૂર્યની સામે આંખ કેવી રીતે મેળવી શકે છે? ॥ ૪॥

દો૦ – કરિ કેહરિ નિસિચર ચરહિં દુષ્ટ જંતુ બન ભૂરિ ।
બિષ બાટિકાઁ કિ સોહ સુત સુભગ સજીવનિ મૂરિ ॥ ૫૯॥

હાથી, સિંહ, રાક્ષસ આદિ અનેક દુષ્ટ જીવ-જંતુ વનમાં વિચરતાં રહે છે. હે પુત્ર! શું વિષની વાટિકામાં સુંદર સંજીવની બુટ્ટી શોભા પામી શકે છે? ॥ ૫૯॥

ચૌ૦ – બન હિત કોલ કિરાત કિસોરી। રચીં બિરંચિ બિષય સુખ ભોરી ॥
પાહન કૃમિ જિમિ કઠિન સુભાઉ। તિન્હહિ કલેસુ ન કાનન કાઉ ॥ ૧॥

વનના માટે તો બ્રહ્માજીએ વિષયસુખને ન જાણનારી કોલ અને ભીલોની છોકરીઓને રચી છે, જેમનો પથ્થરના કીડા જેવો કઠોર સ્વભાવ છે. તેમને વનમાં ક્યારેય ક્લેશ નથી થતો. ॥ ૧॥

કૈ તાપસ તિય કાનન જોગૂ। જિન્હ તપ હેતુ તજા સબ ભોગૂ ॥
સિય બન બસિહિ તાત કેહિ ભાઁતી। ચિત્રલિખિત કપિ દેખિ ડેરાતી ॥ ૨॥

કાં તો તપસ્વીઓની સ્ત્રીઓ વનમાં રહેવા યોગ્ય છે, જેમને તપસ્યા માટે સર્વ ભોગ તજી દીધાં છે. હે પુત્ર! જે તસવીરમાંના વાંદરાને જોઈને ડરી જાય છે તે સીતા વનમાં કેવી રીતે રહી શકશે? ॥ ૨॥

સુરસર સુભગ બનજ બન ચારી। ડાબર જોગુ કિ હંસકુમારી ॥
અસ બિચારિ જસ આયસુ હોઈ। મૈં સિખ દેઉઁ જાનકિહિ સોઈ ॥ ૩॥

દેવસરોવરના કમળવનમાં વિચરણ કરનારી હંસી શું ખાબોચિયા(ગંદી તળાવડી)માં રહેવા યોગ્ય છે? આવું વિચારીને જેવી તમારી આજ્ઞા હોય તેમ હું જાનકીને તે પ્રમાણેની શિખામણ આપું. ॥ ૩॥

જૌં સિય ભવન રહૈ કહ અંબા। મોહિ કહઁ હોઈ બહુત અવલંબા ॥
સુનિ રઘુબીર માતુ પ્રિય બાની। સીલ સનેહ સુધાઁ જનુ સાની ॥ ૪॥

માતા કહે છે – જો સીતા ઘરમાં રહે તો મને ઘણો આધાર મળી જાય. શ્રીરામચન્દ્રજીએ માતાની પ્રિય વાણી સાંભળી; જે જાણે શીલ અને સ્નેહરૂપી અમૃતથી તરબોળ હતી, ॥ ૪॥

દો૦ – કહિ પ્રિય બચન બિબેકમય કીન્હિ માતુ પરિતોષ।
લગે પ્રબોધન જાનકિહિ પ્રગટિ બિપિન ગુન દોષ ॥ ૬૦॥

આવાં વિવેકયુક્ત પ્રિય વચન કહીને માતાને સંતુષ્ટ કર્યાં. પછી વનના ગુણ-દોષ પ્રકટ કરીને જાનકીજીને સમજાવવા લાગ્યા. ॥ ૬૦॥

માસપારાયણ, ચૌદમો વિશ્રામ

ચૌ૦ – માતુ સમીપ કહત સકુચાહીં। બોલે સમઉ સમુઝિ મન માહીં ॥
રાજકુમારિ સિખાવનુ સુનહૂ। આન ભાઁતિ જિયઁ જનિ કછુ ગુનહૂ ॥ ૧॥

માતાની સામે સીતાજીને કંઈ કહેતાં સંકોચાય છે. પણ મનમાં એમ સમજીને કે આ સમય જ એવો છે, તે બોલ્યા – હે રાજકુમારી! મારી શિખામણ સાંભળો. મનમાં કંઈ બીજું ન સમજી લેજો. ॥ ૧॥

આપન મોર નીક જૌં ચહહૂ । બચનુ હમાર માનિ ગૃહ રહહૂ ॥
આયસુ મોર સાસુ સેવકાઈ । સબ બિધિ ભામિનિ ભવન ભલાઈ ॥ ૨॥

જો પોતાનું અને મારું ભલું ઇચ્છતાં હોવ તો મારું વચન માનીને ઘેર રહો. હે ભામિની! મારી આજ્ઞાનું પાલન થશે, સાસુઓની સેવા થશે. ઘેર રહેવામાં સર્વે પ્રકારે ભલું છે. ॥ ૨॥

એહિ તે અધિક ધરમુ નહિં દૂજા । સાદર સાસુ સસુર પદ પૂજા ॥
જબ જબ માતુ કરિહિ સુધિ મોરી । હોઇહિ પ્રેમ બિકલ મતિ ભોરી ॥ ૩॥

આદરપૂર્વક સાસુ-સસરાના ચરણોની પૂજા (સેવા) કરતાં ચઢિયાતો બીજો કોઈ ધર્મ નથી. જ્યારે જ્યારે માતા મને યાદ કરશે અને પ્રેમથી પરવશ હોવાને કારણે તેમની બુદ્ધિ વ્યાકુળ થઈ જશે (તે પોતે પોતાને ભૂલી જશે), ॥ ૩॥

તબ તબ તુમ્હ કહિ કથા પુરાની । સુંદરિ સમુઝાએહુ મૃદુ બાની ॥
કહઉઁ સુભાયઁ સપથ સત મોહી । સુમુખિ માતુ હિત રાખઉઁ તોહી ॥ ૪॥

હે સુંદરી! ત્યારે ત્યારે તમે કોમળ વાણીથી પૌરાણિક કથાઓ કહી-કહીને એમને સમજાવજો. હે સુમુખી! મને સેંકડો સોગંદ છે, હું આ સ્વભાવથી જ કહું છું કે હું તમને કેવળ માતાને માટે જ ઘેર રાખું છું. ॥ ૪॥

દો૦ – ગુર શ્રુતિ સંમત ધરમ ફલુ પાઇઅ બિનહિં કલેસ ।
હઠ બસ સબ સંકટ સહે ગાલવ નહુષ નરેસ ॥ ૬૧॥

[મારી આજ્ઞા માનીને ઘેર રહેવાથી] ગુરુ અને વેદ દ્વારા સંમત ધર્મ[ના આચરણ]નું ફળ તમને વગર ક્લેશે જ મળી જાય છે. પરંતુ હઠને વશ થઈને ગાલવ મુનિ અને રાજા નહુષ આદિ સર્વેએ સંકટ જ સહ્યાં. ॥ ૬૧॥

ચૌ૦ – મૈં પુનિ કરિ પ્રવાન પિતુ બાની । બેગિ ફિરબ સુનુ સુમુખિ સયાની ॥
દિવસ જાત નહિં લાગિહિ બારા । સુંદરિ સિખવનુ સુનહુ હમારા ॥ ૧॥

હે સુમુખી! હે સયાની! સાંભળો, હું પણ પિતાનાં વચનોને સત્ય કરીને શીઘ્ર જ પાછો ફરીશ. દિવસ જતાં વાર નથી લાગતી. હે સુંદરી! અમારી આ શીખ સાંભળો! ॥ ૧॥

જૌં હઠ કરહુ પ્રેમ બસ બામા । તૌ તુમ્હ દુખુ પાઉબ પરિનામા ॥
કાનનુ કઠિન ભયંકરુ ભારી । ઘોર ઘામુ હિમ બારિ બયારી ॥ ૨॥

હે વામા! જો પ્રેમવશ હઠ કરશો, તો તેના પરિણામે તમે દુઃખ પામશો. વન ઘણું કઠિન (ક્લેશદાયક) અને ભયાનક છે. ત્યાં તાપ, ઠંડી, વર્ષા અને હવા - સઘળું ઘણા ભયાનક છે. ॥ ૨॥

કુસ કંટક મગ કાઁકર નાના । ચલબ પયાદેહિં બિનુ પદત્રાના ॥
ચરન કમલ મૃદુ મંજુ તુમ્હારે । મારગ અગમ ભૂમિધર ભારે ॥ ૩॥

રસ્તામાં કુશ (દર્ભ), કાંટા અને ઘણા જ કાંકરા છે. તેના પર પગરખાં વગર પગપાળા જ ચાલવું પડશે. તમારાં ચરણકમળ કોમળ અને સુંદર છે અને માર્ગમાં ભયંકર દુર્ગમ પર્વત છે. ॥ ૩॥

કંદર ખોહ નદીં નદ નારે । અગમ અગાધ ન જાહિં નિહારે ॥
ભાલુ બાઘ બૃક કેહરિ નાગા । કરહિં નાદ સુનિ ધીરજુ ભાગા ॥ ૪॥

પર્વતોની ગુફાઓ, કોતરો, નદીઓ, સરોવરો, વોકળા અને નાળાં એવા અગમ્ય અને ઊંડાં છે કે તેમની સામું જોવાતું પણ નથી. રીંછ, વાઘ, વરુ, સિંહ અને હાથી એવા [ભયાનક] અવાજ કરે છે કે તેને સાંભળીને ધીરજ પણ ભાગી જાય છે. ॥ ૪॥

દો૦ – ભૂમિ સયન બલકલ બસન અસનુ કંદ ફલ મૂલ ।
તે કિ સદા સબ દિન મિલહિં સબુઇ સમય અનુકૂલ ॥ ૬૨॥

જમીન પર સૂવું, ઝાડની છાલનાં વસ્ત્રો (વલ્કલ) પહેરવાનાં અને કંદ, મૂળ, ફળનો આહાર કરવો પડશે અને તે પણ શું કાયમ મળશે? શું આપણી અનુકૂળતા મુજબ મળી શકશે? ॥ ૬૨॥

ચૌ૦ – નર અહાર રજનીચર ચરહીં । કપટ બેષ બિધિ કોટિક કરહીં ॥
લાગઈ અતિ પહાર કર પાની । બિપિન બિપતિ નહિં જાઈ બખાની ॥ ૧॥

મનુષ્યોને ખાનાર નિશાચર (રાક્ષસ) ફરતાં રહે છે. તેઓ કરોડો પ્રકારનાં કપટરૂપ ધારણ કરી લે છે. પર્વતનું પાણી ઘણું જ લાગે છે એટલે કે ભારે પડે છે. વનની વિપત્તિ વખાણી નથી શકાતી. ॥ ૧॥

બ્યાલ કરાલ બિહગ બન ઘોરા । નિસિચર નિકર નારિ નર ચોરા ॥
ડરપહિં ધીર ગહન સુધિ આએઁ । મૃગલોચનિ તુમ્હ ભીરુ સુભાએઁ ॥ ૨॥

વનમાં ભીષણ સર્પ, ભયાનક પક્ષી અને સ્ત્રી-પુરુષોને ચોરનારા રાક્ષસોનાં ટોળેટોળાં રહે છે. વનની [ભયંકરતા] યાદ આવવામાત્રથી ધીર પુરુષ પણ ડરી જાય છે. વળી, હે ભામા! તમે તો સ્વભાવથી જ ડરપોક છો! ॥ ૨॥

હંસગવનિ તુમ્હ નહિં બન જોગૂ । સુનિ અપજસુ મોહિ દેઇહિ લોગૂ ॥
માનસ સલિલ સુધાઁ પ્રતિપાલી । જિઅઇ કિ લવન પયોધિ મરાલી ॥ ૩॥

હે પ્રિયે! તમે વનને યોગ્ય નથી. તમારા વનમાં જવાની વાત સાંભળીને લોકો મને અપયશ આપશે (ખરાબ ગણશે). માનસરોવરના અમૃત સમાન જળથી પાળેલી હંસી શું ખારા સમુદ્રમાં જીવી શકે છે? ॥ ૩॥

નવ રસાલ બન બિહરનસીલા । સોહ કિ કોકિલ બિપિન કરીલા ॥
રહહુ ભવન અસ હૃદયઁ બિચારી । ચંદબદનિ દુખુ કાનન ભારી ॥ ૪॥

નવીન આંબાના વનમાં વિહાર કરનારી કોયલ શું કેરડીના વનમાં શોભા પામે છે? હે સુમુખી! હૃદયમાં આવો વિચાર કરીને તમે ઘેર જ રહો. વનમાં ઘણું કષ્ટ છે. ॥ ૪॥

દો૦ – સહજ સુહૃદ ગુર સ્વામિ સિખ જો ન કરઇ સિર માનિ।
સો પછિતાઇ અઘાઇ ઉર અવસિ હોઇ હિત હાનિ ॥ ૬૩॥

સ્વાભાવિક જ હિત ઇચ્છનારા ગુરુ અને સ્વામીની શિખામણ જે સિરે ચઢાવી નથી માનતા, તેઓ હૃદયમાં પેટ ભરીને પસ્તાય છે અને તેમના હિતની હાનિ અવશ્ય થાય છે. ॥ ૬૩॥

ચૌ૦ – સુનિ મૃદુ બચન મનોહર પિય કે। લોચન લલિત ભરે જલ સિય કે॥
સીતલ સિખ દાહક ભઇ કૈસેં। ચકઇહિ સરદ ચંદ નિસિ જૈસેં॥ ૧॥

પ્રિયતમનાં કોમળ તથા મનોહર વચન સાંભળીને સીતાજીનાં સુંદર નેત્ર જળથી ભરાઈ ગયાં. શ્રીરામજીની આ શીતળ શીખ તેમને એવી બાળનારી થઈ, જેવી ચકવીને શરદઋતુની ચાંદની રાત. ॥ ૧॥

ઉતરુ ન આવ બિકલ બૈદેહી। તજન ચહત સુચિ સ્વામિ સનેહી॥
બરબસ રોકિ બિલોચન બારી। ધરિ ધીરજુ ઉર અવનિકુમારી॥ ૨॥

જાનકીજીથી કંઈ ઉત્તર આપી શકાતો નથી, તે એમ વિચારીને વ્યાકુળ થઈ ઊઠ્યાં કે મારા પવિત્ર અને પ્રેમી સ્વામી મને છોડીને જવા ઇચ્છે છે. નેત્રોનાં જળને પરાણે રોકીને તે પૃથ્વીની કન્યા સીતાજી હૃદયમાં ધીરજ ધરીને, ॥ ૨॥

લાગિ સાસુ પગ કહ કર જોરી। છમબિ દેબિ બડ઼િ અબિનય મોરી॥
દીન્હિ પ્રાનપતિ મોહિ સિખ સોઈ। જેહિ બિધિ મોર પરમ હિત હોઈ॥ ૩॥

સાસુજીના પગે પડીને, હાથ જોડીને કહેવા લાગ્યાં – હે દેવી! મારી આ મોટી ધૃષ્ટતાને ક્ષમા કરો. મને પ્રાણપતિએ એ જ શીખ આપી છે જેથી મારું પરમ હિત થાય. ॥ ૩॥

મૈં પુનિ સમુઝિ દીખિ મન માહીં। પિય બિયોગ સમ દુખુ જગ નાહીં॥ ૪॥

છતાંય મેં મારા મનમાં સારી પેઠે વિચાર કરીને જોઈ લીધું કે પતિવિયોગ સમાન જગતમાં કોઈ દુઃખ નથી. ॥ ૪॥

દો૦ – પ્રાનનાથ કરુનાયતન સુંદર સુખદ સુજાન।
તુમ્હ બિનુ રઘુકુલ કુમુદ બિધુ સુરપુર નરક સમાન॥ ૬૪॥

હે પ્રાણનાથ! હે દયાના ધામ! હે સુંદર! હે સુખોને આપનાર! હે સુજાન! હે રઘુકુળરૂપી કુમુદને ખિલવનાર ચન્દ્રમા! આપના વિના સ્વર્ગ પણ મારા માટે નરક સમાન છે. ॥ ૬૪॥

ચૌ૦ – માતુ પિતા ભગિની પ્રિય ભાઈ। પ્રિય પરિવારુ સુહૃદ સમુદાઈ॥
સાસુ સસુર ગુર સજન સહાઈ। સુત સુંદર સુસીલ સુખદાઈ॥ ૧॥

માતા, પિતા, બહેન, પ્રિય ભાઈ, પ્રિય પરિવાર, મિત્રોનો સમુદાય, સાસુ, સસરા, ગુરુ, સ્વજન (બંધુ-બાંધવ) સહાયક અને સુંદર, સુશીલ અને સુખ આપનારા પુત્ર – ॥ ૧॥

જહઁ લગિ નાથ નેહ અરુ નાતે। પિય બિનુ તિયહિ તરનિહુ તે તાતે॥
તનુ ધનુ ધામુ ધરનિ પુર રાજૂ। પતિ બિહીન સબુ સોક સમાજૂ॥ ૨॥

હે નાથ! જ્યાં સુધી સ્નેહ અને સંબંધ છે એ સઘળા પતિ વગર સ્ત્રી માટે સૂર્યથી પણ વધારે તપાવનારાં છે. શરીર, ધન, ઘર, પૃથ્વી, નગર અને રાજ્ય સર્વે કંઈ હોવા છતાંય, સ્ત્રી માટે પતિ વિના તે સઘળો શોકનો સમાજ છે. ॥ ૨॥

ભોગ રોગસમ ભૂષન ભારૂ। જમ જાતના સરિસ સંસારૂ॥
પ્રાનનાથ તુમ્હ બિનુ જગ માહીં। મો કહુઁ સુખદ કતહુઁ કછુ નાહીં॥ ૩॥

ભોગ રોગ સમાન છે, ઘરેણાં ભારરૂપ છે અને સંસાર યમ-યાતના (નરકની પીડા) સમાન છે. હે પ્રાણનાથ! આપના વિના જગતમાં મને ક્યાંય કંઈ પણ સુખદાયી નથી. ॥ ૩॥

જિય બિનુ દેહ નદી બિનુ બારી। તૈસિઅ નાથ પુરુષ બિનુ નારી॥
નાથ સકલ સુખ સાથ તુમ્હારેં। સરદ બિમલ બિધુ બદનુ નિહારેં॥ ૪॥

જેમ વગર જીવનો દેહ અને જળ વિનાની નદી શોભતી નથી, તેમજ હે નાથ! પુરુષ વિના સ્ત્રી શોભતી નથી. હે નાથ! આપના સાથે રહીને આપના શરદ્‌પૂર્ણિમાના નિર્મળ ચન્દ્રમા સમાન મુખને જોતાં જોતાં મને સમસ્ત સુખ પ્રાપ્ત થશે. ॥ ૪॥

દો૦ – ખગ મૃગ પરિજન નગરુ બનુ બલકલ બિમલ દુકૂલ।
નાથ સાથ સુરસદન સમ પરનસાલ સુખ મૂલ॥ ૬૫॥

હે નાથ! આપની સાથે આવીશ તો ત્યાં પશુ - પક્ષીઓ જ મારા કુટુમ્બી થશે, વન નગર થશે અને વૃક્ષોની છાલ નિર્મળ વસ્ત્ર થશે તથા પર્ણકુટી પણ સ્વર્ગ સમાન સુખોને આપનારી થશે. ॥ ૬૫॥

ચૌ૦ – બનદેબીં બનદેવ ઉદારા। કરિહહિં સાસુ સસુર સમ સારા॥
કુસ કિસલય સાથરી સુહાઈ। પ્રભુ સઁગ મંજુ મનોજ તુરાઈ॥ ૧॥

ઉદાર હૃદયનાં વનદેવી અને વનદેવતા જ સાસુ-સસરાજીની પેઠે મારી સાર-સંભાળ રાખશે અને દર્ભ તથા પાંદડાંની સુંદર પથારી જ પ્રભુની સાથે કામદેવની મનોહર તળાઈ સમાન થશે. ॥ ૧॥

કંદ મૂલ ફલ અમિઅ અહારૂ। અવધ સૌધ સત સરિસ પહારૂ॥
છિનુ છિનુ પ્રભુ પદ કમલ બિલોકી। રહિહઉઁ મુદિત દિવસ જિમિ કોકી॥ ૨॥

કંદ, મૂળ અને ફળ જ અમૃત સમાન આહાર થશે અને [વનના] પર્વતો જ અયોધ્યાના સેંકડો રાજમહેલ સમાન થશે. ક્ષણે ક્ષણે પ્રભુનાં ચરણકમળોને જોઈ-જોઈને હું એવી આનંદિત રહીશ, જેવી દિવસે ચકવી રહે છે. ॥ ૨॥

બન દુખ નાથ કહે બહુતેરે। ભય બિષાદ પરિતાપ ઘનેરે॥
પ્રભુ બિયોગ લવલેસ સમાના। સબ મિલિ હોહિં ન કૃપાનિધાના॥ ૩॥

હે નાથ! આપે વનનાં બધા દુઃખોને વખાણીને અને ઘણા જ ભય, વિષાદ અને સંતાપ આપનારા કહ્યા, પરંતુ હે કૃપાનિધાન! તે સર્વે મળીને પણ પ્રભુ(આપ)ના વિયોગથી થનારા દુઃખની સામે લવલેશ પણ સમાન નથી થઈ શકતાં. ॥ ૩॥

અસ જિયઁ જાનિ સુજાન સિરોમનિ। લેઇઅ સંગ મોહિ છાડ઼િઅ જનિ॥
બિનતી બહુત કરૌં કા સ્વામી। કરુનામય ઉર અંતરજામી॥૪॥

આવું ચિત્તમાં જાણીને, હે સુજાનશિરોમણિ! મને સાથે લઈ લો, અહીં ન છોડો. હે સ્વામી! હું અધિક શું વિનંતી કરું? આપ કરુણામય છો અને સર્વેના હૃદયના અંદરનું જાણનારા છો. ॥૪॥

દો૦ – રાખિઅ અવધ જો અવધિ લગિ રહત ન જનિઅહિં પ્રાન।
દીનબંધુ સુંદર સુખદ સીલ સનેહ નિધાન॥૬૬॥

હે દીનબંધુ! હે સુંદર! હે સુખ દેનારા! હે શીલ અને પ્રેમના ભંડાર! જો અવધિ (ચૌદ વર્ષ) સુધી મને અયોધ્યામાં રાખો છો તો જાણી લેજો કે મારા પ્રાણ નહીં રહે. ॥૬૬॥

ચૌ૦ – મોહિ મગ ચલત ન હોઇહિ હારી। છિનુ છિનુ ચરન સરોજ નિહારી॥
સબહિ ભાઁતિ પિય સેવા કરિહૌં। મારગ જનિત સકલ શ્રમ હરિહૌં॥૧॥

ક્ષણે ક્ષણે આપનાં ચરણકમળોને જોતાં રહેવાથી મને માર્ગમાં ચાલવાનો થાક નહીં લાગે. હે પ્રિયતમ! હું દરેક રીતે આપની સેવા કરીશ અને માર્ગે ચાલવાથી લાગનારા બધાય થાકને હરી લઈશ. ॥૧॥

પાય પખારિ બૈઠિ તરુ છાહીં। કરિહઉઁ બાઉ મુદિત મન માહીં॥
શ્રમ કન સહિત સ્યામ તનુ દેખેં। કહઁ દુખ સમઉ પ્રાનપતિ પેખેં॥૨॥

આપના પગ ધોઈને, વૃક્ષોની છાયામાં બેસીને, મનમાં પ્રસન્ન થઈને વીંઝણો નાખીશ. પરસેવાનાં ટીપાંસહિત શ્યામ શરીરને જોતાં જોતાં પ્રાણપતિનાં દર્શન કરતાં કરતાં મને દુઃખને માટે અવકાશ જ ક્યાં રહેશે? ॥૨॥

સમ મહિ તૃન તરુપલ્લવ ડાસી। પાય પલોટિહિ સબ નિસિ દાસી॥
બાર બાર મૃદુ મૂરતિ જોહી। લાગિહિ તાત બયારિ ન મોહી॥૩॥

સમતળ ભૂમિ પર ઘાસ અને વૃક્ષનાં પાંદડાં બિછાવીને આ દાસી આખી રાત્રિ આપની ચરણસેવા કરશે. વારંવાર આપની મધુર શ્યામળ મૂર્તિને જોઈને મને હવા પણ ગરમ નહીં લાગે. ॥૩॥

કો પ્રભુ સઁગ મોહિ ચિતવનિહારા। સિંઘબધુહિ જિમિ સસક સિઆરા॥
મૈં સુકુમારિ નાથ બન જોગૂ। તુમ્હહિ ઉચિત તપ મો કહુઁ ભોગૂ॥૪॥

જેમ સિંહણને સસલાં અને શિયાળ નથી જોઈ શકતાં, તેમ પ્રભુની સાથે [રહેતાં રહેતાં] મારી સામું [આંખ ઉઠાવીને] જોનારું કોણ છે? (શું) હું સુકુમારી છું અને નાથ! આપ વનને યોગ્ય છો! આપને તપ ઉચિત છે અને મને વિષય-ભોગ! ॥૪॥

દો૦ – ઐસેઉ બચન કઠોર સુનિ જૌં ન હૃદઉ બિલગાન।
તૌ પ્રભુ બિષમ બિયોગ દુખ સહિહહિં પાવઁર પ્રાન॥૬૭॥

આવાં કઠોર વચન સાંભળીને પણ જ્યારે મારું હૃદય ફાટી ન પડ્યું તો હે પ્રભુ! [માલૂમ થાય છે] આ પામર પ્રાણ આપના વિયોગનું ભીષણ દુઃખ સહેશે! ॥૬૭॥

ચૌ૦ – અસ કહિ સીય બિકલ ભઈ ભારી । બચન બિયોગુ ન સકી સઁભારી ॥
દેખિ દસા રઘુપતિ જિયઁ જાના । હઠિ રાખેં નહિં રાખિહિ પ્રાના ॥ ૧॥

આમ કહીને સીતાજી ઘણાં જ વ્યાકુળ થઈ ગયાં. તે વચનના વિયોગને પણ ન સંભાળી શક્યાં. (અર્થાત્ શરીરથી વિયોગની વાત તો બાજુએ રહી, વચનના વિયોગની વાત પણ સાંભળીને તે અત્યંત વ્યાકુળ થઈ ગયાં). તેમની આ દશા જોઈને શ્રીરઘુનાથજીએ પોતાના ચિત્તમાં જાણી લીધું કે હઠપૂર્વક એને અહીં રાખવાથી એ પ્રાણોને નહીં રાખે. ॥ ૧॥

કહેઉ કૃપાલ ભાનુકુલનાથા । પરિહરિ સોચુ ચલહુ બન સાથા ॥
નહિં બિષાદ કર અવસરુ આજૂ । બેગિ કરહુ બન ગવન સમાજૂ ॥ ૨॥

પછી કૃપાળુ, સૂર્યકુળના સ્વામી શ્રીરામચન્દ્રજીએ કહ્યું કે શોક છોડીને મારી સાથે વનમાં ચાલો. આજે વિષાદ કરવાનો અવસર નથી. ઝડપથી વનગમનની તૈયારી કરો. ॥ ૨॥

કહિ પ્રિય બચન પ્રિયા સમુઝાઈ । લગે માતુ પદ આસિષ પાઈ ॥
બેગિ પ્રજા દુખ મેટબ આઈ । જનની નિઠુર બિસરિ જનિ જાઈ ॥ ૩॥

શ્રીરામચન્દ્રજીએ પ્રિય વચન કહીને પ્રિયતમા સીતાજીને સમજાવ્યાં. પછી માતાને પગે લાગીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા. [માતાએ કહ્યું –] બેટા! જલદી પાછો આવીને પ્રજાના દુઃખને મટાડજે અને આ નિષ્ઠુર માતાને પણ તમે ભૂલશો મા. ॥ ૩॥

ફિરિહિ દસા બિધિ બહુરિ કિ મોરી । દેખિહઉઁ નયન મનોહર જોરી ॥
સુદિન સુઘરી તાત કબ હોઇહિ । જનની જિઅત બદન બિધુ જોઇહિ ॥ ૪॥

હે વિધાતા! શું મારા સારા દિવસો પાછા આવશે? જેથી પોતાનાં નેત્રોથી હું આ મનોહર જોડીને ફરી જોઈ શકીશ? હે પુત્ર! એ સુંદર દિવસ અને શુભ ઘડી ક્યારે આવશે, જ્યારે તમારી જનની જીવતાજીવે તમારું મુખચન્દ્ર ફરી જોવા પામશે? ॥ ૪॥

દો૦ – બહુરિ બચ્છ કહિ લાલુ કહિ રઘુપતિ રઘુબર તાત ।
કબહિં બોલાઇ લગાઇ હિયઁ હરષિ નિરખિહઉઁ ગાત ॥ ૬૮॥

હે તાત! 'વત્સ' કહીને, 'લાલ' કહીને, 'રઘુપતિ' કહીને, 'રઘુવર' કહીને; હું પછી ક્યારે તમને બોલાવી હૃદય સરસા ચાંપીશ અને હર્ષિત થઈને તમારાં અંગોને જોઈશ? ॥ ૬૮॥

ચૌ૦ – લખિ સનેહ કાતરિ મહતારી । બચનુ ન આવ બિકલ ભઈ ભારી ॥
રામ પ્રબોધુ કીન્હ બિધિ નાના । સમઉ સનેહુ ન જાઇ બખાના ॥ ૧॥

આ જોઈને કે માતા સ્નેહને લીધે અધીર થઈ ગયાં છે અને એટલા અધિક વ્યાકુળ છે કે મુખમાંથી વચન નથી નીકળતું, શ્રીરામચન્દ્રજીએ અનેક પ્રકારે એમને સમજાવ્યા, તે વખતનું અને પ્રેમનું વર્ણન કરી શકાતું નથી. ॥ ૧॥

તબ જાનકી સાસુ પગ લાગી । સુનિઅ માય મૈં પરમ અભાગી ॥
સેવા સમય દૈઅઁ બનુ દીન્હા । મોર મનોરથુ સફલ ન કીન્હા ॥ ૨॥

પછી જાનકીજી સાસુને પગે લાગ્યાં અને બોલ્યાં – હે માતા! સાંભળો, હું ઘણી જ અભાગણી છું. આપની સેવા કરવાના સમયે દેવે મને વનવાસ આપી દીધો. મારો મનોરથ સફળ ન કર્યો. ॥ ૨॥

તજબ છોભુ જનિ છાડ઼િઅ છોહૂ । કરમુ કઠિન કછુ દોસુ ન મોહૂ ॥
સુનિ સિય બચન સાસુ અકુલાની । દસા કવનિ બિધિ કહૌં બખાની ॥ ૩॥

આપ ક્ષોભનો ત્યાગ કરી દો, પરંતુ કૃપા ન ત્યજશો. કર્મની ગતિ કઠિન છે, મારોય કોઈ દોષ નથી. સીતાજીનાં વચન સાંભળીને સાસુજી વ્યાકુળ થઈ ગયાં. તેમની દશાને હું કઈ રીતે વખાણીને કહું! ॥ ૩॥

બારહિં બાર લાઈ ઉર લીન્હી । ધરિ ધીરજુ સિખ આસિષ દીન્હી ॥
અચલ હોઉ અહિવાતુ તુમ્હારા । જબ લગિ ગંગ જમુન જલ ધારા ॥ ૪॥

તેમણે સીતાજીને વારંવાર હૃદયે ચાંપ્યાં અને ધીરજ આપીને શિખામણ આપી તેમજ આશીર્વાદ આપ્યા કે જ્યાં સુધી ગંગાજી અને યમુનાજીમાં જળની ધારા વહેશે, ત્યાં સુધી તમારું સૌભાગ્ય અખંડ રહે. ॥ ૪॥

દો૦ – સીતહિ સાસુ અસીસ સિખ દીન્હિ અનેક પ્રકાર ।
ચલી નાઈ પદ પદુમ સિરુ અતિ હિત બારહિં બાર ॥ ૬૮॥

સીતાજીને સાસુજીએ અનેક જાતનાં આશીર્વાદ અને શિખામણ આપ્યાં પછી સીતાજી ઘણા જ પ્રેમથી વારંવાર ચરણકમળોમાં શીશ નમાવીને ચાલ્યાં. ॥ ૬૮॥

ચૌ૦ – સમાચાર જબ લછિમન પાએ । બ્યાકુલ બિલખ બદન ઉઠિ ધાએ ॥
કંપ પુલક તન નયન સનીરા । ગહે ચરન અતિ પ્રેમ અધીરા ॥ ૧॥

જ્યારે લક્ષ્મણજીને સમાચાર મળ્યા, ત્યારે તે વ્યાકુળ થઈને ઉદાસ મુખે દોડ્યા. શરીર કંપી રહ્યું છે, રોમાંચ થઈ રહ્યો છે, નેત્રો આંસુઓથી ભરાયેલાં છે. પ્રેમથી અત્યંત અધીર થઈને તેમણે શ્રીરામજીના ચરણો પકડી લીધા. ॥ ૧॥

કહિ ન સકત કછુ ચિતવત ઠાઢ઼ે । મીનુ દીન જનુ જલ તેં કાઢ઼ે ॥
સોચુ હૃદયઁ બિધિ કા હોનિહારા । સબુ સુખુ સુકૃતુ સિરાન હમારા ॥ ૨॥

તેઓ કંઈ કહી શકતા નથી, બસ, ઊભાં-ઊભાં જોઈ રહ્યા છે. [એવા દીન થઈ રહ્યા છે] જાણે જળમાંથી કાઢી નાખવાથી માછલું દીન થઈ રહ્યું હોય. હૃદયમાં એવું વિચારી રહ્યા છે કે હે વિધાતા! શું થવાનું છે? શું અમારું સર્વે સુખ અને પુણ્ય પૂરાં થઈ ગયાં? ॥ ૨॥

મો કહુઁ કાહ કહબ રઘુનાથા । રખિહહિં ભવન કિ લેહહિં સાથા ॥
રામ બિલોકિ બંધુ કર જોરેં । દેહ ગેહ સબ સન તૃનુ તોરેં ॥ ૩॥

મને શ્રીરઘુનાથજી શું કહેશે? ઘરે રાખશે કે સાથે લઈ જશે? શ્રીરામચન્દ્રજીએ ભાઈ લક્ષ્મણને હાથ જોડી અને દેહ તથા ઘર સર્વેથી સંબંધ તોડીને ઊભા રહેલા જોયા. ॥ ૩॥

બોલે બચનુ રામ નય નાગર। સીલ સનેહ સરલ સુખ સાગર॥
તાત પ્રેમ બસ જનિ કદરાહૂ। સમુઝિ હૃદયँ પરિનામ ઉછાહૂ॥ ૪॥

પછી નીતિમાં નિપુણ અને શીલ, સ્નેહ, સરળતા અને સુખના સમુદ્ર શ્રીરામચન્દ્રજી વચન બોલ્યા – હે તાત! પરિણામમાં થનારા આનંદને હૃદયમાં સમજીને તમે પ્રેમવશ અધીર ન થાઓ. ॥ ૪॥

દો૦ – માતુ પિતા ગુરુ સ્વામિ સિખ સિર ધરિ કરહિં સુભાયँ।
લહેઉ લાભુ તિન્હ જનમ કર નતરુ જનમુ જગ જાયँ॥ ૭૦॥

જે લોકો માતા, પિતા, ગુરુ અને સ્વામીની આજ્ઞાને સ્વાભાવિકરૂપે માથે ચઢાવીને તેનું પાલન કરે છે, તેમણે જ જન્મ લેવાનો લાભ પ્રાપ્ત કર્યો છે; નહીં તો જગત્‌માં જન્મ વ્યર્થ જ છે. ॥ ૭૦॥

ચૌ૦ – અસ જિયँ જાનિ સુનહુ સિખ ભાઈ। કરહુ માતુ પિતુ પદ સેવકાઈ॥
ભવન ભરતુ રિપુસૂદનુ નાહીં। રાઉ બૃદ્ધ મમ દુખુ મન માહીં॥ ૧॥

હે ભાઈ! હૃદયમાં એમ સમજીને મારી શીખ સાંભળો અને માતાપિતાના ચરણોની સેવા કરો. ભરત અને શત્રુઘ્ન બંનેય ઘેર નથી, પિતાજી વૃદ્ધ છે અને મારા માટે પણ દુઃખી છે. ॥ ૧॥

મૈં બન જાઉँ તુમ્હહિ લેઈ સાથા। હોઈ સબહિ બિધિ અવધ અનાથા॥
ગુરુ પિતુ માતુ પ્રજા પરિવારૂ। સબ કહુँ પરઇ દુસહ દુખ ભારૂ॥ ૨॥

આવી પરિસ્થિતિમાં હું તમને સાથે લઈને વનમાં જઉં તો અયોધ્યા દરેક રીતે અનાથ થઈ જશે. ગુરુ, પિતા, માતા, પ્રજા અને પરિવાર – બધા ઉપર ભારે દુઃખનો દુઃસહ્ય ભાર આવી પડશે. ॥ ૨॥

રહહુ કરહુ સબ કર પરિતોષૂ। નતરુ તાત હોઈહિ બડ઼ દોષૂ॥
જાસુ રાજ પ્રિય પ્રજા દુખારી। સો નૃપુ અવસિ નરક અધિકારી॥ ૩॥

એટલે તમે અહીં રહો અને બધાનો સંતોષ કરતાં રહો. નહીં તો હે તાત! મોટો દોષ લાગશે. જેના રાજ્યમાં પ્રિય પ્રજા દુઃખી રહે છે, તે રાજા અવશ્ય જ નરકનો અધિકારી થાય છે. ॥ ૩॥

રહહુ તાત અસિ નીતિ બિચારી। સુનત લખનુ ભએ બ્યાકુલ ભારી॥
સિઅરેં બચન સૂખિ ગએ કૈસેં। પરસત તુહિન તામરસુ જૈસેં॥ ૪॥

હે તાત! આવી નીતિ વિચારીને તમે ઘેર રહી જાઓ. આ સાંભળતાં જ લક્ષ્મણજી બહુ જ વ્યાકુળ થઈ ગયા. આ શીતળ વચનોથી તે એવા સૂકાઈ ગયા, જેમ ઝાકળ(હિમ)ના સ્પર્શથી કમળ સુકાઈ જાય છે. ॥ ૪॥

દો૦ – ઉતરુ ન આવત પ્રેમ બસ ગહે ચરન અકુલાઇ।
નાથ દાસુ મૈં સ્વામિ તુમ્હ તજહુ ત કાહ બસાઇ॥ ૭૧॥

પ્રેમવશ લક્ષ્મણજીથી કંઈ ઉત્તર આપી નથી શકાતો. તેમણે વ્યાકુળ થઈને શ્રીરામજીના ચરણ પકડી લીધા અને કહ્યું – હે નાથ! હું દાસ છું અને આપ સ્વામી છો; એટલે જ્યારે આપ જ મને છોડી દેશો તો મારો શો વશ ચાલે? ॥ ૭૧॥

ચૌ૦ – દીન્હિ મોહિ સિખ નીકિ ગોસાઈં। લાગિ અગમ અપની કદરાઈ॥
નરબર ધીર ધરમ ધુર ધારી। નિગમ નીતિ કહુઁ તે અધિકારી॥ ૧॥

હે સ્વામી! આપે મને શિખામણ તો ઘણી સારી આપી છે, પણ આવું કરવું એ મારી નબળાઈને લીધે મારા માટે ઘણું અઘરું છે. શાસ્ત્ર અને નીતિના તો એ જ શ્રેષ્ઠ પુરુષ અધિકારી છે જે ધીર છે અને ધર્મની ધુરાને ધારણ કરનારા છે. ॥ ૧॥

મૈં સિસુ પ્રભુ સનેહઁ પ્રતિપાલા। મંદરુ મેરુ કિ લેહિં મરાલા॥
ગુર પિતુ માતુ ન જાનઉઁ કાહૂ। કહઉઁ સુભાઉ નાથ પતિઆહૂ॥ ૨॥

હું તો પ્રભુ(આપ)ના સ્નેહમાં ઉછરેલો નાનો બાળ છું! ક્યાંય હંસ પણ મંદરાચલ કે મેરુ પર્વતને ઉઠાવી શકે છે? હે નાથ! હું સ્વભાવથી જ કહું છું, આપ વિશ્વાસ રાખો, હું આપના સિવાય ગુરુ, પિતા, માતા કોઈને પણ નથી જાણતો. ॥ ૨॥

જહઁ લગિ જગત સનેહ સગાઈ। પ્રીતિ પ્રતીતિ નિગમ નિજુ ગાઈ॥
મોરેં સબઇ એક તુમ્હ સ્વામી। દીનબંધુ ઉર અંતરજામી॥ ૩॥

જગતમાં જ્યાં સુધી સ્નેહનો સંબંધ છે, પ્રેમ અને વિશ્વાસ છે, અને જેને સ્વયં વેદે ગાયો છે – હે સ્વામી! હે દીનબંધુ! હે સર્વેના અંતરનું જાણનારા! મારા તો સર્વ કંઈ કેવળ આપ જ છો. ॥ ૩॥

ધરમ નીતિ ઉપદેસિઅ તાહી। કીરતિ ભૂતિ સુગતિ પ્રિય જાહી॥
મન ક્રમ બચન ચરન રત હોઈ। કૃપાસિંધુ પરિહરિઅ કિ સોઈ॥ ૪॥

ધર્મ અને નીતિનો ઉપદેશ તો એને કરવો જોઈએ જેને કીર્તિ, વિભૂતિ (ઐશ્વર્ય) કે સદ્‌ગતિ પ્રિય હોય. પણ જે મન, વચન અને કર્મથી પ્રભુના ચરણોમાં જ પ્રેમ રાખતો હોય, હે કૃપાસિંધુ! શું તે ત્યજવાને યોગ્ય છે? ॥ ૪॥

દો૦ – કરુનાસિંધુ સુબંધુ કે સુનિ મૃદુ બચન બિનીત।
સમુઝાએ ઉર લાઇ પ્રભુ જાનિ સનેહઁ સભીત॥ ૭૨॥

દયાના સમુદ્ર શ્રીરામચન્દ્રજીએ સુબંધુનાં કોમળ અને નમ્રતાયુક્ત વચનો સાંભળીને અને તેમને સ્નેહવશ ડરેલા જાણીને હૃદય સરસા ચાંપી સમજાવ્યા. ॥ ૭૨॥

ચૌ૦ – માગહુ બિદા માતુ સન જાઈ। આવહુ બેગિ ચલહુ બન ભાઈ॥
મુદિત ભએ સુનિ રઘુબર બાની। ભયઉ લાભ બડ઼ ગઇ બડ઼િ હાની॥ ૧॥

[અને રામજીએ કહ્યું –] હે ભાઈ! જઈને માતાથી વિદાય લઈ આવો અને જલદી વનમાં ચાલો. રઘુકુળમાં શ્રેષ્ઠ શ્રીરામજીની વાણી સાંભળીને લક્ષ્મણજી ઘણા આનંદિત થઈ ગયા. મોટું નુકસાન દૂર થઈ ગયું અને ઘણો લાભ થયો! ॥ ૧॥

હરષિત હૃદયઁ માતુ પહિં આએ। મનહુઁ અંધ ફિરિ લોચન પાએ॥
જાઈ જનનિ પગ નાયઉ માથા। મનુ રઘુનંદન જાનકિ સાથા॥ ૨॥

લક્ષ્મણજી પ્રસન્ન હૃદયે માતા સુમિત્રાની પાસે આવ્યા, જાણે આંધળો ફરીથી નેત્ર પામી ગયો હોય. તેમણે જઈને માતાના ચરણોમાં માથું નમાવ્યું. પરંતુ તેમનું મન રઘુકુળને આનંદ આપનારાં શ્રીરામજી અને જાનકીજીની સાથે હતું. ॥ ૨॥

પૂઁછે માતુ મલિન મન દેખી। લખન કહી સબ કથા બિસેષી॥
ગઈ સહમિ સુનિ બચન કઠોરા। મૃગી દેખિ દવ જનુ ચહુ ઓરા॥ ૩॥

માતાએ તેમને ઉદાસ જોઈને [કારણ] પૂછ્યું. લક્ષ્મણજીએ સઘળી કથા વિસ્તારથી કહી સંભળાવી. સુમિત્રાજી કઠોર વચનોને સાંભળીને એવા ચોંકી ઊઠ્યાં જેમ હરણી વનમાં ચારેબાજુ આગ લાગેલી જોઈને ચોંકી જાય છે. ॥ ૩॥

લખન લખેઉ ભા અનરથ આજૂ। એહિં સનેહ બસ કરબ અકાજૂ॥
માગત બિદા સભય સકુચાહીં। જાઈ સંગ બિધિ કહિહિ કિ નાહીં॥ ૪॥

લક્ષ્મણજીએ જોયું કે આજે (અત્યારે) અનર્થ થયો. આ સ્નેહવશ કામ બગાડી નાખશે. એટલે તેઓ વિદાય માગતાં ભયને લીધે સંકોચાય છે [અને મનોમન વિચારે છે] કે હે વિધાતા! માતા સાથે જવાનું કહેશે કે નહીં? ॥ ૪॥

દો૦ – સમુઝિ સુમિત્રાઁ રામ સિય રૂપુ સુસીલુ સુભાઉ।
નૃપ સનેહુ લખિ ધુનેઉ સિરુ પાપિનિ દીન્હ કુદાઉ॥ ૭૩॥

સુમિત્રાજીએ શ્રીરામજી અને શ્રીસીતાજીનાં રૂપ, સુંદર શીલ અને સ્વભાવને સમજીને તેમજ એમના ઉપર રાજાનો સ્નેહ જોઈને, પોતાનું માથું પીટ્યું અને કહ્યું કે પાપિણી કૈકેયીએ ઘણી જ ખોટી રીતે ઘા કર્યો છે. ॥ ૭૩॥

ચૌ૦ – ધીરજુ ધરેઉ કુઅવસર જાની। સહજ સુહૃદ બોલી મૃદુ બાની॥
તાત તુમ્હારિ માતુ બૈદેહી। પિતા રામુ સબ ભાઁતિ સનેહી॥ ૧॥

પરંતુ કુસમય જાણીને ધીરજ ધારણ કરી અને સ્વભાવથી જ હિત ઈચ્છનારાં સુમિત્રાજી કોમળ વાણીથી બોલ્યાં – હે તાત! જાનકીજી તમારાં માતા છે અને દરેક રીતે સ્નેહ રાખનારા શ્રીરામચન્દ્રજી તમારા પિતા છે! ॥ ૧॥

અવધ તહાઁ જહઁ રામ નિવાસૂ। તહઁઈં દિવસુ જહઁ ભાનુ પ્રકાસૂ॥
જૌં પૈ સીય રામુ બન જાહીં। અવધ તુમ્હાર કાજુ કછુ નાહીં॥ ૨॥

જ્યાં શ્રીરામજીનો નિવાસ હોય ત્યાં જ અયોધ્યા છે. જ્યાં સૂર્યનો પ્રકાશ હોય ત્યાં જ દિવસ છે. જો ખરેખર જ સીતા-રામ વનમાં જતાં હોય તો અયોધ્યામાં તમારું કંઈ જ કામ નથી. ॥ ૨॥

ગુર પિતુ માતુ બંધુ સુર સાઈં। સેઇઅહિં સકલ પ્રાન કી નાઈં॥
રામુ પ્રાનપ્રિય જીવન જી કે। સ્વારથ રહિત સખા સબહી કે ॥૩॥

ગુરુ, પિતા, માતા, ભાઈ, દેવતા અને સ્વામી – આ બધાની સેવા પ્રાણ સમાન કરવી જોઈએ. વળી, શ્રીરામચન્દ્રજી તો પોતાના પ્રાણો કરતાંય વધુ પ્રિય છે, હૃદયનું પણ જીવન છે અને દરેકના સ્વાર્થરહિત સખા પણ છે. ॥૩॥

પૂજનીય પ્રિય પરમ જહાઁ તેં। સબ માનિઅહિં રામ કે નાતેં॥
અસ જિયઁ જાનિ સંગ બન જાહૂ। લેહુ તાત જગ જીવન લાહૂ॥૪॥

જગતમાં જ્યાં સુધી પૂજનીય અને પરમ પ્રિય લોકો છે, તે સર્વે રામજીના સંબંધથી જ [પૂજનીય અને પરમપ્રિય] માનવા યોગ્ય છે. હૃદયમાં આવું સમજીને હે તાત! તેમની સાથે વનમાં જાઓ અને જગતમાં જીવનનો લાભ મેળવો. ॥૪॥

દો૦ – ભૂરિ ભાગ ભાજનુ ભયહુ મોહિ સમેત બલિ જાઉઁ।
જૌં તુમ્હરેં મન છાડ઼િ છલુ કીન્હ રામ પદ ઠાઉઁ॥૭૪॥

હું વારી જાઉં છું, [હે પુત્ર!] મારા સહિત તું ઘણા જ સૌભાગ્યને પાત્ર થયો, કે તારા ચિત્તે છળ ત્યજીને શ્રીરામના ચરણોમાં સ્થાન હાંસલ કર્યું છે. ॥૭૪॥

ચૌ૦ – પુત્રવતી જુબતી જગ સોઈ। રઘુપતિ ભગતુ જાસુ સુતુ હોઈ॥
નતરુ બાઁઝ ભલિ બાદિ બિઆની। રામ બિમુખ સુત તેં હિત જાની॥૧॥

સંસારમાં પુત્રવતી હોવાનું સોભાગ્ય એ જ સ્ત્રીને હોય છે કે જેનો પુત્ર શ્રીરઘુનાથજીનો ભક્ત હોય. અન્યથા તે જો શ્રીરામથી વિમુખ પુત્રમાં પોતાનું હિત જાણે છે તે તો વાંઝણી જ સારી. પશુની જેમ તેને પ્રસવ થવો (પુત્રને જન્મ આપવો) વ્યર્થ જ છે. ॥૧॥

તુમ્હરેહિં ભાગ રામુ બન જાહીં। દૂસર હેતુ તાત કછુ નાહીં॥
સકલ સુકૃત કર બડ઼ ફલુ એહૂ। રામ સીય પદ સહજ સનેહૂ॥૨॥

તમારા ભાગ્યથી જ શ્રીરામજી વનમાં જઈ રહ્યા છે. હે તાત! બીજું કોઈ કારણ નથી. સંપૂર્ણ પુણ્યોનું સૌથી મોટું ફળ એ જ છે કે શ્રીસીતારામજીના ચરણોમાં સ્વાભાવિક પ્રેમ થાય. ॥૨॥

રાગુ રોષુ ઇરિષા મદુ મોહૂ। જનિ સપનેહુઁ ઇન્હ કે બસ હોહૂ॥
સકલ પ્રકાર બિકાર બિહાઈ। મન ક્રમ બચન કરેહુ સેવકાઈ॥૩॥

રાગ, રોષ, ઈર્ષ્યા, મદ અને મોહ – તેને વશ સ્વપ્નમાં પણ ન થઈશ. બધી રીતે વિકારોને ત્યાગીને મન, વચન અને કર્મથી શ્રીસીતારામજીની સેવા કરજો. ॥૩॥

તુમ્હ કહુઁ બન સબ ભાઁતિ સુપાસૂ। સઁગ પિતુ માતુ રામુ સિય જાસૂ॥
જેહિં ન રામુ બન લહહિં કલેસૂ। સુત સોઇ કરેહુ ઇહઇ ઉપદેસૂ॥૪॥

તમને વનમાં દરેક જાતનો આરામ છે, જેની સાથે સીતાજી અને રામજી માતા-પિતાના રૂપે છે. હે પુત્ર! તમે એવું કરજો કે જેથી શ્રીરામચન્દ્રજી વનમાં ક્લેશ ન પામે, મારો એ જ ઉપદેશ છે. ॥ ૪॥

છં૦ – ઉપદેસુ યહુ જેહિં તાત તુમ્હરે રામ સિય સુખ પાવહીં।
પિતુ માતુ પ્રિય પરિવાર પુર સુખ સુરતિ બન બિસરાવહીં॥
તુલસી પ્રભુહિ સિખ દેઇ આયસુ દીન્હ પુનિ આસિષ દઈ।
રતિ હોઉ અબિરલ અમલ સિય રઘુબીર પદ નિત નિત નઈ॥

હે તાત! મારો આ જ ઉપદેશ છે (અર્થાત્ તમે એ જ કરજો) જેનાથી વનમાં તમારા કારણ શ્રીરામજી અને સીતાજી સુખ પામે અને પિતા, માતા, પ્રિય પરિવાર તથા નગરનાં સુખોનું સ્મરણ ભૂલી જાય. તુલસીદાસજી કહે છે કે સુમિત્રાજીએ આ રીતે અમારા પ્રભુ(શ્રીલક્ષ્મણજી)ને ઉપદેશ આપી [વનમાં જવાની] આજ્ઞા આપી અને પછી આ આશીર્વાદ આપ્યો કે શ્રીસીતાજી અને શ્રીરઘુવીરજીના ચરણોમાં તમારો નિર્મળ (નિષ્કામ અને અનન્ય) અને પ્રગાઢ પ્રેમ નિત્ય-નિત્ય નવીન થાવ! ॥ ૫॥

સો૦ – માતુ ચરન સિરુ નાઇ ચલે તુરત સંકિત હૃદયઁ।
બાગુર બિષમ તોરાઇ મનહુઁ ભાગ મૃગુ ભાગ બસ॥ ૭૫॥

માતાના ચરણોમાં માથું નમાવીને હૃદયમાં બીતાં [કે હવેય કોઈ વિઘ્ન ન આવી જાય] લક્ષ્મણજી શીઘ્ર એ રીતે ચાલી નીકળ્યા કે જેમ સૌભાગ્યવશ કોઈ હરણ કઠિન ફંદાને તોડીને ભાગી નીકળ્યું હોય. ॥ ૭૫॥

ચૌ૦ – ગએ લખનુ જહઁ જાનકિનાથૂ। ભે મન મુદિત પાઇ પ્રિય સાથૂ॥
બંદિ રામ સિય ચરન સુહાએ। ચલે સંગ નૃપમંદિર આએ॥ ૧॥

લક્ષ્મણજી જ્યાં શ્રીજાનકીનાથ હતા ત્યાં ગયા, અને પ્રિયનો સાથ પામીને ઘણા જ પ્રસન્ન થયા. શ્રીરામજી અને સીતાજીના સુંદર ચરણોની વંદના કરી તેઓ એમની સાથે ચાલ્યા અને રાજભવનમાં આવ્યા. ॥ ૧॥

કહહિં પરસપર પુર નર નારી। ભલિ બનાઇ બિધિ બાત બિગારી॥
તન કૃસ મન દુખુ બદન મલીને। બિકલ મનહુઁ માખી મધુ છીને॥ ૨॥

નગરનાં સ્ત્રી-પુરુષ પરસ્પર કહી રહ્યાં છે કે વિધાતાએ સારી બનેલી વાતનો બગાડી નાખી! તેમના દેહ દૂબળા, મન દુઃખી અને મુખ ઉદાસ થઈ રહ્યાં છે. તેઓ એવા વ્યાકુળ છે કે જેમ મધ છીનવી લેવાથી મધમાખીઓ વ્યાકુળ થઈ જાય. ॥ ૨॥

કર મીજહિં સિરુ ધુનિ પછિતાહીં। જનુ બિનુ પંખ બિહગ અકુલાહીં॥
ભઇ બડ઼િ ભીર ભૂપ દરબારા। બરનિ ન જાઇ બિષાદુ અપારા॥ ૩॥

બધા હાથ મસળી રહ્યાં છે અને માથું પીટીને પસ્તાઈ રહ્યાં છે, જાણે પાંખો વિના પક્ષી વ્યાકુળ થઈ રહ્યાં હોય. રાજદ્વાર ઉપર ઘણી ભીડ જામી રહી છે. અપાર વિષાદનું વર્ણન કરી શકાતું નથી. ॥ ૩॥

સચિવઁ ઉઠાઇ રાઉ બૈઠારે । કહિ પ્રિય બચન રામુ પગુ ધારે ॥
સિય સમેત દોઉ તનય નિહારી । બ્યાકુલ ભયઉ ભૂમિપતિ ભારી ॥ ૪॥

'શ્રીરામચન્દ્રજી પધાર્યા છે' – એ પ્રિય વચન કહીને મંત્રીએ રાજાને ઉઠાડીને બેસાડ્યા. સીતાસહિત બંને પુત્રોને વનગમન માટે માટે તૈયાર થયેલાં જોઈને રાજા ઘણા વ્યાકુળ થયા. ॥ ૪॥

દો૦ – સીય સહિત સુત સુભગ દોઉ દેખિ દેખિ અકુલાઈ ।
બારહિં બાર સનેહ બસ રાઉ લેઈ ઉર લાઈ ॥ ૭૬॥

સીતાસહિત બંને સુંદર પુત્રોને જોઈ-જોઈને રાજા અકળાય છે અને સ્નેહવશ વારંવાર તેમને હૃદયે ચાંપી દે છે. ॥ ૭૬॥

ચૌ૦ – સકઇ ન બોલિ બિકલ નરનાહૂ । સોક જનિત ઉર દારુન દાહૂ ॥
નાઈ સીસુ પદ અતિ અનુરાગા । ઉઠિ રઘુબીર બિદા તબ માગા ॥ ૧॥

રાજા વ્યાકુળ છે, બોલી નથી શકતા. હૃદયમાં શોકથી ઉત્પન્ન થયેલ ભયાનક સંતાપ છે. પછી રઘુકુળના વીર શ્રીરામચન્દ્રજીએ અત્યંત પ્રેમથી ચરણોમાં શીશ નમાવી, ઊભા થઈને વિદાય માગી – ॥ ૧॥

પિતુ અસીસ આયસુ મોહિ દીજૈ । હરષ સમય બિસમઉ કત કીજૈ ॥
તાત કિએઁ પ્રિય પ્રેમ પ્રમાદૂ । જસુ જગ જાઇ હોઇ અપબાદૂ ॥ ૨॥

હે પિતાજી! મને આશીર્વાદ અને આજ્ઞા આપો. હર્ષના સમયે આપ શોક કેમ કરી રહ્યા છો? હે તાત! પ્રિયને પ્રેમવશ પ્રમાદ (કર્તવ્ય કર્મમાં ત્રુટિ) કરવાથી જગતમાં યશ જતો રહેશે અને નિંદા થશે. ॥ ૨॥

સુનિ સનેહ બસ ઉઠિ નરનાહાઁ । બૈઠારે રઘુપતિ ગહિ બાહાઁ ॥
સુનહુ તાત તુમ્હ કહુઁ મુનિ કહહીં । રામુ ચરાચર નાયક અહહીં ॥ ૩॥

આ સાંભળીને સ્નેહવશ રાજાએ ઊઠીને શ્રીરઘુનાથજીના હાથ પકડીને તેમને બેસાડી દીધા અને કહ્યું, હે તાત! સાંભળો, તમારા માટે મુનિલોકો કહે છે કે શ્રીરામ ચરાચરના સ્વામી છે. ॥ ૩॥

સુભ અરુ અસુભ કરમ અનુહારી । ઈસુ દેઇ ફલુ હૃદયઁ બિચારી ॥
કરઇ જો કરમ પાવ ફલ સોઈ । નિગમ નીતિ અસિ કહ સબુ કોઈ ॥ ૪॥

શુભ અને અશુભ કર્મો અનુસાર ઈશ્વર હૃદયમાં વિચાર કરીને ફળ આપે છે. જેવું કર્મ કરે છે તેવું જ ફળ પામે છે, એવી વેદની નીતિ છે, આ હર કોઈ કહે છે. ॥ ૪॥

દો૦ – ઔરુ કરૈ અપરાધુ કોઉ ઔર પાવ ફલ ભોગુ ।
અતિ બિચિત્ર ભગવંત ગતિ કો જગ જાનૈ જોગુ ॥ ૭૭॥

[પરંતુ આ અવસરે તો આનાથી વિપરીત થઈ રહ્યું છે,] અપરાધ તો કોઈ અન્ય જ કરે અને તેના ફળનો લાભ કોઈ અન્ય જ પામે. ભગવાનની લીલા ઘણી જ વિચિત્ર છે, તેને જગતમાં કોણ જાણી શકે છે? ॥ ૭૭॥

ચૌ૦ – રાયઁ રામ રાખન હિત લાગી । બહુત ઉપાય કિએ છલુ ત્યાગી ॥
લખી રામ રુખ રહત ન જાને । ધરમ ધુરંધર ધીર સયાને ॥ ૧॥

રાજાએ આ રીતે શ્રીરામચન્દ્રજીને રોકવા માટે છળ છોડીને ઘણા જ ઉપાય કર્યા. પરંતુ જ્યારે તેમણે ધર્મધુરંધર, ધીર અને બુદ્ધિમાન શ્રીરામજીનું વલણ જોઈ લીધું અને તે રોકાતા હોય તેવું ન જણાયું, ॥ ૧॥

તબ નૃપ સીય લાઈ ઉર લીન્હી । અતિ હિત બહુત ભાઁતિ સિખ દીન્હી ॥
કહિ બન કે દુખ દુસહ સુનાએ । સાસુ સસુર પિતુ સુખ સમુઝાએ ॥ ૨॥

ત્યારે રાજાએ સીતાજીને હૃદયે ચાંપી દીધા અને ઘણા પ્રેમથી અનેક પ્રકારે શિખામણ આપી. વનનાં દુઃસહ્ય દુઃખ કહી સંભળાવ્યાં. પછી સાસુ, સસરા તથા પિતાનાં પાસે રહેવાનાં સુખોને સમજાવ્યાં. ॥ ૨॥

સિય મનુ રામ ચરન અનુરાગા । ઘરુ ન સુગમુ બનુ બિષમુ ન લાગા ॥
ઔરઉ સબહિં સીય સમુઝાઈ । કહિ કહિ બિપિન બિપતિ અધિકાઈ ॥૩॥

પરંતુ સીતાજીનું મન શ્રીરામચન્દ્રજીના ચરણોમાં અનુરક્ત હતું. એટલે એમને ઘર સારું ન લાગ્યું અને વન પણ ભયાનક ન લાગ્યું. પછી બધા લોકોએ પણ વનમાં વિપત્તિઓની અધિકતા બતાવી બતાવીને સીતાજીને સમજાવ્યાં. ॥ ૩॥

સચિવ નારિ ગુર નારિ સયાની । સહિત સનેહ કહહિં મૃદુ બાની ॥
તુમ્હ કહુઁ તૌ ન દીન્હ બનબાસૂ । કરહુ જો કહહિં સસુર ગુર સાસૂ ॥ ૪॥

મન્ત્રી સુમન્ત્રજીનાં પત્ની અને ગુરુ વસિષ્ઠજીનાં સ્ત્રી અરુંધતીજી તથા અન્ય બુદ્ધિશાળી સ્ત્રીઓ સ્નેહની સાથે કોમળ વાણીથી કહે છે કે તમને તો રાજાએ વનવાસ આપ્યો નથી. માટે સસરાજી, ગુરુજી અને સાસુજી કહે તેવું જ તમે કરો. ॥ ૪॥

દો૦ – સિખ સીતલિ હિત મધુર મૃદુ સુનિ સીતહિ ન સોહાનિ ।
સરદ ચંદ ચંદિનિ લગત જનુ ચકઈ અકુલાનિ ॥ ૭૮॥

આ શીતળ, હિતકારી, મધુર અને કોમળ શિખામણ સાંભળવી સીતાજીને ઠીક ન લાગી. તે એ રીતે વ્યાકુળ થઈ ગયાં જાણે શરદ ઋતુના ચન્દ્રમાની ચાંદનીનો સ્પર્શ થતાં જ ચકવી વ્યાકુળ થઈ ઊઠી હોય. ॥ ૭૮॥

ચૌ૦ – સીય સકુચ બસ ઉતરુ ન દેઈ । સો સુનિ તમકિ ઉઠી કૈકેઈ ॥
મુનિ પટ ભૂષન ભાજન આની । આગેં ધરિ બોલી મૃદુ બાની ॥ ૧॥

સીતાજી સંકોચવશ ઉત્તર આપતાં નથી. આ વાતોને સાંભળીને કૈકેયી આવેશપૂર્વક ઊઠી. તેણે મુનિઓને ધારણ કરવા યોગ્ય વસ્ત્ર, આભૂષણ અને વાસણ લાવીને શ્રીરામચન્દ્રજીની આગળ મૂકી દીધાં અને કોમળ વાણીમાં કહ્યું – ॥ ૧॥

નૃપહિ પ્રાનપ્રિય તુમ્હ રઘુબીરા। સીલ સનેહ ન છાડ઼િહિ ભીરા॥
સુકૃતુ સુજસુ પરલોકુ નસાઊ। તુમ્હહિ જાન બન કહિહિ ન કાઊ॥ ૨॥

હે રઘુવીર! રાજાને તમે પ્રાણોસમાન પ્રિય છો. ભીરુ (પ્રેમવશ દુર્બળ હૃદયના) રાજા શીલ અને સ્નેહ નહીં છોડે! પુણ્ય, સુંદર યશ અને પરલોક ભલે નષ્ટ થઈ જાય, પણ તમને વનમાં જવાનું તેઓ ક્યારેય પોતાના મુખથી નહીં કહે. ॥ ૨॥

અસ બિચારિ સોઈ કરહુ જો ભાવા। રામ જનનિ સિખ સુનિ સુખુ પાવા॥
ભૂપહિ બચન બાનસમ લાગે। કરહિં ન પ્રાન પયાન અભાગે॥ ૩॥

આમ વિચારીને જે તમને ઠીક લાગે તેમ કરો. માતાની શીખ સાંભળીને શ્રીરામચન્દ્રજીએ [મોટું] સુખ મેળવ્યું. પરંતુ રાજાને આ વચન બાણ જેવાં લાગ્યાં. તે વિચારવા લાગ્યા હજી પણ અભાગિયા પ્રાણ કેમ નથી નીકળતા! ॥ ૩॥

લોગ બિકલ મુરુછિત નરનાહૂ। કાહ કરિઅ કછુ સૂઝ ન કાહૂ॥
રામુ તુરત મુનિ બેષુ બનાઈ। ચલે જનક જનનિહિ સિરુ નાઈ॥ ૪॥

રાજા મૂર્છિત થઈ ગયા, લોકો વ્યાકુળ છે. કોઈને કશું સૂઝતું નથી કે શું કરે. શ્રીરામચન્દ્રજી તરત જ મુનિનો વેશ બનાવીને અને માતાપિતાને શીશ નમાવીને ચાલી નીકળ્યા. ॥ ૪॥

દો૦ – સજિ બન સાજુ સમાજુ સબુ બનિતા બંધુ સમેત।
બંદિ બિપ્ર ગુર ચરન પ્રભુ ચલે કરિ સબહિ અચેત॥ ૭૯॥

વનનો દરેક સાજ-સામાન સજીને (વનને માટે આવશ્યક વસ્તુઓને સાથે લઈને) શ્રીસીતાજી અને શ્રીલક્ષ્મણજી સહિત શ્રીરામચન્દ્રજી બ્રાહ્મણ અને ગુરુના ચરણોની વંદના કરીને બધાને અચેત (બેભાન) કરીને ચાલ્યા. ॥ ૭૯॥

ચૌ૦ – નિકસિ બસિષ્ઠ દ્વાર ભએ ઠાઢ઼ે। દેખે લોગ બિરહ દવ દાઢ઼ે॥
કહિ પ્રિય બચન સકલ સમુઝાએ। બિપ્ર બૃંદ રઘુબીર બોલાએ॥ ૧॥

રાજમહેલથી નીકળીને શ્રીરામચન્દ્રજી વસિષ્ઠજીના દરવાજો જઈ ઊભા રહ્યા અને જોયું કે સર્વે લોકો વિરહના અગ્નિમાં બળી રહ્યા છે. તેમણે પ્રિય વચન કહીને સર્વેને સમજાવ્યા. પછી શ્રીરામચન્દ્રજીએ બ્રાહ્મણોની મંડળીને બોલાવી. ॥ ૧॥

ગુર સન કહિ બરષાસન દીન્હે। આદર દાન બિનય બસ કીન્હે॥
જાચક દાન માન સંતોષે। મીત પુનીત પ્રેમ પરિતોષે॥ ૨॥

ગુરુજીને કહીને તે બધાને વર્ષાસન (વર્ષભરનું સીધું) અર્પ્યાં અને આદર, દાન તથા વિનયથી એમને વશમાં કરી લીધા. પછી યાચકોને દાન અને માન આપીને સંતુષ્ટ કર્યા તથા મિત્રોને પવિત્ર પ્રેમથી પ્રસન્ન કર્યા. ॥ ૨॥

દાસીં દાસ બોલાઇ બહોરી । ગુરહિ સૌંપિ બોલે કર જોરી ॥
સબ કૈ સાર સઁભાર ગોસાઈં । કરબિ જનક જનની કી નાઈં ॥ ૩॥

પછી દાસ-દાસીઓને બોલાવીને તેમને ગુરુજીને સોંપીને, હાથ જોડીને બોલ્યા – હે ગોસાઈં! સર્વેની સાર-સંભાળ માતા-પિતાની જેમ લેતા રહેજો. ॥ ૩॥

બારહિં બાર જોરિ જુગ પાની । કહત રામુ સબ સન મૃદુ બાની ॥
સોઇ સબ ભાઁતિ મોર હિતકારી । જેહિ તેં રહૈ ભુઆલ સુખારી ॥ ૪॥

શ્રીરામચન્દ્રજી વારંવાર બંને હાથ જોડીને બધાને કોમળ વાણીમાં કહે છે કે મારો સર્વે પ્રકારે હિતકારી તે જ છે કે જેની ચેષ્ટાથી પિતાશ્રી સુખી રહે. ॥ ૪॥

દો૦ – માતુ સકલ મોરે બિરહઁ જેહિં ન હોહિં દુખ દીન ।
સોઇ ઉપાઉ તુમ્હ કરેહુ સબ પુર જન પરમ પ્રબીન ॥ ૮૦॥

હે પરમ ચતુર પુરવાસી સજ્જનો! આપ લોકો એવો જ ઉપાય કરશો, જેથી મારી સર્વે માતાઓ મારા વિરહના દુઃખથી વ્યાકુળ ન થાય. ॥ ૮૦॥

ચૌ૦ – એહિ બિધિ રામ સબહિ સમુઝાવા । ગુર પદ પદુમ હરષિ સિરુ નાવા ॥
ગનપતિ ગૌરિ ગિરીસુ મનાઈ । ચલે અસીસ પાઇ રઘુરાઈ ॥ ૧॥

આ રીતે શ્રીરામજીએ સર્વેને સમજાવ્યા અને હરખાઈને ગુરુજીના ચરણકમળોમાં માથું નમાવ્યું. પછી ગણેશજી, પાર્વતીજી અને કૈલાસપતિ મહાદેવજીને મનાવીને તથા ગુરુજીના આશીર્વાદ પામીને શ્રીરઘુનાથજી ચાલ્યા. ॥ ૧॥

રામ ચલત અતિ ભયઉ બિષાદૂ । સુનિ ન જાઇ પુર આરત નાદૂ ॥
કુસગુન લંક અવધ અતિ સોકૂ । હરષ બિષાદ બિબસ સુરલોકૂ ॥ ૨॥

શ્રીરામજીના ચાલતાં જ ઘણો ભારે વિષાદ થઈ ગયો. નગરનો આર્તનાદ (હાહાકાર) સાંભળી શકાતો નથી. લંકામાં અશુભ શુકનો થવા લાગ્યાં, અયોધ્યામાં અત્યંત શોક છવાઈ ગયો અને દેવલોકમાં બધા હર્ષ અને વિષાદ બંનેના વશમાં થઈ ગયાં. [હર્ષ એ વાતનો હતો કે હવે રાક્ષસોનો નાશ થશે અને વિષાદ અયોધ્યાવાસીઓના શોકને કારણે થયો]. ॥ ૨॥

ગઇ મુરુછા તબ ભૂપતિ જાગે । બોલિ સુમંત્રુ કહન અસ લાગે ॥
રામુ ચલે બન પ્રાન ન જાહીં । કેહિ સુખ લાગિ રહત તન માહીં ॥ ૩॥

મૂર્છા દૂર થઈ, ત્યારે રાજા જાગ્યા અને સુમન્ત્રને બોલાવીને એમ કહેવા લાગ્યા – શ્રીરામ વનમાં ચાલ્યા ગયા, પણ મારા પ્રાણ નથી જઈ રહ્યા. ન જાણે કયા સુખ માટે શરીરમાં ટકી રહ્યા છે? ॥ ૩॥

એહિ તેં કવન બ્યથા બલવાના । જો દુખુ પાઇ તજહિં તનુ પ્રાના ॥
પુનિ ધરિ ધીર કહઇ નરનાહૂ । લૈ રથુ સંગ સખા તુમ્હ જાહૂ ॥ ૪॥

આનાથી અધિક બળવતી બીજી કઈ વ્યથા હશે જે દુઃખને પામી પ્રાણ શરીર છોડશે? વળી, ધીરજ ધરીને રાજાએ કહ્યું - હે સખા! તમે રથ લઈને શ્રીરામની સાથે જાઓ. ॥ ૪॥

દો૦ – સુઠિ સુકુમાર કુમાર દોઉ જનકસુતા સુકુમારિ ।
રથ ચઢ઼ાઇ દેખરાઇ બનુ ફિરેહુ ગએઁ દિન ચારિ ॥ ૮૧॥

અત્યંત સુકુમાર બંને કુમારોને અને સુકુમારી જાનકીને રથમાં ચઢાવી, વન જોવડાવી, ચાર દિવસ ફેરવી પાછા ફરજો. ॥ ૮૧॥

ચૌ૦ – જૌં નહિં ફિરહિં ધીર દોઉ ભાઈ । સત્યસંધ દૃઢ઼બ્રત રઘુરાઈ ॥
તૌ તુમ્હ બિનય કરેહુ કર જોરી । ફેરિઅ પ્રભુ મિથિલેસકિસોરી ॥ ૧॥

જો ધૈર્યવાન બંને ભાઈ પાછા ન આવે – કારણકે શ્રીરઘુનાથજી પ્રણના પાકા અને દૃઢતા સાથે નિયમનું પાલન કરનારા છે – તો તમે હાથ જોડીને વિનંતી કરજો કે હે પ્રભો! જનકકુમારી સીતાજીને તો પાછા મોકલો. ॥ ૧॥

જબ સિય કાનન દેખિ ડેરાઈ । કહેહુ મોરિ સિખ અવસરુ પાઈ ॥
સાસુ સસુર અસ કહેઉ સઁદેસૂ । પુત્રિ ફિરિઅ બન બહુત કલેસૂ ॥ ૨॥

જો સીતા વનને દેખીને ડરે, તો અવસર જાણીને મારી આ શિખામણ એમને કહેજો કે તમારાં સાસુ અને સસરાએ એવો સંદેશો કહેવડાવ્યો છે કે હે પુત્રી! તમે પાછાં ફરો, વનમાં ઘણો ક્લેશ છે. ॥ ૨॥

પિતુગૃહ કબહુઁ કબહુઁ સસુરારી । રહેહુ જહાઁ રુચિ હોઇ તુમ્હારી ॥
એહિ બિધિ કરેહુ ઉપાય કદંબા । ફિરઇ ત હોઇ પ્રાન અવલંબા ॥ ૩॥

ક્યારેક પિતાજીના ઘેર, ક્યારેક સાસરે, જ્યાં તમારી ઈચ્છા થાય ત્યાં રહેજો. આ રીતે તમે ઘણા જ ઉપાય કરજો. જો સીતાજી પાછાં વળશે તો મારાં પ્રાણોને આધાર મળી જશે. ॥ ૩॥

નાહિં ત મોર મરનુ પરિનામા । કછુ ન બસાઇ ભએઁ બિધિ બામા ॥
અસ કહિ મુરુછિ પરા મહિ રાઊ । રામુ લખનુ સિય આનિ દેખાઊ ॥ ૪॥

નહીં તો અંતે મારું મરણ જ થશે. વિધાતાના વિપરીત થવાથી કોઈ વશ નથી ચાલતો. હા! રામ, લક્ષ્મણ અને સીતાને લાવીને દેખાડો. આમ કહીને રાજા મૂર્છિત થઈને પૃથ્વી પર ઢળી પડ્યા. ॥ ૪॥

દો૦ – પાઇ રજાયસુ નાઇ સિરુ રથુ અતિ બેગ બનાઇ ।
ગયઉ જહાઁ બાહેર નગર સીય સહિત દોઉ ભાઇ ॥ ૮૨॥

સુમન્ત્રજી રાજાની આજ્ઞા પામીને, શીશ નમાવીને અને ઘણી જ ઉતાવળથી રથ જોડાવી ત્યાં ગયા કે જ્યાં નગરની બહાર સીતાજીસહિત બંને ભાઈ હતા. ॥ ૮૨॥

ચૌ૦ – તબ સુમંત્ર નૃપ બચન સુનાએ । કરિ બિનતી રથ રામુ ચઢ઼ાએ ॥
ચઢ઼િ રથ સીય સહિત દોઉ ભાઈ । ચલે હૃદયઁ અવધહિ સિરુ નાઈ ॥ ૧॥

ત્યારે (ત્યાં પહોંચીને) સુમન્ત્રે રાજાનાં વચન શ્રીરામચન્દ્રજીને સંભળાવ્યાં અને વિનંતી કરીને તેમને રથે ચઢાવ્યાં. સીતાજીસહિત બંને ભાઈ રથ પર ચઢીને હૃદયપૂર્વક અયોધ્યાને શીશ નમાવી ચાલ્યા. ॥ ૧॥

ચલત રામુ લખિ અવધ અનાથા । બિકલ લોગ સબ લાગે સાથા ॥
કૃપાસિંધુ બહુબિધિ સમુઝાવહિં । ફિરહિં પ્રેમ બસ પુનિ ફિરિ આવહિં ॥ ૨॥

શ્રીરામચન્દ્રજીને જતાં જોઈને અને અયોધ્યાને અનાથ થતાં જોઈને બધા લોકો વ્યાકુળ થઈને એમની સાથે ચાલવા લાગ્યા. કૃપાના સાગર શ્રીરામજી એમને ઘણી રીતે સમજાવે છે, તો તેઓ અયોધ્યા તરફ પાછા વળે છે; પરંતુ પ્રેમવશ પાછા રામજીની સાથે ચાલી નીકળે છે. ॥ ૨॥

લાગતિ અવધ ભયાવનિ ભારી । માનહુઁ કાલરાતિ અઁધિઆરી ॥
ઘોર જંતુ સમ પુર નર નારી । ડરપહિં એકહિ એક નિહારી ॥ ૩॥

અયોધ્યાપુરી ઘણી ભયાનક લાગી રહી છે, જાણે અંધકારમયી કાળરાત્રિ જ હોય. નગરમાં નર-નારી ભયાનક જંતુઓની જેમ એકબીજાને જોઈને ડરી રહ્યાં છે. ॥ ૩॥

ઘર મસાન પરિજન જનુ ભૂતા । સુત હિત મીત મનહુઁ જમદૂતા ॥
બાગન્હ બિટપ બેલિ કુમ્હિલાહીં । સરિત સરોવર દેખિ ન જાહીં ॥ ૪॥

ઘર શ્મશાન જેવું, કુટુમ્બીજનો ભૂત-પ્રેત જેવા તથા પુત્ર, હિતૈષી અને મિત્ર જાણે જમના દૂત હોય તેવું છે. બગીચામાં વૃક્ષો અને વેલો કરમાઈ રહ્યાં છે. નદી અને તળાવ એવા ભયાનક લાગે છે કે તેમની તરફ જોઈ પણ નથી શકાતું. ॥ ૪॥

દો૦ – હય ગય કોટિન્હ કેલિમૃગ પુરપસુ ચાતક મોર ।
પિક રથાંગ સુક સારિકા સારસ હંસ ચકોર ॥ ૮૩॥

કરોડો ઘોડા, હાથી, રમવા માટે પાળેલાં હરણ, નગરનાં ગાય, બળદ, આદિ પશુ, બપૈયા, મોર, કોયલ, ચકવા, પોપટ, મેના, સારસ, હંસ અને ચકોર – ॥ ૮૩॥

ચૌ૦ – રામ બિયોગ બિકલ સબ ઠાઢ઼ે । જહઁ તહઁ મનહુઁ ચિત્ર લિખિ કાઢ઼ે ॥
નગરુ સફલ બનુ ગહબર ભારી । ખગ મૃગ બિપુલ સકલ નર નારી ॥ ૧॥

બધા શ્રીરામજીના વિયોગમાં વ્યાકુળ થઈ ચારેકોર [એવા ચુપચાપ સ્થિર થઈને] ઊભાં છે જાણે ચિત્રોમાં દોરીને બનાવ્યાં હોય. નગર જાણે ફળોથી પરિપૂર્ણ મોટું ભારે ગાઢ વન હતું. નગરવાસી

બધાં સ્ત્રી-પુરુષ ઘણાં જ પશુ-પક્ષીઓ હતાં. (અર્થાત્ અવધપુરી અર્થ, ધર્મ, કામ, મોક્ષ ચારેય ફળને આપનારી નગરી હતી અને બધાં સ્ત્રી-પુરુષ સુખથી તે ફળોને પ્રાપ્ત કરતાં હતાં.) ॥ ૧॥

બિધિ કૈકઈ કિરાતિનિ કીન્હી । જેહિં દવ દુસહ દસહુઁ દિસિ દીન્હી ॥
સહિ ન સકે રઘુબર બિરહાગી । ચલે લોગ સબ બ્યાકુલ ભાગી ॥ ૨॥

વિધાતાએ કૈકેયીને ભીલડી બનાવી, જેણે દસે દિશાઓમાં દુઃસહ્ય દાવાનળ લગાડી દીધો. શ્રીરામચન્દ્રજીના વિરહની આ અગ્નિને લોકો સહી ન શક્યા. બધા લોકો વ્યાકુળ થઈને અયોધ્યાથી ભાગી નીકળ્યા. ॥ ૨॥

સબહિં બિચારુ કીન્હ મન માહીં । રામ લખન સિય બિનુ સુખુ નાહીં ॥
જહાઁ રામુ તહઁ સબુઇ સમાજૂ । બિનુ રઘુબીર અવધ નહિં કાજૂ ॥ ૩॥

બધાએ મનમાં વિચાર કરી લીધો કે શ્રીરામજી, લક્ષ્મણજી અને સીતાજીના વિના સુખ નથી. જ્યાં શ્રીરામજી રહેશે ત્યાં આખો સમાજ રહેશે. શ્રીરામચન્દ્રજી વિના અયોધ્યામાં આપણા લોકોનું કંઈ કામ નથી. ॥ ૩॥

ચલે સાથ અસ મંત્રુ દૃઢ઼ાઈ । સુર દુર્લભ સુખ સદન બિહાઈ ॥
રામ ચરન પંકજ પ્રિય જિન્હહી । બિષય ભોગ બસ કરહિં કિ તિન્હહી ॥ ૪॥

આવો વિચાર દૃઢ કરીને દેવતાઓને પણ દુર્લભ સુખોથી પૂર્ણ ઘરોને છોડીને બધા શ્રીરામચન્દ્રજીની સાથે ચાલી નીકળ્યા. જેમને શ્રીરામજીના ચરણકમળ પ્રિય છે, તેમને શું ક્યારેય વિષયભોગ વશમાં કરી શકે છે? ॥ ૪॥

દો૦ – બાલક બૃદ્ધ બિહાઇ ગૃહઁ લગે લોગ સબ સાથ ।
તમસા તીર નિવાસુ કિય પ્રથમ દિવસ રઘુનાથ ॥ ૮૪॥

બાળકો અને વૃદ્ધોને ઘેર છોડીને સર્વે લોકો સાથે ચાલી નીકળ્યા. પહેલા દિવસે શ્રીરઘુનાથજીએ તમસા નદીના તટે નિવાસ કર્યો. ॥ ૮૪॥

ચૌ૦ – રઘુપતિ પ્રજા પ્રેમબસ દેખી । સદય હૃદયઁ દુખુ ભયઉ બિસેષી ॥
કરુનામય રઘુનાથ ગોસાઁઈ । બેગિ પાઇઅહિં પીર પરાઈ ॥ ૧॥

પ્રજાને સ્નેહવશ થયેલી જોઈને શ્રીરઘુનાથજીના દયાળુ હૃદયમાં ઘણું દુઃખ થયું. પ્રભુ શ્રીરઘુનાથજી કરુણામય છે. બીજાનું દુઃખ જોઈને તેઓ સ્વયં શીઘ્ર દુઃખી થઈ જાય છે એટલે કે તેઓ દ્રવિત થઈ જાય છે. ॥ ૧॥

કહિ સપ્રેમ મૃદુ બચન સુહાએ । બહુબિધિ રામ લોગ સમુઝાએ ॥
કિએ ધરમ ઉપદેસ ઘનેરે । લોગ પ્રેમ બસ ફિરહિં ન ફેરે ॥ ૨॥

પ્રેમયુક્ત કોમળ અને સુંદર વચન કહીને શ્રીરામજીએ અનેક પ્રકારે લોકોને સમજાવ્યા અને ધર્મ સંબંધી બહુ ઉપદેશ આપ્યા, પરંતુ પ્રેમમાં પરવશ બનેલા લોકો વાર્યા વળતા નથી. ॥ ૨॥

સીલુ સનેહુ છાડ़િ નહિં જાઈ। અસમંજસ બસ ભે રઘુરાઈ॥
લોગ સોગ શ્રમ બસ ગએ સોઈ। કછુક દેવમાયાઁ મતિ મોઈ॥૩॥

શીલ અને સ્નેહ છોડી નથી શકાતા. શ્રીરઘુનાથજી અવઢવને અધીન થઈ ગયા (દ્વિધામાં પડી ગયા). શોક અને પરિશ્રમ(થાક)ને લીધે લોકો સૂઈ ગયા અને કંઈક દેવતાઓની માયાથી પણ તેમની બુદ્ધિ મોહિત થઈ ગઈ. ॥૩॥

જબહિં જામ જુગ જામિનિ બીતી। રામ સચિવ સન કહેઉ સપ્રીતી॥
ખોજ મારિ રથુ હાઁકહુ તાતા। આન ઉપાયઁ બનિહિ નહિં બાતા॥૪॥

જ્યારે બે પ્રહર રાત વીતી ગઈ, ત્યારે શ્રીરામચન્દ્રજીએ પ્રેમપૂર્વક મન્ત્રી સુમન્ત્રને કહ્યું – હે તાત! રથના ચીલા સંતાડીને (એટલે કે પૈડાંનાં ચિહ્નોથી દિશાની ખબર ન પડે તે રીતે) રથને હાંકો, બીજા કોઈ ઉપાયથી વાત (લોકોને વાળવાની) નહિ બની શકે. ॥૪॥

દો૦ – રામ લખન સિય જાન ચઢ़િ સંભુ ચરન સિરુ નાઈ।
સચિવઁ ચલાયઉ તુરત રથુ ઈત ઉત ખોજ દુરાઈ॥૮૫॥

શંકરજીના ચરણોમાં શીશ નમાવીને શ્રીરામજી, લક્ષ્મણજી અને સીતાજી રથ પર સવાર થયા. મન્ત્રી તરત જ રથને, અહીં તહીં ચીલા સંતાડીને (આડો-અવળો હાંકી ચીલાથી દિશાની જાણ ન થાય તે રીતે) હાંકી નીકળ્યા. ॥૮૫॥

ચૌ૦ – જાગે સકલ લોગ ભએં ભોરૂ। ગે રઘુનાથ ભયઉ અતિ સોરૂ॥
રથ કર ખોજ કતહુઁ નહિં પાવહિં। રામ રામ કહિ ચહુઁ દિસિ ધાવહિં॥૧॥

સવાર પડતાં જ સર્વે લોકો જાગ્યા, તો ઘણો કોલાહલ મચી ગયો કે શ્રીરઘુનાથજી જતા રહ્યા. ક્યાંય રથની દિશા મળતી નથી, બધા 'હે રામ! હે રામ!' પોકારતાં ચારેય બાજુ દોડી રહ્યા છે. ॥૧॥

મનહુઁ બારિનિધિ બૂડ़ જહાજૂ। ભયઉ બિકલ બડ़ બનિક સમાજૂ॥
એકહિ એક દેહિં ઉપદેસૂ। તજે રામ હમ જાનિ કલેસૂ॥૨॥

જાણે સમુદ્રમાં વહાણ ડૂબી ગયું હોય, જેથી વેપારીઓનો સમુદાય ઘણો જ વ્યાકુળ થઈ ઊઠ્યો હોય. તેઓ એકબીજાને ઉપદેશ આપે છે કે શ્રીરામચન્દ્રજીએ, આપણ લોકોને ક્લેશ થશે એમ જાણીને ત્યજી દીધા છે. ॥૨॥

નિંદહિં આપુ સરાહહિં મીના। ધિગ જીવનુ રઘુબીર બિહીના॥
જૌં પૈ પ્રિય બિયોગુ બિધિ કીન્હા। તૌ કસ મરનુ ન માગેં દીન્હા॥૩॥

તે લોકો પોતાની નિંદા કરે છે અને માછલીઓની પ્રશંસા કરે છે. [કહે છે –] શ્રીરામચન્દ્રજી વિનાના અમારા જીવનને ધિક્કાર છે. વિધાતાએ જો પ્રિયનો વિયોગ જ રચ્યો તો પછી એણે માગવાથી મૃત્યુ કેમ ન આપ્યું! ॥૩॥

એહિ બિધિ કરત પ્રલાપ કલાપા । આએ અવધ ભરે પરિતાપા ॥
બિષમ બિયોગુ ન જાઈ બખાના । અવધિ આસ સબ રાખહિં પ્રાના ॥ ૪॥

આ રીતે ઘણા જ પ્રલાપ કરતાં તેઓ સંતાપયુક્ત થઈને અયોધ્યાજીમાં આવ્યા. એ લોકોના વિષમ વિયોગની દશાનું વર્ણન નથી કરી શકાતું. [ચૌદ વર્ષની] અવધિની આશાથી જ તેઓ પ્રાણોને રાખી રહ્યા છે. ॥ ૪॥

દો૦ – રામ દરસ હિત નેમ બ્રત લગે કરન નર નારિ ।
મનહુઁ કોક કોકી કમલ દીન બિહીન તમારિ ॥ ૮૬॥

[બધાં] સ્ત્રી-પુરુષ શ્રીરામચન્દ્રજીનાં દર્શન માટે નિયમ અને વ્રત કરવા લાગ્યાં અને એવા દુઃખી થઈ ગયાં જેમ ચકવો, ચકવી અને કમળ સૂર્ય વગર દીન થઈ જાય છે. ॥ ૮૬॥

ચૌ૦ – સીતા સચિવ સહિત દોઉ ભાઈ । સૃંગબેરપુર પહુઁચે જાઈ ॥
ઉતરે રામ દેવસરિ દેખી । કીન્હ દંડવત હરષુ બિસેષી ॥ ૧॥

સીતાજી અને મંત્રી સહિત બંને ભાઈ શૃંગવેરપુર જઈ પહોંચ્યા. ત્યાં ગંગાજીને જોઈ શ્રીરામજી રથમાંથી ઊતરી પડ્યા અને ઘણા હર્ષની સાથે દંડવત્ કર્યાં. ॥ ૧॥

લખન સચિવઁ સિયઁ કિએ પ્રનામા । સબહિ સહિત સુખુ પાયઉ રામા ॥
ગંગ સકલ મુદ મંગલ મૂલા । સબ સુખ કરનિ હરનિ સબ સૂલા ॥ ૨॥

લક્ષ્મણજી, સુમન્ત્ર અને સીતાજીએ પણ પ્રણામ કર્યાં. સૌની સાથે શ્રીરામચન્દ્રજી સુખ પામ્યા. ગંગાજી સમસ્ત આનંદ-મંગળોનું મૂળ છે. તે સર્વે સુખોને આપનારી અને સર્વે પીડાઓને હરનારી છે. ॥ ૨॥

કહિ કહિ કોટિક કથા પ્રસંગા । રામુ બિલોકહિં ગંગ તરંગા ॥
સચિવહિ અનુજહિ પ્રિયહિ સુનાઈ । બિબુધ નદી મહિમા અધિકાઈ ॥ ૩॥

અનેક કથા-પ્રસંગ કહેતાં શ્રીરામજી ગંગાજીની તરંગોને જોઈ રહ્યા છે. તેમણે મંત્રીને, નાના ભાઈ લક્ષ્મણજીને અને પ્રિયા સીતાજીને દેવનદી ગંગાજીનો મહિમા વખાણીને કહ્યો. ॥ ૩॥

મજ્જનુ કીન્હ પંથ શ્રમ ગયઊ । સુચિ જલુ પિઅત મુદિત મન ભયઊ ॥
સુમિરત જાહિ મિટઇ શ્રમ ભારૂ । તેહિ શ્રમ યહ લૌકિક બ્યવહારૂ ॥ ૪॥

તત્પશ્ચાત્ સર્વેએ સ્નાન કર્યું, જેથી માર્ગનો બધો શ્રમ (થાક) દૂર થઈ ગયો અને પવિત્ર જળ પીતાંની સાથે મન પ્રસન્ન થઈ ગયું. જેના સ્મરણમાત્રથી [વારંવાર જન્મવા અને મરવાનો] મહાન શ્રમ મટી જાય છે, તેમને 'શ્રમ' થવો – આ કેવળ લૌકિક વ્યવહાર (નરલીલા) છે. ॥ ૪॥

દો૦ – સુદ્ધ સચ્ચિદાનંદમય કંદ ભાનુકુલ કેતુ ।
ચરિત કરત નર અનુહરત સંસૃતિ સાગર સેતુ ॥ ૮૭॥

શુદ્ધ સ્વરૂપ (પ્રકૃતિજન્ય ત્રિગુણોથી રહિત, માયાતીત દિવ્ય મંગળવિગ્રહ), સચ્ચિદાનંદ-સ્વરૂપ, મેઘરાજાની જેમ સુખરૂપી જળ વરસાવનારા, સૂર્યકુળની ધ્વજારૂપ ભગવાન શ્રીરામચન્દ્રજી મનુષ્યોની જેમ એવાં ચરિત્ર કરે છે જે સંસારરૂપી સમુદ્રને પાર ઊતરવા માટે પુલ સમાન છે. ॥ ૮૭॥

ચૌ૦ – યહ સુધિ ગુહઁ નિષાદ જબ પાઈ। મુદિત લિએ પ્રિય બંધુ બોલાઈ ॥
લિએ ફલ મૂલ ભેંટ ભરિ ભારા। મિલન ચલેઉ હિયઁ હરષુ અપારા ॥ ૧॥

જ્યારે નિષાદરાજ ગુહને આ સમાચાર મળ્યા, ત્યારે આનંદિત થઈને તેણે પોતાના પ્રિયજનો અને ભાઈ-બંધુઓને બોલાવી લીધા અને ભેટ આપવા માટે ફળ, મૂળ (કંદ) લઈને અને એના ભારા કાવડોમાં ભરીને મળવા ચાલ્યો. તેના હૃદયમાં હર્ષનો પાર ન હતો. ॥ ૧॥

કરિ દંડવત ભેંટ ધરિ આગેં। પ્રભુહિ બિલોકત અતિ અનુરાગેં ॥
સહજ સનેહ બિબસ રઘુરાઈ। પૂઁછી કુસલ નિકટ બૈઠાઈ ॥ ૨॥

દંડવત કરીને ભેટ સામે મૂકીને તે અત્યંત પ્રેમથી પ્રભુને જોવા લાગ્યો. શ્રીરઘુનાથજીએ સ્વાભાવિક સ્નેહને વશ થઈને એને પોતાની પાસે બેસાડીને કુશળ-ક્ષેમ પૂછ્યા. ॥ ૨॥

નાથ કુસલ પદ પંકજ દેખેં। ભયઉઁ ભાગભાજન જન લેખેં ॥
દેવ ધરનિ ધનુ ધામુ તુમ્હારા। મૈં જનુ નીચુ સહિત પરિવારા ॥ ૩॥

નિષાદરાજે ઉત્તર આપ્યો – હે નાથ! આપનાં ચરણકમળનાં દર્શનથી જ સર્વે કુશળ છે [આપનાં ચરણારવિંદોનાં દર્શન કરી] આજે હું ભાગ્યવાન્ પુરુષોની ગણતરીમાં આવી ગયો. હે દેવ! આ પૃથ્વી, ધન અને ઘર બધું આપનું છે. હું તો પરિવારસહિત આપનો તુચ્છ સેવક છું. ॥ ૩॥

કૃપા કરિઅ પુર ધારિઅ પાઊ। થાપિય જનુ સબુ લોગુ સિહાઊ ॥
કહેહુ સત્ય સબુ સખા સુજાના। મોહિ દીન્હ પિતુ આયસુ આના ॥ ૪॥

હવે કૃપા કરીને પુર(શૃંગવેરપુર)માં પધારો અને આ દાસની પ્રતિષ્ઠા વધારો, જેથી હરેક જણ જુએ કે આનું પણ શું ભાગ્ય છે? શ્રીરામચન્દ્રજીએ કહ્યું – હે સુજ્ઞ સખા! આપે જે કંઈ કહ્યું તે સર્વ સત્ય છે. પરંતુ પિતાજીએ મને બીજી જ આજ્ઞા આપી છે. ॥ ૪॥

દો૦ – બરષ ચારિદસ બાસુ બન મુનિ બ્રત બેષુ અહારુ।
ગ્રામ બાસુ નહિં ઉચિત સુનિ ગુહહિ ભયઉ દુખુ ભારુ ॥ ૮૮॥

[તેમની આજ્ઞાનુસાર] મારે ચૌદ વર્ષ સુધી મુનિઓનાં વ્રત અને વેષ ધારણ કરીને અને મુનિઓને યોગ્ય આહાર કરીને વનમાં જ વસવાનું છે, ગામની અંદર નિવાસ કરવો ઉચિત નથી. આ સાંભળીને ગુહને ઘણું દુઃખ થયું. ॥ ૮૮॥

ચૌ૦ – રામ લખન સિય રૂપ નિહારી। કહહિં સપ્રેમ ગ્રામ નર નારી ॥
તે પિતુ માતુ કહહુ સખિ કૈસે। જિન્હ પઠએ બન બાલક ઐસે ॥ ૧॥

શ્રીરામજી, લક્ષ્મણજી અને સીતાજીના રૂપને જોઈને ગામનાં સ્ત્રી-પુરુષો પ્રેમપૂર્વક કહે છે. હે સખી! કહો તો એ માતા-પિતા કેવાં છે, જેમણે આવા [સુંદર સુકુમાર] બાળકોને વનમાં મોકલી દીધા?! ॥ ૧॥

એક કહહિં ભલ ભૂપતિ કીન્હા। લોયન લાહુ હમહિ બિધિ દીન્હા॥
તબ નિષાદપતિ ઉર અનુમાના। તરુ સિંસુપા મનોહર જાના॥ ૨॥

કોઈ એક કહે છે – રાજાએ સારું જ કર્યું, આ બહાને અમને પણ બ્રહ્માએ નેત્રોનો લાભ આપ્યો. પછી નિષાદરાજે હૃદયમાં નક્કી કર્યું કે આ અશોકનું વૃક્ષ રામજીના ઉતારા માટે યોગ્ય અને મનોહર સ્થળ છે. ॥ ૨॥

લૈ રઘુનાથહિ ઠાઉઁ દેખાવા। કહેઉ રામ સબ ભાઁતિ સુહાવા॥
પુરજન કરિ જોહારુ ઘર આએ। રઘુબર સંધ્યા કરન સિધાએ॥ ૩॥

તેણે શ્રીરઘુનાથજીને લઈ જઈને તે સ્થાન દેખાડ્યું. શ્રીરામચન્દ્રજીએ [જોઈને] કહ્યું કે આ સર્વ પ્રકારે સુંદર છે. પુરવાસી લોકો જુહાર કરીને પોતપોતાના ઘેર ગયા અને શ્રીરામચન્દ્રજી સંધ્યા-વંદન કરવા પધાર્યા. ॥ ૩॥

ગુહઁ સઁવારિ સાઁથરી ડસાઈ। કુસ કિસલયમય મૃદુલ સુહાઈ॥
સુચિ ફલ મૂલ મધુર મૃદુ જાની। દોના ભરિ ભરિ રાખેસિ પાની॥ ૪॥

ગુહે [આ ગાળામાં] દર્ભ અને કૂણાં પાંદડાંની કોમળ અને સુંદર સાંથરી પાથરી દીધી અને પવિત્ર, મીઠા અને કોમળ જોઈ-જોઈને ફળ-મૂળ, અને પાણી પડિયાઓમાં ભરી-ભરીને રાખી દીધાં ॥ ૪॥

દો૦ – સિય સુમંત્ર ભ્રાતા સહિત કંદ મૂલ ફલ ખાઈ।
સયન કીન્હ રઘુબંસમનિ પાય પલોટત ભાઈ॥ ૮૯॥

સીતાજી, સુમન્ત્રજી અને ભાઈ લક્ષ્મણજીસહિત કંદ-મૂળ-ફળ ખાઈને રઘુકુળમણિ શ્રીરામચન્દ્રજી સૂઈ ગયા. ભાઈ લક્ષ્મણજી તેમના પગ દબાવવા લાગ્યા. ॥ ૮૯॥

ચૌ૦ – ઉઠે લખનુ પ્રભુ સોવત જાની। કહિ સચિવહિ સોવન મૃદુ બાની॥
કછુક દૂરિ સજિ બાન સરાસન। જાગન લગે બૈઠિ બીરાસન॥ ૧॥

પછી પ્રભુ શ્રીરામચન્દ્રજીને ઊંઘેલા જાણીને લક્ષ્મણજી ઊઠ્યા અને કોમળ વાણીથી મન્ત્રી સુમન્ત્રજીને સૂવા માટે કહીને ત્યાંથી થોડે દૂર ધનુષ-બાણ સજાવીને, વીરાસનમાં બેસી જાગૃત રહીન પહેરો ભરવા લાગ્યા. ॥ ૧॥

ગુહઁ બોલાઈ પાહરૂ પ્રતીતી। ઠાવઁ ઠાવઁ રાખે અતિ પ્રીતી॥
આપુ લખન પહિં બૈઠેઉ જાઈ। કટિ ભાથી સર ચાપ ચઢ़ાઈ॥ ૨॥

ગુહે વિશ્વાસપાત્ર પહેરેદારોને બોલાવીને અત્યંત પ્રેમથી જગ્યાએ જગ્યાએ નિયુક્ત કરી દીધા અને પોતે કમરમાં ભાથો બાંધીને તથા ધનુષ પર બાણ ચઢાવીને લક્ષ્મણજી પાસે જઈ બેઠા. ॥ ૨॥

સોવત પ્રભુહિ નિહારિ નિષાદૂ । ભયઉ પ્રેમ બસ હ્રદયઁ બિષાદૂ ॥
તનુ પુલકિત જલુ લોચન બહઈ । બચન સપ્રેમ લખન સન કહઈ ॥ ૩॥

પ્રભુને જમીન ઉપર સૂતા જોઈને સ્નેહવશ નિષાદરાજના હ્રદયમાં વિષાદ થઈ આવ્યો. તેમનું શરીર પુલકિત થઈ ગયું અને નેત્રોમાંથી [પ્રેમાશ્રુઓનું] જળ વહેવા લાગ્યું. તે પ્રેમસહિત લક્ષ્મણજીને વચન કહેવા લાગ્યા – ॥ ૩॥

ભૂપતિ ભવન સુભાયઁ સુહાવા । સુરપતિ સદનુ ન પટતર પાવા ॥
મનિમય રચિત ચારુ ચૌબારે । જનુ રતિપતિ નિજ હાથ સઁવારે ॥ ૪॥

મહારાજ દશરથજીનો મહેલ તો સ્વભાવથી જ સુંદર છે, ઇન્દ્રભવન પણ જેની સરખામણી નથી કરી શકતો. તેમાં સુંદર મણિઓથી બનેલી બેઠકો (છત ઉપર બનેલ નાના મહેલ) છે જેને જાણે રતિના પતિ કામદેવે સ્વહસ્તે જ સજાવીને બનાવ્યા છે. ॥ ૪॥

દો૦ – સુચિ સુબિચિત્ર સુભોગમય સુમન સુગંધ સુબાસ ।
પલઁગ મંજુ મનિ દીપ જહઁ સબ બિધિ સકલ સુપાસ ॥ ૯૦॥

જે પવિત્ર, ઘણા જ વિલક્ષણ, સુંદર ભોગપદાર્થોથી પૂર્ણ અને ફૂલોની સુગંધથી સુવાસિત છે, જ્યાં સુંદર પલંગ અને મણિઓના દીપક છે તથા દરેક જાતનો પૂરો આરામ છે; ॥ ૯૦॥

ચૌ૦ – બિબિધ બસન ઉપધાન તુરાઈં । છીર ફેન મૃદુ બિસદ સુહાઈં ॥
તહઁ સિય રામુ સયન નિસિ કરહીં । નિજ છબિ રતિ મનોજ મદુ હરહીં ॥ ૧॥

જ્યાં [ઓઢવા-પાથરવાનાં] અનેક વસ્ત્ર, તકિયા અને ગાદલાં છે, જે દૂધના ફેણ જેવાં કોમળ, નિર્મળ (ઉજ્જ્વળ) અને સુંદર છે; ત્યાં (તે મહેલમાં) શ્રીસીતાજી અને શ્રીરામચન્દ્રજી રાત્રિએ સૂઈ જતાં હતાં અને પોતાની શોભાથી રતિ અને કામદેવના ગર્વનું હરણ કરતાં હતાં. ॥ ૧॥

તે સિય રામુ સાથરીં સોએ । શ્રમિત બસન બિનુ જાહિં ન જોએ ॥
માતુ પિતા પરિજન પુરબાસી । સખા સુસીલ દાસ અરુ દાસી ॥ ૨॥

તે શ્રીસીતા અને શ્રીરામજી આજે ઘાસ-ફૂસની પથારી પર થાકેલા વસ્ત્ર વિના સૂતાં છે. આવી દશામાં તે જોઈ શકાતાં નથી. માતાપિતા, કુટુંબી, પુરવાસી (પ્રજા), મિત્ર, સારાં શીલ-સ્વભાવનાં દાસ અને દાસીઓ – ॥ ૨॥

જોગવહિં જિન્હહિ પ્રાન કી નાઈં । મહિ સોવત તેઇ રામ ગોસાઈં ॥
પિતા જનક જગ બિદિત પ્રભાઊ । સસુર સુરેસ સખા રઘુરાઊ ॥ ૩॥

બધા જેમની પોતાના પ્રાણોની જેમ સાર-સંભાળ રાખતા હતા, તે પ્રભુ શ્રીરામચન્દ્રજી આજે પૃથ્વી પર સૂઈ રહ્યા છે. જેમના પિતા જનકજી છે, જેમનો પ્રભાવ જગતમાં પ્રસિદ્ધ છે; જેમના સસરાજી ઇન્દ્રના મિત્ર રઘુરાજ દશરથજી છે – ॥ ૩॥

રામચંદ્રુ પતિ સો બૈદેહી । સોવત મહિ બિધિ બામ ન કેહી ॥
સિય રઘુબીર કિ કાનન જોગૂ । કરમ પ્રધાન સત્ય કહ લોગૂ ॥ ૪॥

અને પતિ શ્રીરામચન્દ્રજી છે, એ જ જાનકી આજે જમીન પર સૂઈ રહ્યાં છે. વિધાતા કોના પ્રતિકૂળ નથી થતો! સીતાજી અને શ્રીરામચન્દ્રજી શું વનને યોગ્ય છે? લોકો સાચું કહે છે કે કર્મ (ભાગ્ય) જ પ્રધાન છે. ॥ ૪॥

દો૦ – કૈકયનંદિનિ મંદમતિ કઠિન કુટિલપનુ કીન્હ ।
જેહિં રઘુનંદન જાનકિહિ સુખ અવસર દુખુ દીન્હ ॥ ૯૧॥

કૈક્યરાજની કન્યા નીચ બુદ્ધિ કૈકેયીએ મોટી કુટિલતા જ કરી, જેથી રઘુનંદન શ્રીરામજીને અને જાનકીજીને સુખના સમયે દુઃખ આવ્યું. ॥ ૯૧॥

ચૌ૦ – ભઈ દિનકર કુલ બિટપ કુઠારી । કુમતિ કીન્હ સબ બિસ્વ દુખારી ॥
ભયઉ બિષાદુ નિષાદહિ ભારી । રામ સીય મહિ સયન નિહારી ॥ ૧॥

કૈકેયી સૂર્યકુળરૂપી વૃક્ષ માટે કુહાડી થઈ ગઈ, તે કુબુદ્ધિએ સંપૂર્ણ વિશ્વને દુઃખી કરી નાંખ્યું. શ્રીરામ-સીતાને જમીન પર સૂતેલાં જોઈને નિષાદને ઘણું દુઃખ થયું. ॥ ૧॥

બોલે લખન મધુર મૃદુ બાની । ગ્યાન બિરાગ ભગતિ રસ સાની ॥
કાહુ ન કોઉ સુખ દુખ કર દાતા । નિજ કૃત કરમ ભોગ સબુ ભ્રાતા ॥ ૨॥

ત્યારે લક્ષ્મણજી જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના રસમાં તરબોળ મીઠી અને કોમળ વાણીથી બોલ્યા – હે ભાઈ! કોઈ પણ કોઈને સુખ-દુઃખ આપનાર નથી. બધા પોતાનાં જ કરેલાં કર્મોનું ફળ ભોગવે છે. ॥ ૨॥

જોગ બિયોગ ભોગ ભલ મંદા । હિત અનહિત મધ્યમ ભ્રમ ફંદા ॥
જનમુ મરનુ જહઁ લગિ જગ જાલૂ । સંપતિ બિપતિ કરમુ અરુ કાલૂ ॥ ૩॥

સંયોગ (મળવું), વિયોગ (વિખૂટા પડવું), સારા-નરસા ભોગ, શત્રુ, મિત્ર અને ઉદાસીન – આ બધા ભ્રમના ફંદા છે. જન્મ-મૃત્યુ, સંપતિ-વિપત્તિ, કર્મ અને કાળ – જ્યાં સુધી જગતની જંજાળ છે; ॥ ૩॥

ધરનિ ધામુ ધનુ પુર પરિવારૂ । સરગુ નરકુ જહઁ લગિ બ્યવહારૂ ॥
દેખિઅ સુનિઅ ગુનિઅ મન માહીં । મોહ મૂલ પરમારથુ નાહીં ॥ ૪॥

ધરતી, ઘર, ધન, નગર, પરિવાર, સ્વર્ગ અને નરક આદિ જ્યાં સુધી વ્યવહાર છે; જે જોવા, સાંભળવા અને મનમાં વિચારવામાં આવે છે તે બધા મોહમૂલ છે; મિથ્યા છે. વાસ્તવમાં નથી. ॥ ૪॥

દો૦ – સપનેં હોઇ ભિખારિ નૃપુ રંકુ નાકપતિ હોઇ ।
જાગેં લાભુ ન હાનિ કછુ તિમિ પ્રપંચ જિયઁ જોઇ ॥ ૯૨॥

જેમ સ્વપ્નમાં ભિખારી રાજા થઈ જાય અથવા સ્વર્ગનો સ્વામી ઇન્દ્ર કંગાળ થઈ જાય, તો જાગ્યા પછી તેમને લાભ કે નુકસાન કંઈ પણ નથી; એવી જ રીતે આ દૃશ્ય-પ્રપંચને હૃદયથી સમજવું જોઈએ. ॥ ૯૨॥

ચૌ૦ – અસ બિચારિ નહિં કીજિઅ રોસૂ। કાહુહિ બાદિ ન દેઇઅ દોસૂ॥
મોહ નિસાઁ સબુ સોવનિહારા। દેખિઅ સપન અનેક પ્રકારા॥ ૧॥

આમ વિચારીને ક્રોધ ન કરવો જોઈએ અને ન કોઈને વ્યર્થ દોષ જ આપવો જોઈએ. સર્વે લોકો મોહરૂપી રાત્રિમાં ઊંઘનારા છે અને સૂતાં સૂતાં તેમને અનેક પ્રકારનાં સપનાં દેખાય છે. ॥ ૧॥

એહિં જગ જામિનિ જાગહિં જોગી। પરમારથી પ્રપંચ બિયોગી॥
જાનિઅ તબહિં જીવ જગ જાગા। જબ સબ બિષય બિલાસ બિરાગા॥ ૨॥

આ જગતરૂપી રાત્રિમાં યોગી લોકો જાગે છે, જેઓ પરમાર્થી છે અને પ્રપંચ(માયિક જગત)થી છૂટેલા છે. જગતમાં જીવને જાગેલો ત્યારે જ જાણવો જ્યારે સંપૂર્ણ ભોગ-વિલાસથી વૈરાગ્ય થઈ જાય. ॥ ૨॥

હોઈ બિબેકુ મોહ ભ્રમ ભાગા। તબ રઘુનાથ ચરન અનુરાગા॥
સખા પરમ પરમારથુ એહૂ। મન ક્રમ બચન રામ પદ નેહૂ॥ ૩॥

વિવેક આવવાથી મોહરૂપી ભ્રમ ભાગી જાય છે ત્યારે (અજ્ઞાનનો નાશ થવાથી) શ્રીરઘુનાથજીના ચરણોમાં પ્રેમ થાય છે. હે સખા! મન, વચન અને કર્મથી શ્રીરામજીના ચરણોમાં પ્રેમ થવો એ જ સર્વશ્રેષ્ઠ પરમાર્થ (પુરુષાર્થ) છે. ॥ ૩॥

રામ બ્રહ્મ પરમારથ રૂપા। અબિગત અલખ અનાદિ અનૂપા॥
સકલ બિકાર રહિત ગતભેદા। કહિ નિત નેતિ નિરૂપહિં બેદા॥ ૪॥

શ્રીરામજી પરમાર્થસ્વરૂપ (પરમવસ્તુ) પરબ્રહ્મ છે. તે અવિગત (જાણવામાં ન આવનાર), અલખ (સ્થૂળ દૃષ્ટિએ જોવામાં ન આવનાર), અનાદિ (આદિરહિત), અનુપમ (ઉપમારહિત), બધા વિકારોથી રહિત અને ભેદશૂન્ય છે. વેદ જેમનું નિત્ય 'નેતિ-નેતિ' કહીને નિરુપણ કરે છે- ॥ ૪॥

દો૦ – ભગત ભૂમિ ભૂસુર સુરભિ સુર હિત લાગિ કૃપાલ।
કરત ચરિત ધરિ મનુજ તનુ સુનત મિટહિં જગ જાલ॥ ૯૩॥

એ જ કૃપાળુ શ્રીરામચન્દ્રજી ભક્ત, ભૂમિ, બ્રાહ્મણ, ગાય અને દેવોનાં હિતો માટે મનુષ્ય દેહ ધારણ કરીને લીલાઓ કરે છે, જેને સાંભળવાથી જગતની જંજાળ મટી જાય છે. ॥ ૯૩॥

માસપારાયણ, પંદરમો વિશ્રામ

ચૌ૦ – સખા સમુઝિ અસ પરિહરિ મોહૂ। સિય રઘુબીર ચરન રત હોહૂ॥
કહત રામ ગુન ભા ભિનુસારા। જાગે જગ મંગલ સુખદારા॥ ૧॥

હે સખા! આમ સમજી મોહનો ત્યાગ કરીને શ્રીસીતારામજીના ચરણોમાં સ્નેહ રાખો. આમ, શ્રીરામચન્દ્રજીના ગુણ કહેતાં કહેતાં સવાર થઈ ગયું! ત્યારે જગતનું મંગળ કરનારા અને સુખ આપનારા શ્રીરામજી જાગ્યા. ॥ ૧॥

સકલ સૌચ કરિ રામ નહાવા। સુચિ સુજાન બટ છીર મગાવા॥
અનુજ સહિત સિર જટા બનાએ। દેખિ સુમંત્ર નયન જલ છાએ॥ ૨॥

શૌચાદિ સર્વે નિત્ય-કર્મો કરીને પવિત્ર અને સુજ્ઞ શ્રીરામચન્દ્રજીએ સ્નાન કર્યું. પછી વડનું દૂધ મંગાવ્યું અને નાના ભાઈ લક્ષ્મણજીસહિત એ દૂધથી સિર ઉપર જટાઓ બનાવી. આ જોઈને સુમન્ત્રજીનાં નેત્રોમાં જળ છવાઈ ગયું. ॥ ૨॥

હૃદયઁ દાહુ અતિ બદન મલીના। કહ કર જોરિ બચન અતિ દીના॥
નાથ કહેઉ અસ કોસલનાથા। લૈ રથુ જાહુ રામ કેં સાથા॥ ૩॥

તેમનું હૃદય અત્યંત બળવા લાગ્યું, મુખ મલિન (ઉદાસ) થઈ ગયું. તેઓ હાથ જોડીને અત્યંત દીન વચન બોલ્યા – હે નાથ! મને કૌશલનાથ દશરથજીએ એવી આજ્ઞા આપી હતી કે તમે રથ લઈને શ્રીરામજીની સાથે જાઓ; ॥ ૩॥

બનુ દેખાઈ સુરસરિ અન્હવાઈ। આનેહુ ફેરિ બેગિ દોઉ ભાઈ॥
લખનુ રામુ સિય આનેહુ ફેરી। સંસય સકલ સઁકોચ નિબેરી॥ ૪॥

વન બતાવીને, ગંગાસ્નાન કરાવી બંને ભાઈઓને તરત પાછા લઈ આવજો. બધો સંશય અને સંકોચ દૂર કરીને લક્ષ્મણ, રામ, સીતાને ફેરવીને લઈ આવજો – ॥ ૪॥

દો૦ – નૃપ અસ કહેઉ ગોસાઈઁ જસ કહઇ કરૌં બલિ સોઇ।
કરિ બિનતી પાયન્હ પરેઉ દીન્હ બાલ જિમિ રોઇ॥ ૯૪॥

મહારાજે આવું કહ્યું હતું, હવે પ્રભુ જેમ કહે, હું એમ જ કરું, હું આપનાં ઓવારણાં લઉં છું. આ પ્રકારની વિનંતી કરીને તેઓ શ્રીરામચન્દ્રજીના ચરણોમાં નમી પડ્યા અને બાળકની પેઠે રડી પડ્યા. ॥ ૯૪॥

ચૌ૦ – તાત કૃપા કરિ કીજિઅ સોઈ। જાતેં અવધ અનાથ ન હોઈ॥
મંત્રિહિ રામ ઉઠાઇ પ્રબોધા। તાત ધરમ મતુ તુમ્હ સબુ સોધા॥ ૧॥

[અને કહ્યું –] હે તાત! કૃપા કરીને એ જ કરો જેથી અયોધ્યા અનાથ ન થાય. શ્રીરામજીએ મંત્રીને ઉઠાડીને ધૈર્ય આપતાં સમજાવ્યા કે હે તાત! આપે તો ધર્મના બધા સિદ્ધાંતોને ચાળી નાખ્યા છે. ॥ ૧॥

સિબિ દધીચ હરિચંદ નરેસા। સહે ધરમ હિત કોટિ કલેસા॥
રંતિદેવ બલિ ભૂપ સુજાના। ધરમુ ધરેઉ સહિ સંકટ નાના॥ ૨॥

શિબિ, દધીચિ અને રાજા હરિશ્ચન્દ્રએ ધર્મના માટે કરોડો (અનેક) કષ્ટ સહ્યાં હતાં. બુદ્ધિમાન રાજા રંતિદેવ અને બલિએ ઘણાં જ સંકટ સહીને પણ ધર્મને ધારણ કરી રાખ્યો (તેમણે ધર્મનો પરિત્યાગ ન કર્યો). ॥ ૨॥

ધરમુ ન દૂસર સત્ય સમાના । આગમ નિગમ પુરાન બખાના ॥
મૈં સોઈ ધરમુ સુલભ કરિ પાવા । તજેં તિહૂઁ પુર અપજસુ છાવા ॥ ૩॥

વેદ, શાસ્ત્ર અને પુરાણોમાં કહેવાયું છે કે સત્યની સમાન બીજો ધર્મ નથી. મેં એ ધર્મને સરળતાથી પ્રાપ્ત કરી લીધો છે. આ સત્યરૂપી ધર્મનો ત્યાગ કરવાથી ત્રણેય લોકોમાં અપયશ છવાઈ જશે. ॥ ૩॥

સંભાવિત કહુઁ અપજસ લાહૂ । મરન કોટિ સમ દારુન દાહૂ ॥
તુમ્હ સન તાત બહુત કા કહઊઁ । દિએઁ ઉતરુ ફિરિ પાતકુ લહઊઁ ॥ ૪॥

પ્રતિષ્ઠિત પુરુષને માટે અપયશની પ્રાપ્તિ કરોડો મૃત્યુના જેવો ભીષણ સંતાપ આપનાર છે. હે તાત! હું આપને અધિક શું કહું! સામો ઉત્તર આપવાથી પણ પાપનો ભાગી બનું છું. ॥ ૪॥

દો૦ – પિતુ પદ ગહિ કહિ કોટિ નતિ બિનય કરબ કર જોરિ ।
ચિંતા કવનિહુ બાત કૈ તાત કરિઅ જનિ મોરિ ॥ ૯૫॥

આપ જઈને પિતાજીના ચરણ પકડીને કરોડો નમસ્કાર સાથે હાથ જોડીને વિનંતી કરજો કે હે તાત! આપ મારી કોઈ વાતે ચિંતા ન કરશો. ॥ ૯૫॥

ચૌ૦ – તુમ્હ પુનિ પિતુ સમ અતિ હિત મોરેં । બિનતી કરઉઁ તાત કર જોરેં ॥
સબ બિધિ સોઈ કરતબ્ય તુમ્હારેં । દુખ ન પાવ પિતુ સોચ હમારેં ॥ ૧॥

અને આપ પણ પિતાના સમાન જ મારા મોટા હિતૈષી છો. હે તાત! હું હાથ જોડીને આપને વિનંતી કરું છું કે આપનું પણ સર્વ પ્રકારે એ જ કર્તવ્ય છે કે જેનાથી પિતાજી અમારા શોકમાં દુઃખ ન પામે. ॥ ૧॥

સુનિ રઘુનાથ સચિવ સંબાદૂ । ભયઉ સપરિજન બિકલ નિષાદૂ ॥
પુનિ કછુ લખન કહી કટુ બાની । પ્રભુ બરજે બડ઼ અનુચિત જાની ॥ ૨॥

શ્રીરઘુનાથજી અને સુમન્ત્રનો આ સંવાદ સાંભળીને નિષાદરાજ કુટુમ્બીઓસહિત વ્યાકુળ થઈ ગયો. પછી લક્ષ્મણજીએ કંઈક કડવી વાત કહી. પ્રભુ શ્રીરામચન્દ્રજીએ તેને ઘણી જ અનુચિત (અયોગ્ય) જાણીને તે કહેવાની ના પાડી. ॥ ૨॥

સકુચિ રામ નિજ સપથ દેવાઈ । લખન સઁદેસુ કહિઅ જનિ જાઈ ॥
કહ સુમંત્રુ પુનિ ભૂપ સઁદેસૂ । સહિ ન સકિહિ સિય બિપિન કલેસૂ ॥ ૩॥

શ્રીરામચન્દ્રજીએ સંકોચાઈને, પોતાના સોગંદ આપીને સુમન્ત્રજીને કહ્યું કે આપ જઈને લક્ષ્મણનો આ સંદેશો ન કહેશો. સુમન્ત્રે પછી રાજાનો સંદેશો કહ્યો કે સીતાજી વનના ક્લેશ નહીં સહી શકે. ॥ ૩॥

જેહિ બિધિ અવધ આવ ફિરિ સીયા । સોઈ રઘુબરહિ તુમ્હહિ કરનીયા ॥
નતરુ નિપટ અવલંબ બિહીના । મૈં ન જિઅબ જિમિ જલ બિનુ મીના ॥ ૪॥

એટલે જે રીતે સીતાજી અયોધ્યા પાછા ફરે, તેવો જ ઉપાય તમારે અને શ્રીરામચન્દ્રજીએ કરવો જોઈએ. નહીંતર હું તો બિલકુલ જ આધાર વગરનો થઈને જીવી નહીં શકું, જેમ જળ વગર માછલી નથી જીવતી. ॥ ૪॥

દો૦ – મઈકેં સસુરેં સકલ સુખ જબહિં જહાઁ મનુ માન।
તહઁ તબ રહિહિ સુખેન સિય જબ લગિ બિપતિ બિહાન॥૯૬॥

સીતાજી પિયરમાં કે સાસરમાં; જ્યાં મન હોય ત્યાં સુખથી રહી શકે છે. બંનેય સ્થળે દરેક પ્રકારનાં સુખ છે. જ્યાં સુધી આ વિપત્તિનો અંત ન આવે ત્યાં સુધી મન ઇચ્છે ત્યાં રહે. ॥૯૬॥

ચૌ૦ – બિનતી ભૂપ કીન્હ જેહિ ભાઁતી। આરતિ પ્રીતિ ન સો કહિ જાતી॥
પિતુ સઁદેસુ સુનિ કૃપાનિધાના। સિયહિ દીન્હ સિખ કોટિ બિધાના॥૧॥

રાજાએ જે રીતે (જે દીનતા અને પ્રેમથી) વિનંતી કરી છે, તે દીનતા અને પ્રેમ કહી નથી શકાતાં. કૃપાનિધાન શ્રીરામચન્દ્રજીએ પિતાનો સંદેશો સાંભળીને સીતાજીને કરોડો (અનેક) પ્રકારે શિખામણ આપી કે – ॥૧॥

સાસુ સસુર ગુર પ્રિય પરિવારૂ। ફિરહુ ત સબ કર મિટૈ ખભારૂ॥
સુનિ પતિ બચન કહતિ બૈદેહી। સુનહુ પ્રાનપતિ પરમ સનેહી॥૨॥

જો તમે ઘેર પાછા ફરો તો સાસુ, સસરા, ગુરુ, પ્રિયજન અને કુટુમ્બી બધાયની ચિંતા મટી જાય. પતિનાં વચન સાંભળીને જાનકી કહે છે – હે પ્રાણપતિ! હે પરમ સ્નેહી! સાંભળો – ॥૨॥

પ્રભુ કરુનામય પરમ બિબેકી। તનુ તજિ રહતિ છાઁહ કિમિ છેંકી॥
પ્રભા જાઈ કહઁ ભાનુ બિહાઈ। કહઁ ચંદ્રિકા ચંદુ તજિ જાઈ॥૩॥

હે પ્રભો! આપ કરુણામય અને પરમ જ્ઞાની છો. [કૃપા કરીને વિચાર તો કરો] શરીરને છોડીને છાયા અલગ કેવી રીતે રહી શકે છે? સૂર્યની પ્રભા સૂર્યને છોડીને ક્યાં જઈ શકે છે? અને ચાંદની ચન્દ્રને ત્યાગીને ક્યાં જઈ શકે છે? ॥૩॥

પતિહિ પ્રેમમય બિનય સુનાઈ। કહતિ સચિવ સન ગિરા સુહાઈ॥
તુમ્હ પિતુ સસુર સરિસ હિતકારી। ઉતરુ દેઉઁ ફિરિ અનુચિત ભારી॥૪॥

આ રીતે પતિને પ્રેમભરી વિનંતી સંભળાવીને સીતાજી મન્ત્રીને સરસ વાણી કહેવા લાગ્યાં – આપ મારા પિતાજી અને સસરાજી સમાન મારું હિત કરનારા છો. આપને હું વળતો ઉત્તર આપું છું તે ઘણું જ અનુચિત છે. ॥૪॥

દો૦ – આરતિ બસ સનમુખ ભઈઉઁ બિલગુ ન માનબ તાત।
આરજસુત પદ કમલ બિનુ બાદિ જહાઁ લગિ નાત॥૯૭॥

પરંતુ હે તાત! હું આર્ત થઈને જ આપના સન્મુખ થઈ છું. આપ ખોટું ન લગાડશો. આર્યપુત્ર (સ્વામી)નાં ચરણકમળો વિનાના જગતમાં જે સર્વે સંબંધો છે તે સઘળા મારા માટે વ્યર્થ છે. ॥૯૭॥

ચૌ૦ – પિતુ બૈભવ બિલાસ મૈં ડીઠા। નૃપ મનિ મુકુટ મિલિત પદ પીઠા॥
સુખનિધાન અસ પિતુ ગૃહ મોરેં। પિય બિહીન મન ભાવ ન ભોરેં॥૧॥

મેં પિતાજીના ઐશ્વર્યની છટા જોઈ છે, જેમનાં ચરણ મૂકવાના બાજોઠ પર સર્વશિરોમણિ રાજાઓ પોતાના મુગટ ઘસે છે (અર્થાત્ મોટા-મોટા રાજા જેમનાં ચરણોમાં પ્રણામ કરે છે) એવા પિતાના ઘેર પણ જ્યાં સર્વ પ્રકારનાં સુખોનો ભંડાર છે, ત્યાં પણ પતિ વગર મારા મનને ભૂલમાંય નથી ગમતું. ॥ ૧॥

સસુર ચક્કવઇ કોસલરાઊ । ભુવન ચારિદસ પ્રગટ પ્રભાઊ ॥
આગેં હોઇ જેહિ સુરપતિ લેઈ । અરધ સિંઘાસન આસનુ દેઈ ॥ ૨॥

મારા સસરાજી કૌસલરાજ ચક્રવર્તી સમ્રાટ છે, જેમનો પ્રભાવ ચૌદ લોકોમાં પ્રકટ છે; ઈન્દ્ર પણ આગળ થઈને જેમનું સ્વાગત કરે છે અને પોતાના અડધા સિંહાસન ઉપર બેસવા માટે સ્થાન આપે છે, ॥ ૨॥

સસુરુ એતાદૃસ અવધ નિવાસૂ । પ્રિય પરિવારુ માતુ સમ સાસૂ ॥
બિનુ રઘુપતિ પદ પદુમ પરાગા । મોહિ કેઉ સપનેહુઁ સુખદ ન લાગા ॥ ૩॥

એવા [ઐશ્વર્ય અને પ્રભાવશાળી] સસરાજી, અયોધ્યાનું નિવાસ, પ્રિય કુટુમ્બી અને માતાની સમાન સાસુઓ – એ કોઈ પણ શ્રીરઘુનાથજીનાં ચરણકમળોની રજ વિના મને સ્વપ્નમાં પણ સુખદાયક નથી લાગતાં. ॥ ૩॥

અગમ પંથ બનભૂમિ પહારા । કરિ કેહરિ સર સરિત અપારા ॥
કોલ કિરાત કુરંગ બિહંગા । મોહિ સબ સુખદ પ્રાનપતિ સંગા ॥ ૪॥

જ્યાનાં રસ્તા, વન, મેદાન પહાડ અગમ છે, હાથી, સિંહ, સરોવરો અને નદીઓ અપાર છે. કોલ, ભીલ, હરણાં અને પક્ષીઓ પણ છે. પ્રાણપતિ (આપની) સાથે રહેવાથી એ સર્વે મને સુખ આપનારાં થશે. ॥ ૪॥

દો૦ – સાસુ સસુર સન મોરિ હુઁતિ બિનય કરબિ પરિ પાયઁ ।
મોર સોચુ જનિ કરિઅ કછુ મૈં બન સુખી સુભાયઁ ॥ ૯૮॥

માટે સાસુજી અને સસરાજીને પગે પડીને મારા તરફથી વિનંતી કરજો કે તેઓ મારો કોઈ પણ શોક ન કરે; હું વનમાં સ્વાભાવિકરૂપે જ સુખી છું. ॥ ૯૮॥

ચૌ૦ – પ્રાનનાથ પ્રિય દેવર સાથા । બીર ધુરીન ધરેં ધનુ ભાથા ॥
નહિં મગ શ્રમુ ભ્રમુ દુખ મન મોરેં । મોહિ લગિ સોચુ કરિઅ જનિ ભોરેં ॥ ૧॥

વીરોમાં અગ્રગણ્ય તથા ધનુષ અને [બાણોથી ભરેલાં] ભાથાં ધારણ કરેલા મારા પ્રાણનાથ અને પ્રિય દિયર સાથે છે. એથી મને નથી રસ્તાનો થાક અને નથી ભ્રમ, અને મારા મનમાં કોઈ જાતનું દુઃખ પણ નથી. મારા માટે કદી ભૂલથીય શોક ન કરશો. ॥ ૧॥

સુનિ સુમંત્રુ સિય સીતલિ બાની । ભયઉ બિકલ જનુ ફનિ મનિ હાની ॥
નયન સૂઝ નહિં સુનઇ ન કાના । કહિ ન સકઇ કછુ અતિ અકુલાના ॥ ૨॥

સુમન્ત્ર સીતાજીની શીતળ વાણી સાંભળી એવા વ્યાકુળ થઈ ગયા જેમ મણિ ખોવાઈ જવાથી સર્પ માથું પટકી પટકીને વ્યાકુળ થઈ જાય છે. નેત્રોને કંઈ સૂઝતું નથી, કાનોથી સંભળાતું નથી. તે ઘણા વ્યાકુળ થઈ ગયા, કંઈ કહી નથી શકતા. ॥ ૨॥

રામ પ્રબોધુ કીન્હ બહુ ભાઁતી। તદપિ હોતિ નહિં સીતલિ છાતી ॥
જતન અનેક સાથ હિત કીન્હે। ઉચિત ઉતર રઘુનંદન દીન્હે ॥ ૩॥

શ્રીરામચન્દ્રજીએ તેમનું ઘણી રીતે સમાધાન કર્યું. તો પણ તેમની છાતી ઠંડી ન થઈ. સાથે ચાલવા મન્ત્રીએ અનેક યત્ન કર્યા (યુક્તિઓ રજૂ કરી), પણ રઘુનંદન શ્રીરામજી [તે સર્વે યુક્તિઓના] યથોચિત ઉત્તર આપતા ગયા. ॥ ૩॥

મેટિ જાઈ નહિં રામ રજાઈ। કઠિન કરમ ગતિ કછુ ન બસાઈ ॥
રામ લખન સિય પદ સિરુ નાઈ। ફિરેઉ બનિક જિમિ મૂર ગવાઁઈ ॥ ૪॥

શ્રીરામજીની આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકાતું નથી. કર્મની ગતિ કઠણ છે. તેના પર કોઈનો પણ વશ ચાલતો નથી. શ્રીરામ, લક્ષ્મણ અને સીતાજીના ચરણોમાં શીશ નમાવીને સુમન્ત્ર એ રીતે પાછા ફર્યા કે જેમ કોઈ વેપારી પોતાની મૂળ મૂડી ખોઈને પાછો ફર્યો હોય. ॥ ૪॥

દો૦ – રથુ હાઁકેઉ હય રામ તન હેરિ હેરિ હિહિનાહિં।
દેખિ નિષાદ બિષાદબસ ધુનહિં સીસ પછિતાહિં ॥ ૯૯॥

સુમન્ત્રે રથને હાંક્યો તો ઘોડા શ્રીરામચન્દ્રજીની સામે જોઈ-જોઈને હણહણે છે. આ જોઈને નિષાદ વિષાદને વશ થઈને માથું પીટી-પીટીને પસ્તાય છે. ॥ ૯૯॥

ચૌ૦ – જાસુ બિયોગ બિકલ પસુ ઐસેં। પ્રજા માતુ પિતુ જિઇહહિં કૈસેં ॥
બરબસ રામ સુમંત્રુ પઠાએ। સુરસરિ તીર આપુ તબ આએ ॥ ૧॥

જેમના વિયોગમાં પશુ આ રીતે વ્યાકુળ છે, તેમના વિયોગમાં પ્રજા, માતા અને પિતા કેવી રીતે જીવતાં રહેશે? શ્રીરામચન્દ્રજીએ જબરજસ્તીથી સુમન્ત્રને પાછા વળાવ્યા. પછી પોતે ગંગાજીને તીરે આવ્યા. ॥ ૧॥

માગી નાવ ન કેવટુ આના। કહઈ તુમ્હાર મરમુ મૈં જાના ॥
ચરન કમલ રજ કહુઁ સબુ કહઈ। માનુષ કરનિ મૂરિ કછુ અહઈ ॥ ૨॥

શ્રીરામે કેવટની પાસે નાવ માગી, પણ તે લાવતો નથી. તે કહેવા લાગ્યો – મેં તમારું રહસ્ય જાણી લીધું. તમારા ચરણકમળોની ધૂળ માટે સઘળા લોકો કહે છે કે તે મનુષ્ય બનાવી દેનારી કોઈ જડીબુટ્ટી છે – ॥ ૨॥

છુઅત સિલા ભઇ નારિ સુહાઈ। પાહન તેં ન કાઠ કઠિનાઈ ॥
તરનિઉ મુનિ ઘરિની હોઇ જાઈ। બાટ પરઇ મોરિ નાવ ઉડ઼ાઈ ॥ ૩॥

- કે જેનો સ્પર્શ થતાં જ પથ્થરની શિલા સુંદર સ્ત્રી બની ગઈ [મારી નાવ તો કાષ્ઠની છે]. લાકડું પથ્થરથી કઠોર તો નથી હોતું. મારી નાવ પણ મુનિની સ્ત્રી થઈ જશે અને એ રીતે મારી નાવ ઊડી જશે, હું લુંટાઈ જઈશ. [અથવા માર્ગ રોકાઈ જશે જેથી આપ પાર નહીં ઊતરી શકો અને મારી આજીવિકા મરી પરવારશે]. ॥ ૩॥

એહિં પ્રતિપાલઉઁ સબુ પરિવારૂ । નહિં જાનઉઁ કછુ અઉર કબારૂ ॥
જૌં પ્રભુ પાર અવસિ ગા ચહહૂ । મોહિ પદ પદુમ પખારન કહહૂ ॥ ૪॥

હું એ જ નાવથી આખાય પરિવારનું પાલન-પોષણ કરું છું. બીજો કોઈ ધંધો નથી જાણતો. હે પ્રભુ! જો તમે ખરેખર પાર ઊતરવા જ ઇચ્છતા હોવ તો મને પહેલા આપનાં ચરણકમળ પખારવા (ધોવા) માટે કહી દો. ॥ ૪॥

છં૦ – પદ કમલ ધોઈ ચઢ़ાઈ નાવ ન નાથ ઉતરાઈ ચહૌં ।
મોહિ રામ રાઉરિ આન દસરથ સપથ સબ સાચી કહૌં ॥
બરુ તીર મારહુઁ લખનુ પૈ જબ લગિ ન પાય પખારિહૌં ।
તબ લગિ ન તુલસીદાસ નાથ કૃપાલ પારુ ઉતારિહૌં ॥

હે નાથ! હું ચરણકમળ ધોઈને આપ લોકોને નાવ પર ચઢાવી દઈશ. હું આપની પાસેથી કોઈ ઉતરાઈ પણ નથી ઇચ્છતો. હે રામ! મને આપની આણ અને દશરથજીના સોગંદ છે, હું સઘળું સાચેસાચ કહું છું. લક્ષ્મણજી ભલે મને તીર મારે, પણ જ્યાં સુધી હું ચરણોને પખારી ન લઉં, ત્યાં સુધી હે તુલસીદાસના નાથ! હે કૃપાળુ! હું પાર નહિ ઉતારું. ॥ ૫॥

સો૦ – સુનિ કેવટ કે બૈન પ્રેમ લપેટે અટપટે ।
બિહસે કરુનાઐન ચિતઈ જાનકી લખન તન ॥ ૧૦૦॥

કેવટના સ્નેહમાં તરબોળ થયેલાં એવાં અટપટા વચન સાંભળીને કરુણાધામ શ્રીરામચન્દ્રજી જાનકીજી અને લક્ષ્મણજીની સામે જોઈને મલકાયાં. ॥ ૧૦૦॥

ચૌ૦ – કૃપાસિંધુ બોલે મુસુકાઈ । સોઇ કરુ જેહિં તવ નાવ ન જાઈ ॥
બેગિ આનુ જલ પાય પખારૂ । હોત બિલંબુ ઉતારહિ પારૂ ॥ ૧॥

કૃપાના સમુદ્ર શ્રીરામચન્દ્રજી કેવટ સામે મલકાઈને બોલ્યા – ભાઈ! તું એ જ કર, જેથી તારી નાવ જતી ન રહે. જલદી પાણી લાવ અને પગ ધોઈ લે, વાર થઈ રહી છે, પાર ઉતારી દે. ॥ ૧॥

જાસુ નામ સુમિરત એક બારા । ઉતરહિં નર ભવસિંધુ અપારા ॥
સોઇ કૃપાલુ કેવટહિ નિહોરા । જેહિં જગુ કિય તિહુ પગહુ તે થોરા ॥ ૨॥

એકવાર જેમનું નામ સ્મરણ કરતાં જ મનુષ્ય અગાધ ભવસાગરની પાર ઊતરી જાય છે અને જેમણે [વામનાવતારમાં] જગતને ત્રણ પગલાંથી પણ નાનું કરી નાખ્યું હતું (બે જ પગલામાં ત્રિલોકીને માપી લીધું હતું), એ જ કૃપાળુ શ્રીરામચન્દ્રજી [ગંગાજીથી પાર ઉતારવા માટે] કેવટને આજીજી કરી રહ્યા છે! ॥ ૨॥

પદ નખ નિરખિ દેવસરિ હરષી । સુનિ પ્રભુ બચન મોહઁ મતિ કરષી ॥
કેવટ રામ રજાયસુ પાવા । પાનિ કઠવતા ભરિ લેઈ આવા ॥ ૩॥

પ્રભુનાં આ વચનોને સાંભળીને ગંગાજીની બુદ્ધિ મોહમાં તણાઈ ગઈ હતી [કે આ સાક્ષાત્ ભગવાન થઈને પણ પાર ઉતારવા માટે કેવટને કેવી આજીજી કરી રહ્યા છે.] પરંતુ [સમીપ આવતાંની સાથે પોતાના ઉત્પત્તિસ્થાન] પદનખોને જોતાં જ [એમને ઓળખીને] દેવનદી ગંગાજી હરખાઈ ગયાં. (તે સમજી ગયાં કે ભગવાન નરલીલા કરી રહ્યા છે, એટલે એમનો મોહ નષ્ટ થઈ ગયો; તથા આ ચરણોનો સ્પર્શ પ્રાપ્ત કરીને હું ધન્ય થઈશ, આવું વિચારીને તે હર્ષિત થઈ ગઈ). કેવટ શ્રીરામચન્દ્રજીની આજ્ઞા મેળવી કથરોટમાં જળ ભરીને લઈ આવ્યો. ॥ ૩॥

અતિ આનંદ ઉમગિ અનુરાગા । ચરન સરોજ પખારન લાગા ॥
બરષિ સુમન સુર સકલ સિહાહીં । એહિ સમ પુન્યપુંજ કોઉ નાહીં ॥ ૪॥

અત્યંત આનંદ અને પ્રેમના ઉમંગ સાથે તે ભગવાનનાં ચરણકમળ પખારવા લાગ્યો. સર્વે દેવો ફૂલ વરસાવીને કહે છે; અરે! આવા કેવાં ભાગ્ય છે! આના જેવો પુણ્યનો ભંડાર કોઈ નથી. ॥ ૪॥

દો૦ – પદ પખારિ જલુ પાન કરિ આપુ સહિત પરિવાર ।
પિતર પારુ કરિ પ્રભુહિ પુનિ મુદિત ગયઉ લેઈ પાર ॥ ૧૦૧॥

ચરણોને ધોઈને અને આખાય પરિવારસહિત સ્વયં તે ચરણોદકનું પાન કરીને પહેલા [તે મહાન પુણ્ય દ્વારા] પોતાના પિતૃઓને ભવસાગર પાર કરાવ્યા, બાદ આનંદપૂર્વક પ્રભુ શ્રીરામચન્દ્રજીને ગંગાજી પાર લઈ ગયો. ॥ ૧૦૧॥

ચૌ૦ – ઉતરિ ઠાઢ઼ ભએ સુરસરિ રેતા । સીય રામુ ગુહ લખન સમેતા ॥
કેવટ ઉતરિ દંડવત કીન્હા । પ્રભુહિ સકુચ એહિ નહિં કછુ દીન્હા ॥ ૧॥

નિષાદરાજ ગુહ અને લક્ષ્મણજીસહિત શ્રીસીતાજી અને શ્રીરામચન્દ્રજી [નાવથી] ઊતરીને ગંગાજીની રેતીમાં જઈને ઊભા રહ્યાં. પછી કેવટે ઊતરીને દંડવત્ કર્યાં. [તેને દંડવત્ કરતો જોઈને] પ્રભુને સંકોચ થયો કે આને કશું આપ્યું નથી.] ॥ ૧॥

પિય હિય કી સિય જાનનિહારી । મનિ મુદરી મન મુદિત ઉતારી ॥
કહેઉ કૃપાલ લેહિ ઉતરાઈ । કેવટ ચરન ગહે અકુલાઈ ॥ ૨॥

પતિને હૃદયથી ઓળખનારાં સીતાજીએ આનંદભર્યા મનથી પોતાની રત્નજડીત વીંટી [આંગળીમાંથી] ઉતારી. કૃપાળુ શ્રીરામચન્દ્રજીએ કેવટને કહ્યુ, નાવની ઉતરાઈ લો. કેવટે વ્યાકુળ થઈ ચરણો પકડી લીધા. ॥ ૨॥

નાથ આજુ મૈં કાહ ન પાવા । મિટે દોષ દુખ દારિદ દાવા ॥
બહુત કાલ મૈં કીન્હિ મજૂરી । આજુ દીન્હ બિધિ બનિ ભલિ ભૂરી ॥ ૩॥

[એણે કહ્યું –] હે નાથ! આજે મેં શું નથી મેળવ્યું? મારા દોષ, દુઃખ અને દરિદ્રતાની આગ આજે બુઝાઈ ગઈ છે. મેં ઘણા સમય સુધી મજૂરી કરી. વિધાતાએ આજે ઘણી સરસ ભરપૂર મજૂરી આપી દીધી. ॥ ૩॥

અબ કછુ નાથ ન ચાહિઅ મોરેં। દીનદયાલ અનુગ્રહ તોરેં ॥
ફિરતી બાર મોહિ જો દેબા। સો પ્રસાદુ મૈં સિર ધરિ લેબા ॥ ૪॥

હે નાથ! હે દીનદયાળ! આપની કૃપાથી હવે મને કંઈ જોઈતું નથી. વળતી વેળાએ આપ જે કંઈ મને આપશો, તે પ્રસાદ હું સિરે ચઢાવી લઈશ. ॥ ૪॥

દો૦ – બહુત કીન્હ પ્રભુ લખન સિયઁ નહિં કછુ કેવટુ લેઈ।
બિદા કીન્હ કરુનાયતન ભગતિ બિમલ બરુ દેઈ ॥ ૧૦૨॥

પ્રભુ શ્રીરામજી, લક્ષ્મણજી અને સીતાજીએ ઘણો આગ્રહ [કે યત્ન] કર્યો, પણ કેવટ કંઈ જ લેતો નથી. પછી કરુણાના ધામ ભગવાન શ્રીરામચન્દ્રજીએ નિર્મળ ભક્તિનું વરદાન આપીને તેને વિદાય કર્યો. ॥ ૧૦૨॥

ચૌ૦ – તબ મજ્જનુ કરિ રઘુકુલનાથા। પૂજિ પારથિવ નાયઉ માથા ॥
સિયઁ સુરસરિહિ કહેઉ કર જોરી। માતુ મનોરથ પુરઉબિ મોરી ॥ ૧॥

પછી રઘુકુળના સ્વામી શ્રીરામચન્દ્રજીએ સ્નાન કરીને પાર્થિવપૂજા કરી અને શિવજીને શીશ નમાવ્યું. સીતાજીએ હાથ જોડીને ગંગાજીને કહ્યું – હે માતા! મારી મનોકામના પૂરી કરજો, ॥ ૧॥

પતિ દેવર સઁગ કુસલ બહોરી। આઈ કરૌં જેહિં પૂજા તોરી ॥
સુનિ સિય બિનય પ્રેમ રસ સાની। ભઈ તબ બિમલ બારિ બર બાની ॥ ૨॥

જેથી હું મારા પતિ અને દિયરની સાથે કુશળતાપૂર્વક પાછા ફરીને તમારી પૂજા ફરીથી કરું. સીતાજીની પ્રેમરસથી તરબોળ વિનંતી સાંભળીને ગંગાજીના નિર્મળ જળમાં શ્રેષ્ઠ વાણી થઈ – ॥ ૨॥

સુનુ રઘુબીર પ્રિયા બૈદેહી। તવ પ્રભાઉ જગ બિદિત ન કેહી ॥
લોકપ હોહિં બિલોકત તોરેં। તોહિ સેવહિં સબ સિધિ કર જોરેં ॥ ૩॥

હે રઘુવીરજીનાં પ્રિયતમા જાનકી! સાંભળો, તમારો પ્રભાવ જગતમાં કોને ખબર નથી? તમારા કૃપાકટાક્ષથી જ લોકો લોકપાલ થઈ જાય છે. સર્વે સિદ્ધિઓ હાથ જોડીને તમારી સેવા કરે છે. ॥ ૩॥

તુમ્હ જો હમહિ બડ઼િ બિનય સુનાઈ। કૃપા કીન્હિ મોહિ દીન્હિ બડ઼ાઈ ॥
તદપિ દેબિ મૈં દેબિ અસીસા। સફલ હોન હિત નિજ બાગીસા ॥ ૪॥

તમે મને મોટી વિનંતી સંભળાવી, આ તો મારા પર કૃપા કરી અને મને મહત્તા આપી છે. તો પણ હે દેવી! હું પોતાની વાણી સફળ કરવા માટે તમને આશીર્વાદ આપી રહી છું કે – ॥ ૪॥

દો૦ – પ્રાનનાથ દેવર સહિત કુસલ કોસલા આઈ।
પૂજિહિ સબ મનકામના સુજસુ રહિહિ જગ છાઈ ॥ ૧૦૩॥

તમે પોતાના પ્રાણનાથ અને દિયરસહિત કુશળપૂર્વક અયોધ્યા પાછા ફરશો. તમારી બધી મનોકામનાઓ પૂર્ણ થશે અને તમારો સુંદર યશ જગતભરમાં છવાઈ જશે. ॥ ૧૦૩॥

ચૌ૦ – ગંગ બચન સુનિ મંગલ મૂલા। મુદિત સીય સુરસરિ અનુકૂલા॥
તબ પ્રભુ ગુહહિ કહેઉ ઘર જાહૂ। સુનત સૂખ મુખુ ભા ઉર દાહૂ॥૧॥

મંગળના મૂળ ગંગાજીનાં વચન સાંભળીને અને દેવનદીને અનુકૂળ જોઈને સીતાજી આનંદિત થયાં. ત્યારે પ્રભુ શ્રીરામચન્દ્રજીએ નિષાદરાજ ગુહને કહ્યું કે ભાઈ! હવે તમે ઘેર જાઓ! આ સાંભળતાં જ એનું મોં સૂકાઈ ગયું અને હૃદયમાં દાહ ઉત્પન્ન થઈ ગયો. ॥૧॥

દીન બચન ગુહ કહ કર જોરી। બિનય સુનહુ રઘુકુલમનિ મોરી॥
નાથ સાથ રહિ પંથુ દેખાઈ। કરિ દિન ચારિ ચરન સેવકાઈ॥૨॥

ગુહ હાથ જોડીને દીન વચન બોલ્યો – હે રઘુકુળશિરોમણિ! મારી વિનંતી સાંભળો – હું નાથ(આપ)ની સાથે રહીને, માર્ગ દેખાડીને, ચાર દિવસ પ્રભુના ચરણોની સેવા કરીને – ॥૨॥

જેહિં બન જાઇ રહબ રઘુરાઈ। પરનકુટી મૈં કરબિ સુહાઈ॥
તબ મોહિ કહઁ જસિ દેબ રજાઈ। સોઇ કરિહઉઁ રઘુબીર દોહાઈ॥૩॥

હે રઘુરાજ! જે વનમાં આપ જઈને રહેશો, ત્યાં હું સુંદર પર્ણકુટી બનાવી આપીશ ઓછામાં ઓછું ત્યાં સુધી મને રહેવાની આજ્ઞા આપશો, મને રઘુવીર(આપ)ની આણ છે, હું ત્યાર પછી આપ કહેશો એવું જ કરીશ. ॥૩॥

સહજ સનેહ રામ લખિ તાસૂ। સંગ લીન્હ ગુહ હૃદયઁ હુલાસૂ॥
પુનિ ગુહઁ ગ્યાતિ બોલિ સબ લીન્હે। કરિ પરિતોષુ બિદા તબ કીન્હે॥૪॥

તેના સહજ સ્વાભાવિક પ્રેમ જોઈને પ્રભુ શ્રીરામજીએ તેને સાથે લઈ લીધો, આથી ગુહના હૃદયમાં ઘણો આનંદ થયો. પછી નિષાદરાજ ગુહે પોતાની જાતિના લોકોને સંબોધિત કર્યા અને એમને સંતોષ કરાવીને વિદાય કર્યા. ॥૪॥

દો૦ – તબ ગનપતિ સિવ સુમિરિ પ્રભુ નાઇ સુરસરિહિ માથ।
સખા અનુજ સિય સહિત બન ગવનુ કીન્હ રઘુનાથ॥૧૦૪॥

પછી પ્રભુ શ્રીરઘુનાથજી ગણેશજી અને શિવજીનું સ્મરણ કરીને તથા ગંગાજીને શીશ નમાવીને સખા નિષાદરાજ, નાના ભાઈ લક્ષ્મણજી અને સીતાજી સહિત વનમાં ચાલ્યા. ॥૧૦૪॥

ચૌ૦ – તેહિ દિન ભયઉ બિટપ તર બાસૂ। લખન સખાઁ સબ કીન્હ સુપાસૂ॥
પ્રાત પ્રાતકૃત કરિ રઘુરાઈ। તીરથરાજુ દીખ પ્રભુ જાઈ॥૧॥

તે દિવસે વૃક્ષની નીચે નિવાસ થયો. લક્ષ્મણજી અને સખા ગુહે વિશ્રામની સર્વે સુવ્યવસ્થા કરી દીધી. પ્રભુ શ્રીરામચન્દ્રજીએ સવારે પ્રાતઃકાળની સર્વે ક્રિયાઓ કરીને પછી તીર્થરાજ પ્રયાગનાં દર્શન કર્યાં. ॥૧॥

સચિવ સત્ય શ્રદ્ધા પ્રિય નારી। માધવ સરિસ મીતુ હિતકારી॥
ચારિ પદારથ ભરા ભઁડારૂ। પુન્ય પ્રદેસ દેસ અતિ ચારૂ॥૨॥

તે તીર્થરાજ પ્રયાગનો સત્ય મન્ત્રી છે, શ્રદ્ધા પ્રિય સ્ત્રી છે અને શ્રીવેણુમાધવજી જેવા હિતકારી મિત્ર છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એવો ચતુર્વિધ પુરુષાર્થથી ભરેલો ભંડાર છે અને તે પુણ્યમય પાવન પ્રાંત જ તે રાજાનો સુંદર દેશ છે. ॥ ૨॥

છેત્રુ અગમ ગઢુ ગાઢ઼ સુહાવા । સપનેહુઁ નહિં પ્રતિપચ્છિન્હ પાવા ॥
સેન સકલ તીરથ બર બીરા । કલુષ અનીક દલન રનધીરા ॥ ૩॥

પ્રયાગ ક્ષેત્ર જ દુર્ગમ, મજબૂત અને સુંદર ગઢ છે, જેને સ્વપ્નમાં પણ [પાપરૂપી] શત્રુ નથી પામી શકતા. સંપૂર્ણ તીર્થ જ તેના શ્રેષ્ઠ વીર સૈનિક છે, જે પાપની સેનાને કચડી નાખનારા અને મોટા રણધીર છે. ॥ ૩॥

સંગમુ સિંહાસનુ સુઠિ સોહા । છત્રુ અખયબટુ મુનિ મનુ મોહા ॥
ચવઁર જમુન અરુ ગંગ તરંગા । દેખિ હોહિં દુખ દારિદ ભંગા ॥ ૪॥

ગંગા, યમુના અને સરસ્વતીનો સંગમ જ એનું અત્યંત સુશોભિત સિંહાસન છે. અક્ષયવટ છત્ર છે, જે મુનિઓના મનને પણ મોહિત કરી લે છે. યમુનાજી અને ગંગાજીની તરંગો તેની શ્યામ અને શ્વેત ચામરો છે, જેને જોઈને જ દુઃખ અને દરિદ્રતા નષ્ટ થઈ જાય છે. ॥ ૪॥

દો૦ – સેવહિં સુકૃતી સાધુ સુચિ પાવહિં સબ મનકામ ।
બંદી બેદ પુરાન ગન કહહિં બિમલ ગુન ગ્રામ ॥ ૧૦૫॥

પુણ્યાત્મા, પવિત્ર સાધુ એની સેવા કરે છે અને સર્વે મનોરથોને પામે છે. વેદ અને પુરાણોના સમૂહ ભાટ છે, જે એના નિર્મળ ગુણસમૂહોનાં વખાણ કરે છે. ॥ ૧૦૫॥

ચૌ૦ – કો કહિ સકઇ પ્રયાગ પ્રભાઊ । કલુષ પુંજ કુંજર મૃગરાઊ ॥
અસ તીરથપતિ દેખિ સુહાવા । સુખ સાગર રઘુબર સુખુ પાવા ॥ ૧॥

પાપોના સમૂહરૂપી હાથીને મારવા માટે સિંહરૂપ પ્રયાગરાજનો ભારે પ્રભાવ છે, તેને કોણ કહી શકે છે! આવા સોહામણા તીર્થરાજનું દર્શન કરીને સુખના સમુદ્ર રઘુકુળશ્રેષ્ઠ શ્રીરામજીને ઘણો આનંદ થયો. ॥ ૧॥

કહિ સિય લખનહિ સખહિ સુનાઈ । શ્રીમુખ તીરથરાજ બડ઼ાઈ ॥
કરિ પ્રનામુ દેખત બન બાગા । કહત મહાતમ અતિ અનુરાગા ॥ ૨॥

તેમણે પોતાના શ્રીમુખથી સીતાજી, લક્ષ્મણજી અને સખા ગુહને તીર્થરાજનો મહિમા કહી સંભળાવ્યો. તત્પશ્ચાત્ પ્રણામ કરતાં, વન અને બગીચાને જોતાં અને ઘણાં પ્રેમથી માહાત્મ્ય કહેતાં—॥ ૨॥

એહિ બિધિ આઇ બિલોકી બેની । સુમિરત સકલ સુમંગલ દેની ॥
મુદિત નહાઇ કીન્હિ સિવ સેવા । પૂજિ જથાબિધિ તીરથ દેવા ॥ ૩॥

શ્રીરામે આવીને ત્રિવેણીનું દર્શન કર્યું, જે સ્મરણ કરતાં જ સર્વે સુંદર મંગળોને આપનારી છે. પછી આનંદપૂર્વક ત્રિવેણીમાં સ્નાન કરીને શિવજીની સેવા-પૂજા કરી અને વિધિપૂર્વક તીર્થદેવતાઓનું પૂજન કર્યું. ॥ ૩॥

તબ પ્રભુ ભરદ્વાજ પહિં આએ । કરત દંડવત મુનિ ઉર લાએ ॥
મુનિ મન મોદ ન કછુ કહિ જાઈ । બ્રહ્માનંદ રાસિ જનુ પાઈ ॥ ૪॥

સ્નાન, પૂજન આદિ સર્વે કરીને પછી પ્રભુ શ્રીરામજી ભરદ્વાજજી પાસે આવ્યા. તેમને દંડવત્ કરતાં જ મુનિએ હૃદયથી ચાંપી દીધા. મુનિના મનનો આનંદ કંઈ કહી શકાતો નથી. જાણે બ્રહ્માનંદનો ભંડાર મળી ગયો હોય. ॥ ૪॥

દો૦ – દીન્હિ અસીસ મુનીસ ઉર અતિ અનંદુ અસ જાનિ ।
લોચન ગોચર સુકૃત ફલ મનહુઁ કિએ બિધિ આનિ ॥ ૧૦૬॥

મુનીશ્વર ભરદ્વાજજીએ આશીર્વાદ આપ્યો. તેમના હૃદયમાં એમ જાણીને અત્યંત આનંદ થયો કે આજે વિધાતાએ [શ્રીસીતાજી અને લક્ષ્મણજીસહિત પ્રભુ શ્રીરામચન્દ્રજીનાં દર્શન કરાવી] જાણે અમારાં સંપૂર્ણ પુણ્યોનાં ફળ લાવીને આંખોની સામે ધરી દીધાં. ॥ ૧૦૬॥

ચૌ૦ – કુસલ પ્રસ્ન કરિ આસન દીન્હે । પૂજિ પ્રેમ પરિપૂરન કીન્હે ॥
કંદ મૂલ ફલ અંકુર નીકે । દિએ આનિ મુનિ મનહુઁ અમી કે ॥ ૧॥

કુશળ પૂછીને મુનિરાજે તેમને આસન આપ્યાં અને પ્રેમસહિત પૂજન કરીને સંતુષ્ટ કર્યા. પછી જાણે અમૃતના જ બન્યા હોય, એવા સારાં-સારાં કંદ, મૂળ, ફળ અને અંકુર લાવીને આપ્યાં. ॥ ૧॥

સીય લખન જન સહિત સુહાએ । અતિ રુચિ રામ મૂલ ફલ ખાએ ॥
ભએ બિગતશ્રમ રામુ સુખારે । ભરદ્વાજ મૃદુ બચન ઉચારે ॥ ૨॥

સીતાજી, લક્ષ્મણજી અને સેવક ગુહસહિત શ્રીરામચન્દ્રજીએ તે સુંદર મૂળ-ફળોને ઘણી રુચિ સાથે આરોગ્યાં. થાક દૂર થવાથી શ્રીરામચન્દ્રજી સુખી થઈ ગયા. પછી ભરદ્વાજજીએ તેમને કોમળ વચન કહી સંભળાવ્યાં – ॥ ૨॥

આજુ સુફલ તપુ તીરથ ત્યાગૂ । આજુ સુફલ જપ જોગ બિરાગૂ ॥
સફલ સકલ સુભ સાધન સાજૂ । રામ તુમ્હહિ અવલોકત આજૂ ॥ ૩॥

શ્રીરામ! આપનું દર્શન કરતાં જ આજે મારું તપ, તીર્થસેવન અને ત્યાગ સફળ થઈ ગયાં. આજે મારા જપ, યોગ અને વૈરાગ્ય સફળ થઈ ગયા અને આજે મારા સંપૂર્ણ શુભ સાધનોનો સમુદાય પણ સફળ થઈ ગયો. ॥ ૩॥

લાભ અવધિ સુખ અવધિ ન દૂજી । તુમ્હરેં દરસ આસ સબ પૂજી ॥
અબ કરિ કૃપા દેહુ બર એહૂ । નિજ પદ સરસિજ સહજ સનેહૂ ॥ ૪॥

લાભની સીમા અને સુખની સીમા [પ્રભુનાં દર્શન સિવાય] બીજી કંઈ પણ નથી. આપનાં દર્શનથી મારી સર્વે આશાઓ પૂર્ણ થઈ ગઈ. હવે કૃપા કરીને એ વરદાન આપો કે આપનાં ચરણકમળોમાં મારો સ્વાભાવિક પ્રેમ રહે. ॥ ૪॥

દો૦ – કરમ બચન મન છાડ઼િ છલુ જબ લગિ જનુ ન તુમ્હાર ।
તબ લગિ સુખુ સપનેહુઁ નહીં કિએઁ કોટિ ઉપચાર ॥ ૧૦૭॥

જ્યાં સુધી કર્મ, વચન અને મનથી પ્રપંચ છોડીને મનુષ્ય આપનો દાસ નથી થઈ જતો, ત્યાં સુધી કરોડો ઉપાય કરવાથીય સ્વપ્નમાં પણ તે સુખ નથી પામતો. ॥ ૧૦૭॥

ચૌ૦ – સુનિ મુનિ બચન રામુ સકુચાને । ભાવ ભગતિ આનંદ અઘાને ॥
તબ રઘુબર મુનિ સુજસુ સુહાવા । કોટિ ભાઁતિ કહિ સબહિ સુનાવા ॥ ૧॥

મુનિનાં વચન સાંભળીને, તેમની ભાવ-ભક્તિના કારણે આનંદથી તૃપ્ત થયેલા ભગવાન શ્રીરામચન્દ્રજી [લીલાની દૃષ્ટિએ] સંકોચાઈ ગયા. પછી [પોતાના ઐશ્વર્યને છુપાવતાં] શ્રીરામચન્દ્રજીએ ભરદ્વાજ મુનિનો સુંદર સુયશ કરોડો (અનેક) પ્રકારે સૌને કહી સંભળાવ્યો. ॥ ૧॥

સો બડ઼ સો સબ ગુન ગન ગેહૂ । જેહિ મુનીસ તુમ્હ આદર દેહૂ ॥
મુનિ રઘુબીર પરસપર નવહીં । બચન અગોચર સુખુ અનુભવહીં ॥ ૨॥

[રામજીએ કહ્યું –] હે મુનીશ્વર! જેને આપ આદર આપો, એ જ મોટો છે અને એ જ સર્વે ગુણસમૂહનું ધામ છે. આ રીતે શ્રીરામજી અને ભરદ્વાજજી બંને પરસ્પર એક બીજાને નમી રહ્યા છે અને અનિર્વચનીય આનંદનો અનુભવ કરી રહ્યા છે. ॥ ૨॥

યહ સુધિ પાઈ પ્રયાગ નિવાસી । બટુ તાપસ મુનિ સિદ્ધ ઉદાસી ॥
ભરદ્વાજ આશ્રમ સબ આએ । દેખન દસરથ સુઅન સુહાએ ॥ ૩॥

આ (શ્રીરામ, લક્ષ્મણ અને સીતાજીના આગમનની) ખબર પામીને પ્રયાગનિવાસી બ્રહ્મચારી, તપસ્વી, મુનિ, સિદ્ધ અને વિરક્ત સર્વે શ્રીદશરથજીના સુંદર પુત્રોને જોવા માટે ભરદ્વાજજીના આશ્રમે આવ્યા. ॥ ૩॥

રામ પ્રનામ કીન્હ સબ કાહૂ । મુદિત ભએ લહિ લોયન લાહૂ ॥
દેહિં અસીસ પરમ સુખુ પાઈ । ફિરે સરાહત સુંદરતાઈ ॥ ૪॥

શ્રીરામચન્દ્રજીએ દરેકને પ્રણામ કર્યા. નેત્રોનો લાભ પામીને બધા આનંદિત થઈ ગયા અને પરમ સુખ પામીને આશીર્વાદ આપવા લાગ્યા. શ્રીરામજીના સૌંદર્યની પ્રશંસા કરતાં કરતાં તેઓ પાછા ફર્યા. ॥ ૪॥

દો૦ – રામ કીન્હ બિશ્રામ નિસિ પ્રાત પ્રયાગ નહાઈ ।
ચલે સહિત સિય લખન જન મુદિત મુનિહિ સિરુ નાઈ ॥ ૧૦૮॥

શ્રીરામજીએ રાત્રે ત્યાં જ વિશ્રામ કર્યો અને પ્રાતઃકાળે પ્રયાગરાજનું સ્નાન કરીને શ્રીસીતાજી, લક્ષ્મણજી અને સેવક ગુહની સાથે ભરદ્વાજ આશ્રમ તરફ ચાલ્યા અને મુનિને શીશ નમાવીને હરખાયા. ॥ ૧૦૮॥

ચૌ૦ – રામ સપ્રેમ કહેઉ મુનિ પાહીં। નાથ કહિઅ હમ કેહિ મગ જાહીં ॥
મુનિ મન બિહસિ રામ સન કહહીં। સુગમ સકલ મગ તુમ્હ કહુઁ અહહીં ॥ ૧॥

ચાલતી વખતે ઘણા પ્રેમથી શ્રીરામજીએ મુનિને કહ્યું – હે નાથ! બતાવો કે અમે કયા માર્ગે જઈએ? મુનિ મનમાં હસીને શ્રીરામજીને કહે છે કે આપના માટે સર્વે માર્ગો સુગમ છે. ॥ ૧॥

સાથ લાગિ મુનિ સિષ્ય બોલાએ। સુનિ મન મુદિત પચાસક આએ ॥
સબન્હિ રામ પર પ્રેમ અપારા। સકલ કહહિં મગુ દીખ હમારા ॥ ૨॥

પછી તેમના સંગાથ માટે ભરદ્વાજ મુનિએ શિષ્યોને બોલાવ્યા. સાથે જવાની વાત સાંભળતાં જ ચિત્તથી હરખાઈને લગભગ પચાસેક શિષ્યો આવી ગયા. બધાનો શ્રીરામજી પર અપાર પ્રેમ છે. બધા જ કહે છે કે માર્ગ અમારો જોયેલો છે. ॥ ૨॥

મુનિ બટુ ચારિ સંગ તબ દીન્હે। જિન્હ બહુ જનમ સુકૃત સબ કીન્હે ॥
કરિ પ્રનામુ રિષિ આયસુ પાઈ। પ્રમુદિત હૃદયઁ ચલે રઘુરાઈ ॥ ૩॥

પછી મુનિએ ચાર બ્રહ્મચારીઓને સાથે કરી દીધા, જેમણે ઘણા જન્મો સુધી બધાં સુકૃત (પુણ્ય) કર્યાં હતાં. શ્રીરઘુનાથજી પ્રણામ કરીને અને ઋષિની આજ્ઞા પામીને હૃદયમાં ઘણા જ આનંદિત થઈને ચાલ્યા. ॥ ૩॥

ગ્રામ નિકટ જબ નિકસહિં જાઈ। દેખહિં દરસુ નારિ નર ધાઈ ॥
હોહિં સનાથ જનમ ફલુ પાઈ। ફિરહિં દુખિત મનુ સંગ પઠાઈ ॥ ૪॥

જ્યારે તેઓ કોઈ ગામની પાસે થઈને નીકળે છે ત્યારે સ્ત્રી-પુરુષ દોડીને તેમના રૂપને જોવા લાગે છે. જન્મનું ફળ પામીને તેઓ સનાથ થઈ જાય છે અને મનને નાથ સાથે મોકલીને દુઃખી થઈને પાછા ફરી જાય છે. એટલે કે ચિત્તમાં તો શ્રીરામજીની છબી અંકિત થઈ ગઈ પણ દેહથી પરાણે પાછા ફરવું પડે છે. ॥ ૪॥

દો૦ – બિદા કિએ બટુ બિનય કરિ ફિરે પાઇ મન કામ।
ઉતરિ નહાએ જમુન જલ જો સરીર સમ સ્યામ ॥ ૧૦૯॥

તત્પશ્ચાત્ શ્રીરામજીએ વિનંતી કરીને ચારેય બ્રહ્મચારીઓને વિદાય કર્યા. તે મનવાંછિત વસ્તુ (અનન્ય ભક્તિ) પામીને પાછા ફર્યા. યમુનાજીની પાર ઊતરીને સર્વેએ યમુનાજીના જળમાં સ્નાન કર્યું, જે શ્રીરામચન્દ્રજીના શરીર જેવું જ શ્યામ રંગનું હતું. ॥ ૧૦૯॥

ચૌ૦ – સુનત તીરબાસી નર નારી। ધાએ નિજ નિજ કાજ બિસારી ॥
લખન રામ સિય સુંદરતાઈ। દેખિ કરહિં નિજ ભાગ્ય બડ઼ાઈ ॥ ૧॥

યમુનાજીના કિનારે રહેનારાં સ્ત્રી-પુરુષ [આ સાંભળીને કે નિષાદની સાથે બે પરમ સુંદર સુકુમાર નવયુવક અને એક પરમ સુંદરી સ્ત્રી આવી રહ્યાં છે] સર્વે પોતપોતાનાં કામ ભૂલીને દોડ્યાં અને લક્ષ્મણજી, શ્રીરામજી અને સીતાજીના સૌંદર્યને જોઈને પોતાના ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યાં. ॥ ૧॥

અતિ લાલસા બસહિં મન માહીં। નાઉઁ ગાઉઁ બૂઝત સકુચાહીં॥
જે તિન્હ મહુઁ બયબિરિધ સયાને। તિન્હ કરિ જુગુતિ રામુ પહિચાને॥ ૨॥

તેમના મનમાં પરિચય જાણવાની ઘણી જ લાલસાઓ ભરી છે. છતાંય તેઓ નામ-ગામ પૂછતાં સંકોચાય છે. તે લોકોમાં જે વયોવૃદ્ધ અને બુદ્ધિશાળી હતા; તેમણે યુક્તિથી શ્રીરામચન્દ્રજીને ઓળખી લીધા. ॥ ૨॥

સકલ કથા તિન્હ સબહિ સુનાઈ। બનહિ ચલે પિતુ આયસુ પાઈ॥
સુનિ સબિષાદ સકલ પછિતાહીં। રાની રાયઁ કીન્હ ભલ નાહીં॥ ૩॥

તેમણે સર્વે કથા બધા લોકોને સંભળાવી કે પિતાની આજ્ઞા પામીને તે વનમાં ચાલ્યા છે. આ સાંભળીને બધા લોકો દુઃખી થઈ પછતાઈ રહ્યા છે કે રાણી અને રાજાએ ઠીક નથી કર્યું. ॥ ૩॥

તેહિ અવસર એક તાપસુ આવા। તેજ પુંજ લઘુબયસ સુહાવા॥
કબિ અલખિત ગતિ બેષુ બિરાગી। મન ક્રમ બચન રામ અનુરાગી॥ ૪॥

તે અવસર ઉપર ત્યાં એક તપસ્વી આવ્યો, જે તેજનો પુંજ, નાની વયનો અને સુંદર હતો. તેની ગતિ કવિ નથી જાણતા [અથવા તે કવિ હતો જે પોતાનો પરિચય આપવા ઇચ્છતો ન હતો]. તે વૈરાગીના વેશમાં હતો અને મન, વચન તથા કર્મથી શ્રીરામચન્દ્રજીનો પ્રેમી હતો. ॥ ૪॥

[આ તેજપુંજ તાપસના પ્રસંગને કેટલાક ટીકાકાર ક્ષેપક માને છે અને કેટલાક લોકોને જણાય છે કે આ અપ્રાસંગિક અને પાછળથી જોડાયો હોય; એવું લાગે છે. પરંતુ આ બધી જ પ્રાચીન પ્રતિઓમાં છે. તુલસીદાસજી અલૌકિક અનુભવી પુરુષ હતા. ખબર નથી કે આ પ્રસંગને અહીં રાખવાનું રહસ્ય શું છે, પરંતુ તે ક્ષેપક તો નથી જ. આ તાપસને જ્યારે 'કબિ અલખિત ગતિ' કહે છે, તો પછી નિશ્ચયપૂર્વક કોણ શું કહી શકે છે? અમારી સમઝણ પ્રમાણે તે તાપસ કાં તો શ્રીહનુમાનજી છે કે ધ્યાનસ્થ તુલસીદાસજી!]

દો૦ – સજલ નયન તન પુલકિ નિજ ઇષ્ટદેઉ પહિચાનિ।
પરેઉ દંડ જિમિ ધરનિતલ દસા ન જાઇ બખાનિ॥ ૧૧૦॥

પોતાના ઇષ્ટદેવને ઓળખીને એનાં નેત્રોમાં જળ ભરાઈ આવ્યું અને શરીર પુલકિત થઈ ગયું. તે દંડની જેમ પૃથ્વી પર ઢળી પડ્યો, એની [પ્રેમવિહ્વળ] દશાનું વર્ણન કરી નથી શકાતું. ॥ ૧૧૦॥

ચૌ૦ – રામ સપ્રેમ પુલકિ ઉર લાવા। પરમ રંક જનુ પારસુ પાવા॥
મનહુઁ પ્રેમુ પરમારથુ દોઊ। મિલત ધરેં તન કહ સબુ કોઊ॥ ૧॥

શ્રીરામજીએ પ્રેમપૂર્વક પુલકિત થઈને એને હૃદયે ચાંપી લીધો. જેથી તાપસને એટલો આનંદ થયો જાણે કોઈ મહાદરિદ્રી મનુષ્ય પારસ પામી ગયો હોય. સર્વે કોઈ [જોનારા] કહેવા લાગ્યા કે જાણે પ્રેમ અને પરમાર્થ (પરમ તત્ત્વ) બંને શરીર ધારણ કરીને મળી રહ્યા છે. ॥ ૧॥

બહુરિ લખન પાયન્હ સોઈ લાગા। લીન્હ ઉઠાઈ ઉમગિ અનુરાગા॥
પુનિ સિય ચરન ધૂરિ ધરિ સીસા। જનનિ જાનિ સિસુ દીન્હિ અસીસા॥ ૨॥

પછી તે લક્ષ્મણજીના ચરણે નમ્યો. લક્ષ્મણજીએ પ્રેમ અને ઉમંગથી તેને આલિંગન આપ્યું. પછી તે તાપસે સીતાજીની ચરણરજને પોતાના સિરે ધારણ કરી. માતા સીતાજીએ પણ એને પોતાનો નાનો બાળ જાણીને આશીર્વાદ આપ્યા. ॥ ૨॥

કીન્હ નિષાદ દંડવત તેહી। મિલેઉ મુદિત લખિ રામ સનેહી॥
પિઅત નયન પુટ રૂપુ પિયૂષા। મુદિત સુઅસનુ પાઇ જિમિ ભૂખા॥ ૩॥

પછી નિષાદરાજે તે તાપસને દંડવત્ કર્યાં. શ્રીરામચન્દ્રજીનો પ્રેમી જાણીને તે નિષાદરાજને આનંદિત થઈ ભેટ્યો. તે તપસ્વી પોતાના નેત્રરૂપી પડિયાઓથી શ્રીરામજીની સૌન્દર્યસુધાનું પાન કરવા લાગ્યો અને એવો આનંદિત થયો કે જેમ કોઈ ભૂખ્યો માણસ સુંદર ભોજન પામીને આનંદિત થાય છે. ॥ ૩॥

તે પિતુ માતુ કહહુ સખિ કૈસે। જિન્હ પઠએ બન બાલક ઐસે॥
રામ લખન સિય રૂપુ નિહારી। હોહિં સનેહ બિકલ નર નારી॥ ૪॥

[આ બાજુ ગામની સ્ત્રીઓ કહી રહી છે –] હે સખી! કહો તો, એ માતાપિતા કેવાં છે જેમણે આવા (સુંદર સુકુમાર) બાળકોને વનમાં મોકલી દીધાં છે? શ્રીરામજી, લક્ષ્મણજી અને સીતાજીના રૂપને જોઈને બધાં સ્ત્રી-પુરુષો સ્નેહથી વ્યાકુળ થઈ જાય છે. ॥ ૪॥

દો૦ – તબ રઘુબીર અનેક બિધિ સખહિ સિખાવનુ દીન્હ।
રામ રજાયસુ સીસ ધરિ ભવન ગવનુ તેઇઁ કીન્હ॥ ૧૧૧॥

પછી શ્રીરામચન્દ્રજીએ સખા ગુહને અનેક રીતે [ઘેર પાછા ફરવા માટે] સમજાવ્યો. શ્રીરામચન્દ્રજીની આજ્ઞાને સિરે ચઢાવી તેણે પોતાના ઘરે જવા પ્રયાણ કર્યું. ॥ ૧૧૧॥

ચૌ૦ – પુનિ સિયઁ રામ લખન કર જોરી। જમુનહિ કીન્હ પ્રનામુ બહોરી॥
ચલે સસીય મુદિત દોઉ ભાઈ। રબિતનુજા કઇ કરત બડ़ાઈ॥ ૧॥

પછી સીતાજી, શ્રીરામજી અને લક્ષ્મણજીએ હાથ જોડીને યમુનાજીને પુનઃ પ્રણામ કર્યાં અને સૂર્યકન્યા યમુનાજીનો મહિમા કહેતાં કહેતાં સીતાજીસહિત બંને ભાઈ પ્રસન્નતાપૂર્વક આગળ ચાલ્યા. ॥ ૧॥

પથિક અનેક મિલહિં મગ જાતા। કહહિં સપ્રેમ દેખિ દોઉ ભ્રાતા॥
રાજ લખન સબ અંગ તુમ્હારેં। દેખિ સોચુ અતિ હૃદય હમારેં॥ ૨॥

રસ્તામાં અનેક યાત્રી મળે છે. તેઓ બંને ભાઈઓને જોઈને એમને પ્રેમપૂર્વક કહે છે કે તમારા સર્વે અંગોમાં રાજચિહ્ન જોઈને અમારા હૃદયમાં ઘણું દુઃખ થાય છે કે – ॥ ૨॥

મારગ ચલહુ પયાદેહિ પાએઁ। જ્યોતિષુ ઝૂઠ હમારેં ભાએઁ॥
અગમુ પંથુ ગિરિ કાનન ભારી। તેહિ મહઁ સાથ નારિ સુકુમારી॥ ૩॥

આવાં રાજચિહ્નો હોવા છતાંય તમે લોકો માર્ગમાં પગપાળા જઈ રહ્યા છો, એથી અમારી સમઝણમાં એમ જણાય છે કે જ્યોતિષ-શાસ્ત્ર જૂઠું છે. ગાઢ જંગલ અને મોટા-મોટા પર્વતોનો દુર્ગમ માર્ગ છે. વધારામાં તમારી સાથે સુકુમારી સ્ત્રી છે. ॥ ૩॥

કરિ કેહરિ બન જાઇ ન જોઈ । હમ સઁગ ચલહિં જો આયસુ હોઈ ॥
જાબ જહાઁ લગિ તહઁ પહુઁચાઈ । ફિરબ બહોરિ તુમ્હહિ સિરુ નાઈ ॥ ૪॥

હાથી અને સિંહોથી ભરેલ આ ભયાનક વન જોઈ શકાતું નથી. જો આજ્ઞા હોય તો અમે સાથે ચાલીએ. આપ જ્યાં સુધી જશો, ત્યાં સુધી પહોંચાડીને, પછી આપને પ્રણામ કરીને અમે પાછા ફરી જઈશું. ॥ ૪॥

દો૦ – એહિ બિધિ પૂઁછહિં પ્રેમ બસ પુલક ગાત જલુ નૈન ।
કૃપાસિંધુ ફેરહિં તિન્હહિ કહિ બિનીત મૃદુ બૈન ॥ ૧૧૨॥

આ રીતે તે યાત્રીઓ પ્રેમવશ પુલકિત શરીરે અને નેત્રોમાં [પ્રેમાશ્રુઓનું] જળ ભરીને પૂછે છે. પરંતુ કૃપાના સમુદ્ર શ્રીરામચન્દ્રજી કોમળ વિનયયુક્ત વચન કહીને તેમને વળાવી દે છે. ॥ ૧૧૨॥

ચૌ૦ – જે પુર ગાઁવ બસહિં મગ માહીં । તિન્હહિ નાગ સુર નગર સિહાહીં ॥
કેહિ સુકૃતીં કેહિ ઘરીં બસાએ । ધન્ય પુન્યમય પરમ સુહાએ ॥ ૧॥

જે ગામ અને પુરો (નગરો) માર્ગમાં વસ્યાં છે, તેમને જોઈને નાગ અને દેવોનાં નગરો પ્રશંસાપૂર્વક ઈર્ષ્યા કરતાં અને લલચાતાં કહે છે કે કોઈ પુણ્યવાને કઈ શુભ ઘડીમાં આમને વસાવ્યાં હતાં, જેથી આજે એ આટલા ધન્ય અને પુણ્યમય તથા પરમ સુંદર થઈ રહ્યાં છે. ॥ ૧॥

જહઁ જહઁ રામ ચરન ચલિ જાહીં । તિન્હ સમાન અમરાવતિ નાહીં ॥
પુન્યપુંજ મગ નિકટ નિવાસી । તિન્હહિ સરાહહિં સુરપુરબાસી ॥ ૨॥

જ્યાં જ્યાં શ્રીરામચન્દ્રજીના ચરણ પડે છે, તેના સમાન ઈન્દ્રની પુરી અમરાવતી પણ નથી. રસ્તાની સમીપ વસનારાં પણ મોટા પુણ્યાત્મા છે – સ્વર્ગમાં રહેનારા દેવો પણ એમની પ્રશંસા કરે છે – ॥ ૨॥

જે ભરિ નયન બિલોકહિં રામહિ । સીતા લખન સહિત ઘનસ્યામહિ ॥
જે સર સરિત રામ અવગાહહિં । તિન્હહિ દેવ સર સરિત સરાહહિં ॥ ૩॥

જે નેત્રો ભરીને સીતાજી અને લક્ષ્મણજીસહિત ઘનશ્યામ શ્રીરામજીનાં દર્શન કરે છે; જે તળાવ અને નદીઓમાં શ્રીરામજી સ્નાન કરી લે છે, દેવસરોવર અને દેવનદીઓ પણ એમની પ્રશંસા કરે છે. ॥ ૩॥

જેહિ તરુ તર પ્રભુ બૈઠહિં જાઈ । કરહિં કલપતરુ તાસુ બડ઼ાઈ ॥
પરસિ રામ પદ પદુમ પરાગા । માનતિ ભૂમિ ભૂરિ નિજ ભાગા ॥ ૪॥

જે વૃક્ષની નીચે પ્રભુ જઈને બેસે છે, કલ્પવૃક્ષ પણ તેની મહત્તા ગાય છે. શ્રીરામચન્દ્રજીનાં ચરણકમળોની ધૂળનો સ્પર્શ કરીને પૃથ્વી પોતાનું મોટું સૌભાગ્ય માને છે. ॥ ૪॥

દો૦ – છાઁહ કરહિં ઘન બિબુધગન બરષહિં સુમન સિહાહિં ।
દેખત ગિરિ બન બિહગ મૃગ રામુ ચલે મગ જાહિં ॥ ૧૧૩॥

રસ્તામાં વાદળો છાયા કરતાં જાય છે અને દેવતાઓ ફૂલો વરસાવે છે, સાથે સાથે ઈર્ષાપૂર્વક પ્રશંસા કરે છે. પર્વત, વન અને પશુ-પક્ષીઓને જોતાં શ્રીરામજી માર્ગમાં ચાલ્યા જઈ રહ્યા છે. ॥ ૧૧૩॥

ચૌ૦ – સીતા લખન સહિત રઘુરાઈ । ગાઁવ નિકટ જબ નિકસહિં જાઈ ॥
સુનિ સબ બાલ બૃદ્ધ નર નારી । ચલહિં તુરત ગૃહકાજુ બિસારી ॥ ૧॥

શ્રીસીતાજી અને લક્ષ્મણજીસહિત શ્રીરઘુનાથજી જ્યારે કોઈ ગામ પાસે જઈ નીકળે છે ત્યારે તેમનું આગમન સાંભળતાં જ બાળકો, વૃદ્ધો, સ્ત્રી-પુરુષો બધાં પોતાનાં ઘર અને કામકાજને છોડીને તુરંત તેમને નિહાળવા માટે નીકળી પડે છે. ॥ ૧॥

રામ લખન સિય રૂપ નિહારી । પાઈ નયન ફલુ હોહિં સુખારી ॥
સજલ બિલોચન પુલક સરીરા । સબ ભએ મગન દેખિ દોઉ બીરા ॥ ૨॥

શ્રીરામ, લક્ષ્મણ અને સીતાજીના રૂપને જોઈને, નેત્રોનું [પરમ] ફળ પામીને તેઓ સુખી થાય છે. બંને વીર ભાઈઓને જોઈને બધાં પ્રેમાનંદમાં મગ્ન થઈ ગયા. તેમનાં નેત્રોમાં જળ ભરાઈ આવ્યાં અને શરીર પુલકિત થઈ ગયાં. ॥ ૨॥

બરનિ ન જાઈ દસા તિન્હ કેરી । લહિ જનુ રંકન્હ સુરમનિ ઢેરી ॥
એકન્હ એક બોલિ સિખ દેહીં । લોચન લાહુ લેહુ છન એહીં ॥ ૩॥

તેમની દશા વર્ણન નથી કરી શકાતી. જાણે દરિદ્રોએ ચિંતામણિની ઢગલી પામી લીધી હોય. તે એકેએકને પોકારીને શીખ આપે છે કે આ જ ક્ષણે નેત્રોનો લાભ લઈ લો. ॥ ૩॥

રામહિ દેખિ એક અનુરાગે । ચિતવત ચલે જાહિં સઁગ લાગે ॥
એક નયન મગ છબિ ઉર આની । હોહિં સિથિલ તન મન બર બાની ॥ ૪॥

કોઈ શ્રીરામચન્દ્રજીને જોઈને એવા અનુરાગથી ભરાઈ ગયા છે કે એમને જોતાં એમની સાથે સાથે ચાલી જઈ રહ્યા છે. કોઈ નેત્રમાર્ગેથી તેમની શોભાને હૃદયમાં લાવીને શરીર, મન અને શ્રેષ્ઠ વાણીથી શિથિલ થઈ જાય છે અર્થાત્ તેમનાં શરીર, મન અને વાણીનો વ્યવહાર બંધ થઈ જાય છે. ॥ ૪॥

દો૦ – એક દેખિ બટ છાઁહ ભલિ ડાસિ મૃદુલ તૃન પાત ।
કહહિં ગવાઁઇઅ છિનુકુ શ્રમુ ગવનબ અબહિં કિ પ્રાત ॥ ૧૧૪॥

કોઈ વડની સુંદર છાયા જોઈને, ત્યાં નરમ ઘાસ અને પાંદડાં બિછાવીને શ્રીરામજીને કહે છે કે થોડીકવાર અહીં બેસીને થાક ઉતારી લો. પછી ભલે ને હમણાં જતા રહેજો કે ભલે સવારે. ॥ ૧૧૪॥

ચૌ૦ – એક કલસ ભરિ આનહિં પાની । અઁચઇઅ નાથ કહહિં મૃદુ બાની ॥
સુનિ પ્રિય બચન પ્રીતિ અતિ દેખી । રામ કૃપાલ સુસીલ બિસેષી ॥ ૧॥

કોઈ ઘડો ભરીને પાણી લઈ આવે છે અને કોમળ વાણીથી કહે છે – નાથ! આચમન તો કરી લો. તેમનાં પ્રિય વચન સાંભળી અને એમનો અત્યંત પ્રેમ જોઈને દયાળુ અને પરમ સુશીલ શ્રીરામચન્દ્રજીએ – ॥ ૧॥

જાની શ્રમિત સીય મન માહીં। ઘરિક બિલંબુ કીન્હ બટ છાહીં॥
મુદિત નારિ નર દેખહિં સોભા। રૂપ અનૂપ નયન મનુ લોભા॥ ૨॥

મનમાં સીતાજીને થાકેલાં જાણીને થોડીક વાર સુધી વડની છાયામાં વિશ્રામ કર્યો. સ્ત્રી-પુરુષ આનંદિત થઈને પ્રભુની શોભા જોઈ રહ્યાં છે. ત્રણેયના અનુપમ રૂપે એમનાં નેત્ર અને મનોને લોભાવી લીધાં છે. ॥ ૨॥

એકટક સબ સોહહિં ચહુઁ ઓરા। રામચંદ્ર મુખ ચંદ ચકોરા॥
તરુન તમાલ બરન તનુ સોહા। દેખત કોટિ મદન મનુ મોહા॥ ૩॥

સર્વે લોકો એકીટશે શ્રીરામચન્દ્રજીના મુખચન્દ્રને ચકોરની જેમ (તન્મય થઈને) જોતાં ચારે બાજુ સુશોભિત થઈ રહ્યા છે. શ્રીરામજીનું લીલાછમ તમાલ વૃક્ષના જેવું શ્યામ રંગનું શ્રીવિગ્રહ એવી રીતે શોભા આપી રહ્યું છે, જેને જોતાં જ કરોડો કામદેવોનાં મન મોહિત થઈ જાય છે. ॥ ૩॥

દામિનિ બરન લખન સુઠિ નીકે। નખ સિખ સુભગ ભાવતે જી કે॥
મુનિપટ કટિન્હ કસેં તૂનીરા। સોહહિં કર કમલનિ ધનુ તીરા॥ ૪॥

વીજળીના જેવા રંગના લક્ષ્મણજી ઘણા જ ભલા જણાય છે. તેઓ નખથી શિખા સુધી સુંદર છે અને મનને બહુ ગમે છે. બંનેએ મુનિઓનાં (વલ્કલ આદિ) વસ્ત્ર પહેર્યાં છે અને કમરમાં ભાથો બાંધેલો છે. કમળના સમાન હાથોમાં ધનુષ-બાણ શોભી રહ્યાં છે. ॥ ૪॥

દો૦ – જટા મુકુટ સીસનિ સુભગ ઉર ભુજ નયન બિસાલ।
સરદ પરબ બિધુ બદન બર લસત સ્વેદ કન જાલ॥ ૧૧૫॥

એમના મસ્તકે સુંદર જટાઓના મુગટ છે; વક્ષઃસ્થળ, ભુજા અને નેત્ર વિશાળ છે અને શરદ્પૂર્ણિમાના ચન્દ્ર જેવા સુંદર મુખો પર પરસેવાનાં બિંદુઓનો સમૂહ શોભિત થઈ રહ્યો છે. ॥ ૧૧૫॥

ચૌ૦ – બરનિ ન જાઈ મનોહર જોરી। સોભા બહુત થોરિ મતિ મોરી॥
રામ લખન સિય સુંદરતાઈ। સબ ચિતવહિં ચિત મન મતિ લાઈ॥ ૧॥

તે મનોહર જોડીનું વર્ણન કરી નથી શકાતું; કારણ કે શોભા ઘણી અધિક છે અને મારી બુદ્ધિ ઘણી અલ્પ છે. શ્રીરામ, લક્ષ્મણ અને સીતાજીની સુંદરતાને બધા લોકો મન, ચિત્ત અને બુદ્ધિ– ત્રણેય તેમનામાં લવલીન થઈ ગયાં છે ॥ ૧॥

થકે નારિ નર પ્રેમ પિઆસે। મનહુઁ મૃગી મૃગ દેખિ દિઆ સે॥
સીય સમીપ ગ્રામતિય જાહીં। પૂઁછત અતિ સનેહઁ સકુચાહીં॥ ૨॥

પ્રેમ તરસ્યા [તે ગામોનાં] સ્ત્રી-પુરુષ [આમના સૌન્દર્ય-માધુર્યની શોભા જોઈને] સ્તબ્ધ રહી ગયાં જેવી રીતે દીપકને જોઈને હરણી અને હરણ [સ્તબ્ધ રહી જાય છે]. ગામોની સ્ત્રીઓ સીતાજીની પાસે જાય છે. પણ અત્યંત સ્નેહને કારણે પૂછતાં સંકોચાય છે. ॥ ૨॥

બાર બાર સબ લાગહિં પાએઁ। કહહિં બચન મૃદુ સરલ સુભાએઁ ॥
રાજકુમારિ બિનય હમ કરહીં। તિય સુભાયઁ કછુ પૂઁછત ડરહીં ॥ ૩॥

વારંવાર બધી એમને પગે લાગતી અને સહજ (સરળ) જ સીધાંસાદાં કોમળ વચન કહે છે – હે રાજકુમારી! અમે વિનંતી કરીએ (કંઈ નિવેદન કરવા ઇચ્છીએ) છીએ, પરંતુ સ્ત્રી-સ્વભાવને કારણે કંઈ પૂછતાં ડરીએ છીએ. ॥ ૩॥

સ્વામિનિ અબિનય છમબિ હમારી। બિલગુ ન માનબ જાનિ ગવાઁરી ॥
રાજકુઅઁર દોઉ સહજ સલોને। ઈન્હ તેં લહી દુતિ મરકત સોને ॥ ૪॥

હે સ્વામિની! અમારી ધૃષ્ટતાને ક્ષમા કરજો અને અમને ગમાર જાણીને ખોટું ન લગાડશો. આ બંને રાજકુમાર સ્વભાવથી જ લાવણ્યમય (પરમ સુંદર) છે. અમને એવું લાગે છે કે મરકતમણિ (પન્ના) અને સુવર્ણ પણ એમનાથી જ કાંતિ પામ્યાં છે કેમકે પન્ના અને સુવર્ણમાં જે હરિત અને સ્વર્ણવર્ણની આભા છે તે આમની હરિતાભનીલ અને સ્વર્ણકાન્તિના એક કણની બરાબર પણ નથી. ॥ ૪॥

દો૦ – સ્યામલ ગૌર કિસોર બર સુંદર સુષમા ઐન।
સરદ સર્બરીનાથ મુખુ સરદ સરોરુહ નૈન ॥ ૧૧૬॥

શ્યામ અને ગૌર વર્ણ છે, સુંદર કિશોર અવસ્થા છે; બંનેય પરમ સુંદર અને શોભાના ધામ છે. શરદપૂર્ણિમાના ચન્દ્રમાની જેમ એમના મુખ અને શરદ-ઋતુના કમળ સમાન એમનાં નેત્રો છે. ॥ ૧૧૬॥

માસપારાયણ, સોળમો વિશ્રામ

નવાહ્ન પારાયણ, ચોથો વિશ્રામ

ચૌ૦ – કોટિ મનોજ લજાવનિહારે। સુમુખિ કહહુ કો આહિં તુમ્હારે ॥
સુનિ સનેહમય મંજુલ બાનીં। સકુચી સિય મન મહુઁ મુસુકાની ॥ ૧॥

હે સુમુખી! કહો તો પોતાની સુંદરતાથી કરોડો કામદેવને લજાવનારા એ તમારા કોણ છે? તેમની આવી પ્રેમમય સુંદર વાણી સાંભળીને સીતાજી લજાઈ ગયાં અને મનોમન મલકાયાં. ॥ ૧॥

તિન્હહિ બિલોકિ બિલોકતિ ધરની। દુહુઁ સકોચ સકુચતિ બરબરની ॥
સકુચિ સપ્રેમ બાલ મૃગ નયની। બોલી મધુર બચન પિકબયની ॥ ૨॥

ઉત્તમ (ગોર) વર્ણવાળાં સીતાજી તેમને જોઈને [લજ્જાવશ] પૃથ્વીની સામું જુએ છે. તે બંને બાજુના સંકોચથી સંકોચાઈ રહ્યાં છે (અર્થાત્ ન કહેવામાં ગ્રામની સ્ત્રીઓને દુઃખ થવાનો સંકોચ છે અને કહેવામાં લજ્જારૂપ સંકોચ). હરણનાં બચ્ચાંનાં નેત્રો જેવાં સુંદર નેત્રોવાળાં શ્રીસીતાજી લજાઈને કોયલ જેવી મધુરવાણીમાં પ્રેમસહિત મધુર વચન બોલ્યાં – ॥ ૨॥

સહજ સુભાય સુભગ તન ગોરે। નામુ લખનુ લઘુ દેવર મોરે॥
બહુરિ બદનુ બિધુ અંચલ ઢાઁકી। પિય તન ચિતઈ ભૌંહ કરિ બાઁકી॥૩॥

આ જે સહજ સ્વભાવવાલા સુંદર અને ગૌર શરીરવાલા છે, તેમનું નામ લક્ષ્મણ છે અને તે મારા નાના દિયર છે, પછી સીતાજી એ (લજ્જાવશ) પોતાના ચન્દ્રમુખને આંચલથી ઢાંકીને અને પ્રિયતમ (શ્રીરામજી)ની તરફ નિહાળીને ભ્રમર વાંકી કરીને- ॥૩॥

ખંજન મંજુ તિરીછે નયનનિ। નિજપતિ કહેઉ તિન્હહિ સિયઁ સયનનિ॥
ભઈ મુદિત સબ ગ્રામબધૂટીં। રંકન્હ રાય રાસિ જનુ લૂટીં॥૪॥

ખંજન પક્ષીના જેવાં સુંદર નેત્રોને ત્રાંસાં કરીને ઈશારાથી કહ્યું કે આ (શ્રીરામજી) મારા પતિદેવ છે. આ જાણીને ગામની બધી સ્ત્રીઓ એવી રીતે આનંદિત થઈ કે જાણે કંગાળોએ ધનના ભંડારો લૂંટી લીધા હોય. ॥૪॥

દો૦– અતિ સપ્રેમ સિય પાયઁ પરિ બહુબિધિ દેહિં અસીસ।
સદા સોહાગિનિ હોહુ તુમ્હ જબ લગિ મહિ અહિ સીસ॥૧૧૭॥

તે અત્યંત પ્રેમથી સીતાજીના પગે પડીને ઘણી રીતે આશિષ આપે છે (શુભકામના કરે છે) કે જ્યાં સુધી શેષજીના સિર પર પૃથ્વી રહે ત્યાં સુધી તમે સદાય સૌભાગ્યવતી રહો, ॥૧૧૭॥

ચૌ૦– પારબતી સમ પતિપ્રિય હોહૂ। દેબિ ન હમ પર છાડ़બ છોહૂ॥
પુનિ પુનિ બિનય કરિઅ કર જોરી। જૌં એહિ મારગ ફિરિઅ બહોરી॥૧॥

અને પાર્વતીજીની પેઠે પોતાના પતિને પ્રિય થાઓ. હે દેવી! અમારા પરની કૃપા ન ત્યજશો (બનાવી રાખજો). અમે વારંવાર હાથ જોડીને વિનંતી કરીએ છીએ, જે આપ આ જ રસ્તે પાછા આવજો; ॥૧॥

દરસનુ દેબ જાનિ નિજ દાસી। લખીં સીયઁ સબ પ્રેમ પિઆસી॥
મધુર બચન કહિ કહિ પરિતોષીં। જનુ કુમુદિનીં કૌમુદીં પોષીં॥૨॥

અને અમને પોતાની દાસી જાણીને દર્શન આપજો. સીતાજીએ તે સૌને પ્રેમતરસી જોઈ અને મધુર વચન કહી-કહીને તેમને સારી રીતે સંતોષ આપ્યો, જાણે ચાંદનીએ કુમુદિનિઓને ખિલાવીને પુષ્ટ કરી દીધી હોય. ॥૨॥

તબહિં લખન રઘુબર રુખ જાની। પૂઁછેઉ મગુ લોગન્હિ મૃદુ બાની॥
સુનત નારિ નર ભએ દુખારી। પુલકિત ગાત બિલોચન બારી॥૩॥

તે જ સમયે શ્રીરામચન્દ્રજીનું વલણ જાણીને લક્ષ્મણજીએ કોમળ વાણીમાં લોકોને રસ્તો પૂછ્યો. એ સાંભળતાં જ બધાંય સ્ત્રી-પુરુષ દુઃખી થઈ ગયાં. તેમનાં શરીર પુલકિત થઈ ગયાં અને નેત્રોમાં વિયોગની આશંકાથી પ્રેમનું જળ ભરાઈ આવ્યું. ॥૩॥

મિટા મોદુ મન ભએ મલીને । બિધિ નિધિ દીન્હ લેત જનુ છીને ॥
સમુઝિ કરમ ગતિ ધીરજુ કીન્હા । સોધિ સુગમ મગુ તિન્હ કહિ દીન્હા ॥ ૪॥

એમનો આનંદ ઠંડો પડી ગયો અને મન એવું ઉદાસ થઈ ગયું જાણે વિધાતા આપેલી સંપત્તિ છીનવી લેતો હોય. કર્મની ગતિ સમજીને એમણે ધૈર્ય ધારણ કર્યું અને ઠીક પ્રકારે નિર્ણય કરીને સુગમ માર્ગ બતાવી દીધો. ॥ ૪॥

દો૦— લખન જાનકી સહિત તબ ગવનુ કીન્હ રઘુનાથ ।
ફેરે સબ પ્રિય બચન કહિ લિએ લાઈ મન સાથ ॥ ૧૧૮॥

પછી લક્ષ્મણજી અને જાનકીજીસહિત શ્રીરઘુનાથજી આગળ વધ્યાં. સર્વે લોકોને પ્રિય વચન કહીને પાછા વાળ્યા, પણ એમનાં મનોને પોતાની સાથે જ લઈ ગયા. ॥ ૧૧૮॥

ચૌ૦— ફિરત નારિ નર અતિ પછિતાહીં । દૈઅહિ દોષુ દેહિં મન માહીં ॥
સહિત બિષાદ પરસપર કહહીં । બિધિ કરતબ ઉલટે સબ અહહીં ॥ ૧॥

પાછા ફરતી વખતે તે સ્ત્રી-પુરુષો ઘણા જ પસ્તાઈ રહ્યાં છે અને મનમાં ને મનમાં દૈવને દોષ આપે છે. અરસપરસ [ઘણા જ] વિષાદની સાથે કહે છે કે વિધાતાનાં સઘળાં કાર્ય ઊંધાં જ હોય છે. ॥ ૧॥

નિપટ નિરંકુસ નિઠુર નિસંકૂ । જેહિં સસિ કીન્હ સરુજ સકલંકૂ ॥
રૂખ કલપતરુ સાગરુ ખારા । તેહિં પઠએ બન રાજકુમારા ॥ ૨॥

એ વિધાતા બિલકુલ નિરંકુશ (સ્વતન્ત્ર), નિર્દય અને નીડર છે, જેણે ચન્દ્રમાને રોગી (વધતો-ઘટતો) અને કલંકી બનાવ્યો. કલ્પવૃક્ષને ઝાડ અને સમુદ્રને ખારો બનાવ્યો. તેણે જ આ રાજકુમારોને વનમાં મોકલ્યા છે. ॥ ૨॥

જૌં પૈ ઇન્હહિ દીન્હ બનબાસૂ । કીન્હ બાદિ બિધિ ભોગ બિલાસૂ ॥
એ બિચરહિં મગ બિનુ પદત્રાના । રચે બાદિ બિધિ બાહન નાના ॥ ૩॥

જ્યારે વિધાતાએ એમને વનવાસ આપ્યો છે, તો પછી ભોગવિલાસ વ્યર્થ જ બનાવ્યા. જ્યારે એ વગર પગરખે માર્ગમાં જઈ રહ્યાં છે, ત્યારે વિધાતાએ અનેક વાહનો વ્યર્થ જ રચ્યાં. ॥ ૩॥

એ મહિ પરહિં ડાસિ કુસ પાતા । સુભગ સેજ કત સૃજત બિધાતા ॥
તરુબર બાસ ઇન્હહિ બિધિ દીન્હા । ધવલ ધામ રચિ રચિ શ્રમુ કીન્હા ॥ ૪॥

જો એ દર્ભ અને પાંદડાં પાથરીને જમીન ઉપર જ પડી રહે છે, તો વિધાતા સુંદર સેજ (પલંગ અને પાથરણાં) શા માટે બનાવે છે? વિધાતાએ જ્યારે આમને મોટાં મોટાં વૃક્ષોની નીચેનો નિવાસ આપ્યો ત્યારે ઉજ્જવળ મહેલોને બનાવી-બનાવીને તેણે વ્યર્થ જ પરિશ્રમ કર્યો. ॥ ૪॥

દો૦— જૌં એ મુનિ પટ ધર જટિલ સુંદર સુઠિ સુકુમાર ।
બિબિધ ભાઁતિ ભૂષન બસન બાદિ કિએ કરતાર ॥ ૧૧૯॥

જો એ સુંદર અને અત્યંત સુકુમાર હોવા છતાં મુનિઓનાં (વલ્કલ) વસ્ત્ર પહેરે અને જટા ધારણ કરે છે તો પછી કરતારે (વિધાતાએ) જાતજાતનાં ઘરેણાં અને કપડાં વૃથા જ બનાવ્યાં. ॥ ૧૧૯॥

ચૌ૦ – જૌં એ કંદ મૂલ ફલ ખાહીં। બાદિ સુધાદિ અસન જગ માહીં॥
એક કહહિં એ સહજ સુહાએ। આપુ પ્રગટ ભએ બિધિ ન બનાએ॥ ૧॥

જો એ કંદ, મૂળ, ફળ ખાય છે તો જગતમાં અમૃત આદિ ભોજન વ્યર્થ જ છે. કોઈ એક કહે છે – એ સ્વભાવથી જ સુંદર છે. [આમનું સૌંદર્ય-માધુર્ય નિત્ય અને સ્વાભાવિક છે] એ સ્વયં પોતે પ્રકટ થયા છે, બ્રહ્માના બનાવેલા નથી. ॥ ૧॥

જહઁ લગિ બેદ કહી બિધિ કરની। શ્રવન નયન મન ગોચર બરની॥
દેખહુ ખોજિ ભુઅન દસ ચારી। કહઁ અસ પુરુષ કહાઁ અસિ નારી॥ ૨॥

અમારાં કાનો, નેત્રો અને મન દ્વારા અનુભવમાં આવનારી વિધાતાની કરણી, જ્યાં સુધી વેદોએ વર્ણન કરીને કહી છે, ત્યાં સુધી ચૌદ લોકમાં શોધી જુઓ, આવા પુરુષો અને સ્ત્રીઓ ક્યાં છે? [ક્યાંય પણ નથી, આથી સિદ્ધ થાય છે કે એ વિધાતાના ચૌદ લોકોથી પર છે અને પોતાની મહિમાથી જ પોતે પ્રગટ થયા છે]. ॥ ૨॥

ઈન્હહિ દેખિ બિધિ મનુ અનુરાગા। પટતર જોગ બનાવૈ લાગા॥
કીન્હ બહુત શ્રમ ઐક ન આએ। તેહિં ઈરિષા બન આનિ દુરાએ॥ ૩॥

કોઈ કહે છે - આમને જોઈને વિધાતાનું મન અનુરક્ત મુગ્ધ થઈ ગયું, પછી તે પણ આમની ઉપમાને યોગ્ય બીજાં સ્ત્રી-પુરુષ બનાવવા લાગ્યો. તેણે ઘણો પરિશ્રમ કર્યો, પરંતુ કેવી રીતે બનાવી શકાય એ એના મગજમાં ઊતર્યું જ નહીં, તેથી ઈર્ષાને લીધે આમને જંગલમાં લાવી છુપાવી દીધાં છે. ॥ ૩॥

એક કહહિં હમ બહુત ન જાનહિં। આપુહિ પરમ ધન્ય કરિ માનહિં॥
તે પુનિ પુન્યપુંજ હમ લેખે। જે દેખહિં દેખિહહિં જિન્હ દેખે॥ ૪॥

કોઈ એક કહે છે – અમે બહુ જાણતાં નથી, હા, પોતાને પરમ ધન્ય અવશ્ય માનીએ છીએ [જેથી આમનાં દર્શન કરી રહ્યાં છીએ] અને અમારી સમજણમાં તે પણ ઘણાં પુણ્યશાળી છે જેણે આમને જોયા છે, જેઓ જોઈ રહ્યાં છે અને જે જોશે. ॥ ૪॥

દો૦ – એહિ બિધિ કહિ કહિ બચન પ્રિય લેહિં નયન ભરિ નીર।
કિમિ ચલિહહિં મારગ અગમ સુઠિ સુકુમાર સરીર॥ ૧૨૦॥

આ રીતે પ્રિય વચન કહી-કહીને બધાંય, નેત્રોમાં [પ્રેમાશ્રુઓનું] જળ ભરી લે છે અને કહે છે કે આ અત્યંત સુકુમાર શરીરવાળા દુર્ગમ કઠિન માર્ગમાં કેવી રીતે ચાલશે. ॥ ૧૨૦॥

ચૌ૦ – નારિ સનેહ બિકલ બસ હોહીં। ચકઈ સાંઝ સમય જનુ સોહીં॥
મૃદુ પદ કમલ કઠિન મગુ જાની। ગહબરિ હૃદયઁ કહહિં બર બાની॥ ૧॥

સ્ત્રીઓ સ્નેહવશ વિકળ થઈ જાય છે, જાણે સંધ્યાને સમયે ચકવી [ભાવી વિયોગની પીડાથી] શોષાઈ રહી હોય (દુઃખી થઈ રહી હોય). એમનાં ચરણકમળોને કોમળ તથા માર્ગને કઠોર જાણીને તેઓ વ્યથિત હૃદયે ઉત્તમ વાણી કહે છે – ॥ ૧॥

પરસત મૃદુલ ચરન અરુનારે । સકુચતિ મહિ જિમિ હૃદય હમારે ॥
જૌં જગદીસ ઈન્હહિ બનુ દીન્હા । કસ ન સુમનમય મારગુ કીન્હા ॥ ૨॥

એમના કોમળ અને લાલ-લાલ ચરણો(તળિયાં)નો સ્પર્શ થતાં જ પૃથ્વી એવી રીતે સંકોચાઈ જાય છે કે જેમ અમારાં હૃદય સંકોચાઈ રહ્યાં છે. જગદીશ્વરે જો આમને વનવાસ જ આપ્યો, તો આખા માર્ગને પુષ્પમય કેમ ન બનાવી દીધો? ॥ ૨॥

જૌં માગા પાઇઅ બિધિ પાહીં । એ રખિઅહિં સખિ આઁખિન્હ માહીં ॥
જે નર નારિ ન અવસર આએ । તિન્હ સિય રામુ ન દેખન પાએ ॥ ૩॥

જો બ્રહ્મા પાસે માગવાનું મળે તો હે સખી! [આપણે તો એમની પાસેથી માગીને] આમને આપણી આંખોમાં જ રાખીએ! જે સ્ત્રી-પુરુષ આ અવસરે આવ્યાં નહિ તે શ્રીસીતારામજીને જોઈ ન શક્યાં; ॥ ૩॥

સુનિ સુરૂપુ બૂઝહિં અકુલાઈ । અબ લગિ ગએ કહાઁ લગિ ભાઈ ॥
સમરથ ધાઈ બિલોકહિં જાઈ । પ્રમુદિત ફિરહિં જનમફલુ પાઈ ॥ ૪॥

તેઓ તેમના સૌંદર્યને સાંભળીને વ્યાકુળ થઈને પૂછે છે કે ભાઈ! અત્યારે તે ક્યાં સુધી પહોંચ્યા હશે? અને જેઓ સમર્થ છે તે દોડતાં દોડતાં જઈને એમનાં દર્શન કરી લે છે અને જન્મનું પરમ ફળ પામીને વિશેષ આનંદિત થઈ પાછા વળે છે. ॥ ૪॥

દો૦ – અબલા બાલક બૃદ્ધ જન કર મીજહિં પછિતાહિં ।
હોહિં પ્રેમબસ લોગ ઈમિ રામુ જહાઁ જહઁ જાહિં ॥ ૧૨૧॥

અબળા સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધો દર્શન ન પામવાથી હાથ મસળે છે અને પસ્તાય છે. આ રીતે જ્યાં જ્યાં શ્રીરામચન્દ્રજી જાય છે, ત્યાં ત્યાં લોકો પ્રેમને વશ થઈ જાય છે. ॥ ૧૨૧॥

ચૌ૦ – ગાવઁ ગાવઁ અસ હોઈ અનંદૂ । દેખિ ભાનુકુલ કૈરવ ચંદૂ ॥
જે કછુ સમાચાર સુનિ પાવહિં । તે નૃપ રાનિહિ દોસુ લગાવહિં ॥ ૧॥

સૂર્યકુળરૂપી કુમુદિનીને પ્રફુલ્લિત કરનારા ચન્દ્રમાસ્વરૂપ શ્રીરામચન્દ્રજીનાં દર્શન કરી ગામેગામ આવો જ આનંદ થઈ રહ્યો છે. જે લોકો આમને વનવાસ અપાયાના કંઈ પણ સમાચાર સાંભળી જાય છે, તેઓ રાજા-રાણી[દશરથ-કૈકયી]ને દોષ આપે છે. ॥ ૧॥

કહહિં એક અતિ ભલ નરનાહૂ । દીન્હ હમહિ જોઇ લોચન લાહૂ ॥
કહહિં પરસપર લોગ લોગાઈં । બાતેં સરલ સનેહ સુહાઈં ॥ ૨॥

કોઈ એક કહે છે કે રાજા ઘણા જ ભલા છે, જેણે આપણને આપણાં નેત્રોનો લાભ આપ્યો. સ્ત્રી-પુરુષ સર્વે પરસ્પર ઋજુભાવથી સ્નેહભરી સુંદર વાતો કહી રહ્યાં છે. ॥ ૨॥

તે પિતુ માતુ ધન્ય જિન્હ જાએ। ધન્ય સો નગરુ જહાઁ તેં આએ॥
ધન્ય સો દેસુ સૈલુ બન ગાઉઁ। જહઁ જહઁ જાહિં ધન્ય સોઇ ઠાઉઁ॥ ૩॥

[કહે છે –] એ માતા-પિતા ધન્ય છે જેમણે આમને જન્મ આપ્યો છે. એ નગર ધન્ય છે જ્યાંથી એ આવ્યા છે. તે દેશ, પર્વત, વન અને ગામ ધન્ય છે; અને તે સ્થાન પણ ધન્ય છે જ્યાં જ્યાં તેઓ જાય છે. ॥ ૩॥

સુખુ પાયઉ બિરંચિ રચિ તેહી। એ જેહિ કે સબ ભાઁતિ સનેહી॥
રામ લખન પથિ કથા સુહાઈ। રહી સકલ મગ કાનન છાઈ॥ ૪॥

બ્રહ્માએ એમને જ રચીને સુખ મેળવ્યું છે, જેમના આ (શ્રીરામચન્દ્રજી) બધી રીતે સ્નેહી છે. પથિકરૂપ શ્રીરામ-લક્ષ્મણની સુંદર કથા આખા રસ્તે અને જંગલમાં છવાઈ ગઈ છે. એટલે કે ભગવાનની કથા ચારેકોર થઈ રહી છે. ॥ ૪॥

દો૦– એહિ બિધિ રઘુકુલ કમલ રબિ મગ લોગન્હ સુખ દેત।
જાહિં ચલે દેખત બિપિન સિય સૌમિત્રિ સમેત॥ ૧૨૨॥

રઘુકુળરૂપી કમળને ખિલવનારા સૂર્ય શ્રીરામચન્દ્રજી આ પ્રમાણે માર્ગમાં લોકોને સુખ આપતાં સીતાજી અને લક્ષ્મણજીસહિત વનને જોતાં જોતાં જઈ રહ્યા છે. ॥ ૧૨૨॥

ચૌ૦– આગેં રામુ લખનુ બને પાછેં। તાપસ બેષ બિરાજત કાછેં॥
ઉભય બીચ સિય સોહતિ કૈસેં। બ્રહ્મ જીવ બિચ માયા જૈસેં॥ ૧॥

આગળ શ્રીરામજી છે, પાછળ લક્ષ્મણજી સુશોભિત છે. તપસ્વીઓનો વેષ બનાવેલા બંને ઘણી જ શોભા પામી રહ્યા છે. બંનેના વચમાં સીતાજી એવાં સુશોભિત થઈ રહ્યાં છે જેવા બ્રહ્મ અને જીવની વચ્ચે માયા! ॥ ૧॥

બહુરિ કહઉઁ છબિ જસિ મન બસઈ। જનુ મધુ મદન મધ્ય રતિ લસઈ॥
ઉપમા બહુરિ કહઉઁ જિયઁ જોહી। જનુ બુધ બિધુ બિચ રોહિનિ સોહી॥ ૨॥

વળી, જે શોભા મારા મનમાં વસી રહી છે, તેને હું કહું છું – જાણે વસંતઋતુ અને કામદેવની વચ્ચે રતિ (કામદેવની સ્ત્રી) શોભિત હોય. વળી, પોતાના હૃદયમાં ઉપમા શોધીને કહું છું કે જાણે બુધ (ચન્દ્રમાનો પુત્ર) અને ચન્દ્રમાની વચ્ચે રોહિણી (ચન્દ્રમાની સ્ત્રી) શોભી રહી હોય. ॥ ૨॥

પ્રભુ પદ રેખ બીચ બિચ સીતા। ધરતિ ચરન મગ ચલતિ સભીતા॥
સીય રામ પદ અંક બરાએઁ। લખન ચલહિં મગુ દાહિન લાએઁ॥ ૩॥

પ્રભુ શ્રીરામચન્દ્રજીનાં ચરણચિહ્નોની વચ્ચે વચ્ચે પગ મૂકતાં સીતાજી [ક્યાંય ભગવાનનાં ચરણચિહ્નો પર પગ ન પડી જાય એ વાતે] બીતાં બીતાં માર્ગમાં ચાલી રહ્યાં છે અને લક્ષ્મણજી [મર્યાદાની રક્ષાને માટે] સીતાજી અને શ્રીરામચન્દ્રજી બંનેનાં પાદચિહ્નોને બચાવતાં તેને જમણી બાજુએ રાખીને ચાલી રહ્યા છે. ॥ ૩॥

રામ લખન સિય પ્રીતિ સુહાઈ। બચન અગોચર કિમિ કહિ જાઈ॥
ખગ મૃગ મગન દેખિ છબિ હોહીં। લિએ ચોરિ ચિત રામ બટોહીં॥૪॥

શ્રીરામજી, લક્ષ્મણજી અને સીતાજીની સુંદર પ્રીતિ વાણીનો વિષય નથી (અર્થાત્ અનિર્વચનીય છે), જેથી તે કહી કેવી રીતે શકાય? પક્ષી અને પશુ પણ તે શોભાને જોઈને (પ્રેમાનંદમાં) મગ્ન થઈ જાય છે. પથિકરૂપે શ્રીરામચન્દ્રજીએ બધાંયનાં પણ ચિત્ત ચોરી લીધાં છે. ॥૪॥

દો૦– જિન્હ જિન્હ દેખે પથિક પ્રિય સિય સમેત દોઉ ભાઈ।
ભવ મગુ અગમુ અનંદુ તેઈ બિનુ શ્રમ રહે સિરાઈ॥૧૨૩॥

પ્રિય પથિક સીતાજીસહિત બંને ભાઈઓને જે જે લોકોએ જોયા, તેમણે ભવનો અગમ માર્ગ (જન્મ-મૃત્યુરૂપી સંસારમાં ભટકવાનો ભયાનક માર્ગ) વગર પરિશ્રમે આનંદ સાથે પાર કરી લીધો (અર્થાત્ તે આવાગમનના ફેરામાંથી સહજ જ છૂટીને મુક્ત થઈ ગયા). ॥૧૨૩॥

ચૌ૦– અજહુઁ જાસુ ઉર સપનેહુઁ કાઊ। બસહુઁ લખનુ સિય રામુ બટાઊ॥
રામ ધામ પથ પાઇહિ સોઈ। જો પથ પાવ કબહુઁ મુનિ કોઈ॥૧॥

આજે પણ જેના હૃદયમાં ક્યારેક લક્ષ્મણ, સીતા, રામ ત્રણેય પથિક સ્વપ્નમાં પણ આવીને વસે, તો એ પણ શ્રીરામજીના પરધામના એ માર્ગને પામી જશે, જે માર્ગને ક્યારેક કોઈ વિરલા જ મુનિ પામે છે. ॥૧॥

તબ રઘુબીર શ્રમિત સિય જાની। દેખિ નિકટ બટુ સીતલ પાની॥
તહઁ બસિ કંદ મૂલ ફલ ખાઈ। પ્રાત નહાઇ ચલે રઘુરાઈ॥૨॥

પછી શ્રીરામચન્દ્રજી સીતાજીને થાકેલાં જાણીને અને સમીપમાં જ એક વડનું વૃક્ષ અને ઠંડું પાણી જોઈને તે દિવસે ત્યાં રોકાઈ ગયા. કંદ, મૂળ, ફળ ખાઈને [રાત્રે ત્યાં રહીને] પ્રાતઃકાળે સ્નાન કરીને શ્રીરઘુનાથજી આગળ ચાલ્યા. ॥૨॥

દેખત બન સર સૈલ સુહાએ। બાલમીકિ આશ્રમ પ્રભુ આએ॥
રામ દીખ મુનિ બાસુ સુહાવન। સુંદર ગિરિ કાનનુ જલુ પાવન॥૩॥

સુંદર વન, તળાવ અને પર્વત જોતાં પ્રભુ શ્રીરામચન્દ્રજી વાલ્મીકિજીના આશ્રમમાં આવ્યા. શ્રીરામચન્દ્રજીએ જોયું કે મુનિનું નિવાસસ્થાન ઘણું જ સુંદર છે, જ્યાં સુંદર પર્વત, વન અને પવિત્ર જળ છે. ॥૩॥

સરનિ સરોજ બિટપ બન ફૂલે। ગુંજત મંજુ મધુપ રસ ભૂલે॥
ખગ મૃગ બિપુલ કોલાહલ કરહીં। બિરહિત બૈર મુદિત મન ચરહીં॥૪॥

સરોવરમાં કમળ અને વનોમાં વૃક્ષ ફાલી રહ્યાં છે અને મકરંદ-રસમાં મસ્ત થયેલા ભમરા સુંદર ગુંજારવ કરી રહ્યા છે. ઘણાં જ પક્ષી અને પશુ કોલાહલ કરી રહ્યાં છે અને વેરથી રહિત થઈને પ્રસન્ન મને વિચરી રહ્યાં છે. ॥૪॥

દો૦– સુચિ સુંદર આશ્રમુ નિરખિ હરષે રાજિવનેન।
સુનિ રઘુબર આગમનુ મુનિ આગેં આયઉ લેન ॥૧૨૪॥

પવિત્ર અને સુંદર આશ્રમને જોઈને કમલનયન શ્રીરામચન્દ્રજી હર્ષિત થયા. રઘુશ્રેષ્ઠ શ્રીરામજીનું આગમન સાંભળીને મુનિ વાલ્મીકિજી તેમને સત્કારવા સામે આવ્યા. ॥૧૨૪॥

ચૌ૦– મુનિ કહુઁ રામ દંડવત કીન્હા। આસિરબાદુ બિપ્રબર દીન્હા ॥
દેખિ રામ છબિ નયન જુડ઼ાને। કરિ સનમાનુ આશ્રમહિં આને ॥૧॥

શ્રીરામચન્દ્રજીએ મુનિને દંડવત્ કર્યાં. વિપ્રશ્રેષ્ઠ વાલ્મીકિ મુનિએ એમને આશીર્વાદ આપ્યા. શ્રીરામચન્દ્રજીની છટા જોઈને મુનિનાં નેત્રો શીતળ થઈ ગયાં. સન્માનપૂર્વક મુનિ એમને આશ્રમમાં લઈ આવ્યા. ॥૧॥

મુનિબર અતિથિ પ્રાનપ્રિય પાએ। કંદ મૂલ ફલ મધુર મગાએ ॥
સિય સૌમિત્રિ રામ ફલ ખાએ। તબ મુનિ આશ્રમ દિએ સુહાએ ॥૨॥

શ્રેષ્ઠ મુનિ વાલ્મીકિજીએ પ્રાણપ્રિય અતિથિઓને પામીને એમને માટે મધુર કંદ, મૂળ અને ફળ મંગાવ્યાં. શ્રીસીતાજી, લક્ષ્મણજી અને રામચન્દ્રજીએ ફળો ખાધાં. પછી મુનિએ એમને [વિશ્રામ કરવા માટે] સુંદર સ્થાન બતાવ્યું. ॥૨॥

બાલમીકિ મન આનઁદુ ભારી। મંગલ મૂરતિ નયન નિહારી ॥
તબ કર કમલ જોરિ રઘુરાઈ। બોલે બચન શ્રવન સુખદાઈ ॥૩॥

[મુનિ શ્રીરામજીની પાસે બેઠા છે અને તેમની] મંગળમૂર્તિને જોઈને વાલ્મીકિજીના મનમાં ઘણો ભારે આનંદ થઈ રહ્યો છે. પછી રઘુનાથજીએ કમળની જેમ હાથોને જોડી, કાનોને સુખ આપનારાં મધુર વચન કહી સંભળાવ્યાં – ॥૩॥

તુમ્હ ત્રિકાલ દરસી મુનિનાથા। બિસ્વ બદર જિમિ તુમ્હરેં હાથા ॥
અસ કહિ પ્રભુ સબ કથા બખાની। જેહિ જેહિ ભાઁતિ દીન્હ બનુ રાની ॥૪॥

હે મુનીશ્વર! આપ ત્રિકાળદર્શી છો. સંપૂર્ણ વિશ્વ આપના માટે હથેળી પર રાખેલા બોર સમાન છે. પ્રભુ શ્રીરામચન્દ્રજીએ એમ કહીને પછી જે જે પ્રકારે રાણી કૈકેયીએ વનવાસ આપ્યો, તે સઘળી કથા વિસ્તારથી કહી સંભળાવી. ॥૪॥

દો૦– તાત બચન પુનિ માતુ હિત ભાઇ ભરત અસ રાઉ।
મો કહુઁ દરસ તુમ્હાર પ્રભુ સબુ મમ પુન્ય પ્રભાઉ ॥૧૨૫॥

[અને શ્રીરામજીએ કહ્યું –] હે પ્રભો! પિતાની આજ્ઞાનું પાલન, માતાનું હિત અને ભરત જેવા સ્નેહી અને ધર્માત્મા ભાઈનું રાજા થવું અને વળી મને આપનું દર્શન થવું, આ સઘળો પ્રભાવ મારાં પુણ્યોનો છે. ॥૧૨૫॥

ચૌ૦– દેખિ પાય મુનિરાય તુમ્હારે । ભએ સુકૃત સબ સુફલ હમારે ॥
અબ જહઁ રાઉર આયસુ હોઈ । મુનિ ઉદબેગુ ન પાવૈ કોઈ ॥ ૧॥

હે મુનિવર્ય! આપના ચરણોનાં દર્શન કરવાથી આજે અમારાં સર્વે પુણ્ય સફળ થઈ ગયાં (અમને બધાં પુણ્યોનું ફળ મળી ગયું). હવે, જ્યાં રહેવા માટે આપની આજ્ઞા હોય અને જ્યાં કોઈ પણ મુનિ ઉદ્વેગને પામતો ન હોય – ॥ ૧॥

મુનિ તાપસ જિન્હ તેં દુખુ લહહીં । તે નરેસ બિનુ પાવક દહહીં ॥
મંગલ મૂલ બિપ્ર પરિતોષૂ । દહઈ કોટિ કુલ ભૂસુર રોષૂ ॥ ૨॥

કેમકે જેનાથી મુનિ અને તપસ્વી દુઃખ પામે છે, તે રાજાઓ વગર અગ્નિએ જ (પોતાનાં દુષ્ટ કર્મોથી) બળીને ભસ્મ થઈ જાય છે. બ્રાહ્મણોનો સંતોષ સર્વે મંગળોનું મૂળ છે અને ભૂદેવ બ્રાહ્મણોનો ક્રોધ કરોડો કુળોને ભસ્મ કરી નાખે છે. ॥ ૨॥

અસ જિયઁ જાનિ કહિઅ સોઇ ઠાઉઁ । સિય સૌમિત્રિ સહિત જહઁ જાઉઁ ॥
તહઁ રચિ રુચિર પરન તૃન સાલા । બાસુ કરૌં કછુ કાલ કૃપાલા ॥ ૩॥

આવું હૃદયમાં સમજીને – એ સ્થાન બતાવો કે જ્યાં હું લક્ષ્મણ અને સીતાસહિત જઉં અને ત્યાં સુંદર પાંદડાં અને ઘાસની ઝૂંપડી બનાવી, હે દયાળુ! કેટલોક સમય નિવાસ કરું. ॥ ૩॥

સહજ સરલ સુનિ રઘુબર બાની । સાધુ સાધુ બોલે મુનિ ગ્યાની ॥
કસ ન કહહુ અસ રઘુકુલ કેતૂ । તુમ્હ પાલક સંતત શ્રુતિ સેતૂ ॥ ૪॥

શ્રીરામજીની સહજ, સરળ વાણી સાંભળીને જ્ઞાની મુનિ વાલ્મીકિ સાધુવાદ આપતાં બોલ્યા – હે રઘુકુળના ધ્વજાસ્વરૂપ! આપ આવું કેમ નહિ કહો! આપ સદૈવ વેદની મર્યાદાનું પાલન (રક્ષણ) કરો છો. ॥ ૪॥

છં૦– શ્રુતિ સેતુ પાલક રામ તુમ્હ જગદીસ માયા જાનકી ।
જો સૃજતિ જગુ પાલતિ હરતિ રુખ પાઇ કૃપાનિધાન કી ॥
જો સહસસીસુ અહીસુ મહિધરુ લખનુ સચરાચર ધની ।
સુર કાજ ધરિ નરરાજ તનુ ચલે દલન ખલ નિસિચર અની ॥

હે રામ! આપ વેદની મર્યાદાના રક્ષક જગદીશ્વર છો અને જાનકીજી [આપની સ્વરૂપભૂતા] માયા છે, જે કૃપાના ભંડાર આપનું મન પામીને જગતનું સર્જન, પાલન અને સંહાર કરે છે. જે હજાર માથાવાળા સર્પોના સ્વામી અને પૃથ્વીને પોતાના સિર ઉપર ધારણ કરનારા છે, એ જ ચરાચરના સ્વામી શેષજી લક્ષ્મણ છે. દેવતાઓના કાર્યને માટે આપ રાજાનું શરીર ધારણ કરીને દુષ્ટ રાક્ષસોની સેનાનો નાશ કરવા માટે નીકળ્યા છો. ॥ ૫॥

સો૦– રામ સરૂપ તુમ્હાર બચન અગોચર બુદ્ધિ પર ।
અબિગત અકથ અપાર નેતિ નેતિ નિત નિગમ કહ ॥ ૧૨૬॥

હે રામ! આપનું સ્વરૂપ વાણીથી અગોચર, બુદ્ધિથી પર, અવ્યક્ત, અકથનીય અને અપાર છે. વેદ નિરંતર તેનું 'નેતિ-નેતિ' કહીને વર્ણન કરે છે. ॥ ૧૨૬॥

ચૌ૦ – જગુ પેખન તુમ્હ દેખનિહારે। બિધિ હરિ સંભુ નચાવનિહારે ॥
તેઉ ન જાનહિં મરમુ તુમ્હારા। ઔરુ તુમ્હહિ કો જાનનિહારા ॥ ૧॥

હે રામ! સંસાર આપનો લીલાવિલાસ છે, આપ એને જોનારા છો. આપ બ્રહ્મા, વિષ્ણુ અને શંકરને પણ નચાવનારા છો. જ્યારે તેઓ પણ આપના મર્મને નથી જાણતા તો બીજા કોણ આપને જાણી શકે છે? ॥ ૧॥

સોઈ જાનઇ જેહિ દેહુ જનાઈ। જાનત તુમ્હહિ તુમ્હઇ હોઇ જાઈ ॥
તુમ્હરિહિ કૃપાઁ તુમ્હહિ રઘુનંદન। જાનહિં ભગત ભગત ઉર ચંદન ॥ ૨॥

એ જ આપને જાણે છે, જેને આપ જણાવી દો છો અને જાણતાં જ તે આપનું જ સ્વરૂપ બની જાય છે, હે રઘુનંદન! હે ભક્તોના હૃદયને શીતળ કરનારા ચંદન! આપની જ કૃપાથી ભક્ત આપને ઓળખી શકે છે. ॥ ૨॥

ચિદાનંદમય દેહ તુમ્હારી। બિગત બિકાર જાન અધિકારી ॥
નર તનુ ધરેહુ સંત સુર કાજા। કહહુ કરહુ જસ પ્રાકૃત રાજા ॥ ૩॥

આપનો દેહ ચિદાનંદમય છે (આ પ્રકૃતિજન્ય પંચમહાભૂતોનો બનેલ કર્મબંધનયુક્ત, ત્રિદેહ-વિશિષ્ટ માયિક નથી) અને [ઉત્પત્તિ-નાશ, વૃદ્ધિ-ક્ષય આદિ] સર્વે વિકારોથી રહિત છે; આ રહસ્યને અધિકારી પુરુષ જ જાણે છે. આપે દેવો અને સંતોના કાર્ય માટે [દિવ્ય] નર-શરીર ધારણ કર્યું છે અને પ્રાકૃત (પ્રકૃતિના તત્ત્વોથી નિર્મિત દેહવાળા, સાધારણ) રાજાઓની જેમ બોલો છો અને કરો છો. ॥ ૩॥

રામ દેખિ સુનિ ચરિત તુમ્હારે। જડ઼ મોહહિં બુધ હોહિં સુખારે ॥
તુમ્હ જો કહહુ કરહુ સબુ સાઁચા। જસ કાછિઅ તસ ચાહિઅ નાચા ॥ ૪॥

હે રામ! આપનાં ચરિત્રો જોઈને અને સાંભળીને મૂર્ખ લોકો તો મોહને પ્રાપ્ત થાય છે અને જ્ઞાનીજન સુખી થાય છે. આપ જે કંઈ કહો છો અને કરો છો, તે સર્વે યોગ્ય જ છે; કારણ જેવો સ્વાંગ ધર્યો હોય એવું જ નાચવું તો જોઈએ ને! (આ સમયે આપ મનુષ્યરૂપમાં છો, તેથી મનુષ્યોચિત વ્યવહાર કરવો જ ઠીક છે). ॥ ૪॥

દો૦ – પૂઁછેહુ મોહિ કિ રહૌં કહઁ મૈં પૂઁછત સકુચાઉઁ।
જહઁ ન હોહુ તહઁ દેહુ કહિ તુમ્હહિ દેખાવૌં ઠાઉઁ ॥ ૧૨૭॥

આપે મને પૂછ્યું કે હું ક્યાં રહું? પરંતુ હું આ પૂછતાં સંકોચાઉં છું કે જ્યાં આપ ન હોવ એ સ્થાન બતાવી દો. પછી હું આપને રહેવા માટે સ્થાન દેખાડું. ॥ ૧૨૭॥

ચૌ૦ – સુનિ મુનિ બચન પ્રેમ રસ સાને। સકુચિ રામ મન મહુઁ મુસુકાને ॥
બાલમીકિ હઁસિ કહહિં બહોરી। બાની મધુર અમિઅ રસ બોરી ॥ ૧॥

મુનિનાં પ્રેમરસમાં તરબોળ થયેલાં વચન સાંભળીને શ્રીરામચન્દ્રજી [રહસ્ય ખુલી જવાના ડરથી] સંકોચાઈને મનમાં મલકાયા. વાલ્મીકિજી હસીને પાછા અમૃત-રસમાં બોળેલી મીઠી વાણી બોલ્યા– ॥ ૧॥

સુનહુ રામ અબ કહઉઁ નિકેતા । જહાઁ બસહુ સિય લખન સમેતા ॥
જિન્હ કે શ્રવન સમુદ્ર સમાના । કથા તુમ્હારિ સુભગ સરિ નાના ॥ ૨॥

હે રામજી! સાંભળો, હવે હું એ સ્થાન બતાવું છું, જ્યાં આપ સીતાજી અને લક્ષ્મણજીસહિત નિવાસ કરો. જેમના કાન સમુદ્રની જેમ આપની સુંદર કથારૂપ અનેક સુંદર નદીઓથી – ॥ ૨॥

ભરહિં નિરંતર હોહિં ન પૂરે । તિન્હ કે હિય તુમ્હ કહુઁ ગૃહ રૂરે ॥
લોચન ચાતક જિન્હ કરિ રાખે । રહહિં દરસ જલધર અભિલાષે ॥ ૩॥

નિરંતર ભરાતા રહે છે, પરંતુ ક્યારેય પૂરા (તૃપ્ત) નથી થતા, તેમનાં હૃદય આપને માટે સુંદર ઘર છે અને જેમણે પોતાનાં નેત્રોને ચાતક બનાવી રાખ્યાં છે, જે આપના દર્શનરૂપી મેઘને માટે સદાય લલચાયેલાં રહે છે; ॥ ૩॥

નિદરહિં સરિત સિંધુ સર ભારી । રૂપ બિંદુ જલ હોહિં સુખારી ॥
તિન્હ કેં હૃદય સદન સુખદાયક । બસહુ બંધુ સિય સહ રઘુનાયક ॥ ૪॥

તથા જે ભારે-ભારે નદીઓ, સમુદ્રો અને સરોવરોનો અનાદર કરે છે અને આપના સૌંદર્ય [રૂપી મેઘ]ના એક ટીંપા જળથી સુખી થઈ જાય છે (અર્થાત્ આપના દિવ્ય સચ્ચિદાનંદમય સ્વરૂપના કોઈ એક અંગની સહેજ ઝાંખી સામે રિદ્ધિ, સિદ્ધિ સંપત્તિઓની એટલા સુધી કે બ્રહ્મલોક સુધીના સૌંદર્યની અવગણના કરે છે), હે રઘુનાથજી! એ લોકોના હૃદયરૂપી સુખદાયી ભવનોમાં આપ ભ્રાતા લક્ષ્મણજી અને સીતાજીસહિત નિવાસ કરો. ॥ ૪॥

દો૦ – જસુ તુમ્હાર માનસ બિમલ હંસિનિ જીહા જાસુ ।
મુકતાહલ ગુન ગન ચુનઇ રામ બસહુ હિયઁ તાસુ ॥ ૧૨૮॥

આપના યશરૂપી નિર્મળ માનસરોવરમાં જેની જીભ હંસી બનીને આપના ગુણસમૂહરૂપી મોતીઓને ચણતી રહે છે, હે રામજી! આપ એના હૃદયમાં વસો. ॥ ૧૨૮॥

ચૌ૦ – પ્રભુ પ્રસાદ સુચિ સુભગ સુબાસા । સાદર જાસુ લહઇ નિત નાસા ॥
તુમ્હહિ નિબેદિત ભોજન કરહીં । પ્રભુ પ્રસાદ પટ ભૂષન ધરહીં ॥ ૧॥

જેની નાસિકા પ્રભુના પવિત્ર, સુંદર અને સુગંધિત પત્ર-પુષ્પાદિ નિર્માલ્યને પ્રસાદરૂપે નિત્ય આદરની સાથે ગ્રહણ કરે છે અને જે આપને અર્પણ કરીને ભોજન કરે છે અને આપના પ્રસાદરૂપ જ વસ્ત્રાભૂષણ ધારણ કરે છે; ॥ ૧॥

સીસ નવહિં સુર ગુરુ દ્વિજ દેખી । પ્રીતિ સહિત કરિ બિનય બિસેષી ॥
કર નિત કરહિં રામ પદ પૂજા । રામ ભરોસ હૃદયઁ નહિં દૂજા ॥ ૨॥

જેમનાં મસ્તક દેવો, ગુરુ અને બ્રાહ્મણોને જોઈને ઘણી નમ્રતા સાથે પ્રેમસહિત નમી જાય છે; જેમના હાથ નિત્ય શ્રીરામજીના ચરણોની પૂજા કરે છે અને જેમના હૃદયમાં કેવળ આપનો જ ભરોસો છે, અન્યનો નહિ; ॥ ૨॥

ચરન રામ તીરથ ચલિ જાહીં। રામ બસહુ તિન્હ કે મન માહીં॥
મંત્રરાજુ નિત જપહિં તુમ્હારા। પૂજહિં તુમ્હહિ સહિત પરિવારા॥૩॥

તથા જેમના ચરણ શ્રીરામજીનાં તીર્થોમાં ચાલીને જાય છે; હે રામજી! આપ એમના મનમાં નિવાસ કરો. જે નિત્ય આપના રામનામરૂપી મંત્રરાજને જપે છે અને પરિવારસહિત આપની પૂજા કરે છે. ॥૩॥

તરપન હોમ કરહિં બિધિ નાના। બિપ્ર જેવાઁઇ દેહિં બહુ દાના॥
તુમ્હ તેં અધિક ગુરહિ જિયઁ જાની। સકલ ભાયઁ સેવહિં સનમાની॥૪॥

જે અનેક પ્રકારે તર્પણ અને હવન કરે છે, તથા બ્રાહ્મણોને ભોજન કરાવીને બહુ દાન આપે છે; તથા જે ગુરુને હૃદયમાં આપથી પણ અધિક જાણીને સર્વભાવથી સન્માન કરીને એમની સેવા કરે છે; ॥૪॥

દો૦— સબુ કરિ માગહિં એક ફલુ રામ ચરન રતિ હોઉ।
તિન્હ કેં મન મંદિર બસહુ સિય રઘુનંદન દોઉ॥૧૨૯॥

અને એ બધાં કર્મ કરીને બધાનું એકમાત્ર એ જ ફળ માગે છે કે શ્રીરામચન્દ્રજીના ચરણોમાં અમારી પ્રીતિ થાય; એ લોકોનાં મનરૂપી મંદિરોમાં સીતાજી અને રઘુકુળને આનંદિત કરનારા આપ બંનેય વસો. ॥૧૨૯॥

ચૌ૦— કામ કોહ મદ માન ન મોહા। લોભ ન છોભ ન રાગ ન દ્રોહા॥
જિન્હ કેં કપટ દંભ નહિં માયા। તિન્હ કેં હૃદય બસહુ રઘુરાયા॥૧॥

જેમને ન તો કામ, ક્રોધ, મદ, અભિમાન અને મોહ છે; ન લોભ છે, ન ક્ષોભ છે, ન રાગ છે, ન દ્વેષ છે અને ન તો કપટ, દંભ અને માયાય છે — હે રઘુનાથજી! આપ એમનાં હૃદયમાં નિવાસ કરો. ॥૧॥

સબ કે પ્રિય સબ કે હિતકારી। દુખ સુખ સરિસ પ્રસંસા ગારી॥
કહહિં સત્ય પ્રિય બચન બિચારી। જાગત સોવત સરન તુમ્હારી॥૨॥

જે સર્વેના પ્રિય અને સર્વેનું હિત કરનારા છે, જેમને દુઃખ અને સુખ તથા પ્રશંસા અને ગાળ સરખાં છે; જે વિચારીને સત્ય અને પ્રિય વચન બોલે છે તથા જે જાગતા-ઊંઘતા આપની જ શરણમાં છે, ॥૨॥

તુમ્હહિ છાડ઼િ ગતિ દૂસરિ નાહીં। રામ બસહુ તિન્હ કે મન માહીં॥
જનની સમ જાનહિં પરનારી। ધનુ પરાવ બિષ તેં બિષ ભારી॥૩॥

અને આપને છોડીને જેમને બીજી કોઈ ગતિ (આશ્રય) નથી, હે રામજી! આપ એમના મનમાં વસો. જે પારકી સ્ત્રીને જન્મ આપનારી માતા સમાન જાણે છે અને પારકું ધન જેને વિષથી પણ ભારે વિષ છે; ॥૩॥

જે હરષહિં પર સંપતિ દેખી । દુખિત હોહિં પર બિપતિ બિસેષી ॥
જિન્હહિ રામ તુમ્હ પ્રાનપિઆરે । તિન્હ કે મન સુભ સદન તુમ્હારે ॥ ૪॥

જે બીજાની સંપત્તિ જોઈને હર્ષિત થાય છે અને બીજાની વિપત્તિ જોઈને વિશેષરૂપે દુઃખી થાય છે અને હે રામજી! જેમને આપ પ્રાણોસમાન પ્રિય છો, એમનાં મન આપને રહેવાયોગ્ય શુભ ભવન છે. ॥ ૪॥

દો૦– સ્વામિ સખા પિતુ માતુ ગુર જિન્હ કે સબ તુમ્હ તાત ।
મન મંદિર તિન્હ કેં બસહુ સીય સહિત દોઉ ભ્રાત ॥ ૧૩૦॥

હે તાત! જેમના સ્વામી, સખા, પિતા, માતા અને ગુરુ સર્વ કંઈ આપ જ છો; એમના મનરૂપી મંદિરમાં સીતાસહિત આપ બંને ભાઈ નિવાસ કરો. ॥ ૧૩૦॥

ચૌ૦– અવગુન તજિ સબ કે ગુન ગહહીં । બિપ્ર ધેનુ હિત સંકટ સહહીં ॥
નીતિ નિપુન જિન્હ કઇ જગ લીકા । ઘર તુમ્હાર તિન્હ કર મનુ નીકા ॥ ૧॥

જે અવગુણોને છોડીને સર્વેના ગુણોને ગ્રહણ કરે છે, બ્રાહ્મણ અને ગાયો માટે સંકટ સહે છે, નીતિ-નિપુણતામાં જગતમાં જેઓ મર્યાદા સ્થાપિત કરનાર છે, તેમનું સુંદર મન આપનું ઘર છે. ॥ ૧॥

ગુન તુમ્હાર સમુઝઇ નિજ દોસા । જેહિ સબ ભાઁતિ તુમ્હાર ભરોસા ॥
રામ ભગત પ્રિય લાગહિં જેહી । તેહિ ઉર બસહુ સહિત બૈદેહી ॥ ૨॥

જે ગુણોને આપના અને દોષોને પોતાના સમજે છે, જેને સર્વ પ્રકારે આપનો જ ભરોસો છે અને રામભક્ત જેને પ્રિય લાગે છે, તેમના હૃદયમાં આપ શ્રીસીતાજી સહિત નિવાસ કરો. ॥ ૨॥

જાતિ પાઁતિ ધનુ ધરમુ બડ઼ાઈ । પ્રિય પરિવાર સદન સુખદાઈ ॥
સબ તજિ તુમ્હહિ રહઇ ઉર લાઈ । તેહિ કે હૃદયઁ રહહુ રઘુરાઈ ॥ ૩॥

જાતિ, પાંતિ, ધન, ધર્મ, મહત્તા, પ્રિય પરિવાર અને સુખ આપનાર ઘર – સર્વેને છોડીને કેવળ આપને જ હૃદયમાં ધારણ કરી રહે છે, હે રઘુનાથજી! આપ એના હૃદયમાં રહો. ॥ ૩॥

સરગુ નરકુ અપબરગુ સમાના । જહઁ તહઁ દેખ ધરેં ધનુ બાના ॥
કરમ બચન મન રાઉર ચેરા । રામ કરહુ તેહિ કેં ઉર ડેરા ॥ ૪॥

સ્વર્ગ, નરક અને મોક્ષ જેની દૃષ્ટિએ સરખાં છે, કેમકે તે સર્વ સ્થાને કેવળ ધનુષ-બાણ ધારણ કરેલા આપને જ જુએ છે; અને જે કર્મથી, વચનથી અને મનથી આપનો દાસ છે, હે રામજી! આપ એના હૃદયમાં નિવાસ કરો. ॥ ૪॥

દો૦– જાહિ ન ચાહિઅ કબહુઁ કછુ તુમ્હ સન સહજ સનેહુ ।
બસહુ નિરંતર તાસુ મન સો રાઉર નિજ ગેહુ ॥ ૧૩૧॥

જેમને ક્યારેય કશું જ નથી જોઈતું અને જેને આપથી સ્વાભાવિક પ્રેમ છે, આપ એના મનમાં નિરંતર નિવાસ કરો, એ આપનું પોતાનું ઘર છે. ॥ ૧૩૧॥

ચૌ૦– એહિ બિધિ મુનિબર ભવન દેખાએ। બચન સપ્રેમ રામ મન ભાએ॥
કહ મુનિ સુનહુ ભાનુકુલનાયક। આશ્રમ કહઉઁ સમય સુખદાયક॥૧॥

આ રીતે મુનિશ્રેષ્ઠ વાલ્મીકિજીએ શ્રીરામચન્દ્રજીને ઘર દેખાડ્યાં. તેમનાં પ્રેમપૂર્ણ વચન શ્રીરામજીના મનને ઘણાં સારાં લાગ્યાં. પછી મુનિએ કહ્યું – હે સૂર્યકુળના સ્વામી! સાંભળો, હવે હું સમયોચિત સુખદાયક આશ્રમ કહું છું (નિવાસસ્થાન બતાવું છું). ॥૧॥

ચિત્રકૂટ ગિરિ કરહુ નિવાસૂ। તહઁ તુમ્હાર સબ ભાઁતિ સુપાસૂ॥
સૈલુ સુહાવન કાનન ચારૂ। કરિ કેહરિ મૃગ બિહગ બિહારૂ॥૨॥

આપ ચિત્રકૂટ પર્વત પર નિવાસ કરો, ત્યાં આપને માટે સર્વ પ્રકારની સુવિધા છે. સોહામણો પર્વત છે અને સુંદર વન છે; તે હાથી, સિંહ, હરણ અને પક્ષીઓનું વિહારસ્થળ છે. ॥૨॥

નદી પુનીત પુરાન બખાની। અત્રિપ્રિયા નિજ તપબલ આની॥
સુરસરિ ધાર નાઉઁ મંદાકિનિ। જો સબ પાતક પોતક ડાકિનિ॥૩॥

ત્યાં પવિત્ર નદી છે, જેની પુરાણોએ પ્રશંસા કરી છે અને જેને અત્રિઋષિનાં પત્ની અનસુયાજી પોતાના તપોબળથી લાવ્યાં હતાં. તે દેવનદી ગંગાજીની ધારા છે, તેનું નામ મંદાકિની છે. તે સર્વ પાપરૂપી બાળકોને ખાઈ નાખવા માટે ડાકણરૂપ છે. ॥૩॥

અત્રિ આદિ મુનિબર બહુ બસહીં। કરહિં જોગ જપ તપ તન કસહીં॥
ચલહુ સફલ શ્રમ સબ કર કરહૂ। રામ દેહુ ગૌરવ ગિરિબરહૂ॥૪॥

અત્રિ આદિ ઘણા જ શ્રેષ્ઠ મુનિ ત્યાં નિવાસ કરે છે; જે યોગ, જપ અને તપ કરીને શરીરને કસે છે. હે રામજી! ચાલો, સર્વેના પરિશ્રમને સફળ કરો અને પર્વતશ્રેષ્ઠ ચિત્રકૂટને પણ ગૌરવ આપો. ॥૪॥

દો૦– ચિત્રકૂટ મહિમા અમિત કહી મહામુનિ ગાઇ।
આઇ નહાએ સરિત બર સિય સમેત દોઉ ભાઇ॥૧૩૨॥

મહામુનિ વાલ્મીકિજીએ ચિત્રકૂટનો અપરિમિત મહિમા વખાણીને કહ્યો. પછી સીતાજીસહિત બંને ભાઈઓએ આવીને શ્રેષ્ઠ નદી મંદાકિનીમાં સ્નાન કર્યું. ॥૧૩૨॥

ચૌ૦– રઘુબર કહેઉ લખન ભલ ઘાટૂ। કરહુ કતહુઁ અબ ઠાહર ઠાટૂ॥
લખન દીખ પય ઉતર કરારા। ચહુઁ દિસિ ફિરેઉ ધનુષ જિમિ નારા॥૧॥

શ્રીરામચન્દ્રજીએ કહ્યું – લક્ષ્મણ! ઘણો સુંદર ઘાટ છે. હવે, અહીં ક્યાંક ઊતરવાની વ્યવસ્થા કરો. પછી લક્ષ્મણજીએ પયસ્વિની નદીની ઉત્તરે ઊંચા કિનારાને જોયો [અને કહ્યું કે –] આની ચારે બાજુ ધનુષના જેવી એક નદીની ધારા ફરી વળેલી છે. ॥૧॥

નદી પનચ સર સમ દમ દાના। સકલ કલુષ કલિ સાઉજ નાના॥
ચિત્રકૂટ જનુ અચલ અહેરી। ચુકઇ ન ઘાત માર મુઠભેરી॥૨॥

નદી (મંદાકિની) તે ધનુષની પ્રત્યંચા છે અને શમ, દમ, દાન બાણ છે. કળિયુગનાં સમસ્ત પાપ એનાં અનેક હિંસક પશુ [રૂપી નિશાના] છે. ચિત્રકૂટ જ જાણે અચલ શિકારી છે, જેનો નિશાનો કદી ચૂકતો નથી અને જે સામેથી મારે છે. ॥ ૨॥

અસ કહિ લખન ઠાઉઁ દેખરાવા। થલુ બિલોકિ રઘુબર સુખુ પાવા॥
રમેઉ રામ મનુ દેવન્હ જાના। ચલે સહિત સુર થપતિ પ્રધાના॥ ૩॥

આમ કહીને લક્ષ્મણજીએ સ્થળ બતાવ્યું. સ્થળ જોઈને શ્રીરામચન્દ્રજી સુખ પામ્યા. જ્યારે દેવોએ જાણ્યું કે શ્રીરામચન્દ્રજીનું મન અહીં લાગી ગયું છે તો તેઓ દેવતાઓના મુખ્ય સ્થપતિ વિશ્વકર્માને સાથે લઈને ચાલ્યા. ॥ ૩॥

કોલ કિરાત બેષ સબ આએ। રચે પરન તૃન સદન સુહાએ॥
બરનિ ન જાહિં મંજુ દુઇ સાલા। એક લલિત લઘુ એક બિસાલા॥ ૪॥

બધા દેવો કોલ-ભીલોના વેશમાં આવ્યા અને એમણે [દિવ્ય] પાંદડાં અને ઘાસથી સુંદર ઘર બનાવી દીધાં. બે એવી સુંદર ઝૂંપડીઓ બનાવી કે જેમનું વર્ણન નથી થઈ શકતું. એમાં એક ઘણી સુંદર અને નાનકડી હતી જ્યારે બીજી મોટી હતી. ॥ ૪॥

દો૦ – લખન જાનકી સહિત પ્રભુ રાજત રુચિર નિકેત।
સોહ મદનુ મુનિ બેષ જનુ રતિ રિતુરાજ સમેત॥ ૧૩૩॥

લક્ષ્મણજી અને જાનકીજી સહિત પ્રભુ શ્રીરામચન્દ્રજી સુંદર ઘાસ-પાંદડાંના ઘરમાં શોભાયમાન છે, જાણે કામદેવ મુનિનો વેશ ધારણ કરીને પત્ની રતિ અને વસંતઋતુની સાથે સુશોભિત હોય. ॥ ૧૩૩॥

માસપારાયણ, સત્તરમો વિશ્રામ

ચૌ૦ – અમર નાગ કિંનર દિસિપાલા। ચિત્રકૂટ આએ તેહિ કાલા॥
રામ પ્રનામુ કીન્હ સબ કાહૂ। મુદિત દેવ લહિ લોચન લાહૂ॥ ૧॥

તે સમયે દેવતા, નાગ, કિન્નર અને દિક્પાળ ચિત્રકૂટે આવ્યા અને શ્રીરામચન્દ્રજીએ સર્વે કોઈને પ્રણામ કર્યાં. દેવતા નેત્રોનો લાભ પામીને આનંદિત થયા. ॥ ૧॥

બરષિ સુમન કહ દેવ સમાજૂ। નાથ સનાથ ભએ હમ આજૂ॥
કરિ બિનતી દુખ દુસહ સુનાએ। હરષિત નિજ નિજ સદન સિધાએ॥ ૨॥

ફૂલોની વર્ષા કરીને દેવસમાજે કહ્યું – હે નાથ! આજે [આપનાં દર્શન પામીને] અમે સનાથ થઈ ગયા. પછી વિનંતી કરીને તેમણે પોતાનાં દુઃસહ્ય દુઃખ સંભળાવ્યાં અને [દુઃખોના નાશનું આશ્વાસન પામીને] હરખાઈને પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. ॥ ૨॥

ચિત્રકૂટ રઘુનંદનુ છાએ। સમાચાર સુનિ સુનિ મુનિ આએ॥
આવત દેખિ મુદિત મુનિબૃંદા। કીન્હ દંડવત રઘુકુલ ચંદા॥ ૩॥

શ્રીરઘુનાથજી ચિત્રકૂટમાં દરેક સ્થળે છવાઈ ગયા છે, આ સમાચાર સાંભળીને ઘણા જ મુનિ આવ્યા. રઘુકુળના ચન્દ્રમા શ્રીરામચન્દ્રજીએ આનંદસભર મુનિમંડળીને આવતી જોઈને દંડવત્ પ્રણામ કર્યાં. ॥ ૩॥

મુનિ રઘુબરહિ લાઇ ઉર લેહીં। સુફલ હોન હિત આસિષ દેહીં॥
સિય સૌમિત્રિ રામ છબિ દેખહિં। સાધન સકલ સફલ કરિ લેખહિં॥ ૪॥

મુનિગણ શ્રીરામજીને હૃદય સરસા ચાંપી દે છે અને સફળ થવા માટે આશીર્વાદ આપે છે. તે સીતાજી, લક્ષ્મણજી અને શ્રીરામચન્દ્રજીની શોભા જુએ છે અને પોતાના સઘળાં સાધનોને સફળ થયેલાં સમજે છે. ॥ ૪॥

દો૦– જથાજોગ સનમાનિ પ્રભુ બિદા કિએ મુનિબૃંદ।
કરહિં જોગ જપ જાગ તપ નિજ આશ્રમન્હિ સુછંદ॥ ૧૩૪॥

પ્રભુ શ્રીરામચન્દ્રજીએ યથાયોગ્ય સન્માન કરીને મુનિમંડળીને વિદાય કરી. શ્રીરામચન્દ્રજીના આગમનથી તે સર્વે પોતપોતાના આશ્રમોમાં હવે સ્વતંત્રતા સાથે યોગ, જપ, યજ્ઞ અને તપ કરવા લાગ્યા. ॥ ૧૩૪॥

ચૌ૦– યહ સુધિ કોલ કિરાતન્હ પાઈ। હરષે જનુ નવ નિધિ ઘર આઈ॥
કંદ મૂલ ફલ ભરિ ભરિ દોના। ચલે રંક જનુ લૂટન સોના॥ ૧॥

શ્રીરામજીના આગમનના સમાચાર જ્યારે કોલ-ભીલોને મળ્યા, તો તે એવા હરખાયા કે જાણે નવે નિધિઓ એમના ઘેર જ આવી ગઈ હોય. તેઓ પડિયાઓમાં કંદ, મૂળ, ફળ ભરી-ભરીને ચાલ્યા, જાણે દરિદ્ર સોનું લૂંટવા ચાલ્યો હોય. ॥ ૧॥

તિન્હ મહઁ જિન્હ દેખે દોઉ ભ્રાતા। અપર તિન્હહિ પૂઁછહિં મગુ જાતા॥
કહત સુનત રઘુબીર નિકાઈ। આઇ સબન્હિ દેખે રઘુરાઈ॥ ૨॥

એમનામાંથી જે બંને ભાઈઓને (અગાઉ) જોઈ ચૂક્યા હતા, તેમને બીજા લોકો રસ્તામાં જતાં પૂછે છે. આમ, શ્રીરામજીની સુંદરતા કહેતાં-સાંભળતાં સર્વેએ આવીને શ્રીરઘુનાથજીનાં દર્શન કર્યાં. ॥ ૨॥

કરહિં જોહારુ ભેંટ ધરિ આગે। પ્રભુહિ બિલોકહિં અતિ અનુરાગે॥
ચિત્ર લિખે જનુ જહઁ તહઁ ઠાઢ઼ે। પુલક સરીર નયન જલ બાઢ઼ે॥ ૩॥

ભેટ સામે મૂકીને તે લોકો જુહાર કરે છે અને અત્યંત અનુરાગ સાથે પ્રભુને જુએ છે. તેઓ મુગ્ધ બની જ્યાં ને ત્યાં જાણે ચિત્રમાં દોર્યા હોય તેમ સ્થિર ઊભા છે. તેમનાં શરીર પુલકિત છે અને નેત્રોમાં પ્રેમાશ્રુઓના જળનું પૂર આવી રહ્યું છે. ॥ ૩॥

રામ સનેહ મગન સબ જાને। કહિ પ્રિય બચન સકલ સનમાને॥
પ્રભુહિ જોહારિ બહોરિ બહોરી। બચન બિનીત કહહિં કર જોરી॥ ૪॥

શ્રીરામજીએ તે સૌને પ્રેમમાં મગ્ન જાણ્યા અને પ્રિય વચન કહીને સર્વેનું સન્માન કર્યું. તેઓ વારંવાર પ્રભુ શ્રીરઘુવીરજીને જુહાર કરીને હાથ જોડી વિનીત વચન કહે છે – ॥ ૪॥

દો૦ – **અબ હમ નાથ સનાથ સબ ભએ દેખિ પ્રભુ પાય ।**
ભાગ હમારેં આગમનુ રાઉર કોસલરાય ॥ ૧૩૫॥

હે નાથ! પ્રભુના ચરણોનાં દર્શન પામીને અમે બધા સનાથ થઈ ગયા. હે કોશલરાજ! અમારાં જ ભાગ્યથી આપનું અહીં શુભાગમન થયું છે. ॥ ૧૩૫॥

ચૌ૦ – **ધન્ય ભૂમિ બન પંથ પહારા । જહઁ જહઁ નાથ પાઉ તુમ્હ ધારા ॥**
ધન્ય બિહગ મૃગ કાનન ચારી । સફલ જનમ ભએ તુમ્હહિ નિહારી ॥ ૧॥

હે નાથ! જ્યાં જ્યાં આપે આપના ચરણ મૂક્યા છે, તે પૃથ્વી, વન, માર્ગ અને પર્વત ધન્ય છે, તે વનમાં વિચરનારાં પક્ષી અને પશુ ધન્ય છે, જે આપને જોઈને સફળજન્મ થઈ ગયાં. ॥ ૧॥

હમ સબ ધન્ય સહિત પરિવારા । દીખ દરસુ ભરિ નયન તુમ્હારા ॥
કીન્હ બાસુ ભલ ઠાઉઁ બિચારી । ઈહાઁ સકલ રિતુ રહબ સુખારી ॥ ૨॥

અમે સૌ પણ પોતાના પરિવારસહિત ધન્ય છીએ, જેમણે નેત્રો ભરીને આપનાં દર્શન કર્યાં. આપે ઘણી શ્રેષ્ઠ જગ્યા વિચારીને નિવાસ કર્યો છે. અહીં સર્વે ઋતુઓમાં આપ સુખી રહેશો. ॥ ૨॥

હમ સબ ભાઁતિ કરબ સેવકાઈ । કરિ કેહરિ અહિ બાઘ બરાઈ ॥
બન બેહડ઼ ગિરિ કંદર ખોહા । સબ હમાર પ્રભુ પગ પગ જોહા ॥ ૩॥

અમે લોકો બધી રીતે હાથી, સિંહ, સર્પ અને વાઘોથી બચાવીને આપની સેવા કરીશું. હે પ્રભુ! અહીંનાં વિકટ વન, પર્વત, ગુફાઓ અને ખીણો સર્વે પગપાળા અમારાં જોયેલાં છે. ॥ ૩॥

તહઁ તહઁ તુમ્હહિ અહેર ખેલાઉબ । સર નિરઝર જલઠાઉઁ દેખાઉબ ॥
હમ સેવક પરિવાર સમેતા । નાથ ન સકુચબ આયસુ દેતા ॥ ૪॥

અમે ત્યાં-ત્યાં (તે-તે સ્થળોએ) આપને શિકાર ખેલવશું અને તળાવ, ઝરણાં આદિ જળાશયો બતાવીશું. અમે કુટુમ્બસહિત આપના સેવક છીએ. હે નાથ! એટલે અમને આજ્ઞા આપવામાં સંકોચ ન કરશો. ॥ ૪॥

દો૦ – **બેદ બચન મુનિ મન અગમ તે પ્રભુ કરુના ઐન ।**
બચન કિરાતન્હ કે સુનત જિમિ પિતુ બાલક બૈન ॥ ૧૩૬॥

જે વેદોનાં વચન અને મુનિઓના મનને પણ અગમ્ય છે, તે કરુણાના ધામ પ્રભુ શ્રીરામચન્દ્રજી ભીલોનાં વચન એ રીતે સાંભળી રહ્યા છે જેમ પિતા બાળકોનાં વચન સાંભળે છે. ॥ ૧૩૬॥

ચૌ૦ – **રામહિ કેવલ પ્રેમુ પિઆરા । જાનિ લેઉ જો જાનનિહારા ॥**
રામ સકલ બનચર તબ તોષે । કહિ મૃદુ બચન પ્રેમ પરિપોષે ॥ ૧॥

શ્રીરામચન્દ્રજીને કેવળ પ્રેમ પ્રિય છે; જે ઓળખનારો હોય તે ઓળખી લે. પછી શ્રીરામચન્દ્રજીએ પ્રેમથી પરિપુષ્ટ થયેલાં પ્રેમપૂર્ણ કોમળ વચન કહીને તે સર્વે વનવાસીઓને સંતુષ્ટ કર્યા. ॥ ૧॥

બિદા કિએ સિર નાઈ સિધાએ । પ્રભુ ગુન કહત સુનત ઘર આએ ॥
એહિ બિધિ સિય સમેત દોઉ ભાઈ । બસહિં બિપિન સુર મુનિ સુખદાઈ ॥ ૨॥

પછી એમને વિદાય કર્યા. તે માથું નમાવી ચાલ્યા અને પ્રભુના ગુણ કહેતા - સાંભળતાં ઘેર આવ્યા. આમ, દેવો અને મુનિઓને સુખ આપનારા બંને ભાઈ સીતાજીસહિત વનમાં નિવાસ કરવા લાગ્યા. ॥ ૨॥

જબ તેં આઈ રહે રઘુનાયકુ । તબ તેં ભયઉ બનુ મંગલદાયકુ ॥
ફૂલહિં ફલહિં બિટપ બિધિ નાના । મંજુ બલિત બર બેલિ બિતાના ॥ ૩॥

જ્યારથી રઘુનાથજી વનમાં આવીને રહ્યા ત્યારથી વન મંગળદાયક થઈ ગયું. બધાંય વૃક્ષો અનેક રીતે ફૂલવા-ફાલવા લાગ્યાં છે અને તેમના ઉપર વીંટળાયેલી સુંદર વેલોના મંડપ ફેલાયેલા છે. ॥ ૩॥

સુરતરુ સરિસ સુભાયઁ સુહાએ । મનહુઁ બિબુધ બન પરિહરિ આએ ॥
ગુંજ મંજુતર મધુકર શ્રેની । ત્રિબિધ બયારિ બહઈ સુખ દેની ॥ ૪॥

તે કલ્પવૃક્ષ સમાન સ્વાભાવિક જ સુંદર છે, જાણે તે દેવતાઓના નંદનવનને છોડીને આવ્યા હોય. ભમરાઓની પંક્તિઓ ઘણું જ સુંદર ગુંજન કરે છે અને સુખ આપનારી શીતળ, મંદ, સુગંધિત હવા વાઈ રહી છે. ॥ ૪॥

દો૦ – નીલકંઠ કલકંઠ સુક ચાતક ચક્ક ચકોર ।
ભાઁતિ ભાઁતિ બોલહિં બિહગ શ્રવન સુખદ ચિત ચોર ॥ ૧૩૭॥

નીલકંઠ, કોયલ, પોપટ, બપૈયા, ચકવા અને ચકોર આદિ પક્ષીઓ કાનોને સુખ આપનારો અને ચિત્તને ચોરનારો જાતજાતનો કલરવ કરે છે. ॥ ૧૩૭॥

ચૌ૦ – કરિ કેહરિ કપિ કોલ કુરંગા । બિગતબૈર બિચરહિં સબ સંગા ॥
ફિરત અહેર રામ છબિ દેખી । હોહિં મુદિત મૃગ બૃંદ બિસેષી ॥ ૧॥

હાથી, સિંહ, વાંદરા, સૂવર અને હરણ – આ સર્વે વેર ત્યજીને સાથેસાથે વિચરે છે. શિકાર માટે ફરતાં શ્રીરામચન્દ્રજીની શોભાને જોઈને પશુઓનો સમૂહ વિશેષ આનંદિત થાય છે. ॥ ૧॥

બિબુધ બિપિન જહઁ લગિ જગ માહીં । દેખિ રામબનુ સકલ સિહાહીં ॥
સુરસરિ સરસઈ દિનકર કન્યા । મેકલસુતા ગોદાવરિ ધન્યા ॥ ૨॥

જગતમાં જ્યાં સુધી (જેટલા) દેવતાઓનાં વન છે, બધાંય શ્રીરામજીના વનને જોઈને ઈર્ષ્યાપૂર્વક પ્રશંસા કરે છે. ગંગા, સરસ્વતી, સૂર્યકુમારી યમુના, નર્મદા, ગોદાવરી આદિ પુણ્યમયી નદીઓ, ॥ ૨॥

સબ સર સિંધુ નદીં નદ નાના । મંદાકિનિ કર કરહિં બખાના ॥
ઉદય અસ્ત ગિરિ અરુ કૈલાસૂ । મંદર મેરુ સકલ સુરબાસૂ ॥ ૩॥

બધાં તળાવ, સમુદ્ર, નદી અને અનેક વહેળા સર્વે મંદાકિનીનો મહિમા ગાય છે. ઉદયાચળ, અસ્તાચળ, કૈલાસ, મંદરાચળ અને સુમેરુ આદિ બધા જે દેવતાઓનાં રહેવાનાં સ્થાન છે, ॥ ૩॥

સૈલ હિમાચલ આદિક જેતે । ચિત્રકૂટ જસુ ગાવહિં તેતે ॥
બિંધિ મુદિત મન સુખુ ન સમાઈ । શ્રમ બિનુ બિપુલ બડ઼ાઈ પાઈ ॥ ૪॥

અને હિમાલય આદિ જેટલા પર્વતો છે, સર્વે ચિત્રકૂટનો યશ ગાય છે. વિંધ્યાચલ ઘણો જ આનંદિત છે, તેનાં મનમાં સુખ સમાતું નથી; કેમકે એણે વિના પરિશ્રમે જ અત્યંત મોટી મહત્તા પામી લીધી છે. ॥ ૪॥

દો૦ – ચિત્રકૂટ કે બિહગ મૃગ બેલિ બિટપ તૃન જાતિ ।
પુન્ય પુંજ સબ ધન્ય અસ કહહિં દેવ દિન રાતિ ॥ ૧૩૮॥

ચિત્રકૂટનાં પક્ષી, પશુ, વેલ, તૃણ - અંકુરાદિની બધી જ જાતો પુણ્યોનો ભંડાર છે અને ધન્ય છે – દેવતા દિવસ રાત આવું કહે છે. ॥ ૧૩૮॥

ચૌ૦ – નયનવંત રઘુબરહિ બિલોકી । પાઈ જનમ ફલ હોહિં બિસોકી ॥
પરસિ ચરન રજ અચર સુખારી । ભએ પરમ પદ કે અધિકારી ॥ ૧॥

નેત્રવાન હોવાનું સૌથી મોટું ફળ એ છે કે શ્રીરામજીનાં દર્શન. જેનાથી જન્મ સફળ થઈ જાય છે અને શોકમુક્ત થવાય છે અને અચલ જીવ એટલે કે પર્વત, વૃક્ષ, ભૂમિ, નદી, આદિ પણ ભગવાનની ચરણરજનો સ્પર્શ પામીને સુખી થઈ જાય છે. આમ, બધાય પરમપદના અધિકારી થઈ ગયા. ॥ ૧॥

સો બનુ સૈલુ સુભાયઁ સુહાવન । મંગલમય અતિ પાવન પાવન ॥
મહિમા કહિઅ કવનિ બિધિ તાસૂ । સુખસાગર જહઁ કીન્હ નિવાસૂ ॥ ૨॥

તે વન અને પર્વત સ્વાભાવિક જ સુંદર છે, મંગળમય છે અને અત્યંત પવિત્રોને પણ પવિત્ર કરનારો છે. તેનો મહિમા કયા પ્રકારે કહેવાય, જ્યાં સુખના સમુદ્ર શ્રીરામજીએ પોતે જ નિવાસ કર્યો છે? ॥ ૨॥

પય પયોધિ તજિ અવધ બિહાઈ । જહઁ સિય લખનુ રામુ રહે આઈ ॥
કહિ ન સકહિં સુષમા જસિ કાનન । જૌં સત સહસ હોહિં સહસાનન ॥ ૩॥

ક્ષીરસાગરનો ત્યાગ કરીને અને અયોધ્યાને છોડીને જ્યાં સીતાજી, લક્ષ્મણજી અને શ્રીરામચન્દ્રજી આવીને રહ્યાં, એ વનની જે પરમ શોભા છે, તેને હજાર મુખવાળા જો લાખ શેષજી હોય તો તે પણ નથી કહી શકતા. ॥ ૩॥

સો મૈં બરનિ કહૌં બિધિ કેહીં । ડાબર કમઠ કિ મંદર લેહીં ॥
સેવહિં લખનુ કરમ મન બાની । જાઈ ન સીલુ સનેહુ બખાની ॥ ૪॥

તેને ભલા, હું કયા પ્રકારે વર્ણન કરીને કહી શકું? શું ખાબોચિયાનો [ક્ષુદ્ર] કાચબો પણ મંદરાચલને ઉઠાવી શકે છે? લક્ષ્મણજી મન, વચન અને કર્મથી શ્રીરામચન્દ્રજીની સેવા કરે છે. તેમના શીલ અને સ્નેહનું વર્ણન કરી નથી શકાતું. ॥ ૪॥

દો૦ – છિનુ છિનુ લખિ સિય રામ પદ જાનિ આપુ પર નેહુ ।
કરત ન સપનેહુઁ લખનુ ચિતુ બંધુ માતુ પિતુ ગેહુ ॥ ૧૩૯॥

પળે-પળે શ્રીસીતારામજીના ચરણોને જોઈને અને પોતાના ઉપર એમનો સ્નેહ જાણીને લક્ષ્મણજી સપનાંમાં પણ ભાઈઓ, માતા-પિતા અને ઘરને સંભારતા નથી. ॥ ૧૩૯॥

ચૌ૦ – રામ સંગ સિય રહતિ સુખારી । પુર પરિજન ગૃહ સુરતિ બિસારી ॥
છિનુ છિનુ પિય બિધુ બદનુ નિહારી । પ્રમુદિત મનહુઁ ચકોર કુમારી ॥ ૧॥

શ્રીરામચન્દ્રજી સાથે સીતાજી અયોધ્યાપુરી, કુટુમ્બના લોકો અને ઘરનું સ્મરણ ભૂલીને બહુ જ સુખી રહે છે. પળે-પળે પતિ શ્રીરામચન્દ્રજીના ચન્દ્રમા સમાન મુખને જોઈને તે એવા પ્રસન્ન રહે છે જેમ ચકોર-કન્યા (ચકોરી) ચન્દ્રમાને જોઈને. ॥ ૧॥

નાહ નેહુ નિત બઢ઼ત બિલોકી । હરષિત રહતિ દિવસ જિમિ કોકી ॥
સિય મનુ રામ ચરન અનુરાગા । અવધ સહસ સમ બનુ પ્રિય લાગા ॥ ૨॥

સ્વામીનો પ્રેમ પોતાના ઉપર નિત્ય વધતો જોઈને સીતાજી એવા હરખાય છે જેમ દિવસમાં ચકવી. સીતાજીનું મન શ્રીરામચન્દ્રજીના ચરણોમાં અનુરક્ત છે, તેથી એમને વન હજારો અવધ સમાન પ્રિય લાગે છે. ॥ ૨॥

પરનકુટી પ્રિય પ્રિયતમ સંગા । પ્રિય પરિવારુ કુરંગ બિહંગા ॥
સાસુ સસુર સમ મુનિતિય મુનિબર । અસનુ અમિઅ સમ કંદ મૂલ ફર ॥ ૩॥

પ્રિયતમ શ્રીરામજીની સાથે પર્ણકુટી પ્રિય લાગે છે. મૃગ અને પક્ષી પ્રિય કુટુંબી સમાન લાગે છે. મુનિઓની સ્ત્રીઓ સાસુજી સમાન, શ્રેષ્ઠ મુનિ સસરાજી સમાન અને કંદ-મૂળ-ફળોનો આહાર તેમને અમૃત સમાન લાગે છે. ॥ ૩॥

નાથ સાથ સાઁથરી સુહાઈ । મયન સયન સય સમ સુખદાઈ ॥
લોકપ હોહિં બિલોકત જાસૂ । તેહિ કિ મોહિ સક બિષય બિલાસૂ ॥ ૪॥

સ્વામીની સાથે સુંદર દર્ભ અને પાંદડાંની પથારી સેંકડો કામદેવની શય્યા સમાન સુખ આપનારી છે. જેમના (કૃપાપૂર્વક) જોવામાત્રથી જીવ લોકપાળ થઈ જાય છે, તેમને શું ભોગ-વિલાસ મોહિત કરી શકે છે?! ॥ ૪॥

દો૦ – સુમિરત રામહિ તજહિં જન તૃન સમ બિષય બિલાસુ ।
રામપ્રિયા જગ જનનિ સિય કછુ ન આચરજુ તાસુ ॥ ૧૪૦॥

શ્રીરામચન્દ્રજીનું સ્મરણ કરવાથી જ ભક્તજન તમામ ભોગ-વિલાસને તણખલાની જેમ ત્યાગી દે છે, તો શ્રીરામચન્દ્રજીનાં પ્રિય પત્ની અને જગતનાં માતા સીતાજીનો આ ભોગ-વિલાસનો ત્યાગ કંઈ આશ્ચર્ય નથી. ॥ ૧૪૦॥

ચૌ૦ – સીય લખન જેહિ બિધિ સુખુ લહહીં । સોઈ રઘુનાથ કરહિં સોઈ કહહીં ॥
કહહિં પુરાતન કથા કહાની । સુનહિં લખનુ સિય અતિ સુખુ માની ॥ ૧॥

સીતાજી અને લક્ષ્મણજીને જે રીતે સુખ મળે, શ્રીરઘુનાથજી એવું જ કરે છે અને એવું જ કહે છે. ભગવાન પ્રાચીન કથાઓ અને વાર્તાઓ કહે છે અને લક્ષ્મણજી તથા સીતાજી અત્યંત સુખ માનીને સાંભળે છે. ॥ ૧॥

જબ જબ રામુ અવધ સુધિ કરહીં । તબ તબ બારિ બિલોચન ભરહીં ॥
સુમિરિ માતુ પિતુ પરિજન ભાઈ । ભરત સનેહુ સીલુ સેવકાઈ ॥ ૨॥

જ્યારે જ્યારે શ્રીરામજી અયોધ્યાનું સ્મરણ કરે છે, ત્યારે ત્યારે એમનાં નેત્રોમાં જળ ભરાઈ આવે છે. માતા-પિતા, કુટુમ્બીઓ અને ભાઈઓ તથા ભરતના પ્રેમ, શીલ અને સેવાભાવને યાદ કરીને – ॥ ૨॥

કૃપાસિંધુ પ્રભુ હોહિં દુખારી । ધીરજુ ધરહિં કુસમઉ બિચારી ॥
લખિ સિય લખનુ બિકલ હોઇ જાહીં । જિમિ પુરુષહિ અનુસર પરિછાહીં ॥ ૩॥

કૃપાના સમુદ્ર પ્રભુ શ્રીરઘુનાથજી દુઃખી થઈ જાય છે, પરંતુ પછી કુસમય સમજીને ધીરજ ધારણ કરી લે છે. શ્રીરામચન્દ્રજીને દુઃખી જોઈને સીતાજી અને લક્ષ્મણજી પણ વ્યાકુળ થઈ જાય છે, જેમ કોઈ મનુષ્યનો પડછાયો તે મનુષ્યના જેવી જ ચેષ્ટા કરે છે. ॥ ૩॥

પ્રિયા બંધુ ગતિ લખિ રઘુનંદનુ । ધીર કૃપાલ ભગત ઉર ચંદનુ ॥
લગે કહન કછુ કથા પુનીતા । સુનિ સુખુ લહહિં લખનુ અરુ સીતા ॥ ૪॥

વળી ધીર, કૃપાળુ અને ભક્તોનાં હૃદયોને શીતળ કરવા માટે ચંદનરૂપ રઘુકુળને આનંદિત કરનારા શ્રીરામચન્દ્રજી પ્રિય પત્ની અને ભાઈ લક્ષ્મણની દશા જોઈને કેટલીક પવિત્ર કથાઓ કહેવા લાગે છે; જેને સાંભળીને લક્ષ્મણજી અને સીતાજી સુખ પ્રાપ્ત કરે છે. ॥ ૪॥

દો૦ – રામુ લખન સીતા સહિત સોહત પરન નિકેત ।
જિમિ બાસવ બસ અમરપુર સચી જયંત સમેત ॥ ૧૪૧॥

લક્ષ્મણજી અને સીતાજીસહિત શ્રીરામજી પર્ણકુટીમાં એવા સુશોભિત છે જેમ અમરાવતીમાં ઈન્દ્ર પોતાનાં પત્ની શચી અને પુત્ર જયંતસહિત વસે છે. ॥ ૧૪૧॥

ચૌ૦ – જોગવહિં પ્રભુ સિય લખનહિં કૈસેં । પલક બિલોચન ગોલક જૈસેં ॥
સેવહિં લખનુ સીય રઘુબીરહિ । જિમિ અબિબેકી પુરુષ સરીરહિ ॥ ૧॥

પ્રભુ શ્રીરામજી અને સીતાજી બંનેય લક્ષ્મણજીની એવી સંભાળ રાખે છે, જેમ બંને પાંપણો નેત્રોની કીકીની. તેમજ શ્રીસીતાજી અને શ્રીરામચન્દ્રજીની સેવા લક્ષ્મણજી એવી રીતે કરે છે, જેમ અજ્ઞાની મનુષ્ય શરીરની કરી રહ્યા હોય. ॥ ૧॥

એહિ બિધિ પ્રભુ બન બસહિંસુખારી । ખગ મૃગ સુર તાપસ હિતકારી ॥
કહેઉઁ રામ બન ગવનુ સુહાવા । સુનહુ સુમંત્ર અવધ જિમિ આવા ॥ ૨॥

પક્ષી, પશુ, દેવો અને તપસ્વીઓના હિતકારી પ્રભુ આ રીતે સુખપૂર્વક વનમાં નિવાસ કરી રહ્યાં છે. તુલસીદાસજી કહે છે – મેં શ્રીરામજીનું સુંદર વનગમન કહ્યું. હવે જે રીતે સુમન્ત્ર અયોધ્યામાં પાછા આવ્યા તે [કથા] સાંભળો. ॥ ૨॥

ફિરેઉ નિષાદુ પ્રભુહિ પહુઁચાઈ । સચિવ સહિત રથ દેખેસિ આઈ ॥
મંત્રી બિકલ બિલોકિ નિષાદૂ । કહિ ન જાઈ જસ ભયઉ બિષાદૂ ॥ ૩॥

નિષાદરાજ જ્યારે પ્રભુ શ્રીરામચન્દ્રજીને પહોંચાડીને પાછો ફર્યો, ત્યારે આવીને તેણે રથને મન્ત્રી(સુમન્ત્ર)સહિત જોયો. મન્ત્રીને એવા વ્યાકુળ થયેલા જોઈને નિષાદને જેવું દુઃખ થયું તે કહી શકાતું નથી. ॥ ૩॥

રામ રામ સિય લખન પુકારી । પરેઉ ધરનિતલ બ્યાકુલ ભારી ॥
દેખિ દખિન દિસિ હય હિહિનાહીં । જનુ બિનુ પંખ બિહગ અકુલાહીં ॥ ૪॥

[નિષાદને એકલો આવ્યો જાણીને] સુમન્ત્ર હા રામ! હા રામ! હા સીતે! હા લક્ષ્મણ! પોકારતાં ઘણાં વ્યાકુળ થઈને ધરતી પર ઢળી પડ્યા છે. [રથના] ઘોડા દક્ષિણ દિશા સામે [જ્યાં શ્રીરામજી ગયા હતા] જોઈ-જોઈને હણહણે છે, જાણે પાંખો વિના પક્ષીઓ વ્યાકુળ થઈ રહ્યાં હોય. ॥ ૪॥

દો૦– નહિં તૃન ચરહિં ન પિઅહિં જલુ મોચહિં લોચન બારિ ।
બ્યાકુલ ભએ નિષાદ સબ રઘુબર બાજિ નિહારિ ॥ ૧૪૨॥

તેઓ ન તો ઘાસ ચરે છે, ન પાણી પીએ છે. કેવળ આંખોથી જળ વહાવી રહ્યાં છે. શ્રીરામચન્દ્રજીના ઘોડાઓને આ દશામાં જોઈને બધા નિષાદ વ્યાકુળ થઈ ગયા. ॥ ૧૪૨॥

ચૌ૦– ધરિ ધીરજુ તબ કહઇ નિષાદૂ । અબ સુમંત્ર પરિહરહુ બિષાદૂ ॥
તુમ્હ પંડિત પરમારથ ગ્યાતા । ધરહુ ધીર લખિ બિમુખ બિધાતા ॥ ૧॥

પછી ધીરજ ધરીને નિષાદરાજ કહેવા લાગ્યા – હે સુમન્ત્રજી! હવે વિષાદને છોડો. આપ પંડિત અને પરમાર્થને જાણનારા છો. વિધાતાને પ્રતિકૂળ જાણીને ધૈર્ય ધારણ કરો. ॥ ૧॥

બિબિધિ કથા કહિ કહિ મૃદુ બાની । રથ બૈઠારેઉ બરબસ આની ॥
સોક સિથિલ રથુ સકઇ ન હાઁકી । રઘુબર બિરહ પીર ઉર બાઁકી ॥ ૨॥

કોમળ વાણીથી જાત-જાતની કથાઓ કહીને નિષાદે બળીજબરીથી લાવીને સુમન્ત્રને રથ પર બેસાડ્યા. પરંતુ શોકને લીધે તેઓ એટલા શિથિલ થઈ ગયા કે રથને હાંકી નથી શકતા. તેમના હૃદયમાં શ્રીરામચન્દ્રજીના વિરહની ઘણી તીવ્ર વેદના છે. ॥ ૨॥

ચરફરાહિં મગ ચલહિં ન ઘોરે। બન મૃગ મનહુઁ આનિ રથ જોરે ॥
અઢુકિ પરહિં ફિરિ હેરહિં પીછેં। રામ બિયોગિ બિકલ દુખ તીછેં ॥ ૩॥

શ્રીરામજીના વિયોગમાં પરવશ ઘોડા તરફડે છે અને [ઠીક] માર્ગ પર ચાલી શકતા નથી. જાણે જંગલી પશુ લાવીને રથમાં જોતરી દીધાં હોય. તે શ્રીરામચન્દ્રજીના વિયોગી ઘોડા ક્યારેક ઠોકર ખાઈને પડી જાય છે; ક્યારેક પાછા વળીને જોવા લાગે છે. તેઓ તીક્ષ્ણ દુઃખથી વ્યાકુળ છે. ॥ ૩॥

જો કહ રામુ લખનુ બૈદેહી। હિંકરિ હિંકરિ હિત હેરહિં તેહી ॥
બાજિ બિરહ ગતિ કહિ કિમિ જાતી। બિનુ મનિ ફનિક બિકલ જેહિ ભાઁતી ॥ ૪॥

જો કોઈ રામ, લક્ષ્મણ અથવા જાનકીજીનું નામ લઈ લે છે તો ઘોડા હણી-હણીને તેમની સામું સ્નેહથી જોવા લાગે છે. ઘોડાઓની વિરહદશા કેમ કહી શકાય? તે એવા વ્યાકુળ છે જેમ મણિ વિના સર્પ વ્યાકુળ થઈ જાય છે. ॥ ૪॥

દો૦– ભયઉ નિષાદુ બિષાદબસ દેખત સચિવ તુરંગ।
બોલિ સુસેવક ચારિ તબ દિએ સારથી સંગ ॥ ૧૪૩॥

મન્ત્રી અને ઘોડાઓની આ દશા જોઈને નિષાદરાજ વિષાદને વશ થઈ ગયો. ત્યારે તેણે પોતાના ચાર ઉત્તમ સેવકોને બોલાવીને સારથિની સાથે કરી દીધા. ॥ ૧૪૩॥

ચૌ૦– ગુહ સારથિહિ ફિરેઉ પહુઁચાઈ। બિરહુ બિષાદુ બરનિ નહિં જાઈ ॥
ચલે અવધ લેઇ રથહિ નિષાદા। હોહિં છનહિં છન મગન બિષાદા ॥ ૧॥

નિષાદરાજ ગુહ સારથિ સુમન્ત્રજીને પહોંચાડીને (વળાવીને) પાછો ફર્યો. તેના વિરહ અને દુઃખનું વર્ણન નથી કરી શકાતું. તે ચારેય નિષાદ રથ લઈને અવધ જવા ચાલ્યા. [સુમન્ત્રને અને ઘોડાઓને જોઈ-જોઈને] તેઓ પણ પળેપળે વિષાદમાં ડૂબી જતા હતા. ॥ ૧॥

સોચ સુમંત્ર બિકલ દુખ દીના। ધિગ જીવન રઘુબીર બિહીના ॥
રહિહિ ન અંતહુઁ અધમ સરીરૂ। જસુ ન લહેઉ બિછુરત રઘુબીરૂ ॥ ૨॥

વ્યાકુળ અને દુઃખથી દીન થયેલા સુમન્ત્રજી વિચારે છે કે રઘુવીર વિનાના જીવનને ધિક્કાર છે. આખરે આ અધમ શરીર તો રહેવાનું છે જ નહિ. અત્યારે શ્રીરામચન્દ્રજીથી વિખૂટા પડતાં જ છૂટીને એણે યશ [કેમ] ન લઈ લીધો! ॥ ૨॥

ભએ અજસ અઘ ભાજન પ્રાના। કવન હેતુ નહિં કરત પયાના ॥
અહહ મંદ મનુ અવસર ચૂકા। અજહુઁ ન હૃદય હોત દુઇ ટૂકા ॥ ૩॥

આ પ્રાણ અપયશ અને પાપનાં પાત્ર થઈ ગયાં. હવે, એ કયા કારણે કૂચ નથી કરી જતા ? હાય! નીચ મન [ઘણો સારો] અવસર ચૂકી ગયું. હજી પણ હૃદયના બે ટુકડા કેમ નથી થઈ જતા! ॥ ૩॥

મીજિ હાથ સિરુ ધુનિ પછિતાઈ। મનહુઁ કૃપન ધન રાસિ ગવાઁઈ॥
બિરિદ બાઁધિ બર બીરુ કહાઈ। ચલેઉ સમર જનુ સુભટ પરાઈ॥૪॥

સુમન્ત્ર હાથ મસળી-મસળીને અને માથું પીટીપીટીને પસ્તાય છે; જાણે કોઈ કંજૂસ ધનનો ખજાનો ખોઈ બેઠો હોય. તે એ રીતે ચાલ્યો કે જાણે કોઈ મોટો યોદ્ધા વીરનો વેષ ધારણ કરીને અને ઉત્તમ શૂરવીર કહેવડાવીને યુદ્ધમાંથી ભાગી છૂટ્યો હોય! ॥૪॥

દો૦ – બિપ્ર બિબેકી બેદબિદ સંમત સાધુ સુજાતિ।
જિમિ ધોખેં મદપાન કર સચિવ સોચ તેહિ ભાઁતિ॥૧૪૪॥

જેમ કોઈ વિવેકશીલ, વેદનો જ્ઞાતા, સાધુસમ્મત આચરણ કરનારો અને ઉત્તમ જાતિનો કુલીન બ્રાહ્મણ ભ્રમથી મદિરા પી લે અને પછી પસ્તાય, તે જ પ્રકારે મન્ત્રી સુમન્ત્ર શોક કરીને પસ્તાઈ રહ્યા છે. ॥૧૪૪॥

ચૌ૦ – જિમિ કુલીન તિય સાધુ સયાની। પતિદેવતા કરમ મન બાની॥
રહૈ કરમ બસ પરિહરિ નાહૂ। સચિવ હૃદયઁ તિમિ દારુન દાહૂ॥૧॥

જેમ કોઈ ઉત્તમ કુળવાળી, સાધુસ્વભાવની, સમજદાર અને મન, વચન, કર્મથી પતિને જ દેવતા માનનારી પતિવ્રતા સ્ત્રીને ભાગ્યવશ પતિને છોડીને (પતિથી જુદા) રહેવું પડે, તે સમયે તેના હૃદયમાં જેવો ભયાનક સંતાપ થાય છે, તેવો જ મન્ત્રીના હૃદયમાં થઈ રહ્યો છે. ॥૧॥

લોચન સજલ ડીઠિ ભઇ થોરી। સુનઇ ન શ્રવન બિકલ મતિ ભોરી॥
સૂખહિં અધર લાગિ મુહઁ લાટી। જિઉ ન જાઇ ઉર અવધિ કપાટી॥૨॥

નેત્રોમાં જળ ભરાયું છે, દૃષ્ટિ મંદ થઈ ગઈ છે, કાનોથી સંભળાતું નથી, વ્યાકુળ થયેલી બુદ્ધિ બહાવરી બની રહી છે. હોઠ સુકાઈ રહ્યા છે, મુખમાં ઘરકડો બાઝી ગયો છે. પરંતુ [આ બધાં મૃત્યુનાં લક્ષણ હોવા છતાં] પ્રાણ નથી નીકળતા; કેમકે હૃદયમાં અવધિરૂપ કમાડ લાગેલાં છે (અર્થાત્ ચૌદ વર્ષ વીતી ગયાં પછી ભગવાન ફરી મળશે, આ જ આશા પ્રાણને નીકળવામાં બાધા ઊભી કરી રહી છે). ॥૨॥

બિબરન ભયઉ ન જાઇ નિહારી। મારેસિ મનહુઁ પિતા મહતારી॥
હાનિ ગલાનિ બિપુલ મન બ્યાપી। જમપુર પંથ સોચ જિમિ પાપી॥૩॥

સુમન્ત્રજીના મુખનો રંગ બદલાઈ ગયો છે, જે દેખી શકાતો નથી. એમ જણાય છે કે જાણે તેમણે માતા-પિતાને મારી નાખ્યાં હોય. એમના મનમાં રામવિયોગરૂપી હાનિની મહાન ગ્લાનિ (પીડા) છવાઈ રહી છે; જેમ કોઈ પાપી મનુષ્ય નરકે જતાં માર્ગમાં શોક કરી રહ્યો હોય. ॥૩॥

બચનુ ન આવ હૃદયઁ પછિતાઈ। અવધ કાહ મૈં દેખબ જાઈ॥
રામ રહિત રથ દેખિહિ જોઈ। સકુચિહિ મોહિ બિલોકત સોઈ॥૪॥

મુખમાંથી વચન નથી નીકળતું. હૃદયમાં પસ્તાય છે કે હું અયોધ્યામાં જઈને શું જોઈશ? શ્રીરામચન્દ્રજી વિના ખાલી રથને જે પણ જોશે; તે જ મને જોવામાં સંકોચ કરશે (અર્થાત્ મારું મુખ દેખવા નહીં ઈચ્છે). ॥૪॥

દો૦– ધાઈ પૂઁછિહહિં મોહિ જબ બિકલ નગર નર નારિ।
ઉતરુ દેબ મૈં સબહિ તબ હૃદયઁ બજ્રુ બૈઠારિ ॥૧૪૫॥

નગરનાં બધાં વ્યાકુળ સ્ત્રી-પુરુષ જ્યારે દોડીને મને પૂછશે, ત્યારે હું હૃદય પર વજ્ર મૂકીને બધાને ઉત્તર આપીશ! ॥૧૪૫॥

ચૌ૦– પુછિહહિં દીન દુખિત સબ માતા। કહબ કાહ મૈં તિન્હહિ બિધાતા॥
પૂછિહિ જબહિં લખન મહતારી। કહિહઉઁ કવન સઁદેસ સુખારી॥૧॥

જ્યારે દીન દુઃખી સર્વે માતાઓ પૂછશે, ત્યારે હે વિધાતા! હું એમને શું કહીશ? જ્યારે લક્ષ્મણજીનાં માતા મને પૂછશે, ત્યારે હું એમને કયો સુખદાયક સંદેશ કહીશ? ॥૧॥

રામ જનનિ જબ આઇહિ ધાઈ। સુમિરિ બચ્છુ જિમિ ધેનુ લવાઈ॥
પૂઁછત ઉતરુ દેબ મૈં તેહી। ગે બનુ રામ લખનુ બૈદેહી॥૨॥

શ્રીરામજીનાં માતા જ્યારે એ રીતે દોડ્યાં આવશે જેમ નવી વીવાયેલી ગાય વાછરડાને સંભારીને દોડી આવે છે, પછી એમના પૂછવાથી હું એમને આ ઉત્તર આપીશ કે શ્રીરામ, લક્ષ્મણ, સીતા વનમાં ચાલ્યા ગયાં! ॥૨॥

જોઇ પૂઁછિહિ તેહિ ઊતરુ દેબા। જાઇ અવધ અબ યહુ સુખુ લેબા॥
પૂઁછિહિ જબહિં રાઉ દુખ દીના। જિવનુ જાસુ રઘુનાથ અધીના॥૩॥

જે પણ પૂછશે તેમને આ જ ઉત્તર આપવો પડશે! હાય! અયોધ્યા જઈને હવે મારે આ જ સુખ લેવું છે! જ્યારે દુઃખથી દીન મહારાજ, જેમનું જીવન શ્રીરઘુનાથજીના [દર્શનને] જ આધીન છે, મને પૂછશે, ॥૩॥

દેહઉઁ ઉતરુ કૌનુ મુહુ લાઈ। આયઉઁ કુસલ કુઅઁર પહુઁચાઈ॥
સુનત લખન સિય રામ સઁદેસૂ। તૃન જિમિ તનુ પરિહરિહિ નરેસૂ॥૪॥

ત્યારે હું કયું મોં લઈને એમને ઉત્તર આપીશ કે હું રાજકુમારોને કુશળપૂર્વક પહોંચાડી આવ્યો છું! લક્ષ્મણ, સીતા અને શ્રીરામના સંદેશા (સમાચાર) સાંભળતાં જ મહારાજ તણખલાની જેમ શરીરને ત્યાગી દેશે! ॥૪॥

દો૦– હૃદઉ ન બિદરેઉ પંક જિમિ બિછુરત પ્રીતમુ નીરુ।
જાનત હૌં મોહિ દીન્હ બિધિ યહુ જાતના સરીરુ॥૧૪૬॥

પ્રિયતમ(શ્રીરામજી)રૂપી જળથી વિખૂટતાં જ મારું હૃદય કાદવની જેમ ફાટી કેમ ન ગયું! એટલે હું જાણું છું કે વિધાતાએ મને આ 'યાતનાશરીર' જ આપ્યું છે [જે પાપી જીવોને નરક ભોગવવાને અર્થે મળે છે]. ॥૧૪૬॥

ચૌ૦– એહિ બિધિ કરત પંથ પછિતાવા। તમસા તીર તુરત રથુ આવા॥
બિદા કિએ કરિ બિનય નિષાદા। ફિરે પાયઁ પરિ બિકલ બિષાદા॥૧॥

સુમન્ત્ર આ રીતે માર્ગમાં પસ્તાવો કરી રહ્યા હતા, એટલામાં જ રથ શીઘ્ર તમસા નદીના કિનારા પર પહોંચ્યો. મન્ત્રીએ વિનય કરીને ચારેય નિષાદોને વિદાય કર્યા. તેઓ વિષાદથી વ્યાકુળ થતાં સુમન્ત્રના પગે પડીને પાછા ફર્યા. ॥ ૧॥

પૈઠત નગર સચિવ સકુચાઈ। જનુ મારેસિ ગુર બાઁભન ગાઈ॥
બૈઠિ બિટપ તર દિવસુ ગવાઁવા। સાઁઝ સમય તબ અવસરુ પાવા॥ ૨॥

નગરમાં પ્રવેશ કરતાં મન્ત્રી [ગ્લાનિને લીધે] એવા સંકોચાય છે કે જાણે ગુરુ, બ્રાહ્મણ અથવા ગાયને મારીને આવ્યા હોય! આખો દિવસ એક વૃક્ષની નીચે બેસીને વીતાવ્યો. જ્યારે સંધ્યા થઈ ત્યારે તક મળી. ॥ ૨॥

અવધ પ્રબેસુ કીન્હ અઁધિઆરેં। પૈઠ ભવન રથુ રાખિ દુઆરેં॥
જિન્હ જિન્હ સમાચાર સુનિ પાએ। ભૂપ દ્વાર રથુ દેખન આએ॥ ૩॥

અંધારું થયે તેમણે અયોધ્યામાં પ્રવેશ કર્યો અને રથને દરવાજે ઊભો કરીને તેઓ [ચૂપકીદીથી] મહેલમાં પ્રવેશ્યા. જે જે લોકોએ આ સમાચાર સાંભળી લીધા તેઓ બધા રથ જોવા રાજદ્વારે આવ્યા. ॥ ૩॥

રથુ પહિચાનિ બિકલ લખિ ઘોરે। ગરહિં ગાત જિમિ આતપ ઓરે॥
નગર નારિ નર બ્યાકુલ કૈસેં। નિઘટત નીર મીનગન જૈસેં॥ ૪॥

રથને ઓળખીને અને ઘોડાઓને વ્યાકુળ જોઈને એમનાં શરીર એવા ઓગળી રહ્યા છે (ક્ષીણ થઈ રહ્યા છે) જેમ તાપથી કરા! નગરનાં સ્ત્રી-પુરુષ કેવાં વ્યાકુળ છે, જેવાં જળ ઘટવાથી માછલાં વ્યાકુળ થાય છે! ॥ ૪॥

દો૦– સચિવ આગમનુ સુનત સબુ બિકલ ભયઉ રનિવાસુ।
ભવનુ ભયંકરુ લાગ તેહિ માનહુઁ પ્રેત નિવાસુ॥ ૧૪૭॥

માત્ર મન્ત્રીનું આવવું સાંભળીને આખો રાણીવાસ વ્યાકુળ થઈ ગયો. રાજમહેલ એમને એવો ભયાનક લાગ્યો જાણે પ્રેતોનું નિવાસસ્થાન (સ્મશાન) હોય. ॥ ૧૪૭॥

ચૌ૦– અતિ આરતિ સબ પૂઁછહિં રાની। ઉતરુ ન આવ બિકલ ભઈ બાની॥
સુનઈ ન શ્રવન નયન નહિં સૂઝા। કહહુ કહાઁ નૃપુ તેહિ તેહિ બૂઝા॥ ૧॥

અત્યંત આર્ત થઈને બધી રાણીઓ પૂછે છે; પણ સુમન્ત્રને કંઈ ઉત્તર સૂઝતો નથી, એમની વાણી રુંધાઈ ગઈ છે. ન કાનોથી સાંભળી શકાય છે અને ન આંખોથી કંઈ સૂઝે છે. તેઓ જે પણ સામે આવે છે તેને-તેને પૂછે છે – કહો, મહારાજા ક્યાં છે? ॥ ૧॥

દાસિન્હ દીખ સચિવ બિકલાઈ। કૌસલ્યા ગૃહઁ ગઈં લવાઈ॥
જાઇ સુમંત્ર દીખ કસ રાજા। અમિઅ રહિત જનુ ચંદુ બિરાજા॥ ૨॥

દાસીઓ મન્ત્રીને વ્યાકુળ જોઈને તેમને કૌશલ્યાના મહેલમાં લઈ ગઈ. સુમન્ત્રે જઈને ત્યાં રાજાને એવા [બેઠેલા] જોયા જાણે ચન્દ્રમા અમૃતવિહોણો હોય. ॥ ૨॥

આસન સયન બિભૂષન હીના। પરેઉ ભૂમિતલ નિપટ મલીના ॥
લેઈ ઉસાસુ સોચ એહિ ભાઁતી। સુરપુર તેં જનુ ખઁસેઉ જજાતી ॥ ૩॥

રાજા આસન, શય્યા અને આભૂષણોથી રહિત, તદ્દન મલિન (ઉદાસ) પૃથ્વી પર પડ્યા છે. તેઓ લાંબો શ્વાસ લઈને (નિસાસો નાખીને) એ પ્રકારે શોક કરે છે જાણે રાજા યયાતિ સ્વર્ગમાંથી પતન પામીને શોક કરી રહ્યા હોય. ॥ ૩॥

લેત સોચ ભરિ છિનુ છિનુ છાતી। જનુ જરિ પંખ પરેઉ સંપાતી ॥
રામ રામ કહ રામ સનેહી। પુનિ કહ રામ લખન બૈદેહી ॥ ૪॥

રાજા પળે-પળે શોકથી છાતી ભરી લે છે. એવી વિકળ દશા છે જાણે [ગીધરાજ જટાયુનો ભાઈ] સંપાતી પાંખો બળી જવાથી પડી ગયો હોય. રાજા [વારંવાર] 'રામ, રામ', 'હા સ્નેહી (પ્રિય) રામ'! કહે છે. વળી, 'હા રામ, હા લક્ષ્મણ, હા જાનકી' એમ કહેવા લાગે છે. ॥ ૪॥

દો૦ – દેખિ સચિવઁ જય જીવ કહિ કીન્હેઉ દંડ પ્રનામુ।
સુનત ઉઠેઉ બ્યાકુલ નૃપતિ કહુ સુમંત્ર કહઁ રામુ ॥ ૧૪૮॥

મન્ત્રીએ જોઈને 'જય જીવ' કહીને દંડવત્ પ્રણામ કર્યા. સાંભળતાં જ રાજા વ્યાકુળ થઈને ઊઠ્યા અને બોલ્યા – સુમન્ત્ર! કહો, રામ ક્યાં છે? ॥ ૧૪૮॥

ચૌ૦ – ભૂપ સુમંત્રુ લીન્હ ઉર લાઈ। બૂડ઼ત કછુ અધાર જનુ પાઈ ॥
સહિત સનેહ નિકટ બૈઠારી। પૂઁછત રાઉ નયન ભરિ બારી ॥ ૧॥

રાજાએ સુમન્ત્રને હૃદય સરસા ચાંપી દીધા. જાણે ડૂબતા માણસને કંઈક આધાર મળી ગયો હોય. મન્ત્રીને સ્નેહ સાથે પાસે બેસાડી નેત્રોમાં જળ ભરીને રાજા પૂછવા લાગ્યા – ॥ ૧॥

રામ કુસલ કહુ સખા સનેહી। કહઁ રઘુનાથુ લખનુ બૈદેહી ॥
આને ફેરિ કિ બનહિ સિધાએ। સુનત સચિવ લોચન જલ છાએ ॥ ૨॥

હે મારા પ્રિય સખા! શ્રીરામના કુશળ કહો. બતાવો, શ્રીરામ, લક્ષ્મણ અને જાનકી ક્યાં છે? એમને પાછા લઈ આવ્યા છો કે તેઓ વનમાં જતા રહ્યાં? આ સાંભળતાં જ મન્ત્રીનાં નેત્રોમાં જળ ભરાઈ આવ્યું. ॥ ૨॥

સોક બિકલ પુનિ પૂઁછ નરેસૂ। કહુ સિય રામ લખન સંદેસૂ ॥
રામ રૂપ ગુન સીલ સુભાઊ। સુમિરિ સુમિરિ ઉર સોચત રાઊ ॥ ૩॥

શોકથી વ્યાકુળ થઈને રાજા પાછા પૂછવા લાગ્યા – સીતા, રામ અને લક્ષ્મણનો સંદેશો તો કહો. શ્રીરામચન્દ્રજીના રૂપ, ગુણ, શીલ અને સ્વભાવને યાદ કરી-કરીને રાજા હૃદયમાં શોક કરે છે. ॥ ૩॥

રાઉ સુનાઈ દીન્હ બનબાસૂ। સુનિ મન ભયઉ ન હરષુ હરાઁસૂ ॥
સો સુત બિછુરત ગએ ન પ્રાના। કો પાપી બડ઼ મોહિ સમાના ॥ ૪॥

[અને કહે છે –] મેં રાજા થવાની વાત સંભળાવીને વનવાસ આપી દીધો; આ સાંભળીને પણ જેના (રામના) મનમાં હર્ષ અને વિષાદ ન થયો, એવા પુત્રનો વિયોગ થવા છતાં મારા પ્રાણ ન ગયા, તો મારા સમાન મોટો પાપી બીજો કોણ હશે? ॥ ૪॥

દો૦ – સખા રામુ સિય લખનુ જહઁ તહાઁ મોહિ પહુઁચાઉ ।
નાહિં ત ચાહત ચલન અબ પ્રાન કહઉઁ સતિભાઉ ॥ ૧૪૯॥

હે સખા! શ્રીરામ, જાનકી અને લક્ષ્મણ જ્યાં છે, મને ત્યાં જ પહોંચાડી દો. નહિતર હું ખરા ભાવથી કહું છું કે મારા પ્રાણ હવે પ્રયાણ જ કરવા ઇચ્છે છે. ॥ ૧૪૯॥

ચૌ૦ – પુનિ પુનિ પૂઁછત મંત્રિહિ રાઊ । પ્રિયતમ સુઅન સઁદેસ સુનાઊ ॥
કરહિ સખા સોઇ બેગિ ઉપાઊ । રામુ લખનુ સિય નયન દેખાઊ ॥ ૧॥

રાજા વારંવાર મન્ત્રીને પૂછે છે – મારા પ્રિયતમ પુત્રોનો સંદેશો સંભળાવો. હે સખા! તમે તુરત જ એવો ઉપાય કરી શ્રીરામ, લક્ષ્મણ અને સીતાને મારાં નયનોને દેખાડી દો. ॥ ૧॥

સચિવ ધીર ધરિ કહ મૃદુ બાની । મહારાજ તુમ્હ પંડિત ગ્યાની ॥
બીર સુધીર ધુરંધર દેવા । સાધુ સમાજુ સદા તુમ્હ સેવા ॥ ૨॥

મન્ત્રી ધીરજ ધરીને કોમળ વાણી બોલ્યા – મહારાજ! આપ પંડિત અને જ્ઞાની છો. આપ શૂરવીર તથા ઉત્તમ ધૈર્યવાન પુરુષોમાં શ્રેષ્ઠ છો. આપે સદાય દેવો અને સાધુઓના સમાજનું સેવન કર્યું છે. ॥ ૨॥

જનમ મરન સબ દુખ સુખ ભોગા । હાનિ લાભુ પ્રિય મિલન બિયોગા ॥
કાલ કરમ બસ હોહિં ગોસાઈં । બરબસ રાતિ દિવસ કી નાઈં ॥ ૩॥

જન્મ-મરણ, સુખ-દુઃખના ભોગ, નફો-નુકસાન, પ્રિયનો મેળાપ-વિયોગ, આ સઘળું હે સ્વામી! કાળ અને કર્મને આધીન રાત અને દિવસની જેમ અવિરત થયા કરે છે. ॥ ૩॥

સુખ હરષહિં જડ઼ દુખ બિલખાહીં । દોઉ સમ ધીર ધરહિં મન માહીં ॥
ધીરજ ધરહુ બિબેકુ બિચારી । છાડ઼િઅ સોચ સકલ હિતકારી ॥ ૪॥

મૂર્ખ લોકો સુખમાં હરખાય છે અને દુઃખમાં રુદન કરે છે, પણ ધીર પુરુષ પોતાના મનમાં બંનેને સમાન સમજે છે. હે સર્વેના હિતકારી (રક્ષક)! આપ વિવેક વિચારીને ધીરજ ધરો અને શોકનો પરિત્યાગ કરો. ॥ ૪॥

દો૦ – પ્રથમ બાસુ તમસા ભયઉ દૂસર સુરસરિ તીર ।
ન્હાઇ રહે જલપાનુ કરિ સિય સમેત દોઉ બીર ॥ ૧૫૦॥

શ્રીરામજીનો પહેલો નિવાસ (મુકામ) તમસાના તટ ઉપર થયો, બીજો ગંગા તીરે. સીતાજી સહિત બંને ભાઈ તે દિવસે સ્નાન કરીને ફક્ત જળ પીને જ રહ્યા. ॥ ૧૫૦॥

ચૌ૦ – કેવટ કીન્હિ બહુત સેવકાઈ । સો જામિનિ સિંગરૌર ગવાઁઈ ॥
હોત પ્રાત બટ છીરુ મગાવા । જટા મુકુટ નિજ સીસ બનાવા ॥ ૧॥

કેવટે (નિષાદરાજે) ઘણી સેવા કરી. તે રાત્રિ શૃંગવેરપુરમાં જ વીતાવી. બીજા દિવસે સવાર થતાં જ વડનું દૂધ મંગાવ્યું અને તેનાથી શ્રીરામ-લક્ષ્મણે પોતાના સિરે જટાઓના મુગટ બનાવ્યા. ॥ ૧॥

રામ સખાઁ તબ નાવ મગાઈ । પ્રિયા ચઢ઼ાઈ ચઢ઼ે રઘુરાઈ ॥
લખન બાન ધનુ ધરે બનાઈ । આપુ ચઢ઼ે પ્રભુ આયસુ પાઈ ॥ ૨॥

ત્યારે શ્રીરામચન્દ્રજીના સખા નિષાદરાજે નાવ મગાવી. પહેલા પ્રિયા સીતાજીને તેની પર ચઢાવી પછી શ્રીરઘુનાથજી ચઢ્યા. પછી લક્ષ્મણજીએ ધનુષ-બાણ સજાવીને રાખ્યાં અને પ્રભુ શ્રીરામચન્દ્રજીની આજ્ઞા પામી સ્વયં ચઢ્યા. ॥ ૨॥

બિકલ બિલોકિ મોહિ રઘુબીરા । બોલે મધુર બચન ધરિ ધીરા ॥
તાત પ્રનામુ તાત સન કહેહૂ । બાર બાર પદ પંકજ ગહેહૂ ॥ ૩॥

મને વ્યાકુળ જોઈને શ્રીરઘુવીરજી ધીરજ ધરીને મધુર વચન બોલ્યા – હે તાત! પિતાજીને મારાં પ્રણામ કહેજો અને મારા તરફથી વારંવાર એમનાં ચરણકમળ પકડજો. ॥ ૩॥

કરબિ પાયઁ પરિ બિનય બહોરી । તાત કરિઅ જનિ ચિંતા મોરી ॥
બન મગ મંગલ કુસલ હમારેં । કૃપા અનુગ્રહ પુન્ય તુમ્હારેં ॥ ૪॥

પછી પગ પકડીને વિનંતી કરજો કે હે પિતાજી! આપ મારી ચિંતા ન કરો. આપની કૃપા, અનુગ્રહ અને પુણ્યથી વનમાં અને માર્ગમાં અમારું કુશળ-મંગળ થશે. ॥ ૪॥

છં૦ – તુમ્હરેં અનુગ્રહ તાત કાનન જાત સબ સુખુ પાઇહૌં ।
પ્રતિપાલિ આયસુ કુસલ દેખન પાય પુનિ ફિરિ આઇહૌં ॥
જનનીં સકલ પરિતોષિ પરિ પરિ પાયઁ કરિ બિનતી ઘની ।
તુલસી કરહુ સોઇ જતનુ જેહિં કુસલી રહહિં કોસલધની ॥

હે પિતાજી! આપના અનુગ્રહથી હું વનમાં જતાં સર્વે પ્રકારનું સુખ પામીશ. આજ્ઞાનું સારી રીતે પાલન કરીને ચરણોનાં દર્શન કરવા કુશળપૂર્વક પાછો વળીને આવીશ. બધી માતાઓના પગે પડી-પડીને તેમને દરેક પ્રકારે સંતોષ આપીને એમને ઘણી વિનંતી કરીને - તુલસીદાસ કહે છે – તમે એવો પ્રયત્ન કરજો કે જેથી કૌશલપતિ પિતાજી કુશળ રહે.

સો૦ – ગુર સન કહબ સઁદેસુ બાર બાર પદ પદુમ ગહિ ।
કરબ સોઇ ઉપદેસુ જેહિં ન સોચ મોહિ અવધપતિ ॥ ૧૫૧॥

વારંવાર ચરણકમળોને પકડીને ગુરુ વસિષ્ઠજીને મારો સંદેશો કહેજો કે તેઓ એવા જ ઉપદેશો આપે કે જેથી અવધપતિ પિતાજી મારો શોક ન કરે. ॥ ૧૫૧॥

ચૌ૦ – પુરજન પરિજન સકલ નિહોરી । તાત સુનાએહુ બિનતી મોરી ॥
સોઇ સબ ભાँતિ મોર હિતકારી । જાતેં રહ નરનાહુ સુખારી ॥ ૧॥

હે તાત! બધા પુરવાસીઓ અને કુટુમ્બીઓને આગ્રહપૂર્વક (અનુરોધ કરીને) મારી વિનંતી સંભળાવજો કે એ જ મનુષ્ય મારો બધી રીતે હિતકારી છે કે જેની ચેષ્ટાથી મહારાજ સુખી રહે. ॥ ૧॥

કહબ સँદેસુ ભરત કે આએँ । નીતિ ન તજિઅ રાજપદુ પાએँ ॥
પાલેહુ પ્રજહિ કરમ મન બાની । સેએહુ માતુ સકલ સમ જાની ॥ ૨॥

ભરતના આગમને એમને મારો સંદેશો કહેજો કે, રાજાનું પદ પામીને નીતિનો ત્યાગ કરશે નહિં. કર્મ, વચન અને મનથી પ્રજાનું પાલન કરશે અને સર્વે માતાઓને સમાન જાણીને તેમની સેવા કરશે. ॥૨॥

ઓર નિબાહેહુ ભાયપ ભાઈ । કરિ પિતુ માતુ સુજન સેવકાઈ ॥
તાત ભાँતિ તેહિ રાખબ રાઊ । સોચ મોર જેહિં કરૈ ન કાઊ ॥ ૩॥

અને હે ભાઈ! પિતા, માતા અને સ્વજનોની સેવા કરીને બંધુપણાને અંત સુધી નભાવશો. હે તાત! રાજા(પિતાજી)ને એ જ પ્રકારે રાખજો, જેથી તે કદી (કોઈ પણ રીતે) મારો શોક ન કરે. ॥ ૩॥

લખન કહે કછુ બચન કઠોરા । બરજિ રામ પુનિ મોહિ નિહોરા ॥
બાર બાર નિજ સપથ દેવાઈ । કહબિ ન તાત લખન લરિકાઈ ॥ ૪॥

લક્ષ્મણજીએ કંઈક કઠોર વચન કહ્યાં. પરંતુ શ્રીરામજીએ તેમને બોલતાં રોકીને પછી મને અનુરોધ કર્યો અને વારંવાર પોતાનાં સોગંદ દેવડાવ્યાં [અને કહ્યું –] હે તાત! લક્ષ્મણની છોકરમત ત્યાં ન કહેશો. ॥ ૪॥

દો૦ – કહિ પ્રનામુ કછુ કહન લિય સિય ભઈ સિથિલ સનેહ ।
થકિત બચન લોચન સજલ પુલક પલ્લવિત દેહ ॥ ૧૫૨॥

પ્રણામ કરી સીતાજી પણ કંઈક કહેવા માંડ્યાં હતાં, પરંતુ સ્નેહવશ તે શિથિલ થઈ ગયાં. તેમની વાણી રુંધાઈ ગઈ (કંઈ કહી ન શક્યાં). નેત્રોમાં જળ ભરાઈ આવ્યાં અને શરીર રોમાંચથી વ્યાપ્ત થઈ ગયું; ॥ ૧૫૨॥

ચૌ૦ – તેહિ અવસર રઘુબર રુખ પાઈ । કેવટ પારહિ નાવ ચલાઈ ॥
રઘુકુલતિલક ચલે એહિ ભાँતી । દેખઉँ ઠાઢ઼ કુલિસ ધરિ છાતી ॥ ૧॥

એ જ સમયે શ્રીરામચન્દ્રજીનો ઈશારો પામીને કેવટે પાર જવા માટે નાવ ચલાવી દીધી. આ રીતે રઘુવંશતિલક શ્રીરામચન્દ્રજી ચાલી નીકળ્યા અને હું છાતી પર વજ્ર મૂકીને ઊભાં ઊભાં જોતો રહ્યો. ॥ ૧॥

મૈં આપન કિમિ કહૌં કલેસૂ । જિઅત ફિરેઉँ લેઇ રામ સँદેસૂ ॥
અસ કહિ સચિવ બચન રહિ ગયઊ । હાનિ ગલાનિ સોચ બસ ભયઊ ॥ ૨॥

હું પોતાના ક્લેશને કેવી રીતે કહું, જે શ્રીરામજીનો આ સંદેશો લઈને જીવતો જ પાછો ફર્યો! આમ કહીને મન્ત્રીની વાણી રુંધાઈ ગઈ (તે ચૂપ થઈ ગયા) અને તે હાનિની ગ્લાનિ અને શોકને વશ થઈ ગયા. ॥ ૨॥

સૂત બચન સુનતહિં નરનાહૂ । પરેઉ ધરનિ ઉર દારુન દાહૂ ॥
તલફત બિષમ મોહ મન માપા । માજા મનહુઁ મીન કહુઁ બ્યાપા ॥ ૩॥

સારથિ સુમન્ત્રનાં વચન સાંભળતાં જ રાજા પૃથ્વી ઢળી પડ્યા. તેમના હૃદયમાં ભયાનક દાહ થવા લાગ્યો. તે તરફડવા લાગ્યા, તેમનું મન ભીષણ મોહથી વ્યાકુળ થઈ ગયું, જાણે માછલાં ને માંજો (પહેલા વરસાદના પાણીનું ફેણ) વ્યાપી ગયો હોય (પ્રથમ વર્ષાનું જળ લાગી ગયું હોય). ॥ ૩॥

કરિ બિલાપ સબ રોવહિં રાની । મહા બિપતિ કિમિ જાઈ બખાની ॥
સુનિ બિલાપ દુખહૂ દુખુ લાગા । ધીરજહૂ કર ધીરજુ ભાગા ॥ ૪॥

બધી રાણીઓ વિલાપ કરીને રોઈ રહી છે. તે મહાન વિપત્તિનું વર્ણન કેમ કરી શકાય? તે સમયના વિલાપને સાંભળીને દુઃખને પણ દુઃખ લાગ્યું અને ધીરજનું પણ ધીરજ નાસી ગયું! ॥ ૪॥

દો૦ – ભયઉ કોલાહલુ અવધ અતિ સુનિ નૃપ રાઉર સોરુ ।
બિપુલ બિહગ બન પરેઉ નિસિ માનહુઁ કુલિસ કઠોરુ ॥ ૧૫૩॥

રાજાના રાણીવાસમાં [રોવાનો] શોરબકોર સાંભળી સમસ્ત અયોધ્યામાં ઘણો ભારે વિલાપ મચી ગયો! [એમ જણાતું હતું કે] જાણે પક્ષીઓના વિશાળ વનમાં રાત્રિના સમયે કઠોર વજ્ર પડ્યું હોય. ॥ ૧૫૩॥

ચૌ૦ – પ્રાન કંઠગત ભયઉ ભુઆલૂ । મનિ બિહીન જનુ બ્યાકુલ બ્યાલૂ ॥
ઇંદ્રીં સકલ બિકલ ભઈં ભારી । જનુ સર સરસિજ બનુ બિનુ બારી ॥ ૧॥

રાજાના પ્રાણ કંઠમાં આવી ગયા. જાણે મણિ વિના સર્પ વ્યાકુળ થઈ ગયો હોય. બધી ઇન્દ્રિયો ઘણી જ વ્યાકુળ થઈ ગઈ, જાણે વિના જળના તળાવમાં કમળોનું વન કરમાઈ ગયું હોય. ॥ ૧॥

કૌસલ્યાઁ નૃપુ દીખ મલાના । રબિકુલ રબિ અઁથયઉ જિયઁ જાના ॥
ઉર ધરિ ધીર રામ મહતારી । બોલી બચન સમય અનુસારી ॥ ૨॥

કૌશલ્યાજીએ રાજાને ઘણા દુઃખી જોઈને પોતાના હૃદયમાં જાણી લીધું કે હવે સૂર્યકુળનો સૂર્ય અસ્ત થઈ ચાલ્યો! ત્યારે શ્રીરામચન્દ્રજીનાં માતા કૌશલ્યા હૃદયમાં ધીરજ ધરીને સમયને અનુકૂળ વચન બોલ્યાં – ॥ ૨॥

નાથ સમુઝિ મન કરિઅ બિચારૂ । રામ બિયોગ પયોધિ અપારૂ ॥
કરનધાર તુમ્હ અવધ જહાજૂ । ચઢ़ેઉ સકલ પ્રિય પથિક સમાજૂ ॥ ૩॥

હે નાથ! આપ મનમાં સમજીને વિચાર કરો કે શ્રીરામચન્દ્રજીનો વિયોગ અપાર સમુદ્ર છે. અયોધ્યા વહાણ છે અને આપ એના કર્ણધાર (સુકાની) છો. બધા પ્રિયજનો (કુટુમ્બી અને પ્રજા) જ યાત્રીઓનો સમાજ છે, જે આ વહાણમાં ચઢેલો છે; ॥ ૩॥

ધીરજુ ધરિઅ ત પાઇઅ પારૂ । નાહિં ત બૂડ઼િહિ સબુ પરિવારૂ ॥
જૌં જિયઁ ધરિઅ બિનય પિય મોરી । રામુ લખનુ સિય મિલહિં બહોરી ॥ ૪॥

આપ ધીરજ ધરશો તો બધા પાર પહોંચી જઈશું, નહિતર સમસ્ત પરિવાર ડૂબી જશે. હે પ્રિય સ્વામી! જો મારી વિનંતી હૃદયમાં ધારણ કરશો તો શ્રીરામ, લક્ષ્મણ, સીતા ફરી આવીને મળશે. ॥ ૪॥

દો૦ – પ્રિયા બચન મૃદુ સુનત નૃપુ ચિતયઉ આઁખિ ઉઘારિ ।
તલફત મીન મલીન જનુ સીંચત સીતલ બારિ ॥ ૧૫૪॥

પ્રિય પત્ની કૌશલ્યાનાં કોમળ વચન સાંભળતાં જ રાજાએ આંખો ખોલીને જોયું, જાણે તરફડતી દીન માછલી ઉપર કોઈ શીતળ જળ છાંટી રહ્યું હોય. ॥ ૧૫૪॥

ચૌ૦ – ધરિ ધીરજુ ઉઠિ બૈઠ ભુઆલૂ । કહુ સુમંત્ર કહઁ રામ કૃપાલૂ ॥
કહાઁ લખનુ કહઁ રામુ સનેહી । કહઁ પ્રિય પુત્રબધૂ બૈદેહી ॥ ૧॥

ધીરજ ધરીને રાજા ઊઠીને બેઠા અને બોલ્યા – સુમન્ત્ર! કહો, કૃપાળુ શ્રીરામ ક્યાં છે? લક્ષ્મણ ક્યાં છે? સ્નેહી રામ ક્યાં છે? અને મારી પ્રિય પુત્રવધૂ જાનકી ક્યાં છે? ॥ ૧॥

બિલપત રાઉ બિકલ બહુ ભાઁતી । ભઇ જુગ સરિસ સિરાતિ ન રાતી ॥
તાપસ અંધ સાપ સુધિ આઈ । કૌસલ્યહિ સબ કથા સુનાઈ ॥ ૨॥

રાજા વ્યાકુળ થઈને અનેક પ્રકારે વિલાપ કરી રહ્યા છે. તે રાત યુગ સમાન મોટી થઈ ગઈ. વીતતી જ નથી. રાજાને આંધળા તપસ્વી(શ્રવણકુમારના પિતા)ના શાપનું સ્મરણ થઈ આવ્યું. તેમણે સર્વ કથા કૌશલ્યાને કહી સંભળાવી. ॥ ૨॥

ભયઉ બિકલ બરનત ઇતિહાસા । રામ રહિત ધિગ જીવન આસા ॥
સો તનુ રાખિ કરબ મૈં કાહા । જેહિં ન પ્રેમ પનુ મોર નિબાહા ॥ ૩॥

એ ઇતિહાસનું વર્ણન કરતાં કરતાં રાજા વ્યાકુળ થઈ ગયા અને કહેવા લાગ્યા કે શ્રીરામના વિના જીવવાની આશાને ધિક્કાર છે. હું એ શરીરને રાખીને શું કરીશ જેણે મારા પ્રેમનું પ્રણ ન નભાવ્યું? ॥ ૩॥

હા રઘુનંદન પ્રાન પિરીતે । તુમ્હ બિનુ જિઅત બહુત દિન બીતે ॥
હા જાનકી લખન હા રઘુબર । હા પિતુ હિત ચિત ચાતક જલધર ॥ ૪॥

હે રઘુકુળને આનંદ આપનારા મારા પ્રાણપ્રિય રામ! તમારા વિના જીવતા મને ઘણા દિવસ વીતી ગયા. હે જાનકી, લક્ષ્મણ! હે રઘુવીર! હે પિતાના ચિતરૂપી ચાતકનું હિત કરનારા મેઘ (સમાન પુત્ર)! ॥ ૪॥

દો૦– રામ રામ કહિ રામ કહિ રામ રામ કહિ રામ।
તનુ પરિહરિ રઘુબર બિરહઁ રાઉ ગયઉ સુરધામ॥૧૫૫॥

રામ-રામ કહીને, વળી રામ કહીને, પાછું રામ-રામ કહીને અને વળી રામ કહીને (રામ-રામ રટણ કરતાં) રાજા દશરથજી શ્રીરામના વિરહમાં શરીરનો ત્યાગ કરીને સુરલોકમાં સિધાવી ગયા. ॥ ૧૫૫॥

ચૌ૦– જિઅન મરન ફલુ દસરથ પાવા। અંડ અનેક અમલ જસુ છાવા॥
જિઅત રામ બિધુ બદનુ નિહારા। રામ બિરહ કરિ મરનુ સઁવારા॥૧॥

જીવન અને મરણનું ફળ તો દશરથજીએ જ મેળવ્યું, જેમનો નિર્મળ યશ અનેક બ્રહ્માંડોમાં છવાઈ ગયો. હયાતીમાં તો શ્રીરામચન્દ્રજીના ચન્દ્ર સમાન મુખને જોયું અને શ્રીરામના વિરહને નિમિત્ત બનાવીને પોતાનું મરણ પણ સુધારી લીધું. ॥ ૧॥

સોક બિકલ સબ રોવહિં રાની। રૂપુ સીલુ બલુ તેજુ બખાની॥
કરહિં બિલાપ અનેક પ્રકારા। પરહિં ભૂમિતલ બારહિં બારા॥૨॥

બધી રાણીઓ શોકને લીધે વ્યાકુળ થઈને રોઈ રહી છે. તેઓ રાજાનું રૂપ, શીલ, બળ અને તેજનાં વખાણ કરી-કરીને અનેક પ્રકારે વિલાપ કરી રહી છે અને વારંવાર ધરતી પર ઢળી પડે છે. ॥ ૨॥

બિલપહિં બિકલ દાસ અરુ દાસી। ઘર ઘર રુદનુ કરહિં પુરબાસી॥
અઁથયઉ આજુ ભાનુકુલ ભાનૂ। ધરમ અવધિ ગુન રૂપ નિધાનૂ॥૩॥

દાસ-દાસીગણ વ્યાકુળ થઈને વિલાપ કરી રહ્યાં છે અને નગરનિવાસી ઘેર ઘેર રોઈ રહ્યાં છે. કહે છે કે આજે ધર્મની સીમા, ગુણ અને રૂપનાં ભંડાર સૂર્યકુળનો સૂર્ય અસ્ત થઈ ગયો! ॥ ૩॥

ગારીં સકલ કૈકઈહિ દેહીં। નયન બિહીન કીન્હ જગ જેહીં॥
એહિ બિધિ બિલપત રૈનિ બિહાની। આએ સકલ મહામુનિ ગ્યાની॥૪॥

બધા કૈકેયીને ગાળો આપે છે. જેણે સંસાર સમસ્તને નેત્રવિહોણો (આંધળો) કરી દીધો! આ રીતે વિલાપ કરતાં કરતાં રાત વીતી ગઈ. પ્રાતઃકાળે સર્વ મોટામોટા જ્ઞાની મુનિઓ આવ્યા. ॥ ૪॥

દો૦– તબ બસિષ્ઠ મુનિ સમય સમ કહિ અનેક ઈતિહાસ।
સોક નેવારેઉ સબહિ કર નિજ બિગ્યાન પ્રકાસ॥૧૫૬॥

પછી વસિષ્ઠ મુનિએ સમયને અનુકૂળ અનેક ઈતિહાસ કહીને પોતાના વિજ્ઞાનના પ્રકાશથી સર્વેનો શોક દૂર કર્યો. ॥ ૧૫૬॥

ચૌ૦– તેલ નાઁવ ભરિ નૃપ તનુ રાખા। દૂત બોલાઈ બહુરિ અસ ભાષા॥
ધાવહુ બેગિ ભરત પહિં જાહૂ। નૃપ સુધિ કતહુઁ કહહુ જનિ કાહૂ॥૧॥

વસિષ્ઠજીએ નાવમાં તેલ ભરાવી રાજાના શરીરને તેમાં મુકાવી દીધું. પછી દૂતોને બોલાવી એમને કહ્યું – તમે લોકો જલદી દોડીને ભરતની પાસે જાઓ. રાજાના મૃત્યુના સમાચાર ક્યાંય કોઈને કહેશો નહિ. ॥ ૧॥

એતનેઇ કહેહુ ભરત સન જાઈ। ગુર બોલાઇ પઠયઉ દોઉ ભાઈ॥
સુનિ મુનિ આયસુ ધાવન ધાએ। ચલે બેગ બર બાજિ લજાએ॥૨॥

જઈને ભરતજીને એટલું જ કહેજો કે બંને ભાઈઓને ગુરુજીએ તેડવા મોકલ્યા છે. મુનિની આજ્ઞા સાંભળી દૂત દોડ્યા. તેઓ પોતાના વેગથી ઉત્તમ ઘોડાઓને પણ લજાવતાં ચાલ્યા. ॥૨॥

અનરથુ અવધ અરંભેઉ જબ તેં। કુસગુન હોહિં ભરત કહુઁ તબ તેં॥
દેખહિં રાતિ ભયાનક સપના। જાગિ કરહિં કટુ કોટિ કલપના॥૩॥

જ્યારથી અયોધ્યામાં અનર્થ પ્રારંભ થયો, ત્યારથી ભરતજીને અપશુકન થવા લાગ્યાં. તે રાત્રે ભયંકર સ્વપ્ન જોતા હતા અને જાગ્યા પછી [તે સ્વપ્નોના કારણે] કરોડો (અનેક) પ્રકારની નરસી-નરસી કલ્પનાઓ કર્યા કરતા હતા. ॥૩॥

બિપ્ર જેવાઁઇ દેહિં દિન દાના। સિવ અભિષેક કરહિં બિધિ નાના॥
માગહિં હૃદયઁ મહેસ મનાઈ। કુસલ માતુ પિતુ પરિજન ભાઈ॥૪॥

[અનિષ્ટશાંતિ માટે] તે પ્રતિદિન બ્રાહ્મણોને ભોજન કરાવીને દાન આપતા હતા. અનેક વિધિઓથી રુદ્રાભિષેક કરતા હતા. મહાદેવજીને હૃદયમાં મનાવી તેમની પાસે માતા-પિતા, કુટુમ્બી અને ભાઈઓનું કુશળ-ક્ષેમ માગતા હતા. ॥૪॥

દો૦– એહિ બિધિ સોચત ભરત મન ધાવન પહુઁચે આઇ।
ગુર અનુસાસન શ્રવન સુનિ ચલે ગનેસુ મનાઇ॥૧૫૭॥

ભરતજી આ રીતે મનમાં ચિંતા કરી રહ્યા હતા કે દૂત આવી પહોંચ્યા. ગુરુજીની આજ્ઞા કાનોથી સાંભળતાં જ તે ગણેશજીને મનાવીને (પ્રાર્થના કરીને) ચાલી નીકળ્યા. ॥૧૫૭॥

ચૌ૦– ચલે સમીર બેગ હય હાઁકે। નાઘત સરિત સૈલ બન બાઁકે॥
હૃદયઁ સોચુ બડ઼ કછુ ન સોહાઈ। અસ જાનહિં જિયઁ જાઉઁ ઉડ઼ાઈ॥૧॥

પવન સમાન વેગવાળા ઘોડાને હાંકતાં વિકટ નદી, પર્વતો તથા જંગલોને ઓળંગતાં ચાલ્યા. તેમના હૃદયમાં ઘણો શોક હતો, કંઈ ગમતું ન હતું. મનમાં એવું વિચારતા હતા કે ઊડીને પહોંચી જાઉં. ॥૧॥

એક નિમેષ બરષ સમ જાઈ। એહિ બિધિ ભરત નગર નિઅરાઈ॥
અસગુન હોહિં નગર પૈઠારા। રટહિં કુભાઁતિ કુખેત કરારા॥૨॥

એક એક નિમેષ વર્ષ સમાન વીતી રહ્યો હતો. આમ, ભરતજી નગરની સમીપ પહોંચ્યા. નગરમાં પ્રવેશ કરતી વખતે અપશુકન થવા લાગ્યાં. કાગડા ખરાબ જગ્યાએ ડાબી બાજુ બેસીને ખોટી રીતે કાગારોળ કરી રહ્યા છે. ॥૨॥

ખર સિઆર બોલહિં પ્રતિકૂલા। સુનિ સુનિ હોઇ ભરત મન સૂલા॥
શ્રીહત સર સરિતા બન બાગા। નગરુ બિસેષિ ભયાવનુ લાગા॥૩॥

ગધેડા અને શિયાળ વિપરીત બોલી રહ્યાં છે. આ સાંભળી-સાંભળીને ભરતના મનમાં ઘણી પીડા થઈ રહી છે. તળાવ, નદી, વન, બગીચા સર્વે શોભાહીન થઈ રહ્યા છે. નગર ઘણું જ બિહામણું લાગી રહ્યું છે. ॥ ૩॥

ખગ મૃગ હય ગય જાહિં ન જોએ । રામ બિયોગ કુરોગ બિગોએ ॥
નગર નારિ નર નિપટ દુખારી । મનહુઁ સબન્હિ સબ સંપતિ હારી ॥ ૪॥

શ્રીરામજીના વિયોગરૂપી બૂરા રોગથી રિબાયેલાં પશુ-પક્ષી હાથી-ઘોડા [એવા દુ:ખી થઈ રહ્યાં છે કે] તેમની સામે જોવાતું નથી. નગરનાં સ્ત્રી-પુરુષ અત્યંત દુ:ખી થઈ રહ્યાં છે, જાણે બધાંય પોતાની સમસ્ત સંપત્તિ હારી બેઠાં હોય. ॥ ૪॥

દો૦ – પુરજન મિલહિં ન કહહિં કછુ ગવઁહિં જોહારહિં જાહિં ।
ભરત કુસલ પૂઁછિ ન સકહિં ભય બિષાદ મન માહિં ॥ ૧૫૮॥

નગરના લોકો મળે છે, પણ કંઈ કહેતા નથી; ચૂપચાપ જુહાર કરીને ચાલ્યા જાય છે. ભરતજી તેમને અને તેઓ પણ ભરતજીને કંઈ પણ કુશળ પૂછી શકતા નથી, કારણ એમના મનમાં ભય અને વિષાદ છવાઈ રહ્યો છે. (ગવઁહિ = ચૂપકેથી) ॥ ૧૫૮॥

ચૌ૦ – હાટ બાટ નહિં જાઈ નિહારી । જનુ પુર દહઁ દિસિ લાગિ દવારી ॥
આવત સુત સુનિ કૈકયનંદિનિ । હરષી રબિકુલ જલરુહ ચંદિનિ ॥ ૧॥

બજાર અને રસ્તા જોઈ શકાતા નથી, જાણે નગરમાં દસે દિશાઓમાં દાવાનળ લાગ્યો છે! પુત્રને આવતો સાંભળી સૂર્યકુળરૂપી કમળને માટે ચાંદનીરૂપી બનેલ કૈકેયી [ઘણી] હરખાઈ. ॥ ૧॥

સજિ આરતી મુદિત ઉઠિ ધાઈ । દ્વારેહિં ભેંટિ ભવન લેઈ આઈ ॥
ભરત દુખિત પરિવારુ નિહારા । માનહુઁ તુહિન બનજ બનુ મારા ॥ ૨॥

તે આરતી સજાવીને આનંદમાં ભરાઈને ઊઠી અને દોડી. દરવાજે જ મળીને ભરત-શત્રુઘ્નને મહેલમાં લઈ આવી. ભરતે સમસ્ત પરિવારને દુ:ખી જોયો, જાણે કમળોના વનને હિમ મારી ગયો હોય. ॥ ૨॥

કૈકેઈ હરષિત એહિ ભાઁતી । મનહુઁ મુદિત દવ લાઈ કિરાતી ॥
સુતહિ સસોચ દેખિ મનુ મારેં । પૂઁછતિ નૈહર કુસલ હમારેં ॥ ૩॥

એક કૈકેયી જ એ રીતે હર્ષિત જણાય છે જાણે ભીલડી જંગલમાં આગ લગાડી આનંદિત થઈ રહી હોય. પુત્રને વિચારવશ અને શોકયુક્ત (ઘણો ઉદાસ) જોઈને તે પૂછવા લાગી – અમારા પિયરમાં તો કુશળ છે ને? ॥ ૩॥

સકલ કુસલ કહિ ભરત સુનાઈ । પૂઁછી નિજ કુલ કુસલ ભલાઈ ॥
કહુ કહઁ તાત કહાઁ સબ માતા । કહઁ સિય રામ લખન પ્રિય ભ્રાતા ॥ ૪॥

ભરતજીએ સર્વે કુશળતા કહી સંભળાવી. પછી પોતાના કુળનાં કુશળ-ક્ષેમ પૂછ્યા. [ભરતજીએ કહ્યું –] કહો, પિતાજી ક્યાં છે? મારી સર્વે માતાઓ ક્યાં છે? સીતાજી અને મારા પ્રિય ભાઈ રામ-લક્ષ્મણ ક્યાં છે? ॥ ૪॥

દો૦– સુનિ સુત બચન સનેહમય કપટ નીર ભરિ નૈન।
ભરત શ્રવન મન સૂલ સમ પાપિનિ બોલી બૈન ॥ ૧૫૯॥

પુત્રના સ્નેહમય વચન સાંભળીને નેત્રોમાં કપટનું જળ ભરીને પાપિણી કૈકેયી, ભરતના કાનોમાં અને મનમાં શૂળ સમાન ભોંકાનારાં વચન બોલી – ॥ ૧૫૯॥

ચૌ૦– તાત બાત મૈં સકલ સઁવારી। ભૈ મંથરા સહાય બિચારી ॥
કછુક કાજ બિધિ બીચ બિગારેઉ। ભૂપતિ સુરપતિ પુર પગુ ધારેઉ ॥ ૧॥

હે તાત! મેં આખી વાત બનાવી (સુધારી) લીધી હતી. બિચારી મંથરા સહાયક થઈ. પરંતુ વિધાતાએ વચ્ચે થોડુંક કાર્ય બગાડી નાખ્યું, તે એ કે રાજા દેવલોકમાં પધારી ગયા. ॥ ૧॥

સુનત ભરતુ ભએ બિબસ બિષાદા। જનુ સહમેઉ કરિ કેહરિ નાદા ॥
તાત તાત હા તાત પુકારી। પરે ભૂમિતલ બ્યાકુલ ભારી ॥ ૨॥

ભરત આ સાંભળતાં જ વિષાદને લીધે વિવશ (બેહાલ) થઈ ગયા, જાણે સિંહની ગર્જના સાંભળીને હાથી ગભરાઈ ગયો હોય. એ 'હાય પિતાજી! હા પિતાજી! હા પિતાજી! આપ અમને છોડીને ક્યાં ચાલ્યા ગયા - એમ પોકારતાં પોકારતાં વ્યાકુળ થઈને જમીન પર ઢળી પડ્યા. ॥ ૨॥

ચલત ન દેખન પાયઉઁ તોહી। તાત ન રામહિ સૌંપેહુ મોહી ॥
બહુરિ ધીર ધરિ ઉઠે સઁભારી। કહુ પિતુ મરન હેતુ મહતારી ॥ ૩॥

[અને વિલાપ કરવા લાગ્યા કે] હે તાત! હું આપને શરીર ત્યજવાના સમયે જોઈ પણ ન શક્યો. [હાય!] આપ મને શ્રીરામજીને સોંપી પણ ન ગયા! પછી ધીરજ ધરીને તે સંભાળીને ઊઠ્યા અને બોલ્યા – માતા! પિતાના મરવાનું કારણ તો બતાવો. ॥ ૩॥

સુનિ સુત બચન કહતિ કૈકેઈ। મરમુ પાઁછિ જનુ માહુર દેઈ ॥
આદિહુ તેં સબ આપનિ કરની। કુટિલ કઠોર મુદિત મન બરની ॥ ૪॥

પુત્રનું વચન સાંભળીને કૈકેયી કહેવા લાગી, જાણે મર્મસ્થાનને ચાકુથી ચીરીને એમાં ઝેર ભરી રહી હોય. કુટિલ અને કઠોર કૈકેયીએ પોતાની સઘળી કરણી આદિથી અંત સુધીની, પ્રસન્ન મને સંભળાવી દીધી. ॥ ૪॥

દો૦– ભરતહિ બિસરેઉ પિતુ મરન સુનત રામ બન ગૌનુ।
હેતુ અપનપઉ જાનિ જિયઁ થકિત રહે ધરિ મૌનુ ॥ ૧૬૦॥

શ્રીરામચન્દ્રજીનું વનગમન સાંભળીને ભરતજી પિતાનું મરણ ભૂલી ગયા અને હૃદયમાં આ આખાય અનર્થનું કારણ પોતાને જ જાણીને તેઓ મૌન ધરીને સ્તબ્ધ થઈ ગયા (અર્થાત્ તેમની વાણી બંધ થઈ ગઈ અને સુન્ન પડી ગયા). ॥ ૧૬૦॥

ચૌ૦– બિકલ બિલોકિ સુતહિ સમુઝાવતિ। મનહુઁ જરે પર લોનુ લગાવતિ ॥
તાત રાઉ નહિં સોચૈ જોગૂ। બિઢ઼ઈ સુકૃત જસુ કીન્હેઉ ભોગૂ ॥ ૧॥

પુત્રને વ્યાકુળ જોઈને કૈકેયી સમજાવવા લાગી, જાણે દાઝ્યા પર મીઠું ભભરાવી રહી હોય! [તે બોલી –] હે તાત! રાજા શોક કરવા યોગ્ય નથી. તેમણે પુણ્ય અને યશ કમાઈને તેનો પર્યાપ્ત ભોગ કર્યો. ॥ ૧॥ (બિઢ઼ઈ = કમાવું અથવા વધારવું)

જીવત સકલ જનમ ફલ પાએ। અંત અમરપતિ સદન સિધાએ॥
અસ અનુમાનિ સોચ પરિહરહૂ। સહિત સમાજ રાજ પુર કરહૂ॥ ૨॥

જીવનકાળમાં જ એમણે જન્મ લેવાનાં સંપૂર્ણ ફળો પામી લીધાં અને અંતમાં તેઓ ઈન્દ્રલોકમાં ચાલ્યા ગયા. આમ વિચારી શોક છોડી દો અને સમાજસહિત નગરનું રાજ્ય કરો. ॥ ૨॥

સુનિ સુઠિ સહમેઉ રાજકુમારૂ। પાકેં છત જનુ લાગ અઁગારૂ॥
ધીરજ ધરિ ભરિ લેહિં ઉસાસા। પાપિનિ સબહિ ભાઁતિ કુલ નાસા॥ ૩॥

રાજકુમાર ભરતજી આ સાંભળીને બહુ જ ડરી ગયા, જાણે પાકેલા ઘાને અંગારો સ્પર્શી ગયો હોય. તેમણે ધીરજ ધરીને લાંબો નિસાસો નાખી કહ્યું – પાપિણી! તેં બધી રીતે કુળનો નાશ કરી દીધો. ॥ ૩॥

જૌં પૈ કુરુચિ રહી અતિ તોહી। જનમત કાહે ન મારે મોહી॥
પેડ઼ કાટિ તૈં પાલઉ સીંચા। મીન જિઅન નિતિ બારિ ઉલીચા॥ ૪॥

હાય! જો તારી આવી જ અત્યંત દુર્ભાવના હતી, તો તેં જન્મતાંની સાથે મને મારી કેમ ન નાખ્યો? તેં ઝાડ કાપીને પાંદડાંને સીંચ્યાં છે અને માછલાંને જીવવા માટેનું પાણી ઉલેચી નાખ્યું! (અર્થાત્ મારું હિત કરવા ખાતર ઊલટું તે મારું અહિત કરી નાખ્યું) ॥ ૪॥

દો૦ – હંસબંસુ દસરથુ જનકુ રામ લખન સે ભાઇ।
જનની તૂઁ જનની ભઈ બિધિ સન કછુ ન બસાઇ॥ ૧૬૧॥

મને સૂર્યવંશ જેવો વંશ, દશરથજી જેવા પિતા અને રામ-લક્ષ્મણ જેવા ભાઈ મળ્યા. પણ હે જનની! મને જન્મ આપનારી માતા તું થઈ! [શું કરી શકાય!] વિધાતા ઉપર કંઈ પણ વશ નથી ચાલતો. ॥ ૧૬૧॥

ચૌ૦ – જબ તૈં કુમતિ કુમત જિયઁ ઠયઊ। ખંડ ખંડ હોઇ હૃદઉ ન ગયઊ॥
બર માગત મન ભઇ નહિં પીરા। ગરિ ન જીહ મુહઁ પરેઉ ન કીરા॥ ૧॥

અરે કુમતિ! જ્યારે તેં હૃદયમાં આ બૂરો વિચાર નિરધાર્યો, એ જ સમયે તારા હૃદયના ટુકડેટુકડા [કેમ] ન થઈ ગયા? વરદાન માગતી વખતે તારા મનમાં કંઈ પણ પીડા ન થઈ? તારી જીભ ઓગળી ન ગઈ? તારા મુખમાં કીડા ન પડી ગયા? ॥ ૧॥

ભૂપઁ પ્રતીતિ તોરિ કિમિ કીન્હી। મરન કાલ બિધિ મતિ હરિ લીન્હી॥
બિધિહુઁ ન નારિ હૃદય ગતિ જાની। સકલ કપટ અઘ અવગુન ખાની॥ ૨॥

રાજાએ તારો વિશ્વાસ કેવી રીતે કરી લીધો? [જણાય છે કે] વિધાતાએ મરણ વેળાએ એમની બુદ્ધિ હરી લીધી હતી. સ્ત્રીઓના હૃદયની ગતિ (ચાલ) વિધાતા પણ ન જાણી શક્યો! તું સંપૂર્ણ કપટ, પાપ અને અવગુણોની ખાણ છે. ॥ ૨॥

સરલ સુસીલ ધરમ રત રાઊ। સો કિમિ જાનૈ તીય સુભાઊ॥
અસ કો જીવ જંતુ જગ માહીં। જેહિ રઘુનાથ પ્રાનપ્રિય નાહીં॥૩॥

વળી, રાજા તો સીધા (સરળ), સુશીલ અને ધર્મપરાયણ હતા. તેઓ ભલા, સ્ત્રી સ્વભાવને કેમ ઓળખે? અરે! જગતના જીવજંતુઓમાં એવા કોણ છે જેને શ્રીરઘુનાથજી પ્રાણોની જેમ પ્રિય નથી? ॥૩॥

ભે અતિ અહિત રામુ તેઉ તોહી। કો તૂ અહસિ સત્ય કહુ મોહી॥
જો હસિ સો હસિ મુહઁ મસિ લાઈ। આઁખિ ઓટ ઉઠિ બૈઠહિ જાઈ॥૪॥

તે શ્રીરામજી પણ તને અહિત થઈ ગયા (વેરી લાગ્યા)! તું કોણ છે? મને સાચેસાચ કહે! તું જે હોય તે, હવે મોં પર શાહી ચોપડીને (મોં કાળું કરીને) ઊભી થઈ મારી આંખોથી આડે જઈ બેસ. ॥૪॥

દો૦– રામ બિરોધી હૃદય તેં પ્રગટ કીન્હ બિધિ મોહિ।
મો સમાન કો પાતકી બાદિ કહઉઁ કછુ તોહિ॥૧૬૨॥

વિધાતાએ મને શ્રીરામજીથી વિરોધ કરનાર (તારા) હૃદયથી ઉત્પન્ન કર્યો [અથવા વિધાતાએ મને રામનો હૃદયથી વિરોધી જાહેર કરી દીધો]! મારા જેવો પાપી બીજો કોણ છે? હું વ્યર્થ જ તને કંઈ કહું છું. ॥૧૬૨॥

ચૌ૦– સુનિ સત્રુઘુન માતુ કુટિલાઈ। જરહિં ગાત રિસ કછુ ન બસાઈ॥
તેહિ અવસર કુબરી તહઁ આઈ। બસન બિભૂષન બિબિધ બનાઈ॥૧॥

માતાની કુટિલતા સાંભળીને શત્રુઘ્નજીના સર્વે અંગ ક્રોધથી બળી રહ્યાં છે, પણ કંઈ વશ ચાલતો નથી. તે જ વખતે જાતજાતનાં કપડાં અને ઘરેણાંથી સુસજ્જ કુબડી (મંથરા) ત્યાં આવી. ॥૧॥

લખિ રિસ ભરેઉ લખન લઘુ ભાઈ। બરત અનલ ઘૃત આહુતિ પાઈ॥
હુમગિ લાત તકિ કૂબર મારા। પરિ મુહ ભર મહિ કરત પુકારા॥૨॥

તેને [સજેલી] જોઈને લક્ષ્મણના નાના ભાઈ શત્રુઘ્નજી ક્રોધે ભરાઈ ગયા, જાણે બળતા અગ્નિને ઘીની આહુતિ પ્રાપ્ત થઈ ગઈ હોય. તેમણે જોરથી તેની ખૂંધ પર લાત જમાવી દીધી. તે ચીસ પાડતી મોઢાના જોરે જમીન પર ઢળી પડી. ॥૨॥

કૂબર ટૂટેઉ ફૂટ કપારૂ। દલિત દસન મુખ રુધિર પ્રચારૂ॥
આહ દઇઅ મૈં કાહ નસાવા। કરત નીક ફલુ અનઇસ પાવા॥૩॥

તેનું કૂબડ (ખૂંધ) તૂટી પડી, કપાળ ફૂટી ગયું, દાંત તૂટી ગયા અને મુખમાંથી લોહી વહેવા લાગ્યું. [તે કણસતાં બોલી –] હાય દેવ! મેં શું બગાડ્યું? જે ભલું કરવા છતાંય બૂરું ફળ મળ્યું! ॥૩॥

સુનિ રિપુહન લખિ નખ સિખ ખોટી। લગે ઘસીટન ધરિ ધરિ ઝોંટી॥
ભરત દયાનિધિ દીન્હિ છડ઼ાઈ। કૌસલ્યા પહિં ગે દોઉ ભાઈ॥૪॥

તેની આ વાત સાંભળીને અને તેને નખથી શિખા સુધી દુષ્ટ જાણીને શત્રુઘ્નજી ચોટલો પકડી-પકડીને તેને ઢસડવા લાગ્યા. પછી દયાનિધિ ભરતજીએ તેને છોડાવી દીધી અને બંને ભાઈ [તુરત જ] કૌશલ્યાજી પાસે ગયા. ॥ ૪॥

દો૦ – મલિન બસન બિબરન બિકલ કૃસ સરીર દુખ ભાર।
કનક કલપ બર બેલિ બન માનહુઁ હની તુસાર ॥૧૬૩॥

કૌશલ્યાજીએ મેલાં વસ્ત્રો પહેર્યાં છે, ચહેરાનો રંગ બદલાયેલો છે, વ્યાકુળ થઈ રહ્યાં છે, દુઃખના ભારથી શરીર સુકાઈ ગયું છે, એવાં દેખાઈ રહ્યાં છે, જાણે સોનાની સુંદર કલ્પલતાને વનમાં હિમ મારી ગયો હોય. ॥ ૧૬૩॥

ચૌ૦ – ભરતહિ દેખિ માતુ ઉઠિ ધાઈ। મુરુછિત અવનિ પરી ઝઈઁ આઈ॥
દેખત ભરતુ બિકલ ભએ ભારી। પરે ચરન તન દસા બિસારી॥ ૧॥

ભરતને જોતાં જ માતા કૌશલ્યાજી ઊઠીને દોડ્યાં. પણ ચક્કર આવી જવાથી મૂર્છિત થઈને પૃથ્વી પર ઢળી પડ્યાં. આ જોતાં જ ભરતજી ઘણા વ્યાકુળ થઈ ગયા અને શરીરનું ભાન ભૂલીને ચરણોમાં ઢળી પડ્યા. ॥ ૧॥

માતુ તાત કહઁ દેહિ દેખાઈ। કહઁ સિય રામુ લખનુ દોઉ ભાઈ॥
કૈકઇ કત જનમી જગ માઝા। જૌં જનમિ ત ભઈ કાહે ન બાઁઝા॥ ૨॥

[પછી બોલ્યા –] માતા! પિતાજી ક્યાં છે? તેમને દેખાડો. સીતાજી તથા બંને ભાઈ રામ-લક્ષ્મણ ક્યાં છે? [તેમને દેખાડો.] કૈકેયી જગતમાં કેમ જન્મી? અને જો જન્મી તો પછી વાંઝણી કેમ ન થઈ? ॥ ૨॥

કુલ કલંકુ જેહિં જનમેઉ મોહી। અપજસ ભાજન પ્રિયજન દ્રોહી॥
કો તિભુવન મોહિ સરિસ અભાગી। ગતિ અસિ તોરિ માતુ જેહિ લાગી॥ ૩॥

જેણે કુળના કલંક, અપયશને પાત્ર અને પ્રિયજનોનો દ્રોહી મારા જેવો પુત્ર ઉત્પન્ન કર્યો. ત્રણેય લોકોમાં મારા જેવો અભાગિયો કોણ છે? જેના કારણે હે માતા! આપની આ દશા થઈ! ॥ ૩॥

પિતુ સુરપુર બન રઘુબર કેતૂ। મૈં કેવલ સબ અનરથ હેતૂ॥
ધિગ મોહિ ભયઉઁ બેનુ બન આગી। દુસહ દાહ દુખ દૂષન ભાગી॥ ૪॥

પિતાજી સ્વર્ગમાં છે અને રઘુકુળ શ્રેષ્ઠ શ્રીરામજી વનમાં છે. કેતુના જેવો કેવળ હું જ આ સર્વે અનર્થોનું કારણ છું. મને ધિક્કાર છે! હું વાંસના વનમાં અગ્નિરૂપ ઉત્પન્ન થયો અને કઠિન દાહ, દુઃખ અને દોષોનો ભાગી બન્યો. ॥ ૪॥

દો૦ – માતુ ભરત કે બચન મૃદુ સુનિ પુનિ ઉઠી સઁભારિ।
લિએ ઉઠાઇ લગાઇ ઉર લોચન મોચતિ બારિ॥ ૧૬૪॥

ભરતજીનાં કોમળ વચન સાંભળીને માતા કૌશલ્યાજી સંભાળીને ઊઠ્યાં. તેમણે ભરતને ઊભા કરી છાતી સરસા ચાંપ્યા અને નેત્રોમાંથી અશ્રુ વહેવડાવા લાગ્યાં. ॥ ૧૬૪॥

અબ કછુ નાથ ન ચાહિઅ મોરેં। દીનદયાલ અનુગ્રહ તોરેં॥
ફિરતી બાર મોહિ જો દેબા। સો પ્રસાદુ મૈં સિર ધરિ લેબા॥૪॥

હે નાથ! હે દીનદયાળ! આપની કૃપાથી હવે મને કંઈ જોઈતું નથી. વળતી વેળાએ આપ જે કંઈ મને આપશો, તે પ્રસાદ હું સિરે ચઢાવી લઈશ. ॥૪॥

દો૦ – બહુત કીન્હ પ્રભુ લખન સિયઁ નહિં કછુ કેવટુ લેઈ।
બિદા કીન્હ કરુનાયતન ભગતિ બિમલ બરુ દેઈ॥૧૦૨॥

પ્રભુ શ્રીરામજી, લક્ષ્મણજી અને સીતાજીએ ઘણો આગ્રહ [કે યત્ન] કર્યો, પણ કેવટ કંઈ જ લેતો નથી. પછી કરુણાના ધામ ભગવાન શ્રીરામચન્દ્રજીએ નિર્મળ ભક્તિનું વરદાન આપીને તેને વિદાય કર્યો. ॥૧૦૨॥

ચૌ૦ – તબ મજ્જનુ કરિ રઘુકુલનાથા। પૂજિ પારથિવ નાયઉ માથા॥
સિયઁ સુરસરિહિ કહેઉ કર જોરી। માતુ મનોરથ પુરઉબિ મોરી॥૧॥

પછી રઘુકુળના સ્વામી શ્રીરામચન્દ્રજીએ સ્નાન કરીને પાર્થિવપૂજા કરી અને શિવજીને શીશ નમાવ્યું. સીતાજીએ હાથ જોડીને ગંગાજીને કહ્યું – હે માતા! મારી મનોકામના પૂરી કરજો, ॥૧॥

પતિ દેવર સઁગ કુસલ બહોરી। આઈ કરૌં જેહિં પૂજા તોરી॥
સુનિ સિય બિનય પ્રેમ રસ સાની। ભઈ તબ બિમલ બારિ બર બાની॥૨॥

જેથી હું મારા પતિ અને દિયરની સાથે કુશળતાપૂર્વક પાછા ફરીને તમારી પૂજા ફરીથી કરું. સીતાજીની પ્રેમરસથી તરબોળ વિનંતી સાંભળીને ગંગાજીના નિર્મળ જળમાં શ્રેષ્ઠ વાણી થઈ – ॥૨॥

સુનુ રઘુબીર પ્રિયા બૈદેહી। તવ પ્રભાઉ જગ બિદિત ન કેહી॥
લોકપ હોહિં બિલોકત તોરેં। તોહિ સેવહિં સબ સિધિ કર જોરેં॥૩॥

હે રઘુવીરજીનાં પ્રિયતમા જાનકી! સાંભળો, તમારો પ્રભાવ જગતમાં કોને ખબર નથી? તમારા કૃપાકટાક્ષથી જ લોકો લોકપાલ થઈ જાય છે. સર્વે સિદ્ધિઓ હાથ જોડીને તમારી સેવા કરે છે. ॥૩॥

તુમ્હ જો હમહિ બડ઼િ બિનય સુનાઈ। કૃપા કીન્હિ મોહિ દીન્હિ બડ઼ાઈ॥
તદપિ દેબિ મૈં દેબિ અસીસા। સફલ હોન હિત નિજ બાગીસા॥૪॥

તમે મને મોટી વિનંતી સંભળાવી, આ તો મારા પર કૃપા કરી અને મને મહત્તા આપી છે. તો પણ હે દેવી! હું પોતાની વાણી સફળ કરવા માટે તમને આશીર્વાદ આપી રહી છું કે – ॥૪॥

દો૦ – પ્રાનનાથ દેવર સહિત કુસલ કોસલા આઈ।
પૂજિહિ સબ મનકામના સુજસુ રહિહિ જગ છાઈ॥૧૦૩॥

તમે પોતાના પ્રાણનાથ અને દિયરસહિત કુશળપૂર્વક અયોધ્યા પાછા ફરશો. તમારી બધી મનોકામનાઓ પૂર્ણ થશે અને તમારો સુંદર યશ જગતભરમાં છવાઈ જશે. ॥૧૦૩॥

ચૌ૦ – ગંગ બચન સુનિ મંગલ મૂલા। મુદિત સીય સુરસરિ અનુકૂલા ॥
તબ પ્રભુ ગુહહિ કહેઉ ઘર જાહૂ। સુનત સૂખ મુખુ ભા ઉર દાહૂ ॥ ૧॥

મંગળના મૂળ ગંગાજીનાં વચન સાંભળીને અને દેવનદીને અનુકૂળ જોઈને સીતાજી આનંદિત થયાં. ત્યારે પ્રભુ શ્રીરામચન્દ્રજીએ નિષાદરાજ ગુહને કહ્યું કે ભાઈ! હવે તમે ઘેર જાઓ! આ સાંભળતાં જ એનું મોં સૂકાઈ ગયું અને હૃદયમાં દાહ ઉત્પન્ન થઈ ગયો. ॥ ૧॥

દીન બચન ગુહ કહ કર જોરી। બિનય સુનહુ રઘુકુલમનિ મોરી ॥
નાથ સાથ રહિ પંથુ દેખાઈ। કરિ દિન ચારિ ચરન સેવકાઈ ॥ ૨॥

ગુહ હાથ જોડીને દીન વચન બોલ્યો – હે રઘુકુળશિરોમણિ! મારી વિનંતી સાંભળો – હું નાથ(આપ)ની સાથે રહીને, માર્ગ દેખાડીને, ચાર દિવસ પ્રભુના ચરણોની સેવા કરીને – ॥ ૨॥

જેહિં બન જાઇ રહબ રઘુરાઈ। પરનકુટી મૈં કરબિ સુહાઈ ॥
તબ મોહિ કહઁ જસિ દેબ રજાઈ। સોઇ કરિહઉઁ રઘુબીર દોહાઈ ॥ ૩॥

હે રઘુરાજ! જે વનમાં આપ જઈને રહેશો, ત્યાં હું સુંદર પર્ણકુટી બનાવી આપીશ ઓછામાં ઓછું ત્યાં સુધી મને રહેવાની આજ્ઞા આપશો, મને રઘુવીર(આપ)ની આણ છે, હું ત્યાર પછી આપ કહેશો એવું જ કરીશ. ॥ ૩॥

સહજ સનેહ રામ લખિ તાસૂ। સંગ લીન્હ ગુહ હૃદયઁ હુલાસૂ ॥
પુનિ ગુહઁ ગ્યાતિ બોલિ સબ લીન્હે। કરિ પરિતોષુ બિદા તબ કીન્હે ॥ ૪॥

તેના સહજ સ્વાભાવિક પ્રેમ જોઈને પ્રભુ શ્રીરામજીએ તેને સાથે લઈ લીધો, આથી ગુહના હૃદયમાં ઘણો આનંદ થયો. પછી નિષાદરાજ ગુહે પોતાની જાતિના લોકોને સંબોધિત કર્યા અને એમને સંતોષ કરાવીને વિદાય કર્યા. ॥ ૪॥

દો૦ – તબ ગનપતિ સિવ સુમિરિ પ્રભુ નાઈ સુરસરિહિ માથ।
સખા અનુજ સિય સહિત બન ગવનુ કીન્હ રઘુનાથ ॥ ૧૦૪॥

પછી પ્રભુ શ્રીરઘુનાથજી ગણેશજી અને શિવજીનું સ્મરણ કરીને તથા ગંગાજીને શીશ નમાવીને સખા નિષાદરાજ, નાના ભાઈ લક્ષ્મણજી અને સીતાજી સહિત વનમાં ચાલ્યા. ॥ ૧૦૪॥

ચૌ૦ – તેહિ દિન ભયઉ બિટપ તર બાસૂ। લખન સખાઁ સબ કીન્હ સુપાસૂ ॥
પ્રાત પ્રાતકૃત કરિ રઘુરાઈ। તીરથરાજુ દીખ પ્રભુ જાઈ ॥ ૧॥

તે દિવસે વૃક્ષની નીચે નિવાસ થયો. લક્ષ્મણજી અને સખા ગુહે વિશ્રામની સર્વે સુવ્યવસ્થા કરી દીધી. પ્રભુ શ્રીરામચન્દ્રજીએ સવારે પ્રાતઃકાળની સર્વે ક્રિયાઓ કરીને પછી તીર્થરાજ પ્રયાગનાં દર્શન કર્યાં. ॥ ૧॥

સચિવ સત્ય શ્રદ્ધા પ્રિય નારી। માધવ સરિસ મીતુ હિતકારી ॥
ચારિ પદારથ ભરા ભૅંડારૂ। પુન્ય પ્રદેસ દેસ અતિ ચારૂ ॥ ૨॥

તે તીર્થરાજ પ્રયાગનો સત્ય મન્ત્રી છે, શ્રદ્ધા પ્રિય સ્ત્રી છે અને શ્રીવેણુમાધવજી જેવા હિતકારી મિત્ર છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એવો ચતુર્વિધ પુરુષાર્થથી ભરેલો ભંડાર છે અને તે પુણ્યમય પાવન પ્રાંત જ તે રાજાનો સુંદર દેશ છે. ॥ ૨॥

છેત્રુ અગમ ગઢુ ગાઢ઼ સુહાવા। સપનેહુઁ નહિં પ્રતિપચ્છિન્હ પાવા ॥
સેન સકલ તીરથ બર બીરા। કલુષ અનીક દલન રનધીરા ॥ ૩॥

પ્રયાગ ક્ષેત્ર જ દુર્ગમ, મજબૂત અને સુંદર ગઢ છે, જેને સ્વપ્નમાં પણ [પાપરૂપી] શત્રુ નથી પામી શકતા. સંપૂર્ણ તીર્થ જ તેના શ્રેષ્ઠ વીર સૈનિક છે, જે પાપની સેનાને કચડી નાખનારા અને મોટા રણધીર છે. ॥ ૩॥

સંગમુ સિંહાસનુ સુઠિ સોહા। છત્રુ અખયબટુ મુનિ મનુ મોહા ॥
ચવઁર જમુન અરુ ગંગ તરંગા। દેખિ હોહિં દુખ દારિદ ભંગા ॥ ૪॥

ગંગા, યમુના અને સરસ્વતીનો સંગમ જ એનું અત્યંત સુશોભિત સિંહાસન છે. અક્ષયવટ છત્ર છે, જે મુનિઓના મનને પણ મોહિત કરી લે છે. યમુનાજી અને ગંગાજીની તરંગો તેની શ્યામ અને શ્વેત ચામરો છે, જેને જોઈને જ દુ:ખ અને દરિદ્રતા નષ્ટ થઈ જાય છે. ॥ ૪॥

દો૦ – સેવહિં સુકૃતી સાધુ સુચિ પાવહિં સબ મનકામ।
બંદી બેદ પુરાન ગન કહહિં બિમલ ગુન ગ્રામ ॥ ૧૦૫॥

પુણ્યાત્મા, પવિત્ર સાધુ એની સેવા કરે છે અને સર્વે મનોરથોને પામે છે. વેદ અને પુરાણોના સમૂહ ભાટ છે, જે એના નિર્મળ ગુણસમૂહોનાં વખાણ કરે છે. ॥ ૧૦૫॥

ચૌ૦ – કો કહિ સકઇ પ્રયાગ પ્રભાઊ। કલુષ પુંજ કુંજર મૃગરાઊ ॥
અસ તીરથપતિ દેખિ સુહાવા। સુખ સાગર રઘુબર સુખુ પાવા ॥ ૧॥

પાપોના સમૂહરૂપી હાથીને મારવા માટે સિંહરૂપ પ્રયાગરાજનો ભારે પ્રભાવ છે, તેને કોણ કહી શકે છે! આવા સોહામણા તીર્થરાજનું દર્શન કરીને સુખના સમુદ્ર રઘુકુળશ્રેષ્ઠ શ્રીરામજીને ઘણો આનંદ થયો. ॥ ૧॥

કહિ સિય લખનહિ સખહિ સુનાઈ। શ્રીમુખ તીરથરાજ બડ઼ાઈ ॥
કરિ પ્રનામુ દેખત બન બાગા। કહત મહાતમ અતિ અનુરાગા ॥ ૨॥

તેમણે પોતાના શ્રીમુખથી સીતાજી, લક્ષ્મણજી અને સખા ગુહને તીર્થરાજનો મહિમા કહી સંભળાવ્યો. તત્પશ્ચાત્ પ્રણામ કરતાં, વન અને બગીચાને જોતાં અને ઘણાં પ્રેમથી માહાત્મ્ય કહેતાં–॥ ૨॥

એહિ બિધિ આઇ બિલોકી બેની। સુમિરત સકલ સુમંગલ દેની ॥
મુદિત નહાઇ કીન્હિ સિવ સેવા। પૂજિ જથાબિધિ તીરથ દેવા ॥ ૩॥

શ્રીરામે આવીને ત્રિવેણીનું દર્શન કર્યું, જે સ્મરણ કરતાં જ સર્વે સુંદર મંગળોને આપનારી છે. પછી આનંદપૂર્વક ત્રિવેણીમાં સ્નાન કરીને શિવજીની સેવા-પૂજા કરી અને વિધિપૂર્વક તીર્થદેવતાઓનું પૂજન કર્યું. ॥ ૩॥

તબ પ્રભુ ભરદ્વાજ પહિં આએ। કરત દંડવત મુનિ ઉર લાએ ॥
મુનિ મન મોદ ન કછુ કહિ જાઈ। બ્રહ્માનંદ રાસિ જનુ પાઈ ॥૪॥

સ્નાન, પૂજન આદિ સર્વે કરીને પછી પ્રભુ શ્રીરામજી ભરદ્વાજજી પાસે આવ્યા. તેમને દંડવત્ કરતાં જ મુનિએ હૃદયથી ચાંપી દીધા. મુનિના મનનો આનંદ કંઈ કહી શકાતો નથી. જાણે બ્રહ્માનંદનો ભંડાર મળી ગયો હોય. ॥૪॥

દો૦ – દીન્હિ અસીસ મુનીસ ઉર અતિ અનંદુ અસ જાનિ।
લોચન ગોચર સુકૃત ફલ મનહુઁ કિએ બિધિ આનિ ॥૧૦૬॥

મુનીશ્વર ભરદ્વાજજીએ આશીર્વાદ આપ્યો. તેમના હૃદયમાં એમ જાણીને અત્યંત આનંદ થયો કે આજે વિધાતાએ [શ્રીસીતાજી અને લક્ષ્મણજીસહિત પ્રભુ શ્રીરામચન્દ્રજીનાં દર્શન કરાવી] જાણે અમારાં સંપૂર્ણ પુણ્યોનાં ફળ લાવીને આંખોની સામે ધરી દીધાં. ॥૧૦૬॥

ચૌ૦ – કુસલ પ્રસ્ન કરિ આસન દીન્હે। પૂજિ પ્રેમ પરિપૂરન કીન્હે ॥
કંદ મૂલ ફલ અંકુર નીકે। દિએ આનિ મુનિ મનહુઁ અમી કે ॥૧॥

કુશળ પૂછીને મુનિરાજે તેમને આસન આપ્યાં અને પ્રેમસહિત પૂજન કરીને સંતુષ્ટ કર્યા. પછી જાણે અમૃતના જ બન્યા હોય, એવા સારાં-સારાં કંદ, મૂળ, ફળ અને અંકુર લાવીને આપ્યાં. ॥૧॥

સીય લખન જન સહિત સુહાએ। અતિ રુચિ રામ મૂલ ફલ ખાએ ॥
ભએ બિગતશ્રમ રામુ સુખારે। ભરદ્વાજ મૃદુ બચન ઉચારે ॥૨॥

સીતાજી, લક્ષ્મણજી અને સેવક ગુહસહિત શ્રીરામચન્દ્રજીએ તે સુંદર મૂળ-ફળોને ઘણી રુચિ સાથે આરોગ્યાં. થાક દૂર થવાથી શ્રીરામચન્દ્રજી સુખી થઈ ગયા. પછી ભરદ્વાજજીએ તેમને કોમળ વચન કહી સંભળાવ્યાં – ॥૨॥

આજુ સુફલ તપુ તીરથ ત્યાગૂ। આજુ સુફલ જપ જોગ બિરાગૂ ॥
સફલ સકલ સુભ સાધન સાજૂ। રામ તુમ્હહિ અવલોકત આજૂ ॥૩॥

શ્રીરામ! આપનું દર્શન કરતાં જ આજે મારું તપ, તીર્થસેવન અને ત્યાગ સફળ થઈ ગયાં. આજે મારા જપ, યોગ અને વૈરાગ્ય સફળ થઈ ગયા અને આજે મારા સંપૂર્ણ શુભ સાધનોનો સમુદાય પણ સફળ થઈ ગયો. ॥૩॥

લાભ અવધિ સુખ અવધિ ન દૂજી। તુમ્હરેં દરસ આસ સબ પૂજી ॥
અબ કરિ કૃપા દેહુ બર એહૂ। નિજ પદ સરસિજ સહજ સનેહૂ ॥૪॥

લાભની સીમા અને સુખની સીમા [પ્રભુનાં દર્શન સિવાય] બીજી કંઈ પણ નથી. આપનાં દર્શનથી મારી સર્વે આશાઓ પૂર્ણ થઈ ગઈ. હવે કૃપા કરીને એ વરદાન આપો કે આપનાં ચરણકમળોમાં મારો સ્વાભાવિક પ્રેમ રહે. ॥૪॥

દો૦ – કરમ બચન મન છાડ઼િ છલુ જબ લગિ જનુ ન તુમ્હાર ।
તબ લગિ સુખુ સપનેહુઁ નહીં કિએઁ કોટિ ઉપચાર ॥ ૧૦૭॥

જ્યાં સુધી કર્મ, વચન અને મનથી પ્રપંચ છોડીને મનુષ્ય આપનો દાસ નથી થઈ જતો, ત્યાં સુધી કરોડો ઉપાય કરવાથીય સ્વપ્નમાં પણ તે સુખ નથી પામતો. ॥ ૧૦૭॥

ચૌ૦ – સુનિ મુનિ બચન રામુ સકુચાને । ભાવ ભગતિ આનંદ અઘાને ॥
તબ રઘુબર મુનિ સુજસુ સુહાવા । કોટિ ભાઁતિ કહિ સબહિ સુનાવા ॥ ૧॥

મુનિનાં વચન સાંભળીને, તેમની ભાવ-ભક્તિના કારણે આનંદથી તૃપ્ત થયેલા ભગવાન શ્રીરામચન્દ્રજી [લીલાની દૃષ્ટિએ] સંકોચાઈ ગયા. પછી [પોતાના ઐશ્વર્યને છુપાવતાં] શ્રીરામચન્દ્રજીએ ભરદ્વાજ મુનિનો સુંદર સુયશ કરોડો (અનેક) પ્રકારે સૌને કહી સંભળાવ્યો. ॥ ૧॥

સો બડ઼ સો સબ ગુન ગન ગેહૂ । જેહિ મુનીસ તુમ્હ આદર દેહૂ ॥
મુનિ રઘુબીર પરસપર નવહીં । બચન અગોચર સુખુ અનુભવહીં ॥ ૨॥

[રામજીએ કહ્યું –] હે મુનીશ્વર! જેને આપ આદર આપો, એ જ મોટો છે અને એ જ સર્વે ગુણસમૂહનું ધામ છે. આ રીતે શ્રીરામજી અને ભરદ્વાજજી બંને પરસ્પર એક બીજાને નમી રહ્યા છે અને અનિર્વચનીય આનંદનો અનુભવ કરી રહ્યા છે. ॥ ૨॥

યહ સુધિ પાઈ પ્રયાગ નિવાસી । બટુ તાપસ મુનિ સિદ્ધ ઉદાસી ॥
ભરદ્વાજ આશ્રમ સબ આએ । દેખન દસરથ સુઅન સુહાએ ॥ ૩॥

આ (શ્રીરામ, લક્ષ્મણ અને સીતાજીના આગમનની) ખબર પામીને પ્રયાગનિવાસી બ્રહ્મચારી, તપસ્વી, મુનિ, સિદ્ધ અને વિરક્ત સર્વે શ્રીદશરથજીના સુંદર પુત્રોને જોવા માટે ભરદ્વાજજીના આશ્રમે આવ્યા. ॥ ૩॥

રામ પ્રનામ કીન્હ સબ કાહૂ । મુદિત ભએ લહિ લોયન લાહૂ ॥
દેહિં અસીસ પરમ સુખુ પાઈ । ફિરે સરાહત સુંદરતાઈ ॥ ૪॥

શ્રીરામચન્દ્રજીએ દરેકને પ્રણામ કર્યાં. નેત્રોનો લાભ પામીને બધા આનંદિત થઈ ગયા અને પરમ સુખ પામીને આશીર્વાદ આપવા લાગ્યા. શ્રીરામજીના સૌંદર્યની પ્રશંસા કરતાં કરતાં તેઓ પાછા ફર્યા. ॥ ૪॥

દો૦ – રામ કીન્હ બિશ્રામ નિસિ પ્રાત પ્રયાગ નહાઈ ।
ચલે સહિત સિય લખન જન મુદિત મુનિહિ સિરુ નાઈ ॥ ૧૦૮॥

શ્રીરામજીએ રાત્રે ત્યાં જ વિશ્રામ કર્યો અને પ્રાતઃકાળે પ્રયાગરાજનું સ્નાન કરીને શ્રીસીતાજી, લક્ષ્મણજી અને સેવક ગુહની સાથે ભરદ્વાજ આશ્રમ તરફ ચાલ્યા અને મુનિને શીશ નમાવીને હરખાયા. ॥ ૧૦૮॥

ચૌ૦ – રામ સપ્રેમ કહેઉ મુનિ પાહીં । નાથ કહિઅ હમ કેહિ મગ જાહીં ॥
મુનિ મન બિહસિ રામ સન કહહીં । સુગમ સકલ મગ તુમ્હ કહુઁ અહહીં ॥ ૧॥

ચાલતી વખતે ઘણા પ્રેમથી શ્રીરામજીએ મુનિને કહ્યું – હે નાથ! બતાવો કે અમે કયા માર્ગે જઈએ? મુનિ મનમાં હસીને શ્રીરામજીને કહે છે કે આપના માટે સર્વે માર્ગો સુગમ છે. ॥ ૧॥

સાથ લાગિ મુનિ સિષ્ય બોલાએ । સુનિ મન મુદિત પચાસક આએ ॥
સબન્હિ રામ પર પ્રેમ અપારા । સકલ કહહિં મગુ દીખ હમારા ॥ ૨॥

પછી તેમના સંગાથ માટે ભરદ્વાજ મુનિએ શિષ્યોને બોલાવ્યા. સાથે જવાની વાત સાંભળતાં જ ચિત્તથી હરખાઈને લગભગ પચાસેક શિષ્યો આવી ગયા. બધાનો શ્રીરામજી પર અપાર પ્રેમ છે. બધા જ કહે છે કે માર્ગ અમારો જોયેલો છે. ॥ ૨॥

મુનિ બટુ ચારિ સંગ તબ દીન્હે । જિન્હ બહુ જનમ સુકૃત સબ કીન્હે ॥
કરિ પ્રનામુ રિષિ આયસુ પાઈ । પ્રમુદિત હૃદયઁ ચલે રઘુરાઈ ॥ ૩॥

પછી મુનિએ ચાર બ્રહ્મચારીઓને સાથે કરી દીધા, જેમણે ઘણા જન્મો સુધી બધાં સુકૃત (પુણ્ય) કર્યાં હતાં. શ્રીરઘુનાથજી પ્રણામ કરીને અને ઋષિની આજ્ઞા પામીને હૃદયમાં ઘણા જ આનંદિત થઈને ચાલ્યા. ॥ ૩॥

ગ્રામ નિકટ જબ નિકસહિં જાઈ । દેખહિં દરસુ નારિ નર ધાઈ ॥
હોહિં સનાથ જનમ ફલુ પાઈ । ફિરહિં દુખિત મનુ સંગ પઠાઈ ॥ ૪॥

જ્યારે તેઓ કોઈ ગામની પાસે થઈને નીકળે છે ત્યારે સ્ત્રી-પુરુષ દોડીને તેમના રૂપને જોવા લાગે છે. જન્મનું ફળ પામીને તેઓ સનાથ થઈ જાય છે અને મનને નાથ સાથે મોકલીને દુઃખી થઈને પાછા ફરી જાય છે. એટલે કે ચિત્તમાં તો શ્રીરામજીની છબી અંકિત થઈ ગઈ પણ દેહથી પરાણે પાછા ફરવું પડે છે. ॥ ૪॥

દો૦ – બિદા કિએ બટુ બિનય કરિ ફિરે પાઇ મન કામ ।
ઉતરિ નહાએ જમુન જલ જો સરીર સમ સ્યામ ॥ ૧૦૯॥

તત્પશ્ચાત્ શ્રીરામજીએ વિનંતી કરીને ચારેય બ્રહ્મચારીઓને વિદાય કર્યા. તે મનવાંછિત વસ્તુ (અનન્ય ભક્તિ) પામીને પાછા ફર્યા. યમુનાજીની પાર ઊતરીને સર્વેએ યમુનાજીના જળમાં સ્નાન કર્યું, જે શ્રીરામજન્દ્રજીના શરીર જેવું જ શ્યામ રંગનું હતું. ॥ ૧૦૯॥

ચૌ૦ – સુનત તીરબાસી નર નારી । ધાએ નિજ નિજ કાજ બિસારી ॥
લખન રામ સિય સુંદરતાઈ । દેખિ કરહિં નિજ ભાગ્ય બડ઼ાઈ ॥ ૧॥

યમુનાજીના કિનારે રહેનારાં સ્ત્રી-પુરુષ [આ સાંભળીને કે નિષાદની સાથે બે પરમ સુંદર સુકુમાર નવયુવક અને એક પરમ સુંદરી સ્ત્રી આવી રહ્યાં છે] સર્વે પોતપોતાનાં કામ ભૂલીને દોડ્યાં અને લક્ષ્મણજી, શ્રીરામજી અને સીતાજીના સૌંદર્યને જોઈને પોતાના ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યાં. ॥ ૧॥

અતિ લાલસા બસહિં મન માહીં। નાઉઁ ગાઉઁ બૂઝત સકુચાહીં॥
જે તિન્હ મહુઁ બયબિરિધ સયાને। તિન્હ કરિ જુગુતિ રામુ પહિચાને॥ ૨॥

તેમના મનમાં પરિચય જાણવાની ઘણી જ લાલસાઓ ભરી છે. છતાંય તેઓ નામ-ગામ પૂછતાં સંકોચાય છે. તે લોકોમાં જે વયોવૃદ્ધ અને બુદ્ધિશાળી હતા; તેમણે યુક્તિથી શ્રીરામચન્દ્રજીને ઓળખી લીધા. ॥ ૨॥

સકલ કથા તિન્હ સબહિ સુનાઈ। બનહિ ચલે પિતુ આયસુ પાઈ॥
સુનિ સબિષાદ સકલ પછિતાહીં। રાની રાયઁ કીન્હ ભલ નાહીં॥ ૩॥

તેમણે સર્વે કથા બધા લોકોને સંભળાવી કે પિતાની આજ્ઞા પામીને તે વનમાં ચાલ્યા છે. આ સાંભળીને બધા લોકો દુઃખી થઈ પછતાઈ રહ્યા છે કે રાણી અને રાજાએ ઠીક નથી કર્યું. ॥ ૩॥

તેહિ અવસર એક તાપસુ આવા। તેજ પુંજ લઘુબયસ સુહાવા॥
કબિ અલખિત ગતિ બેષુ બિરાગી। મન ક્રમ બચન રામ અનુરાગી॥ ૪॥

તે અવસર ઉપર ત્યાં એક તપસ્વી આવ્યો, જે તેજનો પુંજ, નાની વયનો અને સુંદર હતો. તેની ગતિ કવિ નથી જાણતા [અથવા તે કવિ હતો જે પોતાનો પરિચય આપવા ઇચ્છતો ન હતો]. તે વૈરાગીના વેશમાં હતો અને મન, વચન તથા કર્મથી શ્રીરામચન્દ્રજીનો પ્રેમી હતો. ॥ ૪॥

[આ તેજપુંજ તાપસના પ્રસંગને કેટલાક ટીકાકાર ક્ષેપક માને છે અને કેટલાક લોકોને જણાય છે કે આ અપ્રાસંગિક અને પાછળથી જોડાયો હોય; એવું લાગે છે. પરંતુ આ બધી જ પ્રાચીન પ્રતિઓમાં છે. તુલસીદાસજી અલૌકિક અનુભવી પુરુષ હતા. ખબર નથી કે આ પ્રસંગને અહીં રાખવાનું રહસ્ય શું છે, પરંતુ તે ક્ષેપક તો નથી જ. આ તાપસને જ્યારે 'કબિ અલખિત ગતિ' કહે છે, તો પછી નિશ્ચયપૂર્વક કોણ શું કહી શકે છે? અમારી સમઝણ પ્રમાણે તે તાપસ કાં તો શ્રીહનુમાનજી છે કે ધ્યાનસ્થ તુલસીદાસજી!]

દો૦ – સજલ નયન તન પુલકિ નિજ ઇષ્ટદેઉ પહિચાનિ।
પરેઉ દંડ જિમિ ધરનિતલ દસા ન જાઇ બખાનિ॥ ૧૧૦॥

પોતાના ઈષ્ટદેવને ઓળખીને એનાં નેત્રોમાં જળ ભરાઈ આવ્યું અને શરીર પુલકિત થઈ ગયું. તે દંડની જેમ પૃથ્વી પર ઢળી પડ્યો, એની [પ્રેમવિહ્વળ] દશાનું વર્ણન કરી નથી શકાતું. ॥ ૧૧૦॥

ચૌ૦ – રામ સપ્રેમ પુલકિ ઉર લાવા। પરમ રંક જનુ પારસુ પાવા॥
મનહુઁ પ્રેમુ પરમારથુ દોઊ। મિલત ધરેં તન કહ સબુ કોઊ॥ ૧॥

શ્રીરામજીએ પ્રેમપૂર્વક પુલકિત થઈને એને હૃદયે ચાંપી લીધો. જેથી તાપસને એટલો આનંદ થયો જાણે કોઈ મહાદરિદ્રી મનુષ્ય પારસ પામી ગયો હોય. સર્વે કોઈ [જોનારા] કહેવા લાગ્યા કે જાણે પ્રેમ અને પરમાર્થ (પરમ તત્ત્વ) બંને શરીર ધારણ કરીને મળી રહ્યા છે. ॥ ૧॥

બહુરિ લખન પાયન્હ સોઇ લાગા । લીન્હ ઉઠાઇ ઉમગિ અનુરાગા ॥
પુનિ સિય ચરન ધૂરિ ધરિ સીસા । જનનિ જાનિ સિસુ દીન્હિ અસીસા ॥ ૨॥

પછી તે લક્ષ્મણજીના ચરણે નમ્યો. લક્ષ્મણજીએ પ્રેમ અને ઉમંગથી તેને આલિંગન આપ્યું. પછી તે તાપસે સીતાજીની ચરણરજને પોતાના સિરે ધારણ કરી. માતા સીતાજીએ પણ એને પોતાનો નાનો બાળ જાણીને આશીર્વાદ આપ્યા. ॥ ૨॥

કીન્હ નિષાદ દંડવત તેહી । મિલેઉ મુદિત લખિ રામ સનેહી ॥
પિઅત નયન પુટ રૂપુ પિયૂષા । મુદિત સુઅસનુ પાઇ જિમિ ભૂખા ॥ ૩॥

પછી નિષાદરાજે તે તાપસને દંડવત્ કર્યાં. શ્રીરામચન્દ્રજીનો પ્રેમી જાણીને તે નિષાદરાજને આનંદિત થઈ ભેટ્યો. તે તપસ્વી પોતાના નેત્રરૂપી પડિયાઓથી શ્રીરામજીની સૌન્દર્યસુધાનું પાન કરવા લાગ્યો અને એવો આનંદિત થયો કે જેમ કોઈ ભૂખ્યો માણસ સુંદર ભોજન પામીને આનંદિત થાય છે. ॥ ૩॥

તે પિતુ માતુ કહહુ સખિ કૈસે । જિન્હ પઠએ બન બાલક ઐસે ॥
રામ લખન સિય રૂપુ નિહારી । હોહિં સનેહ બિકલ નર નારી ॥ ૪॥

[આ બાજુ ગામની સ્ત્રીઓ કહી રહી છે –] હે સખી! કહો તો, એ માતાપિતા કેવાં છે જેમણે આવા (સુંદર સુકુમાર) બાળકોને વનમાં મોકલી દીધાં છે? શ્રીરામજી, લક્ષ્મણજી અને સીતાજીના રૂપને જોઈને બધાં સ્ત્રી-પુરુષો સ્નેહથી વ્યાકુળ થઈ જાય છે. ॥ ૪॥

દો૦ – તબ રઘુબીર અનેક બિધિ સખહિ સિખાવનુ દીન્હ ।
રામ રજાયસુ સીસ ધરિ ભવન ગવનુ તેઇઁ કીન્હ ॥ ૧૧૧॥

પછી શ્રીરામચન્દ્રજીએ સખા ગુહને અનેક રીતે [ઘેર પાછા ફરવા માટે] સમજાવ્યો. શ્રીરામચન્દ્રજીની આજ્ઞાને સિરે ચઢાવી તેણે પોતાના ઘરે જવા પ્રયાણ કર્યું. ॥ ૧૧૧॥

ચૌ૦ – પુનિ સિયઁ રામ લખન કર જોરી । જમુનહિ કીન્હ પ્રનામુ બહોરી ॥
ચલે સસીય મુદિત દોઉ ભાઈ । રબિતનુજા કઇ કરત બડ઼ાઈ ॥ ૧॥

પછી સીતાજી, શ્રીરામજી અને લક્ષ્મણજીએ હાથ જોડીને યમુનાજીને પુનઃ પ્રણામ કર્યાં અને સૂર્યકન્યા યમુનાજીનો મહિમા કહેતાં કહેતાં સીતાજીસહિત બંને ભાઈ પ્રસન્નતાપૂર્વક આગળ ચાલ્યા. ॥ ૧॥

પથિક અનેક મિલહિં મગ જાતા । કહહિં સપ્રેમ દેખિ દોઉ ભ્રાતા ॥
રાજ લખન સબ અંગ તુમ્હારેં । દેખિ સોચુ અતિ હૃદય હમારેં ॥ ૨॥

રસ્તામાં અનેક યાત્રી મળે છે. તેઓ બંને ભાઈઓને જોઈને એમને પ્રેમપૂર્વક કહે છે કે તમારા સર્વે અંગોમાં રાજચિહ્ન જોઈને અમારા હૃદયમાં ઘણું દુઃખ થાય છે કે – ॥ ૨॥

મારગ ચલહુ પયાદેહિ પાએઁ । જ્યોતિષુ ઝૂઠ હમારેં ભાએઁ ॥
અગમુ પંથુ ગિરિ કાનન ભારી । તેહિ મહઁ સાથ નારિ સુકુમારી ॥ ૩॥

આવાં રાજચિહ્નો હોવા છતાંય તમે લોકો માર્ગમાં પગપાળા જઈ રહ્યા છો, એથી અમારી સમઝણમાં એમ જણાય છે કે જ્યોતિષ-શાસ્ત્ર જૂઠું છે. ગાઢ જંગલ અને મોટા-મોટા પર્વતોનો દુર્ગમ માર્ગ છે. વધારામાં તમારી સાથે સુકુમારી સ્ત્રી છે. ॥ ૩॥

કરિ કેહરિ બન જાઇ ન જોઈ । હમ સઁગ ચલહિં જો આયસુ હોઈ ॥
જાબ જહાઁ લગિ તહઁ પહુઁચાઈ । ફિરબ બહોરિ તુમ્હહિ સિરુ નાઈ ॥ ૪॥

હાથી અને સિંહોથી ભરેલ આ ભયાનક વન જોઈ શકાતું નથી. જો આજ્ઞા હોય તો અમે સાથે ચાલીએ. આપ જ્યાં સુધી જશો, ત્યાં સુધી પહોંચાડીને, પછી આપને પ્રણામ કરીને અમે પાછા ફરી જઈશું. ॥ ૪॥

દો૦ – એહિ બિધિ પૂઁછહિં પ્રેમ બસ પુલક ગાત જલુ નૈન ।
કૃપાસિંધુ ફેરહિં તિન્હહિ કહિ બિનીત મૃદુ બૈન ॥ ૧૧૨॥

આ રીતે તે યાત્રીઓ પ્રેમવશ પુલકિત શરીરે અને નેત્રોમાં [પ્રેમાશ્રુઓનું] જળ ભરીને પૂછે છે. પરંતુ કૃપાના સમુદ્ર શ્રીરામચન્દ્રજી કોમળ વિનયયુક્ત વચન કહીને તેમને વળાવી દે છે. ॥ ૧૧૨॥

ચૌ૦ – જે પુર ગાઁવ બસહિં મગ માહીં । તિન્હહિ નાગ સુર નગર સિહાહીં ॥
કેહિ સુકૃતીં કેહિ ઘરીં બસાએ । ધન્ય પુન્યમય પરમ સુહાએ ॥ ૧॥

જે ગામ અને પુરો (નગરો) માર્ગમાં વસ્યાં છે, તેમને જોઈને નાગ અને દેવોનાં નગરો પ્રશંસાપૂર્વક ઈર્ષ્યા કરતાં અને લલચાતાં કહે છે કે કોઈ પુણ્યવાને કઈ શુભ ઘડીમાં આમને વસાવ્યાં હતાં, જેથી આજે એ આટલા ધન્ય અને પુણ્યમય તથા પરમ સુંદર થઈ રહ્યાં છે. ॥ ૧॥

જહઁ જહઁ રામ ચરન ચલિ જાહીં । તિન્હ સમાન અમરાવતિ નાહીં ॥
પુન્યપુંજ મગ નિકટ નિવાસી । તિન્હહિ સરાહહિં સુરપુરબાસી ॥ ૨॥

જ્યાં જ્યાં શ્રીરામચન્દ્રજીના ચરણ પડે છે, તેના સમાન ઈન્દ્રની પુરી અમરાવતી પણ નથી. રસ્તાની સમીપ વસનારાં પણ મોટા પુણ્યાત્મા છે – સ્વર્ગમાં રહેનારા દેવો પણ એમની પ્રશંસા કરે છે – ॥ ૨॥

જે ભરિ નયન બિલોકહિં રામહિ । સીતા લખન સહિત ઘનસ્યામહિ ॥
જે સર સરિત રામ અવગાહહિં । તિન્હહિ દેવ સર સરિત સરાહહિં ॥ ૩॥

જે નેત્રો ભરીને સીતાજી અને લક્ષ્મણજીસહિત ઘનશ્યામ શ્રીરામજીનાં દર્શન કરે છે; જે તળાવ અને નદીઓમાં શ્રીરામજી સ્નાન કરી લે છે, દેવસરોવર અને દેવનદીઓ પણ એમની પ્રશંસા કરે છે. ॥ ૩॥

જેહિ તરુ તર પ્રભુ બૈઠહિં જાઈ । કરહિં કલપતરુ તાસુ બડ઼ાઈ ॥
પરસિ રામ પદ પદુમ પરાગા । માનતિ ભૂમિ ભૂરિ નિજ ભાગા ॥ ૪॥

જે વૃક્ષની નીચે પ્રભુ જઈને બેસે છે, કલ્પવૃક્ષ પણ તેની મહત્તા ગાય છે. શ્રીરામચન્દ્રજીનાં ચરણકમળોની ધૂળનો સ્પર્શ કરીને પૃથ્વી પોતાનું મોટું સૌભાગ્ય માને છે. ॥ ૪॥

દો૦ – છાઁહ કરહિં ઘન બિબુધગન બરષહિં સુમન સિહાહિં ।
દેખત ગિરિ બન બિહગ મૃગ રામુ ચલે મગ જાહિં ॥ ૧૧૩॥

રસ્તામાં વાદળો છાયા કરતાં જાય છે અને દેવતાઓ ફૂલો વરસાવે છે, સાથે સાથે ઈર્ષાપૂર્વક પ્રશંસા કરે છે. પર્વત, વન અને પશુ-પક્ષીઓને જોતાં શ્રીરામજી માર્ગમાં ચાલ્યા જઈ રહ્યા છે. ॥ ૧૧૩॥

ચૌ૦ – સીતા લખન સહિત રઘુરાઈ । ગાઁવ નિકટ જબ નિકસહિં જાઈ ॥
સુનિ સબ બાલ બૃદ્ધ નર નારી । ચલહિં તુરત ગૃહકાજુ બિસારી ॥ ૧॥

શ્રીસીતાજી અને લક્ષ્મણજીસહિત શ્રીરઘુનાથજી જ્યારે કોઈ ગામ પાસે જઈ નીકળે છે ત્યારે તેમનું આગમન સાંભળતાં જ બાળકો, વૃદ્ધો, સ્ત્રી-પુરુષો બધાં પોતાનાં ઘર અને કામકાજને છોડીને તુરંત તેમને નિહાળવા માટે નીકળી પડે છે. ॥ ૧॥

રામ લખન સિય રૂપ નિહારી । પાઈ નયન ફલુ હોહિં સુખારી ॥
સજલ બિલોચન પુલક સરીરા । સબ ભએ મગન દેખિ દોઉ બીરા ॥ ૨॥

શ્રીરામ, લક્ષ્મણ અને સીતાજીના રૂપને જોઈને, નેત્રોનું [પરમ] ફળ પામીને તેઓ સુખી થાય છે. બંને વીર ભાઈઓને જોઈને બધાં પ્રેમાનંદમાં મગ્ન થઈ ગયા. તેમનાં નેત્રોમાં જળ ભરાઈ આવ્યાં અને શરીર પુલકિત થઈ ગયાં. ॥ ૨॥

બરનિ ન જાઈ દસા તિન્હ કેરી । લહિ જનુ રંકન્હ સુરમનિ ઢેરી ॥
એકન્હ એક બોલિ સિખ દેહીં । લોચન લાહુ લેહુ છન એહીં ॥ ૩॥

તેમની દશા વર્ણન નથી કરી શકાતી. જાણે દરિદ્રોએ ચિંતામણિની ઢગલી પામી લીધી હોય. તે એકેએકને પોકારીને શીખ આપે છે કે આ જ ક્ષણે નેત્રોનો લાભ લઈ લો. ॥ ૩॥

રામહિ દેખિ એક અનુરાગે । ચિતવત ચલે જાહિં સઁગ લાગે ॥
એક નયન મગ છબિ ઉર આની । હોહિં સિથિલ તન મન બર બાની ॥ ૪॥

કોઈ શ્રીરામચન્દ્રજીને જોઈને એવા અનુરાગથી ભરાઈ ગયા છે કે એમને જોતાં એમની સાથે સાથે ચાલી જઈ રહ્યા છે. કોઈ નેત્રમાર્ગેથી તેમની શોભાને હૃદયમાં લાવીને શરીર, મન અને શ્રેષ્ઠ વાણીથી શિથિલ થઈ જાય છે અર્થાત્ તેમનાં શરીર, મન અને વાણીનો વ્યવહાર બંધ થઈ જાય છે. ॥ ૪॥

દો૦ – એક દેખિ બટ છાઁહ ભલિ ડાસિ મૃદુલ તૃન પાત ।
કહહિં ગવાઁઇઅ છિનુકુ શ્રમુ ગવનબ અબહિં કિ પ્રાત ॥ ૧૧૪॥

કોઈ વડની સુંદર છાયા જોઈને, ત્યાં નરમ ઘાસ અને પાંદડાં બિછાવીને શ્રીરામજીને કહે છે કે થોડીકવાર અહીં બેસીને થાક ઉતારી લો. પછી ભલે ને હમણાં જતા રહેજો કે ભલે સવારે. ॥ ૧૧૪॥

ચૌ૦ – એક કલસ ભરિ આનહિં પાની । અઁચઇઅ નાથ કહહિં મૃદુ બાની ॥
સુનિ પ્રિય બચન પ્રીતિ અતિ દેખી । રામ કૃપાલ સુસીલ બિસેષી ॥ ૧॥

કોઈ ઘડો ભરીને પાણી લઈ આવે છે અને કોમળ વાણીથી કહે છે – નાથ! આચમન તો કરી લો. તેમનાં પ્રિય વચન સાંભળી અને એમનો અત્યંત પ્રેમ જોઈને દયાળુ અને પરમ સુશીલ શ્રીરામચન્દ્રજીએ – ॥ ૧॥

જાની શ્રમિત સીય મન માહીં। ઘરિક બિલંબુ કીન્હ બટ છાહીં॥
મુદિત નારિ નર દેખહિં સોભા। રૂપ અનૂપ નયન મનુ લોભા॥ ૨॥

મનમાં સીતાજીને થાકેલાં જાણીને થોડીક વાર સુધી વડની છાયામાં વિશ્રામ કર્યો. સ્ત્રી-પુરુષ આનંદિત થઈને પ્રભુની શોભા જોઈ રહ્યાં છે. ત્રણેયના અનુપમ રૂપે એમનાં નેત્ર અને મનોને લોભાવી લીધાં છે. ॥ ૨॥

એકટક સબ સોહહિં ચહુઁ ઓરા। રામચંદ્ર મુખ ચંદ ચકોરા॥
તરુન તમાલ બરન તનુ સોહા। દેખત કોટિ મદન મનુ મોહા॥ ૩॥

સર્વે લોકો એકીટશે શ્રીરામચન્દ્રજીના મુખચન્દ્રને ચકોરની જેમ (તન્મય થઈને) જોતાં ચારે બાજુ સુશોભિત થઈ રહ્યા છે. શ્રીરામજીનું લીલાછમ તમાલ વૃક્ષના જેવું શ્યામ રંગનું શ્રીવિગ્રહ એવી રીતે શોભા આપી રહ્યું છે, જેને જોતાં જ કરોડો કામદેવોનાં મન મોહિત થઈ જાય છે. ॥ ૩॥

દામિનિ બરન લખન સુઠિ નીકે। નખ સિખ સુભગ ભાવતે જી કે॥
મુનિપટ કટિન્હ કસેં તૂનીરા। સોહહિં કર કમલનિ ધનુ તીરા॥ ૪॥

વીજળીના જેવા રંગના લક્ષ્મણજી ઘણા જ ભલા જણાય છે. તેઓ નખથી શિખા સુધી સુંદર છે અને મનને બહુ ગમે છે. બંનેએ મુનિઓનાં (વલ્કલ આદિ) વસ્ત્ર પહેર્યાં છે અને કમરમાં ભાથો બાંધેલો છે. કમળના સમાન હાથોમાં ધનુષ-બાણ શોભી રહ્યાં છે. ॥ ૪॥

દો૦ – જટા મુકુટ સીસનિ સુભગ ઉર ભુજ નયન બિસાલ।
સરદ પરબ બિધુ બદન બર લસત સ્વેદ કન જાલ॥ ૧૧૫॥

એમના મસ્તકે સુંદર જટાઓના મુગટ છે; વક્ષઃસ્થળ, ભુજા અને નેત્ર વિશાળ છે અને શરદ્પૂર્ણિમાના ચન્દ્ર જેવા સુંદર મુખો પર પરસેવાનાં બિંદુઓનો સમૂહ શોભિત થઈ રહ્યો છે. ॥ ૧૧૫॥

ચૌ૦ – બરનિ ન જાઈ મનોહર જોરી। સોભા બહુત થોરિ મતિ મોરી॥
રામ લખન સિય સુંદરતાઈ। સબ ચિતવહિં ચિત મન મતિ લાઈ॥ ૧॥

તે મનોહર જોડીનું વર્ણન કરી નથી શકાતું; કારણ કે શોભા ઘણી અધિક છે અને મારી બુદ્ધિ ઘણી અલ્પ છે. શ્રીરામ, લક્ષ્મણ અને સીતાજીની સુંદરતાને બધા લોકો મન, ચિત્ત અને બુદ્ધિ– ત્રણેય તેમનામાં લવલીન થઈ ગયાં છે ॥ ૧॥

થકે નારિ નર પ્રેમ પિઆસે। મનહુઁ મૃગી મૃગ દેખિ દિઆ સે॥
સીય સમીપ ગ્રામતિય જાહીં। પૂઁછત અતિ સનેહઁ સકુચાહીં॥ ૨॥

પ્રેમ તરસ્યા [તે ગામોનાં] સ્ત્રી-પુરુષ [આમના સૌન્દર્ય-માધુર્યની શોભા જોઈને] સ્તબ્ધ રહી ગયાં જેવી રીતે દીપકને જોઈને હરણી અને હરણ [સ્તબ્ધ રહી જાય છે]. ગામોની સ્ત્રીઓ સીતાજીની પાસે જાય છે. પણ અત્યંત સ્નેહને કારણે પૂછતાં સંકોચાય છે. ॥ ૨॥

બાર બાર સબ લાગહિં પાએઁ । કહહિં બચન મૃદુ સરલ સુભાએઁ ॥
રાજકુમારિ બિનય હમ કરહીં । તિય સુભાયઁ કછુ પૂઁછત ડરહીં ॥ ૩॥

વારંવાર બધી એમને પગે લાગતી અને સહજ (સરળ) જ સીધાંસાદાં કોમળ વચન કહે છે – હે રાજકુમારી! અમે વિનંતી કરીએ (કંઈ નિવેદન કરવા ઈચ્છીએ) છીએ, પરંતુ સ્ત્રી-સ્વભાવને કારણે કંઈ પૂછતાં ડરીએ છીએ. ॥ ૩॥

સ્વામિનિ અબિનય છમબિ હમારી । બિલગુ ન માનબ જાનિ ગવાઁરી ॥
રાજકુઅઁર દોઉ સહજ સલોને । ઈન્હ તેં લહી દુતિ મરકત સોને ॥ ૪॥

હે સ્વામિની! અમારી ધૃષ્ટતાને ક્ષમા કરજો અને અમને ગમાર જાણીને ખોટું ન લગાડશો. આ બંને રાજકુમાર સ્વભાવથી જ લાવણ્યમય (પરમ સુંદર) છે. અમને એવું લાગે છે કે મરકતમણિ (પન્ના) અને સુવર્ણ પણ એમનાથી જ કાંતિ પામ્યાં છે કેમકે પન્ના અને સુવર્ણમાં જે હરિત અને સ્વર્ણવર્ણની આભા છે તે આમની હરિતાભનીલ અને સ્વર્ણકાન્તિના એક કણની બરાબર પણ નથી. ॥ ૪॥

દો૦ – સ્યામલ ગૌર કિસોર બર સુંદર સુષમા ઐન ।
સરદ સર્બરીનાથ મુખુ સરદ સરોરુહ નૈન ॥ ૧૧૬॥

શ્યામ અને ગૌર વર્ણ છે, સુંદર કિશોર અવસ્થા છે; બંનેય પરમ સુંદર અને શોભાના ધામ છે. શરદપૂર્ણિમાના ચન્દ્રમાની જેમ એમના મુખ અને શરદ-ઋતુના કમળ સમાન એમનાં નેત્રો છે. ॥ ૧૧૬॥

માસપારાયણ, સોળમો વિશ્રામ

નવાહ્ન પારાયણ, ચોથો વિશ્રામ

ચૌ૦ – કોટિ મનોજ લજાવનિહારે । સુમુખિ કહહુ કો આહિં તુમ્હારે ॥
સુનિ સનેહમય મંજુલ બાની । સકુચી સિય મન મહુઁ મુસુકાની ॥ ૧॥

હે સુમુખી! કહો તો પોતાની સુંદરતાથી કરોડો કામદેવને લજાવનારા એ તમારા કોણ છે? તેમની આવી પ્રેમમય સુંદર વાણી સાંભળીને સીતાજી લજાઈ ગયાં અને મનોમન મલકાયાં. ॥ ૧॥

તિન્હહિ બિલોકિ બિલોકતિ ધરની । દુહુઁ સકોચ સકુચતિ બરબરની ॥
સકુચિ સપ્રેમ બાલ મૃગ નયની । બોલી મધુર બચન પિકબયની ॥ ૨॥

ઉત્તમ (ગોર) વર્ણવાળાં સીતાજી તેમને જોઈને [લજ્જાવશ] પૃથ્વીની સામું જુએ છે. તે બંને બાજુના સંકોચથી સંકોચાઈ રહ્યાં છે (અર્થાત્ ન કહેવામાં ગ્રામની સ્ત્રીઓને દુઃખ થવાનો સંકોચ છે અને કહેવામાં લજ્જારૂપ સંકોચ). હરણનાં બચ્ચાંનાં નેત્રો જેવાં સુંદર નેત્રોવાળાં શ્રીસીતાજી લજાઈને કોયલ જેવી મધુરવાણીમાં પ્રેમસહિત મધુર વચન બોલ્યાં – ॥ ૨॥

સહજ સુભાય સુભગ તન ગોરે। નામુ લખનુ લઘુ દેવર મોરે ॥
બહુરિ બદનુ બિધુ અંચલ ઢાઁકી। પિય તન ચિતઈ ભૌંહ કરિ બાઁકી ॥ ૩॥

આ જે સહજ સ્વભાવવાલા સુંદર અને ગૌર શરીરવાલા છે, તેમનું નામ લક્ષ્મણ છે અને તે મારા નાના દિયર છે, પછી સીતાજી એ (લજ્જાવશ) પોતાના ચન્દ્રમુખને આંચલથી ઢાંકીને અને પ્રિયતમ (શ્રીરામજી)ની તરફ નિહાળીને ભ્રમર વાંકી કરીને- ॥૩॥

ખંજન મંજુ તિરીછે નયનનિ। નિજપતિ કહેઉ તિન્હહિ સિયઁ સયનનિ ॥
ભઈ મુદિત સબ ગ્રામબધૂટીં। રંકન્હ રાય રાસિ જનુ લૂટીં ॥ ૪॥

ખંજન પક્ષીના જેવાં સુંદર નેત્રોને ત્રાંસાં કરીને ઈશારાથી કહ્યું કે આ (શ્રીરામજી) મારા પતિદેવ છે. આ જાણીને ગામની બધી સ્ત્રીઓ એવી રીતે આનંદિત થઈ કે જાણે કંગાળોએ ધનના ભંડારો લૂંટી લીધા હોય. ॥૪॥

દો૦– અતિ સપ્રેમ સિય પાયઁ પરિ બહુબિધિ દેહિં અસીસ।
સદા સોહાગિનિ હોહુ તુમ્હ જબ લગિ મહિ અહિ સીસ ॥ ૧૧૭॥

તે અત્યંત પ્રેમથી સીતાજીના પગે પડીને ઘણી રીતે આશિષ આપે છે (શુભકામના કરે છે) કે જ્યાં સુધી શેષજીના સિર પર પૃથ્વી રહે ત્યાં સુધી તમે સદાય સૌભાગ્યવતી રહો, ॥૧૧૭॥

ચૌ૦– પારબતી સમ પતિપ્રિય હોહૂ। દેબિ ન હમ પર છાડ઼બ છોહૂ ॥
પુનિ પુનિ બિનય કરિઅ કર જોરી। જૌં એહિ મારગ ફિરિઅ બહોરી ॥ ૧॥

અને પાર્વતીજીની પેઠે પોતાના પતિને પ્રિય થાઓ. હે દેવી! અમારા પરની કૃપા ન ત્યજશો (બનાવી રાખજો). અમે વારંવાર હાથ જોડીને વિનંતી કરીએ છીએ, જે આપ આ જ રસ્તે પાછા આવજો; ॥૧॥

દરસનુ દેબ જાનિ નિજ દાસી। લખીં સીયઁ સબ પ્રેમ પિઆસી ॥
મધુર બચન કહિ કહિ પરિતોષીં। જનુ કુમુદિનીં કૌમુદીં પોષીં ॥ ૨॥

અને અમને પોતાની દાસી જાણીને દર્શન આપજો. સીતાજીએ તે સૌને પ્રેમતરસી જોઈ અને મધુર વચન કહી-કહીને તેમને સારી રીતે સંતોષ આપ્યો, જાણે ચાંદનીએ કુમુદિનિઓને ખિલાવીને પુષ્ટ કરી દીધી હોય. ॥૨॥

તબહિં લખન રઘુબર રુખ જાની। પૂઁછેઉ મગુ લોગન્હિ મૃદુ બાની ॥
સુનત નારિ નર ભએ દુખારી। પુલકિત ગાત બિલોચન બારી ॥ ૩॥

તે જ સમયે શ્રીરામચન્દ્રજીનું વલણ જાણીને લક્ષ્મણજીએ કોમળ વાણીમાં લોકોને રસ્તો પૂછ્યો. એ સાંભળતાં જ બધાંય સ્ત્રી-પુરુષ દુઃખી થઈ ગયાં. તેમનાં શરીર પુલકિત થઈ ગયાં અને નેત્રોમાં વિયોગની આશંકાથી પ્રેમનું જળ ભરાઈ આવ્યું. ॥૩॥

મિટા મોદુ મન ભએ મલીને । બિધિ નિધિ દીન્હ લેત જનુ છીને ॥
સમુઝિ કરમ ગતિ ધીરજુ કીન્હા । સોધિ સુગમ મગુ તિન્હ કહિ દીન્હા ॥ ૪॥

એમનો આનંદ ઠંડો પડી ગયો અને મન એવું ઉદાસ થઈ ગયું જાણે વિધાતા આપેલી સંપત્તિ છીનવી લેતો હોય. કર્મની ગતિ સમજીને એમણે ધૈર્ય ધારણ કર્યું અને ઠીક પ્રકારે નિર્ણય કરીને સુગમ માર્ગ બતાવી દીધો. ॥ ૪॥

દો૦ – લખન જાનકી સહિત તબ ગવનુ કીન્હ રઘુનાથ ।
ફેરે સબ પ્રિય બચન કહિ લિએ લાઈ મન સાથ ॥ ૧૧૮॥

પછી લક્ષ્મણજી અને જાનકીજીસહિત શ્રીરઘુનાથજી આગળ વધ્યાં. સર્વે લોકોને પ્રિય વચન કહીને પાછા વાળ્યા, પણ એમનાં મનોને પોતાની સાથે જ લઈ ગયા. ॥ ૧૧૮॥

ચૌ૦ – ફિરત નારિ નર અતિ પછિતાહીં । દૈઅહિ દોષુ દેહિં મન માહીં ॥
સહિત બિષાદ પરસપર કહહીં । બિધિ કરતબ ઉલટે સબ અહહીં ॥ ૧॥

પાછા ફરતી વખતે તે સ્ત્રી-પુરુષો ઘણા જ પસ્તાઈ રહ્યાં છે અને મનમાં ને મનમાં દૈવને દોષ આપે છે. અરસપરસ [ઘણા જ] વિષાદની સાથે કહે છે કે વિધાતાનાં સઘળાં કાર્ય ઊંધાં જ હોય છે. ॥ ૧॥

નિપટ નિરંકુસ નિઠુર નિસંકૂ । જેહિં સસિ કીન્હ સરુજ સકલંકૂ ॥
રૂખ કલપતરુ સાગરુ ખારા । તેહિં પઠએ બન રાજકુમારા ॥ ૨॥

એ વિધાતા બિલકુલ નિરંકુશ (સ્વતન્ત્ર), નિર્દય અને નીડર છે, જેણે ચન્દ્રમાને રોગી (વધતો-ઘટતો) અને કલંકી બનાવ્યો. કલ્પવૃક્ષને ઝાડ અને સમુદ્રને ખારો બનાવ્યો. તેણે જ આ રાજકુમારોને વનમાં મોકલ્યા છે. ॥ ૨॥

જૌં પૈ ઇન્હહિ દીન્હ બનબાસૂ । કીન્હ બાદિ બિધિ ભોગ બિલાસૂ ॥
એ બિચરહિં મગ બિનુ પદત્રાના । રચે બાદિ બિધિ બાહન નાના ॥ ૩॥

જ્યારે વિધાતાએ એમને વનવાસ આપ્યો છે, તો પછી ભોગવિલાસ વ્યર્થ જ બનાવ્યા. જ્યારે એ વગર પગરખે માર્ગમાં જઈ રહ્યાં છે, ત્યારે વિધાતાએ અનેક વાહનો વ્યર્થ જ રચ્યાં. ॥ ૩॥

એ મહિ પરહિં ડાસિ કુસ પાતા । સુભગ સેજ કત સૃજત બિધાતા ॥
તરુબર બાસ ઇન્હહિ બિધિ દીન્હા । ધવલ ધામ રચિ રચિ શ્રમુ કીન્હા ॥ ૪॥

જો એ દર્ભ અને પાંદડાં પાથરીને જમીન ઉપર જ પડી રહે છે, તો વિધાતા સુંદર સેજ (પલંગ અને પાથરણાં) શા માટે બનાવે છે? વિધાતાએ જ્યારે આમને મોટાં મોટાં વૃક્ષોની નીચેનો નિવાસ આપ્યો ત્યારે ઉજ્જવળ મહેલોને બનાવી-બનાવીને તેણે વ્યર્થ જ પરિશ્રમ કર્યો. ॥ ૪॥

દો૦ – જૌં એ મુનિ પટ ધર જટિલ સુંદર સુઠિ સુકુમાર ।
બિબિધ ભાઁતિ ભૂષન બસન બાદિ કિએ કરતાર ॥ ૧૧૯॥

જો એ સુંદર અને અત્યંત સુકુમાર હોવા છતાં મુનિઓનાં (વલ્કલ) વસ્ત્ર પહેરે અને જટા ધારણ કરે છે તો પછી કરતારે (વિધાતાએ) જાતજાતનાં ઘરેણાં અને કપડાં વૃથા જ બનાવ્યાં. ॥ ૧૧૯॥

ચૌ૦ – જૌં એ કંદ મૂલ ફલ ખાહીં। બાદિ સુધાદિ અસન જગ માહીં॥
એક કહહિં એ સહજ સુહાએ। આપુ પ્રગટ ભએ બિધિ ન બનાએ॥ ૧॥

જો એ કંદ, મૂળ, ફળ ખાય છે તો જગતમાં અમૃત આદિ ભોજન વ્યર્થ જ છે. કોઈ એક કહે છે – એ સ્વભાવથી જ સુંદર છે. [આમનું સૌંદર્ય-માધુર્ય નિત્ય અને સ્વાભાવિક છે] એ સ્વયં પોતે પ્રકટ થયા છે, બ્રહ્માના બનાવેલા નથી. ॥ ૧॥

જહઁ લગિ બેદ કહી બિધિ કરની। શ્રવન નયન મન ગોચર બરની॥
દેખહુ ખોજિ ભુઅન દસ ચારી। કહઁ અસ પુરુષ કહાઁ અસિ નારી॥ ૨॥

અમારાં કાનો, નેત્રો અને મન દ્વારા અનુભવમાં આવનારી વિધાતાની કરણી, જ્યાં સુધી વેદોએ વર્ણન કરીને કહી છે, ત્યાં સુધી ચૌદ લોકમાં શોધી જુઓ, આવા પુરુષો અને સ્ત્રીઓ ક્યાં છે? [ક્યાંય પણ નથી, આથી સિદ્ધ થાય છે કે એ વિધાતાના ચૌદ લોકોથી પર છે અને પોતાની મહિમાથી જ પોતે પ્રગટ થયા છે]. ॥ ૨॥

ઈન્હહિ દેખિ બિધિ મનુ અનુરાગા। પટતર જોગ બનાવૈ લાગા॥
કીન્હ બહુત શ્રમ ઐક ન આએ। તેહિં ઈરિષા બન આનિ દુરાએ॥ ૩॥

કોઈ કહે છે - આમને જોઈને વિધાતાનું મન અનુરક્ત મુગ્ધ થઈ ગયું, પછી તે પણ આમની ઉપમાને યોગ્ય બીજાં સ્ત્રી-પુરુષ બનાવવા લાગ્યો. તેણે ઘણો પરિશ્રમ કર્યો, પરંતુ કેવી રીતે બનાવી શકાય એ એના મગજમાં ઊતર્યું જ નહીં, તેથી ઈર્ષાને લીધે આમને જંગલમાં લાવી છુપાવી દીધાં છે. ॥ ૩॥

એક કહહિં હમ બહુત ન જાનહિં। આપુહિ પરમ ધન્ય કરિ માનહિં॥
તે પુનિ પુન્યપુંજ હમ લેખે। જે દેખહિં દેખિહહિં જિન્હ દેખે॥ ૪॥

કોઈ એક કહે છે – અમે બહુ જાણતાં નથી, હા, પોતાને પરમ ધન્ય અવશ્ય માનીએ છીએ [જેથી આમનાં દર્શન કરી રહ્યાં છીએ] અને અમારી સમજણમાં તે પણ ઘણાં પુણ્યશાળી છે જેણે આમને જોયા છે, જેઓ જોઈ રહ્યાં છે અને જે જોશે. ॥ ૪॥

દો૦ – એહિ બિધિ કહિ કહિ બચન પ્રિય લેહિં નયન ભરિ નીર।
કિમિ ચલિહહિં મારગ અગમ સુઠિ સુકુમાર સરીર॥ ૧૨૦॥

આ રીતે પ્રિય વચન કહી-કહીને બધાંય, નેત્રોમાં [પ્રેમાશ્રુઓનું] જળ ભરી લે છે અને કહે છે કે આ અત્યંત સુકુમાર શરીરવાળા દુર્ગમ કઠિન માર્ગમાં કેવી રીતે ચાલશે. ॥ ૧૨૦॥

ચૌ૦ – નારિ સનેહ બિકલ બસ હોહીં। ચકઈ સાંઝ સમય જનુ સોહીં॥
મૃદુ પદ કમલ કઠિન મગુ જાની। ગહબરિ હૃદયઁ કહહિં બર બાની॥ ૧॥

સ્ત્રીઓ સ્નેહવશ વિકળ થઈ જાય છે, જાણે સંધ્યાને સમયે ચકવી [ભાવી વિયોગની પીડાથી] શોષાઈ રહી હોય (દુઃખી થઈ રહી હોય). એમનાં ચરણકમળોને કોમળ તથા માર્ગને કઠોર જાણીને તેઓ વ્યથિત હૃદયે ઉત્તમ વાણી કહે છે – ॥ ૧॥

પરસત મૃદુલ ચરન અરુનારે। સકુચતિ મહિ જિમિ હૃદય હમારે॥
જૌં જગદીસ ઈન્હહિ બનુ દીન્હા। કસ ન સુમનમય મારગુ કીન્હા॥ ૨॥

એમના કોમળ અને લાલ-લાલ ચરણો(તળિયાં)નો સ્પર્શ થતાં જ પૃથ્વી એવી રીતે સંકોચાઈ જાય છે કે જેમ અમારાં હૃદય સંકોચાઈ રહ્યાં છે. જગદીશ્વરે જો આમને વનવાસ જ આપ્યો, તો આખા માર્ગને પુષ્પમય કેમ ન બનાવી દીધો? ॥ ૨॥

જૌં માગા પાઇઅ બિધિ પાહીં। એ રખિઅહિં સખિ આઁખિન્હ માહીં॥
જે નર નારિ ન અવસર આએ। તિન્હ સિય રામુ ન દેખન પાએ॥ ૩॥

જો બ્રહ્મા પાસે માગવાનું મળે તો હે સખી! [આપણે તો એમની પાસેથી માગીને] આમને આપણી આંખોમાં જ રાખીએ! જે સ્ત્રી-પુરુષ આ અવસરે આવ્યાં નહિ તે શ્રીસીતારામજીને જોઈ ન શક્યાં; ॥ ૩॥

સુનિ સુરૂપુ બૂઝહિં અકુલાઈ। અબ લગિ ગએ કહાઁ લગિ ભાઈ॥
સમરથ ધાઈ બિલોકહિં જાઈ। પ્રમુદિત ફિરહિં જનમફલુ પાઈ॥ ૪॥

તેઓ તેમના સૌંદર્યને સાંભળીને વ્યાકુળ થઈને પૂછે છે કે ભાઈ! અત્યારે તે ક્યાં સુધી પહોંચ્યા હશે? અને જેઓ સમર્થ છે તે દોડતાં દોડતાં જઈને એમનાં દર્શન કરી લે છે અને જન્મનું પરમ ફળ પામીને વિશેષ આનંદિત થઈ પાછા વળે છે. ॥ ૪॥

દો૦ – અબલા બાલક બૃદ્ધ જન કર મીજહિં પછિતાહિં।
હોહિં પ્રેમબસ લોગ ઈમિ રામુ જહાઁ જહઁ જાહિં॥ ૧૨૧॥

અબળા સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધો દર્શન ન પામવાથી હાથ મસળે છે અને પસ્તાય છે. આ રીતે જ્યાં જ્યાં શ્રીરામચન્દ્રજી જાય છે, ત્યાં ત્યાં લોકો પ્રેમને વશ થઈ જાય છે. ॥ ૧૨૧॥

ચૌ૦ – ગાવઁ ગાવઁ અસ હોઇ અનંદૂ। દેખિ ભાનુકુલ કૈરવ ચંદૂ॥
જે કછુ સમાચાર સુનિ પાવહિં। તે નૃપ રાનિહિ દોસુ લગાવહિં॥ ૧॥

સૂર્યકુળરૂપી કુમુદિનીને પ્રફુલ્લિત કરનારા ચન્દ્રમાસ્વરૂપ શ્રીરામચન્દ્રજીનાં દર્શન કરી ગામેગામ આવો જ આનંદ થઈ રહ્યો છે. જે લોકો આમને વનવાસ અપાયાના કંઈ પણ સમાચાર સાંભળી જાય છે, તેઓ રાજા-રાણી[દશરથ-કૈકયી]ને દોષ આપે છે. ॥ ૧॥

કહહિં એક અતિ ભલ નરનાહૂ। દીન્હ હમહિ જોઇ લોચન લાહૂ॥
કહહિં પરસપર લોગ લોગાઈં। બાતેં સરલ સનેહ સુહાઈં॥ ૨॥

કોઈ એક કહે છે કે રાજા ઘણા જ ભલા છે, જેણે આપણને આપણાં નેત્રોનો લાભ આપ્યો. સ્ત્રી-પુરુષ સર્વે પરસ્પર ઋજુભાવથી સ્નેહભરી સુંદર વાતો કહી રહ્યાં છે. ॥ ૨॥

તે પિતુ માતુ ધન્ય જિન્હ જાએ। ધન્ય સો નગરુ જહાઁ તેં આએ॥
ધન્ય સો દેસુ સૈલુ બન ગાઉઁ। જહઁ જહઁ જાહિં ધન્ય સોઇ ઠાઉઁ॥ ૩॥

[કહે છે –] એ માતા-પિતા ધન્ય છે જેમણે આમને જન્મ આપ્યો છે. એ નગર ધન્ય છે જ્યાંથી એ આવ્યા છે. તે દેશ, પર્વત, વન અને ગામ ધન્ય છે; અને તે સ્થાન પણ ધન્ય છે જ્યાં જ્યાં તેઓ જાય છે. ॥ ૩॥

સુખુ પાયઉ બિરંચિ રચિ તેહી। એ જેહિ કે સબ ભાઁતિ સનેહી॥
રામ લખન પથિ કથા સુહાઈ। રહી સકલ મગ કાનન છાઈ॥ ૪॥

બ્રહ્માએ એમને જ રચીને સુખ મેળવ્યું છે, જેમના આ (શ્રીરામચન્દ્રજી) બધી રીતે સ્નેહી છે. પથિકરૂપ શ્રીરામ-લક્ષ્મણની સુંદર કથા આખા રસ્તે અને જંગલમાં છવાઈ ગઈ છે. એટલે કે ભગવાનની કથા ચારેકોર થઈ રહી છે. ॥ ૪॥

દો૦– એહિ બિધિ રઘુકુલ કમલ રબિ મગ લોગન્હ સુખ દેત।
જાહિં ચલે દેખત બિપિન સિય સૌમિત્રિ સમેત॥ ૧૨૨॥

રઘુકુળરૂપી કમળને ખિલવનારા સૂર્ય શ્રીરામચન્દ્રજી આ પ્રમાણે માર્ગમાં લોકોને સુખ આપતાં સીતાજી અને લક્ષ્મણજીસહિત વનને જોતાં જોતાં જઈ રહ્યા છે. ॥ ૧૨૨॥

ચૌ૦– આગેં રામુ લખનુ બને પાછેં। તાપસ બેષ બિરાજત કાછેં॥
ઉભય બીચ સિય સોહતિ કૈસેં। બ્રહ્મ જીવ બિચ માયા જૈસેં॥ ૧॥

આગળ શ્રીરામજી છે, પાછળ લક્ષ્મણજી સુશોભિત છે. તપસ્વીઓનો વેષ બનાવેલા બંને ઘણી જ શોભા પામી રહ્યા છે. બંનેના વચમાં સીતાજી એવાં સુશોભિત થઈ રહ્યાં છે જેવા બ્રહ્મ અને જીવની વચ્ચે માયા! ॥ ૧॥

બહુરિ કહઉઁ છબિ જસિ મન બસઈ। જનુ મધુ મદન મધ્ય રતિ લસઈ॥
ઉપમા બહુરિ કહઉઁ જિયઁ જોહી। જનુ બુધ બિધુ બિચ રોહિનિ સોહી॥ ૨॥

વળી, જે શોભા મારા મનમાં વસી રહી છે, તેને હું કહું છું – જાણે વસંતઋતુ અને કામદેવની વચ્ચે રતિ (કામદેવની સ્ત્રી) શોભિત હોય. વળી, પોતાના હૃદયમાં ઉપમા શોધીને કહું છું કે જાણે બુધ (ચન્દ્રમાનો પુત્ર) અને ચન્દ્રમાની વચ્ચે રોહિણી (ચન્દ્રમાની સ્ત્રી) શોભી રહી હોય. ॥ ૨॥

પ્રભુ પદ રેખ બીચ બિચ સીતા। ધરતિ ચરન મગ ચલતિ સભીતા॥
સીય રામ પદ અંક બરાએઁ। લખન ચલહિં મગુ દાહિન લાએઁ॥ ૩॥

પ્રભુ શ્રીરામચન્દ્રજીનાં ચરણચિહ્નોની વચ્ચે વચ્ચે પગ મૂકતાં સીતાજી [ક્યાંય ભગવાનનાં ચરણચિહ્નો પર પગ ન પડી જાય એ વાતે] બીતાં બીતાં માર્ગમાં ચાલી રહ્યાં છે અને લક્ષ્મણજી [મર્યાદાની રક્ષાને માટે] સીતાજી અને શ્રીરામચન્દ્રજી બંનેનાં પાદચિહ્નોને બચાવતાં તેને જમણી બાજુએ રાખીને ચાલી રહ્યા છે. ॥ ૩॥

રામ લખન સિય પ્રીતિ સુહાઈ। બચન અગોચર કિમિ કહિ જાઈ ॥
ખગ મૃગ મગન દેખિ છબિ હોહીં। લિએ ચોરિ ચિત રામ બટોહીં ॥૪॥

શ્રીરામજી, લક્ષ્મણજી અને સીતાજીની સુંદર પ્રીતિ વાણીનો વિષય નથી (અર્થાત્ અનિર્વચનીય છે), જેથી તે કહી કેવી રીતે શકાય? પક્ષી અને પશુ પણ તે શોભાને જોઈને (પ્રેમાનંદમાં) મગ્ન થઈ જાય છે. પથિકરૂપે શ્રીરામચન્દ્રજીએ બધાંયનાં પણ ચિત્ત ચોરી લીધાં છે. ॥૪॥

દો૦— જિન્હ જિન્હ દેખે પથિક પ્રિય સિય સમેત દોઉ ભાઈ।
ભવ મગુ અગમુ અનંદુ તેઈ બિનુ શ્રમ રહે સિરાઈ ॥૧૨૩॥

પ્રિય પથિક સીતાજીસહિત બંને ભાઈઓને જે જે લોકોએ જોયા, તેમણે ભવનો અગમ માર્ગ (જન્મ-મૃત્યુરૂપી સંસારમાં ભટકવાનો ભયાનક માર્ગ) વગર પરિશ્રમે આનંદ સાથે પાર કરી લીધો (અર્થાત્ તે આવાગમનના ફેરામાંથી સહજ જ છૂટીને મુક્ત થઈ ગયા). ॥૧૨૩॥

ચૌ૦— અજહુઁ જાસુ ઉર સપનેહુઁ કાઊ। બસહુઁ લખનુ સિય રામુ બટાઊ ॥
રામ ધામ પથ પાઇહિ સોઈ। જો પથ પાવ કબહુઁ મુનિ કોઈ ॥૧॥

આજે પણ જેના હૃદયમાં ક્યારેક લક્ષ્મણ, સીતા, રામ ત્રણેય પથિક સ્વપ્નમાં પણ આવીને વસે, તો એ પણ શ્રીરામજીના પરધામના એ માર્ગને પામી જશે, જે માર્ગને ક્યારેક કોઈ વિરલા જ મુનિ પામે છે. ॥૧॥

તબ રઘુબીર શ્રમિત સિય જાની। દેખિ નિકટ બટુ સીતલ પાની ॥
તહઁ બસિ કંદ મૂલ ફલ ખાઈ। પ્રાત નહાઇ ચલે રઘુરાઈ ॥૨॥

પછી શ્રીરામચન્દ્રજી સીતાજીને થાકેલાં જાણીને અને સમીપમાં જ એક વડનું વૃક્ષ અને ઠંડું પાણી જોઈને તે દિવસે ત્યાં રોકાઈ ગયા. કંદ, મૂળ, ફળ ખાઈને [રાત્રે ત્યાં રહીને] પ્રાતઃકાળે સ્નાન કરીને શ્રીરઘુનાથજી આગળ ચાલ્યા. ॥૨॥

દેખત બન સર સૈલ સુહાએ। બાલમીકિ આશ્રમ પ્રભુ આએ ॥
રામ દીખ મુનિ બાસુ સુહાવન। સુંદર ગિરિ કાનનુ જલુ પાવન ॥૩॥

સુંદર વન, તળાવ અને પર્વત જોતાં પ્રભુ શ્રીરામચન્દ્રજી વાલ્મીકિજીના આશ્રમમાં આવ્યા. શ્રીરામચન્દ્રજીએ જોયું કે મુનિનું નિવાસસ્થાન ઘણું જ સુંદર છે, જ્યાં સુંદર પર્વત, વન અને પવિત્ર જળ છે. ॥૩॥

સરનિ સરોજ બિટપ બન ફૂલે। ગુંજત મંજુ મધુપ રસ ભૂલે ॥
ખગ મૃગ બિપુલ કોલાહલ કરહીં। બિરહિત બૈર મુદિત મન ચરહીં ॥૪॥

સરોવરમાં કમળ અને વનોમાં વૃક્ષ ફાલી રહ્યાં છે અને મકરંદ-રસમાં મસ્ત થયેલા ભમરા સુંદર ગુંજારવ કરી રહ્યા છે. ઘણાં જ પક્ષી અને પશુ કોલાહલ કરી રહ્યાં છે અને વેરથી રહિત થઈને પ્રસન્ન મને વિચરી રહ્યાં છે. ॥૪॥

દો૦– સુચિ સુંદર આશ્રમુ નિરખિ હરષે રાજિવનેન।
સુનિ રઘુબર આગમનુ મુનિ આગેં આયઉ લેન ॥૧૨૪॥

પવિત્ર અને સુંદર આશ્રમને જોઈને કમલનયન શ્રીરામચન્દ્રજી હર્ષિત થયા. રઘુશ્રેષ્ઠ શ્રીરામજીનું આગમન સાંભળીને મુનિ વાલ્મીકિજી તેમને સત્કારવા સામે આવ્યા. ॥૧૨૪॥

ચૌ૦– મુનિ કહુઁ રામ દંડવત કીન્હા। આસિરબાદુ બિપ્રબર દીન્હા॥
દેખિ રામ છબિ નયન જુડ઼ાને। કરિ સનમાનુ આશ્રમહિં આને ॥૧॥

શ્રીરામચન્દ્રજીએ મુનિને દંડવત્ કર્યાં. વિપ્રશ્રેષ્ઠ વાલ્મીકિ મુનિએ એમને આશીર્વાદ આપ્યા. શ્રીરામચન્દ્રજીની છટા જોઈને મુનિનાં નેત્રો શીતળ થઈ ગયાં. સન્માનપૂર્વક મુનિ એમને આશ્રમમાં લઈ આવ્યા. ॥૧॥

મુનિબર અતિથિ પ્રાનપ્રિય પાએ। કંદ મૂલ ફલ મધુર મગાએ॥
સિય સૌમિત્રિ રામ ફલ ખાએ। તબ મુનિ આશ્રમ દિએ સુહાએ ॥૨॥

શ્રેષ્ઠ મુનિ વાલ્મીકિજીએ પ્રાણપ્રિય અતિથિઓને પામીને એમને માટે મધુર કંદ, મૂળ અને ફળ મંગાવ્યાં. શ્રીસીતાજી, લક્ષ્મણજી અને રામચન્દ્રજીએ ફળો ખાધાં. પછી મુનિએ એમને [વિશ્રામ કરવા માટે] સુંદર સ્થાન બતાવ્યું. ॥૨॥

બાલમીકિ મન આનઁદુ ભારી। મંગલ મૂરતિ નયન નિહારી॥
તબ કર કમલ જોરિ રઘુરાઈ। બોલે બચન શ્રવન સુખદાઈ ॥૩॥

[મુનિ શ્રીરામજીની પાસે બેઠા છે અને તેમની] મંગળમૂર્તિને જોઈને વાલ્મીકિજીના મનમાં ઘણો ભારે આનંદ થઈ રહ્યો છે. પછી રઘુનાથજીએ કમળની જેમ હાથોને જોડી, કાનોને સુખ આપનારાં મધુર વચન કહી સંભળાવ્યાં – ॥૩॥

તુમ્હ ત્રિકાલ દરસી મુનિનાથા। બિસ્વ બદર જિમિ તુમ્હરેં હાથા॥
અસ કહિ પ્રભુ સબ કથા બખાની। જેહિ જેહિ ભાઁતિ દીન્હ બનુ રાની ॥૪॥

હે મુનીશ્વર! આપ ત્રિકાળદર્શી છો. સંપૂર્ણ વિશ્વ આપના માટે હથેળી પર રાખેલા બોર સમાન છે. પ્રભુ શ્રીરામચન્દ્રજીએ એમ કહીને પછી જે જે પ્રકારે રાણી કૈકેયીએ વનવાસ આપ્યો, તે સઘળી કથા વિસ્તારથી કહી સંભળાવી. ॥૪॥

દો૦– તાત બચન પુનિ માતુ હિત ભાઇ ભરત અસ રાઉ।
મો કહુઁ દરસ તુમ્હાર પ્રભુ સબુ મમ પુન્ય પ્રભાઉ ॥૧૨૫॥

[અને શ્રીરામજીએ કહ્યું –] હે પ્રભો! પિતાની આજ્ઞાનું પાલન, માતાનું હિત અને ભરત જેવા સ્નેહી અને ધર્માત્મા ભાઈનું રાજા થવું અને વળી મને આપનું દર્શન થવું, આ સઘળો પ્રભાવ મારાં પુણ્યોનો છે. ॥૧૨૫॥

ચૌ૦ – દેખિ પાય મુનિરાય તુમ્હારે। ભએ સુકૃત સબ સુફલ હમારે॥
અબ જહઁ રાઉર આયસુ હોઈ। મુનિ ઉદબેગુ ન પાવૈ કોઈ॥૧॥

હે મુનિવર્ય! આપના ચરણોનાં દર્શન કરવાથી આજે અમારાં સર્વે પુણ્ય સફળ થઈ ગયાં (અમને બધાં પુણ્યોનું ફળ મળી ગયું). હવે, જ્યાં રહેવા માટે આપની આજ્ઞા હોય અને જ્યાં કોઈ પણ મુનિ ઉદ્વેગને પામતો ન હોય – ॥૧॥

મુનિ તાપસ જિન્હ તેં દુખુ લહહીં। તે નરેસ બિનુ પાવક દહહીં॥
મંગલ મૂલ બિપ્ર પરિતોષૂ। દહઈ કોટિ કુલ ભૂસુર રોષૂ॥૨॥

કેમકે જેનાથી મુનિ અને તપસ્વી દુઃખ પામે છે, તે રાજાઓ વગર અગ્નિએ જ (પોતાનાં દુષ્ટ કર્મોથી) બળીને ભસ્મ થઈ જાય છે. બ્રાહ્મણોનો સંતોષ સર્વે મંગળોનું મૂળ છે અને ભૂદેવ બ્રાહ્મણોનો ક્રોધ કરોડો કુળોને ભસ્મ કરી નાખે છે. ॥૨॥

અસ જિયઁ જાનિ કહિઅ સોઇ ઠાઉઁ। સિય સૌમિત્રિ સહિત જહઁ જાઉઁ॥
તહઁ રચિ રુચિર પરન તૃન સાલા। બાસુ કરૌં કછુ કાલ કૃપાલા॥૩॥

આવું હૃદયમાં સમજીને – એ સ્થાન બતાવો કે જ્યાં હું લક્ષ્મણ અને સીતાસહિત જઉં અને ત્યાં સુંદર પાંદડાં અને ઘાસની ઝૂંપડી બનાવી, હે દયાળુ! કેટલોક સમય નિવાસ કરું. ॥૩॥

સહજ સરલ સુનિ રઘુબર બાની। સાધુ સાધુ બોલે મુનિ ગ્યાની॥
કસ ન કહહુ અસ રઘુકુલ કેતૂ। તુમ્હ પાલક સંતત શ્રુતિ સેતૂ॥૪॥

શ્રીરામજીની સહજ, સરળ વાણી સાંભળીને જ્ઞાની મુનિ વાલ્મીકિ સાધુવાદ આપતાં બોલ્યા – હે રઘુકુળના ધ્વજાસ્વરૂપ! આપ આવું કેમ નહિ કહો! આપ સદૈવ વેદની મર્યાદાનું પાલન (રક્ષણ) કરો છો. ॥૪॥

છં૦ – શ્રુતિ સેતુ પાલક રામ તુમ્હ જગદીસ માયા જાનકી।
જો સૃજતિ જગુ પાલતિ હરતિ રુખ પાઇ કૃપાનિધાન કી॥
જો સહસસીસુ અહીસુ મહિધરુ લખનુ સચરાચર ધની।
સુર કાજ ધરિ નરરાજ તનુ ચલે દલન ખલ નિસિચર અની॥

હે રામ! આપ વેદની મર્યાદાના રક્ષક જગદીશ્વર છો અને જાનકીજી [આપની સ્વરૂપભૂતા] માયા છે, જે કૃપાના ભંડાર આપનું મન પામીને જગતનું સર્જન, પાલન અને સંહાર કરે છે. જે હજાર માથાવાળા સર્પોના સ્વામી અને પૃથ્વીને પોતાના સિર ઉપર ધારણ કરનારા છે, એ જ ચરાચરના સ્વામી શેષજી લક્ષ્મણ છે. દેવતાઓના કાર્યને માટે આપ રાજાનું શરીર ધારણ કરીને દુષ્ટ રાક્ષસોની સેનાનો નાશ કરવા માટે નીકળ્યા છો. ॥૫॥

સો૦ – રામ સરૂપ તુમ્હાર બચન અગોચર બુદ્ધિ પર।
અબિગત અકથ અપાર નેતિ નેતિ નિત નિગમ કહ॥૧૨૬॥

હે રામ! આપનું સ્વરૂપ વાણીથી અગોચર, બુદ્ધિથી પર, અવ્યક્ત, અકથનીય અને અપાર છે. વેદ નિરંતર તેનું 'નેતિ-નેતિ' કહીને વર્ણન કરે છે. ॥૧૨૬॥

ચૌ૦ – જગુ પેખન તુમ્હ દેખનિહારે। બિધિ હરિ સંભુ નચાવનિહારે॥
તેઉ ન જાનહિં મરમુ તુમ્હારા। ઔરુ તુમ્હહિ કો જાનનિહારા॥૧॥

હે રામ! સંસાર આપનો લીલાવિલાસ છે, આપ એને જોનારા છો. આપ બ્રહ્મા, વિષ્ણુ અને શંકરને પણ નચાવનારા છો. જ્યારે તેઓ પણ આપના મર્મને નથી જાણતા તો બીજા કોણ આપને જાણી શકે છે? ॥૧॥

સોઈ જાનઇ જેહિ દેહુ જનાઈ। જાનત તુમ્હહિ તુમ્હઇ હોઇ જાઈ॥
તુમ્હરિહિ કૃપાઁ તુમ્હહિ રઘુનંદન। જાનહિં ભગત ભગત ઉર ચંદન॥૨॥

એ જ આપને જાણે છે, જેને આપ જણાવી દો છો અને જાણતાં જ તે આપનું જ સ્વરૂપ બની જાય છે, હે રઘુનંદન! હે ભક્તોના હૃદયને શીતળ કરનારા ચંદન! આપની જ કૃપાથી ભક્ત આપને ઓળખી શકે છે. ॥૨॥

ચિદાનંદમય દેહ તુમ્હારી। બિગત બિકાર જાન અધિકારી॥
નર તનુ ધરેહુ સંત સુર કાજા। કહહુ કરહુ જસ પ્રાકૃત રાજા॥૩॥

આપનો દેહ ચિદાનંદમય છે (આ પ્રકૃતિજન્ય પંચમહાભૂતોનો બનેલ કર્મબંધનયુક્ત, ત્રિદેહ-વિશિષ્ટ માયિક નથી) અને [ઉત્પત્તિ-નાશ, વૃદ્ધિ-ક્ષય આદિ] સર્વે વિકારોથી રહિત છે; આ રહસ્યને અધિકારી પુરુષ જ જાણે છે. આપે દેવો અને સંતોના કાર્ય માટે [દિવ્ય] નર-શરીર ધારણ કર્યું છે અને પ્રાકૃત (પ્રકૃતિના તત્ત્વોથી નિર્મિત દેહવાળા, સાધારણ) રાજાઓની જેમ બોલો છો અને કરો છો. ॥૩॥

રામ દેખિ સુનિ ચરિત તુમ્હારે। જડ઼ મોહહિં બુધ હોહિં સુખારે॥
તુમ્હ જો કહહુ કરહુ સબુ સાઁચા। જસ કાછિઅ તસ ચાહિઅ નાચા॥૪॥

હે રામ! આપનાં ચરિત્રો જોઈને અને સાંભળીને મૂર્ખ લોકો તો મોહને પ્રાપ્ત થાય છે અને જ્ઞાનીજન સુખી થાય છે. આપ જે કંઈ કહો છો અને કરો છો, તે સર્વે યોગ્ય જ છે; કારણ જેવો સ્વાંગ ધર્યો હોય એવું જ નાચવું તો જોઈએ ને! (આ સમયે આપ મનુષ્યરૂપમાં છો, તેથી મનુષ્યોચિત વ્યવહાર કરવો જ ઠીક છે). ॥૪॥

દો૦ – પૂઁછેહુ મોહિ કિ રહૌં કહઁ મૈં પૂઁછત સકુચાઉઁ।
જહઁ ન હોહુ તહઁ દેહુ કહિ તુમ્હહિ દેખાવૌં ઠાઉઁ॥૧૨૭॥

આપે મને પૂછ્યું કે હું ક્યાં રહું? પરંતુ હું આ પૂછતાં સંકોચાઉં છું કે જ્યાં આપ ન હોવ એ સ્થાન બતાવી દો. પછી હું આપને રહેવા માટે સ્થાન દેખાડું. ॥૧૨૭॥

ચૌ૦ – સુનિ મુનિ બચન પ્રેમ રસ સાને। સકુચિ રામ મન મહુઁ મુસુકાને॥
બાલમીકિ હઁસિ કહહિં બહોરી। બાની મધુર અમિઅ રસ બોરી॥૧॥

મુનિનાં પ્રેમરસમાં તરબોળ થયેલાં વચન સાંભળીને શ્રીરામચન્દ્રજી [રહસ્ય ખુલી જવાના ડરથી] સંકોચાઈને મનમાં મલકાયા. વાલ્મીકિજી હસીને પાછા અમૃત-રસમાં બોળેલી મીઠી વાણી બોલ્યા– ॥૧॥

સુનહુ રામ અબ કહઉઁ નિકેતા। જહાઁ બસહુ સિય લખન સમેતા॥
જિન્હ કે શ્રવન સમુદ્ર સમાના। કથા તુમ્હારિ સુભગ સરિ નાના॥૨॥

હે રામજી! સાંભળો, હવે હું એ સ્થાન બતાવું છું, જ્યાં આપ સીતાજી અને લક્ષ્મણજીસહિત નિવાસ કરો. જેમના કાન સમુદ્રની જેમ આપની સુંદર કથારૂપ અનેક સુંદર નદીઓથી – ॥૨॥

ભરહિં નિરંતર હોહિં ન પૂરે। તિન્હ કે હિય તુમ્હ કહુઁ ગૃહ રૂરે॥
લોચન ચાતક જિન્હ કરિ રાખે। રહહિં દરસ જલધર અભિલાષે॥૩॥

નિરંતર ભરાતા રહે છે, પરંતુ ક્યારેય પૂરા (તૃપ્ત) નથી થતા, તેમનાં હૃદય આપને માટે સુંદર ઘર છે અને જેમણે પોતાનાં નેત્રોને ચાતક બનાવી રાખ્યાં છે, જે આપના દર્શનરૂપી મેઘને માટે સદાય લલચાયેલાં રહે છે; ॥૩॥

નિદરહિં સરિત સિંધુ સર ભારી। રૂપ બિંદુ જલ હોહિં સુખારી॥
તિન્હ કેં હૃદય સદન સુખદાયક। બસહુ બંધુ સિય સહ રઘુનાયક॥૪॥

તથા જે ભારે-ભારે નદીઓ, સમુદ્રો અને સરોવરોનો અનાદર કરે છે અને આપના સૌંદર્ય [રૂપી મેઘ]ના એક ટીંપા જળથી સુખી થઈ જાય છે (અર્થાત્ આપના દિવ્ય સચ્ચિદાનંદમય સ્વરૂપના કોઈ એક અંગની સહેજ ઝાંખી સામે રિદ્ધિ, સિદ્ધિ સંપત્તિઓની એટલા સુધી કે બ્રહ્મલોક સુધીના સૌંદર્યની અવગણના કરે છે), હે રઘુનાથજી! એ લોકોના હૃદયરૂપી સુખદાયી ભવનોમાં આપ ભ્રાતા લક્ષ્મણજી અને સીતાજીસહિત નિવાસ કરો. ॥૪॥

દો૦– જસુ તુમ્હાર માનસ બિમલ હંસિનિ જીહા જાસુ।
મુકતાહલ ગુન ગન ચુનઈ રામ બસહુ હિયઁ તાસુ॥૧૨૮॥

આપના યશરૂપી નિર્મળ માનસરોવરમાં જેની જીભ હંસી બનીને આપના ગુણસમૂહરૂપી મોતીઓને ચણતી રહે છે, હે રામજી! આપ એના હૃદયમાં વસો. ॥૧૨૮॥

ચૌ૦– પ્રભુ પ્રસાદ સુચિ સુભગ સુબાસા। સાદર જાસુ લહઈ નિત નાસા॥
તુમ્હહિ નિબેદિત ભોજન કરહીં। પ્રભુ પ્રસાદ પટ ભૂષન ધરહીં॥૧॥

જેની નાસિકા પ્રભુના પવિત્ર, સુંદર અને સુગંધિત પત્ર-પુષ્પાદિ નિર્માલ્યને પ્રસાદરૂપે નિત્ય આદરની સાથે ગ્રહણ કરે છે અને જે આપને અર્પણ કરીને ભોજન કરે છે અને આપના પ્રસાદરૂપ જ વસ્ત્રાભૂષણ ધારણ કરે છે; ॥૧॥

સીસ નવહિં સુર ગુરુ દ્વિજ દેખી। પ્રીતિ સહિત કરિ બિનય બિસેષી॥
કર નિત કરહિં રામ પદ પૂજા। રામ ભરોસ હૃદયઁ નહિં દૂજા॥૨॥

જેમનાં મસ્તક દેવો, ગુરુ અને બ્રાહ્મણોને જોઈને ઘણી નમ્રતા સાથે પ્રેમસહિત નમી જાય છે; જેમના હાથ નિત્ય શ્રીરામજીના ચરણોની પૂજા કરે છે અને જેમના હૃદયમાં કેવળ આપનો જ ભરોસો છે, અન્યનો નહિ; ॥૨॥

ચરન રામ તીરથ ચલિ જાહીં। રામ બસહુ તિન્હ કે મન માહીં॥
મંત્રરાજુ નિત જપહિં તુમ્હારા। પૂજહિં તુમ્હહિ સહિત પરિવારા॥૩॥

તથા જેમના ચરણ શ્રીરામજીનાં તીર્થોમાં ચાલીને જાય છે; હે રામજી! આપ એમના મનમાં નિવાસ કરો. જે નિત્ય આપના રામનામરૂપી મંત્રરાજને જપે છે અને પરિવારસહિત આપની પૂજા કરે છે. ॥૩॥

તરપન હોમ કરહિં બિધિ નાના। બિપ્ર જેવાઁઇ દેહિં બહુ દાના॥
તુમ્હ તેં અધિક ગુરહિ જિયઁ જાની। સકલ ભાયઁ સેવહિં સનમાની॥૪॥

જે અનેક પ્રકારે તર્પણ અને હવન કરે છે, તથા બ્રાહ્મણોને ભોજન કરાવીને બહુ દાન આપે છે; તથા જે ગુરુને હૃદયમાં આપથી પણ અધિક જાણીને સર્વભાવથી સન્માન કરીને એમની સેવા કરે છે; ॥૪॥

દો૦— સબુ કરિ માગહિં એક ફલુ રામ ચરન રતિ હોઉ।
તિન્હ કેં મન મંદિર બસહુ સિય રઘુનંદન દોઉ॥૧૨૯॥

અને એ બધાં કર્મ કરીને બધાનું એકમાત્ર એ જ ફળ માગે છે કે શ્રીરામચન્દ્રજીના ચરણોમાં અમારી પ્રીતિ થાય; એ લોકોનાં મનરૂપી મંદિરોમાં સીતાજી અને રઘુકુળને આનંદિત કરનારા આપ બંનેય વસો. ॥૧૨૯॥

ચૌ૦— કામ કોહ મદ માન ન મોહા। લોભ ન છોભ ન રાગ ન દ્રોહા॥
જિન્હ કેં કપટ દંભ નહિં માયા। તિન્હ કેં હૃદય બસહુ રઘુરાયા॥૧॥

જેમને ન તો કામ, ક્રોધ, મદ, અભિમાન અને મોહ છે; ન લોભ છે, ન ક્ષોભ છે, ન રાગ છે, ન દ્વેષ છે અને ન તો કપટ, દંભ અને માયાય છે — હે રઘુનાથજી! આપ એમનાં હૃદયમાં નિવાસ કરો. ॥૧॥

સબ કે પ્રિય સબ કે હિતકારી। દુખ સુખ સરિસ પ્રસંસા ગારી॥
કહહિં સત્ય પ્રિય બચન બિચારી। જાગત સોવત સરન તુમ્હારી॥૨॥

જે સર્વેના પ્રિય અને સર્વેનું હિત કરનારા છે, જેમને દુઃખ અને સુખ તથા પ્રશંસા અને ગાળ સરખાં છે; જે વિચારીને સત્ય અને પ્રિય વચન બોલે છે તથા જે જાગતા-ઊંઘતા આપની જ શરણમાં છે, ॥૨॥

તુમ્હહિ છાડ઼િ ગતિ દૂસરિ નાહીં। રામ બસહુ તિન્હ કે મન માહીં॥
જનની સમ જાનહિં પરનારી। ધનુ પરાવ બિષ તેં બિષ ભારી॥૩॥

અને આપને છોડીને જેમને બીજી કોઈ ગતિ (આશ્રય) નથી, હે રામજી! આપ એમના મનમાં વસો. જે પારકી સ્ત્રીને જન્મ આપનારી માતા સમાન જાણે છે અને પારકું ધન જેને વિષથી પણ ભારે વિષ છે; ॥૩॥

જે હરષહિં પર સંપતિ દેખી । દુખિત હોહિં પર બિપતિ બિસેષી ॥
જિન્હહિ રામ તુમ્હ પ્રાનપિઆરે । તિન્હ કે મન સુભ સદન તુમ્હારે ॥ ૪॥

જે બીજાની સંપત્તિ જોઈને હર્ષિત થાય છે અને બીજાની વિપત્તિ જોઈને વિશેષરૂપે દુઃખી થાય છે અને હે રામજી! જેમને આપ પ્રાણોસમાન પ્રિય છો, એમનાં મન આપને રહેવાયોગ્ય શુભ ભવન છે. ॥ ૪॥

દો૦– સ્વામિ સખા પિતુ માતુ ગુર જિન્હ કે સબ તુમ્હ તાત ।
મન મંદિર તિન્હ કેં બસહુ સીય સહિત દોઉ ભ્રાત ॥ ૧૩૦॥

હે તાત! જેમના સ્વામી, સખા, પિતા, માતા અને ગુરુ સર્વ કંઈ આપ જ છો; એમના મનરૂપી મંદિરમાં સીતાસહિત આપ બંને ભાઈ નિવાસ કરો. ॥ ૧૩૦॥

ચૌ૦– અવગુન તજિ સબ કે ગુન ગહહીં । બિપ્ર ધેનુ હિત સંકટ સહહીં ॥
નીતિ નિપુન જિન્હ કઇ જગ લીકા । ઘર તુમ્હાર તિન્હ કર મનુ નીકા ॥ ૧॥

જે અવગુણોને છોડીને સર્વેના ગુણોને ગ્રહણ કરે છે, બ્રાહ્મણ અને ગાયો માટે સંકટ સહે છે, નીતિ-નિપુણતામાં જગતમાં જેઓ મર્યાદા સ્થાપિત કરનાર છે, તેમનું સુંદર મન આપનું ઘર છે. ॥ ૧॥

ગુન તુમ્હાર સમુઝઇ નિજ દોસા । જેહિ સબ ભાઁતિ તુમ્હાર ભરોસા ॥
રામ ભગત પ્રિય લાગહિં જેહી । તેહિ ઉર બસહુ સહિત બૈદેહી ॥ ૨॥

જે ગુણોને આપના અને દોષોને પોતાના સમજે છે, જેને સર્વ પ્રકારે આપનો જ ભરોસો છે અને રામભક્ત જેને પ્રિય લાગે છે, તેમના હૃદયમાં આપ શ્રીસીતાજી સહિત નિવાસ કરો. ॥ ૨॥

જાતિ પાઁતિ ધનુ ધરમુ બડ઼ાઈ । પ્રિય પરિવાર સદન સુખદાઈ ॥
સબ તજિ તુમ્હહિ રહઇ ઉર લાઈ । તેહિ કે હૃદયઁ રહહુ રઘુરાઈ ॥ ૩॥

જાતિ, પાંતિ, ધન, ધર્મ, મહત્તા, પ્રિય પરિવાર અને સુખ આપનાર ઘર – સર્વેને છોડીને કેવળ આપને જ હૃદયમાં ધારણ કરી રહે છે, હે રઘુનાથજી! આપ એના હૃદયમાં રહો. ॥ ૩॥

સરગુ નરકુ અપબરગુ સમાના । જહઁ તહઁ દેખ ધરેં ધનુ બાના ॥
કરમ બચન મન રાઉર ચેરા । રામ કરહુ તેહિ કેં ઉર ડેરા ॥ ૪॥

સ્વર્ગ, નરક અને મોક્ષ જેની દૃષ્ટિએ સરખાં છે, કેમકે તે સર્વ સ્થાને કેવળ ધનુષ-બાણ ધારણ કરેલા આપને જ જુએ છે; અને જે કર્મથી, વચનથી અને મનથી આપનો દાસ છે, હે રામજી! આપ એના હૃદયમાં નિવાસ કરો. ॥ ૪॥

દો૦– જાહિ ન ચાહિઅ કબહુઁ કછુ તુમ્હ સન સહજ સનેહુ ।
બસહુ નિરંતર તાસુ મન સો રાઉર નિજ ગેહુ ॥ ૧૩૧॥

જેમને ક્યારેય કશું જ નથી જોઈતું અને જેને આપથી સ્વાભાવિક પ્રેમ છે, આપ એના મનમાં નિરંતર નિવાસ કરો, એ આપનું પોતાનું ઘર છે. ॥ ૧૩૧॥

ચૌ૦ – એહિ બિધિ મુનિબર ભવન દેખાએ । બચન સપ્રેમ રામ મન ભાએ ॥
કહ મુનિ સુનહુ ભાનુકુલનાયક । આશ્રમ કહઉઁ સમય સુખદાયક ॥ ૧॥

આ રીતે મુનિશ્રેષ્ઠ વાલ્મીકિજીએ શ્રીરામચન્દ્રજીને ઘર દેખાડ્યાં. તેમનાં પ્રેમપૂર્ણ વચન શ્રીરામજીના મનને ઘણાં સારાં લાગ્યાં. પછી મુનિએ કહ્યું – હે સૂર્યકુળના સ્વામી! સાંભળો, હવે હું સમયોચિત સુખદાયક આશ્રમ કહું છું (નિવાસસ્થાન બતાવું છું). ॥ ૧॥

ચિત્રકૂટ ગિરિ કરહુ નિવાસૂ । તહઁ તુમ્હાર સબ ભાઁતિ સુપાસૂ ॥
સૈલુ સુહાવન કાનન ચારૂ । કરિ કેહરિ મૃગ બિહગ બિહારૂ ॥ ૨॥

આપ ચિત્રકૂટ પર્વત પર નિવાસ કરો, ત્યાં આપને માટે સર્વ પ્રકારની સુવિધા છે. સોહામણો પર્વત છે અને સુંદર વન છે; તે હાથી, સિંહ, હરણ અને પક્ષીઓનું વિહારસ્થળ છે. ॥ ૨॥

નદી પુનીત પુરાન બખાની । અત્રિપ્રિયા નિજ તપબલ આની ॥
સુરસરિ ધાર નાઉઁ મંદાકિનિ । જો સબ પાતક પોતક ડાકિનિ ॥ ૩॥

ત્યાં પવિત્ર નદી છે, જેની પુરાણોએ પ્રશંસા કરી છે અને જેને અત્રિઋષિનાં પત્ની અનસુયાજી પોતાના તપોબળથી લાવ્યાં હતાં. તે દેવનદી ગંગાજીની ધારા છે, તેનું નામ મંદાકિની છે. તે સર્વ પાપરૂપી બાળકોને ખાઈ નાખવા માટે ડાકણરૂપ છે. ॥ ૩॥

અત્રિ આદિ મુનિબર બહુ બસહીં । કરહિં જોગ જપ તપ તન કસહીં ॥
ચલહુ સફલ શ્રમ સબ કર કરહૂ । રામ દેહુ ગૌરવ ગિરિબરહૂ ॥ ૪॥

અત્રિ આદિ ઘણા જ શ્રેષ્ઠ મુનિ ત્યાં નિવાસ કરે છે; જે યોગ, જપ અને તપ કરીને શરીરને કસે છે. હે રામજી! ચાલો, સર્વેના પરિશ્રમને સફળ કરો અને પર્વતશ્રેષ્ઠ ચિત્રકૂટને પણ ગૌરવ આપો. ॥ ૪॥

દો૦ – ચિત્રકૂટ મહિમા અમિત કહી મહામુનિ ગાઇ ।
આઇ નહાએ સરિત બર સિય સમેત દોઉ ભાઇ ॥ ૧૩૨॥

મહામુનિ વાલ્મીકિજીએ ચિત્રકૂટનો અપરિમિત મહિમા વખાણીને કહ્યો. પછી સીતાજીસહિત બંને ભાઈઓએ આવીને શ્રેષ્ઠ નદી મંદાકિનીમાં સ્નાન કર્યું. ॥ ૧૩૨॥

ચૌ૦ – રઘુબર કહેઉ લખન ભલ ઘાટૂ । કરહુ કતહુઁ અબ ઠાહર ઠાટૂ ॥
લખન દીખ પય ઉતર કરારા । ચહુઁ દિસિ ફિરેઉ ધનુષ જિમિ નારા ॥ ૧॥

શ્રીરામચન્દ્રજીએ કહ્યું – લક્ષ્મણ! ઘણો સુંદર ઘાટ છે. હવે, અહીં ક્યાંક ઊતરવાની વ્યવસ્થા કરો. પછી લક્ષ્મણજીએ પયસ્વિની નદીની ઉત્તરે ઊંચા કિનારાને જોયો [અને કહ્યું કે –] આની ચારે બાજુ ધનુષના જેવી એક નદીની ધારા ફરી વળેલી છે. ॥ ૧॥

નદી પનચ સર સમ દમ દાના । સકલ કલુષ કલિ સાઉજ નાના ॥
ચિત્રકૂટ જનુ અચલ અહેરી । ચુકઇ ન ઘાત માર મુઠભેરી ॥ ૨॥

નદી (મંદાકિની) તે ધનુષની પ્રત્યંચા છે અને શમ, દમ, દાન બાણ છે. કળિયુગનાં સમસ્ત પાપ એનાં અનેક હિંસક પશુ [રૂપી નિશાના] છે. ચિત્રકૂટ જ જાણે અચલ શિકારી છે, જેનો નિશાનો કદી ચૂકતો નથી અને જે સામેથી મારે છે. ॥ ૨॥

અસ કહિ લખન ઠાઉઁ દેખરાવા। થલુ બિલોકિ રઘુબર સુખુ પાવા ॥
રમેઉ રામ મનુ દેવન્હ જાના। ચલે સહિત સુર થપતિ પ્રધાના ॥ ૩॥

આમ કહીને લક્ષ્મણજીએ સ્થળ બતાવ્યું. સ્થળ જોઈને શ્રીરામચન્દ્રજી સુખ પામ્યા. જ્યારે દેવોએ જાણ્યું કે શ્રીરામચન્દ્રજીનું મન અહીં લાગી ગયું છે તો તેઓ દેવતાઓના મુખ્ય સ્થપતિ વિશ્વકર્માને સાથે લઈને ચાલ્યા. ॥ ૩॥

કોલ કિરાત બેષ સબ આએ। રચે પરન તૃન સદન સુહાએ ॥
બરનિ ન જાહિં મંજુ દુઇ સાલા। એક લલિત લઘુ એક બિસાલા ॥ ૪॥

બધા દેવો કોલ-ભીલોના વેશમાં આવ્યા અને એમણે [દિવ્ય] પાંદડાં અને ઘાસથી સુંદર ઘર બનાવી દીધાં. બે એવી સુંદર ઝૂંપડીઓ બનાવી કે જેમનું વર્ણન નથી થઈ શકતું. એમાં એક ઘણી સુંદર અને નાનકડી હતી જ્યારે બીજી મોટી હતી. ॥ ૪॥

દો૦– લખન જાનકી સહિત પ્રભુ રાજત રુચિર નિકેત।
સોહ મદનુ મુનિ બેષ જનુ રતિ રિતુરાજ સમેત ॥ ૧૩૩॥

લક્ષ્મણજી અને જાનકીજી સહિત પ્રભુ શ્રીરામચન્દ્રજી સુંદર ઘાસ-પાંદડાંના ઘરમાં શોભાયમાન છે, જાણે કામદેવ મુનિનો વેશ ધારણ કરીને પત્ની રતિ અને વસંતઋતુની સાથે સુશોભિત હોય. ॥ ૧૩૩॥

માસપારાયણ, સત્તરમો વિશ્રામ

ચૌ૦– અમર નાગ કિંનર દિસિપાલા। ચિત્રકૂટ આએ તેહિ કાલા ॥
રામ પ્રનામુ કીન્હ સબ કાહૂ। મુદિત દેવ લહિ લોચન લાહૂ ॥ ૧॥

તે સમયે દેવતા, નાગ, કિન્નર અને દિક્પાળ ચિત્રકૂટે આવ્યા અને શ્રીરામચન્દ્રજીએ સર્વે કોઈને પ્રણામ કર્યા. દેવતા નેત્રોનો લાભ પામીને આનંદિત થયા. ॥ ૧॥

બરષિ સુમન કહ દેવ સમાજૂ। નાથ સનાથ ભએ હમ આજૂ ॥
કરિ બિનતી દુખ દુસહ સુનાએ। હરષિત નિજ નિજ સદન સિધાએ ॥ ૨॥

ફૂલોની વર્ષા કરીને દેવસમાજે કહ્યું – હે નાથ! આજે [આપનાં દર્શન પામીને] અમે સનાથ થઈ ગયા. પછી વિનંતી કરીને તેમણે પોતાનાં દુઃસહ્ય દુઃખ સંભળાવ્યાં અને [દુઃખોના નાશનું આશ્વાસન પામીને] હરખાઈને પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. ॥ ૨॥

ચિત્રકૂટ રઘુનંદનુ છાએ। સમાચાર સુનિ સુનિ મુનિ આએ ॥
આવત દેખિ મુદિત મુનિબૃંદા। કીન્હ દંડવત રઘુકુલ ચંદા ॥ ૩॥

શ્રીરઘુનાથજી ચિત્રકૂટમાં દરેક સ્થળે છવાઈ ગયા છે, આ સમાચાર સાંભળીને ઘણા જ મુનિ આવ્યા. રઘુકુળના ચન્દ્રમા શ્રીરામચન્દ્રજીએ આનંદસભર મુનિમંડળીને આવતી જોઈને દંડવત્ પ્રણામ કર્યાં. ॥ ૩॥

મુનિ રઘુબરહિ લાઈ ઉર લેહીં । સુફલ હોન હિત આસિષ દેહીં ॥
સિય સૌમિત્રિ રામ છબિ દેખહિં । સાધન સકલ સફલ કરિ લેખહિં ॥ ૪॥

મુનિગણ શ્રીરામજીને હૃદય સરસા ચાંપી દે છે અને સફળ થવા માટે આશીર્વાદ આપે છે. તે સીતાજી, લક્ષ્મણજી અને શ્રીરામચન્દ્રજીની શોભા જુએ છે અને પોતાના સઘળાં સાધનોને સફળ થયેલાં સમજે છે. ॥ ૪॥

દો૦ – જથાજોગ સનમાનિ પ્રભુ બિદા કિએ મુનિબૃંદ ।
કરહિં જોગ જપ જાગ તપ નિજ આશ્રમન્હિ સુછંદ ॥ ૧૩૪॥

પ્રભુ શ્રીરામચન્દ્રજીએ યથાયોગ્ય સન્માન કરીને મુનિમંડળીને વિદાય કરી. શ્રીરામચન્દ્રજીના આગમનથી તે સર્વે પોતપોતાના આશ્રમોમાં હવે સ્વતંત્રતા સાથે યોગ, જપ, યજ્ઞ અને તપ કરવા લાગ્યા. ॥ ૧૩૪॥

ચૌ૦ – યહ સુધિ કોલ કિરાતન્હ પાઈ । હરષે જનુ નવ નિધિ ઘર આઈ ॥
કંદ મૂલ ફલ ભરિ ભરિ દોના । ચલે રંક જનુ લૂટન સોના ॥ ૧॥

શ્રીરામજીના આગમનના સમાચાર જ્યારે કોલ-ભીલોને મળ્યા, તો તે એવા હરખાયા કે જાણે નવે નિધિઓ એમના ઘેર જ આવી ગઈ હોય. તેઓ પડિયાઓમાં કંદ, મૂળ, ફળ ભરી-ભરીને ચાલ્યા, જાણે દરિદ્ર સોનું લૂંટવા ચાલ્યો હોય. ॥ ૧॥

તિન્હ મહઁ જિન્હ દેખે દોઉ ભ્રાતા । અપર તિન્હહિ પૂઁછહિં મગુ જાતા ॥
કહત સુનત રઘુબીર નિકાઈ । આઈ સબન્હિ દેખે રઘુરાઈ ॥ ૨॥

એમનામાંથી જે બંને ભાઈઓને (અગાઉ) જોઈ ચૂક્યા હતા, તેમને બીજા લોકો રસ્તામાં જતાં પૂછે છે. આમ, શ્રીરામજીની સુંદરતા કહેતાં-સાંભળતાં સર્વેએ આવીને શ્રીરઘુનાથજીનાં દર્શન કર્યાં. ॥ ૨॥

કરહિં જોહારુ ભેંટ ધરિ આગે । પ્રભુહિ બિલોકહિં અતિ અનુરાગે ॥
ચિત્ર લિખે જનુ જહઁ તહઁ ઠાઢ़ે । પુલક સરીર નયન જલ બાઢ़ે ॥ ૩॥

ભેટ સામે મૂકીને તે લોકો જુહાર કરે છે અને અત્યંત અનુરાગ સાથે પ્રભુને જુએ છે. તેઓ મુગ્ધ બની જ્યાં ને ત્યાં જાણે ચિત્રમાં દોર્યા હોય તેમ સ્થિર ઊભા છે. તેમનાં શરીર પુલકિત છે અને નેત્રોમાં પ્રેમાશ્રુઓના જળનું પૂર આવી રહ્યું છે. ॥ ૩॥

રામ સનેહ મગન સબ જાને । કહિ પ્રિય બચન સકલ સનમાને ॥
પ્રભુહિ જોહારિ બહોરિ બહોરી । બચન બિનીત કહહિં કર જોરી ॥ ૪॥

શ્રીરામજીએ તે સૌને પ્રેમમાં મગ્ન જાણ્યા અને પ્રિય વચન કહીને સર્વેનું સન્માન કર્યું. તેઓ વારંવાર પ્રભુ શ્રીરઘુવીરજીને જુહાર કરીને હાથ જોડી વિનીત વચન કહે છે – ॥૪॥

દો૦ – અબ હમ નાથ સનાથ સબ ભએ દેખિ પ્રભુ પાય ।
ભાગ હમારેં આગમનુ રાઉર કોસલરાય ॥૧૩૫॥

હે નાથ! પ્રભુના ચરણોનાં દર્શન પામીને અમે બધા સનાથ થઈ ગયા. હે કોશલરાજ! અમારાં જ ભાગ્યથી આપનું અહીં શુભાગમન થયું છે. ॥૧૩૫॥

ચૌ૦ – ધન્ય ભૂમિ બન પંથ પહારા । જહઁ જહઁ નાથ પાઉ તુમ્હ ધારા ॥
ધન્ય બિહગ મૃગ કાનન ચારી । સફલ જનમ ભએ તુમ્હહિ નિહારી ॥૧॥

હે નાથ! જ્યાં જ્યાં આપે આપના ચરણ મૂક્યા છે, તે પૃથ્વી, વન, માર્ગ અને પર્વત ધન્ય છે, તે વનમાં વિચરનારાં પક્ષી અને પશુ ધન્ય છે, જે આપને જોઈને સફળજન્મ થઈ ગયાં. ॥૧॥

હમ સબ ધન્ય સહિત પરિવારા । દીખ દરસુ ભરિ નયન તુમ્હારા ॥
કીન્હ બાસુ ભલ ઠાઉઁ બિચારી । ઈહાઁ સકલ રિતુ રહબ સુખારી ॥૨॥

અમે સૌ પણ પોતાના પરિવારસહિત ધન્ય છીએ, જેમણે નેત્રો ભરીને આપનાં દર્શન કર્યાં. આપે ઘણી શ્રેષ્ઠ જગ્યા વિચારીને નિવાસ કર્યો છે. અહીં સર્વે ઋતુઓમાં આપ સુખી રહેશો. ॥૨॥

હમ સબ ભાઁતિ કરબ સેવકાઈ । કરિ કેહરિ અહિ બાઘ બરાઈ ॥
બન બેહડ઼ ગિરિ કંદર ખોહા । સબ હમાર પ્રભુ પગ પગ જોહા ॥૩॥

અમે લોકો બધી રીતે હાથી, સિંહ, સર્પ અને વાઘોથી બચાવીને આપની સેવા કરીશું. હે પ્રભુ! અહીંનાં વિકટ વન, પર્વત, ગુફાઓ અને ખીણો સર્વે પગપાળા અમારાં જોયેલાં છે. ॥૩॥

તહઁ તહઁ તુમ્હહિ અહેર ખેલાઉબ । સર નિરઝર જલઠાઉઁ દેખાઉબ ॥
હમ સેવક પરિવાર સમેતા । નાથ ન સકુચબ આયસુ દેતા ॥૪॥

અમે ત્યાં-ત્યાં (તે-તે સ્થળોએ) આપને શિકાર ખેલવશું અને તળાવ, ઝરણાં આદિ જળાશયો બતાવીશું. અમે કુટુમ્બસહિત આપના સેવક છીએ. હે નાથ! એટલે અમને આજ્ઞા આપવામાં સંકોચ ન કરશો. ॥૪॥

દો૦ – બેદ બચન મુનિ મન અગમ તે પ્રભુ કરુના ઐન ।
બચન કિરાતન્હ કે સુનત જિમિ પિતુ બાલક બૈન ॥૧૩૬॥

જે વેદોનાં વચન અને મુનિઓના મનને પણ અગમ્ય છે, તે કરુણાના ધામ પ્રભુ શ્રીરામચન્દ્રજી ભીલોનાં વચન એ રીતે સાંભળી રહ્યા છે જેમ પિતા બાળકોનાં વચન સાંભળે છે. ॥૧૩૬॥

ચૌ૦ – રામહિ કેવલ પ્રેમુ પિઆરા । જાનિ લેઉ જો જાનનિહારા ॥
રામ સકલ બનચર તબ તોષે । કહિ મૃદુ બચન પ્રેમ પરિપોષે ॥૧॥

શ્રીરામચન્દ્રજીને કેવળ પ્રેમ પ્રિય છે; જે ઓળખનારો હોય તે ઓળખી લે. પછી શ્રીરામચન્દ્રજીએ પ્રેમથી પરિપુષ્ટ થયેલાં પ્રેમપૂર્ણ કોમળ વચન કહીને તે સર્વે વનવાસીઓને સંતુષ્ટ કર્યા. ॥ ૧॥

બિદા કિએ સિર નાઈ સિધાએ। પ્રભુ ગુન કહત સુનત ઘર આએ ॥
એહિ બિધિ સિય સમેત દોઉ ભાઈ। બસહિં બિપિન સુર મુનિ સુખદાઈ ॥ ૨॥

પછી એમને વિદાય કર્યા. તે માથું નમાવી ચાલ્યા અને પ્રભુના ગુણ કહેતા - સાંભળતાં ઘેર આવ્યા. આમ, દેવો અને મુનિઓને સુખ આપનારા બંને ભાઈ સીતાજીસહિત વનમાં નિવાસ કરવા લાગ્યા. ॥ ૨॥

જબ તેં આઈ રહે રઘુનાયકુ। તબ તેં ભયઉ બનુ મંગલદાયકુ ॥
ફૂલહિં ફલહિં બિટપ બિધિ નાના। મંજુ બલિત બર બેલિ બિતાના ॥ ૩॥

જ્યારથી રઘુનાથજી વનમાં આવીને રહ્યા ત્યારથી વન મંગળદાયક થઈ ગયું. બધાંય વૃક્ષો અનેક રીતે ફૂલવા-ફાલવા લાગ્યાં છે અને તેમના ઉપર વીંટળાયેલી સુંદર વેલોના મંડપ ફેલાયેલા છે. ॥ ૩॥

સુરતરુ સરિસ સુભાયઁ સુહાએ। મનહુઁ બિબુધ બન પરિહરિ આએ ॥
ગુંજ મંજુતર મધુકર શ્રેની। ત્રિબિધ બયારિ બહઈ સુખ દેની ॥ ૪॥

તે કલ્પવૃક્ષ સમાન સ્વાભાવિક જ સુંદર છે, જાણે તે દેવતાઓના નંદનવનને છોડીને આવ્યા હોય. ભમરાઓની પંક્તિઓ ઘણું જ સુંદર ગુંજન કરે છે અને સુખ આપનારી શીતળ, મંદ, સુગંધિત હવા વાઈ રહી છે. ॥ ૪॥

દો૦ – નીલકંઠ કલકંઠ સુક ચાતક ચક્ક ચકોર।
ભાઁતિ ભાઁતિ બોલહિં બિહગ શ્રવન સુખદ ચિત ચોર ॥ ૧૩૭॥

નીલકંઠ, કોયલ, પોપટ, બપૈયા, ચકવા અને ચકોર આદિ પક્ષીઓ કાનોને સુખ આપનારો અને ચિત્તને ચોરનારો જાતજાતનો કલરવ કરે છે. ॥ ૧૩૭॥

ચૌ૦ – કરિ કેહરિ કપિ કોલ કુરંગા। બિગતબૈર બિચરહિં સબ સંગા ॥
ફિરત અહેર રામ છબિ દેખી। હોહિં મુદિત મૃગ બૃંદ બિસેષી ॥ ૧॥

હાથી, સિંહ, વાંદરા, સૂવર અને હરણ – આ સર્વે વેર ત્યજીને સાથેસાથે વિચરે છે. શિકાર માટે ફરતાં શ્રીરામચન્દ્રજીની શોભાને જોઈને પશુઓનો સમૂહ વિશેષ આનંદિત થાય છે. ॥ ૧॥

બિબુધ બિપિન જહઁ લગિ જગ માહીં। દેખિ રામબનુ સકલ સિહાહીં ॥
સુરસરિ સરસઈ દિનકર કન્યા। મેકલસુતા ગોદાવરિ ધન્યા ॥ ૨॥

જગતમાં જ્યાં સુધી (જેટલા) દેવતાઓનાં વન છે, બધાંય શ્રીરામજીના વનને જોઈને ઈર્ષ્યાપૂર્વક પ્રશંસા કરે છે. ગંગા, સરસ્વતી, સૂર્યકુમારી યમુના, નર્મદા, ગોદાવરી આદિ પુણ્યમયી નદીઓ, ॥ ૨॥

સબ સર સિંધુ નદીં નદ નાના । મંદાકિનિ કર કરહિં બખાના ॥
ઉદય અસ્ત ગિરિ અરુ કૈલાસૂ । મંદર મેરુ સકલ સુરબાસૂ ॥ ૩॥

બધાં તળાવ, સમુદ્ર, નદી અને અનેક વહેળા સર્વે મંદાકિનીનો મહિમા ગાય છે. ઉદયાચળ, અસ્તાચળ, કૈલાસ, મંદરાચળ અને સુમેરુ આદિ બધા જે દેવતાઓનાં રહેવાનાં સ્થાન છે, ॥ ૩॥

સૈલ હિમાચલ આદિક જેતે । ચિત્રકૂટ જસુ ગાવહિં તેતે ॥
બિંધિ મુદિત મન સુખુ ન સમાઈ । શ્રમ બિનુ બિપુલ બડ઼ાઈ પાઈ ॥ ૪॥

અને હિમાલય આદિ જેટલા પર્વતો છે, સર્વે ચિત્રકૂટનો યશ ગાય છે. વિંધ્યાચલ ઘણો જ આનંદિત છે, તેનાં મનમાં સુખ સમાતું નથી; કેમકે એણે વિના પરિશ્રમે જ અત્યંત મોટી મહત્તા પામી લીધી છે. ॥ ૪॥

દો૦ – ચિત્રકૂટ કે બિહગ મૃગ બેલિ બિટપ તૃન જાતિ ।
પુન્ય પુંજ સબ ધન્ય અસ કહહિં દેવ દિન રાતિ ॥ ૧૩૮॥

ચિત્રકૂટનાં પક્ષી, પશુ, વેલ, તૃણ - અંકુરાદિની બધી જ જાતો પુણ્યોનો ભંડાર છે અને ધન્ય છે – દેવતા દિવસ રાત આવું કહે છે. ॥ ૧૩૮॥

ચૌ૦ – નયનવંત રઘુબરહિ બિલોકી । પાઈ જનમ ફલ હોહિં બિસોકી ॥
પરસિ ચરન રજ અચર સુખારી । ભએ પરમ પદ કે અધિકારી ॥ ૧॥

નેત્રવાન હોવાનું સૌથી મોટું ફળ એ છે કે શ્રીરામજીનાં દર્શન. જેનાથી જન્મ સફળ થઈ જાય છે અને શોકમુક્ત થવાય છે અને અચલ જીવ એટલે કે પર્વત, વૃક્ષ, ભૂમિ, નદી, આદિ પણ ભગવાનની ચરણરજનો સ્પર્શ પામીને સુખી થઈ જાય છે. આમ, બધાય પરમપદના અધિકારી થઈ ગયા. ॥ ૧॥

સો બનુ સૈલુ સુભાયઁ સુહાવન । મંગલમય અતિ પાવન પાવન ॥
મહિમા કહિઅ કવનિ બિધિ તાસૂ । સુખસાગર જહઁ કીન્હ નિવાસૂ ॥ ૨॥

તે વન અને પર્વત સ્વાભાવિક જ સુંદર છે, મંગળમય છે અને અત્યંત પવિત્રોને પણ પવિત્ર કરનારો છે. તેનો મહિમા કયા પ્રકારે કહેવાય, જ્યાં સુખના સમુદ્ર શ્રીરામજીએ પોતે જ નિવાસ કર્યો છે? ॥ ૨॥

પય પયોધિ તજિ અવધ બિહાઈ । જહઁ સિય લખનુ રામુ રહે આઈ ॥
કહિ ન સકહિં સુષમા જસિ કાનન । જૌં સત સહસ હોહિં સહસાનન ॥ ૩॥

ક્ષીરસાગરનો ત્યાગ કરીને અને અયોધ્યાને છોડીને જ્યાં સીતાજી, લક્ષ્મણજી અને શ્રીરામચન્દ્રજી આવીને રહ્યાં, એ વનની જે પરમ શોભા છે, તેને હજાર મુખવાળા જો લાખ શેષજી હોય તો તે પણ નથી કહી શકતા. ॥ ૩॥

સો મૈં બરનિ કહૌં બિધિ કેહીં । ડાબર કમઠ કિ મંદર લેહીં ॥
સેવહિં લખનુ કરમ મન બાની । જાઈ ન સીલુ સનેહુ બખાની ॥ ૪॥

તેને ભલા, હું કયા પ્રકારે વર્ણન કરીને કહી શકું? શું ખાબોચિયાનો [ક્ષુદ્ર] કાચબો પણ મંદરાચલને ઉઠાવી શકે છે? લક્ષ્મણજી મન, વચન અને કર્મથી શ્રીરામચન્દ્રજીની સેવા કરે છે. તેમના શીલ અને સ્નેહનું વર્ણન કરી નથી શકાતું. ॥ ૪॥

દો૦ – છિનુ છિનુ લખિ સિય રામ પદ જાનિ આપુ પર નેહુ ।
કરત ન સપનેહુઁ લખનુ ચિતુ બંધુ માતુ પિતુ ગેહુ ॥ ૧૩૯॥

પળે-પળે શ્રીસીતારામજીના ચરણોને જોઈને અને પોતાના ઉપર એમનો સ્નેહ જાણીને લક્ષ્મણજી સપનાંમાં પણ ભાઈઓ, માતા-પિતા અને ઘરને સંભારતા નથી. ॥ ૧૩૯॥

ચૌ૦ – રામ સંગ સિય રહતિ સુખારી । પુર પરિજન ગૃહ સુરતિ બિસારી ॥
છિનુ છિનુ પિય બિધુ બદનુ નિહારી । પ્રમુદિત મનહુઁ ચકોર કુમારી ॥ ૧॥

શ્રીરામચન્દ્રજી સાથે સીતાજી અયોધ્યાપુરી, કુટુમ્બના લોકો અને ઘરનું સ્મરણ ભૂલીને બહુ જ સુખી રહે છે. પળે-પળે પતિ શ્રીરામચન્દ્રજીના ચન્દ્રમા સમાન મુખને જોઈને તે એવા પ્રસન્ન રહે છે જેમ ચકોર-કન્યા (ચકોરી) ચન્દ્રમાને જોઈને. ॥ ૧॥

નાહ નેહુ નિત બઢ઼ત બિલોકી । હરષિત રહતિ દિવસ જિમિ કોકી ॥
સિય મનુ રામ ચરન અનુરાગા । અવધ સહસ સમ બનુ પ્રિય લાગા ॥ ૨॥

સ્વામીનો પ્રેમ પોતાના ઉપર નિત્ય વધતો જોઈને સીતાજી એવા હરખાય છે જેમ દિવસમાં ચકવી. સીતાજીનું મન શ્રીરામચન્દ્રજીના ચરણોમાં અનુરક્ત છે, તેથી એમને વન હજારો અવધ સમાન પ્રિય લાગે છે. ॥ ૨॥

પરનકુટી પ્રિય પ્રિયતમ સંગા । પ્રિય પરિવારુ કુરંગ બિહંગા ॥
સાસુ સસુર સમ મુનિતિય મુનિબર । અસનુ અમિઅ સમ કંદ મૂલ ફર ॥ ૩॥

પ્રિયતમ શ્રીરામજીની સાથે પર્ણકુટી પ્રિય લાગે છે. મૃગ અને પક્ષી પ્રિય કુટુંબી સમાન લાગે છે. મુનિઓની સ્ત્રીઓ સાસુજી સમાન, શ્રેષ્ઠ મુનિ સસરાજી સમાન અને કંદ-મૂળ-ફળોનો આહાર તેમને અમૃત સમાન લાગે છે. ॥ ૩॥

નાથ સાથ સાઁથરી સુહાઈ । મયન સયન સય સમ સુખદાઈ ॥
લોકપ હોહિં બિલોકત જાસૂ । તેહિ કિ મોહિ સક બિષય બિલાસૂ ॥ ૪॥

સ્વામીની સાથે સુંદર દર્ભ અને પાંદડાંની પથારી સેંકડો કામદેવની શય્યા સમાન સુખ આપનારી છે. જેમના (કૃપાપૂર્વક) જોવામાત્રથી જીવ લોકપાળ થઈ જાય છે, તેમને શું ભોગ-વિલાસ મોહિત કરી શકે છે?! ॥ ૪॥

દો૦ – સુમિરત રામહિ તજહિં જન તૃન સમ બિષય બિલાસુ ।
રામપ્રિયા જગ જનનિ સિય કછુ ન આચરજુ તાસુ ॥ ૧૪૦॥

શ્રીરામચન્દ્રજીનું સ્મરણ કરવાથી જ ભક્તજન તમામ ભોગ-વિલાસને તણખલાની જેમ ત્યાગી દે છે, તો શ્રીરામચન્દ્રજીનાં પ્રિય પત્ની અને જગતનાં માતા સીતાજીનો આ ભોગ-વિલાસનો ત્યાગ કંઈ આશ્ચર્ય નથી. ॥ ૧૪૦॥

ચૌ૦ – સીય લખન જેહિ બિધિ સુખુ લહહીં । સોઈ રઘુનાથ કરહિં સોઈ કહહીં ॥
કહહિં પુરાતન કથા કહાની । સુનહિં લખનુ સિય અતિ સુખુ માની ॥ ૧॥

સીતાજી અને લક્ષ્મણજીને જે રીતે સુખ મળે, શ્રીરઘુનાથજી એવું જ કરે છે અને એવું જ કહે છે. ભગવાન પ્રાચીન કથાઓ અને વાર્તાઓ કહે છે અને લક્ષ્મણજી તથા સીતાજી અત્યંત સુખ માનીને સાંભળે છે. ॥ ૧॥

જબ જબ રામુ અવધ સુધિ કરહીં । તબ તબ બારિ બિલોચન ભરહીં ॥
સુમિરિ માતુ પિતુ પરિજન ભાઈ । ભરત સનેહુ સીલુ સેવકાઈ ॥ ૨॥

જ્યારે જ્યારે શ્રીરામજી અયોધ્યાનું સ્મરણ કરે છે, ત્યારે ત્યારે એમનાં નેત્રોમાં જળ ભરાઈ આવે છે. માતા-પિતા, કુટુમ્બીઓ અને ભાઈઓ તથા ભરતના પ્રેમ, શીલ અને સેવાભાવને યાદ કરીને – ॥ ૨॥

કૃપાસિંધુ પ્રભુ હોહિં દુખારી । ધીરજુ ધરહિં કુસમઉ બિચારી ॥
લખિ સિય લખનુ બિકલ હોઇ જાહીં । જિમિ પુરુષહિ અનુસર પરિછાહીં ॥ ૩॥

કૃપાના સમુદ્ર પ્રભુ શ્રીરઘુનાથજી દુઃખી થઈ જાય છે, પરંતુ પછી કુસમય સમજીને ધીરજ ધારણ કરી લે છે. શ્રીરામચન્દ્રજીને દુઃખી જોઈને સીતાજી અને લક્ષ્મણજી પણ વ્યાકુળ થઈ જાય છે, જેમ કોઈ મનુષ્યનો પડછાયો તે મનુષ્યના જેવી જ ચેષ્ટા કરે છે. ॥ ૩॥

પ્રિયા બંધુ ગતિ લખિ રઘુનંદનુ । ધીર કૃપાલ ભગત ઉર ચંદનુ ॥
લગે કહન કછુ કથા પુનીતા । સુનિ સુખુ લહહિં લખનુ અરુ સીતા ॥ ૪॥

વળી ધીર, કૃપાળુ અને ભક્તોનાં હૃદયોને શીતળ કરવા માટે ચંદનરૂપ રઘુકુળને આનંદિત કરનારા શ્રીરામચન્દ્રજી પ્રિય પત્ની અને ભાઈ લક્ષ્મણની દશા જોઈને કેટલીક પવિત્ર કથાઓ કહેવા લાગે છે; જેને સાંભળીને લક્ષ્મણજી અને સીતાજી સુખ પ્રાપ્ત કરે છે. ॥ ૪॥

દો૦ – રામુ લખન સીતા સહિત સોહત પરન નિકેત ।
જિમિ બાસવ બસ અમરપુર સચી જયંત સમેત ॥ ૧૪૧॥

લક્ષ્મણજી અને સીતાજીસહિત શ્રીરામજી પર્ણકુટીમાં એવા સુશોભિત છે જેમ અમરાવતીમાં ઈન્દ્ર પોતાનાં પત્ની શચી અને પુત્ર જયંતસહિત વસે છે. ॥ ૧૪૧॥

ચૌ૦ – જોગવહિં પ્રભુ સિય લખનહિં કૈસેં । પલક બિલોચન ગોલક જૈસેં ॥
સેવહિં લખનુ સીય રઘુબીરહિ । જિમિ અબિબેકી પુરુષ સરીરહિ ॥ ૧॥

પ્રભુ શ્રીરામજી અને સીતાજી બંનેય લક્ષ્મણજીની એવી સંભાળ રાખે છે, જેમ બંને પાંપણો નેત્રોની કીકીની. તેમજ શ્રીસીતાજી અને શ્રીરામચન્દ્રજીની સેવા લક્ષ્મણજી એવી રીતે કરે છે, જેમ અજ્ઞાની મનુષ્ય શરીરની કરી રહ્યા હોય. ॥ ૧॥

એહિ બિધિ પ્રભુ બન બસહિંસુખારી । ખગ મૃગ સુર તાપસ હિતકારી ॥
કહેઉઁ રામ બન ગવનુ સુહાવા । સુનહુ સુમંત્ર અવધ જિમિ આવા ॥ ૨॥

પક્ષી, પશુ, દેવો અને તપસ્વીઓના હિતકારી પ્રભુ આ રીતે સુખપૂર્વક વનમાં નિવાસ કરી રહ્યાં છે. તુલસીદાસજી કહે છે – મેં શ્રીરામજીનું સુંદર વનગમન કહ્યું. હવે જે રીતે સુમન્ત્ર અયોધ્યામાં પાછા આવ્યા તે [કથા] સાંભળો. ॥ ૨॥

ફિરેઉ નિષાદુ પ્રભુહિ પહુઁચાઈ । સચિવ સહિત રથ દેખેસિ આઈ ॥
મંત્રી બિકલ બિલોકિ નિષાદૂ । કહિ ન જાઈ જસ ભયઉ બિષાદૂ ॥ ૩॥

નિષાદરાજ જ્યારે પ્રભુ શ્રીરામચન્દ્રજીને પહોંચાડીને પાછો ફર્યો, ત્યારે આવીને તેણે રથને મન્ત્રી(સુમન્ત્ર)સહિત જોયો. મન્ત્રીને એવા વ્યાકુળ થયેલા જોઈને નિષાદને જેવું દુઃખ થયું તે કહી શકાતું નથી. ॥ ૩॥

રામ રામ સિય લખન પુકારી । પરેઉ ધરનિતલ બ્યાકુલ ભારી ॥
દેખિ દખિન દિસિ હય હિહિનાહીં । જનુ બિનુ પંખ બિહગ અકુલાહીં ॥ ૪॥

[નિષાદને એકલો આવ્યો જાણીને] સુમન્ત્ર હા રામ! હા રામ! હા સીતે! હા લક્ષ્મણ! પોકારતાં ઘણાં વ્યાકુળ થઈને ધરતી પર ઢળી પડ્યા છે. [રથના] ઘોડા દક્ષિણ દિશા સામે [જ્યાં શ્રીરામજી ગયા હતા] જોઈ-જોઈને હણહણે છે, જાણે પાંખો વિના પક્ષીઓ વ્યાકુળ થઈ રહ્યાં હોય. ॥ ૪॥

દો૦– નહિં તૃન ચરહિં ન પિઅહિં જલુ મોચહિં લોચન બારિ ।
બ્યાકુલ ભએ નિષાદ સબ રઘુબર બાજિ નિહારિ ॥ ૧૪૨॥

તેઓ ન તો ઘાસ ચરે છે, ન પાણી પીએ છે. કેવળ આંખોથી જળ વહાવી રહ્યાં છે. શ્રીરામચન્દ્રજીના ઘોડાઓને આ દશામાં જોઈને બધા નિષાદ વ્યાકુળ થઈ ગયા. ॥ ૧૪૨॥

ચૌ૦– ધરિ ધીરજુ તબ કહઈ નિષાદૂ । અબ સુમંત્ર પરિહરહુ બિષાદૂ ॥
તુમ્હ પંડિત પરમારથ ગ્યાતા । ધરહુ ધીર લખિ બિમુખ બિધાતા ॥ ૧॥

પછી ધીરજ ધરીને નિષાદરાજ કહેવા લાગ્યા – હે સુમન્ત્રજી! હવે વિષાદને છોડો. આપ પંડિત અને પરમાર્થને જાણનારા છો. વિધાતાને પ્રતિકૂળ જાણીને ધૈર્ય ધારણ કરો. ॥ ૧॥

બિબિધિ કથા કહિ કહિ મૃદુ બાની । રથ બૈઠારેઉ બરબસ આની ॥
સોક સિથિલ રથુ સકઇ ન હાઁકી । રઘુબર બિરહ પીર ઉર બાઁકી ॥ ૨॥

કોમળ વાણીથી જાત-જાતની કથાઓ કહીને નિષાદે બળીજબરીથી લાવીને સુમન્ત્રને રથ પર બેસાડ્યા. પરંતુ શોકને લીધે તેઓ એટલા શિથિલ થઈ ગયા કે રથને હાંકી નથી શકતા. તેમના હૃદયમાં શ્રીરામચન્દ્રજીના વિરહની ઘણી તીવ્ર વેદના છે. ॥ ૨॥

ચરફરાહિં મગ ચલહિં ન ઘોરે। બન મૃગ મનહુઁ આનિ રથ જોરે ॥
અઢુકિ પરહિં ફિરિ હેરહિં પીછેં। રામ બિયોગિ બિકલ દુખ તીછેં ॥ ૩॥

શ્રીરામજીના વિયોગમાં પરવશ ઘોડા તરફડે છે અને [ઠીક] માર્ગ પર ચાલી શકતા નથી. જાણે જંગલી પશુ લાવીને રથમાં જોતરી દીધાં હોય. તે શ્રીરામચન્દ્રજીના વિયોગી ઘોડા ક્યારેક ઠોકર ખાઈને પડી જાય છે; ક્યારેક પાછા વળીને જોવા લાગે છે. તેઓ તીક્ષ્ણ દુઃખથી વ્યાકુળ છે. ॥ ૩॥

જો કહ રામુ લખનુ બૈદેહી। હિંકરિ હિંકરિ હિત હેરહિં તેહી ॥
બાજિ બિરહ ગતિ કહિ કિમિ જાતી। બિનુ મનિ ફનિક બિકલ જેહિ ભાઁતી ॥ ૪॥

જો કોઈ રામ, લક્ષ્મણ અથવા જાનકીજીનું નામ લઈ લે છે તો ઘોડા હણી-હણીને તેમની સામું સ્નેહથી જોવા લાગે છે. ઘોડાઓની વિરહદશા કેમ કહી શકાય? તે એવા વ્યાકુળ છે જેમ મણિ વિના સર્પ વ્યાકુળ થઈ જાય છે. ॥ ૪॥

દો૦— ભયઉ નિષાદુ બિષાદબસ દેખત સચિવ તુરંગ।
બોલિ સુસેવક ચારિ તબ દિએ સારથી સંગ ॥ ૧૪૩॥

મન્ત્રી અને ઘોડાઓની આ દશા જોઈને નિષાદરાજ વિષાદને વશ થઈ ગયો. ત્યારે તેણે પોતાના ચાર ઉત્તમ સેવકોને બોલાવીને સારથિની સાથે કરી દીધા. ॥ ૧૪૩॥

ચૌ૦— ગુહ સારથિહિ ફિરેઉ પહુઁચાઈ। બિરહુ બિષાદુ બરનિ નહિં જાઈ ॥
ચલે અવધ લેઇ રથહિ નિષાદા। હોહિં છનહિં છન મગન બિષાદા ॥ ૧॥

નિષાદરાજ ગુહ સારથિ સુમન્ત્રજીને પહોંચાડીને (વળાવીને) પાછો ફર્યો. તેના વિરહ અને દુઃખનું વર્ણન નથી કરી શકાતું. તે ચારેય નિષાદ રથ લઈને અવધ જવા ચાલ્યા. [સુમન્ત્રને અને ઘોડાઓને જોઈ-જોઈને] તેઓ પણ પળેપળે વિષાદમાં ડૂબી જતા હતા. ॥ ૧॥

સોચ સુમંત્ર બિકલ દુખ દીના। ધિગ જીવન રઘુબીર બિહીના ॥
રહિહિ ન અંતહુઁ અધમ સરીરૂ। જસુ ન લહેઉ બિછુરત રઘુબીરૂ ॥ ૨॥

વ્યાકુળ અને દુઃખથી દીન થયેલા સુમન્ત્રજી વિચારે છે કે રઘુવીર વિનાના જીવનને ધિક્કાર છે. આખરે આ અધમ શરીર તો રહેવાનું છે જ નહિ. અત્યારે શ્રીરામચન્દ્રજીથી વિખૂટા પડતાં જ છૂટીને એણે યશ [કેમ] ન લઈ લીધો! ॥ ૨॥

ભએ અજસ અઘ ભાજન પ્રાના। કવન હેતુ નહિં કરત પયાના ॥
અહહ મંદ મનુ અવસર ચૂકા। અજહુઁ ન હૃદય હોત દુઇ ટૂકા ॥ ૩॥

આ પ્રાણ અપયશ અને પાપનાં પાત્ર થઈ ગયાં. હવે, એ કયા કારણે કૂચ નથી કરી જતા ? હાય! નીચ મન [ઘણો સારો] અવસર ચૂકી ગયું. હજી પણ હૃદયના બે ટુકડા કેમ નથી થઈ જતા! ॥ ૩॥

મીજિ હાથ સિરુ ધુનિ પછિતાઈ । મનહુઁ કૃપન ધન રાસિ ગવાઁઈ ॥
બિરિદ બાઁધિ બર બીરુ કહાઈ । ચલેઉ સમર જનુ સુભટ પરાઈ ॥ ૪॥

સુમન્ત્ર હાથ મસળી-મસળીને અને માથું પીટીપીટીને પસ્તાય છે; જાણે કોઈ કંજૂસ ધનનો ખજાનો ખોઈ બેઠો હોય. તે એ રીતે ચાલ્યો કે જાણે કોઈ મોટો યોદ્ધા વીરનો વેષ ધારણ કરીને અને ઉત્તમ શૂરવીર કહેવડાવીને યુદ્ધમાંથી ભાગી છૂટ્યો હોય! ॥ ૪॥

દો૦ – બિપ્ર બિબેકી બેદબિદ સંમત સાધુ સુજાતિ ।
જિમિ ધોખેં મદપાન કર સચિવ સોચ તેહિ ભાઁતિ ॥ ૧૪૪॥

જેમ કોઈ વિવેકશીલ, વેદનો જ્ઞાતા, સાધુસમ્મત આચરણ કરનારો અને ઉત્તમ જાતિનો કુલીન બ્રાહ્મણ ભ્રમથી મદિરા પી લે અને પછી પસ્તાય, તે જ પ્રકારે મન્ત્રી સુમન્ત્ર શોક કરીને પસ્તાઈ રહ્યા છે. ॥ ૧૪૪॥

ચૌ૦ – જિમિ કુલીન તિય સાધુ સયાની । પતિદેવતા કરમ મન બાની ॥
રહૈ કરમ બસ પરિહરિ નાહૂ । સચિવ હૃદયઁ તિમિ દારુન દાહૂ ॥ ૧॥

જેમ કોઈ ઉત્તમ કુળવાળી, સાધુસ્વભાવની, સમજદાર અને મન, વચન, કર્મથી પતિને જ દેવતા માનનારી પતિવ્રતા સ્ત્રીને ભાગ્યવશ પતિને છોડીને (પતિથી જુદા) રહેવું પડે, તે સમયે તેના હૃદયમાં જેવો ભયાનક સંતાપ થાય છે, તેવો જ મન્ત્રીના હૃદયમાં થઈ રહ્યો છે. ॥ ૧॥

લોચન સજલ ડીઠિ ભઇ થોરી । સુનઇ ન શ્રવન બિકલ મતિ ભોરી ॥
સૂખહિં અધર લાગિ મુહઁ લાટી । જિઉ ન જાઇ ઉર અવધિ કપાટી ॥ ૨॥

નેત્રોમાં જળ ભરાયું છે, દૃષ્ટિ મંદ થઈ ગઈ છે, કાનોથી સંભળાતું નથી, વ્યાકુળ થયેલી બુદ્ધિ બહાવરી બની રહી છે. હોઠ સુકાઈ રહ્યા છે, મુખમાં ઘરકડો બાઝી ગયો છે. પરંતુ [આ બધાં મૃત્યુનાં લક્ષણ હોવા છતાં] પ્રાણ નથી નીકળતા; કેમકે હૃદયમાં અવધિરૂપ કમાડ લાગેલાં છે (અર્થાત્ ચૌદ વર્ષ વીતી ગયાં પછી ભગવાન ફરી મળશે, આ જ આશા પ્રાણને નીકળવામાં બાધા ઊભી કરી રહી છે). ॥ ૨॥

બિબરન ભયઉ ન જાઇ નિહારી । મારેસિ મનહુઁ પિતા મહતારી ॥
હાનિ ગલાનિ બિપુલ મન બ્યાપી । જમપુર પંથ સોચ જિમિ પાપી ॥ ૩॥

સુમન્ત્રજીના મુખનો રંગ બદલાઈ ગયો છે, જે દેખી શકાતો નથી. એમ જણાય છે કે જાણે તેમણે માતા-પિતાને મારી નાખ્યાં હોય. એમના મનમાં રામવિયોગરૂપી હાનિની મહાન ગ્લાનિ (પીડા) છવાઈ રહી છે; જેમ કોઈ પાપી મનુષ્ય નરકે જતાં માર્ગમાં શોક કરી રહ્યો હોય. ॥ ૩॥

બચનુ ન આવ હૃદયઁ પછિતાઈ । અવધ કાહ મૈં દેખબ જાઈ ॥
રામ રહિત રથ દેખિહિ જોઈ । સકુચિહિ મોહિ બિલોકત સોઈ ॥ ૪॥

મુખમાંથી વચન નથી નીકળતું. હૃદયમાં પસ્તાય છે કે હું અયોધ્યામાં જઈને શું જોઈશ? શ્રીરામચન્દ્રજી વિના ખાલી રથને જે પણ જોશે; તે જ મને જોવામાં સંકોચ કરશે (અર્થાત્ મારું મુખ દેખવા નહીં ઇચ્છે). ॥ ૪॥

દો૦ – ધાઈ પૂઁછિહહિં મોહિ જબ બિકલ નગર નર નારિ ।
ઉતરુ દેબ મૈં સબહિ તબ હૃદયઁ બજ્રુ બૈઠારિ ॥ ૧૪૫॥

નગરનાં બધાં વ્યાકુળ સ્ત્રી-પુરુષ જ્યારે દોડીને મને પૂછશે, ત્યારે હું હૃદય પર વજ્ર મૂકીને બધાને ઉત્તર આપીશ! ॥ ૧૪૫॥

ચૌ૦ – પુછિહહિં દીન દુખિત સબ માતા । કહબ કાહ મૈં તિન્હહિ બિધાતા ॥
પૂછિહિ જબહિં લખન મહતારી । કહિહઉઁ કવન સઁદેસ સુખારી ॥ ૧॥

જ્યારે દીન દુ:ખી સર્વે માતાઓ પૂછશે, ત્યારે હે વિધાતા! હું એમને શું કહીશ? જ્યારે લક્ષ્મણજીનાં માતા મને પૂછશે, ત્યારે હું એમને કયો સુખદાયક સંદેશ કહીશ? ॥ ૧॥

રામ જનનિ જબ આઇહિ ધાઈ । સુમિરિ બચ્છુ જિમિ ધેનુ લવાઈ ॥
પૂઁછત ઉતરુ દેબ મૈં તેહી । ગે બનુ રામ લખનુ બૈદેહી ॥ ૨॥

શ્રીરામજીનાં માતા જ્યારે એ રીતે દોડ્યાં આવશે જેમ નવી વીવાયેલી ગાય વાછરડાને સંભારીને દોડી આવે છે, પછી એમના પૂછવાથી હું એમને આ ઉત્તર આપીશ કે શ્રીરામ, લક્ષ્મણ, સીતા વનમાં ચાલ્યા ગયાં! ॥ ૨॥

જોઇ પૂઁછિહિ તેહિ ઊતરુ દેબા । જાઇ અવધ અબ યહુ સુખુ લેબા ॥
પૂઁછિહિ જબહિં રાઉ દુખ દીના । જિવનુ જાસુ રઘુનાથ અધીના ॥ ૩॥

જે પણ પૂછશે તેમને આ જ ઉત્તર આપવો પડશે! હાય! અયોધ્યા જઈને હવે મારે આ જ સુખ લેવું છે! જ્યારે દુ:ખથી દીન મહારાજ, જેમનું જીવન શ્રીરઘુનાથજીના [દર્શનને] જ આધીન છે, મને પૂછશે, ॥ ૩॥

દેહઉઁ ઉતરુ કૌનુ મુહુ લાઈ । આયઉઁ કુસલ કુઅઁર પહુઁચાઈ ॥
સુનત લખન સિય રામ સઁદેસૂ । તૃન જિમિ તનુ પરિહરિહિ નરેસૂ ॥ ૪॥

ત્યારે હું કયું મોં લઈને એમને ઉત્તર આપીશ કે હું રાજકુમારોને કુશળપૂર્વક પહોંચાડી આવ્યો છું! લક્ષ્મણ, સીતા અને શ્રીરામના સંદેશા (સમાચાર) સાંભળતાં જ મહારાજ તણખલાની જેમ શરીરને ત્યાગી દેશે! ॥ ૪॥

દો૦ – હૃદઉ ન બિદરેઉ પંક જિમિ બિછુરત પ્રીતમુ નીરુ ।
જાનત હૌં મોહિ દીન્હ બિધિ યહુ જાતના સરીરુ ॥ ૧૪૬॥

પ્રિયતમ(શ્રીરામજી)રૂપી જળથી વિખૂટતાં જ મારું હૃદય કાદવની જેમ ફાટી કેમ ન ગયું! એટલે હું જાણું છું કે વિધાતાએ મને આ 'યાતનાશરીર' જ આપ્યું છે [જે પાપી જીવોને નરક ભોગવાને અર્થે મળે છે]. ॥ ૧૪૬॥

ચૌ૦ – એહિ બિધિ કરત પંથ પછિતાવા । તમસા તીર તુરત રથુ આવા ॥
બિદા કિએ કરિ બિનય નિષાદા । ફિરે પાયઁ પરિ બિકલ બિષાદા ॥ ૧॥

સુમન્ત્ર આ રીતે માર્ગમાં પસ્તાવો કરી રહ્યા હતા, એટલામાં જ રથ શીઘ્ર તમસા નદીના કિનારા પર પહોંચ્યો. મન્ત્રીએ વિનય કરીને ચારેય નિષાદોને વિદાય કર્યા. તેઓ વિષાદથી વ્યાકુળ થતાં સુમન્ત્રના પગે પડીને પાછા ફર્યા. ॥ ૧॥

પૈઠત નગર સચિવ સકુચાઈ । જનુ મારેસિ ગુર બાઁભન ગાઈ ॥
બૈઠિ બિટપ તર દિવસુ ગવાઁવા । સાઁઝ સમય તબ અવસરુ પાવા ॥ ૨॥

નગરમાં પ્રવેશ કરતાં મન્ત્રી [ગ્લાનિને લીધે] એવા સંકોચાય છે કે જાણે ગુરુ, બ્રાહ્મણ અથવા ગાયને મારીને આવ્યા હોય! આખો દિવસ એક વૃક્ષની નીચે બેસીને વીતાવ્યો. જ્યારે સંધ્યા થઈ ત્યારે તક મળી. ॥ ૨॥

અવધ પ્રબેસુ કીન્હ અઁધિઆરેં । પૈઠ ભવન રથુ રાખિ દુઆરેં ॥
જિન્હ જિન્હ સમાચાર સુનિ પાએ । ભૂપ દ્વાર રથુ દેખન આએ ॥ ૩॥

અંધારું થયે તેમણે અયોધ્યામાં પ્રવેશ કર્યો અને રથને દરવાજે ઊભો કરીને તેઓ [ચૂપકીદીથી] મહેલમાં પ્રવેશ્યા. જે જે લોકોએ આ સમાચાર સાંભળી લીધા તેઓ બધા રથ જોવા રાજદ્વારે આવ્યા. ॥ ૩॥

રથુ પહિચાનિ બિકલ લખિ ઘોરે । ગરહિં ગાત જિમિ આતપ ઓરે ॥
નગર નારિ નર બ્યાકુલ કૈસેં । નિઘટત નીર મીનગન જૈસેં ॥ ૪॥

રથને ઓળખીને અને ઘોડાઓને વ્યાકુળ જોઈને એમનાં શરીર એવા ઓગળી રહ્યા છે (ક્ષીણ થઈ રહ્યા છે) જેમ તાપથી કરા! નગરનાં સ્ત્રી-પુરુષ કેવાં વ્યાકુળ છે, જેવાં જળ ઘટવાથી માછલાં વ્યાકુળ થાય છે! ॥ ૪॥

દો૦ – સચિવ આગમનુ સુનત સબુ બિકલ ભયઉ રનિવાસુ ।
ભવનુ ભયંકરુ લાગ તેહિ માનહુઁ પ્રેત નિવાસુ ॥ ૧૪૭॥

માત્ર મન્ત્રીનું આવવું સાંભળીને આખો રાણીવાસ વ્યાકુળ થઈ ગયો. રાજમહેલ એમને એવો ભયાનક લાગ્યો જાણે પ્રેતોનું નિવાસસ્થાન (સ્મશાન) હોય. ॥ ૧૪૭॥

ચૌ૦ – અતિ આરતિ સબ પૂઁછહિં રાની । ઉતરુ ન આવ બિકલ ભઇ બાની ॥
સુનઇ ન શ્રવન નયન નહિં સૂઝા । કહહુ કહાઁ નૃપુ તેહિ તેહિ બૂઝા ॥ ૧॥

અત્યંત આર્ત થઈને બધી રાણીઓ પૂછે છે; પણ સુમન્ત્રને કંઈ ઉત્તર સૂઝતો નથી, એમની વાણી રુંધાઈ ગઈ છે. ન કાનોથી સાંભળી શકાય છે અને ન આંખોથી કંઈ સૂઝે છે. તેઓ જે પણ સામે આવે છે તેને-તેને પૂછે છે – કહો, મહારાજા ક્યાં છે? ॥ ૧॥

દાસિન્હ દીખ સચિવ બિકલાઈ । કૌસલ્યા ગૃહઁ ગઈં લવાઈ ॥
જાઇ સુમંત્ર દીખ કસ રાજા । અમિઅ રહિત જનુ ચંદુ બિરાજા ॥ ૨॥

દાસીઓ મન્ત્રીને વ્યાકુળ જોઈને તેમને કૌશલ્યાના મહેલમાં લઈ ગઈ. સુમન્ત્રે જઈને ત્યાં રાજાને એવા [બેઠેલા] જોયા જાણે ચન્દ્રમા અમૃતવિહોણો હોય. ॥ ૨॥

આસન સયન બિભૂષન હીના । પરેઉ ભૂમિતલ નિપટ મલીના ॥
લેઇ ઉસાસુ સોચ એહિ ભાઁતી । સુરપુર તેં જનુ ખઁસેઉ જજાતી ॥ ૩॥

રાજા આસન, શય્યા અને આભૂષણોથી રહિત, તદ્દન મલિન (ઉદાસ) પૃથ્વી પર પડ્યા છે. તેઓ લાંબો શ્વાસ લઈને (નિસાસો નાખીને) એ પ્રકારે શોક કરે છે જાણે રાજા યયાતિ સ્વર્ગમાંથી પતન પામીને શોક કરી રહ્યા હોય. ॥ ૩॥

લેત સોચ ભરિ છિનુ છિનુ છાતી । જનુ જરિ પંખ પરેઉ સંપાતી ॥
રામ રામ કહ રામ સનેહી । પુનિ કહ રામ લખન બૈદેહી ॥ ૪॥

રાજા પળે-પળે શોકથી છાતી ભરી લે છે. એવી વિકળ દશા છે જાણે [ગીધરાજ જટાયુનો ભાઈ] સંપાતી પાંખો બળી જવાથી પડી ગયો હોય. રાજા [વારંવાર] 'રામ, રામ', 'હા સ્નેહી (પ્રિય) રામ'! કહે છે. વળી, 'હા રામ, હા લક્ષ્મણ, હા જાનકી' એમ કહેવા લાગે છે. ॥ ૪॥

દો૦ – દેખિ સચિવઁ જય જીવ કહિ કીન્હેઉ દંડ પ્રનામુ ।
સુનત ઉઠેઉ બ્યાકુલ નૃપતિ કહુ સુમંત્ર કહઁ રામુ ॥ ૧૪૮॥

મન્ત્રીએ જોઈને 'જય જીવ' કહીને દંડવત્ પ્રણામ કર્યા. સાંભળતાં જ રાજા વ્યાકુળ થઈને ઊઠ્યા અને બોલ્યા – સુમન્ત્ર! કહો, રામ ક્યાં છે? ॥ ૧૪૮॥

ચૌ૦ – ભૂપ સુમંત્રુ લીન્હ ઉર લાઈ । બૂડ઼ત કછુ અધાર જનુ પાઈ ॥
સહિત સનેહ નિકટ બૈઠારી । પૂઁછત રાઉ નયન ભરિ બારી ॥ ૧॥

રાજાએ સુમન્ત્રને હૃદય સરસા ચાંપી દીધા. જાણે ડૂબતા માણસને કંઈક આધાર મળી ગયો હોય. મન્ત્રીને સ્નેહ સાથે પાસે બેસાડી નેત્રોમાં જળ ભરીને રાજા પૂછવા લાગ્યા – ॥ ૧॥

રામ કુસલ કહુ સખા સનેહી । કહઁ રઘુનાથુ લખનુ બૈદેહી ॥
આને ફેરિ કિ બનહિ સિધાએ । સુનત સચિવ લોચન જલ છાએ ॥ ૨॥

હે મારા પ્રિય સખા! શ્રીરામના કુશળ કહો. બતાવો, શ્રીરામ, લક્ષ્મણ અને જાનકી ક્યાં છે? એમને પાછા લઈ આવ્યા છો કે તેઓ વનમાં જતા રહ્યાં? આ સાંભળતાં જ મન્ત્રીનાં નેત્રોમાં જળ ભરાઈ આવ્યું. ॥ ૨॥

સોક બિકલ પુનિ પૂઁછ નરેસૂ । કહુ સિય રામ લખન સંદેસૂ ॥
રામ રૂપ ગુન સીલ સુભાઊ । સુમિરિ સુમિરિ ઉર સોચત રાઊ ॥ ૩॥

શોકથી વ્યાકુળ થઈને રાજા પાછા પૂછવા લાગ્યા – સીતા, રામ અને લક્ષ્મણનો સંદેશો તો કહો. શ્રીરામચન્દ્રજીના રૂપ, ગુણ, શીલ અને સ્વભાવને યાદ કરી-કરીને રાજા હૃદયમાં શોક કરે છે. ॥ ૩॥

રાઉ સુનાઇ દીન્હ બનબાસૂ । સુનિ મન ભયઉ ન હરષુ હરાઁસૂ ॥
સો સુત બિછુરત ગએ ન પ્રાના । કો પાપી બડ઼ મોહિ સમાના ॥ ૪॥

[અને કહે છે –] મેં રાજા થવાની વાત સંભળાવીને વનવાસ આપી દીધો; આ સાંભળીને પણ જેના (રામના) મનમાં હર્ષ અને વિષાદ ન થયો, એવા પુત્રનો વિયોગ થવા છતાં મારા પ્રાણ ન ગયા, તો મારા સમાન મોટો પાપી બીજો કોણ હશે? ॥ ૪॥

દો૦ – સખા રામુ સિય લખનુ જહઁ તહાઁ મોહિ પહુઁચાઉ ।
નાહિં ત ચાહત ચલન અબ પ્રાન કહઉઁ સતિભાઉ ॥ ૧૪૯॥

હે સખા! શ્રીરામ, જાનકી અને લક્ષ્મણ જ્યાં છે, મને ત્યાં જ પહોંચાડી દો. નહિતર હું ખરા ભાવથી કહું છું કે મારા પ્રાણ હવે પ્રયાણ જ કરવા ઇચ્છે છે. ॥ ૧૪૯॥

ચૌ૦ – પુનિ પુનિ પૂઁછત મંત્રિહિ રાઊ । પ્રિયતમ સુઅન સઁદેસ સુનાઊ ॥
કરહિ સખા સોઇ બેગિ ઉપાઊ । રામુ લખનુ સિય નયન દેખાઊ ॥ ૧॥

રાજા વારંવાર મન્ત્રીને પૂછે છે – મારા પ્રિયતમ પુત્રોનો સંદેશો સંભળાવો. હે સખા! તમે તુરત જ એવો ઉપાય કરી શ્રીરામ, લક્ષ્મણ અને સીતાને મારાં નયનોને દેખાડી દો. ॥ ૧॥

સચિવ ધીર ધરિ કહ મૃદુ બાની । મહારાજ તુમ્હ પંડિત ગ્યાની ॥
બીર સુધીર ધુરંધર દેવા । સાધુ સમાજુ સદા તુમ્હ સેવા ॥ ૨॥

મન્ત્રી ધીરજ ધરીને કોમળ વાણી બોલ્યા – મહારાજ! આપ પંડિત અને જ્ઞાની છો. આપ શૂરવીર તથા ઉત્તમ ધૈર્યવાન પુરુષોમાં શ્રેષ્ઠ છો. આપે સદાય દેવો અને સાધુઓના સમાજનું સેવન કર્યું છે. ॥ ૨॥

જનમ મરન સબ દુખ સુખ ભોગા । હાનિ લાભુ પ્રિય મિલન બિયોગા ॥
કાલ કરમ બસ હોહિં ગોસાઈં । બરબસ રાતિ દિવસ કી નાઈં ॥ ૩॥

જન્મ-મરણ, સુખ-દુઃખના ભોગ, નફો-નુકસાન, પ્રિયનો મેળાપ-વિયોગ, આ સઘળું હે સ્વામી! કાળ અને કર્મને આધીન રાત અને દિવસની જેમ અવિરત થયા કરે છે. ॥ ૩॥

સુખ હરષહિં જડ઼ દુખ બિલખાહીં । દોઉ સમ ધીર ધરહિં મન માહીં ॥
ધીરજ ધરહુ બિબેકુ બિચારી । છાડ઼િઅ સોચ સકલ હિતકારી ॥ ૪॥

મૂર્ખ લોકો સુખમાં હરખાય છે અને દુઃખમાં રુદન કરે છે, પણ ધીર પુરુષ પોતાના મનમાં બંનેને સમાન સમજે છે. હે સર્વના હિતકારી (રક્ષક)! આપ વિવેક વિચારીને ધીરજ ધરો અને શોકનો પરિત્યાગ કરો. ॥ ૪॥

દો૦ – પ્રથમ બાસુ તમસા ભયઉ દૂસર સુરસરિ તીર ।
ન્હાઇ રહે જલપાનુ કરિ સિય સમેત દોઉ બીર ॥ ૧૫૦॥

શ્રીરામજીનો પહેલો નિવાસ (મુકામ) તમસાના તટ ઉપર થયો, બીજો ગંગા તીરે. સીતાજી સહિત બંને ભાઈ તે દિવસે સ્નાન કરીને ફક્ત જળ પીને જ રહ્યા. ॥ ૧૫૦॥

ચૌ૦ – કેવટ કીન્હિ બહુત સેવકાઈ । સો જામિનિ સિંગરૌર ગવાઁઈ ॥
હોત પ્રાત બટ છીરુ મગાવા । જટા મુકુટ નિજ સીસ બનાવા ॥ ૧॥

કેવટે (નિષાદરાજે) ઘણી સેવા કરી. તે રાત્રિ શૃંગવેરપુરમાં જ વીતાવી. બીજા દિવસે સવાર થતાં જ વડનું દૂધ મંગાવ્યું અને તેનાથી શ્રીરામ-લક્ષ્મણે પોતાના સિરે જટાઓના મુગટ બનાવ્યા. ॥ ૧॥

રામ સખાઁ તબ નાવ મગાઈ । પ્રિયા ચઢ઼ાઇ ચઢ઼ે રઘુરાઈ ॥
લખન બાન ધનુ ધરે બનાઈ । આપુ ચઢ઼ે પ્રભુ આયસુ પાઈ ॥ ૨॥

ત્યારે શ્રીરામચન્દ્રજીના સખા નિષાદરાજે નાવ મગાવી. પહેલા પ્રિયા સીતાજીને તેની પર ચઢાવી પછી શ્રીરઘુનાથજી ચઢ્યા. પછી લક્ષ્મણજીએ ધનુષ-બાણ સજાવીને રાખ્યાં અને પ્રભુ શ્રીરામચન્દ્રજીની આજ્ઞા પામી સ્વયં ચઢ્યા. ॥ ૨॥

બિકલ બિલોકિ મોહિ રઘુબીરા । બોલે મધુર બચન ધરિ ધીરા ॥
તાત પ્રનામુ તાત સન કહેહૂ । બાર બાર પદ પંકજ ગહેહૂ ॥ ૩॥

મને વ્યાકુળ જોઈને શ્રીરઘુવીરજી ધીરજ ધરીને મધુર વચન બોલ્યા – હે તાત! પિતાજીને મારાં પ્રણામ કહેજો અને મારા તરફથી વારંવાર એમનાં ચરણકમળ પકડજો. ॥ ૩॥

કરબિ પાયઁ પરિ બિનય બહોરી । તાત કરિઅ જનિ ચિંતા મોરી ॥
બન મગ મંગલ કુસલ હમારેં । કૃપા અનુગ્રહ પુન્ય તુમ્હારેં ॥ ૪॥

પછી પગ પકડીને વિનંતી કરજો કે હે પિતાજી! આપ મારી ચિંતા ન કરો. આપની કૃપા, અનુગ્રહ અને પુણ્યથી વનમાં અને માર્ગમાં અમારું કુશળ-મંગળ થશે. ॥ ૪॥

છં૦ – તુમ્હરેં અનુગ્રહ તાત કાનન જાત સબ સુખુ પાઇહૌં ।
પ્રતિપાલિ આયસુ કુસલ દેખન પાય પુનિ ફિરિ આઇહૌં ॥
જનનીં સકલ પરિતોષિ પરિ પરિ પાયઁ કરિ બિનતી ઘની ।
તુલસી કરહુ સોઇ જતનુ જેહિં કુસલી રહહિં કોસલધની ॥

હે પિતાજી! આપના અનુગ્રહથી હું વનમાં જતાં સર્વે પ્રકારનું સુખ પામીશ. આજ્ઞાનું સારી રીતે પાલન કરીને ચરણોનાં દર્શન કરવા કુશળપૂર્વક પાછો વળીને આવીશ. બધી માતાઓના પગે પડી-પડીને તેમને દરેક પ્રકારે સંતોષ આપીને એમને ઘણી વિનંતી કરીને - તુલસીદાસ કહે છે – તમે એવો પ્રયત્ન કરજો કે જેથી કૌશલપતિ પિતાજી કુશળ રહે.

સો૦ – ગુર સન કહબ સઁદેસુ બાર બાર પદ પદુમ ગહિ ।
કરબ સોઇ ઉપદેસુ જેહિં ન સોચ મોહિ અવધપતિ ॥ ૧૫૧॥

વારંવાર ચરણકમળોને પકડીને ગુરુ વસિષ્ઠજીને મારો સંદેશો કહેજો કે તેઓ એવા જ ઉપદેશો આપે કે જેથી અવધપતિ પિતાજી મારો શોક ન કરે. ॥ ૧૫૧॥

ચૌ૦ – પુરજન પરિજન સકલ નિહોરી। તાત સુનાએહુ બિનતી મોરી ॥
સોઇ સબ ભાઁતિ મોર હિતકારી। જાતેં રહ નરનાહુ સુખારી ॥ ૧॥

હે તાત! બધા પુરવાસીઓ અને કુટુમ્બીઓને આગ્રહપૂર્વક (અનુરોધ કરીને) મારી વિનંતી સંભળાવજો કે એ જ મનુષ્ય મારો બધી રીતે હિતકારી છે કે જેની ચેષ્ટાથી મહારાજ સુખી રહે. ॥ ૧॥

કહબ સઁદેસુ ભરત કે આએઁ। નીતિ ન તજિઅ રાજપદુ પાએઁ ॥
પાલેહુ પ્રજહિ કરમ મન બાની। સેએહુ માતુ સકલ સમ જાની ॥ ૨॥

ભરતના આગમને એમને મારો સંદેશો કહેજો કે, રાજાનું પદ પામીને નીતિનો ત્યાગ કરશે નહિં. કર્મ, વચન અને મનથી પ્રજાનું પાલન કરશે અને સર્વે માતાઓને સમાન જાણીને તેમની સેવા કરશે. ॥૨॥

ઓર નિબાહેહુ ભાયપ ભાઈ। કરિ પિતુ માતુ સુજન સેવકાઈ ॥
તાત ભાઁતિ તેહિ રાખબ રાઊ। સોચ મોર જેહિં કરૈ ન કાઊ ॥ ૩॥

અને હે ભાઈ! પિતા, માતા અને સ્વજનોની સેવા કરીને બંધુપણાને અંત સુધી નભાવશો. હે તાત! રાજા(પિતાજી)ને એ જ પ્રકારે રાખજો, જેથી તે કદી (કોઈ પણ રીતે) મારો શોક ન કરે. ॥ ૩॥

લખન કહે કછુ બચન કઠોરા। બરજિ રામ પુનિ મોહિ નિહોરા ॥
બાર બાર નિજ સપથ દેવાઈ। કહબિ ન તાત લખન લરિકાઈ ॥ ૪॥

લક્ષ્મણજીએ કંઈક કઠોર વચન કહ્યાં. પરંતુ શ્રીરામજીએ તેમને બોલતાં રોકીને પછી મને અનુરોધ કર્યો અને વારંવાર પોતાનાં સોગંદ દેવડાવ્યાં [અને કહ્યું –] હે તાત! લક્ષ્મણની છોકરમત ત્યાં ન કહેશો. ॥ ૪॥

દો૦ – કહિ પ્રનામુ કછુ કહન લિય સિય ભઈ સિથિલ સનેહ।
થકિત બચન લોચન સજલ પુલક પલ્લવિત દેહ ॥ ૧૫૨॥

પ્રણામ કરી સીતાજી પણ કંઈક કહેવા માંડ્યાં હતાં, પરંતુ સ્નેહવશ તે શિથિલ થઈ ગયાં. તેમની વાણી રુંધાઈ ગઈ (કંઈ કહી ન શક્યાં). નેત્રોમાં જળ ભરાઈ આવ્યાં અને શરીર રોમાંચથી વ્યાપ્ત થઈ ગયું; ॥ ૧૫૨॥

ચૌ૦ – તેહિ અવસર રઘુબર રુખ પાઈ। કેવટ પારહિ નાવ ચલાઈ ॥
રઘુકુલતિલક ચલે એહિ ભાઁતી। દેખઉઁ ઠાઢ઼ કુલિસ ધરિ છાતી ॥ ૧॥

એ જ સમયે શ્રીરામચન્દ્રજીનો ઈશારો પામીને કેવટે પાર જવા માટે નાવ ચલાવી દીધી. આ રીતે રઘુવંશતિલક શ્રીરામચન્દ્રજી ચાલી નીકળ્યા અને હું છાતી પર વજ્ર મૂકીને ઊભાં ઊભાં જોતો રહ્યો. ॥ ૧॥

મૈં આપન કિમિ કહૌં કલેસૂ। જિઅત ફિરેઉઁ લેઇ રામ સઁદેસૂ ॥
અસ કહિ સચિવ બચન રહિ ગયઊ। હાનિ ગલાનિ સોચ બસ ભયઊ ॥ ૨॥

હું પોતાના ક્લેશને કેવી રીતે કહું, જે શ્રીરામજીનો આ સંદેશો લઈને જીવતો જ પાછો ફર્યો! આમ કહીને મન્ત્રીની વાણી રુંધાઈ ગઈ (તે ચૂપ થઈ ગયા) અને તે હાનિની ગ્લાનિ અને શોકને વશ થઈ ગયા. ॥ ૨॥

સૂત બચન સુનતહિં નરનાહૂ । પરેઉ ધરનિ ઉર દારુન દાહૂ ॥
તલફત બિષમ મોહ મન માપા । માજા મનહુઁ મીન કહુઁ બ્યાપા ॥ ૩॥

સારથિ સુમન્ત્રનાં વચન સાંભળતાં જ રાજા પૃથ્વી ઢળી પડ્યા. તેમના હૃદયમાં ભયાનક દાહ થવા લાગ્યો. તે તરફડવા લાગ્યા, તેમનું મન ભીષણ મોહથી વ્યાકુળ થઈ ગયું, જાણે માછલાં ને માંજો (પહેલા વરસાદના પાણીનું ફેણ) વ્યાપી ગયો હોય (પ્રથમ વર્ષાનું જળ લાગી ગયું હોય). ॥ ૩॥

કરિ બિલાપ સબ રોવહિં રાની । મહા બિપતિ કિમિ જાઈ બખાની ॥
સુનિ બિલાપ દુખહૂ દુખુ લાગા । ધીરજહૂ કર ધીરજુ ભાગા ॥ ૪॥

બધી રાણીઓ વિલાપ કરીને રોઈ રહી છે. તે મહાન વિપત્તિનું વર્ણન કેમ કરી શકાય? તે સમયના વિલાપને સાંભળીને દુઃખને પણ દુઃખ લાગ્યું અને ધીરજનું પણ ધીરજ નાસી ગયું! ॥ ૪॥

દો૦ – ભયઉ કોલાહલુ અવધ અતિ સુનિ નૃપ રાઉર સોરુ ।
બિપુલ બિહગ બન પરેઉ નિસિ માનહુઁ કુલિસ કઠોરુ ॥ ૧૫૩॥

રાજાના રાણીવાસમાં [રોવાનો] શોરબકોર સાંભળી સમસ્ત અયોધ્યામાં ઘણો ભારે વિલાપ મચી ગયો! [એમ જણાતું હતું કે] જાણે પક્ષીઓના વિશાળ વનમાં રાત્રિના સમયે કઠોર વજ્ર પડ્યું હોય. ॥ ૧૫૩॥

ચૌ૦ – પ્રાન કંઠગત ભયઉ ભુઆલૂ । મનિ બિહીન જનુ બ્યાકુલ બ્યાલૂ ॥
ઇંદ્રીં સકલ બિકલ ભઈં ભારી । જનુ સર સરસિજ બનુ બિનુ બારી ॥ ૧॥

રાજાના પ્રાણ કંઠમાં આવી ગયા. જાણે મણિ વિના સર્પ વ્યાકુળ થઈ ગયો હોય. બધી ઇન્દ્રિયો ઘણી જ વ્યાકુળ થઈ ગઈ, જાણે વિના જળના તળાવમાં કમળોનું વન કરમાઈ ગયું હોય. ॥ ૧॥

કૌસલ્યાઁ નૃપુ દીખ મલાના । રબિકુલ રબિ અઁથયઉ જિયઁ જાના ॥
ઉર ધરિ ધીર રામ મહતારી । બોલી બચન સમય અનુસારી ॥ ૨॥

કૌશલ્યાજીએ રાજાને ઘણા દુઃખી જોઈને પોતાના હૃદયમાં જાણી લીધું કે હવે સૂર્યકુળનો સૂર્ય અસ્ત થઈ ચાલ્યો! ત્યારે શ્રીરામચન્દ્રજીનાં માતા કૌશલ્યા હૃદયમાં ધીરજ ધરીને સમયને અનુકૂળ વચન બોલ્યાં – ॥ ૨॥

નાથ સમુઝિ મન કરિઅ બિચારૂ । રામ બિયોગ પયોધિ અપારૂ ॥
કરનધાર તુમ્હ અવધ જહાજૂ । ચઢ़ેઉ સકલ પ્રિય પથિક સમાજૂ ॥ ૩॥

હે નાથ! આપ મનમાં સમજીને વિચાર કરો કે શ્રીરામચન્દ્રજીનો વિયોગ અપાર સમુદ્ર છે. અયોધ્યા વહાણ છે અને આપ એના કર્ણધાર (સુકાની) છો. બધા પ્રિયજનો (કુટુમ્બી અને પ્રજા) જ યાત્રીઓનો સમાજ છે, જે આ વહાણમાં ચઢેલો છે; ॥ ૩॥

ધીરજુ ધરિઅ ત પાઇઅ પારૂ । નાહિં ત બૂડ઼િહિ સબુ પરિવારૂ ॥
જૌં જિયઁ ધરિઅ બિનય પિય મોરી । રામુ લખનુ સિય મિલહિં બહોરી ॥ ૪॥

આપ ધીરજ ધરશો તો બધા પાર પહોંચી જઈશું, નહિતર સમસ્ત પરિવાર ડૂબી જશે. હે પ્રિય સ્વામી! જો મારી વિનંતી હૃદયમાં ધારણ કરશો તો શ્રીરામ, લક્ષ્મણ, સીતા ફરી આવીને મળશે. ॥ ૪॥

દો૦ – પ્રિયા બચન મૃદુ સુનત નૃપુ ચિતયઉ આઁખિ ઉઘારિ ।
તલફત મીન મલીન જનુ સીંચત સીતલ બારિ ॥ ૧૫૪॥

પ્રિય પત્ની કૌશલ્યાનાં કોમળ વચન સાંભળતાં જ રાજાએ આંખો ખોલીને જોયું, જાણે તરફડતી દીન માછલી ઉપર કોઈ શીતળ જળ છાંટી રહ્યું હોય. ॥ ૧૫૪॥

ચૌ૦ – ધરિ ધીરજુ ઉઠિ બૈઠ ભુઆલૂ । કહુ સુમંત્ર કહઁ રામ કૃપાલૂ ॥
કહાઁ લખનુ કહઁ રામુ સનેહી । કહઁ પ્રિય પુત્રબધૂ બૈદેહી ॥ ૧॥

ધીરજ ધરીને રાજા ઊઠીને બેઠા અને બોલ્યા – સુમન્ત્ર! કહો, કૃપાળુ શ્રીરામ ક્યાં છે? લક્ષ્મણ ક્યાં છે? સ્નેહી રામ ક્યાં છે? અને મારી પ્રિય પુત્રવધૂ જાનકી ક્યાં છે? ॥ ૧॥

બિલપત રાઉ બિકલ બહુ ભાઁતી । ભઇ જુગ સરિસ સિરાતિ ન રાતી ॥
તાપસ અંધ સાપ સુધિ આઈ । કૌસલ્યહિ સબ કથા સુનાઈ ॥ ૨॥

રાજા વ્યાકુળ થઈને અનેક પ્રકારે વિલાપ કરી રહ્યા છે. તે રાત યુગ સમાન મોટી થઈ ગઈ. વીતતી જ નથી. રાજાને આંધળા તપસ્વી(શ્રવણકુમારના પિતા)ના શાપનું સ્મરણ થઈ આવ્યું. તેમણે સર્વ કથા કૌશલ્યાને કહી સંભળાવી. ॥ ૨॥

ભયઉ બિકલ બરનત ઇતિહાસા । રામ રહિત ધિગ જીવન આસા ॥
સો તનુ રાખિ કરબ મૈં કાહા । જેહિં ન પ્રેમ પનુ મોર નિબાહા ॥ ૩॥

એ ઈતિહાસનું વર્ણન કરતાં કરતાં રાજા વ્યાકુળ થઈ ગયા અને કહેવા લાગ્યા કે શ્રીરામના વિના જીવવાની આશાને ધિક્કાર છે. હું એ શરીરને રાખીને શું કરીશ જેણે મારા પ્રેમનું પ્રણ ન નભાવ્યું? ॥ ૩॥

હા રઘુનંદન પ્રાન પિરીતે । તુમ્હ બિનુ જિઅત બહુત દિન બીતે ॥
હા જાનકી લખન હા રઘુબર । હા પિતુ હિત ચિત ચાતક જલધર ॥ ૪॥

હે રઘુકુળને આનંદ આપનારા મારા પ્રાણપ્રિય રામ! તમારા વિના જીવતા મને ઘણા દિવસ વીતી ગયા. હે જાનકી, લક્ષ્મણ! હે રઘુવીર! હે પિતાના ચિતરૂપી ચાતકનું હિત કરનારા મેઘ (સમાન પુત્ર)! ॥ ૪॥

દો૦ – રામ રામ કહિ રામ કહિ રામ રામ કહિ રામ ।
તનુ પરિહરિ રઘુબર બિરહઁ રાઉ ગયઉ સુરધામ ॥ ૧૫૫॥

રામ-રામ કહીને, વળી રામ કહીને, પાછું રામ-રામ કહીને અને વળી રામ કહીને (રામ-રામ રટણ કરતાં) રાજા દશરથજી શ્રીરામના વિરહમાં શરીરનો ત્યાગ કરીને સુરલોકમાં સિધાવી ગયા. ॥ ૧૫૫॥

ચૌ૦ – જિઅન મરન ફલુ દસરથ પાવા । અંડ અનેક અમલ જસુ છાવા ॥
જિઅત રામ બિધુ બદનુ નિહારા । રામ બિરહ કરિ મરનુ સઁવારા ॥ ૧॥

જીવન અને મરણનું ફળ તો દશરથજીએ જ મેળવ્યું, જેમનો નિર્મળ યશ અનેક બ્રહ્માંડોમાં છવાઈ ગયો. હયાતીમાં તો શ્રીરામચન્દ્રજીના ચન્દ્ર સમાન મુખને જોયું અને શ્રીરામના વિરહને નિમિત્ત બનાવીને પોતાનું મરણ પણ સુધારી લીધું. ॥ ૧॥

સોક બિકલ સબ રોવહિં રાની । રૂપુ સીલુ બલુ તેજુ બખાની ॥
કરહિં બિલાપ અનેક પ્રકારા । પરહિં ભૂમિતલ બારહિં બારા ॥ ૨॥

બધી રાણીઓ શોકને લીધે વ્યાકુળ થઈને રોઈ રહી છે. તેઓ રાજાનું રૂપ, શીલ, બળ અને તેજનાં વખાણ કરી-કરીને અનેક પ્રકારે વિલાપ કરી રહી છે અને વારંવાર ધરતી પર ઢળી પડે છે. ॥ ૨॥

બિલપહિં બિકલ દાસ અરુ દાસી । ઘર ઘર રુદનુ કરહિં પુરબાસી ॥
અઁથયઉ આજુ ભાનુકુલ ભાનૂ । ધરમ અવધિ ગુન રૂપ નિધાનૂ ॥ ૩॥

દાસ-દાસીગણ વ્યાકુળ થઈને વિલાપ કરી રહ્યાં છે અને નગરનિવાસી ઘેર ઘેર રોઈ રહ્યાં છે. કહે છે કે આજે ધર્મની સીમા, ગુણ અને રૂપનાં ભંડાર સૂર્યકુળનો સૂર્ય અસ્ત થઈ ગયો! ॥ ૩॥

ગારીં સકલ કૈકઇહિ દેહીં । નયન બિહીન કીન્હ જગ જેહીં ॥
એહિ બિધિ બિલપત રૈનિ બિહાની । આએ સકલ મહામુનિ ગ્યાની ॥ ૪॥

બધા કૈકેયીને ગાળો આપે છે. જેણે સંસાર સમસ્તને નેત્રવિહોણો (આંધળો) કરી દીધો! આ રીતે વિલાપ કરતાં કરતાં રાત વીતી ગઈ. પ્રાતઃકાળે સર્વ મોટામોટા જ્ઞાની મુનિઓ આવ્યા. ॥ ૪॥

દો૦ – તબ બસિષ્ઠ મુનિ સમય સમ કહિ અનેક ઈતિહાસ ।
સોક નેવારેઉ સબહિ કર નિજ બિગ્યાન પ્રકાસ ॥ ૧૫૬॥

પછી વસિષ્ઠ મુનિએ સમયને અનુકૂળ અનેક ઈતિહાસ કહીને પોતાના વિજ્ઞાનના પ્રકાશથી સર્વેનો શોક દૂર કર્યો. ॥ ૧૫૬॥

ચૌ૦ – તેલ નાઁવ ભરિ નૃપ તનુ રાખા । દૂત બોલાઈ બહુરિ અસ ભાષા ॥
ધાવહુ બેગિ ભરત પહિં જાહૂ । નૃપ સુધિ કતહુઁ કહહુ જનિ કાહૂ ॥ ૧॥

વસિષ્ઠજીએ નાવમાં તેલ ભરાવી રાજાના શરીરને તેમાં મુકાવી દીધું. પછી દૂતોને બોલાવી એમને કહ્યું – તમે લોકો જલદી દોડીને ભરતની પાસે જાઓ. રાજાના મૃત્યુના સમાચાર ક્યાંય કોઈને કહેશો નહિ. ॥ ૧॥

એતનેઇ કહેહુ ભરત સન જાઈ । ગુર બોલાઇ પઠયઉ દોઉ ભાઈ ॥
સુનિ મુનિ આયસુ ધાવન ધાએ । ચલે બેગ બર બાજિ લજાએ ॥ ૨॥

જઈને ભરતજીને એટલું જ કહેજો કે બંને ભાઈઓને ગુરુજીએ તેડવા મોકલ્યા છે. મુનિની આજ્ઞા સાંભળી દૂત દોડ્યા. તેઓ પોતાના વેગથી ઉત્તમ ઘોડાઓને પણ લજાવતાં ચાલ્યા. ॥ ૨॥

અનરથુ અવધ અરંભેઉ જબ તેં । કુસગુન હોહિં ભરત કહુઁ તબ તેં ॥
દેખહિં રાતિ ભયાનક સપના । જાગિ કરહિં કટુ કોટિ કલપના ॥ ૩॥

જ્યારથી અયોધ્યામાં અનર્થ પ્રારંભ થયો, ત્યારથી ભરતજીને અપશુકન થવા લાગ્યાં. તે રાત્રે ભયંકર સ્વપ્ન જોતા હતા અને જાગ્યા પછી [તે સ્વપ્નોના કારણે] કરોડો (અનેક) પ્રકારની નરસી-નરસી કલ્પનાઓ કર્યા કરતા હતા. ॥ ૩॥

બિપ્ર જેવાઁઈ દેહિં દિન દાના । સિવ અભિષેક કરહિં બિધિ નાના ॥
માગહિં હૃદયઁ મહેસ મનાઈ । કુસલ માતુ પિતુ પરિજન ભાઈ ॥ ૪॥

[અનિષ્ટશાંતિ માટે] તે પ્રતિદિન બ્રાહ્મણોને ભોજન કરાવીને દાન આપતા હતા. અનેક વિધિઓથી રુદ્રાભિષેક કરતા હતા. મહાદેવજીને હૃદયમાં મનાવી તેમની પાસે માતા-પિતા, કુટુમ્બી અને ભાઈઓનું કુશળ-ક્ષેમ માગતા હતા. ॥ ૪॥

દો૦ – એહિ બિધિ સોચત ભરત મન ધાવન પહુઁચે આઇ ।
ગુર અનુસાસન શ્રવન સુનિ ચલે ગનેસુ મનાઈ ॥ ૧૫૭॥

ભરતજી આ રીતે મનમાં ચિંતા કરી રહ્યા હતા કે દૂત આવી પહોંચ્યા. ગુરુજીની આજ્ઞા કાનોથી સાંભળતાં જ તે ગણેશજીને મનાવીને (પ્રાર્થના કરીને) ચાલી નીકળ્યા. ॥ ૧૫૭॥

ચૌ૦ – ચલે સમીર બેગ હય હાઁકે । નાઘત સરિત સૈલ બન બાઁકે ॥
હૃદયઁ સોચુ બડ઼ કછુ ન સોહાઈ । અસ જાનહિં જિયઁ જાઉઁ ઉડ઼ાઈ ॥ ૧॥

પવન સમાન વેગવાળા ઘોડાને હાંકતાં વિકટ નદી, પર્વતો તથા જંગલોને ઓળંગતાં ચાલ્યા. તેમના હૃદયમાં ઘણો શોક હતો, કંઈ ગમતું ન હતું. મનમાં એવું વિચારતા હતા કે ઊડીને પહોંચી જાઉં. ॥ ૧॥

એક નિમેષ બરષ સમ જાઈ । એહિ બિધિ ભરત નગર નિઅરાઈ ॥
અસગુન હોહિં નગર પૈઠારા । રટહિં કુભાઁતિ કુખેત કરારા ॥ ૨॥

એક એક નિમેષ વર્ષ સમાન વીતી રહ્યો હતો. આમ, ભરતજી નગરની સમીપ પહોંચ્યા. નગરમાં પ્રવેશ કરતી વખતે અપશુકન થવા લાગ્યાં. કાગડા ખરાબ જગ્યાએ ડાબી બાજુ બેસીને ખોટી રીતે કાગારોળ કરી રહ્યા છે. ॥ ૨॥

ખર સિઆર બોલહિં પ્રતિકૂલા । સુનિ સુનિ હોઇ ભરત મન સૂલા ॥
શ્રીહત સર સરિતા બન બાગા । નગરુ બિસેષિ ભયાવનુ લાગા ॥ ૩॥

ગધેડા અને શિયાળ વિપરીત બોલી રહ્યાં છે. આ સાંભળી-સાંભળીને ભરતના મનમાં ઘણી પીડા થઈ રહી છે. તળાવ, નદી, વન, બગીચા સર્વે શોભાહીન થઈ રહ્યા છે. નગર ઘણું જ બિહામણું લાગી રહ્યું છે. ॥ ૩॥

ખગ મૃગ હય ગય જાહિં ન જોએ। રામ બિયોગ કુરોગ બિગોએ॥
નગર નારિ નર નિપટ દુખારી। મનહુઁ સબન્હિ સબ સંપતિ હારી॥ ૪॥

શ્રીરામજીના વિયોગરૂપી બૂરા રોગથી રિબાયેલાં પશુ-પક્ષી હાથી-ઘોડા [એવા દુઃખી થઈ રહ્યાં છે કે] તેમની સામે જોવાતું નથી. નગરનાં સ્ત્રી-પુરુષ અત્યંત દુઃખી થઈ રહ્યાં છે, જાણે બધાંય પોતાની સમસ્ત સંપત્તિ હારી બેઠાં હોય. ॥ ૪॥

દો૦– પુરજન મિલહિં ન કહહિં કછુ ગવઁહિં જોહારહિં જાહિં।
ભરત કુસલ પૂઁછિ ન સકહિં ભય બિષાદ મન માહિં॥ ૧૫૮॥

નગરના લોકો મળે છે, પણ કંઈ કહેતા નથી; ચૂપચાપ જુહાર કરીને ચાલ્યા જાય છે. ભરતજી તેમને અને તેઓ પણ ભરતજીને કંઈ પણ કુશળ પૂછી શકતા નથી, કારણ એમના મનમાં ભય અને વિષાદ છવાઈ રહ્યો છે. (ગવઁહિ = ચૂપકેથી) ॥ ૧૫૮॥

ચૌ૦– હાટ બાટ નહિં જાઈ નિહારી। જનુ પુર દહઁ દિસિ લાગિ દવારી॥
આવત સુત સુનિ કૈકયનંદિનિ। હરષી રબિકુલ જલરુહ ચંદિનિ॥ ૧॥

બજાર અને રસ્તા જોઈ શકાતા નથી, જાણે નગરમાં દસે દિશાઓમાં દાવાનળ લાગ્યો છે! પુત્રને આવતો સાંભળી સૂર્યકુળરૂપી કમળને માટે ચાંદનીરૂપી બનેલ કૈકેયી [ઘણી] હરખાઈ. ॥ ૧॥

સજિ આરતી મુદિત ઉઠિ ધાઈ। દ્વારેહિં ભેંટિ ભવન લેઇ આઈ॥
ભરત દુખિત પરિવારુ નિહારા। માનહુઁ તુહિન બનજ બનુ મારા॥ ૨॥

તે આરતી સજાવીને આનંદમાં ભરાઈને ઊઠી અને દોડી. દરવાજે જ મળીને ભરત-શત્રુઘ્નને મહેલમાં લઈ આવી. ભરતે સમસ્ત પરિવારને દુઃખી જોયો, જાણે કમળોના વનને હિમ મારી ગયો હોય. ॥ ૨॥

કૈકેઈ હરષિત એહિ ભાઁતી। મનહુઁ મુદિત દવ લાઇ કિરાતી॥
સુતહિ સસોચ દેખિ મનુ મારેં। પૂઁછતિ નૈહર કુસલ હમારેં॥ ૩॥

એક કૈકેયી જ એ રીતે હર્ષિત જણાય છે જાણે ભીલડી જંગલમાં આગ લગાડી આનંદિત થઈ રહી હોય. પુત્રને વિચારવશ અને શોકયુક્ત (ઘણો ઉદાસ) જોઈને તે પૂછવા લાગી – અમારા પિયરમાં તો કુશળ છે ને? ॥ ૩॥

સકલ કુસલ કહિ ભરત સુનાઈ। પૂઁછી નિજ કુલ કુસલ ભલાઈ॥
કહુ કહઁ તાત કહાઁ સબ માતા। કહઁ સિય રામ લખન પ્રિય ભ્રાતા॥ ૪॥

ભરતજીએ સર્વે કુશળતા કહી સંભળાવી. પછી પોતાના કુળનાં કુશળ-ક્ષેમ પૂછ્યા. [ભરતજીએ કહ્યું –] કહો, પિતાજી ક્યાં છે? મારી સર્વે માતાઓ ક્યાં છે? સીતાજી અને મારા પ્રિય ભાઈ રામ-લક્ષ્મણ ક્યાં છે? ॥ ૪॥

દો૦– સુનિ સુત બચન સનેહમય કપટ નીર ભરિ નૈન।
ભરત શ્રવન મન સૂલ સમ પાપિનિ બોલી બૈન ॥ ૧૫૯॥

પુત્રના સ્નેહમય વચન સાંભળીને નેત્રોમાં કપટનું જળ ભરીને પાપિણી કૈકેયી, ભરતના કાનોમાં અને મનમાં શૂળ સમાન ભોંકાનારાં વચન બોલી – ॥ ૧૫૯॥

ચૌ૦– તાત બાત મૈં સકલ સઁવારી। ભૈ મંથરા સહાય બિચારી॥
કછુક કાજ બિધિ બીચ બિગારેઉ। ભૂપતિ સુરપતિ પુર પગુ ધારેઉ॥ ૧॥

હે તાત! મેં આખી વાત બનાવી (સુધારી) લીધી હતી. બિચારી મંથરા સહાયક થઈ. પરંતુ વિધાતાએ વચ્ચે થોડુંક કાર્ય બગાડી નાખ્યું, તે એ કે રાજા દેવલોકમાં પધારી ગયા. ॥ ૧॥

સુનત ભરતુ ભએ બિબસ બિષાદા। જનુ સહમેઉ કરિ કેહરિ નાદા॥
તાત તાત હા તાત પુકારી। પરે ભૂમિતલ બ્યાકુલ ભારી॥ ૨॥

ભરત આ સાંભળતાં જ વિષાદને લીધે વિવશ (બેહાલ) થઈ ગયા, જાણે સિંહની ગર્જના સાંભળીને હાથી ગભરાઈ ગયો હોય. એ 'હાય પિતાજી! હા પિતાજી! હા પિતાજી! આપ અમને છોડીને ક્યાં ચાલ્યા ગયા - એમ પોકારતાં પોકારતાં વ્યાકુળ થઈને જમીન પર ઢળી પડ્યા. ॥ ૨॥

ચલત ન દેખન પાયઉઁ તોહી। તાત ન રામહિ સૌંપેહુ મોહી॥
બહુરિ ધીર ધરિ ઉઠે સઁભારી। કહુ પિતુ મરન હેતુ મહતારી॥ ૩॥

[અને વિલાપ કરવા લાગ્યા કે] હે તાત! હું આપને શરીર ત્યજવાના સમયે જોઈ પણ ન શક્યો. [હાય!] આપ મને શ્રીરામજીને સોંપી પણ ન ગયા! પછી ધીરજ ધરીને તે સંભાળીને ઊઠ્યા અને બોલ્યા – માતા! પિતાના મરવાનું કારણ તો બતાવો. ॥ ૩॥

સુનિ સુત બચન કહતિ કૈકેઈ। મરમુ પાઁછિ જનુ માહુર દેઈ॥
આદિહુ તેં સબ આપનિ કરની। કુટિલ કઠોર મુદિત મન બરની॥ ૪॥

પુત્રનું વચન સાંભળીને કૈકેયી કહેવા લાગી, જાણે મર્મસ્થાનને ચાકુથી ચીરીને એમાં ઝેર ભરી રહી હોય. કુટિલ અને કઠોર કૈકેયીએ પોતાની સઘળી કરણી આદિથી અંત સુધીની, પ્રસન્ન મને સંભળાવી દીધી. ॥ ૪॥

દો૦– ભરતહિ બિસરેઉ પિતુ મરન સુનત રામ બન ગૌનુ।
હેતુ અપનપઉ જાનિ જિયઁ થકિત રહે ધરિ મૌનુ॥ ૧૬૦॥

શ્રીરામચન્દ્રજીનું વનગમન સાંભળીને ભરતજી પિતાનું મરણ ભૂલી ગયા અને હૃદયમાં આ આખાય અનર્થનું કારણ પોતાને જ જાણીને તેઓ મૌન ધરીને સ્તબ્ધ થઈ ગયા (અર્થાત્ તેમની વાણી બંધ થઈ ગઈ અને સુન્ન પડી ગયા). ॥ ૧૬૦॥

ચૌ૦– બિકલ બિલોકિ સુતહિ સમુઝાવતિ। મનહુઁ જરે પર લોનુ લગાવતિ॥
તાત રાઉ નહિં સોચૈ જોગૂ। બિઢ઼ઈ સુકૃત જસુ કીન્હેઉ ભોગૂ॥ ૧॥

પુત્રને વ્યાકુળ જોઈને કૈકેયી સમજાવવા લાગી, જાણે દાઝ્યા પર મીઠું ભભરાવી રહી હોય! [તે બોલી –] હે તાત! રાજા શોક કરવા યોગ્ય નથી. તેમણે પુણ્ય અને યશ કમાઈને તેનો પર્યાપ્ત ભોગ કર્યો. ॥ ૧॥ (બિઢ઼ઈ = કમાવું અથવા વધારવું)

જીવત સકલ જનમ ફલ પાએ। અંત અમરપતિ સદન સિધાએ॥
અસ અનુમાનિ સોચ પરિહરહૂ। સહિત સમાજ રાજ પુર કરહૂ॥ ૨॥

જીવનકાળમાં જ એમણે જન્મ લેવાનાં સંપૂર્ણ ફળો પામી લીધાં અને અંતમાં તેઓ ઈન્દ્રલોકમાં ચાલ્યા ગયા. આમ વિચારી શોક છોડી દો અને સમાજસહિત નગરનું રાજ્ય કરો. ॥ ૨॥

સુનિ સુઠિ સહમેઉ રાજકુમારૂ। પાકેં છત જનુ લાગ અઁગારૂ॥
ધીરજ ધરિ ભરિ લેહિં ઉસાસા। પાપિનિ સબહિ ભાઁતિ કુલ નાસા॥ ૩॥

રાજકુમાર ભરતજી આ સાંભળીને બહુ જ ડરી ગયા, જાણે પાકેલા ઘાને અંગારો સ્પર્શી ગયો હોય. તેમણે ધીરજ ધરીને લાંબો નિસાસો નાખી કહ્યું – પાપિણી! તેં બધી રીતે કુળનો નાશ કરી દીધો. ॥ ૩॥

જૌં પૈ કુરુચિ રહી અતિ તોહી। જનમત કાહે ન મારે મોહી॥
પેડ઼ કાટિ તૈં પાલઉ સીંચા। મીન જિઅન નિતિ બારિ ઉલીચા॥ ૪॥

હાય! જો તારી આવી જ અત્યંત દુર્ભાવના હતી, તો તેં જન્મતાંની સાથે મને મારી કેમ ન નાખ્યો? તેં ઝાડ કાપીને પાંદડાંને સીંચ્યાં છે અને માછલાંને જીવવા માટેનું પાણી ઉલેચી નાખ્યું! (અર્થાત્ મારું હિત કરવા ખાતર ઊલટું તે મારું અહિત કરી નાખ્યું) ॥ ૪॥

દો૦ – હંસબંસુ દસરથુ જનકુ રામ લખન સે ભાઈ।
જનની તૂઁ જનની ભઈ બિધિ સન કછુ ન બસાઈ॥ ૧૬૧॥

મને સૂર્યવંશ જેવો વંશ, દશરથજી જેવા પિતા અને રામ-લક્ષ્મણ જેવા ભાઈ મળ્યા. પણ હે જનની! મને જન્મ આપનારી માતા તું થઈ! [શું કરી શકાય!] વિધાતા ઉપર કંઈ પણ વશ નથી ચાલતો. ॥ ૧૬૧॥

ચૌ૦ – જબ તૈં કુમતિ કુમત જિયઁ ઠયઊ। ખંડ ખંડ હોઈ હૃદઉ ન ગયઊ॥
બર માગત મન ભઈ નહિં પીરા। ગરિ ન જીહ મુહઁ પરેઉ ન કીરા॥ ૧॥

અરે કુમતિ! જ્યારે તેં હૃદયમાં આ બૂરો વિચાર નિરધાર્યો, એ જ સમયે તારા હૃદયના ટુકડેટુકડા [કેમ] ન થઈ ગયા? વરદાન માગતી વખતે તારા મનમાં કંઈ પણ પીડા ન થઈ? તારી જીભ ઓગળી ન ગઈ? તારા મુખમાં કીડા ન પડી ગયા? ॥ ૧॥

ભૂપઁ પ્રતીતિ તોરિ કિમિ કીન્હી। મરન કાલ બિધિ મતિ હરિ લીન્હી॥
બિધિહુઁ ન નારિ હૃદય ગતિ જાની। સકલ કપટ અઘ અવગુન ખાની॥ ૨॥

રાજાએ તારો વિશ્વાસ કેવી રીતે કરી લીધો? [જણાય છે કે] વિધાતાએ મરણ વેળાએ એમની બુદ્ધિ હરી લીધી હતી. સ્ત્રીઓના હૃદયની ગતિ (ચાલ) વિધાતા પણ ન જાણી શક્યો! તું સંપૂર્ણ કપટ, પાપ અને અવગુણોની ખાણ છે. ॥ ૨॥

સરલ સુસીલ ધરમ રત રાઊ। સો કિમિ જાનૈ તીય સુભાઊ॥
અસ કો જીવ જંતુ જગ માહીં। જેહિ રઘુનાથ પ્રાનપ્રિય નાહીં॥૩॥

વળી, રાજા તો સીધા (સરળ), સુશીલ અને ધર્મપરાયણ હતા. તેઓ ભલા, સ્ત્રી સ્વભાવને કેમ ઓળખે? અરે! જગતના જીવજંતુઓમાં એવા કોણ છે જેને શ્રીરઘુનાથજી પ્રાણોની જેમ પ્રિય નથી? ॥૩॥

ભે અતિ અહિત રામુ તેઉ તોહી। કો તૂ અહસિ સત્ય કહુ મોહી॥
જો હસિ સો હસિ મુહેઁ મસિ લાઈ। આઁખિ ઓટ ઉઠિ બૈઠહિ જાઈ॥૪॥

તે શ્રીરામજી પણ તને અહિત થઈ ગયા (વેરી લાગ્યા)! તું કોણ છે? મને સાચેસાચ કહે! તું જે હોય તે, હવે મોં પર શાહી ચોપડીને (મોં કાળું કરીને) ઊભી થઈ મારી આંખોથી આડે જઈ બેસ. ॥૪॥

દો૦– રામ બિરોધી હૃદય તેં પ્રગટ કીન્હ બિધિ મોહિ।
મો સમાન કો પાતકી બાદિ કહઉઁ કછુ તોહિ॥૧૬૨॥

વિધાતાએ મને શ્રીરામજીથી વિરોધ કરનાર (તારા) હૃદયથી ઉત્પન્ન કર્યો [અથવા વિધાતાએ મને રામનો હૃદયથી વિરોધી જાહેર કરી દીધો]! મારા જેવો પાપી બીજો કોણ છે? હું વ્યર્થ જ તને કંઈ કહું છું. ॥૧૬૨॥

ચૌ૦– સુનિ સત્રુઘુન માતુ કુટિલાઈ। જરહિં ગાત રિસ કછુ ન બસાઈ॥
તેહિ અવસર કુબરી તહઁ આઈ। બસન બિભૂષન બિબિધ બનાઈ॥૧॥

માતાની કુટિલતા સાંભળીને શત્રુઘ્નજીના સર્વે અંગ ક્રોધથી બળી રહ્યાં છે, પણ કંઈ વશ ચાલતો નથી. તે જ વખતે જાતજાતનાં કપડાં અને ઘરેણાંથી સુસજ્જ કુબડી (મંથરા) ત્યાં આવી. ॥૧॥

લખિ રિસ ભરેઉ લખન લઘુ ભાઈ। બરત અનલ ઘૃત આહુતિ પાઈ॥
હુમગિ લાત તકિ કૂબર મારા। પરિ મુહ ભર મહિ કરત પુકારા॥૨॥

તેને [સજેલી] જોઈને લક્ષ્મણના નાના ભાઈ શત્રુઘ્નજી ક્રોધે ભરાઈ ગયા, જાણે બળતા અગ્નિને ઘીની આહુતિ પ્રાપ્ત થઈ ગઈ હોય. તેમણે જોરથી તેની ખૂંધ પર લાત જમાવી દીધી. તે ચીસ પાડતી મોઢાના જોરે જમીન પર ઢળી પડી. ॥૨॥

કૂબર ટૂટેઉ ફૂટ કપારૂ। દલિત દસન મુખ રુધિર પ્રચારૂ॥
આહ દઇઅ મૈં કાહ નસાવા। કરત નીક ફલુ અનઇસ પાવા॥૩॥

તેનું કૂબડ (ખૂંધ) તૂટી પડી, કપાળ ફૂટી ગયું, દાંત તૂટી ગયા અને મુખમાંથી લોહી વહેવા લાગ્યું. [તે કણસતાં બોલી –] હાય દેવ! મેં શું બગાડ્યું? જે ભલું કરવા છતાંય બૂરું ફળ મળ્યું! ॥૩॥

સુનિ રિપુહન લખિ નખ સિખ ખોટી। લગે ઘસીટન ધરિ ધરિ ઝોંટી॥
ભરત દયાનિધિ દીન્હિ છડ़ाઈ। કૌસલ્યા પહિં ગે દોઉ ભાઈ॥૪॥

તેની આ વાત સાંભળીને અને તેને નખથી શિખા સુધી દુષ્ટ જાણીને શત્રુઘ્નજી ચોટલો પકડી-પકડીને તેને ઢસડવા લાગ્યા. પછી દયાનિધિ ભરતજીએ તેને છોડાવી દીધી અને બંને ભાઈ [તુરત જ] કૌશલ્યાજી પાસે ગયા. ॥ ૪॥

દો૦ – મલિન બસન બિબરન બિકલ કૃસ સરીર દુખ ભાર ।
કનક કલપ બર બેલિ બન માનહુઁ હની તુસાર ॥૧૬૩॥

કૌશલ્યાજીએ મેલાં વસ્ત્રો પહેર્યાં છે, ચહેરાનો રંગ બદલાયેલો છે, વ્યાકુળ થઈ રહ્યાં છે, દુ:ખના ભારથી શરીર સુકાઈ ગયું છે, એવાં દેખાઈ રહ્યાં છે, જાણે સોનાની સુંદર કલ્પલતાને વનમાં હિમ મારી ગયો હોય. ॥ ૧૬૩॥

ચૌ૦ – ભરતહિ દેખિ માતુ ઉઠિ ધાઈ । મુરુછિત અવનિ પરી ઝઈઁ આઈ ॥
દેખત ભરતુ બિકલ ભએ ભારી । પરે ચરન તન દસા બિસારી ॥ ૧॥

ભરતને જોતાં જ માતા કૌશલ્યાજી ઊઠીને દોડ્યાં. પણ ચક્કર આવી જવાથી મૂર્છિત થઈને પૃથ્વી પર ઢળી પડ્યાં. આ જોતાં જ ભરતજી ઘણા વ્યાકુળ થઈ ગયા અને શરીરનું ભાન ભૂલીને ચરણોમાં ઢળી પડ્યા. ॥ ૧॥

માતુ તાત કહઁ દેહિ દેખાઈ । કહઁ સિય રામુ લખનુ દોઉ ભાઈ ॥
કૈકઇ કત જનમી જગ માઝા । જૌં જનમિ ત ભઈ કાહે ન બાઁઝા ॥ ૨॥

[પછી બોલ્યા –] માતા! પિતાજી ક્યાં છે? તેમને દેખાડો. સીતાજી તથા બંને ભાઈ રામ-લક્ષ્મણ ક્યાં છે? [તેમને દેખાડો.] કૈકેયી જગતમાં કેમ જન્મી? અને જો જન્મી તો પછી વાંઝણી કેમ ન થઈ? ॥ ૨॥

કુલ કલંકુ જેહિં જનમેઉ મોહી । અપજસ ભાજન પ્રિયજન દ્રોહી ॥
કો તિભુવન મોહિ સરિસ અભાગી । ગતિ અસિ તોરિ માતુ જેહિ લાગી ॥ ૩॥

જેણે કુળના કલંક, અપયશને પાત્ર અને પ્રિયજનોનો દ્રોહી મારા જેવો પુત્ર ઉત્પન્ન કર્યો. ત્રણેય લોકોમાં મારા જેવો અભાગિયો કોણ છે? જેના કારણે હે માતા! આપની આ દશા થઈ! ॥ ૩॥

પિતુ સુરપુર બન રઘુબર કેતૂ । મૈં કેવલ સબ અનરથ હેતૂ ॥
ધિગ મોહિ ભયઉઁ બેનુ બન આગી । દુસહ દાહ દુખ દૂષન ભાગી ॥ ૪॥

પિતાજી સ્વર્ગમાં છે અને રઘુકુળ શ્રેષ્ઠ શ્રીરામજી વનમાં છે. કેતુના જેવો કેવળ હું જ આ સર્વે અનર્થોનું કારણ છું. મને ધિક્કાર છે! હું વાંસના વનમાં અગ્નિરૂપ ઉત્પન્ન થયો અને કઠિન દાહ, દુ:ખ અને દોષોનો ભાગી બન્યો. ॥ ૪॥

દો૦ – માતુ ભરત કે બચન મૃદુ સુનિ પુનિ ઉઠી સઁભારિ ।
લિએ ઉઠાઇ લગાઇ ઉર લોચન મોચતિ બારિ ॥ ૧૬૪॥

ભરતજીનાં કોમળ વચન સાંભળીને માતા કૌશલ્યાજી સંભાળીને ઊઠ્યાં. તેમણે ભરતને ઊભા કરી છાતી સરસા ચાંપ્યા અને નેત્રોમાંથી અશ્રુ વહેવડાવા લાગ્યાં. ॥ ૧૬૪॥

ચૌ૦ – સરલ સુભાય માયઁ હિયઁ લાએ। અતિ હિત મનહુઁ રામ ફિરિ આએ॥
ભેંટેઉ બહુરિ લખન લઘુ ભાઈ। સોકુ સનેહુ ન હૃદયઁ સમાઈ॥૧॥

સરળ સ્વભાવવાળી માતાએ ઘણા પ્રેમથી ભરતજીને છાતી સરસા ચાંપી દીધા, જાણે શ્રીરામજી જ પાછા વળીને આવી ગયા હોય. પછી લક્ષ્મણજીના નાના ભાઈ શત્રુઘ્નને હૃદયે ચાંપ્યા. શોક અને સ્નેહ હૃદયમાં સમાતો નથી. ॥૧॥

દેખિ સુભાઉ કહત સબુ કોઈ। રામ માતુ અસ કાહે ન હોઈ॥
માતાઁ ભરતુ ગોદ બૈઠારે। આઁસુ પોંછિ મૃદુ બચન ઉચારે॥૨॥

કૌશલ્યાજીનો સ્વભાવ જોઈને હર કોઈ કહી રહ્યા છે – શ્રીરામની માતાનો આવો સ્વભાવ કેમ ન હોય! માતાએ ભરતજીને ખોળામાં બેસાડી દીધા અને એમનાં આંસુ લૂછીને કોમળ વચન બોલ્યાં – ॥૨॥

અજહુઁ બચ્છ બલિ ધીરજ ધરહૂ। કુસમઉ સમુઝિ સોક પરિહરહૂ॥
જનિ માનહુઁ હિયઁ હાનિ ગલાની। કાલ કરમ ગતિ અઘટિત જાની॥૩॥

હે વત્સ! હું ઓવારણા લઉં છું. અત્યારે તમેય ધીરજ ધરો. બૂરો સમય જાણીને શોકનો ત્યાગ કરી દો. કાળ અને કર્મની ગતિ અટલ જાણીને હૃદયમાં હાનિ અને ગ્લાનિને ન વિચારો. ॥૩॥

કાહુહિ દોસુ દેહુ જનિ તાતા। ભા મોહિ સબ બિધિ બામ બિધાતા॥
જો એતેહુઁ દુખ મોહિ જિઆવા। અજહુઁ કો જાનઇ કા તેહિ ભાવા॥૪॥

હે તાત! કોઈને દોષ ન આપો. વિધાતા મારાથી સર્વે પ્રકારે વિપરીત થઈ ગયો છે, જે આટલું દુ:ખ હોવા છતાં મને જીવાડી રહ્યો છે. હજી પણ કોણ જાણે છે કે એને શું ગમી રહ્યું છે? ॥૪॥

દો૦ – પિતુ આયસ ભૂષન બસન તાત તજે રઘુબીર।
બિસમઉ હરષુ ન હૃદયઁ કછુ પહિરે બલકલ ચીર॥૧૬૫॥

હે તાત! પિતાની આજ્ઞાથી શ્રીરામે આભૂષણ-વસ્ત્ર ત્યજી દીધાં અને વલ્કલ વસ્ત્ર પહેરી લીધાં. તેમના હૃદયમાં ન કોઈ વિષાદ હતો કે ન હર્ષ! ॥૧૬૫॥

ચૌ૦ – મુખ પ્રસન્ન મન રંગ ન રોષૂ। સબ કર સબ બિધિ કરિ પરિતોષૂ॥
ચલે બિપિન સુનિ સિય સંગ લાગી। રહઇ ન રામ ચરન અનુરાગી॥૧॥

તેમનું મુખ પ્રસન્ન હતું; મનમાં ન હતી આસક્તિ, ન રોષ (દ્વેષ). સર્વેને દરેક રીતે સંતોષ કરાવીને તેઓ વનમાં ચાલ્યા. આ સાંભળીને સીતા પણ એમની સાથે થઈ ગયાં. શ્રીરામના ચરણોનાં અનુરાગિણી તે કોઈ રીતે ન રોકાયાં. ॥૧॥

સુનતહિં લખનુ ચલે ઉઠિ સાથા। રહહિં ન જતન કિએ રઘુનાથા॥
તબ રઘુપતિ સબહી સિરુ નાઈ। ચલે સંગ સિય અરુ લઘુ ભાઈ॥૨॥

સાંભળતાં જ લક્ષ્મણ પણ ઊઠીને સાથે જ ચાલ્યા. શ્રીરામે તેમને રોકાવાનો ઘણો યત્ન કર્યો, પણ તેઓ ન રહ્યા. પછી શ્રીરામ દરેકને શીશ નમાવી, સીતા અને નાના ભાઈ લક્ષ્મણને સાથે લઈને ચાલી નીકળ્યા. ॥ ૨॥

રામુ લખનુ સિય બનહિં સિધાએ । ગઇઉઁ ન સંગ ન પ્રાન પઠાએ ॥
યહુ સબુ ભા ઇન્હ આઁખિન્હ આગેં । તઉ ન તજા તનુ જીવ અભાગેં ॥ ૩॥

શ્રીરામ, લક્ષ્મણ અને સીતા વનમાં ચાલ્યાં ગયાં. હું ન તો સાથે જ ગઈ અને ન મેં પોતાના પ્રાણ પણ એમની સાથે મોકલ્યા. આ સઘળું આ જ આંખો સામે થયું. તો પણ અભાગિયા જીવે શરીર ન છોડ્યું. ॥ ૩॥

મોહિ ન લાજ નિજ નેહુ નિહારી । રામ સરિસ સુત મૈં મહતારી ॥
જિઐ મરૈ ભલ ભૂપતિ જાના । મોર હૃદય સત કુલિસ સમાના ॥ ૪॥

પોતાના સ્નેહની સામે જોઈને મને લાજ પણ નથી આવતી. રામ જેવા પુત્રની હું માતા! જીવવું અને મરવું તો રાજાએ ખરું જાણ્યું. મારું હૃદય તો સેંકડો વજ્રોની સમાન કઠોર છે. ॥ ૪॥

દો૦ – કૌસલ્યા કે બચન સુનિ ભરત સહિત રનિવાસુ ।
બ્યાકુલ બિલપત રાજગૃહ માનહુઁ સોક નેવાસુ ॥ ૧૬૬॥

કૌશલ્યાજીનાં વચનો સાંભળીને ભરતસહિત આખો રાણીવાસ વ્યાકુળ થઈને વિલાપ કરવા લાગ્યો. રાજમહેલ જાણે શોકનું નિવાસ બની ગયો. ॥ ૧૬૬॥

ચૌ૦ – બિલપહિં બિકલ ભરત દોઉ ભાઈ । કૌસલ્યાઁ લિએ હૃદયઁ લગાઈ ॥
ભાઁતિ અનેક ભરતુ સમુઝાએ । કહિ બિબેકમય બચન સુનાએ ॥ ૧॥

ભરત, શત્રુઘ્ન બંને ભાઈ વ્યાકુળ થઈને વિલાપ કરવા લાગ્યા. પછી કૌશલ્યાજીએ તેમને હૃદયે ચાંપ્યા. અનેક પ્રકારે ભરતજીને સમજાવ્યા અને ઘણી જ વિવેકપૂર્ણ વાતો તેમને કહી સંભળાવી. ॥ ૧॥

ભરતહુઁ માતુ સકલ સમુઝાઈં । કહિ પુરાન શ્રુતિ કથા સુહાઈં ॥
છલ બિહીન સુચિ સરલ સુબાની । બોલે ભરત જોરિ જુગ પાની ॥ ૨॥

ભરતજીએ પણ સર્વે માતાઓને પુરાણ અને વેદોની સુંદર કથાઓ કહીને સમજાવી. બંને હાથ જોડીને ભરતજી છળરહિત, પવિત્ર અને સીધી સુંદર વાણી બોલ્યા – ॥ ૨॥

જે અઘ માતુ પિતા સુત મારેં । ગાઇ ગોઠ મહિસુર પુર જારેં ॥
જે અઘ તિય બાલક બધ કીન્હેં । મીત મહીપતિ માહુર દીન્હેં ॥ ૩॥

જે પાપ માતા-પિતા અને પુત્રને મારવાથી થાય છે અને જે ગૌશાળા અને બ્રાહ્મણોનાં નગર બાળવાથી થાય છે; જે પાપ સ્ત્રી અને બાળકની હત્યા કરવાથી થાય છે અને જે મિત્ર અને રાજાને ઝેર આપવાથી થાય છે – ॥ ૩॥

જે પાતક ઉપપાતક અહહીં। કરમ બચન મન ભવ કબિ કહહીં ॥
તે પાતક મોહિ હોહુઁ બિધાતા। જૌં યહુ હોઈ મોર મત માતા ॥૪॥

કર્મ, વચન અને મનથી થનારાં જેટલાં પાતક અને ઉપપાતક (નાનાં-મોટાં પાપ) જેને કવિ લોકો કહે છે; તે સઘળાં પાપ હે વિધાતા! જો આ કામમાં મારો મત હોય તો, હે માતા! મને લાગે. ॥૪॥

દો૦– જે પરિહરિ હરિ હર ચરન ભજહિં ભૂતગન ઘોર।
તેહિ કઇ ગતિ મોહિ દેઉ બિધિ જૌં જનની મત મોર ॥૧૬૭॥

હે માતા! જો આમાં મારો મત હોય તો જે લોકો શ્રીહરિ અને શ્રીશંકરજીના ચરણોને છોડીને ભયાનક ભૂત-પ્રેતોને ભજે છે, વિધાતા મને એમની ગતિ આપે. ॥૧૬૭॥

ચૌ૦– બેચહિં બેદુ ધરમુ દુહિ લેહીં। પિસુન પરાય પાપ કહિ દેહીં ॥
કપટી કુટિલ કલહપ્રિય ક્રોધી। બેદ બિદૂષક બિસ્વ બિરોધી ॥૧॥

જે લોકો વેદોને વેચે છે, ધર્મને નામે છેતરે છે, ચાડિયા છે, અન્યનાં પાપોને કહી દે છે; જે કપટી, કુટિલ, ક્લેશપ્રિય અને ક્રોધી છે તથા જે વેદોની નિંદા કરનારા અને વિશ્વભરના વિરોધી છે; ॥૧॥

લોભી લંપટ લોલુપચારા। જે તાકહિં પરધનુ પરદારા ॥
પાવૌં મૈં તિન્હ કૈ ગતિ ઘોરા। જૌં જનની યહુ સંમત મોરા ॥૨॥

જે લોભી, લંપટ અને લાલચીઓનું આચરણ કરનારા છે; જે પારકા ધન અને પારકી સ્ત્રીની ઇચ્છા રાખે છે; હે જનની! એમની ભયાનક ગતિને જો આ કાર્યમાં મારી સંમતિ હોય તો હું પામું. ॥૨॥

જે નહિં સાધુસંગ અનુરાગે। પરમારથ પથ બિમુખ અભાગે ॥
જે ન ભજહિં હરિ નર તનુ પાઈ। જિન્હહિ ન હરિ હર સુજસુ સોહાઈ ॥૩॥

જેમને સત્સંગમાં પ્રેમ નથી; જે અભાગિયા પરમાર્થના માર્ગથી વિમુખ છે, જે મનુષ્ય શરીર પામીને શ્રીહરિનું ભજન નથી કરતા; જેમને હરિ-હર(ભગવાન વિષ્ણુ અને શંકરજી)નો સુયશ નથી ગમતો; ॥૩॥

તજિ શ્રુતિપંથુ બામ પથ ચલહીં। બંચક બિરચિ બેષ જગુ છલહીં ॥
તિન્હ કૈ ગતિ મોહિ સંકર દેઊ। જનની જૌં યહુ જાનૌં ભેઊ ॥૪॥

જે વેદમાર્ગને છોડીને વામ (વેદપ્રતિકૂળ) માર્ગે ચાલે છે; જે ઠગ છે અને વેશ બનાવી જગતને ઠગે છે; એ લોકોની ગતિ હે માતા! જો હું આ ભેદને જાણતો હોઉં તો શંકરજી મને આપે. ॥૪॥

દો૦– માતુ ભરત કે બચન સુનિ સાઁચે સરલ સુભાયઁ।
કહતિ રામ પ્રિય તાત તુમ્હ સદા બચન મન કાયઁ ॥૧૬૮॥

માતા કૌશલ્યાજી ભરતજીનાં સ્વાભાવિક જ સાચાં અને સરળ વચનોને સાંભળીને કહેવા લાગ્યાં – હે તાત! તમે તો મન, વચન અને શરીરથી સદાય શ્રીરામજીના પ્રિય છો. ॥ ૧૬૮॥

ચૌ૦ – રામ પ્રાનહુ તેં પ્રાન તુમ્હારે। તુમ્હ રઘુપતિહિ પ્રાનહુ તેં પ્યારે ॥
બિધુ બિષ ચવૈ સ્રવૈ હિમુ આગી। હોઈ બારિચર બારિ બિરાગી ॥ ૧॥

શ્રીરામજી તમને પ્રાણોથીય ચઢિયાતા પ્રાણ (પ્રિય) છે અને તમે પણ શ્રીરઘુનાથને પ્રાણોથીય અધિક પ્રિય છો. ચન્દ્રમા ભલેને વિષ પ્રસરાવવા લાગે અને હિમ આગ વરસાવવા માંડે; જળચર જીવો જળથી વિરક્ત થઈ જાય, ॥ ૧॥

ભએઁ ગ્યાનુ બરુ મિટૈ ન મોહૂ। તુમ્હ રામહિ પ્રતિકૂલ ન હોહૂ ॥
મત તુમ્હાર યહુ જો જગ કહહીં। સો સપનેહુઁ સુખ સુગતિ ન લહહીં ॥ ૨॥

અને જ્ઞાન થઈ જવા છતાં પણ મોહ ન મટે; પરંતુ તમે શ્રીરામને પ્રતિકૂળ ક્યારેય નહીં થઈ શકો. જગતમાં જે કોઈ આ કાર્યમાં તમારી સંમતિ છે એવું કહે છે, તે સ્વપ્નમાં પણ સુખ અને શુભ ગતિ નહિ પામે. ॥ ૨॥

અસ કહિ માતુ ભરતુ હિઐઁ લાએ। થન પય સ્રવહિં નયન જલ છાએ ॥
કરત બિલાપ બહુત એહિ ભાઁતી। બૈઠેહિં બીતિ ગઈ સબ રાતી ॥ ૩॥

આમ કહીને માતા કૌશલ્યાએ ભરતજીને હૃદયે ચાંપી દીધા. તેમનાં સ્તનોમાંથી દૂધ વહેવા લાગ્યું અને નેત્રોમાં [પ્રેમાશ્રુઓનું] જળ છવાઈ ગયું. આ રીતે ઘણો વિલાપ કરતાં કરતાં આખી રાત્રિ બેઠાં-બેઠાં વીતી ગઈ. ॥ ૩॥

બામદેઉ બસિષ્ઠ તબ આએ। સચિવ મહાજન સકલ બોલાએ ॥
મુનિ બહુ ભાઁતિ ભરત ઉપદેસે। કહિ પરમારથ બચન સુદેસે ॥ ૪॥

પછી વામદેવજી અને વસિષ્ઠજી આવ્યા. તેમણે સર્વે મંત્રીઓ અને મહાજનોને બોલાવડાવ્યા. પછી મુનિ વસિષ્ઠજીએ પરમાર્થનાં સુંદર સમયાનુકૂળ વચન કહીને દરેક રીતે ભરતજીને ઉપદેશ આપ્યો. ॥ ૪॥

દો૦ – તાત હૃદયઁ ધીરજુ ધરહુ કરહુ જો અવસર આજુ।
ઉઠે ભરત ગુર બચન સુનિ કરન કહેઉ સબુ સાજુ ॥ ૧૬૯॥

[વસિષ્ઠજીએ કહ્યું –] હે તાત! હૃદયમાં ધીરજ ધરો અને આજે જે કાર્યને કરવાનો અવસર છે, તેને કરો. ગુરુજીનાં વચન સાંભળીને ભરતજી ઊઠ્યા અને સઘળી તૈયારી કરવા માટે કહ્યું. ॥ ૧૬૯॥

ચૌ૦ – નૃપ તનુ બેદ બિદિત અન્હવાવા। પરમ બિચિત્ર બિમાનુ બનાવા ॥
ગહિ પદ ભરત માતુ સબ રાખી। રહીં રાનિ દરસન અભિલાષી ॥ ૧॥

વેદોમાં બતાવેલ વિધિ પ્રમાણે રાજાના દેહને સ્નાન કરાવવામાં આવ્યું અને પરમ વિચિત્ર વિમાન બનાવવામાં આવ્યું. ભરતજીએ સર્વ માતાઓને ચરણ પકડીને રાખ્યાં (અર્થાત્ પ્રાર્થના કરીને તેમને સતી બનતાં રોકી લીધાં) તે રાણીઓ પણ [શ્રીરામનાં] દર્શનની અભિલાષાથી રહી ગઈ. ॥ ૧॥

ચંદન અગર ભાર બહુ આએ। અમિત અનેક સુગંધ સુહાએ ॥
સરજુ તીર રચિ ચિતા બનાઈ। જનુ સુરપુર સોપાન સુહાઈ ॥ ૨॥

ચંદન અને અગર તથા બીજા પણ અનેક પ્રકારના અપાર [કપૂર, ગૂગળ, કેસર આદિ] સુગંધી દ્રવ્યોના ઘણાં જ ભારા આવ્યાં. સરયૂજીના તટે સુંદર ચિતાની રચના કરવામાં આવી, [જે એવી માલૂમ થતી હતી કે] જાણે સ્વર્ગની સુંદર નિસરણી હોય. ॥ ૨॥

એહિ બિધિ દાહ ક્રિયા સબ કીન્હી। બિધિવત ન્હાઇ તિલાંજુલિ દીન્હી ॥
સોધિ સુમૃતિ સબ બેદ પુરાના। કીન્હ ભરત દસગાત બિધાના ॥ ૩॥

આ રીતે સઘળી દાહક્રિયા કરવામાં આવી અને સૌએ વિધિપૂર્વક સ્નાન કરીને તિલાંજલિ આપી. પછી વેદ, સ્મૃતિ અને પુરાણ સર્વેનો મત નક્કી કરીને તે પ્રમાણે ભરતજીએ પિતાનું દસગાત્ર-વિધાન (દસ દિવસનાં કૃત્યો) કર્યાં. ॥ ૩॥

જહઁ જસ મુનિબર આયસુ દીન્હા। તહઁ તસ સહસ ભાઁતિ સબુ કીન્હા ॥
ભએ બિસુદ્ધ દિએ સબ દાના। ધેનુ બાજિ ગજ બાહન નાના ॥ ૪॥

મુનિશ્રેષ્ઠ વસિષ્ઠજીએ જ્યાં જેવી આજ્ઞા આપી, ત્યાં ભરતજીએ બધું એવું જ હજારો પ્રકારે કર્યું. શુદ્ધ થઈ ગયા બાદ [વિધિપૂર્વક] સર્વે દાન આપ્યાં. ગાયો તથા ઘોડા, હાથી આદિ અનેક પ્રકારનાં વાહનો, ॥ ૪॥

દો૦ – સિંઘાસન ભૂષન બસન અન્ન ધરનિ ધન ધામ।
દિએ ભરત લહિ ભૂમિસુર ભે પરિપૂરન કામ ॥ ૧૭૦॥

સિંહાસન, દાગીના, કપડાં, અન્ન, પૃથ્વી, ધન અને મકાન ભરતજીએ આપ્યાં; ભૂદેવ બ્રાહ્મણ દાન પામીને પરિપૂર્ણકામ થઈ ગયા (અર્થાત્ તેમની મનોકામનાઓ સારી રીતે પૂર્ણ થઈ ગઈ). ॥ ૧૭૦॥

ચૌ૦ – પિતુ હિત ભરત કીન્હિ જસિ કરની। સો મુખ લાખ જાઇ નહિં બરની ॥
સુદિનુ સોધિ મુનિબર તબ આએ। સચિવ મહાજન સકલ બોલાએ ॥ ૧॥

પિતાજીને અર્થે ભરતજીએ જેવી કરણી કરી તેનું લાખો મુખોથી પણ વર્ણન કરી શકાતું નથી. શુભ દિવસ જોઈને શ્રેષ્ઠ મુનિ વસિષ્ઠજી આવ્યા અને મન્ત્રીઓ તથા સર્વે મહાજનોને તેડાવ્યા. ॥ ૧॥

બૈઠે રાજસભાઁ સબ જાઈ। પઠએ બોલિ ભરત દોઉ ભાઈ ॥
ભરતુ બસિષ્ઠ નિકટ બૈઠારે। નીતિ ધરમમય બચન ઉચારે ॥ ૨॥

બધા લોકો રાજસભામાં જઈને બેઠા. પછી મુનિએ ભરતજી તથા શત્રુઘ્નજી - બંને ભાઈઓને તેડું મોકલ્યું. વસિષ્ઠજીએ ભરતજીને પોતાની પાસે બેસાડ્યા અને નીતિ તથા ધર્મથી ભરેલાં અનેક વચન કહ્યાં. ॥ ૨॥

પ્રથમ કથા સબ મુનિબર બરની । કૈકઇ કુટિલ કીન્હિ જસિ કરની ॥
ભૂપ ધરમુબ્રતુ સત્ય સરાહા । જેહિં તનુ પરિહરિ પ્રેમુ નિબાહા ॥ ૩॥

પ્રથમ તો કૈકેયીએ જેવી કુટિલ કરણી કરી હતી, તે આખી કથા શ્રેષ્ઠ મુનિએ કહી. પછી રાજા દશરથજીના ધર્મવ્રત અને સત્યની પ્રશંસા કરી, જેમણે શરીરનો ત્યાગ કરી પ્રેમને નભાવ્યો. ॥ ૩॥

કહત રામ ગુન સીલ સુભાઊ । સજલ નયન પુલકેઉ મુનિરાઊ ॥
બહુરિ લખન સિય પ્રીતિ બખાની । સોક સનેહ મગન મુનિ ગ્યાની ॥ ૪॥

શ્રીરઘુનાથજીના ગુણ, શીલ અને સ્વભાવનું વર્ણન કરતાં કરતાં તો મુનિરાજનાં નેત્રોમાં જળ ભરાઈ આવ્યું અને તેઓ શરીરે પુલકિત થઈ ગયા. પછી લક્ષ્મણજી અને સીતાજીના પ્રેમનો મહિમા કહેતાં કહેતાં જ્ઞાની મુનિ શોક અને સ્નેહમાં મગ્ન થઈ ગયા. ॥ ૪॥

દો૦– સુનહુ ભરત ભાવી પ્રબલ બિલખિ કહેઉ મુનિનાથ ।
હાનિ લાભુ જીવનુ મરનુ જસુ અપજસુ બિધિ હાથ ॥ ૧૭૧॥

મુનિનાથે વિલાપ કરીને (દુ:ખી થઈને) કહ્યું – હે ભરત! સાંભળો, ભાવિ ઘણું બળવાન છે. નફો-નુકસાન, જીવન-મૃત્યુ અને યશ-અપયશ એ સઘળું વિધાતાને હાથ છે. ॥ ૧૭૧॥

ચૌ૦– અસ બિચારિ કેહિ દેઇઅ દોસૂ । બ્યરથ કાહિ પર કીજિઅ રોસૂ ॥
તાત બિચારુ કરહુ મન માહીં । સોચ જોગુ દસરથુ નૃપુ નાહીં ॥ ૧॥

એવો વિચાર કરીને કોને દોષ અપાય? વ્યર્થ ક્રોધ કોના પર કરાય? હે તાત! મનમાં વિચાર કરો, રાજા દશરથ શોક કરવાને યોગ્ય નથી. ॥ ૧॥

સોચિઅ બિપ્ર જો બેદ બિહીના । તજિ નિજ ધરમુ બિષય લયલીના ॥
સોચિઅ નૃપતિ જો નીતિ ન જાના । જેહિ ન પ્રજા પ્રિય પ્રાન સમાના ॥ ૨॥

શોક એ બ્રાહ્મણનો કરવો જોઈએ કે જે વેદ નથી જાણતો અને જે પોતાનો ધર્મ છોડીને વિષય-ભોગમાં જ લીન રહે છે. એ રાજાનો શોક કરવો જોઈએ કે જે નીતિ નથી જાણતો અને જેને પ્રજા પ્રાણોસમાન પ્રિય નથી. ॥ ૨॥

સોચિઅ બયસુ કૃપન ધનવાનૂ । જો ન અતિથિ સિવ ભગતિ સુજાનૂ ॥
સોચિઅ સૂદ્રુ બિપ્ર અવમાની । મુખર માનપ્રિય ગ્યાન ગુમાની ॥ ૩॥

એ વૈશ્યનો શોક કરવો જોઈએ જે ધનવાન થઈને પણ કંજૂસ છે અને જે અતિથિસત્કાર તથા શિવજીની ભક્તિ કરવામા કુશળ નથી. એ શૂદ્રનો શોક કરવો જોઈએ જે બ્રાહ્મણોનું અપમાન કરનારો, ઘણું બોલનારો, માન-મોટાઈ ઈચ્છનારો અને જ્ઞાનનું ઘમંડ રાખનારો છે. ॥ ૩॥

સોચિઅ પુનિ પતિ બંચક નારી । કુટિલ કલહપ્રિય ઈચ્છાચારી ॥
સોચિઅ બટુ નિજ બ્રતુ પરિહરઈ । જો નહિં ગુર આયસુ અનુસરઈ ॥ ૪॥

વળી, એ સ્ત્રીનો શોક કરવો જોઈએ જે પતિને છળનારી, કુટિલ, ક્લેશપ્રિય અને સ્વેચ્છાચારિણી છે. એ બ્રહ્મચારીનો શોક કરવો જોઈએ જે પોતાના બ્રહ્મચર્ય-વ્રતને છોડી દે છે અને ગુરુની આજ્ઞા પ્રમાણે નથી ચાલતો. ॥ ૪॥

દો૦– સોચિઅ ગૃહી જો મોહ બસ કરઈ કરમ પથ ત્યાગ ।
સોચિઅ જતી પ્રપંચ રત બિગત બિબેક બિરાગ ॥ ૧૭૨॥

એ ગૃહસ્થનો શોક કરવો જોઈએ જે મોહવશ કર્મમાર્ગનો ત્યાગ કરી દે છે; એ સંન્યાસીનો શોક કરવો જોઈએ જે દુનિયાના પ્રપંચમાં ફસાયેલો છે અને જ્ઞાન-વૈરાગ્ય રહિત છે. ॥ ૧૭૨॥

ચૌ૦– બૈખાનસ સોઈ સોચૈ જોગૂ । તપુ બિહાઈ જેહિ ભાવઈ ભોગૂ ॥
સોચિઅ પિસુન અકારન ક્રોધી । જનનિ જનક ગુર બંધુ બિરોધી ॥ ૧॥

વાનપ્રસ્થી એ જ શોક કરવાને યોગ્ય છે જેને તપસ્યા છોડી ભોગ ગમે છે. અને શોક એનો કરવો જોઈએ જે ચાડિયો છે, વિના કારણે ક્રોધ કરનારો છે તથા માતા, પિતા, ગુરુ અને ભાઈ-બંધુઓની સાથે વિરોધ રાખનારો છે. ॥ ૧॥

સબ બિધિ સોચિઅ પર અપકારી । નિજ તનુ પોષક નિરદય ભારી ॥
સોચનીય સબહીં બિધિ સોઈ । જો ન છાડ઼િ છલુ હરિ જન હોઈ ॥ ૨॥

સર્વ પ્રકારે શોક એનો કરવો જોઈએ જે બીજાનું અનિષ્ટ કરે છે, પોતાના જ શરીરનું પોષણ કરે છે અને ઘણો મોટો નિર્દયી છે અને એ તો દરેક પ્રકારે શોક કરવાને યોગ્ય છે જે છળ (પ્રપંચ) છોડીને હરિનો ભક્ત નથી બનતો. ॥ ૨॥

સોચનીય નહિં કોસલરાઊ । ભુવન ચારિદસ પ્રગટ પ્રભાઊ ॥
ભયઉ ન અહઈ ન અબ હોનિહારા । ભૂપ ભરત જસ પિતા તુમ્હારા ॥ ૩॥

કૌશલરાજ દશરથજી શોક કરવાને યોગ્ય નથી, જેમનો પ્રભાવ ચૌદ લોકમાં પ્રગટ છે. હે ભરત! તમારા પિતા જેવો રાજા તો અગાઉ નથી થયો, અત્યારેય નથી અને હવે થશે પણ નહીં. ॥ ૩॥

બિધિ હરિ હરુ સુરપતિ દિસિનાથા । બરનહિં સબ દસરથ ગુન ગાથા ॥ ૪॥

બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ઈન્દ્ર અને દિક્પાળ સર્વે દશરથજીના ગુણોની કથાઓ કહ્યા કરે છે. ॥ ૪॥

દો૦– કહહુ તાત કેહિ ભાઁતિ કોઉ કરિહિ બડ઼ાઈ તાસુ ।
રામ લખન તુમ્હ સત્રુહન સરિસ સુઅન સુચિ જાસુ ॥ ૧૭૩॥

હે તાત! કહો, એમની મોટાઈ કોણ કયા પ્રકારે કહેશે જેમના શ્રીરામ, લક્ષ્મણ, તમે અને શત્રુઘ્ન જેવા પવિત્ર પુત્રો હોય? ॥ ૧૭૩॥

ચૌ૦ – સબ પ્રકાર ભૂપતિ બડ़ભાગી । બાદિ બિષાદુ કરિઅ તેહિ લાગી ॥
યહ સુનિ સમુઝિ સોચુ પરિહરહૂ । સિર ધરિ રાજ રજાયસુ કરહૂ ॥ ૧॥

રાજા દરેક પ્રકારે ભાગ્યશાળી હતા. એમના માટે વિષાદ કરવો વ્યર્થ છે. આ સાંભળીને અને સમજીને શોક ત્યાગી દો અને રાજાની આજ્ઞા માથે ચઢાવી તે પ્રમાણે કરો. ॥ ૧॥

રાયઁ રાજપદુ તુમ્હ કહુઁ દીન્હા । પિતા બચનુ ફુર ચાહિઅ કીન્હા ॥
તજે રામુ જેહિં બચનહિ લાગી । તનુ પરિહરેઉ રામ બિરહાગી ॥ ૨॥

રાજાએ રાજપદ તમને આપ્યું છે. પિતાનું વચન તમારે સત્ય કરવું જોઈએ, જેમણે વચનને માટે જ શ્રીરામચન્દ્રજીને ત્યાગી દીધા અને રામવિરહની અગ્નિમાં પોતાના શરીરની આહુતિ આપી દીધી. ॥ ૨॥

નૃપહિ બચન પ્રિય નહિં પ્રિય પ્રાના । કરહુ તાત પિતુ બચન પ્રવાના ॥
કરહુ સીસ ધરિ ભૂપ રજાઈ । હઇ તુમ્હ કહઁ સબ ભાઁતિ ભલાઈ ॥ ૩॥

રાજાને વચન પ્રિય હતાં, પ્રાણ પ્રિય ન હતા. માટે હે તાત! પિતાનાં વચનોને પ્રમાણ કરો! રાજાની આજ્ઞા માથે ચઢાવી પાલન કરો, એમાં તમારી સર્વ રીતે ભલાઈ છે. ॥ ૩॥

પરસુરામ પિતુ અગ્યા રાખી । મારી માતુ લોક સબ સાખી ॥
તનય જજાતિહિ જૌબનુ દયઊ । પિતુ અગ્યાઁ અઘ અજસુ ન ભયઊ ॥ ૪॥

પરશુરામજીએ પિતાની આજ્ઞા પાળી અને માતાને મારી નાખ્યાં- સર્વ લોકો આ વાતના સાક્ષી છે. રાજા યયાતિના પુત્રે પિતાને પોતાની જુવાની આપી દીધી. પિતાની આજ્ઞાનું પાલન કરવાથી તેમને પાપ અને અપયશ ન લાગ્યાં. ॥ ૪॥

દો૦ – અનુચિત ઉચિત બિચારુ તજિ જે પાલહિં પિતુ બૈન ।
તે ભાજન સુખ સુજસ કે બસહિં અમરપતિ ઐન ॥ ૧૭૪॥

જે અનુચિત અને ઉચિતનો વિચાર છોડીને પિતાનાં વચનોનું પાલન કરે છે, તે [અહીં] સુખ અને સુયશના પાત્ર થઈને અંતે ઇન્દ્રપુરી(સ્વર્ગ)માં નિવાસ કરે છે. ॥ ૧૭૪॥

ચૌ૦ – અવસિ નરેસ બચન ફુર કરહૂ । પાલહુ પ્રજા સોકુ પરિહરહૂ ॥
સુરપુર નૃપુ પાઇહિ પરિતોષૂ । તુમ્હ કહુઁ સુકૃતુ સુજસુ નહિં દોષૂ ॥ ૧॥

રાજાનાં વચન અવશ્ય સત્ય કરો. શોક ત્યાગી દો અને પ્રજાનું પાલન કરો. આવું કરવાથી સ્વર્ગમાં રાજા સંતોષ પામશે અને તમને પુણ્ય અને સુંદર યશ મળશે, દોષ નહિ લાગે. ॥ ૧॥

બેદ બિદિત સંમત સબહી કા । જેહિ પિતુ દેઇ સો પાવઇ ટીકા ॥
કરહુ રાજુ પરિહરહુ ગલાની । માનહુ મોર બચન હિત જાની ॥ ૨॥

વેદોમાં પણ એ પ્રસિદ્ધ છે અને [સ્મૃતિ-પુરાણાદિ] બધાં શાસ્ત્રો દ્વારા સંમત છે કે પિતા જેને આપે તે જ રાજતિલક પામે છે. માટે તમે રાજ્ય કરો, ગ્લાનિનો ત્યાગ કરી દો. મારા વચનને હિત સમજીને માનો. ॥ ૨॥

સુનિ સુખુ લહબ રામ બૈદેહીં । અનુચિત કહબ ન પંડિત કેહીં ॥
કૌસલ્યાદિ સકલ મહતારીં । તેઉ પ્રજા સુખ હોહિં સુખારીં ॥ ૩॥

આ વાતને સાંભળીને શ્રીરામચન્દ્રજી અને જાનકીજી સુખ પામશે અને કોઈ પંડિત આને અનુચિત નહીં કહે. કૌશલ્યાજી આદિ તમારી સર્વે માતાઓ પણ પ્રજાના સુખે સુખી થશે. ॥ ૩॥

પરમ તુમ્હાર રામ કર જાનિહિ । સો સબ બિધિ તુમ્હ સન ભલ માનિહિ ॥
સૌંપેહુ રાજુ રામ કે આએઁ । સેવા કરેહુ સનેહ સુહાએઁ ॥ ૪॥

શ્રીરામજી તમારા પરમ આરાધ્ય છે. જે આ શ્રેષ્ઠ સંબંધને જાણી લેશે તે સર્વ રીતે તમને ભલા જાણશે. શ્રીરઘુનાથજીના પરત આવ્યા પછી રાજ્ય એમને સોંપી દેજો અને સુંદર સ્નેહથી એમની સેવા કરજો. ॥ ૪॥

દો૦ – કીજિઅ ગુર આયસુ અવસિ કહહિં સચિવ કર જોરિ ।
રઘુપતિ આએઁ ઉચિત જસ તસ તબ કરબ બહોરિ ॥ ૧૭૫॥

મન્ત્રી હાથ જોડીને કહી રહ્યા છે – ગુરુજીની આજ્ઞાનું પાલન અવશ્ય કરો. શ્રીરઘુનાથજીના પાછા ફર્યા બાદ જેવું ઉચિત હોય તેવું કરજો. ॥ ૧૭૫॥

ચૌ૦ – કૌસલ્યા ધરિ ધીરજુ કહઈ । પૂત પથ્ય ગુર આયસુ અહઈ ॥
સો આદરિઅ કરિઅ હિત માની । તજિઅ બિષાદુ કાલ ગતિ જાની ॥ ૧॥

કૌશલ્યાજી પણ ધીરજ ધરીને કહી રહ્યાં છે – હે પુત્ર! ગુરુજીની આજ્ઞા પથ્યરૂપ છે. તેમનો આદર કરવો જોઈએ અને હિત માનીને એનું પાલન કરવું જોઈએ. કાળની ગતિ જાણીને વિષાદનો ત્યાગ કરી દેવો જોઈએ. ॥ ૧॥

બન રઘુપતિ સુરપતિ નરનાહૂ । તુમ્હ એહિ ભાઁતિ તાત કદરાહૂ ॥
પરિજન પ્રજા સચિવ સબ અંબા । તુમ્હહી સુત સબ કહઁ અવલંબા ॥ ૨॥

શ્રીરઘુનાથજી વનમાં છે, મહારાજ સ્વર્ગ સિધારી ગયા અને હે તાત! તમે આ રીતે કતરાઈ (દુ:ખી થઈ) રહ્યા છો. હે પુત્ર! કુટુંબ, પ્રજા, મન્ત્રી અને સર્વે માતાઓના – દરેકના એક તમે જ આધાર છો. ॥ ૨॥

લખિ બિધિ બામ કાલુ કઠિનાઈ । ધીરજુ ધરહુ માતુ બલિ જાઈ ॥
સિર ધરિ ગુર આયસુ અનુસરહૂ । પ્રજા પાલિ પરિજન દુખુ હરહૂ ॥ ૩॥

વિધાતાને પ્રતિકૂળ અને કાળને કઠોર જાણીને ધીરજ ધરો, માતા તમારા પર વારી જાય છે. ગુરુની આજ્ઞાને માથે ચઢાવી તે મુજબ કાર્ય કરો અને પ્રજાનું પાલન કરી કુટુમ્બીઓનું દુ:ખ હરો. ॥ ૩॥

ગુર કે બચન સચિવ અભિનંદનુ । સુને ભરત હિય હિત જનુ ચંદનુ ॥
સુની બહોરિ માતુ મૃદુ બાની । સીલ સનેહ સરલ રસ સાની ॥ ૪॥

ગુરુજીનાં વચનો અને મન્ત્રીઓનાં અનુમોદનને ભરતજીએ સાંભળ્યાં, જે એમના હૃદયને માટે ચંદન સમાન (શીતળ) હતાં. પછી તેમણે શીલ, સ્નેહ અને સરળતાના રસમાં તરબોળ થયેલ માતા કૌશલ્યાની કોમળ વાણી સાંભળી. ॥ ૪॥

છં૦ – સાની સરલ રસ માતુ બાની સુનિ ભરતુ બ્યાકુલ ભએ ।
લોચન સરોરુહ સ્રવત સીંચત બિરહ ઉર અંકુર નએ ॥
સો દસા દેખત સમય તેહિ બિસરી સબહિ સુધિ દેહ કી ।
તુલસી સરાહત સકલ સાદર સીવઁ સહજ સનેહ કી ॥

સરળતાના રસમાં ઝબોળેલી માતાની વાણી સાંભળીને ભરતજી વ્યાકુળ થઈ ગયા. તેમનાં નેત્ર-કમળ જળ (આંસુ) વહાવીને હૃદયના વિરહરૂપી નવીન અંકુરને સીંચવા લાગ્યાં. (નેત્રોનાં આંસુઓએ એમના વિયોગ-દુઃખને ઘણું જ વધારીને તેમને અત્યંત વ્યાકુળ કરી દીધા.) તેમની આ દશા જોઈને તે સમયે સર્વેને પોતાના દેહનું ભાન ભુલાઈ ગયું. તુલસીદાસજી કહે છે – સ્વાભાવિક પ્રેમની સીમારૂપ શ્રીભરતજીની આદરપૂર્વક પ્રશંસા સર્વે લોકો કરવા લાગ્યા.

સો૦ – ભરતુ કમલ કર જોરિ ધીર ધુરંધર ધીર ધરિ ।
બચન અમિઅઁ જનુ બોરિ દેત ઉચિત ઉત્તર સબહિ ॥ ૧૭૬॥

ધૈર્યની ધુરા ધારણ કરનારા ભરતજી ધીરજ ધરીને, કમળ સમાન હાથ જોડીને વચનોને જાણે અમૃતમાં બોળીને સર્વેને ઉચિત ઉત્તરો આપવા લાગ્યા – ॥ ૧૭૬॥

માસપારાયણ, અઢારમો વિશ્રામ

ચૌ૦ – મોહિ ઉપદેસુ દીન્હ ગુર નીકા । પ્રજા સચિવ સંમત સબહી કા ॥
માતુ ઉચિત ધરિ આયસુ દીન્હા । અવસિ સીસ ધરિ ચાહઉઁ કીન્હા ॥ ૧॥

ગુરુજીએ મને સુંદર ઉપદેશ આપ્યો. [વળી] પ્રજા, મન્ત્રી આદિ દરેકનો એ જ મત છે. માતાએ પણ ઉચિત જાણીને જ આજ્ઞા આપી છે અને હું પણ તેને સિરોધાર્ય કરી અવશ્ય એવું જ કરવા ઇચ્છું છું. ॥ ૧॥

ગુર પિતુ માતુ સ્વામિ હિત બાની । સુનિ મન મુદિત કરિઅ ભલિ જાની ॥
ઉચિત કિ અનુચિત કિએઁ બિચારૂ । ધરમુ જાઇ સિર પાતક ભારૂ ॥ ૨॥

[કેમ કે] ગુરુ, પિતા, માતા, સ્વામી અને સુહૃદ(મિત્ર)ની વાણી સાંભળીને પ્રસન્ન મનથી તેને ઠીક જાણીને કરવી (માનવી) જોઈએ. ઉચિત-અનુચિતનો વિચાર કરવાથી ધર્મ જાય છે અને માથા પર પાપનો ભાર ચઢે છે. ॥ ૨॥

તુમ્હ તૌ દેહુ સરલ સિખ સોઈ । જો આચરત મોર ભલ હોઈ ॥
જદ્યપિ યહ સમુઝત હઉઁ નીકેં । તદપિ હોત પરિતોષુ ન જી કેં ॥ ૩॥

આપ તો મને એ જ સરળ શિક્ષા આપી રહ્યા છો, જેનું આચરણ કરવાથી મારું ભલું થાય. જોકે હું આ વાતને સારી રીતે સમજું છું, છતાંય મારા હૃદયને સંતોષ થતો નથી. ॥ ૩॥

અબ તુમ્હ બિનય મોરિ સુનિ લેહૂ। મોહિ અનુહરત સિખાવનુ દેહૂ॥
ઊતરુ દેઉઁ છમબ અપરાધૂ। દુખિત દોષ ગુન ગનહિં ન સાધૂ॥૪॥

હવે આપ લોકો મારી વિનંતી સાંભળી લો અને મારી પ્રકૃતિ અને યોગ્યતા મુજબ મને બોધ આપો. હું ઉત્તર આપી રહ્યો છું, આ અપરાધ ક્ષમા કરજો. સાધુ પુરુષ દુઃખી મનુષ્યના દોષ-ગુણોને નથી ગણતા. ॥૪॥

દો૦ – પિતુ સુરપુર સિય રામુ બન કરન કહહુ મોહિ રાજુ।
એહિ તેં જાનહુ મોર હિત કૈ આપન બડ઼ કાજુ॥૧૭૭॥

પિતાજી સ્વર્ગમાં છે, શ્રીસીતારામજી વનમાં છે અને મને આપ રાજ્ય કરવા માટે કહી રહ્યાં છો! એમાં આપ મારું કલ્યાણ સમજો છો કે પોતાનું કોઈ મોટું કામ [થવાની આશા રાખો છો]? ॥૧૭૭॥

ચૌ૦ – હિત હમાર સિયપતિ સેવકાઈ। સો હરિ લીન્હ માતુ કુટિલાઈ॥
મૈં અનુમાનિ દીખ મન માહીં। આન ઉપાયઁ મોર હિત નાહીં॥૧॥

મારું કલ્યાણ તો સીતાપતિ શ્રીરામજીની ચાકરીમાં છે, પણ એ તો માતાની કુટિલતાએ છીનવી લીધું. મેં પોતાના મનમાં અનુમાન કરીને જોઈ લીધું છે કે બીજા કોઈ ઉપાયે મારું કલ્યાણ નથી. ॥૧॥

સોક સમાજુ રાજુ કેહિ લેખેં। લખન રામ સિય બિનુ પદ દેખેં॥
બાદિ બસન બિનુ ભૂષન ભારૂ। બાદિ બિરતિ બિનુ બ્રહ્મ બિચારૂ॥૨॥

આ શોકના સમુદાયરૂપ રાજ્ય લક્ષ્મણ, શ્રીરામચન્દ્રજી અને સીતાજીના ચરણોને જોયા વિના કઈ ગણતરીમાં છે (આનું શું મૂલ્ય છે)? જેમ કપડાં વિના દાગીનાનો બોજો વ્યર્થ જ છે. વૈરાગ્ય વિના બ્રહ્મવિચાર વ્યર્થ છે. ॥૨॥

સરુજ સરીર બાદિ બહુ ભોગા। બિનુ હરિભગતિ જાયઁ જપ જોગા॥
જાયઁ જીવ બિનુ દેહ સુહાઈ। બાદિ મોર સબુ બિનુ રઘુરાઈ॥૩॥

રોગી શરીરને માટે અનેક પ્રકારના ભોગ વ્યર્થ છે. શ્રીહરિની ભક્તિ વિના જપ અને યોગ વ્યર્થ છે. જીવ વિના સુંદર દેહ વ્યર્થ છે, તેમ શ્રીરઘુનાથજીના વિના મારું સર્વ કંઈ વ્યર્થ છે. ॥૩॥

જાઉઁ રામ પહિં આયસુ દેહૂ। એકહિં આઁક મોર હિત એહૂ॥
મોહિ નૃપ કરિ ભલ આપન ચહહૂ। સોઉ સનેહ જડ઼તા બસ કહહૂ॥૪॥

હવે, એક જે આંક-નિશ્ચય (લક્ષ્ય) છે કે આપ મને આજ્ઞા આપો, હું શ્રીરામજીની પાસે જઉં! મારું હિત એમાં જ છે અને મને રાજા બનાવીને આપ પોતાનું ભલું ઇચ્છો છો, આ પણ આપ સ્નેહની જડતા(મોહ)ને વશ થઈને જ કહી રહ્યા છો. ॥૪॥

દો૦ – કૈકેઈ સુઅ કુટિલમતિ રામ બિમુખ ગતલાજ।
તુમ્હ ચાહત સુખુ મોહબસ મોહિ સે અધમ કેં રાજ ॥૧૭૮॥

કૈકેયીના પુત્ર, કુટિલબુદ્ધિ, રામવિમુખ અને નિર્લજ્જ - મારા જેવા અધમના રાજ્યમાં આપ મોહને વશ થઈને જ સુખ ઈચ્છો છો! ॥૧૭૮॥

ચૌ૦ – કહઉઁ સાઁચુ સબ સુનિ પતિઆહૂ। ચાહિઅ ધરમસીલ નરનાહૂ॥
મોહિ રાજુ હઠિ દેઈહહુ જબહીં। રસા રસાતલ જાઈહિ તબહીં॥૧॥

હું સત્ય કહું છું, આપ સર્વે સાંભળીને વિશ્વાસ કરો, ધર્મશીલને જ રાજા થવું જોઈએ. આપ મને હઠ કરીને જેવું રાજ્ય આપશો કે તરત જ પૃથ્વી પાતાળમાં ધસી પડશે. ॥૧॥

મોહિ સમાન કો પાપ નિવાસૂ। જેહિ લગિ સીય રામ બનબાસૂ॥
રાયઁ રામ કહુઁ કાનનુ દીન્હા। બિછુરત ગમનુ અમરપુર કીન્હા॥૨॥

મારા જેવું પાપોનું ઘર કોણ હશે, જેને લીધે સીતાજી અને શ્રીરામજીને વનવાસ થયો? રાજાએ શ્રીરામજીને વન આપ્યું અને એમનો વિયોગ થતાં જ સ્વયં સ્વર્ગે ગમન કર્યું. ॥૨॥

મૈં સઠુ સબ અનરથ કર હેતૂ। બૈઠ બાત સબ સુનઉઁ સચેતૂ॥
બિનુ રઘુબીર બિલોકિ અબાસૂ। રહે પ્રાન સહિ જગ ઉપહાસૂ॥૩॥

અને હું દુષ્ટ, જે સર્વે અનર્થોનું કારણ છું, સુધ-બુધ સાથે બેસી આ વાતો સાંભળી રહ્યો છું. શ્રીરઘુનાથજીથી રહિત ઘરને જોઈને અને જગતનો ઉપહાસ સહીને પણ આ પ્રાણ રહેલા છે. ॥૩॥

રામ પુનીત બિષય રસ રૂખે। લોલુપ ભૂમિ ભોગ કે ભૂખે॥
કહઁ લગિ કહૌં હૃદય કઠિનાઈ। નિદરિ કુલિસુ જેહિં લહી બડ઼ાઈ॥૪॥

[આનું આ જ કારણ છે કે આ પ્રાણ] શ્રીરામરૂપી પવિત્ર-રસમાં આસક્ત નથી. એ લાલચી, ભૂમિ અને ભોગોના જ ભૂખ્યા છે. હું પોતાના હૃદયની કઠોરતા ક્યાં સુધી કહું? જેણે વજ્રનો પણ તિરસ્કાર કરીને મહત્તા મેળવી છે. ॥૪॥

દો૦ – કારન તેં કારજુ કઠિન હોઈ દોસુ નહિં મોર।
કુલિસ અસ્થિ તેં ઉપલ તેં લોહ કરાલ કઠોર॥૧૭૯॥

કારણ કરતાં કાર્ય કઠિન જ હોય છે, એમાં મારો દોષ નથી. હાડકાં કરતાં વજ્ર અને પથ્થર કરતાં લોખંડ ભયાનક અને કઠોર હોય છે. ॥૧૭૯॥

ચૌ૦ – કૈકેઈ ભવ તનુ અનુરાગે। પાવઁર પ્રાન અઘાઈ અભાગે॥
જૌં પ્રિય બિરહઁ પ્રાન પ્રિય લાગે। દેખબ સુનબ બહુત અબ આગે॥૧॥

કૈકેયીથી ઉત્પન્ન દેહને પ્રેમ કરનારા આ પામર પ્રાણ પૂર્ણરૂપેણ અભાગિયા છે. જ્યારે પ્રિયના વિયોગમાં પણ મને પ્રાણ પ્રિય લાગી રહ્યા છે તો હજી આગળ પણ હું અન્ય ઘણુંબધું જોઈશ સાંભળીશ. ॥૧॥

લખન રામ સિય કહુઁ બનુ દીન્હા । પઠઈ અમરપુર પતિ હિત કીન્હા ॥
લીન્હ બિધવપન અપજસુ આપૂ । દીન્હેઉ પ્રજહિ સોકુ સંતાપૂ ॥ ૨॥

લક્ષ્મણ, શ્રીરામજી અને સીતાજીને તો વન આપ્યું; સ્વર્ગ મોકલીને પતિનું કલ્યાણ કર્યું; સ્વયં વિધવાપણું વહોર્યું અને અપયશ લીધો; પ્રજાને શોક અને સંતાપ આપ્યો; ॥ ૨॥

મોહિ દીન્હ સુખુ સુજસુ સુરાજૂ । કીન્હ કૈકઈં સબ કર કાજૂ ॥
એહિ તેં મોર કાહ અબ નીકા । તેહિ પર દેન કહહુ તુમ્હ ટીકા ॥ ૩॥

અને મને સુખ, સુંદર યશ અને ઉત્તમ રાજ્ય આપ્યું. કૈકેયીએ સર્વેનું કામ બનાવી દીધું. આનાથી સારું હવે મારા માટે શું હશે? આમ છતાંય, આપ લોકો મને રાજતિલક આપવાનું કહો છો! ॥ ૩॥

કૈકઈ જઠર જનમિ જગ માહીં । યહ મોહિ કહઁ કછુ અનુચિત નાહીં ॥
મોરિ બાત સબ બિધિહિં બનાઈ । પ્રજા પાઁચ કત કરહુ સહાઈ ॥ ૪॥

કૈકેયીના પેટે જગતમાં જન્મ લેનારા મારા માટે આ સર્વે કંઈ પણ અનુચિત નથી. મારી સઘળી વાત તો વિધાતાએ જ બનાવી દીધી છે. [વળી] તેમાં પ્રજા અને પંચ (આપ લોકો) કેમ સહાયતા કરી રહ્યા છો? ॥ ૪॥

દો૦ – ગ્રહ ગ્રહીત પુનિ બાત બસ તેહિ પુનિ બીછી માર ।
તેહિ પિઆઈઅ બારુની કહહુ કાહ ઉપચાર ॥ ૧૮૦ ॥

જેને કુગ્રહ લાગ્યા હોય [અથવા જે પિશાચગ્રસ્ત હોય], વળી જે વાયુરોગથી પીડિત હોય અને એને જ પાછો વીંછી ચટકો ભરી દે, વધારામાં એને મદિરા પીવડાવવામાં આવે તો, કહો આ કોઈ ઈલાજ છે ? (લાઈલાજ છે). ॥ ૧૮૦॥

ચૌ૦ – કૈકઈ સુઅન જોગુ જગ જોઈ । ચતુર બિરંચિ દીન્હ મોહિ સોઈ ॥
દસરથ તનય રામ લઘુ ભાઈ । દીન્હિ મોહિ બિધિ બાદિ બડ઼ાઈ ॥ ૧॥

કૈકેયીના પુત્રને માટે સંસારમાં જે કંઈ યોગ્ય હતું, ચતુર વિધાતાએ મને એ જ આપ્યું. પણ 'દશરથજીના પુત્ર' અને 'રામના નાના ભાઈ' થવાની મહત્તા મને વિધાતાએ વ્યર્થ જ આપી. ॥ ૧॥

તુમ્હ સબ કહહુ કઢ઼ાવન ટીકા । રાય રજાયસુ સબ કહઁ નીકા ॥
ઉતરુ દેઉઁ કેહિ બિધિ કેહિ કેહી । કહહુ સુખેન જથા રુચિ જેહી ॥ ૨॥

આપ સર્વે લોકો પણ મને તિલક કરાવવા માટે કહી રહ્યા છો! રાજાની આજ્ઞા સર્વેને માટે ઠીક (યોગ્ય) છે. હું કોને-કોને કયા કયા પ્રકારે ઉત્તર આપું? જેમની જેવી રુચિ હોય, ખુશીથી કહો. ॥ ૨॥

મોહિ કુમાતુ સમેત બિહાઈ । કહહુ કહિહિ કે કીન્હ ભલાઈ ॥
મો બિનુ કો સચરાચર માહીં । જેહિ સિય રામુ પ્રાનપ્રિય નાહીં ॥ ૩॥

મારી કુમાતા કૈકેયીસહિત, મારા સિવાય કહો, બીજો કોણ કહેશે કે આ કામ સારું કરવામાં આવ્યું? જડ-ચેતન જગતમાં મારા સિવાય બીજો કોણ છે જેને શ્રીસીતારામજી પ્રાણો સમાન પ્રિય ન હોય. ॥૩॥

પરમ હાનિ સબ કહઁ બડ઼ લાહૂ। અદિનુ મોર નહિં દૂષન કાહૂ॥
સંસય સીલ પ્રેમ બસ અહહૂ। સબુઇ ઉચિત સબ જો કછુ કહહુ॥૪॥

જે પરમ હાનિ છે, તેમાં જ સર્વેને મોટો લાભ દેખાઈ રહ્યો છે. મારા દિવસો ખરાબ છે, કોઈનો દોષ નથી. આપ સર્વે જે કંઈ કહો છો, તે સર્વે ઉચિત જ છે. કેમકે આપ લોકો સંશય, શીલ અને પ્રેમને વશ છો. ॥૪॥

દો૦ – રામ માતુ સુઠિ સરલચિત મો પર પ્રેમુ બિસેષિ।
કહઇ સુભાય સનેહ બસ મોરિ દીનતા દેખિ॥૧૮૧॥

શ્રીરામચન્દ્રજીનાં માતા ઘણા જ સરળહૃદય છે અને મારા પર તેમનો વિશેષ પ્રેમ છે. માટે મારી દીનતા જોઈને તેઓ સ્વાભાવિક સ્નેહવશ જ આમ કહી રહ્યાં છે. ॥૧૮૧॥

ચૌ૦ – ગુર બિબેક સાગર જગુ જાના। જિન્હહિ બિસ્વ કર બદર સમાના॥
મો કહઁ તિલક સાજ સજ સોઊ। ભએઁ બિધિ બિમુખ બિમુખ સબુ કોઊ॥૧॥

ગુરુજી જ્ઞાનના સમુદ્ર છે, આ વાતને આખુંય જગત જાણે છે, જેમને માટે વિશ્વ હથેળી પર રાખેલા બોર સમાન છે, તે પણ મારા માટે રાજતિલકનો સાજ સજી રહ્યા છે. સત્ય છે કે વિધાતાના વિપરીત થવાથી સર્વ કોઈ વિપરીત થઈ જાય છે. ॥૧॥

પરિહરિ રામુ સીય જગ માહીં। કોઉ ન કહિહિ મોર મત નાહીં॥
સો મૈં સુનબ સહબ સુખુ માની। અંતહુઁ કીચ તહાઁ જહઁ પાની॥૨॥

શ્રીરામચન્દ્રજી અને સીતાજીના સિવાય જગતમાં કોઈ એમ નહીં કહે કે આ અનર્થમાં મારી સંમતિ નથી. હું એને સુખપૂર્વક સાંભળીશ અને સહીશ. કેમકે જ્યાં પાણી હોય છે, ત્યાં અંતે કાદવ થાય જ છે. ॥૨॥

ડરુ ન મોહિ જગ કહિહિ કિ પોચૂ। પરલોકહુ કર નાહિન સોચૂ॥
એકઇ ઉર બસ દુસહ દવારી। મોહિ લગિ ભે સિય રામુ દુખારી॥૩॥

મને એનો ડર નથી કે જગત મને ખરાબ કહેશે અને મને પરલોકનો પણ શોક નથી. મારા હૃદયમાં તો બસ, એક જ દુઃસહ્ય દાવાનળ ભભકી રહ્યો છે કે મારે કારણે શ્રીસીતારામજી દુઃખી થયાં. ॥૩॥

જીવન લાહુ લખન ભલ પાવા। સબુ તજિ રામ ચરન મનુ લાવા॥
મોર જનમ રઘુબર બન લાગી। ઝૂઠ કાહ પછિતાઉઁ અભાગી॥૪॥

જીવનનો લાભ તો લક્ષ્મણ સારી રીતે પામ્યા, જેમણે સર્વ કંઈ ત્યજીને શ્રીરામજીનાં ચરણોમાં મન જોડ્યું. મારો જન્મ તો શ્રીરામજીના વનવાસ માટે જ થયો છે. હું અભાગિયો ખોટેખોટો શું કામ પસ્તાઉં છું? ॥ ૪॥

દો૦ – આપનિ દારુન દીનતા કહઉઁ સબહિ સિરુ નાઈ।
દેખેં બિનુ રઘુનાથ પદ જિય કૈ જરનિ ન જાઈ॥ ૧૮૨॥

બધાને શીશ નમાવીને હું મારી દારુણ દીનતા કહું છું. શ્રીરઘુનાથજીના ચરણોનાં દર્શન કર્યા વિના મારા અંતરની બળતરા મટશે નહીં. ॥ ૧૮૨॥

ચૌ૦ – આન ઉપાઉ મોહિ નહિં સૂઝા। કો જિય કૈ રઘુબર બિનુ બૂઝા॥
એકહિં આઁક ઇહઇ મન માહીં। પ્રાતકાલ ચલિહઉઁ પ્રભુ પાહીં॥ ૧॥

મને બીજો કોઈ ઉપાય નથી સૂઝતો. શ્રીરામજીના વિના મારા હૃદયની વાત કોણ જાણી શકે છે? મનમાં એક જ આંક [દૃઢ નિશ્ચય] છે કે પ્રાતઃકાળે પ્રભુ શ્રીરામજી પાસે ચાલી નીકળીશ. ॥ ૧॥

જદ્યપિ મૈં અનભલ અપરાધી। ભૈ મોહિ કારન સકલ ઉપાધી॥
તદપિ સરન સનમુખ મોહિ દેખી। છમિ સબ કરિહહિં કૃપા બિસેષી॥ ૨॥

જોકે હું ખરાબ છું અને અપરાધી છું અને મારા જ કારણે આ સઘળો ઉપદ્રવ થયો છે, તો પણ શ્રીરામજી મને શરણમાં સન્મુખ આવેલો જોઈને સઘળા અપરાધ ક્ષમા કરીને મારા પર વિશેષ કૃપા કરશે. ॥ ૨॥

સીલ સકુચ સુઠિ સરલ સુભાઊ। કૃપા સનેહ સદન રઘુરાઊ॥
અરિહુક અનભલ કીન્હ ન રામા। મૈં સિસુ સેવક જદ્યપિ બામા॥ ૩॥

શ્રીરઘુનાથજી શીલ, સંકોચ, અત્યંત સરળ સ્વભાવ, કૃપા અને સ્નેહના ધામ છે. શ્રીરામજીએ કદીય શત્રુનું પણ અનિષ્ટ નથી કર્યું. હું ભલેને વાંકો છું. પણ છું તો એમનો બાળક અને સેવક જ. ॥ ૩॥

તુમ્હ પૈ પાઁચ મોર ભલ માની। આયસુ આસિષ દેહુ સુબાની॥
જેહિં સુનિ બિનય મોહિ જનુ જાની। આવહિં બહુરિ રામુ રજધાની॥ ૪॥

આપ પંચ (બધા) લોકો પણ આમાં જ મારું કલ્યાણ માનીને સુંદર વાણીથી આજ્ઞા અને આશીર્વાદ આપો, જેથી મારી વિનંતી સાંભળીને અને મને પોતાનો દાસ જાણીને શ્રીરામચન્દ્રજી રજધાનીમાં પાછા ફરે. ॥ ૪॥

દો૦ – જદ્યપિ જનમુ કુમાતુ તેં મૈં સઠુ સદા સદોસ।
આપન જાનિ ન ત્યાગિહહિં મોહિ રઘુબીર ભરોસ॥ ૧૮૩॥

જોકે મારો જન્મ કુમાતાથી થયો છે અને હું દુષ્ટ તથા સદા દોષયુક્ત પણ છું, તો પણ મને શ્રીરામજીનો ભરોસો છે કે તેઓ મને પોતાનો જાણીને ત્યાગશે નહિ. ॥ ૧૮૩॥

ચૌ૦ – ભરત બચન સબ કહઁ પ્રિય લાગે । રામ સનેહ સુધાઁ જનુ પાગે ॥
લોગ બિયોગ બિષમ બિષ દાગે । મંત્ર સબીજ સુનત જનુ જાગે ॥ ૧॥

ભરતજીનાં વચન સર્વેને પ્રિય લાગ્યાં. જાણે તે શ્રીરામજીનાં પ્રેમરૂપી અમૃતમાં ઝબોળેલાં હતાં. શ્રીરામવિયોગરૂપી ભીષણ વિષથી સર્વે લોકો બળેલા હતા, તે જાણે બીજસહિત મન્ત્રને સાંભળતાં જ જાગી ગયા. ॥ ૧॥

માતુ સચિવ ગુર પુર નર નારી । સકલ સનેહઁ બિકલ ભએ ભારી ॥
ભરતહિ કહહિં સરાહિ સરાહી । રામ પ્રેમ મૂરતિ તનુ આહી ॥ ૨॥

માતા, મન્ત્રી, ગુરુ, નગરનાં સ્ત્રી-પુરુષ બધાંય સ્નેહને લીધે ઘણા જ વ્યાકુળ થઈ ગયાં. સર્વે ભરતજીને વખાણી-વખાણીને કહે છે કે આપનો દેહ શ્રીરામપ્રેમની સાક્ષાત્ મૂર્તિ જ છે. ॥ ૨॥

તાત ભરત અસ કાહે ન કહહૂ । પ્રાન સમાન રામ પ્રિય અહહૂ ॥
જો પાવઁરુ અપની જડ઼તાઈ । તુમ્હહિ સુગાઇ માતુ કુટિલાઈ ॥ ૩॥

હે તાત ભરત! આપ આવું કેમ ન કહો! શ્રીરામજીને આપ પ્રાણોસમાન પ્રિય છો, જે નીચ પોતાની મૂર્ખતાથી આપનાં માતા કૈકેયીની કુટિલતાને લીધે આપના પર સંશય કરશે, ॥ ૩॥

સો સઠુ કોટિક પુરુષ સમેતા । બસિહિ કલપ સત નરક નિકેતા ॥
અહિ અઘ અવગુન નહિં મનિ ગહઈ । હરઈ ગરલ દુખ દારિદ દહઈ ॥ ૪॥

તે દુષ્ટ કરોડો પૂર્વજોસહિત સો કલ્પો સુધી નરકમાં નિવાસ કરશે. સર્પનાં પાપ અને અવગુણને મણિ નથી ગ્રહણ કરતો બલકે તે વિષને હરી લે છે અને દુઃખ તથા દરિદ્રતાને ભસ્મ કરી દે છે. ॥ ૪॥

દો૦ – અવસિ ચલિઅ બન રામુ જહઁ ભરત મંત્રુ ભલ કીન્હ ।
સોક સિંધુ બૂડ઼ત સબહિ તુમ્હ અવલંબનુ દીન્હ ॥ ૧૮૪॥

હે ભરતજી! વનમાં અવશ્ય ચાલો, જ્યાં શ્રીરામજી છે; આપે ઘણી ઉત્તમ સલાહ વિચારી. શોકસમુદ્રમાં ડૂબતાં બધા લોકોને આપે [મોટો] આધાર આપી દીધો. ॥ ૧૮૪॥

ચૌ૦ – ભા સબ કેં મન મોદુ ન થોરા । જનુ ઘન ધુનિ સુનિ ચાતક મોરા ॥
ચલત પ્રાત લખિ નિરનઉ નીકે । ભરતુ પ્રાનપ્રિય ભે સબહી કે ॥ ૧॥

સર્વેના મનમાં ઓછો આનંદ ન થયો (અર્થાત્ ઘણો જ આનંદ થયો)! જાણે મેઘોની ગર્જના સાંભળીને ચાતક અને મોર આનંદિત થઈ રહ્યાં હોય. [બીજા દિવસે] પ્રાતઃકાળે ચાલવાનો સુંદર નિર્ણય જોઈને ભરતજી સર્વેને પ્રાણપ્રિય થઈ ગયા. ॥ ૧॥

મુનિહિ બંદિ ભરતહિ સિરુ નાઈ । ચલે સકલ ઘર બિદા કરાઈ ॥
ધન્ય ભરત જીવનુ જગ માહીં । સીલુ સનેહુ સરાહત જાહીં ॥ ૨॥

મુનિ વસિષ્ઠજીની વંદના કરીને અને ભરતજીને શીશ નમાવીને, બધા લોકો વિદાય લઈને પોતપોતાને ઘેર ગયા. જગતમાં ભરતજીનું જીવન ધન્ય છે, આમ કહેતાં તેઓ તેમનાં શીલ અને સ્નેહની પ્રશંસા કરતાં કરતાં જાય છે. ॥ ૨॥

કહહિં પરસપર ભા બડ઼ કાજૂ । સકલ ચલૈ કર સાજહિં સાજૂ ॥
જેહિ રાખહિં રહુ ઘર રખવારી । સો જાનઇ જનુ ગરદનિ મારી ॥ ૩॥

પરસ્પર કહે છે, કામ મોટું થયું. બધા જવાની તૈયારી કરવા લાગ્યા. જેને પણ 'ઘર સાચવવા માટે રહો' એમ કહીને રોકે છે, તે સમજે છે જાણે મારી ગર્દન વધેરાઈ ગઈ. ॥ ૩॥

કોઉ કહ રહન કહિઅ નહિં કાહૂ । કો ન ચહઇ જગ જીવન લાહૂ ॥ ૪॥

કોઈ કોઈ કહે છે – રહેવા (રોકાવા) માટે કોઈને પણ ન કહો, જગતમાં જીવનનો લાભ કોણ નથી ઇચ્છતા? ॥ ૪॥

દો૦ – જરઉ સો સંપતિ સદન સુખુ સુહૃદ માતુ પિતુ ભાઇ ।
સનમુખ હોત જો રામ પદ કરૈ ન સહસ સહાઇ ॥ ૧૮૫॥

તે સંપત્તિ, ઘર, સુખ, મિત્ર, માતા, પિતા, ભાઈ – સર્વે બળી જાઓ, જે શ્રીરામજીના ચરણો સન્મુખ થવામાં હજારો પ્રકારે પ્રસન્નતાપૂર્વક મદદરૂપ ન બને. ॥ ૧૮૫॥

ચૌ૦ – ઘર ઘર સાજહિં બાહન નાના । હરષુ હૃદયઁ પરભાત પયાના ॥
ભરત જાઇ ઘર કીન્હ બિચારૂ । નગરુ બાજિ ગજ ભવન ભઁડારૂ ॥ ૧॥

ઘેર ઘેર લોકો અનેક પ્રકારનાં વાહન સજાવી રહ્યાં છે. હૃદયમાં [ઘણો] હર્ષ છે કે સવારે જવું છે. ભરતજીએ ઘેર જઈને વિચાર કર્યો કે નગર, ઘોડા, હાથી, મહેલ, ખજાના વગેરે – ॥ ૧॥

સંપતિ સબ રઘુપતિ કૈ આહી । જૌં બિનુ જતન ચલૌં તજિ તાહી ॥
તૌ પરિનામ ન મોરિ ભલાઈ । પાપ સિરોમનિ સાઇઁ દોહાઈ ॥ ૨॥

બધી સંપત્તિ શ્રીરઘુનાથજીની છે. જો એના [રક્ષણની] વ્યવસ્થા કર્યા વિના એને એમ ને એમ છોડી ચાલ્યો જાઉં તો પરિણામે મારી ભલાઈ નથી. કેમકે સ્વામીનો દ્રોહ સર્વ પાપોમાં શિરોમણિ (અધિક) છે. ॥ ૨॥

કરઇ સ્વામિ હિત સેવકુ સોઈ । દૂષન કોટિ દેઇ કિન કોઈ ॥
અસ બિચારિ સુચિ સેવક બોલે । જે સપનેહુઁ નિજ ધરમ ન ડોલે ॥ ૩॥

સેવક એ જ છે જે સ્વામીનું હિત કરે, ભલે કોઈ કરોડો દોષ કેમ ન આપે. ભરતજીએ આવું વિચારીને એવા વિશ્વાસપાત્ર સેવકોને બોલાવ્યા જે ક્યારેય સ્વપ્નમાં પણ પોતાના ધર્મમાંથી ડગ્યા ન હતા. ॥ ૩॥

કહિ સબુ મરમુ ધરમુ ભલ ભાષા । જો જેહિ લાયક સો તેહિં રાખા ॥
કરિ સબુ જતનુ રાખિ રખવારે । રામ માતુ પહિં ભરતુ સિધારે ॥ ૪॥

ભરતજીએ તેમને સર્વે રહસ્ય સમજાવીને પછી ઉત્તમ ધર્મ બતાવ્યો અને જે જેને યોગ્ય હતો, તેને તે જ કાર્ય માટે નિયુક્ત કરી દીધો. સર્વે વ્યવસ્થા કરીને, રક્ષકોને રાખીને ભરતજી રામમાતા કૌશલ્યા પાસે ગયા. ॥ ૪॥

દો૦ – આરત જનનીં જાનિ સબ ભરત સનેહ સુજાન।
કહેઉ બનાવન પાલકીં સજન સુખાસન જાન ॥ ૧૮૬॥

સ્નેહના સુજ્ઞ (પ્રેમના તત્ત્વને જાણનાર) ભરતજીએ સર્વે માતાઓને આર્ત (દુઃખી) જાણીને તેમના માટે પાલખીઓ તૈયાર કરવા તથા સુખાસન યાન (આરામદાયક બેઠકવાળાં વાહન) તૈયાર કરવા માટે કહ્યું. ॥ ૧૮૬॥

ચૌ૦ – ચક્ક ચક્કિ જિમિ પુર નર નારી। ચહત પ્રાત ઉર આરત ભારી ॥
જાગત સબ નિસિ ભયઉ બિહાના। ભરત બોલાએ સચિવ સુજાના ॥ ૧॥

નગરનાં નર-નારી ચકવા-ચકવીની જેમ હૃદયમાં અત્યંત દીન થઈને પ્રાતઃકાળ થવાનું ઈચ્છે છે. આખીય રાત જાગતાં જાગતાં સવાર થઈ ગયું. પછી ભરતજીએ ચતુર મન્ત્રીઓને તેડાવ્યા, ॥ ૧॥

કહેઉ લેહુ સબુ તિલક સમાજૂ। બનહિં દેબ મુનિ રામહિ રાજૂ ॥
બેગિ ચલહુ સુનિ સચિવ જોહારે। તુરત તુરગ રથ નાગ સઁવારે ॥ ૨॥

અને કહ્યું – તિલકનો સઘળો સામાન લઈ ચાલો. વનમાં જ મુનિ વસિષ્ઠજી શ્રીરામચન્દ્રજીને રાજ્ય આપશે, જલદી ચાલો. આ સાંભળીને મન્ત્રીઓએ વંદના કરી અને તુરત જ ઘોડા, રથ અને હાથી સજાવી દીધા. ॥ ૨॥

અરુંધતી અરુ અગિનિ સમાઊ। રથ ચઢ઼િ ચલે પ્રથમ મુનિરાઊ ॥
બિપ્ર બૃંદ ચઢ઼િ બાહન નાના। ચલે સકલ તપ તેજ નિધાના ॥ ૩॥

સૌથી પહેલાં મુનિરાજ વસિષ્ઠજી અરુંધતી અને અગ્નિહોત્રની સર્વે સામગ્રીસહિત રથ પર સવાર થઈને ચાલ્યા. પછી બ્રાહ્મણોના સમૂહ, જે સર્વેસર્વ તપસ્યા અને તેજના ભંડાર હતા, અનેક વાહનો પર ચઢીને ચાલ્યા. ॥ ૩॥

નગર લોગ સબ સજિ સજિ જાના। ચિત્રકૂટ કહઁ કીન્હ પયાના ॥
સિબિકા સુભગ ન જાહિં બખાની। ચઢ઼િ ચઢ઼િ ચલત ભઈ સબ રાની ॥ ૪॥

નગરના સર્વે લોકો રથોને સજાવી-સજાવીને ચિત્રકૂટે ચાલી નીકળ્યા. જેમનું વર્ણન નથી થઈ શકતું એવી સુંદર પાલખીઓ પર ચઢી-ચઢીને સર્વે રાણીઓ ચાલી. ॥ ૪॥

દો૦ – સૌંપિ નગર સુચિ સેવકનિ સાદર સકલ ચલાઇ।
સુમિરિ રામ સિય ચરન તબ ચલે ભરત દોઉ ભાઈ ॥ ૧૮૭॥

વિશ્વાસપાત્ર સેવકોને નગર સોંપીને અને સર્વેને આદરપૂર્વક રવાના કરીને પછી શ્રીસીતારામજીના ચરણોનું સ્મરણ કરીને ભરત-શત્રુઘ્ન બંને ભાઈ ચાલ્યા. ॥ ૧૮૭॥

ચૌ૦ – રામ દરસ બસ સબ નર નારી। જનુ કરિ કરિનિ ચલે તકિ બારી॥
બન સિય રામુ સમુઝિ મન માહીં। સાનુજ ભરત પયાદેહિં જાહીં॥ ૧॥

શ્રીરામચન્દ્રજીનાં દર્શનને વશમાં થયેલ (દર્શનની અનન્ય લાલસાથી) સર્વે નરનારી એવા ચાલ્યાં જાણે તરસ્યાં હાથી-હાથિણી જળને જોઈને [ઘણી ઝડપથી બહાવરા જેવા બની] જઈ રહ્યાં હોય. શ્રીસીતારામજી [સર્વે સુખોને છોડીને] વનમાં છે, મનમાં આવો વિચાર કરીને નાના ભાઈ શત્રુઘ્નસહિત ભરતજી પગપાળા જ ચાલ્યા જઈ રહ્યા છે. ॥ ૧॥

દેખિ સનેહુ લોગ અનુરાગે। ઉતરિ ચલે હય ગય રથ ત્યાગે॥
જાઈ સમીપ રાખિ નિજ ડોલી। રામ માતુ મૃદુ બાની બોલી॥ ૨॥

તેમનો સ્નેહ જોઈને લોકો પ્રેમમાં મગ્ન થઈ ગયા અને બધાય ઘોડા, હાથી, રથોને છોડીને તેમના પરથી ઊતરીને પગપાળા ચાલવા લાગ્યા. પછી શ્રીરામચન્દ્રજીનાં માતા કૌશલ્યાજી ભરતજીની પાસે પહોંચી, પોતાની પાલખી ઊભી રખાવી કોમળ વાણીમાં બોલ્યાં – ॥ ૨॥

તાત ચઢ઼હુ રથ બલિ મહતારી। હોઇહિ પ્રિય પરિવારુ દુખારી॥
તુમ્હરેં ચલત ચલિહિ સબુ લોગૂ। સકલ સોક કૃસ નહિં મગ જોગૂ॥ ૩॥

બેટા! માતા ઓવારણાં લે છે, તમે રથ પર ચઢી જાવ. નહિ તો આખોય પ્રિય પરિવાર દુઃખી થઈ જશે. તમારા પગપાળા ચાલવાથી સર્વે લોકો પગપાળા ચાલશે. શોકને લીધે સર્વે દૂબળા તો થઈ જ રહ્યા છે, પગપાળા રસ્તાને (પગે ચાલવાને) યોગ્ય નથી. ॥ ૩॥

સિર ધરિ બચન ચરન સિરુ નાઈ। રથ ચઢ઼િ ચલત ભએ દોઉ ભાઈ॥
તમસા પ્રથમ દિવસ કરિ બાસૂ। દૂસર ગોમતિ તીર નિવાસૂ॥ ૪॥

માતાની આજ્ઞાને માથે ચઢાવીને, એમના ચરણોમાં શીશ નમાવી બંને ભાઈ રથ પર ચઢી ચાલવા લાગ્યા. પ્રથમ દિવસે તમસા પર વાસ (મુકામ) કરીને બીજો મુકામ ગોમતીના તટે કર્યો. ॥ ૪॥

દો૦ – પય અહાર ફલ અસન એક નિસિ ભોજન એક લોગ।
કરત રામ હિત નેમ બ્રત પરિહરિ ભૂષન ભોગ॥ ૧૮૮॥

કોઈક દૂધ જ પીતા, કોઈ ફળાહાર કરતા અને કેટલાક લોકો રાત્રે એક જ વાર ભોજન કરે છે. ભૂષણ અને ભોગ-વિલાસ છોડીને સર્વે લોકો શ્રીરામચન્દ્રજીને માટે નિયમ અને વ્રત કરે છે. ॥ ૧૮૮॥

ચૌ૦ – સઈ તીર બસિ ચલે બિહાને। સૃંગબેરપુર સબ નિઅરાને॥
સમાચાર સબ સુને નિષાદા। હૃદયઁ બિચાર કરઈ સબિષાદા॥ ૧॥

રાત્રિ આખી સઈ નદીના તીરે નિવાસ કરીને પ્રાતઃકાળે ત્યાંથી ચાલી નીકળ્યા અને બધા શૃંગવેરપુરના સમીપે જઈ પહોંચ્યા. નિષાદરાજે સર્વે સમાચાર સાંભળ્યા, તો તેઓ દુઃખી થઈ હૃદયમાં વિચાર કરવા લાગ્યા – ॥ ૧॥ (સઈ નદી શૃંગવેરપુરની પહેલા અને પ્રતાપગઢ પાસે છે).

કારન કવન ભરતુ બન જાહીં। હૈ કછુ કપટ ભાઉ મન માહીં॥
જૌં પૈ જિયઁ ન હોતિ કુટિલાઈ। તૌ કત લીન્હ સંગ કટકાઈ॥૨॥

શું કારણ છે કે જેથી ભરત વનમાં જઈ રહ્યા છે, મનમાં કંઈક કપટભાવ અવશ્ય છે. જો મનમાં કુટિલતા ન હોત તો સાથે સેના કેમ લઈ ચાલ્યા છે? ॥૨॥

જાનહિં સાનુજ રામહિ મારી। કરઉઁ અકંટક રાજુ સુખારી॥
ભરત ન રાજનીતિ ઉર આની। તબ કલંકુ અબ જીવન હાની॥૩॥

સમજે છે કે નાના ભાઈ લક્ષ્મણસહિત શ્રીરામને મારીને સુખેથી નિષ્કંટક રાજ્ય કરીશ. ભરતે હૃદયમાં રાજનીતિને સ્થાન ન આપ્યું (રાજનીતિનો વિચાર ન કર્યો). ત્યારે (પહેલા) તો કલંક જ લાગ્યું હતું, હવે તો જીવનથીય હાથ ધોવા પડશે. ॥૩॥

સકલ સુરાસુર જુરહિં જુઝારા। રામહિ સમર ન જીતનિહારા॥
કા આચરજુ ભરતુ અસ કરહીં। નહિં બિષ બેલિ અમિઅ ફલ ફરહીં॥૪॥

સમસ્ત દેવો અને દૈત્ય વીર ભેગા થઈને આવે તો પણ શ્રીરામજીને રણમાં જીતનારો કોઈ નથી. ભરતજી જો આવું કરી રહ્યા છે, એમાં આશ્ચર્ય જ શું છે? વિષની વેલમાં અમૃતફળ કદીય નથી ફળતાં. ॥૪॥

દો૦ – અસ બિચારિ ગુહઁ ગ્યાતિ સન કહેઉ સજગ સબ હોહુ।
હથવાઁસહુ બોરહુ તરનિ કીજિઅ ઘાટારોહુ॥૧૮૯॥

આવું વિચારીને ગુહે (નિષાદરાજે) પોતાના જ્ઞાતિજનોને કહ્યું કે બધા લોકો સાવધાન થઈ જાઓ. નાવોને હાથે (કબ્જામાં) કરી લો અને પછી નાવ, ડાંડ અને પતવાર - સર્વેને ડૂબાડી દો તથા સર્વે ઘાટોને અવરોધી દો. ॥૧૮૯॥

ચૌ૦ – હોહુ સઁજોઇલ રોકહુ ઘાટા। ઠાટહુ સકલ મરૈ કે ઠાટા॥
સનમુખ લોહ ભરત સન લેઊઁ। જિઅત ન સુરસરિ ઉતરન દેઊઁ॥૧॥

સુસજ્જિત થઈને ઘાટોને રોકી લો અને સર્વે જણ મરવાના સાજ સજાવી લો (અર્થાત્ ભરત સાથે યુદ્ધમાં લડીને મરવા માટે તૈયાર થઈ જાઓ. હું ભરતની સામે (મેદાનમાં) જંગે ચઢીશ. અને જીવતાજીવે તો તેમને ગંગા પાર ઊતરવા નહિ જ દઉં. ॥૧॥

સમર મરનુ પુનિ સુરસરિ તીરા। રામ કાજુ છનભંગુ સરીરા॥
ભરત ભાઇ નૃપુ મૈં જન નીચૂ। બડ઼ે ભાગ અસિ પાઇઅ મીચૂ॥૨॥

યુદ્ધમાં મરણ, વળી ગંગાજીનો તટ, શ્રીરામજીનું કાર્ય અને ક્ષણભંગુર શરીર (જે ચાહે ત્યારે નાશ થઈ જાય); ભરત શ્રીરામજીના ભાઈ અને રાજા (તેમના હાથે મરવું) અને હું નીચ સેવક – ધનભાગ્યે આવું મૃત્યુ મળે છે. ॥૨॥

સ્વામિ કાજ કરિહઉઁ રન રારી । જસ ધવલિહઉઁ ભુવન દસ ચારી ॥
તજઉઁ પ્રાન રઘુનાથ નિહોરેં । દુહૂઁ હાથ મુદ મોદક મોરેં ॥ ૩॥

હું સ્વામીના કાર્ય માટે રણમાં યુદ્ધ કરીશ અને ચૌદ લોકોને પોતાના યશથી ઉજ્જવળ કરી દઈશ. શ્રીરઘુનાથજીના નિમિત્તે પ્રાણ ત્યાગી દઈશ. મારા તો બન્નેય હાથમાં આનંદના લાડુ છે. (અર્થાત્ જીતી ગયો તો રામસેવકનો યશ પ્રાપ્ત કરીશ અને માર્યો ગયો તો શ્રીરામજીની નિત્ય સેવા પ્રાપ્ત કરીશ.) ॥ ૩॥

સાધુ સમાજ ન જાકર લેખા । રામ ભગત મહુઁ જાસુ ન રેખા ॥
જાયઁ જિઅત જગ સો મહિ ભારૂ । જનની જૌબન બિટપ કુઠારૂ ॥ ૪॥

સાધુઓના સમાજમાં જેની ગણતરી નથી અને શ્રીરામજીના ભક્તોમાં જેનું સ્થાન નથી, તે જગતમાં પૃથ્વીનો ભાર થઈને વ્યર્થ જ જીવે છે. તે માતાના યૌવનરૂપ વૃક્ષને કાપવા માટે કુહાડોમાત્ર છે. ॥ ૪॥

દો૦ – બિગત બિષાદ નિષાદપતિ સબહિ બઢ़ાઈ ઉછાહુ ।
સુમિરિ રામ માગેઉ તુરત તરકસ ધનુષ સનાહુ ॥ ૧૯૦॥

[આ રીતે શ્રીરામજીને માટે પ્રાણસમર્પણનો નિશ્ચય કરીને] નિષાદરાજ વિષાદથી રહિત થઈ ગયા અને સર્વેનો ઉત્સાહ વધારી તથા શ્રીરામચન્દ્રજીનું સ્મરણ કરીને તુરત જ ભાથો, ધનુષ અને કવચ માગ્યું. ॥ ૧૯૦॥

ચૌ૦ – બેગહુ ભાઈહુ સજહુ સઁજોઊ । સુનિ રજાઇ કદરાઇ ન કોઊ ॥
ભલેહિં નાથ સબ કહહિં સહરષા । એકહિં એક બઢ़ાવઇ કરષા ॥ ૧॥

[તેણે કહ્યું –] હે ભાઈઓ! જલદી કરો અને બધી રીતે સજ્જ થઈ જાઓ. મારી આજ્ઞા સાંભળીને મનમાં કોઈ કાયરતા ન લાવે. બધા હર્ષ સાથે બોલી ઊઠ્યા – હે નાથ! ઘણું સારું; અને પરસ્પર એક-બીજાનો ઉત્સાહ વધારવા લાગ્યા. ॥ ૧॥

ચલે નિષાદ જોહારિ જોહારી । સૂર સકલ રન રૂચઇ રારી ॥
સુમિરિ રામ પદ પંકજ પનહીં । ભાથીં બાઁધિ ચઢ़ાઇન્હિ ધનહીં ॥ ૨॥

નિષાદરાજને જુહાર કરી-કરીને સર્વ નિષાદો ચાલ્યા. બધા ઘણા શૂરવીર છે અને સંગ્રામમાં લડવું એમને ઘણું ગમે છે. શ્રીરામચન્દ્રજીનાં ચરણકમળોની પાદુકાઓનું સ્મરણ કરીને તેમણે ભાથીઓ બાંધીને ધનુષ્યો ઉપર પ્રત્યંચા ચઢાવી. ॥ ૨॥

અઁગરી પહિરિ કૂઁડ़િ સિર ધરહીં । ફરસા બાઁસ સેલ સમ કરહીં ॥
એક કુસલ અતિ ઓડ़ન ખાઁડ़ે । કૂદહિં ગગન મનહુઁ છિતિ છાઁડ़ે ॥ ૩॥

કવચ પહેરી સિર પર લોખંડનો ટોપ મૂકે છે અને ફરસા, ભાલા તથા બરછાઓને સરખા કરી (સુધારી-સજાવી) રહ્યા છે. કોઈ ઢાલ-તલવારના દાવપેચમાં અત્યંત કુશળ છે. તે એવા ઉમંગે ભરાયેલા છે કે જાણે ધરતી છોડીને આકાશમાં ઉછળી રહ્યા હોય. ॥ ૩॥

નિજ નિજ સાજુ સમાજુ બનાઈ। ગુહ રાઉતહિ જોહારે જાઈ॥
દેખિ સુભટ સબ લાયક જાને। લૈ લૈ નામ સકલ સનમાને॥૪॥

બધા જ નિષાદોએ પોતપોતાના સાજ-સમાજ (યુદ્ધ સામગ્રી અને દળ) બનાવીને જઈને નિષાદરાજ ગુહને જુહાર કર્યા. નિષાદરાજે સુંદર યોદ્ધાઓને જોઈને, સર્વેને સુયોગ્ય જાણ્યા અને નામ લઈ-લઈને સર્વેનું સન્માન કર્યું. ॥૪॥

દો૦ – ભાઈહુ લાવહુ ધોખ જનિ આજુ કાજ બડ઼ મોહિ।
સુનિ સરોષ બોલે સુભટ બીર અધીર ન હોહિ॥૧૯૧॥

[તેણે કહ્યું –] હે ભાઈઓ! ભ્રમમાં ન રહેજો (અર્થાત્ મૃત્યુથી ન ગભરાશો), આજે મારું ઘણું ભારે કાર્ય છે. આ સાંભળી સર્વે યોદ્ધા ઘણા જોશથી સાથે બોલી ઊઠ્યા – હે વીર! અધીર ન થાઓ. ॥૧૯૧॥

ચૌ૦ – રામ પ્રતાપ નાથ બલ તોરે। કરહિં કટકુ બિનુ ભટ બિનુ ઘોરે॥
જીવત પાઉ ન પાછેં ધરહીં। રુંડ મુંડમય મેદિનિ કરહીં॥૧॥

હે નાથ! શ્રીરામચન્દ્રજીના પ્રતાપથી અને આપના બળથી અમે લોકો ભરતની સેનાને વીર વિનાની અને ઘોડા વિનાની કરી દઈશું. (એક એક વીર અને એક એક ઘોડાને મારી નાખીશું). જીવતા જીવે પાછા પગલાં નહીં માંડીએ. પૃથ્વીને રુંડ-મુંડમય કરી નાખીશું (મસ્તકો અને ધડથી ભરી દઈશું). ॥૧॥

દીખ નિષાદનાથ ભલ ટોલૂ। કહેઉ બજાઉ જુઝાઊ ઢોલૂ॥
એતના કહત છીંક ભઈ બાઁએ। કહેઉ સગુનિઅન્હ ખેત સુહાએ॥૨॥

નિષાદરાજે વીરોનું ઉત્તમ દળ જોઈને કહ્યું – જુઝાઉ (યુદ્ધનું) ઢોલ વગાડો. આમ કહેતાં જ ડાબી બાજુ છીંક થઈ. શુકન વિચારનારાઓએ કહ્યું કે શુકન સારાં છે (જીત થશે). ॥૨॥

બૂઢ઼ુ એકુ કહ સગુન બિચારી। ભરતહિ મિલિઅ ન હોઇહિ રારી॥
રામહિ ભરતુ મનાવન જાહીં। સગુન કહઇ અસ બિગ્રહુ નાહીં॥૩॥

એક વૃદ્ધે શુકન વિચારીને કહ્યું – ભરતને મળી લો, તેમની સાથે યુદ્ધ નહીં થાય. ભરત શ્રીરામજીને મનાવવા જઈ રહ્યા છે. શુકન એવું કહી રહ્યા છે કે વિરોધ નથી. ॥૩॥

સુનિ ગુહ કહઇ નીક કહ બૂઢ઼ા। સહસા કરિ પછિતાહિં બિમૂઢ઼ા॥
ભરત સુભાઉ સીલુ બિનુ બૂઝેં। બડ઼િ હિત હાનિ જાનિ બિનુ જૂઝેં॥૪॥

આ સાંભળીને નિષાદરાજ ગુહે કહ્યું – વડીલ યોગ્ય જ કહી રહ્યા છે. જલદીમાં (વગર વિચાર્યે) કોઈ કાર્ય કરીને મૂર્ખ લોકો પસ્તાય છે. ભરતજીનાં શીલ-સ્વભાવને સમજ્યા અને જાણ્યા વગર યુદ્ધ કરવામાં આપણી મોટી હાનિ થશે એમ લાગે છે. ॥૪॥

દો૦ – ગહહુ ઘાટ ભટ સમિટિ સબ લેઉઁ મરમ મિલિ જાઇ ।
બૂઝિ મિત્ર અરિ મધ્ય ગતિ તસ તબ કરિહઉઁ આઇ ॥ ૧૯૨॥

એટલે હે વીરો! તમે લોકો એકઠા થઈને સર્વે ઘાટોને રૂંધી દો, હું જઈને ભરતજીને મળીને તેમનો ભેદ જાણી લાવું છું. તેમનો ભાવ મિત્રનો છે કે શત્રુનો કે ઉદાસીનનો - આ જાણીને પછી આવીને તે જ પ્રમાણેનો પ્રબંધ કરીશ. ॥ ૧૯૨॥

ચૌ૦ – લખબ સનેહુ સુભાયઁ સુહાએઁ । બૈરુ પ્રીતિ નહિં દુરઇઁ દુરાએઁ ॥
અસ કહિ ભેંટ સઁજોવન લાગે । કંદ મૂલ ફલ ખગ મૃગ માગે ॥ ૧॥

તેમના સુંદર સ્વભાવથી હું એમના સ્નેહને ઓળખી લઈશ. વેર અને પ્રેમ છુપાવવાથી છુપાતાં નથી. એમ કહીને તે ભેટ આપવા માટેનો સામાન સજાવવા લાગ્યો. તેણે કંદ, મૂળ, ફળ, પક્ષી અને હરણ મંગાવ્યાં. ॥ ૧॥

મીન પીન પાઠીન પુરાને । ભરિ ભરિ ભાર કહારન્હ આને ॥
મિલન સાજુ સજિ મિલન સિધાએ । મંગલ મૂલ સગુન સુભ પાએ ॥ ૨॥

કહાર (ભોઈ) લોકો સૂકવેલી, જાડી (પુષ્ટ) પહિના (પઠીના) નામની માછલીઓના ટોપલા ભરી-ભરીને લાવ્યા. ભેટનો સામાન સજાવી મળવા માટે ચાલ્યા તો મંગળદાયી શુભ શુકન થયાં. ॥ ૨॥

દેખિ દૂરિ તેં કહિ નિજ નામૂ । કીન્હ મુનીસહિ દંડ પ્રનામૂ ॥
જાનિ રામપ્રિય દીન્હિ અસીસા । ભરતહિ કહેઉ બુઝાઇ મુનીસા ॥ ૩॥

નિષાદરાજે મુનિરાજ વસિષ્ઠજીને જોઈને પોતાનું નામ બતાવીને દૂરથી જ દંડવત્ પ્રણામ કર્યાં. મુનીશ્વર વસિષ્ઠજીએ તેમને રામના પ્રિય જાણીને આશીર્વાદ આપ્યા અને ભરતજીને સમજાવીને કહ્યું – [કે આ શ્રીરામજીના મિત્ર છે]. ॥ ૩॥

રામ સખા સુનિ સંદનુ ત્યાગા । ચલે ઉતરિ ઉમગત અનુરાગા ॥
ગાઉઁ જાતિ ગુહઁ નાઉઁ સુનાઈ । કીન્હ જોહારુ માથ મહિ લાઈ ॥ ૪॥

આ શ્રીરામજીના મિત્ર છે, એટલું સાંભળતાં જ ભરતજીએ રથ ત્યાગી દીધો. તેઓ રથથી ઊતરીને પ્રેમમાં ઉમંગને વધારતા ચાલ્યા. નિષાદરાજ ગુહે પોતાનું ગામ, જાતિ અને નામ કહીને પૃથ્વી પર શીશ ટેકવી જુહાર કર્યાં. ॥ ૪॥

દો૦ – કરત દંડવત દેખિ તેહિ ભરત લીન્હ ઉર લાઇ ।
મનહુઁ લખન સન ભેંટ ભઇ પ્રેમુ ન હૃદયઁ સમાઇ ॥ ૧૯૩॥

તે દંડવત્ કરવા લાગ્યો કે તુરત જ તેને જોઈને ભરતજીએ બંને હાથોથી ઉઠાવીને છાતી સરસો ચાંપી દીધો. ભરતના હૃદયમાં પ્રેમ સમાતો નથી, જાણે સ્વયં લક્ષ્મણજી સાથે મેળાપ થઈ ગયો હોય. ॥ ૧૯૩॥

ચૌ૦ – ભેંટત ભરતુ તાહિ અતિ પ્રીતી। લોગ સિહાહિં પ્રેમ કૈ રીતી॥
ધન્ય ધન્ય ધુનિ મંગલ મૂલા। સુર સરાહિ તેહિ બરિસહિં ફૂલા॥૧॥

ભરતજી ગુહને અત્યંત પ્રેમથી ગળે લગાડી રહ્યા છે. બંનેની પરસ્પર પ્રેમ સાથે ભેટવાની ઢબ નિહાળીને લોકો પ્રશંસા કરી રહ્યા છે; મંગળના મૂળ 'ધન્ય-ધન્ય'નો ધ્વનિ કરીને દેવો પણ તેમની પ્રશંસા કરતાં ફૂલ વરસાવી રહ્યા છે. ॥૧॥

લોક બેદ સબ ભાઁતિહિં નીચા। જાસુ છાઁહ છુઇ લેઇઅ સીંચા॥
તેહિ ભરિ અંક રામ લઘુ ભ્રાતા। મિલત પુલક પરિપૂરિત ગાતા॥૨॥

[તેઓ કહે છે –] જે લોક અને વેદ બંનેમાં બધી રીતે નીચ મનાય છે, જેની છાયાનો સ્પર્શ થઈ જવાથી પણ સ્નાન કરવું પડે છે, એ જ નિષાદને બાથમાં ભરીને (હૃદય સરસા ચાંપીને) શ્રીરામચન્દ્રજીના નાના ભાઈ ભરતજી (આનંદ અને પ્રેમવશ) શરીરે પુલકાવલિથી પરિપૂર્ણ થઈને ભેટી રહ્યા છે. ॥૨॥

રામ રામ કહિ જે જમુહાહીં। તિન્હહિ ન પાપ પુંજ સમુહાહીં॥
યહ તૌ રામ લાઇ ઉર લીન્હા। કુલ સમેત જગુ પાવન કીન્હા॥૩॥

જે લોકો રામ રામ કહીને બગાસું ખાય છે, તેમની સામે પાપોના સમૂહ આવતા નથી. વળી, આ ગુહને તો સ્વયં શ્રીરામચન્દ્રજીએ હૃદયે ચાંપી દીધો હતો (તથા ગુહે શ્રીરામને હૃદયે લગાવ્યા હતા) અને કુળસહિત એને જગત્પાવન (જગતને પવિત્ર કરનારો) બનાવી દીધો. ॥૩॥

કરમનાસ જલુ સુરસરિ પરઈ। તેહિ કો કહહુ સીસ નહિં ધરઈ॥
ઉલટા નામુ જપત જગુ જાના। બાલમીકિ ભએ બ્રહ્મ સમાના॥૪॥

કર્મનાશા નદીનું જળ ગંગાજીમાં મળી જાય છે, તો પછી કહો, તેને કોણ સિરે ધારણ નથી કરતો? જગત જાણે છે કે ઊંધું નામ (મરા-મરા) જપતાં જપતાં વાલ્મીકિજી બ્રહ્મના સમાન થઈ ગયા. ॥૪॥

દો૦ – સ્વપચ સબર ખસ જમન જડ઼ પાવઁર કોલ કિરાત।
રામુ કહત પાવન પરમ હોત ભુવન બિખ્યાત॥૧૯૪॥

મૂર્ખ અને પામર હોવા છતાંય ચાંડાલ, શબર, ખસ, યવન, કોલ અને કિરાત પણ રામ-નામ કહેતાં જ પરમપવિત્ર અને ત્રિભુવનમાં વિખ્યાત થઈ જાય છે. ॥૧૯૪॥

ચૌ૦ – નહિં અચિરિજુ જુગ જુગ ચલિ આઈ। કેહિ ન દીન્હિ રઘુબીર બડ઼ાઈ॥
રામ નામ મહિમા સુર કહહીં। સુનિ સુનિ અવધ લોગ સુખુ લહહીં॥૧॥

એમાં કોઈ આશ્ચર્ય નથી, યુગ-યુગાંતરથી આ રીતિ ચાલી આવી રહી છે. શ્રીરઘુનાથજીએ કોને મોટાઈ નથી આપી? આ પ્રમાણે દેવો રામનામનો મહિમા કહી રહ્યા છે અને એને સાંભળી-સાંભળીને અયોધ્યાના લોકો સુખ પામી રહ્યા છે. ॥૧॥

રામસખહિ મિલિ ભરત સપ્રેમા। પૂઁછી કુસલ સુમંગલ ખેમા॥
દેખિ ભરત કર સીલુ સનેહૂ। ભા નિષાદ તેહિ સમય બિદેહૂ॥ ૨॥

રામસખા નિષાદરાજને પ્રેમપૂર્વક મળીને ભરતજીએ કુશળ, મંગળ અને ક્ષેમ પૂછ્યાં. ભરતજીનાં શીલ અને પ્રેમ જોઈને નિષાદ તે સમયે વિદેહ થઈ ગયો (પ્રેમમુગ્ધ થઈને દેહનું ભાન ભૂલી ગયો). ॥ ૨॥

સકુચ સનેહુ મોદુ મન બાઢ઼ા। ભરતહિ ચિતવત એકટક ઠાઢ઼ા॥
ધરિ ધીરજુ પદ બંદિ બહોરી। બિનય સપ્રેમ કરત કર જોરી॥ ૩॥

તેના મનમાં સંકોચ, પ્રેમ અને આનંદ એટલા વધી ગયા કે તે ઊભો-ઊભો એકીટશે ભરતજીને જોતો રહ્યો. પછી ધીરજ ધરીને ભરતજીના ચરણોની ફરીથી વંદના કરીને પ્રેમપૂર્વક હાથ જોડીને વિનંતી કરવા લાગ્યો – ॥ ૩॥

કુસલ મૂલ પદ પંકજ પેખી। મૈં તિહુઁ કાલ કુસલ નિજ લેખી॥
અબ પ્રભુ પરમ અનુગ્રહ તોરેં। સહિત કોટિ કુલ મંગલ મોરેં॥ ૪॥

હે પ્રભો! કુશળનાં મૂળ આપનાં ચરણકમળોનાં દર્શન કરીને મેં ત્રણેય કાળમાં પોતાનું કુશળ જાણી લીધું. હવે, આપના પરમ અનુગ્રહથી કરોડો પેઢીઓ સહિત મારું મંગળ (કલ્યાણ) થઈ ગયું. ॥ ૪॥

દો૦ – સમુઝિ મોરિ કરતૂતિ કુલુ પ્રભુ મહિમા જિયઁ જોઇ।
જો ન ભજઇ રઘુબીર પદ જગ બિધિ બંચિત સોઇ॥ ૧૯૫॥

મારી કરણી અને કુળને સમજીને અને પ્રભુ શ્રીરામચન્દ્રજીના મહિમાનો મનમાં વિચાર કરીને (અર્થાત્ ક્યાં તો હું નીચ જાતિ અને નીચ કર્મ કરનારો જીવ અને ક્યાં અનંતકોટિ બ્રહ્માંડોના સ્વામી ભગવાન શ્રીરામચન્દ્રજી! પણ એમણે મારા જેવા નીચને પણ પોતાની અસાધારણ કૃપાવશ અપનાવી લીધો – આ સમજીને) જે રઘુવીર શ્રીરામજીનાં ચરણોનું ભજન નથી કરતો, તે જગતમાં વિધાતા દ્વારા છેતરાઈ ગયો છે. ॥ ૧૯૫॥

ચૌ૦ – કપટી કાયર કુમતિ કુજાતી। લોક બેદ બાહેર સબ ભાઁતી॥
રામ કીન્હ આપન જબહી તેં। ભયઉઁ ભુવન ભૂષન તબહી તેં॥ ૧॥

હું કપટી, કાયર, કુબુદ્ધિ અને કુજાતિનો છું અને લોક-વેદ બંનેથી સર્વ પ્રકારે બહાર મુકાયેલો છું. પણ જ્યારથી શ્રીરામચન્દ્રજીએ મને અપનાવ્યો છે, ત્યારથી હું વિશ્વનું ભૂષણ થઈ ગયો. ॥ ૧॥

દેખિ પ્રીતિ સુનિ બિનય સુહાઈ। મિલેઉ બહોરિ ભરત લઘુ ભાઈ॥
કહિ નિષાદ નિજ નામ સુબાનીં। સાદર સકલ જોહારીં રાનીં॥ ૨॥

નિષાદરાજની પ્રીતિને જોઈને અને સુંદર વિનય સાંભળીને પછી ભરતજીના નાના ભાઈ શત્રુઘ્નજી એમને ભેટ્યા. પછી નિષાદે પોતાનું નામ લઈ-લઈને સુંદર (નમ્ર અને મધુર) વાણીથી સર્વે રાણીઓને આદરપૂર્વક જુહાર કર્યા. ॥ ૨॥

જાનિ લખન સમ દેહિં અસીસા। જિઅહુ સુખી સય લાખ બરીસા॥
નિરખિ નિષાદુ નગર નર નારી। ભએ સુખી જનુ લખનુ નિહારી॥૩॥

રાણીઓ નિષાદરાજને લક્ષ્મણજીના સમાન સમજીને આશીર્વાદ આપે છે કે તમે સો લાખ વર્ષો સુધી સુખપૂર્વક જીવો. નગરનાં સર્વ સ્ત્રી-પુરુષ નિષાદને જોઈને એવા સુખી થયા, જાણે લક્ષ્મણજીને જોઈ રહ્યા હોય. ॥૩॥

કહહિં લહેઉ એહિં જીવન લાહૂ। ભેંટેઉ રામભદ્ર ભરિ બાહૂ॥
સુનિ નિષાદુ નિજ ભાગ બડ઼ાઈ। પ્રમુદિત મન લઇ ચલેઉ લેવાઈ॥૪॥

બધા કહે છે કે જીવનનો લાભ તો આને મળ્યો છે, જેને કલ્યાણસ્વરૂપ શ્રીરામચન્દ્રજીએ ભુજાઓમાં બાંધીને ગળે લગાડ્યો છે. નિષાદ પોતાના ભાગ્યનો મહિમા સાંભળીને મનમાં પરમ આનંદિત થઈ બધાને પોતાની સાથે લઈને ચાલ્યો. ॥૪॥

દો૦ – સનકારે સેવક સકલ ચલે સ્વામિ રુખ પાઈ।
ઘર તરુ તર સર બાગ બન બાસ બનાએન્હિ જાઈ॥૧૯૬॥

તેણે પોતાના સર્વ સેવકોને ઈશારાથી કહી દીધું (એટલે કે સમજાવી દીધું કે અહીં તો લડાઈની વાત જ નથી, સ્વાગતની તૈયારી કરો). તેઓ સ્વામીનો આદેશ પામીને ચાલ્યા અને એમણે ઘરોમાં, વૃક્ષોની નીચે, તળાવો પર તથા બગીચા અને જંગલોમાં ઊતરવા માટે સ્થાન બનાવી દીધાં. ॥૧૯૬॥

ચૌ૦ – સૃંગબેરપુર ભરત દીખ જબ। ભે સનેહઁ સબ અંગ સિથિલ તબ॥
સોહત દિએઁ નિષાદહિ લાગૂ। જનુ તનુ ધરેં બિનય અનુરાગૂ॥૧॥

ભરતજીએ જ્યારે શૃંગવેરપુરને જોયું, ત્યારે તેમનાં સર્વે અંગ પ્રેમના લીધે શિથિલ થઈ ગયાં. તેઓ નિષાદના ટેકે (અર્થાત્ તેના ખભે પ્રેમથી હાથ મૂકીને ચાલતાં) એવા શોભા આપી રહ્યા છે, જાણે વિનય અને પ્રેમે શરીર ધારણ કરેલાં હોય. ॥૧॥

એહિ બિધિ ભરત સેનુ સબુ સંગા। દીખિ જાઇ જગ પાવનિ ગંગા॥
રામઘાટ કહઁ કીન્હ પ્રનામૂ। ભા મનુ મગનુ મિલે જનુ રામૂ॥૨॥

આ પ્રમાણે ભરતજીએ સમસ્ત સેનાને સાથે લઈને જગતને પવિત્ર કરનારી ગંગાજીનાં દર્શન કર્યાં. શ્રીરામઘાટને [જ્યાં શ્રીરામજીએ સ્નાન-સંધ્યા કરી હતી] પ્રણામ કર્યાં. તેમનું મન એટલું આનંદમગ્ન થઈ ગયું, જાણે એમને સ્વયં શ્રીરામજી મળી ગયા હોય. ॥૨॥

કરહિં પ્રનામ નગર નર નારી। મુદિત બ્રહ્મમય બારિ નિહારી॥
કરિ મજ્જનુ માગહિં કર જોરી। રામચંદ્ર પદ પ્રીતિ ન થોરી॥૩॥

નગરનાં નર-નારી પ્રણામ કરી રહ્યાં છે અને ગંગાજીના બ્રહ્મરૂપ જળને જોઈ-જોઈને આનંદિત થઈ રહ્યાં છે. ગંગાજીમાં સ્નાન કરી હાથ જોડીને બધા એ જ વર માગે છે કે શ્રીરામચન્દ્રજીના ચરણોમાં અમારો પ્રેમ ઓછો ન થાય એટલે કે કાયમ વધતો જ રહે. ॥૩॥

ભરત કહેઉ સુરસરિ તવ રેનૂ। સકલ સુખદ સેવક સુરધેનૂ॥
જોરિ પાનિ બર માગઉँ એહૂ। સીય રામ પદ સહજ સનેહૂ॥૪॥

ભરતજીએ કહ્યું – હે ગંગે! આપની રજ સર્વેને સુખ આપનારી તથા સેવકોને માટે તો કામધેનુ જ છે. હું હાથ જોડીને એ જ વરદાન માગું છું કે શ્રીસીતારામજીના ચરણોમાં મારો સહજ - સ્વાભાવિક પ્રેમ થાય. ॥૪॥

દો૦ – એહિ બિધિ મજ્જનુ ભરતુ કરિ ગુરુ અનુસાસન પાઈ।
માતુ નહાનીં જાનિ સબ ડેરા ચલે લવાઈ॥૧૯૭॥

આ રીતે ભરતજી સ્નાન કરીને ગુરુજીની આજ્ઞા પામી તથા એ જાણીને કે સર્વે માતાઓ સ્નાન કરી ચૂકી છે, ડેરો ઉઠાવી લઈ પડાવ પર ચાલ્યા. ॥૧૯૭॥

ચૌ૦ – જહँ તહँ લોગન્હ ડેરા કીન્હા। ભરત સોધુ સબહી કર લીન્હા॥
સુર સેવા કરિ આયસુ પાઈ। રામ માતુ પહિં ગે દોઉ ભાઈ॥૧॥

લોકોએ જ્યાં-ત્યાં ડેરો (પડાવ) કર્યો હતો. ભરતજીએ સર્વેની સંભાળ લીધી [કે બધા લોકો આવીને આરામથી ઊતર્યા છે કે નહિ]. પછી દેવપૂજન કરીને આજ્ઞા પામી બંને ભાઈ શ્રીરામચન્દ્રજીનાં માતા કૌશલ્યાજી પાસે ગયા. ॥૧॥

ચરન ચાँપિ કહિ કહિ મૃદુ બાની। જનનીં સકલ ભરત સનમાની॥
ભાઈહિ સૌંપિ માતુ સેવકાઈ। આપુ નિષાદહિ લીન્હ બોલાઈ॥૨॥

ચરણ દબાવી અને કોમળ વચન કહી-કહીને ભરતજીએ સર્વે માતાઓનો સત્કાર કર્યો. પછી ભાઈ શત્રુઘ્નને માતાઓની સેવા સોંપીને પોતે નિષાદને બોલાવી લીધો. ॥૨॥

ચલે સખા કર સોં કર જોરેં। સિથિલ સરીરુ સનેહ ન થોરેં॥
પૂँછત સખહિ સો ઠાઉँ દેખાઊ। નેકુ નયન મન જરનિ જુડ઼ાઊ॥૩॥

સખા નિષાદરાજના હાથમાં હાથ મેળવી ભરતજી ચાલ્યા. પ્રેમ કંઈ ઓછો નથી (અર્થાત્ બહુ અધિક પ્રેમ છે), જેથી એમનું શરીર શિથિલ થઈ રહ્યું છે. ભરતજી સખાને પૂછે છે કે મને એ સ્થાન દેખાડો – અને નેત્ર અને મનની બળતરાને કંઈક શીતળ કરો – ॥૩॥

જહँ સિય રામુ લખનુ નિસિ સોએ। કહત ભરે જલ લોચન કોએ॥
ભરત બચન સુનિ ભયઉ બિષાદૂ। તુરત તહાँ લઈ ગયઉ નિષાદૂ॥૪॥

જ્યાં સીતાજી, શ્રીરામજી અને લક્ષ્મણ રાત્રે પોઢ્યા હતા. આમ કહેતાં જ એમનાં નેત્રોના ખૂણાઓમાં [પ્રેમાશ્રુઓનું] જળ ભરાઈ આવ્યું. ભરતજીનાં વચન સાંભળીને નિષાદને ઘણો વિષાદ થયો. તે તુરત જ તેમને ત્યાં લઈ ગયો – ॥૪॥

દો૦ – જહँ સિંસુપા પુનીત તર રઘુબર કિય બિશ્રામુ।
અતિ સનેહँ સાદર ભરત કીન્હેઉ દંડ પ્રનામુ॥૧૯૮॥

જ્યાં પવિત્ર અશોકના વૃક્ષની નીચે શ્રીરામજીએ વિશ્રામ કર્યો હતો, ભરતજીએ ત્યાં અત્યંત પ્રેમથી આદરપૂર્વક દંડવત્ પ્રણામ કર્યા. ॥ ૧૯૮॥

ચૌ૦ – કુસ સાઁથરી નિહારિ સુહાઈ। કીન્હ પ્રનામુ પ્રદચ્છિન જાઈ॥
ચરન રેખ રજ આઁખિન્હ લાઈ। બનઇ ન કહત પ્રીતિ અધિકાઈ॥ ૧॥

દર્ભની સુંદર સાંથરી (પથારી) જોઈને તેની પ્રદક્ષિણા કરીને પ્રણામ કર્યા. શ્રીરામચન્દ્રજીનાં ચરણચિહ્નોની રજ આંખે અડાડી. [તે સમયના] પ્રેમની અધિકતા કહી નથી શકાતી. ॥ ૧॥

કનક બિંદુ દુઇ ચારિક દેખે। રાખે સીસ સીય સમ લેખે॥
સજલ બિલોચન હૃદયઁ ગલાની। કહત સખા સન બચન સુબાની॥ ૨॥

ભરતજીએ બે-ચાર સ્વર્ણબિંદુ (સોનાના કણ કે તારા વગેરે જે સીતાજીનાં ઘરેણાં-વસ્ત્રોમાંથી ખરી પડ્યા હતા) જોયાં તો તેમને સીતાજી સમાન સમજીને માથા પર મૂકી દીધાં. તેમનાં નેત્ર [પ્રેમાશ્રુનાં] જળથી ભરાયાં છે અને હૃદયમાં ગ્લાનિ ભરાઈ છે. તેમણે સુંદર વાણીમાં સખાને આ વચન કહ્યાં – ॥ ૨॥

શ્રીહત સીય બિરહઁ દુતિહીના। જથા અવધ નર નારિ બિલીના॥
પિતા જનક દેઉઁ પટતર કેહી। કરતલ ભોગુ જોગુ જગ જેહી॥ ૩॥

આ સ્વર્ણના કણ કે તારા પણ સીતાજીના વિરહમાં એવા શ્રીહત (શોભાહીન) અને કાંતિહીન થઈ રહ્યા છે, જેમ [રામ-વિયોગમાં] અયોધ્યાનાં નર-નારી વિલીન (શોકને લીધે ક્ષીણ) થઈ રહ્યાં છે. જે સીતાજીના પિતા રાજા જનકજી છે, આ જગતના ભોગ - ઐશ્વર્ય અને યોગ બંને જેમની મુઠ્ઠીમાં છે, તે જનકજીને હું કોની ઉપમા આપું? ॥ ૩॥

સસુર ભાનુકુલ ભાનુ ભુઆલૂ। જેહિ સિહાત અમરાવતિપાલૂ॥
પ્રાનનાથુ રઘુનાથ ગોસાઈં। જો બડ઼ હોત સો રામ બડ઼ાઈં॥ ૪॥

સૂર્યકુળના સૂર્ય રાજા દશરથજી જેમનાં સસરા છે, જેમના ઐશ્વર્ય અને પ્રતાપની દેવરાજ ઈન્દ્ર પણ ઈર્ષ્યાપૂર્વક પ્રશંસા કરે છે અને પ્રભુ શ્રીરઘુનાથજી જેમના પ્રાણનાથ છે. તે એટલા મોટા છે કે જે કોઈ પણ મોટા થાય છે તે શ્રીરામચન્દ્રજીની [આપેલી] મોટાઈથી જ થાય છે. ॥ ૪॥

દો૦ – પતિદેવતા સુતીય મનિ સીય સાઁથરી દેખિ।
બિહરત હૃદઉ ન હહરિ હર પબિ તેં કઠિન બિસેષિ॥ ૧૯૯॥

તે શ્રેષ્ઠ પતિવ્રતા સ્ત્રીઓમાં શિરોમણિ સીતાજીની સાંથરી (દર્ભશય્યા) જોઈને મારું હૃદય થથરાઈને(ભયથી) ફાટી નથી પડતું; હે શંકર! આ વજ્રથી પણ અધિક કઠોર છે! ॥ ૧૯૯॥

ચૌ૦ – લાલન જોગુ લખન લઘુ લોને। ભે ન ભાઇ અસ અહહિં ન હોને॥
પુરજન પ્રિય પિતુ માતુ દુલારે। સિય રઘુબીરહિ પ્રાનપિઆરે॥ ૧॥

મારા નાના ભાઈ લક્ષ્મણ ઘણા જ સુંદર અને પ્રેમ કરવા યોગ્ય છે. આવા ભાઈ ન તો કોઈના થયા છે, છે નહિ અને થવાનાય નથી. જે લક્ષ્મણ અવધના લોકોને પ્રિય, માતાપિતાના લાડકા અને શ્રીસીતારામજીના પ્રાણપ્યારા છે; ॥ ૧॥

મૃદુ મૂરતિ સુકુમાર સુભાઊ। તાત બાઉ તન લાગ ન કાઊ॥
તે બન સહહિં બિપતિ સબ ભાઁતી। નિદરે કોટિ કુલિસ એહિં છાતી॥ ૨॥

જેમની મૂર્તિ કોમળ અને સ્વભાવ સુકુમાર છે, જેમના શરીરને ક્યારેય ગરમ હવા પણ નથી લાગી, તે વનમાં દરેક પ્રકારની વિપત્તિઓ સહી રહ્યા છે. [હાય!] આ મારી છાતીએ [કઠોરતામાં] કરોડો વજ્રોનો પણ અનાદર કરી દીધો [નહીં તો આ ક્યારનીય ફાટી પડી હોત]. ॥ ૨॥

રામ જનમિ જગુ કીન્હ ઉજાગર। રૂપ સીલ સુખ સબ ગુન સાગર॥
પુરજન પરિજન ગુર પિતુ માતા। રામ સુભાઉ સબહિ સુખદાતા॥ ૩॥

શ્રીરામચન્દ્રજીએ જન્મ (અવતાર) લઈને જગતને પ્રકાશિત (પરમ સુશોભિત) કરી દીધું. એ રૂપ, શીલ, સુખ અને સમસ્ત ગુણોના સમુદ્ર છે. પુરવાસી, કુટુંબી, ગુરુ, પિતા-માતા સર્વેને શ્રીરામજીનો સ્વભાવ સુખ આપનારો છે. ॥ ૩॥

બૈરિઉ રામ બડ़ાઈ કરહીં। બોલનિ મિલનિ બિનય મન હરહીં॥
સારદ કોટિ કોટિ સત સેષા। કરિ ન સકહિં પ્રભુ ગુન ગન લેખા॥ ૪॥

શત્રુ પણ શ્રીરામજીનો મહિમા ગાય છે. બોલ-ચાલ, મળવાના ઢંગ અને વિનયથી તે મનને હરી લે છે. કરોડો સરસ્વતી અને અબજો શેષજી પણ પ્રભુ શ્રીરામચન્દ્રજીના ગુણ-સમૂહોની ગણતરી નથી કરી શકતા. ॥ ૪॥

દો૦ – સુખસ્વરૂપ રઘુબંસમનિ મંગલ મોદ નિધાન।
તે સોવત કુસ ડાસિ મહિ બિધિ ગતિ અતિ બલવાન॥ ૨૦૦॥

જે સુખ-સ્વરૂપ રઘુવંશશિરોમણિ શ્રીરામચન્દ્રજી મંગળ અને આનંદના ભંડાર છે, તે પૃથ્વી પર દર્ભ પાથરીને સૂવે છે. વિધાતાની ગતિ ઘણી જ બળવાન છે. ॥ ૨૦૦॥

ચૌ૦ – રામ સુના દુખુ કાન ન કાઊ। જીવનતરુ જિમિ જોગવઈ રાઊ॥
પલક નયન ફનિ મનિ જેહિ ભાઁતી। જોગવહિં જનનિ સકલ દિન રાતી॥ ૧॥

શ્રીરામચન્દ્રજીએ કાનોથી પણ ક્યારેય દુઃખનું નામ નથી સાંભળ્યું. મહારાજા સ્વયં જીવનવૃક્ષની જેમ તેમની સાર-સંભાળ રાખ્યા કરતા હતા. સર્વે માતાઓ પણ રાત-દિન એમની એવી સાર-સંભાળ કરતી હતી, જેમ પાંપણો નેત્રોની અને સર્પ પોતાના મણિની કરે છે. ॥ ૧॥

તે અબ ફિરત બિપિન પદચારી। કંદ મૂલ ફલ ફૂલ અહારી॥
ધિગ કૈકઈ અમંગલ મૂલા। ભઈસિ પ્રાન પ્રિયતમ પ્રતિકૂલા॥ ૨॥

એ જ શ્રીરામચન્દ્રજી હવે જંગલોમાં પગપાળા ફરે છે અને કંદ-મૂળ તથા ફળ-ફૂલોનું ભોજન કરે છે. અમંગળની મૂળ કૈકેયીને ધિક્કાર છે, જે પોતાના પ્રાણપ્રિયતમ પતિને પણ પ્રતિકૂળ થઈ ગઈ. ॥ ૨॥

મૈં ધિગ ધિગ અઘ ઉદધિ અભાગી । સબુ ઉતપાતુ ભયઉ જેહિ લાગી ॥
કુલ કલંકુ કરિ સૃજેઉ બિધાતાँ । સાઈંદોહ મોહિ કીન્હ કુમાતાँ ॥ ૩॥

હું પાપોનો સમુદ્ર અને અભાગિયો – મને ધિક્કાર છે, ધિક્કાર છે; જેને કારણે આ બધા ઉત્પાત થયા. વિધાતાએ મને કુળનો કલંક બનાવીને પેદા કર્યો અને કુમાતાએ મને સ્વામીદ્રોહી બનાવી દીધો. ॥ ૩॥

સુનિ સપ્રેમ સમુઝાવ નિષાદૂ । નાથ કરિઅ કત બાદિ બિષાદૂ ॥
રામ તુમ્હહિ પ્રિય તુમ્હ પ્રિય રામહિ । યહ નિરજોસુ દોસુ બિધિ બામહિ ॥ ૪॥

આ સાંભળીને નિષાદરાજ પ્રેમપૂર્વક સમજાવવા લાગ્યા – હે નાથ! આપ વ્યર્થ વિષાદ શા માટે કરો છો? શ્રીરામચન્દ્રજી આપને પ્રિય છે અને આપ શ્રીરામચન્દ્રજીને પ્રિય છો. આ નિચોડ (નિશ્ચિત સિદ્ધાંત) છે, દોષ તો પ્રતિકૂળ વિધાતાને છે. ॥ ૪॥

છં૦ – બિધિ બામ કી કરની કઠિન જેહિં માતુ કીન્હી બાવરી ।
તેહિ રાતિ પુનિ પુનિ કરહિં પ્રભુ સાદર સરહના રાવરી ॥
તુલસી ન તુમ્હ સો રામ પ્રીતમુ કહતુ હૌં સૌંહેં કિએँ ।
પરિનામ મંગલ જાનિ અપને આનિએ ધીરજુ હિએँ ॥

પ્રતિકૂળ વિધાતાની કરણી બધી કઠોર છે, જેણે માતા કૈકેયીને બહાવરી બનાવી દીધી (તેની મતિ ફેરવી નાખી). તે રાત્રે પ્રભુ શ્રીરામચન્દ્રજી વારંવાર આદરપૂર્વક આપની ઘણી પ્રશંસા કરતા હતા. તુલસીદાસજી કહે છે – [નિષાદરાજ કહે છે કે –] શ્રીરામચન્દ્રજીને આપના સમાન અતિશય પ્રિય બીજો કોઈ નથી. હું સોગંદ ખાઈને કહું છું. પરિણામમાં મંગળ થશે, એમ જાણીને આપ આપના હૃદયમાં ધૈર્ય ધારણ કરો. ॥ ૫॥

સો૦ – અંતરજામી રામુ સકુચ સપ્રેમ કૃપાયતન ।
ચલિઅ કરિઅ બિશ્રામુ યહ બિચારિ દૃઢ આનિ મન ॥ ૨૦૧॥

શ્રીરામચન્દ્રજી અંતર્યામી તથા સંકોચ, પ્રેમ અને કૃપાના ધામ છે, એમ વિચારીને અને મનમાં દૃઢતા લાવીને ચાલો અને વિશ્રામ કરો. ॥ ૨૦૧॥

ચૌ૦ – સખા બચન સુનિ ઉર ધરિ ધીરા । બાસ ચલે સુમિરત રઘુબીરા ॥
યહ સુધિ પાઇ નગર નર નારી । ચલે બિલોકન આરત ભારી ॥ ૧॥

સખાનાં વચન સાંભળીને, હૃદયમાં ધીરજ ધરીને શ્રીરામચન્દ્રજીનું સ્મરણ કરતાં ભરતજી ઉતારે ચાલ્યા. નગરનાં બધાં સ્ત્રી-પુરુષો આ (શ્રીરામજીના ઊતરવાનાં સ્થળના) સમાચાર પામીને ઘણા આતુર થઈ તે સ્થાનને જોવા ચાલ્યાં. ॥ ૧॥

પરદખિના કરિ કરહિં પ્રનામા। દેહિં કૈકઇહિ ખોરિ નિકામા॥
ભરિ ભરિ બારિ બિલોચન લેહીં। બામ બિધાતહિ દૂષન દેહીં॥૨॥

તેઓ એ સ્થાનની પ્રદક્ષિણા કરીને પ્રણામ કરે છે અને કૈકેયીને બહુ દોષ આપે છે. નેત્રોમાં જળ ભરી-ભરી લે છે અને પ્રતિકૂળ વિધાતાને દોષ આપે છે. ॥૨॥

એક સરાહહિં ભરત સનેહૂ। કોઉ કહ નૃપતિ નિબાહેઉ નેહૂ॥
નિંદહિં આપુ સરાહિ નિષાદહિ। કો કહિ સકઇ બિમોહ બિષાદહિ॥૩॥

કોઈ ભરતજીના સ્નેહની પ્રશંસા કરે છે અને કોઈ કહે છે કે રાજાએ પોતાનો પ્રેમ ખૂબ નભાવ્યો. બધા પોતાની નિંદા કરીને નિષાદની પ્રશંસા કરે છે. તે સમયના વિમોહ અને વિષાદને કોણ કહી શકે છે? ॥૩॥

એહિ બિધિ રાતિ લોગુ સબુ જાગા। ભા ભિનુસાર ગુદારા લાગા॥
ગુરહિ સુનાવઁ ચઢ઼ાઇ સુહાઈં। નઈં નાવ સબ માતુ ચઢ઼ાઈં॥૪॥

આ રીતે આખી રાત બધા લોકો જાગતાં રહ્યા. સવાર પડતાં જ [ગંગાજી] પાર ઊતરવાનો પ્રારંભ થયો. સુંદર નાવ ઉપર ગુરુજીને ચઢાવી પછી નવી સુંદર નાવ ઉપર સર્વે માતાઓને ચઢાવી. ॥૪॥

દંડ ચારિ મહઁ ભા સબુ પારા। ઉતરિ ભરત તબ સબહિ સઁભારા॥૫॥

ચાર ઘડીમાં બધા ગંગાજીને પાર ઊતરી ગયા. પછી ભરતજીએ ઊતરીને સર્વેને સંભાળ્યા. ॥૫॥

દો૦ – પ્રાતક્રિયા કરિ માતુ પદ બંદિ ગુરહિ સિરુ નાઇ।
આગેં કિએ નિષાદ ગન દીન્હેઉ કટકુ ચલાઇ॥૨૦૨॥

પ્રાતઃકાળની ક્રિયાઓને કરીને માતાના ચરણોની વંદના કરી અને ગુરુજીને શીશ નમાવીને ભરતજીએ નિષાદગણોને [માર્ગ બતાવવા માટે] આગળ કરી દીધા અને લાવ-લશ્કર ઊપડ્યું. ॥૨૦૨॥

ચૌ૦ – કિયઉ નિષાદનાથુ અગુઆઈં। માતુ પાલકીં સકલ ચલાઈં॥
સાથ બોલાઇ ભાઇ લઘુ દીન્હા। બિપ્રન્હ સહિત ગવનુ ગુર કીન્હા॥૧॥

નિષાદરાજને આગળ કરીને પાછળ સર્વે માતાઓની પાલખીઓ ચલાવી. નાના ભાઈ શત્રુઘ્નજીને બોલાવી એમની સાથે કરી દીધા. પછી બ્રાહ્મણોસહિત ગુરુજીએ પ્રયાણ કર્યું. ॥૧॥

આપુ સુરસરિહિ કીન્હ પ્રનામૂ। સુમિરે લખન સહિત સિય રામૂ॥
ગવને ભરત પયાદેહિં પાએ। કોતલ સંગ જાહિં ડોરિઆએ॥૨॥

તત્પશ્ચાત્ પોતે (ભરતજીએ) ગંગાજીને પ્રણામ કર્યાં અને લક્ષ્મણસહિત શ્રીસીતા-રામજીનું સ્મરણ કર્યું. ભરતજી પગપાળા જ ચાલ્યા. તેમની સાથે કોતલ (અસવાર વગરના) ઘોડા લગામથી બંધાયેલા જઈ રહ્યા છે. ॥૨॥

કહહિં સુસેવક બારહિં બારા। હોઇઅ નાથ અસ્વ અસવારા॥
રામુ પયાદેહિ પાયઁ સિધાએ। હમ કહઁ રથ ગજ બાજિ બનાએ॥ ૩॥

ઉત્તમ સેવકો વારંવાર કહે છે કે હે નાથ! આપ ઘોડા પર સવાર થઈ જાઓ. [ભરતજી જવાબ આપે છે કે] શ્રીરામચન્દ્રજી તો પગપાળા જ ગયા અને અમારા માટે રથ, હાથી અને ઘોડા બનાવવામાં આવ્યા છે! ॥ ૩॥

સિર ભર જાઉઁ ઉચિત અસ મોરા। સબ તેં સેવક ધરમુ કઠોરા॥
દેખિ ભરત ગતિ સુનિ મૃદુ બાની। સબ સેવક ગન ગરહિં ગલાની॥ ૪॥

મારા માટે તો ઉચિત એ છે કે હું માથા વડે ચાલીને (ઊંધા મસ્તકે) જાઉં. સેવકનો ધર્મ સર્વથી કઠિન હોય છે. ભરતજીની દશા જોઈને અને કોમળ વાણી સાંભળીને સર્વ સેવકગણ ગ્લાનિના કારણે લજ્જામાં ડૂબી રહ્યા છે. ॥ ૪॥

દો૦ – ભરત તીસરે પહર કહઁ કીન્હ પ્રબેસુ પ્રયાગ।
કહત રામ સિય રામ સિય ઉમગિ ઉમગિ અનુરાગ॥ ૨૦૩॥

પ્રેમના ઉમંગ અને ઉત્સાહથી સીતારામ-સીતારામ કહેતાં ભરતજીએ ત્રીજા પહોરે પ્રયાગમાં પ્રવેશ કર્યો. ॥ ૨૦૩॥

ચૌ૦ – ઝલકા ઝલકત પાયન્હ કૈસેં। પંકજ કોસ ઓસ કન જૈસેં॥
ભરત પયાદેહિં આએ આજૂ। ભયઉ દુખિત સુનિ સકલ સમાજૂ॥ ૧॥

તેમના ચરણમાં ફોલ્લાં એવા ચમકે છે, જેમ કમળની કળી ઉપર ઝાકળનું ટીપું ચમકતું હોય. ભરતજી આજે પગપાળા જ ચાલીને આવ્યા છે, એ સમાચાર સાંભળીને આખો સમાજ દુ:ખી થઈ ગયો. ॥ ૧॥

ખબરિ લીન્હ સબ લોગ નહાએ। કીન્હ પ્રનામુ ત્રિબેનિહિં આએ॥
સબિધિ સિતાસિત નીર નહાને। દિએ દાન મહિસુર સનમાને॥ ૨॥

જ્યારે ભરતજીએ એ જાણી લીધું કે બધા લોકો સ્નાન કરી ચૂક્યા, ત્યારે ત્રિવેણી ઉપર આવીને એને પ્રણામ કર્યાં. પછી વિધિપૂર્વક [ગંગા-યમુનાના] શ્વેત અને શ્યામ જળમાં સ્નાન કર્યું અને દાન આપીને બ્રાહ્મણોનું સન્માન કર્યું. ॥ ૨॥

દેખત સ્યામલ ધવલ હલોરે। પુલકિ સરીર ભરત કર જોરે॥
સકલ કામ પ્રદ તીરથરાઊ। બેદ બિદિત જગ પ્રગટ પ્રભાઊ॥ ૩॥

શ્યામ અને સફેદ (યમુનાજી અને ગંગાજીની) લહેરો જોઈને ભરતજીનું શરીર પુલકિત થઈ ઊઠ્યું અને તેમણે હાથ જોડીને કહ્યું – હે તીર્થરાજ! આપ સમસ્ત કામનાઓને પૂર્ણ કરનારા છો. આપનો પ્રભાવ વેદોમાં પ્રસિદ્ધ અને સંસારમાં પ્રગટ છે. ॥ ૩॥

[799] 16/D

માગઉઁ ભીખ ત્યાગિ નિજ ધરમૂ । આરત કાહ ન કરઇ કુકરમૂ ॥
અસ જિયઁ જાનિ સુજાન સુદાની । સફલ કરહિં જગ જાચક બાની ॥ ૪॥

હું પોતાનો ધર્મ (ન માગવાનો ક્ષત્રિય ધર્મ) ત્યાગીને આપ પાસે ભીખ માગું છું. આર્ત (દીન) મનુષ્ય કયું કુકર્મ નથી કરતો? આવું હૃદયમાં જાણીને સુજ્ઞ ઉત્તમ દાની જગતમાં માંગનારની વાણીને સફળ કર્યા કરે છે (અર્થાત્ તે જે માંગે છે, તે આપી દે છે). ॥ ૪॥

દો૦ – અરથ ન ધરમ ન કામ રુચિ ગતિ ન ચહઉઁ નિરબાન ।
જનમ જનમ રતિ રામ પદ યહ બરદાનુ ન આન ॥ ૨૦૪॥

મારે ન અર્થની રુચિ છે, ન ધર્મની, ન કામની અને ન તો હું મોક્ષને જ ઇચ્છું છું. જન્મેજન્મમાં મારો શ્રીરામજીના ચરણોમાં પ્રેમ રહે, એ જ વરદાન માગું છું, બીજું કંઈ નહિ. ॥ ૨૦૪॥

ચૌ૦ – જાનહુઁ રામ કુટિલ કરિ મોહી । લોગ કહઉ ગુરુ સાહિબ દ્રોહી ॥
સીતા રામ ચરન રતિ મોરેં । અનુદિન બઢ઼ઉ અનુગ્રહ તોરેં ॥ ૧॥

સ્વયં શ્રીરામચન્દ્રજી પણ ભલેય મને કુટિલ સમજે અને લોકો મને ગુરુદ્રોહી તથા સ્વામીદ્રોહી ભલે જ કહે; પણ શ્રીસીતારામજીના ચરણોમાં મારો પ્રેમ આપની કૃપાથી દિવસે દિવસે વધતો જ રહે. ॥ ૧॥

જલદુ જનમ ભરિ સુરતિ બિસારઉ । જાચત જલુ પબિ પાહન ડારઉ ॥
ચાતકુ રટનિ ઘટેં ઘટિ જાઈ । બઢ઼ેં પ્રેમુ સબ ભાઁતિ ભલાઈ ॥ ૨॥

મેઘરાજા ભલે જન્મભર ચાતકનું ભાન ભુલાવી દે અને જળ માગ્યે તે ભલે વજ્ર અને પથ્થર (કરા) જ વરસાવે, પણ રટણ ઘટવાથી તો ચાતકની જ વાત ઘટશે (પ્રતિજ્ઞા જ નષ્ટ થઈ જશે). પ્રેમ વધારવામાં જ ચાતકની દરેક રીતે ભલાઈ છે. ॥ ૨॥

કનકહિં બાન ચઢ઼ઇ જિમિ દાહેં । તિમિ પ્રિયતમ પદ નેમ નિબાહેં ॥
ભરત બચન સુનિ માઝ ત્રિબેની । ભઇ મૃદુ બાનિ સુમંગલ દેની ॥ ૩॥

જેમ તપાવવાથી સોના ઉપર ચમક આવી જાય છે, તેમ જ પ્રિયતમના ચરણોમાં પ્રેમનો નિયમ નભાવવાથી પ્રેમી સેવકનું ગૌરવ વધી જાય છે. ભરતજીનાં વચન સાંભળીને ત્રિવેણીની વચમાંથી સુંદર મંગળ આપનારી કોમળ વાણી થઈ. ॥ ૩॥

તાત ભરત તુમ્હ સબ બિધિ સાધૂ । રામ ચરન અનુરાગ અગાધૂ ॥
બાદિ ગલાનિ કરહુ મન માહીં । તુમ્હ સમ રામહિ કોઉ પ્રિય નાહીં ॥ ૪॥

હે તાત ભરત! તમે સર્વ પ્રકારે સજ્જન છો. શ્રીરામચન્દ્રજીના ચરણોમાં તમારો અગાધ પ્રેમ છે. તમે વ્યર્થ જ મનમાં ગ્લાનિ કરી રહ્યા છો. શ્રીરામચન્દ્રને તમારા સમાન પ્રિય કોઈ નથી. ॥ ૪॥

દો૦ – તનુ પુલકેઉ હિયઁ હરષુ સુનિ બેનિ બચન અનુકૂલ ।
ભરત ધન્ય કહિ ધન્ય સુર હરષિત બરષહિં ફૂલ ॥ ૨૦૫॥

ત્રિવેણીનાં અનુકૂળ વચન સાંભળીને ભરતજીનું શરીર પુલકિત થઈ ગયું, હૃદયમાં હર્ષ છવાઈ ગયો. 'ભરતજી ધન્ય છે, ધન્ય છે' કહીને દેવતા હરખાઈને ફૂલ વરસાવવા લાગ્યા. ॥ ૨૦૫॥

ચૌ૦ – પ્રમુદિત તીરથરાજ નિવાસી। બૈખાનસ બટુ ગૃહી ઉદાસી ॥
કહહિં પરસપર મિલિ દસ પાઁચા। ભરત સનેહુ સીલુ સુચિ સાઁચા ॥ ૧॥

તીર્થરાજ પ્રયાગમાં રહેનારા વાનપ્રસ્થ, બ્રહ્મચારી, ગૃહસ્થ અને ઉદાસીન (સંન્યાસી) બધાંય ઘણા જ આનંદિત છે અને દસ-પાંચ મળીને પરસ્પર કહે છે કે ભરતજીનો પ્રેમ અને શીલ પવિત્ર અને સાચો છે. ॥ ૧॥

સુનત રામ ગુન ગ્રામ સુહાએ। ભરદ્વાજ મુનિબર પહિં આએ ॥
દંડ પ્રનામુ કરત મુનિ દેખે। મૂરતિમંત ભાગ્ય નિજ લેખે ॥ ૨॥

શ્રીરામચન્દ્રજીના સુંદર ગુણસમૂહોને સાંભળતાં જ તે મુનિશ્રેષ્ઠ ભરદ્વાજજીની પાસે આવ્યા. મુનિએ ભરતજીને દંડવત્ પ્રણામ કરતાં જોયા અને તેમને પોતાનું મૂર્તિમાન સૌભાગ્ય સમજ્યા. ॥ ૨॥

ધાઈ ઉઠાઇ લાઈ ઉર લીન્હે। દીન્હિ અસીસ કૃતારથ કીન્હે ॥
આસનુ દીન્હ નાઈ સિરુ બૈઠે। ચહત સકુચ ગૃહઁ જનુ ભજિ પૈઠે ॥ ૩॥

તેમણે દોડીને ભરતજીને ઉઠાવી હૃદયે ચાંપી દીધા અને આશીર્વાદ આપી કૃતાર્થ કર્યા. મુનિએ એમને આસન આપ્યું. તે માથું નમાવીને એવી રીતે બેઠા કે જાણે ભાગીને સંકોચના ઘરમાં પેસી જવા માગતા હોય. ॥ ૩॥

મુનિ પૂઁછબ કછુ યહ બડ઼ સોચૂ। બોલે રિષિ લખિ સીલુ સઁકોચૂ ॥
સુનહુ ભરત હમ સબ સુધિ પાઈ। બિધિ કરતબ પર કિછુ ન બસાઈ ॥ ૪॥

તેમના મનમાં એ મોટો શોક છે કે મુનિ કંઈક પૂછશે [તો હું શું ઉત્તર આપીશ]. ભરતજીનાં શીલ અને સંકોચને જોઈને ઋષિ ભરદ્વાજજી બોલ્યા – ભરત! સાંભળો, અમે બધી ખબર પામી ચૂક્યા છીએ. વિધાતાના કર્યા પર કોઈ વશ નથી ચાલતો. ॥ ૪॥

દો૦ – તુમ્હ ગલાનિ જિયઁ જનિ કરહુ સમુઝિ માતુ કરતૂતિ।
તાત કૈકઇહિ દોસુ નહિં ગઈ ગિરા મતિ ધૂતિ ॥ ૨૦૬॥

માતાની કરણીને સમજીને (યાદ કરીને) તમે હૃદયમાં ગ્લાનિ ન કરો. હે તાત! કૈકેયીનોય કોઈ દોષ નથી, તેની બુદ્ધિ તો સરસ્વતી બગાડી ગઈ હતી. ॥ ૨૦૬॥

ચૌ૦ – યહઉ કહત ભલ કહિહિ ન કોઊ। લોકુ બેદુ બુધ સંમત દોઊ ॥
તાત તુમ્હાર બિમલ જસુ ગાઈ। પાઇહિ લોકઉ બેદુ બડ઼ાઈ ॥ ૧॥

પણ આમ કહેવા છતાંય કોઈ ભલું નહીં કહે, કેમ કે લોકમત અને વેદમત બંનેય વિદ્વાનોને માન્ય છે. (લોક કહે છે કે કૈકેયી દોષી છે, વેદ કહે છે કે સરસ્વતીએ તેની મતિ ફેરવી માટે તે દોષી છે, સાથે સાથે એમ કહેવાય કે સરસ્વતીએ આવું શા માટે કર્યું? તો દેવોની પ્રેરણાથી. આ રીતે વેદમત અને

વિદ્વાનોના મતે કૈકેયી નિર્દોષ છે. છતાંય, લોકમતે દોષી છે પણ ભરત! તારા માટે એવી વાત નથી) હે તાત! તમારો નિર્મળ યશ ગાઈને તો લોક અને વેદ બંને મોટાઈ પામશે. ॥ ૧॥

લોક બેદ સંમત સબુ કહઈ। જેહિ પિતુ દેઇ રાજુ સો લહઈ॥
રાઉ સત્યબ્રત તુમ્હહિ બોલાઈ। દેત રાજુ સુખુ ધરમુ બડ઼ાઈ॥ ૨॥

આ તો લોક અને વેદ બંનેને માન્ય છે અને બધા એ જ કહે છે કે પિતા જેને રાજ્ય આપે એ જ પામે છે. રાજા સત્યવ્રતી હતા; તમને બોલાવીને રાજ્ય આપતા, તો સુખ મળત, ધર્મ રહેત અને મહત્તા મળત. ॥ ૨॥

રામ ગવનુ બન અનરથ મૂલા। જો સુનિ સકલ બિસ્વ ભઈ સૂલા॥
સો ભાવી બસ રાનિ અયાની। કરિ કુચાલિ અંતહુઁ પછિતાની॥ ૩॥

આખાય અનર્થનું મૂળ તો શ્રીરામચન્દ્રજીનું વનગમન છે, જેને સાંભળીને સમસ્ત સંસારને પીડા થઈ. તે શ્રીરામનું વનગમન પણ ભાવિવશ થયું. અણસમજુ રાણી તો ભાવિવશ કુચાલ કરીને અંતે પસ્તાઈ. ॥ ૩॥

તહઁઉઁ તુમ્હાર અલપ અપરાધૂ। કહૈ સો અધમ અયાન અસાધૂ॥
કરતેહુ રાજુ ત તુમ્હહિ ન દોષૂ। રામહિ હોત સુનત સંતોષૂ॥ ૪॥

તેમાં પણ તમારો કોઈ જરાક પણ અપરાધ કહે, તો તે અધમ, અજ્ઞાની અને અસાધુ (દુર્જન) છે. જો તમે રાજ્ય કરત તો પણ તમને દોષ ન લાગત. સાંભળીને શ્રીરામચન્દ્રજીને પણ સંતોષ જ થાત. ॥ ૪॥

દો૦ – અબ અતિ કીન્હેહુ ભરત ભલ તુમ્હહિ ઉચિત મત એહુ।
સકલ સુમંગલ મૂલ જગ રઘુબર ચરન સનેહુ॥ ૨૦૭॥

હે ભરત! હવે તો તમે ઘણું જ સારું કર્યું, આ જ મત તમારા માટે ઉચિત હતો. શ્રીરામચન્દ્રજીના ચરણોમાં પ્રેમ થવો એ જ સંસારમાં સમસ્ત મંગળોનું મૂળ છે. ॥ ૨૦૭॥

ચૌ૦ – સો તુમ્હાર ધનુ જીવનુ પ્રાના। ભૂરિ ભાગ કો તુમ્હહિ સમાના॥
યહ તુમ્હાર આચરજુ ન તાતા। દસરથ સુઅન રામ પ્રિય ભ્રાતા॥ ૧॥

તો તે (શ્રીરામચન્દ્રજીના ચરણોમાં પ્રેમ) તો તમારા માટે ધન, જીવન અને પ્રાણ જ છે; તમારા જેવો ધનભાગી કોણ છે? હે તાત! તમારા માટે આ આશ્ચર્યની વાત નથી. કેમ કે તમે દશરથજીના પુત્ર અને શ્રીરામજીના પ્રિય ભાઈ છો. ॥ ૧॥

સુનહુ ભરત રઘુબર મન માહીં। પેમ પાત્રુ તુમ્હ સમ કોઉ નાહીં॥
લખન રામ સીતહિ અતિ પ્રીતી। નિસિ સબ તુમ્હહિ સરાહત બીતી॥ ૨॥

હે ભરત! સાંભળો, શ્રીરામચન્દ્રજીના મનમાં તમારા જેવો પ્રેમપાત્ર બીજો કોઈ નથી. લક્ષ્મણજી, શ્રીરામજી અને સીતાજી ત્રણેયની આખી રાત્રિ તે દિવસે અત્યંત પ્રેમ સાથે તમારી પ્રશંસા કરતાં જ વીતી. ॥ ૨॥

જાના મરમુ નહાત પ્રયાગા। મગન હોહિં તુમ્હરેં અનુરાગા॥
તુમ્હ પર અસ સનેહુ રઘુબર કેં। સુખ જીવન જગ જસ જડ઼ નર કેં॥૩॥

પ્રયાગરાજમાં જ્યારે તે સ્નાન કરી રહ્યા હતા, તે સમયે મેં એમનો આ મર્મ જાણ્યો. એ તમારા પ્રેમમાં મગ્ન થઈ રહ્યા હતા. તમારા પર શ્રીરામજીનો એવો અગાધ સ્નેહ છે જેવો મૂર્ખ વિષયાસક્ત મનુષ્યનો સંસારમાં સુખમય જીવન પર હોય છે. (પ્રયાગરાજમાં સ્નાન કરતી વખતે તીર્થપુરોહિતો દ્વારા સંકલ્પ કરાવતી વેળાએ 'જમ્બુદ્વીપે, ભરતખંડે' – ભરતનું નામ સાંભળતાં જ શ્રીરામજી તારા પ્રેમમાં ડૂબી ગયા અને તારું નામ લઈ - લઈને ડૂબકી લગાવી આનંદવિભોર થઈ રહ્યા હતા – સમસ્ત પ્રયાગ આ મર્મને જાણે છે.) ॥૩॥

યહ ન અધિક રઘુબીર બડ઼ાઈ। પ્રનત કુટુંબ પાલ રઘુરાઈ॥
તુમ્હ તૌ ભરત મોર મત એહૂ। ધરેં દેહ જનુ રામ સનેહૂ॥૪॥

આ શ્રીરઘુનાથજીની કંઈ ઘણી મોટાઈ નથી. કેમ કે શ્રીરઘુનાથજી તો શરણાગતના આખાય કુટુંબને પાળનારા છે. હે ભરત! મારો તો આ મત છે કે તમે તો જાણે શરીરધારી શ્રીરામજીના મૂર્તિમંત પ્રેમ જ છો. ॥૪॥

દો૦ – તુમ્હ કહઁ ભરત કલંક યહ હમ સબ કહઁ ઉપદેસુ।
રામ ભગતિ રસ સિદ્ધિ હિત ભા યહ સમઉ ગનેસુ॥૨૦૮॥

હે ભરત! તમારા માટે આ કલંક છે, પણ અમારા બધા માટે તો ઉપદેશ-આદર્શ છે. શ્રીરામભક્તિરૂપી રસની સિદ્ધિને માટે આ સમય ગણેશ (ઘણો શુભ) થયો છે. (આજે અમે તમારી પાસેથી રામભક્તિ કઈ રીતે થાય તે શીખ્યા છીએ) ॥૨૦૮॥

ચૌ૦ – નવ બિધુ બિમલ તાત જસુ તોરા। રઘુબર કિંકર કુમુદ ચકોરા॥
ઉદિત સદા અઁથઈહિ કબહૂઁ ના। ઘટિહિ ન જગ નભ દિન દિન દૂના॥૧॥

હે તાત! તમારો યશ નિર્મળ નવીન ચન્દ્રમા છે અને શ્રીરામચન્દ્રજીના દાસ કુમુદ અને ચકોર છે. [તે ચન્દ્રમા તો પ્રતિદિન અસ્ત થાય છે અને ઘટે છે, જેથી કુમુદ અને ચકોરને દુઃખ થાય છે]; પરંતુ તમારો આ યશરૂપી ચન્દ્ર સદા ઉદય રહેશે, ક્યારેય અસ્ત થશે જ નહીં. જગતરૂપી આકાશમાં એ ઘટશે નહીં, પણ દિવસે દિવસે બમણો થશે. ॥૧॥

કોક તિલોક પ્રીતિ અતિ કરિહી। પ્રભુ પ્રતાપ રબિ છબિહિ ન હરિહી॥
નિસિ દિન સુખદ સદા સબ કાહૂ। ગ્રસિહિ ન કૈકઇ કરતબુ રાહૂ॥૨॥

ત્રૈલોક્યરૂપી ચકવો આ યશરૂપી ચન્દ્રમાને અત્યંત પ્રેમ કરશે (અર્થાત્ ત્રિલોકી તમને પ્રેમ કરશે.) અને પ્રભુ શ્રીરામચન્દ્રજીનો પ્રતાપરૂપી સૂર્ય આની શોભાનું હરણ નહીં કરે. અર્થાત્ રામ પણ તમને સ્નેહ કરશે. આ તમારો યશરૂપી ચન્દ્રમા રાત-દિવસ સદાય સર્વે કોઈને સુખ આપનાર થશે. કૈકેયીનો કુકર્મરૂપી રાહુ એનો ગ્રાસ નહીં કરે. ॥૨॥

પૂરન રામ સુપેમ પિયૂષા। ગુર અવમાન દોષ નહિં દૂષા॥
રામ ભગત અબ અમિઅઁ અઘાહૂઁ। કીન્હેહુ સુલભ સુધા બસુધાહૂઁ॥૩॥

આ ચન્દ્રમા શ્રીરામચન્દ્રજીના સુંદર પ્રેમરૂપી અમૃતથી પૂર્ણ છે. ગુરુના અપમાનરૂપી દોષથી એ દૂષિત નથી. તમે આ યશરૂપી ચન્દ્રમાની સૃષ્ટિ કરીને પૃથ્વી પર પણ અમૃતને સુલભ કરી દીધું. હવે, શ્રીરામચન્દ્રજીના ભક્ત આ અમૃતથી તૃપ્ત થઈ જશે. ॥૩॥

ભૂપ ભગીરથ સુરસરિ આની। સુમિરત સકલ સુમંગલ ખાની॥
દસરથ ગુન ગન બરનિ ન જાહીં। અધિકુ કહા જેહિ સમ જગ નાહીં॥૪॥

રાજા ભગીરથ ગંગાજીને લાવ્યા, જેનું (ગંગાજીનું) સ્મરણ જ સંપૂર્ણ સુંદર મંગળોની ખાણ છે. દશરથજીના ગુણસમૂહોનું તો વર્ણન કરી જ નથી શકાતું, અધિક શું? જેમની સરખામણીએ જગતમાં કોઈ નથી. ॥૪॥

દો૦ – જાસુ સનેહ સકોચ બસ રામ પ્રગટ ભએ આઇ।
જે હર હિય નયનનિ કબહુઁ નિરખે નહીં અઘાઇ॥૨૦૯॥

જેમના પ્રેમ અને સંકોચ(શીલ)ને વશમાં થઈને સ્વયં [સચ્ચિદાનંદઘન] ભગવાન શ્રીરામ આવીને પ્રગટ થયા, જેમને શ્રીમહાદેવજી પોતાના હૃદયનાં નેત્રોથી ક્યારેય ધરાઈને જોઈ નથી શક્યા (અર્થાત્ જેમનું સ્વરૂપ હૃદયમાં જોતાં-જોતાં શિવજી ક્યારેય તૃપ્ત ન થયા). ॥૨૦૯॥

ચૌ૦ – કીરતિ બિધુ તુમ્હ કીન્હ અનૂપા। જહઁ બસ રામ પેમ મૃગરૂપા॥
તાત ગલાનિ કરહુ જિયઁ જાએઁ। ડરહુ દરિદ્રહિ પારસુ પાએઁ॥૧॥

[પરંતુ એમનાથી પણ ચઢિયાતો] તમે કીર્તિરૂપી અનુપમ ચન્દ્રને ઉત્પન્ન કર્યો, જેમાં શ્રીરામપ્રેમ જ હરણના [ચિહ્ન] રૂપે વસે છે. હે તાત! તમે વ્યર્થ જ હૃદયમાં ગ્લાનિ કરી રહ્યા છો. પારસ પામીને પણ તમે દરિદ્રતાથી ડરી રહ્યા છો! ॥૧॥

સુનહુ ભરત હમ ઝૂઠ ન કહહીં। ઉદાસીન તાપસ બન રહહીં॥
સબ સાધન કર સુફલ સુહાવા। લખન રામ સિય દરસનુ પાવા॥૨॥

હે ભરત! સાંભળો, અમે જૂઠું નથી કહેતા. અમે ઉદાસીન (તટસ્થ) છીએ (કોઈનો પક્ષ નથી લેતા), તપસ્વી છીએ (કોઈનું મુખદેખ્યું નથી કહેતા) અને વનમાં રહીએ છીએ (કોઈથી પણ કંઈ પ્રયોજન નથી રાખતા). સર્વે સાધનોના ઉત્તમ ફળરૂપે અમને લક્ષ્મણ, શ્રીરામજી અને સીતાજીનાં દર્શન પ્રાપ્ત થયાં; ॥૨॥

તેહિ ફલ કર ફલુ દરસ તુમ્હારા। સહિત પયાગ સુભાગ હમારા॥
ભરત ધન્ય તુમ્હ જસુ જગુ જયઊ। કહિ અસ પેમ મગન મુનિ ભયઊ॥૩॥

[સીતા-લક્ષ્મણસહિત શ્રીરામદર્શનરૂપ] તે મહાન ફળનું પરમફળ આ તમારાં દર્શન છે! પ્રયાગરાજસહિત અમારાં ધનભાગ્ય છે. હે ભરત! તમે ધન્ય છો, તમે પોતાના યશથી જગતને જીતી લીધું છે. આમ કહીને મુનિ ભરતજીના પ્રેમમાં મગ્ન થઈ ગયા. ॥૩॥

સુનિ મુનિ બચન સભાસદ હરષે । સાધુ સરાહિ સુમન સુર બરષે ॥
ધન્ય ધન્ય ધુનિ ગગન પયાગા । સુનિ સુનિ ભરતુ મગન અનુરાગા ॥ ૪॥

ભરદ્વાજ મુનિનાં વચન સાંભળીને સભાસદ હર્ષિત થઈ ગયા. 'સાધુ-સાધુ' કહીને પ્રશંસા કરતાં દેવોએ ફૂલ વરસાવ્યાં. આકાશમાં અને પ્રયાગરાજમાં 'ધન્ય, ધન્ય'નો ધ્વનિ સાંભળી-સાંભળીને ભરતજી પ્રેમમાં મગ્ન થઈ રહ્યા છે. ॥ ૪॥

દો૦ – પુલક ગાત હિયઁ રામુ સિય સજલ સરોરુહ નૈન ।
કરિ પ્રનામુ મુનિ મંડલિહિ બોલે ગદગદ બૈન ॥ ૨૧૦॥

ભરતજીનું શરીર પુલકિત છે, હૃદયમાં શ્રીસીતારામજી છે અને કમળ સમાન નેત્ર [પ્રેમાશ્રુના] જળથી ભરાયેલાં છે. તે મુનિઓની મંડળીને પ્રણામ કરી ગદ્ગદ વચન બોલ્યા – ॥ ૨૧૦॥

ચૌ૦ – મુનિ સમાજુ અરુ તીરથરાજૂ । સાઁચિહુઁ સપથ અઘાઈ અકાજૂ ॥
એહિં થલ જૌં કિછુ કહિઅ બનાઈ । એહિ સમ અધિક ન અઘ અધમાઈ ॥ ૧॥

મુનિઓનો સમાજ છે અને વળી તીર્થરાજ છે. અહીં સાચા સોગંદ ખાવાથીય ભરપૂર હાનિ થાય છે. આ સ્થળે જો કંઈક બનાવીને કહેવામાં આવે, તો એના જેવું કોઈ મોટું પાપ અને નીચતા નહીં હોય. ॥ ૧॥

તુમ્હ સર્બગ્ય કહઉઁ સતિભાઊ । ઉર અંતરજામી રઘુરાઊ ॥
મોહિ ન માતુ કરતબ કર સોચૂ । નહિં દુખુ જિયઁ જગુ જાનિહિ પોચૂ ॥ ૨॥

હું ખરા ભાવથી કહું છું. આપ સર્વજ્ઞ છો અને શ્રીરઘુનાથજી હૃદયના અંદરનું જાણનારા છે (હું કંઈ પણ અસત્ય કહીશ તો આપથી અને એમનાથી છૂપું નહિ રહી શકે). મને માતા કૈકેયીની કરણીનો કંઈ પણ શોક નથી અને મારા મનમાં એ વાતનું પણ કોઈ દુઃખ નથી કે જગત મને નીચ સમજશે. ॥ ૨॥

નાહિન ડરુ બિગરિહિ પરલોકૂ । પિતહુ મરન કર મોહિ ન સોકૂ ॥
સુકૃત સુજસ ભરિ ભુવન સુહાએ । લછિમન રામ સરિસ સુત પાએ ॥ ૩॥

એ ડર પણ નથી કે મારો પરલોક બગડી જશે અને ન તો પિતાજીના મૃત્યુનોય મને શોક છે. કેમકે એમનું સુંદર પુણ્ય અને સુયશ વિશ્વભરમાં સુશોભિત છે. તેઓ શ્રીરામ-લક્ષ્મણ જેવા પુત્ર પામ્યા. ॥ ૩॥

રામ બિરહઁ તજિ તનુ છનભંગૂ । ભૂપ સોચ કર કવન પ્રસંગૂ ॥
રામ લખન સિય બિનુ પગ પનહીં । કરિ મુનિ બેષ ફિરહિં બન બનહીં ॥ ૪॥

વળી, જેમણે શ્રીરામચન્દ્રજીના વિરહમાં પોતાના ક્ષણભંગુર શરીરને ત્યાગી દીધું, એવા રાજાને માટે શોક કરવાનો કયો પ્રસંગ છે? [શોક એ વાતનો છે કે] શ્રીરામજી, લક્ષ્મણજી અને સીતાજી પગમાં વગર પગરખે મુનિઓનો વેષ બનાવી વન-વનમાં ફરે છે. ॥ ૪॥

દો૦ – અજિન બસન ફલ અસન મહિ સયન ડાસિ કુસ પાત ।
બસિ તરુ તર નિત સહત હિમ આતપ બરષા બાત ॥ ૨૧૧॥

તેઓ મૃગચર્મ અને વલ્કલ વસ્ત્ર પહેરે છે, ફળોનું ભોજન કરે છે, પૃથ્વી ઉપર દર્ભ અને પાંદડાં પાથરીને સૂવે છે અને વૃક્ષોની નીચે નિવાસ કરીને નિત્ય ઠંડી, ગર્મી, વર્ષા અને પવન સહે છે. ॥ ૨૧૧॥

ચૌ૦ – એહિ દુખ દાહઁ દહઇ દિન છાતી । ભૂખ ન બાસર નીદ ન રાતી ॥
એહિ કુરોગ કર ઔષધુ નાહીં । સોધેઉઁ સકલ બિસ્વ મન માહીં ॥ ૧॥

આ દુઃખની બળતરાથી નિરંતર મારી છાતી બળતી રહે છે. મને ન તો દિવસે ભૂખ લાગે છે, ન તો રાત્રે નિંદ્રા આવે છે. મેં મનમાં ને મનમાં સમસ્ત વિશ્વમાં શોધ કરી, પણ આ કુરોગનું ઔષધ ક્યાંય નથી. ॥ ૧॥

માતુ કુમત બઢ઼ઈ અઘ મૂલા । તેહિં હમાર હિત કીન્હ બઁસૂલા ॥
કલિ કુકાઠ કર કીન્હ કુજંત્રૂ । ગાડ઼િ અવધિ પઢ઼િ કઠિન કુમંત્રૂ ॥ ૨॥

માતાનો કુમત (બૂરો વિચાર) પાપોનો મૂળ સુથાર છે. તેણે મારા હિતનો વાંસલો બનાવ્યો. તેનાથી કલહરૂપી કુકાઠ (ખરાબ લાકડાનું)નું કુયન્ત્ર બનાવ્યું અને ચૌદ વર્ષની અવધિરૂપી કઠણ કુમન્ત્ર ભણીને તે યન્ત્રને દાટી દીધું. [અહીં માતાનો કુવિચાર સુથાર છે, ભરતને રાજ્ય તે વાંસલો છે અને રામનો વનવાસ કુયન્ત્ર છે અને ચૌદ વર્ષની અવધિ કુમન્ત્ર છે.] ॥ ૨॥

મોહિ લગિ યહુ કુઠાટુ તેહિં ઠાટા । ઘાલેસિ સબ જગુ બારહબાટા ॥
મિટઇ કુજોગુ રામ ફિરિ આએઁ । બસઇ અવધ નહિં આન ઉપાએઁ ॥ ૩॥

મારા માટે તેણે આ આખોય કુઠાઠ (દુષ્ટ સાજ) રચ્યો અને આખા જગતને છિન્નભિન્ન (બારહબાટા) કરીને નષ્ટ કરી નાખ્યું. આ કુયોગ શ્રીરામચન્દ્રજીના પાછા ફરવાથી જ મટી શકે છે અને પછી અયોધ્યા વસી શકે છે, બીજા કોઈ ઉપાયે નહીં. ॥ ૩॥

ભરત બચન સુનિ મુનિ સુખુ પાઈ । સબહિં કીન્હિ બહુ ભાઁતિ બડ઼ાઈ ॥
તાત કરહુ જનિ સોચુ બિસેષી । સબ દુખુ મિટિહિ રામ પગ દેખી ॥ ૪॥

ભરતજીનાં વચન સાંભળીને મુનિએ સુખ મેળવ્યું અને દરેકે એમની ઘણી રીતે પ્રશંસા કરી. [મુનિએ કહ્યું –] હે તાત! વધુ શોક ન કરો. શ્રીરામચન્દ્રજીના ચરણોનાં દર્શન કરતાં જ બધું દુઃખ મટી જશે. ॥ ૪॥

દો૦ – કરિ પ્રબોધુ મુનિબર કહેઉ અતિથિ પેમપ્રિય હોહુ ।
કંદ મૂલ ફલ ફૂલ હમ દેહિં લેહુ કરિ છોહુ ॥ ૨૧૨॥

આ રીતે મુનિશ્રેષ્ઠ ભરદ્વાજજીએ તેમનું સમાધાન કરીને કહ્યું – હવે, આપ લોકો અમારા પ્રેમપ્રિય અતિથિ બનો અને કૃપા કરીને કંદ-મૂળ, ફળ-ફૂલ જે કંઈ અમે આપીએ, તેનો સ્વીકાર કરો. ॥ ૨૧૨॥

ચૌ૦ – સુનિ મુનિ બચન ભરત હિયઁ સોચૂ। ભયઉ કુઅવસર કઠિન સઁકોચૂ॥
જાનિ ગરુઈ ગુર ગિરા બહોરી। ચરન બંદિ બોલે કર જોરી॥ ૧॥

મુનિનાં વચન સાંભળીને ભરતના હૃદયમાં શોક થયો કે આ કટાણે ઘણો કઠિન સંકોચ આવી પડ્યો. વળી, ગુરુજનોની વાણીને મહત્ત્વપૂર્ણ (આદરણીય) સમજીને, ચરણોની વંદના કરીને હાથ જોડી બોલ્યા – ॥ ૧॥

સિર ધરિ આયસુ કરિઅ તુમ્હારા। પરમ ધરમ યહુ નાથ હમારા॥
ભરત બચન મુનિબર મન ભાએ। સુચિ સેવક સિષ નિકટ બોલાએ॥ ૨॥

હે નાથ! આપની આજ્ઞાને સિરે ચઢાવી એનું પાલન કરવું – એ અમારો પરમ ધર્મ છે. ભરતજીનાં આ વચન મુનિશ્રેષ્ઠના મનને ઘણાં ગમ્યાં. તેમણે વિશ્વાસપાત્ર સેવકો અને શિષ્યોને પાસે બોલાવ્યા. ॥ ૨॥

ચાહિઅ કીન્હિ ભરત પહુનાઈ। કંદ મૂલ ફલ આનહુ જાઈ॥
ભલેહિં નાથ કહિ તિન્હ સિર નાએ। પ્રમુદિત નિજ નિજ કાજ સિધાએ॥ ૩॥

[અને કહ્યું કે] ભરતની પરોણાગત કરવી જોઈએ. જઈને કંદ, મૂળ અને ફળ લાવો. તેમણે હે નાથ! ઘણું 'સારું' કહીને શીશ નમાવ્યાં અને પછી તે ઘણા આનંદિત થઈને પોતપોતાના કામે ચાલી નીકળ્યા. ॥ ૩॥

મુનિહિ સોચ પાહુન બડ઼ નેવતા। તસિ પૂજા ચાહિઅ જસ દેવતા॥
સુનિ રિધિ સિધિ અનિમાદિક આઈ। આયસુ હોઈ સો કરહિં ગોસાઈં॥ ૪॥

મુનિને ચિંતા થઈ કે અમે ઘણા મોટા મહેમાનોને નિમંત્ર્યા છે. હવે જેવા દેવ હોય, તેવી જ એમની પૂજા પણ થવી જોઈએ. આ સાંભળીને રિદ્ધિઓ અને અણિમાદિ સિદ્ધિઓ આવી ગઈ [અને બોલી –] હે ગોસાઈં! જેવી આપની આજ્ઞા હોય એવું અમે કરીએ. ॥ ૪॥

દો૦ – રામ બિરહ બ્યાકુલ ભરતુ સાનુજ સહિત સમાજ।
પહુનાઈ કરિ હરહુ શ્રમ કહા મુદિત મુનિરાજ॥ ૨૧૩॥

મુનિરાજે પ્રસન્ન થઈને કહ્યું – નાના ભાઈ શત્રુઘ્ન અને સમાજસહિત ભરતજી શ્રીરામચન્દ્રજીના વિરહમાં વ્યાકુળ છે, એમનો આતિથ્ય-સત્કાર પરોણાગત કરીને એમના શ્રમને દૂર કરો. ॥ ૨૧૩॥

ચૌ૦ – રિધિ સિધિ સિર ધરિ મુનિબર બાની। બડ઼ભાગિનિ આપુહિ અનુમાની॥
કહહિં પરસપર સિધિ સમુદાઈ। અતુલિત અતિથિ રામ લઘુ ભાઈ॥ ૧॥

રિદ્ધિ-સિદ્ધિઓ મુનિરાજની આજ્ઞાને માથે ચઢાવી પોતાને મોટી ભાગ્યશાળી જાણી. સર્વે સિદ્ધિઓ પરસ્પર કહેવા લાગી - શ્રીરામચન્દ્રજીના નાના ભાઈ ભરત એવા અતિથિ છે, જેમની સરખામણીએ કોઈ આવી નથી શકતા. ॥ ૧॥

મુનિ પદ બંદિ કરિઅ સોઈ આજૂ । હોઈ સુખી સબ રાજ સમાજૂ ॥
અસ કહિ રચેઉ રુચિર ગૃહ નાના । જેહિ બિલોકિ બિલખાહિં બિમાના ॥ ૨॥

માટે મુનિના ચરણોની વંદના કરીને આજે એવું જ કરવું જોઈએ કે જેથી સમસ્ત રાજસમાજ સુખી થાય. આમ કહીને તેમણે ઘણાં જ સુંદર ઘરો બનાવ્યાં, જેમને જોઈને વિમાન પણ લજાઈ જાય છે. ॥ ૨॥

ભોગ બિભૂતિ ભૂરિ ભરિ રાખે । દેખત જિન્હહિ અમર અભિલાષે ॥
દાસીં દાસ સાજુ સબ લીન્હેં । જોગવત રહહિં મનહિ મનુ દીન્હેં ॥ ૩॥

તે ઘરોમાં ઘણા જ ભોગ (ઇન્દ્રિયોના વિષય) અને ઐશ્વર્ય(ઠાઠ-માઠ)નો સામાન ભરીને મૂકી દીધો, જેને જોઈને દેવો પણ લલચાઈ ગયા. દાસી-દાસ સર્વે પ્રકારની સામગ્રી લઈ મન દઈને તેમનાં મનોને જોતાં રહે છે (અર્થાત્ તેમના મનની રુચિ પ્રમાણે કરતાં રહે છે). ॥ ૩॥

સબ સમાજુ સજિ સિધિ પલ માહીં । જે સુખ સુરપુર સપનેહુઁ નાહીં ॥
પ્રથમહિં બાસ દિએ સબ કેહી । સુંદર સુખદ જથા રુચિ જેહી ॥ ૪॥

જે સુખનો સામાન સ્વર્ગમાં પણ સપનેય નથી એવો સર્વે સામાન સિદ્ધિઓએ પળભરમાં હાજર કરી દીધો. પ્રથમ તો તેમણે હર કોઈને, (અયોધ્યાથી આવેલાઓની) જેની જેવી રુચિ હતી એવા જ સુંદર સુખદાયક નિવાસસ્થાન આપ્યાં. ॥ ૪॥

દો૦ – બહુરિ સપરિજન ભરત કહુઁ રિષિ અસ આયસુ દીન્હ ।
બિધિ બિસમય દાયકુ બિભવ મુનિબર તપબલ કીન્હ ॥ ૨૧૪॥

અને પછી પરિવારસહિત ભરતજીને નિવાસસ્થાન આપ્યાં, કારણ કે ઋષિ ભરદ્વાજજીએ એવી જ આજ્ઞા આપી હતી. [ભરતજી ઇચ્છતા હતા કે એમના બધા સાથીઓને આરામ મળે, એટલે એમના મનની વાત જાણીને મુનિએ પ્રથમ તે લોકોને સ્થાન આપીને પછી સપરિવાર ભરતજીને સ્થાન આપવા માટે આજ્ઞા આપી હતી.] મુનિશ્રેષ્ઠે તપોબળથી બ્રહ્માને પણ ચકિત કરી દેનાર વૈભવ રચી નાખ્યો. ॥ ૨૧૪॥

ચૌ૦ – મુનિ પ્રભાઉ જબ ભરત બિલોકા । સબ લઘુ લગે લોકપતિ લોકા ॥
સુખ સમાજુ નહિં જાઈ બખાની । દેખત બિરતિ બિસારહિં ગ્યાની ॥ ૧॥

જ્યારે ભરતજીએ મુનિના પ્રભાવને નિહાળ્યો, તો એની સામે એમને [ઇન્દ્ર, વરુણ, યમ, કુબેર આદિ] બધા લોકપાળોના લોક તુચ્છ જણાયા. સુખની સામગ્રીનું વર્ણન નથી થઈ શકતું, જેને જોઈને જ્ઞાની લોકો પણ વૈરાગ્ય ભૂલી જાય છે. ॥ ૧॥

આસન સયન સુબસન બિતાના । બન બાટિકા બિહગ મૃગ નાના ॥
સુરભિ ફૂલ ફલ અમિઅ સમાના । બિમલ જલાસય બિબિધ બિધાના ॥ ૨॥

આસન, સેજ, સુંદર વસ્ત્ર, ચંદરવા, વન, બગીચા, જાતજાતનાં પક્ષી અને પશુ, સુગંધિત ફૂલ અને અમૃત સમાન સ્વાદિષ્ટ ફળ, અનેક પ્રકારનાં (તળાવ, કૂવા, વાવ આદિ) નિર્મળ જળાશય; ॥ ૨॥

અસન પાન સુચિ અમિઅ અમી સે। દેખિ લોગ સકુચાત જમી સે॥
સુર સુરભી સુરતરુ સબહી કેં। લખિ અભિલાષુ સુરેસ સચી કેં॥૩॥

તથા અમૃતને પણ અમૃત લાગે તેવા સ્વાદિષ્ટ અને પવિત્ર ખાન-પાનના પદાર્થ હતા, જેને જોઈને રામવિયોગમાં વ્રત રાખનારા બધા અયોધ્યાવાસીઓ સંયમી વિરક્ત મુનિઓની જેમ સંકોચાઈ રહ્યા છે (એટલે કે સંયમીઓ જેમ વ્રતભંગ થવાના ડરથી ભોગગ્રહણ કરવામાં સંકોચાય છે તેવી રીતે બધા જ અયોધ્યાવાસી સંકોચાઈ રહ્યા છે). બધાના ઉતારાઓમાં મનવાંછિત વસ્તુ આપનાર કામધેનુ અને કલ્પવૃક્ષ છે, જેને જોઈને ઇન્દ્ર અને ઇન્દ્રાણીને પણ અભિલાષા થાય છે (તેમનું મન પણ લલચાઈ જાય છે). ॥૩॥

રિતુ બસંત બહ ત્રિબિધ બયારી। સબ કહઁ સુલભ પદારથ ચારી॥
સ્રક ચંદન બનિતાદિક ભોગા। દેખિ હરષ બિસમય બસ લોગા॥૪॥

વસંત ઋતુ છે. શીતળ, મંદ, સુગંધ ત્રણેય પ્રકારની હવા વહી રહી છે. બધાને [ધર્મ, અર્થ, કામ અને મોક્ષ] ચારેય પદાર્થ સુલભ છે. માળા, ચંદન, સ્ત્રી આદિ ભોગોને જોઈને સર્વે લોકો હર્ષ અને વિસ્મયને વશ થઈ રહ્યા છે. ॥૪॥

દો૦ – સંપતિ ચકઈ ભરતુ ચક મુનિ આયસ ખેલવાર।
તેહિ નિસિ આશ્રમ પિંજરાઁ રાખે ભા ભિનુસાર॥૨૧૫॥

સમ્પતિ (ભોગ-વિલાસની સામગ્રી) ચકવી છે અને ભરતજી ચકવા છે અને મુનિની આજ્ઞા ખેલાડી - નટ છે, જેણે એ રાત્રે આશ્રમરૂપી પિંજરામાં બંનેને બંધ કરી રાખ્યાં અને આમ જ સવાર થઈ ગયું. [જેમ એક પિંજરામાં રાખવા છતાંય ચકવી-ચકવાનો રાત્રે સંયોગ નથી થતો, તેવી જ રીતે ભરદ્વાજજીની આજ્ઞાથી સમસ્ત રાત્રિ ભોગ-સામગ્રીઓની સાથે રહેવા છતાંય ભરતજીએ મનથીય તેમનો સ્પર્શ સુદ્ધાં કર્યો નથી.] ॥૨૧૫॥

માસપારાયણ, ઓગણીસમો વિશ્રામ

ચૌ૦ – કીન્હ નિમજ્જનુ તીરથરાજા। નાઇ મુનિહિ સિરુ સહિત સમાજા॥
રિષિ આયસુ અસીસ સિર રાખી। કરિ દંડવત બિનય બહુ ભાષી॥૧॥

[પ્રાતઃકાળે] ભરતજીએ તીર્થરાજમાં સ્નાન કર્યું અને સમાજસહિત મુનિને શીશ નમાવી અને ઋષિની આજ્ઞા તથા આશીર્વાદને સિરે ચઢાવી દંડવત્ કરીને ઘણી વિનંતી કરી. ॥૧॥

પથ ગતિ કુસલ સાથ સબ લીન્હેં। ચલે ચિત્રકૂટહિં ચિતુ દીન્હેં॥
રામસખા કર દીન્હેં લાગૂ। ચલત દેહ ધરિ જનુ અનુરાગૂ॥૨॥

તત્પશ્ચાત્ માર્ગને જાણનારા ભોમિયા લોકો(કુશળ પથપ્રદર્શકો)ની સાથે સર્વે લોકોને લઈ ભરતજી ચિત્રકૂટમાં ચિત્ત જોડીને ચાલ્યા. ભરતજી રામસખા ગુહના હાથમાં હાથ મૂકીને એવા જઈ રહ્યા છે, જાણે સાક્ષાત્ પ્રેમે જ શરીર ધારણ કર્યું હોય. ॥૨॥

નહિં પદ ત્રાન સીસ નહિં છાયા। પેમુ નેમુ બ્રતુ ધરમુ અમાયા॥
લખન રામ સિય પંથ કહાની। પૂઁછત સખહિ કહત મૃદુ બાની॥ ૩॥

ન તો એમના પગમાં પગરખાં છે અને નથી સિર પર છાયા. તેમના પ્રેમ, નિયમ, વ્રત અને ધર્મ નિષ્કપટ છે. તેઓ સખા નિષાદરાજને લક્ષ્મણજી, શ્રીરામચન્દ્રજી અને સીતાજીના માર્ગની વાતો પૂછે છે અને તે કોમળ વાણીથી કહે છે. ॥ ૩॥

રામ બાસ થલ બિટપ બિલોકેં। ઉર અનુરાગ રહત નહિં રોકેં॥
દેખિ દસા સુર બરિસહિં ફૂલા। ભઈ મૃદુ મહિ મગુ મંગલ મૂલા॥ ૪॥

શ્રીરામચન્દ્રજીના ઊતરવાનાં સ્થળો અને વૃક્ષોને જોઈને તેમના હૃદયમાં પ્રેમ રોક્યો નથી રોકાતો. ભરતજીની આ દશા જોઈને દેવો ફૂલ વરસાવવા લાગ્યા. પૃથ્વી કોમળ થઈ ગઈ અને માર્ગ મંગળનો મૂળ બની ગયો. ॥ ૪॥

દો૦ – કિએઁ જાહિં છાયા જલદ સુખદ બહઈ બર બાત।
તસ મગુ ભયઉ ન રામ કહઁ જસ ભા ભરતહિ જાત॥ ૨૧૬॥

વાદળા છાયા કર્યે જઈ રહ્યાં છે, સુખ આપનાર સુંદર હવા વહી રહી છે. ભરતજીને જતી વખતે માર્ગ જેવો સુખદાયક થયો, તેવો શ્રીરામચન્દ્રજીને પણ થયો ન હતો. ॥ ૨૧૬॥

ચૌ૦ – જડ઼ ચેતન મગ જીવ ઘનેરે। જે ચિતએ પ્રભુ જિન્હ પ્રભુ હેરે॥
તે સબ ભએ પરમ પદ જોગૂ। ભરત દરસ મેટા ભવ રોગૂ॥ ૧॥

માર્ગમાં અસંખ્ય જડ-ચેતન જીવો હતા. તેમાંથી જેમને પ્રભુ શ્રીરામચન્દ્રજીએ જોયા, અથવા જેમણે પ્રભુ શ્રીરામચન્દ્રજીને જોયા તે સર્વે [એ જ વખતે] પરમપદના અધિકારી થઈ ગયા. પરંતુ હવે ભરતજીનાં દર્શને તો એમનો ભવ(જન્મ-મરણ)રૂપી રોગ મટાડી દીધો. [શ્રીરામદર્શનથી તો તે પરમપદના અધિકારી જ થયા હતા, પરંતુ ભરતદર્શનથી તેમને પરમપદ પ્રાપ્ત થઈ ગયું]. ॥ ૧॥

યહ બડ઼િ બાત ભરત કઇ નાહીં। સુમિરત જિનહિ રામુ મન માહીં॥
બારક રામ કહત જગ જેઊ। હોત તરન તારન નર તેઊ॥ ૨॥

ભરતજીને માટે આ કોઈ મોટી વાત નથી; જેમને શ્રીરામજી સ્વયં પોતાના મનમાં સ્મરણ કરતાં રહે છે. જગતમાં જે પણ મનુષ્ય એક વાર 'રામ' કહી લે છે, તે પણ તરવા-તારવાવાળા થઈ જાય છે! ॥ ૨॥

ભરતુ રામ પ્રિય પુનિ લઘુ ભ્રાતા। કસ ન હોઇ મગુ મંગલદાતા॥
સિદ્ધ સાધુ મુનિબર અસ કહહીં। ભરતહિ નિરખિ હરષુ હિયઁ લહહીં॥ ૩॥

વળી, ભરતજી તો શ્રીરામચન્દ્રજીના પ્રિય તથા તેમના નાના ભાઈ રહ્યા. તો ભલા! એમને માટે માર્ગ મંગળ(સુખ)દાયક કેમ ન થાય? સિદ્ધ, સાધુ અને શ્રેષ્ઠ મુનિ આવું કહી રહ્યા છે અને ભરતજીને જોઈ હૃદયમાં હર્ષ-લાભ કરે છે. ॥ ૩॥

દેખિ પ્રભાઉ સુરેસહિ સોચૂ। જગુ ભલ ભલેહિ પોચ કહુઁ પોચૂ॥
ગુર સન કહેઉ કરિઅ પ્રભુ સોઈ। રામહિ ભરતહિ ભેટ ન હોઈ॥૪॥

ભરતજીના [આ પ્રેમના] પ્રભાવને જોઈને દેવરાજ ઈન્દ્રને શોક થઈ ગયો [કે ક્યાંક આમના પ્રેમવશ શ્રીરામજી પાછા ફરી ન જાય અને અમારું બન્યું-બનાવ્યું કાર્ય બગડી જાય]. સંસાર ભલાના માટે ભલો અને નરસા માટે નરસો છે (મનુષ્ય જેવો પોતે હોય છે, જગત તેને એવું જ દેખાય છે). તેણે ગુરુ બૃહસ્પતિજીને કહ્યું – હે પ્રભો! એવો ઉપાય કરો કે જેથી શ્રીરામચન્દ્રજી અને ભરતજીનો મેળાપ જ ન થાય. ॥૪॥

દો૦ – રામુ સઁકોચી પ્રેમ બસ ભરત સપેમ પયોધિ।
બની બાત બેગરન ચહતિ કરિઅ જતનુ છલુ સોધિ॥૨૧૭॥

શ્રીરામચન્દ્રજી સંકોચી અને પ્રેમને વશ છે અને ભરતજી પ્રેમના સમુદ્ર છે. બની-બનાવેલી વાત બગડવા માગે છે, માટે કંઈક કપટ શોધીને એનો ઉપાય કરો. ॥૨૧૭॥

ચૌ૦ – બચન સુનત સુરગુરુ મુસુકાને। સહસનયન બિનુ લોચન જાને॥
માયાપતિ સેવક સન માયા। કરઈ ત ઉલટિ પરઈ સુરરાયા॥૧॥

ઈન્દ્રનાં વચન સાંભળતાં જ દેવગુરુ બૃહસ્પતિજી મલકાયા. તેમણે ઈન્દ્રને હજાર નેત્ર હોવા છતાંય નેત્રહીન-મૂર્ખ જાણ્યો અને કહ્યું – હે દેવરાજ! માયાના સ્વામી શ્રીરામચન્દ્રજીના સેવકની સાથે કોઈ માયા કરે છે તો તે ઊંધી થઈને પોતાના ઉપર જ આવી પડે છે. ॥૧॥

તબ કિછુ કીન્હ રામ રુખ જાની। અબ કુચાલિ કરિ હોઈહિ હાની॥
સુનુ સુરેસ રઘુનાથ સુભાઊ। નિજ અપરાધ રિસાહિં ન કાઊ॥૨॥

તે સમયે (ગત વખતે) તો શ્રીરામચન્દ્રજીનું વલણ જાણીને કંઈક કર્યું હતું. પરંતુ આ સમયે કુચાલ કરવાથી હાનિ જ થશે. હે દેવરાજ! શ્રીરઘુનાથજીનો સ્વભાવ સાંભળો, તે પોતાના પ્રતિ કરેલા અપરાધથી ક્યારેય રુષ્ટ નથી થતા. ॥૨॥

જો અપરાધુ ભગત કર કરઈ। રામ રોષ પાવક સો જરઈ॥
લોકહુઁ બેદ બિદિત ઈતિહાસા। યહ મહિમા જાનહિં દુરબાસા॥૩॥

પણ જો કોઈ એમના ભક્તનો અપરાધ કરે છે, તે શ્રીરામની ક્રોધાગ્નિમાં બળી જાય છે. લોક અને વેદ બંનેમાં ઈતિહાસ (કથા) પ્રસિદ્ધ છે. આ મહિમાને દુર્વાસાજી જાણે છે. ॥૩॥

ભરત સરિસ કો રામ સનેહી। જગુ જપ રામ રામુ જપ જેહી॥૪॥

આખુંય જગત શ્રીરામને જપે છે, તે શ્રીરામજી જેમને જપે છે તે ભરતજી સમાન શ્રીરામજીનો પ્રેમી કોણ હશે? ॥૪॥

દો૦ – મનહુઁ ન આનિઅ અમરપતિ રઘુબર ભગત અકાજુ।
અજસુ લોક પરલોક દુખ દિન દિન સોક સમાજુ॥૨૧૮॥

હે દેવરાજ! રઘુકુળશ્રેષ્ઠ શ્રીરામચન્દ્રજીના ભક્તનું કાર્ય બગાડવાની વાત મનમાં પણ ન લાવો. આમ કરવાથી લોકોમાં અપયશ અને પરલોકમાં દુઃખ થશે અને શોકનો સામાન દિવસે દિવસે વધતો જ જશે. ॥૨૧૮॥

ચૌ૦ – સુનુ સુરેસ ઉપદેસુ હમારા। રામહિ સેવકુ પરમ પિઆરા॥
માનત સુખુ સેવક સેવકાઈ। સેવક બૈર બૈરુ અધિકાઈ॥૧॥

હે દેવરાજ! અમારો ઉપદેશ સાંભળો. શ્રીરામજીને પોતાના સેવક પરમપ્રિય છે. તે પોતાના સેવકની સેવામાં સુખ માને છે અને સેવકની સાથે વેર કરવાથી મોટો ભારે વેરી માને છે. ॥૧॥

જદ્યપિ સમ નહિં રાગ ન રોષૂ। ગહહિં ન પાપ પૂનુ ગુન દોષૂ॥
કરમ પ્રધાન બિસ્વ કરિ રાખા। જો જસ કરઇ સો તસ ફલુ ચાખા॥૨॥

યદ્યપિ તે સમાન છે – તેમનામાં ન રાગ છે, ન રોષ. અને તે કોઈનાં પાપ-પુણ્ય અને ગુણ-દોષોય ગ્રહણ નથી કરતા. તેમણે વિશ્વમાં કર્મને જ પ્રધાન કરી રાખ્યું છે. જે જેવું કરે છે, તે તેવું જ ફળ ભોગવે છે. ॥૨॥

તદપિ કરહિં સમ બિષમ બિહારા। ભગત અભગત હૃદય અનુસારા॥
અગુન અલેપ અમાન એકરસ। રામુ સગુન ભએ ભગત પેમ બસ॥૩॥

તો પણ તે ભક્ત અને અભક્તના હૃદયના અનુસાર સમ અને વિષમ વ્યવહાર કરે છે (ભક્તને પ્રેમથી ગળે લગાવી લે છે અને અભક્તને મારીને તારી દે છે). ગુણરહિત, નિર્લેપ, માનરહિત અને સદા એકરસ ભગવાન શ્રીરામ ભક્તના પ્રેમવશે જ સગુણ થયા છે. ॥૩॥

રામ સદા સેવક રુચિ રાખી। બેદ પુરાન સાધુ સુર સાખી॥
અસ જિયઁ જાનિ તજહુ કુટિલાઈ। કરહુ ભરત પદ પ્રીતિ સુહાઈ॥૪॥

શ્રીરામજી સદા પોતાના સેવકો(ભક્તો)ની રુચિ રાખતા આવ્યા છે. વેદ, પુરાણ, સાધુ અને દેવો આના સાક્ષી છે. આવું હૃદયમાં જાણીને કુટિલતા છોડી દો અને ભરતજીના ચરણોમાં સુંદર પ્રીતિ કરો. ॥૪॥

દો૦ – રામ ભગત પરહિત નિરત પર દુખ દુખી દયાલ।
ભગત સિરોમનિ ભરત તેં જનિ ડરપહુ સુરપાલ॥૨૧૯॥

હે દેવરાજ ઇન્દ્ર! શ્રીરામચન્દ્રજીના ભક્ત સદા બીજાના જ હિતમાં લાગ્યા રહે છે, તે બીજાઓના દુઃખે દુઃખી અને દયાળુ હોય છે. વળી, ભરતજી તો ભક્તોના શિરોમણિ છે, તેમનાથી બિલકુલ ન ડરો. ॥૨૧૯॥

ચૌ૦ – સત્યસંધ પ્રભુ સુર હિતકારી। ભરત રામ આયસ અનુસારી॥
સ્વારથ બિબસ બિકલ તુમ્હ હોહૂ। ભરત દોસુ નહિં રાઉર મોહૂ॥૧॥

પ્રભુ શ્રીરામચન્દ્રજી સત્યપ્રતિજ્ઞ અને દેવતાઓનું હિત કરનારા છે અને ભરતજી શ્રીરામજીની આજ્ઞા અનુસાર ચાલનારા છે. તમે વ્યર્થ જ સ્વાર્થને વિશેષ વશ થઈને વ્યાકુળ થઈ રહ્યા છો. એમાં ભરતજીનો કોઈ દોષ નથી, તમારો જ મોહ છે. ॥ ૧॥

સુનિ સુરબર સુરગુર બર બાની। ભા પ્રમોદુ મન મિટી ગલાની॥
બરષિ પ્રસૂન હરષિ સુરરાઊ। લગે સરાહન ભરત સુભાઊ॥ ૨॥

દેવગુરુ બૃહસ્પતિજીની શ્રેષ્ઠ વાણી સાંભળીને ઇન્દ્રના મનમાં ઘણો આનંદ થયો અને એમની ચિંતા મટી ગઈ. પછી હર્ષિત થઈને દેવરાજ ફૂલ વરસાવીને ભરતજીના સ્વભાવની પ્રશંસા કરવા લાગ્યા. ॥ ૨॥

એહિ બિધિ ભરત ચલે મગ જાહીં। દસા દેખિ મુનિ સિદ્ધ સિહાહીં॥
જબહિં રામુ કહિ લેહિં ઉસાસા। ઉમગત પ્રેમુ મનહુઁ ચહુ પાસા॥ ૩॥

આ પ્રકારે ભરતજી માર્ગમાં ચાલ્યા જઈ રહ્યા છે. તેમની [પ્રેમમયી] દશા જોઈને મુનિ અને સિદ્ધ લોકો પણ ઈર્ષ્યાપૂર્વક પ્રશંસા કરે છે. ભરતજી જ્યારે 'રામ' કહીને લાંબો શ્વાસ લે છે, ત્યારે જાણે ચારેય બાજુ પ્રેમ ઊભરાઈ ઊઠે છે. ॥ ૩॥

દ્રવહિં બચન સુનિ કુલિસ પષાના। પુરજન પેમુ ન જાઈ બખાના॥
બીચ બાસ કરિ જમુનહિં આએ। નિરખિ નીરુ લોચન જલ છાએ॥ ૪॥

એમનાં [પ્રેમ અને દીનતાપૂર્ણ] વચનોને સાંભળીને વજ્ર અને પથ્થર પણ ઓગળી જાય છે. અયોધ્યાવાસીઓનો પ્રેમ કહી નથી શકાતો. વચ્ચે (મુકામ) રોકાણ કરીને ભરતજી યમુનાજીના તટે આવ્યા. યમુનાજીનું જળ જોઈને એમનાં નેત્રોમાં જળ ભરાઈ આવ્યાં. ॥ ૪॥

દો૦ – રઘુબર બરન બિલોકિ બર બારિ સમેત સમાજ।
હોત મગન બારિધિ બિરહ ચઢ઼ે બિબેક જહાજ॥ ૨૨૦॥

શ્રી રઘુનાથજીના (શ્યામ) રંગરૂપી સુંદર જળ જોઈને આખા સમાજસહિત ભરતજી [પ્રેમ વિહ્વળ થઈને] શ્રીરામજીના વિરહરૂપી સમુદ્રમાં ડૂબતાં ડૂબતાં વિવેકરૂપી વહાણ પર ચઢી ગયા (અર્થાત્ યમુનાજીનું શ્યામવર્ણી જળ જોઈને સર્વે લોકો શ્યામવર્ણ ભગવાનના પ્રેમમાં વિહ્વળ થઈ ગયા અને તેમને ન પામીને વિરહવ્યથાથી પીડિત થઈ ગયા. પછી ભરતજીના ધ્યાનમાં એ આવ્યું કે જલદી જઈને એમનાં સાક્ષાત્ દર્શન કરીશું, આ વિવેકથી તેઓ ફરી ઉત્સાહિત થઈ ગયા.) ॥ ૨૨૦॥

ચૌ૦ – જમુન તીર તેહિ દિન કરિ બાસૂ। ભયઉ સમય સમ સબહિ સુપાસૂ॥
રાતિહિં ઘાટ ઘાટ કી તરની। આઈં અગનિત જાહિં ન બરની॥ ૧॥

તે દિવસે યમુનાજીના કિનારે નિવાસ કર્યો. સમયાનુસાર દરેકને માટે [ખાન-પાન આદિની] સુંદર વ્યવસ્થા થઈ. [નિષાદરાજનો સંકેત પામીને] રાતોરાતમાં ઘાટ-ઘાટની અગણિત નાવો ત્યાં આવી ગઈ, જેનું વર્ણન કરી શકાતું નથી. ॥ ૧॥

પ્રાત પાર ભએ એકહિ ખેવાઁ। તોષે રામસખા કી સેવાઁ ॥
ચલે નહાઈ નદિહિ સિર નાઈ। સાથ નિષાદનાથ દોઉ ભાઈ ॥ ૨॥

સવારમાં એક જ ફેરામાં સર્વે લોકો પાર થઈ ગયા અને શ્રીરામચન્દ્રજીના સખા નિષાદરાજની આ સેવાથી સંતુષ્ટ થયા. પછી સ્નાન કરીને અને નદીને માથું નમાવીને નિષાદરાજ સાથે બંને ભાઈ ચાલ્યા. ॥ ૨॥

આગેં મુનિબર બાહન આછેં। રાજસમાજ જાઈ સબુ પાછેં ॥
તેહિ પાછેં દોઉ બંધુ પયાદેં। ભૂષન બસન બેષ સુઠિ સાદેં ॥ ૩॥

આગળ સારાં સારાં વાહનો પર શ્રેષ્ઠ મુનિઓ છે. તેમની પાછળ સમસ્ત રાજસમાજ જઈ રહ્યો છે. તેની પાછળ બંને ભાઈ બહુ સાદાં ભૂષણ-વસ્ત્ર અને વેશે પગપાળા ચાલી રહ્યા છે. ॥ ૩॥

સેવક સુહૃદ સચિવસુત સાથા। સુમિરત લખનુ સીય રઘુનાથા ॥
જહઁ જહઁ રામ બાસ બિશ્રામા। તહઁ તહઁ કરહિં સપ્રેમ પ્રનામા ॥ ૪॥

સેવક, મિત્ર અને મંત્રીના પુત્ર એમની સાથે છે. લક્ષ્મણ, સીતાજી અને શ્રીરઘુનાથજીનું સ્મરણ કરતાં જઈ રહ્યા છે. જ્યાં જ્યાં શ્રીરામજીએ નિવાસ અને વિશ્રામ કર્યો હતો, ત્યાં ત્યાં તેઓ પ્રેમસહિત પ્રણામ કરે છે. ॥ ૪॥

દો૦ – મગબાસી નર નારિ સુનિ ધામ કામ તજિ ધાઈ।
દેખિ સરૂપ સનેહ સબ મુદિત જનમ ફલુ પાઈ ॥ ૨૨૧॥

માર્ગમાં રહેનારાં સ્ત્રી-પુરુષ આ સાંભળીને ઘર અને કામ-કાજ છોડીને દોડી આવે છે. અને એમના રૂપ (સૌંદર્ય) અને પ્રેમને જોઈને તે સર્વે જન્મ લેવાનું ફળ પામીને આનંદિત થાય છે. ॥ ૨૨૧॥

ચૌ૦ – કહહિં સપેમ એક એક પાહીં। રામુ લખનુ સખિ હોહિં કિ નાહીં ॥
બય બપુ બરન રૂપુ સોઇ આલી। સીલુ સનેહુ સરિસ સમ ચાલી ॥ ૧॥

ગામોની સ્ત્રીઓ એક-બીજીને પ્રેમપૂર્વક કહે છે - સખી! આ રામ-લક્ષ્મણ છે કે નહીં? હે સખી! આમની અવસ્થા, શરીર અને રંગરૂપ તો એ જ છે. શીલ, સ્નેહ એમનાં જેવાં જ છે અને ચાલ પણ એમની સમાન છે. ॥ ૧॥

બેષુ ન સો સખિ સીય ન સંગા। આગેં અની ચલી ચતુરંગા ॥
નહિં પ્રસન્ન મુખ માનસ ખેદા। સખિ સંદેહુ હોઈ એહિં ભેદા ॥ ૨॥

પરંતુ હે સખી! આમનો ન તો તે વેષ (વલ્કલ વસ્ત્ર ધારી મુનિવેષ) છે, ન સીતાજીય સાથે છે અને આમની આગળ તો ચતુરંગિણી સેના ચાલી જઈ રહી છે. છતાંય, એમનાં મુખ પ્રસન્ન નથી. એમના મનમાં ખેદ છે. હે સખી! આ જ ભેદને કારણે સંદેહ થાય છે. ॥ ૨॥

તાસુ તરક તિયગન મન માની। કહહિં સકલ તેહિ સમ ન સયાની ॥
તેહિ સરાહિ બાની ફુરિ પૂજી। બોલી મધુર બચન તિય દૂજી ॥ ૩॥

એનો તર્ક (યુક્તિ) અન્ય સ્ત્રીઓના મનને ગમ્યો. સર્વે કહે છે કે આના સમાન ચતુર (સમજુ) કોઈ નથી. તેની પ્રશંસા કરી અને 'તારી વાણી સત્ય છે' - આ પ્રકારે તેનું સન્માન કરીને બીજી સ્ત્રી મીઠાં વચન બોલી, ॥ ૩॥

કહિ સપેમ સબ કથાપ્રસંગૂ। જેહિ બિધિ રામ રાજ રસ ભંગૂ॥
ભરતહિ બહુરિ સરાહન લાગી। સીલ સનેહ સુભાય સુભાગી॥ ૪॥

શ્રીરામજીના રાજતિલકનો આનંદનો જે પ્રકારે ભંગ થયો હતો તે સર્વ કથાપ્રસંગ પ્રેમપૂર્વક કહીને પછી તે ભરતજીનાં શીલ, સ્નેહ અને સૌભાગ્યની પ્રશંસા કરવા લાગી. ॥ ૪॥

દો૦ – ચલત પયાદેં ખાત ફલ પિતા દીન્હ તજિ રાજુ।
જાત મનાવન રઘુબરહિ ભરત સરિસ કો આજુ॥ ૨૨૨॥

[તે બોલી -] જુઓ, આ ભરતજી પિતાના આપેલા રાજ્યને ત્યાગીને પગપાળા ચાલતાં અને ફળાહાર કરતાં કરતાં શ્રીરામજીને મનાવવા માટે જઈ રહ્યા છે. આમના જેવો આજે કોણ છે? ॥ ૨૨૨॥

ચૌ૦ – ભાયપ ભગતિ ભરત આચરનૂ। કહત સુનત દુખ દૂષન હરનૂ॥
જો કિછુ કહબ થોર સખિ સોઈ। રામ બંધુ અસ કાહે ન હોઈ॥ ૧॥

ભરતજીનું બંધુત્વ, ભક્તિ અને એમનું આચરણ કહેવા અને સાંભળવાથી દુઃખ અને દોષને હરનારા છે. હે સખી! એમના વિશે જે કંઈ પણ કહેવામાં આવે, તે થોડું છે. શ્રીરામચન્દ્રજીના ભાઈ આવા કેમ ન હોય! ॥ ૧॥

હમ સબ સાનુજ ભરતહિ દેખેં। ભઇન્હ ધન્ય જુબતી જન લેખેં॥
સુનિ ગુન દેખિ દસા પછિતાહીં। કૈકઇ જનનિ જોગુ સુતુ નાહીં॥ ૨॥

નાના ભાઈ શત્રુઘ્નસહિત ભરતજીને જોઈને અમે સર્વે પણ આજ ધન્ય (મહાભાગ્યશાળી) સ્ત્રીઓની ગણતરીમાં આવી ગઈ. આ પ્રમાણે ભરતજીના ગુણ સાંભળીને અને એમની દશા જોઈને સ્ત્રીઓ પસ્તાય છે અને કહે છે - આ પુત્ર કૈકેયી જેવી માતાને યોગ્ય નથી. ॥ ૨॥

કોઉ કહ દૂષનુ રાનિહિ નાહિન। બિધિ સબુ કીન્હ હમહિ જો દાહિન॥
કહઁ હમ લોક બેદ બિધિ હીની। લઘુ તિય કુલ કરતૂતિ મલીની॥ ૩॥

કોઈ કહે છે - આમાં રાણીનો પણ દોષ નથી. આ સર્વે વિધાતાએ જ કર્યું છે, જે આપણા માટે અનુકૂળ છે. ક્યાં તો અમે લોક અને વેદ બંનેની વિધિ(મર્યાદા)થી હીન, કુળ અને કરતૂત (કરણી) બંનેથી મલિન તુચ્છ સ્ત્રીઓ – ॥ ૩॥

બસહિં કુદેસ કુગાઁવ કુબામા। કહઁ યહ દરસુ પુન્ય પરિનામા॥
અસ અનંદુ અચિરિજુ પ્રતિ ગ્રામા। જનુ મરુભૂમિ કલપતરુ જામા॥ ૪॥

જે બૂરા દેશ (જંગલી પ્રાંત) અને બૂરા ગામોમાં વસીએ છીએ અને [સ્ત્રીઓમાં પણ] નીચ સ્ત્રીઓ છીએ! અને ક્યાં મહાન પુણ્યોના પરિણામ સ્વરૂપ આમનું દર્શન! આવો જ આનંદ અને આશ્ચર્ય ગામેગામમાં થઈ રહ્યાં છે; જાણે મરૂભૂમિમાં કલ્પવૃક્ષ ઊગી ગયું હોય ॥ ૪॥

દો૦ – ભરત દરસુ દેખત ખુલેઉ મગ લોગન્હ કર ભાગુ ।
જનુ સિંઘલબાસિન્હ ભયઉ બિધિ બસ સુલભ પ્રયાગુ ॥ ૨૨૩॥

ભરતજીનું સ્વરૂપ જોતા જ રસ્તામાં રહેનારા લોકોનાં ભાગ્ય ખુલી ગયાં! જાણે દૈવયોગે સિંહલદ્વીપના વસનારાઓને તીર્થરાજ પ્રયાગ સુલભ થઈ ગયું હોય! ॥ ૨૨૩॥

ચૌ૦ – નિજ ગુન સહિત રામ ગુન ગાથા । સુનત જાહિં સુમિરત રઘુનાથા ॥
તીરથ મુનિ આશ્રમ સુરધામા । નિરખિ નિમજ્જહિં કરહિં પ્રનામા ॥ ૧॥

[આ રીતે] પોતાના ગુણોસહિત શ્રીરામચન્દ્રજીના ગુણોની કથા સાંભળતાં અને શ્રીરઘુનાથજીનું સ્મરણ કરતાં ભરતજી ચાલ્યા જઈ રહ્યા છે. તે તીર્થ જોઈને સ્નાન કરે છે અને મુનિઓના આશ્રમ તથા દેવતાઓનાં મંદિર જોઈને પ્રણામ કરે છે; ॥ ૧॥

મનહીં મન માગહિં બરુ એહૂ । સીય રામ પદ પદુમ સનેહૂ ॥
મિલહિં કિરાત કોલ બનબાસી । બૈખાનસ બટુ જતી ઉદાસી ॥ ૨॥

અને મનોમન આ વરદાન માગે છે કે શ્રીસીતારામજીનાં ચરણકમળોમાં પ્રેમ થાઓ. માર્ગમાં ભીલ, કોલ આદિ વનવાસી તથા વાનપ્રસ્થ, બ્રહ્મચારી, સંન્યાસી અને વિરક્ત મળે છે. ॥ ૨॥

કરિ પ્રનામુ પૂઁછહિં જેહિ તેહી । કેહિ બન લખનુ રામુ બૈદેહી ॥
તે પ્રભુ સમાચાર સબ કહહીં । ભરતહિ દેખિ જનમ ફલુ લહહીં ॥ ૩॥

તેમનામાંથી જેને-તેને પ્રણામ કરીને પૂછે છે કે લક્ષ્મણજી, શ્રીરામજી અને જાનકીજી કયા વનમાં છે? તે પ્રભુના સર્વે સમાચાર કહે છે અને ભરતજીને જોઈને જન્મનું ફળ પામે છે. ॥ ૩॥

જે જન કહહિં કુસલ હમ દેખે । તે પ્રિય રામ લખન સમ લેખે ॥
એહિ બિધિ બૂઝત સબહિ સુબાની । સુનત રામ બનબાસ કહાની ॥ ૪॥

જે લોકો કહે છે કે અમે એમને કુશળપૂર્વક જોયા છે, તેમને એ શ્રીરામ-લક્ષ્મણના સમાન જ પ્રિય માને છે. આ પ્રમાણે સૌને સુંદર વાણીથી પૂછતાં અને શ્રીરામજીના વનવાસની વાર્તા સાંભળતાં જાય છે. ॥ ૪॥

દો૦ – તેહિ બાસર બસિ પ્રાતહીં ચલે સુમિરિ રઘુનાથ ।
રામ દરસ કી લાલસા ભરત સરિસ સબ સાથ ॥ ૨૨૪॥

તે દિવસે ત્યાંજ રોકાઈને બીજા દિવસે પ્રાતઃકાળે જ શ્રીરઘુનાથજીનું સ્મરણ કરીને ચાલ્યા. સાથેના સર્વે લોકોને પણ ભરતજીના જેવી જ શ્રીરામજીનાં દર્શનની લાલસા [લાગેલી] છે. ॥ ૨૨૪॥

ચૌ૦ – મંગલ સગુન હોહિં સબ કાહૂ । ફરકહિં સુખદ બિલોચન બાહૂ ॥
ભરતહિ સહિત સમાજ ઉછાહૂ । મિલિહહિં રામુ મિટિહિ દુખ દાહૂ ॥ ૧॥

બધાને મંગળસૂચક શુકન થઈ રહ્યાં છે. સુખ આપનારાં [પુરુષોના જમણા અને સ્ત્રીઓના ડાબા] નેત્રો અને ભુજાઓ ફરકી રહ્યાં છે. સમાજ સહિત ભરતજીને ઉત્સાહ થઈ રહ્યો છે કે શ્રીરામચન્દ્રજી મળશે અને દુઃખની બળતરા મટી જશે. ॥ ૧॥

કરત મનોરથ જસ જિયઁ જાકે। જાહિં સનેહ સુરાઁ સબ છાકે॥
સિથિલ અંગ પગ મગ ડગિ ડોલહિં। બિહબલ બચન પેમ બસ બોલહિં॥ ૨॥

જેના ચિત્તમાં જેવો છે, તે તેવો જ મનોરથ કરે છે. સર્વે સ્નેહરૂપી મદિરાથી છકીને (પ્રેમમાં મસ્ત થઈ) ચાલ્યા જઈ રહ્યા છે. અંગ શિથિલ છે, રસ્તામાં પગ ડગુમગુ થઈ રહ્યા છે અને પ્રેમવશ વિહ્વળ વચન બોલી રહ્યા છે. ॥ ૨॥

રામસખાઁ તેહિ સમય દેખાવા। સૈલ સિરોમનિ સહજ સુહાવા॥
જાસુ સમીપ સરિત પય તીરા। સીય સમેત બસહિં દોઉ બીરા॥ ૩॥

રામસખા નિષાદરાજે એ સમયે સ્વાભાવિક જ સોહામણો પર્વત-શિરોમણિ કામદગિરિ દેખાડ્યો, જેની નિકટ જ પયસ્વિની નદીના તટે સીતાજીસહિત બંને ભાઈ નિવાસ કરે છે. ॥ ૩॥

દેખિ કરહિં સબ દંડ પ્રનામા। કહિ જય જાનકિ જીવન રામા॥
પ્રેમ મગન અસ રાજ સમાજૂ। જનુ ફિરિ અવધ ચલે રઘુરાજૂ॥ ૪॥

સર્વે લોકો તે પર્વતને જોઈને 'જાનકીજીવન શ્રીરામચન્દ્રજીનો જય હો' - એમ કહીને દંડવત્ પ્રણામ કરે છે. રાજસમાજ પ્રેમમાં એવો મગ્ન છે જાણે શ્રીરઘુનાથજી અયોધ્યામાં પાછા ફર્યા હોય. ॥ ૪॥

દો૦ – ભરત પ્રેમુ તેહિ સમય જસ તસ કહિ સકઇ ન સેષુ।
કબિહિ અગમ જિમિ બ્રહ્મસુખુ અહ મમ મલિન જનેષુ॥ ૨૨૫॥

ભરતજીનો તે સમયે જેવો પ્રેમ હતો, તેવો શેષજી પણ નથી કહી શકતા. કવિને માટે તો તે એવો જ અગમ છે, જેવો અહંતા અને મમતાથી મલિન મનુષ્યોને માટે બ્રહ્માનંદ! ॥ ૨૨૫॥

ચૌ૦ – સકલ સનેહ સિથિલ રઘુબર કેં। ગએ કોસ દુઇ દિનકર ઢરકેં॥
જલુ થલુ દેખિ બસે નિસિ બીતેં। કીન્હ ગવન રઘુનાથ પિરીતેં॥ ૧॥

બધા લોકો શ્રીરામચન્દ્રજીના પ્રેમને લીધે શિથિલ થવાને કારણે સૂર્યાસ્ત થવા સુધી (દિવસભર)માં બે ગાઉ જ ચાલી શક્યા અને જળ-સ્થળને નજીક જોઈને રાત્રે ત્યાં જ [ખાધા-પીધાં વગર જ] રોકાઈ ગયા. રાત્રિ વીત્યે શ્રીરઘુનાથજીના પ્રેમી ભરતજીએ આગળ પ્રયાણ કર્યું. ॥ ૧॥

ઉહાઁ રામુ રજની અવસેષા। જાગે સીયઁ સપન અસ દેખા॥
સહિત સમાજ ભરત જનુ આએ। નાથ બિયોગ તાપ તન તાએ॥ ૨॥

ત્યાં શ્રીરામચન્દ્રજી રાત્રિ શેષ રહ્યે જ જાગ્યા. રાત્રે સીતાજીએ એવું સ્વપ્ન જોયું [જે તે શ્રીરામજીને સંભળાવવા લાગ્યાં] જાણે સમાજસહિત ભરતજી અહીં આવ્યા છે. પ્રભુના વિયોગના અગ્નિથી તેમનું શરીર સંતપ્ત છે. ॥ ૨॥

સકલ મલિન મન દીન દુખારી। દેખીં સાસુ આન અનુહારી॥
સુનિ સિય સપન ભરે જલ લોચન। ભએ સોચ બસ સોચ બિમોચન॥ ૩॥